સ્ત્રી, પુત્ર, પુત્રીઓને શિક્ષણ લાયક ધર્મનીતિથી ભરપૂર.

ગૃહ-સંસારનું રત્ન, મનની દવા, ને આત્માની પુષ્ટી.

सतीमंडळ.

અને

સ્ત્રીપુરૂષનુંકર્ત્તવ્ય.

ભાગ—ત્રીજો.

રચી પ્રગટ કર્ત્તા.

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

સતીમંડળ. ભાગ. ૧-૨, ચરિત્રચંદ્રિકા, સ્ત્રીનુંકર્ત્તવ્ય,

કન્યાવિક્રયનિષેધદર્શક, વગેરેના કર્તા.

ધ્રોલ—કાઠિયાવાડ.

સતીમંડળ ભૂમંડળે, પ્રકાશિ ચારે પાસ;
સુબોધ આપી કુબોધને, ક્ષણમાં કરશે નાશ.

અમદાવાદ.

"વિજયપ્રવર્ત્તક" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૬૨—ઈ. સ. ૧૯૦૬.

કીંમત. રૂા. ૨-૮-૦.

ધ્યાનદઇ વાંચો ? ! !

(૧) અમારાં પુસ્તકોની જાહેરખબર પાછળ છે તે વાંચશો ?

(૨) અમારાં પુસ્તકો મળવાનાં ઠેકાણું પાછળ છે તે વાંચશો ?

અર્પણપત્રિકા.

શ્રીયુત્ સ્વદેશપ્રેમી રા. રા. શેઠશ્રી ધર્મશી
મોરારજી ગોકુળદાસ.
જસ્ટિસ ઑફ્ ધી પીસ —— મુંબઇ.

માનવંતા સાહેબ—

આપ એક શ્રીમંત સકુલોત્પન્ન, સ્વધર્મ શ્રદ્ધાળુ, વ્યાપાર વ્યવહારમાં કુશળ, નીતિને પરમાર્થપ્રત્યે પ્રીતિ ધરાવનારા તથા સદ્‌ગૃહસ્થાઇનાં ઉત્તમ લક્ષણોથી ભૂષિત છો. દીન અને નિરાશ્રિતજનો પ્રત્યે દયાભાવવાળા, વિદ્યાવિલાસી અને વિદ્યોત્તેજક છો. આપનું બુદ્ધિ કૌશલ્ય ઉદાર અને હૃદય ઉચ્ચ ભાવનાઓથી ભરપૂરછે. ગુજરાતી સાહિત્યાદિ દેશોન્નતિના કાર્યમાં આપની સ્વાભાવિક ઉદારતા પ્રસિદ્ધ છે; એટલુંજ નહિ પણ સ્ત્રીઓ ધર્મનીતિવાળી કેળવણી પામી, પોતાનાં કર્ત્તવ્ય કર્મ સમજીને વર્ત્તે, પવિત્રને પ્રેમી થઇ ગુણ કર્મે પ્રકાશિ નીકળે અને દંપતિ પ્રાચીન સુખદાયી સ્થિતિમાં આવે, એવું જોવાને સદા ઉમંગી રહોછો તથા એવા સાધનરૂપ ગ્રંથો પ્રસાર કરનારને ઉત્તેજન આપી અપાળી ઉત્સાહવાન કરો છો. એ આદિ આપના શુભ ગુણોથી આકર્ષાઇ, એ સર્વના સ્મરણાર્થે દંપતિના શિક્ષણ અને સુખના સાધનરૂપ આ ગ્રંથ આપને પ્રેમ અને માનપૂર્વક અર્પણ કરી અત્યાનંદ પામું છું.

મને માનો તમારો સદાનો,

કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

પ્રસ્તાવના.

ભારતવર્ષના ભવિષ્યની ઉન્નતિનો મોટો આધાર તેની સ્ત્રીઓ ઉપરજ છે. પત્નીજ પોતાના પતિને ઉન્નતિની પ્રેરણા કરનાર કે અધોગતિમાં દાબી રાખનાર છે. માતાજ બાળકના ભવિષ્યને સુધારનાર કે બગાડનાર છે. આ પ્રમાણે હોવાથી સ્ત્રીઓને પ્રથમ અનેક પ્રકારના ઉપયોગી શિક્ષણથી સદ્ગુણી બનાવી તેમને સંસ્કારી બાળા, સુશીલ પુત્રી, માયાળુ કુટુંબ વત્સલ વૃદ્ધા, ગૃહ વ્યવહારમાં કુશળ ગૃહિણી, બાળકોને ઉત્તમ સંસ્કારી બનાવનારી, રસજ્ઞ, પંડિત, કુટુંબ પોષક, સ્વસ્થ, શરીરે બળવતી, રોગહીન, અને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબ બંધનમાંથી મુક્ત–સ્વતંત્ર થાય અને કુટુંબની મૂર્ખ ઇચ્છાઓ અને કલેશોમાંથી છૂટી કુટુંબના બાળક વર્ગને પોષણ અને શક્તિ આપે, વૃદ્ધવર્ગની કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે અને પતિપરાયણ થઈ પતિને યોગ્ય સલાહ અને સહાયતા આપી તેમના જીવનને ઉન્નત કરે, ઈત્યાદિ પ્રકારે કુશળ થવી જોઇએ. જ્યાંસુધી સ્ત્રીઓ મનોબળમાં, નૈતિક બળમાં, અને ધાર્મિક વિષયોમાં આગળ પડતી થશે નહિ; ત્યાં સુધી દેશની સંતતી–દેશની પ્રજા તે બાબતોમાં આગળ પડતી થાય એવી આશા રાખવી વ્યર્થ છે; કેમકે "સ્ત્રી વિના ગૃહનથી, ગૃહ વિના પ્રજા નથી અને પ્રજા વિના રાજ્ય નથી......સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે." આમ જોતાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવાને હાલ જે જે યત્નો કરવામાં આવે છે, તેનાથી પણ વધારે વ્યવહારીક યત્નો થવાની જરૂર છે. આર્ય સન્નારીઓને સદ્ગુણ સંપાદન કરાવે તેવા આસલ સિદ્ધાંતો પૂરનારી પ્રાચીન અર્વાચીન સદ્દષ્ટાંતરૂપ સતીસ્ત્રીઓનાં પવિત્ર ચરિત્રો, ગૃહસંસારની નિર્મળ રીતીઓ, પુત્રપત્ની કિંવા મા, વહુ, અને પુત્રી વગેરે પોતાની વર્તણુકથી સંસારમાં દીપકોરે ચલકી રહે, તેવી સૂચના અને બોધથી ભરપૂર વિષયો વાળાં પુસ્તકો તેમના હાથમાં નિર્ભયપણે મૂકી શકાય તેવાં હોવાની ઘણી જરૂર છે; પરંતુ હાલ તેવાં સ્ત્રી ઉપયોગી પુસ્તકોની ઘણીજ ન્યૂનતા છે. તે ન્યૂનતા કેટલેક અંશે પૂર્ણ કરવાને મારા તરફથી "સતીમંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ. ભાગ ૧ લો." સંવત ૧૯૪૯—ઇ. સ. ૧૮૯૩ માં બહાર પાડવામાં આવ્યો. તે ભારતવર્ષની અંદર ગુજરાતી ભાષા વાંચી જાણનાર અનેક સદ્ગૃહસ્થોના ઘરમાં ઘણી પ્રીતિથી વંચાયો; એટલુંજ નહિ પરંતુ તે એટલોતો ગૃહસંસારમાં ઉપયોગી અને લોકપ્રિય થઇ પડયોછે કે તેની હાલ "ચોથી આવૃત્તિ" બહાર પાડવામાં આવી છે. તેના બીજા ભાગની ઘણા સુજ્ઞ ગૃહસ્થો તરફથી વારંવાર માગણી થતાં આ બીજોભાગ ઘણા યત્ને છપાવી પ્રસિદ્ધ કર્યોછે.

આ બીજા ભાગમાં પણ પ્રથમ ભાગમાં રાખેલા બંધારણ પ્રમાણેજ પ્રથમ દર્શન અને દ્વિતીય દર્શન એવા બે વિભાગ પાડેલા છે. ભાગ. ૧ લામાં જે સ્ત્રીઓનાં પવિત્ર ચરિત્રો અને ઉપયોગી વિષયો દાખલ થઇ શક્યા નથી, તે આ

બીજા ભાગના—પ્રથમ દર્શનમાં પવિત્ર—૭૭ સતી સ્ત્રીઓનાં ચરિત્રો અને—દ્વિતીય દર્શનમાં સ્ત્રી, પુત્ર, પુત્રીઓ મનોરંજનમાં, નૈતિકબળમાં, અને ધાર્મિક વિષયોમાં આગળ પડતી થાય તથા ગૃહવ્યવહારમાં કુશળ નિવડે તેવા શિક્ષણ લાયક—૧૦૮ ઉપરાંત ઉત્તમ વિષયો દાખલ કરી ઉપયોગીપણામાં વધારો કર્યો છે.

આ પુસ્તકની જાહેરખબર પ્રસિદ્ધ કરવામાં આવી, ત્યારે ઇચ્છા હતી કે ગ્રાહકોને જેમ બને તેમ સત્વર પુસ્તક વાંચવાને મળેતેમ કરવું; પરંતુ દૈવગતિ વિચિત્ર છે, ધાર્યું ધણીનું થાય, તેમની ઇચ્છા આગળ મનુષ્ય ઇચ્છા વૃથા છે; તેમ આ પુસ્તક રચાતાં અકસ્માત્ અનેક વિઘ્નો આવતાં ગયાં, તે સહન કરી ઘણા યત્ને રચી પ્રેસમાં છાપવા આપ્યો. પેલા ભાગની "ચોથી આવૃત્તિ" અને આ "બીજોભાગ" એકજ પ્રેસમાં એકી વખતે છપાતા હોવાથી પણ ધાર્યા કરતાં વધારે વખત લાગ્યો, વગેરે કારણથી ઘણો વખત સુજ્ઞ ગ્રાહકોને આતુર રહેવું પડયું હશે, તે માટે ક્ષમા ચાહવા સિવાય બીજો ઉપાય નથી.

આ પુસ્તકનું કદ પ્રથમ જણાવ્યા કરતાં પાછળથી રસિક ચરિત્રો અને ગૃહસંસારોપયોગી વિષયો વિશેષ વિસ્તારવાથી આશરે દોઢું થયું છે. તેમ કરતાં મહેનત અને ખરચમાં વધારો થયો છે, છતાં જીજ્ઞાસુ લોકોની સગવડતાની ખાતર કીંમતમાં કશોપણ વધારો નહિ કરતાં મૂળ કીંમતેજ વિશેષ લાભ આપ્યો છે.

આ પુસ્તક સ્ત્રી, પુત્ર, પુત્રીઓને માટે જેમ બને તેમ ધર્મનીતિથી ભરપૂર, બોધક, મનપસંદ, ઉત્તમ અને ઉપયોગી નિવડે, ભાષા સરળ, સાદી અને રસિક થાય, વગેરે માટે દરેક પ્રકારે શ્રમ લેવામાં આવ્યો છે; પણ દુનિઆમાં કોઇ સર્વજ્ઞ નથી, મનુષ્ય માત્ર ભૂલ ભરેલું છે; એ મુજબ આ પુસ્તકમાં કોઇપણ પ્રકારનો દોષ વિદ્વજ્જનોને જણાયતો એ તરફ દૃષ્ટિ નહિ કરતાં, હંસરૂપે અસારને તજી સાર ગ્રહણ કરવા લક્ષ આપશો. કપાળે કપાળે જુદી મતિ છે, એકને જે પ્રિય તે બીજાને વખતે અપ્રિય હોય છે; પરંતુ સમાન દૃષ્ટિથી જોઇ કોઇપણ યોગ્ય સૂચના કરશે, તો તે ઉપકાર સાથે સ્વીકારી બીજી આવૃત્તિ પ્રસંગે પૂરતું ધ્યાન આપવામાં આવશે.

આ પુસ્તક દરેક કુટુંબમાં સ્ત્રી પુરૂષો અને બાળકો વાંચી સાંભળી ઉત્તમ જ્ઞાન લે, સ્વસ્થ થાય, શરીરે બળવાન, રોગહીન, અને સુંદર થાય, સ્ત્રીઓ પતિ પરાયણ થઇ પતિનું જીવન ઉન્નત કરે અને અંતે સ્વદેશમાં ઉદય સૂર્યનાં તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે તથા પ્રાચીન પવિત્ર સુખદાયી સ્થિતિ ભોગવી જીવન સાફલ્યકરે એવી મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

સંવત ૧૯૬૨ ના શુદ-અષાડી બીજ.
તા. ૨૩ મી-જુન, સને ૧૯૦૬

કર્તા.
કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.

અનુક્રમણિકા.

પ્રથમ-દર્શન.

દ્વિતીય—દર્શન.

સ્ત્રીપુરૂષનું કર્ત્તવ્ય.

१६९७

"સતીમંડળ અને સ્ત્રીપુરૂષનાધર્મ."

(ભાગ. ૧ લો.)

આ પુસ્તક ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર કર્યું છે. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ, જુનાગઢ સરકારે, કચ્છ રાજ્ય વગેરેએ તેની ઉત્તમતાની ખાત્રી કરી સારો આશ્રય આપ્યો છે. ગુજરાતસાક્ષરમંડળે ઉત્તમ સો પુસ્તકોમાં ગણના કરી છે. હિંદી, બંગાળી, સિંધી અને મરેઠી ભાષામાં છપાવી બહાર પાડવાની માગણી થયેલી છે. વગેરેથી તેમજ નીચેના સર્ટિફી-કેટો વાંચવાથી આ ગ્રંથની ઉત્તમતા વિષેની ખાત્રી થશે.

સર્ટિફીકેટ.

રાવસાહેબ ગણપતરામ અનુપરામ. કાઠિયાવાડ ટ્રેનિંગકૉલેજના માજીપ્રિન્સિપાલ સાહેબ અને "જાત મહેનત" વિગેરે ગ્રંથોના કર્તા—

"તમારૂં પુસ્તક આવ્યું તે વાંચ્યું, સ્ત્રીઓને ગણું ઉપયોગી છે. તેથી મેં મારી સ્ત્રીને આપ્યુ. તેણે વાંચી એ વિષે મને ઘણો સંતોષ બતાવ્યો. તમારા પુસ્તકનો ઉદ્દેશ ઘણો ઉચ્ચ છે. દેશાભિમાન અને પરમાર્થ બુદ્ધિયુક્ત છે. તમે આર્ય ગૃહ-સંસારને પવિત્ર અને પ્રેમી કરવાનો વિષય હાથમાં લીધો છે અને તેથી આર્ય જનમંડલ ઉપર તે ખરેખરો ઉપકાર કર્યો છે.

આપણી ગુર્જર ભાષામાં મૂળ પુસ્તક ભંડારજ બીજી ભાષાઓને મુકાબલે થોડે છે, તેમાં સ્ત્રી ઉપયોગી ગ્રંથો તો બહુજ થોડા છે. એવા સમયમાં તમે તમારો ગ્રંથ પ્રગટ કરીને ગુર્જર ભાષાની એક સારી સેવા બજાવી છે અને આપણા સ્ત્રી વર્ગના હાથમાં એક અમૂલ્ય રત્ન આપ્યું છે.

તમે તમારા ગ્રંથમાં આદિથી અંત સુધી એવી સાદી અને સરલ અસરકારક ભાષા શૈલી રાખી છે કે જેમને માટે તમે તમારૂં પુસ્તક ધાર્યું છે તેઓ તેમનો મન માનતો લાભ લેશે એમાં શક નથી.

તમે તમારૂં પુસ્તક અમદાવાદની બુક કમિટીને જરૂર મોકલજો. મને આશા છે કે–તે ઇનામને માટે મંજુર થશે; એટલુંજ નહિ પણ કન્યાશાળામાં એક વાંચન પુસ્તક તરીકે દાખલ થશે એમ મને આશા છે,

પેલી આવૃતિ તરત ખપી ગઇ છે તે જાણી મને સંતોષ થયો છે, પણ નવાઇ લાગી નથી; કારણ કે જે પુસ્તક ઝટ ઉપડી જાય એવી બાબતોથી ભર-

પૂર છે. બીજી આવૃત્તિની હું ફતેહ ઇચ્છુંછું. પુસ્તકને અંતે ગ્રાહકોની ટીપ જોતાં એ ગ્રંથની ખપત અને ફેલાવો જેમ બહાળે હાથે ઘટે તેમજ થયેલ છે. "ચરિત્ર ચંદ્રિકા" ના ગ્રાહકમાં મારૂંનામ દાખલ કરશો."

રાવબહાદુર ગોપાલજી સુરભાઇ દેશાઈ, બોમ્બે યુનિવરસિટીના ફેલો અને કાઠિયાવાડ ઇલાકાના મા. આ. એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબ—" સતીમંડળ, એ પુસ્તક વાંચતાં અત્યંત આનંદ થયોછે. સતીમંડળ અને સ્ત્રીપુરૂષનાધર્મ, એ પુસ્તકને જે નામ આપ્યુંછે તે યથાર્થછે. એ પુસ્તક બાળ, વૃદ્ધ, સ્ત્રી અને પુરૂષ એ સર્વને વાંચવા યોગ્યછે. એ વાંચવાથી તેમના મન ઉપર ઉમદી અસર થશે અને તે પોતાના સંસાર વ્યવહારના કામમાં ઘણીજ ઉપયોગી થઇ પડશે, એમાં કશો શક નથી, ગુજરાતી ભાષામાં એવાં પુસ્તકોની ખરેખરી જરૂરછે. એ પુસ્તકમાં પ્રાચીન કાળની ખરેખરી દૈવી સતીઓની સાથે અર્વાચીનકાળની પણ કેટલીક સતીઓનાં ચરિત્રો આપ્યાં છે, વળી તેમાં સ્ત્રી પુરૂષના પરસ્પરના ધર્મનું સારૂં વર્ણન કરેલું છે અને બીજા વ્યવહારમાં કામ આવે તેવા સારા ઉપયોગી વિષયો પણ સમાવેલા છે. એ બધું જોતાં એ પુસ્તક ખરેખરૂં કીમતી બન્યું છે. કર્ત્તાએ સારો શ્રમ લીધેલો જણાય છે. એવાં પુસ્તક દરેક કુટુંબમાં રાખવાં જોઇએ. એની જે કીંમત રાખીછે તે એ ગ્રંથનું કદ વગેરે જોતાં વધારે નથી."

કવિ દલપતરામ ડાહ્યાભાઈ. સી. આઇ. ઈ.—" સતીમંડળ અને સ્ત્રી પુરૂષનાધર્મ—એ પુસ્તક વાંચતાં અત્યંત આનંદ થયો છે. આપે એ કામમાં ઘણોજ શ્રમ લીધેલો જણાય છે. આ પુસ્તક સ્ત્રીઓને ઘણુંજ ઉપયોગી છે. સદ્‌ગૃહસ્થોને આ પુસ્તક ઘરમાં વાંચવાને રાખવા લાયક છે. સતીઓનાં ચરિત્ર અને સતીઓના ધર્મ તેમાં સારી રીતે લખેલા છે. માટે સ્ત્રીઓને જરૂર વાંચવા જેવું એ પુસ્તક છે. કન્યાશાળાઓમાં ઇનામ આપવા લાયક છે. પુરૂષોને પણ વાંચીને વિચારવા લાયક તથા તે પ્રમાણે વર્ત્તવા લાયક છે. ગુજરાતી ભાષામાં આવાં પુસ્તકોની ખોટ હતી, તે આપે પુરી કરી છે."

કાઠિયાવાડ ટાઇમ્સ—" સતીમંડળ અને સ્ત્રી પુરૂષનાધર્મ—એમાં પ્રાચીનકાળની ભારતભૂમિની સદ્‌ગુણી સ્ત્રીઓનાં જીવન ચરિત્રોછે—તથા સ્ત્રીઓને ગૃહસંસારોપયોગી અપૂર્વ સંગ્રહ છે. અર્વાચીન કાળના ઘણા લેખકો ભિન્ન ભિન્ન વિષયો સાથ બહાર પડે છે; તથાપિ તેઓમાંના થોડાજ લોકોપયોગી વિષયો મેળવવા નશીબવાન થતા હશે. એવા વિષયોની પસંદગી કરવામાંજ તેઓની શક્તિનીપૂર્ણ સાબિતી મળી આવે છે, જ્યારે ચાલતા સમયમાં સ્ત્રી કેળવણીએ સારો પ્રસાર કરેલો છે, ત્યારે સ્ત્રીઓના હાથમાં તેમની નીતિ સ્થિતિને સારા પાયા પર લાવી મૂકે એવાં સહેલાઇથી મૂકવા જેવાં થોડાંજ પુસ્તકો મળી આવે છે. તેવાં પુસ્તકોમાં કર્ત્તાનો આ સંગ્રહ સારી પંક્તિ ધરાવશે એમ સ્વાભાવિક રીતે ધારી શકાય

છે. સદ્ગુણી સ્ત્રી થવા માટે જરૂરીઆતનાં સઘળાં તત્વોનો આ પુસ્તકમાં દૃષ્ટાંત-દ્વારાએ સારો સમાવેશ કરેલો છે. વિદ્યા, સ્ત્રી ધર્મ નીતિ, આત્મજ્ઞાન, પતિ અને કુટુંબ પ્રત્યે કર્તવ્યકર્મ એ વગેરે પ્રાચીન કાળની સાર્વોત્તમ ગણાએલી સતીઓનાં આભૂષણો અર્વાચીન કાળની સુશીલ બાળાઓ અને સ્ત્રીઓને વાસ્તવિક રીતે બોધ કર્તા થઇ પડશે. કર્તાએ દરેક જીવન ચરીત્ર બનતી રીતે ટુંકામાં અને મુદ્દેસર રીતે દાખલ કરેલું છે. તેથી કરી વાંચક વર્ગને ઘણીજ આતુરતામાં લાંબા વખત સુધી રાહ જોવી પડતી નથી. ભાષા પણ સરળ અને શુદ્ધ છે. આ પુસ્તક અમે દરેક કુટુંબમાં વાંચવાની ભલામણ કરીએ છીએ."

ગુજરાતમિત્ર—"સતીમંડલ અને સ્ત્રી પુરૂષનાધર્મ એ નામના ગ્રંથમાં પ્રાચીન અર્વાચીન ઘણી સતી સ્ત્રીઓના પરાક્રમોનું વર્ણન કર્યું છે, તે બહુજ ઉપયોગીછે. આગ્રંથમાં કર્તાએ હિંદુ સતીઓનુંજ નહિ, પણ સાથે મુસલમાન અને ખ્રિસ્તી સતીઓનું પણ વર્ણન કરી એ ગ્રંથ સઘળી કોમના લોકોને ઉપયોગમાં આવે એવો કર્યો છે. પાછલા ભાગમાં સ્ત્રી પુરૂષના ધર્મો લખ્યાછે, તે પણ ગૃહસંસારમાં બહુજ ઉપયોગના છે. કવિ શામળભટની બનાવેલી બત્રીશ પુતળીઓ વગેરેની કલ્પિત વાતોના ગપોડા વાંચવા કરતાં આવા ગ્રંથો વાંચવાથી સ્ત્રી પુરૂષોને સારો લાભ થઇ શકે એમાં જરા પણ શક નથી. એગ્રંથ દરેક કોમનાં સ્ત્રી પુરૂષોને વાંચવાની અમે ભલામણ કરીએ છીએ."

હિંદુસ્તાન—"સતીમંડલ અને સ્ત્રીપુરૂષનાધર્મ. એ ગ્રંથ સ્ત્રીઓને શિક્ષણ લેવા યોગ્યછે. આ ગ્રંથ નિર્ભયપણે સ્ત્રીઓના હાથમાં મૂકવા જેવો છે; એટલુંજ નહિ પણ ભણેલી તમામ સ્ત્રીઓએ એકવાર વાંચવાની અને વગર ભણેલી સ્ત્રીઓને સાંભળવાની અમે ભલામણ કરીએ છીએ. આવા ગ્રંથની ગુજરાતી ભાષામાં ખોટ હતી, તે મી. કેશવજીએ પૂરી કરીછે.

આ ગ્રંથ ઘણોજ ઉપયોગી થયેલો જોઇ અમે ખુશી થયા છીએ. આ ગ્રંથ છપાઇ બહાર પડતાંજ તરત ઉપડી ગયો છે અને તેની બીજી આવૃત્તિની તૈયારી ચાલે છે. એ તેના ઉપયોગી પણાનો વિશેષ પ્રત્યક્ષ પુરાવો છે. એ ગ્રંથનું કદ મોટું, સુશોભિત પુઠું, વગેરે જોતાં તેની કીંમત વધારે નથી. સર્વ વર્ગના સ્ત્રી" પુરૂષોએ આ ગ્રંથનો લાભ લેવા ચુકવું નહિ; એવી અમારી ખાસ ભલામણ છે.

કવિ ભવાનીશંકર નરસિંહરામ—"સતીમંડળ અને સ્ત્રી પુરૂષના ધર્મ એ નામનો ગ્રંથ વાંચી ઘણોજ પરમાનંદ થયો છે. આવા ગ્રંથની આપણી ગુજરાતી ભાષામાં આવશ્યકતા હતી. તે આવશ્યકતા આ ગ્રંથે પુર્ણ કરી છે. સતીમંડળ એ પતિ ભકિત દર્શાવનારી પ્રસિદ્ધ સ્ત્રીઓનું આપણને દર્શન કરાવે છે. આ ગ્રંથ આપણી સ્ત્રીઓને નીતિમાર્ગ ભણી દોરવીને પોતાના પતિની ભકિત કરવાનું શિક્ષણ આપે છે, તે સાથે સ્ત્રીઓને કેટલુંક વ્યવહારીક જ્ઞાન મળે તેવા વિ-

ષયો દાખલ કરી એ પુસ્તકની ખગીમાં વધારો કર્યો છે. ગૃહ—વ્યવહારનું આવું જ્ઞાન આપણી સ્ત્રીઓને ઘણું ઉપયોગી થઇ પડે એવું છે, હાલમાં આપણી કન્યાશાળાઓમાં જે વાંચનનાં પુસ્તકો ચાલેછે, તેમાંનાં ઘણાં ખરાં તેમને ઉપયોગી વિષયોથી ભરપૂર નથી. તેથી જો આવાં પુસ્તકો આપણી કન્યાશાળાઓમાં ચાલે તો તેમને વ્યવહારમાં ઘણાં ઉપયોગી થયા વિના રહે નહિ. કર્તાએ આમાં ઘણો શ્રમ લીધેલો છે. તેમને એક સારા લેખક તરીકે યશ પામતા જોઇ હું ઘણોજ ખુશી થાઉં છું. આ ગ્રંથનો સર્વે કુટુંબોને લાભ લેવાની હું ભલામણ કરૂં છું."

કાળીદાસ દેવચંદ બગસરા માસ્તર—"સતીમંડળ એ દરેક સ્ત્રીના હાથમાં આપવા લાયક ઉત્તમ ગ્રંથછે, ભાષા ઘણી શુદ્ધ, સરળ અને મધુર છે. વાક્ય રચના સાદી અને નાના મોટા સર્વને સમજાય એવી છે. આર્ય સન્નારીઓને એ પુસ્તક વાંચતાં અને શ્રવણ કરતાં તલ્લીન કરી તેણીઓમાંથી પૂર્વનું ગયેલું સતીત્વ પુનઃ પ્રાપ્ત કરી દે, તેવાં સતીઓનાં ચરિત્રોના સદ્બોધથી અભિરૂપતા પ્રાપ્ત થાય તેવું એ પુસ્તક છે. આ પુસ્તક કન્યાશાળામાં અઠવાડીયામાં એકાદ બે કલાક દાખલ થાય તોજ મગ્ન થવા જેવું છે અને તેમ થાય તોજ પુસ્તકનો હેતુ બર આવે. આ ગ્રંથ અહીંના દીવાન સાહેબ ગીરધરલાલભાઇને જરૂર મોકલાવશો; તેણે મને સૂચના કરી છે."

હરિવલ્લભ કૃષ્ણવલ્લભ ઓવરસીયર. ટુ. ધી. યુનિયન મિ. લી. મુંબઈ.—"સતીમંડળ મેં આમોદમાં મારા એક મિત્ર પાસે વાંચ્યું, તેમાં સમાએલી બાબતો નીતિથી ભરપૂર છે. આ ગ્રંથ ખાસ સ્ત્રી પુરૂષોને વાંચવા જેવો છે. આપનો શ્રમ સ્તુતિ પાત્રછે. આવા ઉપયોગી પુસ્તકની ખોટ હતી, તે તમોએ પૂરી પાડીછે. સંસારમાં દરેક દંપતિને આ પુસ્તક બહુ ઉપયોગી છે. પુસ્તક સર્વ બાબતે પૂર્ણ છે.

આવા ધર્મ નીતિથી ભરપૂર ગ્રંથને વાંચવા વાંચકવૃંદ અધીરા કેમ ન બને ! હું આશા રાખું છું કે મને એની બે પ્રત તરત મોકલી આપીને વાંચનારની જીજ્ઞાસા સંપૂર્ણ કરશો."

હરિલાલ વિ. ભવાનીદાસ. અંકલેશ્વર—"આપના તરફથી આર્ય મહિલાઓના ધર્મ નીતિ શિક્ષણાર્થે થોડુંક થયાં "સતીમંડળ" નામનો અપુર્વ ગ્રંથ બહાર પાડેલ છે. એ ગ્રંથની પ્રથમાવૃત્તિ ટુંક વખતમાં સઘળી ખપી જવાથી એ ગ્રંથની લોકપ્રિયતા સાબિત થઇ ચુકી છે. આ ગ્રંથ આર્યાવર્તની મહિલા તથા બાળાઓને ધર્મ નીતિનું શિક્ષણ આપી તેમને નીતિમાર્ગે દોરવાને આપનો અત્યુત્તમ શ્રમ ઘણે અંશે પાર પાડેલ છે અને આગળ જતાં પડશે એમ કહેવું નિર્વિવાદ છે. આપના એ ગ્રંથની પ્રથમાવૃત્તિની એકાદ નકલના ગ્રાહક થવાની મેં તક ગુમાવી દેવાથી અતિશય પસ્તાવો થતો હતો, પરંતુ તેની બીજી આવૃત્તિ બહાર પડવાની

ખબર વર્ત્તમાન પત્રોથી મળતાં એ તક સાધી એક પ્રત મોકલવા વિનંતિ કરૂંછું તે સ્વિકારી પ્રગટ થયે મોકલાવશોજી."

ચુનીલાલ છગનલાલ નગરશેઠ. બોટાદ—"સતીમંડળ વાંચી હું ઘણોજ ખુશી થયોછું, સ્રી કેળવણી માટે જે પુસ્તકની ખોટ હતી તે આપે ઘણો શ્રમ લઇ પુરી પાડીછે. તેથી આપનો મોટો ઉપકાર માનું છું, પહેલેથી છેવટ સુધી ત્રણ ચાર વખત વાંચ્યું તોપણ તે એવું રસિક તથા બોધકારક છે કે ફરી ફરીને વાંચવાનું મન થાય છે. આ પુસ્તક દરેક માણસે ઘરમાં શણગારરૂપ રાખવા મ્હારી ભલામણ છે. આપના તરફથી "**ચરિત્રચંદ્રિકા**" છપાઇ બહાર પડવાનું છે તે મને તૈયાર થયે મોકલાવી આપશો."

આણંદજી વિ. પરમાણંદ શેઠ. મેંદરડા–"આપનું સતીમંડળ વાંચી અમારા આનંદનો તો પાર રહ્યો નથી; તેમજ સ્રીઓને એવો આનંદ વધ્યોછે કે તે કાંઇ ગણ્યા નહિ. આપે આ પુસ્તક રચવાથી આપને સ્રીઓ તરફથી ઘણીજ શાબાશી મળે છે કે ધન્ય છે આ પુસ્તક રચનારને ! આ પુસ્તક વાંચવાથી દુષ્ટ સ્રીઓ હશે તે પણ સુધરશે તેમાં કાંઇ શક નથી. આ પુસ્તક ઉપર આપે ઘણોજ શ્રમ લીધો છે. તેના પ્રમાણમાં કીંમત પણ ઘણીજ ઓછી છે. તમારૂં રચેલું "**કન્યાવિક્રય નિષેધદર્શક.**" મને તરત મોકલાવશો."

રા. રા. દેશાઇ ગુલાબભાઈ ભગવાનજી અથ્રામકર. રંગુન—"સતીમંડળ નામનું પુસ્તક મારા વાંચવામાં આવ્યું છે. આપણા સર્વોત્કૃષ્ટ આર્ય ધર્મને ઉદ્દેશીને સ્રી પુરૂષોને પોતાના પરસ્પરના ધર્મ જાણવાને જે દર્પણ હાથમાં મૂકયું છે તે અનુપમ છે. તેમજ વળી હાલમાં શાળાઓમાં અપાતી કેળવણી તેમાં મુખ્યત્વે કરીને કન્યાશાળામાં બાળકીઓને જે શિક્ષણ આપવામાં આવે છે, તેમાં મૂળ હેતુનું વિસર્જન કરી કેટલીક નિરૂપયોગી બાબતો ઉપર વધારે ધ્યાન અપાય છે. તેથી તેઓનાં કુમળાં મન ઉપર જે અસર થવી જોઇએ તે આધુનિકકાળની કેળવણીની પદ્ધતિથી થતી હોય એમ સંભવતું નથી અને તેટલા માટે "સતીમંડળ" જેવા ગ્રંથની ન્યૂનતા હતી તે પૂર્ણ થઇ છે.

જો કે એ વિષય ઉપર કેટલાંક પુસ્તક પૂર્વે લખાયાં છે, તેમાં કેટલાકમાં ભાષાની પ્રૌઢતાને લીધે, કેટલાકમાં મૂળ વસ્તુ યથાર્થ ન વર્ણવેલ હોવાથી અબળાઓને જેવી રીતે જોઇએ તેવી રીતે ઉપયોગી થઇ પડયાં નથી; પરંતુ સર્વ પ્રકારે ઉપયોગી થઇ પડે તેવી તમામ બાબતો આ પુસ્તકમાં જોવામાં આવે છે. તે તમારા શ્રમને માટે તમોને ધન્યવાદ ઘટે છે. તે ગ્રંથની બીજી આવૃત્તિ છપાઇ પ્રગટ થયાથી એક નકલ મારા ઉપર વેલ્યુપેએબલથી મોકલી આપશો."

મહેરબાન મૂળશંકરભાઈ જેઠાભાઈ નવસારી નાયબ સુબા સાહેબ. "સતીમંડળ અને સ્રીપુરૂષનાધર્મ–આ નામનું પુસ્તક વાંચી જોતાં તે ઘર સંસાર

સુધારવા દરેક કુટુંબમાં ઘણુંજ ઉપયોગી થઈ પડે એવું થયું છે, તે જોઇ મને ઘણોજ સંતોષ થયો છે. વધૂ સ્ત્રીઓ અને માતાઓને બોધ લેવા લાયક તેમાં મોટો ભંડાર છે અને આપણો ધર્મ તથા વ્યવહાર ઉપયુકત હાલના સુધારા સાથે શી રીતે સચવાય તે આ પુસ્તક ઉપરથી દેખાય છે."

રા. રા. ગંગાધર જગજીવન માસ્તર. બોઇદર—"આપના લોકપ્રિય **સતીમંડળ ભાગ ૧ લો.** તથા **ચરિત્રચંદ્રિકા** વગેરે પુસ્તકોની હકીકત વાંચી ધન્યવાદ આપું છું કે, આવી સતીઓ અને મહાન્ પુરૂષોનાં જન્મ ચરિત્રો અંધકારમાં પડી રહેલાં તેને આપે પ્રકાસમાં મૂકી દીધાં એ ઘણુંજ લોકોપયોગી કામ થયું છે, તેની સાથે ગુર્જર પ્રજાને ઘણીજ ઉપકૃત કરી છે. આ પુસ્તકોનું સંશોધન કરતા આપને અપૂર્વ મહેનત તથા ખર્ચ થયો હશે એમાં કાંઇ શક નથી. આ પુસ્તકોની હકીકત જોતાં એની જે કીંમત રાખી છે તે કંઇજ વિસાતમાં નથી. આવાં ઉત્તમ પુસ્તકો પ્રગટ કર્યાં એ માટે ધન્ય છે આપનામાતપીતાને ! અને ધન્ય છે આપની વિદ્વતાને ! ! આપ કૃપા કરી તે દરેક પુસ્તકની એક એક નકલ મને મોકલાવશો."

રા. રા. જેઠાલાલ વીશરામજી. રંગુન—સતીમંડળનું પુસ્તક ઘણુંજ ઉત્તમ, રસિક અને મનને ગમતું બહાર પડ્યું છે. તે વાંચી અત્યંત ખુશી થયો છું. પુસ્તકના પ્રમાણમાં તેની કીંમત કંઇપણ નથી. આપે એ કામમાં ઘણો જ શ્રમ લીધેલો જણાય છે. આ પુસ્તક સ્ત્રી પુરૂષને જીંદગી સુધારવાનું સાધન તેમજ સુમાર્ગે ચલાવવા માટે આવાં પુસ્તકોની દુનિઆમાં ખોટ હતી તે આપે પુરી પાડી છે. પહેલેથી છેલ્લે સુધી સાત આઠવાર વાંચ્યું, તોપણ તે એવું તો રસિક તથા બોધક છે કે ફરી ફરીને વાંચવાનું મન થાય છે. સર્વે વર્ગના સ્ત્રી પુરૂષોએ આ પુસ્તકનો લાભ લેવા ચૂકવું નહિ એવી અમારી ભલામણ છે."

રા. રા. પુરૂષોતમ વ્રજલાલ બક્ષી. વડોદરા—"આપના તરફથી આવેલું સતીમંડળ પુસ્તક વાંચી જોયું છે. એમાં આપે જે શ્રમ લીધો છે તે ઘણોજ સ્તુતિ પાત્ર છે. હાલમાં સંખ્યાબંધ હેન્ડબીલો બહાર પાડવામાં આવે છે અને તેમાં જે અતિશ્યોક્તી વપરાય છે, તે દોષથી કેવળ આપનું હેન્ડબીલ મુક્ત છે. આપે જે જાહેર ખબર પ્રથમ આપેલી છે, તેથી પણ વિશેષ વિષય સમાવી શોભાવ્યો છે. જેમ એક ઘડામાં સમુદ્ર ભર્યો હોય, તેમ એ પુસ્તકમાં આર્ય તથા અનાર્યસ્ત્રીઓનાં એકંદર ઇતિહાસિક જ્ઞાન સાથે ધર્મ નીતિ અને પવિત્ર જ્ઞાનથી ભરપૂર સંક્ષેપ ચરિત્રો દાખલ કરી આર્ય ભગિનીઓ તથા આર્ય બંધુઓના ઉપર ઉપકાર કર્યો છે; એટલુંજ નહિ પણ આ લોક તથા પરલોકનું સાધન કરી આપી આપના નામને અમર કર્યું છે. ગૃહસ્થોએ આ પુસ્તક પોતાના ઘરમાં એક અમૂલ્ય રત્નની પેઠે સંગ્રહ કરી રાખી, વખતો વખત ઘરમાં સ્ત્રી, પુત્ર પુત્રીને

શિક્ષણ આપી ઉપયોગ કરવો જોઇએ. એ પુસ્તક વાંચી મનન કરવાથી ખરેખર જીંદગી સફળ થશે. જો આ પુસ્તક કેળવણી ખાતામાં ફરજીયાત તરીકે શિક્ષણ આપવામાં વપરાય તો આ દેશનું ભાગ્ય સમજું છું. "

સૌ. કૃષ્ણાગૌરી એચ. રાવળ. હેડમિસ્ટ્રેસ, લેડીરે ગર્લ્સ સ્કૂલ—'સદ્‍ગુણી હેમંત કુમારી'ના કર્ત્તા—**લુણાવાડા.**—"ઘણા વખતથી આપના અતિ ઉત્તમ પુસ્તક "સતીમંડળ" વિષે સાંભળ્યું હતું. તે પુસ્તક હાલ મ્હારા હાથમાં આવ્યું. તેથી મને ઘણોજ આનંદ ઉપજ્યોછે. ગૂજરાતી ભાષામાં સ્ત્રી જાતિને ઉપયોગી થઇ પડે, તેવાં સારાં પુસ્તકો ગણ્યાં ગાઠયાંજ છે, તેવા સમયમાં આપે મ્હોટો શ્રમ લઇ તથા દ્રવ્યનો ખર્ચ કરી ગુર્જર ભામિનિઓના કલ્યાણ અર્થે સતીમંડળ વગેરે પુસ્તકો પ્રગટ કરી દેશની જે સેવા બજાવોછો, તેથી આપને મ્હોટો ધન્યવાદ ઘટેછે. આપે મોકલાવેલું પુસ્તક હું પેહેલેથી છેવટ સુધી વાંચી ગઇછું. તેમાં લખેલાં સદ્‍ગુણીને પવિત્ર સતી સ્ત્રીઓનાં ચરિત્રો મને ઘણાંજ રસિક અને સુબોધ જણાયાંછે. આપે એટલા કામથી સંતોષ ન પામતાં, સ્ત્રી ઉપયોગી અનેક વિષયો હાથમાં લઇ તેને પુસ્તકના પાછલા ભાગમાં દાખલ કર્યાછે. તેથી પુસ્તકના ઉપયોગીપણામાં ઘણો વધારો થયોછે.

આપણા દેશની ઘણી તરૂણ સ્ત્રીઓ વસ્ત્રાલંકારથી પોતાનું શરીર શણગારવા આતુર દેખાયછે, પણ તેઓ સતીમંડળ જેવાં નીતિનાં પુસ્તકો વાંચી પોતાનું અંતઃકરણ સુધારવા ઉત્સાહ ધરતી હોય તો કેવું સારૂં !!

તમારૂં સતીમંડળનું પુસ્તક કેળવાયલી કન્યાઓને તથા સ્ત્રીઓને અવશ્ય વાંચવા લાયકછે. તેમજ દરેક કન્યાશાળાની લાઇબ્રેરીમાં રાખવા જેવું અને ઇનામ વહેંચવા જેવુંછે. આશાછે કે બુકકમિટી આ પુસ્તકને મંજુર કરી કન્યાઓને સુબોધક વાંચન મળી શકે તેમ કરશે. આ પુસ્તક સ્ત્રીઓને ઘણું ઉપયોગી છે, તેનો બહોળો ફેલાવો થએલો જોવાને હું ઇચ્છુંછું."

નાનુ નરોત્તમ અઢિયા—દાહાણું—"પ્રિય મહાશય ! સતીમંડળ ગ્રંથ વાંચી અત્યંત ખુશી થયોછું. આ ગ્રંથ ખરેખર સતીઓનું એક મંડળછે. આર્ય અબળાઓને તે મંડળમાં પ્રવેશ થવાનું એક સર્વોત્તમ સાધનછે, ઇતિહાસિક જ્ઞાન સાથે પવિત્ર ધર્મનીતિનો એક કુંડ છે; એટલુંજ નહિ પરંતુ પુરૂષોને પણ ઉત્તમ બોધામૃત પાન કરવા લાયકછે, એમ કહેવામાં અતિશયોક્તિ ગણાશે નહિ. "સતી મંડળ" ગ્રંથ પ્રત્યે હું બહુ શ્રદ્ધાવાન રહ્યોછું. સગાં સ્નેહીઓમાં એ ગ્રંથનું મનન કરવા વિષે—વખતો વખત ભલી ભલામણ કરવાનું હું ભુલ્યો નથી, **ભાગ—બીજો.** બહાર પડવાને અંતઃકરણમાં અતિ ઉત્કંઠા હતી તે પાર પડેલી જોઇને સંતોષાનંદ થાયછે. આપની સ્તુત્ય દેશ ભક્તિ અને શ્રમના બદલામાં આપને યોગ્ય યશ મળો એવી પરમાત્મા પ્રત્યે પૂર્ણ પ્રેમે પ્રાર્થનાછે. '**સતીમંડળ ભાગ ૨ જો.**' મોકલાવશોજી."

સૌ. દિવાળી નાથાલાલ-ઝણોર-" મહાશય! આપે સ્ત્રી કેળવણી ઉત્તેજનાર્થે આપની અનુભવી કલમથી લખાયેલ ધર્મ નીતિ પૂર્ણ ગ્રંથ નામે સતીમંડળ રૂપ નિર્મળ નીરસું આ કરમાઇ જતીસ્ત્રી ધર્મરૂપી કનકવેલીને સીંચન કરી પ્રફૂલિત કરીછે. તે જાણી ઘણો આનંદ થાયછે. એ ગ્રંથ આ પામર બ્હેનને મોકલાવવા માગણી છે, તે સ્વિકારી મનના મનોરથ સફળ કરશોજી—

મનહર છંદ.

કેટલાક પત્ર લખી પાઠવ્યા પવિત્ર વીર,
શતિમંડળતે કાજ ભગીનીએ ભાવથી;
વળી વાંચવાને મારૂં મનતો વિચારે વળ્યું,
જીતી શકી નહિ જેથી ફરીને કહું કથી;
વિરાજી પ્રથમ આપે મંગાવી લેવા કહેલું,
સ્વ સુગ્રંથ ભગીનીને વાંચવા આનંદથી;
નાથજીની કૃપાવડે ઘણી અધીરાઇ સાથે,
થઇ રળીઆત આ મેં પત્ર લખ્યો પ્રેમથી.

દોહરા.

નીતિગ્રંથ તમારો એ, "શ્રી સતીમંડળ" સાર;
પાઠવી દેશો પ્રેમથી, વીનવું વારંવાર. ૧
મેર કરી મૂજ ઉપરે, રખે લગાડો વાર;
નીતિ ગ્રંથ એ નીરખવા, અધીરી બની અપાર. ૨
કમલભૂ સૈલ સુતાપતિ, રોહીની સુતના ભ્રાત;
એત્રય આપ તણી કરો, રક્ષા તે દિન રાત. ૩
રહો રહો રૂદીઆ વિષે, રાત દિવસ રળીઆત;
વધો વધો વદુ વદનથી, વિશ્વવિષે વધુ ખ્યાત. ૪
નીતિમય ગ્રંથો નવા, રચવા મંગળ મત્ત;
દિપોત્સવી એથી વધુ, દામોદર લું દત્ત. ૫

આ સિવાય ઘણાજ ઉત્તમ અભિપ્રાયો આવ્યા છે, પણ જગ્યાની તંગાસને લીધે દાખલ કર્યા નથી; વગેરેથી આગ્રંથ કેવો ઉત્તમ, ઉપયોગી અને લોકપ્રિય થયો છે તેની ખાત્રી થશે.

ગ્રંથકર્ત્તા.

" ચારિત્રચંદ્રિકા. "

આ ગ્રંથ ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર કર્યો છે. તેમજ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ, જુનાગઢ સરકારે કચ્છ રાજ્ય વગેરેએ તેમની ઉત્તમતાની ખાત્રી કરી સારો આશ્રય આપ્યો છે. આ ગ્રંથની ઉત્તમતા વિષે ઘણા સારા અભિપ્રાયો પડ્યાછે, તેમાંથી થોડા આ નીચે દાખલ કર્યાછે. તે ઉપરથી તેમજ હિંદી, મરેઠી વગેરે ભાષામાં છપાવી બહાર પાડવાની માગણી થયેલીછે, વગેરેથી આ પુસ્તકની ઉત્તમતાની ખાત્રી થશે.

સર્ટિફીકેટો.

રા. બા. ગણપતરામ અનુપરામ. કાઠિયાવાડ ટ્રેનિંગકૉલેજના પ્રિન્સિપાલ અને " જાતમહેનત " વગેરે ગ્રંથના કર્ત્તા—તમારા તરફથી ચરિત્ર ચંદ્રિકાનામે પુસ્તક આવ્યું, તે માટે ઉપકાર માનુંછું, આ જંજાળવાળી જીંદગી અને પ્રવાસનો વ્યવસાય છતાં આપનું પુસ્તક મેં વાંચ્યુંછે. એ સંગ્રહ પછ વાડે તમેઘણો શ્રમ તથા કાળ ખર્ચ્યો હોવો જોઇએ; તે ખાતે વાંચક વર્ગે તમારો ઉપકાર માનવો ઘટેછે. એ પુસ્તક રસિક, ધર્મનીતિથી ભરપૂર અને પ્રાચીન અર્વાચીન પુરૂષોની રીતિનીતિ જાણવાને તથા દરેક ધર્મોનાં તત્વો જાણવાને ઉપયોગી છે.

એ પુસ્તકની ભાષા, શૈલી પણ તમારા બીજા ગ્રંથોની પેઠે સાદી અને સરળ છે; એટલે જનસમૂહને માટે એ પુસ્તક વિશેષ પાત્ર છે."

पंडित रामलाल शर्म्मा--जोधपुर (मारवाड.)

—" महाशय ! आपकेरचित "चरित्र चंद्रिका" को देखकर मेरादिल अत्यंत प्रसन्न हुआ, निःसन्देह आपका परिश्रम सराहनीयहै---यदिइसीतरह आप ओर ओर पुस्तकें प्रकाशित करेंगै तो आशाहेकि भारत निवासीयोंको बहुतकुछ लाभ होगा---आप कभी ओर कोई पुस्तक प्रकट करेंतो मुजे सूचना भेजे इति."

आपका कृपाकांक्षि.

पंडित रामलाल शर्म्मा. जोधपुर.

કવિ દલપતરામ ડાહ્યાભાઈ. સી. આઈ. ઈ. અમદાવાદ—"તમારૂં રચેલું **ચરિત્રચંદ્રિકા** પુસ્તક વાંચી ઘણોજ આનંદ થયો છે. હાલની ઉછરતી પ્રજાને વાંચવાને આવા પુસ્તકની ખરેખર ખોટ હતી તે તમોએ પૂરી પાડીછે. આ પુસ્તક આદિથી અંત સુધી ધર્મનીતિ અને તત્વજ્ઞાનથી ભરપૂર છે. શિવ, વિષ્ણું, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, સ્વામીનારાયણ, પ્રણામી પંથ, જૈન, બૌદ્ધ, નાનક, કબીર, ચાર્વાક, મુસલમાન, પારસી, ક્રિસ્ખ્રિસ્ત, યાહુદી, વગેરે પ્રખ્યાત ધર્મોના પ્રવર્તકોનાં ચરિત્રો આપી લોકોને સારાસાર જાણવાને ઉપયોગી થઇ પડે એમ કર્યું છે; એ-ટલુંજ નહિ પણ પ્રાચીન ઋષિ મુનિઓ, સિદ્ધ મહાત્માઓ અને મહારાજાઓ વગેરેનાં ચરિત્રોનો સંગ્રહ આપી લોકોને અનેક પ્રકારનું શિક્ષણ લેવાને ઉપયોગી થઇ પડે એમ કર્યુંછે. આ તમારો શ્રમ ઘણો સ્તુતિપાત્ર છે. આ પુસ્તક અમે દરેક સ્ત્રી પુરૂષને વાંચવાની ભલામણ કરીએ છીએ."

પ્રોફેસર મણીલાલ નથુભાઈ. નડીયાદ—"તમારૂંચરિત્રચંદ્રિકા વાંચી પ્રસન્ન થયોછું. ઋષિ મુનિઓ, મહાત્માઓ અને ધર્મ પ્રવર્તકો વગેરે અનેક મહાન પુરૂષોનાં ચરિત્રોનો સંગ્રહ ઘણો શ્રમ લઇ દાખલ કર્યો છે, તે ઘણોજ ઉપયોગી અને સ્તુતિ પાત્ર છે. આ પુસ્તક ધર્મ, નીતિ અને પવિત્ર જ્ઞાનથી ભરપૂર છે. અર્વાચીન પ્રસિદ્ધ થતાં નાટક ચેટકો અને વાર્તાનાં પુસ્તકો વાંચવા કરતાં આવાં પુસ્તકો ઉછરતી પ્રજાએ બેધડકપણે વાંચવા જોઇએ. આ પુસ્તક અમે દરેક કુટુંબમાં સ્ત્રી, પુત્ર, પુત્રીઓને ધર્મ નીતિનું શિક્ષણ આપવા માટે રાખવાની ભલામણ કરીએ છીએ"

રા. બા. ગીરધરલાલ ઉત્તમરામ, અમદાવાદ—"તમારૂં ચરિત્ર ચંદ્રિકા વાંચી ઘણો ખુશી થયો છું, આવા ધર્મ નીતિ અને પવિત્રજ્ઞાનથી ભરપૂર પુસ્તકની ખરેખરી ખોટ હતી તે આપે શ્રમ લઇ પુર્ણ કરીછે. મનુષ્યનું મન ચંચળ છે, તે જેવા દાખલા અને દ્દષ્ટાંત મેળવે છે તે તરફ વળે છે, આ પુસ્તકમાં જે મહાન્ પુરૂષોનાં ચરિત્રો દાખલ કર્યાંછે તે ખરેખર વાંચનારના મનને પ-વિત્ર પ્રેમી અને જ્ઞાની બનાવી દે તેવાં છે; એટલુંજ નહિ પણ પોતાની જીંદગીનું સાફલ્ય શું કર્યાથી છે, તે જણાઇ આવેછે. આ પુસ્તક દરેક ગૃહસ્થે પોતાના ઘરમાં સંગ્રહ કરી વાંચવાની ભલામણ કરીએ છીએ. આ પુસ્તકની બે નકલ મોકલાવશો."

રા. રા. ગોપાલજી ભુધરારામ. રેલવે સીટીસ્ટેશન કરાંચી—"માન-વંતા સાહેબ ! આપે માનવહિતાર્થે જે **ચરિત્ર ચંદ્રિકા** પ્રગટ કરેલછે, તે વાંચી પરમ આનંદ થયો છે. તે પુસ્તક રહસ્યાદિથી ભરપૂર છે. ગુજરાતી ભાષામાં તેવા પુસ્તકની ખોટ હતી, તે આપે ઘણોજ શ્રમ લઇ પુરી પાડી છે. તેથી આપનો મોટો આભાર માનું છું એ પુસ્તક મેં પહેલાથી તે છેવટ સુધી છ-સાત વખત વાંચ્યું તોપણ તે એવું રસિક તથા બોધક છે કે, તે ફરી ફરીને વાંચવાનું મન થાય છે. ખરેખર એમાં આપે જે શ્રમ લીધો છે તે સ્તુતિ પાત્ર છે. હું

હમેશાં ઈશ્વર પાસે યાચના કરૂં છું કે ગુર્જર પ્રજામાં આવા ગ્રંથકારો હમેશાં થાઓ. હું સર્વ ગૃહસ્થોને નમ્ર વિનંતી કરૂં છું કે આ પુસ્તક રૂપ અમુલ્ય હીરાને ખરીદી વાંચવા ચૂકવું નહિ."

રા. રા. વ્રજલાલ પુરષોતમ બક્ષી-વડોદરા-"આપનું ચરિત્ર ચંદ્રિકા વાંચીને ઘણોજ હર્ષ થયો છે. એ પુસ્તક માટે આપે જે શ્રમ કર્યો છે તે ઘણોજ સ્તુતિ પાત્ર છે. હાલમાં સંખ્યાબંધ હેંડબીલો બહાર પડે છે અને તેમાં ઘણી અતિશયોકિત વપરાય છે; તે દોષથી કેવળ આપનું હેંડબીલ મુકત છે. આપે હેંડબીલમાં પ્રથમ જે જણાવેલું છે તેથી પણ વિશેષ એ પુસ્તકમાં સમાવી સુશોભિત કરેલ છે. એક ઘડામાં સમુદ્ર ભર્યો હોય તેની પેઠે એ પુસ્તકમાં આર્ય અને અનાર્ય વગેરે મહાન્ પુરૂષનાં ઇતિહાસિક સંક્ષેપ ચરિત્રો દાખલ કર્યાં છે, તે ધર્મ નીતિ અને તત્વજ્ઞાનથી ભરપુર છે. આ પુસ્તક પ્રગટ કરી આપે દેશ બંધુઓના ઉપર મોટો ઉપકાર કર્યો છે; એટલુંજ નહિ પણ આ લોક અને પરલોક સુધારવાનું સાધન કરી આપી, આપનું નામ અમર કર્યું છે. એ પુસ્તકનું કદ અને મહેનત વગેરે જોતા તેની કાંમત કંઇજ વધારે નથી. જીંદગીનું સાફલ્ય કરવા ઇચ્છનારે આ પુસ્તક લક્ષ પૂર્વક વાંચી મનન કરવું જોઇએ. દરેક ગૃહસ્થે આ પુસ્તક પોતાના ઘરમાં અવસ્ય વાંચવા રાખવું જોઇએ."

રા. રા. અલ્લાઉદ્દીન પીરભાઇ. બી. એ હાજીગંજ-"**સાહેબ!** આપનું ચરિત્ર ચંદ્રિકા નામે પુસ્તક અતિ છટા અને બોધ કારક ભરપૂર લખેલું વાંચી ખુશ થયોછું. વળી આશા રાખવામાં આવે છે કે એવાંજ બીજાં પુસ્તકો બહાર પાડી પ્રજાના મનને મુકત કરવા તસ્દી લેશો; તેનો બદલો ઇશ્વર તમને પૂરતો આપશે એવી પ્રાર્થના કરૂંછું. સતીમંડળ અને સ્ત્રીપુરૂષના ધર્મ નામે પુસ્તકનો એક નકલ વી. પી. થી તરત મોકલાવશો."

રા. રા. કૃષ્ણજી નારાયણ કાપડોસકર આબકારી ઇન્સ્પેકટર. ભરૂચ—"આપનો **ચરિત્રચંદ્રિકા** નામે ગ્રંથ આદિથી અંત સુધી પાંચ વખત ધ્યાન દઇને વાંચતાં બહુજ નીતિથી ભરેલો જણાયો છે, દરેક કુટુંબમાં અવસ્ય રાખવા યોગ્ય છે. મરેઠી ભાષામાં પણુ ભાષાંતર કરી વેચવાની તજવીજ થશે તો રાખવા યોગ્યછે. હું દક્ષિણી બ્રાહ્મણછું, તેથી ભલામણ કરૂંછું અને અનુભવથી લખુંછું કે દક્ષિણીઓ બહુ પ્રીતિથી એવું દક્ષિણી ભાષાંતર વાંચશે. આપનો **સતીમંડળ** ગ્રંથ હું મેળવી શકયો નથી, માટે મહેરબાની કરી વેલ્યુપેબલથી એક નકલ મોકલશો"

રા. રા. પીતાંબર હરીરામ જોશી. મુંબઇ—"આપે રચેલો ચરિત્ર ચંદ્રિકા ગ્રંથ વાંચતાં મનુષ્યનું હૃદય પ્રફૂલ્લિત થઇ સન્માર્ગે પ્રવર્તે એવા દાખલા અને દ્રષ્ટાંતોથી ભરપૂર છે, આપે રાત દિવસ ઘણો શ્રમ લઇ શોધ કરી આ ગ્રંથ તૈયાર કર્યો છે; એ માટે પ્રજા આપની ઘણી આભારી છે. આપનો આ સ્તુતિપાત્ર

શ્રમ જોઇ અમે ઘણો ધન્યવાદ આપી ઉપકાર માનીએ છીએ. આપ જેવા નર રત્નો ભારત ભૂમિમાં જ્યારે ઘણા થશે, ત્યારેજ દેશનો ઉદ્ધાર થશે. આપે જે શ્રમ લઇ આ અમૂલ્ય પુસ્તક રત્ન પ્રજાને માટે તૈયાર કરી આપ્યું છે, એ માટે ઇશ્વર પાસે માગીએ છીએ કે તે આપને સદા આરોગ્ય રાખે. આ ગ્રંથ પ્રાચીન અર્વાચીન મહાન્ પુરૂષોના જન્મ ચરિત્રથી ભરપૂર છે; તેમજ અનેક પ્રકારનો બોધ લેવા લાયક છે. માટે હું સર્વે આર્યભાઇઓને વિનંતી કરૂં છું કે આ પુસ્તકને ઘરમાં અવશ્ય સંગ્રહ કરી વાંચવા ચૂકવું નહિ."

શાર્દૂલ વિક્રીત છંદ.

મોટા જેહ થયા જનો જગતમાં, એ અંતરે આણવા;
પામ્યા નાશ નથી સદા સુજન તે, છે જીવતા જાણવા;
જાગી રોજ પ્રભાતમાં સમરિયે, તો સદ્દગુણો પામિએ;
સારાં કામ કરી કર્યો સ્વરગમાં, વાસો રૂડા નામિએ.

કવિ દલપતરામ ડાહ્યાભાઇ.

ઉપજાતિ છંદ.

આ ચંદ્રિકા ચારૂ ચરિત્ર કેરી, વાંચો વિવેકે સુજનો ભલેરી;
મહાન પૂર્વે પુરૂષો થયા છે, તેના ગુણો શ્રેષ્ટજ વર્ણવ્યા છે. ૧
પરાક્રમો જે નરદેહ ધારી, પવીત્ર કીધાં અતિષે અઘારી;
તે વાંચવા પ્રેમ વિશેષ આણી, સુબુદ્ધિદાતા સુખકારી જાણી. ૨
સુનીતિથી છે ભરપુર ગ્રંથ , પવિત્ર તેને પળજોજી પંથ;
કુટુંબમાં પાઠ કદી કરાય, વૃદ્ધિ સદાચાર તણી જણાય. ૩
કુસંપનો થાય સદૈવ નાશ, સુસંપનો થાય અતિ પ્રકાશ:
પ્રભુ પદે પુરણ પ્રીત વાધે, આ લોક સાથે પરલોક સાધે. ૪
જે**વિશ્વનાથાત્મજ** બુદ્ધિધામ, જેનું વદે **કેશવજી** સુનામ;
સ્વદેશ પ્રેમી સુગૂણી ઘણેરા, કર્ત્તા "**સતીમંડળ**" ગ્રંથ કેરા, ૫
જ્ઞાતી **શ્રીમાળી** શુભ વિપ્ર છેય, જે પ્રીતથી **ધ્રોળ** વિષે વસેય;
પ્રયાસથી સંગ્રહ શુભ કીધો, અમૂલ્ય તો લાભ અલભ્ય દીધો. ૬
આભાર ભારી ગણી એજ લેવો, તેને ઘટે આશ્રય આજ દેવો;
જરૂર વાંચો સહુ બાઇ ભાઇ, છે શાંતિ દાતા વળી સૌખ્યદાઇ. ૭
ઉમંગ જેથી ઉરમા વધેય, સુગ્રંથ બીજા બહુ તે રચેય;
છોટુ કહે છોકરવાદ છોડો, વાંચી પ્રભુમાં નિજ ચિત્ત જોડો. ૮

છોટાલાલ દલપતરામ ડાહ્યાભાઈ કવિ.

सतीमंडळ.

ભાગ. ૨ જો.

प्रथम—दर्शन.



सतीमंडळ.

ભાગ ૨ જો.

પ્રથમ–દર્શન.

દૈવીગુણની–સતીઓ.

સતી—સુમિત્રા.

આ જગત્પ્રસિદ્ધ પવિત્ર સતી અયોધ્યાપતિ દશરથરાજાની બીજી રાણી. મગધ દેશના શૂર રાજાની પુત્રી થાય. તે મહાબુદ્ધિશાળી, તેજસ્વી, જ્ઞાની, નમ્ર, સુશિળ, દયાળુ અને પતિપ્રાણા હતી. લક્ષ્મણ અને શત્રુઘ્ન જેવા મહાન્ સદ્‌ગુણશીળ પ્રતાપી પુત્ર રત્નો તેને પેટે જન્મ્યા હતા. દશરથરાજાને કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી એ ત્રણ સ્ત્રીઓ હતી. તેમાં રાજા કૈકેયીના ઉપર ઘણી પ્રીતિ રાખતા હતા; તે છતાં સુમિત્રા સાધારણ સ્ત્રીની પેઠે અપ્રીતિની આંખથી નહિ જોતાં, પતિરૂપ દેવતાને પ્રેમભક્તિ ભરેલી દૃષ્ટિએ જોતી હતી. તેનામાં બીજા પણ સુશીળપણાના ઉત્તમ લક્ષણો હતાં. રામ અને ભરત પોતાની શોક્યોના પુત્રો હતા, તોપણ તેના ઉપર પોતાના પુત્ર પ્રમાણે પ્રેમને મમતા રાખતી હતી. તેનાજ ઉત્તમ શિક્ષણ બળથી લક્ષ્મણ અને શત્રુઘ્ન ઉત્તમ ગુણવાળા થયા હતા. તેઓ આવી માતાના શિક્ષણ પ્રતાપથી રામ અને ભરત સાથે પ્રેમભાવ રાખી એકરૂપપણાથી રહેતા હતા. આ પરથી સુમિત્રાદેવીની ઉત્તમબુદ્ધિ જણાઇ આવે છે. અર્વાચીનકાળમાં જેમ સાધારણ સ્ત્રીઓ પોતાની શોક્યોને દુશ્મન જેવી ગણે છે અને એક બીજાને દુઃખ આપી મારી નાખવા ઇચ્છે છે, અગર હમેશાં દ્વેષભાવથી વર્ત્તે છે; પણ સુમિત્રા ઉત્તમ જ્ઞાનવાળીને સમજુ હોવાથી પોતાની શોક્યો ઉપર સગી બેન અને હિતકારી સહિયરના જેટલી પ્રીતિ રાખતી હતી.

સુમિત્રાદેવીના સુવિચાર, નમ્રતા અને ધર્માશક્તિ વગેરે સદ્‌ગુણોથી કૌશલ્યા તેને ઘણીજ ચાહતી હતી. સ્ત્રીઓમાં વિનય, સુશીળપણું અને ઉત્તમબુદ્ધિ વગેરે ઉત્તમગુણો હોવાથીજ તેઓ પિતા અને પતિના કુળમાં પ્રીતિ પાત્ર થઇ શકે છે; પરંતુ શોક્યની આગળ પ્રીતિપાત્ર, હિતેચ્છુ અને વિશ્વાસુ સખી થવું, એ

કેટલા ઉત્તમગુણોનું કામ છે? સતીમાતા સુમિત્રાના ઉત્તમગુણોની છાપ નરદેવ **લક્ષ્મણ**ના હૃદયમાં સચોટ પડી હતી. મોટા ભાઇ ઉપર સ્નેહપણું, નિસ્પૃહપણું, સત્યપર પ્રેમ, જિતેન્દ્રિયપણું, ત્યાગ, દયા, નિડરપણું, અને વિનય ઇત્યાદિ મહત્ત-ગુણો જે દેવને લાયક છે, તે સર્વ ગુણો સુમિત્રા માતા થકીજ તેને પ્રાપ્ત થયા હતા. દેવી સુમિત્રા પુત્રોને કેવા પ્રકારનું શિક્ષણ આપતી હતી. તે નીચેની હકી-કતપરથી સમજાશે.

જ્યારે દુષ્ટ **મંથરાની** ખરાબ સલાહથી કૈકેયીએ અયોધ્યાની તરતની આશા ભંગ કરી નાંખી, રામચંદ્રને વનવાસ જવાની આજ્ઞા કરાવી; રામચંદ્રજી પિતા વચન પાળવા વનમાં ગયા. તેથી દશરથપુત્ર વિયોગથી વિલાપ કરવા લાગ્યા, પ્ર-જાશોકથી હાહાકાર કરવા લાગી, કૌશલ્યાના રૂદનથી અયોધ્યાનગરી સ્મશાન જેવી જણાવવા લાગી; ત્યારે દેવી સુમિત્રાએ શું કર્યું? તે પણ દેવી કૌશલ્યાના જેવી મમતા બતાવનારી માતા હતી; તે શોકયના બોલવાથી વ્યાકુળ ન થતાં, રામચંદ્રજી સાથે વનમાં જવાને તૈયાર થયેલા પોતાના વાહાલા પુત્ર લક્ષ્મણને ઉપદેશ આ-પવા લાગી કે;—"પુત્ર! તું મને ઘણો વહાલો છે, તોપણ મોટા ભાઇ **રામ**ની સાથે વનવાસ જવાની આજ્ઞા આપુંછું. તારો એ મોટો ભાઇ અરણ્યમાં જાય છે, તેનીજ આજ્ઞામાં તું સર્વદા રહેજે. મોટાની આજ્ઞામાં રહેવું એનેજ આ લોકનો સદાચાર જાણજે. વિશેષે કરીને આવું કામ કરવું એજ આ વંશનું યોગ્ય કામ છે. દાન, યજ્ઞાનુષ્ટાન અને લડાઇમાં દેહ ત્યાગ વગેરે આ વંશને યોગ્ય છે. તું હ-મણાં **રામ**ને પિતા, **સીતાને** માતા અને વનને અયોધ્યા સમજજે, પુત્ર! હવે સુખેથી જાઓ." આ સુવચનો સુમિત્રાદેવીના જ્ઞાનમય હૃદયની ઓળખાણ આપે છે. આવી ભારે વિપત્તિમાં પણ આવું ધૈર્યપણું, આવું સ્થિરપણું, આવી સહન-શીલતાં અને આવું કર્તવ્ય જ્ઞાન એ સર્વ તેની મહત્તાની પરિસીમા છે. તેનું આ ચરિત્ર દેવી ચરિત્ર જેવું છે. લક્ષ્મણ આવી માતાનો પુત્ર હતો. તેથીજ યુવાન ઉ-મ્મરે દેવતા થયો હતો. તેમજ શત્રુઘ્ન પણ દેવના જેવો સદ્‌ગુણી હતો. એ સઘળો દેવી સુમિત્રા માતાનોજ પ્રતાપ હતો, અને તેથીજ સુમિત્રા એક **દેવી** તુલ્ય માન્યને યોગ્ય ગણાય છે.

સત્યધર્મપર પ્રીતિ રાખવાથીજ મનુષ્ય જીવનનું શ્રેષ્ટ પણું ગણાય છે. સુમિ-ત્રા સત્ય ધર્મપર પ્રીતિ રાખતી હતી; તે તેણે કૌશલ્યા પ્રત્યે કહેલાં વચનોપરથી જણા-ઇ આવે છે. જ્યારે **રામ, સીતા** અને **લક્ષ્મણ** વનમાં ગયા; ત્યારે શોકાતુર દશરથ રાજા રામના શોકથી મરવા જેવા થઇ, કૌશલ્યાના ઓરડામાં પડયા હતા કૌશલ્યા પણ શોકાતુર પણે બેશુદ્ધ થઇને પડી હતી. સુમિત્રા પણ પુત્રને વનમાં કાઢવા-થી મહાદુઃખી હૃદયની હતી, પણ તે મહાન્ હૃદયની સુજ્ઞ સુમિત્રાએ પોતાનું મહા દુઃખ છુપાવી, કૌશલ્યાને સત્ય અને જ્ઞાન વચનોથી શાંત કરી સુખી

કરવાને નમ્રતાથી બોલી કે;—" આર્ય ! તમારો રામ સર્વ ગુણ સંપન્ન છે. કદિપણ તેને વિપત્તિ પડવાનો સંભવ નથી. તેને માટે દીનભાવથી રોવાનું તથા શોક કરવાનું શું કારણ છે ? જુઓ, તમારો રામ સત્યવાદી છે, પિતાનું વચન પાળવાને માટે રાજ્ય છોડીને વનમાં ગયો છે. તેને સજ્જનોના પાળેલા ધર્મ ઉપર પ્રેમ છે. તેથી તેને માટે શોક કરવો યોગ્ય નથી. દયાળુ અને નિષ્પાપ લક્ષ્મણ નિરંતર તેની પુત્ર પ્રમાણે સેવા કરે છે. એ બધાએના સુખના વિષય છે, એમાં સંદેહ નથી. જેણે સર્વદા મોજ શોખમાં કાળ ગાળ્યો છે, તે જાનકી અરણ્યવાસનું દુઃખ સારી પેઠે જાણ્યા છતાં, પણ રામની જોડે ગઇ છે. દેવી ! જે સર્વ લોકના પાળનારા રામ ત્રિલોકમાં પોતાની કીર્ત્તિ ફેલાવે છે. તે સત્યનિષ્ઠ છે. એ શું તેમને માટે પૂરતું નથી ? હમણાં દુઃખ કે શોક કરશો ના. રામનું કોઇ પણ પ્રકારે અશુભ થવાનો સંભવ નથી. આર્યે ! તમારે તો બીજા બધાને ધીરજ આપવી જોઇએ. તેને બદલે તમેજ ગભરાઓ છો. જ્યારે રામ જેવા તમારે પુત્ર છે, ત્યારે શું તમારે શોક કરવો યોગ્ય છે? રામ કરતાં બીજો કોઇ મોટો સાધુ પુરૂષ નથી. રામ ગમે તો વનમા રહે, કે શહેરમાં રહે, પણ તેના દોષ કોઇ જોશે નહિ. તેમનું પૃથ્વી, જાનકી અને જયશ્રીની જોડે જલદી પૂજન થશે. જુઓ, અયોધ્યાના રહેવાસીઓ તેના ઉપર ઘણો સ્નેહ રાખે છે. તેઓ એને વનમાં જતા જોઇ શોકનાં આંસુ પાડે છે. સાક્ષાત્ લક્ષ્મીની પેઠે જાનકી જેની જોડે ગઇ છે, તેને વળી ચિંતા શેની ? ધનુષ્ય ધારણ કરવામાં જે શ્રેષ્ઠ લક્ષ્મણ તે તરવાર, બાણ, અને બીજાં હથિયારો લઇને આગળ આગળ ચાલે છે, તેને વળી ખોટ શેની ? રામ જલદીથી અયોધ્યામાં આવીને પોતાના કોમળ કરથી આપની ચરણ વંદના કરશે; ત્યારે તેને આર્શીવાદ આપતાં, જેમ મેઘ પર્વતને જળની ધારાથી ભીંજવે છે, તેમ તે ધર્માત્મા વીર પુત્રને આપ આનંદની અશ્રુધારાથી ભીંજાડશો."

અહા ! દેવી સુમિત્રાના મુખ કમળમાંથી કેવાં ધૈર્ય, પ્રિય, મધુર અને નીતિ વચનો નીકળ્યાં છે ? ધર્મપર વિશ્વાસ, સત્યપર પ્રેમ, ફરજ અદા કરવાની વૃત્તિ, મમતા અને પૂર્ણ પ્રીતિ એ સર્વ મહત્ત ગુણો તેના જણાઇ આવે છે. પતિ પ્રાણા સુમિત્રા, સતી કૌશલ્યના જેટલીજ શોકમાં હતી, પણ શોકના સમયે તેનો માતૃભાવ અને પતિ ઉપરનો દ્રઢ પ્રેમ ઓછો ન થતાં, ઉલટો વધારે પ્રબળ થયો હતો. આવી સ્થિતિમાં પણ તેણે કૌશલ્યાને કહ્યું છે કે;—"જુઓ ! તમારો પુત્ર સત્ય વાદી છે. પિતાનાં વચનો અંગિકાર કરવાની મતલબથી રાજ્ય છોડીને તે વનમાં ગયા છે." આ વચનો ઉપરથી દેવી સુમિત્રાનો પ્રીતિભાવ જણાઇ આવે છે. તેના વિનાં બીજું કોણ આવી સ્થિતિમાં આવાં વચનો કહી શકે ! તેથીજ સુમિત્રાદેવી, સતી સ્ત્રીઓમાં શ્રેષ્ઠ ગણાય છે. તે ખરેખરી અયોધ્યાની મહારાણી થવાને યોગ્ય હતી;

એટલું જ નહિ પણ ગૃહલક્ષ્મી તથા સતીઓમાં શ્રેષ્ઠ હતી, એ તેના ઉચ્ચ અને પવિત્ર ધર્મભાવ ઉપરથી દેખાઇ આવે છે. ધન્યછે સતીસુમિત્રાને!!! કે તેણે પોતાની ફરજ અદાકરીને જગતમાં સુદૃષ્ટાંતરૂપ અમર નામના રાખી છે.

સુનીતિ.

આ પરમ પવિત્ર દેવી ભારતવર્ષમાં પરમપૂજ્ય, પ્રખ્યાત અને માન્ય ગણાયેલા પ્રભુ ભક્ત—ધ્રુવની માતા અને ઉત્તાનપાદ રાજાની પટરાણી થાય. તે શાન્ત, દયાળુ, ધાર્મિક, નીતિવાન, ધૈર્યવાન, જ્ઞાની, પતિવ્રતા અને નમ્ર હતી. પતિ અને પ્રભુ પર અત્યંત પ્રેમ હતો. પતિપરાયણ રહી ગૃહકાર્ય અને રાજ્યકાર્ય કરતી. ઇત્યાદિ શુભ ગુણોથી પતિ, સાસુ, સસરા આદિ કુટુંબીઓનો અત્યંત પ્રેમ મેળવ્યો હતો. ઉત્તાનપાદ રાજાને સુરૂચિ નામે બીજી એક રાણી હતી. તેનાથી સુનીતિ મોટી હતી, તોપણ તેણે કદી મોટાઇનો ભાવ દર્શાવ્યો નહોતો; કે શોક્ય સાથે દ્વેષભાવ જણાવ્યો નહોતો. તે તેમની સાથે પોતાની સગી બેન હોય તે પ્રમાણે પ્રેમ ભાવ બતાવી ચાલતી હતી. નિત્ય પ્રાતઃકાળે ઉઠી પતિને ધર્મ કાર્યમાં સહાય થતી, અન્ન વસ્ત્રાદિકથી ગરીબો અને સાધુ સંતોને સંતોષતી અને પછી પોતાના નિત્યના ગૃહ સંભાળનાં કાર્યો કરતી હતી. આવા તેમના ઉત્તમ ગુણ પ્રભાવથી તેના ઉદરમાં ધ્રુવ જેવા પરમ પવિત્ર પુત્ર રત્નનો જન્મ થયો હતો. સુરૂચિને પણ ઉત્તમ નામે પુત્ર થયો હતો. તેને સુનીતિ પોતાના પુત્ર તુલ્ય ગણી પ્રેમથી ચાહતી હતી. આ પ્રમાણે વર્તવા છતાં પણ સુરૂચિનો છુપો ભાવ જુદોજ હતો. તે સુનીતિની શ્રેષ્ઠતાઇ સહન કરી શકતી નહોતી. તેનો સ્વભાવ પ્રપંચી, મદ અને મત્સર વાળો હતો. તેણે રાજાને પોતાના પ્રપંચમાં ફસાવી સુનીતિ ઉપર અપ્રીતિ કરાવી. રાજાએ તેને જુદા મહેલમાં રાખી; તોપણ આ પવિત્ર મનની સ્ત્રીએ કદી પણ પતિપર અભાવ આણ્યો નહોતો. તે નિત્ય પતિવ્રતાના ધર્મ પ્રમાણે પ્રભુની ભક્તિ કરી પતિનું શુભ ચાહતી. સુરૂચિ પ્રપંચથી વધી રાજાને પ્યારી થઇ પડી અને આ પરમ સાધ્વી સરલ સ્વભાવની હોવાથી અણમાનેતી થઇ હતી; તોપણ તેણે પોતાની શોક્ય ઉપર દ્વેષભાવ બતાવ્યો ન હોતો; એવી એ મોટા મનની હતી.

ધ્રુવ પાંચ વર્ષનો બાળક હતો. પણ તે મહા તેજસ્વી, ધાર્મિક, શૂરવીર અને ખંતિલો હતો. ક્ષત્રિયપણાનાં તમામ શુભ લક્ષણો તેનામાં જોવામાં આવતાં હતાં, તે છતાં માનેતી રાણી સુરૂચિના પુત્રપર જેટલી રાજાની પ્રીતિ હતી, તેટલી ધ્રુવપર નહોતી. એક દિવસે રાજા કચેરીમાં સર્વ સભાજને હીત બેઠો હતો; અને સુ-

રૂચિના પુત્ર ઉત્તમને ખોળામાં બેસાડી લાડ લડાવતો હતો. તેવામાં ધ્રુવ અકસ્માત્ ત્યાં જઇ ચડયો. તેણે ઉત્તમને પિતાના ખોળામાં બેઠેલો દીઠો. એ જોઇ પોતાને પણ પિતાના ખોળામાં બેસવાની ઇચ્છા થતાં, તે બેસવા ગયો. પણ રાજાએ તેને અભિનંદન આપ્યું નહિ. તે જોઇને અતિ ગર્વિતા સુરૂચિ બોલી કે;—"હે વત્સ! તને એ સુખ ક્યાંથી? તું રાજકુમાર છે, પણ અભાગિણીનો પુત્ર છે. તેં મારી કૂખે અવતાર લીધો નથી. માટે તું નૃપતિના આસન પર બેસવાને યોગ્ય નથી. તને બાળકને સમજણ નથી. તેથી તને આ દુર્લભ મનોરથ થયો છે. જો તારે તારા પિતાના ખોળામાં બેસવાની ઇચ્છા હોય તો, તપ કરીને આ તારા દેહને તજી દઇ, મારે પેટ અવતાર લે; તો તને રાજ આપીશ. ઈત્યાદિ વચન પોતાની માતાની શોક્યના મૂખેથી સાંભળતાં ધ્રુવનું હૃદય વિંધાઇ ગયું, મૂખનો રંગ ઉતરી ગયો, અને માન ભંગથી નિઃશ્વાસ મૂકતો રોતો રોતો માતા પાસે ગયો. માતાએ પુત્રને છાતી સરસો ચાંપીને રડવાનું કારણ પૂછ્યું. ધ્રુવે બનેલી સઘળી હકીકત કહી સંભળાવી. સુનીતિ દેવી શોક્યનાં કઠોર વાક્યો સાંભળી પીડા પામી ગદ્દગદ્દ કંઠે થઇ, અને વિલાપ કરતી પુત્રને કહેવા લાગી કે;—"હે વત્સ! મનમાં કાંઇ દુઃખ લગાડીશ નહિ. તેણે પૂર્વે પુણ્ય કર્યાં હશે, ત્યારેજ તે પૂર્ણ સુખ ભોગવેછે. વ્હાલા પુત્ર! આપણને સુખ ક્યાંથી? આપણે પૂર્વે નિયમ, ધર્મ, કશા પાળ્યા નહિ હોય; સાધુ સંત અને બ્રાહ્મણોને સંતોષ્યા નહિ હોય, અને દાન-પુણ્ય કર્યાં નહિ હોય. જ્યાં આપણાં કર્મ ઓછાં, ત્યાં રાજાનું માન ક્યાંથી હોય? આપણે પૂર્વના દત્ત વગર ક્યાંથી સુખ પામીએ! એ અવર માતાએ જે કહ્યું છે તે ખોટું નથી. તારા દુઃખનું છેદન કરવા ઇશ્વર વિના બીજું કોઇ સમર્થ હોય, એમ હું માનતી નથી. પુત્ર! રાજ્યની ઇચ્છા હોય તો વનમાં જઇ તપ કર. તપ કરવાથી બ્રહ્મા પદ્માસન પામ્યા. તપ, તીર્થ અને વ્રત, ઇત્યાદિ કરવાથી નારદજીનો ભાગ્યોદય થયો. માટે તપ કરી ઇશ્વરને પ્રસન્ન કરીએ, તોજ અભાગિયાં મટીએ."

ઇત્યાદિ માતાનાં વચન સાંભળી ધ્રુવના હૃદયમાં સચોટ અસર થતાં તેણે કહ્યું;—"માતા! હું તમારો પુત્ર છું. તમને અભાગિણી મટાડીશ. હું સુખને નહિ સંભારતાં તરત વનમાં જઇશ. ઇશ્વરે જે દેહ આપ્યો છે, તેનાથી સુકૃત્ય કરવું જોઇએ. સુખને સંભારતાં દુઃખ થાય છે. પ્રભુ મને દર્શન આપી દુઃખ કાપશે, તોજ પાછો આવીશ. નહિતો વનમાં તપ કરતાં મારા પ્રાણ તજી દઇશ."

ધ્રુવના મૂખમાંથી "પ્રાણ તજીશ." એવાં વચનો સાંભળી માતા સુનીતિ શોકાતૂર થઇ બોલી;—"કુમાર! મને રાજાએ તજી છે અને તું પણ તજીને જશે? ટોળાથી વિખૂટી પડેલી મૃગલી જેમ એકલી રહી શકતી નથી, તેમ હું તારા વિના એકલી રહી શકીશ નહિ. પુત્ર! જળ વિનાની માછલી જેમ તરફડીને મરણ પામે છે, તેમ હું તારા વિના તરફડીને પ્રાણ તજી દઇશ. માટે

તું ઘર આગળ તપકર, વનમાં જવાની જરૂર નથી." ઇત્યાદિ માતાના વચન સાંભળી ધ્રુવે કહ્યું કે;—"માતા! તમે શોક કરશો નહિ. હવે દુઃખનો અંત આવ્યો જાણો. ઘેર બેઠાં તપ થઇ શકે નહિ. અહિ અનેક પ્રકારનાં વિઘ્નો આવી પડે. મનમાં મોહ ઉત્પન્ન થાય. તેથી પ્રભુને પામીએ નહિ. કાયાદમીને તપકરતાં પ્રભુ મળશે. મને આશિષ આપો. હું વનમાં જઇને વહેલો આવીશ. કરૂણા કર પ્રભુ દયા કરીને આપણી આશા પૂર્ણ કરશે. દેવી સુનીતિ જ્ઞાની, હિંમતવાન અને ડાહી હતી તે પુત્રના શ્રેયની અભિલાષિણી હતી. તે પુત્રને ઘરમાંજ ગોંધી રાખી દુઃખદ સ્થિતિમાં અને નિરાશામાં પડી રહેલો જોઇ શકે એવી નહોતી. તેણે પુત્રનાં હિંમત, ઉત્સાહ અને ધૈર્યતાનાં દૃઢ વચનો સાંભળી આનંદ પામી કહ્યું કે;—"પુત્ર! તારા આવાં હિંમત અને ઉચ્ચભાવનાનાં વચનો સાંભળી ખુશી થાઉં છું તું મારે એકનો એક પુત્ર છે, એમ ધારીને તને ખોટા લાડમાં ઘેર બેસાડી રાખું એ મારા જેવી સ્ત્રીને યોગ્ય નથી. તને સદાને માટે દુઃખદ સ્થિતિમાં રહેલો અને નિરાશામાં ગદ્‌ગદિત થતો જોઇ શકીશ નહિ. તારા જેવા લાયક પુત્રના શ્રેયમાં મારે વિઘ્ન રૂપ થઇ પડવું એ મહાહાનિ કારક છે. જોકે તું નાનીવયનો છે, પણ તું તારા ઉત્તમ સદ્‌ગુણોને લઇ મહાન્ કાર્ય કરવાને સમર્થ થઇશ એવી મને ખાત્રી છે. પુત્ર! તારી અપર માતાનાં કઠિન વચન રૂપી બાણ મારા અને તારા હૃદયમાં ખુચે છે માટે તું ખુશીથી ઉત્કૃષ્ટ પદ મેળવવાને વનમાં જા. હવે હું તારા મહાન્ ભાવને અટકાવીશ નહિ. તું તારૂં ઇચ્છીત પૂર્ણ કરીને વહેલો આવજે. સર્વ વ્યાપક પ્રભુ તારૂં કલ્યાણ કરશે." એ રીતે સુનીતિએ પોતાના વ્હાલા પુત્ર ધ્રુવને ઉત્સાહ અને હિંમતનાં વચનો કહી ઉશ્કર્યો, તેથી ધ્રુવને વધારે ઉત્સાહ આવ્યો.

ધ્રુવ માતાની આજ્ઞા મેળવી નમન કરીને પાંચવર્ષની ઉમ્મરે તપ કરવા માટે વનમાં જવા નગર બહાર નીકળ્યો. આગળ જતાં વનમાં નારદમુનિ મળ્યા. તેમણે તેની સર્વ હકીકત જાણ્યા પછી, પાછા વળવાનું સમજાવતાં મુનિએ કહ્યુ કે;—"તારે માન અપમાન ગણવું યોગ્ય નથી. આ સંસારમાં પોતાના કર્મ વડેજ સુખ દુઃખ મળે છે. તું જે ઇચ્છે છે તે બહુજ કઠિણ છે, સુખના વખતમાં પુણ્યનો ક્ષય થાય છે, અને દુઃખના વખતમાં પાપનો ક્ષય થાય છે; એમ માની આત્માને સંતોષવાથી શરીર ધારી મનુષ્યો અજ્ઞાનતાને પાર પામે છે." ધ્રુવે કહ્યું;—"સુખ દુઃખથી હણાયેલા મનુષ્યોને અર્થે આપે કૃપા કરી, શાન્તિનો જે માર્ગ બતાવ્યો, તે મારા જેવાને તો પસંદ નહિ પડે તેવો છે. હું તો જે પદ ત્રિભૂવનમાં પણ ઉત્કૃષ્ટ છે, અને જે પદ મારા પિતૃઓ કે બીજાઓ પણ પામ્યા નથી, તે પદ મેળવવા ઇચ્છું છું માટે હેબ્રહ્મન્! મને સારો માર્ગ બતાવો." ધ્રુવનો આવો દૃઢ નિશ્ચય જોઇને દયાવાન નારદે પ્રસન્ન થઇ કહ્યું કે;—

" ભલે તું **મધુવન**માં જા, અને યમુનાજીમાં સ્નાન કરીને તપ કરજે. જળ, ફળ અને કંદમૂળનો આ હાર કરજે, તથા ઈશ્વરના સ્વરૂપનું ધ્યાન કરજે. " એમ કહી ધ્રુવને મંત્રોપદેશ કર્યો. એ મંત્ર જપ કરવાથી પ્રભુ મળશે, એવું કહી તેણે ઇચ્છીત માર્ગત બતાવ્યો.

ધ્રુવ ઉત્કૃષ્ટ પદની ઇચ્છાથી **મધુવન**માં ગયો. ત્યાં જઈ સર્વ ઇંદ્રિયો દમન કરી એકાગ્રચિત્તે તપ કરવા લાગ્યો. પાંચે પ્રાણરૂંધિ એક પગે ઉભા રહી કેટલોક સમય તપ કરતાં, અંતે પ્રભુ પ્રસન્ન થયા. ધ્રુવે તેમની સેવામાંજ રહેવાનું વરદાન માગ્યું. એપરથી શ્રીવિષ્ણુભગવાને કહ્યું કે;—"તને અવિચળ પદ મળશે, તથા તારી સર્વ ઇચ્છા પૂર્ણ થશે." એમ કહીને તેને ઘેર જવાની આજ્ઞા કરી; કેમકે તેના માબાપ વાટ જોતાં હતાં. તેથી ધ્રુવ ઘેર ગયો. તેને જોઇને સર્વ હર્ષ પામ્યાં. પુત્ર પ્રભુ દર્શન પામી ઘેર આવ્યો જોઇ, માતા સુનીતિના આનંદનો તો કાંઇ પારજ રહ્યો નહિ. ધ્રુવ રાજ્યગાદી પામ્યો. સુનીતિ સર્વ પ્રકારે સુખી થઇ. ધ્રુવને **અહલ્યા** નામે સ્ત્રી, બીજી **ઇંદ્રની પુત્રી**, ત્રીજી શિશુમાર પ્રજાપતિની પુત્રી **બ્રાહ્મી**, ચોથી વાયુની પુત્રી **ઇલા**, અને પાંચમી **ધન્યા** નામે સ્ત્રી, એ પાંચ સાથે પરણ્યો હતો. સુનીતિ પોતાની પાંચે પુત્ર વધૂઓને પુત્રીની પેઠે રાખતી હતી. એ પાંચે પુત્ર વધૂઓ પરસ્પર શોક્યો તરીકે ઝેરવેરથી ન રહે, તે માટે નિરંતર કાળજીથી શિખામણ આપતી હતી. તેમની શીખામણની અસર એ પાંચેને એવીતો સરસ થઇ હતી, કે તેઓ એક બીજીને સગી બેન જેવી ગણી પ્રેમભાવ બતાવતી. એક બીજાને સુખે સુખ અને દુઃખે દુઃખ માનતી, એવો તેમાં પરસ્પર સદ્ભાવ વધ્યો હતો. સુનીતિનાં સદ્વર્તન જોઇને ઉત્તાનપાદ રાજા પોતાનાં આગલાં કૃત્યોને માટે ઘણું પસ્તાયો હતો. તે હવે સુનીતિને પોતાની પ્રાણ પ્યારી ગણી ચાહતો હતો. તેમ સુનીતિ પણ પતિએ પોતાનો વિના અપરાધે ત્યાગ કર્યો હતો, છતાં તે વિચાર કદિ પણ મનમાં નહિ લાવતાં પ્રેમથી તેની સેવા કરતી હતી. તેમજ પોતાની શોક્ય સુરૂચિના પ્રપંચે રાજાથી વિયોગ થઇ દુઃખ ઉપજ્યું હતું, તે મનમાં નહિ લાવતાં તેની સાથે પણ બેન પ્રમાણે સદ્ભાવ બતાવતી હતી. એ વગેરે જોતાં સુનીતિ ખરેખરી સુનીતિથી ભરપૂર "**દેવી**" જેવીજ હતી. ઇત્યાદિથી તેના ઉત્તમ સદ્ગુણો અને મનોભાવની મહત્તા જણાઇ આવે છે. જ્યારે ઉત્તાનપાદ રાજા ધ્રુવને રાજ્યપાટ સોંપી વનમાં તપ કરવાને ગયો હતો; ત્યારે આ પાતિવ્રત્ય પાળનાર સતી પણ સ્વામીની સાથે વનમાં તેમની સેવા કરવાને સાથે ગઇ હતી અને વનમાંજ પતિની સાથે રહી પ્રભુ ભક્તિ કરીને પરમપદને પામી હતી. ધન્ય છે આ સતીને ! કે જે દાંપત્ય પ્રેમનો આવો અપૂર્વ મહિમા બતાવીને જગતમાં અમરકીર્તિ રાખી ગઈ છે !!!

સત્યવતી.

આ મહાસતી ઋચિક ઋષિની પત્ની, જમદગ્નિ ઋષિની માતા, કાન્યકુબ્જ દેશના ગાધિરાજાની પુત્રી અને મહાન્ઋષિ વિશ્વામિત્રની બેન થાય. આ સતી સ્વરૂપે સુંદર, બુદ્ધિવાન, ધાર્મિક, નીતિવાન. દયાળુ, અને શાન્ત હતી. જેવી તે રૂપગુણે શ્રેષ્ઠ હતી, તેવાજ ઋચિક ઋષિ જેવા શ્રેષ્ઠપતિ મળ્યા હતા. તે વિષે એવું જણાવેલું છે કે;—એક વખતે ઋચિક ઋષિએ ગાધિરાજા પાસે આવી સત્યવતીને પોતાની ભાર્યાર્થે માગી. રાજા પોતાની સુકોમળ અંગની કુમારી ઋષિને આપી વનમાં મોકલવાને ખુશી નહોતો, પણ ઋષિ મહા સમર્થ હતા. જો તેને ના પાડે તો ઋષિ નારાજ થાય, આવી રીતે ધર્મ સંકટ આવી પડવાથી રાજા મહા વિચારમાં પડયો. સત્યવતી પોતાના પિતાને વિચારમાં પડેલા જોઇને બોલી કે;—પિતાજી ! મારાં ધન્યભાગ્ય કે મને આવા ઋષિ જેવા પતિ મળશે. તેથી કરી હું મારા જીવનનું સાર્થક કરી શકીશ. હું રાજ્ય સમૃદ્ધિના સુખ કરતાં, તપ સમૃદ્ધિના સુખને વધારે શ્રેષ્ઠ માનુંછું. મને મહેલ કરતાં, પર્ણકુટી વધારે વહાલી છે. હું સંસારના આનંદ કરતાં, ધર્મ કર્મના આનંદને વધારે ઉત્તમ ગણુંછું. મને ગામ કરતાં વન વધારે પ્રિય છે. વિધવિધ પ્રકારનાં વસ્ત્રાલંકાર અને મિષ્ટાન્ન ભોજન કરતાં, હું વલ્કલવસ્ત્ર, ફળફૂલ અને કંદમૂળના સાત્વિક ભોજનને શ્રેષ્ઠ ગણું છું. માટે મારા વિષે કશો પણ વિચાર ન કરતાં, મને આ મહાત્મા ઋષિ સાથે પરણાવો. મને તેમની સાથે પરણાવવાથી તમારૂં પણ કલ્યાણ થશે. રાજા આ પ્રમાણે પોતાની પુત્રીનાં વચન સાંભળી ઘણો ખુશી થયો. તેમજ ઋચિક ઋષિએ પોતાના પ્રબળ પ્રતાપથી રાજાને એક હજાર શ્યામ કર્ણી અશ્વ લાવી આપ્યાથી તે ઘણું આશ્ચર્ય પામ્યો. ઋષિની આવી અદ્ભૂત શક્તિ જોઇને રાજા પોતાની સાથે સત્યવતીને લઇ વનમાં આવ્યો અને તેને ઋષિની સાથે પરણાવી. ઋષિ વનમાં આશ્રમ બાંધી ગૃહસ્થાશ્રમ ધર્મ ચલાવવા લાગ્યા. આ પ્રમાણે ઘણા દિવસ વિત્યા પછી તેના મૂળ પુરૂષ ભૃગુ ઋષિ પોતાની ઈચ્છાથી તેના આશ્રમમાં આવ્યા. ઋચિક ઋષિએ અને સત્યવતીએ તેમનો ઘણી પ્રકારે સત્કાર કર્યો. ઘણા દિવસ આનંદથી રાખ્યા. સત્યવતીએ ઉત્કૃષ્ટ પ્રકારે તેમની સેવા કરી. તેથી ભૃગુ ઋષિએ પ્રસન્ન થઇ, સત્યવતીને વરદાન માગવાની આજ્ઞા કરી. તેથી સત્યવતીએ નમ્રવદને પ્રાર્થના કરી કે;—હે મહાત્મા ! મારા પિતા અપુત્ર હોવાથી ઘણા દુઃખી છે. માટે તેને અને મને પુત્રની પ્રાપ્તિ થાય એમ કરો. ભૃગુઋષિએ તે બેઉને પુત્ર થાય એવો ઉપાય બતાવ્યો. તેથી સત્યવતીને જમદગ્નિ જેવા સમર્થ પુત્ર અને ગાધિરાજાને વિશ્વામિત્ર જેવા પુત્ર રત્નની પ્રાપ્તી

થઇ હતી. એ રીતે સત્યવતીએ પોતાના ઉત્તમ ગુણ પ્રભાવથી ભૃગુ ઋષિ જેવા સમર્થ મહાત્માને પ્રસન્ન કરી માતા અને પોતાના કુળને ઉજ્વળ કરે એવા મહા પ્રતાપી પુત્રો પ્રાપ્ત કર્યા હતા અને જતા વંશને રાખ્યા હતા.

આ સતી પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને પ્રિય થઇ હતી. જમદગ્નિ ઋષિ સત્યવતી જેવી પ્રતાપી સતીમાતાના હાથ નીચે ઉછરી, શિક્ષણ પામી મહા સમર્થ થયા હતા. જેણે **સહસ્ત્રાર્જુન** જેવા મહા બળવાન રાજા સાથે યુદ્ધ કર્યું હતું: એટલુંજ નહિ પણ જેને ત્યાં પૃથ્વીને એકવીશવાર નક્ષત્રિ કરનાર **પરશુરામ** જેવા દેવાંશી પુત્ર અવતર્યા હતા. આશું સત્યવતી જેવી સતી સ્ત્રીનો ઓછો પ્રભાવ છે? ધન્ય છે સત્યવતીને! કે જેઓ રત્નગર્ભા મહાસતીના પદને પામ્યાં અને પતિ તથા પિતાના કુળને ઉજ્વળ કરી અમર કીર્તિ રાખી ગયાં છે!!!

સરમા.

આ પવિત્ર સાધ્વી સ્ત્રી **રાવણ**ના ભ્રાતા **વિભીષણ**ની ધર્મ પત્ની થાય. તેના પિતાનું નામ **શૈલૂષ** હતું. એ ગંધર્વ જાતિનો હતો. સરમાનો જન્મ માન સરોવરની સમીપ થયો હતો. તે વખતે કહે છે કે;—માનસરોવરનું પાણી વર્ષાદ ને લીધે એટલું તો વધી ગયું હતું કે, તે તેની માતાની સાથે તણાવા લાગી હતી, પરંતુ ઇશ્વર કૃપાથી બચી હતી. તે સરોવરમાંથી બચી તે ઉપરથી તેનું નામ **સરમા** પાડ્યું હતું. સરમા સ્વરૂપે સુંદર અને મનોહર હતી. સ્વભાવે બુદ્ધિવાન, ઉદાર, ધાર્મિક, ધૈર્યવાન, અને પતિ પ્રેમી હતી. તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી વિભીષણને સલાહ અને સહાયતા આપવા વગેરેમાં ઘણી ઉપયોગી થઇ પડી હતી. વિભીષણ પણ તેના ગુણ પ્રભાવ ને લઇ ઘણું ચાહતો અને માન આપી સંતોષતો હતો. પતિ પત્નીને પરસ્પરના ગુણોની અસર થાય છે, તેનો આ પ્રત્યક્ષ પુરાવો આ દંપતિનો છે. વિભીષણમાં સાત્વિક વૃત્તિનો ભાવ હતો, તે તેની પત્ની સરમામાં પણ આવ્યો હતો. આ દંપતી એક વચની, સત્ય પર પ્રેમ અને સ્વધર્મ પર શ્રદ્ધા રાખનારાં હતાં. સાધુ સંત અને ધર્મ નીતિવાળાં માણસો પર ઘણો ભાવ રાખતાં હતાં, અને ન્યાય નીતિથી ચાલનારા મનુષ્યનો પક્ષ ખેંચતાં. તેથી લંકાની પ્રજા અને બહારના લોકોમાં તેમની કિર્તિ વધી હતી. જ્યારે રાવણ **સીતા** જેવી મહાસતીને હરિ લાવ્યો, ત્યારે સરમાને ઘણો ખેદ થયો હતો. જે સ્ત્રી પર પુરૂષ ને ચાહી અનીતિને માર્ગે ચાલતી અને જે પુરૂષ પર સ્ત્રી ને ચાહી અધર્મ માર્ગે ચાલતો, તેના ઉપર તેમને ઘણો ધિક્કાર છૂટતો; એવી તે પવિત્ર મનની અને નીતિવાળી હતી. રાવણ જોકે

પોતાને જેઠ થતો અને બળવાન હતો પણ સીતા જેવી મહાસતીને બળાત્કારે પકડી લાવ્યો. તે એ જોઇ શકી નહિ. તેણે તુરત રાવણ સન્મુખ જઇને કહ્યું હતું કે;—"તમો સીતાને હરિ લાવ્યા છો, એ ઘણુંજ ખોટું કર્યું છે. સીતા સાક્ષાત્ શક્તિ સ્વરૂપ છે. તે પોતાના સતીત્વ પ્રભાવથી તમારો તત્કાળ નાશ કરવાને શક્તિવાન છે, પણ તે ધૈર્યતા રાખી રહી છે. તેમને દુઃખ આપવાથી આખા કુટુંબનો સત્વર નાશ થશે. માટે તમો તમારા અપરાધની ક્ષમા માગી, તેમના પતિ રામને જઇને સોંપો. તમે તમારી શક્તિનો પરસ્ત્રીને હરણ કરી અવળો ઉપયોગ કરો નહિ. જો તમે સમજો અને તમારૂં આલોક અને પરલોકમાં શ્રેય થવા ચાહતા હોતો. પરસ્ત્રી સામું ખરાબ નજરથી જુઓ નહિ. જે પુરૂષપર સ્ત્રીને ચાહે છે અને જે સ્ત્રી પરપુરૂષને ભજે છે, તેની કોઇ પણ પ્રકારે સિદ્ધિ થતી નથી; એટલુંજ નહિપણ તેના ધર્મ કર્મ, ધન, આયુષ્ય અને આબરૂનો નાશ થાય છે." વગેરે ઘણું કહ્યા છતાં પણ રાવણે માન્યું નહિ. ત્યારે આસતીએ પોતાના પતિ વિભીષણને કહ્યું કે;—"તમારા જેષ્ઠ ભ્રાતા રાવણે ઘણુંજ વિપરી કામ આદર્યું છે. જોકે એ તમારો ભાઇ છે, પણ તે અધર્મ માર્ગે ચાલે છે, તે બહુજ ખોટું છે. અધર્મ માર્ગે ચાલનાર ગમે તો પિતા પુત્ર કે ભાઇ હોય અગર સ્ત્રી કે પુત્રી હોય તોપણ તેનો તુરત ત્યાગ કરવો જોઇએ. નહિ તો કુટુંબને ઘણું દુઃખ પેદા થાય છે. માટે તમારા ભાઇનો ત્યાગ કરવો જોઇએ. તેમને સહાય કરી, તેમનાં અવળાં કૃત્યને ઉત્તેજન આપશો નહિ. નહિતો તમારાપર પણ દૈવનો કોપ થશે." વગેરે ઘણી ભલામણ કરી હતી. અહો! સતી સરમા કેવી ધર્મ નીતિવાળી અને ઉચ્ચ ભાવના વાળી સ્ત્રી હતી, તે આપ પરથી જણાઇ આવે છે.

સરમા અશોક વનમાં જઇ, જ્યાં સીતા શોક સાગરમાં બેઠેલી હતી. ત્યાં દુઃખમાં દિલાસો આપવાને માટે બેન જેવા ભાવથી મળતી અને દેવી તુલ્ય માન આપી ચાહતી. તેની સાથે તત્વજ્ઞાન અને ધર્મનીતિની ચર્ચા કરી આનંદ આપતી. રામચંદ્રજી તરફના કુશળ સમાચાર વિભીષણને મળતા તે પોતે અશોક વનમાં જઇને સીતાને આપતી. જ્યારે રાવણ સીતાને સંતાપવા કપટ ચાતુર્ય કરતો. ત્યારે તે તેનો ભેદ ખુલ્લો પાડી સીતાને દિલાસો આપતી. તેમજ સીતા પાસે રહેલી રાક્ષસીઓ તેમને સંતાપે નહિ, તેની સંભાળ રાખતી; વગેરે પ્રકારે તે સીતાને સહાયક થઇ હતી. જ્યારે રામચંદ્રજીએ રાવણને મારી વિભીષણને લંકાનું રાજ્ય આપ્યું; ત્યારે સતીસરમા લંકાની મહારાણી થઇ હતી; તોપણ તે રાજ્યવૈભવમાં પોતાનો ધર્મ ભૂલી નહોતી. તે નિરંતર સાત્વિક રીતે વર્ત્તીને અતિથિ અભ્યાગતોને અન્ન વસ્ત્ર આપી ભક્તિમાન સાધુ સંતની સેવા કરતી; એટલુંજ નહિ પણ પતિને રાજ્ય કારભાર ચલાવવામાં સલાહ અને સહાયતા આપી, પ્રજા જે રીતે સુખી અને ધર્મ નીતિ વાળી થાય; તેમ કરવા પ્રયત્ન કર્યા કરતી. તેથી કરી લંકાની

પ્રજા ઘણી સુખી થઇ હતી. તેઓ તેને એક રક્ષાકર્ત્રી દેવી તરીકે પૂજ્ય ગણી માન આપતા. વૃદ્ધાવસ્થા થતાં નિરંતર પતિ સાથે ઇશ્વર ભક્તિમાં કાળ ગુજારી પરમ ગતિને પામી ગઇ છે. સરમા! તને ધન્ય છે! તું ધર્મ નીતિથી ચાલી એક પરદુઃખ ભંજન તરીકે જગતમાં સુદષ્ટાંત્ રૂપ અમર કીર્ત્તિ રાખી ગઇ છે!!!

સરસ્વતી—ભારતી.

આ પ્રસિદ્ધ પવિત્ર સતી મહાન્પંડિત **મંડનમિશ્રની** ધર્મપત્ની થાય. તેનું બીજું નામ **ભારતી—ઉભય ભારતી** હતું. કાશીથી ગયા તરફ જતાં માર્ગમાં શોણભદ્ર નામે નદી આવે છે. તેના તારપર બ્રાહ્મણવાસ નામે ગામ હતું ત્યાં **વિષ્ણુમિત્ર** નામે એક વિદ્વાન બ્રાહ્મણ રહેતો હતો. સરસ્વતી એ તેની પુત્રી હતી. એ બહુ ભણેલી અને મહા વિદ્વાન હતી. પૂર્વના આર્યો પોતાની પુત્રીઓને કાવ્ય, વ્યાકરણ, રસાલંકાર, ગીત, વાદ્ય, નૃત્ય, ગાંધર્વ વેદ, પાકશાસ્ત્ર, અને ગણિતશાસ્ત્ર, ઇત્યાદિ વ્યવહારોપયોગી સંસ્કૃત ગ્રંથો ભણાવતા હતા. વિષ્ણુમિત્રપંડિતને સરસ્વતી એકની એક પુત્રી હતી. તેથી તેને એ કરતાં પણ અધિક ચારવેદ, ચાર ઉપવેદ, છવેદાંગ, છશાસ્ત્ર, અને પુરાણાદિ ઘણા ગ્રંથો ભણાવ્યા હતા. તેથી તે જ્ઞાન બળમાં એટલી તો ચઢીયાતી થઇ હતી કે, એ સમયનો કોઈ પણ પંડિત તેને વિદ્યાવાદમાં જીતી શકતો નહોતો. તેના એવાં પાંડિત્યને લીધે બાળપણમાંજ તેની કીર્તિ આખા ભરતખંડમાં પ્રસરી રહી હતી. સરસ્વતીની માતાનાનું નામ **સુભગા** હતું. સરસ્વતી સર્વ વિદ્યામાં પરાંગત થઇને યોગ્યવયે પહોંચી, ત્યારે તેનું ચિત્ત આ સાંસારિક સંબંધમાં જોડાવા તરફ વળ્યું. એ કાળે માબાપ પોતાનાં સંતાનોને હાલની પેઠે કુળ મોટપ કે પૈસાની લાલચને લીધે નાની ઉમ્મરથી એક બીજાના ગુણ દોષ જાણ્યા કે જોયા સિવાય લાકડે માંકડું વળગાડીને તેમનો ભવ ખરાબ કરતાં નહોતાં. પુત્ર કે પુત્રી જ્યારે ભણી ગણીને યોગ્ય વયનાં થતાં, ત્યારેજ તેમના ગુણ સ્વભાવ મળતા જોઇને તેમનાં લગ્ન કરતાં હતાં. તેમાં પણ એક બીજાને પસંદ પડતાં વરકન્યા વચ્ચે લગ્ન થાય, એ રીત તેમને વધારે પ્રિય હતી, તેથી તેઓ બની શકે ત્યાં સુધી એવી જોગવાઇ કરી આપતા હતા. એવી રીતનાં લગ્નથી દંપતિ ઘણાં સુખી થાય છે. એ નિઃસંશય વાત સમજવી.

સતી સરસ્વતી ઉમ્મર લાયક થવાથી તે પોતાના જેવો વિદ્યાવંત વર શોધીને તેની સાથે લગ્ન કરવાની તજવીજ કરવા લાગી. તેવામાં નર્મદા કિનારાના

યાજ્ઞિક બ્રાહ્મણો વિષ્ણુમિત્ર પંડિતને ઘેર પરોણા થઇને આવ્યા. તેમના મુખેથી મંડનમિશ્રની વિદ્વતાની વાતો સરસ્વતીના સાંભળવામાં આવી. તેથી તેણે એ પંડિતનું નામ ઠામ પૂછતાં તેમણે જણાવ્યું કે;—નર્મદા-રેવાનદી કિનારે **માહિષ્મતી** નામે નગરી છે, ત્યાં **હિમમિત્ર** નામે એક પંડિતનો પુત્ર મંડન મિશ્ર છે. તેણે **પ્રયાગ** વાળા પ્રખ્યાત **કુમારિલ** ભટ્ટાચાર્ય પાસે રહીને ઘણી વિદ્યાઓનું અધ્યયન કર્યું છે. તે જ્ઞાન બળમાં એવો તો સમર્થ છે કે ઘણા પંડિતો વિદ્યા વાદમાં તેનાથી પરાજય પામ્યા છે. વળી તેણે બૌદ્ધ મતનું ખંડન કરીને વેદધર્મનું મંડન કર્યું છે. તેથીજ લોકો તેને તેના મૂળ નામ "**વિશ્વરૂપ**" ને બદલે મંડન મિશ્ર કહીને બોલાવે છે. હાલના સમયે તેના જેવો કોઇ પંડિત અમે જોયો કિંવા સાંભળ્યો નથી. એ રીતે અતિથિ બ્રાહ્મણોના મુખેથી મંડન મિશ્રનાં વખાણ સાંભળવાથી તેનેજ વરવાની સરસ્વતીને ઇચ્છા થઇ. તેથી તેણે એક પત્ર મંડનમિશ્ર ઉપર લખીને તે બ્રાહ્મણને આપ્યો અને કહ્યું કે, તમે જ્યારે રેવાતટે જાઓ ત્યારે આ પત્ર મંડનમિશ્રને આપીને મારી વાત તેમને જણાવજો. બ્રાહ્મણોએ તે પ્રમાણે કર્યું. મંડનમિશ્રે સરસ્વતીનો પત્ર વાંચીને તેનો મનોભાવ જાણી લીધો, અને તેને વરવાની પોતાની પણ ઇચ્છા થઇ. પછી યથા સમયે બંનેજણનાં માતા પિતાની સંમતી મળવાથી તેઓ લગ્નની પવિત્ર ગાંઠથી જોડાયાં અને પરમ સુખી થયાં. સતી સરસ્વતિ શાસ્ત્ર નિયમાનુસાર પતિવ્રતાનો ધર્મ પાળી પતિને અનેક રીતે ઉપયોગી થઇ આનંદ આપતી.

આ પતિ પરાયણ અને વિદ્વાન સતીની સાધુતા અને પંડિતાઇની વિશેષ ખાત્રી તો તેણે શ્રીમાન્‌શંકરાચાર્ય જેવા મહાન્ સમર્થ સર્વજ્ઞ પંડિતની સાથે મંડનમિશ્રે વિદ્યા વાદ આરંભ્યો, ત્યારે બંને જણ વચ્ચે હાર જીતનો નિર્ણય કરવા માટે સરસ્વતીનેજ મુકરર કરી હતી. આહા ! આ કાંઇ થોડા સાનંદાશ્ચર્ય ની વાત નથી. આવા બે મહાન્ સમર્થ પંડિતો વચ્ચેના વિદ્યાવાદમાં કોણ હાર્યું. અને કોણ જીત્યું, એ વાત મુકરર કરવામાં ખરેખર મહાબુદ્ધિ અને બોહોલું જ્ઞાન જોઇએ. તે હોવાનું માન આ અબલા જાતિ સરસ્વતીને મળ્યું હતું. એ તેના મહા પાંડિત્યની પ્રત્યક્ષ સાક્ષી છે. વળી વધારે આશ્ચર્યનો વિષય તો એ છે કે, શંકર સ્વામીએ પોતાનાજ પ્રતિ પક્ષીની સ્ત્રીના ઉપર ઇતબાર રાખીને હાર જીતના સાક્ષી ભૂત તરીકે તેને કયુન્ન રાખી હતી, અને તે પ્રમાણે તેણે પોતાની પવિત્ર ફરજ નિષ્પક્ષપાત પણે બજાવી હતી. એ તેના શુદ્ધ પ્રમાણિકપણાની અનહદ સીમાછે. આશું તેની થોડી લાયકી બતાવે છે !

શ્રીમાન્ શંકરાચાર્ય કહે;—"**બ્રહ્મસત્ય છે.**" તે સિદ્ધ કરી આપીશ અને મંડનમિશ્ર કહે;—**વેદનો "પૂર્વકાંડ—કર્મકાંડ સત્ય છે."** તે સિદ્ધ કરી આપીશ. એવી રીતે બંનેએ પ્રતિજ્ઞા લીધી હતી. તેમાં હારજીતનો નિર્ણય

સરસ્વતીએ કરવાનું ઠરાવ્યું હતું. જે હારે તે જીતનારનો શિષ્ય થઇ રહે એવું ઠરાવ્યું હતું. એ વાદ યુદ્ધની વખતે સરસ્વતીએ મધ્યસ્થપણે રહેવું એવું નક્કી થયા પછી બીજે દિવસે વિવાદ સ્થળમાં સૌ એકઠા થયા. એટલે સરસ્વતીએ બંને પંડિતોના ગળામાં ફુલના હાર પહેરાવીને કહ્યું કે;—ફૂલની માળા જેના ગળામાં કરમાશે, તેમને હું હાર્યા સમજીશ. તે પછી વિવાદ શરૂ થયો હતો. તેમાં જીવ અને ઇશ્વરનું એકપણું છે, તે મંડનમિશ્ર માન્ય કરતો નહોતો. તેને શ્રુતિઓનાં પ્રમાણ આપીને બ્રહ્મ સત્ય છે, એ સિદ્ધ કરી આપીને અદ્વૈતનું સ્થાપન કર્યું. તેથી મંડનમિશ્ર પંડિતની હાર થઇ. તે છતાં સરસ્વતીએ નિષ્પક્ષપાતપણે પોતાના પતિના પ્રતિપક્ષીનો જય અમ્લાન વદનથી જાહેર કર્યો હતો. પછી મંડનમિશ્ર હાર્યાથી કરાર પ્રમાણે સર્વ ત્યાગ કરીને શંકરાચાર્યને શરણે થયા. એટલે શ્રી શંકરે સરસ્વતીના સામું જોયું. સરસ્વતીએ તેમનો આશય જાણી લીધો. તેથી તેણે જણાવ્યું કે;—"પત્ની પણ પતિના આત્માની અર્દ્ધ ભાગિની છે, એવું શ્રુતિમાં કહ્યું છે. માટે મને જીતો ત્યારે ખરૂં. જો કે આપ વિદ્વાન અને સર્વજ્ઞ છો, તોપણ આપની સાથે વાદ કરવાને હું તૈયાર છું." સરસ્વતિનાં આવાં વચન સાંભળીને શંકરે કહ્યું કે;—હે ! અબળા તમારી સાથે મારે વાદ કરવો યોગ્ય નથી; કારણ કે યશસ્વી પુરૂષો અબળાની સાથે વાદ કરતા નથી. શંકરનાં આવાં વચન સાંભળીને સરસ્વતીએ કહ્યું કે;—"મહારાજ ! આ બાબતમાં વ્યક્તિ વિશેષની અપેક્ષા નથી. પોતાનો મત તોડવા જે યત્ન કરે, તે પુરૂષ જાતિ હોય, કે સ્ત્રી જાતિ હોય, તોપણ તેની સામે પોતાના પક્ષનું રક્ષણ કરવામાં તત્પરતા ધરાવનારાઓએ તેને જીતી લેવાનો યત્ન કરવો જોઇએ. તેટલા માટેજ **યાજ્ઞવલ્કય** નામના મુનિરાજે **ગાર્ગી** નામે અબલાની સાથે વાદ યુદ્ધ કર્યું હતું, અને **જનક** રાજાએ **સુલભા** નામની અબળા સાથે વાદ યુદ્ધ કર્યું હતું; ત્યારે શું ! યાજ્ઞવલ્કય જેવા પુરૂષો તત્ત્વજ્ઞ નહોતા ?" સરસ્વતીનું એવું સયુક્તિક વચન સાંભળીને મનમાં પ્રસન્ન થઇ શંકરે તેની સાથે વિદ્યા વાદ કરવાનું કબુલ કર્યું. દિવસ નક્કી કર્યો. પછી જ્યારે પરસ્પર જીતી લેવાની ઉત્કંઠા વાળાં એ બંને જણની બુદ્ધિ અને ચાતુર્યથી શબ્દોના પ્રવાહની રચના એવી તો સરસ થવા લાગી, કે જેના શ્રવણથી વિદ્વાનો પણ આશ્ચર્ય પામીને તેમને બૃહસ્પતિ અને શુક્રાચાર્યથી પણ અધિક ગણવા લાગ્યા. સંધ્યા વંદનાદિક આવશ્યક કર્મના નિમેલા સમય સિવાય તેમનું વાદ યુદ્ધ રાત દિવસ વિશ્રાંતિ વગર ચાલ્યા કરતું. એવી રીતે વાદ કરતાં સત્તર દિવસ વિતી ગયા, પણ શંકર હાર્યા નહિ; ત્યારે સરસ્વતીએ વિચાર કર્યો કે, આ આચાર્ય બાળપણમાં સન્યાસી થયેલા છે, અને કદીપણ શીલવ્રતથી ચૂકેલા નથી, માટે વાત્સાયન સૂત્રો વિષેનો સંવાદ કરીને તેમનો પરાજય કરૂં. એમ ધારીને કામશાસ્ત્રને લગતા કેટલાક પ્રશ્નો પૂછ્યા. શંકરાચાર્ય તો સં-

વંત હતા, પણ સન્યાસી ધર્મમાં પરંપરાના સંપ્રદાયને બાધ ન આવે, એવી રીતે ઉત્તર આપવાના હેતુથી જરાવાર વિચાર કરીને કહ્યું કે;—આ વિષયમાં મને એક મહિનાની મુદત મળવી જોઇએ. પછી સરસ્વતીએ તેમને એક માસની મુદત આપી હતી.

શ્રીમત્ શંકરાચાર્ય એક મહિનામાં કામશાસ્ત્રનું જ્ઞાન મેળવી પાછા આવીને વાદ કર્યો. તેમાં આખરે શંકરનો જય થયો. છતાં સરસ્વતીએ એ વાદ-વિવાદમાં પોતાની મહા બુદ્ધિની ઓળખાણ આપી હતી. શંકર તેને મંત્રબદ્ધ કરીને તુંગભદ્રા નદીને કિનારે પ્રતિષ્ઠિત શૃંગપુરમાં ગયા હતા, તે જગોએ એક મઠ બાંધી ત્યાં સરસ્વતીને રહેવાની આજ્ઞા કરી હતી; ત્યાં ચિર કાળ રહી હતી. એ મઠ અદ્યાપિ સુધી શૃંગાગિરી—શૃંગેરી અથવા સિંહારી નામથી વખણાય છે. સરસ્વતી-ભારતીએ ત્યાં ભારતી સંપ્રદાય સ્થાપ્યો, અને ત્યાંના શિષ્ય મંડળમાં ભારતી નામ આપ્યું. મંડનમિશ્રને શંકરે સન્યસ્તની દિક્ષા આપી, અને "તત્ત્વમસિ" એ મહા વાક્યનો ઉપદેશ આપ્યો. ત્યારથી મંડનમિશ્રની ગણના સુરેશ્વર અથવા સુરેશ્વરાચાર્ય નામથી શંકરના મુખ્ય શિષ્યોમાં થઇ હતી. એ રીતે તે ભારત વર્ષમાં સરસ્વતીના અવતાર રૂપ અવતરીને પોતાના નામનો મહિમા વિદ્યાવાદમાં બતાવી આપ્યો છે. પ્રાચીનકાળમાં આર્ય મહિલાઓ વિદ્યાની મહા ઉપાસક હતી, અને તેઓ બુદ્ધિબળમાં તથા જ્ઞાન બળમાં પુરૂષોની સાથે હરિફાઈ કરી શકતી હતી, તેની ખાત્રી આ સરસ્તી—ભારતી તથા ગાર્ગી જેવી મહાન્ વિદ્વાન સતી સ્ત્રીઓએ કરી આપી છે. ધન્ય છે તેમને ! કે તે આ દેશની સ્ત્રીઓને સુદષ્ટાંત્ લેવા લાયક અમર નામના રાખી ગઇ છે. હે ! મંગળકારી પ્રભુ ? આ દેશમાં ફરી આવી વિદ્વાન સતી સ્ત્રીઓ પેદાકર ? ! !

સત્યભામા.

આ પરમ પવિત્ર પ્રખ્યાત્ સતી સ્ત્રી શ્રીકૃષ્ણ ની આઠ પટરાણીઓ માંહે-ની એક. તે સત્રાજિત રાજાની પુત્રી થાય. સત્રાજિત રાજાને શ્રીકૃષ્ણે તેનો સ્યમંતકમણિ લાવી આપ્યો. તેના ઉપકારના બદલામાં તેણે પોતાની પુત્રી સત્યભામા ને શ્રીકૃષ્ણ સાથે પરણાવી હતી. સત્યભામા સ્વરૂપે અતિ સુંદર, બુદ્ધિવાન, ધર્મ અને નીતિ શાસ્ત્રમાં કુશળ, સ્વભાવે શાન્ત પણ જરા રીસાળ, તેજસ્વી અને શ્રીકૃષ્ણને અતિ પ્રિય હતાં. સત્યભામા જ્યારે પરણ્યાં; ત્યારે તેના પિતા સત્રાજિતે સ્યમંતકમણિ જે અતિ પ્રખ્યાત્ અને અલૌકિક ગણાતો હતો, તે તેને આપ્યો હતો. પ્રયાગ જ્યોતિષ્પુર નો રાજા નર્કાસુર જે ઘણોજ અધ-

મિં હતો. તે પૃથ્વી પરના અનેક રાજાઓને જીતી ને તેમની કુંવારી કન્યાઓ પકડી લાવી પોતાને ત્યાં મહેલમાં રાખી હતી. એવી સોળ હજાર એકસો ને એક કુંવારી કન્યાઓ તેણે ભેગી કરી હતી. આજુ બાજુના રાજાઓ અને પ્રજા પર ઘણો જુલમ કરતો હતો ઇંદ્ર ને હરાવી અદિતિનાં કુંડળ પહેરી લીધાં હતાં. ઋષિઓ અને ભક્તજનોને પણ દુઃખ દેવા લાગ્યો હતો; ત્યારે ઇંદ્રના કહેવાથી શ્રીકૃષ્ણ સત્યભામાને સાથે લઇ નર્કાસુર સાથે યુદ્ધ કરવાને ગયા હતા. જ્યારે નર્કાસુર બહુ ભારે ત્રિશૂળ લઇને શ્રીકૃષ્ણને મારવાને ધસી આવ્યો, ત્યારે સત્યભામા જે આયુદ્ધમાં સાથેજ હતાં; તેમણે સમય સૂચકતા વાપરી બૂમ પાડી શ્રીકૃષ્ણને જણાવ્યું કે;—પ્રાણનાથ! એ પાપીને મારો! સત્યભામાનાં એ વચન સાંભળતાંજ શ્રીકૃષ્ણે તરત સુદર્શન ચક્રવડે એ પાપીનું શિર ઉડાવી દીધું હતું. આ-પરથી જણાઇ આવેછે કે, સત્યભામા યુદ્ધમાં કુશળ, હિંમતવાન, ચતુર અને સમય સૂચક હતાં. તેમજ પતિને યુદ્ધ પ્રસંગે કેવાં ઉપયોગી થઇ પડયાં હતાં, તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે. આ પ્રસંગે શ્રીકૃષ્ણે તેમના ઉપર પ્રસન્ન થઇને, નંદન બાગમાંથી કલ્પવૃક્ષ લાવીને તેના મહેલના દ્વાર આગળ રોપાવ્યું હતું.

જ્યારે નારદજીએ પારિજાતનું ફુલ લાવી શ્રીકૃષ્ણને આપ્યું હતું, ત્યારે એ ફુલ શ્રીકૃષ્ણે રૂક્મિણીને આપ્યું હતું. તેપરથી સત્યભામા રીસાયા હતાં; પરંતુ શ્રીકૃષ્ણે તેમને રંજન કરવાને એ વૃક્ષ ઇંદ્રની ઇચ્છા વિના તેના નંદન બાગમાંથી લાવી, સત્ય ભામાના મેહેલના દ્વાર આગળ રોપી તેનો રોસ ઉતાર્યો હતો. એક વખતે હસ્તિનાપુરથી એવા સમાચાર આવ્યા કે કુન્તાજી સહિત પાંડવો લાક્ષાગૃહમાં બળી ભસ્મ થયા છે! આવા સમાચાર જાણી શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જવાને બળભદ્રજી સાથે તૈયાર થયા; ત્યારે સત્યભામાને સ્યમંતકમણિ સોંપી તેને તેના પિતા સત્રાજિતને ઘેર મુકી ગયા હતા. આવા વખતનો લાગ જોઇને શતધન્વા રાજા સત્રાજિતને મારી એ મણિ લઇ નાશી ગયો. આ માઠા બનાવથી ત્રાસ પામી સત્યભામાએ હસ્તિનાપુર આવી સર્વ ખબર આપ્યા. શ્રીકૃષ્ણે સત્યભામાને દિલાસો આપી શાન્ત કર્યાં, અને પોતે તરત શતધન્વાની પાછળ જઇ તેનો નાશ કર્યો અને અંતે મણિ લાવી સત્યભામાને સ્વાધીન કર્યો હતો.

આ સર્વપરથી જણાઇ આવે છે કે, સત્યભામાએ પોતાના સદ્વર્ત્તન અને ડાહપણથી પોતાના પતિ શ્રીકૃષ્ણનો કેટલો બધો પ્રેમ મેળવ્યો હતો! અને શ્રીકૃષ્ણ પણ એ પ્રેમને આધિન થઇ, પોતાની પ્યારી સ્ત્રી પ્રત્યે પોતાનો પતિ તરીકેનો ધર્મ બજાવવા કેટલુંબધું સહન કરીને તેમની મરજી સાચવતા હતા! આ શું આ પવિત્ર દંપતિની થોડી મહત્તા છે! ઘણીજ.

સત્યભામાને દ્રૌપદી વચ્ચે પતિવ્રતાના ધર્મ વિષે સંવાદ થયો હતો. તેમ

ને ભાનુ, સુભાનુ, પ્રભાનુ, ભાનુમાન, ચંદ્રભાનુ, બૃહદ્દભાનુ, અતિભાનુ, શ્રીભાનુ અને પ્રતિભાનુ, એ દશ પુત્રો અને એક પુત્રી થઈ હતી. જ્યારે શ્રીકૃષ્ણ સ્વધામ ગયા, ત્યારે સત્યભામાએ તેમની સાથે સહગમન કર્યું હતું. ખરેખર, જગતમાં સ્ત્રી પુરૂષ વચ્ચે આવોજ પ્રેમ જોઇએ. આ સુદૃષ્ટાંત ખરા સુખાભિલાષી સ્ત્રી પુરૂષોએ લક્ષમાં લેવા લાયક છે.

અદિતી.

આ પવિત્ર મહાન્ સતી **કશ્યપ** ઋષિની તેર સ્ત્રીઓ માંહે સૌથી મોટી ધર્મ પત્ની અને **પ્રાચેતસ** દક્ષપ્રજાપતિની પુત્રી થાય. બાળપણથીજ પિતાના ઘરમાં અપાતાં ધર્મ શિક્ષણના પ્રબળ પ્રભાવથી તેના હૃદયમાં ધર્મ શ્રદ્ધા એ વાસ કર્યો હતો. પતિ સેવા, સૌભાગ્યવ્રતો તથા બીજા ગૃહાચાર સંબંધી જ્ઞાનમાં તે સતી ઘણાંજ કુશળ હતાં. પરણીને પતિના ઘરમાં આવ્યા પછી ધાર્મિક અને વ્યાવહારિક કાર્યોમાં પતિની સાથે ભાગ લઇને તેમનાં મનને જીતી લીધું હતું. પોતાની બીજી બેન **દિતિ** કશ્યપને પરણી હતી; પરંતુ તેનો સ્વભાવ જરા મનસ્વી હતો, અને તેને પરિણામે અદિતીના પુત્રો જ્યારે સત્વ ગુણી થયા હતા; ત્યારે દિતિના પુત્રોમાં તમોગુણ પ્રધાન હતો. તેથી અદિતીના પુત્રો દેવતાઓ અને દિતિના પુત્ર દૈત્યો વચ્ચે નિત્ય વઢવાડ થયા કરતી હતી. છેવટે દેવોને રાજ્ય ભ્રષ્ટ કરીને, સ્વર્ગનું રાજ્ય કરવા લાગ્યા હતા. તેથી અદિતીનું શરીર સંતાપથી ગળવા માંડયું હતું. તેવામાં કશ્યપ ઋષિ સમાધિમાંથી ઉઠીને અદિતીના આશ્રમમાં આવ્યા. જુવેછે, તો આશ્રમ ઝાંખું, આનંદ વિનાનું, અને હાલ હવાલ થયેલું દીઠું. કશ્યપ મુનિને આવતા જાણીને અદિતીએ આસન આપી વિધિપૂર્વક સત્કાર કર્યો. પછી કશ્યપે પૂછ્યું કે;—વહાલિ! તું આજે ઉદાસ કેમ દેખાય છે? અગ્નિમાં હોમ કેમ કર્યો નથી? તારા કરમાયેલા મુખપરથી તારા મનમાં કંઇ ખેદ હોય એમ જણાય છે. અદિતી બોલ્યાં;—પ્રાણનાથ! આપણો સર્વ ધર્મ તે કુશળ છે, આ ઘર તે ધર્મ, અર્થ, અને કામને ઉત્પન્ન થવાનું ઉત્તમ ક્ષેત્ર છે. અગ્નિ, અતિથિ અને યાચકો એમાંના કોઇનું પણ અપમાન થયું નથી. માત્ર મારા મનમાં એક ઇચ્છા છે, તે આપે પૂર્ણ કરી જોઇએ. શત્રુઓએ મારા પુત્રોનું રાજ્ય ખુંચાવી લીધું છે. તે રાજ્ય મારા પુત્રોને પાછું મળે તેમ કરો. એ સાંભળી ભગવાન કશ્યપે તેને શૂરવીર પ્રતાપી પુત્ર ઉત્પન્ન થવા માટે ઉપદેશ આપતાં કહ્યું કે;—"હે કલ્યાણિ! તેં તારો પતિવ્રતા ધર્મ યથાર્થ રીતે પાળ્યો છે. તે ધર્મનાં પ્રતાપથીજ તેં આ લોક અને પરલોકમાં વિજય કર્યો છે. માટે મારી આજ્ઞા છે કે તું કેવળ દુધ પીને શ્રીવિષ્ણુભગવાનની આરાધના કર અને રોજ અગ્નિમાં હોમ, બ્રહ્મ ભોજન, અને દાના-

ન્તિ કર, બ્રહ્મચર્ય પાળ, મિથ્યા ભાષણ કરીશ નહિ, ક્રોધનો ત્યાગ કરજે, એ રીતે બાર દિવસ વ્રત કરીને તેરમે દિવસે સમાપ્તિ કરી પારણું કરજે"

આ પ્રમાણે સતી અદિતીએ વ્રત કરવાથી તેને ત્યાં ઉપેદ્ર નામના ભગવાન પ્રકટ થયા. જેમણે **વામન** રૂપ ધારણ કરીને **બલિ** રાજાની પાસેથી ત્રણ પગલાં ભૂમિની યાચનાને બ્હાને ત્રણે લોક લઇ લીધાં. દૈત્યોએ હરી લીધેલું સ્વર્ગનું રાજ્ય પરાક્રમી પુત્ર• દ્વારા પાછું મેળવીને મહાન્ સતી ગણાયાં. અહો! ધન્યછે મહાસતી અદિતીને ! કે જેની પવિત્રતાઇને લીધે તેને ત્યાં પ્રભુએ પુત્ર રૂપે અવતાર લઇને જગતનું કલ્યાણ કર્યું ! ! ! દેવી અદિતી આવા મહત્ત ગુણોને લઇ જગતમાં 'દેવી' તરીકે પ્રખ્યાત્ થઇ ગયેલી છે.

ઉષા—ઓખા.

આ પ્રખ્યાત્ સતીનો જન્મ કૈલાસ પ્રત્યે મહાસતી પાર્વતીજીના દેહ થકી થયો હતો. તે ઉષ—લવણમાં સંતાઇ ગઇ હતી. તેથી તેનું નામ ઉષા—ઓખા પાડ્યું હતું. ઓખા મહારૂપ સુંદર, મનોહર અને તેજસ્વિ હતી. બાળપણમાં ગાયન, નૃત્ય, ચિત્ર, યોગ અને ધર્મશાસ્ત્રાદિનું શિક્ષણ મેળવી મહા પ્રવિણ થઇ હતી. આ વખતે નર્મદા નદીના પ્રદેશમાં શોણિતપુર નામે નગર હતું, ત્યાં **બલિ**રાજાના પુત્રનો પુત્ર **બાણાસુર** રાજ્ય કરતો હતો, અને દ્વારિકાં નગરીમાં શ્રીકૃષ્ણ છપ્પન-કોટી જાદવ સાથે પૃથ્વીનું પાલન કરતા હતા. બાણાસુર બળની ઇચ્છા વાળો હોવાથી કૈલાસ પ્રત્યે ગયો, અને રાવણની પેઠે મહા કઠણ તપશ્ચર્યા કરી સદાશિવને પ્રસન્ન કર્યા. સદાશિવ પાસેથી અજિત બળનું વરદાન મેળવી શોણિતપુર આવ્યો. આ બળથી ઉન્મત્ત થઇને પૃથ્વીપરના રાજાઓ ઉપર જિત મેળવવા લાગ્યો. પ્રતિદિન તેને પોતાના બળનું વધારે વધારે અભિમાન આવતું ગયું. વિજય મળવાથી સંસાર સુખની કંઇ અસર થઇ નહિ. એક પણ સંતાન સુખનો લાહવો મળ્યો નહોતો. એક વખતે પ્રભાતમાં ઉઠીને તે બારીએ આવી ઉભો રહ્યો; ત્યારે એક ચંડારણીએ તેનું મુખ નહિ જોવા માટે આડી સાવરણી ધરી. બાણાસુર અને તેની રાણીએ તેનું કારણ પુછતાં તેણીએ જણાવ્યું કે;—"વાંઝીયા રાજાનું મુખ જોવાને તે ખુશી નહોતી." આ વચનથી બાણાસુર અને રાણીને ઘણીજ અસર થઇ. કેવી રીતે વાંઝીયાપણું ટાળવું, તેને માટે બાણાસુર વિચારમાં પડયો. રાણીએ તેને કાલાવાલા કરીને જણાવ્યુંકે," તમે શંકરના ભકત છો, માટે ફરી ત્યાં જઇને આરાધના કરો અને સંતાન માગો. શંકર આપણી આશા પુર્ણ કરશે." બાણાસુરે કૈલાસ જઇ તપશ્ચર્યા કરી સદાશિવ પાસે સંતાન માગ્યાં. શંકરે કહ્યુંછે કે, આખું જગત્ પોતાના કર્મથી બંધાયેલું છે. ભાવિમાં હોય તેજ મળે છે. તારા કર્મમાં પુત્ર સંતાન નથી, માટે તે તને મળશે નહિ." આ સાં-

ભળી બાણાસુર નિરાશ થયો નહિ. તેણે પાર્વતીજીને પ્રસન્ન કરી સંતાન માગતાં, તેમણે ઓખા પુત્રીને આપી કહ્યું કે;—આ પુત્રીને લાલન પાલનથી ઉછેરી સંતાનનો લાવો લેજે."

બાણાસુર ઓખાને લઇ ઘેર આવ્યો. રાણી અને આખું નગર આનંદ પામ્યું. ઓખા પણ શુકલ પક્ષના ચંદ્રમાની પેઠે પ્રતિદિન વધતી ગઇ. પ્રધાનની પુત્રી ચિત્રલેખા જે વિધાત્રીનો અવતાર ગણાતી હતી, તે તેની પરમ સખી હતી. તેમની સાથે નાના પ્રકારની બાળ રમતો રમી સુખ ભોગવતાં પરણવા યોગ્ય ઉમ્મરની થઇ. બાણાસુર આ વખતે પૃથ્વીપરના સઘળા રાજાઓને જીતવાથી મહા ગર્વિષ્ટ બન્યો હતો. દેવલોક જીતી પાછા ફરતાં તે કૈલાસ પ્રત્યે ગયો અને ત્યાં પણ પોતાનું પરાક્રમ અજમાવ્યું. તેથી શંકરે ગુસ્સે થઇ શાપ દીધો કે;—"તારા હાથનું જે બળ છે તે હાથ કપાઇને તારો ગર્વ ઉતરશે." બાણાસુર ક્ષમા માગી પગે પડયો; ત્યારે શંકરે તેને ધજા આપી કહ્યું કે,—"આ ધજા તારા રાજ્ય મહેલ ઉપર મૂકજે; જ્યારે તે તૂટી પડશે, ત્યારે જાણજે કે શત્રુ ઉત્પન્ન થયો છે. તારી પુત્રી ઓખાનો વડ સસરો તારા હાથ કાપી નાંખશે." બાણાસુર દીલગીર થઇને ઘેર આવ્યો. કૌભાંડ નામના મંત્રી સાથે વિચાર કરીને તે એવા ઠરાવ ઉપર આવ્યો કે, "ઓખાને પરણાવવીજ નહિ." કૌભાંડે કહ્યું કે, તમે નહિ પરણાવો તો તે પોતાની મેળે પરણશે. બાણાસુરે કહ્યું કે;—'પરણશે શું ! હું તેને એક ડંડિયા મહેલમાં રાખી નીચે સખત પહેરો મુકીશ.' બાણાસુરની રાણીએ ઘણુંએ કલ્પાંત કર્યું, પણ તે ડગ્યો નહિ. પણ ચિત્રલેખાની સમજાવટથી કૌભાંડે ઘણી ઘણી પ્રકારે વિનવી છેવટ ચિત્રલેખાને તેની સાથે રાખવા હા પડાવી. સ્થંભાકારે મહેલ બંધાવી ઓખા અને તેની સખી ચિત્રલેખાને તેમાં રાખ્યાં. ફરતો ચોકી પહેરો મૂકી દીધો. માત્ર બે માણસનુંજ ત્યાં ખાવા પીવાનું મોકલવા માંડયું. ઓખા પરણવાને બહુ આતુર હતી, પણ શું કરે ! ચિત્રલેખા તેનું મન મનાવી ધીરજ આપતી. એક સમયે ઓખાને સ્વપ્નું આવ્યું. તેમાં તે પરણી અને સ્વપ્નામાં ને સ્વપ્નામાં વિવાહ સુખ લેતી બડબડવા લાગી. ચિત્રલેખાએ તેને જગાડી. તેથી તેનાપર ઘણી ગુસ્સે થઇ ઠપકો આપ્યો. પછી ઓખા બહુ વલોપાત કરીને બોલીકે; બેન ચિત્રલેખા ! તું ગમેતેમ કર, પણ સ્વપ્નામાં મારી સાથે પરણેલા પતિને મેળવી આપ.

(રાગ—ચારૂં.)

નયણે નીરની ધારા વહેછે, કરજોડીને કન્યા કહેછે;
બાઇ તારી ગતિછે મોટી, તનેતો નકરે કોઇ ખોટી.
સહિયરને સહિયર હેમજ વાલી, બાઇ તેં મને હાથે ઝાલી;
આપણે બે બાળ સંઘાતી, તુંતો પ્રાણ દાતાછે વિધાત્રી.
માબાપ વેરી થયા મારાં, મેંતો ચરણ સેવ્યાછે તારા;

ચિત્રલેખા તું દીન દયાળ, એમ કહિને પગે લાગી બાળ.
ચિત્રલેહા કહે સુણ સતી, સાવધાન થાતું લાવું પતી;
કેમ વિસર્યું ઉમાનું વચન, સ્વપ્ને વરશો સ્વામીન.

આ પ્રમાણે ઓખાએ ઘણી આજીજી કરી, ત્યારે ચિત્રલેખાએ કહ્યું; કે;—બેન! 'સ્વપ્નામાં તું કોની સાથે પરણી છે તે તને યાદ છે?' ઓખાએ કહ્યું કે;—'એતો યાદ નથી, પણ હું જોઉંતો ઓળખું ખરી.' ચિત્રલેખા ચિત્ર વિદ્યામાં મહાન્ કુશળ અને યોગ વિદ્યામાં અતિ પ્રવિણ હતી. તેણે પોતાની વિદ્યાના બળવડે અનેક રાજાઓ અને દેવોનાં ચિત્રો ચિતરી બતાવ્યાં. ઓખાએ ચિત્ર જોઇ, દ્વારિકાંના રાજા શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નજી અને તેના પુત્ર અનિરૂદ્ધને પોતાના વર તરીકે ઓળખાવ્યો અને તેનેજ આ મહેલમાં તેડી લાવવા ઘણી વિનતિ કરી. ચિત્રલેખાએ પ્રથમ તો કહ્યું કે;—અહીંથી દ્વારિકાં બહુ દૂર છે. વળી સુદર્શનચક્ર તેની રક્ષા કરેછે. તેથી ત્યાં કોઇથી જઈ શકાતું નથી, તો મારાથી શી રીતે જઇ શકાય? આવાં ઘણાં બાહાનાં બતાવ્યાં, પણ ઓખાએ માન્યું નહિ. અંતે ચિત્રલેખા તેના ઘણા આગ્રહથી પોતાની યોગશક્તિના બળવડે દ્વારિકાં ગઇ. દ્વારિકાંની આસપાસ સુદર્શનચક્રની રક્ષા હતી. તેથી નારદજીએ આવી યુક્તિથી તેને અંદર દાખલ કરાવી. ચિત્રલેખા અનિરૂદ્ધના મહેલમાં ગઇ. તે હીંડોળાપર સુતો હતો, તેને લેઇને પાછી શોણિતપુર એક દંડિયા મહેલમાં આવી. ઓખા પોતાનાપતિને આવેલો જોઇ આનંદ પામી. પણ તેને નિદ્રામાંથી જગાડ્યો નહિ. ચિત્રલેખા કેવી રીતે ગઇ, ને કેવી રીતે આવી, એ સબંધી તેઓ વાતો કરવા લાગ્યાં; એમ કરતાં પ્રભાત થયું. બંદિજનનાં ગાયન સંભળાવ્યાં; ત્યારે અનિરૂદ્ધ ઓચિંતો જાગી ઉઠયો. તેણે પરણવાની ના પાડી, પણ ચિત્રલેખાએ છેવટ અનિરૂદ્ધને સમજાવી શાન્ત કર્યો. તેવામાં નારદજી આવ્યા. તેમણે માળિયામાં બંનેના હસ્ત મેળવી ગાંધર્વ લગ્નથી પરણાવ્યાં. પછી ચિત્રલેખાએ કહ્યું કે;—બેન! મને રજા આપ. હું મારા લોકમાં જઈશ. એમ કહી ચાલી નીકળી. માળિયામાં પતિપત્ની રહ્યાં. બીજે દિવસે પહેરેગીરોને શક પડયો કે માળિયામાં ચિત્રલેખા નથી, પણ કોઇ પુરૂષ છે. આ ખબર તેમણે બાણાસુરને આપ્યા. તેથી કોભાંડ મંત્રી તપાસ કરવાને આવ્યો. ઓખાએ થોડીવાર તેમને ઉડાવ્યા કર્યા, પણ કોભાંડે માન્યું નહિ; ત્યારે કાલાવાલાથી સમજાવવા લાગી, પણ સમજ્યો નહિ; ત્યારે ઓખાએ ક્રોધ ચડાવી દમ ભરાવ્યો; પરંતુ કોભાંડે એ કશાને નહિ ગણકારતાં, માળિયાને તપાસવાનો હુકમ કર્યો.

અનિરૂદ્ધ મહાન્ ક્ષત્રિવીર યોધ્ધો હતો. કોભાંડનાં વચન સાંભળી ઘણો ગુસ્સે થયો. પોતાની પાસે કંઈ હથિયાર નહોતાં, તોપણ બારણાની ભોગળ લઇ તેની સામે થયો. રાક્ષસો અને કોભાંડને ત્યાંથી મારીને નસાડી મુકયા. કોભાંડે આ ખબર બાણાસુરને આપ્યા. બાણાસુર બળવાન માણસો સાથે મહેલમાં ગયો અને

નાગપાસથી અનિરૂદ્ધને બાંધી કેદ કરાવ્યો. ઓખાને—રાજમહેલમાં સખત પહેરામાં રાખી. નારદજીએ કેદખાનામાં આવી અનિરૂદ્ધને મળી દિલાસો દીધો અને ત્યાંથી દ્વારિકાં જઇ શ્રીકૃષ્ણને અનિરૂદ્ધ શોણિતપુરમાં કેદ થયાના ખબર આપ્યા.

આ સમાચાર જાણી રૂકિમણીજી એ શ્રીકૃષ્ણને ઉશ્કેર્યા અને જાદવોનું મોટું સૈન્ય લઇને શોણિતપુર ઉપર ચઢી ગયા. બાણાસુર બહુ બળથી લડયો, પણ તેનું કંઇ વળ્યું નહિ. તેના હાથ કાપી નાખ્યા; ત્યારે તેણે જાણ્યુંકે આ શંકરના શાપનું ફળ મળે છે. શંકરની સ્તુતિ કરતાં તે ત્યાં આવ્યા અને જબરૂં યુદ્ધ થયું. બ્રહ્મા એ જાણ્યું કે સૃષ્ટિનો સંહાર થઇ જશે. તેથી એક બીજાને સમજાવી સલાહ કરાવી. બાણાસુરે વાજતે ગાજતે ઓખાને અનિરૂદ્ધ સાથે શાસ્ત્ર વિધિએ પરણાવી. શ્રીકૃષ્ણ વરકન્યાને લેઇને મોટી ધામધુમથી દ્વારિકાં પધાર્યા અને સઘળે આનંદોત્સવ થઇ રહ્યો. ઓખાએ પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી અનિરૂદ્ધની અત્યંત પ્રીતિ મેળવી હતી. અનિરૂદ્ધ પણ તેના ઉત્તમ ગુણ કર્મ જોઇને અત્યંત પ્રેમથી ચાહતો હતો. પતિ પત્ની પ્રેમથી એકરૂપ જેવાં હતાં. અદ્યાપિ કેટલેક ઠેકાણે ઓખાનું ચરિત્ર સૌભાગ્યવંતી સ્ત્રીઓ ચૈત્ર માસમાં સાંભળવાને ચાહેછે. આ રીતે ઓખા પોતાના સતીત્વ બળથી " દેવી " એવા મહાન્ પદ ને પામી પ્રખ્યાત્ થઇ ગઇ છે.

ઉત્તરા.

આ પ્રસિદ્ધ પતિવ્રતા સ્ત્રી વિરાટદેશના રાજાની પુત્રી અને અર્જુનના પુત્ર અભિમન્યુની ધર્મપત્ની થાય. તે મહારૂપ સુંદર, તેજસ્વી, હીંમતવાન, વિદ્વાન અને ચતુર હતી. બાળપણમાં સુદેષ્ણા જેવી ઉત્તમ માતાના હાથ નીચે ઉછરી શિક્ષણ પામી હતી. જ્યારે પાંડવો બાર વર્ષ વનમાં અને તેરમે વર્ષ ગુપ્ત રહેવાને વિરાટનગરીમાં કોઇ ઓળખી ન શકે એવા વેશે આવી રહ્યા હતા; ત્યારે અર્જુન બૃહન્નટા—નૃત્ય, ગીત, વાદ્ય, શીખવનારના વેશમાં હતો. તેમની પાસેથી ઉત્તરાએ નૃત્ય, ગાયન, અને વાદ્ય વગેરે કળાનું શિક્ષણ મેળવ્યું હતું. સ્ત્રીઓના ધર્મ—ગૃહકાર્ય, અનેગૃહવ્યવસ્થા વગેરેમાં પ્રવિણતા મેળવી હતી. દુર્યોધને પાંડવોની શોધ કાઢવાને બહુ બહુ યત્ન કર્યા, પણ તે કશામાં ફાવ્યો નહિ. ત્યારે શક ઉપરથી વિરાટનું ગોધન વાળ્યું હતું. તે વખતે બૃહન્નટા નામ ધારણ કરી રહેલા અર્જુને ઉત્તમ કુંવરને મદદ કરી ગોધન છોડાવી રાજાની લાજ રાખી હતી. વિરાટ રાજાએ આ પાંડવો છે એમ જાણ થતાં પોતે તેમને નોકર રાખી કામ કરાવ્યું, તેમાટે તેમણે પસ્તાવો કરી માફ માગી અને આભાર માની નમીને સેવાના બદલામાં પોતાની ઉત્તરા કુંવરી અર્જુનને આપવા

વિનતિ કરી, પણ* અર્જુને કહ્યુંકે;—"મેં તેને ભણાવીછે એટલે તે મારે પુત્રી સમાન છે." યુધિષ્ઠિરે કહ્યુંકે;—"તમારી ઇચ્છા અમારી સાથે સંબંધ બાંધવાની હોયતો અર્જુનના પુત્ર અભિમન્યુને એ કન્યા આપો." વિરાટ રાજાએ હા પાડી—પછી દ્વારિકાંથી સુભદ્રા અને અભિમન્યુને તેડાવ્યાં, રાજાએ કન્યાદાન દીધું. "રાજ્ય મેળવી ઉત્તરાને તેડી જઈશું" એવું કહી પાંડવો હસ્તિનાપુર ગયા અને દુર્યોધન પાસેથી અડધું રાજ્ય માગ્યું. હઠીલા દુર્યોધને સોયના અગ્ર જેટલી પણ પૃથ્વી આપવાને નાપાડી. તેથી આખરે કુરૂક્ષેત્રમાં લડાઇ થઇ. અર્જુનની ગેરહાજરી જોઇ, કૌરવોએ સાત કોઠાના ચક્રાવાના યુદ્ધની માગણી કરી. અર્જુન સિવાય બીજા કોઇને એ યુદ્ધ આવડતું નહોતું. આથી યુધિષ્ઠિર રાજા ખિન્ન થયા, પણ અભિમન્યુએ આવીને કહ્યુંકે," શામાટે તમે ખિન્ન થાઓછો ? હું સૌ જાણુંછું." સર્વાનુમતે કૌરવોની માગણી સ્વિકારવામાં આવી. રણમાળ પહેરીને જ્યારે અભિમન્યુ રાણીવાસમાં ગયો, ત્યારે મહારાણી દ્રૌપદી બોલ્યાંકે," અલ્યા ! આ શું ? કોની રણમાળ પહેરીને આવ્યો?" અભિમન્યુ—"માતાજી ! કોની કેમ? આવતીકાલે સવારે હું રણે ચઢવાનો છું. પિતાજી નથી, એટલે મેં યુદ્ધનું બીડું ઝડપ્યું છે." અભિમન્યુનાં વચન સાંભળી દ્રૌપદી બોલ્યાંકે;—"મહારાજાને કંઇ વિચાર છેકે નહિ? આભને થોભદે એવા કાકાઓ બેઠા છતાં, દુધિઆ દાંતનું બાળક રણે ચઢશે, તો જગત્ શું કહેશે?"

દ્રૌપદીજી આ પ્રમાણે કહેતાં હતાં, ત્યાં સુભદ્રાજી આવ્યાં. તે અભિમન્યુનાં વચન સાંભળીને ચકિત થઇ ગયાં, પણ તેમણે પુત્રને શાબાશી આપીને કહ્યું કે; "ક્ષત્રિયનો છોકરો જ્યારથી જન્મ્યો, ત્યારથી રણે ચઢવાને જન્મ્યો છે." પછી યુધિષ્ઠિર રાજા શિબિર—તંબુમાં આવ્યા; ત્યારે દ્રૌપદીએ કહ્યું કે;—"મહારાજ! પાંડવ પક્ષમાં હવે કોઇ રહ્યું નથી કે અભિમન્યુને રણમાં મોકલોછો ?" યુધિષ્ઠિરે આવેલી મુશ્કેલી સમજાવી, મહારાણીને શાંત કર્યાં; ત્યારે ફરીને બોલ્યાં કે, ભલે, તમને ઠીક લાગે તેમ કરો, પણ વળી એક વાત મારે તમને કહેવી પડે છે તે ધ્યાનમાં લ્યો. વહુને બોલાવ્યા વગર નહિ ચાલે. અત્યારેને અત્યારે ગોઠવણ કરો કે સવાર થતાં પહેલાં ઉત્તરા વહુ અહીં આવે. રાજાએ તેમ કર્યું. બીજે દિવસે સવારનો પહોર થયો, રણવાદ્ય વાગ્યાં, ચતુરંગિણી સેના તૈયાર થઇને રણોન્મુખ થઇ; તોપણ અભિમન્યુને દ્રૌપદીજીએ કે સુભદ્રાએ બહાર નીકળવા દીધો નહિ. તેઓ ઉત્તરાની રાહ જોતાં બેઠાં હતાં. ઘણો વખત થયો અને જ્યારે ચારે તરફથી ઉતાવળ થઇ, ત્યારે અભિમન્યુએ કહ્યું કે;—"માતાજી ! હવે મને તમે રજા આપો ?"

દુહો.

"ઉત્તરા ઉત્તરા શું કરે, સાંભળ મારી માત !
રણમાં જ્યારે ધાપડે, ત્યારે ઉત્તરા નહિ દે હાથ."

રણમાં યુદ્ધારંભના શંખનાદ થયા, ત્યારે ચાર ઘોડા જોડેલા મોટા રથમાં બેસી અભિમન્યુ સૈન્યની આગળ થયો અને રણભૂમિ તરફ પ્રયાણ કર્યું. તે થોડે ગયો નહિ હોય, એટલામાં ઉત્તરા આવી પહોંચી. વડીલોની મર્યાદા જાળવવાનો પણ વખત રહ્યો નહોતો; કારણ રણવાદ્ય વાગી રહ્યાં હતાં અને યુદ્ધનો આરંભ થવાને વિલંબ નહોતો. ઉત્તરા ઝટપટ અભિમન્યુના રથ આગળ ગઈ અને ઘોડાની લગામ પકડી ઉભી રહી. અભિમન્યુ તેની સામું જોઈ બોલ્યો કે;—

" ગોરી મુકો ઘોડીલાની વાગરે, કુંવરી રાવતણાં;
ખસો રથ તણો ઘો માગરે, કુંવરી રાવતણાં."

આખરે બેઉ ભેગાં મળયાં અને જ્યારે અભિમન્યુએ યુદ્ધે ચઢવાની ઉત્તરાની રજા માગી, ત્યારે એક વીર પત્ની ને શોભે એવાં વચનથી તેણે કહ્યું કે;—

દુહો.

" મરજો કે મારજો તમે, નવદેશો પુઠ લગાર;
સૈયર મેણા મારશે, કે કાયર કેરી નાર."

એ રીતે ઉત્તરાનાં છેલ્લાં વચનથી ઉત્તેજાયેલો અભિમન્યુ રણ સંગ્રામમાં ગયો અને અર્જુનને પણ વિસરાવે તેવી રીતે સાત કોઠાના ચક્રાવાનું યુદ્ધ ચલાવ્યું. છેલ્લે શત્રુઓની એક પ્રાપંચિક યુક્તિથી જયદ્રથને હાથે મરાયો.

જ્યારે અભિમન્યુ રણમાં પડ્યો, ત્યારે ઉત્તરાએ મહા કલ્પાંત સાથ એવુંતો રુદન કર્યું હતું, કે તે સાંભળી મહાન્ ધીરવીર અને કઠણ કાળજાના પુરુષોનાં હૃદય પણ પીગળી ગયાં, હાથમાંથી હથિયારો પડી ગયાં હતાં અને રણક્ષેત્રમાં હા, હાકાર થઈ રહ્યો હતો. અર્જુને તે પછી પુત્રના મારનારને માર્યો હતો. અશ્વત્થામાએ ઉત્તરાના ગર્ભનો નાશ કરવાને બ્રહ્માસ્ત્ર મૂક્યું હતું, તે વખતે આ સતી અતિ પીડાવા લાગી હતી, છતાં ધૈર્યતા રાખી પ્રભુ પ્રાર્થના કરવાથી શ્રીકૃષ્ણ ભગવાને સુદર્શન ચક્ર વડે તેના ગર્ભનું સંરક્ષણ કર્યું હતું. પછી તેને પૂરે માસે પરીક્ષિત જેવા મહાન્ પ્રતાપી પુત્રનો જન્મ થયો હતો. જ્યારે મહાભારત યુદ્ધ પૂરૂં થયું, ત્યારે બેઉ પક્ષમાંમાત્ર એક પરીક્ષિતજ વંશનું આશાકિરણ જીવતો રહ્યો હતો. તેને ગાદી આપી પાંડવો વનવાસ ગયા અને તેનાથી પાંડવ વંશ આગળ ચાલ્યો હતો. પરીક્ષિત મહાન્ પ્રતાપી અને પ્રખ્યાત રાજા થઈ ગયા છે. એ રીતે ઉત્તરા સતી પરીક્ષિત જેવા મહાન્ પુત્ર રત્નને પેદા કરી " રત્નગર્ભા " એવા મહાન્ પદને પામી ગઈ છે. ધન્ય છે તેમને ! ! !

—:૦:—

ચિત્રલેખા.

આ દેવી શક્તિની પરમ પવિત્ર સ્ત્રી કૌભાંડ ની પુત્રી થાય. કૌભાંડ એ શોણિતપુર ના મહારાજા બાણાસુરનો પ્રધાન હતો. બાણાસુરની પુત્રી ઓખા ની એ પરમ સખી હતી. તેની અંગ કાન્તિ ગૌરવર્ણું અને મહાન્ તેજસ્વિ હતી. તે ગાયન, નૃત્ય, અને યોગવિદ્યામાં ઘણી કુશળ હતી. ચિત્રકળામાં તો તે ઘણીજ કુશળ હતી. એ કળામાં તે એટલી તો પ્રવિણ હતીકે, ગમે તેવા દેવ કે મનુષ્ય વગેરેના વર્ણન ઉપરથી તેનું ચિત્ર આબેહુબ ચિતરતી હતી. તે ભવિષ્ય ચિતરનાર અથવા આબેહુબ ચિત્ર કાઢનાર હતી. તે ઉપરથી તેનું ચિત્રલેખા—વિધાત્રી એવું નામ પડેલું હોય એમ લાગે છે. તેને વિધાત્રીનો અવતાર પણ કહે છે. ચિત્રકળામાં એ વખતે દુનિયામાં એની જોડી બીજી કોઇજ નહોતી. તે યોગ સિદ્ધિથી પોતાની ઇચ્છામાં આવે ત્યાં ત્વરાથી જઇ શકતી હતી. તપશ્ચર્યાથી બ્રહ્માની કૃપા મેળવી શારદા દેવીની સહાયતા સંપાદન કરી હતી. કહેછેકે દેવોનાં કાર્ય કરવા માટેજ તેનો અવતાર હતો. જેમ મિત્રે મિત્રના હિતમાં તત્પર રહેવું જોઇએ, તેમ સખીએ સખીના સુખ દુઃખમાં સામેલ રહી, તેના હિતમાં તત્પર રહેવું જોઇએ. તેનું સદૃષ્ટાંત ભારત વર્ષની સ્ત્રીઓને આપવાને માટેજ જાણે તે શોણિતપુરમાં જન્મીનહોય, તેની પેઠે પોતાની સખી ઓખાને તેના પિતા બાણાસુરે પોતાની જીંદગીના ભયને કારણે નહિ પરણાવતાં; એક સ્થંભાકાર મહેલ ઉપર રાખીને ફરતી ચોકી મુકી હતી. એવા સંકટને સમયે તેણે પોતાની સખીને સહાય કરવા બાણાસુર અને પોતાના પિતા કૌભાંડની પરવાનગી મેળવી તેની સાથે એક ડંડિયા મહેલમાં રહી હતી. જ્યારે ઓખા દુઃખમાં ગભરાતી, ત્યારે અનેક પ્રકારે આસના વાસના કરી ધીરજ આપતી. ધર્મ ચર્ચા કરતી, સારીસારી નીતિની શીખામણો આપતી અને ગમત રમતથી મનરંજન કરતી; વગેરે રીતે દુઃખમાં પણ તેનું મન આનંદમાં રાખવાને યત્ન કરતી હતી. મહાસતી પાર્વતીજીનું તેને વરદાન હતુંકે;—તું સ્વપ્નામાં વરીશ. એ પ્રમાણે એક દિવસે ઓખાએ એક સ્વરૂપવાન પતિને સ્વપ્નામાં પરણી વિવાહ સુખનો લાહવો લીધો, પરંતુ જાગૃત થતાં કાંઇ જોવામાં આવ્યું નહિ. તેથી ઓખા ગાભરી બની રૂદન કરવા લાગી અને સ્વપ્નામાં જોયેલા પતિનેજ વરવાનો દૃઢ નિશ્ચય ચિત્રલેખાને જણાવ્યો. ચિત્રલેખાએ કહ્યું કે;—સખી ! તેં સ્વપ્નામાં જોયેલો પુરૂષ કોણ, અને કયા દેશનો છે ? જો તું નામ ઠામ અને રૂપ રંગ જણાવે તો લાવી પરણાવી આપું. પરંતુ ઓખા કાંઇ બતાવી નહિ શકતાં બોલી કે;—"પ્રિયસખી ! હું જોઉં તો ઓળખી શકું." એ ઉપરથી ચિત્રલેખાએ પોતાના ચિત્રકળાના અલૌકિક બળથી અનેક દેવ, મનુષ્ય અને મહાન્ રાજા રા-

ણુઓનાં ચિત્રો કાઢી બતાવ્યાં. એ ચિત્રો જોઇને ઓખાએ શ્રીકૃષ્ણના પુત્રના પુત્ર અનિરૂદ્ધને ઓળખી બતાવ્યો. તે ઉપરથી ચિત્રલેખા પોતાની યોગવિદ્યાના બળથી એકદમ દ્વારિકાં પહોચી. નારદની સહાયતા લઇને અનિરૂદ્ધના મહેલમાં દાખલ થઇ, અને યુક્તિથી અનિરૂદ્ધને શોણિતપુર ઓખાના મહેલમાં લાવી. નારદે ઓખા અને અનિરૂદ્ધનો હસ્ત મેળાપ કરાવી ગાંધર્વ લગ્નથી પરણાવ્યાં. તેથી ઓખા આનંદ પામી. પછી ચિત્રલેખાનો પ્રેમ પુર્વક ઘણો આભાર માનતાં બોલીકે;—"દેવી ! હું તમારા ગુણનું શું વર્ણન કરૂં ? સાધુવૃત્તિના મનુષ્યનું શુદ્ધ આચરણજ અલૌકિક છે. બીજાને મીઠું લાગે એવું વર્ત્તન તથા પ્રિય અને હિતકારક મિત ભાષણજ તેઓનો સંપ્રદાય હોયછે. સ્વાભાવિક રીતેજ બીજાનું કલ્યાણ કરવામાં તત્પર રહેછે, તેમની બુદ્ધિ આનંદિત હોયછે, મુખ ઉપર અથવા પીઠ પછવાડે પણ એક સરખુંજ વર્ત્તન હોયછે; જેમાં કપટ મુદ્દલ હોતું નથી; તે ઉપરથીજ તે ઓળખાઇ આવેછે. ધન્યછે તમને ! તમે મારે માટે ઘણું સંકટ સહન કર્યુંછે. તમેજ મારા પ્રાણદાતાછો. વગેરે કહી બેઠી પડી." પછી ચિત્રલેખાએ ઓખાને શિખામણ આપતાં કહ્યુંકે;—"આર્યા ! સાધ્વી સ્ત્રી પોતાના પ્રિયપતિ ઉપર ભક્તિ રાખેછે, આશ્રિતોપર દયા રાખેછે, સાસરિયાં પ્રત્યે નમીને વર્ત્તેછે, ભોજાઈપર પ્રેમ રાખેછે, સાસુ સસરા ઇત્યાદિ વડિલ માણુસો પ્રત્યે પુજ્ય ભાવ રાખેછે, દાસદાસીઓના અપરાધ માટે ક્ષમા કરેછે, વધારે શું કહેવું ? પરંતુ પોતાની શોક્યને પણ સાધ્વી સ્ત્રી પોતાની મૈત્રિણી સરખી લેખેછે. ઉત્તમ સ્વભાવ એ સ્ત્રીઓનું ભૂષણછે. લજ્જા કિંવા મર્યાદા એ પણ સ્ત્રીઓનો ભૂષણપ્રદ ગુણ છે; અને પાતિવ્રત્ય તો સ્ત્રીના જીવનનું ખરેખરૂં ઐશ્વર્ય છે. માટે તું એ નીતિએ ચાલજે. સદ્‌વિચાર વડે ચિત્ત પ્રસન્ન રાખજે, જેને માટે આપણે ખેદ કે શોક કરીએ છીએ, તે આપણોજ ઉપજાવી કહાડેલો વ્યવહારછે. ભાવિપ્રબંધ રૂપ આશાના ચણેલા કોટને ખડભડી જતો કે પડી જતો જાણી તારા મનને આખર અવસ્થાએ બિલકુલ નિર્બળ બનાવિશ નહિ; જ્ઞાનેકરીને તેને દૃઢ રાખજે. કારણકે બાંધેલી આશાનો એ કિલ્લો આપણા અસત્ય મનોવ્યાપાર રૂપ ખોટાં ચણતર ઉપર તે ક્યાં સુધી ટકી શકે ? માટે ઐશ્વર્યને તજીને ધૈર્ય રાખજે." ઇત્યાદિ બોધ આપ્યો હતો. આ ઉપરથી તે કેવી ઉચ્ચભાવના વાળી હતી તે જણાઇ આવેછે. તેણે પોતાની પ્રિય સખી પ્રત્યે ધર્મ બજાવ્યો અને બાણાસુરનો મદ ઉતરાવવામાં દેવોને પણ સહાયક થઇ હતી; જેને લઇ તે અદ્યાપિપર્યંત આર્યાવર્તમાં પ્રસિદ્ધ છે. ધન્ય છે તેમને ! !

માયાદેવી.

આ સાધ્વી કપિલ વસ્તુ પાસે આવેલા કલિનામે રાજ્યની રાજધાની દેવદહ

નગરના રાજા **અંજનરાજ**ની પુત્રી, કપિલવસ્તુના **શુદ્ધોદન** રાજાની પટરાણી અને **સિદ્ધાર્થ-બુદ્ધ**ની માતા થાય. શુદ્ધોદન રાજાને બે રાણીઓ હતી, માયાદેવી રૂપ અને ગુણે શ્રેષ્ઠ હતી. તે સ્વામિ પ્રિયકારણી, દાસ દાસીના પ્રત્યે પ્રિયભાષિણી અને નગરના રહેવાસીઓને આનંદદાયિની હતી. તે જે સંસારની ગૃહલક્ષ્મી હતી, ત્યાં ઝઘડો કંકાસ, અદેખાઇ અને દ્વેષ પ્રવેશ કરવા પામતા નહોતા. વિનયની મૂર્તિ, સત્ય બોલનારી, મધુર ભાષણ કરનારી, આનંદનો ઝરો, સ્નેહની સરિતા, અને સરળતાનો પ્રવાહ હતી. દુઃખીને આશ્રય, અસહાયને સહાય, અને તાપિત જનોની સંતાપ હારિણી હતી. શુદ્ધોદન રાજા ઇ. સ. પૂર્વે ૬૦૦ ની પહેલાં કપિલવસ્તુમાં રાજ્ય કરતો હતો. તે પરમ ધાર્મિક હતો. તેના રાજ્યમાં ધન ધાન્ય, સુખ, શાન્તિ, પ્રેમ અને પુણ્ય સર્વત્ર બિરાજી રહ્યાં હતાં. પ્રજાના કલ્યાણમાં રાત્રિ દિવસ ગુંથાયેલો રહેતો હતો. ધનવાન અને ગરીબ, જ્ઞાની અને મૂર્ખ, સર્વે તેમના રાજ્યમાં પરમ સુખથી કાળ ગાળતા હતા. અસત્ય, અને અન્યાયના કાર્યમાં કદી પણ તેણે હાથ ઘાલ્યો નહોતો. પાપથી હૃદય અને મન દુષિત કર્યા નહોતાં. સર્વ પ્રકારે રાજા રાણી સુખી હતાં; પણ એક વાતે દુઃખી હતાં. તે એકે બે રાણીઓ હોવા છતાં રાજાને સંતાન નહિ હોવાથી વારંવાર તેઓ શોક કરતા હતા. માયાદેવી પુણ્યનો અવતાર હોય તેવી પવિત્ર અને શુદ્ધાચાર વાળી હતી. તેની ઉમ્મર ૪૪ વર્ષની થઇ હતી; તોપણ પુત્રનું મુખ જોવાને પામી નહોતી. ઉમ્મર વધવાની સાથે મહારાજનું મન ઉંડા શોકમાં ઘેરાવા લાગ્યું. પ્રતિદિવસ શરીર દુર્બળ થવા લાગ્યું હતું; પરંતુ જે મનુષ્યની શક્તિ બહાર છે અને ઇશ્વર કૃપા વિના જ્યારે પુત્ર મુખ જોવાતું નથી; ત્યારે તે વિષયમાં દુઃખ કર્યાથી શો ફાયદો ? માયા દેવી રાજાને શોક કરતા જોઇ હમેશ કહેતી હતી કે;— " રાજન ! સદ્‌વર્તન અને શુભ ભાવનાજ મનુષ્યની મનકામનાઓ પૂરે છે. હું પવિત્ર છું તેથી મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, આપ કોઇવાર પણ પુત્ર મુખ જોવાને ભાગ્યશાળી થશો. "

એક દિવસે નગરમાં દક્ષિણાયનનો ઉત્સવ હતો. નગરની સર્વ પ્રજા મોટા ઉત્સાહથી તેમાં સામેલ થઇ હતી. મહારાણી માયાદેવી પણ આ ઉત્સવમાં ગઇ હતી. ઉત્સવના આનંદના છદિવસ વિત્યા, પણ સાતમે દિવસે સુર્યોદય થતાં પહેલાં શય્યાપરથી ઉઠી સુગંધમય પાણીથી નાહી તેણે ઘણાં પ્રકારનાં દાન આપ્યાં. રાત્રિએ નાના પ્રકારના અલંકાર ધારણ કરી મનોહારિણી લીલી, સાડી પહેરીને સુંદર શય્યનગૃહમાં પ્રવેશ કર્યો. તેજ રાત્રે પ્રભાતમાં સ્વપ્ન આવ્યું અને ઉઠીને તરત મહારાજાનું મુખ જોઇ માયાદેવી એ કહ્યું;—"પ્રિયદર્શન ! મને હમણાં એવું સ્વપ્ન આવ્યુંકે, જાણે મારી જમણી કુખ ચીરીને એક ધોળો હાથી તેમાં દાખલ થયો." મહારાજાએ બ્રાહ્મણોને બોલાવી તેનું તાત્પર્ય પુછયું તો તેમણે કહ્યુંકે;— દેવીને આજથી ચઢતો દહાડો થયોછે અને એક રાજચક્રવર્તિ કે ધર્મ ચક્રવર્તિ

પુત્ર તમને થશે.' તેથી રાજાએ પ્રસન્ન થઇને બ્રાહ્મણોને સુવર્ણ દાન આપી સંતોષ્યા.

માયાદેવી ૪૫ વર્ષની ઉમ્મરે ગર્ભવતી થયાથી જેમ મરેલા પુત્રના દેહમાં જીવનનો સંચાર થયાથી દુઃખી માતાને જેવો આનંદ થાય છે, તેવોજ આનંદ રાજા રાણીને થયો. માયાદેવી પ્રતિદિન વધારે વધારે લાવણ્યવતી થતી ગઇ. રૂપવાન, બળવાન, અને ધાર્મિક પુત્રની કામનાથી સર્વદા પ્રફુલ્લિત મનની અને પ્રભુમાં એક ચિત્ત રાખી રહેતી હતી. કોઇપણ નિષિદ્ધ પ્રવૃતિ તેના હૃદયને સ્પર્શ કરવા સમર્થ થતી નહોતી. આવી રીતે પવિત્ર રહી, પતિના આદર અને મમતામાં મગ્ન રહી નવ માસ ગાળ્યા. જ્યારે પુરા દહાડા થયા, ત્યારે માયાદેવી આર્ય કુટુંબોની રીત પ્રમાણે પતિના ચરણમાં પ્રણામ કરી, સુખાસન-પાલખીમાં બેશી પિયર જવાને નીકળી. માર્ગમાં લુંબુની નામના આનંદ દાયક બાગનું સૌંદર્ય જોઇ મહારાણીનું મન મુગ્ધ થયું. ફળ, પુષ્પના ભારથી નમેલાં વૃક્ષોની સુંદરતા, પક્ષીઓનો સંગીત ઉલ્લાસ તેના ચિત્તને આકર્ષવા લાગ્યો. રાણીએ આરામ લેવા માટે બાગમાં ઉતરી આમતેમ ફરતી શાલ વૃક્ષનાં નવાં પાંદડાં તોડવા જેવી હાથ—લંબાવે છે, તેટલામાં તેને પ્રસુતિ થઈ અને ભગવાન **સિદ્ધાર્થ—બુદ્ધનો** જન્મ થયો, સર્વત્ર જયજયકાર થઇ રહ્યો; પરંતુ ઇશ્વર ઇચ્છા પ્રબળ છે. માયાદેવી પુત્ર મુખ જોઇ આનંદ પામી, પણ પુત્ર સુખનો લાહવો લાંબોકાળ લેવા નહિ રહેતાં સાતમે દિવસે મરણ તુલ્ય માંદી પડી. જે પતિના નયનનો પકાશ હતી, જે તેને સદા આનંદ આપનારી હતી, જે સગાં વહાલાંના હૃદયને રંજન કરનારી અને શહેરના રહેવાસીઓનું હિત કરનારી હતી. તે પરમ પવિત્ર સતીશ્રી પોતાની બેન **પ્રજાવતી—ગૌતમી** જે રાજાની બીજી રાણી હતી, તેને પોતાનો પ્યારો પુત્ર જે બુદ્ધ તેને હમેશને માટે સોંપી પરલોકવાસી થઇ. ધન્ય છે તેમને ! કે તે પોતાના પવિત્રા ચરણથી બુદ્ધ જેવા મહાન્ પુત્રનો જન્મ આપી અમર નામ રાખી ગઇ છે ! ! !

મનસા.

આ પરમ પવિત્ર સતી કશ્યપઋષિની પુત્રી થાય. તેને જરદ્ગૌરી અથવા જરત્કારૂપણ કહે છે. તે મહાસ્વરૂપવાન, તેજસ્વિ, ક્ષમાશીલ, નમ્ર, જ્ઞાની, વિવેકી, ધાર્મિક, ધૈર્યવાન અને વિદ્વાન હતી. તેને ભૃગુ કુલોત્પન્ન જરત્કારૂઋષિ જે ઘણા પ્રખ્યાત વિદ્વાન, જિતેંદ્રિય બુદ્ધિમાન, તપસ્વિ, બ્રહ્મચર્ય વૃત્ત પાળવામાં એક્ક, અને તેજસ્વિ હતા; તેમની સાથે પરણાવી હતી. પરણતી વખતે ઋષિએ કહ્યું હતું કે, "તારે કોઇ દિવસે મને અપ્રિય લાગે એવું કંઇ કાર્ય કરવું નહિ. કરીશતો

હું તારો ત્યાગ કરી ચાલ્યો જઇશ." આ સાંભળી સતી મનસાએ કહ્યું કે, "હે નાથ ! આપની ઇચ્છા પ્રમાણે વર્તિશ." એમ કહી તે પોતાના પતિને કદિપણ અપ્રિય બોલતી નહિ કે અપ્રિય કાંઇ પણ કાર્ય કરતી નહિ. નિરંતર પતિની ઇચ્છા પ્રમાણે વર્તિને આનંદ આપવા માટે ઘણી સાવધ રહેતી અને પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિના હિતમાં તત્પર રહેતી. ધર્મ કાર્ય કરતી, અતિથિઓનું આદરાતિથ્ય અને શિષ્યોને શિક્ષણ આપવાનું કાર્ય બહુ પ્રેમથી કરી સર્વને સંતોષ આપતી. આશ્રમનાં પશુ પક્ષી અને પુષ્પ વાટીકાની નિત્ય સંભાળ લેવાને કાળજી રાખતી; વગેરે આશ્રમનાં કાર્ય અને વ્યવસ્થા બરાબર કરી તેની શોભામાં વૃદ્ધિ કરતી. નવરાશ મળતાં પતિની પરવાનગી લઇ આશ્રમવાસી બાલિકાઓને ધર્મોપદેસ આપતી. તેમજ પતિ સંગાતે દેશના ઘણા ભાગમાં ધર્મોપદેશ કરવાને ફરી હતી; વગેરે પોતાના ઉત્તમ ગુણ પ્રભાવે તેણે ઋષિની ઘણી પ્રીતિ મેળવી હતી; પરંતુ દૈવ ઇચ્છા પ્રબળ છે, કોઇના સુખના દિવસ સરખા જતા નથી, આ પવિત્ર સતીને પણ પતિ વિયોગનો વખત આવ્યો

એક વખતે ઋષિ નિદ્રાવશ થયા. સુર્યાસ્ત થવા આવ્યો, ત્યારે સતીએ પુજાદિ સામગ્રી તૈયાર કરી, સંધ્યા નિમિત્તે પતિને જાગૃત કર્યા. ઋષિની ઇચ્છા વિના જાગૃત કરવાથી તે પોતાનું અપમાન થયું માની ચાલવા માંડયું. સતીએ અપરાધ ક્ષમા કરી ચાલ્યા નહિ જવાની ઘણી પ્રાર્થના કરી; ત્યારે ઋષિએ કહ્યુંકે;—હે સતી ! હું કોઇ સમયે જુઠું બોલ્યો નથી. મેં કહ્યુંછેકે જઇશ, માટે હવે હું રોકાઇશ નહિ. મેં પુર્વે તારી સાથે જે નિયમ કર્યો હતો, તેનો આજે સમય આવ્યોછે. હે ભદ્રે ! મેં તારી સાથે સુખમાં દિવસો ગાળ્યાછે. હવે તારે મારા ગયા પછી શોક કરવો નહિ. આ સાંભળી પવિત્ર હૃદયની સર્વાંગ સુંદર સતી મનસા નેત્રમાં આંસુ લાવી બોલીકે;—"હે નાથ ! મારાં પિયરતરફનાં સગાંઓ માતાના શાપથી અપમાન પામેલાં છે. તેઓનું કલ્યાણ મારે વિષે તમારાથીજ ઉત્પન્ન થયેલા સંતાનથી થાય એમછે. માટે મારો આપની સાથેનો સમાગમ વ્યર્થ ન જાય એવી આપને વિનતિ કરૂં છું" આ સાંભળી તપોધન એવા તે મહામુનિએ ઉત્તર આપ્યોકે, "હે સુભગે ! તારા ઉદરમાં અગ્નિના જેવો પ્રકાશમાન જે ગર્ભ છે, તે વેદ વેદાંગને જાણનાર પરમધર્માત્મા એક ઋષિ અવતરશે." એમ કહી મહર્ષિતપનો નિશ્ચય કરી વનમાં ચાલ્યા ગયા.

ઋષિના ચાલ્યા ગયા પછી સતી મનસા ગર્ભિણી અવસ્થામાં વનમાં એકલી બહુ સંકટ પામી; પરંતુ ધૈર્યતા રાખી પોતાનો આશ્રમ છોડીને હિમાલયના કૈલાશ શિખરપર આવી તપકરવા લાગી. તપથી સદાશિવે પ્રસન્ન થઇ તેને જ્ઞાનોપદેશ કર્યો. દિવસ પૂર્ણ થતાં પુત્રનો પ્રસવ થયો. સતીએ ગર્ભાવસ્થામાં એકાગ્ર મન રાખી જેવો જ્ઞાનોપદેશ મેળવ્યો હતો, તેવોજ બુદ્ધિમાન અને જ્ઞાનીપુત્ર જન્મ્યો. તેથી તેનું નામ આસ્તિક પાડયું હતું. પછી તે પુત્ર સાથે

ત્યાંજ રહી હતી. પુત્ર મોટો થતાં શંકરે તેને ઉપવિત આપ્યું હતું. વેદ, વેદાંગાદિકનો અભ્યાસ કરાવી મૃત્યુંજય મંત્રનો ઉપદેશ આપ્યો હતો. તેથી તે પરમ તેજસ્વિ થયો હતો. પ્રતિદિન અધિક પ્રખ્યાત થતાં, સતીને સદાશિવે આજ્ઞા કરી કે, હવે તું પુત્રને લઇ, તારા પતિના આશ્રમમાં જા. તેથી સતી પુત્ર સાથે પોતાના પતિના આશ્રમમાં આવીને રહી હતી. જ્યારે **જન્મેજય** રાજાએ સર્પસત્રયજ્ઞ કર્યો, ત્યારે સતીમનસાએ પુત્રને મોકલી, પોતાના સગાંઓની ધારણાપાર પાડી હતી. એરીતે તેણે અનેક સંકટ સહન કરી પોતાના સગાંઓના હિતમાં ભાગ લીધો હતો અને **આસ્તિક** ઋષિ જેવા પરમ પવિત્ર અને પ્રતાપી પુત્ર રત્નને પેદા કરી, એક ઉત્તમ માતા તરીકે પ્રખ્યાત થઇ ગઈ છે. ધન્ય છે આવી પવિત્ર સતીને! કે જે પોતાનું અને સગાંઓનુ સાર્થક કરી ધન્યતાને પામી અમરનામ રાખી ગઇ છે. ! ! !

સતી–શક્તિ.

આ પવિત્ર સતી કેરલ દેશના કાલટી નામે ગામના **મઘપંડિત**ની પુત્રી થાય. તે મહારૂપ સુંદર, તેજસ્વિ, શાન્ત, ધાર્મિક, દયાળુ, ધૈર્યવાન, અને જ્ઞાન સંપન્ન હતી. તેના ઉત્તમ ગુણ જોઇ સૌ તેને સાક્ષાત **શક્તિ** નો અવતાર છે એમ કહેતાં હતાં. એજ ગામમાં પંડિત વર્ય **વિદ્યાધિરાજ**નો પુત્ર **શિવગુરૂ** મહા પ્રબલ તેજવાળો, ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો, અને વાણીમાં બૃહસ્પતિ સરખો હતો. તે વેદ, પદ, ક્રમ, જટા, શિખા, આદિમાં ઘણો કુશળ હતો. તેમજ ભટ્ટપાદ, પ્રભાકર, કણાદ, ગૌત્તમ, કપિલ અને પતંજલી આદિના મતનું અધ્યન કરી મહા પ્રવિણ થયો હતો. તેનામાં ખંડન મંડન કરવાની ઉત્તમ ચપળતા હતી. શિવગુરૂનું આવું અપૂર્વ જ્ઞાન જોઇને મઘપંડિતે પોતાની પુત્રી શક્તિ–સતીને તેમની સાથે પરણાવી હતી. આ જોડું સર્વ પ્રકારે યોગ્ય જોડાયું હતું. રૂપ ગુણ અને સ્વભાવે એક રૂપ હોવાથી બંને વચ્ચે પ્રેમ અત્યંત હતો. સ્વધર્મ અને ગૃહસ્થાશ્રમ ઉત્તમ પ્રકારે પાળતાં, ઘણાં વર્ષો વિતી ગયાં છતાં આ પવિત્ર દંપતિને કાંઇ પણ સંતાન સુખ પ્રાપ્ત થયું નહોતું. તેથી મનમાં ઘણો સંતાપ કરતાં હતાં. એક વખતે શિવગુરૂએ કહ્યું કે;—" હે ભદ્રે ! આ લોકમાં હિત કરનાર પુત્રનું મુખતો હજુ સુધી જોયું નથી. પુત્રવિના જીવન વૃથા છે. પિતાએ મારો જન્મ આપ્યો, પણ તે પુત્રવિના એળે જશે એમ લાગે છે; કેમકે " **पुत्रेणायंल्लोक** " પુત્રથીજ આ લોક સિદ્ધ થાય છે એવું શ્રુતિ કહે છે. વંશના વધારાને માટે કંઇ ઉપાય કરવો જોઇએ. આ સાંભળી સતીએ કહ્યું કે;—" પ્રાણેશ ! આપણે એક કૃપાનિધાન શ્રીશંકરની સેવા

કરીને તેમની કૃપા સંપાદન કરીએ, કે જેના વડે આપણે સંતતિ પામીશું." આ સાંભળી શિવગુરૂ પ્રસન્ન થયા. પછી પતિપત્ની પૂરા• પ્રેમ ભાવે વૃષક્ષેત્રમાં સ્વયંભુ સદાશિવની ઉપાસના કરવા લાગ્યાં. ઘણો વખત તપ કરવાથી શંકર પ્રસન્ન થયા. આ પવિત્ર દંપતિને સર્વજ્ઞ પુત્રની ઇચ્છા હતી. તે પ્રમાણે વરદાન પામી સદાશિવનું સ્મરણ કરતાં ઘેર આવ્યાં. તે દિવસે આનંદોત્સવ કરી ઉત્તમ ભોજન કર્યું; સદાશિવની કૃપાથી તેજ દિવસે સતીને ગર્ભ રહ્યો. ગર્ભવતીને જે ભાવા અભાવા થાય છે, તે પ્રમાણે સતીને થવા લાગ્યા. તે જાણી સગાં વહાલાંઓ ઘણી જાતની અમૂલ્યને અપૂર્વ ચીજો લાવીને આપવા લાગ્યાં. એમ કરતા પૂરા માસ થતાં: યુધિષ્ઠિર શક ૨૧૫૮ ના રકતાક્ષરી સંવત્સરના ઉત્તરાયણમાં માઘ વદ ૧૪ સોમવારની મધ્ય રાત્રિએ કે જે વખતે સૂર્ય અને ચંદ્ર કુંભરાશીમાં હતા. તે વખતે શુભ લગનમાં જેમ પાર્વતીએ કાર્તિક સ્વામીનો જન્મ આપ્યો હતો, તેમ સતીએ પુત્રનો જન્મ આપ્યો. જે દિવસે શ્રીશંકરનો અવતાર થયો હતો. તેજ દિવસે સ્વભાવિક રીતેજ કોઇ અલૌકિક આનંદનો દેખાવ સર્વત્ર થઇ રહ્યો.

આ પવિત્ર પુત્રનું સ્વરૂપ સામુદ્રિક લક્ષણોથી લોકોને મોહ પમાડતું હતું. તેમને જોઇ ભવિષ્ય વેતાઓએ કહ્યું કે;—"આ પુત્ર સર્વજ્ઞ થશે અને સ્વતંત્ર શાસ્ત્રો રચશે. તેમજ મોટા મોટા પંડીતોને જીતશે અને પોતાની કીર્તિ પૃથ્વી રહેતાં સુધી સ્થાપન કરશે." આવા ઉત્તમ પુત્રના જન્મથી સર્વ ઠેકાણે આનંદોત્સવ જેવું થઇ રહ્યું. સગાં વહાલાંની સ્ત્રીઓ પ્રસુતિ ગૃહમાં આ બાળકને પ્રેમથી જોવા નાના પ્રકારની ભેટો લઇ આવવા લાગી. ઉનાળાના ખરેખરા મધ્યાન્હના તાપથી તપેલી સ્ત્રીઓ જેમ ચંદ્રને જોઇ ટાઢી થાયછે, તેમ કમળ જેવા મુખવાળા આ બાળકને જોઇ આનંદ પામવા લાગી. જે જે માણસો આ બાળકને જોતાં, તે સર્વેને ઘણો આનંદ થતો. તેથી તથા શ્રીશંકરની કૃપાથી જન્મ થયેલો માટે તેનું નામ—**શંકર** પાડયું. શંકર બાળ લીલાથી સર્વને આનંદ આપતા હતા. તેઓ પવિત્ર ગુણો ધરાવનારી સતી માતાના હાથ નીચે ઉછરી ઉત્તમ ગુણોવાળા થયા હતા. તેમણે ત્રણ વર્ષમાં તો કાવ્ય, પુરાણ, અને કોષાદિનું જ્ઞાન મેળવ્યું હતું. તેમની બુદ્ધિ એવીતો તેજ હતી, કે ગુરૂ મુખથી એકવાર સાંભળતાંજ સર્વે આવડી જતું હતું. ત્રીજે વર્ષે તેમને ચૌલસંસ્કાર કર્યો. દેવગતિ ન્યારીછે, તેમની ઇચ્છા પ્રમાણેજ સર્વ થાયછે. શિવ ગુરૂ આવા ઉત્તમ પુત્રના સુખનો લાહવો લેવા વધારે વખત નહિ રહેતાં, માત્ર તેમની કાચી વયમાંજ સ્વર્ગે ગયા. તેમની ઉત્તર ક્રિયા સતીએ કરી. સતી પતિના વિરહ દુઃખથી શરીરમાં સુકાવા લાગી. ખરેખર પતિવ્રતા સ્ત્રીઓને પતિનું મુખ જોઇ જેટલો આનંદ થાયછે, તેટલો આનંદ તેમને બીજા કશાથી થતો નથી. તેમને તો પતિ એજ સર્વસ્વ હોયછે. તેમના વિના આખો સંસાર સુનો અને અપ્રિય લાગેછે. પણ તે માત્ર એક પુત્ર સ્નેહને લઇનેજ

પોતાનો દેહ રાખી રહેછે. તેની પેઠેજ આ સતીને પણ સંસાર ઉપર પ્રીતિ નહોતી પરંતુ એક પ્રિય પુત્ર શંકરના મુખ સામું જોઇને દિલાસો લઇ, પોતાનો દેહ રાખી રહી હતી. શ્રીશંકરને પાંચમે વર્ષે સતીએ ઉપનયન વિધાન કર્યું. તે પછી શંકરે ગુરૂને ત્યાં રહી તર્ક શાસ્ત્ર, સાંખ્ય, અને યોગ વગેરે વિદ્યાનું જ્ઞાન મેળવ્યું હતું. વેદ શાસ્ત્રાદિ સાત વર્ષે થતાંજ શીખી ઘેર આવ્યા.

સતીપુત્રનું કોમળ બોલવું, બુદ્ધિ, જ્ઞાન અને સુંદર શરીર જોઇ ઘણાં હર્ષ પામતાં. એક વખતે સતી માતા અંબીકા નદીએ નહાવા ગયાં હતાં, ઉનાળાનો દિવસ હતો, તાપને લીધે પગ બળતા હતા. તેને લીધે ઘેર આવતાં વાર થઇ. તેથી શંકરે જાતે જઇને માતાનું સાંત્વન કર્યું હતું. માતાને ઘણે દૂર નહાવા જતાં ઘણી આપદા પડતી જોઇ, તેમણે એ નદીનું પાણી પોતાના ઘર પાસે થઇને વહે તેમ કર્યું હતું. શંકરના પ્રતાપની કીર્તિનાં કિરણો દેશમાં ચોપાસ પ્રસરી ગયાં હતાં. તેથી તેમને મળવાને એક વખતે—ઉપમન્યુ, દધીચી, ગૌતમ અને અગસ્ત્યાદિ મુનિઓ આવ્યા. સતીએ બહુ આનંદ પામી તેમનો પૂજા આદિથી ઘણો સત્કાર કર્યો. સર્વ મુનિઓ શ્રીશંકર સાથે મોક્ષ સંબંધી વાતો કરવા લાગ્યા. આ વખતે સતીએ ત્યાં આવી પૂછ્યુ કે;—"બ્રહ્મર્ષિ ! આપના પધારવાથી અમે કૃતાર્થ થયાં છીએ. આ બાળક ઘણી નાની વયમાં બધાં શાસ્ત્રો શીખી રહ્યો છે. તેનો મહિમા પણ મને અધિક આશ્ચર્ય કરે છે. માટે જો મને કહેવામાં અડચણ નહોયતો તેનું વૃત્તાંત કહેશો." આ સાંભળી અગસ્ત્યમુનિએ કહ્યું કે;—"સતી ! તમો પતિ પત્નીના તપ પ્રભાવથી સદાશિવે પ્રસન્ન થઇ, તમારી ઇચ્છા પ્રમાણે શિવ પોતે અવતર્યા છે." સતીએ કહ્યું કે;—"મુનિ ! આ પુત્રનું આયુષ્ય કેટલું છે ?" અગસ્ત્યમુનિએ કહ્યું કે;—"સતી માતા ! આ પુત્રનું આયુષ્ય સોળવર્ષનું છે; તથાપિ કેટલાંક કારણોથી બીજાં સોળ વર્ષ આ પૃથ્વી ઉપર નિવાસ કરશે; એટલે ૩૨ વર્ષનું આયુષ્ય છે." આ પ્રમાણે ચર્ચા કરી મુનિઓ સતીની આજ્ઞા લઇને પોતાના આશ્રમે ગયા.

સતી માતા પોતાના પુત્રનું અલ્પાયુષ્ય જાણી ઘણો ખેદ પામ્યાં. માતાને ખેદ પામતાં જોઇ શ્રી શંકરે કહ્યું કે;—"માજી ! આ સંસાર ક્ષણિક છે. તે તમે સારી રીતે જાણો છો; છતાં શું કરવા શોક કરો છો ? આવી રીતે શોક કરવો તમને ઘટતો નથી. તમે જાણો છોકે સાંજ પડતાં વૃક્ષપર અનેક પક્ષીઓ જુદેજુદે ઠેકાણેથી આવી બેસે છે, અને પ્રભાત થતાં પાછાં જુદે જુદે ઠેકાણે વિખરાઇ જાય છે. તેથી આ સંસારમાં કોઈ ક્યાંથી અને કોઇ ક્યાંથી આવી ભેગાં મળ્યાં છે; પરંતુ અવસર પૂરો થતાં સૌ જુદાં પડી ચાલ્યાં જાયછે. તેમાં માતા કોણ, પિતા કોણ, અને પુત્ર કોણ. કોણ જાણે કેટલાએ જન્મ થયા હશે. માટે મિથ્યા શોક કરવો છોડીદો. હજુતો હું સંસારના બંધનમાંથી છૂટવાને ચતુર્થાશ્રમ અંગિકાર કરવાનો છું."—

"ચતુર્થાશ્રમ અંગિકાર કરવાનો છું." એવું સાંભળતાંજ સતીના દુઃખની સીમા રહી નહિ. તેમણે કહ્યું કે;—પુત્ર ! હવે તું એ વિચાર છોડી દે. મારૂં કહ્યું માની ગૃહી થઈ પુત્રવાળો થા. યજ્ઞાદિકથી દેવોની પૂજા કર. પછી ચતુર્થાશ્રમ ગૃહણ કરજે. મારે તું એકજ પુત્ર છે. હું મરી જઇશ. ત્યારે મારી ઉત્તર ક્રિયા કોણ કરશે ? વળી તું સર્વજ્ઞ છતાં મને એકલી મૂકીને જઇશ ? જ્ઞાનીઓ દયાવાન હોય છે, તો તારામાં દયા કેમ દેખાતી નથી ? તું મને તજી દેવાને હજી યોગ્ય નથી. પછી શ્રીશંકરે સતી માતાના મનનું સમાધાન કરી સન્યસ્ત લેવાની આજ્ઞા મેળવી. તે વખતે સતીએ કહ્યું કે;—મારો દેહ પડે ત્યારે તારે હાથેજ મારો અગ્નિ સંસ્કાર થવો જોઇએ. સન્યાસીને તેમ કરવાનો અધિકાર નથી, એમ જાણી જો તું તેમ કરવા ના કહેતો હોય, તો અગસ્ત્ય મુનિના કહેવા પ્રમાણે તું સાક્ષાત્ શંકર છે. તેથી તને કશો બાધ નથી. મૃત્યુ પછી જો તારે હાથે આમ પણ હું ન પામું તો જન્મ પર્યાનું ફળ—બન્નેને શું ? આર્યધર્મ પ્રમાણે અગ્નિ સંસ્કારાદિ પુત્રને હાથેજ થવા જોઇએ. માટે તે કર્યા સિવાય તારે છૂટકો નથી."

સતી માતાનાં આ વચન સાંભળી શંકર બોલ્યાકે;—"માજી ! મને દુઃખની કે અંતકાળની વખતે જયારે યાદ કરશો; ત્યારે હું તરત આવીશ. અને અગ્નિ સંસ્કારાદિ કરીશ; પરંતુ માજી ! તમારા મનમાં કદી પણ એવું લાવશો નહિ, કે મારો પુત્ર, મારી વૃદ્ધાવસ્થાની વખતે તજીને સન્યાસી થયો. જો આવું કદી મનમાં લાવશો, તો મને ઘણું દુઃખ પ્રાપ્ત થશે. હું જયાં હોઇશ, ત્યાં રહીને પણ તમને અધિક ફળ—હું તમારી પાસે હોઉં તેના કરતાં પણ વધારે કરી આપીશ." વગેરે રીતે માતાને સમજાવી રજા લીધી. પછી તેમની સગાં વહાલાઓને ભલામણ આપીને સન્યાસ લેવાને ચાલી નીકળ્યા. સન્યસ્ત લેઇને ભારત વર્ષમાંથી અનેકમત મતાંતર દૂર કરી, એક અદ્વૈત સિદ્ધાંત સ્થાપન કર્યો. તેથી સતી માતા પુત્રની અધીક કીર્તિ ફેલાતાં ધન્યતાને પામ્યાં.

સતીમાતાને જયારે માંદગી થઇ આવી, ત્યારે તેણે પોતાના પ્રિયપુત્રનું સ્મરણ કર્યું. આ વખતે શ્રીમાન શંકરાચાર્ય ઋષ્યશૃંગ પર્વતપર હતા. ત્યાંથી તેઓ માજીનો મંદવાડ જાણી એકદમ કાલટી આવ્યા. સતી પોતાના પુત્રને ઘણે દિવસે કુશળ આવેલો જોઇ આનંદ પામ્યાં. પછી ધીમે સાદે કહ્યુંકે;—"પુત્ર ! મેં મારી આવી દશામાં તને જોયો એ સારૂં થયું. પુત્ર ! વૃદ્ધાવસ્થાથી ઘસાઈ ગયેલું મારૂં જીવિત હવે વધારે ચાલવાનું નથી. તેથી શાસ્ત્રપ્રમાણે આ દેહને યોગ્ય સંસ્કાર કરી મને પરલોકમાં પહોંચાડજે," આવાં માજીનાં પુત્ર સ્નેહને અનુસરતાં વચનો સાંભળી આચાર્યે પોતાનાં માજીને બ્રહ્માનંદની પ્રાપ્તિ કરાવવા માટે બ્રહ્મનો ઉપદેશ આપ્યો. તેણે કરી સતીપરમ પદને પામ્યાં. ધન્ય છે સતીમાતાને ! કે જેને ત્યાં શ્રીમાન્ શંકરાચાર્ય જેવા મહાસમર્થ દેવી પુરૂષે જન્મ લેઇને ભારત વર્ષના કલ્યાણ માટે

અદ્વૈત મત સ્થાપન કર્યો, અને જેને લઈ તેઓ એક મહાન્ પવિત્ર અને દેવાંશી પુત્રની માતા તરીકે જગત્‌માં અમર કીર્તિ રાખી ગયાં છે.

શ્રદ્ધા.

આ સતી કોણ ? તે ભારત વર્ષમાં અતિ પ્રખ્યાત્ અને પરમ પૂજ્ય થઇ ગયેલા **કર્દમ** પ્રજાપતિ જેવા પવિત્ર અને તત્વજ્ઞ ઋષિનાં પુત્રી, સાંખ્ય યોગના પ્રગટ કર્તા ભગવાન્ **કપિલ** મુનિના ભગિની અને વેદ વેત્તા મહા સમર્થ દેવગુરૂ **બૃહસપતિ**નાં માતાજી થાય. આ સતીની માતાનું નામ દેવી **દેવહૂતિ.** દેવી દેવહૂતિજી મહા પવિત્ર અને તત્વજ્ઞ સતી હતાં. આવી ઉત્તમ માતાના હાથ નીચે ઉછરી શિક્ષણ પામી આ સતી ઉત્કૃષ્ટ થયાં હતાં. "માતા તેવી દીકરી" તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે. આ સતી સ્વરૂપે સુંદર, તેજસ્વી, ધાર્મિક, શ્રદ્ધાળુ, ધૈર્યવાન, શાન્ત, અને તત્વજ્ઞ હતાં. આ સતીને પોતાના જેવાજ રૂપ ગુણે ઉત્કૃષ્ટ પતિને શોધી વરવાની ઇચ્છા હતી. તે પ્રમાણેજ તે **બ્રહ્મા**ના માનસ પુત્ર **અંગિરા** ઋષિ જેઓ વેદાદિ શાસ્ત્રમાં પ્રખ્યાત્ થઇ ગયા છે, તેમને પોતાને યોગ્ય પતિ પસંદ કરી માતા પિતાની આજ્ઞાથી શાસ્ત્ર વિધિએ પરણ્યાં હતાં. આ જોડું રૂપ ગુણે અનુપમ અને એક રૂપ હતું. તેથી આ દંપતિમાં અતિ પ્રેમ હતો અંગિરા ઋષિ મહા સમર્થ પુરૂષ ગણાતા હતા. તેઓ સ્વભાવે શાન્ત, દયાળુ, તત્વજ્ઞ, પરમાર્થી, શોધક, જીતેંદ્રિય, તિવ્રબુદ્ધિના અને બ્રહ્મનિષ્ઠ હતા. આમાંના કેટલાક ગુણોનો પાસ આ સતીને પણ લાગ્યો હતો. આ સતીને પરમાર્થ અતિ પ્રિય હતો. આશ્રમમાં આવતા અતિથિ–અભ્યાગતોનો પ્રેમ પૂર્વક સત્કાર કરતી પોતાના આશ્રમમાં ઋષિબાળાઓને એકઠી કરી ઉપદેશ આપતાં કહેતી કે;–

"સખીઓ ! પરોપકાર એ મહા પુણ્ય છે અને એ મહા પુણ્યનું ઉત્તમ ફળ પોતાના જીવનનું કલ્યાણ કરે છે. જો આપણે સત્ય માર્ગે ચાલીએ, તો ગૃહસંસારમાં આપણે જેટલો પરોપકાર કરી શકીએ; તેટલો કોઇ પણ બીજી સ્થિતિમાં થઇ શકતો નથી. સ્ત્રીઓનો સંસાર પુરૂષ સાથે જોડાયેલો છે. પુરૂષને ગૃહસ્થાશ્રમમાં મદદ કરવાને સ્ત્રીએ સંપૂર્ણ રીતે શક્તિમાન થવું અને બીજી ભગિનીઓને તેજ પ્રમાણે યોગ્ય રીતે તેવે માર્ગે ચડાવવી, એ પરમાર્થને શિખરે ચડવા જેવું છે. જેમ એકત્ર કુટુંબમાં ભાઇઓ એક બીજાને મદદ કરે તો તેમના પિતાને સુખ અને સંતોષ થાય છે; તેમ આપણી બેનો માટે આપણે પ્રયાસ કરીશું તો આપણા જગત્‌રૂપી કુટુંબના પિતા પરમેશ્વરને સંતોષ અને આનંદ કેમ નહિ થાય ? માટે આપણા જગત્‌પિતા પરમેશ્વર જેથી આનંદ પામે, તેમ કરવા યત્ન કરો.

જે કામ કરો તે પ્રેમથી આસ્તા–શ્રદ્ધા પૂર્વક કરો." ઇત્યાદિ આ ધર્મ સમજાવી ઉપદેશ આપતાં અને જે પોતે કાર્ય કરતાં તે શ્રદ્ધા પૂર્વક કરી પાર પાડતાં; તેથી શ્રદ્ધા તો શ્રદ્ધા સતીનીજ ગણાઇ ગઇ છે. શ્રદ્ધા જેવી ઉત્તમ સતીના ગુણ પ્રભાવે તેને ત્યાં દેવોના ગુરૂ બૃહસ્પતિ જેવા 'નરરત્ન' પુત્રનો જન્મ થયો હતો. જે આવી ઉત્તમ માતાના હાથ નીચે ઉછરી શિક્ષણ પામી મહાસમર્થ વેદવેત્તા, મહાવક્તા, મહાવાક્ચાતુર્યવાળા, અતિસુંદર અને તેજસ્વી અંગકાન્તિવાળા તથા મહાતત્વજ્ઞ દેવર્ષિ વગેરે ઉત્કૃષ્ટ ગુણોવાળા થયાથી તેઓ દેવોના ગુરૂ જેવા મહાન્ ઉત્તમ પદને પામ્યા હતા. આ શું થોડી મહત્તા! આવા જગત્ પ્રખ્યાત્ નરરત્નને જન્મ આપી એક ઉત્તમ માતા તરીકે માન પામી અમર નામ રાખી ગયાં છે. અહો! ધન્યછે આવી માતાને!! માતાઓ તો આવીજ પેદાથાઓ!!!

મૂર્ત્તિ.

આ પતિપ્રાણા સતી દક્ષરાજેંદ્રનીપુત્રી, મહાત્માધર્મઋષિની પત્ની અને વિષ્ણુના અંશાવતાર નર, નારાયણની માતા થાય. આ સતી સાત્વિકવૃત્તિની, તેજસ્વી, ધાર્મિક, ઉદાર, નીતિજ્ઞ, અને વેદાદિ જ્ઞાન સંપન્ન હતી. રાજ સુખ કરતાં પતિ સાથે વનમાં વસી તપ સાધન વડે દેહનું સાર્થક કરવામાં વધારે સુખ માન્યું હતું. ઋષિનો આશ્રમ હિમાલયપર હતો. ત્યાં પતિ સાથે વસી ઉગ્ર તપ કર્યું હતું. તે તપ પ્રભાવથી મહત્તાને પામી હતી. ધર્મ ઋષિને તેર પત્નીઓ હતી, તે સર્વમાં આ કનિષ્ઠ હતી. તે પોતાની શોકોને પોતારૂપજ માનતી હતી. કદી પણ તે દ્વૈતભાવ દર્શાવતી નહોતી. વગેરે ઉત્તમ ગુણ સ્વભાવને લીધે જોકે પોતે કનિષ્ઠ હતી. તોપણ સર્વમાં શ્રેષ્ઠ ગણાતી હતી. પતિની પણ તેના પ્રત્યે અત્યંત પ્રીતિ હતી. પતિ પત્ની બન્ને ઉદાર, ધાર્મિક, અને દયાળુ હોવાથી કોઇ પણ અતિથિ, અભ્યાગત તેમના આશ્રમમાંથી નિરાશ જતાં નહિ. દુઃખીનાં દુઃખ દૂર કરવા અને અધર્મિને ધાર્મિકરવા પ્રયાસ કરતાં. તેથી તેમની જય જયકાર બોલાતી. આવાજ કારણથી અર્વાચીન કોઇ ઉદાર અને ધાર્મિક હોયછે, તેને કહે છે કે;—"આતો સાક્ષાત્ ધર્મ-મૂર્તિ છે." એટલે ધર્મ મૂર્તિના જેવા ગુણ છે એવી ઉપમાં આપે છે; એટલુંજ નહિ પરંતુ આ પતિ પત્નીમાં કેવો ગાઢ પ્રેમ હતો, તેની નિશાની તરીકે "ધર્મ-મૂર્તિ" નું નામ એકત્ર જોડાયેલું બોલવામાં આવે છે; તે પરથી તેઓ પ્રેમે કરી એક રૂપ હતાં એવી સાબિતી થાય છે.

સતી મૂર્તિ ઉચ્ચ ભાવના વાળી હતી તે આશ્રમ વાસી બાળાઓના એકત્ર સમાજ વખતે ઉપદેશ આપતી કે;—"પુત્રીઓ! આ સંસાર વહન કરવામાં

સહેલામાં સહેલો માર્ગ—નીતિ અને શિયળ છે. શિયળના સ્વીકારથીજ જગતના વિષમ માર્ગ સરળ થઇ જાય છે. પતિ જે સંસારના વહન માટે મોટાં કષ્ટો વેઠી શ્રમને છે, તે તરફ નજર કરતાં જણાય છે કે પત્નીએ તેમના પ્રતિ સૌમ્યદર્શી અને શીલવાન રહેવું; એટલે તેમના પ્રેમનાં પાત્ર બનવું, અને તેમ થવાને નમ્રતાની ઘણીજ અગત્ય છે. પતિ શિર છત્ર છે. તેજે કાંઇ કહે તે સાંભળી જવું અને સુખ તથા આનંદથી સંસારનું વહન કરવું. ઘરમાં જેમ નમ્રતા અને ધીરજથી વર્તાય તેમ વર્તવાથીજ સર્વનો ચાહ વધે છે. સહન શીલતા એ પણ એક મોટો સ્ત્રી ગુણ છે. વ્યવહારિક કામકાજમાં એવી કુશળતા રાખવી કે તેથી સંસારની અડચણ રૂપ ખાડા ટેકરા સુગમ થઇ જાય. હાલ જે પુત્ર વધૂઓ હોય છે. તે ભવિષ્યમાં માતા અને સાસુ થાય છે. તેમણે પોતાનો ભાર એવું સારૂં શિક્ષણ લેઇને માથે લેવો કે જેથી વધારે ઉન્નત અને ઉન્નત સ્થિતિમાં સંસાર ચડતો જાય સંસારને વધારે સરળ કરવાને પેટ મોટું રાખવું જોઇએ આ પ્રમાણે શાન્ત માર્ગે ચાલતાં સંસારની વિષમતાઓ વધારે સરળ થઈ જઇને તમો સંસારમાં પતિના સહધર્મચારિણીના પદને પામી, પત્નીતરીકેનો ધર્મ બજાવવામાં ફતેહમંદ થશો. ગૃહિણીના પદને યોગ્ય થવા માટે બેનોએ યત્ન કરતાં રહી, શિક્ષણ, સારી સમજ અને વિવેક વિનયતાનો ઉપયોગ કરવો જોઇએ. આવી રીતે ચાલનારી સ્ત્રીઓ જગતનાં ઘણાં ખરાં દુઃખો દૂર કરી શકે છે." અહો! કેટલી બધી ઉચ્ચ ભાવના દર્શાવી છે?

આ સતીનું ધ્યાન નિરંતર બ્રહ્મમાં ચોંટેલું રહેતું. તે તપ પ્રભાવ અને સતીત્વને લીધે, તેને ત્યાં વિષ્ણુના પાંચમા અંશાવતાર ગણાયેલા **નર, નારાયણ** જેવા બે પવિત્ર પુત્રો અવતર્યા. તેઓ તપથીજ પરમાત્માની પ્રાપ્તિ થાય છે, એવું જગત્ ને બતાવવાને માટે બાળવયમાંજ હિમાલય પ્રત્યે બદ્રિકેદારમાં તપકરવાને ચાલી નીકળ્યા હતા. આવા દૈવાંશી મહાન્ પુરૂષો આ સતી માતાને પેટે પુત્ર રૂપે જન્મવાથી, તે એક મહાન્ પવિત્ર પુત્રોની માતા તરીકે પ્રખ્યાત્ થઇ ધન્યતાને પામી છે. વગેરે મહત્ત ગુણોને લઇ તે જગત્માં સુદષ્ટાંત્ રૂપ અમર કીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે તેમને!!!

મહાશ્વેતા.

આ પ્રખ્યાત્ પતિવ્રતા—સતીના માત પિતા હિમાલયપર રહેતાં હતાં. તેના પિતાનું નામ **હંસ** અને માતાનું નામ **ગૌરી** હતું તે મહાસ્વરૂપવાન, તેજસ્વી, બુદ્ધિવાન, અને ચતુર હતી. બાળવયમાં માત પિતાના લાડ કોડમાં ઉછરી હતી. વ્યવહાર, નીતિ અને ધર્મ જ્ઞાન તેને તેનાં માતા પિતા તરફથી વારસામાં

ઉતર્યું હતું. હિમાલયપર ઘણા ઋષિ મુનિઓના આશ્રમ હતા. ઋષિ પત્નીઓ અને બાળાઓના સહવાસથી અને ઋષિમુનિઓની સેવાને લીધે તેનામાં ઉત્તમ ગુણો આવ્યા હતા. તે તેના કુળમાં એક આભૂષણ રૂપ ગણાતી હતી. એક વખતે વસંતઋતુની સૌંદર્યતા પૂર્ણ ભભકાથી ખીલી નીકળી હતી; ત્યારે મહાશ્વેતા પોતાની માતા અને સખીઓની સાથે હિમાલયની તળેટીમાં આવેલા અચ્છોદ સરોવરમાં સ્નાન કરવાને ગઇ હતી. સ્નાન કરી વનની સૌંદર્યતા જોતી જોતી આમ તેમ ફરી આનંદ લેતી હતી. તેવામાં તેને દિવ્ય સુગંધ આવી. એ સુગંધને લઇ વનમાં આગળ ચાલી જોયું, તો બે મુનિ કુમારો તેની દૃષ્ટીએ પડયા. તેમાં એક અતિ રૂપ સંપન્ન મુનિકુમારે પોતાના કાનપર પુષ્પ મંજરી ખોસેલી હતી. તેની સુગંધીથી તે પ્રદેશ સુવાસિત થઇ રહ્યો હતો. મહાશ્વેતાએ આ મુનિ કુમારને અતિ સૌંદર્યવાન અને તેજસ્વી જોઇ મનમાં નિશ્ચય કર્યો કે, "મારે પરણવુંતો આનેજ, નહિતો જીંદગી પર્યંત કુંવારાંજ રહેવું." જેવો નિશ્ચય મહાશ્વેતાએ કર્યો તેવોજ નિશ્ચય મુનિકુમારે પણ પોતાના મનમાં કર્યો હતો. બન્નેનું મન પરસ્પર લાગી રહ્યું. મનથી બન્ને વરી ચુક્યાં. મહાશ્વેતાએ લજ્જાતાં લજ્જાતાં તે મુનિકુમારના મિત્રને પૂછ્યું કે, આ તમારા મિત્ર કોણ અને કોના પુત્ર છે? તેના કાનપર રહેલી પુષ્પ મંજરી ક્યા વૃક્ષની છે? તે યુવકે ઉત્તર આપ્યો;—આ મારા મિત્ર શ્વેતકેતુ મુનિના લક્ષ્મીથી ઉત્પન્ન થયેલા પુત્ર છે. તેનું નામ પુંડરીક છે. તેના કાનપર રહેલી પુષ્પ મંજરી પારિજાતકની છે અને તે નંદનવનના દેવતાએ આપેલી છે. આ પ્રમાણે વાતચિત ચાલતી હતી; ત્યાં પુંડરીકે આવી કહ્યું કે;—મહાશ્વેતા! લ્યો? આ તમને પસંદ હોય તો પહેરો તમારા કાનમાં. એમ કહીને મુનિકુમારે તેના કાનમાં પુષ્પ મંજરી પહેરાવી; પરંતુ જવાની ઉતાવળને લીધે, તે વખતે તેના હાથમાંથી માળા નીચે સરી પડી. તે મહાશ્વેતાએ પોતાના ગળામાં પહેરી લીધી અને મુનિકુમારને પ્રણામ કરી, પોતાની માતા હેમકૂટ તરફ જતી હતી, તેની પાછળ ચાલી નીકળી. મુનિકુમાર પુંડરીકના હાથમાંથી માળા સરી પડી, તે તેના મિત્રે જોઇને ઠપકો આપ્યો. તેથી મહાશ્વેતાના મનમાં વસેલા મુનિકુમારે બનાવટી ક્રોધ કરીને મહાશ્વેતાને કહ્યું કે;—તમારે મારી માળા આપ્યા વિના જવું નહિ, માળા આપીને જ જો! આ સાંભળી મહાશ્વેતાએ પોતાનો એકાવળી હાર ઉતારીને પ્રેમથી પુંડરીકના હાથમાં નાખ્યો. આ હાર પોતાનો છે કે નહિ, તે પ્રેમાતુર પુંડરીક ઓળખી શક્યો નહિ. તે તો મહાશ્વેતાની રજા લઇ ચાલતો થયો.

માહશ્વેતા અચ્છોદ સરોવરમાં સ્નાન કરીને પોતાની માતા સાથે હેમકૂટ પર્વત પર આવી. પરંતુ તેનું મન પુંડરીકની પાસેજ રહ્યું. એટલામાં તેની એક દાસી કે જે પાછળ રહી હતી, તેણે એક પત્રિકા મહાશ્વેતાને આપી કહ્યું કે;—

બેન ! તમને જેણે પોતાના હસ્ત કમળથી પુષ્પ મંજરી પહેરાવી છે, તેણેજ આ પત્રિકા મોકલાવી છે. મહાશ્વેતા ઘણાજ હર્ષથી તે પત્રિકા વાંચીને વધારે અધીરી થઈ પડી. તે વિષે દાસીની સાથે વાત કરવા લાગી. એટલામાં પુંડરીકનો મિત્ર **કપિંજલ** આવ્યો. તેણે પોતાના મિત્રની દુર્દશા મહાશ્વેતાને નિવેદન કરી જણાવ્યું કે;—" મારા બધા ઉપદેશો વૃથા ગયા પછી હું તમારી પાસે આવ્યો છું. તમારા સમાગમ વિના પુંડરીકના પ્રાણ બચે તેમ જણાતું નથી. " તેટલામાં તેની માતા આવી તે મળીને ચાલતી થઇ. મહાશ્વેતા પોતાની સખી **તરલિકા** સાથે પોતાના પ્રિય પુંડરીક પાસે જવાને નીકળી. હજુ તે જ્યાં આવી પહોંચી નહોતી, ત્યાંજ પુંડરીક મહાશ્વેતાના મુખ દર્શનને તલસતો તલસતો છેવટે વિયોગમાંજ ધરતીપર ઢળી પડયો. મિત્રના શબવત થઈ પડવાથી કપિંજલ છાતીફાટ રડવા લાગ્યો. હર્ષભેર ભેટવા આવતી મહાશ્વેતાના આનંદે પણ તરત શોકનું રૂપ ધારણ કર્યું. તેણે છાતીફાટ રૂદન કરવા માંડયું. તેના રૂદનથી વનનાં પશુ પક્ષીઓ પણ સ્થંભી રહ્યાં. હા ! પ્રાણનાથ ! શું આમ દગો દેશો ? શું મને એકલી નિરાધાર મૂકી સ્વર્ગે જશો ? પ્રાણપતિ ! શું દયા વિનાના થયા ? નહિ, નહિ. મહાન્ ઋષિના પુત્ર એવા હોયજ નહિ. એતો મારા કર્મનીજ વાત છે ! શું હું મારા પ્રિય નાથને દોષિત કરીશ ? કદિ નહિ. પ્રિય નાથ ! એકવાર તમારી અપરાધી દાસીપર દયા કરી બોલો ? શું તમો મારાથી રીસાયા છો ? અરે ! પતિ વિનાની સ્ત્રીના કેવી વિપરીત દશા થાય છે તે અનુભવીજ જાણે ! પ્રાણનાથ ! હું તમારી પાછળ આવું છું. એમ કહેતાંજ પોતાના પતિની સાથે બળી મરવાને તૈયાર થઈ ચિતા તૈયાર કરાવી. એટલામાં કોઇ દૈવી મહાપુરૂષે આવી કહ્યું કે;—" ઓ પુત્રિ ! તું પ્રાણ ત્યાગ કરીશ નહિ. તને તારા પ્રિય પતિનો સમાગમ થશે. " એટલું કહેતાંજ તે શબવત થઇ પડેલા પુંડરીકને ઉપાડી ગયો. આ કપિંજલ પણ પોતાનાં મિત્રના શબને છોડાવવા માટે તેની પાછળ ગયો. અહીં એકલી પડેલી મહાશ્વેતાએ આખી રાત્રિ વિલાપમાંજ ગાળી. ઘણા પોકાર સાથ રડવાથી તેનો સાદ બેસી ગયો હતો. શોક સાગરમાં ડૂબેલી પોતાની સખી તરલિકાની સાથે અચ્છોદ સરોવરને કિનારે રૂદન કરતી બેઠી હતી. બીજે દિવસે પ્રભાત થતાં ઉઠીને તેણે સરોવરમાં સ્નાન કર્યું. પછી પોતાના પ્રિય મુનિ કુમારનાં કમણ્ડલ, વલ્કલવસ્ત્ર, અને માળા વગેરે ધારણ કર્યાં, સફેદ સાડી પહેરી, તેજ સરોવરના તીર ઉપર આવેલી એક ગુફામાં વાસ કર્યો. નજીકમાં એક શંકરનું મંદિર હતું. ત્યાં સવાર સાંજ જઇને શંકરની આરાધના કરવા લાગી.

મહાશ્વેતાની આવી સ્થિતિ સાંભળીને તેના માત પિતાને પણ અપાર શોક થયો. તેની પ્રિય સખી કાદમ્બરી જે બાળવયથીજ તેની સાથે ઉછરીને મોટી થઇ હતી. અને જે તેનો બીજો પ્રાણ હતી, તેણે તો પોતાની સખી વિધવા થયાના

સમાચાર જાણીને, નહિ પરણવાનું આકરૂં પણ લીધું. આવી રીતે સર્વ સગાં સ્નેહીઓમાં ઘણો શોક વ્યાપી ગયો. મહાશ્વેતા બ્રહ્મચર્ય પાળી યોગિની રૂપે શંકરનું આરાધન કરતી હતી એક વખતે ભરતખંડના રાજા **તારાપીડ**ના મંત્રી **શુકનાશ**નો પુત્ર **વૈશંપાયન** રાજકુમાર **ચંદ્રાપીડ**ની સાથે દિગ્યજય કરવા માટે ગયો હતો. ત્યાંથી અચ્છોદ સરોવરની આસપાસ ફરતાં ફરતાં, તેમની દૃષ્ટિ મહાશ્વેતા પર પડી. મહાશ્વેતા રાત્રે શિલાતલ પર સૂતી હતી. ત્યાં તેણે આવી તેને કુવચન કહ્યાં. આ સાભળતાંજ બ્રહ્મચર્યવ્રતમાં કાળ ગાળતી યોગિની મહાશ્વેતાએ ક્રોધાંધ થઇને તેને શાપ આપ્યો તેથી તે એકદમ ધરતીપર ઢળી પડયો. એમ અનેક આપત્તિ ભોગવતાં કેટલાંક વર્ષ વિત્યાં. ત્યારે પરમ કરૂણાકર મંગળમય પ્રભુએ તેના સતીત્વ અને તપ સામું જોઇ ને જાણે દયા કરી ન હોય, તેમ આ સતીનો પતિ પુંડરીક સજીવન થઇ આવ્યો. તેનો મિત્ર કપિંજલ પણ સાથે હતો. આ શુભ સમાચાર કાદમ્બરીએ ઘણા હર્ષ ભેર દોડી આવી આપ્યા. મહાશ્વેતા આનંદ પામતી જઇને પતિને ભેટી પડી. બન્ને ગદ્ ગદ્ કંઠે થઇ જતાં થોડી વાર સ્તબ્ધ થઇ ને ઉભાં રહ્યાં. પછી શાન્ત થઇ એક બીજાએ વિતેલી વાત કહી બતાવી. આ ખબર મહાશ્વેતાનાં માત પિતા અને સગાં સ્નેહી ને થતાં સૌ આનંદ પામતાં આવી મળયાં તેમણે મહાશ્વેતાના પાતિવ્રત્યનાં ઘણાં વખાણ કરી ધન્ય વાદ આપ્યો. એ રીતે મહાશ્વતાએ પતિ વિયોગથી યોગિની બની બ્રહ્મચર્ય વ્રત પાળ્યું, અને અચ્છોદ સરોવરને કિનારે શંકર આરાધના કરવામાં એકાંત જીવન ગાળ્યું હતું. આવા તપ અને સતીત્વ પ્રભાવથી તે પતિને મેળવી પરમ સુખ પામી. જગત્માં સુદૃષ્ટાંત રૂપ અમર નામના રાખી ગઇ છે. અહો ! ધન્ય છે તેને !!!

ગોપા—યશોધરા.

આ સાધ્વી **સિદ્ધાર્થ-બુદ્ધ**ની ધર્મ પત્ની અને દેવહદના રાજા **દંડપાણિ**ની પુત્રી થાય. તેનું બીજું નામ **યશોધરા** હતું. તે મહા સ્વરૂપવાન, બુદ્ધિવાન, ધાર્મિક અને વિદ્વાન હતી. ધર્મની રક્ષા શાથી થાય તે પણ તે જાણતી હતી. તેનો વિવાહ સિદ્ધાર્થ-સર્વાર્થસિદ્ધની સાથે સ્વયવરથી કર્યો હતો આ વિવાહ મણિકાંચનના યોગ જેટલોજ શોભા આપનારો થયો હતો. ગોપા પતિને છાયાંની પેઠેજ અનુસરીને ચાલતી. સખીની પેઠે તેનું હિત કરવામાં તત્પર રહેતી, સર્વ વિષયમાં તેની અનુસારિણી હતી. સિદ્ધાર્થ આવું રમણિ રત્ન મેળવી પોતાને કૃતાર્થ માનતો હતો. પ્રિયતમાની છાતીપર પોતાનું હૈડું તેણે ઢાળ્યું હતું. પુષ્પ દળમાં જેમ બે ઓસનાં ટીપાં મળી જાય, તેમ બન્ને હૃદયનાં સુખ દુઃખ ભળી ગયાં હતાં. બન્ને હૃદયની

આશા એક થઇ વહેવા લાગી, બન્નેની એક આશા થવાથી એકજ લક્ષ્ય સાથે વિશ્વ જનનીના અનંત હૃદયમાં જઇને બન્ને અનંત શાંતિ લાભ લેવા લાગ્યાં. સિદ્ધાર્થ આટલા દિવસ સુધી જીવનના માર્ગપર એકલો અસહાય ચાલતો હતો. સંસારમાં કોઇએ પણ તેના જીવનના મહાન્ ઉદ્દેશમાં સહાનુભૂતિ દેખાડી નહોતી; સંસારથી ધીરે ધીરે વિરક્ત થતો જતો હતો. હવે તેના જીવનનો નવો સરસ માર્ગ ઉઘડી ગયો. તેના મનનો ઉંડો મર્મ જાણવા માટે તેના જીવનની સહચરી થવા યોગ્ય એક ઉત્તમ સ્ત્રી તેને સંસારમાં મળી આ વખતે કુમારનું વૈરાગ્ય હૃદય કંટક શાંત થયું. સતી ગોપાનો અત્યંત પ્રેમ, તેની સેવા અને યત્નથી સિદ્ધાર્થની ઉદાસિનતા ઘણીક ઓછી થઇ ગઇ. આ સાંભળી સિદ્ધાર્થના પિતા શુદ્ધોદનનું શંકાતુર હૃદય પ્રસન્ન થયું. પુત્રને ગૃહસ્થ કરવાની યુક્તિ સફળ થઈ માની ઇશ્વરનો ઉપકાર માનવા લાગ્યો. પોતાની ચિંતા શાંત થવાથી નિરાંતે રાજકાર્યમાં મન રોકવા લાગ્યો હતો.

સતી ગોપા બુદ્ધિવાન હોવાથી સત્યાસત્યનો વિચાર કરી ચાલતી, તે પોતાના પાતિવ્રત્ય ધર્મની રક્ષા શાથી થાય તે જાણતી હતી અને તે પ્રમાણે વર્તતી હતી. તે કોઇ પણ દિવસે ઘુમટો તાણીને બેસી રહેતી નહિ આપરથી કેટલીક સ્ત્રીઓ કહેવા લાગી કે ગોપા તો ઘણીજ શરમ વગરની છે. આ વાત ગોપાના સાંભળવામાં આવી. તેથી તેણે અંતઃપુરની સર્વ સ્ત્રીઓ સમક્ષ પોતાને માથેથી દોષ ઉતારવા કહ્યું કે;—“ધાર્મિક મનુષ્ય તો જે અવસ્થામાં રહે છે, તેમાં તે શોભે છે. ગુણવાન માણસ ગમેતો કુશનાં કપડાં પહેરે, ગમે તો સેંકડો જગ્યોએ ફાટેલી ધાબળી ઓઢે અને કદાચ તેમના શરીરનો રંગ કાળો હોય, તોપણ તે પોતાના તેજથીજ શોભે છે. માણસને ધર્મ એજ ખરો પોશાક છે ધર્મ એજ મનુષ્યનું સૌન્દર્ય છે. બાળક કદી નાના પ્રકારના અલંકારથી ભૂષિત હોય; પરંતુ તે પાપાનુસારી હોય તો તેનું લાવણ્ય કઈ રહેતું નથી. જેનું હૃદય પાપનોજ ભંડાર છે, તેને શું બહારના પોશાક શોભાવે છે? તે તો અમૃત સુખમાં ઝેરનાં કુંભ જેવો દેખાય; શારીરિક દોષ જેના સંયત છે. જેના વાક્ય નિયમિત છે; જેની ઇંદ્રિયો વશ છે, જેની ચિત્તવૃત્તિ નિરૂદ્ધ છે, અને જેનુ મન પ્રસન્ન છે તેને મુખ ઉપર ઘુમટો કાઢવાની શી જરૂર છે? જેને લજ્જા નથી, આગરૂ નથી, ચિત્ત અને ઇંદ્રિયો જેનાં વશ નથી, તે સેંકડો ઘુમટાથી ઢકાય તોપણુ તેની રક્ષા થઇ શક્તી નથી. જેનું ચિત્ત પોતાનેજ વશ છે, જેનો પતિમાંજ પ્રાણ રહેલો છે; તે ભલે ચંદ્ર સૂર્યની પેઠે સર્વજનની સામે પ્રકાશિત થાય, તોપણ તેને કંઇ પણ હાનિ થતી નથી. જે પોતાની રક્ષા કરી શકે છે, તેજ સુરક્ષિતા છે; નહિ તો ઘુમટો તાણીને ઘરમાં બેસી રહ્યા છતાં પણ સ્ત્રીઓ અરક્ષિતાજ છે. મારે તો મારૂં ચરિત્રજ ભેદી ન શકાય એવું ઢાંકણુ છે, મારે મારા ગુણુજ કિલ્લા રૂપ છે, અને મારે તો

મારો ધર્મજ રક્ષક છે; તો પછી મારે વસ્ત્રથી ઘુમટો કાઢવાની શી જરૂર છે ?" આવી રીતે સતી ગોપાએ ઘુમટાની રૂઢી વિરૂદ્ધ પોતાનો અભિપ્રાય જણાવ્યો હતો. આ ઉપરથી તે કેવી ઉચ્ચભાવનાવાળી હતી તે જણાઇ આવે છે.

દેવી ગોપા પરમ પવિત્ર અને પ્રેમાળ સ્ત્રી હતી. સિદ્ધાર્થ આવી સુગુણ સાધ્વી સ્ત્રીને મેળવી ઘણો સુખી થયો હતો; પરંતુ જગતમાં ઇશ્વરની ઇચ્છા વિરૂદ્ધ કોણ થઇ શકે છે ? સિદ્ધાર્થ સુખમાં દિવસ ગાળતો હતો, પણ હવે ચિંતામાં મગ્ન રહેવા લાગ્યો. આ જોઇ ગોપાનું હૃદય વિચલિત થયું. એક દિવસે ગોપા શય્યનગૃહમાં સૂતી હતી, અરધ રાત્રિ થતાં તેને એક વિચિત્ર સ્વપ્ન આવ્યું. આ ભયંકર સ્વપ્નાથી તે ચમકીને ઉઠી સ્વામીને સ્વપ્નાનું વૃતાન્ત કહ્યું, અને ભયથી વિહ્વલ થઇને પૂછયું;—" નાથ ! આવું સ્વપ્નું આવ્યાથી મારૂં શું થશે ? મારી સ્મૃતિ ભ્રાંત થઇ જ; મારૂં મન શોકાતુર થયું છે." સિદ્ધાર્થે આ સાંભળીને વ્યાકુળ હૃદય વાળી પોતાને ભાર્યાગી ગોપાને સ્નેહ ભાવથી કહ્યું;—" પ્રિયે ! તું શાંત થા, તને કંઇ હાની થવાની નથી, તું પાપી નથી. આવું સ્વપ્નું પુણ્યાત્માજ જુએ છે. તું સર્વની પૂજિતા થઇશ, કલેશ રૂપી શત્રુના વિનાશનું કારણ થઇશ. પ્રિય ! આનંદથા. ખેદ ના કર. સંસાર દુઃખમય છે અને સુખનું સાધન મારે શોધી કાઢવું છે. તથા દુઃખી લોકોનું દુઃખ દૂર કરવાનો સન્માર્ગ બતાવવા માટે આ મારૂં જીવન અર્પણ કરીશ. પૃથ્વીમાં લાખો માણસો મહાકલેશથી જીર્ણ શીર્ણ છે. કોઇ પણ તેમની દુર્ગતિપર નજર કરતું નથી. હું મનુષ્યનું મહા દુઃખ જોઇ હવે સંસાર સુખમાં મચી રહેવા ચહાતો નથી. અનિત્ય સુખ ભોગવવું એ મારી ઇચ્છા નથી. પૃથ્વીજ મારે સુવાનું બિછાનું અને પહાડનાં શિખરો મારા માથા તળેનો તકીઓ થાય. કુદરતી પાણીજ મારે પીવાને, અને વનનાં ફળજ મારે ખાવાને બસ થાવ. સર્વ સ્ત્રી પુરૂષ મારા ભાઇ બેન, અને પશુ પક્ષી મારાં બંધુજન થાવ. હે પ્રાણાધિક ગોપા ! હું બીજું શું ચાહું ! મારે હવે બીજું કાંઇ પણ સુખ જોઇતું નથી. તું આનંદિત થઇને મારા જીવનના મહાન્ વ્રતમાં મદદગાર થા." એમ કહેતાં કહેતાં સિદ્ધાર્થે રોવા માંડયું. પતિપ્રાણા ગોપાએ સ્વામીના કંઠમા હાથ નાખી પોતાની સાડીના છેડાથી અશ્રુજળ લૂછી નાંખ્યાં અને વિચાર કરવા લાગી કે;—" અરે ! હું મારા સ્વામીને આવા મહાન્ કાર્યથી કેવી રીતે રોકી શકું ? અરે ! હું કેવી રીતે મારા સ્વામીને સંસારમાંથી વિદાયગીરી આપી, એકલી આ ભયારણ્યમાં જીવન ગાળી શકીશ ? નહિ નહિ. જો સંસાર છોડયાથી તેમનું હમેશનું બેદિત સુખ પ્રફુલ્લિત થતું હોય અને તેથી જો મને હજારો દુઃખ થતાં હોય તો તેમાં પણ શી ચિંતા છે ? જો મારા સ્વામીને જરાપણ સુખ ઉપજાવતાં, મારૂં જીવન વિસર્જ્જન કરવાની જરૂર પડે તોપણ શું હાનિ છે ? મારા સ્વામીનું રૂદન આ પ્રાણ તો કદી સહન કરશેજ નહિ. પતિ પ્રાણા સતી ગોપાએ એવો સંકલ્પ કર્યો કે, હવે કોઇ દિવસ હું મારા

સ્વામીના માર્ગ વચ્ચે કાંટો થઇ પડીશ નહિજ. સ્વામીના સુખને માટે જીવન સર્વસ્વ અર્પણ કરીશ."

સતી ગોપા જે પોતાના સ્વામીનેજ એક માત્ર જીવનનો આશ્રય સમજતી હતી. તે તેને કોઇ દહાડો પણ કંઈ કઠોર વાક્ય બોલી નહોતી. તે ખરેખરી એક પ્રેમની મૂર્તિજ બનેલી હતી. સિદ્ધાર્થને સંસાર ત્યાગ કરવાનો ઘણીવાર સંકલ્પ થતો; પરંતુ ગોપાની વાત જ્યારે જ્યારે તેના મનમાં આવતી, ત્યારે ત્યારે તે સર્વ સંકલ્પ આકાશમાં મળી જતા હતા. જો કે તેને વૈભવ સુખમાં તેના જીવનને આરામ કે આનંદ મળતો નહોતો. એમ કરતાં કરતાં ગોપાને ગર્ભ રહ્યો અને તેને પુત્ર આવ્યો. રાજા શુદ્ધોદન પુત્રના પુત્રનું મુખ જોવાને માટે તલસી રહ્યો હતો. સુવાવડ પછીનો યોગ્યકાળ ગયા પછી તેણે પુત્ર વધૂને ધામધુમથી કપિલવસ્તુ તેડાવી. સતી ગોપા 'રાહુલ' ને લઇ આવી. ત્યારે સિદ્ધાર્થે વિચાર કર્યો કે;– "આ વળી એક બીજી બેડી મારા પગમાં પડી. વાત્સલ્ય સ્નેહ સંસાર ત્યાગની આડે આવશે. માટે બહેતર છે કે, પુત્રનો સ્નેહ ચઢે ત્યાર પહેલાંજ હવે મારે અહીંથી ચાલ્યા જવું." રાહુલ કુંવર ઘેર આવવાથી જ્યારે રાજનગરમાં અને રાજગૃહમાં મોટો આનંદોત્સવ થઇ રહ્યો હતો; ત્યારે સિદ્ધાર્થ આમ સંસાર ત્યાગ કરીને ચાલ્યા જવાનો વિચાર કરતો હતો. રાત પડી ત્યારે ગોપાની દાસીઓએ બાળકુંવરને લઇ આવી અંતઃપુરમાં સિદ્ધાર્થને બતાવ્યો. રાજમહેલમાં અને અંતઃપુરમાં રોશની થઇ, નાચ મુજરા થયા અને પછી સર્વે સુખથી સુઇ ગયાં. ત્યારે સિદ્ધાર્થને મોડી રાત સુધી ઉંઘ આવી નહિ. ત્યાગ, ત્યાગ અને ત્યાગનાજ વિચારો તેની આગળ પાછળ પ્રસરી રહ્યા હતા. મધ્ય રાત્રિએ તે પલંગમાંથી ઉઠયો. નીચે ઉતરી પોશાક પહેર્યો. અને ફરીને પલંગ સામું જોયું, તો પડખામાં રૂપાળો છોકરો લઇને સૂતેલી પ્રિયાને જોઇ, સિદ્ધાર્થની આંખોમાં તે વખતે આંસુ આવ્યાં, પણ સ્વસુખ કરતાં લોક હિતની ઉત્કંઠા પ્રબળ હતી. તેથી 'આ સર્વ ખોટું છે.' એમ બોલી એકદમ મુખ ફેરવી ત્યાંથી તે નીચે ઉતર્યો અને સંસાર સુખ, વૈભવ, પુત્ર, દારા આદિ સર્વનો ત્યાગ કરી વન તરફ ચાલી નીકળ્યો. સવારના પહોરમાં જ્યારે માગધીઓએ ગોપાને જગાડી અને 'સિદ્ધાર્થ ચાલ્યા ગયાછે,' એવી વાત જાણી રાજકુટુંબમાં ગમગિની પ્રસરી રહેલીછે, એ તેના જાણવામાં આવ્યું, ત્યારે આ સંસાર તેને નિઃસાર લાગ્યો. તે આકુળ વ્યાકુળ થઇ 'હા પ્રિય ! હા પ્રિય !' એમ બોલતી અશ્રુધારા પાડવા લાગી. વિતક, વાણી અને વિચાર શૂન્ય થઇ રહી. પણ મુખમાંથી વિલાપ વાક્ય નીકળી શક્યાં નહિ. જડની પેઠે પડી રહી. જે શોક આટલીવાર સુધી સ્તંભિત થયો હતો, તે શોક સાગર હવે ઉછળી પડયો. પુત્ર જાગતાં તેને લાવીને દાસીઓએ જ્યારે તેના ખોળામાં મુકયો; ત્યારે તે વધારે આક્રંદ કરતી પુત્રના સામું જોઇને ચોધાર આંસુ પાડતી પાડતી બોલી કે;—

"નિરભાગીઓરે, મોસાળથી ઘેર આવીઓ ;
તેજ રાત્રિએરે, ત્યાં તે સંસારને ત્યાગીઓ.
સુખ બાપનુંરે, કરમે લખાવી ન લાવીઓ ;
દુર ભાગીઓરે, ત્યારે કુંવર! તું શે આવીઓ ?"

પુત્ર અજ્ઞાન છતાં રોવા લાગ્યો, ત્યારે સ્નેહથી તેજાણે તેનો તિરસ્કાર કરવાથી ખિન્ન થતી હોય, તેમ ડસકુંભરી પુત્રને ઉંચોકરી સ્નેહથી વિલાપકરવા લાગી કે;—

"બાળુ! બાપુડારે! આ શું અચાનક નીવડયું ?
મારે તાહરે રે, માથે આ આભ તૂટી પડયું.
'નિરભાગીઓરે, મોસાળથી ઘેર આવીઓ ;
તેજ રાત્રિએ રે, તાને સંસારને ત્યાગીઓ,
સગાં સાગવાં રે, પૈર પુંડળ એવું બોલશે,
ખરા ખોટાનો રે, તોલ નહિ કોઈ તોળશે ?"

સતીગોપાને આવી રીતે વિલાપ કરતી જોઈ રાહુલ કુંવરને દાસીઓએ તેના ખોળામાંથી ઉપાડી લીધો. ઘણીવાર વિલાપ કરીને તેણે પોતાના લાંબા વાળ કાપી નાંખ્યા. ઉત્તમ વસ્ત્રો ઉતારીને એક સાદું વસ્ત્ર પહેર્યું. જમીનપર સુવા લાગી. ઉત્તમ ભોજનનો ત્યાગ કરીને કોઇ વખતે એક વખત ખાતી અને કોઇ વખત અપવાસ કરતી. શરીર ઉપરથી માયા છોડી દીધી. ગોપા સ્વામી હોવા છતાં વિધવા બની, બ્રહ્મચર્યાનુષ્ટાનમાં દિવસ ગાળવા લાગી. સ્વામી સઘળું છોડીને સન્યાસી થવાથી પતિવ્રતા સ્ત્રી બીજું શું કરે ? તે પણ યૌવનમાં યોગિની થઈ. ગોપાને યોગિની વેશે જોયાથી રાજકુટુંબનાં માણસો પણ ઘણાં દુઃખિત હૃદયનાં થયાં. ગોપાના પિતા દંડપાણિએ આવીને તેને ઘણી સાન્ત્વના આપી વિનતિ કરી; પરંતુ ગોપાએ સન્યાસિની—યોગિની વેશનો ત્યાગ કર્યો નહિ. દંડપાણિએ તેના શોક દગ્ધ હૃદયને શાંત કરવા માટે તેને દેવદહમાં લઇ જવાનો ઘણો યત્ન કર્યો, પણ તેણે કોઈ પણ પ્રકારે સ્વામીનું ઘર છોડયું નહિ તેનું સર્વ સુખ જતું રહ્યું. માટે રાજવૈભવ હોવા છતાં સિદ્ધાર્થે સંસાર છોડયા પછી ગોપાએ સર્વ સુખનો ત્યાગ કર્યો અને યોગિની વેશે રહેવા લાગી. એમ કરતાં કેટલાંક વર્ષ વીતિ ગયાં. સિદ્ધાર્થ બુદ્ધ થઇ લોકોને સન્માર્ગનો ઉપદેશ આપવા લાગ્યો. વૃદ્ધ રાજા શુદ્ધોદને પછી એક વાર પુત્ર મુખ જોવાને માટે તેને કપિલવસ્તુ આવવાને કહાવ્યુ. તેથી બુદ્ધ પોતાના કુટુંબનો પણ સંસારથી ઉદ્ધાર કરવાને માટે આવ્યો. સિદ્ધાર્થ—બુદ્ધ ભિક્ષા પાત્ર હાથમાં લઇને ગામમાં ભિક્ષા માટે ઘેર ઘેર ફરવા લાગ્યો. નગર વાસીઓ રાજપુત્રને આવી સ્થિતિમાં જોઇ રૂદન કરવા લાગ્યાં. આ વિલાપ સાંભળીને ગોપા પોતાના મહેલ ઉપર ચઢીને જુએછે, તો પોતાના પ્રાણપતિને ઉઘાડે પગે, ખુલ્લે

માથે, પીળું વસ્ત્ર પહેરીને ઉઘાડે શરીરે હાથમાં ભિક્ષાપાત્ર લઇને ધીમે ધીમે ચાલતો દીઠો. ગોપા પતિની આવી મૂર્ત્તિ જોઇને હાહાકાર કરતી બેશુદ્ધ થઇ પડી. થોડી વારે ગોપાએ પોતાનો શોક સમાવીને આ સમાચાર સસરાને મોકલાવ્યા. રાજાપુત્રને આવા વેશમાં જોઇ રોવા લાગ્યો. પછી પિતા પુત્ર વચ્ચે કેટવીક વાતચિત થયા બાદ રાજા તેને મહેલમાં લાવ્યો. રાજકુટુંબ તેને આવી મળ્યું. પણ માત્ર ગોપાને કોઇએ જોઇ નહિ. "મારા ઉપર જો તેની જરાપણ પ્રીતિ હશે, તો તે જરૂર મારી પાસે આવશે. અહીં આવશે તો હું મારા મનની વાત તેની પાસે કહીશ." એવો વિચાર કરી ગોપા ઓરડામાં બેશી રહી. બુદ્ધે ચારે તરફ દૃષ્ટિ કરી જોયું, તો ગોપાને દીઠી નહિ. બુદ્ધે પ્રથમથી પોતાના બે શિષ્યોને કહી રાખ્યું હતું કે, જે કોઇ સ્ત્રી મને મળવા આવે તેને આવવા દેજો. ગોપા યોગિની વેશે ઓરડામા બેઠી હતી ત્યાં બુદ્ધ ગયો. ગોપા કાંઇ ન બોલતાં પગમાં પડી રૂદન કરવા લાગી. આંસુથી બુદ્ધના પગ ભીંજાઇ ગયા. ઘણે દિવસે સ્વામીના ચરણનો સ્પર્શ કર્યો હતો. તેથી શોક સિંધુ ઉછળવા લાગ્યો. ઘણીવાર પતિના ચરણ પકડીને રૂદન કરતી પડી રહી. અતિ રૂદનથી સિદ્ધાર્થ બુદ્ધનું હૃદય પણ પીગળી ગયું. બુદ્ધે ગોપાને બોલાવવાનો ઘણો યત્ન કર્યો, પણ તે વૃથા ગયો. સ્વામી હવે પોતાનો નિશ્ચય ફેરવે એમ નથી, એમ વિચારી સતી ગોપા છેવટ રૂદન કરતી એક ખૂણે જઇ બેઠી.

સતીગોપાના રૂદનથી આખું રાજકુટુંબ મહા શોકસાગરમાં ગરકાબ થયું. રાજા શુદ્ધોદને પુત્રને કહ્યું કે;—"જ્યારે તું ઘર છોડીને ગયો છે, ત્યારથી તારી પત્ની આ યૌવનમાં પણ મહા કઠોર બ્રહ્મચર્યવ્રત ધારણ કરી દિવસ ગાળે છે. અનાહારે અને અનિદ્રામાં કોઇ રીતે પોતાના પ્રાણ સાચવી રહી છે. તેનું વૈધવ્ય અને અપાર દુઃખ જોઇ હૃદય પીગળી જાય છે. રાજરાણી થઇને કોઇએ કદીપણ આવું દુઃખ દાયક જીવન ગાળ્યું નથી. ઘણાએ તેને સમજાવી, પણ તે સર્વ વૃથા ગયું છે. તેણે તો બ્રહ્મચર્ય પાળીને આ દશામાંજ શરીરનો નાશ કરવા સંકલ્પ કર્યો છે. બુદ્ધે મુંગે મોઢે પોતાની સ્ત્રીની વાત સાંભળી. જે ગોપા પોતાને પ્રાણ કરતાં પણ પ્રિય હતી, વૃક્ષ જેમ વેલાને આશ્રય આપે છે, તેમ જે પ્રાણાધિક સ્ત્રીને મેં પોતાના આશ્રયમાં લઇને નિશ્ચિંત કરી હતી. તે અબળાને આજે મેં આ પૃથ્વીપર નિરાશાના અપાર સાગરમાં ડૂબાવી છે. વિના અપરાધે મેં પ્રિયપત્નીના સુખના માર્ગમાં કાંટા નાખ્યા છે; વગેરે રીતે ક્ષણવાર વિચાર કરીને પોતાની પત્નીને અનંત સુખથી સુખી કરવાને માટે ધર્મોપદેશ આપ્યો. ધર્મની અમૃત કથા શ્રવણ કરવાથી ગોપાનો શોક શાંત થયો. બુદ્ધે પોતાના પિતા અને પુત્ર રાહુલને પણ સંસારની નિઃસારતાનો ઉપદેશ કર્યો અને જણાવ્યું કે;—"આ સર્વ દુઃખનું કારણ સંસારની માયા છે અને જેઓ

તેનો ત્યાગ કરે છે તેજ સુખી થાય છે." વગેરે ઉપદેશ આપી તેમને બુદ્ધ ધર્મની દિક્ષા આપી હતી. સસરા શુદ્ધોદનના મૃત્યુ પછી સાધ્વી ગોપા પણ યોગિની વેશમાં પોતાના પ્રાણ પતિ બુદ્ધની પાસે જઇને સન્યાસિની થઇ હતી. તે બુદ્ધ ધર્મની પહેલી સન્યાસિની—આરજા બની હતી. તેને જે સ્ત્રીઓ સન્યાસિની થઇ હતી, તે સર્વનું ઉપરીપણું સોંપ્યું હતું. ગોપા સન્યાસિનીઓના ધર્મના નિયમ પ્રમાણે સર્વેને વર્ત્તાવી નિરંતર ધર્મોપદેશ આપતી હતી. તેને પૃથ્વીપરના કરોડો બૌદ્ધલોકો એક 'દેવી' તરીકે માની પૂજ્ય ગણે છે. એ રીતે એ પોતાના જીવનનું સાર્થ કરી પ્રખ્યાત થઇ ગઇ છે. ધન્ય છે તેને !

ઉર્વશી.

આ અતિ પ્રખ્યાત્ પતિપ્રાણા સ્ત્રી હિમાલય ઉપર બદ્રિકાશ્રમમાં **નરનારયણ** થકી ઉત્પન્ન થયેલી હતી. તે ઇંદ્રને ત્યાં અપ્સરાઓ સાથે રહેતી હતી. તે મહા રૂપ સૌંદર્ય, અતિ મનોહર લાવણ્યતા વાળી, તેજસ્વી, નૃત્ય અને સંગીત કળામાં અતિ કુશળ હતી. અપરાજિતા નામની તિરકરિણી વિધા તે જાણતી હતી. એ વિધાથી દેવ દાનવ અને મનુષ્યની દૃષ્ટિ માર્ગ તે ચૂકવી શક્તી હતી. તેમ તે દિવ્ય જ્ઞાન વાળી હતી. એક વખતે એ મેનકા, રંભા અને ચિત્રલેખા વગેરે પોતાની સખીઓ સાથે કૈલાશ શિખરપર વનલીલાનો આનંદ લેવા ગઈ હતી. ત્યાંથી પાછા આવતાં ઉર્વશી અને ચિત્રલેખાને કેશી નામે દાનવ હરણ કરી ગયો. આ બન્નેના હરણથી તેમની સખીઓ પોકાર કરવા લાગી કે;—અરે ! કોઇ દેવ પક્ષી મહાન પુરૂષો રક્ષા કરો ? રક્ષા કરો ? આ વખતે ચંદ્રવંશી **પુરૂરવા** રાજા ગંગા કિનારે સૂર્ય દેવની આરાધના કરીને પોતાની રાજધાની પ્રયાગ—પ્રતિષ્ઠાનપૂર જતો હતો; તેણે આ પોકાર સાંભળ્યો. સાંભળતાંજ વિચાર કર્યો કે કોઇ પણ મનુષ્ય વિપત્તિમાં આવી પડેલું છે. તેમને દુઃખમાંથી મુક્ત કરવું એ મારો ધર્મ છે. એમ વિચાર કરી જે તરફથી અવાજ આવતો હતો તે તરફ ગયો. જુએ છે તો અનુપમ મહા રૂપ સુંદરીઓને વ્યાકુળ ચિત્તે રોતી દીઠી. તેને જોઇ રાજાએ પૂછ્યું કે; હે સુંદરીઓ ! તમે કોના ભયથી રક્ષણ માગો છો ? મેનકાએ કહ્યું, મહારાજ ! અમારી પ્રિય સખી ઉર્વશી અને ચિત્રલેખાને કોઇ દાનવ હરણ કરી ગયો છે. આ સાંભળી રાજાએ કહ્યુંકે;—વિપદ્ કાળમાં ધીરજ રાખવી જોઇએ. ઘણા અધીરા થવાથી અંતરના ક્લેશ સિવાય બીજો કંઇ લાભ થતો નથી. માટે તમે શોકનો વેગ સમાવો. હું તે દુરાત્માને સજા કરી તમારી સખીઓને પાછી લાવવા પ્રયત્ન કરીશ; એમ કહી તે અસુરની પાછળ ગયો. દાનવ કેશીને મારી ઉર્વશી અને ચિત્રલેખાને હેમકૂટ પર્વતપર જ્યાં તેની સખીઓ હતી ત્યાં લાવી મૂકી. તેથી સૌએ

રાજાનો ઘણો ઉપકાર માન્યો.

ઉર્વશી રાજાની મનોરમ મધુરાકૃતિ જોઇ મોહિત થઇ અને મનમાં તેનેજ પોતાનો પ્રાણપતિ કરવાનો નિશ્ચય કર્યો. રાજા પણ ઉર્વશીનું અલૌકિક રૂપ સૌન્દર્ય ને લાવણ્ય જોઈ મોહિત થયો. એક બીજાનાં મન પ્રેમથી જોડાઇ ગયાં. એટલામાં ગંધર્વનો રાજા **ચિત્રરથ** ઇંદ્રની આજ્ઞાથી ઉર્વશી વગેરેની રક્ષા કરવાને આવ્યો. પુરૂરવાએ તેને માન આપ્યું. ચિત્રરથ રાજાએ ઉર્વશી વગેરેને દુષ્ટના હાથથી છોડાવી તે માટે તેનો આભાર માન્યો. પછી ઉર્વશી વગેરેએ તેની જવાનો વિચાર જણાવ્યો. ઉર્વશી લાચારીથી અમરાવતી જવાને તૈયાર થઇ. જતી વખતે મનમાં કહેવા લાગી કે;—અહો! રાજા પુરૂરવાને છોડીને જતાં પગ ઉપડતો નથી કેવું આશ્ચર્ય! વગેરે વિચાર કરતી રાજાની મોહન મૂર્તિને જોતી જોતી ચાલતી થઇ. રાજા પણ ઉર્વશીને જે દિવસથી જોઈ હતી, તે દિવસથી વિચારમાં ગરકાવ રહેતો હતો. કોઇ વખતે તો એ વિચારથી બહારના જ્ઞાનથી પણ શૂન્ય થઇ જતો. ઉર્વશી પણ રાજાના દર્શનની ઇચ્છાથી કોઇ વખતે વ્યાકુળ થઇ જતી; એટલુંજ નહિ પણ તે રાજાના વિચારમાં શૂન્ય હૃદયા થઇ ગઈ હતી. એક વખતે ઇંદ્રની આજ્ઞાથી સભાની અંદર મહર્ષિ ભરતકૃત "લક્ષ્મી સ્વયંવરાખ્યાન" નાટક થતું હતું. તે વખતે ઉર્વશીએ લક્ષ્મીનો પાઠ લીધો હતો; ત્યારે ભગવાન પુરૂષોત્તમનું નામ લેવાને બદલે પોતાના હૃદયેશ પુરૂરવા રાજા જેનું સ્મરણ તેના અંતઃકરણમાં લાગી રહ્યું હતું તેનું નામ લીધું. અહો! કેવી પ્રેમની રીત! આવી રીતે સંગીતક્રિયા વિરૂદ્ધ વાક્ય ઉચ્ચારવાથી મહાર્ષિ ભરતના ઉપદેશનું ઉલ્લંઘન થયું. તેથી ભરત મુનિએ ગુસ્સે થઇ ઉર્વશીને "દિવ્યજ્ઞાન રહિત" થવાનો શાપ આપ્યો. આ શાપથી તે નીચું ઘાલી ઉભી રહી. ઇંદ્રે તેને શરમાયેલી જોઇ કહ્યું કે;—"તું જેને વધારે ચાહે છે, તેણે ઘણી વખત દાનવો ઉપર જય કરીને અમારો ઉપકાર કર્યો છે. માટે મારી આજ્ઞા છે કે તું ત્યાં જઇ તેને વર, ને સેવા કર. તેથી હું ઘણો સંતુષ્ટ થઇશ." ઉર્વશી ઇંદ્રની આજ્ઞાથી ઘણી આનંદ પામતી પ્રયાગ આવી. મહા પ્રતાપશાલી પુરૂરવા રાજા તેને શાસ્ત્ર વિધિએ પરણી કૃતાર્થ થયો. ઉર્વશી પણ આવા ઉત્તમ પતિને પામી પોતાના જીવનનું સાફલ્ય માનવા લાગી.

સાધ્વી ઉર્વશી ખરેખર દૈવી સ્ત્રી હતી. તેણે પોતાના પ્રાણપ્રિય પતિને કહ્યું કે;—"નાથ! આ હૃદય તમારૂં છે, આ શરીર પણ તમારૂં છે, તમે મારા હૃદયના દેવતા છો, તમે મારા પ્રાણ છો, હું હમેશાંની તમારી દાસી છું, તમારા સુખમાં વૃદ્ધિ કરવી એ મારૂં કર્ત્તવ્ય છે." ઇત્યાદિ પોતાની પ્રેમી પત્નીનાં વચન સાંભળી રાજા ઘણોજ આનંદ પામી બોલ્યો કે;—"સતી! તું મારી પ્રાણપ્રિય અર્ધાંગના છે, મારા પ્રાણ તારામાં લાગેલા છે. તું મારા કુળની સુગંધ છે, તું આંખનું અંજન અને હૃદયનું ભૂષણ છે. તું મારા હૃદયની રાણી છે, હું હમેશાં તારા

અસ્તિત્વથી જીવું છું." વગેરે ઉત્તમ અને પ્રેમી પતિને યોગ્ય વચનો કહ્યાં હતાં. અહો ! આ પવિત્ર દંપતિમાં કેવો ઉચ્ચભાવ હતો, તે આપરથી જણાઇ આવે છે. આ પવિત્ર પ્રેમી દંપતિનાં મનોમન, અને શરીરે શરીર એક રૂપ જેવાં થઇ ગયાં હતાં. તેઓ ઘડી પણ એકબીજાથી વિખૂટાં પડેલાં જોવાને ખુશી નહોતાં. ઉર્વશી પતિને અનેક પ્રકારે સલાહ અને સહાયતા આપી ઉપયોગી થઇ પડી હતી. રાજા તેમની સેવા વગેરે ઉત્તમ ગુણ પ્રભાવથી તેમને શક્તિ સ્વરૂપ ગણી સર્વ પ્રકારે રાજી રાખતો. આ પ્રેમી પતિપત્નીમાં આવા ઉત્તમ ગુણો જોઇને દેવરાજ ઇંદ્ર પણ તેમને ચાહતો હતો આ દંપતિ જો કે શરીરથી જુદાં હતાં, પરંતુ હૃદયથી એક રૂપ જેવાં હોવાને લીધે, તેઓ એક બીજાનો વિયોગ સહન કરી શકતાં નહોતાં. એવી રીતે ઘણો વખત સ્વર્ગીય સુખ ભોગવ્યું; પરંતુ એ સુખ લાંબી મુદત ભોગવી શક્યાં નહિ. તેમને પણ પ્રેમની કસોટીએ ચડી દુઃખનો અનુભવ કરવાનો વખત આવ્યો.

સાધ્વી ઉર્વશી રાજાને પ્રાણ સમાન પ્રિય હતી. તેમને તેમના વિના ઘડી પણ ચેન પડતું નહિ. એક વખતે રાજા ઉર્વશીને સાથે લઇ હિમાલયના કૈલાશ પર્વતપર ગંધમાદન વનમાં વનનું સૌન્દર્ય જોતો જોતો આમતેમ ફરતો હતો. તેવામાં કોઇ કારણથી ઉર્વશી માર્ગ ભૂલીને કુમાર વનમાં અદશ્ય થઇ ગઇ. રાજા ઉર્વશીને નહિ જોયાથી મૂર્છિત થઇ પડ્યો. શુદ્ધિમાં આવતાં પત્ની વિયોગથી ઘેલા સરખો બની ગયો. ખાવા પીવાનું તજી દીધું. કેવળ ઉર્વશીના વિયોગ વિચારે તેના મનોરાજ્યને ઘેરી લીધું. શરીરની શુદ્ધ જતી રહી. શોધ કરતો કરતો કુમાર વનમાં આવ્યો. ત્યાં બેભાનપણે મોર, કોકિલા, હરણ વગેરે જે પશુ પક્ષી મળે તેને પોતાની પ્રિયાના સમાચાર પૂછવા લાગ્યો; પરંતુ તેમના તરફથી ઉત્તર નહિ મળવાથી દયા ભરેલા અવાજે બોલ્યો કે;—હાય ! જગતની શું આવી ગતિ છે? કે કોઇ કોઇના દુઃખથી દુઃખી થતાં નથી ! સર્વે પોત પોતાના આનંદમાં આનંદીત થવા ઇચ્છે છે. તેથી જણાય છે કે;—લોકો બીજાના થોડા સુખને ઘણું સુખ અને બીજાના ઘણા દુઃખને થોડું દુઃખ સમજે છે." તે પછી પર્વત, નદી, અને વનમાં ચારે તરફ ફર્યો. જેને પૂછે તેના તરફથી પ્રત્યુત્તર મળે નહિ. તેથી નિરાશ થઇ બોલ્યો;—અહો ! આટલી જગ્યોએ શોધી વળ્યો, પણ ક્યાંય મળી નહિ. તેથી કોણ જાણે ક્યાં ગઇ હશે, તે શું ક્રોધને લીધે છૂપાઇ ગઇ હશે? પરંતુ વધારે વાર ગુસ્સામાં રહેવું એ તેનો સ્વભાવ નથી. શું તે અભિમાનને લીધે દેવલોકમાં ગઇ હશે? નહિ, નહિ. તે તો મારા પ્રેમને વધારે જાણેછે. હાય ! દૈવપ્રતિકૂલ થવાથી કોઇ ઠેકાણે પતો લાગતો નથી. એમ કહેતાં અધીરો થઇ રોતાં રોતાં કહેવા લાગ્યો કે;—હા પ્રિય ! હા ગજેંદ્ર ગામિની ! હા મધુર બોલનારી ! તમે ક્યાં છો? એકવાર બોલો? હાય ! શું તમારા મનમાં આવું હતું? તમારો અલૌકિક પ્રેમ ક્યાં ગયો? તમે જેને એકપળ પણ ન જોયાથી પ્રલય સમાન સમજતાં હતાં; પણ હમણાં તેનો વિરહ કેવી રીતે સહન કરો છો ? જેનું જરાપણ શારીરિક અસુખ સાંભળવાથી તમે વ્યા-

ણાંજ વ્યાકુળ થતાં હતાં, પણ હમણાં તેની દુરાવસ્થા જોઇને કેવી રીતે મુંગાં રહ્યાં છો ? મેં કદી સ્વપ્નમાં પણ તમારો અનાદર કર્યો હોય એવું સાંભળતું નથી; ત્યારે બીજા શા અપરાધથી મારો ત્યાગ કર્યો છે ? એમ અનેક પ્રકારે વિલાપ કરવા લાગ્યો. થોડીવાર ધીરજ રાખી આગળ ચાલતાં એક શીલા નીચેથી એક લાલ રંગનો મણિ મળ્યો. તે હાથમાં લઇને બોલ્યો;—અહો ! આ જેના ચોટલાના અંબોડાની વચમાં નાંખવા યોગ્ય છે, પણ તે તો અદૃશ્ય થઇ ગઇ છે, તો એને વૃથા હાથમાં શામાટે રાખવો ? એમ કહી ફેંકી દેવા લાગ્યો. તેવામાં દેવ વાણી સાંભળી કે;—"હે વત્સ ! એનો ત્યાગ કરીશમાં, એ સંગમનિયમણિ છે. એના ધારણ કરવાથી તારી પત્ની તને મળશે." એ સાંભળી મણિ લઇને આગળ ચાલતાં, એક વેલની પાસે ઉર્વશીનો મેળાપ થયો.

ઉર્વશીની મોહન મૂર્તિ જોતાંજ રાજા મૂર્છિત થઇ પૃથ્વી ઉપર પડયો. ઉર્વશી ત્વરાથી ખોળામાં લઇ કહેવા લાગી;—પ્રાણનાથ ! ધૈર્ય રાખો ? આવાં તેમનાં અમૃતમય વાકય સાંભળતાંજ રાજા શુદ્ધિમાં આવી આનંદાશ્રુ પાડવા લાગ્યો. ઉર્વસીએ સજળ નયનથી વસ્ત્રને છેડે આંસુ લુછીને ગળગળા કંઠથી કહ્યું કે;—મહારાજા ! હવે શા માટે શોક કરો છો ? કેવળ દૈવની પ્રતિકુળતાથીજ આ બનાવ બન્યો હતો એમાં કોઇનો દોષ નથી. હાય ! હું કેવી હતભાગિયણછું ! જે સેંકડો અસહ્ય કલેશ માથે લઇને વારંવાર મને ભારે દુઃખમાંથી છોડાવો છો ? હું તેનો જરાપણ ઉપકાર ન કરતાં કેવળ પગલે પગલે દુઃખનું કારણ બનુંછું. વગેરે બોલી રાજાને કંઠે વળગી રૂદન કરવા લાગી. રાજા તેમને શાંત કરી પોતાની રાજધાની પ્રયાગમાં તેડી લાવ્યો. પછી બન્ને સુખમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યાં. રાજાએ સંગમનિયમણિ બહુ યત્નથી સાચવી રાખ્યો હતો. એક વખતે ઉર્વશીઅને રાજા ગંગા કિનારે સ્નાન કરવા ગયાં હતાં. સ્નાન કરતી વખતે પોતાનાં કેટલાંક વસ્ત્ર ને મણિ કિનારે મૂકયાં. તેટલામાં એક ગીધે લાલ મણિને માંસનો લોચો સમજીને તે ઉપાડી લીધો. રાજા તેની પાછળ ગયો, પણ મણિ હાથ લાગ્યો નહિ. આગળ જતાં તે ગીધપક્ષી બાણથી છિન્ન ભિન્ન થઇ પડયું હતું તે બાણ કોનું તે વિષે તપાસ કરતાં, ઉર્વશી થકી ઉત્પન્ન થયેલો રાજાનો પુત્ર દીર્ઘાયુ જે ઋષિના આશ્રમમાં હતો, તેનું નામ તે બાણ ઉપર વાંચવામાં આવ્યું. એ રીતે આ વેળાએ રાજાને પોતાના પુત્રનો મેળાપ થયો. છેવટે નારદે આવી રાજાને કહ્યું કે;—"ઉર્વશીનો શાપ હવે પૂરો થયો છે. તેમ છતાં પણ ઉર્વશી હવે પછી પણ તમારી પાસેજ રહેશે, એવી ઇંદ્રે આજ્ઞા કરી છે." આવી રીતે આખરે રાજાના સર્વ મનોરથો પૂર્ણ થયા, અને ઉર્વશી પણ તેથી ઘણીજ આનંદ પામી. અહો ! ખરેખર પ્રાતિતો પુરવા રાજાનીજ ! જેણે પોતાની પત્ની માટે અસહ્ય દુઃખો સહન કરીને એક ખરા પતિ તરીકેનું સુદૃષ્ટાંત જગતમાં બતાવી આપ્યું છે ! તેમજ ઉર્વશી જેવી સાધ્વી

સ્ત્રી કે જે પતિને અનેક પ્રકારે સેવા બજાવી ઉપયોગી થઇ પડી હતી અને તેને લીધે તે પતિનો અપાર પ્રેમ મેળવવાને ભાગ્યશાળી થઇ હતી! આ શું તેની ઓછી મહત્તા છે!! ખરેખર આવી પતિ પ્રેમી સ્ત્રીને ધન્ય છે!!!

ચૂડાલા.

આ પરમ પવિત્ર બ્રહ્મનિષ્ઠ સતી સ્ત્રી સૌરાષ્ટ્ર દેશના રાજાની પુત્રી થાય. તે મહા સ્વરૂપવાન, ધાર્મિક, દયાળુ, ચતુર, ભણેલી બુદ્ધિવાન, તેજસ્વી, પતિવ્રતા અને હિંમતવાન હતી તે એટલી તો રૂપ અને લાવણ્યતામા શ્રેષ્ટ હતી કે, અપ્સરાઓ પણ તેને જોઇને મોહિત થતી હતી. તેણે બાળપણમાં ઋષિમુનિઓ પાસેથી ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને આત્મજ્ઞાન મેળવ્યું હતું. નૃત્ય અને સંગીતશાસ્ત્રમાં પણ ઘણી કુશળ હતી. આવાં તેનાં રૂપ ગુણનાં વખાણ સાંભળીને શિખિધ્વજ નામે રાજાએ તેની સાથે પરણવાની ઇચ્છા બતાવી હતી. તેથી તેના પિતાએ તેની સાથે પરણાવી હતી. રાજા તેની સાથે પરણ્યા પછી રાજ હંસ જેમ કમલિની સાથે વિનોદમાં રાત્રિ દિવસ ગાળે, તેમ તે ચૂડાલાની સાથે અહોનિશ વિનોદમાં રહેવા લાગ્યો. સતી ચૂડાલાને વિદ્યા મેળવવાનો મૂળથીજ ઘણો શોખ હતો. તેથી તેણે પોતાના પતિપાસેથી શાસ્ત્રો ઉપરાંત વ્યવહારનીતિ અને બીજી વિદ્યા કળાનું જ્ઞાન મેળવ્યું હતું. રાજાએ પણ તેની પાસેથી સંગીત અને નૃત્યનું શિક્ષણ લીધું હતું. આ દંપતિમાં એટલો તો પરસ્પર પ્રેમ હતો કે, તેઓ પુષ્પ અને સુગંધની પેઠે નિરંતર તન્મય રહેતાં હતાં. તેમણે યુવાનીમાં કેટલાંક વર્ષો સુખ ભોગવ્યા પછી વિચાર કર્યો કે;—અહો! ફુટેલા ઘડામાંથી જેમ પાણી ઝરી જાય, તેમ આપણા બન્નેનું યૌવન ગળી જઇ આયુષ્ય ઓછું થતું જાય છે. કાળના ઝપાટામાંથી બચવાના નથી. આ મિથ્યા દેહથી વ્યવહાર કરનારા જીવના મરણને પાકેલા ફળના પડવાની પેઠે કોઇથી પણ અટકાવી શકાય તેમ નથી. પાણી જેમ ફુટેલા ઘડામાંથી ઝર્યા કરે છે, તેમજ આયુષ્ય પણ શરીરમાંથી ઝર્યા કરેછે. ગીધપક્ષી જેમ માંસના લોચા ઉપર ઝડપો નાંખે છે, તેમજ દુઃખો મનના ઉપર ઝડપો નાંખ્યા કરે છે. જીવન પાણીના પરપોટા જેવું ક્ષણિક છે. યૌવનનો વેગ નદીના પૂરની પેઠે ઝડપથી વહેનારો છે. માટે હવે જે જ્ઞાનવડે ગમે તેવા દુઃખમાં પણ માનસિક ખેદ ન થાય, તેવું જ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરવાની ઘણી અગત્ય છે. આવો વિચાર કર્યો, પછી આ પવિત્ર મનનાં દંપતી મોક્ષ મેળવવા માટે વેદાંત શાસ્ત્રનું જ્ઞાન મેળવવા લાગ્યાં.

સતી ચૂડાલા તીવ્ર બુદ્ધિની હતી. તેણે પિતાને ઘેર પણ કેટલુંક આત્મ

જ્ઞાન સંપાદન કર્યું હતું. તે હવે નિરંતર પતિની સાથે વેદાંતશાસ્ત્ર જાણનારા ઋષિ મુનિઓના મુખથી વેદાંતનું નિર્મળ જ્ઞાન શ્રવણ કરીને પરમાત્માના સ્વરૂપને જાણવાનો પ્રયાસ કરવા લાગી. અભ્યાસ કરતાં કરતાં તેને વિચાર થયો કે;–દેહ તો જડ અને મૂઢ છે, અજ્ઞાન બાળકો પણ 'મારોદેહ' એમ કહે છે, પણ હું દેહ એમ કહેતાં નથી. તેથી નિશ્ચય થાય છે કે, આત્માથી દેહ ભિન્ન છે. અને તે નાશવંત છે. આવા વિચારો કરીને ચૂડાલા પોતાના મનમાં અત્યંત હર્ષ પામવા લાગી અને સાંસારિક મોહ તરફ તુચ્છ બુદ્ધિથી જોવા લાગી. આત્મજ્ઞાનના પ્રભાવથી તેણે જે શાંતિમય સુખ મેળવ્યું હતું, તેને લીધે તેના સૌન્દર્યમાં વિશેષ વધારો થયો. વસંતમાં ખીલી નીકળેલી લતાની પેઠે તેનું લાવણ્ય પૂર બહારમાં ખીલી નીકળ્યું. તે જોઇને રાજા શિખિધ્વજે પૂછ્યુંકે;—પ્રિય સતી! તારી શોભામાં એકદમ આવો વધારો થવાનું શું કારણ? સતીએ કહ્યું કે;—પ્રાણપતિ! એ બધો આત્મજ્ઞાનનો પ્રતાપ છે. ભોગો ભોગવ્યા વિના પણ તેના ઉપભોગનો આનંદ હું મેળવી શકું છું. આ દેહ રાજમહેલમાં છે છતાં હું પરબ્રહ્મમાં વિચરૂં છું. હું સુખ કે દુઃખ કોઇની પણ પ્રાર્થના કરતી નથી. તેમ દૈવ યોગથી અનર્થો થયા છતાં પણ હું તેનાથી હારતી નથી; પરંતુ ભાગ્યવડે જે વસ્તુ આવી મળે છે, તેટલાથીજ સંતોષ પામું છું. તેને લીધેજ આ શોભા ખીલી નીકળી છે. રાજા જરા હસીને બોલ્યો;–સુંદરી! તમે જે વાત કહી તે બધી સંબંધ વિનાની છે! તમારી બુદ્ધિ હજી કાચી છે. તમે જે વાતો કહો છો, તે બધી પ્રત્યક્ષ નહિ પણ અપ્રત્યક્ષ છે. ભોગો ભોગવ્યા વિના પણ તેનો આનંદ મળવા વિશે તમે કહ્યું તે વાત માની શકાય તેવી નથી. માટે લૌકિક ભોગ વિલાસોને એકદમ તજી દેવા એ યોગ્ય નથી. એમ કહીને રાજા સ્નાનગૃહમાં સ્નાન કરવાને ગયો અને આ સતી એકલી આરામગૃહમાં રહી.

સતી ચૂડાલા ડાહી ને વિવેકી હતી. તે રાજાના સાંસારિક મોહ ઉપર મનમાં વિચાર કરવા લાગી કે;— હજી રાજાજીનો સંસાર ઉપર જેવોને તેવોજ મોહ છે. તે મારા કહેવાનો ભાવાર્થ સમજ્યા જણાતા નથી. ઠીક છે, ધીરે ધીરે સર્વ સારાંવાનાં થશે. એવી રીતે કેટલોક વિચાર કરી ગૃહકાર્ય કરવા લાગી. તે આત્મસ્વરૂપને જાણી નિરંતર આનંદમાં રહેતી હતી. તેને એક વખતે એવો વિચાર થયો કે, હું પણ દેવતાઓની પેઠે આકાશચારિણી સિદ્ધિને મેળવું તો ઠીક. એમ વિચારી તેણે એકાંત સ્થળમાં પદ્માસન વાળી, શરીરને દૃઢ રાખીને ઘણો કાળ યોગાભ્યાસ કર્યો. તેથી તેને એ સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી. જે આત્મજ્ઞાન દુઃખને શાંત કરનાર છે, તે જ્ઞાન હજુ રાજાને પ્રાપ્ત થયેલું ન હોવાથી તે હમેશાં બળ્યા કરતો હતો. તેના મંત્રીઓ ઉપદેશ અને દૃષ્ટાંતો આપીને તેની પાસે રાજકીય કાર્યો કરાવતા હતા. રાજાએ ગાય, સુવર્ણ વગેરેનાં દાન આપ્યાં, ચાંદ્રાયણ વગેરે

વ્રતો કર્યાં, અને તીર્થયાત્રાઓ કરી, તોપણ તેના મનમાંથી સંતોષ ગયો નહિ. તેથી એક વખતે પોતાની રાણી ચૂડાલાને કહ્યું કે;—વહાલી ! મેં ઘણો વખત રાજ્ય કરી વૈભવો ભોગવ્યા છે. હવે મને વનવાસ કરવાની ઇચ્છા થઇ છે; કારણ વનમાં સુખ કે દુઃખ કંઇ પણ ભોગવવું પડતું નથી. એકાંત વાસથી મન જેવું પ્રસન્ન રહે છે, તેવું રાજમહેલ કે ઇંદ્રભૂવનમાં પણ રહેતું નથી. તેથી હું હવે આ દુઃખથી ભરેલા રાજવૈભવો છોડીને વનમાં જઇશ. મારી આ ઇચ્છાને તુ પણ અનુમોદન આપીશજ. ખરેખર પતિવ્રતા સ્ત્રીઓ પતિની ઇચ્છા ભંગ કરતી નથી. તેઓ હમેશાં પતિના હિતમાંજ તત્પર હોય છે.

આ જ્ઞાનમૂર્તિ ચૂડાલા પતિવ્રતા હતી. તે પોતાના પ્રાણનાથ પ્રત્યે શું કર્તવ્ય છે, તે સમજતી હતી. તેથી તેણે કહ્યું કે;—" નાથ ! વસંતમાં જેમ પુષ્પો અને શરદમાં જેમ ફળ શોભે છે, તેમ કાર્ય પણ પોત પોતાના સમયે શોભે છે. વનવાસ વૃદ્ધ પુરૂષને શોભે, પરંતુ તમારા જેવાને શોભે નહિ. આપણે જ્યાં સુધી તરૂણ છીએ, ત્યાં સુધી આપણને ઘરમાંજ રહેવું યોગ્ય છે. વળી રાજા પ્રજાનું પાલન નહિ કરતાં સમયવિના વનવાસ કરે છે, તો તેને દોષ લાગે છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. પ્રજા પાલન કરતાં બીજો મોટો ધર્મ નથી. માટે હમણાં વનમાં જવું માંડી વાળો !" આ વચન સાંભળી રાજાએ કહ્યું;—રાણી ! તમારે મારા કાર્યમાં વિઘ્ન નાખવું નહિ. મને રજા આપો. તમે કુટુંબનું રક્ષણ કરો અને રાજ્ય કાર્યભાર ચલાવો. આ રીતે કેટલોક વાત ચિત કરી બન્ને નિદ્રાવશ થયાં. અર્ધ રાત્રિ થતાં રાજા ચુપ ચૂપ કોઇ ન જાણે તેમ વનમાં ચાલ્યો ગયો અને મંદરાચળ પર્વતની તળેટીમાં પર્ણકુટી બાંધીને રહ્યો. ચૂડાલાએ પાછલી રાત્રે જાગ્રત થતાં પતિના પલંગપર જોયું, તો તેપર દીઠા નહિ. ત્યારે તેણે વિચાર કર્યો કે;—અરેરે ! રાજાજી તો મને અને રાજ્યને તજીને વનમાં ચાલ્યા ગયા ! હવે મારે શું કરવું ? શાસ્ત્રોમાં સ્ત્રીને પતિ એજ મુખ્ય આધાર કહેલો છે. ચાલ હવે હું પણ તેની પાસે જાઉં. આવો વિચાર કરીને પતિ પાસે જવાને ચાલી. પરંતુ દૈવયોગથી પાછા આવવું પડયું. પાછાં આવી રાજકાર્યભાર ચલાવવા લાગી. અઢાર વર્ષ સુધી ધર્મ નીતિથી રાજ્ય ચલાવી પ્રજાનું અનેક પ્રકારે ભલું કર્યું. તેથી પ્રજાની આ સતી પ્રત્યે અત્યંત પ્રીતિ વધી હતી. રાજા મંદરાચળના ઘાટા અરણ્યમા એકાંત વાસ કરીને પરમાત્માનું ભજન કરતો હતો. રાજા વૃદ્ધાવસ્થા થતાં શાંત બની ગયો હતો. વૈરાગ્ય તેનાં ચંચળ મનને નિર્બળ કરી નાંખીને તેની વૃત્તિને પરમાત્મા રૂપ કરી દીધી હતી. હવે તેને સાંસારિક ભોગો ભોગવવાપર જરા પણ ભાવ રહ્યો નહોતો. આવો સમય તેને આત્મજ્ઞાનનો ઉપદેશ આપવા માટે યોગ્ય છે, પરંતુ હું જો મારા આ સ્વરૂપથીજ તેને મળીશ, તો તે મને તરૂણ અને પોતાની સ્ત્રી સમજીને મારો ઉપદેશ ગ્રહણ કરશે નહિ. માટે બ્રાહ્મણ

કુમારનો વેશ ધારણ કરીને રાજાને આત્મતત્વનો ઉપદેશ કરૂં. આમ વિચાર કરીને બ્રાહ્મણ પુત્રના વેશે, જ્યાં રાજા ઇશ્વિરનું આરાધન કરતો હતો ત્યાં જઇને બેઠી. રાજાએ ઘણો સત્કાર કર્યો અને તેમની સાથે કેટલોક વાતચિત કરી પૂછ્યું કે;—મહારાજ! આપ કોના પુત્ર છો ? તેના ઉત્તરમાં ચૂડાલાએ કહ્યું;—હું નારદ ઋષિનો પુત્ર છું. રાજાએ પ્રશ્ન કર્યો;—ઠીક. ત્યારે મહારાજ! આ સંસારમાં મનુષ્યને સુખ દુઃખ થવાનું શું કારણ છે તે કહો? બ્રાહ્મણ પુત્રે ઉત્તર આપ્યો;—રાજાજી! સુખ ને દુઃખ એ મનના ધર્મો છે, આત્માના નથી. પરંતુ અજ્ઞાન વડે તેને આત્મામાં માની લીધેલા છે. જેને આત્મજ્ઞાન થયું હોય તેને સુખ દુઃખ કોઇ પણ બાધ કરી શકતું નથી. જ્ઞાન વિના મુક્તિ મળતી નથી. માટે જ્ઞાન સંપાદન કરવું જોઇએ; પરંતુ તે પહેલાં મનને શુદ્ધ કરવા માટે કર્મો કરવાની અગત્ય છે. કર્મોથી જ્ઞાન સંપાદન કરવાની યોગ્યતા આવે છે. તમને તમારી જ્ઞાની સ્ત્રી ચૂડાલાએ પૂર્વે ઉપદેશ કર્યો હતો પણ તમે તેને હસી કાઢી હતી અને તેનો ઉપદેશ ગ્રહણ કર્યો નહોતો. હવે તમારે જ્ઞાન ગ્રહણ કરવાની ઘણી જરૂર છે. તેથી તમને મુક્તિ મળશે.

સતી ચૂડાલા જે બ્રાહ્મણ પુત્રવેશે હતી, તેનાં આવાં વચન સાંભળી રાજા બોલ્યો;—મેં તેનો ઉપદેશ વગર કહેજ ગ્રહણ કર્યો છે, કારણ કે મેં રાજપાટ, તથા વૈભવો તજીને આ વનમાં વાસ કર્યો છે. બ્રાહ્મણ પુત્ર બોલ્યો;—તમે બધી વસ્તુનો ત્યાગ કર્યો છે, પરંતુ જે વસ્તુનો ત્યાગ કરવાથી તમારા શોકનો નાશ થાય તે વસ્તુનો તમે ત્યાગ કર્યો નથી. તમારે આ વનપરથી પણ મમતા મૂકી દેવી જોઇએ. તે પરથી રાજાએ વન ઉપરથી પણ પોતાની મમતા તજી દીધી. તે બન્ને સાથે રહેવાં લાગ્યાં અને નિત્ય બ્રાહ્મણ કુમારના રૂપમાં રહેલી ચૂડલાના ઉપદેશથી આખરે રાજાને સર્વ વસ્તુ ઉપર વૈરાગ્ય આવી ગયો. છેવટે તેમણે પોતાના હાથમાં રહેલી રૂદ્રાક્ષ માળાને સંબોધીને કહ્યું;—હે રૂદ્રાક્ષ માળા! તું મારી સાથે ઘણો કાળ રહી, હું મંત્રોરૂપી અરણ્યોમાં તારી સાથે સાથે ઘણો વખત ભટક્યો, હવે તો હું વિશ્રાંતિ લેવાને ઇચ્છુંછું, એમ કહીને રૂદ્રાક્ષ માળાને અગ્નિમાં હોમી દીધી. તે પછી મૃગચર્મને સંબોધીને કહ્યું;—હે મૃગચર્મ! તેં મને આજ દિવસ સુધી ધારણ કર્યો છે. તેથી તારો ઉપકાર માનું છું. હવે તું પણ મને તજી જા. હે કમંડલ! તેં પણ મારી તૃષાને છીપાવવામાં મોટી સહાયતા કરી છે, હવે તું પણ વિદાય થા. એમ સર્વ ઉપરકરનો ત્યાગ કરીને રાજા આત્મસ્વરૂપના આનંદમાં મગ્ન રહેવા લાગ્યો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ વગેરે નિરાશ થઇ રાજાનો ત્યાગ કરી ગયા, અને વૈરાગ્યે તેના હૃદયમાં વાસો કર્યો. આ પ્રમાણે થતાં સતી ચૂડાલાએ બ્રાહ્મણ કુમારનું રૂપ તજીને અસલ રૂપ ધારણ કરી રાજાની સામે ઉભી પ્રણામ કર્યાં. રાજા સતી ચૂડાલાને પોતાની સામે ઉભેલી જોઇને ઘણું આશ્ચર્ય

પામ્યો. પછી પૂછયું કે;—હે ભદ્રે! તું અહીં કયાંથી? ને કેટલા દિવસથી આવી છે? ચૂડાલા બોલી;—આપ વનમાં પધાર્યા પછી કેટલોક કાળ રાજ્ય કાર્યભાર ચલાવીને આપની પાસે બ્રાહ્મણ પુત્રના રૂપમાં આવીને રહી છું. એ રીતે વાતચિત કર્યા પછી બન્ને ઘણા હર્ષથી ભેટયાં. રાજાએ પોતાની પતિવ્રતા સ્ત્રી તરફ પ્રેમ દષ્ટિથી જોઇને કહ્યું કે;—હે પ્રિયે! પોતાની પતિવ્રતા સ્ત્રીનો પ્રેમરસ અમૃતના કરતાં પણ વધારે સ્વાદિષ્ટ હોય છે, તેં તારા કોમળ શરીરથી મારા ઉદ્ધાર માટે ઘણો પરિશ્રમ વેઠયો છે, તે માટે હું તને કોની ઉપમાં આપું? ખરેખર અરૂંધતી, ઇંદ્રાણી અને સાવિત્રી વગેરે સતીઓ કરતાં પણ તું અધિક છે. સતી સ્ત્રીનો બોધ જે રીતે પોતાના પતિનો ઉદ્ધાર કરી શકે છે, તે રીતે શાસ્ત્ર પણ કરી શકતાં નથી. ખરેખર પતિવ્રતા પત્નીએ પોતાના પતિને ભાઇ, સંબંધી, સેવક, ગુરૂ, મિત્ર, ધન અને સુખ વગેરે એમાંનું જે કહીએ તે છે. ખરેખર તારા જેવી પવિત્ર સતીને ધન્ય છે! જેના ઉપદેશ વડે હું આત્મજ્ઞાન પામ્યો, એવી તું મારે પતિવ્રતા સ્ત્રી છે, એ જોઇ હું મને પોતાને મોટો ભાગ્યશાળી સમજું છું. તું તો સર્વ કામથી રહીત છો. તારો ઉપકારનો બદલો હું કોઇ રીતે વાળી શકું એમ નથી. તું સૌજન્યાદિક ગુણોમાં સર્વ સ્ત્રીઓથી શ્રેષ્ઠ છે. તે પછી રાજા રાણી બન્ને પોતાની રાજધાનીમાં આવ્યાં, ને કેટલાંક વર્ષ રાજ્ય કરી પ્રજાની પ્રીતિ મેળવીને પરમાત્માને પામ્યાં. અહો! ધન્ય છે સતી ચૂડાલા તને! તેં અનેક સંકટો સહન કરીને પતિને પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરાવી જગતમાં એક સુદષ્ટાંત રૂપ કીર્તિ રાખી ગઇ છે!!

કાદમ્બરી.

આ પ્રખ્યાત્ પતિવ્રતા સ્ત્રી ગંધર્વના રાજા **ચિત્રરથ**ની પુત્રી થાય. તેની માતાનું નામ **મદિરા** હતું. આ રાજાને સંતાનમાં માત્ર એકજ પુત્રી રત્ન હતું. તેથી માતાપિતાએ તેને લાડકોડમાં ઉછેરી હતી. તે સાહિત્ય, ઇતિહાસ, પુરાણ, અને કળામાં ઘણી કુશળ હતી. તેણે બાલ્યાવસ્થા **મહાશ્વેતા** જેવી વિદ્વાન સખીની સાથે રહી ગાળી હતી. કાદમ્બરી પરણવા યોગ્ય થતાં તેને માટે ગુણવાન પતિની શોધ કરવા માંડી હતી; પરંતુ એટલામાં પોતાની પ્રિય સખી મહાશ્વેતા વિધવા થવાથી, તે સૌભાગ્ય સુખ ગુમાવી બેઠી છે અને તેનું વિશ્વ વિજયી લાવણ્ય હમેશાને માટે નિર્થક થઇ પડયું છે. આવા હદયભેદક સમાચાર સાંભળતાંજ કાદમ્બરી શોકથી ઘેલી જેવી થઇ ગઇ, તેનો ઉત્સાહ ભંગ થયો, પરણવાનો વિચાર તજી દીધો અને શોકમાં ગરકાવ રહેવા લાગી. તેથી તેના માત પિતાએ

ઘણી સમજાવી, ઘણા ઉપદેશો આપ્યા, અનેક દૃષ્ટાંતો આપી આશ્વાસના કરી; પરંતુ તેણે નહિ પરણવાનું લીધેલું પણ તજ્યું નહિ. આ ખબર મહાશ્વેતાને થતાં તેણે કાદમ્બરીને સમજાવવા માટે પોતાની સખી તરલિકાને મોકલી કહાવ્યું કે, સખી! હું મહા આપત્તિમાં આવી પડી છું, તેને તું વધારે શામાટે દુઃખી કરે છે? તને જો મારાપર સ્નેહ અને મમતા હોય અને તારાં માતા પિતાને તથા આ હતભાગિણી સખીને જો સુખી કરવાને ઇચ્છતી હોય તો હઠ છોડી દઇને, ગુરૂજનની આજ્ઞા માની તે પ્રમાણે કર. તેથી હું ઘણી આનંદ પામીશ.

કાદમ્બરી તરલિકાના મુખથી આ સંદેશો સાંભળી ચોધાર અશ્રુપાડી રડવા લાગી. પછી તેણે કેયૂરક સાથે કહાવી મોકલ્યું કે;— સખી મહાશ્વેતા! તારા કહેવાપર લક્ષ્ય આપ્યું છે. તું જાણે છે કે, મારૂં હૃદય નિર્મળ પ્રેમથી ભરેલું છે તો પછી તને આવો કઠોર સંદેશો કહેવરાવવાનું શું પ્રયોજન હતું? સ્વસ્થ મન વાળું કોઇ પણ મનુષ્ય પરિણામે નાશ થઇ જનાર વિષયોમાં કદી પણ મન પરોવેજ નહિ. સખીના દુઃખથી દુઃખી થયેલા હૃદયને તે વળી સુખની શી આશા? નિવૃત્તિ કેવી! પતિ સમાગમ કેવો? સૂર્ય નારાયણ આથમી ગયા પછી નલિની શોકાતુર થાય છે; ત્યારે નિત્ય તેની પાસે રહેનારી સખી ચક્રવાકી પણ પોતાના પતિના સહવાસનું સુખ છોડી દેછે. તો પછી મારા જેવી આ પોતાની દુઃખી સખીને માટે તેમ કરે, તેમાં શું આશ્ચર્ય? મારી સખી પતિના વિરહથી પીડાઇને પરપુરૂષનું દર્શન સુદ્ધાંત તજી બેઠી છે તો પછી મારા મનમાં પણ પુરૂષનો કેમ વાસ થાય? જ્યારે મારી વહાલી સખી પતિનો વિયોગ થવાથી વિધવાવ્રત ધારણ કરીને પોતાના કોમળ શરીરને સુકવી નાંખવા તૈયાર થયેલી છે, તો પછી હું કેવળ મારાં પોતાનાં સુખને માટે સ્નેહીઓને ગણકાર્યા વિના પરણી બેસું એ તે ઠીક ગણાય કે? તારા ઉપરના પ્રેમને લીધે મેં વિનયને વિસાર્યો છે, વડિલોનાં વચનોનું ઉલ્લંઘન કર્યું છે, સ્ત્રીઓને આભૂષણ રૂપ ગણાતી લજ્જાને પણ કોરણે મૂકી છે. આ બધું મેં મારી એક પ્રિય સખીને માટે કર્યું છે. હવે હું તને હાથ જોડીને કહું છું કે, તું મારાપર કૃપા કરીને ફરી તે વાત માટે મને આગ્રહ કરીશમાં. મારો જીવ પણ તારી જોડે વનમાંજ રહેલો છે. મહાશ્વેતાએ આ સંદેશો સાંભળીને પોતેજ કાદમ્બરીની પાસે જઇ ઘટતું કરવાનો વિચાર કર્યો.

આ વખતે ભરતખંડમાં તારાપીડ નામે રાજા રાજ્ય કરતો હતો. તેનો પુત્ર ચંદ્રાપીડ સર્વ વિદ્યા કળામાં પ્રવિણ થયા પછી પોતાના પિતાની આજ્ઞા લઇ, મોટી સેના સાથે દિગ્વિજય કરવાને નીકળ્યો હતો. સાથે મંત્રી વૈશમ્પાયન પણ હતો. દિગ્વિજય કરતો હિમાલયના પ્રદેશમાં આવ્યો. ત્યારે તેણે એક કિન્નરનાં જોડાંને હસતું રમતું દીઠું. તેની પાછળ પોતાના ઘોડાને દોડાવી મૂક્યો; પરંતુ કિન્નરનાં જોડાંનો પતો લાગ્યો નહિ. ત્યાંથી ફરતો ફરતો કાદમ્બરીની સખી મહા-

શ્વેતા જ્યાં શંકરનું આરાધન કરી તપશ્ચર્યા કરતી હતી, ત્યાં આવી પહોંચ્યો. તે દેવકન્યા જેવી મહાશ્વેતાને તપ કરતી જોઇને બહુ આશ્ચર્ય પામ્યો. મહાશ્વેતાએ અતિથિ તરીકે આવેલા રાજકુમારનો સત્કાર કર્યો. પછી તેમણે વિવેક પૂર્વક પૂછવાથી પોતાની તપશ્ચર્યા કરવાનું કારણ કહી બતાવ્યું. પછી ચંદ્રાપીડને વિનંતિ કરીકે;—હે રાજકુમાર! હેમકૂટ રમણિય પ્રદેશ છે, ત્યાં ચિત્રરથ નામે રાજા રાજ્ય કરે છે. માટે જો તમને કાંઇ પણ અડચણ નહોય તો ત્યાં પધારો? હું પણ મારી સખી કાદમ્બરીને સમજાવવા માટે હેમકૂટ આવું છું. સારા મનુષ્યનો સમાગમ દુઃખી મનુષ્યોને આનંદ દાયક થઇ પડે છે. તમારા દર્શનથી મારાં દુઃખી હૃદયને આશ્વાસના મળી છે. આ સાંભળી ચંદ્રાપીડે ઉત્તર આપ્યો. ભગવતિ.! જ્યારથી તમારાં દર્શન મને થયાં છે, ત્યારથીજ આ શરીર તમારા આધીન છે, જે યોગ્ય લાગે તે આજ્ઞા કરો? તે પ્રમાણે કરવા હું તૈયાર છું.

આ પ્રમાણે વાતચિત કર્યા પછી બેઉ હેમકૂટ ઉપર ગયાં. ચિત્રરથરાજાના રાજ્યાનો સર્વ વૈભવ દેવતાઇ હતો. મહાશ્વેતા અને ચંદ્રાપીડ મોટા રાજ માર્ગે થઇને કાદમ્બરીના મહેલમાં આવ્યાં, ત્યાં કાદમ્બરી હજારો કન્યાઓની વચ્ચે બેઠી હતી. તેનું રૂપ લાવણ્ય અનુપમ હતું. તેણે સર્વ અંગમાં હીરા, મોતીનાં અલંકારો પહેર્યા હતા. ચંદ્રાપીડ કાદમ્બરીનું અનુપમ રૂપ જોઇને મનમાં અનેક મનોરથો ઘડવા લાગ્યો. એટલામાં તો કાદમ્બરી ઘણા હર્ષથી ઉઠીને મહાશ્વેતાને કંઠે વળગી પડી. મહાશ્વેતા પણ ઘણા હર્ષથી ભેટીને બોલી;—બેન! ભરતખંડના રાજા તારાપીડના આ રાજકુમાર છે અને દિગ્વિજય કરતા કરતા આ ભૂમિમાં આવી ચઢ્યા છે. આ સાંભળી કાદમ્બરીએ દૂર ઉભાં ઉભાંજ હાવભાવથી ચંદ્રાપીડને પ્રણામ કર્યા અને પોતે મહાશ્વેતાની સાથે પલંગપર બેઠી. ચંદ્રાપીડ પણ પાસેના એક આસન પર બેઠો. પછી બંને સખીઓએ કેટલીક વાતચિત કરી. મહાશ્વેતાએ ચંદ્રાપીડને પાન બીડી આપવા કાદમ્બરીને કહ્યું. કાદમ્બરીએ મહાશ્વેતાના આગ્રહથી શરમાતાં શરમાતાં આડી નજર રાખીને પાનબીડી આપવા હાથ લાંબો કર્યો. તે જાણે "મારો જીવ તમારે આધીન છે." એમ કહેતી ન હોય, તેમ તેણે પાન બીડી ચંદ્રાપીડના હાથમાં મૂકી. જેને ચંદ્રાપીડે મોટા હર્ષથી સ્વીકારી લીધી. એટલામાં રાજા ચિત્રરથ અને રાણી મદિરા આવ્યાં. તેઓ મહાશ્વેતા અને ચંદ્રાપીડને મળી ઘણાં ખુશી થયાં. ચંદ્રાપીડને પ્રમદ વનના મણિ મહેલમાં ઉતારો આપ્યો હતો, ત્યાં તે રજા લઇને વિશ્રાંતિ માટે ગયો. નાહી ભોજન કર્યું. પછી આરામ લેવા માટે એક મોટા પલંગપર બેઠો. તેટલામાં કાદમ્બરીની દાસીએ આવી તેના શરીરપર ચંદનાદિકનો બનાવેલો અંગરાગનો લેપ કર્યો. માલતી પુષ્પનો મુકુટ તેના માથાપર મુકયો અને કેટલાંએક વિજયનાં વચનો કહેતાં કહેતાં તેના કંઠમાં મોટો હાર નાંખ્યો. ચંદ્રાપીડે કાદમ્બરીની સેવા સ્વીકારી આભાર માન્યો. કાદમ્બરી તેને મનથી

પતિતરીકે માની વરી ચુકી હતી. તેમજ ચંદ્રાપીડ પણ તેને મનથી પ્રાણપ્રિય પત્ની તરીકે માની ચુકયો હતો. બંનેનું મન પરસ્પર લાગી રહ્યું હતું. રાજા ચિત્રરથ અને રાણી મદિરા પણ પોતાની પુત્રી કાદમ્બરીનો વિવાહ ચંદ્રાપીડ સાથે થવામાં ઘણાં ખુશી હતાં. તેથી તે સાથે પરણાવી. આ જોડું સર્વ પ્રકારે યોગ્ય જોડાયેલું જોઇ સૌ આનંદ પામતાં હતાં. ચંદ્રાપીડ બીજે દિવસે સ્નાન સંધ્યા કરીને કાદમ્બરી તથા મહાશ્વેતાને મળ્યો. પરસ્પર કેટલાંક વિવેક વિનયનાં વચનોથી વાતચિત કરી બંનેની રજા લઇને અચ્છોદ સરોવર પાસે પોતાના સૈન્યને આવી મળ્યો.

દેવીકાદમ્બરી બહુ કોમળ અને પ્રેમાળ હતી. તેને પતિના વિયોગથી કયાંઇ ચેન પડતું નહોતું. તેથી કેયુરક નામે એક સેવક ચંદ્રાપીડ પાસે આવી ખબર આપ્યાકે;—દેવીકામ્બરીને આપના દર્શન વિના કયાંઈ પણ ચેહેન પડતું નથી. તે આપનું મુખ જોવાને ઇચ્છે છે. આ ખબર જાણી ચંદ્રાપીડ પત્રલેખાને સાથે લઇને પાછો હેમકુટ ગયો. વિરહ વેદના અનુભવતી દેવીકાદમ્બરીને મળી તેની આશ્વાસના કરી. તેની પાસે પત્રલેખાને રાખી પોતે પાછો અચ્છોદ તળેટીમાં પડાવ નાંખીને પડેલી પોતાની સેનાને આવી મળ્યો. તેવામાં તેના પિતાનો અવંતી —ઉજ્જનિનીથી પત્ર આવ્યોકે, તારે ગયાને ઘણા દિવસ થયાછે માટે આવી મળી જવું. તેપરથી વૈશંપાયનને સેનાનો વ્યવસ્થાપક નિમી, તેને પાછળથી આવવાનું કહી, પોતે એકલોજ અવંતી આવ્યો; પરંતુ કાદમ્બરી વિના તેના મનમાં સંતાપ થવા લાગ્યો. એટલામાં મેઘનાદ પત્રલેખાને લઇ આવ્યો. તેણે કાદમ્બરીના વિરહાવસ્થાનું વર્ણન કરતાં કહ્યુંકે;—"જો તમારે કાદમ્બરીને જીવતી રાખવી હોય, તો તમે ત્યાં ઝટ પધારો?" આ સાંભળી ચદ્રાપીડ મોટા વિચારમાં પડયો. વૈશંપાયન પણ ધાર્યા પ્રમાણે અવંતી આવી પહોંચ્યો નહોતો. તેથી તેના માતાપિતા અને પોતાના માતાપિતા બહુ સંતાપ કરતાં હતાં. તેથી તેમને શોધવા માટે માતાપિતાની રજા લઇ હેમકૂટ તરફ ચાલ્યો. અચ્છોદન સરોવર પાસે તપાસતાં કશો પતો લાગ્યો નહિ. તેથી તે વિષે મહાશ્વેતાને પૂછવા માટે તેના આશ્રમ તરફ ગયો. જુવે છે તો મહાશ્વેતા કલ્પાંત કરે છે. તેને તરલિકા હૈયામાં ચાંપીને બેઠેલી છે. તે જોઇ કાદમ્બરીને તો કાંઇ થયું નહિ હોય, એવી શંકાથી ચંદ્રાપીડે મહાશ્વેતાને પૂછયું;—ઓ બેન! આપ કેમ કલ્પાંત કરો છો? મહાશ્વેતા કપાળ કુટતી બોલી કે;—"આપના ગયા પછી હું હેમકૂટથી અહીં આવી. અહીં આપના જેવાજ કોઇ કુમારને ફરતા દીઠા. મને જોઇને તેમની નજર બગડી. રાત્રે હું શિલાતલપર સૂતી હતી, તે વખતે તે કુવચન બોલ્યા. તેથી ક્રોધની મારી મેં તેને શાપ આપ્યો. એ શાપને લઇ તે પૃથ્વીપર ઢળી પડયા. એના શાબવત થયા પછી મેં સાંભળ્યું કે એ તો આપના મિત્ર હતા,"

આ પ્રિયમિત્રના શાબવત થયાના ખબર સાંભળતાંજ ચંદ્રાપીડનું હૃદય એ-

કદમ ફાટી ગયું. મહાશ્વેતાને ઝાલી બેઠેલી તરલિકાએ એકદન દોડી આવી ઝાલી લીધો. એટલામાં કાદમ્બરી પણ ચંદ્રાપીડને ત્યાં આવ્યાના સમાચાર જાણી પોતાની સખીઓ અને પત્રલેખા સાથે આવી; પરંતુ ચંદ્રાપીડને શબવત પડેલો જોઇને કપાયેલી કેળની પેઠે મૂર્છિત થઈ પૃથ્વીપર પડી. મૂર્છામાંથી જાગ્રત થયા પછી કાદમ્બરીએ ચંદ્રાપીડની સાથે સતી થવાનો—બળી મરવાનો વિચાર કર્યો. તેની પૂજાને માટે જે જે પુષ્પ, ધૂપ, દીપ તથા અગર ચંદન વગેરે લાવી હતી; તેનાથી ચંદ્રાપીડની પૂજા કરી. શબવત થઇ પડેલા પોતાના પ્રાણાધારને ખોળામાં લઇ બેઠી. એટલામાં કોઇ દૈવી પુરૂષે આવી મહાશ્વેતાને ધીરજ આપી અને કાદમ્બરીને કહ્યું કે;—"પુત્રી ! તું પ્રાણ ત્યાગ કરીશમાં. તેમ આ શબવત થઈ પડેલા કુમારને પણ અગ્નિ સંસ્કાર કરીશમાં. તેને આમને આમ રાખજે." આ મહાત્માનાં આવાં વચનથી કાદમ્બરી ચંદ્રાપીડને પોતાના ખોળામાં રાખીને નિરંતર શોક કરતી બેઠી.

આ પ્રમાણે ચંદ્રાપીડ અને વૈશંપાયની સ્થિતિ થઇ પડી. આ બંનેનાં માતા પિતા પુત્રોના કંઇ સમાચાર નહિ મળવાથી ઉજ્જયિનીથી કેટલાક દૂતોને શોધવા મોકલ્યા. તે સર્વેએ પાછા આવી આ અશુભ સમાચાર આપ્યા. આ અશુભ સમાચાર સાંભળી રાજા **તારાપીડ**, રાણી **વિલાસવતી**, મંત્રી અને મંત્રીની સ્ત્રી એ સૌ અપાર શોક કરતાં વિલાપ કરવા લાગ્યાં. દૂતોએ જણાવ્યું કે, ચંદ્રાપીડ શબત થઇ પડયા છે; પરંતુ તેનું શરીર હજુ જેવું ને તેવુંજ છે. તે ઉપરથી પુત્રનું મુખ નિરખવા રાજા, રાણી અને મંત્રી વગેરે સૌ ચંદ્રાપીડની પાસે આવવા નીકળ્યાં. તે સૌને આવતાં જોઇને મહાશ્વેતા આંસુ પાડતી પોતાની ગુફામાં જઈ બેઠી અને કાદમ્બરી મૂર્છિત થઇ ગઇ. જેને તેની સખીઓએ ઝાલી રાખી. રાજા તારાપીડ મંત્રી **શુકનાશ**ના ખભા ઉપર હાથ મૂકીને આશ્રમમાં આવ્યો. તેની પાછળ વિલાસવતી પ્રધાન પત્ની **મનોરમા**ને ખભે હાથ મૂકીને આવી. તે અશ્રુધારા પાડતી લાંબા હાથ કરીને વિલાપ કરવા લાગીકે;—ઓ પુત્ર ! ઓ વ્હાલા ! તારી હીણભાગી માતાને એક વાર ઉત્તર આપ ? એકવાર મારા સામું જો ? પુત્ર ! આમ મુંગો મુંગો કેમ પડયો છે ? ઉઠ ઉભો થા ? અને તારી રડતી માતાનાપર ધ્યાન લાવીને ઉત્તર આપ ? પુત્ર ! તને કોણે દુભવ્યો છે ? પુત્ર ! તારા પિતાને ઉઠી પ્રણામ કર ! કયાં ગઈ તારી વડિલો પ્રત્યેની ભક્તિ ? ક્યાં ગયો તારો સ્નેહ ? શું તું અમારી મમતા છોડી ચાલ્યો જઇશ ? આ રીતે વિલાપ કરી છાતી ફાટ રડવા લાગી. રાજા વગેરે સૌ રડવા લાગ્યાં. રાજા આંસુ પાડતો રાણી પાસે આવી બોલ્યો;—રાણી ! વધારે શોક કરવાથી શું ફળ છે ? આ ગંધર્વરાજની પુત્રી પણ આપણા આવવાથી શોકને લીધે મૂર્છિત થઇ ગયાં છે ! અને સખીઓના ખોળામાં પડયાં છે. અરે ! કોઇ તેને તુરત સચેતન કરો ?

આ સાંભળી રાણી બોલી;—"ક્યાં છે મારા પુત્રને જાળવનારી મારી વહાલી વહુ ?" એમ બોલી કાદમ્બરીની પાસે ગઇ અને તેના હૃદય ઉપર પોતાનો શીતળ હાથ ફેરવતી ફેરવતી બોલી;—ઓ વહુ દીકરા ! ધીરજ ધરો ? તમારા વિના મારા પુત્ર ચંદ્રાપીડનું શરીર આવી સ્થિતિમાં રહેત નહિ. તમે તો અમૃત જેવાં છો, ચંદ્રાપીડનું નામ સાંભળીને તથા વિલાસવતીના શીતળ હાથનો સ્પર્શ થતાં, કાદમ્બરીની મૂર્છા વળી ભાન આવ્યું. એટલે મદલેખાએ કાદમ્બરીને પોતાના ખોળામાંથી નીચે ઉતારી. તેણે આવેલા સર્વ વડિલોને પ્રણામ કર્યા. વડિલોએ આશીર્વાદ આપતાં કહ્યું કે;—"લાંબા વખત સુધી સૌભાગ્ય ભોગવો." રાજા તારાપીડે કહ્યું;—"વહુ ! તમે આજ સુધી મારા પુત્રને સજીવન કરવા માટે જે જે ઉપચારો કરતાં હો, તે તે ઉપચારો અમારાથી શરમાઇને બંધ પાડશોમાં. અમે તો માત્ર એક જોનારાજ છીએ. આવ્યાં તોએ શું ને ગયાં તોએ શું ? કુમારનું શરીર તમારા ઉપચારોથીજ હજુ તાજું પ્રફુલ્લિત રહ્યું છે. માટે તમે ભલે તેની પાસેજ રહો ! હું હવે વનવાસ કરવા ધારૂં છું. મારો પ્રથમથીજ વિચાર હતો કે, પુત્ર અને પુત્રની વહુનું મુખ જોઇને વનવાસ ગ્રહણ કરવો. હવે તે મનોરથ પૂરો કરવા ધારૂં છું." એમ કહી તારાપીડ રાજા પોતાની રાણી સાથે તેજ વનમાં રહ્યો.

કાદમ્બરી સતી હતી. સતી સ્ત્રીને પોતાનો પતિ પ્રાણથી અધિક પ્યારો હોયછે. તે કદી પતિ વિના રહી શકતી નથી. તે નિરંતર પોતાના પતિને સર્વસ્વ માને છે. પતિ વિના તેને આખો સંસાર શુન્યકાર લાગેછે. સતી કાદમ્બરી પોતાના પતિની આ વિપરીત દશા જોઇ શોકસાગરમાં ડૂબેલી ઝુરતી હતી. તે ક્યારે અને શી રીતે સજીવન થાય, તેને માટે નિરંતર સારવાર કરતી ત્યાંજ બેઠી હતી. એમ કરતાં કેટલાક દિવસ વિત્યા. ચૈત્ર માસ બેઠો. વસંતની બહાર ખીલી નીકળી, મહોત્સવનો સમય આવ્યો. તે વખતે એક દિવસે સાયંકાળે કાદમ્બરીએ સ્નાન કર્યું. ચંદ્રાપીડને પણ સુગંધી જળથી સ્નાન કરાવ્યું. કસ્તુરી અને ચંદનનો લેપ કર્યો. તેના માથાપર પુષ્પનો મુકુટ પહેરાવ્યો. શરીરને પણ પુષ્પના અલંકારોથી અલંકૃત કર્યું. પછી તેના મુખ સામું ટગર ટગર જોતી નિઃશ્વાસ નાખતી પતિના શરીરને બેહાથથી આલિંગન કર્યું. કાદમ્બરીના અમૃતમય આલિંગન વડે, તેના શરીરમાં પ્રાણ આવ્યા. હૃદય સચેતન થઇને શ્વાસ લેવા લાગ્યું. તેના બન્ને આંખો ઉઘડી ગઇ. તે જાણે નિદ્રામાંથી જાગૃત થયો હોય; તેની પેઠે સચેત થઇને કંઠે વળગેલી પોતાની પ્રિય પત્ની કાદમ્બરીના આનંદમાં વધારો કરતો બોલ્યો;—"ઓ પ્રાણપ્રિયા ! હવે ભય રાખીશ નહિ; હું સજીવન થયોછું. તારાજેવી અમૃતમાંથી ઉત્પન્ન થયેલી સ્ત્રીનો હાથ અડકે ત્યાં મૃત્યુ હોયજ ક્યાંથી ? શાપને લીધે આટલા દીવસ હું શબની પેઠે પડી રહ્યો હતો. આજે મારો શાપ પુરો થયોછે. તારી સખી મહાશ્વેતાનો

પતિ પણ પાછો સજીવન થયોછે. એમ કહેછે ત્યાં તો પુંડરીક પણ આવી મળ્યો. કાદમ્બરી તેના આવવાની વધામણી માટે મહાશ્વેતા પાસે દોડી ગઇ. આ સર્વ સમાચાર રાજા તારાપીડ અને રાણી વિલાસવતી વગેરેને થતાં સૌ તેમની પાસે આવ્યાં અને ઘણું આનંદ પામી હર્ષનાં અશ્રુ પાડયાં. રાજા તથા રાણીએ પોતાના પુત્રને સજીવન કરનારી પતિવ્રતા કાદમ્બરીનાં અને મહાશ્વેતાની અનન્ય પતિ ભક્તિ માટે ઘણાં વખાણ કરી ધન્યવાદ આપ્યો. એ રીતે સતી કાદમ્બરી પતિ પ્રત્યે ભક્તિ અને સખી પ્રત્યે સ્નેહભાવ બતાવી જગત્‌માં સુદૃષ્ટાંત રૂપ અમર નામના રાખી ગઇછે. ધન્યછે તેમને ! ! !

તપસ્વિની–સતીઓ.

કાલિંદી.

આ પ્રખ્યાત્ સતી શ્રી શ્રીકૃષ્ણ ભગવાનની પ્રિય ધર્મ પત્ની થાય. શ્રીકૃષ્ણને આઠ પટરાણીઓ હતી, તેમાંની આ સતી સાતમી હતી. તે અતિ રૂપસુંદર, તેજસ્વી, બુદ્ધિવાન, જ્ઞાની, વિદ્વાન, ધાર્મિક, દયાળુ, કોમળસ્વભાવની, અને પતિવ્રતા હતી. કહેછેકે એ સાક્ષાત્ યમુનાજીનોઅવતાર ગણાતી હતી. તેમના માતાપિતા કયા દેશનાં અને કોણ એ કશું માલમ પડેલું નથી. શ્રીકૃષ્ણ પોતાને પતિ મળે એવી ઇચ્છાથી યમુનાજીને તીરે વનમાં તપ કરતી હતી. વનમાં કેટલોક કાળ ફળફુલ, અને કંદમૂળ ખાતી, વલ્કલ પહેરતી, પૂજાદિ નિત્ય કર્મ કરી ઇશ્વરના ધ્યાનમાં રહેતી. એમ તપ કરતાં તેના તપોબળથી શ્રીકૃષ્ણનું મન આકર્ષાયું. એક વખતે શ્રીકૃષ્ણે ચાતુર્માસ ઇંદ્રપ્રસ્થમાં કર્યો હતો; ત્યારે અર્જુનને સાથે લઇ મૃગયા રમવાને ગયા હતા. તે સમયે આ તપસ્વિની–સતીને તપ કરતાં જોઇને તેમણે પૂછ્યું કે;—તમે કોણ છો ? અને શામાટે તપ કરો છો ? ઇત્યાદિ પૂછતાં તેનો અભિપ્રાય જાણી શ્રીકૃષ્ણ તેને પોતાની સમાગમે ઇંદ્રપ્રસ્થ તેડી લાવ્યા. ચાતુર્માસ સમાપ્ત થયા પછી દ્વારિકાંમાં આવી શાસ્ત્ર યુક્ત વિધિથી પાણિ ગ્રહણ કર્યું હતું. આ સતી રૂપે ગુણે અધિક હોવાથી શ્રી કૃષ્ણે પ્રેમથી પોતાની શ્રેષ્ઠ સ્ત્રીઓમાં તેની ગણના કરી હતી. તેને શ્રુત, કવિ, વૃષ, વીર, સુબાહુ, ભદ્ર, શાંતિ, દર્શ, પૂર્ણમાસ અને સોમક એ દશ પુત્રો થયા હતા.

આ સતીએ પોતાના પતિવ્રતા ધર્મ પ્રમાણે વર્તીને શ્રીકૃષ્ણની ઘણીજ

પ્રીતિ મેળવી હતી. તેમજ પોતાના પતિ શ્રીકૃષ્ણની બીજી રાણીઓની પણ તેમણે ઘણી ચાહના સંપાદન કરી હતી તે સૌ સાથે બેન પ્રમાણેજ ભાવ રાખતી હતી. આ વગેરે ઉત્તમ ગુણ પ્રભાવથી શ્રીકૃષ્ણ તેમને ઘણાજ ચાહતા હતા તેને **યમુનાજી** પણ કહેતા હતા. તેણે યમુના કાંઠે તપશ્ચર્યા કરી હતી, તેમજ પોતે યમુનાનો અવતાર ગણાતી હતી. તેથી આજે યમુનાજીને **કાલિંદી** પણ કહે છે. ઇત્યાદિ પોતાના ગુણ પ્રભાવથી આસતી પૂજ્ય અને માન્ય થઇ ગયેલી છે. ધન્યછે તેમને !!!

ઇંદ્રાણી—શ્રુતાવતી.

આ પવિત્ર મહાસતી **ભરદ્વાજ** ઋષિની પુત્રી અને વૈવસ્તમન્વંતર ના દેવાધિપતિ **પુરંદરઇંદ્ર**નીપત્ની થાય. તેને **શચી** પણ કહેછે. એ વેદ, વેદાંગાદિ શાસ્ત્રમાં નિપુણ, મહાસ્વરૂપવાન, તિવ્રબુદ્ધિની, તેજસ્વી, ધાર્મિક, દયાળુ અને પરોપકારી વગેરે ઉત્તમ ગુણ સંપન્ન હતી. ઋષિ બાળાઓ તેમના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરવાને આવતા, તેમને તે સ્નેહપૂર્વક શિક્ષણ આપતી અને આશ્રમવાસી ઋષિપત્નીઓની સમાજમાં અગ્રેસર પણે ભાગ લઇ ઉપદેશ આપતી. સ્ત્રીધર્મ સમજાવવામાં અને આજાગી અતિથિઓની સારવાર કરવામાં એક્કા ગણાતી હતી. આત્મજ્ઞાની ઋષિ મુનિઓ પાસે બ્રહ્મજ્ઞાન શ્રવણ કરવા ઉપર તેને ઘણી પ્રીતિ હતી. આવા તેમનામાં ઉત્તમ ગુણો હોવાને લીધે, તે ઘણી વખણાતી હતી. તેણે એવી પ્રતિજ્ઞા લીધીહતીકે, જ્યાંસુધી પોતાને યોગ્ય રૂપ, ગુણ વાળો પતિ મળે નહિ, ત્યાંસુધી પરણવું નહિ. તેના પિતા ભદ્વાજ ઋષિ પણ તેની એ ઇચ્છા ભંગ નહિ કરતાં, તેમને ધર્મકાર્યો વગેરેમાં આગેવાનપણે ભાગ લેવા દેવાને ઉત્તેજન આપતા હતા. આ સાધ્વી સ્ત્રીએ ઘણાવર્ષ ફુલફૂલ, કંદમૂળ ખાઇને વલ્કલ પહેરી બદરીપાચન તીર્થમાં દુર્ઘટતપ કર્યુંહતું. એતપપ્રભાવના યોગથી તે મહાસમર્થ દેવાધિપતિ **પુરંદરઇંદ્ર** જેવા પતિના સાથે પરણી હતી. એ રીતે તે પોતાના ગુણપ્રભાવે ઇંદ્ર જેવા પતિને મેળવી દેવલોકમાં **ઇંદ્રાણી** એવા મહાન્પદને પામીહતી. ઇંદ્રે જ્યારે મહાભયંકર યુદ્ધ કરી **વૃત્રાસુર**ને માર્યો, ત્યારે આ સતી પોતાના પતિ સાથે સામેલ રહી હતી અને યુદ્ધ કરવામાં કેટલીક સલાહ અને સહાયતા આપી ઘણી ઉપયોગી થઇ પડી હતી. આપરથી તે હિંમતવાન અને શૌર્ય સંપન્ન હતી એવું જણાઇ આવે છે. પોતાના ગુણ કર્મથી તેણે પતિની અત્યંત પ્રીતિ મેળવીહતી. ઇંદ્ર પોતાને આવી ગુણવાન સ્ત્રી મળેલી જોઇ ઘણું આનંદ પામતો હતો અને તેમને અનેક પ્રકારે રાજી રાખી માન

આપતો હતો. દેવ દાનવો પણ તેમના ઉત્તમ ગુણો જોઇને પ્રેમથી ચાહતા હતા. તેમને જયંતી નામે પુત્રી હતી, તે શુક્રાચાર્ય જેવા સમર્થ ઋષિ સાથે પરણાવી હતી. તેનાથી દેવયાની જેવી પુત્રી થઇ, જે સતીઓમાં શ્રેષ્ઠ ગણાઇ ગઇ છે. ઇંદ્રે બ્રહ્મા પાસેથી બ્રહ્મજ્ઞાન મેળવ્યું હતું, તેના વડે તે આત્મસાક્ષાત્કારને પામ્યો હતો. આ સતી પણ પતિ પાસેથી બ્રહ્મજ્ઞાન મેળવી નિરંતર વિદેહ રૂપે રહેવા લાગી હતી. આ સર્વ પોતાના પાતિવ્રત્યના પ્રભાવે મેળવી સતીઓમાં મહત્તા પામી હતી. ધન્ય છે તેના પિતા ભરદ્વાજને ! કે તેણે પોતાની પુત્રીને આગળ વધવામાં ઉત્તેજન આપ્યું અને જેના વડે તે ઇંદ્રાણી જેવા મહાન્ પદને પામી પ્રખ્યાત થઇ ગઇ છે.

વેદવતી.

આ પવિત્ર તપસ્વિની—સતી વૃષધ્વજ જનકના પુત્રના પુત્ર કુશધ્વજની પુત્રી હતી. તેની માતાનું નામ માલાવતી હતું. આ સતીને બાળપણથીજ વેદ ઉપર પ્રીતિ હોવાથી તેનો તે ઉચ્ચાર કરતી હતી તેથી તેનું નામ વેદવતી પાડ્યું હતું. તે રૂપે રંભા જેવી રૂપાળી, તેજસ્વી, ધાર્મિક, તિવ્રબુદ્ધિની, વિદ્વાન, અને પવિત્ર મનની હતી બાળપણમાંજ તેણે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. અહોનિશ યમ નિયમો પાળવામાં અને શાસ્ત્ર ચર્ચા કરવામાં ભાગ લેતી હતી. એ રૂપે ગુણે અનુપમ હોવાથી ઘણા રાજાઓ તેનું માગું કરતા હતા; પરંતુ તેના પિતાની એવી ઇચ્છા હતી કે, તેને કોઇ વિષ્ણુ જેવા દેવાંશી પુરૂષ સાથે પરણાવવી. તેથી ઘણા રાજાઓને ના કહી હતી. તે ચદ્રની કળાની પેઠે રાત દહાડો વૃદ્ધિ પામતી હતી. જ્યારે તે ઉપવર થઇ, ત્યારે દૈત્ય રાજા શુંભે તેનું માગું કર્યું. વેદવતીના પિતાએ તે દૈત્ય જાતિનો અને બહુજ દુરાચારી હોવાથી માગું પાછું વાળ્યું. શુંભે ગુસ્સે થઇ, તેના પિતાને મારી નાંખવાથી તેની માતા સતી થઈ. તે પછી વેદવતી એકલી પુષ્કર તીર્થના વનમાં જઇ તપ કરવા લાગી. ઘણા દિવસ દુર્ઘટ તપ કર્યું. તેની એવી પ્રતિજ્ઞા હતી કે, વિષ્ણુ સિવાય કોઇની સાથે પરણવુંજ નહિ. આ પ્રતિજ્ઞા સિદ્ધ કરવા માટેજ તે તપ કરતી હતી. આ સતીના તપ પ્રભાવથી કોઇ દૈવી પુરૂષે જણાવ્યુ કે;—"તને આવતા જન્મમાં વિષ્ણુ પરણશે." આ દૈવી પુરૂષની વાણીપર શ્રદ્ધા રાખી ત્યાંથી હિમાલય પ્રત્યે ગંધમાદન પર્વતપર આવી તપ કરવા લાગી.

સતી વેદવતી પવિત્ર મનની હતી. તે એકાંત સ્થળે એકાગ્રચિત્તથી વિષ્ણુનેજ પતિ માની ધ્યાન કરતી હતી માથે જટા ધારણ કરી હતી, શરીર પર પહેરેલાં વલ્કલ વસ્ત્રોમાંથી તેના શરીરની દિવ્યકાંતિ વાદળામાંથી ચંદ્રની પ્રભાપેરે

વારંવાર દેખાતી હતી. એક વખતે રાવણ ફરતો ફરતો હિમાલયના વનમાં આવ્યો. આમ તેમ ફરતાં તેની દૃષ્ટિ તપશ્ચર્યા કરતી વેદવતીપર પડી. આ દિવ્ય કન્યાને જોઇને રાવણના મનમાં મોહ ઉત્પન્ન થયો. તે હસતો હસતો તેની પાસે જઇને બોલ્યોકે;—"હે સુંદરી! વૃદ્ધ સ્ત્રીને શોભે તેવું વ્રત યૌવનમાં તું કેમ લઇ બેઠી છે? તારૂં યૌવન આવાં કઠિન વ્રત કરવાને યોગ્ય નથી. તારા જેવી સ્ત્રીઓએ તો કોઇ રાજ મહેલને શોભાવવો જોઇએ. બોલ તું કોની સ્ત્રી છે? અને તારા પ્રાણપતિનું નામ શું છે? તને આવું શું દુઃખ પડયું છે કે તેં આવા એકાંત અરણ્યમાં વાસ કર્યો?" રાવણનાં આ વચન સાંભળી તેણે સર્વે કારણ તેને કહી બતાવ્યું કે;—" હું નારાયણને સ્વામી માનીને રાત્રિ દિવસ તેનુંજ નામ જપ્યા કરૂંછું. હે રાવણ! મેં તપના પ્રભાવથી તને ઓળખ્યો છે, માટે તારે જ્યાં જવું હોય ત્યાં ચાલ્યો જા. હું પર પુરૂષની સાથે વિશેષ વાત કરવા ઇચ્છતી નથી." એમ કહી નીચું ઘાલી પોતાના કાર્યમા લાગી. રાવણ કહે;—"અરે અલૌકિક કન્યા! તારાં વચનો ઉપરથી તું બહુ અભિમાની જણાય છે. વૃદ્ધ મનુષ્ય તપશ્ચર્યા કરે કે ધર્માચરણ કરે તો તેને શોભે, પણ તારા જેવી તરૂણ અને મનોહર કન્યાને તે તપશ્ચર્યા શોભે? તારી જુવાની વૃથા વહી જાય છે, તેના તરફ તો ધ્યાન આપ? હું કોણ છું તે તું જાણેછે? હું લંકાનો રાજા રાવણ છું. તું મારી સાથે વિવાહ કરી રાજ્ય વૈભવનો ઉપભોગ કર. વિષ્ણુને માટે વૃથા ફાંફાં શા માટે મારે છે?" આ સાંભળી સતી વેદવતીને પગથી માથા સુધી ક્રોધ વ્યાપી ગયો. તે કંઇ સાધારણ સ્ત્રી નહોતી, તેનામાં જળહળતું તપોબળ હતું. તેમ મહા પ્રતાપી હતી. બ્રહ્મચર્યનું તેજ તેના આખા શરીર ઉપર તરી રહ્યું હતું. તરતજ રાવણનો તિરસ્કાર કરી બોલી કે;—" તું વૈભવ વૈભવ શું કરેછે? વિષ્ણુની આગળ તારી સમૃદ્ધિ કે બળ તદન નકામાં છે. જા તારૂં અમંગળ મુખ મને બતાવીશ નહિ. સતીઓને છેડવામાં સાર નથી. તારૂં સારૂં ચાહતો હોયતો અહીંથી ચાલ્યો જા."

સતી વેદનાં આ વચનો સાંભળી રાવણ ક્રોધમાં આવી ગયો, અને તરત તેનો ચોટલો પકડી પોતાના વિમાન તરફ ઘસડવા લાગ્યો. સતી વેદવતીએ હાથવતી પોતાના કેશ કાપી નાંખ્યા. હાથેજ તરવારનું કામ બજાવીને ક્રોધ કરી બોલીકે;—"હે નીચ તેં પાપીએ મારી કાયાનો સ્પર્શ કર્યો; માટે હવે હું મારી અપવિત્ર દેહ અગ્નિમાં હોમી દઇશ, અને તારો અને તારા પુત્ર પરિવારનો નાશ કરવા માટે પાછી પૃથ્વીપર અવતરીશ." આ પ્રમાણે બોલી પોતાનો દેહ યોગાગ્નિથી બાળી ભસ્મ કર્યો. રાવણ ઘણોજ ઝાંખો પડી પશ્ચાતાપ કરતો લંકામાં આવ્યો. વેદવતી બીજે જન્મે સીતા રૂપે અવતરી વિષ્ણુ અવતાર રામ સાથે પરણી હતી અને રાવણ તથા તેના કુળનો નાશ કર્યો હતો. એ રીતે સતી વેદવતીએ પોતાનું સતીત્વ સાચવી દુષ્ટને શિક્ષા કરી હતી.

અહો! સતી સ્ત્રીઓનો પ્રતાપજ કોઇ અલૌકિક છે!! તેના સતીત્વ બળ આગળ દેવ, દાનવ કે મનુષ્ય કોઇનું પણ બળ કામ આવતું નથી. સતી નેદવતીને ધન્ય છે! કે તે પોતાનો નેક ટેક સાચવીને પ્રતિજ્ઞા પૂર્ણ કરી ધન્યતાને પામી ગઇ છે.!!!

શાંડિલી.

આ તપસ્વિની—સતી **શાંડિલ્ય** ઋષિની પુત્રી થાય. આ મહા રૂપવાન તેજસ્વી, ધાર્મિક, નીતિવાન; શ્રદ્ધાળુ, વિદ્વાન અને ક્ષમાવાન હતી. પોતાના પિતા પાસેથી તેમણે બાળપણમાં વેદાદિ શાસ્ત્ર અને યોગ વિદ્યાનું જ્ઞાન મેળવ્યું હતું. પતિને ઘેર ગયા પછી પતિ પાસેથી બ્રહ્મજ્ઞાન અને સ્ત્રી ઉપયોગી કેટલુંક શિક્ષણ સંપાદન કર્યું હતું. તેથી તેની બુદ્ધિ ઘણી તેજ થઇ હતી. પતિ, સાસુ સસરા જેઠ, દીયેર, નણંદ વગેરે સગાં સ્નેહીઓની અનેક પ્રકારે સેવા બજાવી તેમની પ્રીતિ સંપાદન કરી હતી. ગૃહકાર્યમાં ઘણી નિપુણ હતી. આશ્રમમાં આવતા અતિથિઓનો સત્કાર અને દુઃખી દરદીને સારવાર કરી દિલાસો આપતી વગેરે પરોપકારનાં કાર્યો કરતી હતી. ગૃહસ્થાશ્રમ ઉત્તમ પ્રકારે ભોગવીને પોતાના પતિ સાથે સમુદ્ર કિનારે ઋષભ પર્વત ઉપર તપશ્ચર્યા કરવાને ગઇ હતી. ત્યાં ધર્માચરણ અને તપશ્ચરણ કરીને જીવન ગાળતી હતી. એક વખતે તેના આશ્રમમાં રાજા દશરથની પત્ની **કૈકયી** આવી ચઢી. તેણે સ્ત્રી ધર્મ વિષે પ્રશ્ન કરતાં કહ્યું કે;—"હે પુત્રી! સ્ત્રીઓને સંસારમાં સુલભ માર્ગ નીતિનો છે અને તે ગ્રહણ કરવાથીજ તે સારી રીતે સુખ લઇ આગળ વધી શકે છે, સંસાર વહન કરવામાં રહેલામાં રહેલો માર્ગ—નીતિ અને શિયળ છે. શિયળના સ્વીકારથીજ જગતના વિષમ માર્ગ સરળ થઇ જાય છે. પતિ જે સંસારના વહન માટે મોટાં કષ્ટો વેઠીને શ્રમ લે છે, તે તરફ નજર કરતાં જણાય છે કે, સ્ત્રીઓએ તેમના પ્રતિ સૌમ્ય દર્શી અને શીલવાન રહેવું, એટલે તેમના પ્રેમનાં પાત્ર બનવું, અને તેમ થવાને નમ્રતાની ઘણીજ અગત્ય છે. પતિ શિર છત્ર છે. તે જે કાંઇ કહે તે સાંભળી જવું અને સુખ તથા આનંદથી સંસારનું વહન કરવું. ઘરમાં જેમ નમ્રતા અને ધીરજથી વર્તાય છે; તેમ વર્ત્તવાથીજ સર્વનો ચાહ વધે છે. સહન શીલતા એ પણ એક મોટો સ્ત્રી ગુણ છે. વ્યવહારીક કાર્યોમાં એવી કુશળતા રાખવી કે જેથી સંસારની અડચણો આપણી આગળ સુગમ થઇ જાય. સ્ત્રીઓએ પોતાનું પેટ મોટું રાખવું જોઇએ. કોઇના દોષ જોઇ વાંકુ પાડવા જેવું કરવું નહિ. કોઇની નિંદા કરવી નહિ. આ રીતે ચાલવાથી સંસારની વિષમતાઓ વધારે સરળ થઇ

જશે, અને સંસારમાં પતિના સહધર્મચારિણીના પદને પામી, સ્ત્રી ધર્મ બજાવવામાં ફતેહમંદ થશે. ઇત્યાદિ ઉપદેશ સાંભળી કેકયી ઘણી આનંદ પામી હતી.”

આ તપસ્વિની પોતાના યોગબળવડે બીજાના અંતઃકરણની વાત જાણી શકતી હતી. એક વખતે ગાલવમુની પોતાના ગુરૂને ગુરૂ દક્ષિણામાં એક તરફ કાળા કાન વાળા આઠસો ધોળા ઘોડાઓની દક્ષિણા આપવાનું પણ લઇને તેવા ઘોડાઓની શોધ માટે ગુરૂડની પીઠ ઉપર બેસીને પૃથ્વી પર ફરતા હતા. તેઓ ફરતા ફરતા ઋષભ પર્વત ઉપર આ તપસ્વિનીના આશ્રમમાં આવ્યા. ત્યાં સિદ્ધ સ્ત્રી શાંડિલીએ તે બન્નેનો અતિથિ સત્કાર કરી અન્ન પાનથી તૃપ્ત કર્યા. તે દિવસે એ બન્ને આશ્રમમાં રાત વાસો રહ્યા. રાત્રે સુતાં સુતાં ગરૂડે તે સિદ્ધ સ્ત્રીની નિંદા કરતાં એવો વિચાર કર્યો કે, આ સ્ત્રીને અહીંથી બ્રહ્મા, વિષ્ણુ કે રૂદ્રની પાસે લઇ જાઉંતો ઠીક. આવા વિચારમાંને વિચારમાં તેને નિદ્રા આવી ગઇ. ગાલવ પણ નિદ્રા વશ થઇ ગયા. બીજે દિવસે પ્રાતઃકાળ થતાં ગરૂડે જાગીને જોયું, તો પોતાની પાંખ ગળી જતાં એક ડગલું પણ ચાલવાને અશક્ત જણાયા. ગાલવ ગરૂડની આવી હાલ જોઇને ઉદાસ થયા અને આવી દશા થવાનું કારણ પૂછ્યું કે; તેં આ પવિત્ર આશ્રમમાં મનની અંદર કંઇ દુષ્ટ વિચારો તો કર્યા નથી ના? જેવું હોય તેવું કહીદે. આપરથી ગરૂડે યથાસ્થિત વાત કહી બતાવી. પછી ગાલવે આ તપસ્વિની પાસે જઇ ગરૂડની ચપળતા માટે ક્ષમા માગી. ક્ષમા આપતાં શાંડિલીએ કહ્યું કે;—ગાલવ! જાવ! ગરૂડની સ્થિતિ હતી તેવી થઇ જશે. તેણે મારા વિષે ખોટો વિચાર કર્યો હતો. તેથી તેની આવી દશા થઇ હતી. હું સદાચાર સંપન્ન અને તપ પરાયણ છું. હું દુષ્ટોનાં વિચાર મારા યોગ બળવડે જાણી શકું છું. સદાચારથી ધર્મ, અર્થ, અને કામના ફળે છે; એટલુંજ નહિ પરંતુ સર્વ પ્રકારનાં દુઃખ પણ અટકે છે. ઓ ગરૂડ! હવે તારે કોઇ સિદ્ધ અને પતિવ્રતા સ્ત્રીની નિંદા કરવી નહિ તેમ તેના વિષે ખોટા વિચાર પણ કરવા નહિ. ગરૂડે પોતાના અપરાધ માટે ક્ષમા માગીને બન્ને ત્યાંથી ચાલતા થયા.

તપસ્વિની સતી શાંડિલી પોતાના ઉત્તમ ગુણ પ્રભાવથી સ્વર્ગમાં ગઇ. ત્યા સુમન નાગની સ્ત્રીએ તેને પૂછ્યું કે;—“હે કલ્યાણિ! તમે કયા પુણ્યથી આ સ્વર્ગમાં આવ્યાં છો? શાંડિલીએ ઉત્તર આપ્યો કે;—હું કંઇ ભગવાં વસ્ત્ર કે વલ્કલ વસ્ત્રો પેહેરવાથી સ્વર્ગમાં આવી નથી, પરંતુ પતિની એક નિષ્ઠાએ સેવા કરવાથી આ ઉત્તમ લોકની પ્રાપ્તિ થઇ છે. હું નિત્ય ઉઠીને મારા પતિ, સાસુ સસરા, વગેરે વૃદ્ધવડિલોની સેવા કરતી તથા દેવ, પિતૃઓ અને અતિથિઓની પણ સેવામાં તત્પર રહેતી, કોઇ દિવસ ઉંચે સ્વરે બોલતી નહિ, કોઇની નિંદા કે આઘી પાછી કરતી નહિ, મોહોલામાં કે રસ્તા ઉપર ઉદ્ધત રીતે ફર્યા કરતી નહિ, જે રીતે મારા કુળની મર્યાદા સચવાય તે રીતે વર્તતી. પતિને સુવરાવ્યા પછી સુતી અને ઉઠયા

પહેલાં ઉઠતી. પ્રત્યેક કાર્ય જાતે કરતી, તેને માટે વડિલોને પરિશ્રમ આપતી નહિ; વગેરે રીતે સ્ત્રીધર્મ પાળવાથી મને સ્વર્ગની પ્રાપ્તિ થઈ છે." આ સાંભળી સુમન શાંડિલીના પતિવ્રતનો પ્રભાવ જોઇને ઘણી આનંદ પામી. એ રીતે શાંડિલી પોતાના સત્યવ્રતના પ્રભાવે ધન્યતાને પામી પ્રખ્યાત થઇ ગઇ છે.

પતિપ્રાણા-સતીઓ.

ઉભયકુમારી.

આ પતિપ્રાણા સાધ્વી સ્ત્રી માળવામાં ચંદેરી નગરીના રાજા પ્રતાપસિંહની પુત્રી થાય. એ મહારૂપ સુંદર, ધાર્મિક, ઉદાર, ભણેલી દયાળુ, અને પતિવ્રતા હતી. તેનો વિવાહ એના જેવાજ રૂપગુણે અનુપમ સોનિંગપુરના રાજકુમાર સુરસેન સાથે કર્યો હતો. સુરસેન કંઇ કારણથી શ્રાવસ્તિ નગરીના રાજાની નોકરીમાં રહ્યો હતો. ત્યાંના રાજાએ ખુશ થઇ તેની આજીવિકા માટે એક ગામ આપ્યું હતું. સુરસેન રાજ નીતિમાં કુશળ, શૂરવીર, નીતિવાન અને ચતુર હતો. તેમને પોતાની કુળદેવી ચંડિકા ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી. તેણે કેટલાંક પરાક્રમ કરીને શ્રાવસ્તિના રાજાનો ઘણો ચાહ મેળવ્યો હતો. સતી ઉભયકુમારી પતિ પ્રેમી હતી, તેનું મન પતિમાંજ લાગી રહેતું હતું. તેમજ સુરસેનનો તેવોજ પ્રેમ તેના પ્રત્યે હતો. આ દંપતિ ખરેખર પ્રેમની મૂર્તિરૂપ હતાં. બન્નેનાં હૃદયે હૃદય, મને મન અને પ્રાણે પ્રાણ પ્રેમને લીધે જોડાઇ એકરૂપ જેવાં થઇ ગયાં હતાં. એક વખતે શ્રાવસ્તિના રાજાએ સુરસેનને બોલાવી કહ્યું કે;—સુરસેન ! તું હાલજ આ સૈન્યની સાથે પરગામ જા. સુરસેન ઘણો ચતુર અને ડાહ્યો હતો, તે રાજાનો હુકમ માન્ય કરી પોતાને ઘેર આવ્યો. સર્વ સામાન તૈયાર કરી છાવણી તરફ મોકલી આપ્યો. પછી પોતાની પત્ની ઉભયકુમારીને મળી સર્વ વાત નિવેદન કરી રજા માગી. આ સાંભળી ઉભયકુમારીએ પોતાના પ્રાણનાથનો હાથ પકડી રાખી કહ્યું કે;—"પ્યારા ! તમારે મને એકલી મૂકીને અહીંથી જવું જોઇએ નહિ. હું તમારા વગર અહીં એક ક્ષણ પણ રહી શકીશ નહિ. મને સાથે તેડી જાઓ. હું પણ ક્ષત્રિ પુત્રી છું, તો આપને યુદ્ધ પ્રસંગે ઉપયોગી થઇ પડીશ." સુરસેન પોતાની પ્રિયાના મધુર અમૃત વચનો શ્રવણ કરીને બોલ્યો;—"પ્યારી ! તું કહે છે તે ઠીક છે, પરંતુ જ્યારે મને રાજાએ હુકમ કર્યો છે, ત્યારે હું કેમ રહી શકું ? સુંદરી ! શું તું મારી સ્થિતિ જાણતી નથી ? હું રાજકુમાર છતાં

પરતંત્ર છું, રાજાની નોકરી કરીને આજીવિકા ચલાવું છું. તું સ્ત્રી જાતિ છે, તને સાથે રાખવામાં ઘણી વિટંબના છે." આ સાંભળી ઉભયકુમારી રડતાં રડતાં બોલી;—"નેત્રમણિ! તમે કહો છો તે ખરૂં છે, તમારો એવી મરજી છે તો ભલે ખુશીથી જાઓ. યુદ્ધમાં પાછી પાની નહિ કરતાં જય મેળવી વહેલા વળજો. હું સુખ દુઃખમાં ગમે તેમ મારા દિવસ ગુજારીશ, પણ તમે વસંત ઋતુમાં તો નિઃશંક પાછા ફરજો. એક દિવસ પણ વધારે રોકાશોમાં." સુરસેને કહ્યું;—પ્યારી! એ વાત મારે મંજુર છે. તું ખાત્રીથી માનજે કે હું ગમે તેવું કામ હશે, તોપણ તે છોડીને ચૈત્ર મહિનાને પહેલે દિવસે અહીં આવીશ." ઇત્યાદિ રીતે સુરસેન ઉભયકુમારીને સમજાવી રજા લઇને સૈન્યની છાવણીમાં ગયો.

સાધ્વી ઉભયકુમારી ઘણીજ પવિત્ર મનની અને પતિ પ્રેમી હતી. તેણે પતિના ગયા પછી પોતાનાં સુશોભિત વસ્ત્રાલંકારો ઉતારી નાંખી સફેદ વસ્ત્રો ધારણ કર્યાં. પતિના શુભ થવા માટે નિરંતર શિવ પૂજનાદિ કરવા લાગી. દાન ધર્માદિ કરીને ગરીબોનો આશીર્વાદ લેતી અને પતિને ગયાના દિવસો આંગળીના વેઢાપર ગણતી. હમણાં વસંત ઋતુ આવશે કે હું મારા પ્રાણનાથને મળીશ. આવી આશામાં ને આશામાં દિવસો નિર્ગમન કરવા લાગી. થોડો કાળ વિત્યા પછી વસંત ઋતુ આવી, કોયલોના કૂહૂ કૂહૂ ટૌકા સંભળાવા લાગ્યા. મદોન્મત્ત થયેલા ભ્રમરાઓના ગુંજાર સ્વર કાને પડવા લાગ્યા. વસંતનાં સર્વે ચિન્હો જોઇ ઉભયકુમારી મનમાં વિચાર કરવા લાગી કે;—"હવે વસંત બેશી ચૂકયો છે; ધારૂં છું કે મારો પતિ પણ મુદત પુરી થવાથી આજે નિઃશંક આવી પહોંચશે" એમ વિચારી નાહી ધોઇ અંગમાં અંગરાગ ચોપડયો, નવ નવાં વસ્ત્રો પહેર્યાં હાથમાં, કંઠમાં, નાકમાં, ને કાનમાં ઘરેણાં પહેર્યાં; માથે પુષ્પની વેણી ગુંથી ઘાલી, બણી ઠણીને શિવ પૂજન કર્યું. પછી પતિની વાટ જોતી બારણા આગળ જઇ ઉભી રહી. સાયંકાળ વિતીને રાત્રિ થઇ ગઇ, તોપણ પતિ આવ્યો નહિ; ત્યારે તે બાપડી નિરાશ થઇને નિઃશ્વાસ મૂકી ઘરમાં ગઇ, અને એક પલંગપર વિભ્રાંત થઇ પડી વિચાર કરવા લાગી;—"અહો! મારો મૃત્યુ સમય તો હવે આવ્યો, પણ મારો પતિ આવ્યો નહિ; કેમકે જે પુરૂષો પરની ચાકરી કરનારા છે તેને પોતાના કુટુંબી ઉપર શાનો પ્રેમ હોય?" આવો વિચાર કરીને પોતાના પ્રિયતમનું મનમાં સ્મરણ કરતાં કરતાં તેના દેહમાંથી પ્રાણ નીકળી ગયા ને તે નિસ્તેજ થઇ પડી.!

આ તરફ સુરસેન પણ વસંતઋતુ બેઠેલી જોઇને પોતાની પ્યારી પત્નીને મળવા ઉત્કંઠીત થયો. મહાકષ્ટે રાજાની પાસેથી રજા મેળવી, પોતે આપેલી મુદતે જઇ પહોંચવાને તત્પર થયો. એક મોટા ઉંટ ઉપર બેશીને રાતો રાત ચાલી નીકળ્યો. જે દિવસે ઉભયકુમારી મૃત્યુ પામી, તેજ દિવસે રાત્રિના પાછલા પહોરે પોતાને ઘેર આવ્યો. ઘરમાં જઇ જુએછે તો ચારે તરફથી ખીલેલી પુષ્પથી ભરેલી

લતા જેમ પવનથી ઉખડીને લોટપોટ થઇ પડે; તેમ સર્વ શૃંગાર સજેલી પ્રાણ રહિત થઇને એક શય્યાપર પડેલી જોવામાં આવી. જોતાંજ તે રાજકુમાર પણ વિહ્વળ થઇ ગયો. પછી તે પોતાની પ્રાણપ્રિય પત્નીના શબને ખોળામાં લઇ વિલાપ કરવા લાગ્યો. એમ કરતાં એક ક્ષણમાં તેના દેહમાંથા પણ પ્રાણ નીકળી ગયા! આ રીતે આ બન્ને વિરહ વેદનાથી મરણ પામ્યાં. આ ખેદકારક ખબર આખા ગામમાં ફેલાતાં હાહાકાર થઇ રહ્યો. રાજાએ પણ ઘણો અફ્સોસ કરી તેનાં ઉત્તમ ગુણોના ઘણાં વખાણ કર્યાં. અહો! ધન્ય છે આવાં પ્રેમી દંપતિને!! ખરો પ્રેમ તે આનુંજ નામ. જે ઘરમાં આવાં પ્રેમી જોડાં વસેછે, તે ઘર પણ સ્વર્ગ સમાન દિશે છે અને ખરૂં સંસાર સુખ પણ ત્યાંજ છે. ખરેખર પ્રેમ એજ જગતનો આદિધર્મ છે. પ્રેમ સુંદર અને પવિત્ર છે અને પ્રેમ એજ મનુષ્યનો ઉત્તમમાં ઉત્તમ મહદ્ ગુણ છે. ખરો દાંપત્ય પ્રેમ જ્યાં છે, ત્યાં પતિના અભાવથી પત્નીનું મરણ થાયછે અને પત્નીના અભાવથી પતિનું મરણ નીપજે છે. સ્વામી મરણ પામ્યો, તથાપિ સ્ત્રી જીવતીછે એ ભૂલાવો ખવાડેછે. સ્વામી જ્યાં નથી, ત્યાં સતી પણ નથી. સતી જ્યાં નથી, ત્યાં સ્વામી તિરોહીત થાયછે, એજ સ્વાભાવિક છે. એકના અભાવથી બીજાનું અસ્તિત્વ અસંભવિત છે. સ્વામીનું અવલંબન સતી છે અને સતીનું અવલંબન સ્વામી છે. સ્વામી વગર સંસાર સતીની આગળ સ્મશાન જેવો છે! સતી સ્વર્ગમાં ગઇછે, તેજાણી સ્વામી પણ સ્વર્ગમાં જાયછે. સ્વામી સ્વર્ગમાં ગયા છતાં ખરી સતી સંસારમાં મન બાંધીરાખે એ સંભવિત નથી. ખરીસતી સંસાર ચલાવવાને ચાહતી નથી. એકના જવાથી બીજું તેની પાછળ જાયછે; એ ખરેખર દાંપત્ય પ્રેમનો અપૂર્વ પ્રભાવછે. એવાજ અપૂર્વ પ્રભાવથી આ દંપતિ પ્રાણ ત્યાગ કરીને સ્વર્ગમાં સિધાવી જગતમાં સુદષ્ટાંત રૂપ અમર નામના રાખી ગયાંછે. ધન્યછે તેમના અપૂર્વ પ્રેમને! હે ઈશ! આદેશમાં આવાં પ્રેમી જોડાં પુનઃ પેદા કર!!!

સુવ્રતા.

આ પતિ પ્રાણા સાધ્વી સ્ત્રી મથુરાં નગરીમાં રહેનાર **હેમચંદ્ર** નામે એક વેપારી ગૃહસ્થની ધર્મપત્ની હતી. તેની માતાનું નામ **મમતાદેવી** અને પિતાનું નામ **ચંદ્રરાય** હતું. તેઓ ઘણાં સુશીલ અને ધાર્મિક હતાં. તેમણે પોતાની પુત્રીને બાળપણમાં ધર્મશાસ્ત્રાદિનું શિક્ષણ અપાવી ઉત્તમ ગુણની કરી હતી. આ સતી અતિ મનોહર, સુંદર કાન્તિની, ધાર્મિક, નીતિવાન, દયાળુ અને જ્ઞાની હતી. તેના આવા ઉત્તમ ગુણો જોઇ સૌ છક થઇ જઇને વખાણ કરતાં. આ પતિ પત્ની વચ્ચે અપૂર્વ પ્રેમ હતો. તેઓ શરીરથી જુદાં ગણાતાં; પરંતુ અંતઃકરણથી એક રૂપ જેવાં

હતાં. સુવ્રતા નિરંતર પ્રસન્ન સુખે રહેતી. પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલીને પતિ, સાસુ સસરા વગેરે વૃધ્ધ વડિલોની સેવા કરતી. પતિને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરૂષાર્થ સાધી લેવામાં બહુ સહાયક થઇ પડી હતી. સંસારનાં સુખ દુઃખની તે ખરી ભાગિયેણ બની હતી. તે પોતાના પ્રેમાળપણા અને ડહાપણને લીધે કુટુંબમાં રાણીરૂપે હતી અને કુટુંબ રૂપી રાજ્યમાં તેની પૂર્ણ સત્તા ચાલતી હતી. અતિથિ, અભ્યાગત વિગેરે કોઇ પણ તેને ઘેરથી ખાલી હાથે કદિ પાછા જતા નહિ. દુઃખી મનુષ્યોનું સાંત્વન કરવું એ તેનો સ્વાભાવિક ધર્મ હતો. કામ વગર બેસી રહેવું એ તેને પસંદ નહોતું. તેમના ઘરમાં પેસતાંજ સર્વ ઠેકાણે વ્યવસ્થિતપણું સુઘડતા અને સ્વચ્છતા જણાઇ આવતાં મન સુપ્રસન્ન થતું. સુજનતા અને પરમેશ્વરની ભક્તિ તેના અંતઃકરણમાં મૂર્તિમંત વાસ કરી રહ્યાં હતાં. તે કારણથી ઘડી વાર પણ આ સાધ્વી સ્ત્રીનો સહવાસ થવો એ મોટો લાભછે, એમ જાણી ઘણી સ્ત્રીઓ તેની પાસે ઉપદેશ લેવાને આવતી. એવી રીતે તે એક ઉત્તમ પત્ની, પ્રેમાળ ભગિની, સુશીલ માતા અને સ્નેહ પાત્ર સખી હતી; વગેરે મહત્ત ગુણોવડે તે વિભૂષિત થયેલી હોવાથી તેને સૌ દેવી કહી માન આપતાં.

સતી સુવ્રતાના ઉત્તન ગુણો જોઇ તેનો પતિ તેને પ્રાણથી અધિક ચાહતો, અને પોતાને આવું સ્ત્રી રત્ન પ્રાપ્ત થયેલું જોઇ ભાગ્યશાળી માનતો. આ પતિ પત્નીનાં હૃદય એવાંતો પ્રેમથી જોડાઇ ગયેલાં હતાં, કે કદિ પણ એક બીજાથી વિખુટાં પડેલાં જોવાને ખુશી નહોતાં, આવી રીતે સુખમાં દિવસ ગાળતાં હતાં. એક દિવસે હેમચંદ્રને કંઇ અગત્યના કામ માટે વિદેશ જવાની જરૂર પડી. તેથી તે તૈયારી કરવા લાગ્યો. સુવ્રતાને સર્વ વાત કહી બતાવી રજા માગતાં સતીએ કહ્યુંકે;—"પ્રાણેશ! શું મને અહીં એકલી મૂકીને જશો? નાથ! હું તમારી છાયા સ્વરૂપ છું, શરીરની છાયા શરીરની પાછળજ જાયછે, તે કદિ શરીરથી જુદી પડી શકતી નથી; તો શું હું તમારા વિના એકલી રહી શકીશ? હે પ્રાણાધાર! તમે મારા પ્રાણછો, પ્રાણ વિના દેહ રહેતો નથી, તમે જળ રૂપછો અને હું માછલી રૂપછું. માછલી જળ વિના તરફડીને મરી જાયછે, તો હું તમારા વિના શીરીતે જીવી શકીશ? માટે મને સાથે તેડી જશો. હું પરદેશમાં પણ તમોને ઘણી ઉપયોગી થઇ પડીશ." આ સાંભળી હેમચંદ્રે ઘણો વિચાર કર્યો, પણ પોતાની પ્યારી પત્નીને સાથે તેડી જવાનો નિશ્ચય કરી શક્યો નહિ. તેથી સુવ્રતાને અનેક પ્રકારે સમજાવી, પણ તેનું મન માન્યું નહિ. શીરીતે માને? સદ્ભાવવાળી પ્રેમાળુ સ્ત્રીઓનું મન વિરહ સહન કરી શકતું નથી. તે પછી હેમચંદ્ર વિદેશ વિદાય થયો, પણ સાથે આવવાને તૈયાર થઇ બેઠેલી સતી સુવ્રતાને તેડી ગયો નહિ. તેથી તે નિરાશ થઇને ઉભી રહી.

સતી સુવ્રતા પવિત્ર મનની, પ્રેમાળુ અને પતિપ્રાણા સ્ત્રી હતી. તેનુ મન નિ-

રંતર પતિમાંજ લાગેલું હતું. તેથી તે પતિનો વિયોગ કેમ સહન કરી શકે? તે નિ- સાસ થઈને પોતાનો પ્રાણ પતિ જે દિશા તરફ ગયો, તે દિશા ભણી ટગર ટગર જોતી ખરતે આંસુએ આંગણાના કમાડનો ખૂણો ઝાલીને ઉભી રહી. પતિ નજરથી દૂર થયો, ત્યારે તેનો વિયોગ સહન ન થઈ શકવાને લીધે, પોતે મુગ્ધાવસ્થામાં હોવાથી બાહેર નીકળી ન શકી, પણ તેના પ્રાણતો તરત બહાર નીકળી ગયા! આ વાતની ખબર હેમચંદ્રને પડવાથી તરત તે પાછો વળી ઘેર આવ્યો. આવી જુએછે તો પોતાની વિહ્વળ સ્ત્રીને જીવ વિનાની દીઠી. તે સુંદર અને ફીકી કાન્તિ વાળી, ચંચળ કેશ જેના ફરકેછે એવી, અને આકાશમાંથી પૃથ્વી પર પડીગએલી ચંદ્રકાન્તિ સરખી પોતાની પ્રિયાને જોઇને તેને ખોળામાં લઇ વિલાપ કરવા લાગ્યો. વિલાપ કરતાં શોકાગ્નિને લીધે બળી ગયેલા દેહથી ડરેલા તેના પ્રાણ નીકળી ગયા! એવી રીતે આ પ્રેમી પતિપત્ની એક બીજાના વિયોગ વિરહથી પ્રાણ તજીને પરલોકમાં ગયાં. આ ખબર આખી નગરીમાં ફેલાતાં હાહાકાર થઇ રહ્યો. સૌએ તેમનાં ઘણાં વખાણ કરી ધન્ય વાદ આપ્યો. જે ઘરમાં આવાં પ્રેમી પતિપત્ની વસતાં હોય, તે ઘર નહિ પણ સ્વર્ગજ સમજવું, અને તેમના સુખને સ્વર્ગ સુખ સમજવું જોઇએ. ધન્યછે આવાં પતિ પત્નીને !!!

ભાનુમતિ.

આ પતિપ્રાણા સાધ્વી સ્ત્રી અર્વાચીન કાળમાં કાશીમાં કાયસ્થ જ્ઞાતિમાં થઇ ગઇછે. કાશી-બીનારસની કોર્ટના ઇન્સ્પેકટર બાબુ **મોરલીધર** સાથે પરણી હતી. તે સ્વભાવે શાન્ત, શીલવાન, દયાળુ, ધાર્મિક, નીતિવાન, ભણેલી, ખુશમિજાજની અને પરોપકારી હતી. તેમણે આર્ય ધર્મનીતિનું શિક્ષણ મેળવ્યું હતું. તે કરકસર અને ડહાપણથી ગૃહનો કારભાર ચલાવતી, મકાન સ્વચ્છ અને મન પસંદ રાખતી. પતિને ઘર સંસારની ખટપટોમાંથી મુકત રાખીને તે જે રીતે સુખી અને આનંદમાં રહે તેમ કરતી. પતિની વૃત્તિઓને અનુકુળ આવતા મિત્રો અને સ્નેહી સંબંધીઓને પ્રેમપૂર્વક યોગ્ય સત્કાર કરી સંતોષતી. અતિથિ, અભ્યાગત અને આંગણે આવતા પરોણાઓનો યોગ્યપણે સત્કાર કરતી. નોકરો સાથે સલુકાઇથી વર્તતી. તે ખરેખર નમુનેદાર અને સુશીલ સંપન્ન ગૃહિણી હતી. તેના આવા ઉત્તમ ગુણ પ્રભાવથી તેને **"ભગવતી"** પણ કહેતા હતા. તે પતિ ભક્તિપરાયણ રહીને પતિનું જીવન ઉન્નત કરવા અને તેના આંતર વિલાસોની ઉર્મિઓમાં પોતાના હૃદય તરંગ ભેળવી દઇને તેના જીવનને દિવ્યતામય કરવામાં તત્પર રહેતી. બાબુ મોરલીધર પણ ઘણો સદ્ગુણ સંપન્ન હતો. સતી ભાનુમતીના ઉત્તમ ગુણ

લક્ષણો જોઇ તે આનંદ પામતો, તેમને ઘણું ચાહતો અને દરેક કાર્યમાં સલાહ અને સહાય લઇ માન આપતો. આ પવિત્ર પતિપત્ની ખરેખર પ્રેમની મૂર્તિ રૂપ હતાં. પ્રેમથી બન્નેનાં હૃદય જોડાઇ ગયાં હતાં. તેઓ એક બીજાને સુખેસુખી અને દુઃખેદુઃખી થતાં. સતી ભાનુમતી પતિની આજ્ઞા લીધા વિનાં કાંઇ પણ કાર્ય કરતી નહિ. પતિવ્રતાના ધર્મપ્રમાણે ચાલીને પતિ, સાસુ,સસરાની સેવા કરવા કદિ ચૂકતી નહિ. સગાં સ્નેહીઓનો પણ તેણે ઘણો ચાહ મેળવ્યો હતો.

સતી ભાનુમતિને એવો નિત્ય નિયમ હતોકે તે હમેશાં પતિ પહેલાં મળસકે ઉઠી ગંગાજીમાં સ્નાન કરવા જતી. ત્યાં માર્ગમાં પોતાની ગાડી ઉભી રખાવતી. આજુબાજુના ગરીબ ગરબાંને ઘેર જઇ, ત્યાં કોઇ આજારી અથવા સુવાવડમાં હોયતો તેમની પોતે જાતે જોઇ ખબર પૂછતી. ગમે તેવી જાતની બાઇ પ્રસૂતિમાં છે એવા ખબર થતાં, તેમને ઘેર જઇને તેમનો છુટકારો સુખરૂપે થાય એમ કરતી. સ્નાન કરી આવ્યા પછી પોતે જોઇ આવેલ આજારી કે સુવાવડી સ્રીને ઓસડવેસડ તથા પથ્ય ખોરાક પણ મોકલતી. પછી પૂજામાં બેસતી. પૂજા પુરી થયે મંદિરો અથવા ધર્મશાળામાં કોઇ ગરીબ, દુર્બળ કે નિરાશ્રિત મુસાફરો આવ્યાછે કે કેમ, તેની ખબર કઢાવતી, જો કોઇ તેવા હોયતો તેને ખાવા પીવાનો બંદોબસ્ત કરીને પછી પોતે જમવા બેસતી. બપોરને વખતે પુરાણ વગેરે પુસ્તકો વાંચી સ્રીઓને સમજણ પાડતી. આ પ્રમાણે તેનું નિત્ય કર્મ હતું. તે સત્કર્મ અને પરોપકાર કરવામાં પોતાની જીંદગીનો ઘણો વખત રોકતી; આ પ્રમાણે જીવન ગાળતાં તેનો પતિ બાબુ મોરલીધર માંદો પડયો, તેની દવા વગેરેથી સારવાર કરવામાં પોતાનો સઘળો વખત રોકવા લાગી. તે જે રીતે સુખીને આરોગ્ય થાય તેનો વિચાર કરી ઉપાયો લેતી, પણ દૈવ ઇચ્છા આગળ તે સર્વ વૃથા ગયું. તેનો પતિ ઇ. સ. ૧૮૯૬ના જુલાઇની તા. ૨૭મીએ સ્વર્ગ વાસી થયો. પતિને શબવત પડેલો જોઇ ઘણી વિહ્વળ થઇ મનમાં બોલીકે;—" બસ થયું ! પ્રાણનાથ ! હું તમારી સાથે સત્વર આવુંછું." એમ વિચારતાંજ ભાનુમતી ઘરના ઉપલા માળપર ગઇ; સ્નાન કરી સ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. ધૂપ, દીપ, જળ અને ઘૃતથી વિશ્વંભરનું પૂજન કર્યું. પછી પ્રભુનું ધ્યાન કરતાં કરતાં પોતાનો પ્રાણ તજી દીધો. અહો ! કેવો પતિ પ્રેમ ?!

સતી ભાનુમતીના પતિની અંતેષ્ટિ ક્રિયા કરનારા મનુષ્યો તો ઘરના નીચલા ભાગમાં કાર્ય કરતા હતા. તેઓએ ઘણીવાર સુધી ભાનુમતીની રાહ જોયા છતાં, જ્યારે તે આવી નહિ; ત્યારે માળપર તપાસ કરવા ગયા, તો ઉપરના ઓરડાનાં બારણાં બંધ હતાં, તે બારણાનાં કમાડ ઉતારી અંદર જઇને જોતાં સતી ભાનુમતીનો આત્મા પતિમય થઇ રહ્યો હતો. આ વાર્તા લોકોમાં પ્રકાશમાન થતાંજ આખા શહેરમાં કોલાહલ થઈ રહ્યો. અનેક મનુષ્યો આ મહા

ભાગ્ય દંપતિનાં દર્શને આવીને સતીના ગુણાનું વાદ ગાતાં હતાં. જન મંડળે આ સતીના માનમાં શંખધ્વની તથા પુષ્પ વૃષ્ટિ કરી હતી. જ્યારે શ્રી ગંગા તટપર ગઢ મુકતેશ્વરના ઘાટપર બન્નેને સાથે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો; ત્યારે લોકોની ઠઠ એટલીતો ભેગી થઈ હતી, કે કાને પડયું પણ સંભળાતું નહોતું. જોકે પોલીશની તપાસ થઇ હતી, પણ જ્યાં સતી સત્ય લોક પરાયણ થઇ, ત્યાં તે શું કરી શકે? લોકોમાં આ વેળાએ જે જય ઘોષ થયો હતો, તેનો સ્વર ગગન મંડળ સુધી ગાજી રહ્યો હતો. અહા! પતિ પ્રાણા સતી! તને ધન્યછે! તેં આ કળિયુગમાં પણ સતી સ્ત્રીઓછે, એ લોકોને પ્રત્યક્ષ બતાવી આપી, આર્ય મહિલાની કીર્તિ સતેજ કરીછે!!! પવિત્ર ભારત ભૂમિમાં અદ્યાપિ પણ એવા અનેક દાખલાઓ બનતા વર્ત્તમાનપત્રો દ્વારાએ પ્રસિધ્ધ થાયછે. એ પણ એક આર્ય ધર્મ નીતિના શિક્ષણની મહત્તા સિધ્ધ થાય છે. જેઘરમાં મૂળથીજ આર્યધર્મ નીતિનું શિક્ષણ સચોટ મળતું રહેછે, તે ઘરમાં પવિત્રતાઇ પ્રસરી રહેછે તેનો આ પ્રત્યક્ષ પુરાવોછે.

યોગિની—રોહીના.

આ પ્રસિદ્ધ પતિપ્રાણા સાધ્વી સ્ત્રી જ્યારે ભરતખંડની રાજધાની દિલ્લીની ગાદી ઉપર ઔરંગજેબ બાદશાહ હતો ત્યારે થઇ ગઈ છે. તેનો પિતા **કુમારતાગોર** એ વખતે ગૌડ બંગાળ દેશમાં મોટો પ્રખ્યાત જાગીરદાર હતો. તેના આખા વંશની સંપત્તિ ભોગવનાર માત્ર એક રોહીનાજ પુત્રી રત્ન હતું. રોહીના મનોહર કાન્તિની રૂપસુંદર, બુદ્ધિવાન, નીતિનીપુણ, ચતુર, હીંમતવાન પ્રેમી અને વિદ્વાન હતી. એ પંદર વરસની ઉમ્મર સુધી કુમારીજ હતી. તેના પિતાનો વિચાર તેને કોઈ રાજકુમાર સાથે પરણાવવાનો હતો, પણ રોહીના જ્ઞાની હતી. તેને રાજ્ય વૈભવ સુખ ભોગવી મોજ કરવા કરતાં; કોઇ મહાજ્ઞાની તત્વ વેત્તા સાથે પરણી જીવનનું સાર્થક કરી લેવાની ઇચ્છા હતી. તેથી **લાલબિહારી** નામે એક પ્રખ્યાત વિદ્વાન અને તત્વવેત્તા હતો, તેની સાથે પરણાવવાનો નિશ્ચય કરી મનથી તેને વરી ચુકી હતી. લાલબિહારી પ્રતિષ્ઠાવાન હતો. તે ધારતો હતો કે કરોડોપતિ કુમારતાગોર પોતાની પુત્રી મારી સાથે પરણાવશે. એમ ધારી તેની પાસે માગણી કરી, પણ તેણે તે માગણી નામંજુર કરી. રોહીનાએ પણ પોતાને લાલબિહારી સાથે પરણાવવા પોતાના પિતાને ઘણી ઘણી યુક્તિવાળાં વચનો કહી પ્રાર્થના કરી અને આજીજી સાથે ઘણી રીતે સમજાવ્યો પણ તેને એ વાત ગળે ઉતરી નહિ. રોહીના લાલ સાથે પ્રેમના પ્રાસથી બંધાઈ ગઇ હતી. બન્ને પ્રેમના ઉત્તમ ઉમંગમાં ખીલી રહ્યાં હતાં, ઘણીવાર મળતાં પણ

હતાં, પણ તેઓ નીતિમાન રહ્યાં હતાં. પ્રખ્યાત લાલે ફરી પણ કુમારતાગોરને વિનવ્યો, પણ તેના સર્વે પ્રયત્ન નિષ્ફળ થયા. લાલ પોતાને અપમાન થયું જાણી સ્વદેશ ત્યાગવા તૈયાર થયો. પ્રથમ પોતાની સત્ય સ્વરૂપ રોહીનાને મળ્યો. તેને માનવી પૌઢતાને અનુસરી ચાલવાનો તથા પિતાની ઇચ્છાનુસાર વર્તવાનો બોધ આપી કહ્યુંકે;—જ્યાં ઉપાય નથી ત્યાં વ્યર્થ શ્રમ ખેંચી પંચાતમાં પડવું અને લોકોની બત્રીશીએ ચડી કુળને કલંક લગાડવું એ ઉત્તમ માનવીપણું નથી. વગેરે વિવિધ પ્રકારનો પ્રમાણિક બોધ આપી ત્યાંથી સદાયને માટે વિદેશ ચાલી નીકળ્યો.

સાધ્વીરોહીના નીતિવાન અને પવિત્ર મનની હતી. તેણે અંત;કરણથી લાલબિહારીનેજ પતિ માની લીધો હતો. તેના સિવાય ગમે તેવાને પણ પ્રાણ જતાં સુધી નહિ પરણવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો; તેજ નિશ્ચયપર તે અટળ રહી હતી. પ્રેમને લીધે તેનું હૃદય લાલના હૃદય સાથે જોડાઇ એક થઇ ગયું હતું. તે ગમે તેવા પ્રકારે પણ છૂટે એમ નહોતું. લાલના વિદેશગમનથી તે નિરંતર શોકાતુર રહેવા લાગી. રાજ્ય સુખ દુઃખમય દીસવા લાગ્યું, પ્રતિદિન શરીરે સૂકાવા લાગી, દૃષ્ટિમાં સૃષ્ટિ કેવળ કાળી બિહામણી દીસવા લાગી, સઘળી માયા અને શૃંગાર ઉપર લાલ વગર અભાવ છૂટયો અને વિયોગ દુઃખથી બાવરી બની ગઇ. બે વર્ષ વિત્યા પછી એક દિવસે રાત્રિએ પોતાના રાજવંશી પિતાના આકાશ સાથે લાગેલા મહેલને મૂકી ઝુંપડીમાં વાસો કરવાને ચાલી નીકળી. બંગાલણ રોહીના આ ભયંકર રાત્રિએ એકલી શોકાતુર બની કંચન પુતળીની પેઠે પ્રકાશતી ચાલવા લાગી. તે જાણે એક સુંદર મોહીની સ્વરૂપ કૈલાશની અપ્સરા હોયની, તેવી દીપતી હતી. શરીર ઉપર માત્ર એક ગુલાબી સાડી હતી. આવી અવસ્થામાં ચાલતી, ડુંગરા ને જંગલો ઓળંગતી ગંગા કિનારે આવી; ત્યાં ઘણું તોફાન ઉપડયું, મોટાં મોટાં વૃક્ષો ઉખડી પડવા લાગ્યાં. આવા ઘણા તોફાનથી રોહીના બેભાન થઇ ગંગા કિનારે પડી. તે વખતે શીતળવાયુ વાતો હતો, તોફાન પળેપળ વધ્યું, પણ આ મુર્છાગત થઇ પડેલી રોહીના આ સમયને ભયાનક સમજતી નહોતી. ધીરે ધીરે તેનામાં કાંઇ ગતિ આવી. ગતિમાં તેનું મૂખ ખૂલ્લી—"થઇ ચુકયું! ને ઠરી ચુકયું!" એટલા શબ્દો નીકળી મૂખગતિ બંધ થઇ ગઇ, પણ તે આગળાના વાકય ઉપર શબ્દો પ્રગટયા! "એ તેં કેમ જાણ્યું અપ્સરા?" પણ તેનો વળતો જવાબ મળ્યો નહિ. ત્યારે ફરી આગળ મીસાને ત્યાં સવાલના શબ્દો પ્રગટયા. "ઓ બ્રહ્મપુત્ર નદમાંહેની પાતાળ અપ્સરા! તને માનવી પ્રાલબ્ધની ચેતવણીની પૂર્ણ ખબર હોય, તેમ તેં મારા પ્રાલબ્ધની કસોટીનો કસ કહી દેવામાં મારા ભવની બંધ રહેલી આશાને અગ્નિ દીધી છે. તેં મારૂં મન પર્ખી લઈ પ્રેમની નિષ્ફળતા કહી છે. તે મારા મનની ગતિ જાણી જણાવી દીધી છે. તે તીર મારાં દીલગીર ગત પંખીને આરપાર બેદી મને કેવળ મૃત્યુમાં વીંટાળે છે! ઇશ્વરેચ્છા!"

રોહીના લગાર બે ભાન સ્થિતિમાંથી જાગૃત થઇ હતી. તે આ શબ્દોથી ગુંચવણમાં પડી. બોલનાર કોઇ કાયરજન છે ! કે કૈલાશવાસી છે ! તે પોતાની આવી સ્થિતિમાં ઓળખી શકી નહિ. તેથી તે સંભળાવનાર સામે જે સ્થિતિમાં પડી છે, તેજ સ્થિતિમાં પડી રહી. સવાલ કરનારો પણ તેને પાતાળ અપ્સરા ગણીને તેની સહાયતા માગવા પ્રાર્થના કરવા લાગ્યો. આ દયા યુક્તસ્થિતિમાં આવેલો ભૂત કે પીશાચ નહોતો, પણ પેલો નિરાશ થયેલો લાલબિહારી જોગી સ્વરૂપમાં નદમાં સ્નાન કરવા પડયો હતો. તે તોફાનના ભયથી બહાર નીકળી કિનારે ઇશ્વરભજનમાં લાગ્યો હતો. બ્રહ્મધ્યાનમાં ચિત્તને રોકેલું હોવાથી કશું જાણવામાં આવ્યું નહિ. તેમ ત્યાં સુંદર રોહીના તોફાનના ભયે ધ્રુજી જઇ બે ભાન પડી હતી, તેની પણ તેને ખબર નહોતી. તેનો શબ્દ ઉપરથી સમજ્યો કે મારા ભજન પ્રતાપે આકાશથી કોઈ અપ્સરા ઉતરી મારા ભજનમાં ભંગ પાડવાને આવી છે. તોફાન પણ તેથીજ થયું છે અને તેમાંથીજ ભવનું ભયાનક ભવિષ્ય ખુલ્યું છે. ! જોગી સ્વરૂપ લાલે પોતાના ભવમાં કાંઇ દમ જોયો નહિ. તેથી તરત "હે ઇશ્વર !" એટલો ઉચ્ચાર કરતાંજ ઉછળી, "રોહીના તને હું સ્વર્ગમાં મળીશ." એટલું બોલી પવિત્ર બ્રહ્મપુત્ર નદમાં પડયો. તેનો મોટો અવાજ થતાં ઘેમ નીશામાં મૂર્છા પામેલી નાજુક રોહીના "લાલ, લાલ." બોલતીજ ઉભી થઇ ! પણ ચાહેલા પિયુનો મેળાપ ફરી થયો નહિ. રોહીનાની આશા ઉપર પાણી ફરી વળ્યું. તરત સર્વ સંબંધ સમજાયો. પોતાના છેલ્લા "થઇ ચુકયું ! ને ઠરી ચુકયું !" એ શબ્દોનું સ્મરણ થયું. જાણ્યું કે એ સવાલ કરનાર કોઇ નહિ પણ લાલબિહારી પોતેજ હતો. તે યોગી બની ધર્મ તીર્થમાં ફરતો ફરતો અહીં પવિત્ર નદમાં સ્નાન કરવા આવ્યો હશે. તે આ તોફાની રાત્રિના ત્રાસમાં ભૂલ્યો. તેણે મને કોઇ જળ અપ્સરા જાણી હશે. મારા શબ્દોથી તેને પોતાના પ્રાલબ્ધનો ભેદ સમજાયો હશે. તેથી તેને વધારે વખત જીવવું વાહાલું લાગ્યું નહિ હશે. તેથીજ તેણે "ઇશ્વર" ને યાદ કરી મને સ્વર્ગમાં મળવાનું આમંત્રણ કરી દેહ પાડી હશે. એવો સંકલ્પ કરી ટળવળવા લાગી. જીવવું તેને અકારૂં થઈ પડયું. ગદ્દગદ્દ કંઠે થતી બોલી;—"અહો પ્રાણનાથ ! આપ વિના મને આ સુંદર વદનની શી કીંમત મળનાર છે ? લો મારા પવિત્ર વદનની ઉજાણી !" એમ કહેતાંજ લાલ ! હું તમારા બોલાવ્યા પ્રમાણે સ્વર્ગમાં આવુંછું ! એટલું બોલતાંજ ઉછળી નદીમાં પડવા લાગી. તેવામાં કોઇ મહાપુરૂષે આવી અટકાવી કહ્યું કે;—"પવિત્ર કુમારી ! તું ધીરજ ધર ! આત્મઘાતનું કનિષ્ટ કર્મ કરીશ નહિ. તારો પ્રિયપતિ તને હમણાં અહીં આવી મળશે." એમ કહી અદ્દશ્ય થયો. તોફાનથી મોજા ઉછળતા હતા, તેના વડે દૈવકૃપાથી યોગિરૂપ લાલ કિનારે આવી પડયો. શુદ્ધિમાં આવતાં જુએ છે તો પાસે રોહીના ઉભી છે ! આ જોઇ બંને થોડીવાર હર્ષનાં અશ્રુ પાડતાં સ્તબ્ધ થયાં.

થોડીવારે શાન્ત થતાં એક બીજાએ વિતેલી વાત કહી બતાવી મન ખાલી કર્યું. પછી સાંજ આશ્રમ બાંધી થોડો વખત રહ્યાં, અને ઇશ્વર ભક્તિ કરી દિવસ નિર્ગમન કરવા લાગ્યાં.

લાલબિહારી બંગાલી વિદ્વાનોમાં મહા ધીર વીર પદ્વી પામ્યો હતો. વેદાદિ શાસ્ત્ર વિદ્યામાં બહુ કુશળ હતો. વળી ઉત્તમ વક્તા, નીતિ શાસ્ત્રમાં નીપુણ, તત્વજ્ઞાની, નમ્ર સ્વભાવનો અને વિવાદમાં પ્રવિણ હતો; વગેરે ઉત્તમ ગુણ સંપન્ન આ વિદ્વાને નીતિના નિયમને અનુસરી ચાલતાં, જ્યાં સુધી પોતાને ઇચ્છીત પ્રેમી પત્નીનો મળાપ થાય નહિ; ત્યાંસુધી યોગેશ્વર બની નીતિને ધોરણે ચાલીને તીર્થ યાત્રા કરી જ્ઞાનમાં વધારો કરવાનો નિશ્ચય કર્યો હતો અને તેજ પ્રમાણે ચાલ્યા કરતો હતો. હોને હારી પ્રબળ થયાના સંયોગે અચાનક રોહીનાનો મેળાપ થયો. તેથી એ ખુશી કે દીલગીર થયો નહિ. સ્વપ્નાકાર સજીવન થયા સમાન સમજીને આમેળાપનો કોઇ તુચ્છ લાભ લેવાનો ખ્યાલ પણ કર્યો નહિ. રોહીનાની સ્થિતી પણ તેવીજ થઇ હતી. લાલ તરત તેને હિમાલયના એક પવિત્ર દેવાલયમાં યોગિની કરી, ત્યાંની વડીપૂજારણની મદદગાર ઠરાવી રાખી. લાલ બેત્રણ દિવસે તેને વડી પૂજારણની સમક્ષ મળવાને આવતો અને શિક્ષારૂપી શુધ્ધ નીતિશાસ્ત્રનાં વચનામૃતોનો ઉપદેશ આપી જતો. વળી કોઇ કોઇ વખતે બ્રહ્મજ્ઞાન સંક્ષેપમાં સમજાવતો અને કહેતોકે;–"જ્યાં લગી જે પ્રાણમાં બ્રહ્મજ્ઞાન અને નીતિના સ્વચ્છ પ્રકાશ સમાયા નથી, ત્યાં લગી તેની દેહ સર્વ અનીતિમાનવિષને આધીન છે."

યોગિણી રોહીના જ્ઞાની અને નીતિમાન હતી. તેનું મન તેના જ્ઞાન બળવડે વશ હતું. તેવોજ નીતિ નીપુણ અને જ્ઞાની લાલબિહારી પ્રેમી મળ્યો હતો. એનો સંયોગ થતાં રોહીનાના જ્ઞાન અને નીતિબળમાં વિશેષ વધારો થયો હતો. જ્યારથી કુમારતાગોરે રોહીના સાથે વિવાહ કરવાની નાપાડી હતી; ત્યારથી લાલબિહારીએ સોગન લીધા હતાકે;—'અનીતિ કે અયોગ્ય માર્ગે હું કોઇ કાળપણ રોહીનાને કલંકિત કરી તેના નામનો નાશ કરીશ નહિ. એ વિચારેતો તે સ્વદેશ તજીને યોગિ થયો હતો. હીંદુ ધર્મનાં પવિત્ર દેવ દેવાલયોની યાત્રા કરતો ફરતો હતો. મહાપવિત્ર કાશીપુરી અને મથુરાંના જોતિષીઓ અને યોગિઓમાં કાળ ગુજારવામાં આનંદ માનતો હતો. પવિત્ર નગરે નગર ફરી ત્યાંના યોગિઓમાં પોતાની જ્ઞાન શક્તિની વિસ્મયતા ઉપજાવી હતી. સર્વે યાત્રાળુ અને પવિત્ર મનનાં મનુષ્યોથી. "યોગેશ્વર મહારાજ" ના પદને પામ્યો હતો! એવી પવિત્રતામાં પ્રવેશ કરી પ્રેમ ભરેલું વદન ઘાસ સમાન સૂકું ખખ કરી નાખ્યું હતું અને યોગેશ્વર મહારાજ નામ મોટા પ્રકારથી જાળવી રાખ્યું હતું. યોગિઓના પ્રમુખપણાથી સર્વે યોગિઓ તેને પોતાનો પિતા માનતા હતા. ધર્મ વિવાદમાં શ્રેષ્ટાઇ મેળવીને નીતિમાન જીંદગી રાખી રહ્યો હતો. તે કહેતોકે;—"એક મહાન્ ચમત્કાર સમાન

આ ખોએલી જીંદગી તેના સઘળા ઉમદા તેજમાં ત્યારેજ ઝળકશે, કે જ્યારે સ્વચ્છ અને પવિત્ર મનવાળી રોહીનાને હું પોતે લઇ જઇ તેના પિતાના ચરણમાં મેલીશ અને ખરા પતિ તરીકેનો ઇલકાબ ધારણ કરીશ. મને એક તલ જેટલા ડાગવાળી જીંદગી ઉપર ત્રાસ છુટેછે, તો પછી મોહોર જેવડા ડાગમાં મારી પવિત્ર રોહીનાને જોઉં, એવો હું અંધ ને મૂર્ખ નથી." અહો ધન્ય છે લાલબિહારી તારી નીતિને !! પુરૂષનો તારા જેવાજ જોઇએ !!!

સાધ્વી રોહીના લાલ સાથે મનથી વરી ચુકી હતી, પણ પિતાની સમતીથી લગ્ન થયાં નહોતાં; ત્યાંસુધી પવિત્ર મન રાખી નીતિથી ચાલતી હતી. પ્રાણ જતાં સુધી પણ પોતાના પવિત્ર સ્ત્રીધર્મને કલંક લાગે તેવી રીતે વર્ત્તવા ઇચ્છતી નહોતી. તેમજ લાલ પણ તેનો ધર્મ સચવાય તેમ કરતો હતો. બન્ને યોગિ યોગિણી રૂપે ઇશ્વર ધ્યાનમાં અને જ્ઞાન ચર્ચામાં લીન રહેતાં હતાં. જપ તપ કરતાં અને સ્વચ્છ પ્રેમને દેવતાઇ નીતિની સરસાઈમાં શ્રેષ્ઠ આત્મ રક્ષક ગણીને જ્યાં ત્યાં સાથેનાં સાથે ફરતાં હતાં. બ્રહ્મજ્ઞાનના આનંદકારક અભ્યાસથી શુદ્ધ નીતિ રાખીને પોતાનો અવતાર શોભાવતાં હતાં. ભારત વર્ષનાં સઘળાં તીર્થ ક્ષેત્રો બતાવતાં અને બ્રહ્મ ધ્યાન શીખવતાં લાલબિહારીએ પોતાની સઘળી યુવાની પૂરી કરી હતી. તેની હાલત સૂકા નાળીયેરીનાં વૃક્ષ જેવી થઇ ગઈ હતી. રોહીનાને પણ જરા તૃષ્ણા રહી નહેતી. સદા બ્રહ્માનંદમાં મગ્ન રહેતી હતી ! આ નીતિવાન યોગિ યોગિણી સર્વત્ર માન્ય અને પૂજ્ય ગણાતાં અને ધન્યવાદ પામતાં વીશ વર્ષે ગૌડ બંગાળામાં આવ્યાં. શેહેરના દરવાજામાં દાખલ થતાં વૃદ્ધ કુમારતાગોર પુત્રી વિયોગે મરણ પામ્યોછે એવા ખબર થયા. મરણ પામતાં પહેલાં એક ગુણવાન દાસીને કહી ગયો હતોકે;— રોહીના જ્યારે આવે ત્યારે તેને મારૂં સર્વસ્વ અર્પણ કરજે. અહીં તે દાસીનો મેળાપ થયો, તેનાથી પિતાના મૃત્યુના ખબર જાણી રોહીના ખેદ પામતી દાસી કમળાને ગળે વળગી રડીને તેના પગ ઉપર પડી. દાસી રોહીનાનાં દર્શન કરીને આનંદ પામતી દોડી જઇને મોતીનો થાળ ભરી આ બંનેને વધાવી બોલી;— "મારાં રાજા રાણી ! ઇશ્વર તમને દીર્ઘાયુષ્ય આપો ! એમ કહી તેમને સર્વસ્વ અર્પણ કર્યું. કુટુંબીઓએ ભેગાં થઇ રોહીનાને શાસ્ત્ર વિધીએ લાલબિહારી સાથે પરણાવી, ઘણી ખુશાલી દર્શાવી જય જયકાર કર્યો. આ પવિત્ર જોડું એ રીતે નીતિ નિયમે રહી પ્રેમે અને ગુણે જોડાયું. જીવન મુક્તપણે રહી સંસાર ભોગવી પરમ પદને પામી ગયુંછે. અહો ! ધન્યછે રોહીના તારી નેક ટેકને !! તેં પ્રેમથી જેને પતિ કરી માન્યો, તેનેજ પ્રાણાંત સુધી પ્રેમથી ચાહી એક પતિ પ્રાણા સાધ્વી સ્ત્રી તરીકે પ્રખ્યાત થઇ ગઇ છે !!

બેહુલા.

આ પ્રસિદ્ધ પતિ પ્રાણા સ્ત્રી બંગાલામાં નિછની નગરના **સાયન** નામે વેપારીની પુત્રી હતી. તેની માતાનુ નામ **અમલાસુંદરી** હતું. તેના હાથ નીચે ઉછરી કેળવાઇને ઉત્તમ થઇ હતી. તે પરમ રૂપ સુંદર, ઇંગિતજ્ઞાન, ભણેલી, શાન્ત, ચતુર, ઉત્સાહી, નીતિવાન અને પતિવ્રતા હતા. જેવી શરીર સૌન્દર્યતામાં ઉત્તમ હતી, તેવીજ હૃદયસૌન્દર્યતામાં પણ શ્રેષ્ટ હોવાથી સૌકોઇ જોઇ મોહિત થતાં હતાં. તેને નિછની નગરથી થોડે દૂર ચંપક નામે નગરના વણિકવેપારી **ચાંદ** સોદાગરના પુત્ર **નખિન્દર** સાથે પરણાવી હતી. તેની સાસુનું નામ **સનકાસુંદરી** હતું. નખિન્દર પણ રૂપગુણે ઉત્તમ હતો. એક દિવસે આ દંપતિ ઓરડામાં સૂતાં હતાં. રાત્રિ ઘન ઘોર અંધારી હતી. નખિન્દર ઊંઘમાં સૂતો હતો, ત્યારે તેને સર્પે ડંશકર્યો ! ઝેરી ડંખથી બેહુલા પતિવગરની થઇ; તેથી મહાઆક્રંદ સાથે વિલાપ કરવા લાગી. તે જોઇ નખિન્દરનાં માબાપ પણ ભેદી અવાજથી વિલાપ કરવા લાગ્યાં. વિપદમાં રોવું શામાટે ? રોવાથી ફળશું ? રોવામાં વખતનો નાશ કરવાથી દુઃખ નાશ કરવામાં વિઘ્ન નડશે ? આવો વિચાર કરીને બેહુલા રૂદન કરતી બંધ થઈ. તેણે બાળપણમાં સાંભળ્યું હતું કે, મહેનત કર્યાથી આ જગતમાં કંઇપણ અસાધ્ય નથી. મહેનત કર્યાથી સર્વ કામ થઇ શકેછે, તો સર્પે ડંશેલા મૃત પતિનું જીવન કેમ પાછું જીવતું ન થાય? ઘણા પ્રયાસથી **સાવિત્રી** સતી મરેલા પતિ સત્યવાનને પાછો જીવતો કરી શકી હતી, તો હું મારા મૃત પતિને જીવતો કેમ નહિ કરી શકું ? સાવિત્રી પણ માણસ હતી, તે જે કરી શકી તે હું કેમ કરી શકીશ નહિ ? ધીરે ધીરે તેનો વિચાર વધવા માંડયો, પળે પળે તે વિચારે તેના મર્મ સ્થળને સ્પર્શ કર્યો. તેણે નક્કી કર્યુંકે;— "સ્વામીનું જીવન બચાવીશ નહિતો તેની સાથે મરી જઇશ." એવી પ્રતિજ્ઞા લીધી.

બેહુલા સતી હતી, તેને પોતાના દેહના કરતાં પતિના દેહની વધારે ચિંતા હતી. તેથી તેણે પોતાના આત્મ જીવન પ્રતિ ધ્યાન નહિ આપતાં, કેવળ "પતિનું જીવન બચાવીશ." એવો વિચાર કર્યો. નિરંતર તેનું લક્ષ તેની તરફ દોડયું, તેણે સાસુ, સસરા વગેરેના કહેવા સામું નહિ જોતાં, ઘર છોડી દીધું, તરત લાકડાની એક નાની હોડી વેચાતી લીધી. તે હોડી નદીના પાણીમાં તરતી કરી. સતી હોડીમાં પતિને ખોળામાં લઇ બેઠી. છૂટા કેશે અને કંગાળ વેશે હોડીમાં તણાવા લાગી. સાસુ સસરા, માબાપ અને ભાઈ, બેનમાં જીવ વળગ્યો નહિ. માત્ર પતિ જીવનના ઉપર લક્ષ રાખીને પતિજ દેવતા અને પતિ સેવાજ સ્વર્ગ એવો વિચાર કરીને હોડીમાં બેઠી હતી. નદીના પ્રવાહમાં હોડી ઉતાવળે ચલાવતી હતી. પતિના

જીવનની શોચનાથી રાત્રિ દિવસનું પણ જ્ઞાન રહ્યું નહોતું. અંધારા કે અજવાળા ઉપર દૃષ્ટિ કરતી નહોતી અને ટાઢ તડકો નહિ ગણતાં એક ગામ મૂકી બીજે, ને બીજેથી ત્રીજે ગામ આવતી અને લોકોને પૂછતી કે;—“ સર્પ ડંશથી મૃત થયેલાને સજીવન કરવાનો કંઇ ઉપાય છે ? ” લોકો જે જે જવાબ આપે તે સાંભળતી ને તે પ્રમાણે કરતી હતી. હજારો પતિ પ્રાણા સતીઓ પતિ વિયોગથી મરેલા પતિના દેહને ખોળામાં લઇને સળગતી આગમાં બળી મરે છે. ગંભીર શોકના કઠોર ડંશથી હજારો સતીઓ પતિની સાથે સતી થાય છે; પરંતુ આવી રીતે તો માત્ર સાવિત્રી અને બેહુલાની કથા સાંભળી છે. બેહુલા અન્નજળ નહિ લેતાં વિચાર કરવા લાગી કે;—એકવાર હું જેને મારા જીવનનો આશ્રય સમજેલી છું, તેજ મારૂં જીવન છે, મારૂં શરીર લોહી માંસનું બનેલું છે. જીવન ગયાથી લોહી માંસના શરીરને લઇને શું કરૂં ? મેં જેને મારો જાણ્યો છે, તેના પ્રાણુમાંજ મારો પ્રાણ છે. જેને મારો કહો છે, તેના જીવનમાં ને મારા જીવનમાં કદી જુદાપણું નથી. શરીર માત્ર જુદું રહ્યું છે, પણ પ્રાણ જુદો નથી—હૃદય એકજ છે ! મોહાંધ મનુષ્ય બહારની આંખથી જુવે છે કે;—“ જગતમાં સઘળાં ભિન્નછે. ” સઘળાં જુદાં થઇ શકે છે, પરંતુ જે “ મારો ” તમારાથી કદી પણ જુદોજ નથી. જ્યારે જુદો નથી, ત્યારે તે જીવનમાં આ જીવન જશે; તેમાં વળી આશ્ચર્ય શું ? બેહુલાનો શોક ઓછો થયો નહિ. મૃત પતિને ખોળામાં લઇને હોડીમાં બેસી નિછની નગરમાં માબાપની તરફ ચાલી. માબાપને ખબર થવાથી તેઓ શોકને લીધે અધિરાં બન્યાં હતાં. અશ્રુજળથી તેઓનાં હૃદય તણાતાં હતાં. ઉંડા શોકથી અનાહારે બેહુલાનું જીવન નદીના પ્રવાહમાં તણાઇ ગયું હશે કે શું ? તેનો વિચાર કરીને માબાપ શોકમાં પડયાં હતાં. પુત્રી સ્નેહે તેઓની શોધ કરવા દોડયાં. માત પિતાની શોધથી બેહુલા દૃષ્ટિએ પડી. તેનો ચેહેરો સૂકાયેલો, શરીર દુર્બળ અને રૂપ લાવણ્ય જતું રહેલું દીઠું ! જાણે તે મરવાપર આવેલી હોયની એવી જોઇ. માબાપ આવો ભયાનક દેખાવ જોઇને ભય પામ્યાં—ઉંચે સ્વરે શોકકારક અવાજથી રડીને બોલ્યાં;—“બેહુલા ! ઉભી રહે—અમોને મૂકીને કયાં જાય છે ? તું નહિ આવીશ તો અમે કેમ જીવીશું ? પહેલાં તારાં માબાપને બચાવ, પછી તારી ઇચ્છા હોય ત્યાં જજે. ”

સતી બેહુલા પતિના શોકથી ઉન્મત્ત થયેલી હતી, તેણે માબાપનું રડવું સાંભળ્યું. તેથી તેને પણ રડવું આવ્યું; પરંતુ તે પોતાના હેતુથી ભ્રષ્ટ થઇ નહિ. તેણે દીનપણે ભક્તિ પૂર્વક નમ્ર વચનથી માબાપને કહ્યું કે;—“ મને હવે શા માટે બોલાવોછો ? મારા પાપી જીવનનું હવે પ્રયોજન નથી. પતિ જે રસ્તે ગયો છે, તે રસ્તે હું પણ જઇશ; મને વૃથા રોકશો નહિ, રોકશો તો મારા ધર્મનો ભંગ થશે. કીડાથી ભરેલા અનંતનરકમાં કીડાની પેઠે મારૂં જીવતર જશે. તમે

મારો પ્રાણુ બચાવવાને યત્ન કરશો ખરાં, પરંતુ તમારા યત્નથી શું થશે ? એ તો જો સર્વ નિયંતાજ મારૂં જીવન બચાવશે તોજ બચીશ; નહિતો તમારા ઘણા યત્ને પણુ હું બચી શકીશ નહિ. તમે વૃથા રડીને વ્યાકુળ થશોમાં. રોવાથી શું થશે ? ઇશ્વરની આગળ "મારૂં જીવન" બચાવવાની પ્રાર્થના કરો તો હું જરૂર બચીશ. ઇશ્વરની કૃપાથીજ તમે મને મેળવી શકશો. મારે માટે ચિંતા કરશો નહિ, હું જીવતી રહીશ તો જલદીથી તમારી પાસે પાછી આવીશ." એટલામાં નદીનો પ્રવાહ વધ્યો, હોડી ઉતાવળે ચાલતી થઇ. તેથી માબાપ મોટા અવાજથી રડવા લાગ્યાં. થોડીવારમાં હોડી નજરથી દુર થઇ ગઇ. પુત્રીને જોયા છતાં પણુ માબાપ મેળવી શક્યાં નહિ. તે પિતા માતાના સ્નેહનું બંધન તોડીને એક માત્ર પતિના જીવન ઉપર લક્ષ રાખીને ચાલતી થઇ. માબાપ નિરાશ થઇ પાછાં ઘેર ગયાં. જગદીશ જ્યારે જેના ઉપર અસંતુષ્ટ થાયછે, ત્યારે તેના દુઃખની સીમા રહેતી નથી. બેહુલાના દુઃખની સીમા આવી નહિ. ઉલટું તેનું દુઃખ વધવા લાગ્યું. એ તરંગ ઉપર તણાતી જતી હતી, તે એક માછીમારે દીઠી. જેમ અંધારામાં મણિનો પ્રકાશ જણાઇ આવેછે, જેમ કોયલામાં પડેલો હીરો તરત ઓળખાઇ આવે છે; તેમ બેહુલાનું રૂપ સૌન્દર્ય પણુ છુપું રહ્યું નહિ. તેની ખુબસુરતી જોઇને માછીનું હૃદય ચમક્યું. શબને ખોળામાં લઇને તણાવવાનું કારણુ પૂછવા લાગ્યો. બેહુલાના જવાબથી આશ્ચર્ય પામી તેની સામું તાકીને જોવા લાગ્યો; પરંતુ બેહુલાએ તેની સામું જોયુ નહિ. તેમ તે પણુ તેની સામે વધારે જોઇ શક્યો નહિ, પણુ રૂપ સૌન્દર્યથી મોહિત થઇને તેને પોતાની સ્ત્રી કરવાના ઈરાદાથી બોલ્યોકે;—" શડેલા મૃત પતિને લઇને તમે ક્યાં જશો ? મરેલો માણસ શું કદી જીવી શકેછે ? તમે તેની આશા છોડો અને મારી સાથે સુખથી રહો. હું તમારી ઘણી બરદાસ કરીશ."

સતી પોતાના પતિને માટે રાત દિવસ અનાહારથી પાણીમાં ફર્યાં કરેછે. કેવી રીતે પતિનો ઉધ્ધાર થાય ? કેવી રીતે પતિનો જીવ બચે ? આ વિચાર સિવાય જેના મનમાં બીજો વિચારજ નહોતો. પિતાની માયા, માતાનોસ્નેહ, સાસુ સસરાનું રોકવું, સખીઓની વિનંતી, અને સગાંઓની સમજાવટ, જે સર્વ સતીની પતિ ભક્તિ આગળ કશું કામ આવે એવું નહોતું. તે કેમ માછલાં પકડનાર—માછીની વાતથી ભૂલે ? તેણે માછીને કહ્યુંકે;—"ભાઇ માછી ! એ આશા શામાટે કરેછે ? પર સ્ત્રીના અમૂલ્ય સતીત્વ નાશની ઇચ્છા શામાટે કરેછે ? એ મોટું પાપછે ! એ પાપની માફી ઇશ્વરની પાસે પણુ નથી ! તેં શું કોઈની આગળ સાંભળ્યું નથી કે એ પાપથી નરકમાં કીડાના ડંખથી મરવું પડેછે ? ભાઇ ! એવી આશા રાખમાં." દુષ્ટ માછીએ તે ઉપદેશ સાંભળ્યો નહિ; બળ જોરથી બેહુલાને તરતો તરતો પકડવાને આવ્યો. આ જોઈ પતિ વિયોગી બેહુલા "હરિ રક્ષા કરો !",

એમ બોલી રોવા લાગી. સતીના રૂદનથી જાણે પ્રભુએ દયા કરી હોયની, તેમ અકસ્માત્ પ્રવાહનું બળ વધ્યું. તેથી હોડી દોડની ચાલવા લાગી. તેને લીધે માછીની ઇચ્છા પૂર્ણ થઇ નહિ. માછી તરનો થાકીને નિરાશ થઇ કિનારે આવ્યો. બેહુલાની હોડી ઘણે દૂર ચાલી ગઇ. તેના દુઃખનો છેડો આવ્યો નહિ. ભૂખ તરસથી તેનું શરીર સૂકાયલું, તેમાં વળી નરકના કીડા રૂપ નરના ઝેરી ડંખ! પાખંડોના પાપી જુલમ— તે પાછો દુઃખમાં પડી. એક નાના ઘાટ ઉપર હોડી આવતાંજ તેને જોઇ એક ખારવાએ જાળના યોગે હોડી પકડી. આ વખતે બેહુલા ઘણા દુઃખમાં આવી પડી. આ વેળાએ પોતાના અમૂલ્ય સતીત્વ ધનની રક્ષા થવી મુશ્કેલ જોઇને તે રોવા લાગી. તેણે ખારવાને કરૂણા જનક રડીને કહ્યું;— "ખારવા! તમે મારા પિતા છો, હું તમારી પુત્રીછું, પિતા થઇને પુત્રીની રક્ષા કરો? અનંત નરકમાં પુત્રીને ડુબાવશો નહિ. પુત્રીના ઉપર દુષ્ટ ઇચ્છા રાખવાથી મહાપાપ લાગશે, પાપથી વંશ રહેશે નહિ, તમે નાશ પામશો." આ ઉપદેશથી પાપી ખારવાનું હૃદય પીગળ્યું નહિ. તે ક્રોધથી બોલ્યો;— "હું તને છોડીશ નહિ, કયો મૂર્ખ મણિ હાથમાં મેળવીને પાણીમાં નાખીદે! તને હું ઘણા સુખમાં રાખીશ. મારી પાસે પૈસાની ખોટ નથી, મારા ઘરમાં અનાજનું દુઃખ નથી. હું તને અતિ યત્નથી પાળીસ. ઘરના કામકાજમાં દુઃખ વેઠવું પડશે નહિ. દાસદાસીને રાખીને હમેશાં તારી સેવા કરાવીશ. શામાટે તું આવું દુઃખ સહન કરીને પાણીમાં ફરતી ફરેછે! મૃત શરીરને નાખી દઇને મારી સાથે આવ." આ સાંભળી બેહુલા ભય પામી. પણ નાહિંમત થઇ નહિ. મનમાંને મનમાં વિચાર કર્યો કે;— "ખારવાના હાથથી છુટવાની બીજી તદબીર કરી જોઉં. એની સ્તુતિ કર્યાથી તેના હૃદયમાં દયાનો સંચાર થવાનો સંભવ છે. જો વિનંતિ અને સ્તુતિ કર્યાથી મને છોડશે નહિ, તો મારા નસીબનો આખીર છેડો લાવીશ. પતિને ખોળે લઇને પાણીમાં કૂદી પડી પ્રાણ ત્યાગીશ."

સતી બેહુલા આવો વિચાર કરી ખારવાને કહેવા લાગીકે; "મને વૃથા દુઃખ આપશો નહિ! મારા પ્રતિ તમારી દુરાશા કદિપણ પાર પડશે નહિ, હુંધનની ભૂખી નથી, મારે દાસ દાસીઓની સેવા જોઇતી નથી, હુંજેની સેવા કરવા ચાહુછું, તેને નહિ મળયાથી કોઇ રીતે જીવન રાખીશ નહિ. તમે ગમે તેટલું કરશો તોપણ મારાથી તમારી કોઇપણ અભિલાષા પૂર્ણ થશે નહિ. જોપાણીમાં રહેતતો હુંબીજા બે દિવસ બચત, પણ તમે જુલમ કરશોતો મારા જીવનનો આજેજ અંત આવશે— હું કોઇ રીતે પાપીજીવન રાખીશ નહિ. આજે હું મરીશતો કંઇપણ નુકશાની થનાર નથી; પરંતુ એટલુંજ મનમાં દુઃખ રહેશે કે મારી આશા પૂર્ણ થઇ નહિ. હું મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરી શકી નહિ—જેની માયાથી સર્વની માયા છોડી હતી, તેના અનુસરણમાં જીવનદાન કરી નહિ શકયાથી અંતે જુલમખોરના હાથથી મરી ગઇ. માટે મારે તમારી પાસે છેવટ એ માગવાનું છે કે, અબળાના જીવનનો નાશ

કરશો નહિ, તમારી આશા સિદ્ધ થશે નહિ. માટે જુલમ ગુજારીને મારૂં જીવન નાશ કરવાની હિંમત કરશો નહિ."

સતી બેહુલાનાં આ વચને ખારવાના હૃદયમાં અસર કરી, તેના પથ્થર જેવા કઠણ હૃદયમાં દયા ઉત્પન્ન થઇ. તરત હોડી છોડી દઇને બોલ્યો;—' આટલું સુખ તારાં નશીબમાં ક્યાંથી હોય ? જા તું ચંડાલિની પેઠે ડૂબી મરી જા ?" બેહુલા રૂદન કરતી બંધ પડીને તેના હૃદયમાં આશા ઉત્પન્ન થઇ. જુલમગારના હાથી છૂટકારો થયેલો જોઇ ને તેના મનમાં આવ્યું કે દુષ્ટ યમના હાથથી છૂટી છું તો પતિના જીવનને પામી શકીશ. હોડી ચાલી જતી હતી અને પોતે ઇશ્વર સ્મરણ કરતી હતી, પણ હજુ તેના દુઃખમાં કંઇ અધુરૂં રહ્યું હશે. સતીની કસોટી માટે આકાશમાં મેઘ ચઢી આવ્યો, ચારે તરફ અંધકાર વ્યાપી રહ્યો, ગર્જના થવા લાગી, વીજળીના ચમકારા અને વરસાદના તરંગમાં તણાતી બેહુલાને મુંઝવી નાખી. રાત્રિ અંધારી હતી, તેમાં વળી આવી ભયંકર વૃષ્ટિ પડવા લાગી. આસ પાસનાં જંગલોમાં ફાડી ખાનારાં જનાવરોના અવાજ સંભળાતા હતા. તથા પ્રાણુ જવાની તૈયારીમાં હતો. બિચારી બેહુલાને ઘણી મુંઝવી, પણ તેથી તે ગભરાઇ નહિ, તેણે વિચાર કર્યો કે;—"મૃત્યુજ મનુષ્યના જીવનનો અંત છે. હું જે કામ કરવા તૈયાર થઇછું તે પૂર્ણ થાય અગર મારો અંત આવે. હું જ્યાં સુધી જીવતી છું ત્યાં સુધી તેનો છેડો લાવ્યા સિવાય પાછી ફરીશ નહિ. મેં જે પ્રતિજ્ઞા લાધી છે તે પાર પાડીશ. પાર પાડતાં મરીશ તો કંઇ ફિકર નહિ." બેહુલા ઘણું દુઃખ પામી, પણ પોતાના ધારેલા હેતુથી ચળિત થઇ નહિ. આખી રાત્રિ મુશળ ધારે વરસાદ પડવાથી શરીર નિર્જીવ જેવું થઇ ગયું હતું, પણ તે જીવવાની આશાએ દુઃખથી કંટાળીને હોડીથી હેઠે ઉતરી કિનારે આવતાં ગામમાં ગઇ નહિ. ધીરે ધીરે વરસાદ બંધ પડયો. સવાર થયું, પણ હોડી ઉભી રાખી નહિ. કિનારે ઉભેલા લોકોને પૂછતીકે;—" તમે સર્પના ડંખેલાને સજીવન કરવા કોઇ ઔષધ બતાવશો ? જો બતાવશો તો હું હમેશાંને માટે આપની દાસી થઇ રહીશ." આ વાણી નદીના પાણીમાં ઉભેલા દેવ ધ્યાનમાં લાગેલા એક વૈદ્યના કાનમાં પહોંચી. મધુર વાણી સાંભળી વૈદ્યનું જપ તપ જતું રહ્યું, બંધ કરેલાં નેત્રો ઉઘાડી કહેવા લાગ્યો કે;—તમે જો આ મુડદાને ઘાટ ઉપર મૂકી મારા ઘરમાં આવીને કેટલાક દિવસ રહો, તો હું આ તારા પતિને બચાવી શકીશ." ઘાટ ઉપર ઉભેલાં બીજાં માણસોએ વિચાર કર્યોકે, વૈદ્યરાજ ખરેખર આ સર્પના ડંખેલાને જીવાડશે; પરંતુ બેહુલાના મનમાં બીજી રીતના ભાવનો ઉદય થયો, વૈદ્યના ચેહેરા ઉપરના ચિન્હ અને વાત ચીતથી તેને ઓળખી લીધો. તેથી તેને ઘેર જવાને રાજી નહિ થતાં કહ્યુંકે;—"મહારાજ ! ખોળા ઉપરનું પુતળું ખોળા ઉપરજ રાખીશ, જ્યાં સુધી મારો પ્રાણુ છે, ત્યાં સુધી તેને

દૂર કરીશ નહિ. આપને જો મારા ઉપર દયા આવતી હોય, તો કૃપા કરી મને હોડી ઉપરથી નહિ ઉઠાડતાં ઉપાય કરો." દુષ્ટ વૈદ્યની ઇચ્છા જુદી હોવાથી બોલ્યો કે;—"તમે પાણીમાં તરતાં જઇ શકશો નહિ. તમે આત્મ હત્યા કરવાને તૈયાર થયાં છો. તેથી તમને હું છોડોશ નહિ. આત્મ હત્યા કરવાની ઇચ્છા રાખનારને રાજદ્વારે શિક્ષા કરવી જોઈએ. માટે તમે મારી સાથે ઘરમાં નહિ આવશો તો તમને પકડીને હમણાં રાજદ્વારે મોકલીશ." સતી બેહુલા આ દુષ્ટના વચનથી નહિ ડરતાં ક્રોધથી બોલી;—"વૈદ્યરાજ ! રાજ્ય ભય કે ચોરના ભયથી હું ડરતી નથી. મને પ્રાણ, માન ને કીર્તિની ઇચ્છા નથી કે હું પ્રાણ નાશ કે માન ભંગથી ડરૂં." આ સાંભળી વૈદ્ય ક્રોધ કરી તરતો તરતો હોડીને પકડવા આવ્યો. તેથી બેહુલા રૂદન કરતી ઘાટ ઉપર ઉભેલા માણસોને કહેવા લાગીકે;—"તમે મારાં માબાપ છો, દુષ્ટના હાથથી મારી રક્ષા કરો." સતીનું રૂદન સાંભળી માણસોએ તે દુષ્ટના હાથથી મૂકાવી. હોડી ઉતાવળે ચાલતી થઇ. ચાલતાં ચાલતાં ગંગાના પુણ્યમયી પવિત્ર જળમાં ગઇ. આ પુણ્યમયી પવિત્ર પાણીથી બેહુલાના પવિત્ર જીવનની મર્યાદાની રક્ષા થઇ. હોડી ત્રિવેણી સંગમ ઉપર આવી પહોંચી. આ પવિત્ર સ્થળ પવિત્રાત્માની પૂર્ણતા મેળવવાને મદદગાર થયું. તેની વાસના પૂર્ણ થવાનો સુયોગ આવ્યો. પ્રયાગના કિનારા ઉપર એક ધોબણ કપડાં ધોતી હતી. બેહુલાએ પહેલાંની પેઠે પોતાની મર્મની વ્યથા જણાવી. આ સાંભળી ધોબણ મનમાં ખેદ પામી બોલી;—"મા ! તમે ડરશો નહિ. દયાળુ ઇશ્વર વ્યાધિની ઉત્પત્તિ સાથે ઔષધ પણ બનાવી રાખેછે. આપણે અજ્ઞાન હોવાથી તેને ઓળખી શકતા નથી. સર્પડંખ સામે પ્રાણદાનમાં ઉપયોગી ઔષધ આ જગતમાં છે; મારો શેઠ તે ઔષધ સારી પેઠે જાણે છે, તમે અહીં થોડો વખત ઉભાં રહો. હું જલદીથી ઔષધ લઇ આવું છું." આ સમયે બેહુલાને થોડી આશા આવી, ધોબણને કહ્યું કે,—"તમેજો કૃપા કરીને મારો પ્રાણ બચાવોતો હું માની પેઠે તમારી સેવા કરીશ." ધોબણ તરત જઇને ઔષધ લાવી. તેથી બેહુલાનો પ્રાણપતિ નખિન્દર જીવતો થયો. તેની ભયાનક કર્મ વેદના જતી રહી. બેહુલાની આશા પૂર્ણ થઇ. તેથી પતિપત્ની બંને ધોબણના ચરણમાં પડયાં મા કહીને બન્ને સેવા કરવા લાગ્યાં; પરંતુ દયાળુ ધોબણ તેઓનું દુઃખ હવે જોઈ શકીનહિ. તેણે બન્નેને ઘેર પાછાં જવાની વિનંતિ કરી, પણ આ પવિત્ર દંપતીએ તે વાત માની નહિ. "અમેતો અમારી પ્રાણદાત્રી માની સેવામાં જીવન પૂરૂં કરીશું." એમ કહી જવાની નાપાડી. ધોબણે ઘણોજ આગ્રહ કર્યો, ત્યારે લાચારીથી આ પવિત્ર જોડું ધોબણને નમન કરી નૌકામાં બેસી ઘર તરફ વિદાય થયું. સતી બેહુલાએ પ્રથમ નિછનીમાં આવી ને માતપિતાને મળી આનંદ વર્તાવ્યો. પછી ચંપકનગરમાં આવી સાસુ સસરાને હર્ષઘેલાં કર્યાં. લોકો નખિન્દરને જીવતો જોઇ ઘણાં આશ્ચર્ય પામ્યાં અને સતીને

ધન્યવાદ આપી પૂજ્ય અને માન્ય ગણી વખાણવા લાગ્યાં. પછી આ પતિપત્ની સુખમાં દિવસો નિર્ગમન કરી સ્વર્ગે સિધાવ્યાં. એ રીતે સતી બેહુલાએ પ્રાણની દરકાર રાખ્યા વગર અનેક સંકટો સહન કરીને પતિને સજીવન કર્યો. "પ્રયત્ન કર્યાથી ફળ મળે છે" એવું જગતને બતાવી આપી અમર નામના રાખી ગઇ છે. ધન્ય છે તેમને !!!

વીર–સતીઓ.

રાણકદેવી.

આ પ્રસિદ્ધ સતી સિંધ દેશના રાજા **શેરપાવર**ની પુત્રી હતી. તેનો જન્મ મૂળ નક્ષત્રમાં થયો હતો. તેથી રાજાએ જોષિને પૂછતાં તેણે કુંડળી કરી કહ્યુંકે, આ કુંવરી એવા જોગમાં અવતરી છે કે, તેને જે પરણે તેનું રાજ્ય જાય અને તેનો પિતા આંધળો થાય. આ સાંભળી રાજા બહુ ખેદ પામ્યો અને પોતાની કુંવરીને વનમાં મૂકી આવવા રાણીની ઘણી આનાકાની છતાં વજ્રના જેવી કઠિન હૃદયની દાસીઓ રાજાની ઇચ્છા પ્રમાણે રાત્રિએ જંગલમાં મૂકી આવી. "મારનાર કરતાં રક્ષા કરનાર સમર્થ છે" તે પ્રમાણે તે આખી રાત્રી જંગલમાં રહી, છતાં પણ કોઇ હિંસક પ્રાણી તેને અડયું નહિ. રાત્રિ વ્યતિત થતાં પ્રભાત થયું. ત્યારે પાસેના ગામનો **હડમતીઆ** નામનો કુંભાર માટી ખોદવા આવ્યો. રોતું બાળક તેમની દૃષ્ટિએ પડવાથી તે ઘણો હર્ષભેર ઉપાડી લઇને ઘેર આવ્યો. પોતાને કાંઇ પણ સંતાન નહોતું. તેથી પ્રસન્ન ચિત્તે તેને ઉછેરી મોટી કરવા લાગ્યો. પોતાની સ્ત્રી સાથે વિચાર કરી રાજયની કોઇ પંચાતીમા ફસાઇ પડવું નપડે, માટે તે કચ્છ દેશમાં ભૂજનગરની પાસેના ગામડામાં આવી રહ્યો. પુત્રી રાનમાંથી મળેલી. તેથી તેનું નામ 'રાણક' પાડયું. જે આગળ જતાં રાણકદેવી નામે પ્રસિધ્ધ થઈ. રાણકદેવી યોગ્ય ઉમરની થતાં સુધી ગમેતે સ્થળે રહી તથા અશિક્ષિત અવસ્થાનાં ઉછરી હતી, તોપણ તેનામાં કોઇ સુંદર રાજકન્યાને યોગ્ય રૂપ તથા ગુણો પ્રકાશિત થયાં હતા. સ્વરની મધુરતા, ઘણી કોમળ, તિવ્રબુધ્ધિની, ધૈર્યવાન, નીતિનીપુણતા, અને બોલવા–ચાલવાની છટા ચિત્તાકર્ષક હતી. જેમ કાગડામાં રાજહંસ અને બકરાંનાં ટોળામાં કેસરીસિંહ છાનો રહેનહિ, તેમ રાણકદેવી કુંભારણોમાં અલગ પડીરહેતી. પહેરવેશ જોકે તે કુંભારણુંનાજ પહેરતી હતી, પરંતુ તેની મુખાકૃતિ તે જાતિની નહિ હોવા વિષે

જાણે ક્રીડા કર્યા કરતી હતી. ગરીબના ઘરમાં લૂખાસૂકા અન્નથી પોષાઇ હતી, તોપણ કાંટા સેરીયાના ફુલ જેવી તે કાન્તિમાન જણાતી હતી. યૌવન —વસંતનો બહાર ખીલવાથી તેની મુખમુદ્રા ઉપર કાંઇક વિશેષ ચમત્કારિક કાન્તિ પ્રકાશવા લાગી હતી. તેવા વખતમાં એક વાર તે કચ્છના રાજા **લાખાફુલાણી**ની દૃષ્ટિએ પડી. તે તેને જોઇ મોહિત થયો અને તે સાથે પરણવાનું માગું મોકલ્યું. હડમતીઆ કુંભારે કહ્યુંકે, કન્યા દેતાં પહેલાં મારે મારી નાતને પૂછવું પડશે. લાખાએ કુંભારને ઘણો ડર દેખાડયો. તેથી તે રાત્રિએ નાશીને ત્યાંથી સોરઠમાં જુનાગઢ પાસે મજેવડી નામે ગામમાં સહકુટુંબ આવીને રહ્યો. ત્યાં રાણકદેવીને કોઇ સારા કુંભાર સાથે પરણાવી દેવાના વિચારમાં હતો.

રાણકદેવી ખરેખર પદ્મણી હતી. તેના રૂપ ગુણથી જણાતું હતું કે એ કોઇ મોટા રાજાને યોગ્ય છે. હડમતને મજેવડીમાં રહેતાં થોડો વખત થયો, એટલામાં એકવાર દ્વારિકાંથી યાત્રા કરી ગુજરાત—પાટણ તરફ પાછા ફરતાં સોલંકીઓના દસોંદી—લાલભાટ, ભંગડભાટ, ચંચભાટ અને ડગલભાટ એ ચાર ભાટો મજેવડીમાં આવી ઉતર્યા. તેમણે અચાનક રાણકદેવીને દીઠી. તેમની ચંચળાઈ અને હાથ પગ ઉપરનાં ચિન્હો ઉપરથી તેમને જણાયુંકે, આ કોઈ રાણી થવાને યોગ્ય કન્યા છે. તેથી હડમતીઆ કુંભારને મળી તેમણે પાટણના રાજા સિદ્ધરાજ માટે તેની માગણી કરી અને ધન આપી સમજાવી દીધો. સિદ્ધરાજ પાસેથી શિરપાવ લેવાની આશાએ ભાટો એકદમ કુચ કરતા પાટણ આવ્યા. સિદ્ધરાજ ભોજનશાળામાં જમવા બેઠો હતો, ત્યાં તેને મળવા ગયા. સિદ્ધરાજને સોળ રાણીઓ હતી, તેને જોઈ જોઇને તેમણે મસ્તક હલાવ્યાં. સિદ્ધરાજે મસ્તક હલાવ્યાનું કારણ પૂછયું, ત્યારે બોલ્યાકે;—"મહારાજ! અમે તમારી સોળે રાણીઓ જોઇ, પણ તેમાંની એકે પૂરી પદ્મણી નથી." રાજા બોલ્યો;—"તમે મારા દસોંદી ભાટ છો, માટે દેશાંતરમાં ફરીને એક ખરેખરી પદ્મણી ખોળી કહાડો અને જ્યારે જડે ત્યારે માગું કરીને લગ્નનો દિવસ ઠરાવી આવજો." ભાટોએ કહ્યું કે;—"સોરઠ દેશમાં મજેવડીની અંદર એક કન્યા છે" રાજાએ તેની સર્વ વિગત પૂછતાં ભાટોએ કહ્યું કે;—

"યાત્રા કરતા ફરતા ફરતા, પોંચ્યા સોરઠ દેશ;
મજેવડી એક ગામ નાનું, સુંદર તોય વિશેષ.
હડમતીઆ કુંભાર કેરી, પુત્રી બાળે વેશ;
કુંમકુંમ પગલાં ચાલે પડે છે, અંગે મ્હેકે બરાશ.
ચતુરાને નથી ચૌદ થયેલાં, ફુલ ખીલે છે હજીએ."

આ સાંભળી સિદ્ધરાજે કહ્યું કે, અમારા કુળને કલંક લાગે, એટલા માટે; હું તો કુંભારની કન્યાને પરણીશ નહિ. ભાટોએ ઉત્તર આપ્યો;—

(દુહો.) આંગણુ આંબો મોરિયો, સાખ પડી ઘર બાર;
દેવે ઉપાઇ દેવડી, નહિ જાતે કુંભાર.

આવું સાંભળીને તથા તેઓએ તેના રૂપ ગુણનું કેટલુંક વર્ણન કર્યું. તેથી રાજા રાજી થઇ ગયો. દસોંદીઓને શિરપાવ આપી ફરીને મજેવડી મોકલ્યા. તેઓએ ત્યાં જઇ રાણકદેવીને રાજનીતિ શીખવવા એક ઉત્તમ શિક્ષક રાખી આપ્યો. 'રાણકી રાણી થશે,' એવા મનોરથથી હડમતીઓ રાત્રિ દિવસ આનંદમાં રહેવા લાગ્યો. બારોટ તેમની સાથે મળી, બે માસ ઉપરનો લગ્નનો એક દિવસ નક્કી કરીને પાટણ આવ્યા. સિદ્ધરાજને સર્વ વાત કહી બતાવી. તેથી તે ઘણો ખુશી થયો અને અગાઉથી લગ્ન માટેની સર્વે ગોઠવણો કરવા લાગ્યો.

આ વખતે જુનાગઢમાં રાખેંગાર રાજ કરતો હતો. તેની બેન સિદ્ધરાજના ભાયાત વેરે પરણી હતી, પણ તે **દેશળ** અને **વીશળ** નામે પોતાના બે કુંવર સાથે જુનાગઢ રહેતી હતી. એક દિવસે દેશળે પોતાના મામાને કહ્યું કે;—આપણા દેશમા મજેવડી ગામ નવું વસ્યું છે, તે જોવાને અમે જઇએ છીએ. આ પ્રમાણે આજ્ઞા લઇને પોતાના ભાઇ વીશળને લઇ મજેવડી ગયો; ત્યાં કુંભારની કન્યાની બધી વાત તેમના સાંભળવામાં આવી. તેમણે જુનાગઢ જઇને રાખેંગારને સર્વે વાત કહી બોલ્યાકે;—"આપણા મુલકનું કન્યારત્ન સિદ્ધરાજ લઈ જાય તો સોરઠનું નાક જાય." રાખેંગારે દેશળને કહ્યુંકે,—"મારૂં ખાંડું લઇને જા ને કન્યાને મારા દરબારમાં લઇ આવ."દેશળ ખાંડું લઇને ગયો ને કુંભારને કહ્યુંકે;—"તારી કન્યા રાખેંગારની સાથે પરણાવ." ત્યારે કુંભારે કહ્યું;—કન્યા તો પાટણના રાજા વેરે પરણાવી છે અને થોડા દિવસમાં ત્યાંથી જાન પણ આવશે. જો હું મારી દીકરી રાખેંગારને પરણાવું તો બેશક સિદ્ધરાજ મને મારી નાંખે. દેશળે ઉત્તર આપ્યો—હું જોરાવરીથી તેને તારી પાસેથી લઇ જાઉંછું, એટલે તને કાંઇ હરકત થશે નહિ. કુંભાર બોલ્યો;—પાટણનો રાજા ગિરનારને જડમૂળમાંથી ઉખેડી નાંખશે અને તેના પથ્થરા ચારે બાજુએ વિખેરી નાંખશે. માટે સિદ્ધરાજને દીધેલી કન્યા સામું તમારે જોવું નહિ. વળી કહ્યું કે;—

(સોરઠો.) "જેસિંહ દેવે જાય, ધારનગર ઢંઢોળિયો;
કપરો તે કહેવાય, ખેંગાર તું ખેંધો મ કર."

દેશળે તો બડાઇ ભરેલો ઉત્તર આપ્યો;—

(દુહો.) બાવન હજાર બાંધિયા, ઘોડા ગઢ ગિનાર;
કયમ શકે સોરઠ ધણી, ખોહણુ[1] દળ ખેંગાર.

છેવટે પછી એમજ થયું કે દેશળ બળાત્કારથી કન્યાને રાખેંગાર પાસે લઇ

૧. અક્ષોહિણી એટલે —૨૧૮૭૦ હાથી, એટલાજ રથ, ૬૫૬૧૦ ઘોડા, ને ૧૦૯૩૫૦ પેદળ, એટલું જેમાં હોય તેવી સેના.

ગયો. રાણકદેવી જુનેગઢ જઇ પહોંચી; એટલે રથમાંથી નીચે ઉતરીને પોળમાં પેઠી, તેજ વેળાએ અચાનક તેને ઠેસ વાગીને લોહી નીકળવા માંડયું. એટલે નિઃશ્વાસ નાંખીને બોલી;—"બાઇ! શુકન ઘણાં માઠાં થયાં. આમાંથી કાંઇ નરસું નીપજશે." આ માન શુકન માટે ભાટોએ કહ્યું છે કે;—

(દુહો.) પરથમ પોળે પેસતાં, થયો ઠપકાને ઠેસ;
રંડાપો રાણકદેવીને, (કે) સુનો સોરઠ દેશ.

પછી સારી રીતે ધામધૂમ કરીને રાખેંગાર તેની વેરે પરણ્યો. ત્રણ દિવસ સુધી આખું શેહેર (ધુંવાબંધ.) જમાડયું. તે સમયે એવું બન્યું કે, પાટણના સો વાઘરી માટીનાં વાસણ વેચવા સારૂ આવ્યા હતા. તેઓ ઉત્તર ભણીને દરવાજે ઉતર્યા હતા. તેઓને પણ સર્વેની સાથે જમવાને તેડયા; ત્યારે તેઓએ પૂછયું કે, "રાજાને ઘેર શી બાબતની જમણવાર છે જે અમને જમવાને તેડવા આવ્યાછો?" ત્યારે ચાકરે કહ્યુંકે;—

(દુહો.) સોરઠ સિંહળ દ્વીપની, જાત તણી પરમાર;
બેટી રાજા શેરની, પરણ્યો રા'ખેંગાર.

એટલા માટે આજ ત્રણ દિવસથી ઢેડ સુદ્ધાં આખા નગરને રાજા જમાડે છે. માટે તમને પણ જમવા તેડયા છે. ત્યારે વાઘરીઓએ વિચાર કર્યો કે આ કન્યાતો આપણા રાજાને દીધેલી છે, ને તેની વેરે રાખેંગાર જોરાવરથી પરણ્યો. વળી સિદ્ધરાજ સોલંકી કહેવાય છે ને આપણે પણ સોલંકી વાઘરી કહેવાઇએ છીએ. માટે સોલંકીની સાથે સગાઇ કરેલી કન્યાના પરણેતરના જમણમાં આપણે ભળવું ઘટે નહિ. પછી તેઓએ ધાર્યું કે સત્વર પાટણ જઇને બધી વાત ત્યાં કહેવી. આ પ્રમાણે વિચાર કરીને ભૂખ્યાને તરસ્યા તેઓ નીકળ્યા. તેઓ ચાલતે ચાલતે પાટણવાડામાં વાઘેલ ગામની સીમમાં આવ્યા. ત્યાં જનાવર પકડવા પાસ નાંખ્યો. એવામાં સિદ્ધરાજના ચાર દસોંદી ભાટ ઘોડે ચડીને નીકળેલા ત્યાં આગળ આવ્યા. તેનાથી ભડકીને પાસમાં એક રોઝ સપડાયો હતો તે નાશી ગયો. તે જોઇ વાઘરી બોલ્યો;—"બાપજી! અમે રાત દહાડો ચાલતા જુનાગઢથી આવીએ છીએ. આજે અમને સાત લાંઘા થયા છે, તમે અમારો રોઝ શા માટે નસાડી મૂકયો?" ભાટોએ પૂછયું કે, તમને સાત લાંઘા કેમ થયા છે? તેઓ બોલ્યા કે;—"રાખેંગારે પાટણના રાજાને દીધેલી કન્યા બળાત્કારે લઇ લીધી છે." આવું સાંભળીને ભાટ ઘણા વ્યાકુળ થયા, ને તત્કાળ અસ્વાર થઇને પાટણ જઇ સિદ્ધરાજને કહ્યુંકે;—

(અમે.) નિરધણિયાને, નડોરિયા, ભણિયેલ જા ભાટ;
ખોળી કાહાડી રાણકદેવીને, ખેંગારે પાડી વાટ.

આ સાંભળતાંજ પ્રલયકાળના મેઘના જેવી ગર્જના કરી, જાણે રૂદ્ર મહા કોપિત થયા હોય, તેવું રૂપ ધરિ વેણ તથા નેત્રમાં અગ્નિનો વાસ થયો

જેવો સિદ્ધરાજ દેખાવા લાગ્યો. રોમ રોમ ક્રોધ વ્યાપી ગયો ને તરત એક લાખ માણસનું લશ્કર લઇને ગઢગિરનાર ઉપર પ્રચંડ વેગથી ધસ્યો. સોરઠ પતિ રાખેંગાર પણ દુશ્મન ચઢી આવવાના સમાચાર જાણી સાવચેત થયો અને ગિરનારના ડુંગરી કિલ્લાપર રહી સિદ્ધરાજ સામે લડવાને તૈયાર થઇ રહ્યો.

રાણકદેવી પતિવ્રત ધર્મ પરાયણ રહી રાખેંગારને પ્રીતિપાત્ર થઇ પડી હતી. અરસ પરસ નિર્મળ પ્રેમ એટલો તો વધી ગયો હતો કે, એક વિના બીજાના પ્રાણ ધૈર્ય ધરતા નહોતા. દિન પ્રતિદિન વિવિધ વિલાસોમાં નિમગ્ન રહી જાણે નિષ્કંટક રાજ્ય ભોગવતાં હોય, તેમ આનંદમાં દિવસો ગાળતાં હતાં. તેવામાં સિદ્ધરાજે આવી જુનાગઢને ઘેરો ઘાલ્યો; પણ જે કિલ્લાપર રાખેંગારનો મહેલ હતો, ત્યાં જઇ ચડાયું નહિ. આવેળાએ સિદ્ધરાજની માતા રાણી **મિનળદેવી** પોતાના કુંવરની સાથે હતી. તેણે ઘણી યુક્તિઓ કરી, પણ કાંઇ વળ્યું નહિ. એકવાર રાણકદેવી કિલ્લાના ઝરૂખામાં બેસી સિદ્ધરાજની છાવણી જોઇને બોલીકે;—

(સોરઠો.) અમારા ગઢ હેઠ, કોણે તંબુ તાંણિયા;
સધરો મોટો શેઠ, બીજા વર્તાવું વાણિયા.

આ સાંભળી સિદ્ધરાજની છાવણીમાંથી મિનળદેવી તરફથી ઉત્તર મળ્યો કે;—

વાણિયાના વેપાર, જાતે દહાડે જાણશો;
મારશું રાખેંગાર, ઉતારશું રાણકદેવને.

ઘેરો ચાલુ હતો, તે દરમીયાન રાખેંગારે દેશળ ઉપર અપવાદ મૂકયો. આ વાત તેની માના જાણવામાં આવતાં બોલીકે;—"તેં તારી મામી રાણકદેવીને લાવીને તારા મામા વેરે પરણાવી, પણ તે ગુણ વિસરી જઇને ઉલટો તારે માથે અપવાદ મૂકેછે. માટે હવે તારે આ નગરમાં રહેવું નહિ. તે પછીથી રાખેંગારે પોતેજ તેને કહાડી મૂકયો; એટલે દેશળ પોતાના ભાઇ વીશળને સાથે લઇને રાત્રે ચાલી નીકળ્યો. આ વાત રાણકદેવી કે નગરનાં કોઇ માણસ જાણતાં નહોતાં. દેશળ ને વિશળ દરવાજા પાસે આવ્યા, ત્યારે દુદા અને **હમીર** જે બે રજપૂતો કિલ્લેદાર હતા. તેઓએ પૂછ્યું કે તમો કયાં જાઓછો? તેઓએ જવાબ આપ્યોકે;—માળવેથી દરબારની અફીણની પોઠી આવેછે, તેના સામે અમે જઇએ છીએ, તે મધ્ય રાત્રિએ પાછા આવીશું, ત્યારે તુરત દરવાજા ઉઘાડજો. પછી બન્ને ભાઇ બહાર નીકળ્યા, સિદ્ધરાજ પાસે જઇ કહ્યું કે;— "કાકા! અમે જાણતાં નહોતા કે તમે અમારા કાકા થાઓ છો, નહિતો અમે રાણકદેવીને અમારા મામા સાથે પરણાવત નહિ. હવે જો તમો અમારી સાથે આવો તો આપણે રાખેંગારને મારીને રાણકદેવી તમારે સ્વાધિન કરીએ. પછી ૧૪૦ યોદ્ધાઓને ગુણમાં ઘાલી પોઠિયા ઉપર નાંખીને ચાલ્યા. દુદા અને હમીર પાસે દરવાજો ઉઘડાવીને કિલ્લામાં હાંકી લાવ્યા અને તે બન્નેને તેજ ઠેકાણે ઠેર કર્યા. પછી તેઓએ રાખેંગારના મહેલ

ભણી આવીને રણશીંગું વગડાવ્યું; એટલે રાખેંગાર લડવાને આવ્યો. આ વિષે ચારણ લોકો કહેછે કે;—

(દુહો.) ઝાંપો ભાગ્યો ભેળ પડી, ભેળ્યો ગઢ ગિરનાર;
દુદો હમીર મારીઆ, સોરઠના શણગાર.

આ વખતે બન્ને તરફનાં ઘણાં માણસો માર્યાં ગયાં અને રાખેંગાર પણ મરાયો. દેશળ સિદ્ધરાજને લઇ રાણકદેવીને મહેલ ગયો, ત્યાં બારણાં બંધ હતાં. તે ઠેલવા માંડયાં, ત્યારે રાણકદેવી બોલીકે;—

(સોરઠો.) કવણ ખટકાવે કમાડ, મેડીએ રાણકદેવની;
જાણશે રાખેંગાર, ત્રાટક કાનજ તોડશે.

આ સાંભળી દેશળે યુક્તિ કરી કહ્યું;—"મામી! અમે બે બાઇ અને મામો રાખેંગાર આવ્યા છીએ, માટે તુરત કમાડ ઉઘાડો. તેણે બારણાં ઉઘાડી નાંખ્યા. દેશળની સાથે સિદ્ધરાજને જોઇ કાંઇપણ દગો થયો છે એમ રાણકદેવી સમજી ગઈ, પણ શું કરે પાસે કાંઇ પણ હથિયાર નહોતાં. તેથી નિરાશ થઇ એક બાજુ જઇ ઉભી રહી. રાણકદેવીને બે કુંવર હતા. તેમાં માણેરો ૧૧ વર્ષનો અને ડગાયચો પાંચ વર્ષનો હતો. સિદ્ધરાજ ડગાયચાને પકડી બોલ્યોકે;—" સુંદરી! હવે તું મારી સાથે આવેછે કે કેમ? જો તું નહિ આવે, તો તારા પતિની પેઠે આ તારા પુત્રોને પણ મારી નાંખીશ. જ્યારથી તારાં વખાણ મારા ભાટોએ કર્યાં હતાં, ત્યારથી મારૂં મન તારામાં લાગી રહ્યુંછે. તું મારી આંખમાં કણીની પેઠે ખટકી રહી હતી. મેં ખેંગારને યોગ્ય શિક્ષા આપીછે. હવે નિર્ભયતાથી મારી માગણી જલદીથી માન્ય કરીને તું મારી પટરાણીના મહાન્ પદને ધારણ કર. તું મને વરવાને બંધાયલી છતાં બીજાની કેમ થઇ, તે હું સારી રીતે જાણુંછું તેમાં તારો લેશ પણ અપરાધ નથી. માટે તે સામું નહિ જોતાં હું તારો સ્વીકાર કરૂંછું. વગર વિલંબે તું હવે મારી થા. હું તને સર્વ પ્રકારે સુખ આપીશ, " સિદ્ધરાજનાં આવાં અપ્રિયને કઠોર વચન સાંભળી સતી રાણકદેવી રાતી—તાતી થઇ ગઇ; ને કદાચ હથિયાર પાસે હોત, તો દુર્ગાભવાનીએ જે રીતે મહિષાસુરના મસ્તકને એક ઝટકે ધડથી અલગ કરી દીધું હતું, તેમ કરવા ચુકત નહિ, પણ દુર્ભાગ્યે તેવું કાંઇ હથિયાર દીઠામાં આવ્યું નહિ. રાણકદેવી ક્રોધકરી બોલીકે;—"ઓ દુષ્ટ! હું તારાં પરાક્રમને જાણુંછું. જ્યારે આ મારા દુષ્ટ ભાણેજે દગો કરી તને અહીં કિલ્લામાં લાવ્યા, ત્યારે તું અહીં આવી શકયો છે. હું પતિવ્રતા છું, હું જેને પરણી હતી તેજ મારો ખરો પતિ હતો. હું એક ભવમાં બે ભવ કરનારી નફટ નારી નથી. તારી કશી કારી મારી પાસે ચાલનાર નથી. માટે ઓ પાપી! તું તારૂં ભલું ઇચ્છતો હોય, તો મને મારા પતિનું શબ સોંપીદે."

સતી રાણકદેવીનાં આ તિક્ષણ વચન સિદ્ધરાજને છાતીમાં બાણ જેવાં લાગ્યાં.

તેણે ક્રોધ કરી તેના પુત્ર ડગાયચાને મારી નાંખ્યો અને નેત્રો ચડાવી બોલ્યો કે;—"અરે! તું જાણુતી નથી કે મેં બારબાર વર્ષ સુધી પ્રયત્નો કર્યા ને સુખે નિદ્રાપણુ તારે માટે તજી દીધી હતી, તેમ છતાં પણુ હજી તું મારા તરફ પ્રેમ દૃષ્ટિથી જોતી નથી, એ તારાં ખરેખરાં દુર્ભાગ્ય સમજવાં. હવે તું મારા કબજામાંથી છૂટીને ક્યાં જઇશ? મારાં પરાક્રમ, બળ, શૂર, સમૃદ્ધિ, વૈભવ, અને કુળ વગેરે તારાં અજાણ્યાં નથી. મારે માટે તું સરજેલી હતી, તેતું વચ્ચેથી હરણુ કરનાર અને ભાવી પ્રેમમાં ભંગપડાવનાર દુષ્ટ રાખેંગાર હતો. હવે મારા પ્રેમથી ઉછળતાં અંતઃકરણને માન ભંગ કરમાં. તારા સ્વામી તથા પુત્રને માર્યો, તે તારો મારા તરફ પ્રેમ થવા માટે તથા તારા કલ્યાણુ માટેજ તેવું કરેલું છે. જો તું હજી માનીશ નહિતો પસ્તાવો થશે." આ તિક્ષણુ વચનો સાંભળી સતી ક્રોધથી બોલીકે; "હે કામાંધ! વિચારીને બોલ? તું મારો તથા મારા બાકી રહેલા પુત્રનો ઘાત કરીશ; પછી તેનાથી બીજું વિશેષ શું કરી શકીશ તે હું જોઇ લઇશ!" એમ જેવું. રાણુકદેવીએ કહ્યું, તેવોજ ખડગ્ ખેંચી, તેની પાસે થર થરતા અને રોતા ઉભેલા પુત્રને પકડી રહ્યો! એટલુંજ નહિ પણુ રોષથી બોલ્યો;—"નીચ નારી! તું તારા હઠીલા સ્વભાવનો ત્યાગ કરી હજી મારે તાબે થાયછે કે નહિ? નહિતર આ બાકી રહેલા તારા પુત્રને પરલોકમાં પહોંચાડુંછું." "તું રાખેંગારની નિશાની છે, ત્યાં સુધી મારૂં માનનાર નથી!" વગેરે વચનો કહ્યાં, પણુ સતી શિરોમણી શૂરી ક્ષત્રિયાણીએ તેની વાતને તાબે થવાનો સ્વીકાર કર્યો નહિ. ત્યારે કસાઇ જેમ હનન સ્થાનપર બકરાંને ખેંચે ને ચીસ પાડે, તેમ માતાની સોડમાં ભરાઇ રહેલો પુત્ર માણેરો 'ઓ મા! કહી ચીસપાડી રડવા લાગ્યો. તેવીજ શૂરી ક્ષત્રિયાણી રાણુકદેવી તેને પોતાની પાછળ સંતાતો જોઇ સિદ્ધરાજના સાંભળતાંજ બોલીકે;—

(સોરઠો.) માણેરા તું મ રોય, મ કર આંખ્યો રાતિયો:
કુળમાં લાગે ખોય, મરતાં મા ન સંભારિયે.

એમ કહી વળગી રહેલા પુત્રને છૂટો પાડી કહ્યુંકે;—"પુત્ર! સત્યને ખાતર પ્રાણુ આપી પરલોકમાં જઈ સુખ ભોગવ." પુત્ર સતી માતાનો આશીર્વાદ લઇને મુંગે મોઢે સિદ્ધરાજને હાથે ખેંચાવાથી ખેંચાઇને માતાથી છૂટો પડયો, પણુ સિદ્ધરાજે આજ્ઞા કરી કે, "આ કુંવરને અહીં મારવો નહિ." જો રાણુકદેવી પાટણુ આવશે નહિ, તો હું તેને મારીશ, પણુ ખરૂં જોતાં આ કુંવરને છેવટે મારી નાંખ્યો છે, પણુ ક્યાં આગળ તે જાણુવામાં આવ્યું નથી. છેવટ રાણુકદેવી તથા અંતઃપુરનાં બીજાં માણુસોને કેદ કરી પોતાને તંબુએ લઇ આવવાનો સિપાઇઓને હુકમ કર્યો. સિદ્ધરાજના મનમાં એમ હતું કે, રાણુકદેવી જેમ જેમ દિવસ જતા જશે, તેમ તેમ બધું ભૂલી જઇ મારે વશ થશે. વળી મનમાં કહેવા લાગ્યોકે;—" પ્રભુ! એના મનમાં ઉતરેને તે કોઇ પણુ રીતે મારૂં માને તો ઠીક. ખરેખર આ અનુપમ રત્ન મહા મહેનતે હાથ

આવ્યું છે, પણ તે વશ થશે કે નહિ એ કહ્યું જણાતું નથી; કારણકે તેના આખા કુટુંબનો નાશ કર્યો, તોપણ એ મને જરાએ આશા આપતી નથી. હવે તો જોર જૂલમ કર્યા સિવાય બીજો ઉપાય નથી. તે માનશે નહિતો ક્યાં જશે? સામ, દામ ને ભેદથી નહિ માને તો દંડથી તાબે કરીશ." એવો વિચાર કરી તેને લઇ આવા હુકમ કર્યો હતો. પછી રોતા અને કકળતી વિધવા થયેલી દુઃખી રાણુકદેવીને લઇને જ્યારે સિદ્ધરાજનાં માણસો ગિરનાર ઉતરવા લાગ્યાં; ત્યારે રાણુકદેવીએ પ્રિય વસ્તુઓને જોઇ જોઇને અત્યંત શોક કર્યો. પ્રથમ રાખેંગારના ઘોડાને જોઇને શોકાતુર થઇ બોલીકે;—

(સોરઠો.) તરવરિયા તોખાર, હઇયું ન ફાટયું હંસલા;
મરતાં રાખેંગાર, ગામતરાં ગૂજરાતનાં.

એ પછી રાખેંગારના સાગર શૃંગાલને જોઇને બોલીકે;—

રે સાગર શિંગાલ, એક દિન શિંગાળાં હતાં;
મરતાં રાખેંગાર, ભવનાં બીલાં થઇ રહ્યાં.

આગળ ચાલતાં મોરને બોલતો સાંભળીને બોલી કે;—

* કાંઉકે ગરછ મોર, ગોખે ગરવાને ચઢી;
કાપી કાળજ કોર, પિંજર દાઝયો પાણિગે.

એ પછી રાખેંગારની લાસ પડી હતી, ત્યાં આવી ચોધાર આંસુએ રૂદન કરતાં બોલી કે;—

(દુહો.) સ્વામી! ઉઠો સૈન્ય લઇ, ખડગ ધરો ખેંગાર;
છત્રપતિએ છાઇયો, ગઢ જૂનો ગિરનાર.

જેમ જેમ ખીણમાં ઉતરતી ગઇ, તેમ તેમ વધારે શોકાતુર થતી ગઇ. દામોદર કુંડ આગળ આવીને બોલીકે;—

(સોરઠો.) ઉતર્યાં ગઢ ગિરનાર, તનડું આવ્યું તલાટિયે;
વળતાં બીજીવાર, દામો કુંડ નથી દેખવો.

એ પછી ચાલતાં ચાલતાં ધારગર નામે વાડી આવી. તેમાં ચંપાનું વૃક્ષ વગેરે જે પોતાને વાહાલાં હતાં, તેમની પાસે આવીને બોલીકે;—

(દુહો.) ચંપા તું કાંમોરિયો, થડ મેલું અંગાર;
મોહોરે કળિયું માણતો, માર્યો રાખેંગાર.

* મોરની વાણીના શુકનથી પ્રિય પ્રિયા એકેઠાં મળે એવું ધારવામા આવે છે. માટે કહે છે કે, અરે મોર! ગિરનારને ઝરૂખે રહીને હવે શું ટેંકાર કરે છે? મારા કાળજડાંની કોર કાપી અને મારૂં રહેવાનું પાંજરૂં એટલે-ઘર પાણીએ બળ્યું-ભાવાર્થ સગા ભાણેજે ઘર કયારનુંય ભંગાવ્યું છે. હવે હું ક્રિયા પ્રિયને મળવાની છું જે તું ટેંકાર કરે છે? તારો ટેંકાર બાણ જેવો લાગે છે.

એ પછી છાવણી તરફ જતાં ગિરનાર પર્વતને જોઇ બોલી કે;—

(સોરઠો.) ઉંચો ગઢ ગિરનાર, વાદળીથી વાતું કરે;
મરતાં રાખેંગાર, રંડાપો રાણક દેવડી.

તે પછી રસ્તે જતાં થોડા ગાઉ ગયા પછી ગિરનારની બીજી બાજુએ પાછું વાળીને જોયું. તો તેને જણાયું કે એ વળાવવાને આવેછે. તેથી તે બોલીકે;—

(સોરઠો.) ગોઝારા ગિરનાર, વલાગણ વેરીને કિયો;
મરતાં રાખેંગાર, ખરેડી ખાંગો નવ થિયો.

જ્યારે તે ઘણે દૂર ગઇ, અને ક્ષિતિજમાં ઢંગાઇ ગયેલો ગિરનાર તેને દેખાયો; ત્યારે તેણે જાણ્યું કે એ પડી જાયછે કે શું ? તેથી તે બોલી;—

મ પડ મારા આધાર, ચોસલાં કોણ ચડાવશે;
ગયા ચડાવણ હાર, જીવતા જાતર આવશે.

એમ નિરંતર શોચ કરતી ચાલી. જરાપણ ચેન પડતું નહોતું. પતિ વગર આખું જગત્ શુન્યકાર દિશવા લાગ્યું. દેશળ અને વિશળે અગાઉથી સિદ્ધરાજ સાથે ઠરાવ ઠરી રાખ્યો હતો, કે રાખેંગાર મરાયા પછી દેશળને જુનાગઢની ગાદી સોંપવી,પણ સિદ્ધરાજને વિચાર થયોકે એ બે ભાઇએ પોતાના સગા મામાને દગો દીધો, તો કોઇ દિવસ મારાથી ફુટીને મારા સામા પણ થાય ખરા; એમ વિચારી તે બન્નેને મારી નાંખ્યા. સોરઠથી રાણકદેવીને લઇ સિદ્ધરાજે ગુજરાત તરફ પ્રયાણ કર્યું. ગુજરાતને એ કાળે 'પાટણ દેશ' એમ કરીને પણ કહેતા હતા. સિદ્ધરાજે રાણકદેવીની પાસે રાખેલી દાસીઓ નિત્ય તેનું મન મનાવવાને યત્ન કરતી હતી. જ્યારે સોરઠ મૂકીને તેઓ ગુજરાત—પાટણ દેશમાં દાખલ થયા. ત્યારે સિદ્ધરાજે રાણકદેવીને શાંત કરવાની યુક્તિ કરવા માંડી, ને તેને માર્ગમાં આવતી સારી સારી જગ્યાઓ બતાવી, તે જોઇ રાણકદેવી બોલીકે;—

(સોરઠો.) મારૂ* પાટણ દેશ, પાણી વિના પૂરા મરે;
સરવો સોરઠ દેશ, સાવજડાં સેજળ પિયે.

પછી પાટણને પાદર આવી ઉતારો કર્યો. નગરની બહાર ત્યાંના સર્વે માણસોને ઉજાણી આપી. સર્વ સારાં સારાં લૂગડાં પહેરીને ટોળે ટોળાં થઇ આવ્યાં. એમ તેનું મન રંજન કરવાની અનેક રચના કરવા માંડી, પણ આ સર્વ શોભા જોઇને રાણકદેવી રાજી નહિ થતાં બોલી કે;—

(સોરઠો.) બાળું પાટણ દેશ, જિસે પટોળાં નીપજે;
સરવો સોરઠ દેશ, લાખેણી મળે લોબડી.

આ વખતે કોઇ ગુજરાતી સ્ત્રીએ કહ્યું કે;—" તમારે તો મોટા સિદ્ધરાજ ધણી છે." ત્યારે તે બોલી કે હુ મારા ધણીને તો આવી સ્થિતિમાં મૂકીને આવીછું.

* મારૂ-મારવાડના જેવો દેશ.

વાયે ફરકે મુછડી, રયણુ ઝબુકે દંત;
જુવો પટાળાં વાળિયો, લોબડી વાળીનો કંથ.

પછી તે સ્ત્રીએ કહ્યું કે, તમારા સ્વામી મરી ગયા છે, તો તમારી આંખમાં આંસુ કેમ આવતાં નથી ? અને આવાં બે બાકળાં કેમ લાગો છો ? ત્યારે તે બોલી કે;—

પાયણુને પડતે, કોઠોતો કુવા ભરાવીએ;
ગાણુેરા મરતે, શરીરમાં સરણાં વહે.

પછી એક વખતે સિદ્ધરાજે આવી રાણકદેવીને કહ્યું કે;—" હે હઠિલી ...પૂતાણી ! હજી તું માને છે કે નહિ ? ગઇ વાતનો શોક મૂકી ભવિષ્યનો વિચાર કર. રૂદન કરવાથી કે ટગર ટગર જોઇ રહેવાથી કાંઇ વળનાર નથી. રોઈ રોઇ તળાવ ભરી મૂકીશ, તોપણ હું તને છોડનાર નથી. કષ્ટાઇ કષ્ટાઇને સુકાઇ જઇશ ને કેવળ હાડકાં રહેશે, તોપણ તને છોડીશ નહિ. સિદ્ધરાજનાં આવાં વેણુ સાંભળતાંજ રાણકદેવીને રૂવે રૂવે અગ્નિ વ્યાપી ગયો. તે પોતાના પ્રાણુની પણ દરકાર રાખ્યા વિના બેધડક નિડરતાથી બોલી કે;—"ઓ કામાંધ ! હે પાપી ! ક્ષત્રિય કુળે કલંક ! મને તારી કોઇ વાતની બીક નથી. હું મૃત્યુથી ડરતી નથી, પણ મારા શીળ ભંગ થવાથી ડરૂં છું. હું આ સંસારનો સંબંધજ ઇચ્છતી નથી, તો પછી મને તારો લોભમાં ઉતારવાનો પ્રયત્ન કેવળ ધુમાડાના બાચકા જેવો લાગે છે. ત્રાસ, લોભ, વૈભવ અને વિલાસથી હું કદી પણ પલળનાર નથી. જો તું તારૂં ભલું ઇચ્છતો હોતો સર્વ વાત બાજુપર મેલીદે. હે દુષ્ટ ! તું સત્ય કરી માન કે હવે તારૂં પુણ્ય પરવારી ગયું છે. તારાં ભાગ્યનો અંત આવ્યો છે. આ સાંભળી સતીના મુખની પ્રભા જોઇ સિદ્ધરાજનાં ગાત્ર શિથિલ થઇ ગયા; તેનો જુસ્સો તથા કાન્તી જોઇ, સિદ્ધરાજને ઘણું આશ્ચર્ય પેદા થયું. અંદરથી હૃદય કંપવા લાગ્યું અને નાડીઓ નરમ થઇ ગઇ. તેને હવે નિશ્ચય થયો કે, સતી પોતાના વ્રતથી જરા પણ ચળશે નહિ. તેનું મન કોઇ રીતે રાજી થતું નથી. વગેરે જોઇ તેણે બહુ માન ભરેલી રીતે તેની સંભાળ લેવા માંડી અને તેને પૂછ્યું કે;—" તમારે કિયે ઠેકાણે રહેવાનું મન છે ? " તેણે કહ્યું કે;—" સોરઠની સીમા વઢવાણુ પૂરી થાય છે, તે મારા પતિનો દેશ છે. ત્યાંજ મારા આયુષ્યની સીમા પૂરી કરી મારા પતિને સ્વર્ગમાં જઇ મળીશ. માટે હું વઢવાણુ જઇશ. " સિદ્ધરાજ પોતે ત્યાં મૂકવા ગયો. વઢવાણુને પાદર ભોગાવા નદીને તીરે સૂખડની ચિતા ખડકાવીને રાણુકદેવીએ તેના ઉપર આસન કર્યું. સિદ્ધરાજે છેલ્લો ઉપાય એવો કર્યો કે, " જો તું ખરી સતી હઇશ, તો અગ્નિ વિના ચિતા સળગશે. " રાણુકદેવી સૂર્યને પગે લાગી ફરીથી ઉઠીને બોલી કે;—

(સોરઠો) વારૂ શેહેર વઢવાણુ, ભાગોળે ભોગાવોવહે;
ભોગવતો રાખેંગાર, ભોગવ ભોગાવા ધણી.

કહે છે કે આ પ્રમાણે બોલી સૂર્યને નમસ્કાર કર્યા કે તુરત એવો ઉનો વાયુ વાયો કે તેથી ચિતા એકદમ બળવા લાગી.—

વાયો વાયુ સવાય, વાએ વેળૂ પરજળે;
ઉભો ત્યાં સિદ્ધરાય, સતજોતો સોરઠાણીનું.

અગ્નિ જ્વાળા પ્રકટી નીકળવાથી, જ્યારે ચિતા બળવા લાગી; ત્યારે સિદ્ધરાજે પોતાની પામરી રાણુકદેવી ઉપર નાંખી; તેણીએ અગ્નિમાંથી પાછી તેના ઉપર ફેંકીદઇને બોલી કે;—મારે પરપુરૂષની પામરી જોઇએ નહિ. "જેવી તેં મારા રાજ્યની દુર્દશા કરી છે, તેવી તારા રાજ્યની દુર્દશા યવનોના ચડી આવવાથી થશે. તારી અપકીર્તિ ફેલાશે ને તારો પણ નિર્વંશ જશે" એ પ્રમાણે શાપનાં વચન કહી. બળીને ભસ્મ થઇ જતાં પરમ જ્યોતિમાં લીન થઇ ગઇ ! ! ધન્ય છે સતી તને ! તું તારો પ્રતિવ્રતા ધર્મ સાચવી જગતમાં સુદષ્ટાંતરૂપ અમર કીર્ત્તિ રાખી ગઇ છે ! ! !

સતી રાણુકદેવી જ્યાં બળી મુઈ ત્યાં સિદ્ધરાજે દેવળ ચણાવ્યું, બધો સોરઠ દેશ તેને કબજે થયો, પણ રાણુકદેવી સતીના હાથના થાપા તો ગિરનાર ઉપરના રાખેંગારના મેહેલને થયા. રાણુકદેવી સતીનું દેરૂં જે આગળ ભોગાવાના પ્રવાહની પાસે હતું, તે હમણાં કોટ માંહે આવી ગયું છે. આ દેરાનું શિખર ઘણું શૃંગાર ભરેલુંછે. તેમની મૂર્ત્તિને શૃંગાર વગેરે પહેરાવી પૂજા કરવામાં આવેછે.

વીરમતી.

આ પતિવ્રતા—શૂરવીરસ્ત્રી ધાર નગરના રાજા ઉદયાદિત્યના પુત્ર જગદેવ પરમારની ધર્મપત્ની અને ટુંકટોડાના ચાવડા રાજારાજની પુત્રી હતી. ઉદયાદિત્ય રાજાને વાઘેલી અને સોલંકિણી એ બે રાણીઓ હતી. તેમાં વાઘેલી માનેતી અને સોલંકિણી અણુમાનેતી હતી. વાઘેલીને રણધવલ અને સોલંકિણીને જગદેવ નામે કુંવર હતા. રાજ્યમાં વાઘેલીનું જોર બહુ હતું. તે જગદેવની લાયકી જોઇતે બળતી હતી. રાજા તેને કંઇ બક્ષીસ આપતો, તે વાઘેલી પાછું લેવરાવ્યે રહેતી. એક વખતે રાજાએ કેટલોક અમૂલ્ય પોશાક, પોતાની તરવાર, ઢાલ, જમૈયો, રત્નજડીત મુઠની કટાર અને પોતાની અશ્વારીનો ઘોડો એ સર્વે આપ્યાં. એ ખબર વાઘેલીને થતાં બોલી કે;—પિતાની તરવારતો પાટવીકુંવરનેજ આપવી જોઇએ, તો શું તે જગદેવને આપી રાજ્યનો માલેક ઠરાવવાં ઇચ્છે છે? એવો વિચાર કરીને તે જગદેવ પાસેથી પાછી લઇ લેવાનો આગ્રહ કરી હઠ લઇ બેઠી. તેથી રાજાએ નહિ ચાલતાં જગદેવને કહાવ્યુંકે;—"પુત્ર ! હું તને એક

બીજી તરવાર આપીશ, પણ જો તુ મને આરામ પમાડવાને ઇચ્છતો હો, તો તે તરવાર પાછી મોકલજે. આ માટે તુ હઠ કરીશનહી." જગદેવ સમજુને બુદ્ધિવાન હતો. તે પિતાને દુઃખ થાય એવું કરવાને ઇચ્છતો નહોતો. તે સમજતો હતો કે પિતાની આજ્ઞા ન માની લડું વઢું તો કપૂત કહેવાઉં. એમ વિચારી તરવાર પાછી આપી. આથી તે પોતાનું અપમાન થયેલું સમજી રોષમાં બોલ્યોકે;-"હું ક્ષત્રિ બચ્ચો છું, હુ ગમે ત્યા જઇને મારો રોટલો પેદા કરીશ." એટલું કહી પોતાની મા પાસે જઇ બોલ્યોકે;—

"પાન પદાર્થ સુઘડનર, વણુતોળ્યાં વેચાય;
જ્યું જ્યું પરભુમ સંચરે, મૂલ મોંઘેરાં થાય. ૧
સિંહન જોવે ચંદબળ, નવ જોવે ધન રિદ્ધ;
એકલડો સહસા ભલો, જ્યાં સહસા ત્યાં સિદ્ધ. ૨
જવાનીમાં પરદેશ જઈ, ધન સંગ્રહ નવ થાય;
અવસર તે જિવતર તણો, એળે ગયો ગણાય. ૩
ચંગા માડુ ઘર રહે, તીનુ અવગુણ હોય;
કપડાં ફાટે રણવધે, નામ ન જાણે કોય." ૪

એટલા માટે હે માજી! જો તમે આજ્ઞા આપો તો મારૂં ભાગ્ય ગમે ત્યાં જઇને અજમાવી જોઉં. ત્યારે તેની મા બોલી;—"કુંવર! તું નાનો છે માટે ક્યાં જઇશ? પારકા દેશમાં એકલાં જવું ઘણું ભય ભરેલું છે." જગદેવે કહ્યું;—"માજી! ઇશ્વર મારી ચડતી કરશે. મને ગમે ત્યાં ચાકરી મળશે. પહેલાં ઇશ્વરે સારા કુલીનના પુત્રોની પ્રતિષ્ઠા રાખી છે, તો તે મારી પણ રાખશે. માજી! તમારા પુણ્ય પ્રતાપથી મારૂં ભાગ્ય ઉઘડશે." આ સાંભળી તેની માએ વિચાર્યુંકે;—

"આપણ કામે સિથળા, પરકામે સમરથ્થ;
તેને સાહી ન રાખિયે, આડો દેદે હથ્થ." ૧

"પુત્ર! તને જેમ સુખ થાય તેમ કર." એ પછી જગદેવે પાયગામાંથી એક સારો ઘોડો લીધો, અને ભંડાર ઉઘાડીને તેમાંથી સોના મોહોરોની બે કોથળીઓ લીધી; હથિયાર પણ લીધાં—એક ધનુષ્ય અને બાણથી ભરેલો ભાથો લીધો. ભાથાને ખભે ભેરવી લીધો, ને પોતાની માતાને પગે લાગીને ઘોડે ચડી સિધો ટુંકટોડાનો રસ્તો લીધો. ચાલતાં ચાલતાં ટુંકટોડા નગરની બહાર એક બાગ હતો, તેમાં ઘોડાને એક ઝાડ સાથે બાંધીને પોતે એક ઝીણું વસ્ત્ર પાથરી તેપર સુતો. રાત્રિ પડે ત્યારે શેહેરમાં જવાનો નિશ્ચય કર્યો હતો. તેથી નિરાંતે ઊંઘ લેવા લાગ્યો.

આ વેળાએ ચાવડી વીરમતી પાલખીમાં બેસી પોતાની સાહેલીઓ સાથે

એ બાગમાં હવા ખાવાને અકરમાત્ આવી ચડી. બંનેને પરણ્યાંને ત્રણ ચાર વર્ષ થયાં હતાં. આ વેળાએ ઝરમર ઝરમર વર્ષાદ વરસતો હતો. તેથી વીરમતી ચંબેલીના મંડપમાં શેતરંજી પથરાવીને બેઠી. એક માણુસ બારણા આગળ ચોકી કરતો બેઠો, દાસીને બાગમાંથી કાંઇ મેવો લેઇ આવવાનો હુકમ કર્યો. દાસી ફળ લેવાને નીકળી પડી. તેવામાં તેને એક અશ્વાર અને ઉત્તમ સાજ વાળો ઘોડો જોવામાં આવ્યો. દાસીએ ત્વરાથી જુવાન કુંવરને નિહાળી લીધો. તેણે વિચાર્યું કે, "આતો કુંવરીના પતિ જેવા લાગે છે. તેના નાકની ધારથી અને આંખોની લાલાશથી મને નક્કી લાગે છે કે એ રાજકુમાર છે." એમ વિચારી તેણે દોડી જઇને કહ્યું કે;—"બાઇજી! એક વધામણી ખાઉંછું, વીશ વશાતો અહો રાજકુમાર!" ચાવડી બોલી;—હું પરપુરૂષના મોં સામું જોતી નથી, પણ તું સમજુ, ડાહી અને ચોક્સ માણુસ છે, માટે ફરીથી જઇને બરાબર ખાતરી કરી જોઇ આવ અને ખરેખરા સમાચાર લાવ. દાસી ફરીથી જોઇ આવી બોલી;—"બાઇ! લાખ્વાતે એ રાજકુમાર છે." પછી વીરમતીએ સંભાળથી ચંબેલીના વૃક્ષની ઘટ્ટામાંથી ધારીને જોયું,એટલે ખાતરી થઇ કે, એ નક્કી રાજકુમારજ પોતે છે. રાજકુમાર આ વખતે બેઠો હતો. ચાવડી પોતાને ખાતરી થતાં સત્વર દોડીને પગે લાગી બોલી;—

"વાયસ વાસ ઉડાવતી, ઝબકી આવ્યો નાથ;
ચૂડી અર્ધી નંદઇ પડે, અર્ધી રહી મુજ હાથ. ૧
સુખ સજ્યા આલય શિતળ, દે મુજ પ્રિય સન્મુખઃ
મુજ મન ઇચ્છા આશાએ, દૈવે દઇ દિધ સુખ." ૨

વળી ચાવડી બોલી;—"ધન્ય ઘડી, ધન્ય દહાડો! આજે મારે આનંદનો સૂર્ય ઉગ્યો કે આપ પ્રતાપવંતનો મારે મિલાપ થયો; પણ આપની સાથેનાં માણુસો કયાં? એકલા બાગમાં જાણે કાંઇ છાનો ભેદ હોય એમ બેઠા છો એનું કારણ શું?" પછી કુંવરે ચાવડીને માંડીને વાત કહીને બોલ્યો કે;—"હું ચાકરી મેળવવાની આશાએ નીકળ્યો છું, તારે આ વાત કોઇને કહેવી નહિ." તથાપિ એટલી વારમાં તો દાસીએ દોડી રાજમહેલમાં જઇને સમાચાર કહ્યા કે;—"વધામણી! રાજવંશી જમાઇજી પધાર્યા છે." આ સાંભળી સામા લેવા જવાની તૈયારી થવા લાગી. કુંવર બીરજ તો પગે દોડીને જગદેવને જઇ મળ્યો. ચાવડી પાછી મહેલમાં આવી. કુંવર બીરજ વગેરે દરબારી માણુસો જગદેવને લઈ રાજમહેલમાં આવ્યા. જગદેવે રાજારાજને નમન કર્યું. ત્યાં પાંચ દિવસ રહ્યો. પછી ચાલવાની આજ્ઞા માગી; ત્યારે રાજારાજે કહ્યું કે;—"આ દરબાર આપનો છે, અમારા સર્વેનો એવો મત છે કે તમો અહીં રહો." જગદેવે કહ્યુંકે;—"મને હઠ કરશો નહિ. એકવાર હું એકલો પરદેશ જઇશ અને મારૂં ભાગ્ય અજમાવી જોઇશ." એમ માંહો માંહે ઘણી હઠ થઇ. છેવટે જગદેવને હા કહેવાની જરૂર પડી,

પણ તે સાસરાને ત્યાં ઘર જમાઇ થઇ રહે એવો નહોતો. રાત્રિ પડતાં તેણે પોતાનો મનસુબો ચાવડીને જણાવ્યો અને તેની રજા માગી; ત્યારે તે બોલીકે;—"પ્રાણનાથ! આપની દાસી આપની ચાકરી કરવાને નિરંતર સાથે રહેશે." જગદેવ બોલ્યો;—"તું ડાહી થઇને આવું કહેછે? પરદેશમાં સ્રી છે તે પગ બંધન છે. માટે મારે એકલા જવું જોઇએ. હું તને વહેલી તેડાવી લઇશ."આ સાંભળી ચાવડી જગદેવના કંઠમાં હાથ નાંખી બોલી;-"નાથ! શું શરીરની છાંયા શરીરથી જૂદી પાડી શકાય છે? જો છાંયા શરીરથી જુદી પડાયતો તમે મને અહીં રહેવાનું કહેજો." જગદેવે ચાવડીને બહુ સમજાવી પણ તેનું ચાલ્યું નહિ. એતો એની સાથે જવાની હઠ લઇ બેઠી. તેથી જગદેવે તેને સાથે આવાની હા પાડી. બેઉ જણાને માટે ઉત્તમ ઘોડા સજવામાં આવ્યા, ને તેનો સાળો બીરજ ત્રણસો ઘોડું લઇને વળાવવા આવ્યો. થોડે દૂર જતાં બે રસ્તા ફુટયા. જગદેવે પાટણ જવાનો સીધો રસ્તો પૂછયો, ત્યારે એક અશ્વારે કહ્યુંકે;—સીધો રસ્તો ટોડડી ઉપર થઇને જવાનો છે. તે અહીંથી બાર ગાઉ પર છે; અને જો ડુંગરો ફરીને નિર્ભય રસ્તે થઇ જવા ઇચ્છતા હો તો ત્રેવીશ કોશ છે. આ સાંભળી જગદેવ બોલ્યો;—ત્યારે સીધો રસ્તો તમો શામાટે છોડી દોછો, શું ઘોડાની તમને દયા નથી? આવું સાંભળીને રજપૂતોનો સરદાર બોલ્યો;—સીધો રસ્તો તો વાઘ અને વાઘણે રોકયો છે. તેઓએ એ તરફનાં ગામડાં ઉજ્જડ કરી નાંખ્યાં છે. એ વાઘતો મોટા રાક્ષસ જેવો છે. રાજા રાણા અને ઉમરાઓએ ઘણો પ્રયત્ન કર્યો હતો, પણ કોઇથી તેને મારી શકાયું નથી. તેમના ત્રાસથી કોઇ ઢોર પૂરૂ ઉછરતું નથી. નવ વર્ષ થયાં એ રસ્તો બંધ પડી ગયો છે ને ઘાસ ઉંચું વધી ગયું છે. એ તરફનો પગ રસ્તો તુટી ગયો છે. માટે ફેરો ખાઇને ટોડડી જાઓ, એ માર્ગ નિર્ભય છે. આવું સાંભળીને જગદેવે બીરજને રામ રામ કરી રજા લીધી અને ભય વાળે માર્ગે ઘોડો વાળ્યો. આ જોઇ બીરજ કુંવરે એ રસ્તે નહિ જવાને ઘણું કહ્યું, પણ જગદેવે નહિ માનતાં કહ્યું;—"
"શું ગંડક ગંડકીના ડરથી ચક્કર ખાવામાં આવશે? એમ કહી બન્ને જણાએ સજોડે નિર્ભયપણાંથી ઘોડા મારી મૂકયા. જગદેવે ચાવડીને કહ્યું;—ચાવડી! તમો માર્ગના ડાબા હાથ તરફ ઘાસમાં નજર રાખતા રહેજો અને હું જમણા હાથ તરફ દૃષ્ટિ રાખું છું. આ પ્રમાણે નજર રાખતાં છ ગાઉ સુધી તેઓ ગયાં; ત્યારે ચાવડી બોલી;-મહારાજ કુંવરજી! આ પેલી વાઘણ મોં સામે રહી. જગદેવ ધનુષ્યમાં બાણ ચડાવી બોલ્યો;—વાઘણ! તું રાંડની જાત છે, મારા ઉપર આંખો ચડાવીશ નહિ, રસ્તામાંથી ખસીને ડાબી કે જમણી બાજુ ચાલી જા. વાઘણે 'રાંડ' એવો શબ્દ સાંભળીને પૂછડું ઉંચું અને માથું નીચું કરી જગદેવ ઉપર છલંગ મારી, પણ તેવામાં જગદેવે એવા જોરથી બાણ તેની ભમર વચ્ચે માર્યું કે, તે ઉછળીને મુડદું થઇ પડી. ત્યાંથી થોડે દૂર જતાં તેઓએ વાઘને બેઠેલો

દીઠો; એટલે જગદેવે ધનુષ્યમાં બીજું બાણ ચડાવી કહ્યું કે;—અરે! ગેંડક તું ડાબો કે જમણો ચાલ્યો જા, નહિ તો તારી ગેંડકડીનો સંગાથ કરવાને તને મોકલીશ. આ સાંભળી વાઘ પૂછડું પટકાવતો, ભોંય સરસું માથુ કરીને તેના ઉપર તળપ્યો; પણ જગદેવનું બાણ વાગવાથી તે ઉછળતોને મુડદું થઇ છેટે જઇ પડ્યો. આ પછી જગદેવ બોલ્યોકે, મેં આ ગરીબ પ્રાણીઓને શું કરવા મારી નાંખ્યા ? આ સાંભળી ચાવડી બોલી;--મહારાજ! એતો ક્ષત્રિયોની રમતો છે. વગેરે વાતો કરતાં કરતાં તેઓ ટોડડી ગામ આવી પહોચ્યાં. પાદરમાં વૃક્ષની ઘટા વાળું એક સુંદર તળાવ હતું, ત્યાં ઘોડાઓને પાણી પાયુ અને પોતેપીધું. પછી એક વડવૃક્ષનીચે આરામ લેવાને બેઠાં.

આ તરફ બીરજકુંવર જગદેવને વળાવી પોતાની રાજધાનીમાં આવ્યો. તેણે રાજાને કહ્યું, જગદેવ સીધે રસ્તે સિધાવ્યા; ત્યારે રાજાને ક્રોધ ચડયો અને કહ્યું, તારી સાથે ચારસો હથિયાર બંધ અશ્વારો લઇ જા; જ્યાં તમે તેમને મરેલાં પડેલાં દેખો, ત્યાં અગ્નિ દાહ દેજો અથવા જીવતાં હોયતો તેવા સમાચાર લઇ આવો. આ પ્રમાણે આજ્ઞા થતાં અશ્વારો ચડયા. તેઓ જોવા બીતા ને ચેતતા આગળ ચાલ્યા કે તેવામાં રસ્તાની બાજુએ વાઘ અને વાઘણને મરેલાં પડેલાં દીઠાં, પણ ઘોડા કે માણસ કોઇ તેમના દીઠામાં આવ્યું નહિ. તેઓએ ધાર્યું કે જગદેવને ચાવડી જ્યાં પાણી હશે, ત્યાં વિસામો ખાતાં હશે, પણ તેઓ કશા સંકટમાં હશે નહિ. જે અશ્વારો શોધ કરવાને છૂટા છૂટા વિખરાઇ ગયા હતા, તે સર્વે ભેગા થયા. તેઓને જે કામ કરવાને મોકલ્યા હતા, તે પૂરૂં કરવામાં પોતાતાનો જીવ ખોવાની ધાસ્તી હતી, તે કામ વગર જોખમે પૂરૂં થયું. તેથી તેઓ પરસ્પર મુબારક બાદી આપવા લાગ્યા. જગદેવના પડેલાં બંને બાણ લઇને આનંદ પામતા, ને બીક રાખ્યા વગર જે તળાવને કિનારે જગદેવને ચાવડી બેઠાં હતાં ત્યાં આવ્યા. જગદેવને નમન કરી કહ્યું;--રાજ કુમાર! તમે પૃથ્વીને ગાયનો મોટો ધર્મ રાખ્યો છે. વાઘ વાઘણતો ખરેખર યમરાજાના દૂત જેવાં હતાં. તેમને કોઇ મારી શકતું નહોતું. કુંવરજી! તમારા વિના જગતનું દુઃખ બીજું કોણ ઓછું કરે ? વગેરે ઘણું કહ્યું, પણ જગદેવે પોતાના પરાક્રમનાં વખાણ તરફ લક્ષ આપ્યું નહિ. પછી સૌને પાછા જવાની આજ્ઞા આપી. તેઓએ પાછા જઇને વાઘ વાઘણ મરાયાના ખબર આપ્યા. તેથી રાજાજી વગેરે સૌ ઘણા ખુશી થયા. જગદેવ ને ચાવડી થોડા દિવસમાં પાટણ આવી પહોંચ્યાં. સહસ્ત્રલિંગ તળાવને કિનારે એક વડના વૃક્ષ નીચે ઉતારો કર્યો. ઘોડા બાંધ્યા. વીરમતીને સાવધ રહેવાની ભલામણ કરીને કહ્યુંકે;–હું શેહેરમાં એક ઘર ભાડે રાખીને તને તરત તેડી જઇશ; એમ કહી શેહેરમાં ગયો.

સતી વીરમતી તળાવની સુંદર રચના જોતી બેઠી હતી. બપોરનો વખત હતો,

તે વખતે પાટણમાં પ્રસિદ્ધ **જામોતી** નામે વેશ્યાની એક દાસી બેડું લઇને પાણી ભરવા આવી. તેણે ઇંદ્રની અપ્સરા જેવી રૂપાળી વીરમતીને એકલી બેઠેલી જોઇને આશ્ચર્ય પામી પાસે આવીને કહ્યું;–બાઇ! તમે ક્યાંથી પધાર્યાં? ને આ ઘોડાનો અશ્વાર ક્યાં ગયો છે? ચાવડીએ કહ્યું;—તમે પૂછનાર કોણ છો? લુંડી બોલી;–હું તો સિદ્ધરાજના દરબારમાં વડી વડારણ છું. એમ કહી કળાથી તેને ભોળવીને નામ, ઠામ, ઠેકાણું વગેરે સર્વ વાત પૂછી લીધી. તુરત નમન કરી પાણીનું બેડું ભરીને હર્ષ પામતી ઘેર આવી, જામોતી ગણિકા પાસે બધી વાત કહી અને તેની સૌંદર્યતાનાં ઘણાં વખાણ કર્યાં. શહેરના કોટવાળનો પુત્ર બડો કુછંદી અને લંપટ હતો. તેને કોઇ સારી સ્ત્રી રાખવા માટે શોધી આપવાનું જામોતીએ માથે લીધું હતું. એટલે આ શિકાર આવેલો જોઈ તેને દગલબાજીથી પોતાને ઘેર લાવવાની યુક્તિ રચી. દાસી પાસેથી તેના પતિ, દીયેર, સાસુ, સસરા અને પિયેર વગેરેની હકીકત જાણી લીધી હતી. જામોતીએ અને દાસીઓએ અમૂલ્ય વસ્ત્રાલંકારો ધારણ કર્યાં. એક સુંદર રથ તૈયાર કરાવ્યો, તેમાં પોતે સિદ્ધરાજની રાણી અને જગદેવની ફોઇ બનીને બેઠી. ચાકરોએ રથના પડદા બંધ કર્યાં. વીશ પચીશ દાસીઓને ઉત્તમ વસ્ત્રો પહેરાવી સાથે લીધી અને ચાકરોને હથિયાર બંધાવી આગળ કર્યા. તેમાં એક માણસને ઉત્તમ વસ્ત્રાલંકારો પહેરાવી ઘોડે બેસાડી નાયક તરીકે આગળ કર્યો. આ પ્રમાણે ઠાઠમાઠ સાથે જામોતી જ્યાં ચાવડી બેઠી હતી ત્યાં આવી; એટલે આડી કનાત ખેંચી લીધી. પછી તે ઉતરી ચાવડી જોડે પ્રથમ જે લુંડી વાતો કરી ગઇ હતી, તે આગળ આવીને નમન કરવા લાગી. જામોતી બોલી; –"વહુ! ઉઠો, હું તમોને મળું. હું તમારી ફોઇ સાસુ થાઉં છું, આ વડારણે આવીને તમારા આવ્યાના સમાચાર કહ્યા, ને તુરત મેં મારો રથ તૈયાર કરાવ્યો. હું રાજાની આજ્ઞાથી આવી છું. મારો ભત્રીજો જગદેવ ટોડે પરણ્યો, ત્યારે મારાથી આવી શકાયું નહોતું, પણ હું રણધવલને મળી હતી. મારો ભત્રીજો જગદેવ ક્યાં છે? તમારે મારે ઘેર આવવું જોઇતું હતું. તમે નાગવંત કુટુંબમાં પરણેલાંએ આવી જગ્યાએ બેશી રહેવું ઘટતું નથી." જામોતીએ ભભકાથી સર્વે તાલમેલ કર્યો હતો. એ જોઇને ચાવડી તો વિચારમાં પડી ઠગાઇ ગઇ. તેણે વિચાર્યું કે સિદ્ધરાજ અને મારા પતિને સગપણ છે, એવું તેમણે કોઇ દિવસ મને કહ્યું નથી, પણ રાજાના સગા રાજા હશે. એમ જાણીને તથા આવેલાં અજાણ્યાં માણસોનાં લૂગડાં, ઘરેણાં વગેરે ભભકો જોઇને, તેણીએ તેને નમન કર્યું ને મળી. જામોતીએ તેને આશિર્વાદ દીધો, અને રથમાં બેસવાનું કહી બોલી કે;—હું અહીં એક માણસ મૂકતી જાઉં છું, તે મારો ભત્રીજો આવશે, એટલે તેને દરબારમાં તેડી લાવશે. વળી તેણે એક ચાકરને બોલાવી ઘોડાની સંભાળ રાખવાનું કહ્યું. ચાવડી તેની આવી ઠગવિદ્યામાં ભોળવાઇ ગઇ. નાણાંની બે થેલીઓ પોતાની પાસે રાખી રથમાં બેઠી. રથ

ચલાવ્યો. જામોતી તેને પોતાને ઘેર લાવી. ઘર મોટું વિસાળને ચાર માળનું સુંદર હતું. આગળ દરવાજો અને દોઢી વગેરેની રચના હતી. રથ દરવાજામાં દાખલ કર્યો. જામોતી ઉતરીને પછી ચાવડીને ઉતારી. ઘરમાંથી આ દરમાન આપવાને માણસો આવ્યાં. દેખાવડો પોશાક પેહેરીને ઘરેણાં ગાંઠાંથી શણગારેલી સ્ત્રીઓ મળવાને આવી. તેમાં કેટલીક તો પગે પડી, કેટલીક પાસે આવી ખમા! ખમા! કરવા લાગી. એવી રીતે માન આપી તેને ઘરમાં લઇ ગયા. ઘર શણગારેલું સુશોભિત હતુ. સુંદર શેતરંજી બિછાવી ગાદી તકીયા નાખેલા હતા, ત્યાં ચાવડીને બેસાડી. જામોતીએ એક દાસીનેકહ્યું કે;—જા! રાજાજીને જઇને કહેકે પરમાર રાણીનો ભત્રીજો જગદેવ કુંવર આવ્યાછે. તે હમણાં તમને મળવાને આવશે. વળી કહેજે કે તેમનાં વહુ ચાવડી મારે મહેલ છે. આ સાંભળી દાસી નગન કરીને ગઇ અને એક ઘડી વિતી કે પાછી આવી બોલી;—મહારાજ ઘણા ખુશી થયા છે, ને આજ્ઞા કરીછે કે, જગદેવે પ્રથમ મને મળીને પછી રાણી પાસે જવું. પછી જમવાનું તૈયાર થયું, એટલે જામોતીએ કહ્યું; વહુ! વારૂ જમવાને ઉઠો? ચાવડી બોલી;—"હું પતિવ્રતા ધર્મ પાળુ છું. જ્યારે કુંવર જમશે ત્યારે હું જમીશ. એ હજુ સુધી કેમ આવ્યા નથી? પછી એક દાસી આવીને બોલી, "તમારા ભત્રીજા જગદેવ મહારાજને જઇને મળ્યા છે. તેઓ રાજાજી પાસે બેઠા છે.—રાજમેહેલના રસોઇખાનામાંથી થાળ આવ્યો છે. જામોતી બોલી; જા, વહેલી જા અને જગદેવને રાજા સાથે જમતાં બંધ રાખ અને રાજાજીને વિનવીને જગદેવને અહીં તેડીઆવ. આજે ફોઈ ભત્રીજાએ પાસે બેસીને જમવું જોઇએ. અહીં ભોજન તૈયાર થયું છે. વળી તે પોતાની મેળે બોલ્યા કરી કે, મારો ભત્રીજો જગદેવ આવ્યો નથી, તો એના ખાધા પહેલાં હું કેમ ખાઉં? જ્યારે તેણે ખાધું છે એવું સાંભળીશ, ત્યારે મારી મેળે હું જમીશ. એટલીવારમાં જે દાસી ગઇ હતી તે પાછી આવી બોલી;—બાઇ સાહેબ! કુંવર રાજાજી સાથે જમે છે, બંને સામ સામે બેઠા છે, એ હું મારી નજરે જોઇને આવી છું; પણ તમારા ભત્રીજા તમારા ભણી આવવાના છે; વગેરે વાતો કરી વીરમતીને વિશ્વાસ બેસાડી ભોળવી. આ બધો જામોતીનો તાલમેલ હતો. દાસીઓને સમજાવી રાખી હતી. તેથી તેઓ આથી પાછી જઇ ખોટા ખબર આપતી હતી. તે વીરમતી શું જાણે? જામોતીએ આ પ્રપંચ કરી ભોજનના સુંદર થાળ મંગાવ્યા, તેમાંથી એક વીરમતી પાસે મૂક્યો ને બોલી;—"વહુ! જમો?" ચાવડીએ તેમાંથી ઉપર મને થોડું ખાધું. પછી દાસી થાળ લઇ ગઇ. તે પછી પાછી વાતો કરવા લાગી. જ્યારે પાછલો પોહોર દિવસ બાકી રહ્યો ત્યારે ચાવડી બોલી;—"હજી સુધી કુંવર પોતાની ફોઇને મળવાને કેમ આવ્યા નહિ હોય? જામોતી બોલી; છોકરી! જા, ને મારા ભત્રીજા જગદેવને તેડી લાવ.

ફરી વળી જાગોતી વાતો કરવા લાગી, પણ વીરમતીને જગદેવ વિના સર્વ વાતો ફીકી લાગવા માંડી. બે ઘડી પછી પેલી દાસી પાછી આવીને બોલી;—રાજા એમની સાથે વાતો કરે છે; તેથી ઉઠવા દેતા નથી. તે કહે છે કે પોહોર રાત્રે જગદેવ સુવાને આવશે; ત્યારે એમની ફોઈને મળશે. આ પ્રમાણે પ્રપંચ કરી જામોતીએ રાત્રિ પાડીને કોટવાળના દીકરા લાલકુંવરને ખબર કહાવ્યાકે પોહોર રાત્રિએ આવજો.

વીરમતી સાયંકાળ થવા છતાં પણ પતિ ન આવ્યાથી જરા શંકામાં પડી; પરંતુ જામોતીએ તો એવી ઠગબાજી રચેલીકે તેની શંકાઓને તેણે ઠરવા ન દીધી—રાત્રિ પડી, તેના માટે શયનગૃહ શણગાર્યું, ત્યાં વીરમતીને બેસાડી. એટલામાં કોટવાળનો પુત્ર લાલકુંવર આવ્યો. દાસી તેને જોઇ બોલી;—"વહુજી! મને વધામણી આપો, કુંવર આવે છે." ચાવડીએ જાણ્યું કે, ખરે તેજ આવતા હશે, પણ જગદેવને બદલે લાલકુંવર ઘરમાં પેઠો. દાસી બારણાની સાંકળ ચડાવી ચાલતી થઇ. ચાવડીએ પતિને બદલે પરપુરૂષ દીઠો. તેથી જાણ્યું કે, "દગો થયો છે" માટે હવે પાતિવ્રત્ય જાળવવા સાવધાન રહીને 'મરવું કે મારવું' પણ પરપુરૂષને આધિન થવું નહિ એવો દૃઢ નિશ્ચય કર્યો. લાલકુંવર નિશામાં હતો, તે વીરમતીને અયોગ્ય વચનો કહી પાસે આવવા લાગ્યો. એ જોઇ તે વિક્રાળ વાઘણ જેવી બનીને બોલી;—કુતરા! દૂર રહે?' એમ કહી એકદમ ક્રોધમાં દોડીને નિશામાં ચકચૂર થયેલા લાલકુંવરની કમરમાંથી કટાર ખેંચી લઇ, તે પાપીને નીચે પટક્યો ને છાતીપર ચડી બેઠી! ગોલે સમયસુચકતા વાપરી હવે તેને નહિ છેડવા વચન આપ્યું. વીરમતીએ તે દગાબાજનાં વચન સાંચા માની તેને છોડયો; એટલે તુરત તે ફરી ગયો, ને તે નિર્દોષપર જૂલમ વાપરવા તૈયાર થયો. વીરમતીને કહેવત યાદ આવી કે, "ઠગની સાથે ઠગ થવું" એમ વિચારી સ્ત્રી ચરિત્રથી એ ગોલાને પ્યારનાં વચનોમાં ફસાવ્યો. લાલકુંવરને પલંગપર બેસવાનું કહેતાં બેઠો. પોતે નીચે ઉભી રહી. તેની સુંદર કાન્તિ જોઇ ગોલો રીઝયો. પાણી પાણી થઇ ગયો. તેને દારૂ પાઇ ઉલ્લુ બનાવ્યો. તેણે દારૂનો ગ્લાસ ભરી વીરમતીને આપ્યો, એટલે વીરમતીએ સાડીનો છેડો આડો કરી પોતાની કાંચળીપર ચાલાકીથી ઢોળી નાંખ્યો. જેવો લાલકુંવર ઉભો થઇ તેની પાસે આવવા લાગ્યો કે ચાલાકીથી તેની કમરમાંથી કટાર કાઢી લઇ તેની છાતીમાં ભોંકી યમ દ્વાર ઉભો કર્યો! ગાંસડી બાંધી બે ચાર ગોદડાંમાં વિંટાળી ઝરૂખા નીચે રાજમાર્ગ હતો તેમાં વિંટો નાંખી દીધો અને બારણું અંદરથી બંધ કરી દૃઢ પણે પોતાનું રક્ષણ કરવાને સિંહણની પેઠે ધ્રુરકતી સાવધાન થઇ બેઠી!

આ વખતે મધ્યરાત્રિ હતી. ચોકી ફરનારા સિપાઇઓ ફરતા ફરતા ત્યાં આવ્યા. તેમણે પોતાના મોં આગળ વિંટો પડેલો દીઠો. તેમણે જાણ્યું કે કાંઇ

ચોર એપારીના ઘરમાં ખાતર પાડવાને ગયા હશે, પણ ઘર ધણી જાગી ઉઠવાથી હોંકારો થતાં, તેઓ વિંટા નાખીને નાશી ગયા હશે. આ મુદ્દા માલ કોટવાલને બતાવવાથી આપણને શાબાશી મળશે. એમ વિચારી મુદ્દા માલની ગાંસડી જાણીને થાણાપર લઇ ગયા. સવાર થતાં કોટવાળની હજુરમાં સિપાઇઓએ તે ગાંસડી રજુ કરી. કોટવાળે ખોલીને જોયું, તો તેમાંથી મૃત શરીર નીકળ્યું! તપાસીને જોતાં તેને પોતાના પુત્રનો વહેમ પડયો, એટલે તુરત પોતાને ઘેર તપાસ કરાવી તો માલમ પડયું કે;—"ભાઇતો રાતના જામોતી વેશ્યાને ઘેર ગયા હતા." ત્યાં તપાસ કરાવતાં તેણે કબૂલ કર્યું કે;—"ભાઇ ઉપર સૂતા છે તે જાગે એટલે મોકલીએ." પણ તગાદો થતાં જામોતીની સાથે દાસી જગાડવા ગઇ. દાસીને બોલતાં સાંભળી વીરમતીએ ક્રોધે ભરાઈ જવાબ આપ્યો કે;—"રાંડ લુચ્ચી! તારા બાપને તો ત્યારેજ મારીને રસ્તામાં ફેંકી દીધો છે. કમજાત! બેશરમ! ચાવડાની પુત્રી સાથે એવો દગો કરવાની તેં હામ ભીડી? નીચ! રાંડ! મારા પરમાર પતિ જાણશે; ત્યારે જોજે કે તારા કેવા બુરા હાલ થાય છે? બીજી સ્ત્રીઓ ગણિકાનું કામ કરતી હશે અને તેમને ઘણા સાથે પ્રીતિ હશે, પણ હું મારા સદાના આધાર એક પતિનેજ ભજનારી સ્ત્રીછું. હું તને શાપ દઉંછુંકે;—તારૂં સત્યાનાસ જજોને કાગડા કુતરાની પેઠે તારૂં મૃત્યુ થજો! દુષ્ટા! એક નીચ ગોલાને તેં મારી પાસે મોકલવાની હામ ભીડી? જે ગોલો મારા ઘરનાં આંગણા બહાર બેસવાને યોગ્ય! એની આંખ તેં મારા ઉપર નંખાવવાને હિંમત ચલાવી! હવે જોજે કે તારા શા હાલ થાય છે? હું ખરી ચાવડાની પુત્રી ત્યારે કે જ્યારે તમો એકે એકને મારો હાથ બતાવું! શઠો! તમારો પાપનો ઘડો હવે ભરાઇ રહ્યો છે.!

વીરમતીનાં આવાં વચનરૂપી બાણ દાસી અને જામોતીગણિકાના હૃદયમાં ખુચી ગયાં. તેઓ થરથર કાંપવા લાગી. હોંસ કોશ ઉડી ગયા અને મરણ તુલ્ય થઇ ગઇ. ચાકરોએ દોડી જઇને કોટવાળને કહ્યું;—કોઇ ચાવડી રજપૂતાણીએ લાલકુંવરને મારી નાંખ્યા છે. તે સાંભળતાંજ કોટવાળના ક્રોધનીહદ ન રહી. તે સત્વર બસેં માણસ લઇને જામોતીને ઘેર ગયો; ત્યાં બારણાં અંદરથી સજ્જડ બંધ હતાં. એક નાની બારી ખુલ્લી હતી, તેના ઉપર સીડી મંડાવીને એક સિપાઇને ઉપર ચડાવ્યો. બારીમાં જેવું સિપાઇએ ડોકું ઘાલ્યું તેવુંજ વીરમતીએ તરવાર વતી તેનું ડોકું ઉડાવી દીધું. તેનું માથું ઓરડામાં અને ધડ બહાર જઇને પડયું. એવી રીતે પાંચ છ માણસોને મારી નાંખ્યાં, પણ કોઈનાથી તેને મારી કે પકડી શકાઇ નહિ. સર્વે માણસો કંપવા લાગ્યાં; આખા શેહેરમાં આ વાત ચાલી રહી. સિદ્ધરાજને પણ આ ખબર થયાકે;—કોઇ ચાવડી રજપૂતાણીના ઉપર ઠગાઇ કરવામાં આવી છે, અને કોટવાળના પુત્રને અને બીજા પાંચ છ માણસોને તેણે ઠેર કર્યાં છે. સિદ્ધરાજે આજ્ઞા કરીકે;— "સત્વર દોડો અને કહોં

કે મારા આવતાં સુધી કોઇએ કાંઇ કરવું નહિ. હું સત્વર આવું છું.”

જગદેવનું હવે શું થયું તે સાંભળો;—જગદેવ ગામમાં મકાનની તજવીજ કરી આવી જેવો તળાવપર આવ્યો ને જોયું, તો વીરમતી મળે નહિ! કેટલાંક માણસોનાં પગલાં, ઘોડા અને ગાડી વગેરે આવેલાંનાં ચિન્હો જણાયાં. વીરમતી કોઇથી ઠગાઇ ગઇ છે એમ ધારી તે ચિંતામાં દરબાર ગઢ તરફ ગયો ને સિદ્ધરાજની પાસે ફરિયાદ કરવા વિચાર કર્યો. એટલામાં ગઢમાં પેસતાં પ્રથમ સિદ્ધરાજનો અશ્વપાળ મળ્યો. તેણે જગદેવને વિદેશી તથા ચતુર પુરૂષ જાણી પૂછ્યું; ત્યારે તેણે પોતાને રજપૂત જણાવી “નોકરી માટે આવેલો છું” ઇત્યાદિ કહ્યું. અશ્વપાળે જગદેવને પોતાની અશ્વશાળામાં રાખી લીધો. તેણે તે નોકરી કબુલ કરી. તેનું કારણકે આથી સિદ્ધરાજની તુરત મુલાકાત થશે, પણ મનમાં ઘણો સંતાપ કરવા લાગ્યો; તોપણ—

ક્ષણમાં ક્ષિણ ક્ષણમાં વધે, ક્ષણે અર્ધ, ક્ષણ લીન,
દૈવે દીધા ન ચંદ્રને, સર્વે સરખા દિન.

તેણ ધાર્યું કે આ ખોટું છે, પણ શું કરીયે? જ્યારે સંધ્યાકાળ થઈ ત્યારે અશ્વપાળે પોતાને ઘેરથી જમવાનો થાળ મંગાવ્યો, પણ જગદેવને ભાવ્યું નહિ, તથાપિ પેલાની આગળ ખાધું ના ખાધું કરીને તે થાળ પાછો મોકલ્યો. આખી રાત્રિ તેણે પોતાની પથારીમાં આમથી તેમ આળટયા કર્યું. આખરે પ્રાતઃકાળ થયો. સિદ્ધરાજે જામોતી ગણિકાને ત્યાં જવાને ઘોડો મંગાવ્યો ને અશ્વાર થયો. અશ્વપાળ અને જગદેવે તેમને નમન કર્યું. જગદેવને જોઇ સિદ્ધરાજ આશ્ચર્ય પામ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યોકે;—આ કોઇ સારો ઠાકોર જણાયછે, પણ મેં તેને કોઇ વખતે જોયો નથી. જગદેવ બીજા અશ્વારોની સાથે ઘોડે ચઢી આગળ થયો. સિદ્ધરાજે તેને નિહાળી જોયા કર્યો. જામોતીના ઘર આગળ રાજા ઘોડેથી ઉતર્યો, તેની પાછળ અશ્વપાળને જગદેવ પણ ચાલ્યા. સિદ્ધરાજ જે ઓરડામાં વીરમતી હતી તે ઓરડાના દ્વાર આગળ આવી બોલ્યો;—“ચાવડી દીકરી! તારૂં પિયર કયાં? તારૂં સાસરૂં કયાં? અને તું કોની વેહેરે પરણી છે?” ચાવડીએ જાણ્યું કે આ કોઇ રાજા લાગેછે. તેથી તે બોલી:—“મહારાજ! હું રાજારાજ ચાવડાની પુત્રી અને બીરજની બેન છું. હું ધારના રાજા ઉદયાદિત્ય પરમારના નાના કુંવર વેહેરે પરણી છું. ત્યારે રાજા બોલ્યો;—ચાવડી પુત્રી! તેં મારાં માણસ શા માટે મારી નાંખ્યાં? તેણીએ રોષમાં ઉત્તર આપ્યો;—“મહારાજ! આ દુષ્ટ રાંડ મને ઠગીને અહીં લાવી અને એક ગોલો મારી આબરૂ લેવા આવ્યો. માટે મહારાજ મેં તેને મારી નાખ્યો. હું રજપૂતની પુત્રી છું; હું મરતાં પહેલાં ઘણાને ઠેર કરીશ ને મરતાં સુધી લડીશ. પછી ઇશ્વરને જેમ સારૂં લાગશે તેમ કરશે. મારા સ્વામીરાજ પણ આ નગરમાં છે.” તે વેળાએ

જગદેવે આગળ આવીને કહ્યું.—"ચાવડી! બારણાં ઉઘાડો? તમે ઘણું સંકટ સોસ્યું છે." ચાવડીએ જગદેવનો અવાજ ઓળખીને બારણાં ઉઘાડયાં અને તેના હાથમાં આવીને પડી. રાજાએ જાણ્યું કે આજ જગદેવ હશે. પછી સિદ્ધરાજે ચાવડીને કહ્યું;—"તને હું મારી પુત્રી કરી લઉંછું." પછી રાજમહેલમાંથી દશ દાસીઓની સાથે રથ મંગાવ્યો. તેમાં બેસાડી દરબારની હવેલીએ ઉતારો આપી, ત્યાં બંદોબસ્તથી મોકલી દીધી. તેમને માટે રાજરીતિ પ્રમાણે ખાવા પીવા, નાચ રચિલું અને નોકર ચાકર વગેરે સર્વ પ્રકારનો બંદોબસ્ત કરાવ્યો. વીરમતીનાં પાતિવ્રત્યનાં સર્વ ઠેકાણે વખાણુ થવા લાગ્યાં.

સિદ્ધરાજે કોટવાળનાં ઘર લૂટાવીને માલમિલ્કત વગેરે રાજમાં જપ્ત કરી, તેને દેશપાર કાઢી મૂક્યો. ગણિકાઓનાં નાક, કાન કાપી અવળે ગધેડે બેસાડી ગામમાં ફેરવી કાઢી મૂકી અને તેની સર્વ માલમતા રાજમાં જપ્ત કરી. જેથી તેનો દાખલો લઇ બીજા કોઇ પણ એવે માર્ગે ચાલે નહિ એમ કર્યું. જગદેવને પોતાની સાથે લઇને દરબારમાં આવ્યો; ત્યાં બેસીને જગદેવનો સર્વ વૃતાંત પૂછી લીધો, રાજા જગદેવનાથી અત્યંત પ્રસન્ન થયો. તેને પોતાની પાસે બેસાડી જમાડયો; જ્યારે પોહોર રાત્રિ ગઇ ત્યારે તેણે તેને પોશાક, કડાં, મોતીની માળાં, કંઠો અને એક શિરપેચ ઇત્યાદિ આપી રજા આપી. જગદેવ પોતાને ઉતારે ગયો ને ચાવડીને ભેટયો. તેને મોતીની માળા આપીને કહ્યુંકે;—તેં સત્વર આપણો મેળાપ રાજા સાથે કરાવ્યો; નહિ તો દશબાર દિવસની ઢીલ થાત, ને વચ્ચે કોઇ ત્રીજાને રાખીને કહાવવું પડત. પછી દિવસમાં જે જે બન્યું હતું, તે તે વિષે વાતો કરી નિરાંતે સુઇ રહ્યાં.

વીરમતી પતિવ્રતાનો ધર્મ પાળતી હતી. તેથી કાંઈ ખાધું નહોતું. માટે સવારમાં ત્રણ વાગ્યે ઉઠીને રસોઇ કરી, પાણી ઉનું મૂકયું. બધું જ્યારે તૈયાર થયું ત્યારે તેણે જગદેવ કુંવરને જગાડયો; તે જાગીને બોલ્યો;—"સતી! આજે આટલી બધી ઉતાવળ કેમ?" ચાવડીએ કહ્યુંકે;—રાજા તમને તેડું મોકલશે. તેમને તમારી સાથે વાતો કરવાને રસપડે છે, માટે આખા દિવસમાં એકપળ પણ તમારા વિના રહેશે નહિ. મેં વ્રત લીધું છે તેતો તમે જાણો છો. કાલનો મને અપવાસ છે, તમે નાહાશો ત્યારે આપણે જમીશું. જગદેવે કહ્યું કે;—તમે ખરી વાત કહો છો. પછી ઉઠીને નાહાયો અને બન્ને સંગાથે જમ્યાં, કે ઘોડા વાળો આવ્યો. જગદેવ વીરમતીની રજા લઈ દરબારમાં ગયો.

જગદેવ દરબારમાં આવતાં તેમનો સિદ્ધરાજે ઘણો સત્કાર કર્યો. તેને ઉંચે દરજ્જે એક સામંત—સરદાર તરીકે નોકર રાખ્યો. પાટણમાં વીરમતીની સ્ત્રીઓમાં અને જગદેવની વીરપુરૂષોમાં ઘણી પ્રખ્યાતિ થઇ. જગદેવના બળપરાક્રમ અને સ્વામી ભક્તિથી પ્રસન્ન થયેલો રાજા પગાર પેટે મોટી જાગીર તેને નામે ચલા-

વર્તો હતો. તેથી બીજા સામંતોમાં અદેખાઇ ઉત્પન્ન થઇ. જગદેવ તેના ઉપર ધ્યાન નહિ આપતાં અને સ્વધર્મે વર્તતાં એક નિષ્ઠાથી રાજસેવા બજાવ્યે જતો હતો. તેને **જગધવલ** અને **બીજધવલ** એ બે પુત્રો થયા. મોટો કુંવર પાંચ વર્ષનો અને નાનો બે વર્ષનો થયો હતો. રાજા સિદ્ધરાજ આ કુંવરોને ઘણું લાડ લડાવતો હતો. તે તેમની સૌંદર્યતા, ચાલાકી અને ક્ષત્રિયત્વના ગુણો જોઇ ઘણો આનંદ પામતો હતો.

એકવાર ભાદ્રપદમહિનાના કૃષ્ણપક્ષમાં વાદળાંથી અંધારી ઘોર જેવી રાત્રિ બની રહી હતી. આકાશમાં ઝરમર ઝરમર વર્ષાદ વરસતો હતો, દેડકાં ડ્રૂં ડ્રૂં કર્યાં કરતાં હતાં. મોર ટૅંકાર કરી રહ્યા હતા, બપૈયા બોલી રહ્યા હતા. વીજળીના ચમકારા અને ગડગડાટ થઇ રહ્યા હતા. આવી ભયંકર રાત્રિકાયરની છાતી ચાલે નહિ એવી હતી. આવી ચોમાસાની ઘન ઘોર રાત્રિએ રાજા ઓચિંતો જાગી ઉઠ્યો, તેણે ગામને પાદરે કંઇક આનંદ અને કંઇક શોક થતો હોય તેવું સાંભળ્યું. દેવડીપુરના સામંતોને રાજાએ હાક મારી, પણ કોઇ ત્યાં હાજર હતા ને કોઇ ન હતા. જેઓ હતા તેને રાજાએ ગામ બહાર જઇ તજવીજ કરી આવવાનું કહ્યું, પણ કાળી અંધારી રાતે કોઈ તે તરફ ગયું નહિ. હુકમ આપ્યા પછી રાજાએ પોતાના મનમાં વિચાર્યું કે; ચાલ, જઇને જોઉં કે તેઓ આવી ભયંકર રાત્રિએ જાય છે કે નહિ. આવો મનસુબો કરી અંધાર પછેડો ઓઢીને ચાલ્યો. કોઇ સામંત ત્યાંથી બહાર નીકળ્યો નહિ; માત્ર જગદેવ ઢાલ તરવાર લઈ રાજાના હુકમ પ્રમાણે ગામબહાર જવાને નીકળ્યો. રાજા ગૂપચૂપ તેની પાછળ ગયો. ગામ બહાર ભયંકર ઝાડીમાં જતા જગદેવને આનંદ મંગળ કરતી કેટલીક સ્ત્રીઓ જણાઇ. તેમને પૂછતાં તેઓએ જણાવ્યુંકે;—"અમે યોગિનીઓ છીએ. આવતી કાલે રાજા મરણ પામવાનો છે માટે આનંદ કરીએ છીએ." જગદેવ ત્યાંથી આગળ ગયો ત્યારે કેટલીક સ્ત્રીઓને શોક કરતી દીઠી. જગદેવે તેમને સવાલ કરતાં તેઓએ જણાવ્યું કે, "અમે પાટણની અધિદેવતાઓ છીએ અને રાજાના મરણ માટે શોક કરીએ છીએ." રાજાને આ સાંભળી ભય અને આશ્ચર્ય ઉત્પન્ન થયાં; એટલામાં જગદેવે તેમને પૂછ્યું કે;—"કોઇ રીતે રાજા જીવે એમ છે ?" અધિદેવતાઓએ ઉત્તર આપ્યો કે, "પેલી યોગિનીઓને તમે ભોગ આપો તો રાજા જીવે. ચાલો આપણે પૂછીએ." પછી અધિદેવતાઓ, જગદેવ અને તેમની પાછળ ગુપ્તપણે રહેલો રાજા પેલી યોગિનીઓ આગળ ગયા. પૂછતાં તેમણે જણાવ્યુંકે;—"તું મસ્તક આપે તો રાજા જીવે." એમ તેમણે કહ્યું. તેથી બે ઘડીની મહેતલ માગી જગદેવ વીરમતીને મળવા નગર તરફ પાછો ફર્યો. આશ્ચર્ય પામેલો રાજા પણ તેની પાછળ પાછળ ગયો. જગદેવે ઘેર આવી સઘળી વાત વીરમતીને કહી; એટલે તે બોલી કે;—"અહો! ધન્ય ઘડી! ધન્ય રાત!! એવો પ્રસંગ ક્યાંથી કે જેનું લુણ

ખાધું છે તેને માટે મસ્તક આપવા જેવો મંગળ પ્રસંગ આવે ! ! તમોએ ઘણો સારો નિશ્ચય કર્યો છે. આપણો એજ ધર્મ છે. એમ નહિ કરીએ તો જીવતર શા કામનું છે ? પણ સ્વામીરાજ ! મારી એક વિનતિ છે કે, મારે શા માટે જીવવું જોઇએ ? હું શા માટે બે* પોહોર સારૂ એટલું બધું સંકટ વેઠું ? તમારી સાથે હું પણ મારો જીવ આપીશ." જગદેવ બોલ્યો;—પણ બાળકોની શી વલે ?" ચાવડી બોલી;—"ત્યારે એમનું પણ બળીદાન આપો !" ત્યારે જગદેવે કહ્યું;—જો એમજ હોય તો હવે સત્વર ચાલો. જગદેવ મોટા કુંવરને અને વીરમતી નાના કુંવરને આંગળીએ વળગાડી ચાલ્યાં. આ સર્વ જોઇ સિદ્ધરાજ ઘણું આશ્ચર્ય પામ્યો અને મનમાં કહેવા લાગ્યો;—અહો ! શાબાશ છે પતિ પત્ની તમોને ! ! ચારે જણ આગળ ચાલ્યાં. શું બનેછે તે જોવાને રાજા પણ પાછળ પાછળ ચાલ્યો. જગદેવ યોગિનીઓ પાસે આવ્યો. યોગિનીઓએ કહ્યું;—જગદેવ ! તારૂં માથું આપવાને તૈયાર થા ? તે બોલ્યો;—"આ મારા માથાને બદલે સિદ્ધરાજના આયુષ્યમાં કેટલાં વર્ષ વધારશો ?" તેઓ બોલી;—"એ બાર વર્ષ સુધી રાજ્ય કરશે." ફરી જગદેવે કહ્યું;—"ચાવડી અને બે પુત્રોના જીવ પણ મારા જીવ જેટલાજ અગત્યના છે. માટે ચાર જીવને બદલે સિદ્ધરાજને અડતાલીશ વર્ષનું આયુષ્ય આપો; હું ચાર જીવ આપું છું." યોગિનીઓ બોલી:—'અસ્તુ !' એ પછી જગદેવે તરવાર ખેંચી અને વીરમતીએ તુરત મોટા પુત્રને આગળ ધર્યો. જગદેવ જેવો 'લે ભોગ' કહી તેનું મસ્તક છેદવા જાયછે, તેવોજ યોગિનીએ તેનો હાથ પકડી લીધો અને કહ્યુંકે;—"અમે તમારા ઉપર ઘણા પ્રસન્ન છીએ. જા, અમને ભોગ મળી ચુકયા. રાજાને અમે અડતાળીશ વર્ષનું અયુષ્ય આપીએ છીએ." એમ કહી તેઓ એકદમ અદૃશ્ય થઇ ગયાં. જગદેવ, વીરમતી અને પુત્રો સૌ પ્રસન્ન થતાં ઘેર આવ્યાં.

સિદ્ધરાજ જગદેવની રાજ ભક્તિ જોઇ અત્યંત પ્રસન્ન થયો. તેના હૃદયમાં એનો અપાર ઉપકાર રમી રહ્યો અને તેનો બદલો તુરત આપવાને તલપી રહ્યો. બીજે દિવસે એક મોટો દરબાર ભર્યો. તેમાં બીજા સામંતોની બેદરકારી જાહેર કરી અને પોતે નજરે જોયેલી અને કાને સાંભળેલી જગદેવની હીંમત અને રાજભક્તિ તથા વીરમતીના પતિ ઉપરના અત્યંત પ્રેમનાં ઘણાં વખાણ કર્યાં. પછી ભારે શિરપાવ અને કેટલાંક ગામો આપ્યાં. પોતાની મોટી કુંવરી પણ તેની સાથે પરણાવી. જગદેવ રાજ્યમાં ઘણો પ્રિય થઈ પડયો કેટલાંક વર્ષ ત્યાં સુખ ચેનમાં રહ્યાં પછી સિદ્ધરાજની સહાયતાથી ધાર નગર મેળવીને અને પરમ પવિત્ર વીરમતી જેવી પતિવ્રતા વીર સ્ત્રીના સહવાસથી અત્યંત સુખી

* એનો ભાવાર્થ એ કેઃ—મારે પતિની સાથે ગમે તે વેળાએ સતી થઈ બળી મરવું છે.

થશે. અહો વીરમતી ! તને ધન્ય છે ! ! તું પરદેશ જતા પતિના દુઃખમાં ભાગ લઇ તેની સેવા કરવા સાથે ગઇ, અનેક સંકટો સહન કર્યાં; પ્રાણની પણ દરકાર નહિ રાખતાં હીંમતથી પાતિવ્રત્ય જાળવીને ધન્યતાને પામી. પતિને રાજ ભક્તિ બતાવવામાં સલાહ અને સહાયતા આપી અનેક રીતે ઉપયોગી થઇ પડી; એટલુંજ નહિ પણ પતિને રાજભક્તિ બતાવતાં તેની સાથે પોતાનો ને વહાલા પુત્રોનો પ્રાણ પણ આપવાને સામેલ થઇ; એ શું તારી ઓછી મહત્તા છે ? ! ખરેખર તું આ દેશની સ્ત્રીઓને લક્ષમાં લેવા લાયક એક સુદષ્ટાન્ત રૂપ અમર કીર્ત્તિ મેળવીને પ્રખ્યાત્ થઇ ગઇછે. ધન્ય છે તને ! ! તારા જેવી સ્ત્રીઓ આ દેશમાં પુનઃ પાકી દેશ દિપાવો ! ! !

પદ્મણી.

આ ઇતિહાસ પ્રસિદ્ધ પતિવ્રતા વીર સ્ત્રી સિંહલદ્વિપના રાજા **હમિરસિંહ** ચોહાણની પુત્રી હતી. તેને ચિતોડના મહારાજા લખમસિંહના કાકા **ભીમસિંહ** વેરે પરણાવી હતી. ભરતખંડની સર્વ રાણીઓમાં એ વખતે પદ્મણી સૌંદર્યતામાં શ્રેષ્ઠ ગણાતી હતી. એ અતિ સુંદર, તેજસ્વી, તીવ્રબુદ્ધિની, વિદ્વાન, ગુણવાન અને પતિવ્રતા હતી. તે શુભ કાર્યોમાં યાહોમ કરનાર સાહસિક, કાર્યદક્ષ, અને પ્રાણાર્પણ કરવા પર્યંતની દ્રઢતા વાળી હતી. કવિઓએ તેને અનેક પ્રકારે પ્રસંશનિય ગણી વિવિધ પ્રકારે વર્ણવી છે. રાણી **સિંહારિકા** કે જેનું વર્ણન "લલિત રત્નાવલી" નામના નાટકમાં કરાયેલું છે, તેપણ એજ રાજાની પુત્રી અને રાણી પદ્મણીની બેહેન હતી. રાણી પદ્મણીનું નામ એ તેનાં રૂપ અને ગુણ ઉપરથીજ પડેલું હતું. જે રાજમેહેલમાં તે રહેતી હતી. તે મેહેલ અદ્યાપિ પર્યંત એક સોહામણાં સ્થાનપર સુંદર શીતળ જળથી ભરેલા તળાવના કિનારાપર આવેલો છે. તે અતિ રમણિય સ્થિતિમાં જેમનો તેમ સાબિત રહેલો છે.

બારમી શદીની શરૂઆતમાં મેવાડનું રાજ્ય સર્વથી બળવાન ગણાતું હતું. તેની રાજધાની ચિતોડ રજપૂતાણામાં સર્વથી વધારે અગત્યનું શેહેર હતું. સુધારાનું શુરવીરપણાનું, અને શ્રેષ્ઠતાનું એક મથક હતું. એ વખતે ચિતોડની ગાદીપર મહારાણા લખમસિંહ હતો. તે બાળવયનો હોવાથી તેના કાકા ભીમસિંહને રાજનો કારોબાર સોંપવામાં આવ્યો હતો તે એ વખતે લડાઇમાં બહાદુર લડવૈઓ અને રાજદ્વારી બાબતમાં ચાલાક એના જેવો બીજો કોઇ નહોતો. મેવાડમાં આવી ઉત્તમ રીતે આગળ કદિપણ કોઇએ રાજ્ય ચલાવ્યું નહોતું. રાજ્યમાં સઘળે ઠેકાણે સંતોષ અને સુલેહ પથરાઇ રહ્યાં હતાં, ભીમસિંહને પ્રજા બહુમાન આપી ચાહતી હતી,

પણ આ સઘળી સુલેહ અને સુખનો અંત ધાર્યા કરતાં વધારે જલદી આવ્યો.

ઇ. સ. ૧૨૭૫માં દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીને રાણી પદ્મણીનાં રૂપ, ગુણ અને લાવણ્યતાનાં ઘણાં વખાણ સાંભળી, તેને મેળવવાના હેતુથી ચિતોડગઢ ઉપર ચડી આવ્યો. પ્રથમ તો તેણે પોતાની બાજી છૂપી રીતે રમવા માંડી, શેહેરમાં છૂપા જાસુસો ફરતા કર્યા, અને ખરાબ ચાલની સ્ત્રીઓ મારફતે રાણી ઉપર સંદેશા મોકલ્યા; પણ રાણી પદ્મણીની વર્તણુક વિષે વિચાર બાંધવામાં તે ઠગાયો હતો. તેણી પતિવ્રતપણાની મૂર્તિ હતી. છૂપી રીતે કામ ચલાવતાં તેનું કાંઇ વળ્યું નહિ, ત્યારે તેણે ચિતોડ શેહેરને ઘેરો ઘાલ્યો. બેઉ લશ્કર વચ્ચે મોટી લડાઇ થઇ. રાત્રિ વખતે પણ કિલ્લા ઉપર હુમલા થતા હતા. રજપૂતો જીત મેળવવાના કે લડાઇમાં માર્યા જવાના ઠરાવ ઉપર આવેલા હતા. અલ્લાઉદ્દીને ગંભીર પ્રતિજ્ઞા લીધી હતી કે, "હું પદ્મણીને મેળવીશ યાતો રજપુતાણાના મુલકમાં મારો પ્રાણ છોડીશ." જેમ ચિતોડનો કિલ્લો મજબુત હતો, તેમ તેના લડનાર રજપુત સિપાઇઓ પણ ઘણા બળવાન હતા. દોઢ વર્ષ સુધી લડાઇ ચાલ્યા કરી, પણ અલ્લાઉદ્દીન ચિતોડ લઇ શક્યો નહિ. આ પહેલી વખતની લડાઇમાં શૂરા રજપૂતોએ પોતાના પ્રાણ અર્પી ચિતોડનું રક્ષણ કર્યું. અલ્લાઉદ્દીન લડવાથી કાયર થયો હતો અને સલાહ કરી ચિતોડ છોડી જવાને આતુર થયો, પણ પદ્મણીને ફરીથી એકવાર મેળવવાની તજવીજ કર્યા વગર તે પાછો ફરે તો તેની પ્રતિષ્ઠાને હાની પહોંચે એમ સમજી તેણે ભીમસિંહને કહાવ્યું કે,—"પદ્મણીને મને સોંપો તો હું ચિતોડનો ઘેરો ઉઠાવીને પાછો જાઉં અને વિશેષ બીજી જાગીરો પણ આપું."

પેલી લડાઇમાં રજપૂતો ઘણા મરણ પામવાથી તેમની સંખ્યા ઓછી થઇ ગઇ હતી, તોપણ અલ્લાઉદ્દીનનાં આ વચનો તેમને બાણ જેવાં લાગ્યાં. શૂરા રજપૂતોનું લોહી ઉછળ્યું. તેઓએ આ બાબતની ચોખી ના પાડી અને ઘણા ધિક્કાર યુક્ત શબ્દો કહાવી મોકલ્યા; પણ કામાંધ અલ્લાઉદ્દીનને આ શબ્દો કશી અસર કરી શક્યા નહિ. તેમ બીજો કોઇ ઉપાય જ્યારે જોયો નહિ, ત્યારે તેણે વિનય પૂર્વક કહાવી મોકલાવ્યું કે;—"રાણી પદ્મણી તો મારી બેન છે. એવી પવિત્ર પતિવ્રતાનાં દર્શન કરી હું મને પોતાને ભાગ્યશાળી સમજીશ અને એની યાદગિરી તરીકે આપણે મિત્રતાના નાતાથી હવે પછી જોડાઇ રહીશું- માટે હું ફરીથી પણ એજ કહુંછું કે જો આપ તે પરમ સુંદરીનાં દર્શન માત્ર કરાવી દીયો તો તેટલાથી સંતોષ પામી, મારે સ્થળે પાછો ચાલ્યો જાઉં," અહાહા! વિષય અંધ માણસો કેવા મતિહિન હોયછે? અલ્લાઉદ્દીનની માગણી વિષે વિચાર ચલાવવાને રજપૂતોની એક મોટી સભા ભરી. એક બીજાથી સલાહ લેતાં અંતે ઠરાવ કર્યો કે;—"બાદશાહ એક આરસીમાં પડેલા રાણી પદ્મણીના ચેહેરાનો આકાર જોવા કબુલ થાય તો તેમ કરવા દેવામાં કશી હરકત નથી, પણ તેણે એક

બે માણસ સાથે આવવું જોઇએ." અલ્લાઉદ્દીને તેમ કરવા હા પાડી. તે માટે એક દિવસ નક્કી થયો. લડાઇ બંધ કરવામાં આવી. આ વખતે વિશેષ ઓઝલ પડદાની રીત નહોતી; રાણાએ જ્યારે કેવળ દર્શન કરવામાં પોતાની કોઇપણ જાતની અપ્રતિષ્ઠા ન માની, ત્યારેજ તેણે તેની વિનંતિનો સ્વીકાર કર્યો હતો; પણ ભીમસિંહ પોતાની રાણીનું મોઢું અસુર લોકોને જોવા દેવું એ પોતાની જાતને કલંક રૂપ ગણી શોકસાગરમાં ગોથાં ખાતો પલંગપર આળોટતો હતો, અને પાસે પદ્મણી પલંગને અઢેલીને ઉભી હતી. પોતાને માટે પતિ આટલા દુઃખી થાયછે, એમ જાણી પોતે દુઃખી થઇ આંખોમાંથી ભીમસિંહથી છાનાં આંસુ પાડતી ને શોક કરતી જમણા હાથની ટચલી આંગળી ડોકપર મૂકી બોલી;—"મારે બદલે ગુલાબ દાસીનું મુખ આયના મારફતે દેખાડી પતાવીએ તો શું ! ક્યાં એ મ્હેરાને ઓળખે છે ?" ભીમસિંહ કાંઇક ક્રોધાવેશથી બોલ્યો;—"ના, ના, રજપૂતો પોતાનું વચન કદી ઉલંઘીને કુખને એબ લગાડતા નથી. કદી જીવ જાયતો શું ! ભલે તારૂંજ મુખ તેને જોવા દેવું, પણ જો કદી તે અસુર કાંઇ વધારે ઓછું બોલશે તો પછી હું છું. મરવું તો એકજ વખત છે ને ?" આ પ્રમાણે પતિ—પત્ની વચ્ચે વિવેચન ચાલતું હતું. એવામાં બહારથી એક સિપાઇએ આવી ખબર આપ્યા કે. "અલ્લાઉદ્દીન અને તેના બે માણસો બહાર આવી ઉભા છે." ભીમસિંહે પદ્મણીને કહ્યું;—કાંઈ ફીકર નહિ, ફક્ત બે માણસો સાથે છે. તેણે બે માણસ સાથે આવી માન આપ્યું, તો આપણે પણ તેમજ કરવું જોઇએ એ મારો ધર્મ છે. ધૈર્યથી બોલી;—પણ—" શું કામ લાગ ખુવો છો ? બે તરવારો અહીં રાખોને, બેને તમો મારશો તો એક એને તો હું પુરો કરીશ. પછી જન્મારાની પીડા પતી. આવો વખત શું કામ જવા દેવો ?" ભીમસિંહ તિરસ્કારની નજરથી બોલ્યો;—"ના—ના—પ્રિયા" "આપણો ધર્મ ચૂકી વિશ્વાસ ઘાત કરવો યોગ્ય નથી. તેમને અંદર લાવવા જાઉ છું, સાવચેત......" અલ્લાઉદ્દીન આવી બેઠો. પદ્મણીનાં આયના મારફતે દર્દન કરી મનમાં ઘણો પ્રસન્ન થયો અને વિનય પૂર્વક પોતાનો સંતોષ જણાવી વળી નીકળ્યો. જતાં જતાં નમ્રતાની સાથે વાતચિત કરી પોતાને વાસ્તે લીધેલા શ્રમની રાણાની ક્ષમા ચાહી; એટલુંજ નહિ પણ તેણે એવો પણ એકરાર કર્યો કે આજથી આપણા વચ્ચેની મિત્રતા નિરંતર નિર્મળ ભાવથી ચાલુ રહેશે. રાણાથી તેનાં આવાં છળભેદ વાળાં વચનો ન સમજાયાં ને તેને અતિ યોગ્ય જાણી, તેના તરફ તુરતજ પ્રીતિ ભાવમાં આવી ગયો. આગળ પાછળનો જરા પણ વિચાર કર્યો નહિ. એટલાથીજ સંતોષ ન પામી મિત્ર ભાવથી પોતે ફક્ત બેજ માણસો સાથે લઇ ગામના દરવાજા સુધી વળાવવા ગયો. દરવાજા પાસેથી તેણે રજા માગી. રજા આપતાં અલ્લાઉદ્દીન એકદમ ઉભો રહ્યો અને રજા લેતી વખતે એક બીજાનો હાથ મીલાવતા હોય, તેમ અચાનક એકદમ

ભીમસિંહનો હાથ પકડયો. સાથેના માણસોની તેજ વધે થઇ અને જોત જોતામાં આસપાસથી પચાશેક તેના સિપાઇઓ દોડી આવ્યા. ભીમસિંહ સ્વપ્ન જાણવા લાગ્યો. ! દુષ્ટ માણસો પોતાની દુષ્ટતા બતાવ્યા વગર રહેતા નથી. અલ્લાઉદ્દીને પોતાની દુષ્ટ ધારણા પાર પાડવા ભીમસિંહને કેદ કર્યો અને જણાવ્યું કે, તારી પદ્મણી સ્ત્રી મારે સ્વાધિન જ્યાં સુધી નહિ કરે, ત્યાં સુધી હું તને કેદમાં રાખીશ. આ સાંભળી ભીમસિંહ સ્તબ્ધજ બની ગયો. તેનાથી કાંઇ બોલી શકાયું નહિ.

ભીમસિંહનું વય આશરે ત્રીસેક વર્ષનું હતું. તેનો રંગ ઘઉં વર્ણો હતો. તેની બન્ને આંખો વેર લેવાને જાણે અધીરી થઈ ગઈ હોય, તેમ આમ તેમ ફરતી નજરે પડતી હતી. તે વિચાર સાગરમાં ગરક થઇ ગયો હોય તેમ જણાતું હતું. તેણે ધાર્યું કે મને અહીં પકડી કયારના એ મુસલમાનો પદ્મણીને પકડી લઇ ચાલતા થયા હશે. આહા ! પ્યારી ! શી તારી પતિ ભક્તિ ? તારા વિના હું શી રીતે જીવન ધારણ કરી શકીશ ? તારા વિના પ્રેમ વચનથી મને કોણ બોલાવશે ? અને દુઃખમાં દિલાસો પણ કોણ આપશે ? એમ વિચારતાં—અનાર્યાસે તેના મોઢામાંથી નીચેના શબ્દો નીકળી ગયા,—

"મળુ શી રીતે હું ? .... પડતાં,
વિયોગી રીબાઉં, શરીર દુઃખ દુર્દૈવ નડતાં;
હશે કયાં તું હંસી ? મન રવડતી કે પ્રિય સ્થળે;
અરે નિર્દોષી તું નસિબહિણુ નારી કયમ મળે ?"

આંખોમાં આવેલાં અશ્રુ લુછી નાખ્યાં. હવે શું ઉપાયો લેવા તેના વિચારમાં ગરક રહેવા લાગ્યો. ધીમેધીમે ભીમસિંહ કેદ પકડાયાના સમાચાર પવન વેગે રાજમહેલમાં પહોંચ્યા. આ વાત સાંભળતાંજ પદ્મણી જમીનપર ઢળી પડી. શુદ્ધિમાં આવતાંજ બોલી;—ધિક્કાર છે મારા આવા રૂપને, મારા રૂપને ખાતર મારા પ્રાણનાથને કેટલું બધું વેઠવું પડયું ? અહા ! એવું રૂપ શા કામનું કે જેથી બીજાને દુઃખ થાય ? અરે વિધાતા ! તેં પ્રથમથી આટલું રૂપ મને બક્ષીસ ન કર્યું હોત તો હું નથી ધારતી કે મારા પ્રાણાધાર ભ્રષ્ટ નીચ બાદશાહના હાથમાં સપડાયો હોત ! અહાહા ! કોઈના દુઃખનું કારણ પોતે થઇ પડવું એવું રૂપ તે શા કામનું ? " એથી વિશેષ બોલી નહિ શકતાં આંખોમાંથી અશ્રુની ધારા પડવા લાગી. થોડીવારમાં અશ્રુ પાડતાં બંધ રહી વિચાર કરવા લાગી કે;—" ઇચ્છા થાય છે કે પક્ષીની પેઠે પાંખ ધારણ કરી—પળમાં ઉડી શાહના તંબુમાં પ્રાણનાથ પાસે હાજર થઇ, તેને દુઃખમાં દીલાસો આપું, પણ પાંખ ધારણ કરવાની મારામાં શક્તિ નથી તો હવે શું કરૂં ?" ફરી આંસુ ટપકવા માંડયાં. ચપળ ચુપકી તેના કબજામાં ન રહેતાં છટકી ગઇ. ધીમે ધીમે બોલવા લાગી;—

" ગઇ આશા ચાલી મુજ હૃદયમાં જે ચમકતી,
ગઇ તૂટી દોરી જીવન ઉચ્ચ માર્ગે વિહરતી;
વિરામી વેરાને કદિ નહીં મળે આશ ઝરણું;
રહું અશ્રુ ખેરી હૃદય નહીં માને સુખ અણું."

જોકે ઉપલી કવિતા ધીમેથી બોલાઇ હતી, તોપણ ખુલ્લાદ્વારમાંથી ચંદા નામની દાસીના કાન સોંસરી નીકળી ગઇ. તેણે આ સાંભળી વિચાર કર્યો કે, આ પતિવ્રતા છે, સ્નેહમયી સ્ત્રી છે, તો વખતે નિરાશ થઇને આત્મઘાતિની થશે, તો ઘણું ખોટું ગણાશે. એમ ધારી એકદમ ગભરાતી ગભરાતી આવી બોલી;— અરે બાઇ! આશું માંડી બેઠાં છો? ભૂલી ગયાં કે શું? ભૂલો કાં? એક વખત તમે પોતેજ મને શીખામણ આપતાં હતાંકે;—દરેક મનુષ્યે સુખ અને દુઃખ પ્રસંગોમાં સમાન રહેવું જોઇએ. સુખ જોઇ હર્ષ પામવું ન જોઇએ અને દુઃખ વખતે ગભરાવું ન જોઇએ. માથે આવી પડેલું દુઃખ ધીરજથી સહન કરવું. દુઃખ વખતે ધૈર્ય રાખી, ભલે અનેક પ્રકારની આપત્તિઓ આવી પડે, તોપણ હીંમત ન હારતાં દઢમન રાખી રહેવું. દુનિયામાં સરજાયલા પ્રત્યેક પદાર્થને અંત છે, તેમ દુઃખનો પણ અંત આવ્યા વગર રહેશે નહિ. બ્હેની! જ્ઞાન બળની સાથે ધૈર્ય બળ રાખવાથી ઘણા લાભ છે. હવે ઘણો વખત થયો છે. માટે અંદર શય્યન ન કરો. સવારે શું કરવું તેનો નિર્ણય કરીશું. એમ કહી બંને જઇ સૂતાં, પરંતુ પદ્મણીને વિચારપર વિચાર આવતાં ઊંઘ આવી નહી. તે તો રૂદન કરવા લાગી. તેથી ચંદા જાગૃત થઇ પાસે આવી બોલી,—બાઇ! શું તમે ગાડાં થયાં કે? તમે મોટાં મોટાં પોથાં ફેરવી નાંખ્યાં છે, તેનો સારતો આજ કે? વાહ! વાહ! શીખ્યાં તેપર પાણી કે? યાદ કરો, તમેજ કહેતાં હતાંકે;—

भर्ताच रामो जनकः पिताच, गुरौर्वसिष्टो सकलार्थ सिद्धः।
सुखं नलभ्येत् तृण मात्र सीता, दैवोबळी केवल मिश्वरेच्छा॥

રામચંદ્ર જેવા પતિ, જનક વિદેહી જેવા પિતા, વસિષ્ટ જેવા ગુરૂ છતાં એક તૃણ માત્ર પણ સીતાને સુખ ન મળ્યું! દૈવ ઇચ્છા બળવાન છે. માટે બેન! શોક મૂક ને ચાલ, હું તારી પાસેજ સુઉંછું. આટલો વખત પદ્મણી વિચાર કરતી મુંગી બેઠી હતી. તે જાણે દુઃખ સાગર ઉતરવાને એક સુવિચાર રૂપી નાવ હાથ લાગ્યું હોય, તેમ જરા હર્ષના આવેશથી બોલી;—"શાબાશ! ચંદા શાબાશ! તું જો પાસે ન હોત તો મને આડું વેતરી નાંખતાં વાર ન લાગત. સાંભળ! ઇશ્વર ઇચ્છાએ મને એક નવીજ યુક્તિ સૂઝી છે. સાંભળ ધ્યાન દઇને—

"કરમની શી દશા બાઇ (૧)
વ્યભીચાર કરે કામ, ડુબાવવું આમ નામ;
હાય! હાય! જીવ જરૂર જાય અકળાઇ.—કરમની૦

ઠગવો જરૂર ઠાલો, થઇ જાય કાલો કાલો;
ઠામ ઠામ જરૂર થાય આપ સવાઇ. —કરમની૦
મીઆના મંગાવો મોટા, કરો હવે ડોળ ખોટા;
નામ, નામ, શીત્ર જરૂર થાય સુખદાઇ.—કરમની૦
ગંજાવર તંબુ તાણી, મળવું છે મારે રાણી;
બાર બાર થઇ જરૂર જશે નીકળાઇ.—કરમની૦

એમ કહી બોલી;—એક બહાદુર સિપાઇને ત્યાં મોકલવો કે તે અંદર પહોંચી જાય અને તે લૂચ્ચા અલ્લાઉદ્દીનને જણાવે કે—અમારી બાઇ તમોને શરણ થવાને કબૂલ છે, પણ તેના હોદ્દા પ્રમાણે આખા શહેરની મુખ્ય મુખ્ય સ્ત્રીઓ વળાવવાને આવશે. માટે તેમને બેસવા વાસ્તે સાતસો મ્યાનાઓ મોકલો.—મ્યાનાઓ આવશે, એટલે તેમાં સ્ત્રીઓને બદલે ચિતોડના બહાદુર લડવૈયાઓને દરેકની અંદર બબ્બે એ રીતે બેસાડી દઇશું અને અમો ત્યાંથી યુક્તિ કરી નાશી જઇશું—બોલ, આ યુક્તિ તને પસંદ પડેછે ? ચંદા આશ્ચર્ય પામી બોલી; વાહ ! વાહ ! ઠીક યુક્તિ શોધી કહાડી. આ તમારી ધારણામાં તમે ખરેખર ફતેહ પામશો. "ઇશ્વર તેમાં તમને પુરતી સહાય કરો." એમ કહી બન્ને જણીઓ અંદર જઇ સુઇ રહી.

પદ્મણી ઘણી ચતુર અને હિંમતવાન હતી. તે પ્રભાત થતાં ઉઠી. રાણો લક્ષ્મણસિંહ હજુ નાનો છોકરો હતો. ભીમસિંહના પુત્રો પણ નાના હતા. ભીમસિંહના કેદ થવા પછી લશ્કરની સરદારી પદ્મણીના ભાઇ ગોરાસિંહને મળી હતી અને રાજ્યની સઘળી લગામ પદ્મણીના હાથમાં હતી. તેણે પોતાના ભાઇ, કાકા, સરદારો, યોદ્ધાઓ અને રાજકુમારોની સભા બોલાવી. રાણાજીને કેવા ઉપાય અને યુક્તિથી છોડાવવા, શહેરનો બચાવ કરવા શું કરવું અને પોતાને પણ કોઇ જાતની અપ્રતિષ્ઠાનો દાગ ન લાગે એ માટે શું કરવું, એ સર્વ વિષે સલાહ પૂછી. આખર પદ્મણીએ જે યુક્તિ કરી રાખી હતી તેજ સર્વને પસંદ પડી. આ ઠરાવ નક્કી કર્યા પછી પદ્મણીએ શાહને કહાવી મોકલ્યું કે;—"તેના સાથે તેની થઇ દિલ્લી જવા કબૂલ છે; પરંતુ પોતે છાવણીમાં આવ્યા પછી જો શાહ રાણાજીને બંધનથી મુક્ત કરેતોજ. તેમજ મારી કેટલીક સખીઓ, દાસીઓ અને શેહેરની મુખ્ય મુખ્ય સ્ત્રીઓ જેઓ મને પ્રિય છે, તેઓ મને છેવટ વળાવવાને છાવણીમાં આવશે, તેમને છાવણીમાં કોઇ પણ પ્રકારે અડચણ આવવી ન જોઇએ અને તે માટે સાતસો મ્યાના મોકલવા." આ માગણી શાહે હર્ષના પૂરજોશથી માન્ય કરી. તેને માટે તથા તેની સાહેલીઓના ઉતારા માટે મોટા ઉંચા પ્રકારના તંબુઓ ખાલી કરાવ્યા તથા લશ્કરમાં પણ શાંતિનો સખ્ત હુકમ ફેરવ્યો—અને મનમાં ઘણુંજ અકળાતો મળવાને આતુર થઇ રહ્યો.

સતી પદ્મણી બુદ્ધિશાળી, હિંમતવાન અને ખબરદાર હતી. તેને પોતાના પ્રાણ કરતાં પણ પતિવ્રત વધારે વહાલું હતું. તે પોતાના પ્યારા પતિને છોડાવવા પ્રાણની પણ દરકાર રાખ્યા વગર સર્વ પ્રપંચ રચી તૈયાર થઇ. સાતસો મ્યાના—પાલખીઓ આવી. એકમાં પોતે પુરૂષનો પોષાક પહેરી, કટાર અને તરવાર ધારણ કરીને પોતાની દાસી ચંદા સાથે બેઠી. દરેક પાલખીમાં ચૂંટી કાઢેલા બબ્બે યોદ્ધાઓને હથિયારો સાથે સજ્જ થઈ બેસાડયા. પાલખી ઉપાડનારા આઠ આઠ ભોઈના વેશમાં પણ શૂરવીર ક્ષત્રિયોજ હતા. તેમનાં હથિયારો પણ પાલખીમાંજ હતાં. તેમની સાથે તેઓનો સરદાર ગોરાસિંહ અને પદ્મણીનો માત્ર બાર વર્ષની ઉમ્મરનો કુંવર બાદલ પણ હતો. રાણી પદ્મણીનો મ્યાનો સર્વની વચ્ચે રાખવામા આવ્યો હતો, ને તે મ્યાનાની ઓળખાણ તે ઉપર ફરકતી લાલ ધ્વજાથી થતી હતી. દરેક મ્યાના ઉપર પડદા નાખી બંદોબસ્ત કર્યો હતો. શાહ રાણીને આવતી જોઈ હરખાતો હતો. તેના મનમાં જરાપણ શંકા નહોતી. સાતસો પાલખીઓ કાંઈ પણ હરકત વગર છાવણીમાં જ્યાં ઉતારા માટે તંબુઓ હતા ત્યાં આવી. સાહેલીઓ તંબુમાં દાખલ થઇ ગઇ. અલ્લાઉદ્દીન પદ્મણીની પાલખી અંદર આવેલી જોઇને તેણીને મળવા આતુર થયો, પણ તેણીએ ચંદાને મોકલી કહાવ્યું કે;—"અરે શાહ ! હું હવેથી તમારી થવાને આવીછું. હું હવે મારા પતિને ફરી કદી જોવાની નથી. માટે આ છેવટ મને તેની સાથે અરધો કલાક મળવાની રજા આપો અને તેને કેદથી મુક્ત કરો. હું તેની મુલાકાત લઇને પછી આપની સેવામાં હાજર થઈશ." શાહે આનંદના વેગમાં આવી જઇ, કશો વાંધો નહિ લેતાં ભીમસિંહને મળવાની રજા આપી. પદ્મણીને શત્રુની છાવણીમાં આવેલી જોઇ ભીમસિંહ બોલ્યો;—"આ શું છે ? તું કેમ અહીં આવી ?" પદ્મણીએ કહ્યું;—નાથ ! ચૂપ રહો; હવે વખત ખોવાનો નથી. આપણે નાશી જવા માટે સર્વ ગોઠવણ થઇ ગઇ છે. ચાલો, વહાલા પ્રાણ સત્વર ચાલો." એમ કહી અગાઉથી સંકેત કર્યા પ્રમાણે એક હલકા મ્યાનામાં ભીમસિંહ, પદ્મની અને ચંદા ખસી ગયાં. ચૂંટી કહાડેલા ભોઇઓ તે ઉપાડી ઉતાવળા રસ્તે પડયા અને ઝડપથી ચાલી શહેરમાં પહોંચી ગયાં. ચોકીદારોને તેમને અટકાવવાનો વખત મળ્યો નહિ. તેઓ વીજળી વેગે ગુમ થઈ ગયાં. શાહ અરધો કલાક પછી રાણી પદ્મણી મારી થશે ને તેની સાથે વિલાસો ભોગવીશ, વગેરે તુરંગો રચી, હવામાં મહેલો બાંધી રહ્યો હતો. તેવામાં હથિયાર સજ્જ કરીને ઉભેલા ક્ષત્રિયો એકદમ તેમની તરફ ધસ્યા આવતા જોઇને શાહ ચમકી એકદમ જીવ લઇ નાઠો. ક્ષત્રિયો હર ! હર ! માહાદેવ ! ! ! પોકારી શાહના લશ્કર ઉપર તૂટી પડયા. કાપા કાપી ચાલી. શાહના લશ્કરમાં ભંગાણ પડયું ને મરતાં મરતાં બચ્યા તે પાછે પગે નાશી ગયા. શાહ પણ પોતાનો પ્રાણ બચાવી છુપી રીતે મહા મુશ્કેલીથી નાશી છૂટયો. રાણી પદ્મણી છળકપટ કરી નાશી ગઇ અને પોતાનું પણ લશ્કર કાપી નાંખી બહુ નુકશાન કર્યું; વગેરેથી પોતાને

નામોશી લાગેલી જોઇને શાહ વધારે ઝનુનમાં આવી ગયો. ચિતોડ ઉપર ફરીથી ચઢાઇ કરવાની ભારે તૈયારી કરવા લાગ્યો. એક સ્ત્રીએ નશાડી તેનું નાક કાપી લીધેલું, તેની તેને ઘણી શરમ લાગી હતી. તેથી આ વખતે ઝનુનનો ભર્યો વેર વાળવાને તૈયાર થયો હતો.

ઈ. સ. ૧૩૦૫માં અલ્લાઉદ્દીન ફરી ચિતોડગઢ ઉપર ભારે લશ્કર લઇ આવ્યો. બહાદુર રજપૂતો પણ તેને સામે તૈયાર થઇ ઉભા. જોસમાં લડાઇ ચાલી. શાહના ઘણા લશ્કરને ક્ષત્રિયોએ પોતાની વીરતાથી સપાટામાં કાપી નાંખ્યું, પણ તેમણે વિચાર્યું કે આપણું લશ્કર ઘણું કપાઈ ગયું છે અને દુશ્મનનું લશ્કર હજુ ઘણું છે. માટે આપણે જીતી શકવું મુશ્કેલ લાગે છે. એમ વિચાર કરી છેવટ અપકીર્તિ વહોરી કુતરાં મીસાલે મરીને નિંદાને સ્વાધીન થવા કરતાં, તરવાર હાથમાં લઇ રણ સંગ્રામમાં કપાઇ મરવું એજ ક્ષત્રિયોને શોભા આપનાર છે એવો દૃઢ નિશ્ચય કર્યો. કિલ્લામાં એક પ્રચંડ અગ્નિ પ્રજ્વલિત કર્યો. તેમાં પદ્મણીએ અગ્નિજવાળાને સાતવાર પ્રદક્ષિણા કરી પ્રથમ પોતે પ્રવેશ કર્યો અને તેનું જોઇ બીજી સર્વ સ્ત્રીઓ પણ અગ્નિમાં કૂદી પડી પોતાના પ્રાણ આપ્યા. ક્ષત્રિયો કેશરિયા વાધા પહેરી શાહના લશ્કર ઉપર મરણિયા થઇ તૂટી પડયા અને શાહનું ઘણું લશ્કર કાપી નાંખી ત્રાહે, ત્રાહે, પોકરાવી અંતે મરણ પામ્યા. શાહે કિલ્લામાં આવી જોયું તો એક મહા ચિતા શહેર વચ્ચે સળગી રહીછે! તેમાં પદ્મણી અને બીજી સર્વ ક્ષત્રાણિયો પોતાનાં પ્રાણની આહુતિ આપી ગઇછે. શાહ આ દશા જોઇને પોતે જેને માટે આટલો બધો પ્રયત્ન કરેલો અને દુઃખી થયો; તેમાં નિષ્ફળ થયેલો જોઇ હાય મારી નિરાશ થયો. વળી માન ભંગ થવાથી ક્રોધે ભરાઇને સઘળા મહેલ અને હવેલીઓને લૂટી લઈ તોડી પાડવાનો હુકમ કર્યો. કેટલાંક નિરપરાધી ગરીબ માણસોને પણ મારી નાખ્યાં. પદ્મણી જેને માટે પોતાને આદર હતો, તેનોજ મહેલ તોડાવી નહિ નાંખતાં આબાદ રહેવા દીધો હતો. જેની નિશાની અદ્યાપિ જોવામાં આવેછે. અહો! એક રૂપવંતી સ્ત્રીને માટે રાજપાટ, કુળ અને હજારો પ્રાણીઓના પ્રાણ ગયા! ખરેખર આ સંસારમાં જર, જમીન અને જોરૂ એ ત્રણજ ઉપદ્રવનાં કારણો છે અને તેને લઇનેજ વખતે મોટી પાયમાલી થાયછે. જે સ્થળે રાણી પદ્મણી બળી ભસ્મ થઇ, તે સ્થળ આજે પણ રજપૂતાનામાં એક પવિત્ર અને તીર્થ રૂપ ગણાય છે. ત્યાં એક મંદિરની અંદર પદ્મણી મહાસતીની મૂર્તિ 'દેવી' તરીકે પૂજાયછે. અહો પદ્મણી! તું લોભ કે લાલચમાં નહિ લપટાતાં પતિવ્રત જાળવી રહી; એટલુંજ નહિ પણ તેં પ્રાણની પણ દરકાર રાખ્યા વગર હીંમત અને યુક્તિથી પતિને કેદમાંથી છોડાવી એક ખરી પત્ની તરીકે તારો ધર્મ બજાવ્યો અને છેવટ પર પુરૂષને હાથ નહિ જવાને કારણે અગ્નિમાં પ્રાણની આહુતિ આપી પૃથ્વીમાં પ્રખ્યાત થઇ ગઇછે. ધન્યછે તને!!!

પદ્માવતી.

આ પતિવ્રતા—શૂરવીર શ્રી વિજયસિંહ રાજાની પુત્રી હતી. આ રાજા યાદવકુળનો હતો. તેની રાજધાની સમુદ્રશિખર નામે નગરમાં હતી. આ રાજા ઘણો પ્રખ્યાત્ અને સૂરવીર હતો. પદ્માવતીની અંગકાન્તિ ગૌરવર્ણું સુંદર, તેજસ્વિ અને મનોહર હતી. તે ભણેલી, ઉદાર, ધાર્મિક, પતિવ્રતા, શુરવીર અને ઉત્તમ બુદ્ધિની હતી. તેણે યોગ્યપતિ મળેતોજ પરણવું, નહિતો જીંદગી પર્યંત કુવારાં રહી ઇશ્વર ભક્તિમાં કાળ ગુજારવો એવી પ્રતિજ્ઞા લીધી હતી. આ વખતે દિલ્હીમાં પૃથિરાજ ચૌહાણ રાજ કરતો હતો. તેના રૂપ, ગુણની ખ્યાતિ સાંભળી તેની સાથે વરવાનો પોતાના મનથી સંકલ્પ કર્યો હતો અને તે માટે તેણે પૃથિરાજને એક પત્ર લખી તેમાં જણાવ્યું હતું કે;—" હું તમોને મનથી વરી ચુકીછું, તમારા સિવાય બીજા પુરૂષો મારે ભાઇ, બાપ સમાન છે. જો તમો આ પત્ર વાંચી મને તેડી નહિ જાઓ. તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ." આ સાંભળી પૃથિરાજ એ સ્ત્રીની ટેક રાખવાને સત્વર આઠ હજાર શૂરવીર યોદ્ધાઓનું લશ્કર લઇ તેને પરણવા ચાલ્યો. ગોરી શાહબુદ્દીન જ્યારે દિલ્હી ઉપર ચડી આવ્યો હતો, ત્યારે પૃથિરાજે તેને હરાવી દંડ લઇને કહાડી મૂકયો હતો. તે અંદરખાને ઘણું વેર રાખતો હતો અને ઇચ્છતો હતો કે ક્યારે લાગ આવે તો પૃથિરાજને પકડી મારી નાખું અને તેનું રાજ્ય લઇ લઉં. આવી ધારણાથી તેના જાસુસો ભરખંડમાં ફર્યા કરતા હતા. એ જાસુસોએ જઇને ગોરી શાહબુદ્દીનને ખબર આપ્યા કે, પૃથિરાજ થોડું લશ્કર લઈને પોતાની હદબહાર પરણવાને ગયો છે. તેને હમણાં પકડવો ઠીક પડશે. એવા ખબર ગોરી શાહબુદ્દીનને થતાં, તે મોટું લશ્કર લઇને રસ્તો રોકી બેઠો.

પૃથિરાજ સમુદ્ર શિખર નગરમાં પહોંચ્યો. ત્યાંના રાજાએ ભારે ધામધૂમથી પોતાની પુત્રી પદ્માવતીને તેની સાથે પરણાવી. પૃથિરાજ પદ્માવતીને પરણી વળ્યો કે રસ્તામાં ગોરીશાહના લશ્કરને પડેલું દીઠું. એક બીજાની દૃષ્ટિ પડતાં સામ સામે ભયંકર યુદ્ધ મચ્યું. તીરોનો વરસાદ વરસવા લાગ્યો, ભેટમ ભેટાં થતાં તરવારો નીકળી. પદ્માવતી ઘોડા ઉપર સ્વાર થઇને પતિને પડખે રહી શત્રુના સૈન્યને કાપતી પોતાના સૈન્યને લલકારી શાબાશી આપતી ઘુમવા લાગી. તેની શૂરવીરતા જોઇ ક્ષત્રિવીર યોદ્ધાઓ પણ વધારે હિંમતમાં આવી ગયા. શાહબુદ્દીનગોરીતો આ નવ યૌવન ક્ષત્રિ બાળાનું શૌર્ય જોઇ ચકિત થઇ ગયો. જબરી કાપા કાપી ચાલવાથી લોહીની નીકો વહેવા લાગી અને મુડદાંના મોટા ઢગલા થઇ પડયા. આ લડાઈમાં શાહબુદ્દીનનાં પાંચ હજાર માણસો માર્યાં ગયાં અને છેવટ પૃથિરાજે તેને જીવતો પકડી લીધો. તેની પાસેથી આઠ હજાર ઘોડા અને કેટલુંક દ્રવ્ય દંડ

તરીકે લઈ છોડી દીધો. શાહબુદ્દીને આ લડાઇમાં પૃથિરાજ અને તેની નવ યૌવન રાણી પદ્માવતીની વીરતાનાં ઘણાં વખાણ કર્યાં હતાં.

પૃથિરાજ પોતાની પ્રિય સ્ત્રી પદ્માવતીની આવી શૂરવીરતા જોઈ ઘણો ખુશી થયો. લડાઇમાં જીત કરીને ત્યાંથી સૌ હર્ષ ભર્યા દિલ્લી આવ્યાં. પદ્માવતી પતિવ્રતા હતી. તે પોતાના ધર્મ પ્રમાણે ચાલી પૃથિરાજને ઘણી પ્રિય થઈ પડી હતી. રાજ્ય કાર્યમાં પણ પૃથિરાજને તે ઘણી ઉપયોગી સલાહ અને સહાયતા આપતી હતી. પૃથિરાજ પોતાને આવી શૂરવીર સ્ત્રી હોવાથી વધારે ભાગ્યશાળી માનતો હતો. શત્રુઓની સામે થવામાં તેમને પોતાની આવી વીર રાણીઓ તરફની વધારે હિમાયત હતી અને તેથી વધારે ઉશ્કેરાઇને ગમે તેવા જબરા શત્રુનો પણ સપાટામાં નાશ કરી શકે એવું શૌર્ય તેનામાં ઉત્પન્ન થતું હતું. ખરેખર પદ્માવતી વીરતાની સાક્ષાત્ મૂર્ત્તિ હતી. શાબાસ છે તેમને ! ! !

વીરતારા.

આ પ્રખ્યાત પતિવ્રતા વીર સ્ત્રી વેદનોરના રાજા **રાયસુરતનની** પુત્રી હતી. આ રાજા સોલંકી કુળનો હતો. ઇ. સ. ની તેરમી સદીમાં અલ્લાઉદ્દીને એ રાજાના વડિલોને તેઓના અસલ વતનમાંથી કહાડી મૂકયા હતા. તેથી તેઓ મધ્ય દેશ—રજપૂતાનામાં આવી ટોડા અને બનાસ નદીના કિનારાનો કેટલોક મુલક મેળવી ત્યાં રાજ્ય કરતા હતા; પણ **લીલા** નામે એક અફઘાન સરદારે એ મુલક તેના હાથમાથી લઇ લીધો. તેથી રાયસુરતન દેશ નિકાલ થઇને—પોતાની કન્યા રત્નતારાની સાથે અર્વલીપર્વતની તળેટીમાં મેવાડનો સરહદે આવેલું પોતાનું ગામ વેદનોર રહ્યું હતું ત્યાં આવી રહ્યો હતો. તારા ઘણીજ રૂપાળી, તેજસ્વિ, બુદ્ધિમાન, હિંમતવાન, ચતુર, ભણેલી અને શૂરવીર હતી. તે પોતાના પિતાને રાજ ક્ષિણ થયાથી દુઃખિત અને શોકાતુર મનના જોઇને મનમાં ઘણો ખેદ પામી. પોતે હીંમતવાન હતી. તેથી પોતાના વડિલોની બહાદુરી યાદ કરી તેઓની કીર્ત્તિ પાછી તાજી કરવાને તેનામાં ઘણું શૌર્ય ઉત્પન્ન થયું. પિતાના હાથમાંથી ગયેલો મુલક પાછો જીતી આપવાને પોતાથી બનતી સઘળી કોશિશો કરવાનો તેણે નિશ્ચય કર્યો. સ્ત્રી જાતિને શોભતાં વસ્ત્રાભૂષણ અને ધંધો એ કારણસર છોડી દઇને પુરૂષનો પોશાક પહેરતી. શસ્ત્ર ધારણ કરીને બાલ્યકાળથીજ ઘોડાની સ્વારી કરવા લાગી. ધનુષ વિદ્યાનો અભ્યાસ કર્યો. એ અભ્યાસવડે તે વિદ્યામાં એટલી તો નિપુણ થઇ હતી કે, દોડતે ઘોડે ધારેલું નિશાન સપાટામાં પાડતી. તીર કમાન બાંધી જબ્બર કાઠિયાવાડી ઘોડાપર બેસી પોતાના પિતાના સેવકો સાથે અફઘાનોની સામે

લડાઈ કરવાને જવા લાગી. એ અફ્ઘાનો પાસેથી ટોડા પાછું હાથ કરવાને તારા જેટલી આતુર હતી, તેટલી આતુરતા એ વંશનાબીજા કોઈ માણસોમાં નહોતી.

વીરતારા એક દિવસે લડાઇનો પોશાક પહેરી નિડરપણે પોતાનો ઘોડો દોડાવતી જતી હતી. તે સમયે મેવાડના રાજા રાયમલ્લનો પુત્ર જયમલ્લ ઘોડાપર બેસીને ત્યાંથી જતો હતો. તેની દૃષ્ટિ તારા ઉપર પડી. તેનું અનુપમ સૌંદર્ય અને ઘોડાપર બેસવાનું કૌશલ્ય જોઈને તે અતિ આશ્ચર્ય પામ્યો. આ વીર સ્ત્રીએ તે યુવાન કુમારના હૃદયની આશા નિરાશા વચ્ચે મોટું યુદ્ધ કરાવ્યું. એ કુમાર વિચારપર વિચાર આવતાં ઘણો અધિરો બની ગયો. તેણે તારાને પોતાની સાથે લગ્ન કરવાનો સંદેશો કહાવ્યો. તારાએ તેના જવાબમાં કહાવ્યું કે;—"જે કોઇ મારા પિતાના શત્રુઓનો પરાજય કરી, ટોડા પાછું મેળવી આપશે, તે સાથે હું પરણીશ." જયમલ્લ આ શરત કબુલ કરીને ટોડા જીતવા ગયો, પણ અફઘાનોએ તેને હરાવી પાછો કહાડયો. હાર્યા છતાં પણ જયમલ્લ વેદનોરમાં જઇને તારાને પરણવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. તે પરથી રાયસુરતને ક્રોધે ભરાઇ તેને મારી નાંખ્યો. જયમલ્લ મરાયો, ત્યારે ભાટોએ કહ્યુંકે;—

(સોરઠો) તારા તારા માટ, જો જેમલ્લ મલ આવિયો;
તારા મળવા ઘાટ, કુડળી તારો નાવિયો.

આ મરનાર જયમલ્લનો પૃથુરાજ નામે એક ભાઇ હતો. તે આવેળા કંઇ કારણથી મારવાડમાં દેશ નિકાલ થયો હતો. તેમણે કેટલાક ઉત્તમ કાર્યો કરી પોતાના ગુસ્સે થયેલા પિતાને રાજી કર્યો હતો. તે પોતાના ભાઇના મરણના ખબર જાણી, તારાનું પાણિ ગ્રહણ કરવાની આશાથી વેદનોર આવ્યો. રાઓસુરતનની પાસે જઇને પ્રતિજ્ઞા કરી કે;—"ટોડા સર કરી આપને ન સોંપું તો આપ મને પણ ખરો ક્ષત્રિય કહેશોમાં." તારાએ પૃથુરાજનાં અસાધારણ સાહસ અને પરાક્રમની વાતો પ્રથમથીજ સાંભળી હતી. તેમ તે સર્વ પ્રકારે લાયક પુરૂષ હતો. હમણાં તે મહાન્ કાર્ય કરવા માટે આવેલો હતો. તારાએ પોતાને લાયક એ વર છે એવી ખાત્રી થતાં મોહિત થઇ, તેની સાથે લગ્ન કરવાનો મન સાથે નિશ્ચય કર્યો. પછી પોતાના પિતાની સલાહ અને પરવાનગી મળતાં તેણે પૃથુરાજને કહાવ્યું કે;—

(સોરઠો) એક વચની પૃથુરાજ, કહે ટોડા જીતી આપશું;
તો તારા માહારાજ, પરણે વચન વિશ્વાસથી.

તારાએ તેની સાથે અંતે એજ શરતે લગ્ન કર્યું. લગ્ન કર્યા પછી વીરતારાએ પોતાના પતિને યાદ આપીકે તેણે પોતાની પ્રતિજ્ઞા પાળવી. શૂરા પૃથુરાજે હલ્લો લઇ જવાને મોહોરમના દિવસો નક્કી કર્યા. યુદ્ધની સર્વ ગોઠવણ કરી રાખી. આ વેળાએ તારા પણ પિતાની આજ્ઞા મેળવી પતિની કીર્તિમાં ભાગ લેવા

તૈયાર થઈ હતી. પછી પાંચસો વીણી કહાડેલા ઘોડેસ્વારો લઈને પૃથુરાજ ટોડા જીતવાને નીકળ્યો. તારા પણ પુરૂષનો પોશાક પહેરી હથિયારો બાંધી ઘોડેસ્વાર થઈને પતિની સાથે ચાલી.

આ વીર સ્ત્રી પુરૂષનું જોડું જે વખતે ચોકમાં તાજીઆ ઉતારેલા હતા, તે વખતે ટોડા જઈ પહોંચ્યું. સર્વ લશ્કરને શહેર બહાર ઉભું રાખ્યું. માત્ર પૃથુરાજ પોતે, તારા અને એક વિશ્વાસુ શૂરવીર ઘોડેસ્વાર એ ત્રણે જણાં તુરત શહેરમાં જોસભેર દાખલ થયાં. આ ત્રણે જણાં પોતાના ઘોડા જોસભેર દોડાવતાં તાજીઆની ગીર્દી વચ્ચે થઈ અફઘાન સરદારના મહેલ સુધી ચાલ્યા ગયાં. તેટલામાં અફઘાન સરદારે નીચે આવી પૂછયુંકે;—"આ વિદેશી સિપાઈઓ કયાં જાયછે?" તેવામાં તો પૃથુરાજના ભાલાથી અને વીરતારાના બાણથી એ સરદાર પ્રાણ રહીત થઈ નીચે પડયો. સરદાર ગાર્યો ગયાના સમાચાર લોકોમાં ફેલાયા નહિ, તેવામાં તો ત્રણે ઝડપથી ઘોડા દોડાવતા પવન વેગે દરવાજા પાસે આવ્યા; પરંતુ દરવાજા પાસે તેમને રોકી રાખવા માટે એક મદોન્મત્ત હાથીને એકદમ ઉભો રાખી દેવામાં આવ્યો હતો. તેથી તેઓને બહાર નીકળી જતાં અડચણ થઈ, પણ વીરતારાએ નહિ ગભરાતાં મન સ્થિર રાખીને પોતાની પ્રચંડ તરવાર ફેરવીને તેનો જોસથી હાથીની સુંઢપર ઘા માર્યો કે તે કપાઈને નીચે જઈ પડી. તેથી હાથી ચીસ પાડી નાશી ગયો અને દરવાજો ખુલ્લો થયો. માર્ગ ખુલ્લો થતાં ત્રણે જણાં પોતાના લશ્કરને જઈ મળ્યાં. એ પછી સર્વેએ શેહેરપર સાથે હલ્લો કર્યો. સામે થનાર અફઘાન લશ્કરને મારી નશાડી મૂકયું. જેઓ નાશી ગયા તેઓ બચ્યા. બાકીના સર્વે પૃથુરાજ અને તારાની બહાદુરીના ભોગ થઈ પડયા. મરનાર અફઘાન સરદારના એક ભાઈએ તે શહેર પાછું લેવાની કોશિશ કરી, પણ તે વીરતારાના પ્રચંડ બાણથી માર્યો ગયો. એ રીતે રજપૂતોએ પઠાણોનો સમૂળો નાશ કર્યો. રજપૂતોનોતો નિશ્ચયજ હતો કે;—

"દૂધ ઉંચ શું હરામ કરશું, દ્રોહ માત શું કરશું ?
બિકણ બાયલા હિજડા પાવે, દુનિયામાં શું ઠરશું ?
હજી છે આશ, સુખનો ભાસ, જુદ્ધે છે જયભાઇ, "

આ રીતે પૃથુરાજે પોતાના સસરા રાઓસુરતનનો ગયેલો મુલક અફઘાનો પાસેથી પાછો મેળવી આપીને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. વીરતારાનો પિતા પોતાની પુત્રીની યુક્તિ, હિંમત અને કળા ચાતુર્યે કરીને પાછો ટોડાનો માલેક થયો.

વીરતારા ટોડા લીધા પછી પોતાના પતિ પૃથુરાજની સાથે મેવાડમાં આવીને કમળમેરના મહેલમાં રહેતી હતી. ત્યારપછી પૃથુરાજે ઘણીવાર લડાઈઓ કરી હતી. તે સર્વમાં વીરતારાએ પતિને ઉત્સાહ આપી ભાગ લીધો હતો. સિવાય પતિ સાથે તેણે ઘણાં વખાણવા લાયક કાર્યો કર્યાં હતાં. તે પતિવ્રતાના ધર્મ પ્ર-

આણે ચાલી પતિના સુખ અને કીર્તિના હથિયાર રૂપ થઇ પડી હતી. પરસ્પરના પ્યાર અને મદદથી તેઓની જીંદગી આનંદ દાયક થઇ પડી હતી; પરંતુ એ આનંદ દાયક સુખી જીંદગી લાંબોકાળ ભોગવવા પામ્યાં નહિ. શિરોહીના રાજા પ્રભુરાવની સાથે પૃથુરાજની બ્હેન પરણાવી હતી. તેની સાથે પ્રભુરાવ સારી રીતે વર્તતો નહોતો. તેથી તેની બેને શિરોહીથી કહાવ્યું કે;—

માડી જાયા વીર, પૃથુરાજ મુજ બંધવા;
ધારણુ ધારી ધીર, વેગે વારે આવજો.
હું દુઃખીઆરણુ બેન, સ્વપ્ને સુખ ન પામતી;
રહું દુઃખમાં દિનરેન, પૃથુ પૃથુ સંભારતી.
ડુબી દુ;ખ દધિમાંહિ, ઓ બંધુ પૃથુ તું છતાં;
આવી વા'રે આંહિ, દુઃખી બેનને છોડવો.
રાહ જોઉં દિન સાત, આશા ધારી તાહરી;
નહિતો ઓ પૃથુ ભ્રાત, હું પાડીશ દેં' માહરી.

આ ખબર આવતાંજ પૃથુરાજે શિરોહી જઇને પ્રભુરાવને ઠપકો આપી અપમાન જેવું કર્યું. એ અપમાનનું વેર વાળવાનો તેણે નિશ્ચય કર્યો. તેણે ચાર પાંચ દિવસ પૃથુરાજની સારી રીતે મેમાની આપી બરદાસ કરી; જ્યારે પૃથુરાજ ઘેર જવા તૈયાર થઇ ચાલ્યો, ત્યારે તેણે માર્ગમાં ખાવા ઝેર નાંખેલી મીઠાઇ આપી તે મીઠાઇ ખાવામાં આવતાં પૃથુરાજના આખા શરીરમાં ઝેર વ્યાપી ગયું. જીભ ખેંચવા લાગી, પોતાના પ્રાણ બચશે નહિ, એમ નિશ્ચય થતાં તેણે પોતાની પ્રિયપત્ની વીરતારાને ખબર મોકલ્યા; તારા પોતાના મહેલમાંથી આવતાં પહેલાં તો પૃથુરાજે પ્રાણ ત્યાગ કર્યો હતો.

વીરતારા જે પતિને પોતાનાં સર્વ સુખ દુઃખનો ભાગીઓ ગણતી હતી અને જેને સદાનો પોતાનો સંગતિ સમજતી હતી; તેના મરણથી આ દુનિયામાં જીવવું તેને ઝેર જેવું અકારૂં થઇ પડયું. તે હાહાકાર કરતી મહાકલ્પાંત કરવા લાગી અને વ્હાલા પતિની સાથે પરલોકમાં જવાને તૈયાર થઇ. ચંદનની ચિતા ખડકાવી પ્રિય પતિનું મસ્તક ખોળામાં લઇને એ પતિવ્રતા સ્ત્રી બળીને ભસ્મ થઇ ગઇ. એ વીરતારા અને પૃથુરાજની કીર્ત્તિ રજપૂતાનામાં ઘણી પ્રસરેલી છે. એ પ્રેમી પતિપત્ની કીર્તિની વાતો અધાપિપર્યંત લોકોમાં ગવાય છે. એટલુંજ નહિ પણ તે ઇતિહાસ પ્રસિદ્ધ છે. ધન્યછે પતિવ્રતા વીરતારા તને ! ! !

રાણી ભવાની.

આ પતિવ્રતા વીરસ્ત્રી છાતીન ગામના ચોધરી **આત્મારામની** પુત્રી હતી; તેને બંગાલામાં આવેલા નાટોરના રાજા **રામકાન્ત** સાથે પરણાવી હતી. એ ઘણી રૂપ—લાવણ્યવતી, ધર્મશીલ. પતિવ્રતા, બુદ્ધિવાન, ચાલાક, નીતિનિપુણ, ભણેલી, ધૈર્યવાન, ઉદાર, પરોપકારી અને શૂરવીર હતી. નાટોરનું રાજ્ય લગભગ સ્કૉટલાંડના જેવડું મોટું હતું. એ રાજની ઉપજ દોઢ કરોડ રૂપિયાની હતી. આ રાજ્યની સમૃદ્ધિ ઘણી હતી. આ રાજા નાની ઉમ્મરે ગાદીએ બેઠો હતો. સાધારણ રીતે જેમ કેટલાક નાની ઉમ્મરના રાજાઓ બિન અનુભવને લીધે મોજ શોખમાં લપટાઇ પડે છે, તેમ આ રાજા રામકાન્ત પણ મોજશોખ અને એશ આરામમાં પોતાનો કાળ ગુજારતો હતો, તેને લઈ તે દુર્ગુણી થઇ ગયો હતો. **દયારામ** નામે તેના પિતાના વખતનો વૃદ્ધ દિવાન હતો, તેની શીખામણ તે માનતો નહોતો; કેમકે તે પ્રથમથી તેના ઉપર જોઇએ તેવો અંકુશ રાખી શકયો નહોતો. યુવાનરાણી ભવાની પણ તેને બહુ બહુ સમજાવતી અને વખતે અશ્રુ પાડી વિનતિ કરતી, પણ તે કશાથી ખરાબ રસ્તે જતો અટકયો નહિ; પરંતુ તે ધીમે ધીમે વધારે દુર્ગુણી થતો ગયો. વૃદ્ધ દિવાન દયારામને રજા આપી, પૈસો પાણીની પેઠે વાપરવા લાગ્યો. રાજ્યમાં અંધેર ચાલવા વાગ્યું. સિપાઇઓનો પગાર વખતસર આપી શકતો નહિ; વગેરે અવ્યવસ્થા ચાલતી હતી. આ વખતે બંગાલામાં **અલીવર્દીખાન** નામે નવાબ હતો. તેની રાજધાની મુર્શિદાબાદમાં હતી. આ નવાબને નાટોરના રાજ્ય તરફથી બાવન લાખ રૂપિયા દરવર્ષે ખંડણી ભરવી પડતી હતી. તે ખંડણી પણ ચડી ગઈ હતી. વૃદ્ધ દિવાન દયારામ રજા મળવાથી મુર્શિદાબાદમાં જઈ રહ્યો હતો. તેણે નવાબને કહ્યું કે;—“ રાજા રામકાન્તે તો બત્રીશ લાખ રૂપિયા એકઠા કર્યા છે અને બે લાખ રૂપિયાનો તો તે શિરપેચ પહેરે છે, છતાં આપના લેણા રૂપિયા આપતો નથી ? ” આપરથી નવાબે એકદમ લશ્કર મોકલી રાજા રામકાન્તની મિલ્કત લૂટી લીધી; એટલુંજ નહિ પણ રાજકાજને માટે નાલાયક ઠરાવી, **દેવીપ્રસાદ** નામે તેના ભત્રિજાને ગાદીએ બેસાડયો. આથી રાજા રામકાન્તને ઘણી અસર થઇ. તે રાણીભવાનીને સાથે લઇ ત્યાંથી નીકળ્યો. રાણી ગર્ભવતી હતી છતાં કશીપણ આનાકાની વગર પતિની આજ્ઞાને આધીન થઇને તેની સાથે ચાલી નીકળી. ગંગાને કિનારે નાવમાં બેસી મુર્શિદાબાદ આવીને જગતશેઠને ત્યાં આશ્રય લીધો.

રાણી ભવાની ઘણી બુદ્ધિવાન, ચતુર અને ડાહી હતી. તેણે પતિને હવે બુઝ થયેલો જોઇ, શીખામણ આપવા લાગી. આ શીખામણની અસર રામકાન્તના

હૃદયમાં સચોટ થવાં લાગી અને તે જે કહે તેમ કરવા લાગ્યો. રાણી ભવાનીએ વૃદ્ધ દિવાન દયારામને પોતાની પાસે બોલાવ્યો અને પોતાનાં પહેરેલા સઘળાં ઘરેણાં વેંચી નવાબના અમલદારોને લાંચ આપી મેળવી લીધા. તે અમલદારોએ રામકાન્તને નાટોરની ગાદી ફરી આપવાને નવાબને સમજાવ્યો. નવાબે તેને તેના રાજ્યની ગાદી સોંપી. રાજા રામકાન્ત ત્યાંથી પોતાની રાણી ભવાનીની સાથે નાટોર આવી રાજ્ય ચલાવવા લાગ્યો. રાણી ભવાનીની સલાહ પ્રમાણે રાજ્ય વ્યવસ્થા કરી. તેથી રાજ્ય થોડા વખતમાં આબાદ થયું. રાણી ભવાની પતિવ્રતા હતી, તે પોતાનો પતિ પ્રત્યે ધર્મ સમજતી હતી. તેણે પોતાની બુદ્ધિ ચાતુર્યતાથી પતિને રાજ્ય પાછું મેળવી આપ્યું; એટલુંજ નહિ પરંતુ ઉત્તમ પ્રકારનું બનાવી પતિને અનેક પ્રકારે સુખ આપવા લાગી. રાજા રામકાન્ત પણ રાણી ભવાનીની આવી ઉત્તમ લાયકી જોઇને તેને પ્રેમથી ઘણો ચાહતો હતો. આ રીતે રાજા રાણી સુખમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યાં, પણ રાણી ભવાની ઘણો વખત સુખ લેવા પામી નહિ. તેનો પતિ તેને એકલી નિરાધાર મૂકીને મરી ગયો. તેને તારા નામે એક રૂપસુંદર પુત્રી હતી, તે બાળપણમાં વિધવા થઇ હતી. બે પુત્રો હતા તે પણ બાળપણમાં મરી ગયા હતા. જ્યારે રાણી ભવાની વિધવા થઇ ત્યારે તેની ઉમ્મર ૩૨ વર્ષની હતી. વિશાળ રાજ્ય ઉપર રાજ કરવાનું ભારે જોખમ તે એકલી ઉપર આવી પડયું હતું; પણ તેની રાજ્ય ચલાવવાની શક્તિ ઘણી સારી હતી. તેણે પોતાના દિવાન અને બીજા સારા સલાહકારોની મદદથી સારી રીતે રાજ્ય ચલાવી લોક પ્રિયતા મેળવી હતી. તેની ઉત્તમ બુદ્ધિ જોઇ સૌ છક થતા હતા.

આ વખતે બંગાલાના નવાબ તરીકે સુરાજદૌલા ગાદી પર બેઠો હતો. તે જુલમીને બદચાલનો હતો. તેણે બદચાલમાંજ રાજ્યનો ઘણો પૈસો ગુમાવી નાંખ્યો હતો; તેથી ખંડીયા રાજાઓ પાસેથી જે ખરી વસુલાત મળતી હતી તેના કરતાં તેણે વધારે પૈસા કઢાવવાની પેરવી કરવા માંડી; પૈસા મેળવવાને અનેક ઉપાયો કર્યા. ન્યાય એ શું ચીજ છે એ કશું તે જાણતો નહોતો. જે દેશી રાજાઓ તેના લશ્કરને લૂટ કરતા અટકાવતા તેને તે મારી નાખતો હતો. તેની પાસે નીચ ને ખુશામતિયા માણસો હતાં, તેઓનો જુલમ અનહદ હતો, નવાબ તેના ઉપર કશું ધ્યાન આપતો નહોતો. રાણી ભવાનીએ રાજ્ય ધારણ કર્યા પછી તેને એકદમ માલૂમ પડયું કે, સુરાજદૌલાના જુલમથી રાજ્યનું રક્ષણ કરવાને બળવાન લશ્કરની જરૂર પડશે. તેના આવા જુલમથી કંઇ મોટી ઉથલ પાથલ થવા સંભવ છે, એવો ભવિષ્યનો વિચાર કરીને આ તકનો લાભ લઇ તેણે એક મોટું લશ્કર એકઠું કર્યું. પોતે લશ્કરનો સરદાર બની તેને કવાયદ આપી સુધારવા માંડયું. થોડા વખતમાં તેનું લશ્કર આખા બંગાલામાં સૌથી શ્રેષ્ટ ગણાવા લાગ્યું. તેની પરીક્ષા કરી જોવાનો વખત પણ પાસે આવી લાગ્યો. રાણી ભવાનીને જે એક

તારા નામે વિધવા પુત્રી હતી, તે અતિશે રૂપ સુંદર હતી, તેના સ્વરૂપની પ્રખ્યાતિ ચારે તરફ પ્રસરી રહી હતી. નવાબની પાસે નીચ ખુશામતિયાં માણસો હતાં. તેણે નવાબ પાસે તારાની ખુબસુરતીનાં ઘણાં વખાણ કરી તેને મોહિત કર્યો. તેથી નવાબે તેને જોર જુલમથી પકડી લાવવા હુકમ કર્યો. નવાબના ખુશામતિયાઓ લશ્કર લઇ નાટોર આવ્યા. તેઓએ રાણી ભવાનીને એક દૂત મોકલી કહાવ્યું કે;—તારી પુત્રી નવાબને માટે અમને સોંપ. આ સાંભળી રાણી ભવાનીનાં ક્રોધથી રૂવાટાં ઉભાં થયાં, આંખો લાલચોળ થઇ ગઇ અને સિંહણની પેઠે ધુરકતાં એ દૂતને ત્યાંજ પૂરો કર્યો. એ ખબર નવાબને થતાં, તેણે તારાને પકડી લાવવા અને રાણી ભવાનીને પદભ્રષ્ટ કરી, તેનો ખજાનો લૂટી લેવાને મોટું લશ્કર મોકલ્યું.

રાણીભવાની ઘણી બુદ્ધિવાન, ચતુર અને ચાલાક હતી. તે પ્રથમથીજ જાણતી હતી કે આવું પરિણામ આવશે. જ્યારે નવાબે નાટોર ઉપર લશ્કર મોકલ્યું; ત્યારે પોતે પોતાના લશ્કરનો સરદાર બની લડવાને શહેરની બહાર આવી ઉભી રહી હતી. લડાઇ થતાં રાણીની બહાદુરીથી નવાબનું સૈન્ય ઘણું કપાઇ ગયું. બાકી જે રહ્યા તે ત્વરાથી ઉભી પૂંછડીએ પાછું વાળી ન જોતાં મુર્શિદાબાદ ભણી નાશવા લાગ્યા. રાણી ભવાની તે સાક્ષાત્ દેવીભવાની—ચંડી—સ્વરૂપ બની હતી. તે હાથમાં ખડ્ગ લઇ દોડતે ઘોડે લશ્કરને લલકારતી તેઓની પાછળ પડી, તેમને મારી પોતાની સરહદ બહાર હાંકી કાઢયા. આ વખતે બંગલાના લોકો પણ નવાબની વિરૂદ્ધ ઉશ્કેરાયા હતા, તેઓએ પણ નવાબના લશ્કરનો ખોરાક લૂટી લીધો; જ્યાં જ્યાં નવાબના સિપાઇઓ જોવામાં આવતા; ત્યાં ત્યાં તેમને મારી નાખવામાં આવતા. એમ અનેક રીતે નવાબના લશ્કરને હેરાન કરવામાં આવ્યું હતું. આવો વિચિત્ર આમલો ચાલતો હતો. આ વખતે બંગાલાના કેટલાક રાજાઓએ આ જુલમી નવાબને પદભ્રષ્ટ કરી બીજાને ગાદીએ બેસાડવાનો નિશ્ચય કર્યો. તે વખતે રાણીભવાની ઉત્તર બંગાલામાં રાજ કરતી હતી. રાજા કૃષ્ણચંદ્ર દક્ષિણ બંગલામાં, રાજા રાજવલ્લભ પૂર્વ બંગલામાં અને રાજા રાયદુર્લભ પશ્ચિમ બંગલામાં રાજ કરતો હતો. તેઓ જોકે નવાબને ખંડણી આપતા હતા, પણ સર્વે સ્વતંત્ર જેવાજ હતા. તે સર્વની સત્તા બંગાલામાં ઘણી હતી. તે સિવાય જગતશેઠની સત્તા પણ ઘણી હતી. આ સર્વ બંગાલામાં ધારે તે કરી શકે એવા સમર્થ હતા.

રાણીભવાનીની મહત્તાની છાપ એ સર્વે રાજાઓના હૃદયપર પડી હતી. તેમની સલાહને તેઓ બહુ ઉપયોગી ગણતા હતા. તેમ રાણીભવાની પણ પોતાને જે યોગ્ય લાગે તે નિડરપણે બેધડક કહેતી હતી. આ વખતે બંગાલાનો આમલો વિચિત્ર ચાલતો હતો. તે માટે રાજા કૃષ્ણચંદ્ર, રાજા રાજવલ્લભ, અને રાજારાય દુર્લભ એ ત્રણે જગત્ શેઠના ઘરમાં મળ્યા. આ સભાની અંદર તેઓએ રાણી-

ભવાનીને પણ આમંત્રણ કર્યું હતું. આ સભા સમક્ષ સર્વને જગતશેઠે કહ્યું કે;—"મીરજાફરને ગાદીપર બેસાડવો; કારણ કે તેણે આપણી સલાહ પ્રમાણે ચાલવા અને બિલકુલ જુલમ કર્યા સિવાય રાજ કરવાનું વચન આપ્યું છે. તેમ એ નવાબનો સેનાપતિ છે અને લસ્કર પણ તેના તાબામાં છે. માટે તેને ગાદીએ બેસાડવાથી લડાઇ થવાનો સંભવ નથી." આ સાંભળી રાણીભવાનીએ દીર્ઘ દૃષ્ટિ વાપરી કહ્યું કે;—"મહારાજાઓ અને મિત્રો! બંગાલાની ગાદીપર શું કોઇ હિંદુ બેસીને સારી રીતે રાજ્ય ચલાવી નહિ શકે? હાલ જોઇએ તેવો વખત અને તક છે." રાજા કૃષ્ણચંદ્રે કહ્યું કે;—"એવો કોઇ નથી કે બંગાલાની ગાદીની ઇચ્છા કરે નહિ, પણ આપણે ઘણાં વર્ષથી પરદેશીના કબજામાં છીએ. પરદેશી લોકોથી દેશનું સંરક્ષણ કરવાને આપણી પાસે જોઇએ તેટલું લશ્કર અને માનઅરતબો નથી. તે ઉપરાંત આપણામાં પરસ્પર સંપ નથી. કોઇ પણ હિંદુરાજાને ગાદીએ બેસાડવાથી વખતે લડાઇ જાગશે અને તેનો લાભ લઇને કદાચ મરેઠાઓ આપણી પાસેથી ગાદી છીનવી લે, તે દૂર દેશના લોકોથી આપણે તદન અજાણ્યા છીએ, વળી તેઓ અતિક્રુર કહેવાય છે. આપણે ઘણાં વર્ષ થયાં મુસલમાનોની સાથે રહીએ છીએ. તેઓ આપણને ઓળખે છે અને આપણે તેઓને ઓળખીએ છીએ. માટે બીજા કોઇને ગાદીપર બેસાડવા કરતાં, કોઇ પણ મુસલમાનને ગાદીપર બેસાડવો એ યોગ્ય લાગે છે." આ સાંભળી રાણીભવાનીએ કહ્યુંકે;—"હું તમારૂં બોલવું સત્ય માનું છું, પણ ગાદીએ બેઠા પછી મીરજાફર પણ સુરાજ દોલાની પેઠેજ ક્રુરતા અને ઘાતકીપણાથી વર્ત્તે તો પછી આપણે શું કરવું!" રાજા રાજવલ્લભે કહ્યું કે;—"અમે તે બાબતનો પણ વિચાર કરી રાખ્યો છે. મીરજાફરને અંકુશ નીચે રાખવાને માટે ઇંગ્રેજોની મદદ લેવાનું અમે નક્કી કર્યું છે. તે ઘણી બળવાન જાત છે. તેમ તેઓ ફક્ત વેપારીઓ છે, તેઓ રાજ્ય મેળવવાની ઇચ્છા કદી રાખતાજ નથી. જો આપણે તેઓને વેપારમાં સારો નફો અપાવીશું, તો તેઓ આપણને ખુશીથી મદદ કરશે. તેઓની મદદથી આપણે હમેશાં મીરજાફરને આપણા અંકુશ તળે રાખી શકીશું." તે પછી જગતશેઠે કહ્યુંકે;—"સુરાજદોલાએ ઇંગ્રેજોના કિલ્લાનો નાશ કર્યો છે, તેથી તેઓ આપણને મદદ કરી તેઓને શિક્ષા કરવાને તૈયાર થશે. જો નવો નવાબ ઇંગ્રેજોની સાથે મિત્રતા નહિ બાંધે તો તેને ગાદીપર બેસતાંજ તેની સાથે લડવું પડશે." આ પછી રાજા રાયદર્લભે કહ્યુંકે;—"મેં સાંભળ્યું છે કે, તેઓએ દક્ષિણના નવાબને હરાવ્યો છે." આ સર્વની હકીકત સાંભળીને રાણી ભવાનીએ કહ્યુંકે;—"હું માત્ર સ્ત્રી જાતિછું, અને તમને આવા ગુંચવણ ભરેલા રાજપ્રકરણી કાર્યમાં શીખામણ આપવાને લાયક નથી; તોપણ ધારોકે ઇંગ્રેજ લોકો મરેઠા જેટલાજ અન્યાયી અને ભોળી પ્રાયનો શું કરવું? તેઓ રાજ્ય કાર-

ભારનો સ્વાદ ચાખવાથી વખતે પોતાનો વેપાર ભૂલી જાય અને રાજા થવાની ઇચ્છા કરેતો તે વખતે આપણે શું કરવું? અને તે વખતે આપણાથી તેના ઉપર કેવી રીતે અંકુશ રાખી શકાશે? તેઓ મરેઠા કરતાં પણ વધારે દૂર દેશના પરદેશીછે. આપણે તેમના વિષે કાંઇ પણ જાણતા નથી. હું મીરજાફરને માટે કહેતી નથી, કે મરેઠાને માટે પણ કહેતી નથી, તેમ ઇંગ્રેજને માટે પણ વિચાર આપતી નથી." જ્યાં સુધી મીરજાફરને ગાદીએ બેસાડવાની રાણીભવાનીએ સંમતી આપી નહોતી; ત્યાં સુધી એ સંવાદ ચાલ્યા કર્યો હતો. પછી રાણી ભવાનીએ ખુશીથી હા પાડી; તોપણ તેણે પોતાની સંમતી આપતાં કહ્યુંકે;—મહારાજાઓ! હું તમારી સંમતી પ્રમાણે ચાલવાને તૈયાર છું, તોપણ મારૂં મન કહેછે કે;—આ ફેરફાર આ દેશને માટે બિલકુલ સારો નથી. છેવટે ઇંગ્રેજો સર્વોપરી થશે. જ્યારે આપણે આપણામાંના કોઇને ગાદીએ બેસાડવાને એકત્ર થઇ શકતા નથી, તેમ મરેઠા ઉપર વિશ્વાસ રાખી શકતા નથી; ત્યારે કોઇ પણ મુસલમાનને ગાદીપર બેસાડવાને બદલે ઇંગ્રેજોને ગાદી આપીદો. તે લોકો સારાછે. આપણને આપણું નસીબ અજમાવી જોવાદો." તે પછી રાજા કૃષ્ણચંદ્રે કહ્યુંકે;—"આપણને મીરજાફર સાથે આપણું નસીબ અજમાવી જોવાદો. જો પછી તે ક્રુર થશે, તો પછી ઇંગ્રેજોને બોલાવીશું." આ સર્વમાં રાણી ભવાનીના વિચારો કેવા ઉચ્ચ અને દીર્ઘ દ્દષ્ટિવાળા હતા, તે વાંચનારાઓના સમજવામાં આવશે. આ પછી સંવાદ બંધ કરીને સર્વેએ મીરજાફરને ગાદીએ બેસાડવાની યુક્તિ રચવા માંડી. તેમાં અંતે ઇ.સ.૧૭૫૭ માં પ્લાસીની લડાઇ થઈ, તે વિષે હીંદુસ્તાનનો ઇતિહાસ વાંચનારાઓ સઘળું જાણતા હશે. સુરાજદૌલા હારી નાશી ગયો, અને મીરજાફર ઇંગ્રેજોને મળી ગયો. પ્લાસીના યુદ્ધમાં રાણીભવાની પોતાનું લશ્કર લઇને આવી હતી અને આ લડાઈમાં તપાસ રાખતી હતી. લડાઇ પૂરી થયા પછી પોતાના લશ્કરને લઈ નાટોર આવી હતી. ક્લૈવ નવાબનો ખજાનો કબજે કરીને મીરજાફરને ગાદી આપી પાછો કલકત્તે આવ્યો હતો.

રાણીભવાની બહુજ ઉચ્ચ પ્રકારના વિચારવાળી હતી. તેણે બહુ ડાહપણ વાપરીને રાજ્યની વ્યવસ્થા કરી હતી. તેના રાજ્યમાં સઘળે સલાહ અને સંપ ચાલતો હતો. સારા સારા દિવાનો અને અધિકારીઓ નીમ્યા હતા. તે જ્યાં સુધી જીવી ત્યાં સુધી તેના રાજ્યમાં સઘળે આનંદ આનંદ વ્યાપી રહ્યો હતો. તેણીએ પાછળથી એક રામકૃષ્ણ નામે દત્તપુત્ર લીધો હતો અને તેને સઘળી રાજ્ય સત્તા સોંપી હતી. પોતે પવિત્ર ગંગાના કિનારા ઉપર ભક્તિમાંજ દિવસ ગાળવાનો નિશ્ચય કર્યો હતો. મુર્શિદાબાદથી થોડે દૂર પવિત્ર ગંગાના કિનારા ઉપર તેમણે એક ભભકાબંધ મહેલ બંધાવી ફરતો બાગ બનાવ્યો હતો. તેની આસપાસ ધીમે ધીમે એક ગામ વસી ગયું હતું. ત્યાં રહીને તે નિરંતર ઇશ્વર ભક્તિ કરતી હતી.

ગરીબ લોકોને અન્ન વસ્ત્ર આપતી. તે પાછળ તેણે ઘણોજ પૈસો ખરચ કર્યો હતો. સંસ્કૃત ભાષાને પણ તેણે ઘણું ઉત્તેજન આપ્યું હતું. હજારો દેવળો બંધાવ્યાં હતાં પાણીની તંગી મટાડવાને ઘણાં તળાવો ખોદાવ્યાં હતાં. કાશી–બનારસમાં અનેક દેવળો અને ધર્મશાળાઓ બંધાવી હતી. તે દરવર્ષે ઉદારતામાં પચીશ લાખ રૂપિયા ખરચતી. તે ઇ. સ. ૧૮૦૩ માં ૭૯ વર્ષની ઉમરે દેવલોક પામી. અદ્યાપિપર્યંત તેના વંશજો નાટોરમાં રહી જેટલું રાજ્ય તેમના હાથમાં રહેલું છે તે ભોગવે છે. આ જુના રાજ્યના માલેકને ઇંગ્રેજ સરકારે "મહારાજાબહાદુર" નો માનવંતો ઇલકાબ આપેલો છે.

આ રીતે આ—પતિવ્રતા વીર સ્ત્રીએ પતિને સર્વપ્રકારે સંતોષી સુખ આપ્યું. ગયેલું રાજ્ય પોતાની બુદ્ધિબળ વાપરી પાછું મેળવી સુધાર્યું અને સારી રીતે ચલાવી પતિના આનંદમાં વૃદ્ધિ કરી, એક ઉત્તમ પત્ની તરીકે માનને પામી; એટલુંજ નહિ પરંતુ આખા બંગાલામાં એક ઉત્તમ રાણી તરીકે પ્રખ્યાત થઇ રાજ્યપ્રકરણી કાર્યોમાં રાજાઓને એક ઉત્તમ સલાહકાર તરીકે ઘણી ઉપયોગી થઈ પડી હતી. યુદ્ધમાં યશ મેળવનાર એક મહાયોદ્ધા જેવી બહાદુર અને લડાઇ કળામાં ચતુર હતી. પાછળથી પોતાના જીવનના સાર્થક માટે ઇશ્વર ભક્તિમાં નિરંતર કાળ ગુજારી ધર્મનાં અનેક પરોપકારી કાર્યો કર્યાં. ઉત્તમ પ્રકારે વૈધવ્ય ધર્મ પાળીને ધર્મશીલ સ્ત્રીઓમાં પોતાની કીર્ત્તિ વધારી હતી. વગેરે મહત્ત કાર્યોથી તે બંગાલા દેશમાં સુદષ્ટાંત રૂપ અમર કીર્ત્તિ રાખી ગઇ છે. ધન્યછે તેને !!!

કદળીગર્ભા.

આ પવિત્ર મનની વીર સ્ત્રીની માતાનું નામ મેનકા હતું. મેનકા અપ્સરા તેમને કદળીવનમાં જન્મ આપી ચાલી ગઈ હતી. આ મહારણ્ય વનમાં મંકણુક મુનિનો આશ્રમ હતો. આ મુનિ મહાતપસ્વિ હતા. તે સમીધ અને ફળ ફુલ લેવાને વનમાં ફરતા હતા, ત્યાં એક કદળીવૃક્ષ નીચે આ મનોહર રૂપ સુંદર બાળા જોવામાં આવી. તેને મુનિ દયાથી ઉપાડી પોતાના આશ્રમમાં લાવ્યા. મુનિનો આશ્રમ આ વનમાં ઇક્ષુમતી નગરીથી થોડે દૂર ઇક્ષુમતી નદીને કિનારે હતો. આ બાળાનો જન્મ કદળીવનમાં થયો, માટે તેનું "કદળીગર્ભા" નામ પાડયું હતું. મુનિના તપપ્રભાવથી આખું વન મહા રમણ્ય દિશતું હતું; ત્યાં અનેક પશુ પક્ષીઓ નિર્ભયપણે ફરતાં હતાં. તેમાં કોઇ કોઇને પીડા કરતાં નહોતાં. આવા દિવ્ય આશ્રમમાં આ બાળા રહેતી હતી. વલ્કલ પહેરતી, કંદમૂળ અને ફળફુલ ખાતી. એ રીતે ઉછરી મોટી થઇ. વિદ્યાભ્યાસ મુનિના હાથ નીચે કર્યો હતો. આ મુ

રૂપવાન, મનોહર લાવણ્યવતી, બુદ્ધિવાન, ધાર્મિક, દયાળુ, નીતિવાન, ઉત્સાહી, શીળ સંપન્ન, ચાલાક, હિંમતવાન અને શૂરવીર હતી. નિત્ય પોતાના ધર્મ કર્મ અને ગૃહકાર્યથી નિવૃત્તિ મેળવી મુનિ પત્નીઓના સહવાસમાં વસી સુશિક્ષણ સંપાદન કરતી. પાળેલાં મેના, પોપટ, કાકાકૌવા, મોર, અને મૃગની સંભાળ લેતી. ગુલાબ, ગુલદાવદી, મોગરો, કરેણુ, જાઇ, જુઇ, ચંપો અને ચંબેલી વગેરે પુષ્પ વૃક્ષ અને વેલને ઘડુલો લઈ પાણી સીંચી ઉછેરતી. આશ્રમમાં આવતા અતિથિ—અભ્યાગતોનો ખાવા પીવાથી સત્કાર કરતી અને પ્રસંગે સરખે સરખી સાહેલીઓ મળી મંગળ ગીતો ગાઇ આનંદ લેતી. આ પ્રમાણે તેનું નિત્ય વર્તન હતું. એક વખતે પોતાની સખીઓ સાથે દ્રાક્ષલતા મંડપ નીચે બેસી વનનું કુદરતી સૌંદર્ય નિહાળી પોતાના પાળેલા મોરને રમાડતી હતી. તેવામાં ઇક્ષુમતી નગરીનો રાજા **દ્રઢવર્મા** મૃગયા રમવાને નીકળેલો પોતાનો ઘોડો દોડાવતો અકસ્માત્ આ આશ્રમમાં આવી ચઢયો. તે આ વીજળી સરખી તેજસ્વિની મુનિ બાળાને જોઇ મોહિત થયો અને વિચારવા લાગ્યોકે;—"જેમ **દુષ્યંત** રાજા કણ્વ મુનિની પાળેળી કન્યા **શકુન્તલા** સાથે પરણ્યો હતો, તેમ આ મુનિની પાળેલી કન્યા મારે પરણવા યોગ્યછે. આવો સંકલ્પ કરી પોતાનો ઘોડો એક વૃક્ષ નીચે બાંધી ઉભો રહ્યો. મુનિ બાળા પણ આ રાજાનું મનોહર રૂપ જોઇને શરમાઇ એક બાજુ ઉભી રહી, મનમાં તેની સાથેજ વરવાનો નિશ્ચય કર્યો. આ પ્રમાણે બેઉનાં મન પરસ્પર લાગી રહ્યાં. તેવામાં મંકણુક મુનિને સમીધ લઇ આવતા દીઠા. રાજાએ સામે જઇ તેમના ચરણમાં પડી પ્રણામ કર્યાં. મુનિએ આશિર્વાદ આપી નામ, ઠામ અને આવવાનું કારણ પૂછયું. રાજાએ સર્વે વાત નિવેદન કરી. પછી મુનિએ કદળીગર્ભાને આજ્ઞા કરીકે;—"વત્સા! આ રાજા આપણા આશ્રમમાં અતિથિ થયોછે. માટે તેને *અર્ઘ્ય આપ. બાળાએ ત્વરાથી પિતાની આજ્ઞા પ્રમાણે અતિથિ સત્કાર કર્યો. આસનપર બેસાડી વિવેકની કેટલીક વાતો કરી—પછી રાજાએ મુનિ પાસે તે કન્યાની માગણી કરી. મુનિને આ રાજા પોતાની કન્યાને યોગ્ય પતિછે એવી ખાતરી થઇ, તેમ કદળીગર્ભાની પણ તેવીજ ઇચ્છા છે, એ તેમની સખીઓ પાસેથી જાણી લીધું. આ પ્રમાણે પોનાની કન્યાની પસંદગી લઇ રાજા સાથે તેને પરણાવી. દેવાંગનાઓ તેના વિવાહની વાત જાણી મેનકા સાથે ત્યાં આવી હતી, તેમણે તથા મુનિએ કદળીગર્ભાને કેટલીક સારી શિખામણ આપી રાજા સાથે વળાવી. રાજા પોતાની પ્રિયસ્ત્રીને રાજધાનીમાં તેડી લાવ્યો.

---

* પ્રાચીનકાળમાં કોઇને માન આપવું હોય ત્યારે અર્ઘ્ય આપવામાં આવતો. અર્ઘ્યમાં-પાણી સાથે ભાત—ચોખા, દુર્વા, અને પુષ્પ એ આપતા. એ વખતે તે માનની નિશાની તરીકે ગણાતું હતું.

કદળીગર્ભા રૂપે અને ગુણે અનુપમ હતી. પોતાના પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી, તેણે પતિની અત્યંત પ્રીતિ સંપાદન કરી હતી. રાજા તેનાથી સર્વ પ્રકારે સંતુષ્ટ હતો. રાજકાર્યમાં તેને એક ઉત્તમ સલાહકાર થઇ પડી હતી. પ્રજા શી રીતે સુધરે ને સુખી થાય તે માટે રાજાને સલાહ આપી પ્રયત્ન કરાવતી. તેથી આ સાધ્વી પ્રજાપ્યારી થઇ પડી હતી. રાજા તેમના વિના એક ઘડી પણ વિખુટો રહેતો નહિ. આ પ્રમાણે રાજાની તેંગનાપર અત્યંત પ્રીતિ જોઇ જે પટરાણી હતી તેને અદેખાઇ ઉત્પન્ન થઇ. તે કદળીગર્ભાનું ચલણ જોઇ મનમાં બળવા લાગી. તે તેમનો રાજાથી વિયોગ કરાવવા અનેક પ્રપંચો કરતી, પણ તેમાં ફાવતી નહોતી. એક વખતે એક સાધુડી અને રાજાના હજામને મેળવી લઇ કપટ ચાતુર્ય આદર્યું. એક માણસને મારી તેના હાથ પગ વગેરેના કડકા રાત્રિએ ગુપ્ત પણે તેના મહેલમાં નંખાવ્યા. પછી કોઇ વૃદ્ધ બ્રાહ્મણ મારફતે રાજાને કહાવ્યુંકે;—"રાણી કદળીગર્ભા અઘોર વિદ્યા જાણેછે અને જાદુગરી છે. તે તો મનુષ્યને મારી ભક્ષ કરેછે, કેમકે તે વનમાં રહેનારી હતી. તે તેના મહેલના ઓરડામાં જોવાથી ખાત્રી થશે. રાણી કદળીગર્ભા શુદ્ધ અને પવિત્ર મનની હતી. તે આમાંનું કશું જાણતી નહોતી, પણ તે લૂચ્ચી અને પ્રપંચી શોકયના કાવત્રાંને ભોગ થઇ પડી. રાજા ડાહ્યો હતો, તેને કદળીગર્ભાના શુદ્ધ મનની ખાતરી હતી, છતાં પટરાણી અને બીજા પ્રપંચીઓના ભમાવવાથી તેનું મન પણ ભ્રમિત થઇ ગયું. તે કદળીગર્ભાના ઓરડામાં ગયો, તે વખતે રાત્રિ હતી તેથી સુતી હતી. અકસ્માત રાજાને આવેલા જોઇ બેબાકળી થઇ ઉઠી. દીવા બત્તી કરાવી પાસે આવી ઉભી રહી. રાજાને પહેલાં બ્રાહ્મણે કહેલું ત્યાં તેણે જોતાં પ્રત્યક્ષ મનુષ્યના શરીરના ભાગ પડેલા જોયા. તે જોઈ રજા બોલ્યા ચાલ્યા વગર ચાલતો થયો. કદળીગર્ભા એકદમ પતિને આવી વાતચિત કર્યા વગર ચાલ્યા ગયા. માટે તેનું કાંઇ પણ કારણ હોવું જોઇએ એમ મનમાં સમજી. તેવામાં તેની વિશ્વાસુ દાસીએ આવી રાજાની જે તરફ દૃષ્ટિ હતી તે તરફ જોયું, તો ત્યાં મનુષ્ય શરીરના ભાગ પડેલા જોયા. તેણે કદળીગર્ભાને ચેતવી જણાવ્યું કે, આ કાંઇ પણ તર્કટ રચાયેલું લાગે છે અને રાજા પણ એ કપટમાં ફસાયેલો જણાય છે. હવે બને તે ખરૂં. એવો વિચાર કરે છે તેવામાં રાજાએ આજુબાજુનો કાંઇ પણ વિચાર કે તપાસ કર્યા વગર વહેમાઇને હુકમ કર્યોકે;—કદળીગર્ભાએ પ્રાતઃકાળમાં મહેલ છોડી ચાલ્યા જવું. બિચારી કદળીગર્ભા નિર્દોષ હતી, તેને પતિનો આવો હુકમ વજ્ર બાણ જેવો લાગ્યો, તે બેશુદ્ધ થઇ પડી ગઇ. શુદ્ધિમાં આવતાં તેણે પોતાની નિર્દોષતા જણાવી. પ્રધાને અને પ્રજાના અગ્રેસરોએ પણ રાજાને ઘણું કહ્યું, પણ તેણે કોઇનું માન્યું નહિ; કેમકે પટરાણીએ તેમને બહુજ ભરમાવ્યો હતો.

સાધ્વી કદળીગર્ભા જે એક વખતે રાજાને પ્રાણ સમાન પ્રિય હતી અને

જે તેની જીભ રૂપજ ગણાતી હતી. તે આ વખતે અપમાનિત થઇને મહેલમાંથી બહાર નીકળી અને અનેક સંકટ ભોગવતાં વનમાં પિતાના આશ્રમમાં આવી. મુનિ પોતાની પુત્રીને વનમાં એકલી આવેલી જોઇ આશ્ચર્ય પામ્યા. થોડીવાર વિચાર કરીને પોતાના યોગબળથી જાણી લીધુંકે;—પુત્રી નિર્દોષ છે, પણ પટરાણીના કપટ ચાતુર્યથી રાજાએ ત્યાગ કર્યોછે. પછી પુત્રીને સ્નેહ ભાવથી સમજાવી ધીરજ આપી. મુનિ મહાસમર્થ હતા, પણ ધૈર્યતા રાખી પુત્રીને સાથે લઇ રાજા પાસે આવ્યા. રાજા મુનિની સમર્થતા જાણતો હતો. તે તેમને આવતા જોઇ સામે ગયો અને માન સહિત તેડી લાવી સિંહાસનપર બેસાડયા. એક બાજુ કદળીગર્ભા નીચું જોઇ ઉભી રહી. મુનિએ રાજાને સપત્નીના દુઃખથી પટરાણીએ કરેલું કપટ નાટક કહી સંભળાવ્યું. તે વખતે હજામ પાસે હતો, તેને પૂછતાં તેણે યથાર્થ વાત કહી બતાવી પટરાણીનો પ્રપંચ ખુલ્લો કર્યો. રાજા મુનીદ્રનાં વચન સત્ય માની પગમાં પડયો અને પોતાના અપરાધની ક્ષમા માગી કદળીગર્ભાનો સ્વીકાર કર્યો. મુનિને પ્રણામ કરી માન સહિત વિદાય કર્યા. રાજા પટરાણીનો ત્યાગ કરી નિરંતર કદળીગર્ભા સાથેજ રહેવા લાગ્યો. કદળીગર્ભા પોતાની શોક્યથી ઘણું દુઃખ પામી, પણ તેણે તેના પ્રત્યે કદી પણ અભાવ બતાવ્યો નહિ. તેનો મોટું મન રાખી બેન પ્રમાણેજ તે સાથે વર્તતી હતી. તેમજ પતિએ શોક્યના પ્રપંચમાં સપડાઇને પોતાનો વિના અપરાધે ત્યાગ કર્યો હતો, તોપણ તે વાત કદી પણ મનપર લાવી નહોતી. તે તો નિરંતર પોતાના પતિવ્રતાના ધર્મ પ્રમાણે પતિ પ્રત્યે વર્તતી હતી. તે કદી પણ રાજ મદમાં આવી જઈ ગર્વીષ્ટ બની નહોતી. એવી શીળસંપન્ન, કર્તવ્ય પરાયણ, અને પતિવ્રતા સ્ત્રી હતી.

સતી કદળીગર્ભા જેવી સુશીળ હતી, તેવીજ હીંમતવાન અને વીર સ્ત્રી હતી. તે રાજા સાથે ઘણીવાર મૃગયા રમવાને જતી, ત્યારે તેણે પોતાની વીરતા બતાવી આપી હતી. એક વખતે રાજા મોટા ઠાઠમાઠથી પોતાની રાણીઓ અને કેટલુંક સૈન્ય સાથે લઈ શિકારની મોજ માણવા ગયો અને વનમાં ઘણે દૂર જઇ એક તળાવને કિનારે પડાવ નાંખ્યો. રાજા અને કદળીગર્ભા બેઉ ઘોડે સ્વાર થઇ શિકાર કરવા ચાલ્યાં. ચાલતાં ચાલતાં ઘણે દૂર નીકળી ગયાં, પણ શિકાર હાથ લાગ્યો નહિ. ભૂખ અને તૃષા ઘણી લાગી હતી. તેથી વનનાં ફળ ફૂલ વીણી ખાધાં, પણ તૃષા છીપાવવા પાણી મળે નહિ. તેની શોધ કરતાં કરતાં એક ઝાડના ઝુંડવાળા વહેળા પાસે આવ્યાં. ઘોડા ઝાડ નીચે બાંધ્યા અને વહેળામાં જઇ પાણી પીને ઠંડાં થયાં. થાક ઘણો લાગ્યો હતો અને તાપ ઘણો હતો. તેથી થોડીવાર વિશ્રાંતિ લેવાને બેઉ સુતાં. રાણી ઉંઘી ગઇ, પણ રાજાને જોઇએ તેવી નિદ્રા આવી નહિ. તેથી તે માત્ર પોતાની ઢાલ તરવાર લઇ વનની સૌંદર્યતા જોતો જોતો આમ તેમ ફરવા લાગ્યો. તેવામાં અણધાર્યો એક સિંહ વહેળાના

કોતરમાંથી સામે આવી ઉભો. રાજાએ ઢાલ આડી ધરી સિંહનાપર તરવારનો ઘા કર્યો, પણ તરવાર એક વૃક્ષ સાથે અથડાતાં હાથમાંથી પડી ગઇ. રાજા હથિયાર વગરનો થતાં સિંહના પંજાથી ઘાયલ થયો. સિંહ ધરાયો હતો. તેથી રાજાને નહિ વિંખતાં ઉપાડી પોતાના કોતરમાં લઇ ગયો. એ કોતર આજુબાજુ ઉંચી ભેખડોવાળું નેર જેવું હતું, તેમાં રાજાને મૂકી તેથી થોડે દૂર પોતે આડો થઇ સુતો. રાજા ઘાયલ થયો હતો, પણ સારી રીતે હુશિયારીમાં હતો, પાસે હથિયાર નહોતાં કે કંઇપણ કરી શકે. તેમ ભેખડો ઉંચી હતી, તે આધાર વગર ચડી શકાય એવી નહોતી. જે જવાનો રસ્તો હતો, ત્યાં તો સિંહ આડો સુતો હતો; વગેરે રીતે નિરાધાર જોઇ તેણે નિશ્ચય કર્યો કે હવે થોડીવારમાં આ કાળ રૂપ સિંહ ફાડી ખાશે. અરે પ્રભુ! હવે તું કરે તે ખરૂં. એમ નિઃશ્વાસ નાંખતો અને વનમાં સુતેલી રાણી અને પોતાના સૈન્યનો વિચાર કરતો શોકસાગરમાં ડુબતો ચુપ ચૂપ પડી રહ્યો.

રાણી કદળીગર્ભા નિદ્રામાંથી જાગૃત થઇ જુએ છે, તો પોતાના પતિને ન દીઠો. તેણે જાણ્યું કે શું રાજા મને એકલી મૂકી ચાલ્યા ગયા હશે! ના, ના. તેમ કદી કરે નહિ. બાજુએ જોતાં બેઉ ઘોડા બાંધેલા હતા. તેથી તેણે જાણ્યું કે તેઓ આજુ બાજુ ગયા હશે, એમ વિચારી પોતાનાં હથિયાર લઇ પતિનાં પગ જોતી જોતી આગળ ચાલી. થોડે દૂર જતાં લોહી પડેલું દીઠું, સિંહના પગ જોયા અને તરવાર પણ છેટે પડેલી જોવામાં આવી. આપરથી નિશ્ચય કર્યો કે સિંહ તેમને ઘાયલ કરી ઉપાડી ગયો હશે અને તેમને મારી ખાઇ ગયો હશે. અરે! હવે હું જીવીને શું કરીશ? જે પ્રાણીએ મારા પ્રાણ પતિનો પ્રાણ લીધો છે, તે પ્રાણીનો હું પ્રાણ લઇશ અગર મારો પ્રાણ આપીશ. એમ કહી ઢાલ તરવાર લઇ ક્રોધથી ચંડીકા રૂપે ત્વરાથી જે તરફ સિંહ ગયો હતો તે તરફ ગઇ. જઇ નેરમાં નજર કરે છે તો એક તરફ સિંહ સુતો ઘોરે છે અને બાજી તરફ પોતાનો પતિ ઘાયલ થઈ પડયો છે. આ આશ્ચર્ય કારક દેખાવ જોઇ શોકની સાથે પતિને જીવતો જોઈ હર્ષ પામી. આ વખતે જરા પણ બોલાય તો સિંહ જાગી જાય તેમ હતું. તેથી પતિને ઇસારતથી ચેતવ્યો. રાજા પોતાની વીર પત્નીને જોઇ હર્ષ પામ્યો, પણ તુરત શોકાતુર થયો કે રખેને તે પણ આ વિકાળસિંહનો ભોગ થઈ પડે, પણ રાણી બહાદુર અને બુદ્ધિશાળી હતી. તેણે એક લાંબો મજબૂત વેલો વાઢી લાવી એક વૃક્ષને થડે બાંધ્યો અને બાકીનો ભાગ નેરમાં રાજા પકડી શકે તેવી રીતે ઉતાર્યો. રાજા જો કે ઘાયલ હતો, પણ હિંમતથી તે ઝાલીને ધીમે ધીમે ઉપર ચડી આવ્યો. રાજા રાણી પ્રેમથી ભેટી ઘણાં આનંદ પામ્યાં. રાજાને દૂર ખસી જવાનું કહી રાણીએ સિંહને જાગૃત કર્યો. સિંહ ભયંકર ગર્જના કરતો આવ્યો અને રાણી ઉપર છલંગ મારી જેવો ઉછળ્યો તેવોજ,

રાણીએ પોતાની વીજળી સરખી તેજસ્વી તરવારવડે પૂરો કર્યો. એ રીતે પોતાના પતિનો પ્રાણ લેવા ચાહનાર સિંહનો તેણે પ્રાણ લીધો. આ જોઇ રાજાએ પોતાની બહાદુર પ્રાણપ્રિય પત્નીને હર્ષથી ધન્યવાદ આપ્યો. પછી પતિ પત્ની આનંદની વાતો કરતાં ધીમે ધીમે પોતાના ઘોડા પાસે આવ્યાં. રાજાને ધીમેથી ઘોડે ચડાવીને પછી પોતે સ્વાર થઇ બેઉ ત્વરાથી જ્યાં તળાવને કિનારે પડાવ હતો ત્યાં આવ્યાં. રાજાએ શિકારની મોજમાં પોતેજ સિંહનો શિકાર થઇ પડયા વગેરે યથાર્થ વાત સર્વને કહી સંભળાવી. આ વાત જાણી સૌએ કદળીગર્ભાની વીરતાનાં ઘણાં વખાણ કર્યાં. રાજા સારવારથી સાજો થતાં ત્યાંથી ઉપડવાની તૈયારી હતી, તેવામાંજ રાત્રે પ્રધાન તરફથી ખબર મળયા કે ચંદ્રાવતી નગરીનો રાજા પ્રતાપસિંહ સેના લઇ ચઢી આવે છે. માટે સત્વર પધારવું.

આ સમાચાર સાંભળી ત્યાંથી એકદમ સૈન્ય સાથે ઉપડી જવાની તૈયારી કરી. વીરરાણી કદળીગર્ભાએ રાજાને જણાવ્યું કે;—"પ્રાણનાથ ! હું આપણી સાથેનું લશ્કર અહીંજ રાખી રહું અને આપ સત્વર પ્રધાનને જઇ મળો. તમે સામેથી હલ્લો કરજો અને હું શત્રુની પાછળ આવી મારો ચલાવીશ. એમ બે બાજુના મારાથી આપણે તુરત શત્રુનો સંહાર કરી શકીશું." રાણીનો આ વિચાર સૌને ઘણો પસંદ પડયો. રાજા દ્રઢવર્મા પોતાનાં ખાસ માણસો લઇ રાજધાનીમાં આવ્યો. રાણી કદળીગર્ભા સૈન્યનો સરદાર બની ચાલી અને પોતાના સૈન્યને ફેરવી શત્રુની પાછળ આવી ઉભી. સામેથી રાજાએ અને પાછળથી રાણીએ શત્રુ સૈન્યપર મારો ચલાવ્યો. બે બાજુના મારાથી શત્રુનું ઘણું સૈન્ય કપાઇ ગયું અને બાકી જે રહ્યું તે નાસવા લાગ્યું. પ્રતાપસિંહ નિરાશ થઇ નાઠો. વીરનારી કદળીગર્ભા તેની પાછળ પડી. સણસણાટ કરતાં આવતાં બાણોથી પોતાનાં ઘણાં માણસો પડતાં જોઈ પ્રતાપસિંહે પાછું વાળી જોયું, તો કોઇ દેવી જેવી વીરનારીને દોડતે ઘોડે આવતી દીઠી. તેથી તે ઉતાવળે તેના રાજ્યની હદ ઓળંગી ગયો. રાણી શત્રુને પોતાના રાજ્યની હદ બહાર કાઢી મૂકી રાજધાનીમાં આવી.

કદળીગર્ભા જેવી વીર હતી, તેવીજ બુદ્ધિશાળી હતી. તેણે પોતાના બુદ્ધિ બળથી યુક્તિ કરી રાજ્યનો બચાવ કરવામાં પતિને સહાયતા કરી પોતાનો પતિવ્રતાનો ધર્મ બજાવ્યો. આ પતિ પ્રાણા વીર સ્ત્રીના પરાક્રમની ખ્યાતિ દેશના ઘણા ભાગમાં પ્રસરી રહી હતી. સૌ તેને "દેવી" કહી માન આપતા હતા. ઘણા રાજા રાણાઓ દ્રઢવર્મા રાજાને આવી પરાક્રમી વીર પત્ની જોઇને તેમને મહા ભાગ્યશાળી ગણતા હતા. દ્રઢવર્મા રાજા કદળીગર્ભાની ઉત્તમ બુદ્ધિ અને વીરતાથી પોતાના રાજ્યમાં ઘણો સુધારો વધારો કરી શકયો હતો. તેથી તે એક ઉત્તમ રાજા તરીકે માન પાનને પામ્યો હતો. એ રીતે આ પતિ પ્રાણા વીર સ્ત્રી પતિને અનેક પ્રકારે સુખ અને સંતોષ આપવામાં ઉપયોગી થઇ પડી હતી. દ્રઢ-

વર્ષો રાજા પોતાની વૃદ્ધાવસ્થા થતાં, પુત્રને રાજ્ય સોંપી વનમાં ઇશ્વર ભક્તિ કરવાને ગયો હતો; ત્યારે આ પતિવ્રતા પણ પતિની સાથે ગઈ હતી. ત્યાં પતિ પત્ની કેટલોક કાળ ઇશ્વર ભક્તિમાં ગુજારી સ્વર્ગે સિધાવ્યાં હતાં. આ રીતે આ પતિ પ્રાણા વીર સ્ત્રી પોતાના જીવનનું સાર્થક કરી આ દેશની સ્ત્રીઓને લક્ષમાં લેવા લાયક સુદષ્ટાંત રાખી ગઈછે. ધન્યછે તેને !!!

સુંદરબા.

આ પતિ પ્રાણા વીર સ્ત્રીના પિતાનું નામ **કેશરીસિંહ** હતું. કેશરીસિંહ વલ્લભીપુરથી થોડે દૂર સીલા નામે તાલુકાનો રાજા હતો. સુંદરબા બાળપણથીજ સારા સહવાસમાં ઉછરી કેળવણી પામી હતી. તર્કશાસ્ત્રનો તેણે અભ્યાસ કર્યો હતો. દૈવ કૃપાથી બુદ્ધિની વિલક્ષણતા તેને કાંઈ જુદાજ પ્રકારની પ્રાપ્ત થઇ હતી. તર્ક વિદ્યાની સાથે યુદ્ધ કળામાં પણ તે ઘણી ચતુર અને કુશળ હતી. શરીરનો બાંધો મજબુત, કસાયલો અને તેજસ્વી હતો. રૂપે રંભા જેવી સુંદર, મનોહર લાવણ્ય વતી, ઉત્સાહી, હિંમતવાન, નીતિ નિપુણ, શીળ સંપન્ન, અને ખંતીલી હતી. બાલ્યકાળથીજ અશ્વપર સ્વાર થઇ ફરવા જવાની પ્રીતિ હતી. તેથી અશ્વ વિદ્યામાં કુશળ થઇ હતી. પર્વતો, સરોવરો અને અરણ્યોમાં ફરવાનો તેને ઘણો શોખ હતો અને સ્વચ્છ હવા, પાણથી તે ઘણી પ્રસન્ન રહેતી હતી. તે આનંદી પ્રકૃતિની હોવાથી તેને બાગમાં ફરવાનું બહુ પ્રિય હતું. તેના પિતાએ ગામની બહાર એક સુંદર બાગ અને તેની અંદર મહેલ બનાવ્યો હતો. ત્યાં તે ઘણો વખત પોતાની સખીઓ સાથે જતી હતી. એક દિવસે તે પોતાની સખીઓ સાથે બાગમાં ગઈ હતી, ત્યાં સુંદર વૃક્ષો નિહાળતી દ્રાક્ષ લતામંડપ નીચે બેસી આનંદ કરતી હતી. તેટલામાં વલ્લભીપુરનો પાટવી કુંવર **વીરસિંહ** શિકારે નીકળેલો, ભૂલો પડી જતાં પોતાનાં માણસોથી જુદો પડી, ફરતો ફરતો સીલા ગામની નજીક કેશરીસિંહનો બાગ હતો, ત્યાં આવી પહોંચ્યો. આ બાગની ઉત્તમતા જોઇ તેમાં થોડીવાર વિશ્રાંતિ લેવા ગયો ને એક શીતળ ઘટાદાર વૃક્ષની નીચે અશ્વ બાંધી બેઠો; એટલામાં એક દ્રાક્ષલતા—કુંજમાંથી સ્ત્રીઓનો મધુર સ્વર તેને કાને પડયો. 'કોણ હશે ?' એવી શંકાથી શાન્ત થઇ એક વૃક્ષની આડે ઉભા રહી નીચેના શબ્દો સાભળ્યા;—"પ્રિય સખી ! મને તો આશા છે કે વલ્લભીપુરનો વીરસિંહ વરશે, તે મને પરમ સ્નેહમાં રીઝવશે; પરંતુ જો તે રાજપુત્ર મારાથી જરાપણ આડો ચાલશે, તો નક્કી હું તેને મારાં બુદ્ધિબલ—પરાક્રમ અને ચાતુર્ય વડે જીતીને મારો પ્રાણ પ્રિય પતિ કરી લઇશ, અને તેમ જો કરૂં તોજ હું સી-

લાની સુંદરબા ખરી; નહિ તો હું સ્ત્રી નહિ પણ કાંઇ ભુંડણ!" આ શબ્દો સાંભળી વીરસિંહ ઘણો ચકિત થયો! તુરત ત્યાંથી ગૂપચૂપ પોતાના વિશ્રામ સ્થાન પાસે આવ્યો. થોડીવાર વિશ્રાંતિ લઇને ઘોડે સ્વાર થઇ પોતાની નગરીમાં આવ્યો.

સુંદરબાનું સ્વરૂપ, તેની મનોહર લાવણ્યતા અને વિચિત્ર શબ્દો વગેરેથી વીરસિંહ મોહિત થઇ તેની સાથે લગ્ન કરવાને લલચાયો. પોતાની ઇચ્છા મિત્ર મારફતે પિતાને જણાવી. મહારાજાએ કેશરીસિંહનો અનુમતિ માગતાં તે વાત કબુલ કરી અને તેની સાથે સુંદરબાને પરણાવી. પરણીને આવતાંજ તે દિવસથી તેનાં બોલેલાં વચનો તે કેમ પાળે છે, તેની પરીક્ષા કરવા સારૂ તેનાથી વિયોગ રાખ્યો. સુંદરબાને વિયોગનું કાંઇ પણ કારણ કહ્યું નહિ. તેથી તે ચિંતાતુર રહેવા લાગી; કેમકે તેને પોતાનાં વચનો બિલકુલ યાદ નહોતાં. તે સ્વપ્ને પણ પતિ સાથે વિયોગ થશે એવું ધારતી નહોતી, તે તો પરણીને પ્રેમનો પૂર્ણ લાહવો લેવા ઇચ્છતી હતી; પણ પતિ સાથે વિયોગ થવાથી તે પોતાના પ્રાલબ્ધને દોષ દેવા લાગી. રાજમહેલમાં એકાંત પડી રહેવાથી અકળાઇ એક દિવસે પોતાની વિશ્વાસુ દાસીને વીરસિંહના સમાચાર પૂછતાં તેણે જણાવ્યું કે;—"બાઇ સાહેબ! આજે દેવી પૂજાનો વાર્ષિક ઉત્સવ છે. આખા શહેરમાં એ ઉત્સવ મનાયો છે. તેની ક્રિયા વીરસિંહ પોતાને હાથે કરવા જનાર હોવાથી સવારીની ખૂબ ધામધૂમ થઇ રહી છે. ત્યાં જવાને સઘળી મોટા ઘરની સ્ત્રીઓને છૂટ છે. બાઇ સાહેબની ઇચ્છા હોય તો ત્યાં જવા મ્યાનો મંગાવું. આવા સમાચાર ઉપરથી સુંદરબાએ પોતે પણ હિંમતથી એક મ્યાનો તૈયાર કરાવ્યો. તેમાં પોતે લક્ષ્મી સ્વરૂપ બની પોતાની દાસી સાથે બેઠી. આગળ છ અને પાછળ છ એમ બાર સ્ત્રીઓ મ્યાનો ઉપાડી વીજળી વેગે કાળિકા દેવીનાં મંદિર તરફ ચાલી, ત્યાં સ્ત્રી-પુરૂષોનો તથા અમીર ઉમરાવોનો મોટો મેળો થયો હતો. વીરસિંહ હાથી ઉપર બેસી તે સર્વે જોતો જોતો દેવી મંદિર આવી પહોંચ્યો. તેને આવતાં જોઇ હજારો સ્ત્રીઓએ આનંદનાં ગીત લલકાર્યાં, કોઇ તો છેક પાસે જઇ પુષ્પથી વધાવી લેવા લાગી. સત્રળે આનંદ આનંદ વ્યાપી રહ્યો હતો.

વીરસિંહ નીતિવાન, ધાર્મિક, બુદ્ધિવાન, શૂરવીર અને સ્વરૂપવાન હતો. તેણે સર્વ સ્ત્રીઓનાં હેતદાન પુત્ર પ્રમાણે ઝીલ્યાં. દરબારી મંડળી સાથે તેણે કાળિકા માતાનાં દર્શન કર્યાં ને મહાપૂજા ચઢાવી. સૌ પૃથ્વીપર દંડવત પડી સ્તુતિ કરવા લાગ્યાં. વીરસિંહ પણ સ્તુતિ કરી સૌની પહેલો ઉઠયો અને હાથજોડી દેવી સન્મુખ ઉભો. તેટલામાં મ્યાનો આવ્યો. તેમાંથી વીજળી સરખી તેજસ્વી સુંદરબા ઉતરી, પોતાના ગળામાંથી મોતીનો હાર કાઢી કાળિકા માતાને પહેરાવી દેવીને વિનંતિ કરીકે;—"દેવી! મારા પતિને સર્વ સુખ સંપાદન કરાવજે," આ ઓચિંતી પ્રગટ થતી વાણીથી વીરસિંહે ચોંકીને જોયું તો મોતીના શૃંગારમાં

દર્શન કરી વળતાં પોતાની રાણી સુંદરબાને ઓળખી! ચાર આંખ ભેગી મળતાંજ વીરસિંહે મ્હેણું માર્યું કે;–"કેમ! પતિને પરાક્રમ દેખાડી જીતી લાવ્યાં?" આ શબ્દો સાંભળતાંજ સુંદરબાને બાગમાં સખીઓ પાસે ઉચ્ચારેલા શબ્દો યાદ આવ્યા અને જાણ્યું કે;–"વીરસિંહ કોઇ વિચિત્ર સંયોગે મારા બાગમાં આવ્યા હશે, અને વૃક્ષની ઓથે રહી મારાં વચનો સાંભળ્યા પછીજ પરણ્યા છે. વિયોગ થવાનું કારણ પણ તેજ છે." વગેરે મનમાં સમજી ચેતી ગઇ. પછી પતિને પોતાની ઇચ્છા કળવામાં ન આવે તેમ કરી હસીને બોલી;–"સ્વામિનાથ! સ્ત્રી માત્ર મૂર્ખ હોયછે, કોઈ કાળે પણ બની ન શકે, એવી તરેહવાર વાતો કરીને તે અભાવ મેળવવામાં પ્રખ્યાત છે, પણ આપતો ચતુરછો, છતાં આમ કરવું છાજતું નથી." વીરસિંહે પ્રત્યુત્તરમાં એટલુંજ કહ્યું કે;–"જ્યાં સુધી બોલેલા બોલ તું પાળીશ નહિ, ત્યાં સુધી આપણા વચ્ચે સ્નેહની ગાંઠ બંધાવાની નથી." સુંદરબા આ સાંભળતાંજ જાણે નિદ્રામાંથી જાગૃત થઇ હોય એમ શાન્ત ચિત્તે હસીને ચાલી ગઇ અને મ્યાનામાં બેસી પોતાના મહેલમાં આવી. આ બનાવ જોઇ વીરસિંહ ઘડી ભરતો ચકિત થઇ ઉભો રહ્યો. દરબારી મંડળને આ પતિ પત્ની વચ્ચે જે વાત ચિત્ત થઇ તેની જરા પણ ખબર પડી નહિ!

સતી સુંદરબાએ પોતાના પ્રિય પતિનો મર્મ જાણી લીધો. તેથી પોતાના વચનો સત્ય કરી બતાવી દેશમાં સ્ત્રી શીયળતા ને શૂરાતનની હાક બેસાડવા હર્ષભેર દઢ ઠરાવ કર્યો અને શ્રેષ્ટ પ્રકારે પોતાની મહત્તા પતિરાજને બતાવી આપી લજાવવાનો નિશ્ચય કર્યો. પોતે સમયસૂચકતાવાળી અને ચંચળ હતી. આ વખતે તેણે તર્ક શાસ્ત્રનો ઉપયોગ કરી પોતાના પિતાને પત્ર લખ્યોકે;–"એક અમૂલ્ય રાજ્યવંશી ચકચકિત કવચ, એક ઉત્તમ અશ્વ, યુદ્ધનાં ઉત્તમ શસ્ત્ર, અને એક રાજકુમારને વર્ષ લગી રાજ્ય પ્રમાણે નિભાવથાય એટલું દ્રવ્ય, એસર્વે તુરત મોકલવાની સાથે મારી જગ્યો સાચવી રહે એવી સુંદર તરૂણીને પણ રવાને કરવી." પતિએ મંગળ ફેરા ફરતી વખતે એક વીંટી આપી હતી, તેનું નંગ કાઢી નાંખી, તેમાં તે પત્ર મૂકીને તે નંગ પાછું હતું તેમ બેસાડી દીધું. એ વીંટી દાસીને આપી બોલી.–"સખી! જા, તું આ વીંટી લઇ મારા પિતાને આપી કહેજે કે વીંટી નંગના પાસાથી અલગ થઇ ગઇ છે. તે નવેસરથી સમી કરાવી મોકલો." ચતુર કુંવરીનો માર્મીક સંદેશો મહા શૂરો કેશરીસિંહ વીંટી હાથમાં લેતાજ સમજી ગયો. વીંટી સ્વાધીન લઇ સંદેસા વાળીને કહ્યુંકે;–ઠીક, હું તેમ કરીશ. એ સાંભળી દાસી ચાલતી થઇ. કેશરીસિંહે વીંટીમાંથી નંગ ઉખેડી માંહેથી પત્ર વાંચી ચિંતાતુર થયો કે;–મંગાવેલી વસ્તુમાં ખજાનો તો પહોંચાડી શકાય, પણ બીજા પદાર્થો શી રીતે મોકલવા? તેની યુક્તિ શોધતાં તેણે એક ગંજાવર ભોંયરૂ, પોતાના ગામથી પુત્રીના મહેલ સુધી બનાવવા નિશ્ચય કર્યો. પોતાની એકની એક દીકરી

દુ:ખી થતી જાણી તેને માટે અસંખ્ય દ્રવ્ય ખરચતાં જરા પણ અચકાયો નહિ. થોડા દિવસમાં તેના મહેલ સુધી ભોંયરૂ બનાવ્યું. મહેલની સર્વે વાતથી કળવાયેલી ચંચળ દાસીને મરદાની રાજ્ય યોધ્ધાનો પોશાક પહેરાવ્યો, એક ઉત્તમ ઘોડા પર સ્વાર કરી ભોંયરાને માર્ગે પુત્રીને મહેલ પહોંચતી કરી. તેથી સુંદરબા ઘણી રાજીથઇ, પિતાની બુદ્ધિના વખાણ કરવા લાગી. આવેલી દાસીને પોતાનાં વસ્ત્રાલંકાર પહેરાવ્યાં અને પોતે તેનો યોધ્ધાનો પોશાક પહેર્યો. દાસીને પોતાના જેવીજ બનાવી બેસાડી, પોતાની પદ્દી ખૂબ ચોકશીથી સંભાળી રાખવાને સમજાવી. રાજ ખટપટ અને રીતરિવાજથી વાકેફ બનાવીને જીવ જતાં પણ ગુપ્ત વાત પ્રગટ નથાય તે સમજાવી રાખી. પોતે યોધ્ધાના લશ્કરી પોશાકમાં ભોંયરા દ્વારા અશ્વપર સ્વાર થઇ બહાર નીકળી; અને રત્નસિંહ નામ ધારણ કરી પોતાના બળ–પરાક્રમનું પાણી બતાવવા વલ્લભીપુરના રાજાના દરબારમાં દાખલ થઇ. રાજ્ય કચેરી નજીક આવી ઉભી રહી. રાજકુમારના જેવું રૂપ જોઇ મહારાજા અને રાજકુમાર મોં ઉચું કરી જોઇ રહ્યા. સર્વ કચેરીનાં માણસો આ યોદ્ધાને જોઈ છક થઇ ગયાં. મહારાજાએ સિંહાસન ઉપથી તેને માનની નજરે આવકાર આપ્યો. પાટવી કુંવરે તો તુરત સામે જઇ તેડી લાવી પોતાની પાસે ઉત્તમ બેઠક આપી. રાજ્ય નિયમ પ્રમાણે ક્ષેમ કુશળ પૂછતાં ઓળખાણને નામ, ઠામ પુછયું. નવા પ્રવેશ કારે ઉત્તર આપ્યો કે;–" હું પ્રતાપી મહારાજાધિરાજનો પુત્રછું, દીલગીરછુંકે હાલ મારા પિતાનું નામ દઇ શકતો નથી; કારણ તે સાથે મારે ખટપટ થવાથી એ બળવંતા રાજ્યની હદ ઓળંગી અહીં એકલો આવ્યોછું. મારૂં નામ રત્નસિંહ છે. આપ મહારાજાના દરબારમાં ઠરી ઠામ રહ્યાથી હું પોતાને મોટો ભાગ્યશાળી સમજીશ. હું દ્રવ્યનો કે દરજ્જાનો ભૂખ્યો નથી. મહારાજાની મરજી હશે તો હું કોઇ વેળા દરબારમાં હાજર થઇશ. કોઇ યુદ્ધકે તેવી અધરી વેળાએ મને સામેલ કરશો, તો મારાં પરાક્રમ બતાવીશ; વગેરે પોતાની વીરતા અને પરાક્રમનું વર્ણન કરી બતાવ્યુ." મહારાજા અને સભામાં બેઠેલા લોકો તેની બોલવાની છટાથી આશ્ચર્ય પામ્યા. મહારાજાએ કોઇ સારા રાજ્યનો કુમાર જાણી, ખાનપાન તથા માનનો બંદોબસ્ત કરી આપ્યો. પોતાના પુત્ર વીરસિંહને રહેવાના મહેલ પાસે એક બંગલામાં ઉતારો આપ્યો. પાટવીકુંવર વીરસિંહને તો તેની ખુબસુરતી, ઉત્તમ—શાન્ત સ્વભાવ તથા ચતુરાઇ જોતાં મોહ ઉપજ્યો અને તેનો પ્રાણપ્રિય મિત્ર થઇ ગયો. તેમ મંત્રી વગેરે સર્વ અધિકારીઓને પ્રિય થઇ પડયો. પાટવીકુંવરને એના વિના એક પળ પણ ચાલતું નહિ. બંને વચ્ચે એવી તો સ્નેહની ગાંઠ બંધાણી કે બંનેનો પલંગ પણ એક સરખો, પોશાક પણ એક સરખો, શસ્ત્ર પણ એક સરખાં, ચાલ ચલનની ઢબ છબ પણ એક સરખી અને બોલવા, જોવાની રૂઢી પણ એક સરખી થઇ ગઇ. રત્નસિંહને તો એટલુંજ જોઇતું હતું, તે તો તેની પતિવ્રતા સ્રી સુંદરબા—રત્ન-

સિંહ નામે પોતાનું વચન સત્ય કરી બતાવવા માટેજ રાજ્ય મંડળમાં સામેલ થઇ હતી. પાટવીકુંવર જો કે રત્નસિંહનો પ્રાણપ્રિય મિત્ર થઇ ગયો હતો, પણ તે નવો આવેલો કોણ છે અને શો હેતુ રાખે છે. તેથી બિલકુલ અજાણ્યો હતો, તેને રત્નસિંહ વિના એક ઘડી પણ ચાલતું નહોતું, એવો તે તેને પ્રિય થઇ પડયો હતો.

વલ્લભીપુરમાં હાલ એક મોટા ગરૂડનો ત્રાસ વ્યાપી રહ્યો હતો. નિત્ય સાયંકાળે આવી મનુષ્યોને ઉપાડી જતો હતો. તેના ત્રાસથી આખા શહેરમાં હાહાકાર થઇ રહ્યો હતો. ઠેર ઠેર વિલાપને દુઃખના પોકાર પડી રહ્યા હતા. સંધ્યાકાળ થતાં પહેલાંજ લોકો ઘર બંધ કરી અંદર પેસી જતાં હતાં. તેથી આખું શહેર શુન્યકાર જેવું લાગતું હતું. તેની સાથે લડવાની કોઇની હિંમત ચાલતી નહોતી અને શું કરવું એ પણ કોઇને સુઝતું નહોતું. એક દિવસ રાજ સભામાં એ વિષેની ચર્ચા ચાલતી હતી. તેટલામાં વીરસિંહ તથા રત્નસિંહ આવ્યા. ગરૂડના ત્રાસથી પ્રજા કંપિત થયાની વાત જાણતાંજ રત્નસિંહનાં રોમેરોમ ખડાં થયાં અને તેના સાથે યુદ્ધ કરવાનું તેણે 'પણ' લીધું. તેથી આખી કચેરી રાજી થઈ, પણ આશ્ચર્ય પામી કહેવા લાગ્યા કે;—આ પાતળા બાંધાનો જુવાન કુંવર રાક્ષસી ગરૂડ સામે કેમ ટકી શકશે ? રત્નસિંહે સર્વનો સ્નેહ હરણ કર્યો હતો. તેથી સર્વનાં મુખ લેવાયાં. પાટવી કુંવર તો મહાખેદ પામ્યો. પાટવી કુંવર તેને સહાય આપવા તૈયાર થયો, પણ તેણે ચોખી ના પાડી. પછી સારા કારીગરો પાસે પોતાની યુક્તિ પ્રમાણે તેણે એક વજનદાર લોઢાનું મનુષ્યાકાર પુતળુ તૈયાર કરાવ્યું. તેને અંદરથી પોલું રખાવી તેમાં બારણું મૂકાવ્યું ને પુતળાને ફરતા સોઇ જેવા લોહના તીક્ષ્ણ કાંટા જડાવી ગરૂડને આવવાને દરવાજે ગોઠવ્યું. લોકોને આ પક્ષીનો ત્રાસ એટલો બધો હતો કે સમીસાંજ થતાંજ ગામ નિર્જન થઇ જતું હતું. લોહના મનુષ્યને ગોઠવી તેના પેટમાં ઉઘાડી તરવાર લઇ રત્નસિંહ ભરાયો. જેવો સંધ્યા સમય થયો કે ચોરની પેઠે ગરૂડ આવ્યો અને ચારે તરફ ફરી જોતાં કોઈ મનુષ્ય નજરે પડયું નહિ; એટલે પેલાં લોહના પુતળાં ઉપર તેની નજર ગઇ ગરૂડે તેને મનુષ્ય સમજી જોરથી દોડી તેનાપર ઝડપ મારી, તેવાજ તેના શરીરમાં કાંટા પેઠા ને જખમી થયો તેને આવી સ્થિતિમાં જોતાંજ રત્નસિંહે ઝડપથી બહાર નીકળી પોતાની તરવારના સખત ઝટકાથી તેનું પેટ ચીરી નાંખ્યું અને લોખંડના પુતળાને હથચાવી જબરા ગરૂડને દાબી દીધો. બીજો સખત ઘા તેની ડોકમાં માર્યો તેથી ગરૂડ કારમી ચીસ પાડતોજ મરણ પામ્યો. પછી એ ત્રાસદાયક પક્ષીને ઘસડતો પોતાને ઉતારે લાવ્યો અને પલંગ નીચે રાખ્યો. સવાર થતાં મહારાજા, પાટવી કુંવર અને પ્રજા જનો સૌ જ્યાં પુતળું રાખ્યું હતું ત્યાં આવ્યા. જુએ છે તો લોહીનાં ખાબોચીયાં ભરેલાં હતાં, ગીધ અને કાગડાઓ ઉડતા હતા, પણ રત્નસિંહને ન જોયાથી સૌ શોકાતુર થયા. પાટવી કુંવર તો જાણે જીવ ઉડી ગયો

હોય તેવો ફીકો પડી ગયો. તેવામાં એક અધિકારીના કહેવાથી સૌ જે તરફ લોહીના રેલા પડેલા હતા તે તરફ ચાલ્યા. એ રેલા જોતા જોતા રત્નસિંહને ઉતારે ગયા. જુએ છે તો રત્નસિંહ પલંગપર પોઢગો હતો, ત્યાં પણ લોહીનાં ખાબોચીયાં ભર્યાં હતાં! તેથી સૌ આશ્ચર્ય પામી જુએ છે તો પલંગ નીચે રાક્ષસી કદનો ગરૂડ દીઠો. જેને જોતાં નબળા પોચાનું તો મગજ ખસી ગયા વિનાં રહે નહિ. રત્નસિંહને જીવતો જોઇ સૌ આનંદ પામ્યા. પાટવી કુંવર તેને જાગૃત કરી બોલ્યો;—"રત્નસિંહ! તમોએ તો મારી ચક્ષુને આજે નવું તેજ આપ્યું છે. હવેથી તો તમે વલ્લભીપુરની સઘળી રૈયતના રક્ષક છો, હું તો આપનો માત્ર સહાયી રહીશ." આ વચનથી મહારાજાને કાંઇ પણ માઠું લાગ્યું નહિ, પણ તેમની મિત્રતા સદાય કાયમ રહે એવા હેતુથી પોતાના હાથમાંથી વીંટી કાઢી પ્રેમથી તેને અર્પણ કરી. નગર જનો પોતાના રક્ષકને દરજ્જે ચાહવા લાગ્યાં. મહારાજાએ વધારે ખુશી થઇ અમૂલ્ય શીરપાવ અને જાગીર બક્ષીસ કરી. રત્નસિંહે તે કબુલ કરીને પોતે પાટવી કુંવરને મિત્રતાઇના બદલામાં સઘળું ભેટ કર્યું. પાટવી કુંવર અને રત્નસિંહ વચ્ચે સ્નેહમાં આજથી વિશેષ વધારો થયો.

વલ્લભીપુરના મહારાજા એક દિવસે રત્નસિંહને સાથે લઇ શિકારે ગયા હતા. વીરસિંહનું શરીર સારૂં ન હોવાથી તે શહેરમાં રહ્યો. આ તક સાધી તેના સાથે શત્રુતા ધરાવનારા ભાયાત મંડળે બળવો કર્યો, પાછળથી એકદમ સત્તા જમાવીને ઠેકાણે ઠેકાણે પોતાના ચોકી-પહેરા બેસાડી દીધાં. દગાથી વીરસિંહને પકડી, પહાડની ગુફામાં લઇ જઇને ગુપ્ત રીતે કેદ રાખવામાં આવ્યો. હવે રાજા તથા રત્નસિંહે શિકારેથી પાછા ફરી જોયું તો દૂરથીજ શહેરનો દેખાવ કાંઇ જુદાજ પ્રકાર જણાયો. તર્ક અને લોક અફવાથી દગાની વાત જાણી લીધી. તેથી મહારાજાના મોંનો રંગ ઉડી જઇ તે પાટવીકુંવર માટે ચિંતાતુર થયો. રત્નસિંહ પણ આ ફેરફારથી ભય પામ્યો. તેના મુખનું તેજ ઝાંખુ પડયું. આ જોઇ મહારાજાએ કહ્યું;—"રત્નસિંહ! શું વીરસિંહની ચિંતાથીજ આ તારૂં મોં લેવાયું છે?" રત્નસિંહ બોલ્યો;—"મહારાજા! વીરસિંહને કાંઇ પણ આંચ આવી હશે તો હું આંજ તેની સાથે બળી ખાખ થઇશ. હું મારા પ્રાણપ્રિય મિત્ર વિના પળ પણ જીવીશ નહિ, તોપણ હાલ તુરત તેમ થશે નહિ." પછી મહારાજાએ રત્નસિંહને આ ખટપટથી વાકેફ કર્યો અને જણાવ્યું કે;—વીરસિંહે યુદ્ધમાં જય કર્યો હશે, પણ અંતે ઘેરાઇ જઇ ઘાયલ થયો હશે અગર યુદ્ધમાં પડયો હશે. રત્નસિંહને પાટવીકુંવર વિના ચેન પડવા ન લાગ્યું, પણ હવે વાત કરવાનો વખત નહોતો. આ વખતે કિલ્લાપરથી શત્રુઓની નજર પડે તો કાપાકાપી ચાલે એવું હતું. તેથી રત્નસિંહે મહારાજાને શહેરમાં ન જવા દેતાં, બારોબાર પોતાના પૂર્વાવસ્થાના (સુંદરબાની અવસ્થાના) પિતા કેશરીસિંહના સીલા ગામ તરફ જવાનું કહ્યું.

મંત્રી તથા મહારાજાને તે વાત પસંદ પડી અને સૌ એ તરફ જવા ચાલી નીકળ્યા કેશરીસિંહ, ઓચિંતા વલ્લભીપુરના મહારાજા પોતાના વહેવાઇને આવતા જાણી એકદમ આવકાર દેવા દોડયો ને માનપૂર્વક પોતાના સ્થાનમાં લાવ્યો. રત્નસિંહને જોઇ તેને પોતાની પુત્રીનું સ્મરણ થયું, પણ તેની સ્થિતિ બદલી ગયેલી હોવાથી ભ્રાંતિમાંજ રહ્યો. વલ્લભીપુરના ભાયાતોના બળવાની વાત સાંભળી તેપણુ નારાજ થયો; ને સૌ એકમત થયા પછી ખંડીયા રાજાઓને પોતાનાં લશ્કર લઇ મદદ માટે સીલા ગામ બોલાવ્યા. રત્નસિંહે લશ્કરને કવાયદ આપી તૈયાર કર્યું. વલ્લભીપુરના મહારાજાનો રત્નસિંહ વિશ્વાસુ હોવાથી શહેરની રાત્રિની ચોકી ફરવાનું કામ તેને સોંપવામાં આવ્યું હતું. પચાસવીર ઘોડેસ્વારોને લઇ સીમાડા તરફ નિત્ય તે કામ માટે જતો અને સૌને ખબરદાર રાખતો હતો. દુશ્મનોના બાતમીદારો આવતા, તો તેમની સાથે મળી જઇ તેમનો ભેદ લઇ સર્વ પ્રકારે સાવધ રહેતો. આ કળાથી તેણે વીરસિંહનો પત્તો પણ મેળવ્યો, એક રાત્રે પાહાડોમાંનાં ગુપ્ત સ્થળોની તેને ખબર હોવાથી ત્યાંથી તેને શોધી કાહાડયો. પચીસ હથિયારબંધી પુરૂષોના હાથમાં વીરસિંહ કેદ પડયો હતો. તેના સમાચાર દુશ્મન તરફના સિપાઇ બની જાણી લીધા. પોતાના તરફનાં માણસો ધારી, ભૂલાવામાં પડેલા ચોકીદારોએ સમાચાર કહ્યા અને ગફલતમાં રહ્યા; એટલામાં રત્નસિંહે ઇસારો કર્યો કે તુરત દરેકના ઉપર બબ્બે તરવારો ખેંચાઇ. આ બનાવ જોતાંજ ચોકીદારોના તો હોંશજ ઉડી ગયા. પછી તેઓનાં હથિયારો છોડાવી તેમને બાંધી લઇને રત્નસિંહ વીરસિંહને જઇ મળ્યો. વીરસિંહ એક ભિક્ષુકના જેવી પથારીમાં ટળવળતો પડયો હતો. તે સજળ નેત્રે મિત્રને મળી આનંદ પામ્યો. પછી વીરસિંહને ઘણીજ સંભાળથી ઉપડાવી સીલાના મહેલમાં મોકલાવ્યો. મહારાજા પુત્રને જોઇ આનંદ પામ્યો અને પૂછ્યું કે;—વીરસિંહ! આ કેવી સ્થિતિ? આ સ્થિતિમાં તું અહીં કયાંથી? વીરસિંહ નબળે સાદે બોલ્યો;—હાલ મને કાંઇ પણ કહેવાની શક્તિ નથી. રત્નસિંહ આવશે તે સર્વ વાત કહેશે. થોડીવારમાં રત્નસિંહ સીલાના વૈધને લઇ આવ્યો. તેણે મહારાજાને સર્વ વાત કહી બતાવવી. મહારાજાએ હર્ષ બતાવી કહ્યું કે,—"ઓ દેવતા! તું કોઇ અદ્દભૂત અવતાર મારા રાજ્યમાં આવી રહ્યો છે. તેં મારી રૈયતને જૂલમી ગરૂડથી પીડાતી બચાવી, મને શહેરમાં જવા નહિ દેતાં કિલ્લાના મારાથી બચાવ્યો અને આજ મારા ગાદી વારસ પાટવીકુંવરને બચાવી લાવી તેને મારે ત્યાં નવો જન્મ આપ્યો છે. તું કોણ છે? તે મને બરાબર કહે." રત્નસિંહે કહ્યું;—"મહારાજા! હું માત્ર અહીં મારા પિતાના કોપથી એકાંત કાળ ગુજારવા આવ્યો છું. મારાથી આપની સહેજ સેવા થઈ છે, તેમાં મને અધિક શોભા આપી લજવશો નહિ. મારી ઇચ્છા માત્ર એટલી છે કે, હાલની ખટપટમાંથી મહારાજાને મોકળા કરી ફરી સિંહાસનપર સ્થાપન

કરીને સ્વદેશ જઈશ; ત્યાંથી મારા પિતાની આજ્ઞા લઇ આપને મારા વંશની ઓળખાણુ લખી મોકલીશ" મહારાજા બોલ્યા;—તને હું એક પળ પણુ નહિ જોઇશ તો અકળાઇશ. મને તું મારા પુત્ર કરતાં અધિક વહાલો લાગે છે. મારી પાસેથી તું કોઇ કાળે પણુ છૂટો ન પડે એ મારી ખાસ ઇચ્છા છે." રત્નસિંહે કહ્યું;—"જેવી આપની ઇચ્છા છે તેવી પરિપૂર્ણ થાઓ." મહારાજા બોલ્યા;—ધન્ય રત્નસિંહ તને ! અને તને જન્મ આપનારાં તારાં માતપિતાને ! ! વીરસિંહ પણુ પોતાના પ્રાણુદાતાનો દાસ બન્યો અને બોલ્યો;—"મારા પ્રિયમિત્ર ! તેં મારો પ્રાણુ બચાવ્યો છે, તેની યાદી તરીકે આ મારી કટાર લે ? એ કોઇ તેવા બારીક વખતે મારી મદદે વાપરજે." એમ કહી તુરત પોતાની કટાર કાઢી તેણે તેની કમરે ખોસી.

આ વખતે દુશ્મનોને વલ્લભીપુરમાંથી હાંકી કહાડવાને સર્વ સૈન્ય તૈયાર થયું. ખંડિયા રાજાઓ પણુ પોતાનું સૈન્ય લઇ આવ્યા હતા. સર્વ સૈન્યના સેનાપતિ તરીકે કેશરીસિંહ અને ઉપ સેનાપતિ રત્નસિંહને ઠરાવ્યા. એક તરફથી કેશરીસિંહે અને બીજી તરફથી રત્નસિંહે હુમલો કરવા ધાર્યો હતો, આ માટે વિચાર કરવાને મહારાજા, કેશરીસિંહ, મંત્રી અને રત્નસિંહ બેઠા. તે વેળા રત્નસિંહે કહ્યું કે;—જો મારૂં માનો તો મારાં દૈવીબળથી જ્યાંથી હું ચાહું ત્યાં રસ્તો કરી તમારો જય કરાવી દઉં. તે વિના કોઇ રીતે તે જય થઇ શકશે નહિ." રત્નસિંહ સ્વરૂપે દેવાંગના જેવો, બીજી મધુર જીભ, ત્રીજી અદ્ભૂત યુક્તિ, ચોથી જીત નક્કી, અને પાંચમી યશ મેળવવાની વાતમાં રજ પણુ ફેર નહિ. વગેરે તેના પરાક્રમથી સૌ તેને દૈવી પુરૂષ માનતા હતા, તેથી કબુલ થયા એટલે કહ્યું કે;—"દુશ્મનો કિલ્લા ઉપર છે અને આપણે નીચે છીએ. માટે આપણો મારો તેને નહિ લાગે, પણુ ઉલટો આપણુને તેનો મારો લાગશે. વળી કિલ્લો ઘણો મજબુત છે. તેથી પણુ ફાવીશું નહિ. માટે મારી સાથે ચાલો; હું તમને એક ગુપ્ત રસ્તો બતાવું." એમ કહી પેલું ભોંયરૂં જે મહેલ સુધી બનાવવામાં આવ્યું હતુ, તે તેણે બતાવ્યું. જોતાંજ સૌ છક થઇ ગયા ને કેશરીસિંહ તો વિચારમાંજ ગુમ થઈ ગયો કે;—"આ પરદેશી પુરૂષને તે ગુપ્ત વાતની ખબર ક્યાંથી !" પછી રત્નસિંહ મોખરે થયો ને પાછળ સઘળું લશ્કર ચાલ્યું. એક તરફથી દુશ્મનોનાં મન કિલ્લા તરફ રોકવા થોડું લશ્કર આપી કેશરીસિંહને મોકલ્યો. સર્વે લશ્કર ભોંયરાને રસ્તે સુંદરબાના મહેલમાં થઇ શહેરમાં દાખલ થયું. આ જોઇ સર્વે ઘણા આશ્ચર્ય પામ્યા. પણુ પાટવીકુંવર તો રત્નસિંહ માટે વારેહવાર વહેમ લાવવા લાગ્યો. શું રત્નસિંહ કોઇ દેવતા કે ગંધર્વ છે ? તેણે અરે સખી સુંદરબાના મહેલમાંથી લશ્કર લઇ જવાનો ગુપ્ત માર્ગ કેમ પસંદ કર્યો હશે ! એમ વિચારી મનમાં બળવા લાગ્યો. સર્વ સૈન્ય મેદાનમાં લડવાને ગોઠવાઇ

ગયું. કિલ્લાનું લશ્કર કેશરીસિંહનો હુમલો રોકવામાં ગુંથાયું હતું, ત્યાં પાછળથી આ ઓચિંતો મારો ચાલતો જોઇ ભાયાતો થરથરી ગયા. કાંઇ પણ આનાકાની વગર નમી જઈ શરણે આવ્યા. પોતાના અપરાધની માફી માગી. મહારાજાની જીત થઇ, કેશરીસિંહ ઠાઠમાઠથી શહેરમાં આવ્યો. મહારાજાએ સામે જઇ માન આપ્યું. પ્રજાએ જયધ્વની કર્યો. સર્વે દરબાર–સભામાં ગયા ને મહારાજા આમ તેમ જોવા લાગ્યા, પણ રત્નસિંહને કયાંએ જોયો નહિ ! ઘણી શોધ કરાવી પણ કોઇ પત્તો લાગ્યું નહિ. મહારાજા વગેરે સર્વે સમજ્યા કે તે કોઇ દેવતા વલ્લભીપુરને આફતથી બચાવવા ને આકાશથી ઉતરી આવ્યા હશે ! !

આ વખતે વીરસિંહ ખીન થયેલો દેખાતો હતો. પોતાની રાણી સુંદરબાના મહેલમાંથી ભોંયરા દ્વારા લશ્કર આવેલું, તેથી વીરસિંહને રત્નસિંહ ઉપર સુંદરબા સાથેનાં તેનાં અયોગ્ય વર્તનનો સંપૂર્ણ શક ગયો. તેથી મિત્ર તરફના સર્વે ગુણો ભૂલી જઇને ક્રોધાંધ થઇ એકદમ ખુલી તરવારે સુંદરબાના મહેલમાં ઘુસ્યો. આં જુએ છે તો સુંદરબા સોળે શણગાર સજીને હીંડોળાપર બેઠી છે ને સખીયો તેને ઝુલાવી રહી છે. આ જોતાંજ વીરસિંહ બળી ગયો ને બોલ્યો;—"દુષ્ટા ! બતાવ રત્નો કયાં છે ?" સુંદરબા બોલી;—"પ્રાણપતિ ! રત્નો તે વળી કોણછે ! આતે આપ શું કહોછો ? શું આપ રત્નસિંહ માટે પૂછોછો?" વીરસિંહ બોલ્યો;—"હા ! પકડાઇ હવે ! બોલ તે દુષ્ટ મિત્ર દ્રોહી કયાં છે ? હમણાંજ તેનું શિર ધડથી અળગું કરૂં." તે સાંભળી સુંદરબા બોલી;—"પ્રાણનાથ ! જેણે આપના પ્રાણ બચાવ્યા, તેનો બદલો શું આપ પ્રાણ લઇને લેશો ?" એ વચન સાંભળતાંજ વીરસિંહ સ્તબ્ધ થઈ બોલ્યો;—"રાક્ષસી ! એ વાતની તેના કહ્યા વિના તને કયાંથી ખબર ! માટે બોલ તેને કયાં છુપાવ્યો છે?" "પતિરાજ ! ખરૂં બોલ્યા." સુંદરબાનાં આ વેણ સાંભળી વીરસિંહના ક્રોધમાં વધારો થયો ને બોલ્યો;—"રંડ ! પ્રથમ એ અધર્મિને બતાવ ? તેને મારી પછી તને શાસન કરીશ." એમ કહી તરવાર ઉગામે છે, તેટલામાં વીરસિંહ તરફથી મળેલી કટાર બતાવીને કહ્યું;—"મહારાજ ! આ કટાર આપેજ મને પોતાના બચાવ માટે આપી છે, જરા તપાસીને જુઓ." ચ્હેરો ખુબ તપાસીને જોયછે તો તેના સ્વરૂપમાં રત્નસિંહનું સ્વરૂપ જોયું ! જોતાંજ લજ્જાથી તરત મૂર્છા પામી પૃથ્વીપર પડી જવા આવ્યો, તેવામાંતો સુંદરબાએ ઉઠી પોતાને હાથે પલંગપર સુવાર્યો અને ઉત્તમ અત્તર, ગુલાબજળ સુંઘાડયાં; વગેરે શાંતિકારક ઉપચારો વડે સાવધ કર્યો. શાંત થઇ બેઠા પછી સઘળી વાત સાંભળી વીરસિંહ પ્રેમ વશ થયો, ને સતી સુંદબાનો જાણે દાસ હોય તેમ તેને આધિન થઈ ગયો ! એ રીતે સતી પોતાના બુદ્ધિ બળ અને પરાક્રમથી પોતાનાં વચન સત્ય કરી પતિને પ્રિય થઇ પડી. પ્રેમથી બેઉનાં મનેમન અને હૃદયે હૃદય જોડાઇ જઇને એક રૂપ જેવાં થઇ ગયાં. આ સર્વે હકીકત મહારાજા

અને કેશરીસિંહ સાંભળી ઘણાજ આશ્ચર્ય પામ્યા ! ! સતી સુંદરબાના આવા ઉત્તમ ગુણો જોઇ ઘણાં વખાણ કરી—પ્રેમથી સસરાએ "શાબાશ !" અને પિતાએ "ધન્ય !" એ શબ્દો વડે વધાવી લઇ ઘણાજ આનંદ પામ્યા. પ્રજા પોતાની રક્ષક "દેવી" ગણી પ્રેમથી ચાહવા લાગી. એ રીતે તે પતિવ્રતા વીર સ્ત્રી પોતાના મહાન ગુણ પ્રભાવે સર્વનો પ્રેમ પોતાના તરફ ખેંચી મહત્તાને પામી. મહારાજા તે દિવસથી રાજ્યની સર્વ ખટપટમાં તેમની સલાહ લેવા લાગ્યો. તેમની સલાહ અને સહાયતાથી રાજ્ય ઉત્તમ પ્રકારે ચાલી શોભિ નીકળયું. સાસુ, સસરા અને પતિને અનેક પ્રકારે સુખ આપી પોતાનો પતિવ્રતાનો ધર્મ બજાવ્યો. ઇત્યાદિ પોતાના ઉત્તમ ગુણ પ્રભાવે પ્રખ્યાત થઇ સુદૃષ્ટાંત રૂપ અમર કીર્તિ રાખી ગઈ છે. ધન્યછે તેમને ! ! !

રાજબાળા.

આ પતિપ્રાણા વીરસ્ત્રી દેશલપુરના ઠાકોર પ્રતાપસિંહની પુત્રી હતી. તે મહા સૌંદર્યવાન, તેજસ્વી, બુદ્ધિવાન, નીતિ નિપુણ, ધીર, વીર, ચતુર અને પતિવ્રતા હતી. બાળપણમાં સારા સહવાસમાં ઉછરી સુશિક્ષણ પામી હતી. તે સ્નેહ, મમતા અને દયાનો ભંડાર હતો. તેના પિતાએ તેનું સગપણ ઉમર કોટના સોઢા રાજા અનારસિંહના પુત્ર અજીતસિંહ સાથે કર્યું હતું. અનારસિંહ ઘોડે સ્વારોનું લશ્કર જમાવી લૂટફાટ કરતો હતો, તેનો ત્રાસ ઘણો હતો. રાવના માણસો ત્રણલાખ રૂપિયાની તીજોરી લઇ જતા હતા. એના ઉપર હુમલો કરતાં ગોળી વાગવાથી મરણ પામ્યો. ઘોડે સ્વારો નાશી ગયા. ઠાકોરે દ્રવ્યનો કાંઇ પણ સંગ્રહ કરી રાખ્યો નહોતો. ગામની વસ્તીએ જાણ્યું કે, આપણો રાજા લૂટી ખાતો, તેથી હવે બીજા રાજાઓ જીવવા દેશે નહિ. તેથી તેઓ ગામ મૂકી બીજે જઇ રહ્યા. ગામમાં પાંચ સાત ઘર રહ્યાં હતાં. ઠકરાણી દુઃખે કરકસર કરી દિવસ કાઢવા લાગી, અજીતસિંહ તે વખતે નાની ઉંમરનો હતો. તેને સારી સંભાળ લઇ ઉછેરી મોટો કર્યો. બાર–તેર વર્ષની ઉમ્મરનો થયો કે તેના દુર્ભાગ્યે તેની માએ સ્વર્ગ વાસ કર્યો. માના મરણ પછી એક દાસી રાંધી આપતી હતી. તેથી ગુજરાન ચલાવતો હતો.

રાજબાળા ચતુર અને ડાહી હતી તે ઉમ્મર લાયક થઇ હતી. એક વખતે તેણે પોતાની સખીઓને પતિ વિષે પૂછ્યું કે;—"બેનો ! મારો પતિ કેવો છે?" સખીએ વખાણ કર્યાં કે;—"એ કામદેવ સરખો રૂપાળો, યુદ્ધમાં મહાબહાદુર અને બુદ્ધિવાન છે." પતિના વખાણ સાંભળી પ્રસન્ન થઇ બોલી,

કે;—"મારો પતિતો એજ રજપૂત છે, બીજા મારે બાઇ બાપ સમાન છે. હું દ્રવ્યવાન કરતાં ગુણવાનને વધારે ચાહુંછું." એમ કહી પોતાનું હેત જણાવવાને કહાવી મોકલાવ્યું કે.—"મારેતો આપજ પતિછો, મારે આપની જાગીરનું કશું કામ નથી, માટે સગપણ તોડશોનહિ." આ સાંભળી અજીતસિંહે કહાવી મોકલાવ્યું કે;—"મારૂં માંથું જાય તોપણ સગપણ છોડીશ નહિ." એમ પરસ્પર પત્ર વ્યવહાર ચલાવી પ્રીતિમાં બંધાયાં. રાજબાળા ઉમ્મર લાયક થવાથી પ્રતાપસિંહે વિવાહની તૈયારી કરી અજીતસિંહને ખબર આપ્યા. અજીતસિંહ પાસે કાંઇ દ્રવ્ય નહોતું, પરણુતી વખતે ખરચ વગેરેમાં વીશહજાર રૂપિયા જોઇએ તે નહોતા. તેથી ચિંતા કરવા લાગ્યો. કોઇ રસ્તો સુઝતો નહોતો. છેવટ વિચાર કરતાં તે જેસલમેરના એક ધર્માત્મા દયાળુ શેઠ પાસે ગયો, તેમને સર્વે વાત કહી બતાવી. શેઠને દયા આવી, ઠાકોરને વિવાહ કરીઆપવાને મન પર લીધું, પણ ખાતરી માટે જામીન માગ્યા. ઘરમાં કાંઇ મિલકત કે જાગીર પણ રહી નહોતી કે કોઇ જામીન પડે. તેથી શેઠે જામીન તરીકે વચમાં પરમેશ્વર રાખી લખાવી લીધું કે;—"તમારે પરણ્યા પછી મારાં રૂપિયા ચૂકવ્યા પહેલાં પતિ પત્ની તરીકેનો સંબંધ ભોગવવો નહિ! તેની વચમાં પરમાત્મા જામીન!!" આ પ્રતિબંધ આકરો હતો, પણ પરણવાની લાલચે લાચાર થઇ કબુલ થયો. તુરત રૂપિયા લઇ સાસરે આવ્યો, ધામધુમથી વિવાહ કર્યો. રાજ નિયમ પ્રમાણે પતિપત્ની મહેલમાં જઇ રહ્યાં. અજીતસિંહ કામદેવ જેવો રૂપાળો અને રાજબાળા રતી જેવી સ્વરૂપવાન હતી. પરસ્પરને જોઇ પ્રસન્ન થયાં, પણ બીજા કશાપર ધ્યાન આપ્યું નહિ. તેથી રાજબાળાના મનમાં અનેક તરેહના તરંગ ઉઠવા લાગ્યા. મનમાં વિચારવા લાગી કે;—ઠાકોર ઘણા બુદ્ધિવાન અને સમર્થ છે, પણ મારા કર્મની ગતિ કોઇ તરેહની વાંકી હશે. તેથીજ મારી સાથે વ્યવહાર રાખતા નહિ હોય એમ કલ્પના કરવા લાગી; પરંતુ અજીતસિંહ સત્યની સાંકળે મજબુત બંધાયો હતો, તે એ કયાંથી જાણે?

રાજબાળા પતિવ્રતા, સુશિળ અને ચાલાક હતી. તેમણે એક વખતે પતિને નિ:શ્વાસ નાંખતા જોઇ પુછ્યું કે;—સ્વામિનાથ! આપ શામાટે નિ:શ્વાસ નાખોછો? આપને જે દુ:ખ હોય તે મને કહો. ત્યારે તેણે પેલા જામીનખતની વાત જાહેર કરી. આસાંભળી રાજબાળા બોલી;—પ્રાણનાથ! એમાં કશું ગભરાવાનું કારણ નથી, સર્વે સારૂં થઈ રહેશે. કશી ચિંતા ન કરતાં આપણે પ્રયત્ન કરવો જોઇએ. પ્રયત્નથી પ્રભુ સહાય થશે. અહા! કેવી ધૈર્યતા? અને કેવો સ્નેહ? ખરેખર સ્ત્રીના હૃદયમાં સ્નેહ, મમતા, દયા, અને પરોપકારની જે પ્રવૃત્તિ છે. તેથીજ પૃથ્વીનાં ઘણાં દુ:ખો ઓછાં થાય છે. રોગમાં સેવા, શોકમાં સાંત્વન, કષ્ટમાં તથા કલેશમાં સહાનુભૂતિ એવું બીજું કોણ બતાવી શકે છે? જો સ્ત્રીઓના હૃદયમાં આ સ્વર્ગીય

પ્રવૃત્તિ નહિ હોત, જો સ્ત્રીનું હૃદય કોમળ નહિ થતાં સખ્ત થાત, તો આ સંસાર દુઃખમય દીસત. સ્નેહ, મમતા, વગેરે મહત્ત ગુણો ધરાવનારી સ્ત્રીઓ ખરેખરી દેવી રૂપ છે. આપણા દેશમાં પવિત્ર ગુણો ધરાવનારી ઘણી સ્ત્રીઓ થઇ ગઇ છે. રાજબાળા પણ એવીજ ઉજવળ કીર્તિની મનોહર મૂર્ત્તિ હતી. તે સ્નેહ, મમતા અને દયાનો ભંડાર હતી. તેણે પોતાના પતિને કહ્યું;—"પ્રાણનાથ ! આ સ્થળ આપણને રહેવાને યોગ્ય નથી. આ ગામમાંથી રૂપિયા મળશે નહિ. આપણે બેઉજણાં મરદાંગી પુરૂષનો પોશાક પહેરીને સાળા બનેવી તરીકે સંબંધ જણાવતાં પરદેશ જઇએ. તેથી આપણું ભાગ્ય ફળશે. પછી આપણો ગૃહસ્થાશ્રમ ચાલશે" અજીતસિંહને પોતાની પત્નીની સલાહ યોગ્ય લાગી. તેથી પરદેશ જવાનો નિશ્ચય કર્યો. બંને વીર પુરૂષનો પોશાક પહેરી તૈયાર થયાં. ગામની ભલામણ દાસીને આપી ચાલી નીકળ્યાં. ઘણેક દિવસે ઉદેપૂર આવ્યાં. રાજબાળાએ **ગુલાબસિંહ** નામ ધારણ કર્યું હતું. એ વખતે ઉદેપૂરમાં **જગતસિંહ** રાણો રાજ કરતો હતો. તે સવારમાં મહેલને ગોખે બેઠો હતો. તેણે રસ્તેથી આવતા બે સુંદર રાજપૂત સ્વારો જોયા, તેનું ચિત્ત તેમાં ચોટયું, તુરત વિશ્વાસુ જાસુસને મોકલી ખબર જાણી લઇ, પોતાની પાસે બોલાવ્યા. રાણાએ કહ્યુંકે;—તમે શામાટે આવ્યા છો ? અને ક્યાં જાઓ છો ? અજીતસિંહે કહ્યું;—અમે બંને રાજપૂત છીએ, પેટની ખાતર નીકળ્યાછીએ, અમારાં મહા ભાગ્યકે આપનાં દર્શન થયાં. રાણોજી તેમની સુંદરકાન્તિ જોઇ મોહિત થયો. બંનેને ખાનદાન રાજપૂત જાણી સત્કાર કર્યો. ખાવા પીવાને ઘાસ ચંદી વગેરેનો બંદોબસ્ત કરી, એક હવેલીમાં ઉતારો આપ્યો. તેમજ નિત્યના પાંચ રૂપિયા પરચુરણ ખરચના કરી આપ્યા. પાંચ રૂપિયાતો નિત્ય વપરાઇ જવા લાગ્યા. તેથી તેઓ ઉદાસ રહેતાંકે આપણા વીસહજાર રૂપિયા શી રીતે વળશે ? એમ કરતાં ચાર મહિના વર્ષાદના વિત્યા, ને દશેરાનું પર્વ આવ્યું. તેની સ્વારીએ રાણોજી, સરદારો, અને ચોસઠ પટાવતો ચઢયા. તે દિવસે ચોગાનીઓ પાડો મારવાનો હતો, તે માટે સર્વ ઘોડે સ્વારો અને પ્યાદા ભેગા થયા. રાણાજીએ નિત્ય નિયમ પ્રમાણે પૂજા કરી. એટલામાં એક માણસે ખબર આપ્યા કે;—અન્નદાતાજી ! વાઘ નજીક છે ! રાણાજીએ કહ્યું;—સરદારો ! વાઘના સમાચાર આવ્યા, એ આપણને તિક્ષ્ણ શુકન છે. પાડોતો હમેશાં મારીએ છીએ, પણ આજે ચોગાનિયો વાઘ મારવાનો યોગ છે માટે ચાલો. સઘળી ફોજ વાઘ ઉપર ચાલી. તેની આસપાસ સર્વ વીંટાઇ વળ્યા. વાઘ વચ્ચે ઘેરાઇ ગયો. જવાનો માર્ગ રહ્યો નહિ. રાણાજીએ કહ્યું;—સરદારો ! વાઘ જેની તરફથી જશે, તેનો પટો જપ્તકરી નોકરીથી દૂરકરીશ. એમ કહી હાકો કરાવ્યો. વાઘ ગર્જના કરતો ઉઠયો, કોઇની તરફ નહિ જતાં રાણાજી સામો ગયો ! વાઘ હાથીના કુંભસ્થળ ભાંગે એવો જોરાવર હતો. તુરતજ તે રાણાજી નજીક આવ્યો. રાણાજીના હોંશ ઉડી ગયા. પેલા બે રાજપૂતો અજીત

સિંહ અને ગુલાબસિંહ સર્વની સાથે ઉભા હતા.

ગુલાબસિંહે (રાજબાળા) અજીતસિંહને કહ્યું:—ઠાકોર ! રાણાજીને જોખમ લાગતાં આપણે નહિ મરીએ, તો આપણે ખાધેલું અન્ન હરામ થઇ જશે. એમ કહી બંને જણા ઘોડા દોડાવતા વાઘને રાણાજીની વચ્ચે આવ્યા. વાઘ રાણાજીને મારવા કૂદયોકે, ગુલાબસિંહે તુરત તરવાર વાપરી વાઘના બે ટુકડા કર્યા. તેજ વખતે અજીતસિંહ ગુલાબસિંહને શાબાશી આપતો ઝડપથી હેઠે ઉતર્યો અને વાઘના નખ ને કાન કાપી લઇ ઝટ ઘોડે બેઠો. એટલું થતાં તો સરદારો, પટાવતો ખંમા ! ખંમા ! બોલતા દોડી આવ્યા. પોત પોતાની શક્તિ મુજબ મહોરો રાણાજીના માથા પર ફેરવી પુન્ય કર્યું. સર્વ બોલ્યા કે આજે રાણાજીનું પુન્ય આડું આવ્યું, નહિ તો ગજબ થાત. રાણાજીએ કહ્યું;—એ વાઘ મારવા વાળો પુરૂષ કોણ છે ? આટલા દિવસ હું મારા આયુષ્યથી જીવ્યો, પણ આજે તો એ વાઘને મારવા વાળે મને જીવતો રાખ્યો છે. જો મારવા વાળો જાહેર થાય તો મારા ગજા માફક ઇનામ આપું. તે સાંભળી ઘણાએ વિચાર કર્યો કે આટલા માણસમાં રાણાજીને કયાં ખબર રહી હશે; એમ વિચાર કરીને મોટા મોટા સરદારો હતા; તેમાંથી કેટલાક પોતાના સંબંધીઓનાં ખોટાં નામ દઇ શિપારસ કરવા લાગ્યા ! પણ રાણાજીએ કોઇનું નહિ માનતાં કહ્યું કે:—"વાઘને મારવાવાળા પુરૂષની છબી મારા નેત્રમાં ચિતરાઇ રહી છે. હું દેખીશ ત્યારે કહીશ. મને કોઇના બોલવા પર ભરૂસો નથી" આ સાંભળી માર્યાનું કહેનાર સર્વે લાચાર થઇ ચૂપ રહ્યા. રાણાજીએ પોતાના ઘોડા ઉદેપૂર તરફ વાળી મૂકયા. અજીતસિંહ ને ગુલાબસિંહે પોતાના ઘોડા સર્વની પાછળ રાખ્યા. સ્વારી શહેરના દરવાજા નજીક આવી. રાણાજીએ દરવાજા આગળ પોતાનો ઘોડો ઉભો રાખી કહ્યું;—"સર્વ સરદારો ! થોડે થોડે મારી નજર આગળથી નીકળો." તેથી ફોજના સરદારો—પટાવતો પ્રથમ નીકળ્યા, પછી રાણાજીની ખાલસા ફોજના સ્વારોની હાર નીકળી. તેમના ગયા પછી પેલા રાજપૂતોનો વારો આવ્યો. તેઓ બંને ઘોડા ખેલાવતા દરવાજા પાસે આવ્યા. રાણાજી તેમને જોતાં જ બોલ્યા;—ગુલાબસિં ! વાઘને તેં માર્યો ? ગુલાબસિંહે કહ્યું;—ખંમા અન્નદાતાજી ! ગરીબપરવર ! હિંદુના સૂર્ય ! આપ કહો તેણે માર્યો. રાણાજીએ કહ્યું;—એની કાંઇ નિશાની હોય તો બતાવ. મારા જાણવામાં તો તેંજ માર્યો છે. તે સાંભળી અજીતસિંહ બોલ્યો;—અન્નદાતા ! આપ પરીક્ષા કરો એમાં કાંઇ ફેર પડે નહિ. અમારાં મોટાં ભાગ્ય કે આપની નોકરી બજાવવાનો વખત આવ્યો. એમ કહી પેલા વાઘના નખ ને કાન હાજર કર્યા. રાણાજીને પૂર્ણ ખાતરી થવાથી બોલ્યા;—હવેથી તમે મારા ઘોડાની લાર છોડશો નહિ. આજથી મારી પાસે ખાવા પીવાનું ને સૂઇ રહેવાનું કરજો. પછી તમારા નશીબ પ્રમાણે વધારો થશે. રાણાજી મહેલમાં પધાર્યા, ત્યાં તેમને સોનાનાં ફુલે વધાવ્યા. બંને રાજપૂતો સાથે હતા, તે-

અને પોતાનાં જેવાં વસ્ત્રા ભૂષણુ, ખાવા પીવા વગેરેનો બંદોબસ્ત કર્યો. રાણોજી મહેલના ઓરડા માંહે સૂતા ને રાજપૂતો કમાડ પાસે બહાર સુઇ રહેતા. આઠેક મહિના વિત્યા પછી ગુલાબસિંહ અને અજીતસિંહે પોતાના મનમાં વિચાર કર્યો કે, આપણુને ખાવા પીવાનું અને પહેરવાનું તો ઉત્તમ મળે છે, પણુ શેઠનાં રૂપિયા પહોંચ્યા નહિ! "ઇશ્વરની એવી કૃપા કે આપણી ઉમ્મર એમજ જશે" એમ કરતાં કરતાં કેટલાક દિવસ વિત્યા. અષાડ માસ આવ્યો, વરસાદ વરસવા માંડયો, વીજળીના ચમકારા થવા લાગ્યા, જોસથી પવન ફુંકવા મંડયો; એ વખતે રાણોજીને રાજપૂત બંને જોડે બેઠા હતા. રાણાજીએ કહ્યું;—તમે સુઇ રહો, હું જનાનામાં જાઉં છું. રાજપૂતો એ કહ્યું;—ખમા! આપ પધારો, અમે સેવક અહીંજ હાજર છીએ. પછી રાણોજી જેપુરવાળી રાણીની પાસે ગયો. એ વખતે રાજબાળા ઉદાસ થઇ બોલી;—

(દુહો) વડલંબા તલ વાડીયા, પીયું વીરારે વેશ;
કદ જાશે અણુદેશડે, બંધવ પીયું કહેશ?

એ સાંભળી અજીતસિંહે નીચેનો દુહો કહ્યો;—

જણુદીશેઠે નુધ્યાં, કોલ વચન થયાં;
ગોરી લધે દીહડા, ઉમર કોટ ગયાં!

આ સાંભળી રાજબાળાએ ઉંડો નિઃશ્વાસ નાંખ્યો. તે રાણીજીએ જનાનામાં સાંભળ્યો. રાણીજી બહુ ચતુર હતી, તેણે પરીક્ષા કરી રાણાને કહ્યું;—રાણાજી! આપની પાસે જે રાજપૂતો છે, તે બંને પુરૂષ નથી, પણુ તેમાં સ્ત્રી પુરૂષ છે. રાણાજીએ કહ્યું;—તને શી રીતે ખબર પડી કે તેમાં સ્ત્રી છે? રાણીએ કહ્યું;—પતિ વિયોગિણી સ્ત્રીનો નિઃશ્વાસ પારખીને. એ સ્ત્રીને પતિનો વિયોગ છે, તેથીજ તેણે નિઃશ્વાસ નાખ્યો છે. રાણાજીને રાજપૂતો ઉપર ઘણો પ્રેમ હતો. તેથી તુરત તેમની પાસે આવી પૂછ્યું કે;—અજીતસિંહ—ગુલાબસિંહ! તમે બંને જણાં પુરૂષ છો કે કોઇ અંદર સ્ત્રી છે? તે સાંભળી બંને સ્તબ્ધ થઇ ચિત્રામણુની પેઠે ઉભાં રહ્યાં. કોઇ જવાબ આપી શકયાં નહિ. રાણાજીએ કહ્યું;—તમે ચૂપ કેમ રહ્યા? હું ખુશી છું, તમે બોલો—આજે તમારૂં દુઃખ રહેશે નહિ. અજીતસિંહે કહ્યું;—અન્નદાતાજી! આપનો માબાપ છો, આપની તો ઓઝલ હોય નહિ, પણુ અમે રાજપૂત જાગીરદાર છીએ. મારે ઘેર ઓઝલ—મલાદો છે. જો પડદો આડો થાયતો પછી કહું. રાણાજીએ દાસીઓને બોલાવી કહ્યું;—જે બાઇ છે તે મારી પુત્રી છે, એને પડદો કરીને માંહે લઇ જાઓ. પછી દાસીઓ આડો પડદો કરીને બાઇને રાણીજી પાસે લઇ ગઇ. ત્યાં તેમણે તેને પહેરવાને સુંદર વસ્ત્રાભૂષણુ આપ્યાં. એક નવિન મહેલ ઉઘાડી આપ્યો. પછી રાણાજીએ કહ્યું;—અજીતસિંહ! મહેલ તૈયાર કર્યો છે, તેમાં તમે સ્ત્રી પુરૂષ જઇ સુઇ રહો. તે વખતે અજીતસિંહે

હાથ જોડી જેસલમેરના વાણિયાના આધીન ખતની વાત કહી બતાવી. રાણાજી તેમના સત્યઉપર છક થઇ ગયા ! શાબાશ ! એ પતિ પત્નીને કે પોતાની જુવાની જાળવી ટેક રાખી. પછી તુરત સાંઢણી સ્વાર સાથે શેઠના ઉપાડેલા રૂપિયા વ્યાજ સાથે જેસલમેર મોકલ્યા. શેઠ પણ આશ્ચર્ય પામ્યો. અજીતસિંહને ઘણી શાબાશી આપી કહેવડાવ્યું કે;—મેં રૂપિયા ગયા ખાતે આપ્યા હતા, પણ શાબાશ છે તમને કે વ્યાજ સાથે રૂપિયા પહોંચાડયા, એમ કહી સ્વારોને પહોંચ લખી આપી. સ્વારો ઉદેપૂર આવ્યા. પત્ર રાણાને આપ્યો, રાણાએ અજીતસિંહને આપ્યો. અજીતસિંહે કહ્યું;—અન્નદાતાજી ! આપની કૃપાથી સર્વ સારૂં થયું, એમ કહી ઉપકાર માન્યો. રાણાએ રાજબાળાનો ઉપકાર માની તેને પોતાનો જીવ બચાવનારી દેવી કહી માન આપ્યું, ને તેના શ્રેષ્ટ ગુણોનાં ઘણાં વખાણ કર્યાં. રાણીને આજ્ઞા કરી કે;—"રાજબાળા મારી જીવન રક્ષક દેવી છે, તે આપણી પુત્રી બરોબર છે. તેની સાથે કોઇ વાતે જુદાઈ રાખવી નહિ." તેમને માટે એક નવો મહેલ બંધાવી આપ્યો. અજીતસિંહને પોતાનો પટાવત બનાવ્યો. ઉમરકોટ જીતી આપ્યું. આ રીતે એ નેક ટેક વાળાં પતિ પત્ની પોતાના ગુણ પ્રભાવ વડે ઉત્તમ સુખ સમૃદ્ધિને પામ્યાં.

અહો ! રાજબાળા ! તારા પાતિવ્રત્યની બલિહારી છે ! ! તેં સગપણ થતાંજ જેને પતિ માનેલો, તે પાછળથી જાગીર વિનાનો થયો, દ્રવ્યહીન થયો, દુર્બળ સ્થિતિમાં આવ્યો; તોપણ જાગીર, દ્રવ્ય અને સમૃદ્ધિના સુખ સામું જોઇ તજી નહિ દેતાં, તેનેજ વળગી રહી. વળી રખે પતિ પોતાની દુર્બળ સ્થિતિ જોઇ સગપણ તોડે, તે માટે તેમને તેમ નહિ કરવાની ભલામણ કરી હિંમત આપી અને છેવટ તેની સાથેજ પરણી; એટલુંજ નહિ પરંતુ સંસાર સુખ ભોગવવામાં પતિને વચને બંધાયેલો જોઇને જરાપણ ગભરાઇ નહિ, કે જુવાનીના જોરમાં સંસારના ક્ષણિક સુખમાં લુબ્ધ થઇ નહિ, પણ માત્ર એક પતિવ્રતા સ્ત્રીને છાજતા સર્વ ગુણો ધરાવીને પતિને વચન પાળવા હિંમત અને સલાહ આપી; અને તેમને પરદેશમાં સહાય થવા સાથે ચાલી નીકળી. અનેક સંકટો સહન કરીને તું તારા બુદ્ધિબળ ને પરાક્રમ વડે રાણાની "જીવન રક્ષક દેવી" બની. તેની કૃપા વડે પતિને વચન બંધનથી મુક્ત કરાવી; પછીજ ગૃહસ્થાશ્રમના સુખનો લ્હાવો લીધો. આ શું તારી ઓછી મહત્તા છે ? ધન્ય છે તને ! અને ધન્ય છે તારા પાતિવ્રત્યપણાને ! ! તારા જેવી પતિવ્રતા વીર સ્ત્રીઓ આ દેશમાં પુનઃ પાકો ! ! !

મુકતા.

આ મહા પ્રખ્યાત વીરસ્ત્રી ચિતોડના રાજાના મામા અમરસિંહ ચોહા-

ણુની પુત્રી હતી. અમરસિંહ કુટુંબ સાથે ચિતોડમાં રહેતો હતો. મુક્તાને મોતીઆ પણ કહેતા હતા. તે મહાસ્વરૂપવાન અને તેજસ્વિ હતી. તે અતિ સૌન્દર્યવાન હોવાથી આખા રાજપૂતાણામાં પ્રખ્યાત હતી. તેવીજ તેની કેળવણી હતી. જ્યાં સુધી તેની માતા કનકરોહિણી હયાત હતી; ત્યાં સુધી તેને કેળવણી સ્ત્રીને યોગ્ય આપવામાં આવતી હતી. પણ તે સ્વર્ગવાસી થયા પછી તેના પિતાએ શૂરાતનની સર્વપ્રકારની કેળવણી આપી હતી. સમશેર ફેરવવા, શિકાર કરવા, ઘોડા કૂદાવવાને ખેલવવા, અને શબ્દ વેધી બાણુ મારી નિશાન પાડવા, વગેરે નીકળામાં ઘણી કુશળ અને પ્રસિદ્ધ થઇ હતી. તેમજ તે નીતિવાન, તીવ્ર બુદ્ધિની ચાલાક, ઉત્સાહી, શૂરવીર, અને ધાર્મિક, વગેરે ઉત્તમ ગુણુ સંપન્ન હતી. અમરસિંહ તેને સદગુણુ સંપન્ન જોઇ ઘણો પ્રસન્ન થતો અને સર્વ વ્યવહારમાં એક લાયક સલાહકારની પેઠે તેની સલાહ લેતો હતો. તેના વડે તેની સર્વ ઇચ્છા પાર પડતી. ચિતોડના રાજાના કાકાનો પુત્ર કેશરીસિંહ હતો. તેની સાથે અમરસિંહને વેર હતું. મુક્તા એ વાત જાણુતી હતી. એક વખતે મુક્તા શિકારી પોશાક પહેરીને પિતાની સાથે જંગલમાં શિકારે ગઇ હતી. તેનો ઘોડો શિકાર શોધવાની ધુનમાં ધુમ મચાવતો જતો હતો. એ ધુનમાંને ધુનમાં પિતાની બાજુ તજી દઇ એક મહા અરણ્યમાં જઇ ચઢી. વનમાં પિતાથી વિખુટી પડી એક જંગલમાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં પેઠી. જંગલ ભયંકર હતું, ફાડી ખાનારા હિંસક પશુઓ ગર્જના કરી રહ્યાં હતાં. તેનો ભય નહિ રાખતાં હિંમત ભેર ઘોડો કૂદાવતી જતી હતી. તેવામાં અકસ્માત્ એક વિકાળ સિંહે ફાળ મારી ઘોડાના મસ્તકમાં પંજો માર્યો. ઘોડો ધસી પડવાની તૈયારીમાં હતો, તેવોજ સિંહ બીજી ફાળ મારતો મુક્તા ઉપર ધસ્યો, તેવીજ મુક્તાએ પોતાની કટાર તેની ગરદનમાં ખોસી દીધી. તેથી સિંહ વધારે વિકાળ બન્યો, જોરથી ભયંકર ગર્જના કરતો ઉછળ્યો, મુક્તા તેના પંજાના ભારથી પળમાં મુડદું થઇ પડત, પણ તેવામાં દૈવ ઇચ્છાથી વીજળી વેગે એક શૂરો રાજપૂત આવી ચઢ્યો. તે ઘોડેથી કૂદી પડતાંજ મુક્તાને તેનાપર બેસાડી દઇ, પોતે સિંહ સામો હરિફ થઇ ઉભો. આંખના પલકારામાં સિંહનો પંજો વાઢી નાંખી મુક્તાના હાથમાં આપતોજ જોત જોતામાં અલોપ થયો ! આ આશ્ચર્યકારક બનાવ પળમાં બન્યો. તેથી મુક્તા પોતાના રક્ષકને બરાબર ઓળખી ઉપકાર માની શકી નહિ, પણ જેના ઘોડા ઉપર સ્વાર થઇ હતી, તેના જીન અને શૃંગારથી જાણી લીધું કે એ કોઇ રાજ વંશી રાજપૂત છે. વળી બાજુએ આવી સિંહનો વધ કર્યો, એ વેળા તેની કલંગી હવામાં ઉડતી સ્પષ્ટ જોઇ હતી. તેથી તેના મુખની છબી તેના નેત્રમાં પાકા પ્રેમથી પડી રહી હતી. મુક્તા ઘાયલ થયેલા સિંહને જોઇ તરવારના ઘા તપાસતી હતી, તેવામાં અમરસિંહ આવ્યો. તેણે એક બાજુ મુક્તાનો મસ્ત ઘોડાને બીજી બાજુ

વિકાળસિંહ મૃત્યુ વશ થઇ પડેલા જોયા અને પોતાની પ્રિય પુત્રીને કોઇ અતિ પાણી વાળા તેજસ્વી ઘોડે બેઠેલી જોઇને અતિ આશ્ચર્ય પામ્યો; પરંતુ કાંઇ વાત નહિ પૂછતાં જાણે પોતાની પુત્રી ને કાંઇ પણ વિઘ્ન વિત્યુંજ નથી, તેમ ગંભીરપણે પોતાનો ઘોડો આગળ ચલાવી દીધો. મુક્તાપણ સાથે ચાલતી થઈ અને બંને શહેરમાં આવ્યાં.

અમરસિંહ પોતાના વેરી કેશરીસિંહ ઉપર ગુસ્સે હતો. તેનો નાશ કરવાને યુક્તિઓ શોધ્યા કરતો હતો. એક વખતે શત્રુના વિનાશ માટે કાળીચૌદશની મધ્ય રાત્રિએ મંત્ર તંત્રની વહેમી ક્રિયા કરવાને મશાણમાં ગયો હતો. ત્યાંથી થોડે દૂર એક યોગી મંત્ર તંત્રની ક્રિયા કરતો બેઠો હતો. તે અમરસિંહને પોતાની ક્રિયા ભંગ કરવા આવેલો જાણી ગુસ્સે થયો, ને તેને બેભાન કરી તેની છાતી ઉપર ચઢી બેઠો. લોખંડનું દંડુકું તેનું મસ્તક ફાડી નાખવાને ઉંચક્યું. આ ધીંગાણામાં ભોંય ઉપર પડતી વેળાએ અમરસિંહે એક ચીસ પાડી હતી. તે એક રાજપૂત સ્વારને કાને પડી, કે તે એ અવાજ ઉપર ઘોડો કૂદાવતો આવ્યો. તે વેળાએ એક યોગિના પગ તળે રાજપૂત યોદ્ધો પડેલો જોયો. તેના મસ્તકનો ચૂરો થવાને વાર નહોતી. તે જોતાંજ એ વીજળી વેગે પાસે આવ્યો. તુરત યોગિએ ઉંચકેલો લોખંડ દંડુકો ખેંચી લઈ બાજુએ ફેંકી દીધો, ને એક જોસથી એવીતો લપડાક લગાવી કે તે પણ છેટે જઇ પડ્યો. પડેલા યોદ્ધાને ઉઠાડી ચેતવ્યો કે;— વીર અમરસિંહ! મશાણ આપને છાજતું નથી!! ઉઠો ને મહેલમાં જાઓ! આ સમશેર લીઓ, તે તમને ઉપયોગી થઇ પડશે. એમ કહી પોતાની સમશેર આપીને ઘોડો ફેરવ્યો કે, પુર્ણિમાના ચંદ્ર સરખી તેજસ્વી સુંદરીને સુશોભિત વસ્ત્રાલંકાર પહેરી ટગર ટગર જોતી ઉભેલી દીઠી. તે સુંદરીએ શરીરપર તેજસ્વી કવચ પહેરેલું હતું, હાથમાં રત્ન જડીત મૂઠની તરવાર હતી. તે વીરતેજ ભભુકે દુશ્મનના લોહીમાં પ્રવેશ થવાને તરસી તલપતી હતી. એ સુંદરી તે અમરસિંહ ચૌહાણની વીરપુત્રી આ મુક્તાજ હતી. તે પોતાના પિતાને મધ્યરાત્રિ વિત્યા સુધી આવેલો ન જોવાથી ચિંતાતુર બની આવી હતી. તે પોતાના પિતાને છોડાવનારનો શબ્દ સાંભળી ચકિત થઈ ઉભી હતી. જ્યારે તે સ્વારનો ઘોડો પાછો ફર્યો, ત્યારે તેને ઓળખી લેતાંજ તેના મુખનું તેજ ઝાંખું થયું. તેનાં લોચન જડ પદાર્થ સમાન ઠરી રહ્યાં. પોતાના આગલા બચાવનાર ને હાલના બારીક સમયમાં પોતાના પિતાને બચાવેલો જોઇ વિધાત્રીની રેખાને બળવંત માનવા લાગી. પણ વિધાત્રી એ રેખાનો શો અંત લાવશે, તે બિચારી મુક્તા જાણતી નહોતી. પોતાને બેવડા ઉપકાર કરનારનો ઘોડો જેવો આગળ ચાલ્યો, તેવીજ તે પોતાના ઘોડાને એડી મારતીજ ચાતુર્ય દાખવતી આડે પડી બોલી;—"ઓ શુરા રાજપુત! તારી શૂરી ચાલને યશસ્વિ બહાદુરીએ મારા પિતાને આ અણીની વેળાએ કીંમતી મદદ

કરી, તેના બદલામાં આ મારી 'રત્ન મુદ્રિકા' તું રાખ. મને તેં ગઇ સવારે સિંહથી ઉગારી તેનો બદલો તેવાજ કોઇ બનાવથી વાળું નહિ, ત્યાં સુધી હું તારી કરજદાર છું. ઇશ્વર તને એવડું શુરાતન દીઓ. જેઓ શુરાને યુદ્ધમાં એક્કા છે, તેઓને સહાય થવાને તું ભાગ્યશાળી ઠર્યો છે." એટલા શબ્દો પુરા થતાંજ અમરસિંહ આવતો નજરે પડયો, કે પેલો શૂરો રાજપુત સ્વાર ત્યાંથી ગુમ થઇ ગયો. મુક્તા અમરસિંહ સાથે મહેલમાં આવી. અમરસિંહે મહેલમાં દાખલ થતાંજ પેલા શૂરા રાજપુતની આપેલી તરવાર ખૂણે ફેંકી દીધી. તેની લંબાઇ, તેજને પાણી તેના માલેકની યુદ્ધ શક્તિનો ભાસ દેખાડતી હતી. એ તરવાર મુક્તા પોતાની મેડીએ લાવી ફેરવવા લાગી, તો તે ઉપર "સિંહને કાળજે ખોસેલી સમશેર" એવી નિશાની હતી, પણ આવેળાએ તે યાદ આવી નહિ.

અમરસિંહ ચોહાણ અને કેશરીસિંહ રાઠોડ બંને ચિતોડના વૃદ્ધસેનાપતિઓ હતા. કેશરીસિંહ પોતાની જગ્યો પોતાના પુત્ર યુદ્ધસિંહને અપાવી પોતાની બાકીની જીંદગી એકાંતમાં ગાળવાને રાજાની રજા લઇ પોતાની જાગીરમાં જવાનો હતો. યુદ્ધસિંહ યુવાન, ખુબ સુરત, મર્યાદશીળ, શૂરો, તેજસ્વી, અને કદાવર બાંધાનો હતો. તેને જોઇ સૌ છક થતા. રાજા તેને માન આપી સત્કાર કરતો. તે યુદ્ધસિંહને જોઇ જુદાજ વિચારમાં ગરક થયો હતો. એ યુવાન જો મારી ગુપ્ત વાતનો તાબેદાર થાય તો પછી મારા રાજ્યના બે મોટા રક્ષણ કરનારાને મેં લાયક બદલો આપ્યો ગણાશે. અમરસિંહ અને કેશરીસિંહ સ્હેજ વાતના અભાવથી વેરમાં વિંટાઇ ગયા છે! જો હું યુક્તિ કરી અમરસિંહની પુત્રી મુકતાને કેશરીસિંહના પુત્ર યુદ્ધસિંહ સાથે પરણાવું તો આ બંને શૂરાઓ વેર મૂકી દઇને સગાઇના સ્નેહમાં જોડાય તો આનંદ પ્રસરી રહે. મહારાજાનો આ વિચાર ઘણો ઉત્તમ હતો. મુક્તા પણ યુદ્ધસિંહને ચાહતી હતી. તેજ યુદ્ધસિંહે મુક્તાને સિંહના પંઝામાંથી અને તેના પિતાને યોગિના પાસમાંથી બચાવ્યો હતો. આ ઉપકારનો બદલો વાળવાને મુક્તા તત્પર હતી. યુદ્ધસિંહ નીતિનિપુણ, ધર્માત્મા, સત્યવાદી, શૂરવીર અને બહાદુર યોધ્ધો હતો. તે પિતાના અયોગ્ય વેરને તાબે નહોતો. કેશરીસિંહ અમરસિંહનો મહેલ બાળી તેના કુટુંબનો નાશ કરી પોતાની જાગીરમાં જવાની તૈયારીમાં હતો. તે એક વખતે લાગ જોઇને અમરસિંહનો મહેલબાળી ચિતોડને દરવાજે સૈન્ય લઇ ઉભો રહ્યો. અમરસિંહને ખબર થતાં તે પણ તેને અટકાવી વેર લેવાને આવ્યો. મુક્તા પણ પિતાજી સાથે અગાઉથી યુદ્ધ પોશાક પહેરી તેનો માર્ગ રોકી ઉભી હતી. ચિતોડનો મહારાજા અમરસિંહનો મહેલ બળતો જોઇ સમજ્યો હતો, કે અમરસિંહને તેની કુવરી મુક્તા બંને બળી ભસ્મ થયાં હશે. તે ઉપરથી એ કેશરીસિંહ ઉપર ઘણો ગુસ્સે થયો હતો, ને તેને શિક્ષા કરવાને તૈયાર થયો. યુદ્ધસિંહને બોલાવી કહ્યું;—" યુવાન શૂ-

હોડ ! આ વેરમાં મારે રાજા તરીકે ન્યાય કરવો છે. માટે તું જોઇએ તે પક્ષમાં ભાલો ચલાવ ! તને તારી મરજી પ્રમાણે કરવાની મારી રજા છે." યુદ્ધસિંહ બોલ્યો;—રાજાજી ! હું આ યુદ્ધમાં કશીગિશાતમાં નથી, મારે એક ઋષિ સમાન થઇને પથ્થરની પેઠે ઠરી બેસવાની ઇચ્છા છે." એમ કહેતાંજ રાજાને પ્રણામ કરી ચાલતો થયો.

આ વખતે જોસથી યુધ્ધ ચાલ્યું. મુક્તાના મારથી કેશરીસિંહના ઘણા યોધ્ધાઓ મરણ પામ્યા, કેશરીસિંહ જોસમાં આવ્યો, તેણે અમરસિંહ ઉપર સમશેર ચલાવી, તે તેની ઢાલ કાપી તેના મસ્તકને ભેદત, પણ એટલામાં મુક્તાએ વચમાં પોતાની ઢાલ આડી મુકી તેના ફટકાને નાગરદો કર્યો ! હવે મુક્તા હરિફ થઇ સામે ઉભી. તે સુંદરીને જોઇ કેશરીસિંહની ચક્ષુ અંજાઇ ગઇ, તે ઘડી ભરતો જોતોજ રહ્યો. એ વખતે ત્યાં અંધકારમાં જેમ અજવાળું વ્યાપી રહે, તેમ કેસરીસિંહ તેના રૂપ તેજ ઉપર તાજ્જુબ થયો, તે વિચાર કરવા લાગ્યો કે;—આ યુધ્ધરવિ અપ્સરા મુક્તાજ હોવી જાઇએ. જેણે પોતાના પિતાનું મારી વેર વસેલી ધુમતી શિરોઇથી રક્ષણ કર્યું ! આ જોરાવર રાજપૂતાણી શું મારા વેરનો ભોગ થાય ? એમ વિચારતાં કેશરીસિંહને અકલ કે હોંસ રહ્યા નહિ. તેના પોલાદ જેવા બાંધામાં જાણે કેમ ઘા થઇ રોમેરોમ લોહીની ધારા વહેવા લાગી ન હોય ! કેમ જાણે તેનું મગજ ખશેલું નહોય, પણ તેમ નહોતું. તે વેર કે શૂર સર્વ ભૂલીજઇ મુક્તાનો કોઇ ખેરખાં હોય એવો ગળી રહ્યો હતો. તેનું કારણ તે પોતાના પુત્ર યુધ્ધસિંહને સંભારી કાંઇ આશામાં ગરક લાગતી હતી. આ હાલત વધારે વખત રહી નહિ. અમરસિંહ થોડી નિરાંત પામ્યો, કે ફરી વેરમાં શિરોઇ ઉગામી બોલ્યો;—એ માનવ ! આ સામે આવેલા તારા મૃત્યુને જો ? એમ કહેતાંજ સિંહ સમ કૂદીને કેશરીસિંહ ઉપર કળાથી ઘા માર્યો, પણ તે બરાબર લાગ્યો. નહિ તેવામાં કેશરીસિંહની શિરોઇનો સપાટો પડતાં, અમરસિંહ મસ્તક ભેદાતાં મૃત્યુની અણી પર આવી ભૂમિ ઉપર ટગર ટગર જોતો પડ્યો.

મુક્તા આ દેખાવ જોઇ ક્રોધમાં વ્યાપી સ્વચ્છ અગ્નિ સમ થઇ રહી. પિતાએ આ વેળા હરિફાઇમાં વચ્ચે નહિ આવવાનો ઇસારો કર્યો હતો. તેથી હુકમને માન આપી ઉભી હતી, પણ જ્યારે પોતાના પિતાનું જોર જતું રહ્યું, ને મૃત્યુની અણી ઉપર આવેલા જોયો, ત્યારે સિંહ માફક કુદી લાડવેરી દષ્ટિ સામે આવી બોલી;—" એ કીર્તિમાન રાજપુત ! મારા પિતાનું વેર તેના આત્માને મૃત્યુના મહિમામાં માન સહિત ગરક કરે, તે આગળ તેની એકની એક પુત્રીના શિરોઇથી સાવચેત રહે ? પણ જો આ ઝટકામાંથી તું બચ્યો, તો એમ જાણજે કે આ પૃથ્થી ઉપર કોઇ ખરો રાજપૂત જન્મી નામ કાઢી મુઓ હોય તો તે તું એકજ છે ! અરે યુદ્ધ વીર વેરી ! મારી શિરોઇમાં મારા પિતાનું વેર

અને મારા બાળી ભસ્મ કરેલા મહેલનું વેર એવું ચળકે છે કે, તુ એકને બદલે એક હજાર માથાનો અને એક હજાર હાથનો હોય; તોપણ આ રણસંગ્રામમાં આ રાજપૂતાણીની શિરોઇથી લીંબુના બે ફડચાંની પેઠે કપાઇ પડયા વિના રહેનાર નથી. અરે! સંભાળ શિરોઇ આ રાજપૂતાણીની ?!" એવો અવાજ સાંભળતાં જ કેશરીસિંહનો રાક્ષસી બાંધો તોફાનમાં દ્રાક્ષના વેલાની માફક ધ્રુજવા લાગ્યો. જ્યારે મુક્તાનો ગંજાવર ઘોડો, પાષણ કાપે એવી સમશેર અને રાક્ષસ બેસી નિ-શ્ચિંત ઊંઘે એવું જીન જોયું; ત્યારે તુરત તે આંખો વીંચી ગયો. મૃત્યુને ભેટતો ને ઇશ્વર ભક્તિના શ્લોક બોલતોજ પથ્થર કરતાં પણ મજબૂત ઢાલ પોતાને માથે પકડી ઉભો રહ્યો, પણ વેરની અગ્નિએ ધીકતી મુક્તાએ મહાન્ દેવતાઇ બળે ઓ ઇશ્વર! એવા ભૈરવ અવાજે ગર્જના કરી સમશેર એવી કળાને બળથી ફેરવી લગાવી કે, કેશરીસિંહની ઢાલ, હાથ, મસ્તકને છાતી ચીરી શરીરને ઘોડાને કાપી બરાબર એક કેશરીસિંહના બે કેશરીસિંહ સ્વારો કરી નાખ્યા. તે જોતાંજ મૃત્યુના અંત ઉપર આવેલો અમર સિંહ "શાબાશ! શાબાસ!! પુત્રી તને ધન્ય છે!!! એટલું બોલતાંજ આનંદમાં મૃત્યુ પામ્યો.

ચિતોડનો મહારાજા હજુ જાણતો નહોતો કે અને વેરીઓ ભૂમિપર પડ્યા છે. તે તો જાણતો હતો કે કેશરીસિંહ નાશી જાયછે, તેને ઘાયલ કરી પોતાની પાસે લાવવાની ઇચ્છા હતી. તેથી રાજા સૈન્ય લઈ આવ્યો. દરવાજા આગળ આવતાંજ ધનુષ્ય ખેંચી હજારો બાણ વષાવવા લાગ્યો. આ જોઇ મુક્તા સમ-જવામાં ભૂલી. તેણે હજુસુધી રણસંગ્રામમાં યુદ્ધસિંહને જોયો નહોતો. તેથી આ નવો રંગ તે તરફનો સમજી દીલગીર થઇ. આ વખતે તેના શરીરમાં રોમે રોમ તીર પ્રવેશ થયાં હતાં. લોહીનાં ટીપાં ટપકતાં હતાં. એવી અવસ્થામાં તેણે પિ-તાનું વેર પૂરૂં ભજવવાનો નિશ્ચય કર્યો. સિંહણ માફક ગર્જના કરતાં પોતાના ર-ક્ષકો સાથે યુદ્ધ સંગ્રામમાં ઝીપલાવી દીધું! તેના ઝેરી બાણથી ઘણાં માણસો નાશ પામ્યાં. થોડો વખત બાણના યુદ્ધમાં નામના મેળવ્યા પછી શહેરના દરવાજા ઉપર ચઢી જઇને બાણ વર્ષાવવા લાગી. એ જોઇ મહારાજાનું લશ્કર ભયભિત થયું. મહારાજા સિવાય જેને જેમ ફાવે તેમ નાશી જવા લાગ્યા. કોઇપણ યોદ્ધાની હિંમત શૂરવીર મુક્તાની દૃષ્ટિએ પડવાની ચાલી નહિ. મહારાજા તો શૂરવીર મુક્તાને આ દુનિયાની માનવી છળી માનવાને વહેમાયો; કેમકે તેણે તો પોતાની નજરે અ-મરસિંહનો મહેલ બળી ગયેલો જોયો હતો, તેમાં મુક્તાને પણ બળી ભસ્મ થયેલી સમજતો હતો. તે મુક્તાને આ વેળા એ જોઇને આકાશથી જાણે વેરની ભૂખી ઉતરી આવેલી કોઇ દેવી સમજવા લાગ્યો. તે મોહિનીનું અંગ કેવળ કસુંબા જેવું થઇ વીજળી સરખું ઝગ ઝગતું હતું. તે મોહિનીની આંખમાંથી અગ્નિના ભડકાની ઝળેળ હતા, તે જાણે દરવાજા ઉપર યજ્ઞનો અગ્નિ કુંડ રચાયો હોય નહિ, તેવા

કૌતૂક સમાન દિશતું હતું. સૈન્ય નાશવાથી મહારાજા એકલો રહેલો જોઇ મુક્તા થોડો વખત તો પોતાના વિચારમાં ગરક રહી, પણ પછી પોતાની ચેહ રચવાનો હુકમ કર્યો. પોતાના પિતાને અગ્નિદાહ દેવાને દરવાજા ઉપરથી હેઠે ઉતરી, જાતે શુરાઓનાં શબ ચેહમાં મૂકી બાળ્યાં. પછી પોતાના પિતા ને તેના શત્રુ કેશરીસિંહ નાશબ સાથે મેલી અગ્નિ મૂકયો. તે વેળાએ અગ્નિ ઉછાળા કરી–જેમ દારૂ ગોળો પથ્થરને ઉડાવે, તેમ પોતાના પિતા અને ધારી રાખેલા સસરાના અંગને બાળી ભસ્મ કરવાને વધી ગયો; ત્યારે પોતે જે અંબે ! કરતી ચિતામાં કૂદી પડી. છેલ્લી નજર કરી આ સૃષ્ટિને જોતાં જેને પોતે મનથી પતિ તરીકે માની ચૂકેલી હતી, તે યુદ્ધસિંહને શુદ્ધરણસંગ્રામમાં ઉભેલો જોયો. તે વેળા પોતે અગ્નિને અર્પણ થતાં, તે મહાશૂરા યુદ્ધસિંહને હસીને બોલી;—"ઓ શુરા યુદ્ધસિંહ ! તમો આ દુનિયામાં યશ મેળવનાર રાજપૂત કહેવાજો. આપણા મહારાજાને કહેજો કે રાજપૂતોના માંહો માંહેના વેર વચ્ચે રાજપૂત રાજાએ હથિયારથી કોઇ કાળે પણ વચ્ચે આવવું નહિ. જે બાણો તમે ફેંકયાં છે તે બાણો તમારા મોટા કલ્યાણી રક્ષકોના બદનમાં પ્રવેશ થઇને આ અગ્નિમાં પીગળી તમારા ઉપર થયેલા ઉપકારના પટ લેખ કોતરે છે." એ પ્રમાણે બોલતાંજ અગ્નિએ તેની જીભ ઉપર પોતાનો દોર ચાલુ કર્યો. યુદ્ધસિંહ જેને પોતે પત્ની કરવાને પ્રેમથી ચાહતો હતો, તે મુક્તાની મહાબળવંત તેજસ્વિ કાન્તિને કપુર સમ બળતી જોતોજ ઉભો રહ્યો. શુરાઓને બળી ભસ્મ થવાનો મેળો જોઇ રહ્યો. પછી પોતાના પિતા અને મનથી માની લીધેલા સસરા અમરસિંહની બળતી ચિતાને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ફરી મુક્તાની ચિતા ભસ્મ સામું જોયું, ચક્ષુમાંથી અશ્રુજળ પાડતાંજ પોતાનો ઘોડો પવન વેગે દોડાવી મૂકયો ! કયાં ગયો તેની ખબર પડી નહિ. મહારાજાએ ઘણી શોધ કરાવી, પણ ફરી તેનો આ સૃષ્ટિમાં કશો પતો લાગ્યો નહિ. આહા ! શું પ્રેમ ! ! !

મહારાજા પણ મુક્તાએ ચેહમાંથી કહેવડાવેલો સંદેશો સાંભળી ઘણો ઉદાસ રહેવા લાગ્યો. શોકથી પ્રતિદિન શરીર ક્ષિણ થતાં રાજ પાટ પ્રધાન મંડળને સોંપી ઇશ્વર ભજન કરવાને વનમાં જઇ રહ્યો. એ રીતે વીર મુક્તા પોતાની વીરતા બતાવી અમર કીર્તિ રાખી ગઇ છે. જે અદ્યાપિ પર્યંત ચિતોડમાં "દેવી" તરીકે પૂજાય છે. ધન્ય છે તેને ! ! !

વસંતમાળા.

આ પવિત્ર મનની પ્રખ્યાત્ વીરસ્ત્રી જેસલમેરના રાજાની પુત્રી હતી. આ વીરબાળા બાળપણમાં સારા સહવાસમાં ઉછરી કેળવણી પામી હતી. એ મહા સૌંદર્ય

વાન, બુદ્ધિશાળી, નીતિપુણ, ધાર્મિક, હિંમતવાન, શૂરવીર, ચાલાક, ખંતી, ટેકીલી, સત્યપર પ્રેમી, અને ઉદાર હતી. દિલ્લીમાં **અકબર** પાદશાહ નવરોજનો મેળો ભરતો. મોટા રાજાની રાણીઓને પરણ્યા પછી એ મેળામાં દિલ્લી જવું પડતું. એ વાતપર આ સાધ્વી સ્ત્રીને ધિક્કાર હતો. મોટા રાજાને પરણ્યાથી દિલ્લી જવું પડે, તેથી તેણે કોઇપણ ઘરધણીને અગર નાના રાજાને પરણવાનો નિશ્ચય કર્યો હતો. આ વાત જોધપૂરના રાજા **અભેસિંહ**ના જાણવામાં આવતાં, તેણે વસંતબાળાને કહાવી મોકલાવ્યું કે જો તમે મારી સાથે પરણશો, તો હું તમને દિલ્લી નહિ મોકલું, પણ આ ચતુર બાળા તેમના બોલવાપર છેતરાય એવી નહોતી. તેને પોતાની ટેક રાખવા ઘણી ખંત હતી. તે એ વખતના રાજાઓને જાણતી હતી. તેથી તેણે ધીર વીર ને ટેકી પુરૂષ **કલાજી**ને જાગીન માગ્યા. જોધપૂરના રાજાના આગ્રહથી કલાજીએ વચન આપ્યું. આપરથી વસંતબાળા તેની સાથે પરણી. ચાર માસ સુખચેનમાં ગયા કે રાજાને દિલ્લી જવું પડયું. એ વખતે વસંતબાળાને કહેતો ગયો; કે જો હું મારી રાજમુદ્રા—વીંટીનો સિકકો કરી પત્ર લખું તોજ તારે દિલ્લી આવવું. એમ કહી કલાજી સાથે દિલ્લી ગયો. પાદશાહને કો[illegible]ર્યો કે જોધપુરનો રાજા ભટીયાણીને પરણ્યો છે, પણ તેને આપને નવરોજે મોકલી નથી. એ જાણી પાદશાહ ગુસ્સે થયો. જોધપૂરના [illegible] કહ્યું કે—ભટીયાણીને નવરોજે મોકલો, નહિતો [illegible] કરશો. રાજા ડરી ગયો. તેમની હિંમત સામે થવાની થઇ નહિ. તેમ કલાજીને પણ એ વાત જણાવી નહિ; પરંતુ વસંતબાળાને ખાનગી એક પત્ર લખી દિલ્લી આવવા જણાવ્યું. તે પતિવ્રતા હતી. પતિના આવા પત્રથી તેને પગથી માથા સુધી અગ્નિ જવાળા પ્રકટી, પરંતુ ધીરજ રાખી વિચાર કર્યો, કે હવે જે બનવાનું હતું તે બન્યું. પણ જો હું હાલ દિલ્લી નહિ જાઉંતો મારા પતિ અને કલાજીને એકદમ કેદ કરી લેશે, તો સર્વ ધારણા અફળ જશે. માટે હવે એક વખતતો દિલ્લી જઇ પતિને મળવું, પછી સર્વ સારૂં થઇ રહેશે. એવા વિચારથી દિલ્લી જવા તૈયાર થઇ. આ ખબર પાદશાહને થયા. નવરોજના મેળામાં સર્વ રાજાની રાણીઓને આવવાનો નિયમ હતો. તે નિયમ પ્રમાણે વસંતબાળા આવી નહિ. તેથી પાદશાહ પોતાનું અપમાન કરેલું સમજી ગુસ્સે થયો. તે આવે કે તેને એક રૂપવાન અને કુચ્છંદી કાલુખાન નામે નવાબને બક્ષીસ આપવાનો નિશ્ચય કર્યો. કાલુખાન નવાબ ખુશી થતો હતો. વસંતબાળા દિલ્લીને દરવાજે આવી. પાદશાહના સિપાઇઓ તેને લેવાને ઉભા હતા. તેઓ તુરત તેને પકડીને એ કુચ્છંદી નવાબની હવેલીમાં બારોબહાર લઇ ગયા.

વસંતબાળા શુદ્ધ ક્ષત્રાણિ, પતિવ્રતા, ચતુર, હિંમતવાન અને શૂરવીર હતી. તે સમજીકે દગો થયો છે, હવે શું કરવું? વિચાર કરતાં તેણે કલાજીને ખબર આપવાની યુક્તિ કરી, દાસીને કહ્યું કે;—"દાસી! પાદશાહે નારાજ થઇને

આપણને કાલુખાનને સોંપ્યાં છે. હવે પરમેશ્વર આપણી લાજ રાખશે, નહિતો મારે મરવું છે. તું કલાજીને શોધી તેની પાસેજા ને સર્વ ખબર આપ. ” દાસી ઘણી ડાહી અને ચાલાક હતી. તે ડોઢી ઉપર આવી, ત્યાં સિપાઇઓએ રોકી. દાસીએ કહ્યુંકે;—ભટીયાણીજીને કાંઇ ચીજ વસ્તુ બજારમાંથી જોઇએ તે માટે દશ વખત જવું આવવું પડશે. એપરથી સિપાઇઓએ જવા દીધી. કલાજીની હવેલી પાસે હતી, ત્યાં પૂછતી પૂછતી ગઇ અને સઘળી વાત જણાવી વાકેફ કર્યો. તે સાંભળીને, એ ઘણો ગુસ્સો કરી બોલ્યો;—“જો મને પ્રથમથીજ ખબર આપ્યા હતે, તો હું ભટીયાણીજીને દિલ્લીની ભર બજારમાંથી લઇ જાત, પણ હવે નવાબની હવેલીમાં ગયા પછી શું કરૂં ? પણ ફિકર નહિ. એટલું બોલી દાસીના કપડાં ઉતરાવી પોતે પહેરી લીધાં. દાસીને કહ્યું કે;—તું અહીં ઉભી રહે, હું રાણીને મોકલુંકે તું તેને મારી હવેલીમાં તેડી જાજે, એમ કહીને તે શૂરવીર પુરૂષ દાસીને વેશે કાલુખાનની હવેલીમાં બેઠો. ભટીયાણીજીએ પગના ધબકારાથી જાણ્યુંકે કલાજી આવે છે. કલાજી આવ્યાકે ઉભી થઇ કહ્યુંકે;—ભાઇ ! તું આવ્યો ખરો, પણ મારીતો આ દશા થઇ છે, હવે મને કોઇ રીતે અહીંથી કાઢ. કલાજીએ તેને ધીરજ આપી કહ્યુંકે;—હું નવાબને મારીને આવુંછું, તમે દાસીના કપડાં પહેરીને બહાર જાઓ, ત્યાં દાસી ઉભી છે તે મારા મહેલમાં લઇ જશે. રાણી વસંતબાળા પણ કાંઇ કાચી નહોતી. તે ઘણી ચંચળ અને ચતુર હતી, ગફલતથી ગભરાઇ બેસી રહે તેવી નહોતી. તુરત તેણે હિંમતથી પોતાનાં અમૂલ્ય વસ્ત્રાલંકાર ઉતારી દાસીનાં કપડાં પહેર્યાં. ડોઢી ઉપર આવી ત્યાં દરવાને પૂછ્યું કે, વળી કયાં જાઓછો ? તેણે કહ્યું; નવાબ આવે છે તે માટે બાઇ સારૂ દારૂ લેવા જાઉંછું. એમકહી બહાર નીકળી. હવેલીથી થોડે દૂર દાસી ઉભી હતી, તે તેને કલાજીની હવેલીમાં તેડી ગઇ અને ભટીયાણીજી પાસેથી પોતાનાં કપડાં પહેરી પાછી કાલુખાનની હવેલીમાં જ્યાં કલાજી રાણીના વસ્ત્રાલંકાર પહેરી બેઠા હતા, ત્યાં આવીને નીચેના માળમાં બેઠી. થોડી વારમાં નવાબ ભટીયાણીજીને ભેટવા નિશો કરી આવ્યો. રાણી વેશે આડું ઓઢી બેઠેલા કલાજીએ હાવભાવ બતાવી ફરી ખૂબ નિશો કરાવ્યો, જ્યારે તે બેશુદ્ધ થયો, ત્યારે પોતે કટાર છૂપાવીને લઇ ગયો હતો, તેનાં વડે એ પાપી નવાબને પૂરો કર્યો. પછી કલાજીએ રાણીનાં વસ્ત્ર ઉતારી દાસીના વસ્ત્ર પહેરી લીધાં અને નીચે ઉતરી દાસીને કહ્યુંકે;—કોઈ પૂછેતો મારૂં નામ દઇશ નહિ પણ જો તને ખુબ મારે, તો કહેજે કે કલાજી નવાબને મારીને ભટીયાણીજીને લઇ ગયો છે. એમ કહી નીચે આવ્યો; ત્યાં ડોઢી વાળે કહ્યું, વળી કયાં જાઓછો ? જવાબ આપ્યો કે દારૂ ખૂટ્યો છે તે લેવા જાઉંછું. એમ કહી પોતાની હવેલીમાં આવ્યો. વસંતબાળાએ પુરૂષનો પોશાક ધારણ કર્યો. પછી બંને ઘોડે સ્વાર થઈ દિલ્લીથી ભાગી નીકળ્યાં. મારવાડમાં આવી સવિયાણાના જીતી નશકાય એવાં

મજબૂત કિલ્લામાં ભરાઇ બેઠાં. આખી મારવાડમાં સાંઢણી ફેરવી શૂરવીર મરણિયા રાજપૂતો એકઠા કર્યા. આખી મારવાડમાં હાક વાગી. વસંતબાળાને પણ રોમેરોમ ક્રોધાગ્નિવ્યાપી ગયો હતો, તે પોતાની આબરૂ જાળવવાને વીર સાજ સજી યુદ્ધ કરવાને તૈયાર થઇ રહી હતી.

વસંતબાળા અને કલોજી દિલ્લી છોડી ગયા. દાસી નીચેનામાળમાં હતી. સવાર થયું પણ નવાબ ઉઠયો નહિ. તેથી તેના સિપાઇઓ ઉપર જોવાને ગયા તો નવાબને મરણ પામેલો દીઠો. આ ખબર પાદશાહને આપવાથી તેનાં માણુસો તપાસ કરવાને આવ્યાં. દાસીને ઘણું પૂછવા માંડયું, પણ તે એકની બે થઈ નહી, પણ જ્યારે તેને સખ્ત માર મારવા માંડયો; ત્યારે જેવું બન્યું હતું તેવું કહી દીધું. આ સાંભળી પાદશાહ ઘણો ગુસ્સે થયો. તુરત બાવીશ હજાર યોદ્ધાઓને તૈયાર કર્યા અને એકદમ મારવાડમાં આવી સવિયાણાના કિલ્લાને ઘેરો ઘાલ્યો. મહા ભયંકર યુદ્ધ મચ્યું, વીર વસંતબાળા પોતાનું વેર લેવાને ઘોડાપર સ્વાર થઇ યુદ્ધમાં ખીજાયેલી સિંહણની પેઠે ભયંકર ગર્જના કરતી ઘુમવા લાગી. મેઘ ગર્જનાની પેઠે લલકારી પોતાના યોદ્ધાઓને શૂર ચડાવતી હતી. કિલ્લાની અંદર વીશ હજાર યુદ્ધશીલ મરણિયા રાજપૂતો હતા. તેઓ સર્વે પોતાની રાણી વસંતબાળાની યુદ્ધ ચાતુર્યતા જોઇ બમણા શૂરથી લડતા હતા. બહાદુર રાણી વસંતબાળાના તીક્ષ્ણ શસ્ત્રોના મારથી શત્રુનાં માણુસો ટપો ટપ પડતાં હતાં. વીર રાજપૂતોએ પાદશાહના સૈન્યમાંથી ઘણાં માણુસોનો નાશ કર્યો. એક મહિના સુધી લડાઇ કરી પાદશાહને સારી પેઠે હંફાવ્યો. પાદશાહે સોગન લીધા કે;—"સવિયાણાને ભેળ્યા સિવાય હું રોટી ખાનાર નથી." એ રીતે પણ લઇ ત્રણ દિવસ સુધી લડાઇ કરી. તેમાં તેના સૈન્યનો કચ્ચર ઘાણુ નીકળી ગયો, તોપણુ કાંઇ વળયું નહિ. હજુરનાં માણુસોએ પાદશાહને જમવા માટે ઘણું કહ્યું, પણ જમ્યો નહિ. ડાહ્યા માણુસોએ વિચાર કર્યો કે કિલ્લો લઇ શકાય તેમ નથી, ને પાદશાહ ભૂખ્યો મરી જશે. એમ વિચારી પાદશાહને કહ્યું કે;—"આપ ધૂળનો કોટ કરાવી તેનું નામ સવિયાણું પાડો, એ ભેળવી આપ રોટી જમો ! એ વાત તેમને ગમી ને પોતાની ટેક રાખવા એ વચન માન્ય રાખ્યુ ! ધૂળનો સવિયાણો તૈયાર કરાવીને બીજે દિવસે તે ભેળવવાનો વિચાર કર્યો. તે વાત કલાજી અને વસંતબાળાના જાણુવામાં આવી. તેણે તે ધૂળનો સવિયાણો પણ ભેળવવા નહિ દેવાનો વિચાર કર્યો. તેઓ એકહજાર રાજપૂતો, સાથે લઇ, જ્યાં ધૂળનો સવિયાણો કર્યો હતો ત્યાં રાત્રે જઇ પડાવ રાખ્યો. બીજે, દિવસે પાદશાહની ફોજ ધૂળના સવિયાણા ઉપર આવી કે માંહેથી બંદૂકોનો મારો, ચાલ્યો, ને જબરૂં યુદ્ધ થયું. તેમાં હજારો યવનોનું કાસળ કાઢી રાજપૂતો કિલ્લામાં, જતા રહ્યા. પાદશાહ આ વીર ક્ષત્રાણીની બહાદુરી જોઇ ઘણો ચકિત થયો ! ઘણી મહેનત કરી પણ કિલ્લો લેવાયો નહિ. પાદશાહ નિરાશ થયો, તેને પોતાની આબરૂ

ગુમાવી પાછા જવું ભારે શરમ જેવું થઇ પડયું. કશો ઉપાય નહિ જોયાથી તેણે જેપૂર અને જોધપૂરના રાજાને બોલાવ્યા. તેઓને વચ્ચમાં પડી સમાધાન કરવાને મોકલ્યા; પણ કલોજી અને વસંતબાળા એક ટળી બીજાં થયાં નહિ.

વસંત બાળાને પાદશાહે કરેલું અપમાન હાડોહાડ વ્યાપી ગયું હતું. તેણે તરવાર હેઠે મૂકી પાદશાહને નમવાની ચોખ્ખી ના પાડી કહ્યું કેઃ—"આ જીવતર સ્વપ્ન સમાન છે. દેહનો કશો ભરૂસો નથી, નમી તાબેદારી કરવા કરતાં, લડીને મરવાથી અમરકીર્ત્તિ રહેશે, તેનેજ હું સર્વોત્તમ ગણું છું. મહાજૂલમી અને નીચ પાદશાહને નમી માર્ગ આપવો એ કાયરનું કામ છે. જોધપૂરાધિપતિ ! તમે મારા પતિછો, હું તમારી પતિવ્રતા સ્ત્રી છું, પણ આ વખતે મારે કહેવું જોઇએ કે તમે વચન પાળ્યું નથી, ક્ષત્રિવટ રાખી નથી, માટે હવે શું મોં બતાવો છો ? તમારા જેવા કાયર પુરૂષ મારો પતિ હોય નહિ. ધન્ય છે કલાજીને કે જેણે પોતાનું વચન પાળી અમર નામના કરી છે. હું હવે જીવવા ઇચ્છતી નથી. આ રણયજ્ઞમાં ઝીંપલાવી મારી આહૂતિ આપીશ." તે પછી કલાજીએ પણ પોતાની નેક ટેક માટે તેના જેવોજ વિચાર બતાવ્યો. તેથી આ બંને રાજાઓ ઝાંખા પડયા. પાદશાહ આ સર્વ વાત જાણી ઘણો ઝાંખો પડી ગયો. તેને આવતાં તો આવડ્યું, પણ હવે આબરૂ ગુમાવી પાછા જવું મોતથી પણ ભારે થઈ પડયું. તે પોતાનું "પણ" જવાથી શરમનો માર્યો નીચું ઘાલી બેઠો. વીર વસંતબાળા જેવી ક્ષત્રાણિની આબરૂપર હાથ નાખવા માટે ઘણો પસ્તાવો કર્યો. વીર ભટીયાણી અને કલાજીએ હવે યુદ્ધનો અંત આણવાને કેશરીયાં કર્યાં. ઘણા ક્ષત્રિવીર યોદ્ધાઓ તેમની સાથે મરવાને તૈયાર થયા. સૂર્યોદય થતાંજ તેઓ સર્વ પાદશાહની ફોજ ઉપર તૂટી પડયા. હજારો માણુસોને કાપી નાખી ત્રાસ વર્તાવ્યો. ફોજમાં ભંગાણ પડયું, કેટલાંક માણુસો નાશી ગયાં. વીર રાણી અને કલોજી તેમની પાછળ પડયા. પાદશાહને ઘાયલ કર્યો. તે આ બંને વીર રત્નોની વીરતા વખાણતો વીલે મુખે દિલ્હી ગયો. આ વખતે ભારે ઝપાઝપી ચાલી હતી, તેમાં આ બંને વીર રત્નો પોતાનો અમર યશ રાખી મરણ પામ્યાં. રાજપૂતોએ આ બંનેના શબને અગ્નિ સંસ્કાર કરી તેના યશ ગુણનું જય કીર્તન કર્યું !!

ધન્ય છે વસંતબાળા તને ! કે તેં પોતાની ટેક સાચવી પાદશાહને બતાવી આપ્યું કેઃ—વીર ક્ષત્રાણિની છેડ કરવા જતાં કેટલું બધું ભોગવવું પડે છે અને તેમની લાજ લેવા જતાં પોતાની લાજ ખોવી પડે છે! પવિત્ર આર્ય સ્ત્રીઓ પ્રાણ જતાં સુધી પણ પોતાને કલંક લાગવા દેતી નથી, તેઓ પ્રાણ કરતાં પણ પોતાના પાતિવ્રત્યને વધારે પ્રિય ગણે છે. તે સંસારના વૈભવ વિલાસના ક્ષણિક સુખમાં મોહ ન પામતાં; ઇશ્વરના પરમ પદને પામવાની વધારે ઇચ્છા રાખે છે. વસંતબાળા જગતમાં સુદૃષ્ટાંત લેવા લાયક અમર કીર્ત્તિ રાખી ગઇ છે. ધન્ય છે તેમને !!!

વીરલક્ષ્મી.

આ પ્રખ્યાત્ પતિવ્રતા વીરસ્ત્રી ભારતના મધ્યસ્થળમાં બુંદેલખંડના પહાડી પ્રદેશમાં ઝાંસી નામે એક સ્વસ્થાન છે. ત્યાં સને ૧૮૩૮ માં **ગંગાધરરાવ** નામે બ્રાહ્મણ રાજા રાજ્ય કરતો હતો, તેની લક્ષ્મી બાઇ પતિવ્રતા રાણી હતી. તેનો જન્મ કાશીમાં થયો હતો. તે ત્રણ ચાર વર્ષની થતા તેની માતા દેવલોક પામી. તેથી તેના પિતા **મોરોપંતે** બીજી સ્ત્રી કરી. આ તેની નવી માતાના હાથ નીચે ઉછરી મોટી થઇ હતી. તેને **મનુબાઇ** પણ કહેતા હતા. તે અસાધારણ ધૈર્યવાન, શૌર્યવાન, ઉદાર, દયાળુ, સહનશીલ, ધાર્મિક, અને બુદ્ધિશાળી હતી. પતિપત્નીમાં ગાઢ સ્નેહ હતો. તે પતિને પોતાની બુદ્ધિ કૌશલ્યતાથી રાજ્યકાર્યમાં સલાહ વગેરેમાં ઘણી ઉપયોગી થઇ પડી હતી. ગંગાધરરાવ તેને પ્રેમથી ઘણું ચાહતો અને માન આપતો હતો. સંવત ૧૯૦૭ માં તે પતિની સાથે કાશી યાત્રાર્થે ગઇ હતી, ત્યાં તેણે ઘણું પુણ્ય દાન ક હતું. સંવત ૧૯૦૮ માં તેને ઉદર એક પુત્રનો જન્મ થયો હતો, તેની ખુશાલીમાં તેણે ઘેર ઘેર સાકર વહેંચી હતી. પુત્ર ત્રણ માસનો થઇ મરણ પામ્યો. તેથી રાજા ગંગાધરરાવને ઘણો ખેદ થયો અને તે પછી દિનપ્રતિદિન તેનું શરીર બગડતાં નિરાશ થઇ, પોતાના એક ભત્રિજા **આનંદરાવ** ને ખોળે લીધો અને રાજ્ય સંબંધી સર્વ વ્યવસ્થા કરી તા. ૨૧ મી નવેમ્બર સને ૧૮૫૩ ને રોજ પરલોક વાસકર્યો.

મહારાણી લક્ષ્મીબાઇ પોતાના પતિના પરલોકવાસથી વિધવા થઇ, કેટલોક સમય શોકમાં રહી, પણ દત્ત પુત્ર બાળક હોવાથી પોતાનેજ રાજકાજનું સઘળું કામ કરવું પડયું. તેના ઉત્તમ ગુણોની કોઇને વધારે ખબર નહોતી; કેમકે ગંગાધરરાવની હયાતીમાં તેને બહાર આવવાનો એકે પ્રસંગ પ્રાપ્ત થયો નહોતો; તથાપિ આટલીનો સૌને ખાતરી હતી કે તેમની નોકરો ઉપર સખત દેખરેખ અને સ્વભાવ આકરો હતો. પૂર્વે જેમ દક્ષિણમાં પુના અને હિંદુસ્તાનમાં ઝાંસી વખણાતું; તેવુંજ ઝાંસી હમણાં દીપી નીકળ્યું. ઝાંસીની પ્રજા પોતાની વ્હાલી અને માનિતી રાણીને રાજ્ય કરતી જોઇ ઘણી હરખાવા લાગી અને શહેરની શોભા પણ દિન પ્રતિદિન વધવા માંડી. પ્રાતઃકાળમાં પાંચ વાગે ઉઠી, ન્હાઇ ધોઇ વિધવાના ધર્મ પ્રમાણે નિત્યકર્મ કરતી; તે પછી પોતાના સરદારોની મુલાકાત લેતી; કદાચ એકાદ દિવસે કોઇ સરદાર પોતાને મળે નહિ, તો તેને બીજે દિવસે ન મળ્યાનું કારણ પૂછતી. ગમ્યા? ભોજન [illegible] પછી થોડો વખત આરામ લઈ, રાજ્યવ્યવસ્થામાં રોકાતા, ને સાંજે ત્રણ વાગ્યા પછી કચેરીમાં જતી. દરબારમાં પોતાની બેઠક એક પડદાની પાછળ ગોઠવી હતી, ગાદીપર બિરાજ્યા પછી

દીવાન લક્ષ્મણરાવ અનુક્રમે એક પછી એક કામ કાઢે તે પોતે સર્વ સમજી તેના ચુકાદા લખાવે અને કોઇ વાર જાતે પણ લખે. દીવાની અને ફોજદારી કામમાં આ આર્યાની નિપુણતા વિષે મેડાઝટેલરે તેમની ઘણી પ્રશંસા કરી છે. મહારાણી લક્ષ્મીબાઇને પોતાની કુળદેવી શ્રીમહાલક્ષ્મી ઉપર ઘણી શ્રદ્ધા હતી. તે તેમને ઘણા પ્રેમ ભાવથી ભજતી. દર શુક્ર અને મંગળ વારે ગામબહાર એક સુંદર તળાવના કાંઠા ઉપર આવેલા શ્રીમહાલક્ષ્મીના મંદિરમાં મોટા ઠાઠમાઠથી જરીના પડદાવાળા મ્યાનામાં બેસીને જતી અને કોઇવાર પુરૂષનો પોશાક પહેરી ઘોડે સ્વાર થઇ માતાના દર્શને જતી. એ મંદિરના ખર્ચ માટે રાજ્યરીત પ્રમાણે સારો બંદોબસ્ત કર્યો હતો. તેની સ્વારીમાં લશ્કર, દીવાન અને કારભારી મંડળવગેરે સર્વ સરંજામ હમેશ સાથે રહેતો હતો. તેની જેટલી ધર્મ પ્રત્યે શ્રદ્ધા હતી, તેટલીજ આશ્રિતો પ્રત્યે પ્રીતિ હતી. ગુણવાન અને વિદ્વાનોને સારો આશ્રય આપી સત્કાર કરતી: નિવૃત્તિનો વખત વિદ્યાવિનોદમાં ગુજારતી. રાજ્યના ખજાનામાં પ્રાચીન ઇતિહાસ, કાવ્ય, અને તત્વજ્ઞાનનાં ઘણા પુસ્તકો હતાં. અશ્વપરીક્ષામાં તે ઉત્તર હિંદુસ્તાનમાં પહેલે નંબર ગણાતી હતી. આ વખતે અશ્વપરીક્ષામાં નાનાસાહેબ પેશ્વા, બાબાસાહેબ, આપ્ટેગ્વાલીયર અને મહારાણી લક્ષ્મીબાઇ શ્રેષ્ઠ ગણાતાં હતાં.

આ મહારાણી ઉદાર અને દયાળુ હતી. તે વિષે કહેછે કે, કોઇ એક બ્રાહ્મણને પરણવાની ઇચ્છા થઇ, પણ રૂપિયા ચારસો હોયતોજ કન્યા મળે એમ હતું. તે આ મહારાણીને ખબર થતાં તેમને ચારસો રૂપિયા ઉપરાંત એક સો રૂપિયા બીજા ખર્ચ માટે આપ્યા હતા. એક વખતે પોતાના નિયમ પ્રમાણે મહાલક્ષ્મી માતાના દર્શન કરી વળતાં, કેટલાક ગરીબ લોકો તેના મ્યાનાને વિંટલાઇ ઉભા તે વખતે દીવાન મારફતે એ લોકોની ઇચ્છા શિયાળો હોવાથી લુગડાંની જણાતાં તુરત તે સર્વને લુગડાં આપ્યાં હતાં. એમ અનેક પ્રકારે ધર્મદાન કરતી હતી. આવી દયાળુ રાણીને પ્રજા પ્રેમથી માતા સમાન માન આપે તેમાં શું આશ્ચર્ય!, લક્ષ્મીબાઇનો એક કુટુંબી સદાશિવનારાયણ નામે હતો. તે રાજ્યના લોભથી ઝાંસી આવ્યો. તેણે પોલિટિકલ એજન્ટને મળી અરજી કરીકે;—લક્ષ્મીબાઇના મૃત્યુ પછી રાજ્યનો હકદાર વારસ હુંછું, પણ તે વાત ખોટી ઠરતાં નામંજુર થઇ. તેથી તેજ સબબે અંગ્રેજો ઉપર ખીજવાઇને વેર બુદ્ધિથી બંડ ખોરોને ઉશ્કેર્યા. તેણે ધાર્યું ;કે—" અંગ્રેજો કોઇ નથી, તેમ રાજ્યમાં કોઇ ચતુર માણુસ નથી. તેથી એકલી લક્ષ્મીબાઇનું શું ચાલશે? એતો એક પડદે રહેનારી સ્ત્રી છે. " એવો વિચાર કરીને રાજ્ય મેળવવા માટે ઘણા પ્રયત્નો કર્યા અને સીધિ રીતે અરજીઓ કરી કરીને કાયર થયો; ત્યારે ઝાંસીની આસપાસ લૂટફાટ કરવા લાગ્યો. ઝાંસીથી ચાર મૈલ કરેરાનો કિલ્લો હતો. તેના થાણદારને મારી તે કિલ્લો હાથ કર્યો. આસપાસના ઠાકોરો પાસેથી વસુલાત ઉઘરાવવા લાગ્યો અને ઝાંસીને તુરત પડતી મેલી લાંબુ

રાજ્યાધિરાજ થઇ બેઠો. આ વાતની લક્ષ્મીબાઇને ખબર થતાં, તેણે એક હજાર માણસ તેને પકડવાને મોકલ્યાં. તેથી તે નાશીને સિંધીયા તાબાના તરવર ગામમાં નાશી ગયો. ત્યાંથી માણસો એકઠાં કરી ઝાંસી ઉપર આવવા તૈયાર થયો, પણ લક્ષ્મીબાઇએ આવતાંજ તેને પકડી લઇ, ઝાંસીના કિલ્લામાં કેદ કર્યો.

આ રીતે અંગ્રેજ લોકના દુશ્મનને કબજે કર્યો, અને રાજ્યમાં ચાલતા અંધેરને શાન્ત કર્યું. તેથી જેમ "ટટુને ચાબક માર્યે તેજી ચમકે" તેમ બંડખોરો બીને નાસી ગયા. આટલું થયા પછી પણ લક્ષ્મીબાઇને જંપી બેસવાનો વારો આવ્યો નહિ. સ્ત્રિયા રાજ્ય જાણી વળી એક શત્રુ ચઢી આવ્યો. તે ઝાંસી નજીક આવેલા વોરછા નામના બુંદેલ સંસ્થાનનો દીવાન નથેખાં હતો. ત્રેવીશ હજાર માણસ લઇ ચઢી આવ્યો અને તેણે ઝાંસીનો કિલ્લો માગ્યો, પણ લક્ષ્મીબાઇ શૂરવીર હતી, તે તેનાથી ડરી જાય એવી નહોતી. તે ફોજ તૈયાર કરીને પઠાણી પોશાકે શૂરવીર યોદ્ધાની પેઠે બુરજ ઉપર આવી ઉભી. સામસામે જબરૂં યુદ્ધ થયું. નથેખાંએ ઝાંસીના કિલ્લા ઉપર ચાર તોપોનો મારો ચલાવ્યો. આ વખતે મહારાણી જાતેજ વોરછાને દરવાજે આવી, સૈન્યને પ્રેમ ભાવથી લલકારી શાબાશી આપવા લાગી હતી. યુદ્ધ બહુજ જુસ્સાથી ચાલ્યું. તેમાં નથેખાં હારી નાશી ગયો અને લક્ષ્મીબાઇની જીત થઇ. નથેખાંએ જાણ્યું કે ઝાંસી સર કરી શકાશે નહિ. તેથી લક્ષ્મીબાઇએ બાણપુરના રાજા મર્દાનસિંહ અને કલિંજરના ચોબાને મધ્યસ્થ રાખી સંધી કરી. તે પછી મહારાણીએ ઝાંસીનો સારી રીતે બંદોબસ્ત કરીને, તે વિષે મી. હેમિલ્ટન નામે અંગ્રેજ અમલદારને રીપોર્ટ કર્યો, પણ માર્ગમાં થીજ ઉપર જણાવેલા શત્રુ નથેખાંએ તે દગાથી દબાવી દઇને ઉલટું એવું સમજાવ્યું કે;—"લક્ષ્મીબાઇએજ બંડખોરો સાથે મળી તોફાન જગાડયું હતું અને હજુ પણ તે લુચ્ચા લોકો સાથે મળતી રહે છે. તેથી મારેને તેને વેર ચાલે છે" એટલુંજ કપટ કરીને બેસી રહ્યો નહિ, પણ તેના ખોટા ખોટા વાંકો લખી મોકલ્યા.

ઝાંસીમાં જ્યારે સદાશિવનારાયણે અંગ્રેજોથી અસંતોષ પામી વેરબુદ્ધિથી બંડખોરોને ઉશ્કેર્યા; ત્યારે બંડખોરોએ મોટું બંડ કરીને યુરોપિયનોને ઠાર કર્યા. આવે ખરે વખતે આ મહારાણીએ યુરોપિયનોને મદદ કરીને તેનાં સ્ત્રી-બાળકોને પોતાના રાજ્ય મહેલમાં રાખી આશ્રય આપ્યો, આશ્વાસન કર્યું અને પાછળથી પણ કિલ્લામાં સારા બંદોબસ્તથી રાખી ખાનપાનની તજવીજથી ખુશી રાખ્યાં હતાં. એ બિના ઉપલી અફવાને ખોટી પાડી તેમને નિર્દોષ જાહેર કરે છે અને સરમાર્ટિન જેવા ન્યાયી અમલદારે તે વિષે લખેલા પત્ર ટીકા રૂપ થઇ પડે છે. સરકારમાં તેના ગુણ દોષની ગમે તેવી ગણના થઇ હોય, પરંતુ એ ભલી રાણીએ પોતાની અચળ રાજ ભક્તિમાં કિંચિત્ પણ ખામી આવવા દીધી નહોતી. પોતાની પ્રજાને માથે નથેખાં જેવો દુશ્મન તૈયાર છતાં, બહાદુરી બતાવી સર્વને દબાવી

દીધા હતા. એક ઓઝલ પડદે રહેનારી રાણી આવી રીતે રાજકાજ ચલાવે, શત્રુ-
ઓને હઠાવે અને પ્રજામાં સુસ્નેહ પાથરી પ્રેમ મેળવે, એચિત્ર શું સતી ગુણુ સૂ-
ચવતું નથી ? લક્ષ્મીબાઇના મનમાં એવી ઇચ્છા હતી કે, મેં દુશ્મનોને હઠાવી
સારી રીતે રાજ્ય સાચવી પ્રજાને સંતોષ આપ્યો છે. તેથી મુકરર કરેલા દત્ત પુત્રને
ગાદીનો વારસ ગણી સરકાર માન્ય રાખશે; એવી આશાએ જબલપૂરના કમિશ્નર
અને સેંટ્રલઇંડિયાના પોલિટિકલ એજન્ટ વગેરેને પોતાનો ઇરાદો નિખાલસ પણે
નિવેદન કર્યો; એટલુંજ નહિ પણ પોતાની ઉમેદ બર લાવવા માટે ખાસ એક વ-
કીલને ઈંગ્લંડ મોકલ્યો હતો. જ્યારે રાજા ગંગાધરરાવ પોતે માંદો પડયો હતો, ત્યારે
તેણે બ્રિટિશ રેસિડેન્ટને લખ્યું હતું કે;—" બ્રિટિશ ગવર્નમેન્ટની સાથે અમારે જે
સંધિ થઇ છે, તેની બીજી કલમ પ્રમાણે મે આનંદરાવ નામે બાળકને દત્તક લીધો
છે. ઇશ્વરની કૃપાથી મને પુત્ર થશે, તો તે વેળાએ કદાપિ ગોઠવણ કરવામાં
આવશે, પણ હું જીવતો ન રહ્યો, તો આ બાળક અને મારી વિધવા પત્ની સાથે
તમો તહનામા પ્રમાણે કાર્ય લેજો " આ સર્વ યાદ આપી અરજ કરવામાં આવી
હતી, પણ એ કશાપર ધ્યાન આપવામાં આવ્યું નહિ.

આ વખતે લૉર્ડ ડેલહાઉસી ગવર્નર જનરલ હતો. તેણે એવી રાજનીતિ
ધારણ કરીકે, જે રાજાઓ બીન વારસ મરી જાય, તેમનાં રાજ્યો ખાલસા ક-
રતાં. ઝાંસીના રાજ્યને પણ ગંગાધરરાવ બીન વારસ ગુજરી જતાં, જે દત્તક હતો
તેને ના મંજુર કર્યો, તેના રાજ્યને ખાલસા કરીને બ્રિટિશ રાજ્ય સાથે જોડી દીધું.
રાણી લક્ષ્મીબાઇને આ વાત ગેરકાયદે જણાયાથી તેણે સરકારને અરજીઓ કરી.
તેમાં વિનયસર સંધિનો નિયમ, બંધુતાનું દૃષ્ટાંત્ અને દત્તક ગ્રહણની વિધિ વગેરે
બતાવી ઝાંસીની સ્વાધિનતાની રક્ષા માટે આગ્રહની સાથે બ્રિટિશ ગવર્નમેન્ટને
વિનવણી કરી, પરંતુ તેમાંનો એકે ઉદ્યોગ સફળ થયો નહિ. આ અન્યાય અને
અપમાનથી તેના હૃદયમાં ક્રોધાગ્નિ પ્રગટ થયો. બ્રિટિશ એજન્ટની મુલાકાત વખતે
લક્ષ્મીબાઇએ ગંભિર સ્વરથી તેને જણાવ્યું કે;—"મેરી ઝાંસી દેઉંગી નહી."
લક્ષ્મીબાઇની આ વાણીથી તેને અસર થઇ હતી, પણ ઝાંસી કંપની સરકારના
હાથમાં ગયું. તેથી તે નિરાશ થઇ બેઠી અને ઘણી વાતે દુઃખ માન્યું, એક ત-
રફથી એ રીતે લક્ષ્મીબાઇને અપમાન આપીને નાખુશ કરવામાં આવી, ત્યારે
બીજી તરફથી તેના રાજ્યમાં જે અંગ્રેજ સોલજરો દાખલ થયા, તેમના તરફથી
ગોમાંસ માટે ઘણીક ગાયોનો વધ કરવામાં આવ્યો. લક્ષ્મીબાઇ પરમ ધાર્મિક
બ્રાહ્મણી રાણી હતી. તેના રાજ્યમાં થતો અધર્મ તે જોઇ શકી નહિ. મર્યાદામાં
રહી કાંઇ પણ તોફાન નહિ કરતાં, દમ મારીને છાની માની તે બેશી રહી. તે-
વામાં વળી ઝાંસીનાં દેવસ્થાનો અને ધર્મ ખાતાં ઉપર લૉર્ડ ડેલહાઉસીએ જપ્તી
બેસાડી. તેથી બળતામાં ઘી હોમાયું. આ બધાં આચરણોથી છંછેડાયલી નાગેણ

ભયંકર ડંશ દેવાને તૈયાર થઇ રહી.

લૉર્ડ ડેલહાઉસીએ દેશી રાજ્યો જોડી નાખવાની આરંભેલી રાજનીતિએ આખા હિંદુસ્તાનમાં એકથી બીજા છેડા સુધી ભારે ત્રાસ વર્તાવ્યો હતો. જગે જગે અસંતોષ અને અરધા દબાએલા બળવાઓનું સળગવું દેખાતું હતું. લોકોની છુપી મંડળીઓ ઉભી થવા લાગી અને જ્યારે પણ એક વગ વાળા આસામી તરફથી છૂપું પ્રપંચ રચાવાનો સહેજ પણ અણસારો જણાતો, ત્યારે સેંકડો લોકો તેના ઝુંડા તળે જવાને ધસતા. રાણી લક્ષ્મીબાઇ વેરથી ધુંધવી રહી હતી. તેણી એક હિંમતવાન અને બહાદુર સ્ત્રી હતી. તેણીએ પોતાનું રાજ્ય બળાત્કારથી પાછું મેળવવાનો યત્ન કરવાનો ઠરાવ કર્યો. તેની રૈયત તેની બાજુએ હતી. તેણીના આગલા પ્રધાનો અને સેનાપતિઓએ તેણી જો બળવો ઉઠાવે, તો તેણીને સહાય થવાને વચન આપ્યું હતું. રાણી લક્ષ્મીબાઇએ છૂપી રીતે અને ધીમે ધીમે એક બહુ બળવાન સૈન્ય ઉભું કર્યું. જે તુરતજ અજીત થઇ પડયું.

લક્ષ્મીબાઇના પતિના મરણ પછી ત્રણ વર્ષે ઇ૦સ૦ ૧૮૫૭માં આખાં હિંદુસ્તાનમાં એક મોટો બળવો એકા એક જાગ્યો. મીરત શહેરના દેશી લશ્કરીઓએ બળવો ઉઠાવી પોતાના અંગ્રેજ અમલદારોને કાપી નાખ્યા. તેજ પ્રમાણે ગ્વાલિયરના મહારાજાની દેશી પલટણોએ પોતાના અમલદારોની સત્તાનો અનાદર કરીને અંગ્રેજોની સામે લડવાની પોતાની ઇચ્છા ખૂલ્લી રીતે દર્શાવી. ગ્વાલિયરનો મહારાજા સિંધીયા અંગ્રેજોને પડખે ઉભો રહ્યો અને આગ્રા તરફ જવા નીકળ્યો, પણ તેના લશ્કરનો મોટો ભાગ કાનપોર તરફ બળવાખોરોની આગેવાની લેનાર મરઠા સરદાર નાના સાહેબ પેશ્વા સાથે મળી જવા તે તરફ વધ્યો. અંગ્રેજો સામે પોતાનું વેર લેવા માટે રાણી લક્ષ્મીબાઇના હાથમાં આવેલી આ તક સર્વથી સરસ હતી. તેણીએ પોતે હથિયાર બાંધ્યાં અને ઘોડે સ્વાર થઇને પોતાના સૈન્યની સરદાર બની, મીરત તરફ બળવા ખોરોને જઇ મળવા કૂચ કરી. તેણીને હર્ષ ભેર આવકાર દેવામાં આવ્યો. તેણી ઉંચામાં ઉંચા અને બહુ પંકાયેલા એક મરેઠા બ્રાહ્મણ રાજ કુટુંબથી ઉતરી આવેલી હતી. તેણીનું નામ સઘળે પ્રખ્યાત હતું અને સર્વ લોકોની લાગણી તેના તરફ હતી. તેટલા માટે જ્યારે બળવા ખોર સિપાઇઓએ તેણીને પોતાની તરફ આવેલી જોઇ, ત્યારે તેઓની હિંમત તથા ઉલટમાં સેંકડો ગણો વધારો થયો અને ભારે હર્ષનાદથી તેણીને તેઓએ વધાવી લીધી. તેણી માત્ર એક સ્ત્રી હતી, પણ તેણી હથિયાર બંધ થયેલી હતી અને પોતાના દેશનું છુટાપણું પાછું મેળવવાને પોતાના લશ્કરની સરદારી પોતે લઇને અંગ્રેજો સામે લડવા નીકળી હતી તેણીની હાજરી એકે એક સિપાઈ અને લડવૈયાનું શૂરાતન [illegible]ના હતી [illegible] મોટા બળવામાં નિર્દોષ અબળાઓ અને બાળકોનું [illegible] કમકમાટ ઉપજે એવું ઘાતકી પણું ગુજારવામાં આવ્યું હતું,

પરંતુ ઝાંસીની મહારાણીનો તે કામમાં હાથ નહોતો. આવા ઘાતકી કામમાં તેણીએ પોતાના એક પણ સિપાઇને ભાગ લેવા દીધો નહોતો; અને વખતો વખત એ ક્રુર અને હીચકારા માર્ગમાંથી સિપાઇઓને વાળવાનો પ્રયત્ન કર્યો હતો, પણ જ્યારે તેણી તેમાં નિષ્ફળ ઉતરી, ત્યારે તેઓથી જુદી પડીને પોતાનાં માણસો લઇ બીજે ઠેકાણે ચાલી ગઇ હતી.

કાનપોરની કતલ પછી અંગ્રેજ લશ્કરે તે શહેરનો કબજો પાછો લીધો. જનરલ વિન્ડહામને ત્યાં રાખી વડા સરદાર સર કૅાલિનકેમ્પબેલે લખનોરનો છુટકારો કરવા તે તરફ કુચ કરી. ગ્વાલિયરનું લશ્કર જેનો એક ભાગ બહાદુર અને લડાયક રાણી લક્ષ્મીબાઇની સર્દારી હેઠળ હતો. તેણે જનરલ વિન્ડહામને હરાવ્યો, પણ તુરતજ સરકૅાલિનકેમ્પબેલ પાછો ફર્યો અને ગંગા નદીની પછવાડે એક મોટી લડાઇ જાગી. ઑનરેબલ ઍડરિયન હોપની સરદારી હેઠળના સિપાઇઓએ બળવાખોરોપર જબરો ધસારો કર્યો, તેઓની પલટણ વિખેરી નાંખી. બળવાની શરૂઆતથી તે ગ્વાલિયરનાં લશ્કરનો છેવટે પરાજય થયો, ત્યાં સુધી રાણી લક્ષ્મીબાઇ બળવાખોરો સાથે રહી અને અંગ્રેજો સાથેની ઘણી લડાઇઓમાં તેમની સાથે રહી લડી; પણ સિપાઇઓની વર્તણુક તરફ તેની દીલસોજી નહોતી. જ્યાં સુધી બન્યું ત્યાં સુધી તે આનાકાની સાથે તેમને વળગી રહી, પણ છેલ્લે પોતાના માણસો સાથે ગ્વાલિયર તરફ પાછી ફરી. તેની પાછળ જનરલ સર હ્યુરોઝ આવ્યો. તેની સામે ઉભી રહી લડાઇ ચલાવી અને તેવી અનેક લડાઇમાં અંગ્રેજ સૈન્યને હરાવ્યું હતું. જનરલ હ્યુરોઝને દરરોજ નવું લશ્કર મળતું. મહારાણીના સૈન્યની સંખ્યા ઘટવા લાગી હતી. તેથી તેની ધારણા ગ્વાલિયરના અગર ઝાંસીના કિલ્લામાં આશરો લેવાની હતી, પણ અંગ્રેજ સરદારોએ ફરી લડવાની ફરજ પાડી. કાલ્પી આગળ એક છંછેડાયેલી સિંહણની પેઠે તે અંગ્રેજોની સામે લડવાને ઉભી, તેમાં તેનું કેટલુંક લશ્કર નાશ પામ્યું. તેથી તે ગ્વાલિયર તરફ ચાલી નીકળી, ત્યાં તેને સિપાઇઓએ ખુલ્લા દિલથી આવકાર આપ્યો અને પાછો લડવાનો પ્રયત્ન કર્યો. અંગ્રેજોએ તોપોના મારાથી ગ્વાલિયરના કોટની દીવાલમાં ગાબડું પાડ્યું અને સિપાઇઓ મરાઠાઓ ઉપર બાગનેટથી ધસી આવ્યા, ત્યારે લક્ષ્મીબાઇ પોતાના વિશ્વાસુ હજુરીઆઓની સાથે ધસી આવી, અંગ્રેજ સૈન્યની વચમાંથી પોતાનો માર્ગ કાપી ગઇ અને દક્ષિણ તરફ નાઠી. ત્યાં તુરતજ મરેઠા સરદાર તાતીયાટોપી તેને આવી ગળ્યો. પોતાનું વિખરાયલું લશ્કર પાછું ભેગું કરવાનો તેણે પ્રયત્ન કર્યો, પણ અંગ્રેજ સરદારે તેને ફાવવા દીધી નહિ. બળવાની શરૂયાતથી તેણે જરાપણ વિસામો લીધો નહોતો સઘળો વખત ઘોડેસ્વાર થઇ પોતાના લશ્કરની ચોકસી રાખીને પોતાની હાજરીથી સિપાઇઓને ઉલટ આપતી હતી. અંગ્રેજ સૈન્ય સાથે એક મોટી લડાઇ થઇ, તેમાં તાતીયાટોપી હારી મારતો મેદાન છોડી ગયો. લક્ષ્મીબાઇના લશ્કરે હિંમત છોડી પાછળ હઠવા

માંડયું. તે જોઇ પોતે ઘોડા ઉપર ઉભી થઇ, પોતાના સિપાઇઓને મકમ રહેવાનો આગ્રહ કર્યો. આ જોઇ તેના સિપાઇઓ બમણા જોરથી લડવા લાગ્યા. ઉગ્ર કાપા કાપીમાં બંને પક્ષના ઘણાં માણસો નાશ પામ્યાં. આ લડાઇમાં સુંદર અને કાશી એ બે ખુબ સુરત દાસીઓ હતી તે લક્ષ્મીબાઇની સાથે પુરૂષ વેશેજ રણસંગ્રામમાં કામે લાગી હતી. એક સરખું બરાબર ત્રીશ દિવસ તુમુલ યુદ્ધ ચાલતાં શરીર થાકી ગયું, પણ મનનો ઉત્સાહ અડગ હતો. સામી પક્ષવાળા તેના પરાક્રમથી છક થઈ ગયા; એટલુંજ નહિ પણ મહારાણી પુરૂષવેશે હોવાથી એકાએક ઓળખવાને નિષ્ફળ થયા હતા.

અંગ્રેજ ઘોડેસ્વાર પલટણે ધસારો કરી તેના સૈન્યને વિખેરી નાખ્યું; તો પણ તેણે મેદાન છોડયું નહિ. તે પોતાના રહેલા સૈન્ય સાથે બહાદૂરીથી લડતી હતી. તેનાં માણસોએ તેને મેદાન છોડી નાશી જવાને ઘણી ઘણી વિનંતિ કરી, પણ તેણે પોતાનો ઘોડો પાછો ફેરવવાને ના પાડી. લક્ષ્મીબાઇએ જાણ્યું કે ઉગરવું અશક્ય છે. મૃત્યુ બાદ પણ પોતાના શરીરને પર ધર્મિયોનો સ્પર્શ ન થાય તે માટે સુંદર, કાશી, રામચંદ્રરાવદેશમુખ અને રઘુનાથસિંહ વગેરે એકનિષ્ઠ નોકરોને કહી દીધું હતું કે, "યુદ્ધમાં હું મરણ પામું તો મારા શબને કોઇ અડકે નહિ, તેની સંભાળ રાખજો" લડાઇને મોખરે લક્ષ્મીબાઇ, તેની એક બેન, દાસીઓ અને બીજા પ્રાણ આપનારા સ્વામિ ભક્ત નોકરો, પોતાના ઘોડા દોડાવતા આગળ વધ્યા હતા. પવન વેગે દોડતા સ્વારોએ ખૂબ મારો ચલાવ્યો. પોતાની સાથે આવેલા સ્વારોની ખબર લેવા રાણી તેની પાછળ ગઇ, તેટલામાં એકાએક દાસી સુંદર પર સ્વારો ધસી આવતા જોઇને લક્ષ્મીબાઇ તુરત તેની મદદે આવી અને તેની પાછળ લાગેલા યોદ્ધાઓને નરમ કર્યા, છતાં ભારતના યુદ્ધમાં મહારથી કર્ણના રથનું ચક્ર જે પ્રમાણે પૃથ્વીમાં ખુચી જતાં, અટકી રહ્યો હતો. તે પ્રમાણે તેની સ્થિતિ થઈ. લક્ષ્મીબાઇના ઘોડાએ ઠોકર ખાધી, તેને પાછો ઉઠાડી શકે. તે પહેલાં તો કેટલાક સ્વારો તેનાપર ધસી આવ્યા. આ વખતે લક્ષ્મીબાઈએ રૂદ્ર સ્વરૂપ ધારણ કરીને પોતાના ખડ્ગનો ઉપયોગ કરવામાં બાકી રાખી નહોતી. ક્ષણભર અંગ્રેજ યોદ્ધાઓને પણ થકવી નાખ્યા, અને પોતાનું અતુલ બળ, પરાક્રમ બતાવ્યું, પરંતુ બંધાયેલા સિંહપર જેમ હાથી સુંઢો મારે, તેવી સ્થિતિ લક્ષ્મીબાઇની થઇ પડી. તેના મસ્તકને ડાબે પડખે અને છાતીપર સખત ઘા લાગ્યા. તેટલામાં તો તેના બહાદુર અને વિશ્વાસુ મરેઠા સરદાર રામચંદ્રરાવ વગેરે તેને બચાવવાને દોડી આવ્યા. પણ ઘણું મોડું થયું હતું; તોપણ તેઓ તોપોના મારાની દરકાર કર્યા વગર તેને નજીક આવેલી ગંગાદાસ બાવાની ઝુપડીમાં ચુપ ચુપ લઇ ગયા. તેણે તેની બરદાસ કરી ગંગાજળ પાયું. રાણીશ્રીનું આખું શરીર લોહીથી લાલચોળ થઇ ગયું હતું. દત્ત પુત્ર આનંદરાવ પ્રત્યે વાત્સલ્ય ભાવથી જોઇને મહારાણીએ નેત્ર ફેર-

આાં અને તેને જગત્પાલકના કૃપા છત્રની છાયામાં મૂકીને તા. ૧૮ જુન ઇ. સ. ૧૮૫૮ ને દિવસે ગ્વાલિયર પાસેની રણભૂમિમાં ભારતનું દિવ્ય વીર સ્ત્રીરત્ન આ લોકનો ત્યાગ કરી, અક્ષય સુખનો લ્હાવો લેવા સ્વર્ગે સિધાવ્યાં! વીરશ્રીલક્ષ્મીબાઇએ આ યુદ્ધમાં ઘણું પરાક્રમ દેખાડ્યાથી સર હ્યુરોઝે ચકિત થઇ કહ્યું છે કેઃ—"રાણી લક્ષ્મીબાઇ હતી તો સ્ત્રી તથાપિ તે વિપક્ષિયોમાં સર્વ કરતાં વધારે સાહસીક અને રણદક્ષ હતી." એ રીતે તેની હિંમત અને બહાદુરીનાં ઘણા અંગ્રેજોએ વખાણ કરેલાં છે. ધન્યછે તેમને! કે તે પોતાની સુશીળતા ને પરાક્રમ વડે ભારતવર્ષમાં અમર કીર્ત્તિ રાખી ગઇ છે.!!!

શીવા દેવી.

આ પવિત્ર ગનની વીર દેવી બંગાલામાં આવેલા જેસોરના રાજા પ્રતાપાદિત્યની રાણી હતી. તે મહા રૂપ સુંદર, ધૈર્યવાન, ચાલાક, હિંમતવાન, ધાર્મિક, નીતિનિપુણ, બુદ્ધિશાળી, સત્યવાદી, પતિવ્રતા, અને મહા બહાદુર હતી. પોતાના ઉત્તમ સદ્‌ગુણવડે તે પતિ અને તેના આખા કુટુંબમાં પ્રિય થઇ પડી હતી; એટલુંજ નહિ પણ સૌ તેને દેવી કહીનેજ બોલાવતા હતા. કહે છે કે, એ દેવીએ કુલસ્થાપકને એક પ્રસંગે એવું જણાવ્યું હતું કે;—"તારા કુટુંબમાંથી સદ્‌ગુણ અને બલાઇનો અંત આવશે નહિ, ત્યાં સુધી હું તમને છોડી જવાની નથી. તારા મહેલના મંદિરમાં મૂર્ત્તિ છે, તેનું મુખ આડું ફરશે, ત્યારે હું તારા કુટુંબને છોડી ગઇછું એમ સમજવું," પ્રતાપાદિત્યનો પિતા વિક્રમાદિત્ય હતો. તે બંગાલાના છેલ્લા પઠાણ નવાબ સુલેમાનનો નાણા ખાતાનો પ્રધાન હતો. તે તેનો વિશ્વાસુ અમલદાર હતો અને ખરૂં જોતાં બંગાલા દક્ષિણ ભાગ ઉપર તેનો અમલ ચાલતો હતો. તે વખતે દિલ્હીની ગાદીએ અકબર પાદશાહ બેઠો હતો. આ વખતે બંગાલા સિવાય ઉત્તર હિંદુસ્તાનના સઘળા રાજાઓ અને સરદારો તેને તાબે થઇ ગયા હતા, પણ બંગાલાનો નવાબ સુલીમાન તેને તાબે થતો નહોતો. તેથી પાદશાહે મુનીમખાન નામે સરદારને લશ્કર લઇ મોકલ્યો. બંને લશ્કરો વચ્ચે લડાઇ થતાં, તેમાં સુલીમાન મરાયો અને તેનો પુત્ર દાઉદખાન ઓરીસામાં નાશી ગયો. આ વખતે બંગાલાના જુદા જુદા ભાગમાં સરદારો સ્વતંત્રપણે રાજ્ય ચલાવતા હતા, પણ તેમને બંગાલાના નવાબને ખંડણી આપવી પડતી હતી. જો તેઓ ખંડણી આપવા ના પાડતા, તો તેમને અંકુશમાં રાખવાને લશ્કર મોકલવું પડતું. નવાબ સુલીમાન માર્યો ગયો, પણ તેનો દીકરો દાઉદખાન ઓરીસામાં નાશી ગયો હતો. તેથી મોગલ સરદારનું લક્ષ તે વખતે દાઉદખાનને પકડવા પાછળ લાગેલું હતું. આખરે તેને મારી તેના લશ્કરને,

ચીએરી નાખવામાં તે ફતેહ પામ્યો હતો. તે પછી મોગલ શહેનશાહનો ગવર્નર રાજા ટોડરમલ બંગાલાના સરદારોને ઠેકાણે લાવવા ચઢી આવ્યો. ત્યારે સઘળા સરદારોએ તેના સામે બંડ ઉઠાવ્યું. તેથી રાજા ટોડરમલને મોંગીરના કિલ્લામાં આશ્રય લેવો પડયો. સઘળા હિંદુ અને પઠાણ સરદારોએ તેને ઘેરો ઘાલ્યો. એ ઘેરો દોઢ વર્ષ સુધી ચાલ્યો. આખરે પ્રપંચ ચલાવી હિંદુ સરદારોને તેણે પોતાના પક્ષમાં લીધા અને તેઓની મદદથી તેણે થોડા વખતમાં પઠાણોને બંગાલામાંથી હાંકી કાઢયા. તેથી બંગાલામાં સઘળે સુલેહ શાન્તિ પથરાઇ ગઇ. હિંદુ સરદારોએ અકબરને પોતાનો શહેનશાહ તરીકે માન્ય રાખી, ખંડણી આપવાની કબૂલાત આપી. જેસોર વાળો વિક્રમાદિત્ય પણ તેજ પ્રમાણે કરી પોતાની જાગીરમાં પાછો ફર્યો હતો. તે આ પછી કેટલાંક વર્ષ સુધી સલાહ શાન્તિમાં પોતાના રાજ્યનો કારોબાર ચલાવી, પોતાની પાછલ પ્રતાપાદિત્ય નામે પોતાના પુત્રને રાજ્ય સોંપી મરણ પામ્યો.

પ્રતાપાદિત્ય હિંમતવાન, બળવાન, બહાદુર અને ચાલાક હતો. પણ તે આગળ જતાં દુષ્ટ સ્વભાવનો નીકળ્યો. તેણે પોતાની આસપાસના સઘળા તોફાની લોકોને એકઠા કરી એક મોટું લશ્કર ભેગું કર્યું. જુદાં જુદાં શહેરોમાં લૂટફાટ અને જોર જૂલમ ચલાવવા મંડયો તથા આસપાસના સરદારો પાસેથી બળાત્કારે ખંડણી લેવી શરૂ કરી. પોતાના લશ્કરમાં પોર્ટુગીઝ ચાંચીયાઓ તથા 'મગ' નામે ઓળખાતા લૂટારાઓને જોડી તેઓને સઘળી તરફ લૂટફાટ કરવાને મોકલતો. આગળ જતાં તે એવો તો બળવાન થઇ પડયો, કે શહેનશાહ અકબરનો વૉયસરાય પણ તેને શિક્ષા કરી શકયો નહિ. તેણે શહેનશાહને ખંડણી આપવા ના પાડી અને તેની સત્તા પણ કબૂલ રાખવાની દરકાર કરી નહિ. આટલાથી સંતોષ નહિ પામતાં તેના વૃદ્ધ કાકા **બસંતરાય**નું કાસળ કાઢવાનો તેણે વિચાર કર્યો, કેમકે તે વૃદ્ધ સરદારને તેના ઉત્તમ ગુણથી સૌ માન આપી ચાહતા હતા. તેથી ભય લાગ્યો કે, રખેને તેને ગાદી ઉપર બેસાડવાની ગોઠવણ કરવામાં આવે. તેમ થતું અટકાવવા માટે તેના આખા કુટુંબને મારી નાખવાનો નિશ્ચય કર્યો હતો.

રાણી શીવા દેવી તેનો આ પાપી વિચાર જાણી ઘણી દીલગીર થઇ અને તેને સમજાવવાને ઘણો પ્રયત્ન કર્યો, પણ તે સઘળું વૃથા જતાં, તેણીએ તેને એ ખુની કામ કરતાં અટકાવવા માટે એક બહાદુરી ભરેલું પગલું ભરવાનો નિશ્ચય કર્યો. એ વખતે બંગાલામાં એવો રિવાજ ચાલતો હતો, કે કોઈ કુળવાન સ્ત્રી પોતાના કોઇ મહાભારત કામમાં શૂરવીર પુરૂષની મદદ મેળવવાની ઇચ્છા કરે, ત્યારે તેણી પોતાનું કંકણ કોઇ જાણીતા પરાક્રમી પુરૂષ ઉપર અથવા યોદ્ધાઓની સભામાં મોકલે. ત્યાં હાજર રહેલો કોઇ પણ બહાદુર નર ઉંચકી લે, તો તે પોતાનું મરણ થતાં સુધી તેણીનો હુકમ માથે ચડાવી તેણીની તરફથી લડ,

ડત ચલાવવાની પ્રતિજ્ઞા લેછે. રાણીશીવાદેવીએ આ રિવાજનો લાભ લેવા નિશ્ચય કર્યો. પછી એક દિવસે રાજા પ્રતાપાદિત્ય દરબાર ભરી બેઠો હતો. તે પ્રસંગે તેણીની એક દાસીએ રાજસભામાં દાખલ થઇ સઘળાની અજાયબી વચ્ચે સભાની મધ્યમાં રાણીનું કંકણ ફેંક્યું. સભાજનો આશ્ચર્ય પામી રાજાની તરફ ઇન્તેજારીથી જોવા લાગ્યા, પણ તે શાન્ત બેસી રહ્યો. છેવટે તેના લશ્કરનો સરદાર અને રાણીનો ભાઇ ઉભો થયો અને કંકણ તરફ જઇ, તે ઉંચકીને રાજા તરફ જોઇ બોલ્યો;–" આ કંકણ આપની રાણી તરફથી આવેલું છે, તેણીને કયા કામમાં મદદ જોઇએ છીએ તે હું જાણતો નથી, પણ તેણીની તરફથી તે આવેલું હોવાથી આપણા બહાદુર રાજા, તેણીના સ્વામીએ તે કબૂલ રાખવું જોઇતું હતું; પણ તે ચૂપ બેસી રહ્યા છે અને કંકણ ઉંચકવાની મરજી પણ બતાવતા નથી. તેથી આ સભામાં બહાદુર નરોની ખોટ છે એવું કહેવાને લોકોને બહાનું મળે નહિ, તે માટે હું તે ઉંચકી લઉં છું અને મારૂં મરણ થતાં સુધી તેણીની તરફથી લડત ચલાવવાની પ્રતિજ્ઞા લઉં છું."

આ સાંભળી રાજા પ્રતાપાદિત્યે ભવાં ચડાવ્યાં, પણ કાંઈ બોલી શક્યો નહિ. પછી દાસીએ મોટે અવાજે જાહેર કર્યુંકે;—" રાણી શીવાદેવીનું કંકણ જે શૂરવીર ઉચકી લે, તેણે રાજા બસંતરાય અને તેના કુટુંબનું રક્ષણ કરવું, એવી ફરમાસ તેણી તેને કરે છે." આ સાંભળી રાજા તુરતજ દરબાર બરખાસ્ત કરી પોતાના મહેલમાં ગયો. ત્યાં જઇ રાણીને તેડાવી પોતાના વિચારને અનુસરતી કરવાને બનતા સઘળા ઉપાયો કર્યા, પણ રાણી એકની બે થઇ નહિ. તેણીએ જણાવ્યું કે;—" હું તમોને આવું અઘોર પાપ કદી પણ કરવા દઇશ નહિ." રાજાએ આવો મામલો જોઇને અંદરથી દગા ફટકા વડે પોતનું કામ પાર પાડવાની બાજી રચવા માંડી અને ઉપરથી પોતાના દુષ્ટ કૃત્યો માટે પસ્તાવો કરતો હોય એવો ડોળ દેખાડવા લાગ્યો. તે પોતાના કાકા પાસે જઇને ક્ષમા માગી પગે લાગ્યો. રાજા બસંતરાય જેસોરથી કેટલાક મૈલ દૂર એક કિલ્લામાં રહેતો હતો. તેને પ્રતાપાદિત્યે પોતાને ત્યાં તેડાવ્યો. તે વિષે રાણીને શક પડયો હતો. તેથી તેણીએ તે વૃદ્ધ રાજાને તેડાવવાની એવી સરતે રજા આપી હતીકે, તેના પુત્રને સહીસલામત તેણીને સ્વાધીન કરવામાં આવે. વૃદ્ધ રાજા જેસોર જતી વખતે પોતાની સાથે એક કબુતર લેતો ગયો હતો અને પોતાની સ્ત્રીને કહેતો ગયો હતો કે;—" આ પક્ષી તમારી તરફ પાછું ફરે, તો ખાતરીથી જાણજો કે મારૂં મૃત્યુ થયું છે, યાતો હું કેદખાને પડયોછું" રાજા પોતાની સાથે થોડાં માણસો લઇ નીકળ્યો, પણ માર્ગમાં પ્રતાપાદિત્યે રચેલી બાજી મુજબ મારાઓએ તેને મારી નાંખ્યો. કબુતર નાશીને વખત સર તેના કિલ્લામાં જઇ પહોંચ્યું, ત્યારે બસંતરાયની રાણી અને તેના કુટુંબીઓએ વધારે જાસ્તી ગુજરવાનો ભય રાખી,

તેઓ મહેલ આગળના તળાવમાં ડુબી મુઆં. માત્ર એક બસંતરાયનો પુત્ર રાણી શીવાદેવીના હવાલામાં હતો તે બચી ગયો. રાણી શીવાદેવીએ પતિના આકૃત્ય માટે વહેમલાવી તેને ઘણો ઠપકો આપ્યો અને પોતે ઘણી નિરાશ થઇ ઉદાસ રહેવા લાગી. તે વખતો વખત પોતાના પતિવ્રતાના ધર્મ પ્રમાણે પતિને અવળાં કૃત્યોથી દૂર રહેવા ઘણું ઘણું કહ્યા કરતી, ઉપદેશ આપતી, પણ તે સઘળું પથ્થર ઉપર પાણી રેડવા જેવું થતું. તે ઘણો અહંકાર અને મદનો ભરેલો હતો. તેનો અહંકાર તોડવાને દિલ્લીના બાદશાહ અકબરે પોતાના મોટા સરદાર રાજા માનસિંહને મોટી ફોજ સાથે મોકલ્યો. તે ગંગાનદીનેકાંઠે આવ્યો અને બંગાલાના સરદારોની મદદ લઇને જેસોર તરફ આવ્યો. ફરમાન સાથે એક દુતને રાજા પ્રતાપાદિત્ય પાસે મોકલ્યો. પ્રતાપે તે ફરમાન હાથમાં લઇ ફાડી નાખ્યું અને દુતને ધિક્કારીને કાઢી મૂકયો. આ ઉપરથી બેઉ પક્ષ વચ્ચે લડાઇ જાગી. પ્રતાપાદિત્યે પોર્ટુગીઝ ચાંચિયાઓ અને 'મગ' લુટારાઓને પોતાની મદદે બોલાવ્યા હતા, તે સિવાય પોતાનું મોટું લશ્કર હતું. લડાઇ સવારથી સાંજસુધી ચાલી, તેમાં પ્રતાપાદિત્યને ફતેહ મળવાની વકી હતી. તેટલામાં એકાએક તેના લશ્કરમાં ફાટફુટ થવા લાગી અને સિપાઇઓ બધી તરફથી લડાઇની હાર છોડી નાશવા લાગ્યા. તપાસ કરતાં જણુવામાં આવ્યું કે;—"રાણી શીવાદેવી ચાલી ગઇ છે." રાજા આ શબ્દોનો ભાવાર્થ નહિ સમજતાં પોતાની રાણીનું મરણ થયું છે કે કેમ ? તે વિષે સવાલ કર્યો, પણ કોઇએ તેને જણાવ્યું કે;—"મહારાજા! આપણી મહાન્ દેવી ચાલી ગઈ છે."

શીવાદેવીના સંબંધમાં ત્યાં કેવી વાત ચાલતી હતી, તે વિષે પ્રથમ ઇશારો કરવામાં આવ્યો છે. "તેણી ચાલી ગઇ છે." એવી અફવા ઉડી રહેતાં ને વાર લશ્કરીઓ વિજય મેળવવાની સઘળી આશા છોડી દઇ ચોગરદમ નાશ ભાગ કરવા લાગ્યા. રાજા પણ તે અફવા સાંભળતાં હીંમત છોડી દઈ હીગ્મુઢ થઇ ઉભો. તેની આ સ્થિતિનો લાભ લઇ મોગલસિપાઇઓની એક ટુકડીએ તેનાપર તૂટીપડી થોડા વખતમાં તેને કેદ કરી લીધો. બાદશાહના લશ્કરને આ પ્રમાણે ફતેહ મળેલી જોઇ રાજા માનસિંગ શહેર તરફ આવ્યો, પણ શહેરને અચ્છી રીતે બચાવની સ્થિતિમાં મેલેલું જોઇ તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તપાસ કરતાં તેને માલુમ પડયું કે, બહાદુર રાણી શીવાદેવી લશ્કરની સરદારી પોતાના હાથમાં લઇને પોતાના મુલકનું છેવટ સુધી રક્ષણ કરવાનો ઠરાવ કરી બેઠેલી છે. માનસિંગે એક દુત મોકલી તેણીને કિલ્લો છોડીદેવાનું કહેવડાવ્યું, પણ જવાબમાં તેણીએ જણાવ્યું કે;—"મારા તરફની કેટલીક શરતો કબૂલ રાખવામાં આવશે નહિ, ત્યાં સુધી હું કિલ્લો છોડીદેવાની નથી. હું જાણુંછુંકે શહેનશાહના લશ્કરની સામે કિલ્લાનો બચાવ કરવામાં નાહક લોહી રેડવા જેવું છે, પણ રાજા માનસિંગ એક રાજપૂત તરીકે

મને વચન આપશે, કે મારા શહેરમાં કોઇ પણ પ્રકારની લૂટફાટ ચલાવવામાં આવશે નહિ, તો કોઇ પણ પ્રકારનો વાંધો લીધા વગર હું મારો કિલ્લો તેને સ્વાધિન કરીશ. બીજી શરત એછે કે,—એક હિંદુ તરીકે તેણે એક હિંદુ સ્ત્રીને તેણીનો પતિ જીવતો હોય, તો તેની પાછળ જવાની રજા આપવી. આ શરતો તે કબૂલ રાખશે નહિ, તો અમે મરણિયા થઇને છેવટ સુધી લડીશું." રાજા માનસિંગ ડાહ્યો, બહાદુર અને ચતુર હતો. તેણે રાણીની બહાદુરી, હિંમત, ડાહપણ અને પાતિવ્રત્ય જોઇને અજાયબ પામ્યો. તેની સર્વ શરતો ખુશીથી કબૂલ રાખી. તે રાણીને મળી ઘણો ખુશી થયો અને તેણે તેનાં ઘણાં વખાણ કર્યા શહેર આબાદ રહ્યું. પ્રજા ઘણી ખુશી થઇ, રાણીની નેકી માટે ધન્યવાદ આપવા લાગ્યો. રાણીને રાજ સોંપી માનસિંગ પ્રતાપાદિત્યને કેદ કરી દિલ્લી લઇ જવા તૈયાર થયો, પણ રાણીએ પોતે કહેલી શરત પ્રમાણે ચાલવાની માગણી કરીને. પોતે પણ પોતાના પતિસાથે એક કેદી તરીકે દિલ્લી જવાને નીકળી. પરંતુ માર્ગમાં કાશી—બનારસ આગળ રાજાનું મરણ નીપજવાથી તેણી પોતાના પતિનું શબ ખોળામાં લઇને ચિતામાં બળી ભસ્મ થઇ સ્વર્ગે સિધાવી ! ! !

મોહિની.

આ પ્રખ્યાત પતિવ્રતા વીરસ્ત્રી રામપુરના ભટી રાજાની પુત્રી હતી. તે અતિ રૂપાળી, બુદ્ધિવાન, ચાલાક, ઉત્સાહી, નીતિવાન, ચતુર, ઉદાર, હિંમતવાન, આગ્રહી, બહાદુર અને રાજનીતિમાં કુશળ હતી. ઇડરના રાવ વીરમદેવ સાથે પરણી હતી. પરણીને પતિને ત્યાં આવ્યા પછી તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને સુખ અને આનંદ આપવા યત્ન કરતી. પતિને પોતાની ચાતુર્યતાથી રાજકાર્યમાં ઘણી ઉપયોગી સલાહકાર થઇ પડી હતી. સર્વ રાણીઓમાં તેનું માન વિશેષ હતું. રાજા તેના ઉત્તમ ગુણો જોઇ ઘણું ચાહતો હતો. રાવ પણ ઘણો બહાદુર, ચાલાક, ધાર્મિક, નીતિવાન, ઉદાર, બુદ્ધિશાળી અને રાજનીતિમાં ઘણો પ્રવિણ હતો. આ જોડું રૂપે ગુણે એક સરખુ અને અનુપમ હતું. પરસ્પર પ્રેમી હતાં. આ ઉદાર દંપતી દરેક પૂર્ણિમાએ મહેલની પૂર્વ દિશાની બારીએ બેસી—ભાટ, ચારણ, બ્રાહ્મણ અને ગરીબ ગરબાંઓને દાન આપતાં. ધર્મ દાનમાં તેમણે લાખો રૂપિયા વાપર્યા હતા; આ રાજા રાજરીત પ્રમાણે દશેરાની સવારી કહાડતો. એક વખતે દશેરા આવતાં તેણે પોતાના સરદારો અને સામંતો સાથે સવારી ચઢાવી દશેરા પૂજન કરવા ગયો. સવારી ખીજડી પૂજન કરી મેદાનમાં આવી. એ વખતે એક મસ્ત પાડાને છૂટો મૂકયો. આસપાસ સઘળા સરદારો ફરી વળ્યા. એ વખતે રાજા-

એ પાડાપર પેલો ઘા કર્યો ને હુકમ કર્યો કે પાડો જેની પાસેથી જશે, તેનાં ગામ ગરાશ ખુંચાવી લઇશ. પાડો ઘણો મસ્ત હતો, તે ઉછળતો કે સરદારોના ઉપર થઇ કૂદીને શહેર તરફ નાઠો. જો તે પાછો શહેરમાં જીવતો પેસી જાય તો અપશુકન ગણાય. આમ વિચારી સૌ ચિંતાતુર થયા. તેથી સર્વે ખૂલી તરવારે તેની પાછળ પડયા, પણ તે કોઇના હાથમાં આવ્યો નહિ, પરંતુ રાજા વીરમદેવે તો પોતાનો ઘોડો તેની પાછળ મારી મૂકયો અને દરવાજા નજીક જતાં તો તરવારના એક ઘાએ તેના બે કડકા કરી નાંખ્યા. આ જોઇ સૌ સરદારો ખુશી થયા. ભાટ ચારણોએ તેના પરાક્રમનાં વખાણ કર્યાં. રાજરીત પ્રમાણે સૌને શિરપાવ આપ્યો. સવારી શહેરમાં ધામ ધૂમથી આવી. રાજા પોતાનાં પરાક્રમના હર્ષમાંને હર્ષમાં રાજ મહેલમાં ગયો, ત્યાં દાસીએ અંગરખું કાઢવા માંડયું, પણ હજુ હર્ષની અનુષ્ટ્વની દીલમાં વાગી રહી હતી. તેથી અંગ પ્રફુલ્લિત થવાને લીધે તે નીકળ્યું નહિ. આ વખતે રાણી મોહિનીએ હજુર પાસે આવી અંગરખું નહિ નીકળવાનું કારણ પૂછયું. રાજાએ કહ્યું;—પાડો ઘણોજ જોરાવર હતો, તેને કોઇ મારી શકયું નહિ પણ મેં માર્યો, તેના હર્ષથી મારૂં શરીર ફુલ્યું છે. માટે નીકળતું નથી. રાણી રાજાને ગર્વ થયેલો જોઇ બોલી;—" પ્રાણનાથ ! અન્નતાજી ! એ તો ઘાસનો ખાવા વાળો પાડો હતો, તેને આપે એક ઘાએ માર્યો એમાં શું ક્ષત્રિય વટ કરી ? એતો આપનો ગુજરાતી પાડો છે, તેને એક ઘાએ તો સ્ત્રી પણ મારે ! મારા પિયરમાં જે પાડા છે તેને એક ઘાએ મારો ત્યારે આપની ખરી ક્ષત્રિય વટ જાણું !! " આ સાંભળી રાવ ઝાંખો પડયો અને શરીરમાંથી ઝટ અંગરખું નીકળી ગયું. પણ રાણીએ પોતાનું અપમાન કર્યું. તેથી તેના ઉપરનો પ્રેમ ઉતારી નાંખી બોલ્યો;–" હે સ્ત્રી ! જ્યારે તારા પિયરમાં આવી પાડો મારીશ, ત્યારે તારો ઘર વાસ કરીશ ! એમ કહી પોતે બીજી રાણીના મહેલમાં ગયો.

રાણી મોહિનીએ જે વચન કહ્યાં હતાં, તે રાજાના હૃદયમાં કોતરાઇ રહ્યાં હતાં. તેણે રાણીની બહાદુરીની પરીક્ષા જોવાની તજવીજ કરી; એક જબરજસ્ત મજબુત ગેંડાના જેવો મસ્ત પાડો મંગાવ્યો. સર્વે રાણીઓને મહેલના ચોકમાં પોતાની પાસે બેસાડી; ત્યારે ભટીયાણી મોહિની જે મહા ચાલાક અને ચતુર હતી, તે તુરત સમજી ગઇ કે, મેં રાજાજીને મ્હેણું માર્યું છે, તે માટે મારી પરીક્ષા જોવા આ પાડો મંગાવ્યો લાગે છે. ઠીક છે, હું ક્ષત્રિય પુત્રી છું, મારૂં શૌર્યતન પતિને બતાવી આપીશ. એમ વિચારી પોતે કાંઇ પણ જાણતી નથી. એવું મુખ રાખી રાજાજીને પ્રણામ કરી બોલી;—" અન્નદાતાજી ! પ્રાણનાથ ! મને શા માટે બોલાવી છે ? રાજાએ કહ્યું,–તમે કહ્યું હતું કે આવા પાડાને તો સ્ત્રી પણ મારે. માટે હવે આ પાડાને એક ઘાએ મારો ! રાણી બોલી;—સ્વામિ-

નાથ ! હું તો અબળા જાતિ છું, મારાથી આ પાડો શી રીતે મરે ? આપ ક્ષત્રિય રાજા છો, પુરૂષ છો, માટે આપ મારો. રાજાએ કહ્યું;—તમો કહેતાં હતાં ને હવે કેમ ફરી જાઓ છો ? આ સાંભળતાંજ રાણીએ ઝડપથી રાજાના હાથમાંથી તરવાર ખેંચી લઇને એક ઘાએ પાડાના બે કડકા કરી નાંખી તુરત પોતાના મહેલમાં જતી રહી ! આ જોઇ રાજાનો અહંકાર ઉતરી ગયો. બીજી સર્વ રાણીઓ આશ્ચર્ય પામી વાહ ! વાહ ! બોલવા લાગી. રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે, સ્ત્રીએ તો એની બજાવી, પણ હું તેનો પાડો મારીશ નહિ તો મારા કુળને કલંક લાગશે. પછી તેણે રાણી મોહિનીને કહ્યું કે;—તમે તમારા પિયરમાં જાઓ ત્યાં જઇને કોઇ મજબૂત પાડો મંગાવી બારમાસ રાતબ ખવરાવી તૈયાર કરો. હું આવતા દશેરાપર ત્યાં આવી એ પાડાને મારીશ.

રાણી મોહિની બુદ્ધિશાળી ને પતિવ્રતા હતી. તે પતિની આજ્ઞા શિરપુર ચઢાવી પોતાને પિયર ગઇ. ત્યાં પોતાના પિતાને સર્વ વાત કહી, થળેચીમારવાડમાંથી એક મદોન્મત્ત પાડો મંગાવ્યો. તેને રાતબ ખવરાવી તૈયાર કર્યો, દશેરાનું પર્વ આવ્યું, પણ રાજા એશઆરામમાં રાણીને જે કહેલું તે ભૂલી ગયો. જ્યારે વિજયાદશમી આવી ત્યારે હોમ હવન કરવા ગયો. એ વખતે પાડાને જોઇ પેલી વાત યાદ આવી. તેથી ગુસ્સે થઇ દીવાનને ઠપકો દીધો કે;—મને અગાઉથી કેમ ન ચેતાવ્યો? દીવાને કહ્યું;—હજુરને રામપુર જતાં લાખો રૂપિયાનું ખર્ચ થાય એમ ધારીને મેં આપને યાદી આપી નથી. રાજાએ ગુસ્સો શાન્ત કરી કહ્યું કે;—ખર્ચ થાતતો મને થાત, તેમાં તમારે એટલી બધી શી પંચાત હતી ? પછી ધીમા પડી દીવાનને કહ્યું કે, તમે સામાન અને ફોજ લઈ પાછળથી આવી પહોંચજો, હું હાલ એકલો ઘોડે સ્વાર થઇ રામપુર જાઉછું; એમ કહી પોતે ઘોડે સ્વાર થઇ ચાલી નીકળ્યો. દોઢસો ગાઉનો પંથ કરી બીજે દિવસે રામપુરે આવ્યો. ભટીરાજા જાણતો હતો કે, જમાઇ વીરમદેવજી ફોજ સાથે આવશે, તેથી સર્વ પ્રકારની સામગ્રી કરી રાખી હતી. રાણી મોહિની પણ મહેલના ઝરૂખામાં બેસી ઇડરની દિશા ભણી દૃષ્ટિ કરી વાટ જોતી હતી. આશરે ત્રીજે પહોરે રાવ વીરમદેવ દોડતે ઘોડે આવ્યો. ગામની બહાર એક વડ હતો ત્યાં ઘોડેથી ઉતરી બેઠો. તેવામાંતો રાવને આવ્યાના ખબર થતાં ભટીરાજાએ તેમને માનપાનથી તેડી આવવા સવારીની તૈયારી કરવા માંડી અને અગાઉથી એક દશોંદી ચારણને તેની પાસે મોકલ્યો. ચારણે ઘોડે ચઢીને જ્યાં રાવ થાકયો પાકયો વડ નીચે બેઠો હતો ત્યાં આવીને રામરામ કર્યા, પણ રાજાએ થાકથી બેભાન પણામાં સામા રામરામ કર્યા નહિ. તેથી ઉછાંછળો ચારણ મૂર્ખાઇથી માઠું લગાડી પાછો વળી ગયો. તેણે દ્વેષથી પાડાના રખેવાળને જઇ કહ્યું કે, પાડો છોડી મૂકવા ભટીરાજાએ હુકમ કર્યો છે; એવું તેને ખોટું સમજાવી પાડો રાવ સામે છોડી,

મૂકાવ્યો; એટલુંજ નહિ પરંતુ સિંહના રખેવાળને પણ તેવુંજ સમજાવી તેને પણ છોડાવી મૂકયો ! ભટીરાજાને આ ભયાનક બનાવની કશી ખબર નહોતી. તેતો વાજતે ગાજતે ધામધૂમથી સવારી લઇ સામો લેવાને જતો હતો. સવારીનાં વાજીંત્રોના નાદથી સિંહ ને પાડો ભડકયા ! તેમાં એવો યોગ થયો કે એક તરફથી પાડો અને બીજી તરફથી સિંહ રાવ સામે ચાલ્યા. વચ્ચમાં રાવ વડ નીચે હતો. આમ બે તરફથી અકસ્માત્ સંકટ સામે આવી ઉભું રહ્યું; વળી થોડે દૂર સુધી જતાં નેરના જેવો સાંકડો માર્ગ હતો. પાડો ને સિંહ છૂટા થયાના ખબર ચારે તરફ પ્રસરી ગયા. સૌએ નિશ્ચય કર્યો કે રાવ આ બે કાળના મૂખમાંથી બચવાનો નથી. ભટીરાજાને આ ખબર થતાં, તે પણ ગભરાઇ ગયો. સર્વ ઠેકાણે હાહાકાર થઇ રહ્યો. સવારી, સવારીને ઠેકાણે રહી. ભટીરાજા ઘણા સ્વારો લઈ મદદે દોડયો; પરંતુ તે આવી પહોંચે તે પહેલાંતો પાડો તોપના ગોળાની પેઠે રાવની સામે આવ્યો. રાવ થાકેલો હતો પણ તે પાડાને આવતો જોઇ સાવધ થયો, અને ઘોડે ચઢી ઉભો. જેવો પાડો આવ્યો કે તેવોજ પોતાનો ઘોડો પાડાપરથી કૂદાવી તેની પાછળ પડયો. અને એકજ ઘાએ તેના બે કડકા કર્યા !

રાણી મોહિની મહા ચાલાક અને બહાદુર હતી. તે પતિને બે બાજુના સંકટમાં જોઇને તુરત એકદમ મારતે ઘોડે દોડી હતી. તે જાણતી હતીકે પતિ એકમાંથી કદી બચશે, પણ બીજો જો તેજ વખતે માથે આવી પડશે તો બચવા મુસ્કેલ છે. તેથી ઘોડો દોડાવતી આવી પહોંચી. બનાવ પણ તેવોજ બન્યો કે, જે વખતે પાડો રાવ સામે આવ્યો, તેજ વખતે સિંહ પણ ગર્જના કરતો ઉછળી રાવ ઉપર પડવા જતો હતો. પણ રાવે જે વખતે પાડાને પૂરો કર્યો, તેજ વખતે સિંહને રાણી મોહિનીએ પોતાના પતિ સન્મુખ કાપી કડકા કર્યા. આમ એકી વખતે બંને વિકાળ જાનવરનો સંહાર થયો જોઇને સૌએ હર્ષ ગર્જના કરી. રાવ એકી વખતે બંને આફત ઓળંગી ગયો. પોતાનો પ્રાણ બચાવવામાં મદદ કરનાર પોતાની પ્રિય રાણીને ભેટી પડી ઘણો આનંદ પામ્યો. તેને પોતાના પ્રત્યે પ્રેમ ભક્તિનાં ઘણાં વખાણ કરી શાબાશી આપી. પછી રાવે પોતાના ઉપર ભટીરાજાએ આવી રીતે અકસ્માત્ પાડો અને સિંહ છોડી મૂકી દગો કર્યો, એમ સમજી તુરત ઘોડે સ્વાર થઇ ચાલ્યો, અને સાથે રાણી મોહિનીને પણ તેડી ગયો. રાણીએ જણાવ્યું કે, મારો પિતા કદી પણ દગો કરે નહિ, એવી મને ખાતરી છે; વગેરે કહી સમજાવ્યું, પણ તેણે માન્યું નહિ. ભટીરાજા આવી પહોંચે તે પહેલાં તો રામપુરથી ત્રણ ચાર ગાઉ ઉપર એક ગામ હતું ત્યાં આવી મુકામ કર્યો. એટલામાં તો ભાટીરાજા (સસરો.) આવી પહોંચ્યો. તેણે પોતાનો એમાં કશો અપરાધ નથી એવું સોગનખાઇ કહ્યું અને જે ગુન્હેગાર પેગો ચારણ હતો તેને પકડી સખત શિક્ષા કરી, ત્યારે રાવનો ગુસ્સો શાન્ત થયો. ભટીરાજા પોતાની પુત્રી અને જમા-

બને હાથી ઉપર બેસાડી મોટી ધામધૂમથી વાજતે ગાજતે શહેરમાં તેડી લાવ્યો. આખા શહેરમાં રોશની કરી મોટો ઉત્સવ કર્યો; વગેરેથી રાવનું મનરંજન કર્યું. થોડા દિવસ તેને રાખ્યો. રાવનો રાણી મોહિની ઉપર જે પ્રેમ હતો તેથી વિશેષ વધ્યો. આ બહાદુર રાણીએ જે ઠેકાણે પોતાના પતિનો સિંહથી બચાવ કર્યો હતો; ત્યાં રાવે તેની પતિભક્તિની નિશાની માટે કીર્તિ સ્થંભ ચણાવ્યો. જે અદ્યાપિ-પર્યંત "મોહિની થંભ" તરીકે પ્રસિદ્ધ છે. એ રીતે આ પતિવ્રતા પોતાની બહાદુરી અને પતિ ભક્તિ માટે પ્રખ્યાત્ થઇ ગઇ છે. ધન્ય છે તેમને!!!

ચંદા, ને લીલા.

આ પવિત્ર મનની પતિવ્રતા વીર સ્ત્રી કાઠિયાવાડમાં આવેલા ભૂમલીના રાજા **રત્નસિંહ** ચાવડાની પુત્રી હતી. એની માતાનું નામ **મેના** રાણી હતું. તે બુદ્ધિશાળી, નીતિવાન, ચાલાક, શૂરવીર, પતિવ્રતા અને ખંતી હતી- આવી ઉત્તમ ગુણવાળી માતાના હાથ નીચે ઉછરી ચંદા શિક્ષણ પામી હતી. તેથી તે બુદ્ધિશાળી, ધાર્મિક, નીતિવાન, ચાલાક, ઉત્સાહી, ટેકીલી. ઉદાર, શૂરવીર અને પતિવ્રતા વગેરે ગુણસંપન્ન થઇ હતી. ચંદાને બાળપણમાં ઘોડે બેસવાની, શસ્ત્રો ફેરવવાની અને રાજકાર્યમાં ભાગ લેવાની ઘણી પ્રીતિ હતી. તે પરણવા યોગ્ય થયા છતાં તેનું સગપણ કર્યું નહોતું. એ વખતે કનકાવતી નગરીમાં **કનકસોમ** નામે યુવાન રાજા રાજ કરતો હતો. તે ઘણો બુદ્ધિશાળી, નીતિવાન અને બહાદુર હતો. તેના રૂપગુણનાં વખાણ સાંભળી ચંદાએ તેની સાથેજ પરણવાનો મનથી નિશ્ચય કર્યો હતો, પણ તેના પિતાએ બ્રાહ્મણને મોકલી સગપણની તજવીજ કરાવતાં, બ્રાહ્મણ પારકર નગરના રાજા **ચંદ્રસિંહ** સાથે સગપણ કરી આવ્યો. લગ્નનો દિવસ મહા સુદ ૫ (વસંત પંચમી)નો ઠરાવ્યો હતો. આ ખબર કુંવરીને થતાં તે ઘણી શોચના કરવા લાગી કે,—"અરે! હું શું ઇચ્છતી હતી અને આ શું થયું! અરે! મારા નશીબે હદ વાળી! પણ હું આ રાજાને કદીપણ પરણવાની નથી. મેંતો જેને પરણવાનો નિશ્ચય કર્યો છે, તેજ મારે ખરો પતિ છે. પ્રભુ! મને મારા કાર્યમાં સહાય કરો!" એમ વિચારી પોતાને પ્રિય કનકસોમ રાજાને પત્રથી ખબર આપવાની તજવીજ કરવા લાગી. જેમ જેમ લગ્નના દિવસો નજીક આવતા ગયા, તેમ તેમ કુંવરી શરીરે શોકથી સૂકાવા લાગી. જરા પણ ચેન પડે નહિ. લગ્નને આડા સાત દિવસ રહ્યા કે વરઘોડો ચઢવા લાગ્યો, વાજીંત્રોના મધુર અવાજો થવા લાગ્યા, સાહેલીઓ મંગળ ગીતો ગાઇ મગ્ન થવા લાગી, વગેરે વિવાહની ધામધૂમ થતી

જોઇ પોતાને પ્રિય કનકભોમ રાજાને એક પત્ર લખ્યો કે,—" મારા વ્હાલા મહારાજાશ્રી ! હું આપને મનથી વરી ચુકીછું. મારા પ્રાણ તમારામાં લાગેલા છે. આપ બહાદુર ક્ષત્રિય છો, ને ટેકી છો. તમેજ મારા પ્રાણાધાર છો. મારા પિતાએ મારી ઇચ્છા વગર પારકર નગરના રાજા સાથે મારૂં સગપણ કર્યું છે. લગ્ન વસંતપંચમીનાં છે. તેપર વહેલા પધારી મને તેડી જજો. જો તમો તે મુદતપર નહિ આવી પહોંચો તો હું મારા પ્રાણ ત્યાગ કરીશ, તેની હત્યા તમોને લાગશે." ઇત્યાદિ લખી પત્ર એક વિશ્વાસુ માણસ સાથે મોકલ્યો. માણસે ત્યાં જઇ એ પત્ર કનકભોમ કચેરીમાં બેઠો હતો ત્યાં જઇ આપ્યો. આ પત્ર વાંચી રાજા વિચારમાં પડયો, કે દિવસ ત્રણ રહ્યા છે, તેટલા વખતમાં જઇ પહોંચવું છે. આ વિચાર પાર પાડવો એ કાંઇ સહેલી વાત નથી. સામો પણ રાજા છે. તે પોતાનું લશ્કર લઇને આવશે. જો હું લશ્કર લઇને જાઉં તો મુદતસર પહોંચી શકું નહિ. જો મુદતસર પહોંચું નહિ તો એ મારે વિશ્વાસે રહેલી સ્ત્રી પ્રાણત્યાગ કરે અને તેનું પાપ મને લાગે; એટલુંજ નહિ પણ મારી ક્ષત્રિવટ અને બહાદુરી ને કલંક લાગે, માટે એકલા જવું. પછી ઇશ્વર જે બનાવે તે ખરૂં, એવો સંકલ્પ કરી "હું આવી પહોંચુંછું ચિંતા કરશો નહિ." એટલા ખબર ભૂગલી કાશદ સાથે મોકલ્યા.

કનક ભોમ રાજા હતો, પણ કરતા હરતા તેનો કાકો કલ્યાણસિંહ હતો. રાજકારભાર પણ તેજ ચલાવતો હતો. બેઉને એક બીજા ઉપર ઘણો પ્રેમ હતો. પ્રેમથી તેઓ એક રૂપ જેવા હતા. ઘડી પણ એક બીજા વિખુટા પડતા નહિ. આ વાત જો કલ્યાણસિંહ જાણે તો વખતે જવા નહિ દે. એવા વિચારથી તેમને આ વાત નહિ કરતાં એકદમ એક ઉત્તમ ઘોડાપર સ્વાર થઇને ચાલી નીકળ્યો અને સવાસો ગાઉનો પંથ કરી ત્રીજે દિવસે ભૂગલી આવ્યો. ત્યાં આવી વિચાર કર્યોકે વખતે મને અજાણ્યો જાણી ગામમાં પેસવા નદે, માટે પારકરનગરની જાનના જાનૈયા સાથે ગામમાં પેસી જવું; પરંતુ તપાસ કરતાં તેઓ તો ગામમાં દાખલ થઇ ગયા હતા. તેથી હિંમત રાખી ગામમાં પેશી ગયો. રસ્તામાં આજુ બાજુ નિહાળતો જતો હતો. એવામાં કનકાવતીના શાહુકાર વીરચંદ્રશેઠની પુત્રી લીલા અહીંના શાહુકાર શૂરચંદ્ર વેરે પરણાવી હતી, તેમની દૃષ્ટિએ તે પડયો.

લીલા ઘણી હિંમતવાન, ચતુર, બુદ્ધિશાળી, શૂરવીર, ધાર્મિક, નીતિવાન, ઉત્સાહી, ખંતીલી, પતિવ્રતા અને કળા કુશળ હતી. તેણે પોતાના પિયરના ગામના રાજાને એકલો આવેલો ને કંઇ પણ વિચારમાં ગરક થયેલો જાણી આશ્ચર્ય પામી ! તુરત પોતાની દાસીને મોકલી રાજાને પોતાને ત્યાં બોલાવી સત્કાર કર્યો. પછી રાજાને આ શહેરમાં આવવાનું કારણ આગ્રહથી પૂછતાં, તેણે તેમને પોતાની ધર્મની બેન માની લઇ સર્વ વાત કહી બતાવી. આ સાંભળી લીલાએ પોતાના રાજા અને ધર્મના માનેલા ભાઇને આ વખતે પૂર્ણ સહાયતા આપવાનો

નિશ્ચય કર્યો. પછી પોતાના પતિ પાસે આવી સર્વ વાત કહી બતાવી. રાજાનો મેળાપ કરાવ્યો. શરચંદ્ર શેઠ ઘણો બુદ્ધિશાળી, ડાહ્યો, ચતુર, હિંમતવાન અને વિવેકી હતો. તેણે પોતાની સ્ત્રીની ઇચ્છા રાજાને સહાય આપવાની જણાતાં, તેમ કરવાની ખુશી થઇ રજા આપી. લીલા ટેકીને આગ્રહી હતી. તે જે કામ માથે લેતી તે પાર પાડતી. તેમજ પતિ પ્રિય અને પતિવ્રતા સ્ત્રી હતી. તેનાપર પતિનો પૂર્ણ ભરસો હતો. પતિને અનેક મોટાં કાર્યોમાં સલાહ અને સહાયતા આપી તે પાર ઉતાર્યાં હતાં. તેથી તે પોતાનું પાતિવ્રત્ય જાળવી રાજાને પૂર્ણ મદદગાર થઇ પડશે એવી પોતાને પૂર્ણ ખાતરી હોવાથી રજા આપી હતી. લીલા પતિની આજ્ઞા લઇ રાજાને ચંદા કુંવરીને મહેલ તેડી ગઇ. પોતે શાહુકારની સ્ત્રી હતી, તેમજ માનવંતી અને ડાહી હતી. તેથી રાજાને રાજકુંવરીને મહેલ લઇ જતાં કશી અડચણ આવી નહિ. ત્યાં જઇ રાજાને ચંદા સાથે ગાંધર્વ લગ્નથી પરણાવ્યો.

પારકરનો રાજા ચંદ્રસિંહ જાન લઇ પરણવા આવ્યો હતો. સાથે ત્રીશ હજાર માણસનું સૈન્ય હતું. જે દિવસે કનકભ્રોમ ગાંધર્વ વિવાહથી પરણ્યો, તેજ દિવસે ચંદ્રસિંહને પરણવાનું હતું. તેથી એક ચતુર દાસીને સોળે શૃંગાર સજાવી ઘૂમટો તાણી બેસાડી રાખી. જ્યારે ગોર તેડવાને આવ્યો, ત્યારે દાસીને યુક્તિસર મોકલાવી દીધી. ચંદ્રસિંહ રાજા પરણ્યો. રાજરીત પ્રમાણે પરણેલાં જોડાંએ મહેલમાં તે દિવસે રહેવું જોઇએ, પણ દાસી ચતુર હતી. તેણે રાજાને કહાવ્યું કે, મારે એવો " નીમ " છે કે પરણ્યા પછી સાત દિવસ સુનિવ્રત લઇ બ્રહ્મચર્ય પાળી દુર્ગાદેવીનું વ્રત કરવું. માટે તમે સાત દિવસ પૂરા થયે મહેલ પધારજો. આવી રીતે થવાથી રાજા પોતાને ઉતારે ગયો, બીજે દિવસે જાનનાં સર્વ માણસોને રાજા રત્નસિંહ તરફથી કસુંબો હતો. સૌ તેની ધામધૂમમાં પડયા હતા. એવો લાગ જોઇને લીલા, ચંદા અને કનકભ્રોમ એ ત્રણે પુરૂષ પોશાકમાં ઘોડે સ્વાર થઇ શહેરની બહાર આવ્યાં.

આ ત્રણેના ઘોડા ઘણાં ઉત્તમ હતા, હાથમાં ચળકતા ભાલા, કમરે લટકતી તલવાર અને ભેઠમાં કટાર ખોસી હતી, વગેરે હથિયાર બાંધ્યાં હતાં. પોતાના ઘોડા કૂદાવતા પારકર નગરના સૈન્યને પડખે થઇને નીકળ્યાં. ત્રણેના રૂપ, ગુણ, અને છટા જોઈ સૌ છક થઇ ગયા. કંઇ દગો હોય એવો વહેમ પડયો. તેથી દશ સ્વાર તપાસ કરવાને તેની પાછળ પડયા. લીલા–રાજા, રાણીને ચાલતાં કરી પોતે જવાબ આપવાને પાછળ રહી. પાછળથી સ્વારોએ બૂમ પાડી કે;—ઓજુવાન! કોના ઘોડા છે? લીલાએ જવાબ આપ્યોકે;—ઘોડા, ઘોડાવાળાના. ફરીને તેઓએ પૂછ્યું, તોપણ તેજ જવાબ આપ્યો. તેથી સ્વારો બોલ્યાકે;—જીવતા જવું છે કે સુવેલા?—પાંસરો ઉત્તર કેમ આપતો નથી? લીલા બોલી;—જેની માએ શેર સુંઠ ખાધી હોય તે પાસે આવે! એટલામાંતો ઘણા સ્વાર આવી પહોંચ્યા.

લીલાએ રાજા રાણીને કહ્યું કે;—ફિકર ન કરશો, તમે ચાલ્યાં જાઓ. હું બધાને જવાબ આપીશ. પોતે પણ ઘોડો ચલાવ્યે જતી હતી અને સ્વારો પાછળ ધસ્યા આવતા હતા. સ્વારો નજીક આવ્યા કે ભાલો હાથમાં લઇ ઝડપથી ઘોડો ફેરવી તેમના મોખરાપર ધસી કે, સ્વારો વીશ પચીસ હાથ દૂર હઠી જવા લાગ્યા, ને પોતે રસ્તે ચાલતી થતી. એમ રમાડતી રમાડતી ત્રણે પચાશ ગાઉ આવી પહોંચ્યાં. સૈન્યમાંથી સ્વારો ગયા પછી તપાસ કરતાં માલૂમ પડયું કે, એ ત્રણે સ્વારો મહેલમાંથી નીકળ્યા હતા અને રાજકુંવરી ચંદા પણ નથી. એવા ખબર થતાં મોટી ધાંધલ મચી રહી. પારકરનો રાજા સૈન્ય લઇ પાછળ પડયો અને પ્રથમ ગયેલા સ્વારોને આવી મળ્યો. તેમણે આ ત્રણે સ્વારોને તગડવા માંડયા.

કનકાવતીમાંથી કનકભોમ રાજા ગયા પછી બીજે દિવસે તેનો પતો લાગ્યો નહિ; પરંતુ બે ત્રણ દિવસે કોઇએ તેમને ભૂમલી તરફ જવાના ખબર આપ્યા. તેથી કલ્યાણસિંહ ચાલીશ હજાર માણસનું સૈન્ય લઇ તેમની વહારે ધાયો. ઘણે દૂર ગયા પછી એક નદીને કિનારે પડાવ નાંખ્યો. લીલા વગેરે ત્રણે સ્વારો પાછળના લશ્કરને હેરાન કરતા આવતા હતા, તેવામાં કલ્યાણસિંહના લશ્કરને નદીને સામે કિનારે પડેલું જોઇ રાજા ચકિત થયો! તેણે છેટેથી સામે પડેલું સૈન્ય કોઇ શત્રુનું ધાર્યું હતું. લીલાએ હિંમત આપી કહ્યુ કે;—ધીરજ રાખો, હમણાં પાછળના લશ્કરને પહોંચી વળી આગળ આવુંછું. ચંદા આ વખતે બહુ જુસ્સામાં આવી ગઇ. તે પોતાનો તેજસ્વિ ભાલો લઇ શત્રુસામે ધસી. બેઉ શૂરવીર સ્ત્રીઓને સિંહણમાફક ગર્જના કરતી, ઘૂમતી જોઇને શત્રુઓ ચકિત થયા. કનકભોમ પણ પોતાની વીરતા બતાવવા લાગ્યો. આ ત્રિમૂર્તિની બહાદૂરી જોઇને મહાવીરોના પગ પણ પાછા હઠવા લાગ્યા. કોઇ પણ યોદ્ધો તેમની સામે થવાની હિંમત કરી શકતો નહોતો. તેવામાં ખબર મળ્યા કે સામે પડેલું સૈન્ય શત્રુનું નથી પણ પોતાનુંજ છે. તુરતજ ત્રણે કલ્યાણસિંહને આવી મળ્યાં. અહીં તેમને જોઇ સૌએ ઘણો હર્ષ બતાવ્યો. રાત્રે વિસામો લીધો. સવાર થતાં પારકર નગરના સૈન્ય સામે લડાઇ શરૂ થઇ. બેઉ તરફનાં ઘણાં માણસો મરણ પામ્યાં. સાંજ પડતાં લડાઇ બંધ પડી. કલ્યાણસિંહને વિચાર થયો કે વખતે કોઇ શત્રુઓ આપણા રાજા રાણીને મારી નાખશે. માટે તેમને કનકાવતી વિદાય કરવાં ઉત્તમ છે. એમ વિચારી બંનેને દશ હજાર સ્વાર સાથે રવાને કર્યાં. માર્ગમાં ઉગો કાઠિ મળ્યો. જેની પાસે લાખ સૈન્યને પહોંચી વળે એવા ચારહજાર ભાલા વાળા યોદ્ધા હતા. તેમણે રાજારાણીને મેમાનગતી આપી, એક દિવસ રોકી રાખ્યા. તેથી બીજે દિવસે પોતાની રાજધાનીમાં આવી પહોંચ્યો.

કનકભોમરાજા ચંદાને હરણ કરી ગયો, એવા ખબર નગરપારકરના રાજા ચંદ્રસિંહના પુત્ર પાતલને થયા. પાતલ જોકે નાનો હતો, પણ જાતે સિંહનું

બચ્યું હતો. તે પિતૃભક્તિથી આકર્ષાઈ લડવાને તૈયાર થયો. તે વિચારવા લાગ્યો કે પિતાએ ભૂડું કર્યું એતો વૃદ્ધ છે, થોડાં વર્ષ જીવશે પણ એનું મ્હેણું જીવતાં સુધી મારે ભોગવવું પડશે. એનો વિચાર કરી વીશ હજાર સ્વારો લઇ કનકાવતી આવ્યો, ભયંકર યુદ્ધ ચાલ્યું, તેમાં બેઉ પક્ષનાં ઘણા માણસો મરણ પામ્યાં. કનકભોમ, લીલા અને ચંદા હજુ લડતાં હતાં. એ લડાઇની ગડબડમાં પાતલ ચંદાને પકડી લઇ નાઠો. એ ખબર લીલાને થતાં, તેણે આખા સૈન્યને ધિક્કાર આપ્યો. હવે પાછળ દોડવાથી કાંઇ વળે એવું નથી, એમ જાણી મન વાળ્યું. લીલાએ કનકભોમને સમજાવી શાન્ત કર્યો કે;—"સમાનું સુખ સમેજ પ્રાપ્ત થશે. માટે ધીરજ રાખશોતો રાણી પાછી મળશે." પાતલે પારકરનગરમાં આવી પોતાના પિતા ચંદ્રસિંહને આ શુભ સમાચાર મોકલી તેડાવી લીધો. કલ્યાણસિંહ આ ખબર જાણી દીલગીર થતો કનકાવતી આવ્યો.

રાણી ચંદા બહુ ચતુર, હિંમતવાન, સમયસૂચક, અને પતિવ્રતા હતી. પોતે આ રીતે શત્રુના પંજામાં ફસાઈ પડી હતી, પણ નહિ ગભરાતાં પોતાનો છુટકારો શી રીતે થાય તેનો ઉપાય શોધ્યા કરતી હતી. પારકરનો રાજા તેને તાબે થવાને આગ્રહ કરવા લાગ્યો, ઘણી પ્રકારે સુખ આપવાની લાલચ આપી પણ આ ટેકીલી અને પતિવ્રતા સ્ત્રી એક ટળી બીજી થઇ નહિ. છેવટ તેણે યુક્તિ વાપરી રાજાને શાન્ત કરવાનો ઉપાય કર્યો;—"મારે છ મહિનાનું વ્રત છે. માટે ત્યાં સુધી મારી પાસે રાજાએ કે કોઇએ આવવું નહિ. જો કોઇ આવશે તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ." આ પરથી રાજાએ તેને એકાંત મહેલમાં રાખી; એટલુંજ નહિ પણ ગુસ્સે થઇ પાસે એક દાસી પણ રાખી નહિ. મહેલની એક બાજુ છ ખાઇઓ ખોદાવી, તેમાં ખેરના લાકડાં સળગાવી અગ્નિ ધગધગતો રાખ્યો, બીજી બાજુ સૈન્યની ચોકી રાખી. ચંદારાણી મહેલમાં મરદાની પોશાકે શસ્ત્ર સજીને રહેતી હતી, કે કોઇ આવી જાસ્તી ગુજારે તો પાંચ પચીશ માણસોને પૂરા કરી પછી પ્રાણ ત્યાગ કરવો, પણ કોઇને તાબે થવું નહિ, એવો દૃઢ નિશ્ચય કર્યો હતો. આ તરફ ચંદાના હરણ થયા પછી લીલા શાન્ત થઇ બેઠી નહોતી. તે રાણીનો શી રીતે છુટકારો કરવો તેની યુક્તિઓ શોધ્યા કરતી હતી. તેણે પાંચસો મરણીયા યોદ્ધાઓ વીણી કાઢી તૈયાર કર્યા. તે સર્વે શરીરે ભસ્મ ચોળી ખાખી બન્યા, હથિયારો છુપાવી સાથે રાખ્યાં. પારકર નગર જતાં વચમાં કેટલાંક રણ ઉતરવાં પડતાં હતાં. તેમાં ભોમિયા વગર ભૂલા પડી રખડી મરે એવું હતું. તેથી કનકભોમ રાજાએ ઉગાકાઠિને બોલાવી તેના ચાર હજાર યોદ્ધાઓને સાથે લીધા. બે કાઠિઓ ખાખી બની ખાખીના ટોળામાં સામેલ થયા. તેમાં એવી ગોઠવણ કરી હતી કે; ખાખીઓ શહેરમાં દાખલ થાય કે, ત્રીજે દિવસે ઉગા કાઠિએ પારકર નગરની ભાગોળે પડાવ નાંખવો. ખાખીઓ શહેર બહાર નીકળી જાય કે સ્હેજ સાજ લ-

કાઇ મચાવીને સોઢાના લશ્કરને રોકી રાખવું ને પછી તેમણે કુચ કરી પાછા વળવું. આ યુક્તિ પ્રમાણે કરવા સૌને પસંદ પડયું. સૌ પારકર નગર તરફ ચાલ્યા. ખાખીનું ટોળુ યુક્તિથી શહેરમાં પેઠું. લીલા પણ સાથે હતી, તેણે ચંદાના મહેલનું અવલોકન કરી નિશ્ચય કર્યોકે;—બળતી ખાઇમાં એક પછી એક માણુસો સુવાડીને તે ઉપર ચાલી જઇએતોજ ત્યાં જવાય તેમ છે. બીજી બાજુ વીશ હજાર માણુસનું લશ્કર ચોકી કરે છે, તેમાં આપણાં થોડાં માણુસો ચટણી થઇ જશે. એવો વિચાર કરી પોતાનાં માણુસોને જરા ઇસારો કરતાંજ સવાસો યુવાનોએ પોતાના રાજાના હિત માટે એક પછી એક ધગધગતા અંગારામાં પડતા મૂકયાં ! તેનો ટકરો થયો, તે ઉપર થઈ પોતાના યોદ્ધાઓને લઇ મહેલને દ્વારે જઇ ઉભી રહી. દ્વાર આગળજ બીજાને રાખી પોતે મહેલમાં ગઇ. લીલા પુરૂષ પોશાકમાં હતી. તેથી ચંદા કોઇ પુરૂષને આવતો જોઇ તુરત તરવાર ખેંચી ઉભી થઇ, આ જોઇ લીલા બોલી;—"અરે મોટી બેન ! ક્ષમા કરજે, એતો હું છું ?" લીલાનો સાદ સાંભળી ચંદા દોડીને મળી. પછી વધારે વખત નહિ રોકાતાં બેઉ બહાર આવ્યાં. સર્વ ખાઇ ઉતરી જવા લાગ્યાં, પરંતુ ચંદા મુડદાં ઉપર થઇ જતાં જરા ખંચાઇ ઉભી રહી કે લીલા તેને ઉપાડી સપાટાંમાં બળતાં માણુસો ઉપર થઈ ખાઇ ઉતરી આવી. આ વખતે રાત્રિ હતી. તેવામાં ખાખીઓ પણ સંતલસ પ્રમાણે એક એકની ખાંધ ઉપર ચઢીને કોટની દીવાલ ઉપર ચઢયા. કોટના કાંગરાને પોતાની પિછોડીઓ બાંધી, તે ઝાલી સર્વે શહેર બહાર આવ્યા. તેજ દિવસે કાઠિઓએ આવી પડાવ નાંખ્યો હતો, તેમને જઇ મળ્યા. પછી સર્વે રાતો વઇ નાશી ગયાં. કાઠિઓએ સવાર થતાં લડાઇ શરૂ કરી, તેમાં પારકરનું ઘણું સૈન્ય કપાઇ ગયું. ચંદ્રસિંહે છેક નમતે પહોરે ચંદાના મહેલમાં તપાસ કરાવી તો તેમાં પતો ન લાગ્યો, ત્યારે આ સઘળું ખાખીઓનું તર્કટ જાહેર થયું. કાઠિયો પણ રાત્રે પડાવ ઉઠાવી પલાયન કરી ગયા. સૌ કનકાવતી આવી પહોંચ્યા. આ બનાવથી પાતલ બહુ આશ્ચર્ય પામ્યો. તે પોતાની આબરૂ ગઇ જાણી ફરી પચાશ હજાર માણુસનું સૈન્ય લઇ કનકાવતી આવ્યો. ભયંકર લડાઇ થઇ, તેમાં માત્ર પોતે અને તેના બે સ્વારો સિવાય સર્વનો નાશ થઇ ગયો. તેથી આખા પારકરમાં શોક વ્યાપી રહ્યો. કનક સોમ લીલાના સામર્થ્ય બળથી ફરી ચંદાને પામ્યો અને સુખ ચેનમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

ચંદા એક પૂરી શૂરી ક્ષત્રાણિ હતી; એટલુંજ નહિ પરંતુ નેક ટેકવાળી અને પતિવ્રતા હતી. તેણે ઘણાં સંકટ સહન કર્યા, પણ પોતાના નિશ્ચયથી ફરી નહિ એ તેમને ધન્ય છે !! લીલા જેવી બહાદુર, પતિવ્રતા અને હિમતવાન વાણિયેણ અર્વાચીન કાળમાં થવી મુશ્કેલ છે. તે ખરેખર વાણિયેણ નહિ પણ મહાવીર રાજપૂતાણીને કહાવે તેવી બહાદુર સ્ત્રી હતી. તેણે પોતાના બુદ્ધિબળ અને કળથી પોતાના રાજાને

પતિની આજ્ઞા મેળવી ખરે સમયે સહાયતા આપી. ભાઇ કરીને માનેલા રાજાને ભાઇજ ગણી તેમની ઇચ્છીત રાણીને પરણાવી આપી; એટલુંજ નહિ પરંતુ શસ્ત્ર સજીને સાથે ગઇ અને શત્રુઓથી તેમનું સંરક્ષણ કર્યું! રાણી ચંદા હરણ થઇ તોપણ નહિ ગભરાતાં પોતે સરદાર બની યુક્તિ ને હિંમતથી પાછી મેળવી આપી. છેવટ પાતલના સૈન્યનો નાશ કરવામાં શીયળ સાચવીને બહાદુરી બતાવી તેમને વિમૂખે પાછો કાઢયો. અહો! કેવી તેની વીરતા અને બુદ્ધિબળ!! ધન્યછે તેમને!!!

મેના.

આ પવિત્ર મનની વીરસ્ત્રી બિહાર પ્રાંતની અંદર બકસર શહેરની પાસે આવેલા આરગાલના રાજા ગૌતમની રાણી હતી. એ મહા રૂપ સુંદર, બુદ્ધિવાન, હિંમતવાન, ધાર્મિક, નીતિવાન, દયાળુ, પતિવ્રતા અને શૂરવીર હતી. તે ગરીબ ગરબાં વગેરે નિરાશ્રિત લોકોને અન્નવસ્ત્ર વગેરે આપી સંતોષતી, નિર્જળ સ્થળે વાવ કૂવા ખોદાવતી અને ધર્મસ્થાનો તથા વિદ્વાનોને આશ્રય આપતી. રાજ કાર્યમાં પતિ સાથે સામેલ રહી જે રીતે પ્રજા સુખી થાય તેમ કરતી; વગરે રાણીના ઉત્તમ ગુણો જોઇ રાજા તેના ઉપર ઘણી પ્રીતિ રાખતો હતો. તેમ પ્રજા પણ તેણીને ઘણી ચાહતી હતી. આ રાણીની પ્રખ્યાતિ ઘણી હતી. રાજાગૌતમ ઘણો બહાદુર, ચાલાક, બુદ્ધિવાન, ધાર્મિક, નીતિવાન અને રાજનીતિમાં ઘણો કુશળ હતો. તે દિલ્હીના પાદશાહને ખંડણી આપતો નહોતો. તેથી પાદશાહે અયોધ્યાના સુબાને મોકલ્યો હતો, તેને પણ હરાવી નશાડયો હતો, એવો બળવાન હતો.

રાણી મેના બહુ ધાર્મિક હતી. એક વખતે તેણે પૂર્ણિમાને દિવસે પવિત્ર ગંગાજીમાં નહાવા જવાનો વિચાર કર્યો; પરંતુ ગંગા કિનારાઓ દુશ્મનના હાથમાં હતા. રાણીએ તે વિષે એકાંતમાં પુષ્કળ વિચાર કર્યો. છેવટ થોડી દાસીઓને સાથે લઇ નહાઇને તુરત આવતા રહેવું એવા નિશ્ચયપર આવી. પછી દાસીઓને સાથે લઇ સારી રાત ચાલી, સવાર થતાં તો તે નદીઓની માતા, સાધુ અને પવિત્ર માણસોથી પૂજાયેલી જગત્ પ્રખ્યાત્ પાપ મોચની પવિત્ર ગંગાના કિનારા ઉપર આવી પહોંચી. પવિત્ર ગંગાજીમાં સ્નાન કરી હવન કર્યો. આ સર્વ તેણે ઘણુંજ ચુપચુપ કર્યું હતું, તોપણ જે સુબાનો તંબુ નદીની પાસે હતો, તેને આ બાબતની ખબર પડી કે, આ આરગાલના રાજાની રાણીજ હોવી જોઇએ. તેથી તેણે હુકમ કર્યો કે તેને પકડી તુરતજ કેદ કરો. રાણી અને તેની દાસીઓ પોતાના શહેર ભણી જતી હતી; તેવામાં અયોધ્યાના મુસલમાન સુબાના સિપાઇઓએ તેઓના ઉપર હુમલો કર્યો, તે જોઇને રાણીને ઘણીજ ધાસ્તી લાગી, પણ તે વ-

ધારે હિંમત ધરીને દુસ્મનના લશ્કરના સામે તાકીને જોઇ, અયોધ્યાના સુબાની બિલકુલ દરકાર રાખ્યા વગર પોતાની દાસીઓ સાથે ઉભી રહી. દરેક ઓઓ પાસે વસ્ત્ર નીચે એકેકું ખંજર સંતાડેલું હતું, તે તેઓ ઝડપથી બહાર ખેંચીને શહેર તરફ જવાનો રસ્તો કરવાં લાગી. દુશ્મનો તેમની બહાદુરી જોઇ ચકિત થયા! તે વિકાળ સિંહણની પેઠે ભયંકર ગર્જના કરીને પોતાની દાસીઓને હિંમત આપતી દુશ્મનના માણુસોને કાપવા લાગી. તેથી શત્રુઓ તેમની આવી વીરતા જોઇ જરા પાછા હઠયા, પણ તેઓ સંખ્યામાં ઘણા હતા. ફરી તેઓ તેના ઉપર ધસ્યા. રાણીએ વિચાર કર્યો કે, આ મોટા સૈન્ય આગળ આપણી આટલી સ્ત્રીઓનું ચાલી શકશે નહિ, ત્યારે તે એકદમ બોલી ઉઠી કે;—"અરે! શું અહીં એવો કોઇ હિંદુ નથી? કે જેને એક હિંદુ માતા અને એક હિંદુ સ્ત્રી વ્હાલી ન હોય! અને જો કોઇ હોય તો તેમને હું કહું છું કે, મારો આધાર તમારાં ઉપર રહેલો છે; માટે તમે આવીને અમારૂં રક્ષણ કરો?" રાણી આ શબ્દો પૂરા બોલી રહી નહોતી, એટલામાં તો એક અભયકંદ અને નિર્ભયકંદ નામે બે વીર પુરૂષો થોડુંક લશ્કર લઇને એકદમ દુસ્મન ઉપર તૂટી પડયા! થોડી પળમાં તો તેમણે શત્રુના સૈન્યને મારી હઠાવ્યું, રાણીઅને તેમની દાસીઓને સહી સલામત જવાનો રસ્તો કરી આપ્યો. લડાઇની અંદર છેવટ નિર્ભયકંદ લડતાં મરણ પામ્યો. મરતાં મરતાં પણ તેણે દુસ્મનનું કેટલુંક લશ્કર કાપી નાંખ્યું, તેટલામાં બીજી મદદ આવી પહોંચી.

આરગાલનો રાજા પોતાની સ્ત્રીને દુશ્મનોથી ઘેરાયેલી જાણીને તેનું રક્ષણ કરવા કેટલુંક સૈન્ય લઇ આવી પહોંચ્યો. દુશ્મનો રાજાનું સૈન્ય જોઇને નાશી ગયા; પરંતુ રાણીને જોઇ રાજાનાં માણસો ઘણા ખુશી થયાં. તેઓ એકે અવાજે બોલી ઉઠયાંકે;—"રાણી અને તેની બહાદુર દાસીઓને શાબાશ છે! કે તેઓ દુશ્મન સામે બહાદુરીથી લડયાં!" રાજા, અભયકંદની બહાદુરી જોઇ ઘણો ખુશી થયો અને તેની સાથે પોતાની પુત્રી પરણાવી. અયોધ્યાના સુબાએ આરગાલની રાણી ઉપર નીચ હુમલો કર્યો, તે માટે તેના મિત્રો અનેશત્રુઓએ ઘણો ઠપકો આપ્યો. તે સુબાએ એક ઉમરાવ સ્ત્રી સામે પોતાનું હથિયાર ઉચક્યું, તે માટે તેને જીવતાં સુધી નીચું જોઇ શરમાવું પડયું હતું એ રીતે રાણી મેના પોતાની બહાદુરી બતાવી પ્રખ્યાત્ થઇ ગઇ છે. ધન્ય છે તેમને!!!

રાજેશ્વરી.

આ મહાન્ પ્રખ્યાત્ બહાદુર સ્ત્રી ઉદેપુરના રાણાની પુત્રી હતી. તે મહા-

સૌન્દર્યવાન, તેજસ્વી, ધાર્મિક, હિંમતવાન, આગ્રહી, પતિવ્રતા, બુદ્ધિશાળી, શૂરવીર અને ક્ષત્રિય ટેકની મૂર્તિ હતી. તેનો દેખાવ માન ઉપજાવે તેવો હતો. પ્રચંડ તેજવાળી દેવીજેવી શોભતિ હતી. તેનું બીજું નામ જાદમજી હતું. આ વખતે જોધપુરમાં જસવંતસિંહજી રાજા હતો. તે બહુજ બુદ્ધિવાન, ડાહ્યો, રાજનીતિજ્ઞ, મહાન્ યોદ્ધો, જબરો કાવાદાવાબાજ વિગેરે તેના ગુણો બહુ ઉમદા હતા. તેની રાજનીતિ બધી યુક્તિ પ્રપંચથી ભરેલી હતી. તેનું કારણ કે તેને તેમ કરવા ફરજ પડી હતી. ઈ. સ. ૧૬૯૪ માં દિલ્હીના પાદશાહ શાહજહાંએ તેને આગ્રામાં બોલાવી પોતાના હાથથી પોશાક આપી, પાંચ હજારી મનસબદારી આપી હતી. એ જગ્યા તે વખતે ઘણીજ આબરૂવાળી ગણાતી હતી. આ માન તેમને બારવર્ષની ઉમરે મળ્યું હતું. દિનપ્રતિદિન તેની ચઢતી થતી ગઈ. વડા શાહજાદા દારા સાથે તેને ગાઢ મૈત્રી થઇ હતી. પરસ્પર પ્રેમ વધતો ગયો. જ્યારેજ્યારે દારાશાહ કાબુલ, કંદહાર અને બીજે સ્થળે પાદશાહી ચઢાઈ ઉપર જતો, ત્યારે મહારાજા જસવંતસિંહજી તેની સાથે રહેતા હતા. આ મહારાજાનું માન વધતું ચાલ્યું અને જોધપુરનું નામ જગ જાહેર થતું ગયું. દિલ્હીની ગાદીના ઉમરાઓમાં સૌથી તે બળવાન હતો. આ ઉત્તમ ગુણવાન મહારાજા સાથે રાજેશ્વરીને પરણાવી હતી. રાણીના ઉત્તમગુણો જોઇ મહારાજા જસવંતસિંહજી તેમના ઉપર ઘણી પ્રીતિ રાખતા હતા. રાજકાર્ય અને લડાઇ પ્રસંગે સલાહ અને સહાતા આપવામાં ઘણી ઉપયોગી થઇ પડી હતી. તે પોતાના પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી અનેક પ્રકારે પતિને સુખ અને આનંદ આપતી હતી.

આ વખતે શાહજહાંએ પોતાના વડા ને ગુણવાંન પુત્ર દારાશાહને દિલ્હીની ગાદી સોંપવાનો વિચાર કર્યો હતો. આ જોઇ બીજા પુત્ર ઔરંગજેબના મનમાં વૈર પ્રગટયું. તે દારાશાહને હરાવી અને પિતાને કેદ કરી હિંદની પાદશાહી હાથમાં લેવાને ચઢી આવ્યો. તેણે મુરાદને સમજાવી પોતાના પક્ષમાં લીધો હતો. પાદશાહે દારાને સત્તા આપી, તેને અટકાવવાની આજ્ઞા કરી. તેથી મહારાજા જસવંતસિંહ અને કાસીમખાનને લશ્કર આપી ઔરંગજેબને અટકાવવા મોકલ્યા. આ વખતે મહારાજાના તાબામાં બાવીશ બાદશાહી અમીર હતા. તેમાં સાતતો હિંદુ હતા—કોટાના રાવહાડા મુકુંદસિંહ, ગૌડભીમસિંહ, શાહપુરાના સીસોદીયા રાજા સુજાનસિંહ, ટોડાના સીસોદીયા રાજા રામસિંહ, રાઠોડ મહેશદાસ, રણથંભોરને રાજગઢના રાજા અર્જુનસિંહ, અને રતલામના રાજા રતનસિંહ, એટલા અમીર અને વિવિધ રાઠોડ સેનાપતિઓ હતા. ગાંગાણીના રાઠોડ દુર્ગાદાસ—દરંગદાસ પણ હતા. એ સર્વે સૈન્ય લઇને મહારાજા જસવંત સિંહજીને ઉજ્જન આગળ આવી મળ્યા હતા. જસવંતસિંહજી જેવા બુદ્ધિવાન મહારાજાને કાસીમખાન જેવો અહંકારી અને અંદરથી દારાની વિરૂદ્ધ અમલદાર મદદમાં હતો. તેને ઔરંગજેબે લાલચ આપી ફોડયો હતો અને લડાઇને ખરે વખતે દૂર રહેવા

જણાવ્યું હતું; એટલુંજ નહિ પણ લડાઇ વખતે રાજપૂતો સામે થવા સૂચવ્યું હતું. એ રીતે કાસીમખાનની બાજી હતી. મહારાજા જસવંતસિંહના કાનપર આ હકીકત દુર્ગાદાસે લાવી મૂકી હતી. યુદ્ધનો આરંભ બહુજ સારી રીતે થયો. પરસ્પર લડતાં બંને બહાદુર લશ્કરો અને બંનેના શૂરવીર સામંતોથી રણરંગ જોઇએ તેવો જામી રહ્યો. પહેલા દિવસની વિજયમાળા મહારાજા જસવંત સિંહજીને મળી, પણ તે પ્રાણને સાટે મળી; કારણકે અણીને વખતે કાસીમખાને રાજપૂત લશ્કરને ઉલટું રસ્તો રોકીને ગભરાવ્યું અને મિત્ર થઇ શત્રુનું કામ આરંભ્યું. તેથી રાજપૂતો શૂરપર આવી લડીને વિજય ડંકો વગાડી જય મેળવી આવ્યા.

રાત્રે સર્વે અમીરો તથા ભાયાત વર્ગ રાવ રતનસિંહને તંબુએ એકઠા થયા અને કાલે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા. સર્વેએ રાવ રતનસિંહને જણાવ્યું કે;—વખત વિકટ છે, કાસીમખાન દગો ન કરે તો ઔરંગજેબને હરાવવો મુશ્કેલ નથી, પણ તે દગાખોર છે. વચમાં તે શુલ નડે છે. તેનું પરિણામ સારૂં આવશે નહિ. માટે કોઇ પણ રીતે મહારાજા જસવંતસિંહને આ લડાઇમાંથી દૂર કરી જોધપુરની ગાદી બચાવી લેવાની જરૂર છે. આ પરથી સર્વે સરદારો રાવ રતનસિંહની સાથે મહારાજાના તંબુમાં આવ્યા અને જણાવ્યું કે;—"આપે આજની લડાઇનો મામલો જોયો ? કાસીમખાનનું વલણ જુદું છે. માટે સર્વે આપની પાસેથી એક વચન લેવા આવ્યા છે. આપો તો રાજા છો, નહિ તો અમારે તો માગણી કરવી જોઇએ. મહારાજાએ કહ્યું;—આ વખતે વચન આપવું વિકટ છે, પણ તમારા જેવા ભાઇઓની એકત્ર સલાહથી આ માગણી છે, તો આપવા વાંધો નથી, પણ સાચું વચન આપવું જોઇશે. રાવ રતનસિંહે હા પાડી. પછી રાવજીએ મહારાજાને જણાવ્યું કે;—મહારાજા ! આપ મારા બંધુ છો, મારી માગણી એ છે કે કાલના વિજયનો જય-હાર મને મળે, એટલું તમારી પાસેથી માગી લઉં છું. એ વખતે રાજ કવિ હાજર હતા, તેણે પણ કહ્યું કે;—મહારાજા ! આજે આ માગણી વાજબી છે, લાખોના પાલનહાર,-ધર્મના-સાચવનાર-એક વીરની તો શું પણ સહસ્રવીરની અત્યારે હિંદને જરૂર છે. મહારાજા ! અમારી અરજ સાંભળો;—

હિંદપડયું મહા દારૂણ દુઃખમહિં, રજળી રવડી દુઃખ પામે;
એક ઉધ્ધારણ આપ દયાળુજ, હિંદુતણા શુભ શ્યામ હમારે. ૧
આજ અચાનક યુદ્ધ થતાં, બહુ હિંદુની ટેક રડીરડી ગાવે;
શ્યામ તણી શુદ્ધ લૈ અમને, કોઇ, શ્યામજી સાથ ઘડીજ બીહાવે. ૨
કામ ઘણું હજી શ્યામજી છે, નહી નાહક યુદ્ધમહીં અથડોમાં;
કોઈ નથી રખવાળ વિચારી, લડી રણમાંહી દુખીજ કરોમાં. ૩
યોધ ઘણા લડનાર જહાં, તહાં જોધ અધિપતિ આમ ફરોમાં
આવી ધરે અમને રીઝવા, પતિ નાહક દેહ દયાજ તજોમાં. ૪

કોઇ કહે રણુ છોડી ગયા પણ, વખત વિચારી લડી મરવું છે;
આગળ શત્રુ અથાહ થશે, તદપિ પણુ એજ રીતે લડવું છે. ૫
કેમ સુખેથી કરી દઇ માર્ગજ, શત્રુ તણા હિતમાં વરતો છો;
આવી ધરે અમને રીઝવો, પતિ નાહક દેહ દયાજ તજોમાં. ૬

આ સાંભળી મહારાજાએ કહ્યું;—કવિરાજ! આજે અવળી વાણી ઉચરાય છે, યુદ્ધમાં ભીડાવનાર વાણી તે યુદ્ધ તજાવવાનું વદે છે અને રાવ રતનસિંહ આજે રણરંગનો જશ પોતે માગે છે એ બધું શુંછે? તે હું સમજુંછું. મને અત્રેથી રજા આપવી છે અને તમારે નાહક મરવું છે એ કેમ બને? દુર્ગાદાસે કહ્યું;—મહારાજા! હું આપની પાસે બોલવાને અશક્ત છું, પણ કહુંછું કે આ લડાઇનું પાસું આપણા ભવિષ્યમાં સારૂં નથી, બાદશાહની હાર થશે. ઔરંગજેબ જીતશે અને ગાદી પણ તેને મળશે એવું લાગે છે, તો તેવા મહાન પ્રપંચી સામે હિંદુ ધર્મ રક્ષવા તમને છુપાવવા એ નીતિ છે. માટે તમારે આ વખતે ટેક ઉપર ન જવું. આપ જે વિચાર આપની ટેક માટે કરોછો, તેથી વધારે અમે સર્વે કરીએ છીએ, તો આ છેલ્લું વચન વૃથા ન કરવું એ મારી વિનંતિ છે. મહારાજાએ કહ્યું;—દુર્ગાદાસ! તમે કહોછો તો ભલે, તો મારીપણુ માગણી છે તે સ્વીકારો. રાજપૂત પીઠ આપીને જતો નથી, કાલે યુદ્ધ શરૂ થયા પછી શત્રુના લસ્કરની વચમાં થઇ તેને ભેદી મને બહાર પહોંચાડો, તો હું ખુશીથી જોધપુર જાઉં. આ માગણી સર્વેએ કબુલ કરી. રાવ રતનસિંહે મહારાજાની જગ્યા લેવાનો ઠરાવ કર્યો. તે સિવાય હાડારાજા મહારાજાની આગળ અને દુર્ગાદાસ મહારાજાની પાછળ અને બાકીનું લસ્કર સાથે લઇ હલ્લો કરવો, એવો નિશ્ચય કર્યો.

બીજે દિવસે યુદ્ધનો આરંભ થયો. કાસીમખાને આ વખતે પોતાનું લશ્કર રાજપૂતોને રોકી રાખવામાં કામે લગાડયું, એ રીતે બેવડો મારો થયો. મહારાજાના તાબામાં સાત રાજપૂત સરદારો રહ્યા. સિવાય બીજા ૧૫ સરદારો ઔરંગજેબને મળી ગયા. મહારાજાને રાવ રતનસિંહે વિનંતિ કરી કે હવે વખત ભરાઇ ગયો છે. તેથી મહારાજાએ ઘોડો ઉપાડયો અને "હર, હર મહાદેવ! જય, જય ચંડી!!" ના અવાજે કરી, રાજપૂત લશ્કરે ઔરંગજેબના લશ્કરને ભેદી નાખ્યું. રાવ રતનસિંહે મહારાજાની સેનાપતિની જગ્યા લઇ લડવાનો આરંભ કર્યો. મહારાજાએ લડતાં લડતાં અને ઘણાં માણુસો કાપતાં કાપતાં ખુદ ઔરંગજેબ અને મુરાદના હાથી વચ્ચે ઘોડો ચલાવ્યો, ઘણાં માણુસોના પ્રાણ જવા છતાં રાજપૂતોએ પોતાની ધારણા પાર પાડી. મહારાજ અને દુર્ગાદાસ રણમાંથી સોંસરા બહાર નીકળી શકયા. રાવ રતનસિંહે જય મેળવ્યો. તેણે લડાઇમાં કામ આવી કીર્ત્તિ અમર કરી, પણ અંતે ઔરંગજેબે ઘણું નુકશાન વેઠીને પણ ફતેહ મેળવી. એ રીતે ઉજ્જેનના યુદ્ધનો અંત આવ્યો. મહારાજા જસવંતસિંહજી આવી રીતે રૂ

ણુમાં લશ્કરને ભેદીને અનેક શીર સાટે બહાર નીકળ્યા. તે વખતે તેઓ પણ ઘાયેલ થએલા હતા. તેનો પ્યારો ઘોડો મહેબુબ પણ લડાઇમાંથી બહાર આવી પ્રાણ ત્યાગ કરી ગયો. તેથી મહારાજા બીજે ઘોડે સ્વાર થઈ સોજાતમાં આવ્યા. અહીં ૪૦૦૦ રાજપૂત શૂરવીરો આવી મળ્યા. એવા લાવ લશ્કર સાથે મહારાજા જોધપુર તરફ રવાને થયા. આવા ઉપરના કારણથી મહારાજાને લડાઇમાંથી પાછા આવવું પડયું હતું.

મહારાણી જોધપુરમાં હતાં. તેમને લડાઇના ખબર પહેલાંથી પહોંચી ગયા હતા. રાણી રાજેશ્વરી સર્વ રાણીઓમાં શ્રેષ્ઠ હતી, તેની બહાદુરી અને ટેકથી જસવંતસિંહ મુસલમાનોના પંજામાંથી ઘણી વાર બચવા પામ્યા હતા. આવી વીર મહારાણીને પોતાના પતિ રાઠોડ મહારાજાની હારના ખબર મળતાં, તેણે તુરત શહેરના દરવાજા બંધ કરાવી દીધા અને હુકમ ફેરવ્યો કે;—" લડાઇમાંથી પાછા ફરેલા કોઇને પણ શહેરમાં દાખલ થવા દેવા નહિ." આવી આજ્ઞા થતાં લોકો હેબક ખાઇ ગયા, પણ ઉપાય ન હોવાથી તાબે થઇ સૌ શાન્ત રહ્યા. મહારાજા જસવંતસિંહજી જોધપુરથી દશ ગાઉ ઉપર હતા, તેઓ આ ખબર જાણી ખિન્ન થયા. આવી બાબતમાં રાણીને ઠપકો આપવો કે સમજાવવાં તે પોતાને બહુ લાગી આવ્યું. મહારાજા સાથે ઘણા લાયક અમલદારો હતા. તેમાં દુર્ગાદાસે વિચાર કર્યો કે, આ વખતે ખરૂં કામ કરવાની જરૂર છે, એમ વિચારી ગાંગાણી જવાની રજા લઇ જોધપુર આવ્યા. જુદાજ વેશથી યુક્તિ કરી પોતે ચિતોડથી આવે છે એવું કહી શહેરમાં દાખલ થયા, અને જળ હળતી જ્યોત સમાન સતીના ચરણારવિંદમાં પહોંચી અરજ કરવા ધાર્યું. મહારાણી પાસે જવાની રજા મેળવી. મહારાણી ક્ષત્રિય ટેકની મૂર્તિ હતી, તેનો દેખાવ સુંદર, પણ માન ઉપજાવે તેવો હતો. તે પ્રચંડ તેજ વાળી દેવી જેવી શોભતિ હતી. દુર્ગાદાસે નમન કરી આસન લીધું. આ વખતે મહારાણી સ્વતંત્રતાથી રાજ્યની રક્ષા કરવામાં ગુંથાયાં હતાં. દુર્ગાદાસે નમન કરી કહ્યું;—દેવી ! તમો મહારાજાને બહાર રોકી રાજપૂતોમાં આકળાને ગભરાયેલા બનાવ્યા છે. રાણીએ કહ્યું;—દુર્ગાદાસજી ! મહારાજા જાણતા નથી કે લડાઇમાંથી પાછું આવવું ક્ષત્રિય માટે શરમ છે ! શુક્ર જેવા નીતિ નિપુણ પણ તે માટે કહે છે કે,—" જે રાજપૂત પોતાના જાત ભાઇઓને લઇ રણમાં જાય અને ત્યાં શત્રુનો નાશ કરી ન શકવાથી પાછો ફરે, પછી ભલે તે શસ્ત્ર અસ્ત્રથી ઘવાય તોપણ તે ક્ષત્રિય વધને પાત્ર થાય છે." રાઠોડ ! તમે પણ જોધપુરના રાજવંશજછો, તમારા નશમાં પણ રાઠોડનું લોહી વહે છે, તમને પણ શરમ છે કે આ વખતે મને સમજાવવા આવ્યા છો, પણ તમારે જાણવું જોઇએ કે; મહારાજા (મારા પતિ) કદી લડાઇમાંથી પાછા ફરે નહિ. (ક્રોધાવેશમાં) મારા પતિ કોઇ દિવસ નાશી આવે નહિ. ઠીક થયું, તમે ખબર લાવ્યા, ચાલો

અગ્નિ પ્રવેશ કરી પ્રાણપતિને મળું, નહિતો અકીર્તિ તેમને વરી જશે.

દુર્ગાદાસે નમન પૂર્વક કહ્યું—માતા ! આ બધી વાતનેહું સમજુંછું. મને શરમ નથી પણ વાતમાં ભરમ છે. જસવંતસિંહ લડાઇમાંથી નાઠા નથી પણ ન સાડયા છે. તે લડાઇ તજી ગયા નથી, પણ ધર્મની પ્રબળ ફરજે ફરજ પાડી તજાવેલ છે. મારી વાત સાંભળો; પછી મરજી મુજબ કરો. તમે પણ રાજ્યનાં માલિકછો. રાણીએ કહ્યું;—ભલે, કહો શી હકીક્ત છે ? દુર્ગાદાસે પછી સર્વ હકીક્ત કહી બતાવી. તે સાંભળી રાણીએ શાન્ત થઇ કહ્યુંકે;—દુર્ગાદાસજી ! ભલે તેમ હોયતો મને વાંધો નથી, અહીંથી ચૂપ ચૂપ મહારાજા પાસે સિધાવો, મારો સંદેશો જણાવો અને મને જવાબ આપો એટલે તેમને માટે રસ્તો થશે. દુર્ગાદાસે કહ્યું;— આપનો શું સંદેશો છે ? રાણીએ કહ્યું;—"જેનાથી પાછા હઠયા, તેનાથી વિરૂદ્ધ સદા વર્તવું, તેને પાછો પાડવો. દુર્ગાદાસ ! આ વાત હું હઠથી કહેતી નથી—પણ કાંઈ ભવિષ્ય વિચારી કહું છું. ઔરંગજેબ બાદશાહ થશે, પણ તે તમારા પર કટાક્ષ રાખશે. જો આવે વખતે તમે ન ચેત્યા તો હિંદુ રાજ્યની શીવલે થશે ? અત્યારે ચેતવા જરૂર છે. માટે 'પણ' લઇ ખબર આપો. દુર્ગાદાસ ! તમે આગળ ઉપર આ રાજ્યને ઉપયોગી છો, તમે મારા છો એમ જાણજો અને બહુ દીર્ઘ દ્રષ્ટિથી કામ કરજો." આવી આજ્ઞા થતાં તે મહારાજાને તંબુએ ગયો. સર્વ હકીકત નિવેદન કરી મહારાજાના હસ્તાક્ષરની કબુલાત લખી મોકલી. બીજે દિવસે અચાનક દરવાજા ખુલ્લા થયા. મહારાજાને સત્કારથી રાજધાનીમાં પધરાવ્યા. અહો ! કેવી ક્ષત્રાણિની ટેક ! અને કેવો ક્ષત્રાણિનો ધર્મ ! આજે ક્યાં છે તે ટેક ! ક્યાં છે ધર્મ ! અને ક્યાં છે તેવી ક્ષત્રાણિઓ ! જ્યારે તેવી વીરનારીઓ આ દેશમાં હતી, ત્યારેજ વીર પુત્રો ઉત્પન્ન થતા અને દેશ અને ધર્મના રક્ષણ માટે પ્રાણ આપતા હતા.

આ વીરદેવીની ભવિષ્ય વાણી અંતે ખરી પડી. ઔરંગજેબ ગાદી ઉપર આવ્યો. હિંદની મુગલ રાજનીતિ ફેરવાઇ ગઇ. રાજપૂત સરદારોની સલાહ લેવી બંધ થઇ. જોકે રાજપૂતોના પ્રબળથી, અને તેની સેનાના જોરથી તે દબાતો હોવાથી તેમને એકદમ દૂર કરવાની તેનામાં હિંમત નહોતી, છતાં અંદર ખાનેથી તેમને ઉખેડવાના યત્ન શરૂ કર્યા; પણ દૈવગતિ વિચિત્ર છે. એ ગતિને જાણવા કોણ સમર્થ છે ? કારણ કે તે દબાણથી ન દબાતાં, દબાવા ધારેલી ચીજ ઉલટી ઉછળીને જોર કરે એ દૈવી કુદરતી નિયમ છે—એ મુજબ આ વખતે બન્યું અને હિંદનો રંગ એ રીતે બદલાયો. આ રંગમાં ઘણા રાજપૂત સરદારો ભોગ થઇ પડયા; કારણકે કેટલાક બાદશાહના પ્રપંચને પહોંચી નશકયા, સમજી ન શકયા અને કેટલાક સમજ્યા તે બાદશાહના બળ સામે થવા હિંમત ધરી ન શકયા એવું બન્યું. બાદશાહ જાણે હું બધું સમજી દબાવી શકવા સમર્થ છું, એમ ધારી પ્રપંચ જાળ ફેલાવવામાંડી, તેનું પરિણામ તેની પડતીમાં આવ્યું.

જસવંતસિંહજી ઔરંગજેબની વિરૂદ્ધ વર્તનથી અલગ રહેવા લાગ્યો. તેણે તેમને કામમાંને કામમાં રાખ્યા. એ અરસામાં તેના ઉપર ઘણાં કાવત્રાં કરવામાં આવ્યાં, પણ તે બધાં કાવત્રાંને કુંપાવત **મુકુંદદાસ** નામે મહારાજાના રક્ષક—સરદાર હઠાવી બચાવી લેતા હતા. એ સરદારને ઔરંગજેબ જેવો બાદશાહ પણ તેનાથી રાજી થઇ તેને **નાહારખાન**—સિંહના સરદાર કહેતો હતો. ઔરંગજેબ પોતાના યત્નમાં આડે આવનારને હરેક રીતે હઠાવતો. તેણે મુકુંદદાસને પણ ઝપાટામાં લેવાનો વિચાર કર્યો, તેના ઉપર હુકમનું અપમાન કરવાનો આરોપ મૂકી સિંહના પાંજરામાં પૂરવાની શિક્ષા ફરમાવી. મુકુંદદાસને બચાવવા મહારાજા તૈયાર હતા, પણ મુકુંદદાસના કહેવાથી વચમાં ન આવતાં સૌ તમાસો જોવા લાગ્યા. શાહ વગેરે સૌ પાંજરા પાસે ગયા અને મુકુંદદાસને પાંજરામાં દાખલ કરવામાં આવ્યો. મુકુંદદાસ કાંઇ આ વખત ચૂકે તેવો નહોતો. પાંજરામાંના સિંહને જગાડવામાં આવ્યો હતો; તોપણ મુકુંદદાસે પોકાર કરી સિંહને લલકાર્યો કે;—" ઓ મિયાનાસિંહ ! આ મરૂ ભૂમિના સિંહ સામું જો ? અને સામે પગલે ચાલ્યો આવ ? આજે પાંજરામાં બે સિંહ લડી આપણા માલિકની શક્તિનો તોલ કરી આપીએ ? !" આમ કહી મુકુંદદાસે ભવ્ય અને સ્થિર દ્રષ્ટિથી તેની સામું એક દ્રષ્ટિથી જોયું. સિંહ પણ પહેલાં તો ઉછળ્યો ને મુકુંદદાસ પાસે આવ્યો, પણ તેની દ્રષ્ટિનો તોર સહન કરી નશકવાથી પાછો ફર્યો અને મુકુંદદાસ પાસે આવી ઉભો રહ્યો. મુકુંદદાસે તેને પંપાળી પાસે લીધો અને મહારાજા અને ઔરંગજેબ સામું જોઈ કહ્યું કે;—આ પ્રાણી મને નમેછે, તો તેને મારવો તે રાજપૂતનું કામ નથી. માટે આનો ન્યાય આપવા જરૂર છે. આથી બેઉ રાજી થયા, મહારાજાએ તેમને બહાર કાઢવા જણાવ્યું. ઔરંગજેબે જાણ્યું કે હવે વધારે વાર લગાડયાથી વાત ખૂલી પડશે માટે ઉપરથી આનંદ દેખાડી તેને નાહારખાનના નામથી પોકારી બહાર કાઢયો. પ્રસન્ન ચિત્તે હોય તેવો ડોળ દેખાડી પોશાક આપ્યો. એ રીતે નાહરખાનની કીર્ત્તિ હજી ગવાય છે. આવી રીતે મરૂભૂમિના પુત્રો બાદસાહ પાસે પોતાની શક્તિ દેખાડવાની ફરજમાં પડયા. ઔરંગજેબ તેમની શક્તિ જોઇને વધારે બળવા લાગ્યો. મહારાજા જસવંતસિંહ મહા બળવાન અને સત્તાવાળો હતો. તેનાથી બાદશાહ બીતો હતો. તેથી તેની સત્તા તોડવાને પ્રયત્ન કર્યા કરતો હતો. તેવામાં કાબુલમાં બળવો થયો; ત્યાં જે લશ્કર મોકલવાનું હતું તેનો તેને સેનાધિપતિ નીમ્યો. બાદશાહને ખાતરી હતી કે અફઘાન લોકો તેને પકડી લેશે અને તેને તથા તેના રાજપૂત બહાદુરોને કાપી નાખશે. જસવંતસિંહજી આવી ભયની જગ્યાએ પણ જવા કબૂલ થયો. કારણ કે તે મોટા હોદ્દાની અને માન વાળી પદવી હતી.

મહારાણી પતિવ્રતાને બહાદુર હતી. તેણીને પોતાના પતિને કાબુલ જેવા દૂર દેશાવર જવાના ખબર થતાં, તે તેમની સાથે આવવા અને તેમના દુઃખમાં

ભાગ લેવાને તૈયાર થઇ. તેમણે પોતાના પુત્ર પૃથ્વીસિંહને જોધપુરના રાજ્યનું રક્ષણુ કરવાને રાખ્યો. સાથે કેટલુંક ચૂટી કાઢેલું લશ્કર લઇ પતિપત્ની કાબુલ તરફ ચાલ્યાં. રાણી વીર પુરૂષનો પોશાક પહેરી પોતાના પતિની સાથે ચાલતી. આ પ્રમાણે ઘણા દિવસ મુસાફરી કરી કાબુલ પહોંચ્યાં. તે દેશનાં હવા પાણી પોતાને બિલકૂલ માફક આવતાં નહોતાં. તેથી તેમને ઘણું દુઃખ સહન કરવું પડયું. તે પોતાના પતિની સાથેજ લડાઈમાં ભાગ લેતી અને દુશ્મનોની સામે બહાદુરીથી લડતી. તેની બહાદુરી, હિંમત, ચાલાકી અને દુઃખ સહન કરવાની શક્તિથી મજબૂતમાં મજબૂત અને બહાદુરમાં બહાદુર રાજપૂત પણુ ચકિત થતો; તે પતિની સાથે એક ઉપસેનાધિપતિ જેવી બની ઘુમતી, સૈન્યને લલકારી હિંમત આપતી. રાજપૂતો પોતાની બહાદુર રાણીની વીરતા જોઇ વધારે જુસ્સામાં આવી જઇ લડતા હતા. તેની લડવાની યુક્તિ અને ચાલાકી જોઇ કાબુલીઓ ભય પામી શાન્ત થયા. જસવંતસિંહે બળવો સમાવી દીધો. બળવો સમાવવામાં આ બહાદુર રાણી ઘણી ઉપયોગી થઇ પડી હતી; એટલુંજ નહિ પરંતુ તેમના સહવાસથી કાબુલ જેવા દેશમાં પણુ તેમને રહેવું આનંદકારી થઈ પડયું હતું. પતિની સાથે કાબુલના ઘણા ભાગમાં બંદોબસ્ત કરવા ફરતી. અફ્ઘાનો તેમની ભવ્ય અને વીર મૂર્તિ જોઇ ચકિત થતા; એટલુંજ નહિ પણુ તેની બહાદુરી અને તેજમાં અંજાઈ તાબે થતા હતા. ત્યાં તેઓ સર્વ ઠેકાણે શાન્તિ પ્રસરાવી સુખમાં રહેતા હતા; પરંતુ અફસોસ ! આ વીર પતિ પત્ની ઘણો વખત સુખમાં સાથે રહી શક્યાં નહિ. ઔરંગજેબે જસવંતસિંહની ગેરહાજરીમાં પૃથ્વીસિંહને બે હજારી મનસબદારી આપી, દિલ્હી બોલાવી માન આપ્યું અને પછી તેના બે હાથ પકડી કહ્યું કે;—યુવરાજ ! તમારા બંને હાથ મેં પકડયા છે. મેં જાણ્યું છે કે તમારા હાથ પણુ તમારા પિતાના જેવાં મજબૂત છે, તો હવે શું કરશો ? છોડાવો જોઇએ ? પૃથ્વીસિંહે કહ્યું;—હિંદના શાહ ! જ્યારે કોઇ રાજ્યપતિ કોઇ સામાન્ય મનુષ્યનો હાથ પકડે છે, ત્યારે તેની સર્વ આશા ફળિત થાય છે, તો આજે આપ જેવા શાહનશાહે મારા બે હાથ પકડયા છે, તો એમ ઇચ્છા થાય છે કે આખી પૃથ્વીને કબજામાં લઇ લઉં ! ઔરંગજેબ આ જવાબથી આશ્ચર્ય પામ્યો અને તેને વાંસે હાથ ફેરવી કહ્યું;—યુવરાજ ! તું ખરેખરો તારા પિતા જેવોજ છે. હું તારાથી પ્રસન્ન થાઉછું, એમ કહી તેને પોશાક આપી રજા દીધી. આ પોશાક એજ પૃથ્વીસિંહના મોતનો પોશાક હતો. આ વિષમય પોશાકથી તેના આખા શરીરમાં વિષ વ્યાપી ગયું. અને તેજ દિવસે સ્વર્ગવાસી થયો. ઔરંગજેબે જાણે પોતે કંઇ જાણતો નથી એવો ડોળ કરી પૃથ્વીસિંહના મરણુ માટે દીલગીરી ભર્યા શબ્દોમાં જસવંતસિંહને કાગળ લખી પોતાની લાગણી દર્શાવી અને મહરાજાના દીલમાં ડંખ લગાડયો. એ ડંખ મહરાજાના કાળનું કારણુ થયો. એવું કહેછેકે;—

ઔરંગઝેબે એવું 'પણ' લીધું હતું કે જસવંતસિંહજીને કદીપણ કાબુલથી જીવતો આવવા દેવો નહિ. વળી એમ પણ કહેવાય છે કે, ઔરંગઝેબે તેની સાથે કેટલાક મારા મોકલ્યા હતા. તેમણે તેને ઝેર દીધું હતું. જે વખતે જસવંતસિંહજી કાબુલમાં સ્વર્ગસ્થ થયા; ત્યારે વીર રાણી ગર્ભવંતી હોવાથી સરદારોએ તેને સતી થવા દીધી નહિ, પણ જોધપુર ખબર મળતાં, રાણી **ચંદ્રાવતી** તેની ચાખડી લઇ સતી થઇ હતી.

વીર મહારાણી ગર્ભવંતી છે, એ જસવંતસિંહજી જાણતા હતા. તેમને એવી સ્થિતિમાં શોક સાગરમાં ડૂબાવી સંવત ૧૭૩૫ ના મહા સુદ ૧૦ ને દિવસે આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા. રાજ્યનો સર્વ ભાર સરદારોને સોંપ્યો હતો. રાણીને પુત્ર જન્મે તો તે બેઉની રક્ષા માટે દુર્ગાદાસને ખાસ ભલામણ કરવામાં આવી હતી. પ્રથમથીજ રાણીજીનો વિશ્વાસ દુર્ગાદાસ ઉપર હતો. તેથી રાણી તથા બાળકોની ચિંતા દુર્ગાદાસને માથે આવી પડી. જસવંતસિંહજીના મરણ પછી બાદશાહનો હુકમ રાણીજીને લઇ દેશમાં આવવાનો થયો. આ ખબર સાંભળી કાબુલના સુબેદાર **અમીરખાં** જે મહારાજા ઉપર પ્રીતિ રાખતો હતો. તેમણે સર્વ સરદારોને ચાલવા પહેલાં શુભ શુકન માટે તથા શોક મટાડવા મીઠાઇ અને ગોઠનો સામાન મોકલ્યો તથા કોઇ વખતે જરૂર પડગે મદદ માગવા કહેવડાવ્યું. દરમંજલ કરતાં તેઓ લાહોર આવ્યા. રાણીને હવે મંજલ કરાવવી ઠીક ન લાગી. તેથી ત્યાં સૌ રોકાયા. ત્યાં મહારાણીને સંવત ૧૭૩૫ ના ચૈત્ર વદ ૪ ને દિવસે **અજીતસિંહ** નામે પુત્રનો જન્મ થયો. તે વખતથી પોતાની ગયેલી મિલ્કત પ્રાપ્ત થવાના ખુશ ખબરથી સચેત થયેલા રાઠોડો પ્રસન્ન થયા અને દુર્ગાદાસને માથે તેની ફરજ સોંપી નિશ્ચિંત થયા. લાહોરથી સૌ અજીતસિંહને લઇ દિલ્લી આવ્યા. દિલ્લીમાં પેસતાં તો તેને માટે યોગ્ય સન્માન થયું અને ઉતારા વગેરેની ગોઠવણ કરવામાં આવી. ઔરંગઝેબે સર્વ સરદારોને દરબારમાં બોલાવી મહારાજા જસવંતસિંહને માટે શોક બતાવ્યો અને દિલ્લીના રક્ષણ તળે જોધપુરને રાખી કુંવર મોટો થતાં સુધી તેનો સર્વ બંદોબસ્ત પોતે રાખવા વચન આપ્યું. એ રીતે રાજપુતોને પહેલાં તો સારૂં લગાડયું, પણ અંતે તેનો દગો ખુલ્લો થયો. તેણે જણાવ્યું કે;—"જસવંતસિંહ કાબુલથી દ્રવ્ય લાવ્યા છે, તે બાદશાહને સોંપવા જરૂર છે; તો હાલ જનાનામાં શોગ છે તો થોડા દિવસ પછી તમો તમારાં મકાન તપાસવામાં આડે આવશો નહિ. હાલ જસવંતસિંહના બાળક યુવરાજને સાચવવાની મારી ફરજ છે, તો આજથી તમારા મકાન ફરતો પહેરો રહે તો ચિંતા ન કરવી." આ હુકમ થતાંજ બાદશાહી લશ્કર રહેઠાણ ફરતું ફરી વળ્યું અને હરેક રીતે સખ્તાઇ રાખવામાં આવી. આવી જાળ પથરાતાં રાઠોડ સરદારો ચેતી ગયા અને તે માટે કોઇ ખાસ ઉપાય કરવા માટે વિચારમાં પડયા. આ

વખતે બે કાર્ય કરવાનાં હતાં. એકતો પોતાના માલિક યુવરાજને બચાવીને તે લાયક થાય, ત્યાં સુધી છૂપાવવો હતો અને બીજું પોતાના મરહુમ માલિકની આબરૂ સાચવવાને માટે મરણ ગ્રહણ કરીને પણ શરણ તજવાનું હતું. પહેલાં તો જે ઢીલ થઈ હતી તેનો લાભ લીધો. ઉતારામાં આવતા સરસામાનમાં મીઠાઈના ટોપલા હતા. આ ટોપલામાં કુંવરને સૂવાડી એક વફાદાર *મુસલમાનને સોંપવામાં આવ્યો અને આવેલી મીઠાઇ સારી નથી માટે બદલાવવી છે, એવા બહાનાથી ટોપલાની સાથે ત્રણ રાઠોડ સરદારને મોકલી, દિલ્લીથી દૂર ચાર કોસ ઉપર ફતયાબાદ પહોંચાડયો. ગામમાં કુંમારને છૂપો રાખવામાં આવ્યો. આવી ગોઠવણ થવાથી સર્વે નિશ્ચિંત થયા.

વીર મહારાણી જેવી બહાદુર હતી, તેવીજ બુદ્ધિશાળી અને હિંમતવાન હતી. બાદશાહના આવા ક્રુર જૂલમથી તે મહા ક્રોધે ભરાઇ હતી અને કઇ ઘડીએ આ જૂલમનો બદલો લઉં એવા વિચારના આવેશમાં આવી ગઇ હતી. સર્વ રાઠોડ સરદારો હવે શું કરવું તેનો વિચાર કરવાને મહારાણી માતા પાસે આવ્યા, અને બાદશાહના સર્વ પ્રપંચની વાત કહી બતાવી. તે વખતે રાણીજીએ જુસ્સામાં આવી કહ્યું કે;—“વીરપુત્રો! સાકા કરી કામ આવો એ ઠીક છે, પણ સન્હાલો દેવો એ રાજપૂતોને લાંછન છે. માટે શૂરવીરના રણમાં આડે આવનાર અબળા વર્ગને પહેલાં સ્વર્ગમાં મોકલી, તમે યુદ્ધ મચાવી તેની આંખો ઉઘાડો કે રાઠોરડ રક્ત હજી પૂરી વીરતાથી ભરપૂરછે. તેમ તેમનામાં પ્રપંચને પહોંચીવળવાની શક્તિ પણ છે.” આ વીરમાતાનાં વચનો સાંભળી તે વખતે પાસે બેઠેલી સર્વ રાજપૂત સ્ત્રીઓએ એક અવાજે એ વાતને ટેકો આપ્યો. આવા જવાબથી સર્વ લડવૈયા પ્રસન્ન થયા અને ગોઠવણ મુજબ જનાનાને સળગાવી મૂકી નિર્ભય થયા. હવે બધી તૈયારી થઇ ચૂકી હતી. દુર્ગાદાસે લડાઇનું આધિપત્ય લેવા વિનંતિ કરી, પણ સર્વ સરદારોએ તેમને બાળરાજા અજીતસિંહજીના સંરક્ષણ માટેજ રોકાઇ રહેવાનું જણાવ્યું; સરદાર ચંદ્રભાણ, ભારમલ, રઘુનાથસિંહ, ગોવિંદસિંહ અને રણછોડ વિગેરે વીરો ગર્જના કરી રહ્યા કે;—

તરવા ખરી હિંમત આજ ધરી,
તરવાર થકી તરવા જલદી;
અસુરો બનીયા દરીયા સ્વરૂપે,
તરવાર અમારી વહાણ બને;
હણીને અસુરો ભૂમી છોડવશું,
જઇ સ્વર્ગ તણી વનિતા વરશું.

* એ મુસલમાનને અજીતસિંહે ગાદીએ બેઠા પછી મોટા માનથી રાખી સત્કાર કર્યો હતો. તેના વંશજો હજુ જાગીર ખાય છે.

આગ બોલતા સર્વે લડવા તૈયાર થઇ રહ્યા. ત્યાં બાદશાહી લશ્કર તપાસવાને આવી પહોંચતાં; રાજપૂત લશ્કર કેશરીયાં કરી સામે ચાલ્યું કે; ત્યાં એક દિવ્ય દેવી જાણે આકાશથી ઉતરી આવી ન હોય, તેમ માતા "હાડી રાણી" અસ્ત્ર શસ્ત્રને કવચ ધારણ કરી લશ્કરના મોખરા ઉપર આવી ઉભાં રહ્યાં. સૌ આશ્ચર્ય પામી નમી પડયા. દુર્ગાદાસે પાસે આવી નમન કરી પુછયું–માજી ! આશું ? તમે કેમ બચી ગયાં ! અમારી ચિંતા વળી તાજી થઇ ! શું તમે અત્રે હશો અને હમે નિર્ભયતાથી લડી શકી શું ? રાણીજીએ કહ્યું;—" વીરરાઠોડ ! આજે મેં અબળા વ્રત ત્યાગ કરીને વીર વ્રત ગ્રહણ કર્યું છે. મારૂં શરીર—તેમાં પણ ઉદર ભાગને મધ્યમાંથી વિભાગ પાડી મેં મારી નિર્બળતા દૂર કરી છે. એ શરીરને પાટા બાંધી મજબૂત રાખ્યું છે. લડતાં લડતાં છેવટ પ્રાણ જતાં સુધી લડીશ. અંતે શત્રુના હાથમાં જતાં પહેલાંતો આ કવચ ઉતારતાંજ પ્રાણ તો મારા પતિ પાસે ચાલ્યા જશે. પછી તમને શી ચિંતા છે ? દુર્ગાદાસ ! પહેલી લડાઇમાં તમે અહિંથી ખસી જાઓ. આ યુદ્ધનું આધિપત્ય હું સંભાળીશ, લડાઇ લાંબા દિવસ ચાલશે. પહેલાં ત્રણ દિવસ અંદરથી લડીશું અને પછી બહાર પડી દિલ્લીમાં અમારા રક્તની છાંટ આપીશું, પછી અમે સ્વર્ગે જઇ શું. કેમ ભાઇઓ ! શી મરજી છે ? સર્વેએ જય જયના પોકારથી અભિવંદન આપ્યું. તે પછી વળી રાણીજીએ કહ્યું;—દુર્ગાદાસજી ! અજીતસિંહ માટે બાદશાહ ચૂપ રહેશે નહિ. માટે તમે ત્યાં જઇ અજીતસિંહને બચાવો તે તમારી સંભાળમાં છે. વખતે શાન્તિ થતાં અત્રે આવી મદદ આપવામાં વાંધો નથી. સર્વેની સંમતી મળતાં દુર્ગાદાસ ચાલી નીકળ્યા. હાડી રાણીની આજ્ઞાથી કવિએ વીર ગાયન–રણ-ગીત લલકાર્યું અને લડાઇ શરૂ થઇ.

રણ-ગીત.

પટ ઝટકે કોકદિ વેર કરવો પડે, નાળ ગોળા તણો પાર નાવે;
ઉડે ગીધ્રણું ને જમે શક્તિઓ, તે સમે ધાય રજપૂત આવે.
કેસરિસિંહને રજપૂતાં કૂળ, હયે ન કો કો દિ હામ હારે;
ભરે આધા ન કો પાછા ભરે, મરે કાં વેધનાં બાણ મારે.
ડગે અસમાન તો ભૂજ બલ ટેકા દિયે, જમીનો પીઠ ભૂજ બલ જાકે;
પંડે ગેમેર, ગેમેર જેવાં પખાં, પહાળા નવ હથા જોધ પાકે.

આ પ્રમાણે કવિરાજ હાથમાં તરવાર લઇ ઘુમતા વારંવાર રણગીત ગાતા હતા. માતા હાડી રાણી રણને મોખરે રહી યુદ્ધ મચાવતાં હતાં. હજારો માણસોના પ્રાણ હરાતા હતા. અહા ! કોણ આ સમાનુ વર્ણન કરી શકે ? કાંતો કવિનાં ગીત કે લડવૈયાની જીભ વર્ણવે. હાડીમાતાની તે વખતની ભવ્ય વીરમૂર્ત્તિ અને તેની મહાન્ શક્તિ જોઇ સૌ ચકિત થતા હતા. તેની વીર હાકથી શૂરવીર રાજપૂતો

જમણા શૂરમાં આવી લડતા હતા. દુર્ગાદાસ આ યુદ્ધમાં ભાગલેવા દિવસના ભાગમાં આવી લડતો અને રાત્રે અજીતસિંહ પાસે જઈ સૂઇ રહેતો. ચારદિવસના યુદ્ધમાં બાદશાહના ઘણાં માણસો કાપી નાખ્યાં. બાદશાહના માણસો અજીતસિંની શોધમાં ફરી વળ્યાં હતાં. તે ખબર મળતાં યોગ્ય માણસો સાથે વેશ બદલાવી અજીતસિંહને બુલંદા તરફ રવાને કર્યા. અજીતસિંહના રવાને થયાના ખબર સાંભળી રાજપૂતોએ દિલ્લીની શેરીમાં રણરંગ જગાવ્યો, સારી રીતે યુદ્ધ જામ્યું. બાદશાહી સ્થાયી લશ્કર ઘણું ઓછું થઈ જવાથી અને પહોંચી નહિ શકવાથી બીજું લશ્કર તેમાં રોકવું પડયું. સાતમે દિવસે યુદ્ધનો અંત આણવા હાડીરાણીએ હાથીના હોદ્દામાં ચોપાસ રાળ ભરી લીધી અને તે દિવસે સ્વર્ગે સિધાવવાના નિર્ણયથી સૌ તૈયાર થયા. યુદ્ધ પૂર્ણ જામ્યું, દિલ્લીમાં સાત દિવસથી હડતાલ હતી, શેરીઓ સુની હતી, સૌ પોતાનાં ઘર બંધ કરી ભયથી ભરાઇ રહ્યાં હતાં. ચારે તરફ ત્રાહે ત્રાહે થઇ રહ્યું હતું. સૌ હાડીરાણીની વીરતાના વખાણ ગાતાં હતાં અને આ વીકટ વખતનો અંત આવવાની રાહ જોતાં હતાં. યુદ્ધનો રંગ સવારથી ઓરજ હતો, રાજપૂતોનો ઉત્સાહ, નિર્ભયતા અને વીરતા વિશેષ હતાં. દુર્ગાદાસે સૌ વચ્ચેથી લડતાં લડતાં આગળ વધી હાડી માતા પાસે આવી નમન કર્યું. હાડીજી તેમને પ્રેમથી જોઈ બોલ્યાં;—"વીરપુત્ર! દુર્ગાદાસ! હવે હદ થઇ છે, મારવાડને કબજે રાખવી છે માટે હવે તમે જાઓ, તમારા માલિક અને મારા પતિના હુકમથી આ આજ્ઞા માથે ચડાવો." આ સાંભળતાંજ સૌએ દુર્ગાદાસને પાછળ લાવી મેલ્યા. તે પોતાની સાથે જરૂર પડતાં માણસો અને યોગ્ય અસબાબ તૈયાર હતો, તે લઈ રવાને થયા તેમના ગયા પછી હાડીરાણીએ હાથી પરથી ગર્જના કરી કે રાજપૂતો બાદશાહી લશ્કર ઉપર યાહોમ કરી તૂટી પડયા અને તેમના ઘણાં માણસો કાપી નાંખી બાદશાહની ઇચ્છા ધૂળ મેળવી દીધી. એ રીતે રણમાં હાડીરાણી હાક વગાડી દુષિતના હાથનો સ્પર્શ ન થવા દેતાં જેમ અંતર્ધ્યાન થાય, તેમ હાથીના હોદ્દામાંજ ભસ્મ થઇને સ્વર્ગે જઇ પતિ દર્શન પામ્યાં. દિલ્લીમાં સુનકાર વરતાવી રહેલા યુદ્ધનો અંત આવ્યો. અહો! હાડી માતાની તે વખતની શી વીર મૂર્તિ! અને શી તેની મહાન્ શક્તિ! એ વખતે નજરે જોનાર તો તેને નમન કરી મસ્ત બન્યા હતા. એક કવિએ તે વખતે વર્ણન આપ્યું છે કે;—

શસ્ત્ર ધરી કરમાં બે મારે, ધાય મૂગલ સરદાર શિરે;
હણે હજારો પળમાં પાડે, વીર નરો ત્યાં નરમ બને.
નેકો ટેકી સદા રંગીલા, રણમાં સામો કો ન અડે;
હાથી ચડી પોકારે હાડી, લાડી જસવંત તણી લડે.
ઉગ્રરૂપ દેવીનું ધારી, અસુર દળોને દળે દળે;
શક્તિ શક્તિ આગળ દોડે, અશક્તાને બે હાલ કરે.

કાયરનું ત્યાં કામ ન ચાલે, ખરા વીરો પગ ટેકી અડે;
હાથી ચડી પોકારે હાડી, લાડી જસવંત તણી લડે. ૨
શસ્ત્ર પડે શા જોર થકી, મન તેનો તોલ કરી ન શકે;
એક ઘાવથી મરે કેટલા, દ્રષ્ટિ તે નવ દેખી શકે.
ચાર પાસ મુખ આઠ ભૂજા, શું ફરે ફુદડી રણે અડે;
હાથી ચડી પોકારે હાડી, લાડી જસવંત તણી લડે. ૩
વળી પ્રભાત સુણો તે ઘાનો, પ્રભુ તણું શુભ નામ સ્મરે;
ખુદા ખુદા કે હરી રામજી, ઘા પડતાં જન મુખ ઉચ્ચરે.
પ્રભુ નામ સ્મરતાં તે, ઘાયલ સ્વર્ગ તણી શેરીએ ચડે;
હાથી ચડી પોકારે હાડી, લાડી જસવંત તણી લડે. ૪

અહો ! શું વીરદેવીની વીરતા ! શું ક્ષાત્રતેજ ! અને શું તેની; પતિ પરાયણુતા !! વાહ, વાહ ! વીરદેવી તને ધન્ય છે ! ! !

હાડા કુળના વીરત્વને સ્મરણ કરાવી, જોધપુરના વીર જસવંતની કીર્તિને હીંમત પહેંચાડી સ્વર્ગે સિધાવી પતિને મળી અને કૃતાર્થ થઇ, એજ ખરૂં જીવન.

લાલબા.

આ ઇતિહાસ પ્રસિદ્ધ વીર સ્ત્રી મેવાડના કુટુંબની પુત્રી હતી. તેના પિતાનું નામ **વિજયસિંહ** હતું. તેણે વિકાનેરના મહારાજા સાથે પોતાની પુત્રી લાલબાને પરણાવી હતી. લાલબા જેવી અતિશય રૂપાળી હતી, તેવીજ પૂરી પતિવ્રતા હતી. તેમ હિંમતવાન, બુદ્ધિશાળી, ચાલાક, ડાહી, નીતિનિપુણ, ખંતીલી, આગ્રહી, શૂરવીર અને તેજસ્વી હતી. પતિ પત્ની વચ્ચે ગાઢ પ્રેમ હતો. દિલ્લીમાં **અકબર** બાદશાહ દર મહિનાની નવમી તારીખે-પોતે પુરૂષોનો દરબાર ભરતો અને બેગમો સ્ત્રીઓનો મેળો ભરતી હતી. એ મેળા-જાત્રા-બજારને નવરોજનો મેળો કહેતા હતા. એ નવરોજ પર મોટા મોટા રાજા, રાણાઓની રાણીઓને પરણ્યા પછી દિલ્લી આવવાનો હુકમ હતો. જે રાજા પોતાની રાણીને એ નવરોજના મેળામાં ન મોકલતો તેને શિક્ષા થતી હતી. સ્ત્રીઓના મેળામાં વેપારીની સ્ત્રીઓ દેશ દેશાવરની જુદી જુદી જાતની અનેક પ્રકારની વસ્તુઓ વેચવાને બેસતી અને રાજા, રાણા અને અમીર ઉમરાવોની સ્ત્રીઓ તે ખરીદ કરતી. આ સ્ત્રીઓના મેળામાં કોઇ પણ પુરૂષ વર્ગને જવાની બંધી હતી. એ રીતે અકબર બાદશાહ આ દેશની સ્ત્રીઓને ગમત સાથે જ્ઞાન આપવા નવરોજનો મેળો ભરતો હતો. જોકે એ તેમની બુદ્ધિનાં વખાણ કરવા જેવું છે, એમ પહેલાં તો લાગશે, પણ સારી પેઠે તપાસ

કર્યાથી વાંચનારાઓને દીલગીરી ઉત્પન્ન થયા વગર રહેશે નહિ; કેમકે એ નવરોજના મેળા સાથે અકબરશાહની એક નીચ મતલબ સમાયેલી હતી. એ મેળામાં કોઇ પણ પુરૂષ વર્ગને નહિ જવા દેવાનો તેણે જે હુકમ કરેલો હતો, તે જાણી સૌ કોઇ એવું વિચારશે કે, સ્ત્રીઓ મુલાઝા સાથે પૂરી છૂટથી એ મેળાની મોજ તથા ફાયદા મેળવી શકે તે માટે તેણે એવો બંદોબસ્ત કર્યો હશે, પણ એ બંદોબસ્ત તેણે પોતાની સગવડને સારૂજ કરેલો લાગે છે. એ મેળામાં કોઇ પુરૂષને સામેલ નહિ કરવા દેવાનો તેણે જે કાયદો કરેલો હતો, તે કાયદો પોતેજ તોડતો હતો. પોતે સ્ત્રીનો વેશ લઇ બીજી જોનારી સ્ત્રીઓ સાથે એ મેળામાં ફરતો હતો અને ત્યાં પોતાને વિષે શું બોલાય છે તે સાંભળતો હતો; એટલુંજ નહિ પરંતુ ત્યાં પોતાના ભૂંડા હવસને તૃપ્ત કરવાનાં પાપમાં પડવાની કોઇ જોગવાઇ તે જવા દેતો નહિ. એક વખતે તેણે આ પવિત્ર મનની વીર સ્ત્રી લાલબા ઉપર પોતાની ખરાબ નજર દોડાવી. તે આ મેળો જોઇ પાછી બહાર જવા લાગી. બહાર નીકળવાનો માર્ગ મહેલના કેટલાએક ઓરડાની ગલી કુંચીઓમાંથી પસાર થતો હતો. એ રસ્તામાં થઇ આ સુંદરી ચાલી, તેવામાં એક ઠેકાણે અકબર તેની નજીક જાહેર થયો. તેણે મીઠાં વચનથી કેટલીક લાલચો આપી પોતાની પાપી ઇચ્છા જણાવી, પણ આ નેક નિષ્ઠાવાળી હિંમતવાન પતિવ્રતા સ્ત્રીએ તેના મીઠાં વચનો અને આપવા કહેલી કીંમતી લાલચોને ધિક્કારી કાઢી, ધીરજથી પોતાની કોમળ કમરેથી કટાર કાઢીને તેનીપર ધસી આવી અને છાતીપર ધરીને સિંહણની પેઠે વિક્રાળ બની ઘુરકતી બોલી;—"ઓ કામાંધ પાપી બાદશાહ! તારા બાદશાહ પણાને અને તારી મોટાઇને ધિક્કાર છે! શું તારી મોટાઇનો ઉપયોગ પર સ્ત્રીઓની લજ્જા લોપવામાંજ કરે છે? શું તને ઇશ્વરનો ડર નથી? તેં આજ સુધી આવી રીતે કોણ જાણે કેટલી સ્ત્રીઓને ભય અને લાલચમાં લપટાવી તારા પાપી પંજામાં સપડાવી હશે! શું મને પણ તેં તેવી સ્ત્રી ધારી હતી? આજે તારા પાપનો ઘડો ભરાઇ રહ્યો છે. તેં મારા પ્રત્યે જે બુરી ધારણા કરી, તે માટે તારો આજે નાશ કરી તેનો બદલો લઇશ. હું તને કદી પણ છોડનાર નથી." વગેરે તેને તેની બુરી ટેવથી તેના નામને લાગતાં કલંક વિષે તથા એવી ટેવથી નીપજતાં માઠાં પરિણામ વિષે સારો ઉપદેશ અને ઠપકો આપ્યો તેથી બાદશાહ ઝાંખો પડી ગયો, લાચાર બની ઘણા કાલાવાલા કરી ક્ષમા માગી અને ફરજ પાડવાથી સખ્ત સોગન ખાઇ વચન આપ્યું કે;—"આજ પછી કોઇ પણ રાજપૂતાણી કે બીજી કોઇ પણ સ્ત્રી સાથે કદી પણ આવી ખરાબ ચાલ ચલાવીશ નહિ." એવું વચન લઇ તેને છોડયો. આવી રીતે આ પતિ વ્રતા—વીર સ્ત્રી એ બહાદુરી બતાવી પોતાના પાતિવ્રતનો બચાવ કર્યો અને હિંમત, સત્યતા અને પવિત્રતાઇથી પોતાના કુળની શોભામાં વધારો કર્યો. ધીરજ અને ડાહપણથી પોતાની સ્ત્રી જાતિની આબરૂની

સંભાળ માટે એક મજબૂત જામીનગીરી લીધા હતા. એ પછી તે કદી પણ દિલ્હી નવરોજના મેળામાં દાખલ થઇ નહોતી. શાબાશ છે આ વીર સ્ત્રીને ! કે તે બાદશાહની મોટાઇમાં અંજાઇને ડરી નહિ, કે લાલચમાં નહિ લપટાતાં હિંમતથી પોતાના સતીત્વ ધનનું સંરક્ષણ કરી પ્રખ્યાત થઇ ગઇ છે. જેની કીર્ત્તિનાં કિર્ણો અદ્યાપિ પર્યંત ભારત વર્ષમાં પ્રસરી રહ્યાં છે. ધન્ય છે તેમને ! ! !

નાયકી દેવી.

આ પ્રખ્યાત્ વીર સ્ત્રી ગુજરાતના રાજા બાળમૂળરાજની માતા હતી. તે મહા બુદ્ધિશાળી, ચતુર, ઉત્સાહી, ભણેલી, નીતિવાન, અને વિવેકી હતી. બાળમૂળરાજ બાળ વયમાં હતો, ત્યારે તેણે તેને પોતાના હાથ નીચે ઉછેરી સારૂં શિક્ષણ આપી કુશળ કર્યો હતો. તે એવીતો રાજ્ય કાર્યમાં કુશળ હતી કે આખા ગુજરાતના રાજ્યનો 'દિવાની' કાર્યભાર તે પોતે એકત્ર હાથે ચલાવતી હતી અને ભોળોભીમદેવ તેમની વતી લડાયક રાજનીતિ ચલાવતો હતો. જ્યારે શાહબુદ્દીનઘોરી ગુજરાત પર ચઢી આવ્યો, ત્યારે ભીમદેવ તેની સામે લડવાને ગયો હતો; પરંતુ નાયકી દેવીને ધીરજ ન રહી. તેથી તે પણ તેની પાછળ લડાઈ પર ગઇ હતી. લડાઇ ચાલતી હતી ત્યારે બાળરાજાને ખોળામાં લઇને તે એક ઉંચી ટેકરી ઉપર બેસતી ને લડાઇની તપાસ રાખતી; એટલુંજ નહિ પરંતુ પોતાના સૈન્યકો તથા ભીમદેવને પોતાના બાળકની વતી લડવાનું ઉત્તેજન આપતી. શાહબુદ્દીન ગુજરાત સામેની લડાઇમાં હાર્યો અને પાછો ફર્યો. તેનું માન રાણીની લડાઇની વ્યવસ્થા કરવાની બુદ્ધિને ઘટે છે. નાયકીદેવીના ઉત્તેજનથી સરદારો અને સૈન્યના માણસોએ રણસંગ્રામમાં વીરત્વ દેખાડી ગુજરાતની શોભામાં વૃદ્ધિ કરી હતી. નાયકીદેવી જેવી બહાદુર અને રાજ્ય કાર્યમાં કુશળ હતી, તેવીજ ધાર્મિક હતી. તેણે લોકોપયોગી ઘણાં ધર્મનાં કાર્યો કર્યાં હતાં. પ્રજાને ન્યાય બરાબર આપતી, વેપાર ઉદ્યોગની વૃદ્ધિને માટે ઉપાયો લેતી. તેથી ગુજરાતની પ્રજા ઘણી સુખી થઇ હતી. તે તેમને રાજ માતા તરીકે પ્રેમથી ચાહતી હતી. તેના વખતમાં દેશની સ્થિતિ ઘણી સારી હતી. વૃદ્ધાવસ્થા થયે પુત્ર યોગ્ય ઉમરે આવ્યાથી રાજ્યકારભાર તેમને સોંપ્યો. અને પછી પોતે નિરંતર ઇશ્વર ભક્તિમાં કાળ ગુજારી સ્વર્ગે સિધાવી હતી. એ રીતે તે પોતાના જીવનનું સાર્થક કરી ગુજરાતની રાણી પ્રખ્યાત થઇ ગઈ છે. જેની કીર્તિ અદ્યાપિ પર્યંત ગુજરાતમાં વ્યાપી રહી છે. ધન્ય છે આવી લોકપ્રિય પતિવ્રતા વીર સ્ત્રી ને ! ! !

ઇચ્છનકુમારી.

આ પ્રખ્યાત પતિવ્રતા વીરસ્ત્રી આબુના ચંદ્રાવતી નગરીના રાજા **જેતસી** પરમારની પુત્રી હતી. એ રૂપે રંભા જેવી તેજસ્વી, બુદ્ધિવાન, નીતિવાન, પ્રેમી, ચતુર, ડાહી, ખંતીલી, આગ્રહી, રાજનીતિમાં કુશળ અને શૂરવીર હતી. તેના રૂપગુણની પ્રખ્યાતિ દેશમાં ચોપાસ પ્રસરી રહી હતી. જ્યારે અજમેરના રાજા **સોમેશ્વરે** પોતાના પુત્ર **પૃથિરાજ** ચોહાણને દશ વર્ષની ઉમરે અજમેરની ગાદીએ યુવરાજ પદ ઉપર અભિષેકની ક્રિયા કરી, ત્યારે જેતસી પરમારે પોતાની પુત્રી ઇચ્છનકુમારીને પૃથિરાજની પટરાણી બનાવવાની ઇચ્છાથી તેના પટાભિષેક વખતેજ ચાંલ્લામાં પડેલું નાળિયેર આપી સગપણ કર્યું હતું. તેથીએ પટરાણીના પદને પામી હતી. આ કુંવરીના રૂપ, ગુણનાં વખાણ ગુજરાતના **ભોળાભીમદેવે** અણહિલપુર પાટણ સાંભળ્યાં હતા; ત્યારથી એ તેના ઉપર મોહિ પડયો હતો. હમેશાં તે યાદ આવતાં તેને પોતાની રાણીઓ પાસે બેસવું ગમતું નહોતું. એટલામાં યાત્રાએ ગયેલા તેના ભાટો તેને મળવા આવ્યા, ત્યારે ભોળાભીમદેવે તેમને ચંદ્રાવતી નગરી વિષે પૂછતાં તેમણે કહ્યુંકે;—

ઢાળ.

યાત્રા કરતા ફરતા ફરતા, ઉતર્યા આબુ દેશ;
ચંદ્રાવતીનું રાજ નાનું, વૈભવ માંહિ વિશેષ.

× × × ×

જેતસી પરમારને ત્યાં, વરતે લીલાલેર;
ઇચ્છની થઇને અવતર્યાં છે, લક્ષ્મી જેને ઘેર.
કુંમકુંમ પગલાં ચાલે પડે છે, અંગે બેકે છે બરાસ;
ચૌદ વરસની ચતુરા છે પણ, જાણે સર્વે વિલાસ.
બહુબહુ શું વરણવીએ એનું, શેષ ન પોચે રૂપ;
સુવર્ણે જે હોય સુગંધી, તેમ રૂપ ગુણની છે કુપ.

આ પ્રમાણે ભાટોને મુખે ઇચ્છનકુમારીના વખાણ સાંભળીને તેને વરવાની અત્યંત ઇચ્છા થઇ. તેથી તેણે અમરકોષના કર્તા **અમરસિંહ** સેવડાને ચંદ્રાવતી મોકલ્યો. તેણે જેતસીપરમાર અને તેના પુત્ર સલખ પાસે ઇચ્છનકુંમારી ભીમદેવ વરે પરણાવવાના માગણી કરી. જેતસીપરમારે કહ્યુંકે;—"ગુજરાતના રાજાને કન્યા આપવામાં અમારી શોભા વધે એમ છે પણ ચૌહાણના રાજકુમાર પૃથિસિંહ સાથે તેનું સગપણ કર્યું છે માટે નિરૂપાય છીએ." આ સાંભળી અમરસિંહ ક્રોધે

ભરાઈ બોલ્યો;—"જો તમે તમારી કન્યા ભીમદેવ વેરે નહિ પરણાવો તો તે તમોને શું કરશે તેનો ખ્યાલ કરો! જોત જોતામાં તે ચંદ્રાવતીનો નાશ કરી ઇચ્છન કુંમારીને લઈ જશે માટે સમજો." તે ઉપરથી જેતસી પરમારે કહ્યું:—તમો ખોટું નહિ લગાડતાં અણુહિલપુર જઇ ભીમદેવને કહેજો કે, એક ઠેકાણે સગપણ કરેલી રાજપૂતની કન્યા બીજે ઠેકાણે દેવાય? રાજા તુરત પોતાના ક્ષત્રિય ધર્મને સમજી જશે એવી મને આશા છે. તેમ છતાં જો તે અમારા ઉપર ચઢી આવશે, તો અમે કાંઇ ચુડીઓ પહેરીને બેઠા નથી, આબુગઢને તાબે અઢાર ગાદી અને અનેક સામંત રાજાઓ છે. અમારૂં રક્ષણ કરવાને હજી અમારી તરવારો અસમર્થ થઇ નથી, માટે જાઓ ખુશીથી તમારા રાજાને કહેજો કે, પરમારોથી કન્યા અપાય તેમ નથી," તમારાથી થાય તે કરી લેજો આ વજ્ર જેવાં વચનો સાંભળી અમરસિંહ વધારે કંઇ પણ બોલી નહિ શકતાં તુરત ક્રોધાયમાન થઇ ત્યાંથી ચાલતો થયો.

જેતસીપરમારે અમરસિંહના ગયા પછી ભીમદેવ સામે લડવાની તૈયારી કરવા માંડી અને અજમેર સોમેશ્વરને પણ સર્વ ખબર મોકલાવી મદદે બોલાવ્યો. અમરસિંહે ભીમદેવને સર્વ સમાચાર આપતાં તે ક્રોધે ભરાઇ ચંદ્રાવતી ઉપર ચડાઇ લઇ જવા તૈયાર થયો. જે વખતે સોમેશ્વરને જેતસી પરમાર તરફથી ચંદ્રાવતી ઉપર ભીમદેવના ચઢી આવવાના ખબર થયા, તેવાજ વખતમાં પંજાબમાંથી વળી એવા સમાચાર આવ્યા કે;—"**શાહબુદ્દીન**ઘોરી મોટી બળવાન સેના લઇને હિંદુસ્તાન ઉપર ચઢી આવવાને ખૈબર ઘાટને માર્ગે નીચે ઉતરે છે." ચૌહાણને બે બાજુ સાચવવાની હતી. એક તરફ હિંદની ભૂમિનું અને બીજી તરફ તેને પુત્ર વધૂનું સંરક્ષણ કરવાનું હતું. તેમાં પ્રથમ કુળની મર્યાદા અને રાજપૂતોમાં માન રાખવા માટે પુત્ર વધૂને પર હાથ જતી અટકાવવા તૈયાર થયો. શાહબુદ્દીનની સામે થવાને તૈયાર કરેલી મોટી સેનામાંથી થોડુંક લશ્કર અજમેર રાખી, તે જેતસીપરમારની કુમકે ગયો. પૃથિરાજ આ વખતે દિલ્લીમાં હતો. તેમને સોમેશ્વર જેતસીની કુમકે ચંદ્રાવતી તરફ ગયા છે, એવા સમાચાર આવેલા તેનો વિચાર મિત્રો સાથે બેસી કરતો હતો; એટલામાં એક મારવાડી બ્રાહ્મણે આવી કીનખાબમાં વિંટેલો કાગળ આપ્યો. પૃથિરાજે તે પત્ર વાંચી **ચંદબારોટને** આપ્યો. ચંદ કવિએ તે પત્ર વાંચી કહ્યું કે;—"મિત્રો! મહારાજા સોમેશ્વર જેતસી પરમારના ઉપર ચઢી આવેલા ભીમની સામે ગયા છે અને અજમેરનું રાજ્ય સાચવવાનો પિતાજીનો હુકમ છે. એક તરફ શાહબુદ્દીન ચઢી આવે છે. તેમાં વળી આ પત્ર બીજોજ ગુંચવાડો ઉભો કરે છે. જેતસી પરમારની કુંવરી અને આપણી થનાર પટરાણી લખે છે કે, 'ગુજરાતનો ભોળો ભીમદેવ મોટું સૈન્ય લઇ ચઢી આવ્યો છે. પ્રલય કાળનો દેવાગ્નિ હોય તેમ ગામડાં અને વન ઉજડ કરતો તે આગળ વધતો જાય છે. લોકો ગુજરાતને મારવાડ તરફ ભયથી નાશી જાય છે.

મારા પિતાનું સૈન્ય ગુર્જરેશ્વરના સૈન્ય સામે ટકાવ કરી શકે એમ લાગતું નથી. સસરાજીની કુમક હજી આવી પહોંચી નથી. તેમના આવતાં પહેલાં તે ચંદ્રાવતી જીતી લઇ અહીં આવશે, તો મારે મરવું પડશે. માટે હે કમળાવતીના પુત્ર ! આ પત્ર વાંચી છડી સ્વારીએ અચળગઢ આવજો અને તમારી દીન દાસીને દુઃખમાંથી છોડાવ્યા પછી પાણી પીજો." આ પ્રમાણે લખે છે, તો આ સમયે વધારે વિચાર કરવાનો વખત નથી. રાણી ઇચ્છનકુમારી ઝુરી મરતાં હશે, માટે સત્વર તૈયારી કરવી જોઇએ. મહારાજ પોતે અને બીજા બે જણ તેમની સાથે અચળ ગઢ જાઓ અને આપણે બધા અજમેર જઇએ." આ પ્રમાણે ચંદકવિના બોલ્યા પછી પૃથિરાજે કહ્યું;—"શૂરવીર બંધુઓ ! હું, ચંદ અને રામરાય ગુર્જર અચળગઢ જઇએ છીએ અને તમે અજમેર જઇ ભરતખંડ ઉપર ચઢી આવતા મ્લેચ્છને શિક્ષા કરવાને જોઇએ એટલા સૈન્યની તૈયાર કરી મૂકો. અચળ ગઢથી તુરત હું આવી પંજાબમાં તેની સામે જવા ધારૂં છું. આ પ્રમાણે ગોઠવણ કરી દરબાર વિસર્જન કર્યો. જેતસી પરમારે પ્રથમથીજ વિચાર કરીને ઇચ્છનકુમારીને ચંદ્રાવતીથી આબુ ઉપરના અચળગઢ કિલ્લામાં મોકલાવી દીધી હતી.

ઇચ્છનકુમારી અચળગઢકિલ્લામાં રહી વિચારવા લાગી કે;—" પ્રાણનાથ તરફના સમાચાર લઇ બ્રાહ્મણ હજુ આવ્યો નહિ. પિતાજીના સૈન્યકો સરહદ ઉપર કતલ થતા જાય છે. સસરાજીની કુમક હજુ આવી નથી. અરેરે ! શું થશે ? મને ભય રહેછે કે ભીમદેવ બળીઓ રાજા છે, શાહબુદ્દીનને જેણે હરાવી કાઢ્યો હતો. તેને ચંદ્રાવતીનું લશ્કર શા હિસાબમાં ! અરે ! મારા કર્મમાં કોણ જાણે શું લખ્યું હશે ? ચૌહાણની શી પતીત, રાજાના કુંવરોને કન્યાની કંઇ ખોટ છે ? પણ ના, વિવાહનો પહેલી વાતેજ એ મારા અને હું એમની કહેવાઇછું; એટલે મારે માટે એમને પ્રીતિ નહોય એમ કદી બનેજ નહિ. ચૌહાણના યુવરાજનો જગતમાં જશ ગવાય છે. પોતે ડાહ્યા, શૂરવીર અને ગુણવાન મિત્રોથી વિંટાયલા છે, તોશું તેમને મારે માટે પ્રીતિ ન હોય ? અરે હૃદય ! તું મિથ્યા અંદેસા શા માટે આણે છે ? પ્રેમીનાં હૃદયજ અનિષ્ટને ઉભાં કરી ભય પામે છે. તેમને ભલે મારે માટે પ્રેમ નહોય, તોપણ હુંતો પ્રેમનો ખરો અર્થ પ્રથમ એમનામાંજ સમજી છું. એમના પરાક્રમે મને એમની બનાવી મૂકી હતી; એટલામાં પિતાજીએ પણ તેમનેજ પસંદ કર્યા અને તેમની શાથે જીવન જોડાઇ હું તેમની કહેવાઇ ચૂકીછું." આ પ્રમાણે ઇચ્છનકુમારી પૃથિરાજને પત્ર લખ્યા પછી નિરંતર તેમનુંજ સ્મરણ કર્યા કરતી હતી. આંખ મિંચાતાં પણ તેમનેજ જોયા કરતી હતી. રાત્રિએ પિંજરામાં બેઠેલો પોપટ પાંખો ફડફડાવે કે એકદમ ભારે ઉંઘમાંથી પણ જાગી ઉઠી તેના ભણકારા વાગતા. સખીઓ પ્રસન્ન કરવા માટે અનેક ચેષ્ટાઓ કરે, પરંતુ તે તેમને ગમતું નહોતું. મન બીજા કશામાં લાગતું નહોતું. વ્હાલામાં વ્હાલી

સાહેલીઓ જેમની સાથે તે છેક નાનપણથી તે આજસુધી ફરેલી હતી અને જેમના વગર પ્રથમ જેને એક ઘડી પણ જુગ જેવી લાગતી, તે સૈયરોનો સમાગમ પણ ગમતો નહોતો પરંતુ એમ થતું કે જાણે તેમનાથી દૂર એકાંતમાં જઇ બેસી રહું. તેમની આવી દશા દયા ઉપજાવે તેવી થઇ પડી હતી. વળી તે વિચારતી કે;—“અરે ! વ્હાલા પ્રાણનાથને જ્યારે મળાશે, ત્યારેજ મળાયું જાણીશ. પિતાજીને મારે માટે મોટા બળવાનની સાથે બાથ ભરવી છે, તેમ છતાં શું થશે તે કોણ જાણે છે ? મારે માટે હજારો જીવતા જીવને જોખમ લાગે છે; તેમ છતાં ચંદ્રાવતીથી આવતા સમાચાર પણ આશા બંધાવતા નથી. મનેતો એમ થઇ આવેછે કે, જાણે ઘોડે ચઢી હું એકલીજ અજમેરને માર્ગે પડું, પરંતુ કુળની મર્યાદા તેમ કરવા દેતી નથી. હુંતો વિચાર કરી કરીને થાકી ગઇ, પણ કંઇ સુઝ પડતી નથી. અરેરે ! કયા જઉં ? અને કોની પાસે મારા મનનો ભાર ઓછો કરૂં ? સખીઓની આગળ હવેતો વાત કરતાં શરમ આવે છે. પ્રાણનાથ ! વ્હાલા પ્રાણનાથ ! આમ નમેરા ન થાઓ ? મારો પત્ર તમને પહોંચ્યો છે કે નહિ ? પત્ર પહોંચ્યો હોય અને તેણેય તમને તમારી તરીકે મારા ઉપર પ્રેમ ઉત્પન્ન કર્યો હોય તો ખેર, એક દીન અબળા તરીકે તો તમને મારી દાઝ આવવી જોઇતી હતી. રાજપૂતોનો ધર્મ તમને મારી વહારે ચઢવાને ઉત્તેજીત ન કરી શકયો ? ” આમ ગાંડું ઘેલું વિચારતી, વચ્ચે વચ્ચે દીર્ઘ નિશ્વાસ મૂકતી અને બોલતી પણ હતી.

ઇચ્છનકુમારી પતિના વિચારમાં એક દિવસે સાંજે અચળગઢની રાજગઢીના ઝરૂખામાં બેસીને “શ્રાવણ–ભાદરવા” નામે સુંદર સરોવરનો કુદરતી દેખાવ જોતી હતી. પરિશ્રમથી આરકત થઇ સૂર્યનારાયણ ધીરે ધીરે પશ્ચિમ દિશાના અંતમાં ઉતરતા હતા. વિવિધ રંગનાં વાદળાં ભિન્ન ભિન્ન આકારે ક્ષિતિજમાં કોટ કરી રહ્યાં હતાં, ખીણુમાંથી પક્ષીઓનાં ટોળાં ઉડી આવી ઉંચા આસોપાલવનાં વૃક્ષો ઉપર વિરામ લેતાં હતાં, શ્રાવણ—ભાદરવાના તટમાં ખીલેલી કમલિનીનાં પત્ર બીડાતાં હતાં, કેતકી તથા કેવડામાંથી અબીલવાળો વાયુ વાવાથી જેમ ધુંધળી થઇ હોય, તેમ દિશાઓ ધુમસ્સથી ઝાંખી થતી હતી, સરોવરમાં રૂપાના વાટા જેવી લહરીઓ ચાલી રહી હતી, દૂર દૂરથી ઉડી આવતાં સારસ પક્ષીનાં જોડાં જળાશય ઉપર ઉતરતાં હતાં, પવન મંદ હોવાથી વાતાવરણ ચંબેલીની સુગંધથી મગમગી રહ્યું હતું, જંગલી પુષ્પના વેલામાં ખીલેલાં બે સુમાર પીળાં પુષ્પથી સામેનું ઋષિશૃંગ કનક શૃંગની શોભાનો તિરસ્કાર કરી રહ્યું હતું અને ચંદ્રમાની વાટ જોતું ચકોર પક્ષી વારંવાર ઉંચે ઉડી ઉડી પુર્વ દિશાનું અવલોકન કરતું હતું. જ્યારે પરમારરાય જેતસીની લાડકો પુત્રી ઉપર પ્રમાણે રાજ ગઢીના ઝરૂખામાંથી કુદરતી સૌંદર્ય જોઇ વધારે વધારે મુંઝાતી હતી; ત્યારે આબુના મોટા અગ્નિ કુંડને માર્ગે ત્રણ ઘોડે સ્વાર અચળ ગઢ તરફ આવતા હતા. એ ત્રણે

પ્રવાસી જુવાન હતા, મુંછના દોરા હજી હવે ફુટતા હતા--પરંતુ શરીરે તેઓ કદાવર અને પ્રફુલ્લ હતા, તેમના વિશાળ કપાળ ઉપર જુવાનીનું શૌર્ય અને ઉત્સાહ ચમકી રહ્યાં હતાં. એ ત્રણમાંના એકનો ઘોડો, ચહેરો અને પોશાક જોનારને સહજ અનુમાન કરી આપતાં હતાં, કે અચળગઢ તરફ જનારી નાની મંડળીનો તે અધિપતિ છે. તેમણે હથિયાર બાંધેલાં હતાં. તેઓ લાંબી મજલ કાપતા નિર્વિઘ્ને ધારેલે ઠેકાણે આવી પહોંચ્યા. ઢોળાવ ઉપર ચઢીને મિનારાઓ વાળા ચોગાનમાં આવી ઉભા રહ્યા. પરોણાની આગતા સ્વાગતા દાસ દાસીઓ કરવા લાગ્યાં. મહેલનાં માણસોનાં મન હર્ષથી પ્રફુલ્લિત થઇ ગયાં. ચૌહાણનો ઘોડો ચોગાનમાં આવીને ઉભો રહેતાંજ એક ખવાસે તેની લગામ ઝાલી અને દાસ દાસીઓનાં નમનનો સ્વીકાર કરતો કરતો યુવરાજ પૃથિરાજ નીચે ઉતર્યો. ઝરૂખે બેઠેલી ઇચ્છન કુમારીએ પૃથિરાજના મુખચંદ્રનાં દર્શન કર્યાં અને ઉભયના મનમાં આનંદનો ઉદધિ રેલ્યો. યુવરાજ પૃથિરાજ, ચંદબારોટ, અને રામરાય એ ત્રણે સેવકજનોએ બતાવેલે માર્ગે અંદર ગયા. એક મોટા સભામંડપવાળા ઓરડામાં કેટલીક વાર બેસી વિશ્રાંતિ લીધી. કપડાં ઉતાર્યાં અને સ્નાન કર્યું. ઇચ્છનકુમારી હજુ બહાર આવી નહોતી, પરંતુ તે ઝંખના ઝંખતી પાસે આવેલા અભ્યુદયથી ઘેલી જેવી થઇ ગઇ. કુળવાન કન્યાઓનાં હૃદય લજ્જાશીલ હોય છે. એકાંતમાં વરની ઝંખના કરતી બાળાઓ વરને જોતાં જેમ લજ્જાથી અભિભૂત થઇ જાય છે, તેમ ઇચ્છનકુમારીને થયું.

પૃથિરાજ અને ચંદ કવિ સૌ જમીને વિશ્રાન્ત થયા. પૃથિરાજનું હૃદય ક્ષણે ક્ષણે અધીરૂં થતું ચાલ્યું હતું, હજુ સુધી ઇચ્છનકુમારીનો સંદેશો પણ નહોતો.તેથી એનું હૃદય અનિષ્ટની શંકા કરતું હતું, તેટલામાં ઇચ્છનકુમારીની બે સાહેલીઓ અંદર આવી, તેમણે બારોટ અને ગુજર્જરને બીડાં આપ્યાં અને યુવરાજનું તાંબુલ કુંવરીએ અમને આપ્યું નથી,એમ ચંદબારોટ તરફ મુખરાખી બોલતાં યુવરાજને સાન કરી. ઇચ્છનકુમારીને મળવા આતુર થયેલો પૃથિરાજ બોલ્યા ચાલ્યા વિના તેમની પાછળ પાછળ અંતઃપુર ભણી ચાલ્યો. ઇચ્છનકુમારી રાણીવાસમાંના પોતાના ઓરડામાં કુમાર પૃથિરાજની વાટ જોતી બેઠી હતી, તેટલામાં પાન આપવા ગયેલી સાહેલી તેને તેડી અંદર આવી. ઇચ્છનકુમારીએ ઉભાં થઇ સોનાનો વર્ગ ચઢાવેલું તાંબુલ યુવરાજના હાથમાં આપી નમન કર્યું. પૃથિરાજ પૂર્ણચંદ્રને ઝાંખો પાડે એવું તેનું વદન જોઇ પ્રસન્ન થયો. તાંબુલ આપી કન્યા કન્યાના ભાવથી લજવાઇ દૂર જઇ ઉભી રહી; પરંતુ તેની સાહેલીએ કહ્યુંકે;—" કુંવરબા ! રાજ વીરને માટે ઝંખના કરતાં હતાં, તે હવે કેમ અબોલા લઇ દૂર જઇ ઉભાં ? આવો બેસો અને લાંબી મુસાફરીથી આવેલા ચૌહાણરાયની ખબર પૂછી—જે વિચાર હોય તે એમને વિદિત કરો. એમનાથી હવે શરમાવું ન જોઇએ; તમે સઘળું જાણોછો અને એ વળી આ-

પણાથી વધારે જાણતા હશે." એમ કહી તે શરમાતી શરમાતી ઇચ્છનકુમારી આગળ આવી અને જરા દૂર જઇ એક આસન પર બેસી કહ્યુંકે;—"મહારાજ! બાની ઝંખનાનું તો હું કેટલુંક વર્ણન કરૂં? તે સંબંધી વધારે કહેવાનુંએ શું પ્રયોજન છે? ચંદ્રાવતીને છોડયાને જેટલા દિવસ થયાં, તેટલા દિવસ એમને ઉંઘ્યાને થયા હશે. અમારા મહારાજે ટપ્પો રાખ્યો છે, તે રોજ સમાચાર લાવે છે, પરંતુ અમારી ધીરજ રહેતી નથી. આજ અમે નચિંત થયાં. તમે હવે અમારી ચિંતાના ધણી થયા; એટલે જેમ ઠીક લાગે તેમ કરજો." આ સાંભળી પૃથિરાજે ઉત્તર આપ્યો;—"તમારે હવે ચિંતા કરવી નહિ. ઠકરાણાનું મૂખજ મને એમની ઝંખનાં માટે કહી આપે છે, કહેવાથી શું ઘણું છે." આવાં પૃથિરાજનાં વચન સાંભળી ઇચ્છનકુમારીના નૂતન ગુલાબ જેવા લાવણ્ય ભર્યા ગાલમાં મંદ હાસ્યથી ખાડા પડી ગયા, તેનું મૂખ મલકાયું, આંખોમાંથી હર્ષદ્રવી ગયો અને હૃદયના ઉમળકાએ કુચના ભારને વહન કરતા હૃદય ઉપરની મોતીની માળાને ઉછાળી અનુરાગની શાક્ષી આપી. વરવધૂનાં નેત્ર એકબીજાની દૃષ્ટિને સ્થિર થવા દેતાં નહિ; તોપણ તેમાંથી પ્રસરતો રાગ તેની સાહેલીથી કળી શકાયો. રાજદ્વારમાં રહી અનુરાગીઓનાં હૃદયનો અભ્યાસ કરી હોશિયાર થયેલી ઇચ્છનકુમારીની સાહેલી પછી ધીરે રહી ઉભા થતાં થતાં "મહારાજ! આજ ઘણે દિવસે અમારી સાહેલીને સુખ થયું છે તે હવે અમે તેને તમને સોંપીએ છીએ. સવારે આપણે જેમ ઘટિત હશે તેમ કરીશું." આમ કહી તે અંતઃપુરમાંથી ચાલી ગઇ. ઇચ્છનકુમારી અને પૃથિરાજ એકબીજાના સામું જોયા કરતાં હતાં, પણ કોઇ બોલતું નહોતું, પણ પછી હસતી અને શરમાતી આંખે પૃથિરાજે કહ્યું;—"વાહ! હવે બોલશો પણ નહિકે? કાગળમાંતો બહુ લખ્યું હતું" ઇચ્છનકુમારી શરમાતી નીચું જોઇ ભૂમિ ખણતી ખણતી મહામહેનતે બોલી,હું શું બોલું? આપ સઘળું જાણોછો. હું લજવાઉંછું, કારણ કે જો મારા પિતાએ વિધિથી લગ્ન કર્યાં હોત અને ગોત્રજ પૂજા કરી આપણે એકઠાં થયાં હોત, તો મારા મનના કોડ પુરાત ને તમારી પટરાણી થાત; પરંતુ વિધિએ એ લાવો લેવા દાડો આણ્યો નહિ. પર્વતની કરોડો ઉપરના એકાંત મહેલમાં જ્યાં તમારો સત્કાર પણ જોઇએ તેવો થઇ શકતો નથી, ત્યાં હું શું બોલું? આટલું બોલી ઓછું આવવાથી ખિન્ન થઇને તે મૌન રહી. આંખમાં અશ્રુ આવ્યાં. તેને લૂછી કરી પૃથિરાજે આશ્વાસન આપતાં કહ્યુંકે;—દેવી! પટરાણી પદ તનેજ ઘટેછે. પાતનાં આવાં વચન સાંભળી તેનું મન શાન્ત થયું.તેમનાં મનેમન અને પ્રાણેપ્રાણ પોતાનાં થયાં. અમૃતથી ભરેલા અંતઃપુરમાં દુઃખનો નાશ થઇ અભેદ પ્રેમરશ સર્વત્ર પ્રસર્યો. બેઉએ હૃદય ઉઘાડી ઉઘાડીને વાતો કરી. **શકુન્તલા અને દુષ્યંતના** ગાંધર્વ વિવાહનું દૃષ્ટાંત લઇ ઇચ્છનકુમારીએ તૃપ્ત થયેલા હૃદયને ટાઢું પાડ્યું અને ઘણા દિવસથી

તલસી રહેલું મન શાન્ત થવાથી નચિંત થઇ. પૃથિરાજ પોતાની પ્યારી પત્નીને મળી આનંદ પામતો ઉતારે આવ્યો.

અચળગઢ ઉપર આનંદ થયો. જેને માટે લડાઇ થઇ હતી, તે રાજપૂત કન્યા પોતાના પતિને મળી અને ભીમદેવની ધારણા નિષ્ફળ ગઇ. પ્રભાતે સુખનો સૂર્ય ઉગ્યો. ચંદ અને રામરાયને મળી પૃથિરાજે ચંદ્રાવતીની હકીકત કહી;એટલામાં નિયમ પ્રમાણે દૂત આવ્યો. ચૌહાણના કુંવરને તેણે સઘળી હકીકત કહેતાં સોમેશ્વરની કુમક આવી પહોંચ્યાના સમાચાર આપ્યા. સલખકુમાર તેમની સાથે રહી નવી કિલ્લે બંધી કરે છે. પણ બાપા ! તીડના ટોળાં જેવું ગુજરાતનું દળ ખુટે તેમ નથી. પરમાર રાજપૂતોની સ્તુતિ કરતાં રામરાયે ઉમેર્યુંકે;—"હારજીત થવી એ તો દૈવાધિન વાત છે, પરંતુ પરમારોને માટે તો કવિઓએ કહ્યુંછે કે;—

દુહો.

ધ્રુવ ચળે મેરૂ ડગે, ગમ મરડે ગિરનાર;
રણમાંથી પણ કયમ ધરે, પગ પાછો પરમાર.

ચંદભારોટે રામરાયના બોલવાને ટેકો આપ્યો. દૂત પોતાના રાજાનાં વખાણ સાંભળી ખુશી થતો કુંવરી પાસે ગયો. ઇચ્છનકુંવરીએ તેને પોતાના કુશળ કહી 'પોતે પૃથિરાજની સાથે અજમેર જવાની છે માટે ચિંતા કરશો નહિ.' એમ પોતાની માતાને સંદેશો કહાવી મોકલ્યો. દૂતના ગયા પછી સર્વેએ જવાની તૈયારી કરવા માંડી. ચઢને પહોરે ઘોડાઓ ઉપર સાજ નંખાયા. ઇચ્છનકુમારી અને તેની બે દાસીઓ તૈયાર થઇ. કન્યા વળાવવાની ધામધુમ વગર સાસરે જતાં ઇચ્છનકુમારીને ઓછું આવ્યું. સૌ સોરઠી ઘોડાઓના ઉપર સ્વાર થયા. ત્રણ પુરૂષને ત્રણ સ્ત્રી ઘોડે સ્વારોએ મોટા બુરજવાળા પ્રાચીન પરમાર રાજાઓના ગહેલના આંગણાને પ્રસન્ન મને છેલ્લી સલામ કરી ઘોડાઓ ચલાવ્યા. બપોર થતાં તેઓએ અગ્નિકુંડ ઉપર આવી વિસામો કર્યો. વરકન્યાએ કુંડ રક્ષક દેવ તથા પરમારના પૂર્વજ આગળ નમન કર્યાં અને ઘોડા ચલાવતા ચલાવતા તેઓ રાજપૂતસ્તાનમાં આવી દાખલ થયા. ભીમદેવ જેને માટે ઝંખના કરતો હતો, તે પોતાના સ્વામિ સાથે પિતાની સરહદ ઉલંઘી અજમેર આવી.

ઇચ્છનકુમારીને અજમેર લાવ્યા પછી પૃથિરાજ પિતાની આજ્ઞા પ્રમાણે શાહબુદ્દીન સામે લડવાને ગયો. શાહબુદ્દીનને હરાવી અજમેર આવ્યો. સોમેશ્વર ભીમદેવ સાથે લડતાં સ્વર્ગ વાસી થયાથી પૃથિરાજને રાજ્યાભિષેક થયો. રાજ પૂરોહિતે પૃથિરાજને શેલે ઇચ્છનકુમારીની ચુંદડી બાંધી વિવાહ વિધિથી લગ્ન કરાવ્યાં. જેથી તુરત પરમારની પુત્રીના કોડ પુરાયા. અભિષેક સમયે તે મહારાણીના પદે રહી સ્વામિની સાથે રાજ્યાસન ઉપર બેઠી. સૌભાગ્યવતી અને અલંકાર ધારણ કરેલી પૌરની સ્ત્રીઓએ તેનાં ઓવારણાં લઇ આશિષો દીધી તથા રાજ-

વાડામાં મંગળ વાજીંત્રો અને ગાન થઇ રહ્યાં. પરણી ઉઠેલાં અને પટાભિષેકની માંગળિક ક્રિયાથી શોભતાં વર વધૂએ અંતઃપુરમાં જઇ માતા **કમળાદેવી**ના ચરણમાં મસ્તક મૂકયાં. ઇંદ્ર ઇંદ્રાણીના જેવું શોભતું પુત્ર અને વહુનું જોડું જોઇ માતાના મનમાં ઘણો આનંદ થયો. ઇચ્છનકુમારી ઘણી ડાહી, ચતુર અને પતિવ્રતા હતી. તે પોતાના પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પૃથિરાજને અનેક પ્રકારે સુખ આપવા લાગી. પતિ પત્ની પ્રેમથી એક રૂપ જેવાં હતાં. રાજ્યકાર્ય અને અને લડાઇ પ્રસંગે પણ તેની સલાહ ઘણી ઉપયોગી થઇ પડી હતી; વગેરેથી પૃથિરાજ તેના ઉપર ઘણો સંતુષ્ટ હતો. ઇચ્છનકુમારી ગર્ભવતી થતાં તેને **ઉષાવતી** નામે એક પુત્રી થઇ. આ પુત્રી રૂપ ગુણે અનુપમ હતી. માતા પિતાને આ એકજ પુત્રી રત્ન હતું અને વળી સદ્‌ગુણ સંપન્ન હોવાથી તેમનો તેમના પ્રત્યે ઘણોજ પ્રેમ હતો. પૃથિરાજ ઘણી રાણીઓ પરણ્યો હતો, તે સર્વમાં ઇચ્છનકુમારી માન પામેલી હતી; એટલુંજ નહિ પરંતુ સ્વામિ અને રાજ્યમાં પણ માનિની હતી. **કૈમાસદાહિયો** રાજ્યમાં એક પ્રધાન હતો. તે ડાહ્યો, ચતુર અને શૂરવીર હતો. પણ વિપરીત બુદ્ધિ થતાં પૃથિરાજની રાખેલી **કર્ણાટકી** નામે ગણિકા હતી, તે સાથે ચાલવા લાગ્યો. આ વાતની ખબર ઇચ્છનકુમારીને થતાં તેને રોમે રોમ ક્રોધાગ્નિ વ્યાપી ગયો. રાજ્યમાં અનીતિનું કર્મ થતું તે જોઇ શકી નહિ. તેવામાં દૈવ ઇચ્છાથી પૃથિરાજ શિકારે ગયેલો, તે અકસ્માત્ બારોબાર મહારાણી ઇચ્છનકુમારીને મહેલ આવ્યો. રાજાએ પલંગપર બેઠા પછી તેણીએ કહ્યું કે;—"ભલે પધાર્યા, અમે તમારી વાટ જોતાં હતાં. આજ તો ક્ષણે ક્ષણ આપ યાદ આવતા હતા." પૃથિરાજે ઉત્તર આપ્યોકે;—"હું તમને યાદ આવું તેમાં શી નવાઇ! મને પણ એમજ થતું હતું, પણ તમે તો કહ્યું કે;—'આજ' આનો શો અર્થ? શું તમારા મનમાંથી હું વિસરાઇ ગયો હતો અને આજ સાંભર્યો! રાણીએ કહ્યું;—ના—ના—પ્રાણેશ! એમ નહિ. આપ તો જગત્ જ્યોતિની માફક નિરંતર મારા અંતઃકરણમાંવિદ્યમાન છો—પરંતુ આજ તમારે માટે કંઇક જોવા જેવું છે તે અમે જોયું, જેથી યાદ આવ્યા એમ તાત્પર્ય છે. 'એવું શું છે? મને તુરત દેખાડો.' રાજાને લઇ ઇચ્છનકુમારી દીવા ઝાંખા કરાવી ઝરૂખામાં ગઇ અને કર્ણાટકીના અંતઃપુરમાં બનતો બનાવ દેખાડયો. પૃથિરાજ કૈમાસને કર્ણાટકી સાથે પલંગપર બેઠેલો જોઇ ક્રોધે ભરાતાં એક બાણ મારી તેને સ્વર્ગે પહોંચાડયો અને કર્ણાટકીને મારવાજ તો હતો, પણ ઇચ્છનકુમારીએ બાણની કમાન હાથમાં પકડી રાખી કહ્યું કે;—રાજાજી! એ નીચને તમારા હાથનો ઘા શોભે નહિ, એમ કહી અંદર તેડી ગઇ. કર્ણાટકી તુરત મહેલમાંથી નાશી ગઇ. એ રીતે તેણે અનીતિ અટકાવી બીજાઓ તેવા અધર્મને માર્ગે ન ચાલે તેનો દાખલો બતાવ્યો.

પૃથિરાજચૌહાણ દિલ્લીની ગાદી ઉપર ચક્રવર્તિ રાજા હતો. ભરતખંડની

સીમાપર અફઘાનિસ્તાનના યવનો, આ ધનાઢ્ય દેશને લૂટવા, અને તેને પગતળે ચાંપવાને ટમટમી રહ્યા હતા. શાહબુદ્દીનઘોરી સમયની વાટ જોતો હતો, કે ક્યારે લાગ ફાવે કે ભરતખંડ સ્વાધીન કરી લઉં, એવા ઇરાદાથી કેટલીકવાર આવ્યો હતો, પણ પૃથિરાજે તેને ઘણીવાર હરાવી પકડી લીધો હતો અને દંડ લઇ પાછો કાઢયો હતો; તોપણ ફરી આ વખતે પૃથિરાજની ઇતરાજીથી નાશી ગયેલા દેશદ્રોહી હાહુલીરાયના સમજાવવાથી ઇ૦સ૦૧૧૯૩. વિક્રમ સંવત ૧૨૪૯ માં ચઢી આવ્યો. પૃથિરાજ ભારે તૈયારી કરી તેની સામે થયો. લડાઇ થતાં શાહબુદ્દીનનાં ઘણાં માણસો નાશ પામ્યાં. તેથી અંતે તેણે નિરાશ થઇ સલાહ કરી, પૃથિરાજ સમક્ષ પોતાની અધમતા સ્વિકારી ભારે દંડ આપવા કબૂલ થયો. તેથી યુદ્ધ બંધ પડ્યું, રાજપૂત સેનાએ આનંદધ્વની કર્યો. પૃથિરાજે સર્વને કહી દીધું કે કાલે દેરા તંબુ ઉપાડી દિલ્લી પાછા ફરવાનું છે. આ સમાચારથી રાજપૂતોએ બીજે દિવસે આખીરાત્રિ આનંદમાં ગાળવાનો નિશ્ચય કર્યો હતો. તેપ્રમાણે બીજે દિવસે રાત્રે સૌ પોત પોતાના ઇષ્ટદેવની પૂજામાં પોહોર રાત્રિ સુધી રોકાયા. પછી કોઇ કથા વાર્તા, કોઇ ગાન તાન, કોઇ ભજન કીર્ત્તન, કોઇ કાવાકસુંબા અને કોઇ નકામી વાતોના ગપાટા મારવામાં રોકાયા હતા. એમ સૌ જુદા જુદા પ્રકારના આનંદમાં રોકાયા હતા. રાત્રિ અંધારી હતી, કોઇ કોઇને દિવાબત્તીના પ્રકાશ વગર જોઇ શકતું કહોતું. તે વખતે વિજયસિંહ જે પૃથિરાજના પક્ષમાં હતો, પણ અંદરખાને અનેક લાલચોથી ફૂટીને શાહબુદ્દીન સાથે છૂપી રીતે મળી ગયો હતો. તેવા દેશદ્રોહી પાપીએ રાત્રિના ગૂપચૂપ યવન છાવણીમાં જઇને પોતાના જાતભાઇ રાજપૂતો જેઓ આનંદમાં ગુંથાયાથી તૈયાર નહોતા. તેમના ઉપર આ વખતેજ હલ્લો લઈ આવવાનું સમજાવ્યું. વિશ્વાસઘાતી શાહબુદ્દીન આ તકનો લાભ લઈ એકદમ ઓચિંતો રાજપૂત છાવણીને આગ લગાડતો ધસી આવ્યો. રાજપૂતો તૈયાર નહોવાથી જરા ગભરાઇ ગયા; તોપણ સામે થયા. ભારે કાપાકાપી ચાલી, તેમાં યવનોનાં ઘણા માણસો નાશ પામ્યાં; પરંતુ દૈવ પ્રતિકુલ હોવાથી કલ્યાણસિંહ જેવો સમર્થ યોદ્ધો વિજયસિંહના દગાથી સ્વર્ગે સિધાવ્યો અને મહારાજા પૃથિરાજ ઘાયલ થઇ ઘોડેથી મૂર્છા પામી પડવાથી પકડાઇ ગયા. આ તરફ છાવણીમાં પૃથિરાજની એકની એક લાડકવાઇ અને વ્હાલી પુત્રી ઉષાવતી ભયંકર માંદગીમાં પડી હતી. મહારાણી ઇચ્છનકુમારી તેમની ભયંકર સ્થિતિ જોઇ અફસોસમાં પાસે બેઠી હતી. તેવામાં તંબુની બહાર એક મોટો ગભરાટ ભરેલો ગગનમંડળ તોડીપાડે તેવો પોકાર થયો ને સૌ દાસીઓ ચમકી ઉઠી. સર્વનું તે શોરબકોર તરફ ધ્યાન ગયું—રાણી પણ ગભરાઇ ગઇ, મૂર્છિત થઇ પડેલી ઉષાવતીના કાનમાં પણ તે કોલાહલના શબ્દ પેશી ગયા. એટલામાં બે ત્રણ ક્ષત્રિય સિપાઇઓ હાંફતા હાંફતા રાણી પાસે આવ્યાને બોલ્યા;—

"આવો-આવો-સૌ આવો !" સૌએ એકે પ્રશ્ને પૂછ્યું,—શું છે ? શું છે ?" સિપાઇઓએ ગભરાતાં ગભરાતાં કહ્યું;—"બોલવાનો વખત નથી. જલદી ચાલો. જલદી નાસો ? યવનો જીત્યા છે, તેઓ આ રાજ છાવણી લૂટવાને આવે છે. પાલખી તૈયાર છે, દેવી તમે ચાલો, જલદી ચાલો, હવે વિલંબ કરવાનું કામ નથી" રાણીએ ભયભીત થતાં પૂછ્યું. "મહારાજ ક્યાં છે ?" તે સિપાઇઓ બોલ્યા, "તેઓ પડયા, ગયા ! અમે પડતા જોયા !"

આ સમાચાર સાંભળી રાજ કન્યા ગભરાઇ, તેણે બાકળી આંખો ઉઘાડી ચારે તરફ જોવા લાગી, એટલામાં રાણીએ પૂછ્યું, "સમરસિંગ, કલ્યાણ ?" સિપાઇ બોલ્યો;—"સમરસિંગ બળહિણુ થઇ ગયા છે, પણ યવનો સામે ટક્કર લે છે, તે નહિ હોત તો યવનો ક્યારનાએ તંબુમાં ઘુસી ગયા હોત ! અને યુવરાજ કલ્યાણ ! યુવરાજ કલ્યાણે તો યુદ્ધમાં પ્રાણદાન દીધું છે. આ સાંભળી રાજકન્યા કારમી ચીસ પાડી બોલી;—"હા ! નાથ ! પ્રાણ ! પતિ ! નિર્મળ પ્રીતિવાળા પ્રાણ ! અમંગળની શંકાએ પ્રાણ આહુતિ આપી ! એમ કહેતાંજ નેત્રો મીંચી અનંત નિદ્રામાં પડી ! સ્વર્ગે સિધાવી ! મહારાણી મસ્તક નીચું નમાવી નેત્રમાંથી અશ્રુપાડવા લાગી. ઉષાવતી માંદી પડી, તેજ દિવસથી રાણીએ અન્નજળ અને નિદ્રાનો થોડો ઘણો ત્યાગ કર્યો હતોજ, આજે સ્વાભાવિક સૌનો નિત્યનો ત્યાગ કરી, તે મૂર્છિત થઇ પડી. દાસીઓએ ગુલાબજળ લાવીને છાંટયું, એટલે થોડીવારે તે બ્હાવરી બ્હાવરી બેઠી થઇ ઉષાવતીને જોઇને રડી, સિપાઇઓ પ્રતિ દૃષ્ટિ કીધી. એટલે પોતે કેવી સ્થિતિમાં છે તેનું ભાન થયું ! તે હમણા પતિ વિહોણિ ! કન્યા વિહોણિ ! રાજ્ય વિહોણિ હતી. યવનોના હાથમાં દેશ સપડાતો હતો, તે જાણી તેની છાતી ફાટ ફાટ થતી હતી, હૃદય કટકે કટકા થતું હતું, તેના ગભરાટમાં ઉઠી ન શકી, બોલી ન શકી, જોઇ નશકી, પણ તેનાં નેત્રોમાંથી અશ્રુધારા ખળખળાટ વહેતી હતી; ને મૃત કન્યાને છાતીએ લગાડી પોકે પોકે રોઈ અને અંતર્ગત બોલી;—

"શર્મો વિના સુખ શું મુજને હવે
નથી પતિ પુત્રિ સુખ શું આ ભવે
શિર જતે જીવના ધર જીવવું
પ્રિય પતિ વિરહે પ્રભુ શું હવું !"

"નવ આશ રહી છું ઉદાસ મનથી, પ્રાણ કન્યાએ ગયા;
વિયોગ ઘા દિલમાં ધર્યો, પ્રભુની કૃપાના તે થયા !
ગયો દેશને ગયું રાજ, જીવ, સતી સુંદરીનો રહી શકે ?
ના ! ના ! શાન્તિ જીવઓ નથિ આ ક્ષણ, ખુંચે કટંક રહિ ન શકે !"

"ઓ નાથ આવું, ઓ બહેન આવું;
ઉભા રહો આ આવી, હું રાણી !

કળ નથી ચિતમાં મને;
જોઉં આ સત ચઢે રણે!"

આરીતે રાણી બોલતી બંધથઇ કે સિપાહીએ કહ્યું,—" રાણીજી! કોલાહલ વધતો જાય છે, વિલંબ કરવામાં વિશેષ વિપત્તિ આવશે. માટે હવે ઉઠોતો સારૂં!" આં સાંભળી રાણી જાગૃત થઇ ગઇ, ઝટપટ અંગના શણગાર ઉતારી ફેંકી દીધા! કાછોટો માર્યો, આંખ લૂછીનાંખી. કેશ છૂટા મૂકયા ને જાણે ભયંકર કાલિકા કે ચંડી જેવી ઉન્માદ વેશી મૂર્તિ જેવી જણાવા લાગી. ઉન્માદ અવસ્થામાં શૂન્ય દૃષ્ટિથી ચારેકોર જોઇ હૃદયભેદક ગંભીર સ્વરથી તે બોલી;—" વિપત્તિ કોીરે! મને હવે સંકટશું ને વિપત્તિ કેવી? સંકટનું હવે મને ભયજ નથી. જેને વિપત્તિનો ભય હોય તે ચાલ્યા જાઓ! લૂટાયા પછી જેને બો હોય તે ચાલ્યા જાઓ,! જેને જીવિત વ્હાલું હોય તે ચાલ્યા જાઓ! હું નાશીશ નહિ, ક્ષત્રાણિછું, વીરપતિની પત્નીછું, વીરબાળાછું! સ્વામિ, પુત્રી, રાજ્યથી વિખુટી પડયા પછી નાસવું તે મને ખબર નથી. પાલખી, મેનો! ચલ લાવ, ચિતા સળગાવો, હું સ્વામિ પાસે જઇશ! યવનોનો—મ્લેચ્છોનો મને ભય નથી! ભય હોય તે નાસો! પ્રાણ બચાવો! મારેતો મૃત્યુ પ્રિય છે! જે કાયર હોય તે જનુનીની કુખ લજવે, વા ક્ષત્રિય રક્ત કલંકિત કરે, સ્ત્રીની સોડમાં ભરાઇ બેશે. પણ મારે ખૂણે ભરાઇ યવનોના હાથમાં પડી જીવવું નથી, જીવવા મને ગમતું નથી. જીવવામાં સુખે નથી ને જોતીયે નથી. દિલ્લીશ્વરની—ચક્રવર્તિની—શત્રુઓનાં શિર ઉડાવનારની, ચંડાળ પાપી મ્લેચ્છને બંદીવાન કરનારની, દુષ્ટ શાહબુદ્દીન પર અનેકવાર ઉપકાર કરનારની અને તેને નીચેમૂખે નમાવી પગેલગાડનાર દિલ્લીશ્વરની હું પત્ની છું તે શું હું દુષ્ટ પાપીના હાથમાં પડીશ? નહિ! નહિ! હું પટરાણી છું, રાજરાણી છું. તેવી સ્થિતિમાંજ મરીશ. વીર સન્નારી તરીકે મરીશ, સતી તરીકે મરીશ, પવિત્ર પણે મરીશ; લક્ષ્મી ચળ છે, જગત્ ચળ છે, સર્વ અસ્થિર છે, પણ વિશુદ્ધિ અવિચળ છે, પરમ પવિત્ર છે, યશદાયી છે, જગત્ માત્રનું તારણ કરનાર છે, તેને વરીને મરીશ. યવન અહીં આવે છે? જોઉં કેમ આવે છે? તેઓના સહસ્ર કટકા ઉરાડીશ!" એમ બોલતાં હુકમ કીધો, "ચિતા સળગાવો!" આ પ્રમાણે બોલી, વીર ક્ષત્રિયોને લજ્જીત કરી, તેઓના રોમે રોમ શૂરત્વ ઉત્પન્ન કર્યું! તુરત રાણી રાજકન્યાને ઉઠાવી, વીર પણામાંજ તંબૂ બહાર નીકળી પડી! નદી કિનારે એક ચિતા ખડકવામાં આવી હતી. તેમાં ઇચ્છનકુમારી અગ્નિપ્રવેશ કરવાને તૈયાર થઇ હતી. રાજ સેવકોએ એમ જણાવ્યું હતું કે મહારાજનું મરણ થયું છે. તેથી તે મુગ્ધ બની ગઇ હતી, રાજ તંબૂમાંથી નીકળી પ્રાણપ્રિય પ્યારી પુત્રીનું મસ્તક ખોળામાં લઇને, એક પાલખીમાં બેસી હાલતી ચાલતી પથ્થરની પુતળી માફક તે ચિતા આગળ આવી. તેના નેત્રમાં એક પણ અશ્રુ નહોતું, હૃદય સ્થિર

હતું, દુઃખ નાશ પામેલું હોયને જેવી સ્વસ્થ હોય તેવી તે દેખાતી હતી. ચિતા સમીપ આવતાને વાર તે પાલખીમાંથી ઉતરી પડી. તે વેળાની તેની કાન્તિ સ્ફટીકની મૂર્તિ જેવી સ્વચ્છ—નિર્મળ જણાતી હતી. રાણી નિશ્ચય મનથી ચિતા તરફ ગઇ. તેની પાછળ દાસ દાસીઓ રડતાં રડતાં ચાલતાં હતાં. પ્રથમ ઉષાવતીને ચિતાપર સુવાડીને તેના કંઠમાં આશાપૂર્ણાનો હાર પહેરાવ્યો,લલાટમાં ચંદન ચરચ્યું, પોતે પણ લલાટમાં ચંદન ચરચ્યું ને પુષ્પ માળા પહેરી લીધી. ઇશ્વરની પ્રાર્થના કરીને ચિતાની પ્રદક્ષિણા કરી જેવી તેમાં પ્રવેશ કરવા જતી હતી, તેવામાં ક્ષત્રિય સેનાની એક ટુકડી સપાટાભેર ત્યાં આવીને ઉભી રહી. તુરતજ એક સેનાપતિ અશ્વપરથી ઉતર્યો ને રાણીશ્રીને પ્રણામ કરી, બે હાથ જોડી સામો ઉભો રહ્યો. તેને પાસે આવીને ઉભેલો જોઇ રાણીશ્રીએ પૂછ્યું;—"બળદેવસિંગ! તમારે શું કહેવું છે? જે ઇચ્છા હોય તે બોલો?"

મહારાણી ઇચ્છનકુમારીનાં આ વચન સાંભળી બળદેવસિંગે નમન કરી ભક્તિ ભાવથી કહ્યું;—"દેવી! આ વત્સની એક વિનંતિ છે. દિલ્લીશ્વરે આપ દેવીને એક સંદેશો કહેવાને મને મોકલ્યો છે." રાણીએ ચકિત થઇ પૂછ્યું;—"શું દિલ્લીપતિ! મમ નાથ! મમ પ્રાણ! ઉષાવતીના પિતા! તેઓએ તો રણમાં પ્રાણ ત્યાગ કર્યોછેને!" બળદેવસિંગે કહ્યું;—"દેવી! માતુશ્રી! નહિ! ઘાયલ થવાથી મૂર્છિત થઇ તેઓ ઘોડા પરથી પડયા. તેથી સૌએ કલ્પના કરીકે ઇંદ્રસદનમાં સિધાવ્યા, પરંતુ વાસ્તવિક તો તે—" રાણીએ ચકિત થતાં ઉછળતાં હૃદયે કહ્યું;—"વાસ્તવિક શું? બોલો, તમને રાજ રાણી આજ્ઞા કરે છે." ગળ ગળો થતો બળદેવસિંગ, નેત્રમાંથી અશ્રુધારા પાડતો બોલ્યો;—"દેવી! તેઓ તો યવનના હાથમાં બંધી થયા છે—ત્યાં કેદ થયા." કેદમાં પડયા છે એ શબ્દ સાંભળતાંજ દેવી વિગ્ર થઇ ગઇ, તે ચારેકોર લાલચોળ નેત્રે દૃષ્ટિ કરવા લાગી. ભયથી, વીરતાથી તે કંપી ઉઠી. દિલ્લીશ્વરે શો સંદેશો મોકલાવ્યો છે તે પૂછવાનું પણ તે ભૂલી ગઇ. તે સૈનિક લોકો પ્રતિ ક્રોધી ભ્રકુટી કરી, દાસ દાસીઓ તરફ રોષથી જોઇ કંપાયમાન મોં કરી, થરરર કંપતી, ગર્વથી બોલી;—"રે સેવકો, દાસીઓ, સાંભળો! આ ક્ષત્રિયો, આ રાજપૂતાણીના કુળને ગર્વથી ફુલાવનારા વીર પુરૂષો, સમરક્ષેત્રનો ત્યાગ કરી, 'મહારાજ કેદી થયા છે' તે મંગળ સમાચાર કહેવાને, આટલું કષ્ટ વેઠી, ધસ્યા ધસ્યા અહીં આવ્યા છે! ધન ઘડી ધન દહાડો! રાજપૂત ધર્મને ધન્ય ને એ વીરને પણ ધન્ય! ઠીક ઠીક! હવે આ વીર બાહુઓ અહિયાંજ રહે, અથવા પોતાની પ્યારી સ્ત્રીને, વ્હાલી માને આનંદ પમાડવાને સ્વદેશમાં જઇ આનંદ પામે! પરંતુ દિલ્લીશ્વર ચક્રવર્તિ છે, હું તેની સ્વતંત્ર પ્રજા છું, તે સ્વતંત્ર મટી પરતંત્ર થઇશ નહિ. મહારાજ મારા સ્વામિ છે, હું તેની પત્ની છું. તે કેદ થયા, ત્યારે હવે હું નિશ્ચિંત રહી કેમ શકું? આ લોકો તો રાજપૂતાણીનું દૂધ પીને ઉછર્યા નહિ

હોય, કોઇ ગોલીનું દૂધ પીધું હશે, પણ હું તો ક્ષત્રિય કન્યા છું! વીરબાળા છું! વીર સ્વામિની પત્ની છું! રાજ રાજેશ્વરી છું! આજે હું જઇશ, કોઇના પણ આશ્રય વિના જઇશ ને મારા નાથને બંધનથી મુક્ત કરીશ! ચાલો!" આટલું બોલતાં બળદેવસિંહના હાથમાંથી ઢાલ તરવાર ઝુટાવી લઇ, તેનાજ અશ્વપર સ્વાર થઇ ચાલી નીકળી, તે ક્ષણે તે જાણે મહિષાસુરનું મર્દન કરવા ચંડીકા જતી હોય, તેવી શોભવા લાગી. તેણે ચિતામાં પ્રવેશ કરવા વેળાનાં નિર્મળ સફેદ સુવસ્ત્રો પહેરેલાં હતાં, તેનો કાછ કસ્યો હતો; રક્તચંદન લલાટમાં ભભક મારી રહ્યું હતું; પીઠપર સઘન કેશ જાળ શોભિ રહી હતી; તેનાં નેત્ર લાલચોળ–લોહી વર્ણા થઇ ગયાં હતાં; ક્ષત્રિય અભિમાન તેની રગે રગમાં જાગૃત થયું હતું; ક્ષત્રિય રક્ત સર્વાંગે દોડતું હતું—સર્વ રીતે વિરહતાનો ભાવ ઉદ્દીપન થયો હતો. તેનો અશ્વ સમર ક્ષેત્ર તરફ ચાલવા લાગ્યો. તે નિહાળી ક્ષત્રિય સેનાનિયો લજ્જા અને અનુતાપથી બળી ગયા, તેઓ સર્વે એકજ સમયે એકજ જોસમાં બબડયા, " આપણામાંથી એક પણ જીવતો રહે ત્યાં સુધી આ વીર ક્ષત્રાણી સંગે, તેના સ્વામિના બંધન મુક્ત માટે રણમાં ઝઝુમી શું; પણ મહારાજે તો આજ્ઞા કરી છે કે અત્યાચારી, પાપી મ્લેચ્છોના હાથમાં રાણી ને બીજી સ્ત્રીઓની લજ્જા લૂટાય નહિ તેનું રક્ષણ કરવા જાઓ, ને તેથી યુદ્ધ ત્યજી અત્ર આવ્યા છીએ. મહારાજે તો ચિતારોહણ પર્યંત રક્ષણ કરવાની આજ્ઞા દીધી છે, તો હવે શું કરવું!" પણ આટલું વિચારવાના સમયમાં તો રાણીશ્રી અશ્વને દોડાવતી આગળ વધી ગઈ, તે જોઇ સઘળા રજપૂતો વિદ્યુતની માફક ચમકી, વીર ભાવ મનમાં ધરી, " જય ચંડીકા જય! જય ભવાની જય!" એમ બોલતા રાણીની પુંઠે દોડયા, ને દાસીઓ ચિતામાં સુતેલી ઉપાવતી પ્રતિ શુન્ય દૃષ્ટિ કરતી ત્યાંજ ઠરી રહી.

મહારાણીશ્રી જે ક્ષણે શાહબુદ્દીનની સેના સામે ઝડાકો લેવાને અશ્વારૂઢ થઇને નીકળી તેજ ક્ષણે, અડગ, અટલ, મહાવીર ચૂડામણી સમરસિંગનો મહાકષ્ટે વધકરી રજપૂતોની છાવણી લૂટવાને યવન સૈન્ય દોડયું આવતું હતું. તેની દૃષ્ટિ આ વિકરાળ સંહારણી, પ્રલયકાળ જગતનો નાશ કરવા ભગવાન રૂદ્રરૂપ શક્તિ ધારણ કરી ઘોર ગર્જના કરતી વિરાંગના વીરબાળાપર પડી, તેના હાથમાં ખડગ ને તરવાર હતાં, ને પીઠપર ઢાલ બાંધી હતી. તે અશ્વારૂઢ થઇને આવતી હતી, તેનું મોં કાચા પોચાને તો શું પણ વીર મર્દને હબકાવે તેવું રૌદ્રમય હતું. તેને જોઇ યવનો ભડકી ગયા કે આ વળી કોણ? ક્ષણવારમાં ક્ષત્રિ સેના તેઓની ગતિ રોકવા આગળ વધીને માર માર ને કાપ કાપ કરવા લાગી. યવનો ઘણા ગભરાયા, પણ તેઓ ઝટ જાગૃત થઇ ગયા. ક્ષત્રિયોએ તરવાર ને તીરનો મારો ચલાવ્યો કે; યવનોએ ચારે કોરથી તેઓને ઘેરી લઇ તરવાર બરછી અને તીરનો મારો ચલાવવા માંડયો. ક્ષત્રિ સેનાએ દુર્ભેદ વ્યૂહ રચી

મહારાણીને ઘેરી પ્રાણાંત સુધી લડવાનો નિશ્ચય કર્યો હતો. તેઓએ દારૂણ સંગ્રામ આરંભ્યું. રજપૂતો અટલ ને નિર્દય થઇને કાપણી કરતા હતા, એકાદ કલાક આ યુદ્ધ ચાલ્યું ને ઘણા યવનોનાં ને થોડાંક રજપૂતોનાં માણસો મરણ શરણ થયાં. આ વીર જોસ્સો રાણી ટગર ટગર જોઇ રહી નહિ; તે આ વ્યુહમાં નિશ્ચેષ્ટ રહી શકી નહિ. સેનાના મધ્યમાંથી તે અકસ્તમાત બહાર આવીને યવન સેનાને કાલિકા માફક સંહારવા લાગી. ક્ષત્રિય સેના તેનો આ વીર ભાવ જોઇ સડકજ થઇ ગઇ, જોત જોતામાં રાણીએ ઘણાં માણસોને કાપી નાખ્યાં, પણ એટલામાં યવન સેનામાંથી એક તીક્ષ્ણ બરછી તેના કલેજામાં સોંસરી પેસી જતાં તે ઘોડા પરથી જમીન પર પડી. આજવેળા ખરેખરી કસાકસીની હતી, યવનો રાણીના શરીરને લેવાને ધસ્યા ને રજપૂત સેનાએ જબરો અવરોધ કર્યો; ને તે અવરોધ-માંજ એક રજપૂત સ્વારે યવનોને નિરાશ કરતાં રાણીશ્રીને જમીન પરથી ઉઠાવી પોતાના ખોળામાં લીધી ને ઘોડાની લગામ છોડી, એકદમ ઘોડો દોડાવ્યો, યવનો બાજુએથી બળ કરી રાણીની પુંઠે પડયા, તેવા રજપૂતોએ પાછળથી તેઓમાંના હજાર બે હજારનો ભૂકો કરી નાંખ્યો. રજપૂતોએ જીવવાની આશા રાખીજ નહોતી તેઓને સ્ત્રી પુત્રો પણ વ્હાલાં નહોતાં, માત્ર ક્ષત્રિય ધર્મ વ્હાલો હતો, તે શું નકરે! યવનસેનાને આગળ વધતાં ઘણી કાપી નાંખી, યવનો આ મારામારીમાં ધુળભેળા થઇ અલ્લાહની પ્રાર્થના કરવા ગયા ખરા, પણ એ લડાઇથી થોડાજ ક્ષત્રિવીરો પાછા ફરી શકયા. રજપૂતો મહારાણીનું શબ લઇને ચિતા નજીક આવ્યા; ત્યારે સંધ્યા થઇ ગઇ હતી. ઉષાવતીને પોતાના ખોળામાં લઇને ચિતા પ્રશાંત ભાવથી મહારાણીની વાટ જોતી હતી. તુરતજ રજપૂતોએ ઉષાવતીની પડોસમાંજ રાણીશ્રીને સુવાડી આગ સળગાવી, ચિતા ભડભડાટ બળવા લાગી; ત્યારે તેમાં ચંદન, ઘી, વાળો વગેરે સૌગંધિક પદાર્થની આહૂતિ સર્વેએ આપી. અગ્નિ જ્વાળા ગગન સુધી પહોંચી, એટલે દાસીઓ પણ ચિતામાં ટપોટપ પડવા લાગી, કોઇ પ્રાર્થના કરતી પડી, કોઇ રાજરાણીના ગુણ ગાતી પડી, કોઈ બીજે જન્મે એજ રાણી સાથે રહેવાનું માગતી પડી, સૌ દાસીઓનાં, અગ્નિમાં ઝંપાપાત કરવાથી અગ્નિ જ્વાળા ઘણી ભભકપર ભડભડાટ કરતી બળવા લાગી. પતિવ્રતા, વીરાંગના. વીરપત્નીની વિશુદ્ધિના પ્રકાશનો સ્થંભ દિશાઓને પ્રકાશિત કરતો હતો. બે કલાકમાં અગ્નિ શાન્ત થયો, ચારે કોર અંધકાર થઇ રહ્યો, ચિતામાં અંધકાર થયો, ભરતખંડમાં પણ અંધકાર થયો ને ક્ષિણ ચંદ્રમા પોતાની લેખાઓને છુપાવી અંધકારમાં અંધકાર વધારવાને શોક કરતો કરતો અસ્તાચળમા છુપાઇ ગયો. એ રીતે આ પતિવ્રતા વીર નારી પોતાનો ધર્મ બજાવી જગતમાં સુદષ્ટાત્ રૂપ અમર કીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે તેમને!!!

વીરકળા.

આ પતિવ્રતા વીર સ્ત્રી હાડા કુળની પુત્રી હતી. એ ઘણી રૂપાળી, બુદ્ધિશાળી, ચતુર, ડાહી, નીતિજ્ઞાન, પતિવ્રતા અને શૂરવીર હતી. તે મેવાડના રાણા રાજસિંહના મુખ્ય પટાવત ચંદાવત રત્નસિંહ સાથે પરણી હતી. રાણા રાજસિંહ જ્યારે વીમળાનું ઔરંગજેબથી સંરક્ષણ કરી તેને વરવાને જોધપુર જતો હતો; ત્યારે તેને આગલે દિવસે રત્નસિંહ પરણી આવ્યો હતો; પરંતુ રાણા રાજસિંહ સાથે યુદ્ધમાં જવાની જરૂર પડી. તેથી તે તૈયાર થઇ વીરકળા પાસે આવ્યો અને ઉદાસીન મને યુદ્ધમાં જવાની રજા માગી. વીરકળા પતિને યુદ્ધમાં જતાં ઉદાસીન જોઇ જોસમાં આવી બોલી;—" પ્રાણપતિ! યુદ્ધ પ્રસંગે તમારા ચંદાવતોનાં પરાક્રમો તો જગ જાહેર છે. મેં સાંભળ્યું છે કે અજીત ચંદાવતો કોઇ પણ વખતે કાયર થઇ પાછા વળ્યા નથી અને આજે મારે નિરખવાના પ્રથમ પ્રસંગમાંજ આમ ઉદાસ થઇ નિશ્વાસ કેમ નાખો છો? આપના મુખ કમળ ઉપરથી તો એવું જણાય છે કે આપનો યશ ઝાંખો પડે! ચંદાવતજી! નવાઇની વાત છે કે એક હાડાની પુત્રી, તમારી પત્ની, તેને જોઇને શું તમારૂં શૌર્ય જતું રહે છે?" રત્નસિંહે ઉત્તર આપ્યો;—" હાડી રાણી! મારો જુસ્સો તો જેવોને તેવોજ છે. કચેરીમાંથી તે હમણાં સુધી તમને જોયા પછી મારૂં મન ખેદિત થયું તે એટલા માટે કે ગઇ કાલેજ હું તમોને પરણી લાવ્યો અને આજે તો યુદ્ધનો પ્રસંગ આવ્યો. રણમાં ગયા પછી કદાચ પ્રાણ જાય, એવી ભ્રાંતિથી મને માઠું લાગ્યું; છતાં ચિંતા થાય છે કે એક રાજ કન્યાની સહાયતા માટે ગયા વિના છુટકો નથી." વીર કળાએ ઉત્તર આપ્યો કે;—" ખરેખર વીર નરના મુખમાં અને મનમાં આવા વિચારને આધાર ન મળવો જોઈએ. તેમાં વળી આપના જેવા મુખ્ય પટાવતોને કાને યુદ્ધની વાત આવતાં શું એક પળ પણ થોભાય કે? પૃથ્વી ઉપર પશુ પ્રાણી સર્વ સંસારનું સુખ તો ભોગવે છેજ, પરંતુ આપણે આપણો ધર્મ અને ટેક ન સમજીએ તો પછી તેમાં અને આપણામાં શો તફાવત? શું રણના યશસ્વી પ્રસંગો વારંવાર હાથ આવે છે? ધન્ય ઘડી કે અમરનામ કરવાને શંકરે આપને આજે અવસર દીધો! મંદોદરીનો પુત્ર ઈંદ્રજીત યુધ્ધે ચડયો તે પ્રસંગ કાં ભૂલી જાઓ? કુરૂક્ષેત્ર અને મહાભારતનાં યુદ્ધને શું વિસરી ગયા? અભિમન્યુ જ્યારે યુધ્ધે ચઢયો ત્યારે શું ઉત્તરામાં લોભાયો હતો? હું કયાં આપથી દૂર છું? જ્યાં આપ ત્યાં હું છાયાની પેઠે સાથેજ છું. કામને વશ થઇ જો આપને રણસંગ્રામમાં જતા રોકું તો આપ ક્ષત્રિ પુત્રની રાણી કેમ કહેવાઉં?"

રત્નસિંહે ઉત્તર આપ્યો;—" ખરેખર હું તારા વિચારને મળતો છું અને

આ પ્રસંગ એવો છે કે તેમાં ભાગ લઇ આપણા અન્નદાતા **અમરસિંહ** રાઠોડની દીકરી વિમળાનું રક્ષણ કરી યશ પ્રાપ્ત કરવો જોઇએ. અમારા વડિલો સલુંબરના ગાદી પતિ આવાં કામમાં કદી ચૂક કરતા નહોતા. આ પ્રસંગે મારી તમને એ-કેજ ભલામણ છે અને તે એકે તમે તમારૂં શીયળ બરાબર સાચવીને રહેજો." આ સાંભળી વીર કળાએ ઉત્તર આપ્યો;—"સ્વામિનાથ? શું આમ કહી આપ મને શરમાવો છો? શું હાડાની કન્યા એટલો પણ સ્વધર્મ સમજતી નથી? વધુ શું કહું? આપ મારે માટે પૂર્ણ બે ફિકર રહો." ચંદાવતને રાણીની ખાતરી તો થઇ, પણ મન શંકા શીળ હોવાથી પૂછવા લાગ્યો કે;—"શું ત્યારે હુ જાઉં? ઠીક છે ત્યારે, તારે ભરોસે હું જવાને તૈયાર છું; પણ........વીર કળા બોલી— "પતિ! પણ એટલે શું? ફરીથી કહું છું કે મને મારા કુળનું અભિમાન પરિપૂર્ણ છે." આ સાંભળી ચંદાવતજી ગયા તો ખરા, પણ જતાં જતાં દાસી જોડે કહેવરાવ્યું કે;—"જો જો હો, રાણી તમો તમારી ટેક ચુકતાં નહિ." દાસીનો સંદેશો સાંભળી વીરકળાને ઘણી અજાયબી લાગી. તેણે સામો ઉત્તર મોકલ્યો કે; "ઘડી ઘડી મને શીખામણ શામાટે દઇ મોકલો છો? જો આપને વિશ્વાસ ન હોય તો હું પણ સાથે આવવાને તૈયાર છું. અમારા કુળમાં હાડી સતી **સોનરાણી** થઇ ગઇ છે તેને સંભારીને પછી જે કહેવરાવવું હોય તે કહેવરાવજો; કેમકે હું પણ તેમાંનીજ છું." એમ કહી મોકલીને પોતે કંઇક ઉદાસ થઇ પાસેની દાસીને કહેવા લાગી કે, ચંદાવતજી ને મારે માટે ઘણી અધીર છે. શું નવા પ્રેમમાં સઘળે આમજ થતું હશે? જો ખાતરી હોય તો પછી વળી શીખામણ શાની?" એટલામાં બીજી દાસી ખબર લાવી કે;—"ચંદાવતજીથી તમને લડાઇમાં સાથે ન લઇ જવાય, એમાં તેમની શોભા નહિ પણ તમે તમારો ધર્મ બરાબર જાળવજો, એટલીજ તેમણે ભલામણ કરેલી છે." વીરકળા વિચારમાં પડી કે, અનેક વાતે ખાતરી આપ્યા છતાં, અરે, દૈવ! એમને વિશ્વાસ નથી તો હવે શું કરવું? દાસી સાથે તેણે સ્વામિને ફરી સંદેશો મોકલાવ્યો કે તમારૂં મન આમ સંસારમાં લુબ્ધ હશે તો યુદ્ધમાં જીત નહિ મળી શકે, માટે સુખેથી પાછા ઘેર પધારો. મહા પુરૂષોને, તેજસ્વી વીરોને અને શૂરા રજપૂતોને રણસંગ્રામમાં જવાનો અવસર આવે છે ત્યારે તેમને ઘર સંસારનું સુખ—સ્ત્રી–બાળકો કશું યાદજ આવતુંજ નથી. વળી હું શું એવી સ્ત્રી છું કે જેને વારંવાર શીખામણો કહેવરાવવી હોય?" એટલામાં બીજી દાસી ખબર લાવી કે ચંદાવતજી ઘોડેસ્વાર થયા છે અને તે વખતે પણ એજ ભલામણ કરી છે કે, "પતિવ્રત જાળવવા અને મારા કુળને કલંક ન લાગે તેમ વર્તવા હાડી રાણીને મારી તરફથી ખુબ ભલામણ કરજો."

આ સાંભળી હાડી રાણીને આ વચનો હાડોહાડ લાગી ગયાં. વિકરાળ વાઘણની પેઠે ગુસ્સો કરી બોલી કે;—"જ્યાં લગી મારામાં તેમનો જીવ વળગી

રહ્યો છે ત્યાં લગી ચંદાવતજી ફતેહ કરી શકનાર નથી. મારે લીધેજ તેઓ પોતે મેળવેલી કીર્તિના ઉપર પાણી ફેરવશે. અસાર સંસારનાં તુચ્છ સુખોમાં એમનું ચિત્ત ચોંટી રહ્યું છે; માટે દાસી! તને આ એક જણુસ આપું છું તે તું જઇને ચંદાવતજીને હાથો હાથ આપજે, અને કહેજે કે, 'આ તમારી નવી રાણીએ પોતાનો ધર્મ અને તમારો સંદેહ તમારી પાસે મોકલ્યો છે, માટે હવે નિ:શંક મન રાખી વીરતા પ્રકાશજો." આ સાંભળી દાસી વિચારમાં પડી કે;–"એવી તે શી જણુસ હશે કે રાણી સાહેબ આટલાં બધાં આ વેશમાં આવી ગયાં?" તેટલામાં તો વીરકળાએ હાથમાં તરવાર લઈ પોતાનું મસ્તક ધડથી છુટું પાડી નાખ્યું, અને લાંબે હાથે દાસી તરફ ફેંકતી હોય એવો ભાસ થયો! દાસીઓ એકદમ ચંદાવતજી પાસે દોડી ગઇ અને સર્વ વૃત્તાંત કહેતાં તે પોતાના ભ્રમિત ચિત્ત માટે પસ્તાવો કરવા લાગ્યો. ચતુર અને રણશૂર છતાં વીરાંગનાની પરીક્ષા કર્યા વગર તથા તેનું બળ, તેજ અને પરાક્રમ જાણ્યા વિના પોતે કરેલા કુતર્કો માટે બહુ બહુ પસ્તાવા લાગ્યો! પણ પછી પસ્તાવો કર્યે શું વળે! કહ્યું છે કે;—

દોહરો.

જે મતિ પીછે ઉપજે, સોમતિ આગે હોય;
કાજન બિગડે આપનો, દુરિજન હસે ન કોય.

પતિવ્રતા વીરકળા આ પ્રમાણે પુરૂષ પરાક્રમ કરી સ્વર્ગે ગઇ. ચંદાવત પ્યારી પત્નીનું સ્મરણ કરતો યુદ્ધમાં ધુમ્યો અને ભારે બહાદુરી બતાવી યશ પ્રાપ્ત કર્યો હતો. એ રીતે વીર કળા પોતાની ટેક સાચવી પ્રખ્યાત થઇ ગઇ છે.

ત્રિમૂર્ત્તિ.

ભારત વર્ષની પ્રખ્યાત્ આર્ય મહિલાઓના ઉજ્વળ ઉદાહરણમાં ચિતોડની ત્રણ પતિવ્રતા વીરસ્ત્રીઓનાં વૃત્તાંતો પણ જાણવા જોગ છે આ ત્રિમૂર્ત્તિ એકજ કુટુંબની ત્રણે સ્ત્રીઓએ અદ્ભૂત બહાદુરી બતાવી આપી છે. તેમાં પહેલી કર્મદેવી તે રાજમાતા, **કર્ણાવતી** તેની પુત્રી અને **કમળાવતી** એ પુત્ર વધૂ હતી. જ્યારે ચિતોડ ઉપર આજથી આશરે ત્રણસો વરસ પર જ્યારે અકબરબાદશાહ ચિતોડ ઉપર ચડી આવ્યો અને પોતાના બાહુ બળથી જ્યારે **જયમલ્લ** વગેરે રાજાઓને પરાજય કરી ચિતોડ સ્વાધીન કર્યું; ત્યારે રાજ્યમાં મોટી ગડબડ થઈ રહી હતી. ચિતોડ વિધર્મીઓને હસ્તગત જવાથી આપ્રસંગે ઉપલાં વીરકુટુંબે રાજ્યના રક્ષણ માટે અથવા કહો કે પોતાના અક્ષય યશ માટે મોગલ લશ્કર સામે લડવા નિશ્ચય કર્યો હતો. ક્ષત્રિપુત્ર **પૂત**, સોળ વર્ષની તરણુ વયનો પણ મહા પરાક્રમી હતો.

તે કુમારે આ પ્રસંગે પોતાની માતાને, ભગિનીને કે પત્નીને કશી પ્રેરણા કરી નહોતી, પણ કુમાર જ્યારે રણાંગણમાં જવાની રજા લઇ વિદાય થયો, ત્યારે પોતાની ફરજ ગણીને પાછળથી તેઓ સજ્જ થઈ શત્રુઓની સામે ઢાલ રૂપે ઉભી હતી. પ્રથમ પૂત અને મોગલ સેના વચ્ચે મોટું યુદ્ધ થયું. તેમાં પૂતના લશ્કરે જબરો હાથ કર્યો; કારણ કે પહેલી ત્રણે વીરનારીઓ લશ્કરી પોશાક પહેરી તેની સહાયમાં કામે લાગી હતી. તેમની ગોળી ફેંકવાની ચતુરાઇ જોઇ અકબરબાદશાહ આશ્ચર્ય પામ્યો ને રજપૂતાણીઓનું બળ પરાક્રમ જોઇ તેનાં વખાણ કરતો ભવિષ્યને માટે ચિંતા કરવા લાગ્યો. તેણે પોતાના ઘણા સિપાઇઓ માર્યા જવાથી તથા નાશી જવાથી ઇનામ આપવા જણાવ્યું, ને કોઇ પણ પ્રકારે એ ત્રણે સ્ત્રીઓને પકડવા નિશ્ચય કર્યો, પણ એ પ્રયત્ન પાર પડયો નહિ; કેમકે તે વેળા તેની ઇચ્છાનો ઉપયોગ કરનારા પુરતા માણસોજ પાસે નહોતાં; તથાપિ ધીરેધીરે મોગલ લશ્કર જોશમાં આવ્યું, ને પૂતની બેન કર્ણાવતી શત્રુના ઘાથી ઘાયલ થઇ નીચે પડી. રાજમાતાએ આ પ્રકાર પ્રત્યક્ષ જોયો પણ ધૈર્યધરી, પોતાના કામમાંથી પાછી હઠીનહિ. થોડી વારે બીજી ગોળી પૂતની પત્ની કમળાવતીના પગમાં લાગી. તેથી તે જખમી થઇ; તોપણ થોડીવાર પોતાના બાહુ બળનું કામ કર્યા કર્યું. છેવટ તે તેમજ વીરમાતા કર્મદેવી ઘાયલ થઇ નીચે પડયાં. આ રીતે પુતની માતા તથા પત્નીની સ્થિતિ થઇ, પરંતુ કુમાર પોતાના કાર્યમાં સાવધાન રહી, મોગલ ફોજને હરાવીને તે પછી પોતાની માતા તથા પત્ની પાસે ગયો. જોયછે તો તે બંને અવાચક પડયાં હતાં, પ્રેમથી બંનેના મસ્તક પર હાથ ફેરવી ને આશ્વાસના કરવા લાગ્યો. કમળાવતીએ પતિની સામું જોઇ પ્રાણ ત્યાગ કર્યો અને કર્મદેવીએ અવાચક થતાં, પુત્રને યુદ્ધ કરવાની ઇસારત કરી આંખો મીંચી સ્વર્ગ વાસ કર્યો.

વીરબાહુ પુત્રે માતાની ઇચ્છા માથે ચડાવી ક્ષત્રિ ધર્મ બજાવવા નિશ્ચય કર્યો. એટલામાં શત્રુઓનું બળ એકદમ વધ્યું અને તેને ત્યાંથી બહાર નીકળવાની ફરજ પડી. અંતે તે આ વખતે પરાજય પામ્યો અને તેનું મરણ થયું. ખરે પ્રસંગે આર્ય રાજાઓની પેઠે આર્ય રજપૂતાણીઓ કેવાં પરાક્રમના કામો કરતી અને બાળરાજાની મદદે જઇ રાજ્યનો બચાવ કરતી, વગેરે શિક્ષણ આવા ચરિત્ર ઉપરથી મળી શકે છે; એટલુંજ નહિ પરંતુ કેટલીક બહુ બીકણ, નિર્બળ, ના હિંમત અને કેવળ મોજ શોખમાં પડેલી સ્ત્રીઓને પણ તેથા થોડો ધડો મળતો નથી. એ રીતે એ વીર સ્ત્રીઓ અમર યશ રાખી પ્રખ્યાત્ થઈ ગઇ છે. ધન્ય છે તેમને ! ! !

કૃષ્ણા કુમારી.

ભારત વર્ષના ઇતિહાસમાં પ્રસિદ્ધ પામેલી આ પવિત્ર કુમારી મેવાડના મહારાણા ભીમસિંહની પુત્રી હતી. તેનો જન્મ ઇ. સ. ૧૭૯૨ માં થયો હતો. તેની માતા અણહિલવાડના ચાવડા વંશની હતી. કૃષ્ણાકુમારી અત્યંત સ્વરૂપવાન હતી. તેની ધીરી ચાલ, મૃદુ ભાષણ, મનોહર લાવણ્ય, ચાલાકી, નીતિવાન. વિવેકી અને ડાહી હતી. તેનું સૌન્દર્ય સ્વર્ગની અપ્સરા જેવું હતું. તેથી લોકો તેને "રાજ સ્થાનનું રત્ન" કહેતા હતા. મેલકમ સાહેબ પોતાના ગ્રંથમાં લખે છે કે; "અમે તેના સહોદર ભાઈ યુવરાજ રાજસિંહને જોઈ, તેનાં રૂપ-રંગનું અનુમાન કર્યું હતું; કેમકે એમ કહેવામાં આવતું હતું કે એ બંને ભાઇ-બેન સમાન સુરત અને રૂપ-રંગનાં હતાં. જોતાંજ તેની મુખ મુદ્રાપર એક જાતની મીઠી કોમળતા દેખાતી હતી; અને મુખાકૃતિથી જણાઇ આવતું હતું કે, તેઓ ઘણાં તીવ્ર બુદ્ધિમાન્ હશે." કૃષ્ણાકુમારી સૌન્દર્યમાં જેમ શ્રેષ્ઠ હતી, તેમ તેનામાં દેશ ભક્તિ પણ અનુપમ હતી. તે જ્યારે સોળ વર્ષની થઇ, ત્યારે રાજા ભીમસિંહે મારવાડના રાજા સાથે તેનું લગ્ન કરવાનો ઠરાવ કર્યો હતો; પરંતુ લગ્ન થતાં પહેલાંજ જોધપુરના મહારાજા મરણ પામવાથી ભીમસિંહે જયપુરના મહારાજા જયસિંહ સાથે તેનો વિવાહ કરવાની ઇચ્છા બતાવી. તેથી મારવાડ-જોધપુરનો નવો રાજા માનસિંહ ક્રોધાયમાન થયો અને કૃષ્ણા કુમારીનું પાણિ ગ્રહણ કરવા માટે પોતે મોટી ફોજ લઇને મેવાડ-ઉદેપુર ગયો. વળી મહારાજા સિંધિયાને જયપુરના રાજા સાથે પાકી દુશ્મનાઇ હતી. તેથી સિંધિયા પણ મારવાડના રાજાની સહાયે ગયો હતો. તેથી ભીમસિંહે ગભરાઇને મારવાડના રાજાને કન્યા આપવાનો ઠરાવ કર્યો. એ વાત જયપુરના રાજાના જાણવામાં આવ્યાથી તેણે ઘણું સૈન્ય મેવાડ ઉપર મોકલ્યું. આ રીતે જોધપુર અને જયપુરના રાજા કૃષ્ણા કુમારીને વરવા માટે ઉપસ્થિત થયા અને બન્ને જણા રાણાને ધમકાવી કહેવા લાગ્યા કે;—"અમોને કન્યાદાન નહિ આપોતો તમારા રાજ્યનો અમે નાશ કરીશું." ઉદયપુરના રાણા વંશમાં અને પદવીમાં એ સઘળા રાજાઓથી ઉંચા ગણાતા હતા, પરંતુ તે સમયે તેનામાં એટલું બળ તથા પૌરૂષ ન હતું કે તેઓની સામે રણ સંગ્રામમાં ઉભી શકે. બન્ને રાજાઓની સેનાઓએ ઉદેપુરના રાજ્યમાં લૂટફાટ ચલાવી મૂકી. તેથી રાણો કાયર થઇ વિચારમાં પડયો કે હવે શું કરવું ? કોને રાજી રાખું ને કોને નારાજ કરૂં ? તેના ચિત્તમાં ઘણોજ ખેદ થવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, "આ કન્યાને લીધે મારે આવી આપત્તિ વેઠવી પડે છે." અમીરઉદ્દીન જે તેનો સ્નેહી હતો, તે અત્યંત કઠોર હૃદયનો હતો અથવા જેના અંતઃકરણમાં દયાનો એક છાંટો

પણ નહોતો, તેણે રાણાને સલાહ આપીકે;—"આ કન્યાને લીધેજ આટલો ઉપદ્રવ બન્યો છે.માટે જો એને દૂર કરી દેવામાં આવે તો સઘળા બખેડાનો અંત આવે." આ પ્રમાણે સલાહ આપી રાણાને સમજાવ્યો, પણ રાણાએ પોતાની કમળ સરખી કોમળ અને નિર્દોષ બાળાનો વધ કરવાની સાફ ના પાડી; પરંતુ અંતે તેના અજીતસિંહ નામે સરદાર તથા નિર્દય યવનના મતમાં મળી પોતાની પુત્રીની હત્યા કરવાનો નિશ્ચય કર્યો. રાજ્યમાં શાંતિ સ્થાપવા માટે તેણે આ ઉપાય સારો ગણ્યો. મેવાડના ગૌરવની રક્ષા માટે રાણાએ દૃઢ સંકલ્પ કર્યો હતો, તે સિદ્ધ કરવા રાણાનો ભાઇ તરવાર હાથમાં લઇને અતુલ્ય લાવણ્યવતી સોળવર્ષની બાળા કૃષ્ણાકુમારીના શયન મંદિરમાં ગયો. એ વખતે કૃષ્ણાકુમારી ભરનિદ્રામાં નિરાંતે પલંગપર સૂતેલી હતી. તેના કોમળ દેહના સૌન્દર્યની પ્રભા શય્યામાં પથરાઈ રહી હતી. એ શોભાથી ઘાતક એકદમ સ્થંભિત થઇ ગયો. ક્ષોભથી, રોષથી અને વિરાગથી તેનું હૃદય વિચ્છિન્ન થવા માંડયું અને હાથ નિર્બળ થતાં તરવાર નીચે પડી ગઇ. તેનો ખણખણાટ કૃષ્ણાકુમારીના અને તેની માતાના કાનમાં ગયો. માતા અધીર થઇ જઇને રડવા લાગી; પરંતુ કૃષ્ણાકુમારી જરા પણ નહિ ગભરાંતા હિંમતથી માતાને ધીરજ આપવા લાગી; એટલુંજ નહિ પરંતુ પોતાના વંશ, પિતા અને દેશની ખાતર પોતાનો પ્રાણ આપવાને તૈયાર થઇ. ધીર ભાવથી તેણે વિષપાન કરી મરણને શરણ થવાનો દૃઢ નિશ્ચય કર્યો ! એક સેવકે અશ્રુપાત કરતાં, કરતાં, રાજાની આજ્ઞાથી વિષનો પ્યાલો કૃષ્ણાકુમારીના હાથમાં આપ્યો; એટલે એ પરમ ધૈર્યશીલ બાળા શાન્ત અને પ્રસન્ન ચિત્તથી પોતાના પિતાની આયુ અને સંપત્તિની વૃદ્ધિ અર્થે પરમેશ્વરની પ્રાર્થના કરતાં કરતાં વિષપાન કર્યું. મૃત્યુના ભયથી તેની આંખમાંથી એક પણ આંસુ પડયું નહિ. માતા જ્યારે દુઃખી થઇને દુર્વચનો કહેવા લાગી, ત્યારે પોતે શાંતિ પુર્વક સમજાવતી બોલી;—" માડી ! તું આટલો બધો શોક શા માટે કરે છે ? જન્મ ભરના દુઃખમાંથી મુક્ત થવું મને ઘણું સારૂં લાગે છે. દુઃખિત અવસ્થા ભોગવવી તેના કરતાં મરણનો ડર મારા મનમાં વધારે નથી. માતા ! શું હું તારી પુત્રી નથી કે મૃત્યુનો ભય કરૂં ? જન્મથીજ કાળનો આપણી આંખની સામો ફર્યા કરે છે. સંસારમાં આવતાં કાંઇ વાર લાગતી નથી. માટે પ્રાણ કહાડવામાં મને ડર લાગતો નથી. જન્મ પછી મરણ વહેલા મોડું પણ થનારૂંજ છે. પિતાજીની અત્યંત કૃપા હતી કે તેણે મને આટલાં વર્ષ જીવવા દીધી. હું હવે મારા પિતા અને દેશના ખાતર મારો પ્રાણ આપવાને ખુશી છું. "

કૃષ્ણાકુમારી આ રીતે પોતાની માતાને કહેવા લાગી. તેણે જે વિષનો પ્યાલો પીધો હતો, તેની કંઇ અસર થઇ નહિ. ફરીતેને બીજું વિષ પાત્ર આપ્યું, તેને પણ પ્રથમની માફકજ ગટગટાવી ગઇ. એમ બે વાર ઝેર પીધું, છતાં તેનો પ્રાણ

ગયો નહિ, ને દેવ વાંચ્છનિય પવિત્ર રત્ન ઝાંખુ પડયું નહિ, એટલે ત્રીજીવાર ઝેર આપવામાં આવ્યું. તે પણ શાન્ત ચિત્તથી પી ગઇ.તેથી તેને ગાઢ નિદ્રા આવી ગઈ, જે મહા નિદ્રામાંથી ફરીને તે જાગી નહિ. વિષપાન કરતી વેળા પણ કૃષ્ણા હસતીજ રહી હતી. પ્રથમથીજ તેના સમજવામાં હતું કે;—"રાજ્યમાં આ સઘળો ઉપદ્રવ મારે માટેજ થઇ રહ્યો છે." યમ રાજાનું ચક્કર, તેના શીરપર ફરતું હતું. તે પોતાના કાળને ઘણા દિવસ થયાં દેખતીજ રહી હતી. તે પોતાને હાથે પ્રાણુ ત્યાગ કરવામાં આત્મહત્યાનું મહા પાપ માનીને તેમ કરતી ન હોતી. વળી તેનામાં એટલી બધી ધીરતા હતી કે પોતાનાં રૂપ તરફ તેને ઘણો ધિઃક્કાર આવતો હતો અને તેનેજ પોતાની જીંદગીનો અંત આણુનાર સમજતી હતી. જ્યારે છેવટ ઝેરનો પ્યાલો આપવામાં આવ્યો હતો; ત્યારે હસતાં હસતાં પ્યાલો હાથમાં લઈને પી ગઇને બોલી કે;—

(પદ.)

"એ કયાંથી એ કયાંથી એ કયાંથી ?
એ તો મારા દેહ તણું સાથી—એ કયાંથી૦ ૧
પ્યાલા તારો પાડ બહુ માનું,
જંજાળથી છૂટકો થયો જાણું—એ કયાંથી૦ ૨
હું કાળ રૂપે જનમી કૂડી,
દશા રાજ્ય તણી તો થઇ ભુંડી—એ કયાંથી૦ ૩
હું કાળ તણો જો થાય કાળ,
તો આજ આનંદ ચિત્તમાં ભાળ—એ કયાંથી૦ ૪
મારા રૂપી આ આગ બધે લાગી,
ડરી આપજ સિંહેણુ હિણુ ભાગી—એ કયાંથી૦ ૫
પીંખાવાથી તો મરવું સારૂં,
મને તો એ મરણુ લાગે પ્યારૂં—એ કયાંથી૦ ૬
નામે કાળીને કરમે એ કાળી,
કાળે મરણે હું પણ કાળી—એ કયાંથી૦ ૭
પિતાજી હો ભેટ કરૂં અંગી.
જીવો બહુને નિત રહો રંગી—એ કયાંથી૦ ૮
નમન મુજ માની લે માડી,
ક્ષમા કરજે થઈ હઉં જો આડી—એ કયાંથી૦ ૯
નમું એકલિંગનાથ અઘમોદ્ધારી,
કરી પાન શરણુ છઉં વિષ ધારી—એ કયાંથી૦ ૧૦"

આ રીતે બોલીને માતા–પિતાને આશીર્વાદનાં વચનો કહેતી, જરાપણ પોતાના ક્લેશનો પ્રકાશ કર્યા વગર હસતે મૂખે પ્રાણ ત્યાગ કર્યો. તેમના મૃત્યુના સમાચાર પ્રજામાં ફેલાતાં તેમણે તેમની ખુબસુરતી, સાલસાઈ અને પરોપકારી ગુણોનાં ઘણાં વખાણ કરી અફસોસ કર્યો; એટલુંજ નહિ પરંતુ રાણાના શત્રુઓ પણ ગ્લાનિ પામી દીલગીર થયા હતા. જોધપુર અને જયપુરના રાજાઓ પણ ખેદ પામી વિલે મુખે પાછા ગયા હતા. કૃષ્ણાકુમારીની માતા પ્રિય પુત્રીના મરણથી દુઃખી થઇ થોડાજ દિવસમાં મરણ પામી હતી. અહો ! પિતૃ ભકિત પરાયણા કૃષ્ણાકુમારી ! વીર ક્ષત્રિય બાળા ! તેં સોળ વર્ષની ઉંમરમાં ઉદાર મન અને પરોપકારી લાગણીથી પિતા, કુટુંબ અને દેશની ખાતર પ્રાણ પણ વ્હાલો નહિ ગણતાં, તેનો ત્યાગ કરીને સ્વર્ગે સિધાવી ! આ શું તારી ઓછી મહત્તા છે ! આ મહત્તાનો અમર યશ કવિ મૂખે ગવાયો અને ઇતિહાસમાં લખાયો છે; વગેરેથી તારી અનંત કીર્તિનો સ્થંભ હમેશને માટે જગતમાં અક્ષય રહ્યો છે ! ધન્ય છે તને ! ! અને ધન્ય છે તારી માતાને ! ! !

વીરા.

આ પ્રખ્યાત વીર સ્ત્રી ચિતોડના રાણા ઉદયસિંહની ઉપપત્ની હતી. એ અતિ સૌન્દર્યવાન, બુદ્ધિશાળી, નીતિવાન, ચતુર, ડાહી, અને આગ્રહી હતી. નામના ગુણ પ્રમાણે શૌર્ય તો તેનામાં સ્વાભાવિકજ શોભતું હતું, પરંતુ ઉદયસિંહમાં તેવા ગુણો નહોતા. યુદ્ધ કળા અને સાહસમાં વીરા અગ્રેસર હતી, પણ કોની પુત્રી હતી તે જાણવામાં આવ્યું નથી, વીરા પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિના સુખ અને આનંદમાં વૃદ્ધિ કરવાને યત્ન કરતી. રાજ્ય કાર્યમાં સલાહ અને સહાયતા આપતી. વગેરે ઉત્તમ ગુણ પ્રભાવથી રાણો તેના ઉપર ઘણી પ્રીતિ રાખતો હતો. દિલ્લીના અકબર બાદશાહ પોતાની ગર્વ ભરેલી ગંજાવર સેના લઇને ચિતોડ ગઢ ઉપર ચઢી આવ્યો, ત્યારે તેની ભયંકર ફોજને જોઇ કાયર પુરૂષ ઉદયસિંહ તેની સાથે બાથ ભીડવા હિંમતવાન થયો નહિ. તેણે અકબર બાદશાહને સમર્થ જાણી તેને તાબે થવામાંજ શ્રેય માન્યું; પરંતુ શૂરા રજપૂતો, જેઓની નસો નસમાં લડવાને માટે લોહી ઉછળી રહ્યાં હતાં, તેઓએ તેને પાનો ચઢાવ્યો; અને રાજ ભ્રષ્ટ થવાનો ભય જ્યારે સામંતોએ દર્શાવ્યો; ત્યારે અંતે ન ચાલતાં બીતાં બીતાં સામો થયો. તેના હૃદયમાં હિંમત, શૌર્ય, ધૈર્ય, દઢતા અને પ્રતિજ્ઞા એ કાંઇજ નહોતું. તેથી તે મુગલ સેનાને શી રીતે ખાળી શકે ? મૂળ પુરૂષના અંગમાં તો મૂળમાંએ શૂરાતન નહોતું કે ઉત્સાહ રાખી લડે કે લડાવે; તથાપિ રજપૂત સે-

નાએ અકબરનાં પરાક્રમ સામે લડાઈ કરી, પણ નિરત્સાહી નાયકનું સૈન્ય તે ક્યાં સુધી ઝુઝે ? ઉત્સાહ અને ઉત્તેજન નહિ મળવાથી રણભૂમિનો ત્યાગ કરી રજપૂતો જતા રહ્યા ને હતભાગ્ય ઉદયસિંહને અકબરે પકડી, બંધીવાન બનાવી છાવણીમાં રાખ્યો. મેવાડનો અધિપતિ યવનોના હાથમાં બંધાયો. વીર જનની મેવાડ ભૂમિ આજે કલંકિત થઈ; કેમકે મેવાડમાં એવું કદી પણ થવા પામ્યું નહોતું. મેવાડના રાજાઓ તો મરવું કે મારવું એ બે વાતજ સમજતા હતા. તેઓ દુશ્મનના હાથમાં સપડાયો છે, એ વાત જાણી તેના રાજકુટુંબમાં બહુ દિલગીરી ફેલાઇ અને સામંતની સભાઓ વિચાર કરવાને માટે ભરાઇ. તેમાં હવે મહારાજાને કેવી રીતે દુસ્મનના હાથમાંથી છોડાવી લાવવો, તેનો વિચાર કોઇને પણ સૂઝતો નહતો; તેમ કોઇ પણ સરદાર પોતાની ઉગ્રતા પ્રકાશતા નહતા. આવેળા આખું ચિતોડ વિધવા સ્ત્રીની પેઠે ઝાંખું જણાતું હતું. અગ્રેસર ન હોવાથી ઉમંગ ભંગ થઇ સહુકોઇ પોત પોતાનાં સ્થળ પકડી સ્વસ્થ ચિત્તે ચિતોડમાં પડયા હતા; પણ કોઇ તોડ તેમના હાથમાં આવતો નહતો. આવો ચિતોડનો નિરત્સાહિત ભાવ જોઇ ઉદયસિંહની રાણી વીરાના લોહીમાં ઉકળાટ ઉત્પન્ન થયો. ક્રોધ અને અભિમાનથી તેનો ચહેરો ફરી ગયો અને લજ્જા પાશને તોડી નાંખી, તેણે લોહનું બખ્તર પહેરી લીધું ! હાથમાં તરવાર ધારણ કરી, વીર રમણી વીરા, વીજળીની પેઠે ચમકારા અને મેઘની પેઠે ગર્જના કરતી સભા મંડપમાં આવી મુક્ત કંઠથી મધ્ય સભામાં બોલી કે;—"અહો ! આ હું શું જોઉં છું ? મેવાડની ભૂમિ શું આજે વીર પુરૂસો વિના વૈધવ્યને ભોગવે છે ? ક્ષત્રિયાણીઓનાં તાતાં દૂધ શું આજે ટાઢાં પડી ગયાં છે ? જે અસંખ્ય જીવો હમણાંજ જણાતા હતા, તે શું ઘડી ભરમાં આ અવસ્થાને પામ્યા છે ? વીર ક્ષત્રિયો શું એક શિથિલ માંસના લોચા જેવા પોચા થયા છે ? અરે ! ક્ષત્રિયાણિઓએ શું અચેતન માંસના પુતળાંઓનો પ્રસવ કર્યો છે ? દેશાભિમાન, કુળાભિમાન, અને સંપ; એણે શું આજ આર્ય ભૂમિનો ત્યાગ કરી દીધો છે ? હિંમત, વીરત્વ અને તેજસ્વિતાએ શું એકી વારે પરલોકમાં ગમન કર્યું છે ? હાય ! હાય ! આજે આ હું શું જોઉં છું ! માટીના જડ પુતળાંઓના કરતાં પણ માઠી દશા આજના ક્ષત્રિયોની જોતાં મારી છાતી ફાટી જાય છે ! અરે ! ક્યાં ગયા એ આર્ય વીરો ? શું હવે એવા કોઇ પણ સ્વામિ ભક્ત તથા દેશ દાઝને જાણનારા વીરો નથી રહ્યા ? શું પોતાના સ્વામિને દુસ્મનના હાથમાં બદ્ધ થયેલો જોઇને તેમનાં લોહી ઉછળતાં નથી ?" વીરાના આવાં વીરત્વ ભરેલાં વચનો સાંભળતાંજ પુર્ણિમાના ચંદ્રનું અવલોકન કરીને સમુદ્ર જેમ ઉછળે છે, તેમ એકદમ બહુ ઉભળા મારતા અને ગર્જના કરતા ક્ષત્રિઓ, અગ્રેસર થયેલી વીરાની સમક્ષ ક્ષણમાં એકઠા થઇ ગયા. રજપૂત સેનાને નવા ઉત્સાહમાં ઉત્સાહિત કરીને કાયર પુરૂષ ઉદયસિંહની રાણી વીરા સૈન્યને મોખરે થઇને પતિને છોડાવવા ભીમની સમાન

પ્રચંડ બળનો પ્રકાશ કરીને ગર્જના કરતી ઉભી; ને યવનો તથા રજપુતો વચ્ચે દારૂણ યુદ્ધ થયું. અસ્ત્ર-શસ્ત્રોના તીક્ષણ આઘાતથી આખરે યવન સૈન્ય શિથિલ વિથિલ થઈ ગયું ને રજપૂતોનાં પરાક્રમ પાસે તેઓનું કાંઇજ ચાલ્યું નહિ. ઘણા યવનોનો કચ્ચર ઘાણ વળી ગયો, તેમને ઉચું માથું પણ કરવા દીધું નહિ; તોબા તોબા! પોકરાવી યવનો પાછે પગે ભાગવા લાગ્યા ને રૂદ્રચંડા રજપૂત સ્ત્રી, વધારે ઉત્સાહમાં આવી ગઇ. યવનોને નબળી સ્થિતિમાં જોઇ રજપૂતો જોશમાં આવ્યા ને વીર રમણી વીરા પોતાના અવિચળ મુકુટનો પ્રકાશ મારતી અકબરના વડા સેનાપતિ તરફ વધવા લાગી. વીર નારીની અદભૂત વીરતા જોઇ મુગલ બાદશાહ સ્તભિંત થઇ અંજાઇ ગયો. વીર રાણી વીરા પોતાના પતિ ઉદયસિંહને છોડાવી લાવી. એ રીતે ભારતવર્ષના ચક્રવર્તી મુગલ બાદશાહના મુકુટ રૂપ અકબરબાદશાહ એક સ્ત્રી સાથેની લડાઇમાં હાર્યો; તેની સેના આર્ય રમણીના બાહુબળથી ત્રાસ પામીને નાસી ગઇ અને ચિતોડની પ્રજા નિશ્ચિંત થઇ આનંદ પામી. અહો! ધન્ય છે વીરા તારી વીરતાને! તેં કાયર થયેલા ક્ષત્રિયોને વીરતા ઉત્પન્ન કરી પતિને કેદથી મુક્ત કરાવ્યો અને મેવાડની જતી આબરૂ રાખી, અકબર જેવા બાદશાહને નસાડી લજ્જિત કર્યો! એ રીતે તું તારી વીરતાને પાતિવ્રત્ય બતાવી અમર કીર્ત્તિ રાખી ગઇ છે. તને હજાર વાર ધન્ય છે! તારા જેવી વીર રાણીઓ આ દેશમાં પુનઃ પાકો!!! મંગળ! મંગળ!! વિજય હો!!!

મીના.

આ પતિવ્રતા વીર રાણી ધારના રાજા **આનંદરાવ** પુઆરની પત્ની હતી. તે ઉંચા કુળવાનની પુત્રી હતી. આનંદરાવપુઆર ઇ. સ. ૧૭૮૭ માં ધારમાં રાજ કરતો હતો. આ રાણી મહારૂપવાન, બુદ્ધિશાળી, હિંમતવાન, આગ્રહી, નીતિવાન, પતિવ્રતા, શૂરવીર, ડાહી, ધૈર્યવાન, અને ધાર્મિક હતી. પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને સુખ અને આનંદ આપતી. આનંદરાવ પોતાની પત્નીના આવા ઉત્તમ ગુણો જોઇ પોતાને ભાગ્યશાળી માનતો હતો અને તેને પ્રેમથી ચાહતો હતો. પરસ્પર એક જીવ જેવાં હતાં. રાજકાજમાં પત્નીને સામેલ રાખી તેમની સલાહ પ્રમાણે સુધારો કર્યો હતો. આ પતિ પત્ની સંપૂર્ણ સુખી હતાં; પરંતુ દૈવ ઇચ્છાથી આ પતિવ્રતા સંપુર્ણ સુખ લાંબો વખત ભોગવવા પામી નહિ. તેનો પ્રિય પતિ આનંદરાવ તેને ગર્ભવતી મૂકી મરણ પામ્યો. તેથી આ લાયકીવાળી વિધવા રાણી મીના ઉપર રાજ્યનો સઘળો ભાર આવી પડયો. સિંધીઆ અને હોલ્કર સરકાર તથા આનંદરાવના કુટુંબ તરફના કેટલાક આગળથીજ ધારની ગાદીના દુશ્મન હતા. તે સાથે

મુરારીરાવ નામનો એક હલકી તોખમનો સરદાર તે રાજ્ય જપ્ત કરવાનાં કાવતરાં કર્યા કરતો હતો. એવા બાહેરના અને અંદરના દુશ્મનોથી એ રાણી ઘણી વિકટ અવસ્થામાં આવી પડી હતી, પણ તેણે ધૈર્યતા રાખી ડાહપણથી કામ કર્યા કર્યું. તેને સર્વ કરતાં વધારે ધાસ્તી મુરારીરાવની હતી. એ સરદારના ભયથી બચવાને તે રાણીને ધાર છોડી માંડુમાં જવાની ફરજ પડી. ત્યાં તેણે એક પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ **રામચંદ્રરાવ** પુઆર પાડયું. એ કુંવર જન્મ્યાથી રાણીને હિંમત આવી કે મારા પતિની હકુમત પર મારો હક મજબુત થશે. એ રાણીની તરફથી ધારનો કિલ્લો સાચવનાર અમલદાર પણ એ રાજ કુંવરના જન્મના ખબર સાંભળી ઘણો ખુશી થયો. તે કિલ્લેદાર હિંમતથી મુરારીરાવની સામે લડાઇ કરવા લાગ્યો. મુરારીરાવે જ્યારે જાણ્યું કે જોર જુલમથી અંતે કશું વળશે નહિ; ત્યારે તેણે પ્રપંચથી કામ લેવા માંડયુ. તેણે રાણી મીનાની તાબેદારી કબુલ રાખવાની વાત કહી જણાવ્યું કે; રાણીશ્રીએ ધાર આવી રાજ્ય ચલાવવું. એ પર વિશ્વાસ રાખી મીના રાણી તે તરફ ગઈ, પણ પેલા દગાબાજ મુરારીરાવે તેને કિલ્લામાં જવા દીધી નહિ. તેથી તેને .શહેરમાં રહેવું પડયું. જે ઘરમાં એ રાણીએ વાસો કર્યો હતો, ત્યાં દુશ્મનનાં માણસોએ આવી તેને કેદ કરી લીધી. એક વખતે તો તે ઘરને આગ લગાડીને રાણી તથા કુંવરનો નાસ કરવાની તેમણે તજવીજ કરી, પણ રાણી મીના કોઇ રીતે ગભરાઇ નહિ કે પોતાની હિંમત છોડી નહિ. મન સ્થિર રાખી વિચાર કરીને તેણે પોતાના કુંવરને એક ગામડીઆની છોકરી સાથે બદલાવી લીધો. પછી એજ સ્ત્રી સાથે રાતને વખતે તે કુંવરને યુક્તિથી ધારના કિલ્લામાં સહી સલામત પહોંચતો કર્યો. તે વાતની ખબર મોરારીરાવને પડતાંજ તે ઘણો ક્રોધે ભરાઇ વેર લેવાની ધમકી આપવા લાગ્યો, પણ રાણી મીનાએ તેને જણાવ્યું કે;—"મારા પતિનો કુંવર સહી સલામત છે એટલે બસ. હું મારા પ્રાણની દરકાર કરતી નથી. મારાપર તારે જેટલો જુલમ ગુજારવો હોય તેટલો ગુજારજે, હું તારાથી કોઇ પ્રકારે ડરતી નથી." મુરારીરાવને એવો જવાબ આપીને તેણે ધારના કિલ્લેદારને જણાવ્યું કે તમારે અંત સુધી કિલ્લાનો અને કુંવરનો બચાવ કરવો; મારા તરફની તમારે કશી ફિકર કરવી નહિ. રાણીની આવી ભલામણથી કિલ્લેદારે મુરારી રાવ સાથે લડાઇ ચાલુ રાખી. મુરારીરાવે કિલ્લો લેવાની જે મહેનત કરી તે વ્યર્થ ગયા પછી તેના સાંભળવામાં આવ્યું કે;—ગુજરાતથી તેની સામે લડવા લશ્કર આવે છે. રાણી મીના હિંમતવાન, બુદ્ધિશાળી અને રાજ પ્રપંચમાં કુશળ હતી. તે સંકટમાં પણ પોતાનું કામ સાધવા માટે યુક્તિ કરવામાં કશું બાકી રાખે એવી નહોતી. તેનો હક જેમ જેમ વધારે જોખમમાં પડતો જોયો, તેમ તેમ તે નાઉમેદ થવાને બદલે વધારે વધારે ધૈર્યતા અને હિંમત બતાવી, પોતાના હકનો બચાવ કરવાને જે જે યોગ્ય ઉપાય સૂઝયા, તે સર્વ કરવા લાગી. તેણે પોતાની સ્થિ-

તિ જણાવી આસપાસનાં રાજ્યોની મદદ માગી. સિંધીઆને કહેવડાવ્યું કે;–" ગઇ ગુજરી વાત વીસારી મૂકી, આ વખત તેણે આનંદરાવના વારસનો બચાવ કરવો. વળી એ બહાદુર રાણીએ બ્રિટીશ સરકારનો પણ આશ્રય માગ્યો; પરંતુ તેની અરજ પર તે બધા રાજ્યવાળાઓએ ધ્યાન આપ્યું નહિ, પણ ગાયકવાડ સરકારને ત્યાં એ રાણીના સગાં સ્નેહી હતાં, તેઓની ભલામણથી તે સરકારે થોડી ફોજ તેની મદદે મોકલી. તે ફોજને આવવાના સમાચાર સાંભળતાંજ મુરારીરાવ ધાર આગળથી પોતાનો સરસામાન લઇ નાઠો. એ મદદ મોકલતી વખતે ગાયકવાડે એવી આશા રાખી હતી કે હવેથી ધારનું રાજ્ય ગાયકવાડ સરકારનું તાબેદાર થઇ રહેશે, પણ એ તેમની મતલબ પાર પડી નહિ; પરંતુ ગાયકવાડ સરકારના લશ્કરની મદદથી ધારમાં પુઆરની હકુમતનો બચાવ થયો.

રાણી મીના ગુજરાતવાળા મિત્રોની મદદથી પોતાનો મુલક બચાવી શકી. પોતાના દુશ્મનો અને દગાખોર મુરારીરાવની ચાલથી તેનો ખજાનો ખાલી થઇ ગયો હતો. તેથી લશ્કરનો ખરચ ચલાવવા મરાઠાઓની રીત મુજબ આસપાસના મુલકમાં સવારી કરવાની તેને જરૂર પડી હતી; પરંતુ એ કામમાં બનતાં સુધી પોતાને હીણપત લાગે નહિ, તેમ કરવાની ઘણી સંભાળ રાખી હતી. તેણે પોતાના કુંવરને માટે ગાદી તો બચાવી, પણ એ કુંવર ઘણું જીવ્યો નહિ. તેથી એ રાણીએ પોતાની નાતના રીવાજ મુજબ પોતાની બેનના દીકરાને દત્તપુત્ર લીધો. તેને **રામચંદ્રરાવ** પુઆરનું નામ આપી ગાદીનો માલેક ઠરાવ્યો. મુરારીરાવે ઘણી વખત લડાઇ કરી, પણ તે વ્યર્થ જવાથી લાચાર થઈ દૂર જતો રહ્યો અને થોડા વખતમાં મરણ પામ્યો. આ બનાવ પછી પણ આસપાસના કેટલાક સરદારોથી ધારની ગાદી ધાસ્તીમાં રહી. આગલા વખતમાં ધાર સરકાર પાસેથી કુકસીપ્રાંત છીનવી લેનાર એક મુસલમાન સરદાર અને કેટલાક પીંઢારાઓ તથા સિંધીઆ ધારપર દબાણ કરતા હતા; પરંતુ રાણી મીના ઉમરે નાની હતી; પણ ડાહપણમાં વૃદ્ધ જેવી અને મરદાનગીમાં પુરી હતી. તેણે ડાહપણ અને હુશિયારીથી પોતાનો બચાવ સારી રીતે કર્યા કર્યો. આશરે ઇ. સ. ૧૮૧૭ માં બ્રિટીશ લશ્કર માળવા પ્રાંતમાં આવ્યું. રાણી મીના જે સદા હુંશિયારીથી રાજ કાજ કરતી હતી, તે આ સમયે પોતાનો લાભ લેવાને ચૂકી નહિ, તેણે હિંમતથી સિંધીઆને કહેવડાવ્યું કે;–" જે નાણાંની જામીનગીરી પેટે બદનાવરનો પ્રાંત ગીરવી આપ્યો હતો, તે નાણાં ધારની સરકારે આપ્યા છતાં સિંધીઆ તે પ્રાંત દાબી બેસે એ ઠીક નથી. માટે તે પ્રાંત પાછો સોંપવો અને પીંઢારા સરદાર પાસેથી બસીઆ પ્રાંત પાછો લેવામાં મદદ આપવામાં નહિ આવે તો ઇંગ્રેજ સરકારને વચ્ચે નાખવાની ફરજ પડશે, એવું તેણે તેમાં સાફ લખ્યું હતું. એ વખતે ગાયકવાડ સરકારની ઇચ્છા ઇંગ્રેજને એ મામલામાં વચ્ચે પડવા દેવાની નહોતી. તેથી એ સરકારે વગ ચલાવી બદના-

વરનો પ્રાંત મીના રાણીને પાછો અપાવ્યો અને બ્રસીઆ પ્રાંત પાછો લેવાના કામમાં સિંધીઆએ મદદ આપવાની કબૂલાત આપી, પણ એ પ્રાંત પીંઢારાઓ સાથે લડાઇ કરી તેનો નાશ કરનાર ઇંગ્રેજોના હાથમાં આવ્યો. તેમણે મીના રાણી સાથે કોલકરાર કરી ધારના રાજ્યને પોતાની બાંહેધરી નીચે લઇને એ પ્રાંત બક્ષીસ આપ્યો. એ સિવાય બીજા પ્રાંતો બળવાખોરોએ લીધા હતા, તે પણ જીતીને પાછા સોંપ્યા. સદ્ગુણી મીના રાણીએ ઇંગ્રેજ સરકાર સાથે વફાદારીથી ચાલી રાજ્યનો વિસ્તાર વધાર્યો. એ પછી રાજ્યની સ્થિતિ સુધારવા લાગી. અનિયમિત લશ્કર હતું, તેને રજા આપી, તેને બદલે ત્રણસો બહાદુર ઘોડેસ્વાર અને આઠસો પાયદળ લશ્કર રાખ્યું. આ પ્રમાણે ગોઠવણ કરવાથી રાજ્યની ઉપજ વધી દેશમાં સઘળે સલાહ શાન્તિ થઇ. તેથી કરી રૈયતને પોતાના જાનમાલના સંરક્ષણનો વિશ્વાસ પડ્યો. પ્રજાની સ્થિતિ સુધરી આબાદ થઈ અને તેથી રાજ્ય પણ આબાદ થયું. તેના પર પ્રજાનો અત્યંત પ્રેમ હતો. તેઓ તેને માતા તરીકે માન આપી ચાહતી હતી; વગેરેથી એ મહત્તાને પામી હતી. એ પછી તે પોતાના દત્તક પુત્રને રાજ્ય સોંપી ઇશ્વર ભક્તિમાં નિરંતર કાળ ગુજારી દેવ લોકને પામી. એ રાણી જેવી પતિવ્રતા હતી, તેવીજ બહાદુર હતી. તેણે પોતાની સત્યતા, શીળતા, સખાવત, નમ્રતા અને પરોપકારી પણાથી એટલી તો પ્રખ્યાતિ મેળવી હતી, કે જેની કીર્તિનાં કિરણો અદ્યાપિ પર્યંત દેશમાં ચોપાસ પ્રસરી રહ્યાં છે. ધન્ય છે તેમને !!!

ઉર્મિલા.

આ ધીરવીર સ્ત્રી અજમેરના રાજા ધર્મગજદેવ ચોહાણની પત્ની હતી. તે અતિ સૌન્દર્યવાન, મનોહર લાવણ્યતાવાળી, નીતિવાત, બુદ્ધિશાળી, ચતુર, ઉત્સાહી, ધૈર્યવાન, પ્રેમાળ, શાન્ત સ્વભાવની, શૂરવીર, સમયસૂચક, અને પતિવ્રતા હતી. પોતાની રાજનીતિની કુશળતાને લીધે પતિને રાજકાર્યમાં ઘણી ઉપયોગી સલાહકાર થઈ પડી હતી. પતિપત્ની પ્રેમથી એકરૂપ જેવાં હતાં. સર્વ રાણીઓમાં તે શ્રેષ્ટ ને પટ્ટરાણી હતી. રાજાનો તેના ઉપર ઘણો વિશ્વાસ હતો. તે પોતાના ગુણ પ્રભાવે સર્વ રાણીઓ વગેરેમાં પ્રિય થઇ પડી હતી. સર્વ રાણીઓ તેને મોટી બ્હેન તરીકે ગણી પ્રેમથી માન આપી ચાહતી હતી. તેણે પોતાની બુદ્ધિ ચાતુર્યતાથી રાજ્યમાં સલાહ અને સંપની વૃદ્ધિ કરાવી હતી. તેથી રાજા ધર્મગજદેવ ઘણો સુખી હતો. તે પોતાની પતિવ્રતા પટ્ટરાણીની મહત્તા જોઈ તેમને માન આપી ચાહતો હતો. તે મહાશૂરવીર, નીતિવાન, ધાર્મિક, ઉદાર અને ચાલાક હતો. તેણે પોતાની વીરતા અને લાયકીથી સમૃદ્ધિ અને રાજ્યનો વિસ્તાર વધાર્યો

હતો. એના રાજ્યમાં પ્રજા આબાદને સુખી હતી. જ્યારે મહંમદગીજનવી સોરઠી સોમનાથ ઉપર ચડાઇ લઈ જતો હતો; ત્યારે તે પ્રથમ મુલતાન જીતીને અજમેર ઉપર ચઢી આવ્યો. આ વખતે ધર્મગજદેવે બહાદુરીથી તેને હરાવી સખત ઘાયલ કરીને નસાડયો હતો. આહારથી સુલતાન બહુ નિરાશ થયો, ઘણી શરમ લાગી અને આગળ વધવામાં ચિંતા થઇ, પરંતુ સાજો થતાં ફરી અજમેર ઉપર ઓચિંતો ચઢી આવ્યો. આ ખબર જાણી ધર્મગજદેવે લડાઇની તૈયારી કરી, પણ આ વખતે તેની પાસે જોઇએ એટલી લડવૈયા સિપાઇઓની સંખ્યા નહોતી, ઘણા શૂરા સિપાઇઓ અને સબળ સરદારો પ્રથમની લડાઇમાં ગરણ પામ્યા હતા. આ ઓચિંતા હુમલાથી એકદમ કોઇની મદદ મળી શકે એવું નહોતું; તોપણ અતિ ધીરજ રાખી તે હિંદુ ધર્મપર ધસી આવતી ધાડ ખાળવાને હિંમતથી સિંહની પેઠે શત્રુની સામે થયો. રજપૂતો લડવાને સજ થવા લાગ્યા. માતાઓ ધર્માભિમાનથી પોતાના જુવાન પુત્રોને માથે હાથ ફેરવી આશિષ વચનો રેડવા લાગી. રણમાં વિજય કરીને અને સાગે મોંઢે લડી જશ કમાઇને આવવા બોધ દેવા લાગી કે;–પ્રાણ જાય પણ શત્રુથી પાછી પાની ન ભરવી, પીઠપર ઘા ન ખાવો, પણ છાતીમાં ઝખમ ખાઇને મરવું ને અપ્સરાને વરવું. કુળને કલંક લાગે એવી કહેવત રહી જાય, ને સાત પેઢીની મેળવેલી કીર્તિ ધૂળ મરી જાય એવું કાયરપણું ત્યાગ કરવું,અને શત્રુમાં માર્ગ કરીને યશ ભરેલી રીતે મારવું કે મરવું ને અક્ષય સુખ મેળવવું એ ઉત્તમ છે. એવા જુસ્સા ભરેલાં કથનો કથીકથીને ઉશ્કેરવા લાગી.રજપૂતાણીઓ પોતાના વ્હાલાપતિઓને આલિંગન દઇને પ્રેમથી ગગળીત થયેલા સ્વરે કહેવા લાગી કે;—"પ્રાણનાથ ! માથાના મુકુટ ! ધણીનું લુણ આજ સુધી આપણે ઘણું ઘણું ખાધું છે, તે હક કરવાની હમણાં જોઇએ તેવી તક મળી છે, તે જવા દેશો નહિ. તમારી તરવારથી યવનોને રહેંસી નાખી વિજય કરીને પાછા વળો, ને તમારૂં નામ રટતી અબળાઓને અને વિજોગ તાપથી ટળવળતા તનુજોને આવી મળો. કદી દૈવ ઇચ્છાથી રણમાં જય મળે એવું ન જણાય તો સામે મોંઢે મરી અપ્સરા વરો ને અક્ષય સુખ મેળવો; પણ રખે તમે આગારમાં ને બાળ બચ્ચાંઓમાં પ્રેમ રાખીને રણમાંથી પાછે પગલે ફરી અક્ષય સુખ તજી દઇને અપકીર્ત્તિ વોહરી લેતા નહિ. નાથ ! સ્ત્રી છોકરાંને માતા–પિતા એ સઘળું મિથ્યા છે. સંસારનું સુખ સ્વપ્ના સરખું છે. એવા મિથ્યા સુખમાં મોહ રાખીને પાછી પાની ભરશો નહિ." પતિના પ્રેમમાં લીન થયેલી પ્રેમદાઓનાં મુખથી પાનો ચડે એવાં વીર રસ ભરેલાં વચનો સાંભળીને લડાઇના આશક રજપૂતો કુટુંબનાં આશિષ વચનો શીર ચડાવીને અજમેરપતિની છાવણીમાં આવવા લાગ્યા

માહારાણી ઉર્મિલા આ વખતે શાન્ત થઇ બેઠી નહોતી. તે આ વખત

આવેશે જોઇને મહા હિંમતવાન બની પતિને લડાઇના કાર્યમાં સલાહ અને સહાયતા આપતી ઘુમવા લાગી. ધર્મગજદેવે પહોર રાત્રિ રહેતાં નાહી ધોઇ પોતાનું નિત્ય કર્મ કર્યું, અને ગરીબ લોકોને દાન આપ્યાં. પછી યુદ્ધ પોશાક પહેરી હથિયારો બાંધી રણક્ષેત્રમાં જવાને તૈયાર થયો. આ જોઇ રાણી ઉર્મિલા બોલી;—" પ્રાણનાથ ! તમારી વ્હાલી રાણીને રડતી મૂકીને રણમેદાનમાં ન સિધાવો. હું તમારાં સુખ સંકટની ભાગિયેણ રાજમેહેલમાં બેસી રહું ને આપ રણક્ષેત્રમાં લડવાને પધારો એ નજ બને. હું રજપૂતાણીછું, તે હું એક કુળવંતી રજપૂતાણી તરીકે આપની સંગે આવીને આપના સંકટમાં ભાગ લઇ સંતોષ પામીશ. સ્વામીનાથ ! આપ અંતઃકરણમાં રખે એમ રાખતા કે રણક્ષેત્રમાં સ્ત્રીથી કેમ રહેવાશે ? ધીરજ કેમ ધરાશે ? પરંતુ આગળની રજપૂતાણીઓનાં યશ ભરેલાં પરાક્રમો યાદ કરો, તેમણે કરેલાં મહત્તકર્મો સંભારો અને તેમની હિંમતને શૂર ભરેલી સબળ શકિતનું સ્મરણ કરો ? તો હું પણ ક્ષત્રાણિછું, વીરપુરૂષની પત્નીછું, તો શું હું આ વખતે જોઇ બેસી રહીશ ? કદિ નહિ. નાથ ! હું આપની સાથે આપને બનતી મદદ આપવાને આવીશ અને આપના સંકટમાં ભાગ લઇ સંતોષ પામીશ. મેં સુખાવસ્થામાં આપની સાથે રહીને સુખ ભોગવ્યાં છે, તે હવે આ સંકટ સમયે આપને છોડીને એકલી રંગમહેલમાં રહી જોયા કરૂં એ મારાથી કેમ બની શકે ? મહારાજ ! આજ્ઞા આપો. વિચાર ન કરો. ઇશ્વર સૌ સારા વાનાં કરશે." ધર્મગજદેવ પોતાની પ્રિય પટ્ટરાણીના મુખમાંથી નીકળેલાં પ્યારને હિંમતનાં વચનો સાંભળી બોલ્યો;—" પ્રિય રાણી ! તારા મુખમાંથી આવાં મરદામી ભરેલાં વિરરસનાં વચનો સાંભળી ઘણો ખુશી થાઉંછું. શાબાશ છે તારા જેવી રજપૂતાણીને ! વીરરજપૂતાણી વગર શૂરવીર રજપૂત રત્ન કોણ પેદા કરત ? પ્યારી ! રણમાં તને સાથે ન લઇ જવાનાં અનેક કારણો છે, સ્ત્રીને સાથે લઇને લડવા જવું એ નહિ બનવા જેવું કામ છે. હું રજપૂતાણીની હિંમત ઉપર શક લઇ જતો નથી. તીરોનો વરસાદ વરસી રહ્યો હોય, કાન બહેરા કરી નાંખે એવી તોપોની ગર્જના થઇ રહી હોય, સૂર્યના તેજસ્વી તાપમાં ભાલાને તરવારો વીજળીની પેઠે ચમકી રહી હોય, વીર હાકો વાગી રહી હોય, તેમાં કાચી પોચી છાતીવાળા પુરૂષના ગાળાં પણ નરમ થઇ જાય, તો સ્ત્રીઓની ધીરજ કેમ રહે ? પગ કેમ ન કંપે ? એમ મારૂં માનવું નથી. તું રજપૂતાણીછું, રજપૂતાણીઓએ જોયા જેવા જંગ કીધા છે, સેંકડો શત્રુઓને હણ્યા છે અને વિજય મેળવ્યા છે. તે કુળની તું પણ એકછું એમ હું સમજુંછું; પરંતુ લોકોમાં કહેવાય કે અજમેર પતિએ વિપત્તિની વેળાએ પોતાની રાણીની મદદ લીધી; એવી નામોશીથી હું ડરૂંછું. તું મારી શીખામણ માનીને મને રજા દે. ઇશ્વર કરશે તો વહેલો આવી મળીશ, નહિ તો દૈવ ઇચ્છા."

રાણી સમજુને વિવેકી હતી. તેને પતિની આજ્ઞા લોપવી ઠીક લાગી નહિ.

તે પતિના કહેવાને માન્ય રાખી બોલી કે;—"નાથ! અંબાદેવી આપની રક્ષા કરો. જ્યારે આપની એવી ઇચ્છા છે, ત્યારે ખુશીથી પધારો અને આપ સહીસલામત જય કરીને વહેલા વળજો. ઇશ્વર સર્વ સારૂ કરશે. પણ જો દૈવ રૂઠે, ઇશ્વર ન કરેને આપને કંઇ થાય, તો હું આપની સાથેજ આવીશ. સતી થઇ સ્વર્ગમાં અક્ષય સુખ લેવાને હું ક્ષણ પણ વિલંબ કરીશ નહિ." ધર્મગજદેવને પોતાની શાણી રાણીનાં આવાં ધીરજ ભરેલાં વીરવચનો સાંભળીને ઉતેજન મળ્યું, એટલે રંગ મહેલમાંથી નીકળી એકદમ પોતાના સૈન્યને આવી મળ્યો. મુખ્ય મંત્રી, સામંત, ને સુભટોએ આવીને નૃપતિને નમન કર્યું. ધર્મગજદેવે અજમેરના મોટા મોરચા જાળવવાને અને વ્યુહ રચના રચવાની ગોઠવણ કરી, યવનોના ધસારાની વાટ જોતા સર્વે સાવધ થઇ બેઠા. લડાઇ ઘણા જોસથી ચાલી, રજપૂતો યવન સેના ઉપર ધસ્યા, ધર્મગજદેવે પણ ધસી જઇ પોતાની સેનાને લલકારી ઉશ્કેરી. સૌ અંતની ઘડી સુધી મરણીયા થઇને લડયા અને ઘણા યવનોનો ઘાણ કાઢી નાંખ્યો, પણ તેમાં મહારાજાનો અશ્વ ઘવાયો—તેથી તે પગે પાળો સાધારણ સિપાઇની પેઠે શુરાતનથી શત્રુ સામે ઝુઝયો. તેવામાં દૈવ ઇચ્છાએ તેના કપાળમાં તીર વાગ્યું, તેથી તે મૂર્છા ખાઇ પડયો, તેવોજ તેનો પવિત્ર આત્મા પરમાત્મા પાસે ચાલ્યો ગયો. તેનાપર પુષ્પ વૃષ્ટિ થઇ, તેવાજ તેના અંગ રક્ષકો ધસી આવ્યા, તેમનું શબ ઉપાડીને ત્વરાથી "વીટલી" ના કિલ્લામાં લાવ્યા. સર્વે સ્થળે શોકની છાયા પસરી રહી. પટ્ટરાણી ઉર્મિલા સત ચઢવાથી આવેશમાં આવી ગઇ. કેટલોક સ્ત્રીઓ રાણીને સમજાવવા લાગી કે;—"રાણીજી! ક્ષમા કરો? મુવા પાછળ મરવાથી મરનારનું મોંઢું આ દેહે દેખી શકાતુ નથી, જ્યાંસુધી તમારે મહારાજા સાથે લેણા દેવી હતી ત્યાં સુધી લીધી, વૈભવ સુખ ભોગવ્યા, હવે સંબંધ તૂટયો, તે ત્યાંને તમે અહીં રહ્યાં. માટે હવે ભગવાનનું ભજન કરો." આ સાંભળી રાણી બોલી;—"શું હવે મારે જીવવું? સુખ દુઃખનો સાથી, લાડનો લડાવનાર, આ દેહનો આધાર અને પ્રાણનો પતિ ગયો અને શું હવે જીવવું? દેહમાંથી આત્મા તો ઉડી ગયો ને શું હવે મારે શબાવસ્થામાં સડયા કરવું? જીવીને શું કરવું? જેના પ્રતાપે રાજ્ય સુખને વિવિધ તરેહનાં વૈભવ ભોગવ્યા, જે લાખેણા લેરખડાએ નાના પ્રકારના લાડ લડાવ્યાં, ને ભલા ભરથારે સુખ ભોગ ભોગવાવ્યાં, તેનાથી અંતની વેળાએ અંતર કરીને હવે અહીં રહેવું! શું હવે ક્ષણવાર પણ વસવું જોઇએ? અને શું હવે વિજોગ તાપ વેઠવો? એ કેમ બને? શું હવે જીવન પતિ ગયા પછી જીવનું જતન કરવું? ને શું જીવવું? નહિ, નહિ. એ કદી પણ બનનાર નથી. પૂર્વનો સૂર્ય કદી પશ્ચિમમાં ઉગે, રત્નાગર કદી માઝા મૂકે, સસલો કદી કાળે કરીને સિંહ ઉપર સરદારી ભોગવે અને દેડકો કાળે કરીને કદી મગરને ડરાવે! તોપણ હું સતી થવાના વિચારથી ચલાયમાન થવાની નથી. હું પતિવ્રતા સ્ત્રી છું, મારા

પ્રાણ તો પતિ સાથે તુરતજ ચાલ્યા ગયા છે,હું હવે આ દેહે કદી પણ રહી શકીશ નહિ." આવાં સતી ઉર્મિલાનાં વચનો સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયાં. ઓ ! પ્રાણનાથ ! હું આવુંછું ? એમ કહેતાંજ લોકોને ઉપદેશ આપી, પતિના શબને ખોળામાં લઇ ચિતામાં બળી સ્વર્ગે ગઈ !

અહો ! સતી ઉર્મિલા તે ખરેખરી રજપૂતાણીનો એક ઉત્તમ નમુનો હતી. તે પતિ તરફ પ્રેમાળ, શાન્ત સ્વભાવની, શરમાળ અને રણસંગ્રામને વિષે સ્વામિની સંભાળ રાખવાને સાવચેત તથા સાવધાન હતી. રાણી વાસનું પ્રત્યક્ષ સુખ રોળાતું મેલીને રણમાં કુદી પડવાને દોડી જતા પોતાના પતિરાજને ધીરજ આપતી વેળાની તેની ધૈર્યતા, તેની ચાતુરી, અને તેની રજપૂતાણીને છાજતી રીતભાત ખચીત વખાણવા લાયક હતી. પતિનો વિજોગ સહન નહિ થાય એવા સંતાપથી પોતાના પતિ તરફ પોતાના પરમપ્રેમનો જુસ્સો બતાવવાની તેણે જે પેરવી કરી, તે એક પતિવ્રતા નારીને માટે પૂરતી છે. પતિપર પડેલી આફતમાં પત્ની ધર્મ પ્રમાણે ભાગ લઇને તેનું સંકટ ઓછું કરવાની ધારણા ખરેખર પસંદ પડતી હતી. તે ધાડી છાતીવાળી, પતિ તરફ પ્રેમાળ લાગણીવાળી પતિવ્રતા રાણી હતી. પોતાના પતિના જયને માટે ચિંતા બતાવતાં તેણે ચિત્તને ઉદ્વેગના તાપવડે ચર ચર દાઝતું કર્યું હતું, પરંતુ હિંમત હારીને ફુવડરાંડની પેઠે ઘરના ખુણામાં ભરાઇને રડી નહિ. એ તેના રજપૂતાણીને શોભે એવાં ધાડાં હૃદયની નિશાની છે. રણમાં પોતાનો લેરખડો અને અનેક પ્રકારે લાડ લડાવનાર પતિ, શત્રુ સાથે સંગ્રામ કરતાં કામ આવ્યો, એવા ખેદકારક સમાચાર સાંભળી પતિના શબની સાથે પ્રેમથી ચિતામાં બળી ભસ્મ થઇ સ્વર્ગે સિધાવી. આ રીતે આ પતિવ્રતા નારી પોતાનો ધર્મ બજાવી જગત્‌માં સુદષ્ટાંતરૂપ અમરકીર્તિ રાખી ગઈ છે.

દુર્ગા.

આ રાજસ્થાનમાં પ્રખ્યાત્ થયેલી વીર–સતી સ્ત્રી બુંદીના રાજા અજિતસિંહની પત્ની અને જેપુરના રાજાની પુત્રી હતી. એ સ્વરૂપે અતિસુંદર, મનોહર લાવણ્યવાળી, ચતુર, નીતિવાન, ધાર્મિક, બુદ્ધિવાન, ભણેલી, શૂરવીર, આગ્રહી, ટેકીલી, હિંમતવાન, સંગીતકળામાં કુશળ, અને પતિવ્રતા હતી. રાજા અજિતસિંહ પણ બુદ્ધિવાન, હિંમતવાન, ચતુર, ડાહ્યો, આગ્રહી, નીતિવાન, ધાર્મિક, રાજનીતિમાં કુશળ અને બહાદુર હતો. સતી દુર્ગા તેના ઉત્તમ ગુણો જોઇને તે સાથે પરણી હતી. પરણ્યા પછી પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને અનેક પ્રકારે સુખ અને આનંદ આપવા પ્રયત્ન કરતી. ધર્મ નિયમે પતિ પ્રેમમાં ચૂસ્ત હતી. અજિતસિંહ

પોતાની રાણીમાં આવા ઉત્તમ ગુણો જોઇ તેને પ્રેમથી ચાહતો અને માન આપી રાજી રાખતો. ખરેખર પતિપત્ની પ્રેમથી એક રૂપ જેવાં હતાં. સતી દુર્ગા ગરીબ ગરબાંને દાન, નિર્જળ સ્થળે વાવકુવાને તળાવ ખોદાવવા અને દેવમંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં ઘણો પૈસો ખરચતી હતી; એટલુંજ નહિ પરંતુ પ્રજા શીરીતે આબાદ થઇ સુખી થાય, તે માટે મહારાજાને મળી પ્રયત્ન કરતી. રાજકાર્યમાં અને લડાઈ પ્રસંગે પતિને સહાય થઇ સલાહ આપતી; વગેરેથી તેની મહત્તા વધી હતી. દુર્ગારાણીને કચ્છવાહિજી પણ કહેતા હતા. તેની એક નાની બેનનું સગપણ ઉદેપૂરના નાના કુંવર **અમરસિંહજી** સાથે કર્યું હતું. એના વિવાહ પ્રસંગ ઉપર અજિતસિંહજીને પત્ર લખી તેડાવ્યો હતો, પણ ઉદેપુરવાળા સાથે વેર હતું. તેથી પોતે નહિ જતાં રાણી દુર્ગાને તેની બેનના વિવાહ ઉપર જવાની રજા આપી. રાણીપતિની રજા લઇ પિયર આવી. ઉદેપૂરનો રાણો અમરસિંહજી જાન લઇને જેપુર પરણવા આવ્યો. ધામધૂમથી પરણ્યો. પરણ્યા પછી બીજે દિવસે મહેલમાં દાખલ થયો. આસપાસ દાસીઓ ઉભી હતી તેમને પૂછ્યું કે;—“ અહીં રાજ્યમાં બહુ રૂપાળી કોણ છે ? ” એક દાસીએ કહ્યું;—અન્નદાતા ! એવું તમારે શું કામ છે ? અમરસિંહે આગ્રહ કરવાથી દાસીએ કહ્યું કે;—આપની મોટી શાળી જેને બુંદી પરણાવેલાં છે તે ઘણાં રૂપાળાં છે. રાણાએ તેને લાલચ આપી કહ્યું કે;—કોઇ રીતે પણ પડદો-કનાત અહીં નજીક લાવો તો ઉત્તમ. દાસીએ કહ્યું કે, એમાં શું ? એમ કહીને તે કનાતમાં પેઠી. સર્વેએ ભેળી થઇ ભીડાભીડ કરી રાણી દુર્ગાને ઠેલી કનાત નજીક લાવી. પછી દાસીએ કહ્યું કે;—પેલું હીરામાણેક જડેલું મુદ્રીકું હાથમાં પહેર્યું છે તે તમારી સાળી છે તે જુઓ ! એ સાંભળી રાણાએ પડદામાં હાથ ઘાલી પોતાની સાળી રાણી દુર્ગાનો હાથ પકડયો. રાણી દુર્ગા પતિવ્રતા હતી, કદી પણ પરપુરૂષના અંગનો સ્પર્શ થવા દેતી નહિ, એવી પવિત્ર મનની હતી. તેમ તે કાંઇ જેવી તેવી સ્ત્રી નહોતી. તે આવી રીતે થતાં પોતાના પવિત્ર ગુણોને કલંક લગાડનાર આ રાણા ઉપર અત્યંત ક્રોધાયમાન થઇ–તે જાણે દુર્ગા–ચંડિકા સ્વરૂપ ન હોય, તેવા વિકાળ સ્વરૂપે સિંહણની પેઠે ગર્જના કરતી બોલી કે;—“ અરે ! મારે હાથે હડકાયો કૂતરો લાર લગાડી ગયો ! ધિક્કાર છે તેમને !! એમ કહી તેનો હાથ તરછોડી નાંખ્યો અને તાબડતોબ દાસી પાસે છરો મંગાવી કાંડામાંથી પોતાનો હાથ જુદો કર્યો ! તે વાતની સૌને ખબર થતાં મહેલમાં શોરબકોર થઇ રહ્યો. દુર્ગાની માએ દોડી આવી કહ્યું કે;—બેન ! એ કામ તેં શામાટે કર્યું ? ઇત્યાદિ વચનો કહી શાન્ત પાડવા લાગી. આ બનાવ જોઇને રાણો પણ ઘણો લાચાર બનીને શરમાઇ ગયો. રાણી દુર્ગા ગુસ્સાથી બોલી;—માજી ! મારે અહીં રહેવું હરામ છે ! એટલું બોલતાંજ રીસાઇને તેજ વખતે પોતાના રથમાં બેસી જેપુર છોડી બુંદી તરફ ચાલી નીકળી.

રાણી દુર્ગા શૂરી હતી, તે પોતાની તરફ ખરાબ દૃષ્ટિથી જોનારને તેજ ઠેકાણે કડકા કરી નાખે તેવી હતી, પરંતુ સમતા રાખી પોતાનો જે હાથ અપવિત્ર મનવાળા અમરસિંહ રાણાના હાથથી અપવિત્ર થયો હતો, તેને તેજ ક્ષણે ઉડાવી દઇ મન વાળ્યું હતું, તોપણ તેનું મન શાન્ત ન થતાં ખીજવાયેલી સિંહણની પેઠે ઘુરકતી કોઇનું પણ નહિં સાંભળતાં તેવા સ્થળે ઘડી પણ ઉભી રહી નહિ. રાણો જો કે પોતાનો બનેવી હતો, પણ સતી સ્ત્રી પોતાનું સતીત્વ ભંગ કરનાર ગમે છેનો સગો કે સ્નેહી હોય છે, તેને પોતાનો દુસ્મન ગણી ધિક્કારી કાઢે છે અને વધારે છેડ કરે તો તેનો નાશ કરવાને પણ ચૂકતી નથી. સતી સ્ત્રી સગપણ અને પ્રાણ કરતાં પણ પોતાના સતીત્વને શ્રેષ્ટ ગણે છે અને તેનેજ જીવન સર્વસ્વ ગણે છે, તેવી સતી સ્ત્રી બનેવી તો શું પણ ગમે તો દેવ હોય તોપણ તેની દરકાર નહિ રાખતાં તુચ્છ ગણે છે. તેવી સતી સ્ત્રી દુર્ગા પોતાનો હાથ પકડી અપમાન આપનાર અને કલંક લગાડનાર બનેવીની કેમ દરકાર રાખે? અને પાપ બુદ્ધિથી જોનારનું કેમ સહન કરી શકે? તે માતા—પિતા કે બીજાનું સમજાવ્યું કેમ સાંભળી બેસી રહે? કદી નહિ. તે સતી ઝેર વેરથી ભરેલી સિંહણની પેઠે ખીજવાયેલી બુંદી તરફ ચાલી જતી હતી. તેવામાં રાવ અજિતસિંહ તે દિવસે જેપુરને રસ્તે શિકાર કરવા નીકળ્યો હતો. છેટે સ્વારોને આવતા જોઇ રાણી દુર્ગાએ દાસીને પુછ્યું કે;—એ કોણ આવે છે? દાસીએ કહ્યું;—બાઇ જી! એ તો આપણો રાજાજી શિકારે નીકળ્યા છે તે છે. રાણીએ કહ્યું;—તું જા, અહીં રાવને બોલાવી લાવ. દાસી રાજા પાસે ગઇ. રાજા તેને જોઇ આશ્ચર્ય પામી બોલ્યો;—દાસી! તું અહીં કયાંથી? અને રાણીજી કયાં છે? દાસીએ કહ્યું;—અન્નદાતા! મારી બાઇ સાહેબ માર્ગમાં ઉભાં છે તે આપને બોલાવે છે. તે સાંભળી રાવ રાણી પાસે આવ્યો અને જુએ છે તો હાથ કપાયેલો દીઠો. તેવોજ પોતે મો બગાડી બોલ્યો;—અરેરે! તેં આ શું ગજબ કર્યો? પછી રાણીજીએ યથાર્થ વાત કહી બતાવી; ત્યારે રાવે ગંગાજળ મંગાવી તેનો હાથ ધોઇ નાંખ્યો! પાટો બાંધવાની તજવીજ કરી તુરત બુંદી મોકલી દીધી. પોતાની રાણીને હાથ લગાડનાર ઉપર છંછેડયા સિંહની માફક ગુસ્સે થઇ વેર લેવાની એવી પ્રતિજ્ઞા લીધીકે;—"ઉદેપૂરના રાજા અમરસિંહજીને મારીશ, તે પછી દુર્ગા રાણીજીને મહેલ જઇશ." એમ કહી ત્યાંજ રસ્તો રોકી બેઠો. રાણો પરણી તેજ રસ્તે જવાનો હતો. બે દિવસ થતાં રાણાની જાન ત્યાં આવી, તેનો પ્રથમ કેટલોક સત્કાર કર્યો. પછી તેમને ચેતાવી રાવ બોલ્યો;—"ઓ! રાણીના હાથને સ્પર્ષ કરી અપવિત્ર કરનાર! તું હુશિયાર થા? હું તેનો હાથ કપાયાનું વેર માગું છું." એમ કહી ગુસ્સાથી રાણાની છાતીમાં બરછી ધચ દઇને ઘોંચી દીધી. તે બરછી લાગતાંવેંતજ રાણો મરણ પામ્યો. અજીતસિંહ તુરત પોતાના ઘોડે સ્વારોની વચ્ચમાં વિંટાઇ બુંદી તરફ ચાલતો

થયો. ઉદેપૂરની ફોજે સામે થવાનું ઘણું કર્યું, પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહિ. તેથી નિરાશ થઇ પોતાના રાણાને તેજ ઠેકાણે ચિતા તૈયાર કરી બાળ્યો. પરણેલી રાણી સતી થઇ અને ફોજ શોકાતુર મને ઉદેપૂર આવી! સતી દુર્ગા પવિત્ર મનની અને વીર સ્ત્રી હતી. સતીની છેડ કરવાથી જેમ સતી દ્રૌપદીની છેડ કરનાર કૈચાકીચકનો પ્રાણ ભીમે લીધો હતો, તેમ રાણાએ પોતાનો પ્રાણ અજીતસિંહને હાથે ખોયો. સતી દુર્ગાએ પોતાનો હાથ કાપી નાંખ્યો, તેને માટે જેટલો ખેદ તેને થયો નહોતો, તેટલો ખેદ તેને પોતાના હાથને પરપુરૂષના હાથનો સ્પર્શ થયો તેને માટે થયો હતો. અહો! આ શું પોતાના પાતિવ્રત્યની ઓછી ટેક? અને શું ઓછો વીર જુસ્સો? એ રીતે તે પોતાના પાતિવ્રત્યની ટેક અને વીર જુસ્સાને માટે પ્રખ્યાત્ થઇ ગઈ છે.

કાન્તિ.

આ પતિપ્રાણા વીર સ્ત્રી શ્રી રામચંદ્રના ભ્રાતા-ભરતના પુત્ર પુષ્કરજીની પત્ની હતી. તે રતીને લજાવે એવી રૂપાળી, હિંમતવાન, બુદ્ધિશાળી, ભણેલી, નીતિનીપુણ, ચાલાક, ઉત્સાહી, ચતુર, વિવેકી, સંગીત-નૃત્ય અને વાદ્યમાં કુશળ, ચિત્રકળામાં પ્રવિણ, પતિવ્રતા અને પરોપકારી હતી. તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને અનેક પ્રકારે સુખ અને આનંદ આપવા પ્રયાસ કરતી; વગેરે પોતાના ગુણ પ્રભાવે તેણે પતિનો ઘણો પ્રેમ મેળવ્યો હતો. પતિ પણ તેમને આવી સદ્ગુણી જોઇ પ્રેમથી ચાહતો અને માન આપતો હતો. પતિપત્ની પ્રેમથી એક રૂપ જેવાં હતાં. પુષ્કરજી મહા રણપંડિત, બળિયો, હિંમતવાન, ધાર્મિક, નીતિવાન, શાસ્ત્રજ્ઞ, યુદ્ધકળામાં પ્રવિણ, અને રાજનીતિમાં કુશળ, વગેરે ક્ષત્રિયવટને છાજતા સઘળા ગુણો તેનામાં હતા. કાન્તિ પોતાની સાસુ માંડવીને માતા પ્રમાણે અને સસરા ભરતને પિતાતુલ્ય ગણી સેવા કરતી. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી, સીતાજી અને ઉર્મિલા; વગેરે વૃદ્ધ વડિલ સ્ત્રીઓ ઉપર પોતાની માતાના જેવોજ પ્રેમભાવ રાખતી. વૃદ્ધ વડિલો તેમનો આવો સુસ્વભાવ જોઇ સૌ તેમને પુત્રી પ્રમાણેજ ચાહતાં. આ સતી પોતાના પતિ સાથે ઋષિમુનિઓના આશ્રમમાં જતી, ત્યાં તેમણે ઋષિ પત્નીઓના સહવાસથી ઘણા ઉત્તમ ગુણો મેળવ્યા હતા. તેમને પરમાર્થપર પ્રીતિ હતી. તેથી ગરીબ નિરાશ્રિતોપર દયાભાવ લાવી તેમને અન્નવસ્ત્રો આદિથી સંતોષતી. દુઃખીજનોનાં દુઃખ દૂર કરવા અને સ્ત્રી, બાળાઓને સદ્ગુણી બનાવવા પ્રયાસ કરતી. તે સ્ત્રી સમાજમાં ઉપદેશ આપતી કે;—" પ્રિય બેનો! સખીઓ! સાધ્વી સ્ત્રીએ પોતાના પતિ ઉપર ભક્તિ રાખવી, આશ્રિતોપર દયા

રાખવી, સાસરીયાં પ્રત્યે નમીને વિવેકથી વર્ત્તવું, ભોજાઇપર પ્રેમ રાખવો, નણંદને પોતાની બેન જેવી ગણવી, સાસુ સસરા ઇત્યાદિ વડિલો પ્રત્યે પૂજ્ય ભાવ રાખવો, જેઠને સસરા તુલ્ય અને દીયેરને દીકરા તુલ્ય ગણવો. તેમના છોકરાંઓને પોતાનાં છોકરાં જેવાં ગણવાં, જેઠાણીને સાસુ જેવી અને દેરાણીને દીકરી જેવી ગણી ચાહવું. દાસ દાસીઓના અપરાધ ક્ષમા કરવા, વધારે શું કહેવું ? પરંતુ પોતાની શોક્યને પણ સાધ્વી સ્ત્રીએ પોતાની મૈત્રિણી સરખી લેખવી; ઉત્તમ સ્વભાવ એ સ્ત્રીઓનું ભૂષણ છે. લજ્જા કિંવા મર્યાદા એ પણ સ્ત્રીઓનો ભૂષણ પ્રદ ગુણ છે અને પાતિવ્રત્ય તો સ્ત્રીના જીવનનું ખરેખરૂં ઐશ્વર્ય છે. સ્ત્રીઓએ સદ્ વિચાર વડે પોતાનું ચિત્ત પ્રસન્ન રાખવું, તત્વવિચાર દ્વારા આપણા વ્યવહારિક ખોટાં સુખની મગતાને મૂકી ખરૂં આત્મસુખ મેળવવા નિમગ્ન થવું. પ્રાણી પદાર્થમાં સુખ વૃદ્ધિથી ઉપજેલો મોહ બંધન કરે છે અને શોક તાપને ઉપજાવી જ્ઞાન નિશ્ચયમાં વિક્ષેપ નાખે છે. માટે પરમ તત્વની ભાવના વૃત્તિને પ્રબળ બનાવી શાન્તિના સાચા સુખનો અનુભવ લેવો, એજ જીવન કર્ત્તવ્ય છે." ઈત્યાદિ તેમનો ઉપદેશ ઘણો જ્ઞાન પ્રદ છે. આ પરથી તે કેવી ઉચ્ચ ભાવનાવાળી હતી તે જણાઇ આવે છે.

શ્રી રામચંદ્રજીએ જ્યારે અશ્વમેધયજ્ઞનો આરંભ કર્યો, ત્યારે યજ્ઞનો અશ્વ પૃથ્વીમાં ફરવાને છૂટો મૂકયો, તે વખતે અશ્વ સંરક્ષણાર્થે શત્રુઘ્ન સાથે પુષ્કરજી અસ્ત્ર—શસ્ત્ર સજી જવાને તૈયાર થયો. તે વખતે જો કે તે બહુ મોટી ઉમરનો ન હોતો, પણ સિંહનાં બચ્ચાં તે સિંહ જેવાંજ હોય છે. તેનામાં યુદ્ધમાં જવાની ઘણી હોંસ હતી. તેથી તૈયાર થઇ માતા માંડવી, કૈશલ્યા, સુમિત્રા, કૈકયી અને ઉર્મિલા, વગેરે વૃદ્ધ વડિલ માતાઓની આશિષ સાથે રજા મેળવી, પોતાની પત્ની કાન્તિ પાસે રજા લેવા આવ્યો. સતી પતિને નિરખી સામે ગઇ અને આનંદથી મોતીએ વધાવી મહેલમાં લાવી. પુષ્કરજીએ હસીને કહ્યું;—સતી ! આજે યજ્ઞનો અશ્વ છોડે છે, તેના રક્ષણાર્થે શત્રુઘ્ન કાકા જાય છે, તેમની સાથે હુ પણ રાજાઓને જીતવા જાઉંછું, મને વાર થાય છે માટે સત્વર રજા આપ. પતિનાં આવાં વચન સાંભળી અશ્રુ પાડતી સામે જોઇ હાથ ઝાલીને મધુર વચને બોલી;—" પ્રાણેશ ! હું કંઇ પણ અભિલાષા નહિ રાખતાં સત્યથી કહુંછું કે; મહારાજ ! આપ સુખેથી પધારો. કાકાજીની આજ્ઞા પાળજો. રણક્ષેત્રમાં સામે પગલે ચાલી ધીરજ રાખી યુદ્ધ કરજો અને પૃથ્વીપરના રાજાઓને તમારી વીરતા બતાવી જીતજો. સ્વામિન્ ! યુદ્ધ પ્રસંગે મારામાં મન રાખશોમાં, પુંઠ દેખાડી કુળની કીર્ત્તિ ઝાંખી કરતા નહિ. તમારો રઘુકુળમાં જન્મ છે, તેની પરંપરાની કીર્ત્તિનો મનમાં વિચાર કરજો. જુઓ પિતામહ દશરથે બ્રહ્મશાપરવાને મારી દેવતાઓની રક્ષા કરી હતી, તેની અદ્યાપિ કીર્તિ ગવાય છે. વળી કાકાજી રામચંદ્રજીએ રાવણને માર્યો, તમો પણ તેના પુત્રો કહેવા-

ઓ છો. તમે કુળદીપક ધર્મ સુત્ર છો. જેવી રીતે રાજાઓની સભામાં વખાણુ થાય, તેવી રીતે કુળની રાજ રાખજો. જો ભય પામી પાછા ફરશો તો મને મહા વીપરીત થશે. જેઠ, દીયેર અને મારી સહીયરો મને મ્હેણાં દેશે. વળી મારા પિયરમાં કહેશે કે તારો સ્વામિ કાયર છે. હું આપ જેવા વીર પુરૂષની પત્નીછું, ક્ષત્રિય બાળાછું, પણ શું કરૂં આપ મને યુદ્ધમાં સાથે લઇ જતા નથી, નહિતો આપની સાથે રહી આપના યશમાં વધારો કરવા લડું; પરંતુ આપની આજ્ઞા વિના આવી શકતી નથી. સ્વામિ! બહાદુરીથી લડી કુળની કીર્તિમાં વધારો કરજો. થોડું જીવીને પણુ કીર્ત્તિ મેળવવી એ ઉત્તમ છે. કીર્ત્તિ મેળવ્યા વગર ઘણું જીવવું એ વૃથા છે. જેણે જગત્‌માં જન્મધરી જશ મેળવ્યો નથી તેના જીવતરને ધિક્કાર છે. એ પૃથ્વીપર નકામો બોજા રૂપ છે. અપજશ મેળવનાર મનુષ્યનો જન્મ વૃથા જાય છે. માટે સ્વામી! વીરતાથી લડી કીર્ત્તિ મેળવજો. નકરે નારાયણને યુદ્ધ કરતાં કંઇ વિપરીત થશે, તો હું તત્કાળ આપની પાછળ આવી પહોંચીશ." ઇત્યાદિ વીર વચનો કહી પોતાના પતિને ઉશ્કેર્યો, પૂજા કરી પુષ્પહાર પહેરાવ્યો અને તાંબુલ આપી શીર નમાવી સ્નેહ સાથે વિદાય કર્યો. પુષ્કરજીને પોતાની પતિવ્રતા વીરપત્નીનાં આવાં વીર વચનોથી ઘણો હર્ષ વ્યાપ્યો, અતિ શુરાતન છૂટયું અને એવી હિંમત આપી કે કયી ઘડીએ રણુક્ષેત્રમાં ધુમી મારી વીરતા બતાવી કીર્તિ મેળવું. એવી ઉલટમાંને ઉલટમાંજ અશ્વ સંરક્ષણાર્થે ગયો અને જયાં જયાં યુદ્ધ થયું ત્યાં ત્યાં તેણે પોતાની વીરતા બતાવી કીર્તિ સંપાદન કરી હતી. જે સ્ત્રીઓનું મન સદા પતિહિતમાંજ લાગેલું રહે છે, તે સ્ત્રીઓ પોતાના સુખ દુઃખનો કશો પણ વિચાર ન કરતાં પોતાના પતિ પ્રત્યેનો ધર્મ બજાવવા પછાત પડતી નથી. તે આ સતી કાન્તિનું પ્રતક્ષ દૃષ્ટાંત છે.

સતી કાન્તિ પતિપ્રાણા સ્ત્રી હતી. એ પતિને યુદ્ધમાં યશ મેળવી આવેલો જોઇ ઘણો હર્ષ પામી. જ્યારે પુષ્કરજી તેને મળવા આવ્યો, ત્યારે ઘણા પ્રેમથી મળી પોતાનો આનંદ દર્શાવ્યો હતો. યુદ્ધની વાત કાઢતાં પુષ્કરજીએ કહ્યું કે;— "સતી! તારા જેવી સદ્‌ગુણી વીરપત્નીથી હું મને મોટો ભાગ્યશાળી માનુંછું. તારાં વીર વચનોએ મને ઘણી અસર કરી હતી, તે યુદ્ધમાં યાદ આવતાં મને બમણા જુસ્સાથી લડવાને ઉશ્કેરતાં હતાં. તારી મારા પ્રત્યે તલ્લીનવૃત્તિ અને પ્રેમપૂર્વક વીર વચનોએ મારામાં ઘણો ઉત્સાહ ઉત્પન્ન કર્યો હતો, તેનું શું વર્ણન કરૂં! ખરેખર સાધ્વી સ્ત્રીનું શુદ્ધ આચરણુજ અલૌકિક છે. પતિને મીઠું લાગે એવું વર્ત્તન અને પ્રિય તથા હિતકારકમિત ભાષણુજ તેઓનો સંપ્રદાય હોય છે. સ્વાભાવિક રીતેજ પતિનું કલ્યાણ કરવામાં તત્પર રહે છે. તેમની બુદ્ધિ આનંદિત હોય છે. મુખ ઉપર અથવા પીઠ પાછળપણુ એક સરખુંજ વર્ત્તન હોય છે, જેમાં કપટ મુદલ હોતું નથી, તે ઉપરથીજ તે ઓળખાઇ આવે છે. સતી! તારા જેવી સ્ત્રી-

એ જગતમાં સર્વને હોજો." ઇત્યાદિ વિવેક વિનય બતાવી તેનાં વખાણ કર્યાં હતાં. આ સાંભળી સતીએ કહ્યું:—નાથ! હું તો આપની દાસીછું, હું આટલાં વખાણુને યોગ્ય નથી, મેં જે કાંઇ કર્યું છે અને કરૂંછું, તે મારા કર્તવ્યકર્મથી કાંઇપણ વધારે કરેલું નથી. આપ મને, પ્રેમથી ચાહી માન આપો છો, અનેક પ્રકારે વૈભવ સુખ ભોગવાવોછો અને લાડ લડાવો છો, આ શું મારા પ્રત્યે આપની અનહદ કૃપા નથી? શું તમો તમારો પતિધર્મ ઓછો બજાવો છો? તમારા જેવા મારે યોગ્ય પતિ મળવાથી હું મને ધન્ય માનુંછું. ઇશ્વર મને તમારા જેવાજ ભવો ભવ પતિ મળજો;" વગેરે પતિના ગુણનું કથન કથી વિવેક બતાવ્યો. અહો! જ્યાં આવાં પતિ પત્નીનાં જોડાં હોય,ત્યાં ગૃહમંદિર સ્વર્ગ તુલ્ય શોભિ કેમ ન નીકળે? અને સંસાર સ્વર્ગ સમાન કેમ ન દીશે? ભરતજીએ ગંધર્વો પાસેથી ગાંધર્વ દેશ જીતી લીધો, ત્યારે પુષ્કરજી તે યુદ્ધમાં સામેલ હતા. ભરતજીના નામ ઉપરથી ત્યાં પુષ્કરાવતી નામે નગરી વસાવી, તેને એ દેશની રાજધાની કરી,તેની ગાદીપર તેને સ્થાપિત કર્યો હતો. ત્યાં પોતાના વડિલોની રીતિ પ્રમાણે ધર્મનીતિથી રાજ્ય ચલાવવામાં સતીકાન્તિની સલાહ અને સહાયતા ઘણી ઉપયોગી થઇ પડી હતી. જેને લીધે તેણે પોતાની કીર્તીમાં વધારો કર્યો હતો. એ રીતે એકંદરે વિચાર કરતાં સતીકાન્તિનું પવિત્રપણું અને પતિ ભક્તિ ખરેખર સ્તુતિ પાત્ર છે. તેણે પતિને કહેલાં વીરવચનો તેના વીરભાવને બતાવી આપે છે. આવા મહત્ત ગુણોથી તે પ્રખ્યાત થઈ ગઇ છે. ધન્ય છે તેમને!!!

સુલક્ષણા.

આ પતિપ્રાણા વીર સ્ત્રી બુંદેલખંડની અસલ રાજધાની મહોબાના પરમારરાજા ચંદેલના સેનાપતિ આલ્હની પત્ની હતી. તે રૂપે રંભા જેવા સૌન્દર્યવાન, બુદ્ધિશાળી, હિંગતવાન, નીતિવાન, ચાલાક, પતિવ્રતા, ચતુર અને શૂરવીર હતી. જેવી તે રૂપેગુણે અનુપમ હતી, તેવોજ આલ્હ યોદ્ધો હતો. એ દંપતીમાં અત્યંત પ્રેમ હતો. આલ્હની માતા દેવલદે બુદ્ધિશાળી, નીતિવાન, ચાલાક, દેશાભિમાની અને શૂરવીર હતી. આવી શૂરવીર અને બુદ્ધિશાળી સાસુના સહવાસથી સુલક્ષણામાં ઉત્તમગુણોનો વધારો થયો હતો. દેવલદેનો બીજો પુત્ર ઉદલ હતો, તેપણ વીરપુરૂષ હતો. "ઉત્તમ માતાના છોકરાં ઉત્તમ થાય." તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે. આલ્હ અને ઉદલ બંને ભાઇઓ યોદ્ધા હતા, તેમણે પોતાની બહાદુરીથી દશ વખત બાદશાહની ફોજને હઠાવી નૈસરખાનને લૂટ્યો હતો. ગયા કાંઠાનો અને રેવાકાંઠાનો મુલક, મેવાત અને અંતર્વેધ જીતી લઇ ચંદેલ રાજાના રાજ

જ્યમાં વધારો કરી આપ્યો હતો. તેમનું માન રાજ્યમાં વધારે હતું, તે બીજા સરદારો જોઇ શકતા નહોતા. આલ્હની ઘોડારમાં પાંચ વછેરા ઘણા સરસ હતા. જેની દેશમાં બહુ તારીફ થતી હતી, તે દરબારની ઘોડારમાં બંધાવા માટે મેહેલ્રા અને ભોપતી એ બે સરદારોએ રાજાને સમજાવ્યો, તે ઉપરથી રાજાએ તેની માગણી કરી. આ સાંભળી દેવલદેએ પોતાના પુત્ર આલ્હને કહ્યું કે:—"**પુત્ત વછેરા માંગ ન દીજે**" જેથી આલ્હે વછેરા આપવા સાફ ના પાડી. તેથી રાજાએ ગુસ્સો કર્યો. તે કારણથી બંને ભાઈ રીસાઇ કનોજ આવ્યા. ત્યાં **જયચંદ્રે** તેમને સારા દરજ્જાની નોકરી આપી. જ્યારે દિલ્લીપતિ **પૃથિરાજ** ચૌહાણ મહોબાના રાજ્ય ઉપર ચઢી આવ્યો. ત્યારે બળીઆ સાથે બાથ ભરવાની ચંદેલના સામંતોએ હિંમત કરી, પણ તેમાં માત્ર એક અરીસિંહ સરદાર સિવાય સર્વ સામંતો મરી ગયા. અરીસિંહ નાશી મહોબે આવ્યો. આ માઠા સમાચારથી સૌ ભયમાં પડ્યા. 'હવે શું કરવું? એના વિચારમાં સૌ પડ્યા. રાજા ચંદેલની રાણી **માલણદે**એ કહ્યું કે;—આપણે જેની ભૂજાઓ ઉપર આશા રાખતા હતા, તે તો કામ આવી ગયા. હવે આલ્હ ને ઉદલ આવ્યા વગર કોઇ રીતે પણ બચવાની આશા રાખવી વૃથાછે.આવો વિચાર કરી પૃથિરાજને કેટલોક નજરાણો કરી બે માસની મેહેતલ માગી. પછી જગનક બારોટને કનોજ મોકલ્યો તેણે જઇ આલ્હને પત્ર આપ્યો અને કહ્યું કે;—"આપ ગયા છો તે દિવસથી માલણદે રાણીની આંખોમાંથી આંસુ સૂકાયાં નથી. હવે આપ નહિ પધારો તો ચંદેલને ઘેર જરાપણ જમીન રહેવાની નથી. આલ્હે કહ્યું કે, પરમારે અમને વિના અપરાધે દેશવટો આપ્યોછે, માટે આવીશું નહિ. બારોટે કહ્યું—બધી વાતો હમણાં સંભાળવાની નથી. હમણાં તો શાગધર્મ સામું જોવાનું છે. જે બન્યું છે તે ચુગલ ખોરોથી બન્યું છે. રાજાનો એમાં કશો અપરાધ નથી. હાલ તે સંકડામણમાં છે અને રાણી માલણદેની એક આંખમાં શ્રાવણ અને બીજી આંખમાં ભાદરવો વરસે છે, તે સામું જોવાનું છે. તમારાવિના રાજાથી પોતાનો દેશ રાખી શકાશે નહિ, એવી સર્વેને ખાતરી થઇ છે. ભાઇ! તમારી માતા દેવલદેએ માલણદે આગળ ઘણીવાર સોગન ખાધા છે કે;-"મારા પુત્રોની જીંદગી મહોબાની સાથે છે." એ વાત સંભાળી દેવાને માલણદેએ મને કહેલું છે. આ સંદેશો જેવો દેવલદેએ સાંભળ્યો, કે તેણે પોતાના પુત્રોને કહ્યું કે;-"પુત્રો! ચાલો તૈયારી કરો." માતાનું એ વચન સાંભળીને એક ભાઇએ તો ટગર ટગર જોયા કર્યું, પણ બીજો બોલી ઉઠયો કે, મહોબા પાયમાલ થઇ જાઓ—અમારી નોકરીના બદલામાં પરમારે અમને દેશનિકાલ કર્યા છે, તો હવે અમારે ત્યાં આવી બચાવ કરવાની શીજરૂર છે? હું તો નહિ આવું. આ સાંભળી દેવલદે જુસ્સાથી બોલી;—"ઇશ્વરે મને વાંઝણી રાખી હોત તો સારૂં, કે રજપૂતનો ધર્મ છોડી દુશ્મને પોતાના રાજાને સંકટમાં સહાય ન કરે, તેવા પુત્રોને જન્મ ન આપત! ઓ

જગદીશ ! પોતાના બાપદાદાના નામપર પાણી ફેરવનારા આ પુત્રો જોઇને મારે બળાપો કર્યા કરવો એવું શું તેં સરજાવ્યું છે ? ના લાયક પુત્રો ! ખરા રજપૂતોનું હૈયું તો લડાઇ ટંટાનું માત્ર નામ સાંભળતાંજ હરખથી ઉચકાય છે, પણ ઓ નીચ ! તમે મારા સ્વામિ જેસરાજ ના હો એમ મને લાગતુ નથી!" કહ્યુંછે કે;—

શ્યામ સાંકરે જાનકે, રહે અવર ઘર સોય;
સો રાણી ફિરતો લિયો, કુલ રજપૂત ન હોય.

આવાં વીરમાતાનાં વચન સાંભળી બંને ભાઇઓ શરમાઇ ગયા; પરંતુ હજુ હચુપચુ હતા; તેવામાં વીરરાણી સુલક્ષણાને ખબર થતાં તે પતિ પાસે આવી. સુલક્ષણા ગુણવાન અને વીર રાણી હતી. તેમાં વળી વીરસાસુના સહવાસથી વિશેષ ગુણો આવ્યા હતા. સોબત તેની અસર જેને જેનો સહવાસ તેને તેના ગુણોનો પાસ લાગ્યા વગર રહેતો નથી, તેનો આ પ્રત્યક્ષ દાખલો છે. સુલક્ષણા આવતાંજ વીર જુસ્સાથી બોલી;—" નાથ ! હું આપને આવા કાયર અને બાપદાદાની મેળવેલી કીર્તિને લાંચ્છન લગાડનાર છો એવું જાણતી નહોતી. અરે રે ! શું હું આવા કાયર અને નામર્દ પુરૂષની પત્ની કહેવાઇશ ? ધિક્ક છે મને ? મારા પિયરમાં અને સાસરીયામાં મને કાયર અને લૂંણહરામની પત્ની કહેશે ! અરે ! નાથ ! શું મને મ્હેંણા ખાતી કરશો ? શું હું વીરપત્ની મટીને કાયરની સ્ત્રી ગણાઇશ ! અરેરે ! આ શું થવા બેઠું છે ? ઓ પ્રભુ ! મને આવી બદનામી મળતાં પહેલાં મારો નાશ કરો ? પ્રાણેશ ! ઓ નાથ ! તમો ખૂબ વિચાર કરો ? તમે તમારી ક્ષત્રિયવટ જતી ન કરો ? સંકટમાં સહાય માગનારને સહાય કરો ? શું તેમ નહિ કરતાં તમારી જનેતાની કૂખને લજાવશો ? નહિ, નહિ. તેમ કદી થશે નહિ. તમો તમારા વડિલોની કીર્તિને યાદ કરી ચંદેલ રાજાને જઇ સહાય કરો ? પૃથિરાજ જેવા બળિયા સામે જઇ યુદ્ધ કરો ? અમરયશ મેળવવાનો આવો અમૂલ્ય અવસર ફરી ફરી મળશે નહિ. જેણે ભરૂસો જાણી માનથી તેડાવ્યા છે, તો તેના અપકાર સામું નહિ જોતાં ઉપકાર કરો. તેથી તમારી રજપૂતોમાં કીર્તિ વધશે, કવિઓ વખાણ કરશે અને ઇતિહાસમાં અમર લેખ લખાશે." રાણીનાં આ વચનો સાંભળી આલ્હ લજવાઇ ગયો. ચંદેલ રાજા પ્રત્યે તેની વેરની લાગણી હતી, તે તો તેની માતાના વચનથી નરમ થઇ ગઇ હતી, તેમાં સુલક્ષણા જેવી સદ્ગુણીને સતી રાણીના વચને તો તેના અંગેઅંગમાં અસર કરી દીધી. તેથી તેના શરીરમાં શૂરાતન વ્યાપી ગયું અને એવો તો ઉત્સાહમાં આવી ગયો કે જાણે કઇ ઘડીએ મહોબે જઇ પહોંચું અને યુદ્ધમાં ધુમી અમરયશ મેળવું. પછી તેઓ કનોજના જયચંદ્રની રજા લઇ, પરમારને સહાય કરવાને નીકળી પડ્યા. સાથે માતા દેવળદે અને રાણી સુલક્ષણા પણ ગયાં. તેઓ મહોબા પહોંચ્યા. ચંદેલ રાજાએ ઘણું માન આપી તેમને સઘળી ફોજના માલેક બનાવ્યા.

સુલક્ષણા સુશીળ અને પતિવ્રતા રાણી હતી. તે પતિને સુકીર્ત્તિ મેળવતો જોવાને ઘણી ખુશી હતી. તેથીજ તે તિક્ષ્ણ પણ હિતકારક વચનો કહેવાને ઉશ્કેરાઇ હતી અને તેનાં એવાં વચનોએ તેમને સચોટ અસર કરી હતી. આલ્હ પૃથિરાજ ઉપર ચઢી જવાને તૈયાર થયો. પ્રથમ માતા પાસે આજ્ઞા લેવાને આવ્યો. માતા દેવળદેએ કહ્યું;—

દેવલ કહે સુનો સુત દોઇય, લોંન હલાલ કરો તુમ હોહિય;
ખાવંદ આગે સીસ જો દીજેં, નિર્ભયરાજ સરગકો લીજે.

આલ્હ માતાની શિખામણને આશિષ લઇ રાત્રિએ અંતઃપુરમાં આવ્યો. પ્રાતઃકાળે યુદ્ધમાં જવાનું હતું. સુલક્ષણાએ ક્રીડાને યોગ્ય સઘળી તૈયારીઓ કરી રાખી હતી. આલ્હ શય્યનગૃહની રચના જોઇ ખુશી થયો અને પ્રેમથી ગદ્દગદ્દ થઇ ગયેલી પ્રિયાને કંઠે હાથ નાંખી હિંડોળા ઉપર જઇ બેઠો. ઘણીક વાતો કરી, પરંતુ કોઇ વાતમાં તેને આનંદ જણાયો નહિ. સુલક્ષણાએ પોતાના સ્વામિની ચિત્ત વૃત્તિનો પાર જાણી લીધો હતો, તેમ છતાં 'રખેને, એ રિસાયા તો નહિ હોય.' એવી શંકા કરવાનો સ્ત્રી જાતિનો સહજ સ્વભાવ હોય છે, તેવી શંકાઆણી પૂછ્યું કે;— "નાથ! આપને રંજન કરવાને કરેલા મારા સઘળા પ્રયત્ન નિષ્ફળ જાય છે તેનું કારણ શું? મારી કંઇ ભૂલ હોય તો માફ કરજો." પોતાની વ્હાલી પત્નીનું પ્રેમ પૂર્ણ નમ્ર વચન સાંભળી આલ્હના હૃદયમાં પ્રેમનો ઉભરો આવ્યો અને હડપચીથી પ્રેમી પત્નીનું મુખ ઉંચું કરી ચુંબન લીધું અને સ્નેહથી આલિંગન દઇ તે બોલ્યો;— "પ્રિયા! તમારાથી ભૂલજ ક્યારે થાય છે કે તે મને નજરે પડે? અલબત તમોએ રંજન કરવા કરેલો પ્રયત્નનિષ્ફળ જાય છે, તેનું કારણ હું સમજાુંછું. વ્હાલી! બીજાું એમાં કંઇ નથી, માત્ર;—

(શિખરણી.)

"કરો મારા કંપે, અરિ સરવ સંહાર કરવા;
ચહું ચક્ષુ મારાં, અરિ રૂધિરથી તૃપ્ત કરવા.
બધે–અંગે, પુલક પુલકે–આગ સળગી;
સ્થિતિ એક આજે, નથી રણ વિના અન્યગમતી."

"નાથ! હું તે જાણુંછું અને તમારી મુખાકૃતિ ક્યારનીયે મને વીર રસ દેખાડે છે." એ સાંભળી આલ્હ બોલ્યો;—"એમ તો તમે ચતુર છોની, વારૂ બોલો જોઇએ શું છે." સુલક્ષણા—"ચતુરના સહવાસની ચતુરતાઇથીજ એ સમજાયું છે." આલ્હ—"ત્યારે કહોની, શા ઉપરથી તમે તે જાણ્યું? સુલક્ષણા કહે;—

(વસંતતિલકા.)

" ક્યારે હણી રિપુતણાં શિર રોળી નાંખુ,
ક્યારે ચઢી સમરસન્મુખ, શસ્ત્ર ફેંકું;

ફેંકું કદા સરવ કંટક રૂપ શત્રુ,
એવું વદે તમ પ્રિયા વિકાસતી ભ્રુ. ”

'વાહ ! સુલક્ષણા વાહ ! તારા જેવી સ્ત્રીનો સમાગમ પણ કોઇ અનન્ય સુખ ઉત્પન્ન કરે છે.' 'નાથ ! ચાલો હવે.' એમ કહી સુલક્ષણા ઉઠી અને આંખો આગળ રમતા રણસંગ્રામના આલોક જોતો જોતો આલ્હ નિદ્રાવશ થયો. પ્રભાતે ઉઠી નિત્ય કર્મ કરી બખતર પહેર્યું અને સુલક્ષણાની રજા લીધી; ત્યારે આલ્હનું મુખ ક્ષણભર ઉદાસ થયું. શીખ આપતાં સુલક્ષણાએ શોકને દાબી રાખી પ્રસન્ન ચિત્તે કહ્યું કે;—" નાથ ! મારામાં મન રાખશોમાં, રણમાં મારી સાસુજી દેવળદેની કૂખને શોભા આપજો અને ખાતરી રાખજો કે, અપ્સરાઓ મારાં કંકણની ભાતવાળી તમારા કંઠમાં વરમાળ આરોપે, ત્યાર પહેલાં તો હું આપની પાસે આવીને ઉભી રહીશ. " આટલું સાંભળતાંજ આલ્હ પોતાના હાથમાંની ગુલાબછડી આપી ત્યાંથી નીચે ઉતર્યો. આલ્હ બહુ બહાદુરીથી લડાઇ કરી અમરયશ મેળવી સ્વર્ગે ગયો; ત્યારે સુલક્ષણા તુરત રણસંગ્રામમાં ગઈ અને પોતાના પતિના શબને મેળવી તે સાથે ભસ્મિ ભૂત થઇ ગઇ. ધન્ય છે પતિ પ્રાણા વીર સ્ત્રી તારા પતિ પ્રેમને !!!

યમુના.

આ પ્રખ્યાત્ વીર સતી સ્ત્રી પુનાના બાજીરાવ પેશવાના એક મરાઠા બ્રાહ્મણ યોદ્ધાની પુત્રી હતી. તે રમણીનું વય માત્ર વીશ વર્ષનું હતું. તેની કાન્તિ અનુપમ હતી, યૌવન અવસ્થા હજી ખીલતી હતી, શૂરવીરની પુત્રી કહેવડાવવાનો કોડ હતો, તેમ હિંમતવાન, બુદ્ધિશાળી, ઉત્સાહી, ચાલક, ચતુર, આગ્રહી, ટેકી, પતિવ્રતા, નીતિવાન, ધાર્મિક, સ્વદેશાભિમાની અને શૂરવીર હતી. જ્યારે મરેઠાઓએ ઇ૦ સ૦ ની અઢારમી સદીમાં દિલ્હીના મહમુદશાહ બાદશાહ સામે લશ્કર ભેગું કર્યું; ત્યારે બાજીરાવ પેશવાની ધ્વજા હેઠળ હજારો લડવૈયાઓ પુર ઉમંગથી ભેગા થયા હતા. દિલ્હી લેવું, દિલ્હીમાં રાજ કરવું એવો એકે એક લડવૈયાના દીલમાં અગ્નિ પ્રદિપ્ત થયો હતો. આ સુંદરી તેવીજ રાજભક્તિથી ઉશ્કેરાયેલા એક મરાઠા સરદારની પુત્રી હતી; અને પોતાના દીલમાં રાજ લોભનો અગ્નિ પ્રગટ થવાથી લડાઇ જેવા હીંગામમાં પુરૂષ વેશે પોતાના પિતાની જોડે રણમાં આવી હતી. ખીણો અને પહાડો, જંગલો અને ઝાડીઓમાંથી તેણી પોતાના લડવૈયા પિતાની જોડા જાડ સ્વારી કરતી, નાની નાની ઝપા ઝપીમાં ભાગ લેતી, છેલ્લી મોટી લડાઈમાં આવી ચઢી હતી. જંગલમાં જ્યારે લડાઇનું કામ બંધ પડતું અને લશ્કરીઓ પોતાના ખાવાપીવાનું

કરતા; ત્યારે આ સુંદરબાળા પુર ઉમંગથી પુરૂષ વેશેજ પોતાના પિતાની રસોઈ કરતી. શૂરવીરને ગમે તેવા કમકમાટ ભરેલા દેખાવો પણ તેણીને અસર કરી શક્તા નહિ. પોતાના સમક્ષ આજુ બાજુ ઘણીક લોથોના ઢગલે ઢગલા પડેલા છતાં તેનાથી તે લગાર પણ ડરતી નહતી. તેણીના અંતરમાં વીરત્વ પ્રગટ થયું હતું. આ યુદ્ધમાં તેના પિતાએ શત્રુઓનો સંહાર કરવામાં, પોતાના બળનો ઉપયોગ કરવામાં કશી કચાશ રાખી નહોતી, શત્રુઓનાં શિર તે સટો સટ ઉરાડતો, તે જોઈ ને હરખાતી અને "રંગ છે, ધન્ય છે! એમ મોટે સાદે બોલી આનંદ પામતી. પિતાનો વિજય જોય છે, તેની સમશેરને લઘુસાઘી નિહાળે છે, શત્રુઓના શિરો પટોપટ પડે છે, તેવામાં તેણે પોતાના પિતાને પડતો જોયો, કે દૂરની ઉંચી ટેકરીપરથી દોડતી આવી પિતાની આસના વાસના કરવા લાગી, પણ યુદ્ધ સંપૂર્ણ થતાં, તેના પિતાનું આયુષ્ય પણ પૂર્ણ થયું. હમણાં રાત જલદી પડવા માંડી હતી, એટલે તેણીએ જે કામ કરવાનું હતું, તે ફાડી ખાનારાં વનચરો વગેરેથી પિતાના શબને બચાવવાનું હતું. પોતાની ઢાલ તેના દીલ ઉપર નાંખી, તરવાર હાથમાં પકડી ચોકી કરતી બાજુએ બેઠી છે, ને તેના નેત્રમાંથી શ્રાવણને ભાદરવો વહે છે. તેના જાતભાઈઓ ફતેહની ધુનમાં આવેલા પરદેશીઓનો બને તેટલો સંહાર કરવાના આનંદના લોભથી તેમને વીસરી જઈને દિલ્લીના બાદશાહને તાબેદાર કરી ત્યાંથી પસાર થઈ ગયા હતા. તે એમ સમજે છે કે આ વેરાન જંગલમાં તેના સિવાય બીજું કોઈ મનુષ્ય છેજ નહિ. તે લગારે પણ ડરતી નહોતી, પણ તેણીના અંતરમાં જે વીરત્વ પ્રગટ થયું હતું, તેને લીધે તેણી અધિરાઈ બતાવતી કે, મારા જાત ભાઈઓ જીત્યા હશે કે હાર્યા હશે? દિલ્લીના તેઓ ધણી થયા હશે કે દીલની આશા દીલમાં રાખીનેજ ચાલ્યા ગયા હશે? એવા અનેક તરંગો તેણીને મનમાં આવ્યા કરતા હતા.

યમુના આ પ્રમાણે વિચાર કરતી હતી, તેટલામાં લઠ પઠ સરખા ચાર પુરૂષો અને તેવીજ બે સ્ત્રીઓ, હથિયાર બંધ તેના સામે આવી ઉભાં. આવતાંજ તેઓએ તે સુંદરીને હિંદુ પોશાકમાં જોઈ મુસ્કે બાંધવા માંડી. પોતે એકલી છતાં તેણી જો વખત મળ્યો હોતતો આ છમાંના એકાદ બેને સ્વધામ મોકલ્યા વગર રહેત નહિ, પણ દૈવયોગે તેણીને હથિયાર હાથમાં પકડવાનો વખતજ મળ્યો નહિ. એક જણે તેને મજબુત પકડી, બીજાએ બાંધવા માંડી, તે બાપડી આ વખતે પિતા! પિતા! એટલાજ શબ્દો ત્યાં બોલી શકી. તેણીના દુઃખનો પાર રહ્યો નહિ. તે રમણીને બાંધી છએ જણ વિચાર કરવા બેઠાં. અત્યાર સુધી તે પુરૂષ વેશમાં હોવાથી તેઓ તેને જુવાન છોકરો સમજતા હોવાથી, તેનું શું કરવું તે બાબતમાં તેઓ વચ્ચે વાતચિત થઈ. એક કહે કે, "એ કાફર હિંદુઓએ આપણને ઈજાડવામાં કશી કચાશ રાખી નથી, તો તેના વેરમાં એને અહીંજ ઠાર

કરવો." બીજો તેને બાંધેલોને બાંધેલો જંગલમાં છોડી દેવાની ભલામણ કરતો, ત્યારે ત્રીજો તેને લૂટવામાં સંતોષ માનતો હતો. આ પ્રમાણે છએ સ્ત્રી પુરૂષ વચ્ચે અનેક તરંગો ચાલ્યા. યમુના જે તે મરાઠા સ્ત્રી હતી. તેને મોગલોની ભાષાનું જ્ઞાન તો ન હતું, પણ સેહજસાજ તેઓના હાવભાવ સમજી શકતી અને પોતાનું રક્ષણ કરવાને કે શિયળ સંભાળવાને ત્યાં કોઇ હાજર નહોતું, એટલે તેણી ભરમમાં ને ભરમમાંજ મરવું વધારે પસંદ કરતી હતી. છએ જણ ઠરાવપર આવ્યા કે, તેણીને યમરાજને સ્વાધિન કરવી. એ ઠરાવ પ્રમાણે એક જણે કેડેથી જંબીઓ કાઢી તેને છેલ્લી પ્રાર્થના કરી લેવાની તક આપી. તે કર્પીણુ અને નિર્દય હૃદયનો મોગલ જેવો તેને જંબીઓ મારવા જાય છે કે, અજાયબીથી ચોંકયો અને હાથ ખેંચી બોલ્યો;—"મહાશાઅલ્લા! આતો મરદ નહિ પણ ઔરત છે; હું એને મારીશ નહિ, આવો જુઓ, બીરાદરો."—"હેં હેં, શું બોલ્યો?" કહેતાજ સર્વે અજાયબી વચ્ચે નજદીક આવી યમુનાને જોવા લાગ્યા. તેમની ખાતરી થઇ કે આ પુરૂષ નહિ પણ સ્ત્રી છે, એટલે તેણીને મારવાથી હાથ ઉઠાવી તેઓએ તેની જોડે વાતચિત કરવા માંડી. "અયે ઔરત! બોલ જલદી, તું કોણ છે? અને શા કારણથી અહીં આવી છે?" ગમે તેટલો બોલાવવાનો યત્ન તેઓએ કર્યો પણ મૂર્છા ખાઈ દુઃખ સાગરમાં પડેલી તે મરાઠણ, "પિતા! પિતા!" એ સિવાય બીજા કશા બોલો બોલી શકી નહિ. આ જોઇ તેઓ બોલ્યા;—"કમબખ્ત છોકરી! પિતા, પિતા શું કરી રહી છે; તેતો મરી ગયો છે, હવે એ કયાંથી તને ઉત્તર આપશે અને કયાંથી તારી વ્હારે આવશે? અલ્લાહને યાદ કર કે એ કાફરની જોડે તારા સરખી કોમલાંગી પણ આજ રાત્રે ભૂખ્યાં વનચરોનો ભક્ષ થઇ પડતા બચી! તે કરીમે કારસાજેજ અમને તારી મદદે મોકલ્યા છે. અમે તારી બરદાસ્ત લઈશું."

યમુના લગાર હિંમત આણી પણ ધ્રુજતે સાદે પોતાની જોડે વાત કરતી મોગલાણી જોડે બોલી;—"તમે કોણ છો, તે મને જણાવશે?" મોગલાણી બોલી;—"અમે પણ તારા જેવાં માણસો છીએ; તમે દેવ દેહરાં અને મૂર્તિને પૂજો છો અને અમે એક અલ્લાહને અને તેના મોકલેલા પેગમ્બરને માનીએ છીએ." યમુના ઉત્તર વાળે તે પહેલાં તો એ છએ સ્ત્રી પુરૂષોએ તેણીને શેહેનશાહના જનાનાને માટે લાયક માની, તેણીના બદલામાં હજારોની કીમત આંકવા લાગ્યાં. યમુનાની જોડમાંજ સહેજ છેટે તેણીનું માનીતુ સ્વારીનું ટટુ "મોતી" આ બનાવ જોઇ જાણે શોકથી આંસુનો વરસાદ વરસાવતું હોય, તેમ ધડ નીચું નાખી ઉભું હતું. વારંવાર તે પોતાના માનીતા સ્વારના ખભા ઉપર લાડથી કહો કે દિલાસો આપવાન હેતુથી કહો, પણ તે પોતાનું ડોકું નાખી દેતું હતું. યમુનાને યવનોએ છોડી ખરી પણ તેને વિશ્વાસ નહેતો કે તે સ્વતંત્ર થઇ. મોગલો તેને નિરાધાર ગભરાયેલી

અને ધ્રુસકે ધ્રુસકે રડતી સ્થિતિમાં તેનાં માનીતા ટટ્ટુ ઉપર બેસાડી તેમને જંગલમાંથી લઈ ચાલ્યા ખરા, પણ પોતાના મરણ પામેલા પિતાનો ચેહેરો તેના દીલમાંથી ભુલાયો નહતો, તે વારંવાર તેનું સ્મરણ થતાં ચોધાર આંસુથી રડતી હતી. મોગલોના હાથનું ખાવા પીવાનું લેતી નહતી; પણ કાચું અનાજ લઇને પોતાને હાથે રાંધી ખાતી અને પોતાને હાથે કુવામાંથી પાણી કાઢી પીતી. તે બંને તેટલો તેમનો સંસર્ગ ઓછો કરતી. રસ્તે જતાં, આ મ્લેચ્છો તેને શેહેનશાહને વેચીને તેના બદલામાં મન માનતું દ્રવ્ય મેળવવાના લોભની અનેક વાતો કરતા હતા, જે સાંભળીને કમનસીબ અબળા પોતાના નસિબને શાપિત કરતી હતી. આવી અનેક વિટંબણાઓ વચ્ચે આ નાનકડો રસાલો દિલ્લી તરફ કુચ કરતો ચાલ્યો.

મરેઠાઓ હજુ તો પોતાના વતનમાં જઇ પોતાના કુટુંબને મળ્યા નથી, ભેટયા નથી; પરદેશી મ્લેચ્છો ઉપર ચલાવેલાં શસ્ત્રોની બુઠ્ઠી થઇ ગયેલી ધાર પાછી કાઢવાનો વિચાર પણ કર્યો વથી. તેટલામાં તેમને માટે નવું તોફાન ઉભું થયું. તેમને પોતાના વતનમાં ગયા પછીજ માલુમ પડયું કે મોગલ લશ્કરનો મહા સંહાર વાળનાર એક શૂરા સરદારની પુત્રી યમુના અવ્યવસ્થાનો ભોગ થઇ પડીને દિલ્લીના શેહેનશાહના જનાનામાં સામેલ થઇ છે. કોઇ સાધારણ સ્થિતિની બાળા હોત, તો કદાચ અખાડા પણ કરવામાં આવત, પણ જે માન અને મોભો, જે શૂરાતન અને સ્વદેશ પ્રેમ તે બાળાનો મરનાર પિતા તથા તેનું જોઇને તેની પુત્રી ધરાવતાં હતાં, તે તરફ ધ્યાન પોહોંચાડતાં, આ વૃત્તાંત સાંભળી તેમનાં લોહી ઉકળી આવ્યાં. ગમે તે ભોગે પણ તેને મ્લેચ્છોના હાથમાંથી છોડાવવી એ તેમનો ધર્મ હતો, અને તે ધર્મ જેમ બને તેમ જલદીથી બજાવવો જોઇએ એમ તેઓ સમજતા હતા. દેખીતી નાની સરખી ભવિષ્યની લડાઇના રણસિંગાં ફુંકવા માંડયાં. મોગલો મરાઠાઓના હાથનો માર ખાઇ ખાઇને હજુ પુરા સ્થિર પડયા નહતા, તોપણ તેઓ પોતાના સ્વભાવ પ્રમાણે સર્વ ભૂલી ગયા હતા. મહા મહેનતે મરાઠાઓને કેટલુંક દ્રવ્ય આપી સંધી કરીને છુટી હજુતો પરવાર્યા નથી, તેટલામાં તો તેઓ પાછા મોજીલા બની ગયા. લશ્કર લશ્કરને ઠેકાણે ગયું; બાદશાહીને નાલાયક શાહ, અમીરો જુલમી ને લાલચુ અને લોભી સરદારો, બંડખોર સિપાઇઓ અને સ્વાર્થી ઉમરાવો મોગલાઇનો નાશ કરવાનો પ્રારંભ કરતા હોય તેમ લાગતું હતું.

આવા સમયપર દિલ્લી શેહેરથી થોડી મંજલપર આવેલા એક મોટા પીપળાના વૃક્ષ હેઠળ યમુનાને લઇ મોગલ સ્ત્રી પુરૂષના એક નાના ટોળાએ પડાવ કર્યો; ત્યાં પેટનો ખાડો પુરવા રસોઇ કરવા માંડી. તેનાથી થોડે દૂર સુદ્રઢ દેખાવની સુંદર કુમારિકા યમુના પોતાની રસોઇ કરવા બેઠી. તેમના ઉતારાની પડોસમાં મીઠા પાણીનો એક કુવો હતો, ત્યાંથી તે હિંદુ સ્ત્રી પોતાને માટે પાણી લાવી રસોઇ કરવા લાગી. અત્યાર સુધી યમુના પોતાનો ધર્મ અને વ્રત સાચવી રહી

હતી. આ ટાંણે તે પોતાની રસોઈ જુદી કરીનેજ જમે છે; પણ તેના મોં ઉપર મહા શોકનાં ચિન્હો ખુલ્લાં દેખાતાં હતાં. જુવાનીના જોર અને તોરમાં છતાં, હિંમતે પુર અને શરાતનમાં શૂર છતાં, એક પછી એક આવી પડેલી આફતથી તે સુકાઇ ગઇ હતી અને હવે પછી શું થશે તે માટે ભારે ચિંતાતુર હતી. જ્યારે તેને પકડી આણનાર સ્ત્રી પુરૂષનું ટોળું આ કીમતી ભેટ શેહેનશાહને માટે લઇ જઇ તેના બદલામાં મોટું ઇનામ મેળવવાની લલુતા અને નીચ વાસનામાં લુબ્ધ થઇ રહ્યું હતું, ત્યારે આ સુંદરી પ્રાર્થના કરતી હતી. મોગલોને થોડીજ ખબર છે કે તેઓ શેહેનશાહને માટે આ કીમતી ભેટ લઈ જતા નથી, પણ મહા નાશકારક નિવડનારી ભેટ લઈ જાય છે. તેમને થોડીજ ખબર છે કે જે હિંદવાણી હાલ ગાયની પેઠે તેમની સાથે રહી છે, તેજ હિંદવાણીને ખાતર થોડીજ વખતમાં તેમને પોતાનું તથા પોતાના નિર્દોષ હજારો જાત ભાઇઓનું રક્ત રેડવું પડશે; તેમને થોડીજ ખબર છે કે જે હિંદવાણીને વેચીને તેઓ દ્રવ્યવાન થઈ જવાની બુરી ઇચ્છા ધરાવે છે, તેજ હિંદવાણી થોડા વખતમાં તેમનો કાળ થઇ પડશે; તેમને કયાં ખબર છેકે દીનતા ધારણ કરી સમયને તાબે થયેલી આ હિંદવાણી વખત આવે પોતાના સ્વદેશને ખાતર સેંકડો પરદેશીઓનાં ડોકાં ધડથી જુદાં કરવાને જન્મેલી છે.

આ નાનો રસાલો રસોઇ તૈયાર કરી સર્વેજન ભોજનની તૈયાર કરી છે, તેટલામાં તે જંગલમાં ન ધારેલો બનાવ બન્યો. શેહેનશાહ મામુદના શીકારી રસાલાને લગતા બે સ્વારો શીકારની શોધમાં તે તરફ ધસમસ્યા આવી ચઢયા જંગલમાં મંગળ કરતા આ નાનકડા, પણ બે પંથમા વેહચાયલા રસાલાને જોઇ તેઓ આશ્ચર્ય પામ્યા, સર્વે મીઆં ભાઇઓની નજર એકી ટગરે પેલી મરાઠણની સૌન્દર્યતા તરફ કુદરતીજ ખેંચાઇ અને તેઓના મનમાં નિચ વિચારે ઘર કર્યું. વગર વખત ખોવે અને પેલા નાના મોગલ રસાલાની કશીપણ દરકાર કે પરવા રાખ્યા વગરજ તેઓ તે મરાઠણ પ્રતિ ગયા અને બોલ્યા;—" અયે ખુબસુરત નાજનીન! તું કોણ છે? અને કયાંથી આવી છે?" આ બંને સ્વારો ઉચ્ચા, કદાવર અને ખુબસુરત દેખાવના હતા. યમુનાએ પોતાને આ નવી પીડામાં આવી પડેલી જોઇ, તોપણ એવી અનેક પીડાઓ પગે વીંટળાયલીજ છે, એમ તે જાણતી હતી. તેણી મનમા હિંમત ધરી ને તેણે તેમને ઉત્તર આપ્યો;— " વીરાઓ! આ વિપત્તિમાંથી મને ઉગારો, પરમેશ્વરે તમારામાં દયાનું ટીપું પણ મુકેલું હોયતો તેનો સદુપયોગ મારા પ્રત્યે કરો;" કરગરીને આમ બોલતી તે તેની સમીપ ઉભી. તેઓએ જોયું કે આ કોઇ હિંદવાણી છે, લાવણ્યમયી છે, મુગ્ધા છે, એ આપણું ઇનામ છે, બંને માંહેલા એકે તેણીનો હાથ પકડી ઉભી કરી અને પોતાના ભાઇબંધ તરફ ફરીને બોલ્યો;—" ખુતશાહ અલ્લાહ, હજરત પીરૂ

ની મેહેરબાનીથી આપણને આ ઉમદા બક્ષીસ મળી છે. હાલતો આપણે એને આપણે ત્યાં રાખીશું અને પછી તેને કોઇ અમીરને ત્યાં વેચીશું !" બીજા સ્વારને પોતાના જાત ભાઇના બોલવાપર અદેખાઇ આવી અને પરિણામમાં બંનેએ હથિયાર ખેંચ્યાં. બંને પોતાના નસીબ ઉપર મુસ્તાક રહી એક બીજાને જખમપર જખમ કરવા લાગ્યા; તેટલામાં ત્યાં ઘોડાની ખરીનો અવાજ કાને પડયો. બંનેએ એકી નજરે જોયું તો યા અલ્લાહ ! કોન ? શેહેનશાહ પોતે. મારા મારી પડતી નાંખી બંનેજણ બાજુની એક ઝાડીમાં, શીકાર શાધતા હોય તેમ ભરાઇ ગયા. શેહેનશાહ જંગલમાં દૂરથી આ બનાવ જોઇ પામી ગયો, કે મારા મોકલેલા સ્વારો આ કોઇ પરજાતની ખુબસુરત સ્ત્રીને ખાતરજ લડે છે, એટલે તે મારતે ઘોડે આવ્યો. શેહેનશાહની નજર પણ તેને જોતાં લોભાઇ, પેલા મોગલ સ્ત્રી પુરૂષના પડેલા રસાલાથી તેને તુરત ખબર પડી કે આ બાઇ કોણ છે અને આ જંગલમાં કેમ આવી છે. શાહે પોતાની પાછળ આવેલા રસાલાના માણસોને હુકમ કર્યો કે આ ખુબસુરત હિંદવાણીને મેહેલમાં લઇ જાઓ. ગાભરી બનેલી યમુના દિલ્લી શેહેનશાહના મેહેલમાં આવી. હજુ તેને મેહેલમાં આવીને ઉતર્યા ને ઝાઝો વખત ગયો નહિ, કે શેહેનશાહ તુરત તેની આગળ ખડો થયો અને બોલ્યો;—"કેમ તું આ મેહેલમાં સવ પ્રકારે સુખી તો છે કે ? તારો કંઇ હુકમ છે કે જે હું બજાવી શકું ?"

આ સાંભળી યમુના બે હાથ જોડી, માથું નીચું કરી, નમ્રતાથી બોલી;—"સરદાર ! તમોને કહેવાનું તે એજ છે કે, હું એક ગરીબ હિંદુ છોકરીછું, ઉપર ઇશ્વર ને નીચે તમે પોતે સિવાય મારૂં રક્ષણ કરનાર અત્યારે કોઇ નથી. અમારા હિંદુ લોકો ગરીબ જાત કે પરજાતને હેરાન કરતા નથી, તેમાં સ્ત્રીઓને તો હદ કરતાં વધારે માન આપનારા છે. તમારા લોકોની રીતભાત કે બોલી હું બરાબર જાણતી નથી; છતાં મને અહીં પકડી આણવામાં આવી છે; હું તમારા પગની રજછું; તમો મારા પિતાછો અને હું તમારી પુત્રીછું, મને બચાવો."

બાદશાહ—"તું શું માગે છે ?" યમુના—"હું મારા સ્વવતનમાં જવા ઇચ્છું છું." બાદશાહ—"તેમતો નહિ બનશે. હું આ દેશનો ધણીછું; મારા જનાનામાં અનેક સ્ત્રીઓ ચમન ઉડાવે છે, તે સર્વમાં સર્વોપરી થઇ તું શું આ દિલ્લીપતિની સેજને નહિ શોભાવશે ?"

યમુના—"છટ, છટ, ખુદાવિંદ ! આપ એ શું કહો છો ? પિતાએ પુત્રી પ્રત્યે આવા શબ્દો ઓચરવા જોઇતા નથી. મેં કહ્યું છે કે મારે મરાઠાની છાવણીમાં જવું છે." બાદશાહ—"અયે ઔરત ! હું જાતે સખી છું, મને ધનની કમીનાજ શી છે ? મારી આખી દોલત કે રાજપાટ હું તારા ઉપર કુરબાન કરીશ; પહેરવાને સોનાના દાગીના, જમવાને રૂપાની થાલી, અને ભાત ભાતનાં ભોજનો, હાજરીમાં

રહેવાને ગુલામો, હુકમમાં રહેવાને સિપાઇઓ ઘણા હાજર થશે. પાણી માગતાં દૂધ આણી આપવાને અને તારી જુતી ઉઠાવવાને સેંકડો દાસીઓ હાજર થશે. નહિ, નહિ, નખરાબાજ હિંદવાણી, તું કઠણ હૃદયની થઇશ નહિ." યમુના—" આપ શાહનશાહ છો, તો મને કહેવાદો કે તમે પ્રજાના પિતા, તે મારા પિતા છો. શું પિતા પુત્રીનું રક્ષણ નહિ કરે ? અરે દિલ્લીપતિ ! તમે મારા પ્રત્યે હસો છો ? મારા જેવી દીન હિંદવાણીની મશ્કરી કરવા શા સારૂ તમારે રંજ ખેંચવી જોઇએ ?" બાદશાહ—" મશ્કરી; વલ્લાહ, વલ્લાહ, પવિત્ર કુરાનના કસમ ખાઇ હું તો ખરેખર સાચા દીલથી કહુંછું." આ શબ્દોથી યમુનાના દીલમાં કંપારી છુટી; બે હાથ જોડી તેણી ફરીથી બોલી;—" ગરીબપરવર ! તમારો ગુલામડીને બચાવો અને કાઢી મુકો; વિચાર કરો કે હું એક હિંદુછું, એક બીજા ધર્મનીછું કે જેથી મારાથી મારો ધર્મ મુકી શકાશે નહિ. આપના જનાનામાં રહેવા કરતાં હું મરવું બેહતર ગણીશ." બાદશાહે સલાહ સમજુતીથી કશું વળે તેમ ન જોયાથી દમ ભીડાવવાને ખાતર ગુલામને હુકમ કર્યો કે, " આ કાફર કમબખ્ત હિંદવાણીને કાળાગારમાં કેદ કર." ગુલામ ઝમરૂદે તુરત આ હુકમ બજાવ્યો અને યમુના બીજીજ પળે એક અંધારા ગારમાં જઇ પડી. આ સ્થિતિમાં રહેવા કરતાં તે મરવાનું વધારે પસંદ કરતી હતી. તેના મનમાં અનેક તરંગો ઉડતા હતા, પણ તે વેળા તેણીના ખ્યાલમાં કે સ્વપ્નામાં એ નહતું કે, તેના જાતભાઇઓ તેને ખાતર રક્ત રેડવાને તત્પર થઇ રહી લાગ શોધે છે અને તે કામમાં તેણી તેમને મદદગાર થઇ પડનાર છે.

યમુના આ સમયે કારાગ્રહમાં શું કરતી હતી ? લંપટી શાહની મરજીને તાબે થવાની હિંમતથી ના પાડવાના પરિણામમાં આ જુવાન મરાઠણ કારાગ્રહમાં ઈશ્વર સ્મરણ કરતી, કોઇક સારા દિવસની રાહ જોતી, અને દૈવની ગતિ ઉપર વિશ્વાસ રાખી બેઠી હતી. લાંચીઆ જેલરો કે રખેવાળોથી તેણીના જાણવામાં આવ્યું હતું કે, મરાઠાઓ મોગલોનો અડદાલો કાઢી ચાલ્યા ગયા છે, અને હાલ તીજોરી ખાલી થઇ ગઇ છે, તે ભરવાને નાણું જોઇએ છીએ, માટે તેણી જો કાંઇક લાંચ રૂશ્વત તરીકે આપે તો તેણી પોતાનો છુટકારો કરી શકે, પણ શરીર ઢાંકવાને પુરતાં વસ્ત્ર ન મળે તો પછી તે બાપડી લાંચ કયાંથી આપે ? કારાગ્રહમાં પડવાનું કારણ તે સારી પેઠે જાણતી હતી. તેને આશા હતી કે સમય જતાં નીચ મનોવૃત્તિથી શાહ તેણીને ફરીથી બોલાવશે, પણ કારાગ્રહમાં પુર્યા પછી શાહના સ્વપ્નમાં પણ તે નહોતી, તો પછી તેને બોલાવવાનો વખતજ ક્યાંથી આવે ? લાંચ રાજ્ય ચાલેલું જોઈ, તેણીને ભારે ચટપટી થતી કે, કોઇ પણ રીતે અહીંથી છટકવું જોઇએ. ઘડીક વેળા, પણ જો તેણીનો છુટકારો કરવામાં આવે, તો તે મોટી રકમની લાંચ, રખવાળા વગેરેને આપવા માગણી કરતી, પણ કમબખ્ત રખેવાળો ક્યાં કાચા હોય કે પેહેલે દામ લીધા વગર કામ બજાવે; એટલે

તેની માગણી વ્યર્થજ જતી. યમુનાને મુઝવણ થઈ. અનેકવાર તેણીએ પોતાના છુટકારા માટે રખેવાળોને કાકલુદી કરી, પણ તેમાં તેણી ફાવી નતિ. શું કરવું? કોઇ પણ પ્રકારે આગડબગડ ગોટાળાનો લાભ લઇ અહીંઆંથી છુટવું તો ખરૂં? પણ તે કેમ છુટવું, તેનો ઉપાય તેણીને સુઝતો નહતો. લાંચ આપવા માટે દાગીના તો નહતા. પણ જો કોઇ લડવૈયો સામો થાય, તો તેની જોડે હિંમતથી લડી હાથ બતાવવાને તેણી પાસે છુપાં કેટલાંક હથિયારો તો હતાંજ; જેને તેણીએ અત્યાર સુધી મહા મહેનતે પોતાના પોશાકમાં છુપાવી રાખ્યાં હતાં. જો કામ પડે તો તે હથિયારનો ઉપયોગ કરીને પણ આ કારાગ્રહમાંથી છુટવું, એવો તેણીએ નિશ્ચય કીધો. આવો નિશ્ચય કરવા માંડયો તો ખરો પણ તે કેમ પાર પડે? શું રખેવાળને રાતની વખતે સુતેલો ઠાર કરી તુરંગનું બારણું ભાંગી ચાલ્યા જવું; નહિ, નહિ; એતો હીચકારાપણુંજ કહેવાય. શૂરવીર, રણધીર સરદારની શૂરી પુત્રીને તેવું હીચકારાપણું છાજે નહિ, ત્યારે કેમ કરવું? છુટવું તો ખરૂં, પણ તે છુપા છુપ નહિ, પણ મોગલ અધિકારીઓ તો શું પણ ખુદ મોગલ શેહેનશાહત એકવાર જોઇજ રહે, કે આ મરાઠણ યમુનાએ શું કર્યું? તેણીએ મનમાં ઠરાવ્યું કે આ લુચ્ચા રખેવાલને આડા અવળો લલચાવી લંપટી શાહની હજુરમાં એક વાર જવું અને ત્યાં ખુદ તેના ઉપર તથા તેની આજુ બાજુના ઉપર હથિયારનો હાથ લંબાવી ત્યાંથી ભાગવું. તેમાં જો પકડાઇશ તો હું તો ઓછું; મને માર્યાથી તેઓ શું કીર્ત્તિ પામશે? પણ ઘડીભર હું બતાવી આપીશ ત્યારેજ ખરી યમુના. એ પ્રમાણે યમુના એક દિવસે સાંજે જેલના ચોગાનમાં બેઠી વિચાર કરે છે, તેવામાં જેલનો ઉપરી આવ્યો, તેને જોઇ યમુનાએ પૂછયું;—"મીઆં માદાયતઅલી! કાલે તમે તમારા શાહની કોઇ નવીન વાતો કરતા હતા તે શું?" મીઆંબાઇ જોડે અત્યાર સુધી યમુના દમામથીજ વાત કરતી હતી; તેણીને એકાએક આ પ્રમાણે કાંઇક વિનયથી વાત કરતી સાંભળી મીઆંભાઇ તો સમજ્યા કે આજે આપણા દિવસ ઉઘડી ગયા ખરા; એટલે મુછપર તાવદેતોજ બોલવા લાગ્યો;–" હાં,હાં, કયા બોલી મૃગનયની! મેંને કુચ સુના નહિ? ક્યા તુમ કયા પૂછતે હો;" યમુના—" હંજી, આપ કંઈ રાજમાં ગડબડ ગોટા ચાલવાની વાતો કરતા હતા તેજતો." મીઆં—" હં, હં, હેઇ પુછતાસો ઉસ્કા ખુલાસાતો યેહી હય કે અબ રાજકી તીજોરી સબ ખલાસ હો ગઈ, સો ભરનેકે લીએ અબી ગરબડ સડબડ ચલ રહી હય; ઔર પ્રજા લોક અધિકારીઓંસે ધુમ મચા રહી હયે કે હમ કહાંસે લાકે દેવે, આજેજ મેંને ચોકી પરસેં સુનાકે પ્રજા લોક સબમીલકે શાહકે મેહેલમે જાતસેં જાત ફરિયાદ કરને એકઠી મીલી હયે; વહાં કયા હોતાહે સો સબ પીછે ખબર મીલજાવેગા તો મેં આપકું સુનાઉંગા."

યમુના—" હં, ત્યારે તો શેહેરમાં ભારી પોકાર પડી રહ્યો હશે નહિ?"

મીઆં—"સચ, સચ, ગડબડ સડબડ ઓર ઉથલપાથલ ચલી રહી હૈ !" યમુનાએ વિચાર્યું કે આ તક બરાબર છે. આ ગડબડ સડબડમાં આપણી બી સડબડ ગડબડ મચાવી દેવી. એમ કલ્પના કરી બોલી;—"ત્યારે મીઆં સાહેબ! તમારા શેહેનશાહે મને અહીં રાખી મુકી છે અને કોઇ દીવસ સંભારતા પણ નથી તો શું તમે મને શાહ હજુર લઇ જઇ કાંઇ ઇનામ બીનામ નહિ મેળવી શકો ?" મીઆંભાઇ વિચારમાં પડી ગયા કે, આ ઉપાય તો ઠીક બતાવે છે. એને શાહની હજુરમાં ખડી કરી જણાવ્યું હોય કે નામવરની મરજી ઉઠાવવાને આ કુદર મરાઠણ સમજી ગઇ છે, તો શાહ કદાચ આપણુને નવાજે ખરો. એવો સંકલ્પ કરી બોલ્યો;—"બેશક ! બેશક ! હમ તુમારી સાથ ચલનેકું તૈયાર હયે; આપ લગાર બનઠન હોજાવો; મેં એકી ચીલમ ગગડા લેઉ, સબેરમે નિકલેગે !" એમ કહી ડાઢીમુછ સમારતા, એક ખુણામાં હુકાની ગુરગુડી ફુકવા મંડી પડયા. યમુના—"મીઆં સાહેબ ! હું આ સ્ત્રીના પોશાકમાં હોવાથી રસ્તામાં બહુ વિપત્તિ પડશે. માટે જો મને પુરૂષના પોશાકમાં લઇ જાઓ તો કેમ ?" મીઆ—"ખુબ, ખુબ ! તુમને રાસ્તવદરૂસ્ત કહા, સબેરમેં સબ હોયગા !" બીજે દિવસે પ્રભાતમાં, જ્યારે દિલ્લીનો રાજમેહેલ લોકના પોકારથી ગાજી રહ્યો હતો, ત્યારે મીઆંએ પુરૂષનાં કપડાં લાવી હાજર કર્યાં, તે યમુનાએ પહેરી લીધાં અને છુપાં શસ્ત્રો બાંહેમાં છુપાવ્યાં અને મીઆં ભાઇએ આણી આપેલી સતેજ ઘોડી ઉપર સ્વાર થઇ, બંનેએ શાહના મેહેલ તરફનો રસ્તો લીધો. મેહેલ મોગલ પ્રજાથી ભરાઇ ગયો હતો; અંદર રંજ જેટલી પણ જગા નહોતી. ભેગા થયેલા લોકો માહમુદશાહના નામની પોકાર કરતા હતા. તેવામાં આ બંને સ્વાર મારતે ઘોડે આવી મેહેલમાં પેઠા. ઝડપથી આવેલા આ સ્વારો કાંઇ આપણું કામ બજાવવા આવી પહોંચ્યા હશે, એમ સમજી ભેગા થયેલા લોકોએ જવાનો રસ્તો કરી આપ્યો. યમુના જનાનાના દરવાજા સુધી પહોંચી ગઇ. આ વખતે જે કોલાહળ થયો તેના અવાજે શાહને તેની જનાની નિદ્રામાંથી જગાડયો. ઘણીક આનાકાની સાથે તે બાહેર આવ્યો ને મેહેલના એક ઓરડામાં ખુરસી પર બેઠો. તેની પાછળ લોકો ભેગા થયા હતા. તેવામાં છટાથી યમુના પુરૂષ પોશાકમાં તેની છાતી આગળ જઇ ઉભી રહી, તેની કોપાયમાન મુખમુદ્રા જોતાંજ માહમુદશાહ ચોંકયો. યમુનાએ તત્ક્ષણે કરડાકી સાથે સવાલ કર્યો;—"જોઇલે ! તારી સન્મુખ ઉભેલા આ બીજો કોઇજ નહિ, પણ તારા લંપટ પણાનો ભોગ થઇ કેદમાં સબડતી શૂરવીર પિતાની પુત્રી યમુના, અને આ પેલી સામે ઉભેલી દુઃખ જુલમથી ત્રાહ ત્રાહ પોકારતી, પુત્ર સરખા બાપલા અને જનાની શાહની દાદ માંગવા આવેલી તારી રાંક પ્રજા. અરે ઓ નીચ ! લંપટી શાહ ! પિતા તરીકે પ્રજાને પાળવાને બદલે તેં રંજાડવા માંડી છે તેનું પરિણામ આ પ્રત્યક્ષ જોઇ લે ?" આટલું બોલતાંજ સડાક દેતું કે બાંહેમાં છુપાવેલી

ખંજર ખેંચી કાઢી, વીજલી જેવી ઝડપથી શાહપર કુદી તેની છાતીમાં ઘોંચી દીધું. હજી તો શાહ હાય, હાય, કરી ભોંયે પડે છે; આસપાસના રક્ષકો પકડો પકડો નો પોકાર કરે છે, તેટલામાંજ ગારતે પગલે યમુના મેહેલમાંથી નીચળી પેલાજ ઘોડા ઉપર સ્વાર થઇ, લોકોના ટોળામાં ધસી વિજળી પેરે અદૃશ્ય થઇ ગઇ. શાહને થયેલો જખમ કોઇ રીતે કારીતો નજ હતો; પણ આ બનાવનો ભેદ શાહ કે યમુના સિવાય સમજનાર બીજું કોઇ નહતું. ભેગાં થયેલાં લોકો આ બનાવ તરફ ઇંતેજારીથી પૂછપરછ કરવા લાગ્યાં; એ મારનાર કોણ? તે ક્યાંથી આવ્યો? અને ક્યાં ગયો, તેની કોઇને ખબર પડી નહિ. જેની પાસે દાદ મેળવવા ગયા, તેજ આવી રીતે જખમી થઈ પડયાથી હલા બકોર કરતા લોકો આ ભેદનો કશો પણ ખુલાસો સમજી શકયા વગરજ વિખરાવા માંડયા. શાહના અંગ રક્ષકો દિંગ્મૂઢ થઇ ગયા ને તેને ઉપાડી મેહેલમાં લઇ ગયા અને તેની સારવાર કરવા માંડી, શાહ દુઃખમાં પડયો પશ્ચાતાપ કરવા લાગ્યો.

યમુના બુદ્ધિશાળી ને ચાલાક હતી. તે દિલ્લીમાં શાહના મેહેલમાં ગડબડ મચાવી નાસતી ભાગતી કેટલેક દિવસે નર્મદાના તટ ઉપર, જ્યાંથી મરાઠા રાજ્યની સરહદની શરૂઆત થતી હતી ત્યાં આગળ આવી પહોંચી. જાતે સ્ત્રી અને સ્વારીનો થાક ચઢયાથી તે પોતે તથા તેનો ઘોડો ક્ષીણ ક્ષીણ થઈ રહ્યો હતો; અન્નને ઠેકાણે વાટે વૃક્ષોનાં પાકેલાં ફળફળાદીનો આહાર કરતી, નદી નાળાંઓમાંનાં ખારાં મીઠાં પાણી પી તૃષા મટાડતી તે અહીં આવી પહોંચી. દિવસ લગભગ આથમવા આવ્યો હતો, શેહેરમાં જવાને હજુ કેટલોક વિલંબ લાગશે, તેનો વિચાર કરતી આસાએસ લેવા માટે તેણીએ એક મોટા વૃક્ષના છાંયડા હેઠળ મુકામ કર્યો. ઘોડાને ચરવા છુટો મૂકી, પોતે હાથ મોઢું ધોઇને હાથ લાગેલાં ફળો ખાઇ, પાણી પી તૃપ્ત થઇ બેઠી; તેવામાં ઘણે છેટેથી કોઇના રડવાનો અવાજ સાંભળવામાં આવ્યો. તે કોણ હશે? એવી કલ્પના કરી ઘોડો એ તરફ મારી મુકયો. ચાલતાં ચાલતાં બોલી કે;—"હું ઇશ્વિર સમક્ષ પ્રતિજ્ઞા લઉંછું કે, મારા સ્વદેશીઓનું અને સ્વદેશ ભૂમિનું વેર, પરદેશીઓ ઉપર લઉં નહિ—અરે મરણાંત સુધી મારી માતૃભૂમિનું લુણ હલાલ કરૂં નહિ, ત્યાંસુધી આ યમુના શુદ્ધ માતાની પુત્રી નહિ. આજ મારાં શસ્ત્ર અને આજ મારા ઘોડાનો દુશ્મનોનો પરાજય કરવામાં ઉપયોગ કરીશ." એવું 'પણ' લઈ મારફતે ઘોડે જે તરફ રોવાનો અવાજ આવતો હતો તે તરફ ગઈ, તો માલમ પડયું કે, આર્ય રાજ્યનો તેજસ્વી શુક્રનો તારો, ભારત ભૂમિને ધ્રુજાવનાર વીરો, બાજીરાવ પેશવા સ્વભૂમિમાંથી પરદેશીઓને હાંકી કાઢવાનું કામ અધુરૂં અને પોતાના વંશજોને માટે બાકી રાખી સ્વધામ ગયો છે; તેનું પવિત્ર શબ પવિત્ર નર્મદા નદીના તટ ઉપર સુખડની ચેહમાં ભસ્મિભૂત થયું છે. જે વીર પુરૂષ સ્વધર્મની રક્ષાને માટે ઘુમતો હતો, તે આજે હતો નહતો થઇ જતાં ભારતવર્ષનો સૂર્ય અસ્ત થયો છે.

યમુના આ શોક સમાચાર સાંભળી ગાભરી બની ગઇ; તેનું તેજ ઝાંખુ પડયું. તેના મનમાંની આશા મનમાંજ રહી ગઇ; અને શું બોલવું અને શું ન બોલવું તેનું તેને ભાન રહ્યું નહિ. બીજો કોઇ ઉપાય નહતો; ગયો તે પાછો આવનાર નથી; એમ ધીરજ ધરી તેણીએ હવે પછી જે થાય તે ખરૂં એમ માની લઇ, પોતાના વતન તરફ ઘોડો દપટાવ્યો.સર્વત્ર મહાન યોદ્ધાને છાજતાં શેહેરે શેહેરમાં શોક વસ્ત્ર ધારણ કર્યાં હતાં. આ સઘળા શોક ચિન્હ નિહાળતાં નિહાળતાં યમુના પોતાના વતન પુનામાં આવી. પુના શેહેર જે પેશવાની રાજધાની હતું, ત્યાં પણ સઘળે શોક વ્યાપી રહ્યો હતો. યમુના પોતાના વતનમાં આવી ખરી, પણ શાન્તિથી બેઠી નહોતી. તેણીએ લડાઇમાં બજાવેલાં પરાક્રમ, તેના પિતાનું જંગલમાં મરણ થતાં તેની સંભાળ લેવી, તેના ઉપર ગુજરેલો જુલમ, મોગલ કેદખાનામાંથી છૂટવાને તેણે રચેલી બાજીઓ અને તેમાં મોગલ શેહેનશાહને તેના મેહેલમાં જઇ કરેલા જખમ વગેરે હેવાલ સાંભળી, મરાઠા નગર તેના શુરાતન માટે વાહ, વાહ, બોલતું હતું. તેના મનમાં મોગલો સામાના વૈરનો અગ્નિ ધિમો, પણ જોરમાં પ્રજ્વલિત થયો હતો. બાજીરાવના મરણથી થતા ફેરફારો ઉપર તે બારીક નજર કરતી રહી હતી; જ્યારે પેશવાઈ ઉપર **બાળાજી** ને આવેલો જાણ્યો અને સઘળી સત્તા **ભાઉ સાહેબ**ના હાથમાં ગયેલી જાણી, ત્યારે તેણીને કાંઇક આશા આવી. રાજખટપટથી કાંઇક સ્વસ્થ થયા પછી તેણીએ ભાઉની મુલાકાત લઇ તેને મોગલોની અવ્યવસ્થાથી માહિતગાર કર્યો. બાજીરાવપેશવાએ પરદેશીઓને દેશમાંથી હાંકી કાઢવાને લીધેલા પણની યાદ આપી તેને પાને ચઢાવ્યો. ભાઉની પ્રકૃતિ સળવળતી અને લડાયક હતી; તેનામાં પરદેશીઓ તરફનો તિરસ્કાર હદ બાહેરનો હતો અને જ્યારે તેને આ યુવતીથી મોગલોની અવ્યવસ્થાની ખબર પડી, ત્યારે તેનું મન આકુળવ્યાકુળ થઈ રહ્યું. તેણે બાલાજીને તેના પિતાએ બજાવેલા પરાક્રમોની યાદ આપી, તેણે લીધેલા–પણ–નું સ્મરણ કરાવ્યું. યમુના સરખી એક અબળા પણ પરદેશીઓ ઉપર હાથ અજમાવવાને કેવી ટમટમી રહી છે, તેનો દાખલો આપી તેને ટાણો માર્યો! કે બાલાજીએ મોગલોપર ઉશ્કેરાઇ તેની જોડે લડવાની તૈયારી કરવાનો હુકમ કર્યો.

શુરવીર યમુના દરરોજ મરાઠા દરબારમાં હાજરી આપતી, યુદ્ધના સંબંધમાં અનેક પ્રકારની વ્યવસ્થાઓમાં તે મરાઠા સૈનિકો જોડે મસલત ચલાવતી. અનેક પ્રકારે પેશવાની કચેરીમાં યમુંના, યમુના થઇ રહી હતી. તે વીશ વરસની યુવાવસ્થામાં હતી. અનુપમ કાંતિથી આવનારા ભયની તે લેશ પણ પરવા કરતી નહતી. અનુપમ કાંતિને યુવાવસ્થા તેનો કાળ થઇ પડશે એવો તેણીને રહેજ ખ્યાલ પણ ન હતો. મરાઠા દરબારમાં તેણીએ કેટલાકનાં હૃદય ચૂર્ણ કીધા હતાં, કેટલાકના મનડાં મોહિત કર્યાં હતાં, કઇકના ભાન ભોડયા હતાં, કઇકનાં દીલ હરણ કર્યાં હતાં

અને કેટલાકને પોતાની કાંતિ તરફ લોભાવ્યા હતા, પણ માથે ઉઠાવેલા કામને લીધે તથા ભાઉ તેણી તરફ જે શુદ્ધ લાગણીથી અત્યાર સુધી વર્ત્તતો રહ્યો હતો, તે જોતાં કોઇ પણ તેણી સામા અનીતિ સૂચક શબ્દતો શું પણ દૃષ્ટિ ફેંકવાને સમર્થ નહોતું. વીશ વર્ષની એક સૌન્દર્યવાન સુંદરી રાજકાજમાં માથુ મારે એ બનાવ પણ કેટલાકને બહુ નીચું જોવડાવતો હતો. તુરત વેળા યમુના જોકે મરાઠા દરબારમાં બહુ લાગવગ ધરાવતી થઇ પડી હતી; તોપણ ઘણાકો તેના પ્રતિ દ્વેષની નજરથી જોતા રહ્યા હતા. આ કુદરતી સ્પર્ધાનું પરિણામ કેવું આવશે તેનું તેમને કશું ભાન ન હતું. માત્ર ભાઉનો રવાબ અને પેશવાની નીતિમાન અને ન્યાયી વર્ત્તણુંકથીજ તેઓ પોતાના અનીતિમાન ઉદ્દગારો કાઢી શકતા નહતા. જો મોગલ દરબાર સરખી અવ્યવસ્થિત દરબાર હતતો કયારની યમુના કાંઇક નવીન ઉથલ પાથલનો ભોગ થઇ પડી હોત. મરાઠા દરબાર જોકે મોગલ દરબારતો નહતીજ, પણ "વિનાશકાળે વિપરિત બુદ્ધિ" જેવું પરિણામ બનવાનું હોય છે, ત્યાં પછી અવ્યવસ્થા કે વ્યવસ્થા કશું કરી શકતી નથી. યમુના જેમ જેમ મરાઠા દરબારમાં પોતાનો વગલાગ વધારતી ચાલી, જેમજેમ તે મરાઠા દરબારીઓના સહવાસમાં વધુને વધુ આવવા માંડી તેમતેમ અનેક દરબારીઓની અદેખાઇના ભોગમાં તે સપડાતી ગઇ. મરાઠા દરબારમાં ઘણા સમર્થ યોદ્ધાઓ હતા, તેઓ મરાઠાના નામને ખાતર, દેશને ખાતર જીવ આપવાને ડરતા ન હતા. કેટલાક યોદ્ધાઓ એવા પણ હતા કે જેઓ માત્ર પોતાનું બાહુબળ દેખાડવાંજ મોજ માનતા હતા. આમાં કોઇ કોઇ કાળાં મેંઢાંઓ પણ હતાં. આવુંજ એક કાળું મેંઢું મરાઠા દરબારમાં હૈયાતી ભોગવતુ હતું હિંમતે પુર અને શક્તિમાં શૂર છતાં પણ આ સરદાર બહુ અનીતિમાન હતો. **હનમંતરાવ** તેનું નામ હતું. તેની અનીતિની ઘણીક ફરિયાદો પેશવાના કાન ઉપર આવી હતી, પણ તેની સામા ટુંકારો કાઢવામાં આવતો નહતો. અનીતિમાન હનમંતરાવની દૃષ્ટિએ જ્યારથી યમુના પડી ત્યારથી તે તેણી તરફ દીવાનો બની ગયો હતો. કેવા પ્રકારે તેને વશ કરવી તેના ખ્યાલમાં તે રાત દિવસ રમ્યા કરતો હતો. યમુના સરખી એક પવિત્ર મનની સતીને સતાવવાનું શું પરિણામ આવશે, તેનું તો તેને ભાનજ ન હતું. ઘણા આડા અવળા ઉપાયો તેણે લેવા માંડયા, પણ યમુના તેની દરકાર કરતી નહોતી. તેના મનમાંતો "કયારે મારા દેશમાંથી યવનોને હાંકી કાઢું અને કયારે મારૂં વેર વાળું," એજ ઉદ્દગારો રમી રહ્યા હતા. હનમંતરાવે આડા અવળા ઉપાયો કરી તેણીને આડે મારગે ઉતારવાનો પ્રયત્ન કર્યો, પણ તેમાં તે નિષ્ફળ થયો. તે ધુંધવાયો, ચીહડવાયો, કષ્ટે પણ યમુનાને પકડવાને તે તલપ્યો, આથી શુ પરિણામ આવશે તેની કશી પણ પરવા રાખ્યા વગર કલેશનો પણ વિચાર રાખ્યા વગર એકાંત સ્થળે આ સતી સુંદરી ઉપર પોતાનો અનીતિમાન હાથ નાંખવાના ઉપાયો લેવા માંડયા.

સતી યમુના મરાઠા દરબારમાં જ્યારે આવતી, ત્યારે તે પેશવાની, સદા શિવરાવભાઉની, અને બીજા યોદ્ધાઓની મુલાકાત લેતા, જે ખબરો પોતાને મળતી તે દરેકને આપતી. તે હમેશાં નિર્ભયપણે ઘણી મોડી રાત્રે ગુપ્ત રાજકીય વાત ચિત કરીને ઘેર જતી. મરાઠા કચેરીથી તેનું મકાન કેટલેક છેટે હતું. તેથી હમેશાં તે પોતાના માનીતા ઘોડા " મોતી " ઉપર સ્વાર થઇને આવતીને જતી. નિર્ભય છતાં, શૂરવીર ને છાજતાં હથિયારો કમરે કસવાને ચૂકતી નહિ. સ્રીના વેશમાંજ ફરતાં છતાં, માથે પુરૂષની પેઠે ફેંટો વિંટાળતી અને ઘાઘરાને બદલે સુરવાલ પહેરતી. પગ ઉઘાડા રાખવાને બદલે ઉંચી ચંપલ પહેરતી. દેખાવમાં તે એક હૃષ્ટ પુષ્ટ મદમસ્ત યુવાન સરખી લાગતી. પ્રાતઃકાળે વેહેલી ઉઠીને તે દેવદર્શને જતી અને ત્યાં કેટલોક કાળ ઇશ્વર ભક્તિમાં ગાળી પાછી ફરતી. બીજી સ્રીઓની પેઠે તે ઘરમાં ગોંધાઇનો રહેતીજ નહતી, એટલે પાપી હનમંત રાવની ઇચ્છા તૃપ્ત કરવાના માર્ગમાં અવરોધ નહતો. સર્વ કોઇ જાણતું હતું કે, સતી યમુના ઘણી પવિત્ર છે, તેને છેડવી અને વિકાળ વાઘને છેડવો બરાબર છે. તેણી સદા સાવધ અને હથિયાર સાથે ફરતી હતી, તે પણ સર્વ કોઇ જાણતું હતું; તો પછી હનમંતરાવ જેવો પાપી પોતાની પાપ વાંચ્છનાનો પ્રયોગ વીરબાળા સતી-સાધ્વી સ્રી ઉપર અજમાવવા જતાં શું ન બીહે? તે બીતો હતો, પણ પાપ વાંચ્છના તેને આગળ દોડાવતી હતી, અને તે પાપ વાંચ્છનાનું બળ તેના ઉપર ફાવ્યાથીજ, તેણે યમુનાને એક રાત્રિએ દરબારમાંથી ઘેર જતાં માર્ગમાં ઘેરી. તેણીને અનેક પ્રકારે સતાવવા માંડી અને પોતાની પાપી વાંચ્છના પુરી કરવા માં-ગણી કરી. તે માંગણીને તેણીએ તુચ્છકારી કાઢી. રાવે ઘણા ઉપાયો કર્યા પણ જ્યારે તે નજ સમજી ને દરકાર કર્યા વગર પોતાનો ઘોડો તેની સામા દપટાવ્યો, ત્યારે તે ગભરાયો. હનમંતરાવ તેની પાછળ પડયો, પુનઃઘેરી, પુનઃછટકી, વળી ઘેરી. આમ સત્ય અસત્યનું યુદ્ધ ચાલ્યું. ખરેખર શિયળ સમાન બળ નથી, શિયળ સમાન તેજ નથી અને શિયળ સમાન પવિત્રપણું નથી બ્રહ્મા પણ સતીને સતાવી શ-કતો નથી. ત્રણ લોકને ધ્રુજાવનાર રાવણ—લંકાનો સ્વામિ, પોતાના સ્થાનમાં કેદ પડેલી સીતાની સામા દૃષ્ટિ કરવામાંજ કંપતો હતો. નળપત્ની દમયંતી સામે કુદૃષ્ટિ કરવાથી પારાધી નાશ પામ્યો હતો. જે સ્રી પોતાના શિયળનું રક્ષણ કરવા ઇચ્છે છે, તેનામાં હજાર હાથીનું બળ આવે છે, તે રણમાં કે ઘરમાં એક સરખી રીતે રક્ષણને પામે છે. ઘડી કટો કટની હતી, એકાંત સ્થળ, કામાંધ પુરૂષ, તેની સામે એક અબળા કેટલો સમય ટકી શકે? પણ આ વેળા અબળા તે સબળા હતી, તે ચંડીકા હતી, તેનામાં શિયળનું બળ હતું; તેથી ગમે તેવા બળવાનને પણ ભૂમેળો કરવાને સમર્થ હતી. યમુનાએ જોયું કે, આ નીચ કાંઇ પણ સજાવગર અહીંથી કેડો છોડનાર નથી, એટલે એક ક્ષણમાં ઘોડાની પીઠ ફેરવી,

કટારીનો એક સખત જખમ હનમંતરાવની બાજુ ઉપર કર્યો, અને તેની વેદનામાં તેને નાખી તે ચાલતી થઇ અને તુરત પોતાને ઘેર આવી.

સતી યમુના આગળ પોતાને આ પ્રમાણે ન ફાવેલો જોયો, ત્યારે એ નીચ પાપીએ તેણીને નામોશી લગાડવાના ઉપાયો યોજ્યા. તેણે પોતાના માનીતાઓ વગેરેમાં ખોટી ગપ ઉરાડવા માંડી કે, યમુના તેની જોડે પ્યારમાં પડેલી છે. નિંદા કરવામાં મનુષ્ય માત્ર પ્રવીણ હોયછે, એટલે એક કાનથી બીજે ને બીજેથી ત્રીજે એમ કર્ણોપકર્ણ નિંદા પ્રસરી. તે યમુનાના કાન ઉપર આવતા તેણીને પુષ્કળ કંપારી છુટી, પણ જ્યાં સુધી પોતાનું નિર્દોષપણું સાબિત કરવાની તક મળે નહિ, ત્યાંસુધી તે ચુપજ રહી. ધીમે ધીમે આ નિંદા રાજ દરબારમાં પણ ચાલી, પણ આ વાત ખરી કે ખોટી છે તેનો યુક્તિ પ્રયુક્તિથી તપાસ કે વિચાર કોઇએ કર્યો નહિ. તેનું પરિણામ એ આવ્યું કે, યમુના જે મોભો ધરાવતી હતી, તેમાં ઘટાડો થવા માંડ્યો. પેશવા આ નિંદામાં કાંઇ ભેદ માની તે ખોટો માનતો, અને યમુનાનાં શિયળ ઉપર શક લાવવા ને આનાકાની કરતો. જ્યારે બાઉ તે નિંદાને નિંદા નહિ પણ સત્ય વાત માનતો. યમુના આ સઘળું સમજતી હતી, પણ તેને પોતાનું શિયળ સાબિત કરી હનમંતરાવને ઠગારો જાહેર કરવાની તક મળતી નહતી, જે તક મેળવવાની રાહ જોતી તે બેઠી હતી. દરબારમાં હનમંતરાવ યમુનાને હલકી પાડવાને જરા પણ ચુકતો નહિ. તેણીની બને તેટલી ફજેતી કરતો. યમુના તેની ઝાઝી દરકાર કરતી નહિ; પણ બાઉને જ્યારે તે ગપાટો ખરો માનતો અને હનમંતરાવની પક્ષ પકડતો જોયો; ત્યારે યમુના અતિ ક્રોધાયમાન થઇ. તેણીના દીલમાં વીજળીના સરખી જ્વાળા પ્રગટી. તેણીએ પોતાનું સતીપણું સાબિત કરવાના ઉપાયો લેવા માંડ્યા, અને દરબારીઓની ખાત્રી કરી આપવા માંડી; પણ ભુતડો બાઉ આ નિર્દોષ વાતને અસત્યનું રક્ષણ માનતો ગયો. તેથી યમુના પોતાનું તમામ ભાન ભૂલી ગઇ અને ગાંડીતુર બની ગઇ તથા શરીરમાં અંગો અંગ અગ્નિ જ્વાળા પ્રગટી નીકળી. તેવામાં એક મોટી દરબાર ભરવામાં આવી હતી. તે દિવસે યમુનાએ ત્યાં જઈ પેશવાને કહ્યું કે;—"સત્ય ધર્મ પ્રતિપાળક! અબળા રક્ષક! મારો ન્યાય કર, તારા બાઉને વાર, આ પાપી હનમંતને સાશન કર અને તારી કીર્તિ વધાર?"

સતી યમુનાનો આ વેળાનો દેખાવ ભયાનક હતો. કાળિકા જેમ દુષ્ટને દંડવાને આવી હોય તેવો હતો. તેણે માથાના કેશ છૂટા મૂકયા હતા. કપડાં જથર પથર હતાં, કપાળે ચાંદલો કર્યો હતો, આંખ્યો લાલચોળ સરખી થઇ બાહેર નીકળી આવી હતી, તેણે એક હાથમાં ખડ્ગ ને બીજા હાથમાં શ્રીફળ લીધું હતું. સર્વ દરબારીઓ આજે યમુનાનો આવો દેખાવ જોઇ ચકીત થઇ ગયા. ધર્મવત્તાઓ સમજ્યા કે ચંડીકાના કોપથી અનર્થ થશે! વિનયથી પેશવાએ કહ્યું કે;—"હે શૂરવીર પિતાની પુત્રી! તારે શું કહેવું છે? તું શાનો ન્યાય માગે છે?" ક્રોધા-

યમાન થયેલી યમુના બોલી;—" હે મહારાજ! હું પરણેલી સ્ત્રીછું અને અખંડિત શિયળથી રહીછું. આ તારો દુષ્ટ સરદાર હનુમંત મારી નિંદા કરે છે, ને આ પાપી ભાઉ તે સત્યમાની અબળાનું રક્ષણ કરતો નથી." આ સાંભળી ભાઉ બોલ્યો;—" ઓ નીચ ચંડારણી! સંભાળીને બોલ?" યમુનાએ ગર્જના સાથે પગ ઠોકી કહ્યું;—" ચુપ, મૂર્ખ! સતી સ્ત્રીની નિંદા કરતાં લજવાતો નથી?" તેવોજ ભાઉ બોલ્યો;—" હું તને સતી કેમ માનું? તું પાપીણિ છે! કુલટા છે!" એટલું સાભળતાંજ તત્ક્ષણે યમુનાનાં નેત્રમાંથી જ્વાળા પ્રગટી, ને બોલી;—" રે દુષ્ટ! નરાધમ! બ્રાહ્મણ છતાં, બ્રાહ્મણ કન્યાનું રક્ષણ કરતો નથી, ને તેને માટે આવા અધમ વાકય ઉચ્ચારે છે? તું મને ચંડારણી ધારે છે? અસતી ધારે છે? હજી ચેત? મને સતી માન, અને બ્રાહ્મણ કન્યાનું રક્ષણ કર? નહિતો તારા અનર્થ કારક વચનથી આ મરેઠા રાજ્યનો લય થશે! મારી ક્રોધ જ્વાળામાં સર્વ બળીને ભસ્મી ભૂત થશે! જે રાજા નિરાધાર સ્ત્રી, બાળક, અને બ્રાહ્મણનું રક્ષણ કરવા સમર્થ થતો નથી, સતી અસતીની પીછાણ કરતો નથી, દુષ્ટને દંડ દેતો નથી, અને ધર્મિને આશ્રય આપતો નથી, તેનું રાજ્ય સહજ ભસ્મી ભૂત થાય છે' આટલું સાંભળીને પણ ભાઉ નમ્ર થયો નહિ, પણ ગર્વથી મૂછે હાથ દઇ બોલ્યો મને કોનો ભય છે? ભાઉની સમશેર સામા કોણ ટકી શકે તેમ છે? તારા જેવી સતી કહેવડાવે, ત્યારેતો આ સઘળી મરાઠણો વાંઝણીજ તો!" તારા જેવી અધમ સ્ત્રીના પ્રપંચમાં ભાઉ ફસાશે નહિ!" આટલું ભાઉ બોલી રહ્યો નથી, તેટલામાં તો યમુના ચૈતન્ય રહિત હોય, જડ હોય,પુતળી હોય, તેવી સ્થિર થઇ ઉભી રહી. સભા સઘળી દંગ થઇ ગઇ! પણ જેમ કૌરવોની સભામાં સતી દ્રૌપદીને ન છાજે તેવાં કઠણ વચનો દુર્યોધને ને દુશાસને કહ્યાં હતાં, પણ તેને કોઇ તેવાં વચન બોલતાં કે વસ્ત્ર હરણ કરતાં અટકાવી શકયું નહિ, તેમ આ પેશવાની સભામાં સતી યમુનાને એવાં વચનો બોલતાં ગર્વિષ્ટ ભાઉને કોઇ અટકાવી શકયું નહિ. "વિનાશકાળે વિપરિત બુદ્ધિ" થઇ ગઇ. બે ત્રણ ક્ષણ સુધી યમુના અબોલી રહી. પછી એકદમ " જયજગદંબે! અંબેમાતકી જે! એટલું બોલતાંજ બે હાથ ઉંચા કરીને દૃષ્ટિ સ્થિરરાખી બોલી;—

"જય જગદંબે માત, પ્રાર્થું તુજને માડી;
રાખ સતીની લાજ, દુષ્ટ સંહાર જે ભારી.
સતી અબળાને કાજ, ત્રિશૂળ ધર પ્રેમે હાથે;
હણ હણ દુષ્ટ અનેક, વિઘ્ન ટાળો શિર સાટે.
જો બેઠા આ દૈત્ય! ન અબલા રક્ષણ કરતા;
દઉછું પ્રેમે શાપ, મરો રણમાં રડવડતા.
રડો એમની નાર, ધાર અશ્રુની પાડે;

ટળવળે રણમાં તેહ, ન આવે કો જન વારે.
સુણ દુષ્ટ ઓ ભાઉ ! ગર્વ ઘેલા મતમાતા;
થશે બુરા તુજ હાલ, લખ્યા એ લેખ વિધાતા.
મરજે બુરે હાલ, થશે અપકીર્તિ તારી;
રડશે રાનો રાન, સતિપણ દુષ્ટની નારી.
જળો સર્વ સમૃદ્ધિ, જળો સૌ તારી કીર્તિ;
જળો તેજને રાજ, જળો પેશવાની મૂર્તિ.
જાશે આ સૌરાજ, પરાધિનદાસજ થાજો;
એજ વિધાતા લેખ, લખ્યો તે ના ભુસાશે. "

આ સાંભળી સભા થરથરી ગઇ. પેશવા નિસ્તેજ થઇ ગયો, ભાઉહસ્યો, પણ એનું હૃદય ડંખ મારવા લાગ્યું હતું. છેલ્લા શબ્દો સાથેજ યમુના ચૈતન્ય રહિત થઈ ભરદરબારમાં પડી !!

× + × × ×

આજ ક્ષણે કચેરીમાં એક માણસે આવી પેશવાને નમન કરી જણાવ્યું કે;—" કાબુલથી દુરાનીના નામથી ઓળખાતો, આર્યધર્મનો કટ્ટો શત્રુ, દિલ્લીના શાહને સપડાવી, ભરતખંડને ધ્રુજાવવાને, લૂટવાને, આ દેશને નિસ્તેજ કરવાને અને આપના પ્રતાપી સૂર્યને બળહિણ કરવાને તૈયાર થયો છે. દિલ્લીપતિ આપનો આશ્રય માગે છે, તે આપ મહારાજને શરણે છે. દુરાનીનું બળ અતુલિત છે, અનેક જાતો તેની સાથે છે, મસ્તમાતંગના કુંભસ્થળ ચીરવાને જેમ સિંહ તલપ મારે, તેમ તે તલપ મારવા આવે છે." આ વેણો સાંભળતાંજ કચેરીમાં ખળભળાટ થઇ રહ્યો. ભાઉ સતેજ થઇ ગયો. " હું એ મ્લેચ્છોનો સંહાર કરીશ અને સત્ય ધર્મનું રક્ષણ કરીશ." એટલું બોલતાંજ સભા બરખાસ્ત થઈ. આ વખતે દિલ્લી પતિ મોહમુદશાહ, ગમે તો કહો કે યમુનાના જખમથી રીબાઇને, અથવા દુ:ખથી કંટાળીને મરણ પામ્યો અને તેનો શાહજાદો અમદ—અમદશાહ નામ ધારણ કરીને ગાદીએ બેઠો, પણ તે વજીરના હાથમાં રમકડાં જેવો હતો.

દુરાની સામે લડવા ને ભાઉ મોટું લશ્કર લઇને ગયો; પાનીપતના મેદાનમાં ઇ. સ. ૧૭૬૦ માં ભારે યુદ્ધ થયું. બંને પક્ષનાં ઘણાં માણસો નાશ પામ્યાં. તેમાં અંતે ભાઉ ગેર વ્યવસ્થાને લઇ હારપર આવ્યો. તેથી મંદ પડતાં હૃદયને ઉત્સાહ આપવા સંધ્યા સમયે તે તંબુમાંથી બહાર ફરવા નીકળ્યો. અંધકાર વ્યાપી રહ્યો હતો, તારાનું તેજ ઝગમગી રહ્યું હતું, સર્વત્ર શાન્તિ હતી. આવી શાન્તિમાં વિચાર કરતો એક મેદાનમાં આવ્યો. તેની સાથે કોઇ માણસ નહોતું, શસ્ત્રપણ હાથમાં નહોતાં, નીચે મુખે વિચારમાં ને વિચારમાં ચાલ્યો જતો હતો. તેવામાં અકસ્માત્ એક આકૃતિ તેની દૃષ્ટિએ પડી. તે ભયથી વિહ્વળ થઇ બો-

હ્યો;—"કોણ યમુના?" "હા, તેજ! દુષ્ટ ભાઉ! હું તેજ બાળાછું?" "તું હજી જીવે છે?" "ના, હા. હું જીવુંજછું, પણ જીવતી નથી. તું શું જોય છે? રે દુષ્ટ ભાઉ! તેં સઘળી બાજી બગાડી છે, હું પતિવ્રતાને છંછેડીને અબળાનું તેં રક્ષણ કર્યું નથી, પણ પાપીને આશ્રય આપ્યો છે, તેનાં ફળ તને કાલે મળશે! તારી કીર્તિનો સૂર્ય કાલે અસ્ત થશે, તે સાથે મરાઠાઓની કીર્તિનો સૂર્ય પણ અસ્ત થશે; ને યવનોનો જય થશે! હું સાધ્વીછું, તારી કીર્તિ કેમ ખંડિત થાયછે તે જોવા માટેજ હું જીવન ધરી રહીછું. દૈવ મને કહે છે કે, કાલે મધ્યાન્હે તું પડશે ને તારી દુષ્ટ વાણી માટે તારા શબની એવી ભુંડી અવસ્થા થશે કે તે કોઇને હાથ પણ જશે નહિ. જય અંબે!" આટલું બોલતાંજ યમુનાએ પાસેજ એક ચિતા ખડકીને પ્રજવલિત કરી હતી, તેમાં હોમાવ્યું ને ભાઉના જોત જોતામાં બળીને ભસ્મ થઇ ગઇ!!!

આ જોઇ ભાઉ દીંગ્મુઢ થઇ ગયો. આ સર્વ અકસ્માતિક પ્રસંગ શો છે તે તે સમજી શકયો નહિ. આવતી કાલે મરણ નિશ્ચય થશે એવા ભણકારા વાગી રહ્યા. "મેં આ નિર્દોષ બાળાને શા માટે સતાવી?" તેને માટે હવે પશ્ચાતાપ કરવા લાગ્યો, પણ હવે ઘણું મોડું થયું હતું. હવે તેનો પશ્ચાતાપ વ્યર્થ હતો, તેનો ગર્વ હમણાં ગળી ગયો હતો. બીજે દિવસે યુદ્ધ થતાં મરેઠાની હાર થઇ અને ભાઉ ભુંડે હવાલે મુઓ. ધર્મ ધુરંધર પેસવાઇ ડુબી અને મરેઠી રાજ્યનો સૂર્ય અસ્ત થયો. એ રીતે સતી યમનાનું ભવિષ્ય કથન સત્ય ઠર્યું. યમુના સતી હતી, વીર હતી, હિંમતવાન અને નિડર હતી, પવિત્ર અને સ્વદેશ પ્રેમી હતી. એ સર્વ તેના ચરિત્રપરથી જણાઇ આવે છે. જેમ દ્રૌપદીને છંછેડવાથી કૌરવોનો વિનાશ થયો તેમ સતી યમુનાને છંછેડવાથી મરેઠી રાજ્યનો અસ્ત થયો. અહો! સતીના સતીત્વની કેટલી બધી મહત્તા છે?! ધન્ય છે આવી સતીને!!!

સરયુ.

આ પતિ પ્રેમી વીરબાળા ક્ષત્રિય પુત્રી હતી. તેનો જન્મ રજપૂતાનામાં થયો હતો. બાળપણામાંજ તેનાં માતા પિતા ગુજરી ગયાં હતાં. તેથી જનારધન (રાજાનો ગોર) બ્રાહ્મણ તેનું લાલન પાલન કરતો હતો. એ કન્યાનો પિતા જનારધનનો બાલ્યકાળનો પરમ બંધુ હતો. એ કન્યાની માતા પણ જનારધનની સ્ત્રીને બેન કહીને બોલાવતી. જનારધનને કાંઇ છોકરાં નહોતાં. તેથી ધણી ધણીયાણી તેને પુત્રીની પેઠે પાલણ કરતાં હતાં. શિવાજીએ તોરણાનો કિલ્લો જીત્યો; ત્યારે ત્યાં ભવાની દેવીની મૂર્તિ સ્થાપન કરી હતી. જનારધન જેપુરના પ્રસિદ્ધ રાજા જયસિંહનો

સભાસદ હતો. શિવાજીની આગ્રહ પૂર્વક વિનંતીથી જયસિંહની મરજી લઇ તોરણા કિલ્લામાં ભવાનીની પૂજા કરવાને રહ્યો હતો. રાજસ્થાનમાંથી તોરણા કિલ્લામાં આવ્યા ત્યારે સરયુને પણ સાથે લાવ્યા હતા. થોડા વખત પછી જનારધનની સ્ત્રી પણ મરણ પામી. હવે વૃદ્ધ જનારધનને સરયુ સિવાય સ્નેહનું બીજું કોઇ સ્થાન નહોતું. સરયુ જનારધનને પિતા કહીને બોલાવતી અને તેના ઉપર પ્રીતિ રાખતી. ક્રમે કરીને સરયુ અનુપમ લાવણ્યવતી થઇ. કિલ્લાના તમામ શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણો હાસ્ય વિનોદમાં જનારધનને કણ્વમુનિ અને તેની પાલિતા રૂપસુંદર લાવણ્યમયી ક્ષત્રિય બાળાને શકુન્તલા કહી બોલાવતા. જનારધન પણ કન્યાના સૌન્દર્ય અને સ્નેહથી સંતુષ્ટ થઇને રાજસ્થાનમાંથી આવ્યાનું દુઃખ વિસરી ગયો હતો.

સરયુ મહા સ્વરૂપવાન, તેજસ્વી, અનુપમ લાવણ્યવતી, હસમુખી, શાન્ત, દયાળુ, ધૈર્યવાન, નીતિવાન, ધાર્મિક, હિંમતવાન, ચાલાક, ચતુર, વીર, બુદ્ધિશાળી, નેક ટેકવાળી, ખંતીલી અને પતિવ્રતા હતી. એ સુંદર મૂર્તિ જાણે સાયંકાળના આકાશપટપર ચિત્રેલી અનુપમ છબી હોય, તેવી જણાતી હતી. એક વખતે સાયંકાળે તે અગાશીમાં બેઠી હતી. તેવામાં એક ઘોડેસ્વાર નીકળ્યો. તે શિવાજીમહારાજાનો રજપૂત હાવિલદાર રઘુનાથસિંહ હતો. તે મહારાજાના કામ પ્રસંગે જનારધન પાસે આવતો હતો. તેની દૃષ્ટિ આ મનમોહિની ચૌદવર્ષની બાળા પર પડી. તે એમની મધુરાકૃતિને રૂપ રાશિ જોઇ ઘણોજ રંજિત થયો. તેના પ્રત્યે સ્વભાવિક પ્રેમ ઉત્પન્ન થતાં એક દૃષ્ટિએ જોવા લાગ્યો. સરયુની દૃષ્ટિ પણ તે જુવાન રૂપસુંદર યોદ્ધાપર પડી, તેવી લજ્જા પામી નીચી નજર કરી ગઇ; પણ આ અતિરૂપવાન યોદ્ધાની ખીલતી યુવાનીએ, મજબુત ધાટદાર બાંધે, તગ તગતા પહોળા ભવ્ય કપાળ ઉપર રમતા કાળાવાળના ગુચ્છાએ, તેજસ્વી આંખે, કમરમાંની ઝુલતી તરવારે અને હાથમાંના લાંબા ભાલાએ ફરીથી સરયુની દૃષ્ટિ તેની તરફ ખેંચી. તેથી રમણીનું ક્ષણભર હૃદય કંપાયમાન થયું, તેના મુખ મંડળ ઉપર ફરીથી લજ્જાની લાલાશ ચઢી આવી, તુરત ઘુમટો તાણી ઘરમાં આવી—રઘુનાથ પણ જનારધન પાસે મંદિરમાં આવ્યો અને શિવાજી તરફનો સર્વ સંદેશો કહ્યો. રાત્રિ પડી જવાથી રજા લઇ જવાને તૈયાર થયો, પણ જનારધને આગ્રહ કરી રાખ્યો. સરયુએ પિતાની આજ્ઞા પ્રમાણે ભોજન વગેરેથી અતિથિનો સત્કાર કર્યો. પરસ્પરનાં રૂપ લાવણ્ય અને મધુરાકૃતિ નિહાળી બંનેના હૃદયમાં પ્રેમની ગાંઠ પડી. હૃદયે હૃદય અને મને મન એક રૂપ જેવાં થઇ ગયાં. સરયુએ મનથી તેનેજ પતિ માની લીધો, તેમજ રઘુનાથે પણ તેનેજ પોતાની પ્રાણપ્રિય પત્ની કરવા નિશ્ચય કર્યો. સરયુને તેનો વિયોગ ઘડી પણ સહન કરવો મુશ્કેલ થઇ પડયો. તે સાંજે અગાસીમાં મુક્તામાળા ભૂલી ગઇ હતી, તે રઘુનાથના હાથમાં આવી, તે લઈ સરયુ મંદિરમાં જતી હતી ત્યાં આવી બોલ્યો;—ભદ્રે ! કાલે રાત્રે અગાસીપરથી આ માળા મળી છે, એ તમારી હશે

એમ ધારી આપવા માટે આવ્યોછું; આપને રોકાણુ થઇ હશે તે ક્ષમા કરશો.” સરયુ પ્રેમાળ હતી, તે રઘુનાથ પ્રત્યે પ્રેમમાં લિન થઈ હતી. તે પોતાના પ્રિય તરફનાં આવાં વિનય વચન સાંભળી પાછું વાળી જોતાં શરમાઇ ઉત્તર આપી શકી નહિ. પણ પછી તેણે રજા માગી, ત્યારે સપ્રેમ દૃષ્ટિ કરી, પણ તુરત ભૂમિ તરફ નજર નાંખી મધુર સ્વરે બોલી;—આપનો મારા ઉપર અનુગ્રહ થયો છે, આપ આ કિલ્લામાં ફરી ક્યારે પધારશો?” રઘુનાથને આ વચન અમૃતમય લાગતાં આનંદિત હૃદયે જવાબ દીધો કે;—“રમણી રત્ન! હું પારકાનો દાસછું, લડાઇ કરવી એ મારો ધંધો છે, ફરી ક્યારે આવીશ એ કહી શકતો નથી; પરંતુ જ્યાં સુધી જીવતો રહીશ, ત્યાં સુધી તમારી ખરદાશ, તમારી લાયકી, અને તમારી દેવ મૂર્તિ એક પળ પણ ભૂલીશ નહિ. હું હાલ રજા લઉંછું, કોઇ કોઇ વેળાએ ગરીબને યાદ કરશો.” સરયુ જવાબ આપી શકી નહિ. રઘુનાથે જતી વેળાએ જોયુંતો સરયુની બંને આંખો આંસુથી ભરેલી હતી. રઘુનાથ પણ સજળ નેત્રે ઘોડાપર સ્વાર થઇ ચાલતો થયો. સરયુનું ચેતન હૃદય તેની સાથેજ ગયું. કેવળ પથ્થરની મૂર્તિની પેઠે મંદિરમાં ઉભી રહી.

સરયુ સુશીલ હતી. તે મનમાં ધૈર્ય રાખી ગૃહકાર્ય અને પિતાની સેવા ચાકરી કરવા લાગી, પણ સ્નેહમયી બાળાના હૃદયની ચિંતા કોઇને કહી શકાય એવી નહોતી. ધીરજ એ રમણીનો સર્વથી મોટો ગુણ છે, ધીરજનો સ્ત્રીઓ બાલ્યકાળથીજ અભ્યાસ કરેછે. આ ભયાનક સંસારનાં નાના પ્રકારનાં શોક, દુઃખમાં, પીડામાં, અને ભયાનક ઉદ્વેગમાં નારી ધીરજને ધારણ કરીને સંસારનાં કાર્યનો નિર્વાહ કરે છે. અસહ્ય શોકથી હૃદય દબાઈ જતું હોય, તોપણ તે છૂપાવી હસતે મુખે સ્વામિની સેવા કરે છે. અતિ દુઃખને પણ તુચ્છ ગણી સ્નેહમયી માતા ઘણી મહેનતે સંતાનનું લાલન પાલન કરે છે. પ્રાચીનકાળમાં તપસ્વીઓ ઇંદ્રિય સુખને તુચ્છ ગણી આનંદથી હજારો દુઃખ સહન કરતા હતા; પરંતુ જ્યારે સંસારની તરફ નજર કરીએ છીએ, ત્યારે જણાય છે કે પ્રેમમયી સ્ત્રી હજારો દુઃખ, હજારો અપમાન, સહન કરીને પણ પતિના પ્રત્યે એક નિષ્ઠાવાળી રહે છે. માયાળુ માતા દુઃખ, દારિદ્રય, વગેરે સંસારનાં અસંખ્ય અને અસહ્ય દુઃખ ઉમંગથી સહન કરી બાળકોનું લાલન પાલન કરતી જોવામાં આવે છે. સંસારમાં ગૃહિણીઓની સહન શીલતા જોઇને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. સરયુ પવિત્ર મનની સ્ત્રી હતી. તેથીજ જન્મથી સહન શીલતાનો ગુણ તેનામાં હતો. તે પિતાની સેવા ચાકરીમાં અને સંસારનાં કાર્યોમાં ગુંથાઇ હૃદયનો ઉદ્વેગ કોઇને ન જણાવતાં હૃદયમાં ધારણ કરી રહી. સાંજે પિતા ભોજન કરે તે વેળા પાસે બેસતી, પોતાને હાથે બિછાનું પાથરતી અને પછી સર્વ ગૃહકાર્ય પૂરાં કરી સુવાના ઓરડામાં જતી. આવી રીતે ઘણાક દિવસ વિત્યા; પરંતુ તેનું મન પોતે માની લીધેલા પતિ રઘુનાથમાં લાગી રહ્યું હતું.

જનારધન પવિત્ર મનનો ને સરળ સ્વભાવનો હતો. દિવસનો ઘણો વખત શાસ્ત્ર વાંચવામાં અને દેવ પૂજામાં ગાળતો. પોતાની આ એકની એક કન્યાને ઘણું ચાહતો, ખાતી વેળા તેને પાસે ન જોતો, તો ખાઇ શકતો નહિ. રાત્રે કોઇ વેળા શાસ્ત્ર વાંચતો, ત્યારે સરયુ પાસે બેસી સાંભળતી. તે જન્મથીજ એકલી હતી, પિતા સિવાય તેણે ઘરમાં પોતાના અંગના માણસ તરીકે કોઇને જોયું નહોતું તેથી બાળપણથીજ ધીર, શાંત અને ચિંતા શીળ હતી. રઘુનાથને જોતાં એકદમ તેનું મન ચંચળ અને હૃદય ઉન્મત્ત થયું હતું. અપૂર્વ સુખની અભિલાષા ઉત્પન્ન થતાં પ્રભુ પ્રાર્થના કર્યા કરતી કે;—હું ધન માલ કે સોના રૂપાને ચાહતી નથી, ખ્યાતિ કે પદવીને ચાહતી નથી. "ભગવાન્ ! મને એક નાની સરખી ઝુંપડીમાં પણ પેલા રૂપ ગુણ યુક્ત શ્રેષ્ઠ રઘુનાથને આપો એટલે બસ." આહા ! કેવો પ્રેમ !! સરયુ ચિંતામાં ને ચિંતામાં શરીરે સૂકાવા લાગી, મનની પ્રફુલ્લિતા જતી રહી અને ખાવાની રૂચિ થતી નહિ. પિતા તેનું કારણ પૂછતો પણ કંઇ જવાબ આપતી નહિ; પરંતુ પિતા કંઇ જાણે નહિ માટે જરા હસીને વાત ફેરવી નાખતી. તેથી સરળ સ્વભાવનો જનારધન કંઇ જાણી શકતો નહિ. છૂપાવેલી ચિંતા તેના હૃદયને ધીરે ધીરે બાળવા લાગી, શરીરમાં તાવ ચઢી આવ્યો, કોઇ વખતે બેશુદ્ધ થઇ બવારો કરતી, સર્વ સમયે રઘુનાથનેજ જોવા લાગી. જનારધન સ્નેહમયી કન્યાને માટે શોકમાં રહેવા લાગ્યો; ઘણા ઉપચારો કરતાં ધીરે ધીરે સારૂં થવા લાગ્યું. એવામાં દૈવઇચ્છાથી રઘુનાથ તોરણ કિલ્લામાં ત્યાંના કિલ્લેદાર પાસે આવ્યો હતો; તેને સરયુની માંદગીની ખબર થતાં મંદિરમાં આવી બોલ્યો;—" સરયુ ! તમારૂં આ ફીકું વદન જોવાથી મારૂં હૃદય ફાટી જાય છે." આટલું બોલતાંજ એક બીજાની આંખોમાંથી અશ્રુધારા પડવા લાગી. મુખેથી કાંઇ પણ બોલી નહિ શકતાં બંને થોડીવાર સ્તબ્ધ થઇ રહ્યાં. ઘણા કાળના વિયોગ પછી પ્રેમી હૃદય એક બીજાને મળી ઉન્મત જેવાં થાય છે. સરયુ જે મૂર્તિનું એક વર્ષ થયાં ધ્યાન ધર્યા કરતી હતી; તે મૂર્તિને સાક્ષાત્ જોઇને આનંદ પામી.તેના દગ્ધ દેહમાં શાન્તિ આવી. સરયુ લજ્જાને વશ કરી બોલી;—" રઘુનાથ ! જગદીશ્વર તમને નિરાપદે રાખે ને વિજયી કરે ! એ મારી પ્રાર્થના છે." આ સિવાય મારે બીજું કાંઇ જોઇતું નથી સરયુ ઓરડામાં ગયા પછી રઘુનાથ કિલ્લેદાર પાસેથી રજા લઇ ચાલતો થયો. દીલ્લીના બાદશાહે અંબરાધિપતિ જયસિંહ ને શિવાજી સામે લડવાને મોકલ્યો હતો. જનારધન પોતાના આગલા ધણી જયસિંહને મળવા ગયો. સરયુ પણ સાથે ગઇ હતી. તે ત્યાં વધારે આનંદમાં રહેવા લાગી; સરયુને આનંદિત જોઇ જનારધન પણ વધારે આનંદ થયો.

ચંદ્રરાવ નામે એક સૈનિક રજપૂત કુળમાં જન્મ્યો હતો. તેને મહારાજા જશવંતસિંહના સેનાપતિ ગજપતિસિંહે ઉછેરી મોટો કર્યો હતો. તે ગજપતિ-

સિંહની સેનામાં સાહસિક અને વીર તરીકે પ્રસિદ્ધ થયો. ગજપતિસિંહે તેના પરાક્રમથી ખુશી થઇ તેને ઇનામ માગી લેવા જણાવતાં, તેણે તેની પુત્રી લક્ષ્મીને પોતાની સાથે પરણાવવાનું માગ્યું; પરંતુ તે તેને યોગ્ય નહિ હોવાથી જરા મશ્કરી રૂપે ના પાડી. તેથી ચંદ્રરાવ મનમાં વેર રાખી રહ્યો હતો. જ્યારે ઉજ્જયિની આગળ ઔરંગજેબની જોડે જસવંતસિંહને મોટું યુદ્ધ થયું, ત્યારે ગજપતિસિંહ માર્યો ગયો. એ મારનાર બીજો કોઇ નહિ પણ ચંદ્રરાવ હતો. વળી જસવંતસિંહની રાણીએ પતિના પરાજયથી કિલ્લાનો દરવાજો બંધ કર્યો, ત્યારે ચંદ્રરાવે રાણીને જણાવ્યુંકે એ પરાજય ગજપતિ સિંહના કપટથીજ થયો છે, એવું ખોટું સમજાવ્યું. રાણીએ ગુસ્સે થઇ તપાસ કર્યા વગર તેનાં છોકરાંઓને મારવાડમાંથી કાઢી મૂક્યાં અને તેમની જાગીર અને સમૃદ્ધિ છીનવી લીધાં. તેના પુત્રનું નામ રઘુનાથસિંહ અને પુત્રીનું નામ લક્ષ્મી હતું, રઘુનાથ બાર વર્ષનો અને લક્ષ્મી નવ વર્ષની હતી. એ બેઉ છોકરાં પોતાના નોકર સાથે બીજે દેશ જવા નીકળ્યાં. માર્ગમાં ચંદ્રરાવે ચોરને વેશે આવી તેના નોકરને મારી નાંખ્યો અને આ બંને ભાઇ બેનને મરાઠા દેશમાં લઇ ગયો. રઘુનાથસિંહ નાની ઉમરમાંજ ચાલાક, હુશિયાર અને તેજસ્વી હતો. તેથી તે રાત્રે દુષ્ટ ચંદ્રરાવના મુકામમાંથી છૂપી રીતે નાશી ગયો; પણ લક્ષ્મી રહી, તેની સાથે ચંદ્રરાવ પરણ્યો. ચંદ્રરાવનું પરાક્રમ જોઇ તેને શિવાજીએ જમાદારનું પદ આપ્યું. રઘુનાથસિંહ ફરતો ફરતો શિવાજી પાસે આવ્યો, તેમણે તેને સિપાઇની નોકરી આપી. એ વખતે તેની ઉમર અઢાર વર્ષની હતી. શિવાજી તેની અસાધારણ શક્તિ જોઇ ખુશી થયો અને ચંદ્રરાવના હાથ નીચે હાવિલદારની જગ્યો આપી. રઘુનાથ ચંદ્રરાવને પોતાના પિતાનો જુનો નોકર અને બાળમિત્ર તરીકે ઓળખતો હતો; પણ ચંદ્રરાવ પોતાના પિતાને મારનાર અને પોતાનું સર્વસ્વ લૂટી લેનાર છે તથા હવે તે પોતાનો બનેવી છે એમ જાણતો નહોતો. રઘુનાથસિંહનું અતુલ સાહસ અને પરાક્રમનો યશ ફેલાતો જોઇ ચંદ્રરાવ દ્વેષ કરતો. રઘુનાથસિંહે પુનામાં શિવાજીનો પ્રાણ બચાવ્યો હતો. રૂદ્રમંડળના કિલ્લાની લડાઇમાં ગોળીઓનો માર ખમતો હિંમતથી પ્રથમ કિલ્લા ઉપર ચઢી જઇ, થોડા સિપાઇઓ વડે ઘણા સિપાઇઓનો ઘાણ કાઢી શિવાજીનો જય બોલાવ્યો હતો; વગેરે પરાક્રમથી શિવાજી તેને બહુ ચાહતો હતો, લશ્કરમાં પણ માન પામવા લાગ્યો. એ ચંદ્રરાવથી ખમી શકાયું નહિ. તે તેને મારી નાખવાનો લાગ શોધતો હતો. રૂદ્રમંડળના કિલ્લેદારને બાતમી આપનાર રઘુનાથ છે, એવું ખોટું આળ તેના ઉપર મુકાવ્યું, લડાઇની કુચ વખતે મોડો આવ્યો તેજ પુરાવો હતો. રઘુનાથને પૂછતાં પોતાને નિર્દોષ જણાવ્યો, પણ મોડા આવ્યાનું કારણ ન જણાવતાં મુંગો રહ્યો. મુંગો રહેવાનું કારણ તે એ વખતે તોરણા કિલ્લામાં સરયુ પાસે ગયો હતો; તે તેણે જણાવ્યું નહિ. તેથી શક ઉત્પન્ન થતાં

શિવાજીએ ગુસ્સે થઇ બંડખોર ઠરાવી લશ્કરમાંથી રજા આપી. રઘુનાથ નિર્દોષ હતો. તેથી નહિ ગભરાતાં શિવાજીને જમીન સુધી માથું નમાવી સલામ કરીને કંઈ પણ બોલ્યા વગર ચાલ્યો ગયો. લક્ષ્મી ભાઇને યાદ કરી આંસુ પાડતી, પણ એક બીજાને ઓળખતાં નહોતાં. તેમ પોતાના પિતાને મારનાર અને તેનું સર્વસ્વ લૂટી લઇ બુરૂં કરનાર અને ભાઇની પણ માઠી સ્થિતિ કરનાર ચંદ્રરાવ છે તે જાણતી નહોતી. રઘુનાથસિંહ આ અપમાનથી શોકાતુર થઇ અરણ્યમાં ગયો ત્યાં એક ઉંચા પહાડના શિખર ઉપર દેવીનું મંદિર પ્રાચીનકાળનું પવિત્ર ગણાતું હતું. મંદિરની સામે પથ્થરોમાં પગથીઆં કોતરી કાઢયાં હતાં, નીચે એક પાહાડી નદી ખળખળ શબ્દ કરતી પગથીઆં ધોતી વહેતી હતી. પૂર્વકાળથી અસંખ્ય યાત્રાળુઓ આ અરણ્યમય નદીમાં નાહી પગથીઆં ઉપર ચઢીને દેવીની પુજા કરતા હતા. શિખર ઉપરથી નીચે સપાટ જમીન સુધી ઝાડોની હારો સિવાય બીજું કાંઇ નજરે પડતું નહોતું. એ ઝાડોની ઘટ્ટામાં દેવીના પુજારી અને બ્રાહ્મણો પોતપોતાની ઝુંપડીઓમાં રહેતા હતા. આ પુણ્ય સ્થાનમાં શાન્ત રસ સિવાય બીજો કોઇ ભાવ જણાતો નહોતો. આ પવિત્ર સ્થાનમાં રઘુનાથ આવી રહ્યો. બ્રાહ્મણોના મુખથી પવિત્ર વેદના ઉચ્ચાર અને પુરાણની કથા સાંભળતો. તેથી તેના મનમાં શાન્તતા આવી. સીતાપતિ નામ રાખી સાધુનો વેશ ધારણ કર્યો હતો. શિવાજીનું શી રીતે શ્રેય થાય એ મનમાં આવ્યા કરતું હતું.

સરયુનું ચિત્ત રઘુનાથસિંહમાં લાગી રહ્યું હતું, મળવાને આતુર થઈ રહી હતી. એવામાં સમાચાર મળ્યા કે રઘુનાથ બંડ ખોર થઓ છે. તેને લશ્કરમાંથી કાઢી મૂક્યો છે! આ ખબર દાસીથી જાણી ચકિત થઈ ગઇ. પછી દાસીને કહ્યુ:—શું રઘુનાથ બળવા ખોર થયો છે? શું રઘુનાથ મુસલમાન સાથે સામેલ થયો છે? નહિ, નહિ, નહિ તું મૂર્ખ છે. તને કોણે કહ્યું! છટ, છેટે જા! શાંત, ધીર સ્વભાવની સરયુને ક્રોધાયમાન થયેલી જોઈ દાસી આશ્ચર્ય પામી, તુરત ત્યાંથી નાશી ગઇ. ઠેર ઠેર એવી વાતો થવા લાગી હતી. વૃદ્ધ જનારધન નેત્રમાં આંસુ લાવી બોલ્યો;—કોણ જાણે આ ઉદાર મૂર્તિ બાળાના મનમાં આવી ક્રુરતા શી રીતે આવી હશે? સરયુ આ સાંભળી બોલી નહિ. તેને રઘુનાથના વીરપણામાં અને સત્યવતમાં અટલ વિશ્વાસ હતો, તેમાં જરા પણ ફેર પડયો નહિ. એક દિવસે સાંજે સરયુ સરોવર તીરે ગઈ હતી. હાથ, પગ ધોઇને ધીરે ધીરે ચિંતાતુર હૃદયથી ઘર તરફ આવતી હતી: તેવામાં એકાએક અંધારામાં જાડો લઠ્ઠ, જટાધારી એક ગોસ્વામી બેઠેલો જોવામાં આવ્યો. તેથી તે જરા આશ્ચર્ય પામી ઉભી રહી. જેમ જેમ ગોસ્વામીને જોવા લાગી, તેમ તેમ તેનું તેજસ્વી શરીર જોઇને તેના હૃદયમાં ભક્તિભાવ ઉત્પન્ન થયો. ઘણીવાર વિચાર કરી બોલી;—બાવાજી! એક અસહાય નારી આપની મદદ લેવા અરજ કરે છે તે ક્ષમા કરશો. બાવાજી-

એ સરયુની સામું જોઇ, જરા સ્થિર ભાવથી ગંભીર સ્વરે કહ્યું;—રમણી! આપનો ઉદ્દેશ હું જાણુંછું. કોઇ યુવક યોદ્ધા વિષે પૂછવા આવ્યાં છો. આથી સરયુ વધારે ભક્તિ પૂર્વક બોલી;—ભગવન્! આપની ગણતરી અસાધારણ છે. જો કૃપા કરીને એની કાંઇ ખબર કહેશો તો આભારી થઇશ. ગોસ્વામી—જગત્માં સર્વ તેને બળવા ખોર જાણે છે. સરયુ—આપના જાણવા બહાર કાંઇપણ નથીજ, ખરી અવસ્થા શી છે તે કહો? ગોસ્વામી—મહારાજા શિવાજીએ તેને બળવા ખોર જાણીને કાઢી મૂકયો છે. આ સાંભળી સરયુનું મુખ મંડળ લાલ થયું; રાતી આંખો કરીને બોલી;—ગોસ્વામી ઠગને દગલબાજ છે એ વાત હું માનીશ, પણ રઘુનાથ બળવાખોર છે એવું કદી પણ માનીશ નહિ! હું હવે જાઉંછું. બાવાજીની આંખ એકદમ ભરાઇ આવી. તેથી ધીરે ધીરે બોલ્યો;—બીજું પણ મારે કાંઇ કહેવું છે. સરયુ—ત્યારે કહો. બાવાજી—મનુષ્યનું હૃદય જાણવું એ મનુષ્યની ગણતરી બહાર છે, યોદ્ધાના હૃદયમાં શું હતું તે જાણવાનો ફકત એકજ ઉપાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, "પ્રેમીનિનું હૃદય પ્રેમીના હૃદયના દર્પણ સ્વરૂપ છે" જો રઘુનાથની કોઇ ખરી પ્રેમીનિ હોય તો તેની પાસે જાઓ, તેના હૃદયનો ભાવ શો છે તે પૂછો. તેના હૃદયની ચિંતા મિથ્યા નથી. બાવો તિવ્ર દૃષ્ટિથી સરયુની તરફ જોતો હતો, સરયુએ આકાશની તરફ જોઇને કહ્યું;—પ્રભુ! તને યાદ આપુંછું, કે તેં મારા હૃદયમાં આક્ષણમાં શાન્તિ કરી દીધી, તે શ્રેષ્ઠ ચરિત્રવાન યોદ્ધાની પ્રેમીનિ થવાની જે આશા રાખે છે, તે જીવતાં સુધી કદી પણ રઘુનાથસિંહના સત્યવતપણામાં સ્થિર વિશ્વાસ છે, તે જરા પણ ઓછો કરશે નહિ." "હૃદયેશ! જગત્ તમારી ગેરવાજબી નિંદા કરે, તો કરવા દો, પણ એક દુઃખીઆરી વિપદ્ અને સંપદ્માં ચિરકાળ તમારાં યશોગાન ગાશે."

સરયુની આંખમાં જળ ભરાઇ આવ્યું, ગોસ્વામીએ બીજી તરફ મુખ ફેરવ્યું હતું, પણ તેને વશ કરી બોલ્યો;—ભદ્રે! આપની વાત સાંભળવાથી જણાય છે કે આપજ તે યોદ્ધાની ખરી પ્રેમીનિ છો, હું દેશો દેશ મુસાફરી કરૂંછું તેથી રઘુનાથની સાથે મારો મેળાપ થવાનો સંભવ છે, આપને તેને કાંઇ કહેવું છે? સરયુ બોલી;—આપની સાથે હમણાં તેમનો મેળાપ થયો હતો? બાવો—રાત્રે દેવીના મંદિરમાં મુલાકાત થઇ હતી. સરયુ—રઘુનાથે હાલ શું કરવાની પ્રતિજ્ઞા લીધી છે? બાવો—પોતાના બાહુ બળથી, પોતાના કાર્ય ગુણથી ગેરવાજબી અપજશ દૂર કરશે અગર તેમાં પ્રાણ ત્યાગ કરશે. સરયુ—ધન્ય છે તેની પ્રતિજ્ઞાને! મહારાજ! જો તેમની સાથે આપને ફરી મુલાકાત થાયતો કહેજો કે "સરયુ ક્ષત્રિય બાળા છે, જીવનના કરતાં યશને વધારે પ્રિય ગણે છે! સરયુ જ્યાં સુધી જીવતી છે ત્યાં સુધી રઘુનાથને કલંક વિનાનો વીર સમજશે અને તેનાજ યશોગીત ગાશે. ઇશ્વર રઘુનાથનો યત્ન જરૂર સફળ કરશે" બાવો—ભગવાન્ તેમજ ક-

રશે ! પરંતુ ભદ્રે ! સત્યનો સર્વદા જય થતો નથી, વિશેષ રઘુનાથ આવા ભારે કામમાં પ્રવૃત્ત થાય છે તેમાં તેનો પ્રાણુ સંશય પણુ છે; સરયુની આંખમાંથી એકદમ આંસુ પડવા લાગ્યાં; પરંતુ તુરત આંસુ લુછી ગર્વથી બોલી;—"રજપૂતોનો એજ ધર્મ છે ! આપ તેને જણાવજો કે જો કર્ત્તવ્ય સાધનમાં આપના પ્રાણુનો વિયોગ થશે, તો આ દાસી આપના યશોગીત ગાતી ગાતી ઉલ્લાસથી પોતાનો પ્રાણુ ત્યાગ કરશે ! " આ પછી બંને થોડીવાર મુગાં રહ્યાં, બાવાની વાચા બંધ થઇ ગઇ હતી. થોડી વાર પછી સરયુએ પૂછ્યું;—રઘુનાથે બીજું કાંઇ આપને કહ્યું છે? બાવો વિચાર કરી બોલ્યો;—આપને પૂછ્યું છે કે મને બળવા ખોર જાણીને જગત ધિક્કારે છે, તોપણુ તમે શું મને હૃદયમાં સ્થાન આપશો ? જગતમાં મારૂં નામ કોઇ ઉચ્ચારશે નહિ; તો પણુ તમે શું મને મનમાં ને મનમાં યાદ કરશો ? જગતમાં શું એક પણુ બળવાખોરને નિર્દોષી તરીકે જાણુશે ? આટલું કહેતાંજ બાવાનો કંઠ બંધ થયો. સરયુ—"મહારાજ ! સરયુ રજપૂત બાળા છે, અવિશ્વાસિની નથી." બાવો—ત્યારે હવે તેના હૃદયમાં દુઃખ થનારૂં નથી. લોકો તેને ખરાબ સમજે છે; તોપણ તે જાણુશે કે એક જણુ હજુ પણુ પોતાના ઉપર વિશ્વાસ રાખે છે ! હવે જવાની રજા આપો. હું આપની વાત રઘુનાથને કહીશ ને તેના હૃદયમાં શાન્તિ કરીશ. સજળ નયને સરયુ બોલી;—"વળી એટલું વધારે કહેજો કે આપના ઉન્નત ઉદ્દેશમાં હું હરકત પુગાડીશ નહિ, હાથમાં તરવાર લઇને યશનો માર્ગ સાફ કરો. જે જગતનો આદિ પુરૂષ છે તે આપને મદદ ગાર થશે. જો આ ઉદ્યમમા કાંઇ અમંગળ થશે, તો આ ચિરવિશ્વાસિની સરયુ તુરત પોતાનો પ્રાણુ ત્યાગ કરશે, " આહા ! કેવો પ્રેમ ! કેવો વીરભાવ ! પ્રેમીને કેવાં વીર વચનો કહી હિંમત આપી ને કર્ત્તવ્ય કર્મ કરવાને ઉશ્કેર્યો ! ! ધન્ય છે વીરબાળા સરયુ તને ! ! !

વાંચનાર તમે જાણી લીધું હશે કે, આ બાવો તેજ સીતાપતિ નામ ધારણુ કરેલો રઘુનાથસિંહ હતો. તે બાવાને વેશે હતો. તેથી સરયુ ઓળખી શકી નહોતી, પણુ બાવો તેને ઓળખી પોતા પ્રત્યે તેનો કેવો ભાવ છે તે જાણી શકયો હતો. આટલી વાત ચિત થયા પછી તુરતજ બાવો જતો રહ્યો; ને સરયુ પોતાના મંદિરમાં આવી હતી. મંદિરમાં આવ્યા પછી વિચાર કરવા લાગી કે શું હૃદયેશે હજી કાર્ય સિદ્ધિ કરી નથી ? હૃદયેશ શું હજી સુધી મને યાદ રાખતા હશે ? હૃદયેશ શું કુશળ છે ? આ વિચાર કરતાં આંખમાં આંસુ આવ્યાં. ધીરે ધીરે ભારે ચિંતાથી શરીર સુકાવા લાગ્યું. જનારધન સરયુના મનની વાત કાંઇ જાણુતો નહોતો; પરંતુ તેના શરીરની સ્થિતિ જોઇ ચિંતાતુર થયો. તેથી તેનું કારણુ શોધવા લાગ્યો. સ્ત્રી આગળ સ્ત્રીના મનની વાત છૂપી રહેતી નથી. સરયુ ઘણુાજ યત્નથી શોકને છુપાવતી છતાં તેની સખીઓ અને દાસીઓએ તેની છૂપી

વાતનું કાંઈક અનુમાન કર્યું હતું. તેથી તે વાત ધીરે ધીરે જનારધનને કાને ગઇ જનારધન સરળ ને નિર્મળ ચરિત્રનો હતો. બ્રાહ્મણોને રજપૂતો વંશ મર્યાદાના અભિમાની હોય છે. જનારધનને તેવું અભિમાન હતું. રઘુનાથ કોનો પુત્ર છે અને કયા કુળમાં જન્મ્યો છે એ જાણતો નહોતો. તે તો તેને એક મરાઠોજ જાણતો હતો, તેના સાંભળવામાં આવ્યું કે, મારી એકની એક પુત્રી એક સામાન્ય મરાઠા સિપાઈ સાથે પરણવા ઇચ્છે છે. બંડખોરની સ્ત્રી થઇ કુળમાં કલંક લગાડવા ચાહે છે. તેથી તેની આંખ લાલ થઇ ગઇ, શરીરે ધ્રુજતો બોલ્યો;—"પાપીણિ! પિશાચીણિ! શું તું કુળને કલંક લગાડવા ચાહે છે? એ વાત કદી નહિ બને?" સરયુએ પીતાનો તિરસ્કાર કંઇ પણ ન બોલતાં સહન કર્યો. જગતમાં એવું એકે દુ:ખ નથી કે, જે પોતાના વ્હાલા પતિને માટે સ્ત્રી સહન કરવામાં પાછી હઠે, સરયુને શોકથી અબોલ જોઇ જનારધન ક્રોધને સમાલી બોલ્યો;—પુત્રી! શું મને તું વૃદ્ધાવસ્થામાં દુઃખ દઇશ? અહા! સાચા સ્નેહ વાળી સરયુ તે સહન કરી શકી નહિ, તુરત પિતાને ગળે વળગી પડી રોવા લાગી. તેથી જનારધન પણ રોવા લાગ્યો. જનારધને સરયુનો વિવાહ કરવાનો નિશ્ચય કર્યો અને તેના પિતાના કુળ ગૌરવની વાતો કહાવી મોકલી. સરયુએ પિતાને તજવીજ કરતો જોઈ તેમને કહાવી મોકલ્યું કે;—"મારે વિવાહ કરવાની ખુશી નથી. નિરંતર અવિવાહિત રહીને આપની સેવા ચાકરી કરીશ," પિતા આ સાંભળી શોકાતુર થયો. ક્રોધથી સરયુને કહ્યું;—હું રજપૂત બ્રાહ્મણછું, રજપૂતની કન્યાનું અપમાન થયેલું જોવા પહેલાં કન્યાના હૃદયમાં કટારી ભોંકવી એવું ચારણોના ગીતમાં સાંભળ્યું છે. આ સાંભળી ધીરે ધીરે સરયુ બોલી;—"પિતાજી! ખરેખર તેવોજ પિતા દયાળુ છે! પિતાજી આપ પણ જો તેવા આચરણથી મારા હૃદયની વેદના શાંત કરશો તો હું જન્મો જન્મ આપની દયાનું કીર્તન કરીશ!" આ સાંભળી પિતાની આંખમાં અશ્રુ આવ્યાં. વગર વિચાર્યે કોઇ અણસમજુઓ સરયુને ખરાબ આલની ગણવા લાગ્યા. આવા ગપાટા સાંભળી જનારધન ગુસ્સાથી તિરસ્કાર કરી બોલ્યો;—પાપીણિ! તારે માટે શું મારે વૃદ્ધાવસ્થામાં કલંકિત થવું? તું શું તારા પિતાના નિષ્કલંક કુળને કલંક લગાડીશ? મારા ઘરમાંથી દૂરથા? ધીરે ધીરે આંખમાં આંસુ લાવી સરયુએ કહ્યું;—પિતાજી! હું મૂર્ખછું, જો આપની પાસે કદી મેં અપરાધ કર્યો હોય તો તે માફ કરજો, હું આપનું અપમાન થાય એવું કદી પણ કરીશ નહિ. હે ઇશ્વર! મારો મદદગારથા! એટલું બોલી ચૂપ રહી.

સરયુ આ વખતે સતર વર્ષની હતી. તે પિતા ન જાણે તેમ રાત્રે હિંમતથી એકલી પિતાનું ઘર તજીને ચાલી નીકળી. એકલી સંસારના વિસ્તીર્ણ સમુદ્રમાં કુદી પડી, નીરા નદીને કાંઠે એક ગામમાં આવી. નદીને કિનારે ગામથી થોડે છેટે એક ઝુંપડી હતી, તેમાં એક પૈસા પાત્ર ખેડુત રહેતો હતો. તે ગામમાં

આબરૂદાર ગણાતો હતો. તે ખેતીની સાથે વેપાર અને સરાફનો ધંધો પણ કરતો હતો. ઘરમાં સમૃદ્ધિવાળો હતો. તેનું નામ ગોકર્ણ હતું. તેની સ્ત્રી છોકરાં પણ સારા સ્વભાવનાં હતાં. ગોકર્ણનું અંતઃકરણ સરળ અને સ્નેહ યુક્ત હતું. તેણે નિરાશ્રય રજપૂત પુત્રીને દયાથી પોતાના ઘરમાં આશ્રય આપ્યો. ગોકર્ણની સ્ત્રી પણ સ્વામીના જેવીજ સ્વભાવની હતી. તે પોતાની પુત્રીની પેઠેજ સરયુનું લાલન પાલન કરતી. સરયુના કામકાજ અને માયાળુ સ્વભાવથી તેમનો પ્રેમ વધ્યો. તેઓ સરયુ ઉપર પ્રસન્ન રહેવા લાગ્યાં. ગોકર્ણને એક પુત્ર હતો તે શિવાજીની પાસે સિપાઇગીરીનું કામ કરતો હતો. એક પુત્રી હતી તે નાની હોવાથી માતા-પિતા તેને ઘણું ચાહતાં હતાં. સરયુ ઘરનું કામ કરતી તેથી ગોકર્ણની સ્ત્રી કહેતી કે;—બેટા ! તું પ્રતિષ્ઠિત માણસની પુત્રી છે, આવું મહેનતનું કામ કર્યાથી તારૂં શરીર રહેશે કેમ ? તારે આવું કામ કરવું નહિ હું કરીશ. સરયુ સ્નેહથી જવાબ દેતી;—મા ! તમે મારે માટે જેવો યત્ન કરોછો તેવો યત્ન તમારા કામને માટે મારાથી થતો નથી હું જન્મો જન્મ તમારી સેવા કરીશ, તમો મારા ઉપર સ્નેહ રાખજો. ગોકર્ણની સ્ત્રીની આંખમાં આંસુ લાવી બોલી;—સરયુ બેટા ! મેં તારા જેવી છોકરી કદી જોઇ નથી. તને ધન્ય છે ! તેવામાં ગોકર્ણ ઘેર આવ્યો, તેણે ખબર આપ્યા કે;—શિવાજી દિલ્લીથી આવ્યો છે. તેથી પુત્ર ભીમજી હવે થોડા દિવસમાં આવશે. ભીમજી રઘુનાથ હાવિલદારના હાથ નીચે કામ કરતો હતો. રઘુનાથસિંહના પણ ખબર મળ્યા કે;—રઘુનાથસિંહ વેશ બદલો કરીને દિલ્લી ગયો હતો. ત્યાં તેણે પોતાની હુશિયારથી શિવાજીનો કેદમાંથી ઉદ્ધાર કર્યો છે. પોતે સંપૂર્ણ નિર્દોષ છે, એવું સાબિત કરી આપ્યું છે. શિવાજીએ રઘુનાથને ભાઈ જેવો ગણી આલિંગન આપી પાંચ હજાર ઘોડેસ્વારનો સેનાપતિ બનાવ્યો છે. સર્વ ઠેકાણે આ વાત ચાલી રહી છે. તેના વીરત્વની વાતો સાંભળી સૌ તેને ધન્યવાદથી વધાવી લેછે. સરયુ આ સાંભળી આનંદ પામી. તેનું હૃદય ઉલાસથી ઉછળવા લાગ્યું, પરંતુ નાથ હજુ કેમ ન આવ્યા ? શું મને વિસરી ગયા હશે ! આ વિચારની ચિંતાથી શરીર ક્ષીણ થવા લાગ્યું. એક દિવસે નદી કિનારે બેસી વિચાર કરવા લાગી;—"વિધાતા જો મને હમેશની દુઃખી કરત, કાયિક પરિશ્રમથી જો જીવન ધારણ કરવું પડત, ભાંગી તૂટી ઝુંપડીમાં જો રહેવું પડત, ભીખ માગીને જો દિવસ ગાળવા પડત; તોપણ હૃદયેશ ! તમને મેળવીને હું એ સર્વ ખુશીથી સહન કરત ! પિતાએ મને દૂર કરી છે, માતાએ બાલ્યકાળથી તજી છે, હૃદયનાથ ! તે મેં સહન કર્યું છે ! લોકોએ મને કલંકિની કહી છે. નાથ ! તે પણ મેં સહન કર્યું છે ! જગતમાં એવું શું છે જે તે આ અભાગિની તમારે માટે સહન કરી નહિ શકે ? રોગ, શોક, પરિતાપ, વગેરે જે કાંઇ દુઃખ આવી પડશે, તોપણ તે હું નાથ ! તમને મેળવી સહન કરી શકીશ, પરંતુ મારૂં જીવન હજી સુધી

ધન્ય છે ! નાથ ! ચિરંજીવી થાઓ ? તમારો યશ, તમારૂં માન જગતમાં વિસ્તાર પામો. આ અભાગિણીને વિદાયગિરી આપો. મારે હવે વધારે દિવસ જીવવાની ઇચ્છા નથી. જગદીશ્વર તમોને સુખમાં રાખો." એટલું બોલી દીર્ઘ નિશ્વાસ નાંખી અશ્રુ પાડતી બોલી;—"બાલ્યકાળે માતાને ગુમાવી છે, યૌવનમાં ધર્મપરાયણ પિતાને ગુમાવ્યો છે. નાથ ! આજે તમે પણ આ અભાગિણીને પગની ઠેસે મારી છે. તમારી નિંદા કરતી નથી, જીવતા સુધી હું તમારી નિંદા કરીશ નહિ, મારાજ ભાગ્યદોષથી હું તમોને મેળવવા પામી નથી. હુંજ હમેશની અભાગિયણછું." આટલું બોલી મૂર્છિત થઇ પડી, ધીરે ધીરે શીતળ વાયુથી શુદ્ધિમાં આવી બેઠી.

ચંદ્રરાવનાં કપટ ખુલ્લાં પડયાં, તે રઘુનાથને ફરી મારવા ગયો હતો, તે શિવાજીએ નજરે જોતાં તેને પકડયો ને મોતની શિક્ષાનો હુકમ કર્યો, પરંતુ રઘુનાથસિંહે મોટું મન બતાવી તેને છોડી મૂકવાની પ્રાર્થના કરી. તેથી શિવાજીએ તેનું માન રાખી એ દુષ્ટને હદપાર કરવાનો હુકમ કર્યો, પણ રઘુનાથસિંહના ઉપકાર તળે નહિ આવવાનું બોલી, તેને લાત મારી ને પોતાના કટારી વડે પોતાનો પ્રાણ ત્યાગ કર્યો, લક્ષ્મી પતિ સાથે બળી ભસ્મ થઇ. વૃદ્ધ જનારધન પોતાની એકની એક વ્હાલી પુત્રીને ગુમાવી ગાંડા જેવો થઇ ગયો હતો. તે શોધતો શોધતો ગોકર્ણને ત્યાં આવ્યો અને સરયુને મળી આનંદાશ્રુપાડી બોલ્યો;—સરયુ ! સરયુ ! તારા જેવી પુત્રી રત્ન મેં કયાંએ જોઇ નથી. અરેરે ! મેં તારા જેવી પવિત્ર હદયની પુત્રીનો કેમ ત્યાગ કર્યો ? તારો ત્યાગ કરીને શું હું જીવન ધારણ કરી શકીશ?" સરયુ પિતાને ગળે વળગીને રોતી બોલી;—પિતાજી ! મારો અપરાધ ક્ષમા કરો. હવે હું જીવતાં સુધી કદી તમને છોડીશ નહિ." જનારધને સાંભળ્યું હતું કે, રઘુનાથસિંહ રજપૂત સંતાન છે, રાઠોડના ઉચ્ચકુળમાં ગજપતિસિંહનો પુત્ર છે. રઘુનાથ બંડખોર નહિ, પણ શિવાજીનો સાચો હિતેસ્વી છે. તેપોતાના મહાભારતકાર્યને વીરપણાથી શ્રેષ્ટતાને પામ્યો છે, શિવાજીએ ભાઇ કર્યો છે; વગેરે જાણી ઘણો આનંદિત થયો હતો. તે પોતાની વીર પુત્રી તેનેજ યોગ્યધારી તે સાથે પરણાવવાને આતુર થયો. સરયુને ગોકર્ણને ત્યાંથી તેડી તોરણા કિલ્લામાં આવ્યો. રઘુનાથસિંહ પણ સરયુને મળવાને આવ્યો; ત્યાં શાસ્ત્રવિધાએ લગ્ન કર્યાં. સરયુના સુખનું કોણ વર્ણન કરી શકે? ચારવર્ષથી તેણે જે દેવકાન્તિનો જપ કર્યો હતો, તે પુરૂષ દેવને પોતાના કોમળ હસ્તમાં ધારણ કર્યો; ત્યારે સરયુ સુખમાં ઉન્માદિની થઇ. જસવંતસિંહે જાણ્યું કે રઘુનાથસિંહ મારા પ્રિય સેનાપતિ ગજપતિસિંહનો પુત્ર છે, ત્યારે તેણે ખુશી થઇને તેના પિતાની જાગીર આપી; તેમ બીજી જાગીરનો પણ માલેક બનાવ્યો; પરંતુ શિવાજીએ તેને દેશમાં જવા નહિ દેતાં પોતાની પાસેજ રાખ્યો. તેમના મરી ગયા પછી શંભાજીના જુલમને લીધે સ્વદેશમાં આવી રહ્યો; સરયુ પતિવ્રતા સ્ત્રી હતી. તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને સુખ અને

સંતોષ આપતી. પતિ પત્નીનાં મને મન અને હૃદયે હૃદય પ્રેમથી એક રૂપ જેવાં થઇ ગયાં હતાં. સરયુ પતિને રાજકાર્ય અને યુદ્ધ પ્રસંગે સલાહ અને સહાયતા આપવા ઉપયોગી થઇ પડી હતી. તે યુદ્ધકળામાં યુક્તિબાજ અને વીર ભાવના-વાળી હતી. પતિને યુદ્ધ કાર્યમાં યશ મેળવવાને વીરજુસ્સાથી ઉશ્કેરતી. તેની આવી ઉશ્કેરણીને લઇ રઘુનાથસિંહે ઘણી લડાઇઓમાં યશ મેળવ્યો હતો; વગેરે તેના મહત્તગુણો જોઈ સૌ છક થતાં હતાં. આ પતિ પત્નીમાં અત્યંત પ્રેમ હતો. આવો અપૂર્વ પ્રેમ જોઇ લોકો તેમને પ્રેમની સાક્ષાત્ મૂર્તિરૂપ કહેતાં હતાં. અહો ! સરયુ ખરેખર પતિપ્રાણા વીર સ્ત્રી હતી, તેણે મનથી જેને પતિ માની લીધો, તે બંડખોર ઠરી નબળી સ્થિતિમાં આવ્યો, તોપણ તેનેજ પ્રેમથી વળગી રહી, પિતાએ તિરસ્કાર કરી ત્યાગ કર્યો, અનેક સંકટ સહન કરવાં પડયાં, તોપણ અંતે તેનેજ પરણી પોતાનો ખરો પ્રેમભાવ બતાવ્યો અને પતિ પત્નીમાં કેવો નિર્મળ પ્રેમ જોઇએ, તે જગતને બતાવી આપી સુદષ્ટાંતરૂપ અક્ષય કીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે સરયુ તને ! અને ધન્ય છે તારા પ્રેમને !!!

ચંચળકુમારી.

આ અતિ પ્રસિદ્ધ પતિવ્રતા-વીર સ્ત્રી રાજપૂતાણામાં આવેલા રૂપનગરના રાજા વિક્રમસિંહની પુત્રી હતી. એ મહારૂપ સૌન્દર્યવાન, તેજસ્વી, હિંમતવાન, નિડર, તિવ્રબુદ્ધિની, આગ્રહી, ટેકીલી, ધાર્મિક, નીતિવાન, ચાલાક, ચતુર, ઉત્સાહી, પતિવ્રતા અને વીર સ્ત્રી હતી. એક વખતે પોતાના સુશોભિત સુંદર મહેલમાં પોતાની સખીઓ સાથે બેસી આનંદ કરતી હતી. તેવામાં એક ડોસી ચિત્રો વેચવાને આવી. તેની પાસે હાથીદાંતના પાટીયાપર ચિતરેલાં નાનાં ચિત્રો બહુ ઉમદા હતાં. ડોસી ચિત્રો બતાવી એ કોનાં કોનાં છે, તેનું વર્ણન કરતી હતી. પરંતુ યુવાન બાળાઓ ચિત્રો જોઇ એક બીજાની મશ્કરી કરી હસાહસ કરવા લાગી. તેથી ડોસી ગાભરી થઇ ગઈ. તેણે પોતાનાં ચિત્રો ઢાંકી દઇ કહ્યું કે;—ચિત્રો હું રાજકુમારીને માટે લાવી છું તે આવશે ત્યારે વાત. એવામાં એકાએક ચંચળકુમારી તે ઓરડામાં આવી ઉભી રહી. હસવાનો ખડખડાટ કમી થઇ ગયો, ગડબડાટ બંધ પડયો અને સૌ શાન્ત થયાં. આ જોઇ ડોસી એમ થવાનું કારણ કાંઇ સમજી શકી નહિ. તેથી એ શું છે, તે જોવાને તેણે પાછળ ફરી જોયું તો તેની પાછળ જાણે એક દેવીની મૂર્તિ ઉભી રહી હોય એવું તેને જણાયું. ડોસી એકી ટશે પગથી માથા સુધી સુંદર, શોભાવાળી, અને જાણે સફેદ પથ્થરમાંથી બનાવી કાઢી હોય, તેવી મૂર્તિના ચ્હેરા સામું જોઇ રહી અને થોડીવાર તેનું સૌંદર્ય જોઇ સ્તબ્ધ બની

ગઇ! તેની ખૂબસુરતીનાં દર્શન થતાંજ તે તેને પગે પડી. રાજકુમારીએ તેની બધી છબીઓ જોવાની ઇચ્છા બતાવી. તેથી તેણે એક પછી એક દેખાડવા માંડી. અકબર, જહાંગીર, શાહજહાં, અને નૂરજહાંની છબીઓ બતાવી. રાજકુમારીએ હસતાં હસતાં તે બધી જોઇ ડોસીને પાછી આપીને કહ્યું કે;—કોઇ હિંદુ રાજાઓની છબીઓ છે? હોય તો બતાવ. ડોસીએ રાજા માનસિંહ, રાજા બીરબલ, રાજા જગતસિંહ, વગેરેનાં ચિત્રો બતાવ્યાં. રાજપુત્રીએ તે પણ પાછાં આપી કહ્યું કે;—"એ પણ મારે લેવાં નથી, એ બધા હિંદુ નથી, એતો મુસલમાન પાદશાહના નોકર છે." તે પછી ડોસીએ રાણા પ્રતાપ, રાણા અમરસિંહ, રાણાકર્ણ, અને જસવંતસિંહ વગેરેની બતાવી. તેમાંથી કેટલીક પસંદ કરી લીધી, પણ એક છબી ડોસીએ ઢાંકી અને બતાવી નહિ. કુંવરીએ પૂછયું—"એ છબી ઢાંકી કેમ રાખી છે?" ડોસીએ બીકથી હાથ જોડી કહ્યું;—"એ છબી બતાવતાં સરત ચૂકથી ભૂલી ગઈ. "એ છબી જોવાનું તમારૂં કામ નથી, તમારા કુળના શત્રુની એ છબી છે." રાજકુંવરી—કોની છબી છે? ડોસી—રાણા રાજસિંહની. રાજકુંવરીએ હસીને કહ્યું;—"બહાદુર માણસો કદી પણ સ્ત્રી જાતિના શત્રુ હોયજ નહિ. એ છબી હું રાખીશ." એ ઉપરથી ડોસીએ રાજસિંહની છબી તેના હાથમાં આપી. તે લઇ તેણે ઘણો વખત ધારી ધારીને જોવા માંડી. જોતાં જોતાં તેનો ચ્હેરો પ્રફુલ્લિત થતો ગયો, આંખ વધારે ઉઘડતી ગઇ. આવો તાલ ભાવ જોઇ, તેની એક સખીએ તે છબી જોવા માગી, તેના હાથમાં છબી આપતાં આપતાં રાજકુમારીએ કહ્યું;—"જો, જો, એ છબી જોવા લાયક છે." એક પછી એક સર્વ સખીઓએ તે જોઇ તેનાં ઘણાં વખાણ કર્યાં. આવો સારો લાગ જોઇ ડોસીએ તે છબીપર બમણો નફો લીધો. પછી જરા લોભ લાગવાથી બોલી;—"કુમારી! તમોને જ્યારે બહાદૂર પુરૂષોની છબીઓજ ખરીદવાનું મન છે, ત્યારે એક બીજી પણ બતાવું, આના જેવો દુનિયામાં બીજો બહાદૂર કોણ છે?" એમ કહી ડોસીએ ઔરંગજેબ પાદશાહની છબી બતાવી. રાજકુમારી—"ઠીક છે એ પણ લઇશ." એમ કહી એક દાસીને ખરીદેલાં ચિત્રોની કીમતના પૈસા લાવી આપવા મોકલી. દાસી પૈસા લેવા ગઈ. એ અરસામાં રાજપુત્રીએ પોતાની બેનપણીઓને કહ્યું કે;—"આવો, જરા ગમ્મત ઉડાવીએ." ઠઠ્ઠા પ્રિય સખીઓ બોલી;—બોલો, બોલો શી ગમ્મત?" કુમારી—"આ ઔરંગજેબ પાદશાહની છબીને હું જમીનપર મૂકું છું, બધા એના મ્હોડાપર ડાબા પગની એક એક લાત મારો. વારૂ, જોઇએ કોની લાતથી એનું નાક ભાંગે છે." બીકને મારે રાજકુમારીની સખીઓના ચ્હેરાનો રંગ ઉડી ગયો. એક જણીએ કહ્યું;—"એવું બોલશો નહિ; એ કાગડો જાણશે તો રૂપનગરના કિલ્લાપર એક પથ્થર પણ રહેવા દેશે નહિ."

આ સાંભળી રાજકુમારી હસી પડી, ને છબી ભોંયપર મૂકી બોલી;—"ચાલો, કોણ લાત મારે છે? જેને મારવી હોય તે મારો." કોઇએ પણ પહેલ કરી નહિ, પણ ચંચળકુમારીએ, પોતાનો શરણાગારથી શોભિતો સુંદર ડાબો પગ ધીરે ધીરે ઔરંગજેબના મ્હોડાપર મૂક્યો, પછી તેને જરા હલાવ્યો-દાબ્યો, કરડ કરડ શબ્દ થયો, ને તે છબી રાજપૂત કન્યાના પગ તળે છૂંદાઇ ગઇ. સખીઓ ધ્રુજી બોલી;—"આ શું કર્યું?" રાજકુમારીએ હસીને કહ્યું;—"જેમ છોકરાંઓ પૂતળાં સાથે રમી, સંસારનો લ્હાવો લેવાની પોતાની ઇચ્છા પૂરી પાડે છે, તેમ મોગલ પાદશાહના મ્હોડાપર લાત મારવાની મારી ઇચ્છા મેં પરીપૂર્ણ કરી છે." પછી પોતાની સખી **નિર્મળ** તરફ જોઇ બોલી;—"બેન! છોકરાંઓની ઇચ્છા પૂરી પડે છે અને વખત આવ્યે તેમને તો ખરેખરો દુનિયાનો લ્હાવો મળે છે, પણ શું મારી ઇચ્છા પરીપૂર્ણ થશે? શું હું પણ ખરેખરા ઔરંગજેબના મ્હોડાપર આ પ્રમાણે......આ સાંભળી ડોસીનું હૈયું તો ધડકવા લાગ્યું. જ્યાં આવી જીવલેણ વાતો થાય છે ત્યાંથી ક્યારે છૂટકો થાય, તેની રાહ જોવા લાગી. એટલામાં દાસીએ આવી પૈસા આપ્યા; જેવા પૈસા મળ્યા કે તુરતજ એક શ્વાસે ડોસીએ નાશવા માંડયું. ડોસી આગ્રામાં રહેતી હતી, તે ચિત્રો વેચવાને દેશપરદેશ ફરતી હતી. રૂપનગરથી તે ઘેર આવી, તો પોતાનો છોકરો પણ આવેલો દીઠો. એ છોકરો દિલ્લીમાં દુકાન માંડતો હતો. ડોસીએ એક દિવસે રૂપનગરની રાજકુમારીની ખૂબ સુંદરતા અને ઔરંગજેબની છબી ભાંગવાની વાત કહી બતાવી. તે છોકરે દિલ્લી આવ્યા પછી એ વાત પોતાની સ્ત્રીને કહી. તેની સ્ત્રીએ દરિયાબીબી નામે એક સુરમો વેચનારીને કહી. તે દરીયાબીબીને પાદશાહના જનાનામાં જવાનો પરવાનો હતો. તે આવી આવી અનેક છુપી વાતો જાણતી તે પાદશાહની શાહજાદી **ઝેબ—ઉન્—**નિસાને જઇ કહેતી ને બખશીસ મેળવતી. **ઝેબ—ઉન્—**નિસા પાદશાહની વ્હાલી પુત્રી હતી, પણ તે દુરાચારી અને રાજ્યમાં કરતા હરતા હતી. પાદશાહ પાસે તેનું ચલણ વધારે હતું. તેણે ફરતા કેટલાક જાસુસો રાખ્યા હતા. એક ખ્રિસ્તી સ્ત્રીને દારાએ રાણી કરી હતી. દારા ગુજરી જતાં પાદશાહ ઔરંગજેબે તેને પોતાની બેગમ બનાવી હતી. તેને ઉદેપૂરી બેગમના નામથી બોલાવતા હતા. આ ઉદેપૂરી બેગમનું માન પાદશાહ પાસે ઘણું હતું. તે બેગમ બહુજ મસ્ત અને દારૂબાજ હતી. દરિયાબીબીએ રૂપનગરની રાજકુમારીની વાત **ઝેબ—**ઉન્—નિસા પાસે આવી કહી. **ઝેબ—**ઉન્—નિસાએ ઉદેપૂરી બેગમ પાસે આવી સઘળી વાત કહી. ઉદેપૂરી બેગમે આ સઘળી વાત પાદશાહને કહી. પાદશાહ આ સાંભળી ગુસ્સે થયો. તેને બેગમે જણાવ્યું કે;—"એ રૂપનગરની રાજકુમારી અહીં આવી મારો હુક્કો તૈયાર કરી આપે, એવી મારી ખાહેશ છે. ઔરંગજેબે સોગંદપર કબૂલાત આપી કે, હું તેમ કરીશ." બીજે દિવસે પાદશાહે

રૂપનગરના રાજા વિક્રમસિંહ ઉપર કપટપણાથી ભરેલો હુકમ લખ્યો. તેમાં ચંચળ કુમારીને પોતાની વેરે પરણાવવાની માગણી કરી. આ ખબર રૂપનગર પહોંચતાંજ ત્યાં મોટી ગડબડાટ થઇ રહી. જોધપુર, અંબર વગેરેના રાજાઓએ પોતાની કન્યા મોગલ પાદશાહોને પરણાવી હતી. એ જોઇ વિક્રમસિંહ પણ પોતાની કન્યા આખી પૃથ્વીની રાણી-બેગમ થાય એ મોટા સુભાગ્યની વાત સમજ્યો! રાજા, રાણી અને નગરવાસીઓ વગેરે સઘળાં હર્ષ ઘેલાં થઈ ગયાં, પણ માત્ર ચંચળકુમારીની સખીઓને આનંદ થયો નહિ. તે જાણતી હતી કે મોગલોને ધિક્કારનારી ચંચળકુમારી આમાં રાજી નથી.

આ વાતની ખબર દિલ્લીમાં પણ ફેલાઇ હતી. પાદશાહના રંગ મહેલમાં પણ પસરી ગઇ હતી. આ વાત જોધપૂરી બેગમને કાને જતાં તે બહુ દીલગીર થઇ ગઇ. પોતે હિંદુની કન્યા હતી, તે જો કે મુસલમાનને ત્યાં આવી હતી અને આખા દેશની પટ્ટરાણી થઇ હતી; તોપણ તેથી તેના મનને સુખ થતું નહોતું. ઔરંગજેબના જનાનામાં પણ પોતે પોતાનો ધર્મ પાળતી. તેની સેવામાં હિંદુ દાસીઓ હતી; હિંદુ સિવાય બીજા કોઇની રસોઇ તે જમતી ન હતી; એટલુંજ નહિ પણ ખૂદ મોગલ શહેનશાહના જનાનામાં પણ હિંદુ દેવતાની સ્થાપના કરી તેની પૂજા કરતી હતી. મૂર્તિઓનો કટ્ટામાં કટ્ટો શત્રુ ઔરંગજેબ પોતાના જનાનામાંજ આવું થવા દેતો હતો. તે ઉપરથી સાબિત થાય છે કે, જોધપૂરી બેગમપર પણ તેનું હેત હતું. જોધપૂરીને ઉપલી વાતની ખબર પડી. તેથી પોતે પાદશાહ પાસે એકદમ ગઇ, નમ્રભાવે વિનંતિ કરી કહ્યું;—" શહેનશાહ! જેની આજ્ઞાથી મોટા રાજ રાજેશ્વરોને ગાદી છોડી જવું પડે છે, તેના ક્રોધને યોગ્ય શું એક સાધારણ બાળકી કહેવાય ? " ઔરંગજેબ જરા હસ્યો, પણ કાંઇ બોલ્યો નહિ. તેથી ત્યાં બિચારી બેગમનું કાંઇ વળ્યું નહિ. એ જોઇ જોધપૂરી મનમાં વિમાસવા લાગી અને બોલી;—" હે ભગવાન્! મને વિધવા કરે તો બહુ સારૂ! આ રાક્ષસ જો વધારે જીવ્યો તો હિંદુના નામનો તો નાશજ થવાનો!" તેની પાસે દેવી નામે વિશ્વાસુ દાસી હતી તે જોધપૂરથીજ તેની જોડે આવી હતી. તે હવે મુસલમાની શહેરમાં વધારે વખત રહેવા ઇચ્છતી નહોતી. તેમને જોધપૂરીએ દેશમાં જવાની રજા આપી કહ્યું;—" તું રૂપનગર જા, ત્યાં જઇ રાજકુમારીને કહેજે કે હિંદુની કન્યા થઇ, મુસલમાન પાદશાહને ઘેર આવીશ નહિ. હું આવી છું, પણ રોજ મોત માગું છું. છબી ભાંગવાની વાત પાદશાહને કાને આવી છે અને તેની સજા કરવાને તને બોલાવે છે. પાદશાહે પોતે એવી પ્રતિજ્ઞા લીધી છે કે, રૂપનગરવાળી પાસે ઉદેપૂરીનો હુક્કો ભરાવવો. જોઇએ તો ઝેર ખાજે, પણ દિલ્લી આવતી નહિ. તું કોઈ પ્રકારની બીક રાખીશ નહિ. દિલ્લીનું સિંહાસન ડોલવા માંડયું છે. દક્ષિણમાં મરેઠાઓ મોગલોનાં હાડકાં ભાંગે

છે, રજપૂતો એકઠા થાય છે; જઝીયાકરની જ્વાળાથી આખું રાજપૂતાણુ સળગી ઉઠયું છે; રાજપૂતાણુામાં ગૌહત્યા થવા માંડી છે; એ થતી હત્યા કયા રાજપૂતથી સહી શકાય? બધા રાજપૂતો એકત્ર થાય છે, ઉદેપૂરનો રાણો વીર પુરૂષ છે. તેનાં જેવો બહાદૂર નર મોગલો કે તુર્કોમાં એક પણ નથી. જ્યારે તે પોતે રાજપૂતોનો નાયક થઇ હાથમાં હથિયાર લેશે, જ્યારે એક તરફ શિવાજીને એક તરફ રાણા રાજસિંહના હથિયારોનો ખણખણાટ થશે, ત્યારે દિલ્લીનું સિંહાસન કેટલા દહાડા ટકી રહેશે?" દેવી—"એવી વાત કરશો નહિ. માજી સાહેબ! દિલ્લીનું તખ્ત તો આપના પુત્રને માટે છે. પોતાના પુત્રને મળવાની જે ગાદી તે તોડવાની આપ સલાહ આપો છો?" બેગમ—"હું એવી આશા રાખતી નથી કે મારો પુત્ર દિલ્લીના તખ્તપર બેસે. જેટલો વખત રાક્ષસી ઝેબ—ઉન્—નિસાને ડાકણી ઉદેપૂરી બેગમ જીવતાં છે, તેટલો વખત આશા રાખવી ફોકટ છે. એ બધી વાત સંભાળવાની નથી." વળી રાજકુમારીને કહેજે કે,—"રાજસિંહને શરણે જા, રાજસિંહ તને સહાય આપવાની ના નહિ કહે; મારો તને એવો આશિર્વાદ છે કે, તું રાણાની સ્ત્રી થઇ રહેશે અને રાણી થઇ એવી પ્રતિજ્ઞા કરજે કે, 'ઉદેપૂરી બેગમ તારો હુક્કો ભરે અને ઝેબ—ઉન્—નિસા તારા પગ ચાંપે.' "લે આ મારો પંજો તે તું બતાવજે; એટલે તે તારો વિશ્વાસ કરશે." એમ કહી તેને વિદાય કરી.

ચંચળકુમારી પાદશાહનો હુકમ આવવાથી એક દિવસે દીલગીરીમાં બેઠી રડતી હતી. તેના હાથમાં રાજસિંહની છબી હતી. તેવામાં નિર્મળ આવી બોલી;—"હવે એનો કાંઇ ઉપાય?" ચંચળ—ઉપાય જે હોય તે ખરો? પણ હું મોગલની દાસી તો કદી થવાની નથી. નિર્મળ—તમે દિલ્હી જશો નહિ, તેથી તમારા પિતાની શી દશા થશે તેનો જરા પણ વિચાર કર્યો છે? ચંચળ—હા, વિચાર કર્યો છે કે કોઇ રીતે પિતાના મોતનું કારણ ન થઇ પડવું. જ્યારે પાદશાહની ફોજ આવશે કે તુરત હું તેની સાથે દિલ્હી જવા નીકળીશ, પણ શું હું દિલ્હી જઇ તે યવન વાંદરાની શય્યા પર શયન કરીશ? શું હંસી કોઇ દહાડો બગલાની સેવા કરે ખરી કે? હું દિલ્હીને રસ્તેજ ઝેર ખાઇ મરીશ." નિર્મળ—શું એ સિવાય બીજો કોઇ ઉપાય નથી? રાજકુમારી—"રાણા રાજસિંહ ગરીબોનો નાથ અને અનાથોનો રક્ષક છે. શું હું એને શરણે જઇશ તો એ મારૂં રક્ષણ નહિ કરે?" નિર્મળ બહુ સ્થિર બુદ્ધિવાળી ચાલાક, યુક્તિબાજ અને હિંમતવાન હતી. ચંચળકુમારીની સર્વ સખીઓમાં તે મુખ્ય હતી, એ તેની બેન જેવી હતી. તેણે વિચાર કરી જોયું તો ચંચળકુમારીના ચ્હેરાપર પલકે પલકે સુખ, લજ્જા, સૌંદર્યતા વગેરેના નવા નવા ભાવ એક પછી એક દેખાવા માંડયા. તે જોઇ બોલી;—"રાજસિંહના હાથમાં જોર પણ પુષ્કળ છે, તે ઘણો વીર અને શાણો રાજા છે.

તેનુંજ રક્ષણ માગવું યોગ્ય છે. એવો વિચાર કરે છે; તેવામાં દિલ્હીથી જોધપુરી બેગમનો સંદેશો લઇ દેવી આવી. તેણે પંજો બતાવી સર્વ વાત કહી બતાવી. ચંચળકુમારી આ સાંભળી વધારે ઉમંગમાં આવી. તેની હિંમત અને સાહસમાં વધારો થયો. રાજસિંહનો આશ્રય લેવો એજ સારી વાત છે; એવો દૃઢ નિશ્ચય થવાથી એક કાગળ લખ્યો. ગોર અનંતમિશ્રને બોલાવ્યો તેમને કાગળ અને એક અપૂર્વ શોભાવાળો મોતીનો હાર આપી જણાવ્યું કે;—"રાણાજી કાગળ વાંચી રહે કે, પછી મારા પ્રતિનિધિ તરીકે તમે આ હાર તેમના કંઠમાં આરોપજો તે રાજપૂત કુળનો દીવો છે, તે રાજપૂત કન્યાની મોકલેલી માળા ન લે એવું કદી બનવાનું નથી" ગોર મિશ્રદેવે તેમ કરવાની હા પાડી. રાજકુમારીએ પ્રણામ કર્યા; મિશ્રદેવ ચાલતો થયો. માર્ગમાં વાણિયાના વેશમાં ચાર મુસાફર મળ્યા. મિશ્રદેવ તેમને સથવારે ચાલ્યો. એક પછી એક પર્વતો ને ખીણો ઓળંગતા ઝાડીઓમાં આવ્યા. રાણાજીની સરહદ આવી. મિશ્રદેવે પૂછ્યું હવે ઉદેપૂર કેટલે દૂર છે? ત્યારે ચારમાંના એકે કહ્યું અહીંથી હવે થોડે દૂર છે. એમ વાત કરતા કરતા એક પર્વતની ખીણમાં આવ્યા; ત્યાં વાણિયાના વેશમાં રહેલા ચોરોએ મિશ્રદેવને ઝાડ સાથે બાંધ્યો અને તેની પાસેનું સર્વ લૂટી લીધું ત્યાંથી નાસી ઝાડીમાં એક ગુફાની અંદર છૂપાઈ રહ્યા. આ બધુ પર્વત પર ઉભો ઉભો એક ઘોડેસ્વાર જોતો હતો, પણ પેલા ચોરોની દૃષ્ટિ તેનાપર નહોતી. ઘોડેસ્વારે બ્રાહ્મણને લૂટાતો જોયો. તેથી બ્રાહ્મણનું રક્ષણ કરવું એ પોતાનો ધર્મ સમજી તુરત પર્વત પરથી નીચે ઉતરી આવી તેને બંધનથી છોડયો. તેમને પૂછ્યું કે તારૂં શું શું ગયું છે, તેણે કહ્યું;—"એક મોતીનો હાર, કાગળ અને થોડા સોના મહોર એટલું ગયું છે. રાજપૂત યોદ્ધો બ્રાહ્મણને ત્યાંજ બેસી રહેવાનું કહી, જે તરફ પેલા લૂટારા ગયા હતા, તે તરફ તેને શોધતો શોધતો ગયો. જે ગુફામાં તેઓ હતા ત્યાં આવ્યો. દ્વારની બહાર એક બાજુ ઉભા રહી તેઓ શું કરે છે એ સર્વે જાણી લીધું. તેઓએ સોના મહોર વહેંચી લીધી હતી; કાગળને સળગાવી દેવાની અને હારને વહેંચી લેવાની વ્યવસ્થા કરતા હતા, તેવામાં ગુફાના દ્વારને વાંસો દઈ જે અંદર બેઠો હતો, તેનું એકદમ જઇ તરવાર વડે શીશ ઉડાવી દીધું, પડખે બીજો બેઠો હતો તેને બંદૂકની ગોળીથી વીંધી નાંખ્યો, ત્રીજાને તમાચાથી બેશુદ્ધ કર્યો અને ચોથો જીવ લઇ નાઠો. તેને પાછળ રાજપૂત યોદ્ધે જઈ પકડયો. તે લૂટારે કહ્યું;—"મહારાજાધિરાજ! મને જીવિતદાન આપો, મારૂં રક્ષણ કરો, હું આપને શરણે છું." યોદ્ધે તરવાર નીચી કરી દીધી; લૂટારાએ રડવા માંડયું. પછી આંખ લૂછી નાંખી બોલ્યો;—"મહારાજ! આપના ચરણના હું સમ ખાઉંછું કે હવેથી કોઇ દહાડો લૂટારાપણું કરીશ નહિ. જીવતાં સુધી આપનું દાસત્વ કરીશ અને જીવતો રહીશ તો કોઇ નહિ તો કોઇ દહાડો પણ આ નોકર આ ઉપકારનો બદલો આપને

વાળી આપશે." રાજપૂત યોદ્ધે કહ્યું;—"તારૂં નામ શું અને તું શી નાતે છો ? લૂટારો—"મારૂં નામ માણેકલાલસિંહ અને હું રાજપૂત છું." યોદ્ધો—તું મને ઓળખે છે ? લૂટારો—"મહારાણાશ્રી રાજસિંહને કોણ ન ઓળખે ?" રાજસિંહ—જા, હું તને જીવતદાન આપુંછું, પણ તેં બ્રાહ્મણને દુઃખ દીધુંછે, તેની જો હું તને કોઇ પણ પ્રકારે સજા ન કરૂં તો મારો રાજધર્મ ચૂકયો કહેવાઉં. માણેકલાલે બહુ ગરીબાઇથી કહ્યું;—"મહારાજ ! આ પાપકર્મ મેં હમણાંજ કરવું શરૂ કર્યું છે. તેથી દયા કરી મને થોડી સજાનો હુકમ ફરમાવશો, આપની સમક્ષજ હું મારી સજા ભોગવી લઉંછું." એમ કહી પોતાની કમરે છરી હતી તે વડે પોતાની ટચલી આંગળી કાપી નાંખી. રાણાએ તેની પીડાનું કાંઇ પણ ચિન્હ તેના મુખ ઉપર ન જોવાથી આશ્ચર્ય પામી બોલ્યો;—"એટલુંજ બસ છે, તને મારા ઘોડેસ્વારની પાયગામાં જગા આપુછુ, તુ ઉદેપૂર આવજે." માણેકલાલસિંહ રાણાના પગની રજ માથે ચડાવી, થોડી વાર ઉભા રહો એમ કહી, પેલી ગુફામાંથી મોતીનો હાર, કાગળ અને સોનામહોર લાવી રાણાના હાથમાં આપ્યાં, ને પોતે કાગળ વાંચ્યો હતો તેની ક્ષમા માગી. રાણાએ કાગળ જોઓ તો પોતાના ઉપરનો હતો, તે તેણે એક નદીને કિનારે પથ્થરની મોટી શિલાપર બેસી વાંચ્યો. તેમાં ચંચળકુમારીએ લખ્યું હતું કે;—

"હે રાજન્ ! આપ રાજપૂત કુળના દિપક છો, હિંદુઓના માથાના મુગટ છો, હું આપને—અપરિચિત, ટુંકી બુદ્ધિની એક અબળા છું. હું ઘણા દુઃખમાં આવી પડી છું. હું રાજપૂતની કન્યા છું, રાજપૂતાણાના મધ્યપ્રદેશના રૂપનગરના મહારાજા વિક્રમસિંહ સોલંકીની હું કુંવરી છું. રૂપનગર બહુ નાનો રાજવાડો છે, તેટલા માટે આપની પાસે મારી ગણના થશે નહિ; પરંતુ હું રાજપૂતની કન્યા છું, તેથીજ આપની દયાને પાત્ર છું. આપ રાજપૂત પતિ છો, રાજપૂત કુળના તિલક છો. મારે કમનસીબે દિલ્લીના પાદશાહે મારી જોડે લગ્ન કરવાની ઇચ્છા બતાવી છે. થોડા વખતમાં મને દિલ્લી લઇ જવા તેનું સૈન્ય અત્રે આવી પહોંચશે. હું રાજપૂતની બાળા છું, ક્ષત્રીના કુળમાં જન્મી છું. હું તેની દાસી થવા ચાહતી નથી. રાજહંસી થઇ શી રીતે બગલાની સહચરણી થાઉં ? હિમાલય પર્વતની સુંદર નદીઓમાં રમનારી થઇ શી રીતે હું જંગલી તુરકની તાબેદાર થાઉં ? તેથી મેં નક્કી કરી રાખ્યું છે કે એ લગ્ન થતાં પહેલાંજ ઝેર ખાઇ પ્રાણ ત્યાગ કરવો. મહારાજ ! મને અહંકારી કે ગર્વિષ્ટ ગણશો નહિ. મને ખબર છે કે હું એક નાના સરખા રાજાની કન્યા છું. જોધપૂર, અંબર, વગેરેના પ્રતાપશાળી રાજાધિરાજો પણ દિલ્લીના પાદશાહ વેરે પોતાની પુત્રીઓ આપવામાં કલંક તો શું પણ તેમાં પોતાની મોટી આબરૂ સમજે છે. તે બધા મોટા રાજાઓના મોં આગળ હું કોણ માત્ર ? મારો આવો અહંકાર શામાટે છે ? તે જાણવાની વખતે

આપને જીજ્ઞાસા થશે; પણ મહારાજ! સૂર્યદેવ અસ્ત પામ્યા પછી તારાઓ શું ચળકતા નથી? ઝાકળથી ભરાઇ જઇ જળકમળની પાંખડીઓ જ્યારે બંધ થાય છે, ત્યારે શું ચંએલીના ફૂલની પાંખડીઓ ખીલતી નથી? જોધપૂરને અંબરે પોતાના કુળની મોટાઇનો નાશ કર્યો. તેથી શું રૂપનગરનું કુલ પોતાની આબરૂનું રક્ષણ ન કરી શકે? મહારાજ! મેં સાંભળ્યું છે કે; વનવાસ ભોગવતા રાણા **પ્રતાપ**જોડે માનસિંહ એક વખત જમૈવા આવ્યા, પણ મહારાણા પ્રતાપ તેની જોડે બેઠા નહિ, ને કહ્યું કે, 'જે મુસલમાનને પોતાની બેન, દીકરી દેછે, તેની સાથે હું કદી જમતો નથી.' તેજ વંશના આપ ખરા ક્ષત્રિય વીર છો. હું ક્ષત્રિ પુત્રી છું, હું પ્રાણ ત્યાગ કરીશ, પણ મારો ધર્મ પાળીશ. મારી હજુ અઢાર વર્ષની ઉમર છે, ઉગતી જુવાની છે, તે એળે ન જાય એવી મને આશા છે, પણ મને ચિંતા એ છે કે આ આફતમાં એ જુવાનીનું રક્ષણ કોણ કરશે? મારા પિતાની તો વાત કરવા જેવુંજ નથી, તેની એવી મોટી શક્તિ નથી કે તે ઔરંગજેબ સામે લડાઇ કરી શકે? આપ સિવાય સઘળા નાના મોટા રાજાઓ મોગલોના દાસ છે. તે બધા પાદશાહથી કંપે છે. માત્ર આપજ એક રાજપૂત કુળના દિવા છો. આપજ એકલા સ્વતંત્ર છો, માત્ર ઉદેપૂરના રાણાજ પાદશાહની સામે બાથ ભીડે તેવા છે. આખા હિંદુસ્તાનમાં એવું કોઇ જોતી નથી કે જે આ વિપદમાં આવી પડેલી બાળકીનું રક્ષણ કરે. માટે હું આપનેજ શરણે છું. તો શું આપ મારૂં રક્ષણ નહિ કરો? હું આપને કેવું મોટું કામ માથે લેવા વિનંતિ કરૂં છું, તે મને ખબર છે. તે મારો જાણ બહાર નથી. આપ કદી એમ કહેશો કે, મારા હાથમાં જોર છે, પણ તે જોર તારે માટે શાવાસ્તે વાપરવું? એક વગર ઓળખાણની, લાજ મર્યાદા વગરની છોકરી ખાતર શું હું પ્રાણ હત્યા કરીશ? મહાન્ મોટા ઝગડો માથે વ્હોરીશ? પણ મહારાજ! પોતાનું સર્વસ્વ પણ ખોઇ, શરણાગતનું રક્ષણ કરવું એ શું રાજધર્મ નથી એમ આપ કહેશો? પોતાનું સર્વસ્વ ખોઇ પોતાની સ્વજાતિય સ્રીનું રક્ષણ કરવું; એ શું રાજપૂતનો ધર્મ નથી?'"

આટલે સુધીનો કાગળ રાજકુમારીના હાથનો લખેલો હતો. બાકીનું જે હતું, તે તેના હાથનું નહિ પણ નિર્મળ કુમારીએ લખી આપ્યું હતું, તેની ચંચળ કુમારીને ખબર હતી કે નહિ તે પણ કહી શકાતું નથી; તેમાં જણાવ્યું હતું કે; 'મહારાજ! આ આફતમાં પડયા પછી મેં એવું 'પણ' લીધું છે કે જે વીર મને મોગલોના હાથમાં જતી બચાવશે, તે જો રાજપૂત હશે, અને શાસ્ત્ર પ્રમાણે મને ગ્રહણ કરશે, તો હું તેની દાસી થઇને રહીશ. હે વીર શ્રેષ્ઠ! યુદ્ધમાંથી સ્રી લાભ લેવો એ તો વીરનો [illegible] આખા ક્ષત્રિયકુળ જોડે યુદ્ધ કરી **પાંડવો**એ **દ્રૌપદી** મેળવી હતી. કાશીમાં ભેગા મળેલા આખા રાજમંડળ સમક્ષ પોતાનું શૂરત્વ બતાવી **ભિષ્મપિતા** રાજકન્યા લઇ આવ્યા હતા. હે રાણાજી! **રૂક્ષ્મણી**

ના લગ્નની આપને ખબર હશે. આ પૃથ્વીપર આજે તો આપના જેવા વીરપુરૂષ હું કોઇ બીજો જોતી નથી. આપ શું વીર ધર્મ નહિ પાળો ? હું આપની સ્ત્રી થવાની આશા રાખું તો તે શું અજુગતું કહેવાય ? આપ મારો હાથ પકડી ચોરીમાં આપની જોડે મંગળ ફેરા ફરવા લાયક મને શું ગણશો નહિ ? આશા છે કે આપ મારી માગણી સ્વીકારશો, એમ ધારી મેં મારા ગોરદેવ સાથે આપની તરફ માઇ આપને સ્મરણ રહે, એવા વિચારથી એક મોતીની માળા મોકલાવી છે; તે આપના ગળામાં પહેરાવશે. પછી આપને રાજધર્મ પાળવા કે નહિ, એ વાત આપના હાથમાં છે. મારો પ્રાણ મારા હાથમાં છે. દિલ્હી જો જવું પડશે, તો માર્ગમાંજ નક્કી ઝેર ખાઇ પ્રાણ ત્યાગ કરીશ."

મહારાણા રાજસિંહ આ કાગળ વાંચી જરા વિચારમાં પડયા, પછી માથું ઉંચું કરી માણેકલાલસિંહને કહ્યું;—' માણેકલાલ ! તું તારે ઘેર જા, કામ હોય તે કરીને ઉદેપુર આવી મને મળજે. આ કાગળની વાત કોઇને કરીશ નહિ " એમ કહી પાસે જે સોનામહોર હતી, તે તેને આપી વિદાય કર્યો. ગોરદેવ ચંચળકુમારીની આશા ઉમેદ કાગળ વગેરે લૂટાઇ જવાથી નિરર્થક જેવી કરી દીધી, માટે હવે તેની પાસે જઇ શું મ્હોડું દેખાડું, એવા વિચારમાં બેઠો હતો. તેવામાં બે ચાર માણસો છેટે જોવામાં આવ્યાં, તે પણ લૂટારા હશે અને મને બાંધી મારશે, એવા ભયથી મૂઠીવાળી એકદમ નાશી ગયો. આ માણસો બીજા કોઇ નહિ પણ મહારાણાના ખવાસો હતા રાજપૂતોને શિકારનો બહુ શોખ હોય છે. તે શોખને લીધે મહારાણા સોએક સ્વારોને સાથે લઇ શિકારે નીકળી પડયા હતા; અને હમણા તેઓ શિકારથી ફરાગત થઈ સર્વ ઉદેપૂર તરફ પાછા ફરતા હતા. રાણોરાજસિંહ વખતે એકલો પણ ઘોડેસ્વાર થઈ છૂપે વેશે લોકોની સ્થિતિ કેવી રીતની છે, ને જોવાને પણ નીકળી પડતો. ખરૂં જોતાં તો તેના રાજ્યમાં પ્રજા જે સુખ ભોગવતી હતી, તેનું મુખ્યકારણ પોતાની આંખે પોતે બધું જો તો, પોતાનેજ હાથે બધાનું દુઃખ નિવારણ કરતો. આ વખતે શિકાર કરી પાછાં ફરતાં, તેણે પોતાની સાથેના નોકરોને પાછળ પાછળ ધીમે ધીમે આવવાનું કહી, પોતે વિજય નામે ઝડપથી ચાલનાર ઘોડાપર સ્વાર થઈ એકલો આગળ નીકળી પડયો હતો. આવી હાલતમાં અનંતમિશ્રની મુલાકાત થઇ હતી, ને તેને લૂટાતો જોઇ તેનું રક્ષણ કરવા પોતાનો ધર્મ સમજી પર્વતપરથી નીચે ઉતરી આવ્યો હતો. તેને જ્યાં બેસવાનું કહી ગયા હતા, ત્યાં ન જોવાથી રાણાજીએ પોતાના માણસોને પૂછતાં તેણે જણાવ્યું કે તે તો નાશી ગયો છે. તેની શોધ કરાવી પણ પત્તો લાગ્યો નહિ. મહારાણાના ઘોડેસ્વારોમાં તેના બે પુત્રો, બીજાં સગાઓ, અને પ્રધાનો વગેરે હતા. તેમાંથી પોતાના બે પુત્રો તથા સલાહકારોને જરા છેટે બોલાવી એકાંતમાં કાંઇ વાત ચીત કરી, પછી અસલ ઠેકાણે આવી બધાને કહ્યું કે;—સ્નેહી ભાઇઓ ! આજે ઉદેપૂર જઈ આ-

પણને લાગેલી ભૂખનતરસ મટાડવાનું આપણા નસીબમાં લખ્યું નથી, આજ ડુંગરી-વાળા પ્રદેશમાં આપણે પાછું ફરવું પડશે, કારણ મેં એક નાની સરખી લડાઇ માથે વ્હોરી છે. માટે એ લડાઇમાં ઉતરવાની જેની ઇચ્છા ન હોય તે સુખેથી ઉદેપૂર જાઓ." આમ કહી રાણાએ પર્વતપર ચઢવા માંડયું, તે જોતાંજ "જે મહારાણાની જે" "જે માતાજીની જે" એમ બોલતા બોલતા તે સૌ તેની પાછળ પર્વતપર ચઢયા. "હર, હર"ની બૂમ પાડતા, રૂપનગરનો રસ્તો લીધો. અનંત મિશ્રને ઉદેપૂર મોકલ્યા પછી મોગલ પાદશાહ તરફથી બે હજાર ઘોડેસ્વારની સેના ચંચળકુમારીને લઇ જવા રૂપનગર આવી. આ જોઇ ચંચળકુમારી વિચારમાં પડી કે;—"ગોર દેવતા તો હજુ ઉદેપૂર પહોંચ્યાએ નહિ હોય, રાણાજીનો જવાબ આવી પહોંતાં પહેલાં તો આ લોકો મને તેડી જશે. માટે દિલ્હી જતાં માર્ગમાંજ ઝેર ખાઇ પ્રાણ ત્યાગ કરવો." એ માટે તેના મનમાં જરાપણ ઉદ્વેગ થતો નહોતો. રાણા પાસેથી માણેકલાલ જેવો વિદાય થયો, તેવોજ પોતાને ઘેર જઇ તુરત રાણાજીના ઘોડાના પગ જોતો જોતો; જ્યાં રાણો દિલ્હીના માર્ગમાં આવતા પર્વતોમાં છુપાઇ રહ્યો હતો, ત્યાં શોધતો શોધતો આવી મળ્યો. માણેકલાલ હિંમતવાન, શૂરવીર, યુક્તિબાજ, ચાલાક અને પ્રમાણિક હતો. તેથી રાણાએ તેને મોગલાઇ વેશે ચંચળકુમારીના મ્યાના પાસેજ રહેવા વગેરે સમજાવી રૂપનગર મોકલ્યો. પોતાની કળાથી મોગલાઇ દરેશ, ઘોડો અને હથિયાર મેળવી મોગલ સેનામાં ભળી ગયો.

ચંચળકુમારીને વિદાય કરવાની તૈયારી ચાલી. તેણે સવારના પહોરમાં ઉઠી, નહાઇ ધોઇ, લૂગડાં ઘરેણાં પહેર્યાં. તેની કાન્તિ બાગમાંનાં ફૂલને પણ શરમાવે તેવી સુંદર ને વાડીમાંની વેલને લજ્જા પમાડે તેવી રમણિય જોઇ, નિર્મળની આંખમાં આંસુ માયાં નહિ. કુમારી નિર્મળને ગળે બાઝી રડી પડી, પણ હિંમત આણી બોલી;—"નિર્મળ! હવે હું ફરી તને જોવાની નથી, મળવાની નથી. હાય! હાય! વિધાતાએ શા માટે આવું દુઃખ મારા કરમમાં લખ્યું હશે." નિર્મળ—"બેન! મને ફરી તું જોશે, ફરી મળશે, માટે ગભરા નહિ. જ્યાં તું હશે, ત્યાં મને તારી સાથે જોયા વગર તું રહેવાની નથી, મને મળ્યા વગર તારાથી મરાવાનું નથી, તેમ તને જોયા વગર હું મરવાની નથી. ચંચળ—"હું તો દિલ્હીને રસ્તે પ્રાણ ત્યાગ કરોશ." નિર્મળ—"ત્યારે મને પણ તું દિલ્હીના રસ્તાપરજ જોશે." ચંચળકુમારી તૈયાર થઇ. મહાદેવનાં દર્શન કરવા મંદિર તરફ ચાલી. રોજ પોતે ભક્તિ પૂર્વક શિવની પૂજા કરતી હતી, આજે પણ તે પ્રમાણે પૂજા કરી, છેલ્લે બોલી;—"હે દેવાધિદેવ મહાદેવ! હું તો મરવા જાઉંછું, પણ તમને એટલું પુછુંછું કે, બાળકોના મરણથી તમને આટલો બધો સંતોષ કેમ થાય છે! શું હું જીવતી રહીશ તો તમારી સૃષ્ટિનો ચાલતો કારભાર બંધ પડશે? હે દેવ! જો આવીજ તમારી ઇચ્છા હતી તો શા માટે મને રાજકુંવરી ઘડી, અને રાજાને ત્યાં જન્મ આપ્યો?" એમ

કરી મહાદેવને વંદન કર્યું. અશ્રુપાડતી માતાપિતાને ચરણે પડી રજા લીધી. પછી પોતાની સખીઓને ગળી, સખીઓ રડવા લાગી, તેમને કહ્યું કે;—" રડો છો શા માટે ? રડવાથી કાંઇ દુઃખ જાય છે? જો તેમ હોય તો મેં રડી રડીને તો રૂપનગરના ડુંગરોમાં પાણીની રેલ આણી મૂકી છે." આવી રીતે સૌને ગળી મ્યાનામાં બેઠી. મ્યાનાની આગળ એક હજાર ને પાછળ એક હજાર મોગલ ઘોડેસ્વારો ચાલવા લાગ્યા. પાણીના પ્રવાહની પેઠે મોગલ સેના એકદમ ચાલવા લાગી. કોઇ કોઈ ઘોડે સ્વારોને ચાલતાં આનંદમાં ગાવાનો શોખ થઇ આવતો. મ્યાનાની પાછળ જે સ્વારો હતા, તેમાં સૌથી મોખરે ચાલતા સ્વારે લલકાર્યું કે;—

"શરમ, ભરમ સે પિયારી, સો મરત બંસી ધારી,
સુરત લોચન સે ખારી, ન સમઝે ગોપ કુમારી;
જો હિન્ દૈહત મુરારી, બિહારત રાહ તુમારી."

આ ગીતનો અવાજ રાજકુમારીને કાને ગયો. તેનો અર્થ સમજી તે મનમાં બોલી:—" પ્રભુ ! આ સ્વારનું ગીત જો ખરું પડે તો સૌ રૂડાવાનાં !" આ વખતે રાજકુમારીના મનમાં રાજસિંહનોજ વિચાર આવ્યા કરતો હતો, પણ એ બિચારીને શું ખબર કે આંગળી—ખપેલા માણેકલાલસિંહ તેની પાછળ એ ગાયન ગાતો ગાતો ચાલતો હતો! તે મહામહેનતે મ્યાનાની પાછળ રહેવાના પ્રયત્નમાં લાગ્યો હતો. ચંચળકુમારીના ગયા પછી નિર્મળકુમારીની ગભરામણ વધવા માંડી હતી. કેટલીક વખતનો શૂન્ય મને જોઇ રહી, પણ પછી તેની આંખમાંથી અશ્રુ પડવા લાગ્યાં; તુરત આંખ લુછી નાંખી એકલી રૂપનગરનો દરવાજો છોડી બહાર નીકળી પડી અને જે રસ્તે મોગલ સેના ગઇ હતી, તેજ રસ્તે એકલી પગે પાળી ચાલવા લાગી. મોગલ સેના ડુંગરાળા પ્રદેશમાં કૂચ કરતી ચાલતી હતી. બાજુપરના પર્વત માંહેના સાંકડા માર્ગના ગાળામાં આખું સૈન્ય દાખલ થઇ ગયું. એટલામાં એકાએક "ધમ, ધમ" અવાજ કરતા પથ્થરની એકદમ વૃષ્ટિ થવા માંડી. તેથી ઘણા ઘોડેસ્વારો કોઇ મુએલા, તો કોઇ ઘાએલ, ઘોડાપરથી નીચે તૂટી પડવા લાગ્યા. તેમનાં શરીરોના ઢગલાઓએ તે સાંકડા રસ્તાને વધારે સાંકડો બનાવી દીધો, કે તેથી આગળ ચાલવાવાનો રસ્તો પણ બંધ થઇ ગયો. સ્વારો સાથે ઘોડાઓએ પણ નાસવા માંડ્યું, સૈન્યમાં નાસા નાસ ને કોળાહળ થઇ રહ્યો. "લોકકૈસે હુશિયાર હો ! વહાં રસ્તા હૈ, વહાંભી દેખતે નહિ," એમ મોગલ વેશે રહેલો ઘોડેસ્વાર માણેકલાલ બોલી ઉઠયો. જે ઠેકાણે રાજકુમારીનો મ્યાનો હતો, તેજ જગાની આસપાસ આ કોળાહળની શરૂઆત થઇ હતી. મ્યાનો ઉચકનારા ભોઇઓ તો પોતાનો જીવ બચાવવાની ફિકરમાં પડયા હતા; કારણ ઘોડાઓથી ચગદાઇ જવાની ધાસ્તી હતી. આ જગાની પાસે એક નાની સરખી પગથી હતી. તેમાં થઇ પેલી તરફ નીકળી જવાતું હતું. તેમાં એકી વખતે માત્ર એકજ ઘોડેસ્વાર ચાલી શકે

એટલી જગા હતી. તે પગથીની પાસે મ્યાનો આવી પહોંચ્યો, તે વખતે આ ગડબડાટનો પ્રારંભ થયો હતો. આ સર્વ રાજસિંહે કરી રાખેલી ગોઠવણનું પરિણામ હતું. ચતુર માણેકલાલે ગભરાયેલા ભોઇઓને એ રસ્તો બતાવી દીધો. તે જોતાંજ તેઓ પોતાનો અને રાજકુમારીનો જીવ બચાવવા એક શ્વાસે મ્યાનો લઇ તે રસ્તે અંદર દાખલ થઇ ગયા. જોડે ઘોડેસ્વાર માણેકલાલ પણ ચાલ્યો ગયો. જેવો બીજો સ્વાર તેની પાછળ ચાલવા ગયો કે એક મોટો પથ્થર ડુંગરના શિખરપરથી ગડબડતો ગડબડતો આવી એજ રસ્તાના નાંકાપર પડ્યો. તેના ઘાથી આવતા બીજા સ્વારના ચૂરેચૂરા થઇ ગયા; એટલુંજ નહિ પણ રસ્તાનું નાકું પણ બંધ થઇ ગયું. તેથી અંદર બીજો કોઇ આવી શક્યો નહિ. જમણી બાજુનો પર્વત બહુ ઉંચો હતો, તેનું શિખર રસ્તાપર ઝુકી રહ્યું હતું. તેપર કોઇથી ચઢી શકાય એવું નહોતું. તેની પેલી તરફ જઇ એક રસ્તે શોધા પચાસ રાજપુતો ઉપર ચઢી ગયા હતા. એ જગા એવી હતી કે તેમને કોઇ દેખી શકે નહિ. તેઓ ઉપરથી પથ્થરાની વૃષ્ટિ કરતા હતા, પણ આ પથ્થર કોણ મારે છે તે કોઇથી દેખી શકાતું નહોતું. ડાબા હાથ તરફનો ડુંગર નીચો હતો, ત્યાં રાજસિંહ પોતાનાં પચાસ માણસ રાખી છુપાઇ રહ્યો હતો. જે જગાએ પથ્થરની વૃષ્ટિરૂપી ઘોર વિપત્તિની શરૂઆત થઇ હતી, ત્યાં હાલ સેનાપતિ મુબારક આવી ઉભો રહ્યો. તેમના જાણવામાં આવ્યું કે એક સાંકડા માર્ગમાંથી રાજકુમારીનો મ્યાનો ને માત્ર એક ઘોડેસ્વાર પસાર થઇ ગયા છે ને તુરત એ માર્ગ પથ્થરથી બંધ થઇ ગયો છે. તે આ તોફાન રાજકુમારીને હરણ કરવા માટેજ કોઇ રાજપુતોએ કર્યું છે. એમ વિચારી પોતે ઘોડાપરથી કૂદી પડ્યો અને બીજાઓને પણ ઘોડેથી ઉતારી સૌ એ માર્ગ બંધ કરી પડેલા મોટા પથ્થરપર ચઢીને પેલી તરફ ચાલ્યા. રાજસિંહ આ જોયા કરતો હતો, તે એકદમ વિકાળ વાઘની પેઠે તેનાપર તૂટી પડ્યો, આવનારનો મોટો ભાગ કપાઇ ગયો. મુબારક થોડાં માણસો લઇ પાછો ફર્યો, તેમને રાજપુતોએ જવા દીધો. મુબારકની જોડે મોગલ વેશમાં રહેલો માણેકલાલ પણ પાછો બહાર નીકળી આવ્યો. તુરત એક મરી ગયેલા મોગલસ્વારના ઘોડાપર સ્વાર થઇ વિજળી વેગે રૂપનગર તરફ ચાલતો થયો.

રાજસિંહ મુબારકનાં માણસોનો નાશ કરી પાછો તેજ સાંકડા ગાળામાં રહ્યો હતો. મુબારકે જાણ્યું કે શત્રુઓના માણસો થોડાં છે માટે આ ગલીનું નાકું બંધ કરી દેવાય તો તેમને હરાવી શકાય. એક નાકેતો હસનઅલી તોપ લઇ તૈયાર બેઠો છે; એમ વિચારી પોતે તોપ લઇ ધીમે ધીમે વધવા માંડ્યું. રાજપુતો મ્યાના સાથે ચાલ્યા આવતા હતા. મુબારકે છેટેથી જોયુંકે આ ગલીમાંથી નાશી જવાનો એક માર્ગ જણાય છે, ત્યાંથી રાજપુતો જતા રહેશે; એમ ધારી તેમને આડાઅવળા માર્ગ ઓળંગી આવતા વાર થઇ, તે પહેલાં તો તે પોતાના ઘોડા દોડાવતો આવી

પહોંચી એ માર્ગના નાકા આગળ તોપ ગોઠવી ઉભો. હસનઅલીએ એક તોપ ફોડી "દિન દિન" નો પોકાર સાંભળી રાજપુતો કંપી ઉઠયા—કેમકે તેમની પાસે તોપ કે બંદૂક નહોતી. રાજસિંહે પોતાના માણસોને જણાવ્યું કે આપણે પર્વતપરથી ઉતરી જવામાં ભૂલ કરી છે. રસ્તાના બંને નાંકા બંધ કરી આપણાથી ઘણા માણસો ઉભાં છે. હવે બચવું મુસ્કેલ છે, પણ તેમાં હરકત શી છે? આપણે રાજપુત છીએ. મોતથી ડરતા નથી. ઘણાને મારી મરશું. એમ કહી રસ્તે ઘોડા ચાલી શકે એમ નહિ હોવાથી તેમને મૂકી દીધા. તરવારો મ્યાનમાંથી કાઢી મહારાણાની જે બોલાવી ઉભા રહ્યા. ઘોડો એક ચાલે અને પેદળ બબ્બે સાથે ચાલી શકે એવો સાંકડો માર્ગ હતો. તેથી બબ્બે જણ સાથે ચાલ્યા. રાણો સૌથી આગળ ચાલતો હતો. તે મોત પાસે આવ્યું છે એમ જાણી બહુ આનંદમાં ચાલતો હતો. એટલામાં એકાએક આખા પર્વતને કંપાવી નાંખતો "માતાજીકીજે......કાળીમાતાકીજે" એવો મહાન મોટો અવાજ રાજપુત સેનાને મ્હોડે નીકળ્યો. રાજસિંહે પાછું વાળી જોયું કે આ હર્ષસૂચક ઘોર અવાજ કયાંથી સંભળાયો, જોતાં જણાયું કે બંને પાસે હારબંધ રાજપુત લશ્કર ગોઠવાઇ ચાલતું હતું, તેની વચમાં એક વિશાળ નેત્ર વાળી હસતી મુખ કાન્તિવાળી કોઇ દેવી આવી પહોંચેલી દેખાતી હતી. એ જોઇ શું કોઇ દેવાંગના માણસનું રૂપ લઇ આવી છે? કે વિધાતાએ કોઇ માનવીને દેવીને રૂપે ઘડયું છે! એની તેને સમજ પડી નહિ. રાજપુતોએ ધાર્યું કે ચિતોડની અધિષ્ઠાતા દેવી ભગવતી સાક્ષાત્ પોતે શું આ સંકટમાં તેમનું રક્ષણ કરવા પૃથ્વીપર ઉતરી આવી છે? એવું વિચારી તેઓએ ઉપલો કાન ફાડી નાંખે એવો અવાજ કર્યો હતો. રાજસિંહે જોયું કે એ મૂર્ત્તિ છેતો માણસનીજ પણ સાધારણ પ્રકારનું માણસ નથી. તેથી તેણે મ્યાનામાં તપાસ કરાવ્યો, તો તે ખાલી જણાયો.

ચંચળકુમારીએ તુરત આગળ આવી મહારાણાને પ્રણામ કર્યા. રાણાએ પૂછયું;—"રાજકુમારી! આપ અહીં કેમ?" રાજકુમારી—"મહારાજ આપને પ્રણામ કરવા આવી છું; તે પ્રણામ તો મેં કર્યા, પણ હવે એક ભિક્ષા માગુ છું, હું બહુ ઉદ્ધત થઇ ગઇ છું. સ્ત્રીઓની શોભા—જે લજ્જા, શીલતા, શરમાળપણું, તે મારામાં હાલ નથી તે માફ કરશો, પણ આપની પાસે જે ભિક્ષા માગું છું. તેમાં મને નિરાશ કરશો નહિ. આમ કહેતાં કહેતાં રાજકુમારીનું હસતું મ્હોડું ફેરવાઇ ગયું, તેના હાથનો તેણે સંપૂટ વાળ્યો, ને સ્વર ધીમો થઇ ગયો." રાણો રાજસિંહ—"રાજકુમારી! તારે ખાતરતો આટલે દૂર હું આવ્યો છું,માટે રૂપ નગરની કન્યા! તને ન અપાય એવું કશુંએ નથી." કુંવરી આ સાંભળી રાણાના મનની પરીક્ષા કરીને તેનો બચાવ કરવા યુક્તિથી હાથ જોડી બોલી;—કોઇ ચંચળ અને અસ્થિર બુદ્ધિ વાળી છોકરી કરે, તેમ મેં આપને મારા રક્ષણ માટે આવવા લખ્યું હતું. મારા મનમાં

શું હતું. તે હું તે વખતે સમજી શકી નહોતી; માટે હવે હા કહો અને મને દિલ્લી તરફ જવાદો." રાજસિંહ આ સાંભળી અજાયબ થયો, ને બોલ્યો;—"તમારે દિલ્લી જવું હોય તો જાઓ, મારા તરફની કશી અડચણ નથી; પણ હાલમાં તમારાથી જઇ શકાય તેવું નથી, કારણ હવે અમે તમને છોડી દઇએ, તો મુસલમાનો એમ ધારે કે અમારૂં મોટું લશ્કર જોઇ ડરી ગયા અને તેથીજ રાજકુમારીને જવા દીધી, થોડીવારમાં લડાઇ ખલાસ થશે, પછી તમારે જવું હોય તો જજો. પેલી વાત તમે કહી જે—"મારા મનમાં પણ શું હતું, તે હું તે વખતે સમજી શકી નહિ;" તે વિષે તમે મનમાં કશો પણ અંદેશો આણશો નહિ કારણ મારા જીવતાં છતાં તો તમારે દિલ્લી જવાનું થશે નહિ. ચાલો જુવાનો! સૌ આગળ ધસો?" આ સાંભળી ચંચળકુમારીના ચ્હેરાપર સ્મિત હાસ્ય છવાઇ રહ્યું. જમણા હાથની ટચલી આંગળીપર હીરાની વીંટી હતી, તે કહાડી ડાબા હાથની આંગળીપર ફેરવતી રાજસિંહને બતાવી બોલી;—"મહારાજ! આ વીંટીમાં ઝેર છે, દિલ્લી નહિ જવાદો તો ઝેર ખાઇશ." રાજસિંહ હસી પડયો, ને બોલ્યો;—"મેં ઘણી રાજકુમારીઓ જોઇ છે, પરંતુ એ રમણી વર્ગમાં સર્વોપરી હું તમનેજ ગણુંછું. તદૃપિ તમે જે ઇચ્છોછો, તેમ થઇ શકે તેવું નથી. આજ રાજપુતને બચવાનું નથી, આજે તો તેમને મરવાનુંજ છે, ન મરે તો રાજપુત નામને મોટું લાંછન લાગે. તેથી જ્યાં સુધી અમે કોઇ મુવા નથી, ત્યાં સુધી તમે અમારા કેદીછો, અમારા મુઆ પછી તમારે જ્યાં જવું હોય ત્યાં જજો." આ સાંભળી ચંચળકુમારી પણ હસી પડી અને પ્યારથી ઉભરાઇ જતી ને ભક્તિભાવથી ઉછળી રહેલી આંખે રાજસિંહ તરફ જોઇ,મનમાં ને મનમાં બોલવા લાગી કે;—"હે વીર ચૂડામણિ! આજથીજ હું તમારી દાસી થઇ ચૂકીછું. જો તમારી દાસી થવાય નહિ, તો ચંચળકુમારીના ખોળીઆમાં જીવ પણ રહે નહિ." એમ મન સાથે નિશ્ચય કરીને હજુ પોતાનું કર્ત્તવ્ય અધુરૂં હતું તે પૂર્ણ કરવાને તૈયાર થઇ બોલી;—"મહારાજ! મને પોતાની રાણી બનાવવાની દિલ્લીના પાદશાહે ઇચ્છા કરી છે, તે વળી કોઇ દહાડો કોઇની કેદી થાય? જુઓ, હું આ ચાલી મોગલોના લશ્કર સામે, કોની મકદૂર છે કે મને અટકાવે?" એમ બોલી, જીવતી દેવાંગના મૂર્તિ, રાજસિંહની પાસે થઇ રસ્તાના નાકા તરફ ચાલી, પણ કોની મકદૂર કે તેને પકડી શકે? હસતી, હસતી, રમતી રમતી, સોને, મોતીએ અને હીરે મઢેલી દેવી રસ્તાના નાકાપર જઇ ઉભી. સળગેલા અગ્નિના જેવા કોપથી કાંપતા, હથિયારબંધ પાંચસો મોગલ સ્વારો સામે ચંચળકુમારી નિર્ભયપણે હિંમતથી એકલી જઇ ઉભી. રસ્તો બંધ કરી જ્યાં તોપ ગોઠવેલી હતી, જ્યાં સામે આવતી રાજપુત ટુકડીને ઠાર કરી નાંખવા તોપમાં દારૂ ગોળો ભરેલો હતો, ને માત્ર જામગરી સળગાવવાનીજ બાકી હતી, ત્યાં તેની સમક્ષજ તે વસ્ત્રાભૂષણથી હીરા મોતીથી શણગારસ-

એવી રાજકુમારી આવી અટકી. આ દેખાવ જોઇ અચંબો પામી, મોગલસેના પણ વિચારમાં પડી ગઇ, કે રખેને એ કોઇ આ પર્વતમાંની પરી તો નહિ હોય, પણ મનુષ્યની પેઠે વાત ચીત કરવા પોતાનું મ્હોડું ઉઘાડી, રાજકુમારીએ તેમનો સંદેહ તોડ્યો. તેણે પૂછ્યું;—"આ સેનાનો સેનાપતિ કોણ છે?" મુબારક અહીંજ ઉભો ઉભો રાજપુતની હાલ ચાલ તપાસતો હતો, તે બોલ્યો;—આ રહ્યો, આપના દાસનો દાસ, આપ કોણ છો ?"

રાજકુમારી—" હું એક સાધારણ સ્ત્રી છું, આપની પાસે એક માગણી છે, પરંતુ તે જરા આગળ આવી સાંભળો તો કહું, મુબારક આગળ ચાલ્યો, તેની પાસે રાજકુમારીએ કોઇ ન સાંભળે તેમ કહ્યું;—" હું રૂપનગરની રાજકન્યા છું. પાદશાહે મને તેડવા આ સેના મોકલી છે તે વાત તમે માનો છો કે ? " મુબારક—" આપને જોતાંજ એ વાત મારા માનવામાં આવે છે. રાજકુમારી—" મારી ઇચ્છા મુસલમાન સાથે લગ્ન કરવાની બિલકુલ નથી; કારણ તેથી મારો ધર્મ છોડવો પડે. પણ મારા પિતામાં ઝાઝું બળ નહોવાથી તેમણે મને તમારી જોડે મોકલી છે. મારા પિતા તરફથી મને કોઇ પણ જાતની આશા ન હોવાથી મેં રાજસિંહ પાસે એક દૂત મોકલ્યો હતો, મારે કમનસીબે તે માત્ર પચાસજ સિપાઇ લઇ અત્રે આવ્યો છે. તેમનામાં કેટલું બળ છે તેતો તમે અનુભવ્યું છે. " મુબારક વિસ્મિત થઇ, ચમકી ઉઠી બોલ્યો;—" શી વાત કરો છો ? માત્ર પચાસજ રાજપુતોએ આટલા બધા મોગલોનો ઘાણ કાઢી નાંખ્યો ? " રાજકુમારી—" એમાં નવાઇ પામવા જેવું શું છે ? હલદીઘાટના યુદ્ધ વખતે પણ મેં સાંભળ્યું છે કે, એવુંજ થયું હતું, પણ તે વાત હમણાં નથી. હાલમાં તો રાજસિંહ તમારા હાથમાં મહાત થઇ પડ્યો છે, અને તેની એવી સ્થિતિ થઇ ગઇ છે, તેથીજ હું અહીં આવીછું. મારી મેળે તમારા તાબામાં આવીછું, મને લઇ દિલ્હી ચાલો. હવે લડવાનો કાંઇ સબબ રહ્યો નથી. " મુબારક—" હું સમજ્યો, તમારા પોતાના સુખનો—પોતાની મરજીનો ત્યાગ કરી, રાજપુતોને બચાવવાની તમારી ઇચ્છા છે. તેઓ—રાજપુતો પણ શું એમજ કહે છે ? " રાજકુમારી—" એ વાત કંઇ સંભવે નહિ તો બનેતો કેમજ ? મને લઇને તમે ચાલવા માંડશો; તોપણ તેઓ લડતા રહેવાના નથી. મારાપર કૃપા કરી મારા કહેવા પ્રમાણે કરો. " મુબારક—તે બની શકશે પરંતુ લુટારાઓને તેમના ગુન્હાની સજા તો અવશ્ય થવી જોઇએ, તે માટે તેમને હું કેદ કરીશ " રાજકુમારી—કેદ કરશો પણ તે નહિ થાય, તેમને જીવથી ઠાર તમે મારીનાંખી શકશો, પરંતુ કેદ પકડી શકશો નહિ. તે બધાઓએ મરવાની પ્રતિજ્ઞા લીધી છે. તેથી તેઓ મરશે ને મારશેજ. " મુબારક —એ વાત હું માનુંછું, પણ આપ દિલ્હી આવશો એ નક્કી છે ? રાજકુમારી—અહીંથી આપની જોડે નીકળવા હમણાં હું તૈયારછું, પણ દિલ્હી સુધી પહોંચીશ કે નહિ તે સંદેહ પડતું છે.

આપને યુદ્ધકરી લડાઇમાં મરતાં આવડે છે, તેમ અમને સ્ત્રી લોકને શું જીવ આપવાની રીત નહિ આવડતી હોય? તમારે સામા શત્રુ હોય છે માટે મરવું પડે છે અને અમારે પોતાને આદુનિયામાં દુશ્મન અમે પોતેજ છીએ. તમારી પાસે હથિયાર હોય છે, તો અમારી પાસે ઝેર. મુબારક—ક્યાં છે? રાજકુમારી—“ આ રહી વીંટી. ” મુબારક સારી પ્રકૃતિનો માણસ હતો, તે રાજસિંહના જેવો યથાર્થ વીરપુરૂષ—બહાદૂર માણસ હતો તેથી બોલ્યો;—“ બેન! આત્મઘાતી શા માટે થવું જોઇએ? જ્યારે તમારીજ આવવાની ઇચ્છા નથી, ત્યારે અમારી શી તાકાત છે કે અમે તમને લઈ જઇ શકીએ? ખુદ દિલ્હીના શહેનશાહ પોતે અહીં આવે તો પણ તે તમારા ઉપર બળ વાપરી શકે નહિ; તો હું તો કોણ માત્ર? આપ બે ફિકર થાવ, પણ આ રાજપુતાઓએ તો પાદશાહના લશ્કરપર હુમલો કર્યો છે અને હું છું મુસલમાન લશ્કરનો સેનાપતિ, કહો ત્યારે મારાથી તેમને કેમ મારી અપાય? ”

આ વખતે રાજપુતોની ટુકડી લઇ રાજસિંહ પણ ત્યાં આવી પહોંચ્યો તે જોઇ રાજકુમારી બોલી;—“ કરો લડાઇ શરૂ અને જુઓકે રાજપુતની છોકરીને પણ કેમ મરતાં આવડે છે. ” મોગલ સેનાપતિ જોડે રાજકુમારી શું વાત કરે છે તે સાંભળવા રાજસિંહ તે વખતે રાજકુમારીની પાસે આવી ઉભો હતો, એ જોઇ તેની તરફ હાથ લંબાવી બોલી;—“ મહારાજાધિરાજ! આપની કમ્મરે જે તરવાર લટકે છે તે આપની દાસીને આપના તરફથી ભેટ તરીકે આપવાની આજ્ઞા થવી જોઇએ, ” રાજસિંહ હસીને બોલ્યો;—“ ખરેખર મને લાગે છે કે સાચી **ભૈરવી** તે તુંજ છે. ” એમ કહી કમ્મરેથી તરવાર છોડી કુંવરીના હાથમાં આપી, એ જોઈ મોગલ સેનાપતિ પણ જરા હસ્યો અને રાજસિંહ તરફ જોઇ બોલ્યો;—“ કેટલા દિવસથી ઉદેપુરના યોદ્ધાઓએ સ્ત્રીઓના હાથનું રક્ષણ લેવા શરૂ કર્યું છે? ” આ સાંભળી રાણાની આંખમાંથી અગ્નિ વરસવા લાગ્યો ને બોલ્યો,—“ જે દિવસથી મોગલ પાદશાહે અબળાજાતિ ઉપર જુલમ કરવો શરૂ કર્યો છે, તે દિવસથી રાજપુત કુંવરીઓના હાથમાં બળ આવવા માંડ્યું છે. ” પછી રાજસિંહ સિંહની માફક ગરદન ફેરવી પોતાના સાથીઓની તરફ ફરી બોલ્યો;—રાજપુતને બોલવાની લડાઇ આવડતી નથી, એ હલકા સિપાઇના ટાયલાં સાંભળવાનો મને વખત પણ નથી; નકામો વખત ગુમાવવાનું કાંઇ કારણ નથી. માટે કીડીની પેઠે આ મોગલોને કચડી નાંખો. ” આ વખતે બને લશ્કરો થંભી ઉભાં હતાં, તેઓ પોતાના ઉપરીના હુકમની રાહ જોતાં હતાં. રાણાનો હુકમ મળતાંજ રાજપુત ટુકડી મોગલ સેનાપર “ માતાજીકીજે ” નો બુમપાડી ધસી ગઇ. મુબારકનો હુકમ થતાં મોગલોપણ “ અલ્લાહુઅકબર ” ના અવાજ કરી તેમને અટકાવવા ગુંથાયા, પણ બંને લશ્કરો એકાએક અટકી ઉભાં; કારણકે

એ બંને લશ્કરોને મધ્યભાગે તરવાર ઉંચી ફેરવતી ફેરવતી, સ્થિર મૂર્ત્તિજેવી ચંચળકુમારી ઉભી હતી, તે ત્યાંથી ખસતી નહોતી. તે ઉંચે સ્વરે બોલી;--" જ્યાં સુધી બેમાંથી એક પણ પક્ષ શાંત થશે નહિ, ત્યાં સુધી હું અહીંથી ખસવાની નથી. પહેલાં મને માર્યા સિવાય કોઇથી પોતાનું હથિયાર ચલાવવાનું નથી, " રાજસિંહ ગુસ્સે થઈ બોલ્યો;-"રાજકુંવરી! આ તમારૂં કામ નથી,એ તમને છાજતું નથી,તમારે પોતાને હાથે તમે શામાટે આવું કલંક રાજપુતો ઉપર મૂકાવો છો ? લોકો કહેશે કે આજે એક સ્ત્રીની સત્તા વડે રાજસિંહે પોતાનો જીવ બચાવ્યો." રાજકુમારી--" મહારાજ ! આપને મરવું હોયતો કોણ અટકાવે છે ? હું માત્ર તમારી પહેલાંજ મરવા માંગુંછું. જે દુ:ખનું મૂળ, તેનેજ પહેલો મરવા અધિકાર છે. " રાજકુંવરી ખસી નહિ. મોગલોએ બંદુકો તાકી હતી તે પાછી નીચી કરી, કુંવરીની હિંમતને વીરતા જોઇ મુબારકતો સ્તબ્ધજ બની ગયો. પછી બંને સેના સાંભળે તેવી રીતે બોલ્યો;--"મોગલ પાદશાહ અબળા જાતિ જોડે લડતો નથી; એટલુંજ નહી પણ આ સુંદરીને હાથે અમે હાર ખાધી એવું કબૂલ કરીને અમે લડાઇ મૂકી ચાલ્યા જઇએ છીએ. રાણાજી જોડેની લડાઇમાં હવે પછી થઇ રહેશે. એટલું બોલી સિપાઇઓને પાછા ફરવાનો હુકમ કરતો હતો. એવામાં પાછળથી એક હજાર બંદુકો ફુટવાનો અવાજ કાને પડયો ને એકદમ સોએક મોગલો ધૂળ ચાટતા થઇ ગયા. મુબારકે જોયું કે આ વળી કોઇ નવી આફત આવી પડી.

મોગલો ગભરાઇ ગયા, જેને જેની તરફ ફાવ્યું તે તેની તરફ નાશી ગયા. મુબારકે તેમને અટકાવવાનું ઘણુંએ કર્યું, પણ તે અટકાવી શકયો નહિ. આ લાગ જોઈ રાજપુતો તેમની પાછળ પડયા, મુબારકનું લશ્કર છિન્ન ભિન્ન થઈ નાશી ગયું. આ જોઇ વિસ્મય પામી ઉભેલા રાણારાજસિંહની પાસે માણેકલાલે આવી પ્રણામ કર્યા. રાણાએ પૂછયું આ બધો બનાવ શી રીતે બન્યો ? માણેકલાલ હસીને બોલ્યો;--" જયારથી મેં જોયું કે મહારાજ પર્વતપરથી નીચે ઉતરી ગાળા વાળા સાંકડા માર્ગમાં પેઠા, ત્યારથી મારા મનમાં એમ આવ્યું કે હવે આપણી ખરે ખરી ખરાબી થવાની છે. તેથી મારા ધણીને બચાવવા ખાતર મારે વળી એક નવી ઠગાઇ કરવી પડી." એમ કહી રૂપનગરથી યુક્તિ કરી સેના લાવવાની સર્વવાત કહી બતાવી. રાણે તેને ખરેખરો નીમકહલાલ નોકર ગણી સાબાશી આપી.અને કહ્યું કે;--"પણ તેં મારા મનની જે મોટામાં મોટી ઇચ્છા હતી તે પૂરી થવા દીધી નહિ. આજ હું મુસલમાનોને પણ બતાવત કે રાજપુતો કેટલું કેટધું કરી મરે છે." પછી બીજા પર્વતપર રાજપુતો હતા તેમને બોલાવી લીધા. રૂપનગરની સેનાને માણેકલાલે યુક્તિથી રજા આપી. પછી સૌ ચંચળકુમારીને લઇ ઉદેપુર આવ્યા ને તેમને રાણીઓના અંતઃપુરમાં રાખી, સર્વ પ્રકારની સગવડ કરી આપી. લડાઇ તેમને છોડાવવા માટે કરવી પડી હતી. રાણો ચંચળકુમારી પાસે આવી બેઠો. ચંચળકુમારીએ ઉભા થઇ પ્ર-

પ્રણામ કર્યા પણ પછીથી શરમાઇ તથા નીચુ જોઇને પોતે એક પાસે ઉભી રહી. રાણો બોલ્યો;—" રાજકુમારી! હવે તમારો શું વિચાર છે તે જાણવા હું આવ્યોછું. તમારા પિતા પાસે પાછા જવાની તમારી ઇચ્છા છે કે અહીં રહેવાની? તમારો કાગળ જોતાં તેમાં પાછલો ભાગ બીજાએ લખેલો લાગે છે. " ચંચળ—" હા! પ્રથમનો ભાગ મારો લખેલો ને બાકીનો બીજાનો છે. " રાણો—" પાછલા ભાગમાં લગન કરવાની વાત હતી ને પેલા ભાગમાં મોગલોથી રક્ષણ કરવાની હતી. તેથીજ આ મારે પુછવાની જરૂર પડી છે. "

ચંચળકુમારી—" મહારાજ ક્ષત્રિય રાજાઓ જે કન્યાનું હરણ કરે છે, તે માત્ર તેમની સાથે વિવાહ કરવાનેજ. બીજા કોઇ કારણથી જો સ્રીનું હરણ તેઓ કરેતો મહાપાપ કહેવાય. તે છતાં આપને મહાપાપ કરવું હોયતો મારાથી શી રીતે અટકાવી શકાશે? " રાજસિંહ—" મેં કાંઇ તમારૂં હરણ કર્યું નથી, તમારી જાતિ અને તમારૂં કુળ બચાવવા ખાતરજ મેં મુસલમાનોના હાથમાંથી તમને ઉગાર્યાંછે. માટે હવેતો તમને પાછાં તમારા પિતા પાસે મોકલી દેવાં એજ ખરો રાજધર્મ હું સમજાુંછું. " ચંચળકુમારી આટલો વખત વાત ચિત કરતાં મહા મહેનતે આ સદ્‌ગુણ-જે શરમાળ પણું, તેને પોતાને વશ રાખી નીચું જોઇ બોલતી હતી, હવે તેનાથી રહેવાયું નહિ, પોતે મુખ એકદમ ઉંચું કરી રાણાની સામું જોઇ બોલી;—" મહારાજ! તમારો રાજધર્મ તમે સમજો, મારો ધર્મ હું સમજાુંછું. હું એમ સમજાુંછુ કે જ્યારથી મેં આપના ચરણ કમળમાં મારો આત્મા સમર્પ્યો છે, ત્યારથી હું આપની સ્રી થઇ ચૂકી છું અને તેથી હવે હું કોઇ બીજાને પરણી શકવાની નથી. જો બીજાને પરણું તો મે બે પતિ કર્યા ગણાય અને હું પાપીણિ ગણાઉં. માટે ધર્મતઃ જ્યારે આપને મેં મારા સ્વામિ તરીકે કબૂલ રાખ્યા છે, ત્યારે આપનો હુકમ માથે ચઢાવવાની મારી ફરજ છે. માટે આપ જો મને આજ્ઞા કરશો કે પાછી રૂપનગર જા તો જવાને હું બંધાએલી છું, પણ ત્યાં ગયા પછી પાછા મારા પિતા મને પાદશાહ પાસે મોકલવાની ઇચ્છા કરશેજ કરશે. જ્યારે આપનો અભિપ્રાય આવોજ હતો, ત્યારે મેં જ્યારે રણક્ષેત્રમાંજ કહ્યું હતું કે, મને દિલ્હી જવાદો, ત્યારે કેમ ન જવા દીધી? " રાજસિંહ—" મેં મારી આબરૂની ખાતર. " ચંચળ—" ત્યારે તો પછી જે આપને શરણેજ આવી છે, તેને ફરી દિલ્હી શું કામ જવા દોછો? " રાણો—" ના, ના, તેમતો નહિ થવા દેવાય. એમછે ત્યારે તો તમે અહીંજ રહો. " ચંચળકુમારી અત્યાર સુધી ઉભી ઉભી વાત કરતી હતી તે હવે બેશી ગઇ અને મનમાં વિચાર કરવા લાગી કે;—" હવે એ મારી પાસે મહારાણો નથી, હવેતો એ મારો પતિ છે. " બેઠા પછી ચંચળકુમારી બોલી—" મહારાજ! વગર આજ્ઞાએ આપની સામે બેસવાની મેં જે હિંમત કરી છે, તે ગુન્હો માફ કરજો; કારણ આપની પાસેથી જ્ઞાન લેવા-શિખવાની ઇચ્છાથી

હું બેઠીછું; કેમકે શિષ્યને ગુરૂપાસે બેસવાનો અધિકાર છે. " રાણો..." અરે, તું મારા લાયકની રાણી છે. જે વખતે તારા મનથીજ તું તારો પોતાનો આત્મા મને સમર્પી ચૂકી હતી, મને પોતાનો સ્વામિ બનાવ્યો હતો, તે વખતે તું આફતમાં પડી હતી. તેથી મને સંદેહ હતો કે વખતે હવે મારી પાસેથી છુટી પાછા જવાની તારી ઇચ્છા હશે કે નહિ. તું મને મારી આટલી મોટી ઉમરે ચાહી મારાપર હેત રાખીશ ખરી કે નહિ, તે બધો સંદેહ તારી સાથે ની આજની વાતોથી દૂર થયો છે. હું તને મારી રાણી બનાવીશ, પણ એ માટે તારાપિતાની સંમતિ લઇ લગ્ન કરવું એ વધારે ઉત્તમ લાગે છે. " ચંચળ—" આપનું કહેવું વ્યાજબી છે, પણ મારા પિતાને ના કહેવાનું કાંઇ કારણ હું જોતી નથી; તોપણ મારી મરજી પણ એમજ છે કે માતાપિતાનો આશિર્વાદ લઇ પછી આપની ચરણ સેવા ઉઠાવવી. " રાણો—" સવ રાણીઓની પેઠેજ તને અહીં સર્વપ્રકારનો બંદોબસ્ત કરી આપીશ. તને પણ મહારાણી કહીનેજ સૌ બોલાવશે. માત્ર જેટલા દહાડા સુધી આપણે શાસ્ત્રવિધીએ જોડાઇશું નહિ, ત્યાં સુધી મારૂં ને તારૂં મળવું થશે નહિ. આ સાંભળી ચંચળકુમારીએ પણ તેમજ વર્તવાની હા પાડી રાજસિંહે પણ કહ્યા પ્રમાણે સર્વે પ્રકારનો ઉત્તમ બંદોબસ્ત કરી આપ્યો. નિર્મળકુમારી પણ માણેકલાલસિંહ સાથે પરણી ઉદેપુર ચંચળકુમારી પાસે આવી રહી.

ચંચળકુમારીને રાણો રાજસિંહ ઉદેપુર લઈ ગયો. આ ખબર દિલ્હી ઔરંગજેબ પાદશાહને થયા. તેથી તે ઘણો ગુસ્સે થયો. દિલ્હીમાં મોટો કોળાહળ થઇ રહ્યો. પાદશાહે હિંદુઓ ઉપર " જઝીયાકર " લેવાનો હુકમ કર્યો. દેવ દેવતાની મૂર્ત્તિઓ અને મંદિરોનો નાશ કરવા લાગ્યો. ગૌહત્યા થવા લાગી. રાજપુતાણાની પ્રજા જોકે તેને તાબે નહોતી; તોપણ તેના પાસેથી " જઝીયાકર " લેવાનો હુકમ કર્યો. પણ રાણારાજસિંહે તે આપવાની સાફ નાપાડી. આ જુલમ માટે રાણાએ પાદશાહ ઉપર કાગળ લખ્યો. દુનિયાના કોઇ પણ દેશમાં ભાગ્યેજ એવો ચતુરાઇ ભરેલો કાગળ કદી પણ લખાયો હોય, તેવો ઉત્તમતાથી ભરપૂર હતો, પરંતુ મદાંધ ઔરંગજેબે તે પર લક્ષ આપ્યું નહિ. તેથી રાજસિંહે ભારે યુદ્ધની તૈયારી કરવા માંડી. ઔરંગજેબે પણ જાણે ચીનનો કે ઈરાનનો શેહેનશાહ ચઢી આવતો હોય ને તેના સામે થવા જેવી ભારે તૈયારી કરે, તેવી મોટી તૈયારી કરવા માંડી. આગળના વખતમાં અર્ધા એશિયાખંડના અધિપતિ ઇરાનના—ઝરકસીસે નાનકડા જેવા ગ્રીસ દેશપર ચઢાઇનાં સાધનો ભેગાં કરવા, જેવો ભીષણ ઉદ્યોગ માંડયો હતો, તેવોજ ઉદ્યોગ આ સત્તરમી સદીમાં ઔરંગજેબે એક નાના સરખા મેવાડ સંજાનના રાણા રાજસિંહની સામે થવા કરવા માંડયો.ચીન, ઈરાન, કે રૂશિયા દેશ જીતી લેવામે પણ જેટલા મોટા લશ્કરની જરૂર નહતી, તેટલું મોટું લશ્કર ચારે તરફથી ભેગું કરી, એક નાના સરખા ઊદેપૂર જીતી લેવાને સારૂ રાજપુતાણાના પ્રદે-

શમાં લાવી ખડું કરી દીધું. કુરૂક્ષેત્રના યુદ્ધ પછી ભરતખંડમાં સેનાનો આવો મોટો જમાવ કોઇ બીજી વખત થયો હશે કે નહિ તે કહી શકાતું નથી. ઔરંગજેબની સેના ચાર ભાગે વહેંચાઇ ગયેલી એકઠી થઇ રહી, કે તુરત યુદ્ધવિદ્યામાં કુશળ રણપંડિત રાજસિંહે મેવાડની આસપાસ જે પર્વતની હાર છે, તેની પેલી તરફનો પોતાનો મુલક છોડી દઈ, પર્વતપરજ ચઢી જઇ, ત્યાં પોતાના લશ્કરને ગોઠવી દીધાં. પર્વતો તરફથી અંદર પેસવાના ત્રણ માર્ગ હતા. એક દેબારી, બીજો દેલવાડી, ને ત્રીજો નયન–પૂર્વ તરફનો માર્ગ. રાજસિંહે પોતાની સેના ત્રણ ભાગે વહેંચી નાંખી. મોટા પુત્ર જયસિંહના હાથ તળે એક ભાગ સોંપી તેને પર્વતના શિખરપરજ મુકામ રાખવાનો હુકમ થયો. બીજો ભાગ બીજા પુત્ર ભીમસિંહને સોંપી પશ્ચિમ તરફ મોકલ્યો, અને ત્રીજો ભાગ પોતાના હાથ નીચે રાખી નયન–નામે સાંકડો માર્ગ હતો ત્યાં છાવણી રાખી પડયો. ઔરંગજેબે પોતાના પુત્ર અકબરને પચાસ હજાર માણસનું લશ્કર આપી દેબારીના માર્ગ તરફથી આગળ વધવા મોકલ્યો. આઝીમશાહને બીજા માર્ગથી આગળ વધવા મોકલ્યો, ત્રીજાને ત્રીજે રસ્તેથી મોકલ્યો અને પોતે થોડો વખત આસાયેશ લેવા ઉદયસાગર તળાવ આગળ કેટલુંક સૈન્ય લઈ પડયો. શાહજાદો અકબર જેવો પોતાનું સૈન્ય લઇ અંદર પેસવા આવ્યો, તેવોજ જયસિંહ વિકાળ વાઘની પેઠે તેનાપર તૂટી પડયો અને મોગલ સેનાનો ઘાણ કાઢી નાંખ્યો. એ શૂરા વાઘના પંજામાંથી બાગ્યેજ થોડાં માણસો પાછાં ફરવા પામ્યાં. શાહજાદો ગુજરાત તરફ નાશી ગયો. આઝીમશાહની પણ ઘણીજ માઠી સ્થિતિ થવાથી તે નાશી ગયો. ત્રીજા ભાગની પણ હાલત તેવીજ થઇ પડી. આ સર્વ ખબર ઔરંગજેબને થવાથી તે મહા ક્રોધાયમાન થઈ ગયો. તેણે રાજપૂતોનો નાશ કરવા પોતાના લશ્કરનો પડાવ ઉપાડયો, તેના સૈન્યને મોખરે રસ્તો સાફ કરનારા મજુરો કોદાળી, પાવડા ને કુહાડા લઇ ચાલતા હતા, તે પછી તોપો, પાયદળ, ઘોડેસ્વારો, દફતરનાં ઉંટો, ખજાનાના હાથીઓ, જનાનાની સર્વ બેગમો, શાહજાદીઓ વગેરેના હાથીઓ, તેમની પાછળ ચોકીના ઘોડેસ્વારો, હીરા, મોતી, માણેક વગેરે ઝવેરાતનાં આભૂષણોના હાથીઓ અને ઉંટો, ખોરાક વગેરે સામગ્રીના હાથીઓ, ઉંટો અને ગાડાં, દારૂગોળાના હાથીઓ, ઉંટો ને ગાડાં, તંબુ વગેરે સામાનના ગાડાંઓ; વગેરે સહિત મોટું લશ્કર કુચ કરી ચાલ્યું. પર્વતની બાજુએ થઇ એક જુદે માર્ગે અંદર દાખલ થવાનો વિચાર હતો; પરંતુ રાજપૂતો પર્વતપરથી તૂટી પડવાની ધાસ્તીથી બીજો માર્ગ શોધવાને માણસો ગયાં હતાં, તેઓએ નયન–પૂર્વ તરફનો માંર્ગ બતાવવાથી પાછો વળ્યો. તેથી મોખરાનું સૈન્ય પાછળને પાછળનું સૈન્ય આગળ થઇ ગયું. તેવામાં રાણો રાજસિંહ તેનાપર તૂટી પડયો, તેથી તેના સૈન્યના મધ્યમાંથી બે ભાગ પડી ગયા. એક ભાગને રાણાએ ઘેરી લીધો, ઘણાને કાપી નાંખ્યા, સર્વ ખજાનો અને ઝવેરાત વગેરે લૂટી લીધું. શાહજાદી ઝેબ–ઉન્–નિસા અને

ઉદેપૂરી બેગમને હાથીપરથી ઉતારી ઉદેપૂર મોકલી દીધી. જોધપૂરી બેગમે ઉદેપૂર આવવાની ઇચ્છા બતાવી, પણ તેમને રાણાએ નમન કરી પાદશાહ પાસે જવા જણાવ્યું. ઔરંગજેબ પાછો વળી શકે એવું નહોતું. તે સર્વે નયનના સાંકડા માર્ગમાં દાખલ થઇ ગયા કે પર્વતો ઉપરથી તોપના ગોળા, બંદૂકોની ગોળીઓ અને પથ્થરાની વૃષ્ટિ થવા લાગી. માણસો, હાથીઓ અને ઘોડાઓ ટપોટપ મરણ પામવા લાગ્યા. સાંજ પડી જવાથી ઔરંગજેબે કાયર થઇ ત્યાંજ પડાવ નાંખ્યો, સવારે નેરમાંથી આગળ ખસી જવાનો વિચાર કર્યો હતો; પરંતુ રાજપૂતોએ રાતમાંજ આગળ પાછળનાં નાકાં મોટાં ઝાડો વાઢીને બંધ કરી દીધાં. સવારે એ બંધ કરેલા નાકાંપર હાથીઓ વગેરે મોકલી ધસારો કરી માર્ગ ખુલ્લો કરવાનો ઘણોએ ઉપાય કર્યો, પણ રાજપૂતોના મારાથી કાંઇ વળી શકયું નહિ. રાજપૂતોના મારાથી માણસો ઘણાં નાશ પામ્યાં. ખાવા પીવાને પણ કાંઇ મળે નહિ. તેથી પોતે, બેગમો, માણસો અને હાથી ઘોડા સૌ ભૂખ્યા તરસ્યા લેવાઇ ગયાં. પોતે આ દુઃખથી નિરાશ થઇ ઘોડેથી હેઠો ઉતર્યો, મુગટ દૂર ફેંકી ઉઘાડે માથે ઓથરો પકડી બેસી ગયો અને પોતાના માથાપર કાંકરા મારવા લાગ્યો. સાંકડા માર્ગમાં સુવાનું પણ થઈ શકે એવું નહોતું. તેથી સૌ જ્યાંનું ત્યાં થંભી રહ્યું. એવી રીતે દિલ્લીશ્વરની સ્થિતિ જાળમાં ફસાઇ પડેલા ઉંદરના જેવી થઇ પડી. પાદશાહ ઉદેપૂરનું રાજ્ય મોટા સાગરમાં ડુબાડી દેવા હોંસે હોંસે આવ્યો હતો, તે વાત તો કયાંની કયાં રહી ગઈ; હવે તો ઉલટો ઉદેપૂરના રાણાના હાથમાં સપડાયો. તેની ફોજમાં બુમા બુમ થઇ રહી. સ્ત્રીઓ રડવા મંડી પડી, તેમની ચીસો સાંભળીને ઓરંગજેબનું પથ્થર જેવું સખત હૈયું પણ કાંપી ઉઠયું. પાદશાહ ભૂખ તરસથી પીડાતો હતો, બેગમોની પણ એવીજ હાલત હતી. પોતાના જીવનું રક્ષણ કરવા એક ઉંદર સરખાનો પણ ભક્ષ મળવો મુશ્કેલ થઇ પડયો હતો. ઉદેપૂરીબેગમ અને પોતાની શાહજાદી કેદ થઇ ઉદેપૂર ગયાના ખબર સાંભળીને તો તેના ખેદનો પાર રહ્યો નહિ. "ખોદે તે પડે" એના જેવું થયું. ઉદાસને ખેદમાં ગરકાવ થઇ ગયો. કયાં કર્મ ભોગવવાં પ-ડયાં. રાણાને શિક્ષા કરવા જતાં પોતે શિક્ષાને પામ્યો. તેનો ગર્વ ગળી ગયો અને હવે શીરીતે છુટું એનો વિચાર કરવા લાગ્યો.

મહારાણી ચંચળકુમારીએ ઉદેપૂરી બેગમ જે આ બધું સળગાવનાર હતી, તેને પોતાની પાસે બોલાવી. ઉભા થઇ માન આપી એક જુદી ગાદીપર બેસાડી. ઉદેપૂરી જે વખતે ચંચળકુમારી પાસે આવી, તે વખતે તો નિરાશાથી બહુ ગરી-બડી થઇ ગઇ હોય તેમ આવી હતી, પણ ચંચળકુમારીની સભ્યતા જોઇ, તેના મનમાં જરા ગર્વ આવ્યો કે, આ નજીવી હિંદવાણી મારાથી ડરીનેજ આ રીતે માન આપે છે. તે ઉપરથી બેગમ બોલી;—"કેમ ! મોગલોને હાથે મોત શા માટે તમે માગવા માંડયું છે ?" આ સાંભળી ચંચળકુમારીએ જરાએ નહિ ગભરાતાં માન

હસીને હિંમતથી કહ્યું;—"તેમની પાસે અમે મોત માગતા નથી. ઉલટું તેમના મનમાં એમ હતું કે અમે એ વસ્તુનો સ્વાદ રજપૂતોને ચખાડી શકીશું, પણ તેમને ખબર નથી કે અમે તો હિંદુઓ છીએ, મુસલમાનના હાથનું ઘન—મૃત્યુ અમને ખપતું નથી." આપને અહીં મારો હુક્કો ભરવાને બોલાવ્યાં છે. માટે મારો હુક્કો હોલવાઇ ગયો છે, તે ભરી આપો જોઉંવાર." ચંચળકુમારીએ પ્રથમથીજ ઉદેપૂરી બેગમની જોડે સભ્યતાથી વર્તવું શરૂ કર્યું હતું, તેજ પ્રમાણે જો તે પણ તેની જોડે ચાલી હોત, તો વખતે આ અપમાન તેમને પામવું પડત નહિ, પણ બે અદબી ભરેલી વાત કહી ચંચળકુમારીને ઉદેપૂરીએ છંછેડી; તેથી તેનું ફળ તેને ભોગવવું પડયું. જેવો હુક્કો ભરી આપવાની વાત તેણે સાંભળી કે તુરત તેને આખે શરીરે પસીનો આવ્યો; તોપણ ધડકતાં કાળજામાં પાછું મગરૂરીને સ્થાન આપી બોલી;—" પાદશાહની બેગમો હુક્કો ભરતી નથી." ચંચળ—" જ્યારે તમે પાદશાહની બેગમ હતાં, ત્યારે તમાકુ ભરતાં નહિ હો, પણ હમણાં તો તમે મારાં કેદી—દાસી છો. માટે હુક્કો ભરો એવો મારો હુકમ છે. ઉદેપૂરી આ સાંભળી રડી પડી અને જુસ્સાથી બોલી;—તારી શું મકદૂર છે કે તું ઔરંગજેબ પાદશાહની બેગમને હુક્કો ભરવાનું કહે ?" ચંચળ—" બેગમની વાતતો એક ઠેકાણે રહી, પણ મને તો ઉલટી એવી ખાત્રી છે કે કાલે પાદશાહ પોતેજ અહીં આવી મારા મહારાણાને હુક્કો તૈયાર કરી આપશે. માટે જો તેને તે કામ ન આવડતું હોય તો કાલે તમે તેને જરા શિખવજો. આજે તો તમે શિખીલો. ઉદેપૂરી ઉઠી નહિ, ત્યારે એક દાસીએ પાસે જઇ કહ્યું;—ચાલો ચલમ ઉંચકો." તોપણ તે ઉઠી નહિ; એટલે દાસીએ હાથ ઝાલી ઉઠાડવા માંડી. બેગમ અપમાનની બીકથી કાંપતા હૃદયે ચલમ ઉંચકવાને ઉઠી, પણ જે જગાએ ચલમ પડી હતી, ત્યાં પહોંચતાં પહેલાં તો થરથર કરતી કંપારી છૂટી આવી, તેણે ધ્રુજવા માંડયું ને નીચે પથ્થરની જમીનપર પડી. પડતાં પડતાં દાસીએ ઝાલી લીધી. તેથી કાંઇ ઇજા થઇ નહિ, પણ તુરત મૂર્છા આવવાથી ભોંયપર પડી ગઇ. દાસીઓએ ઉપાડી એક સુંદર પલંગપર સુવાડીને તેની યોગ્ય આસનાવાસના કરી. પછી ઝેબ—ઉન્—નિસાને બોલાવી. તેણે ઉદેપૂરીની આફતની વાત કાને સાંભળી હતી. તેથી પોતાનું શું થશે, તેની ચિંતામાં તે પડી. ચંચળકુમારીએ બહુ સભ્યતાપૂર્વક તેના લાયક એક જુદી ગાદીપર બેસાડી. જુદી જુદી બાબતો વિશે તેની સાથે વાતચિત કરવા માંડી. શાહજાદી પણ સભ્યતાપૂર્વક તેના જવાબ દેવા લાગી. એક બીજાને ખોટું લાગે એવી કોઇએ વાત કાઢી નહિ. ઉઠતી વખતે ચંચળ કુમારીએ પોતાને હાથે પાન, અત્તર, ગુલાબ; વગેરે આપ્યાં. દાસીઓને તેમની બરાબર બરદાસ કરવાની ભલામણ આપી. શાહજાદી નમન કરી વિદાય થઇ. શાહજાદી હિંદુ, મુસલમાનનો તફાવત ભૂલી ગઈ; એટલુંજ નહિ પણ તે તેના એટલા આભાર તળે આવી ગઇ

કે, હર્ષનાં અશ્રુ પાડતી ચંચળકુમારીને પગે પડી ઉપકાર માનવા લાગી.

ઉદેપુરી બેગમે બીજે દિવસે ચંચળકુમારી પાસે આવી, પોતાનો છૂટકારો કેટલી સોનામહોર લઈ કરશો એવું પૂછ્યું. ચંચળકુમારીએ કહ્યું;—"તમારી પાદશાહીની સઘળી દોલત, પાદશાહનું મયૂરાસન, વગેરે સઘળું અહીં મોકલી આપો અને દરેક વર્ષ ખંડણી અમને આપવાનું કબૂલ કરો, તો તમને હમણાં છોડી દઉં." આ સાંભળી ઉદેપુરી ગુસ્સો કરી બોલી;—"ગમારભોઇઓના ઘરની છોકરીઓની આવી તાકાત જોઇ હું બહુ અચંબો પામું છું." એમ બોલીને ઉઠવા લાગી, પણ રાજકુમારી હસીને બોલી;—"અરે! વગર રજાએ ક્યાં જાઓ છો? ગામડાના ગમાર લોકોની સ્ત્રીની કેદી થયાં છો, તે શું ભૂલી જાઓછો કે?" પછી એક દાસીને બોલાવી કહ્યું;—"આ મારી નવી ગુલામડીને બધી રાણીઓ પાસે ફેરવીને બતાવી આવ, ને એની ઓળખાણ આપવાને કહેજે કે, દારા શાહજાદાએ તેણીને પાણીને મૂલે ખરીદી હતી." ઉદેપૂરી રડતી રડતી તે દાસીની સાથે ચાલી ગઇ. દાસીએ પણ રાણાની બીજી બધી રાણીઓ પાસે ઔરંગજેબ પાદશાહની ખાસ મહારાણીને ફેરવી પાછી આણી. બેગમ પોતાની ચાલ ચલણથી ચંચળકુમારીની સ્હેજસાજ દયાભાવને પણ સૂકવી નાંખતી હતી, એવી ગર્વિષ્ટને છકેલી હતી.

ઔરંગજેબ ઘેરાઇ જઇ બહુ ખરાબ હાલતમાં આવી પડયો હતો. ભૂખથી પોતે, બેગમો, હાથી અને ઘોડા તથા માણસો તરફડતાં હતાં. શેહેનશાહ આજે મરણને કાંઠે આવી રહ્યો હતો. તેથી ઔરંગજેબે પોતાના છૂટકારા માટે સંધી કરવાની માગણી કરી. રાજસિંહ આટલાં બધાં માણસોને અપવાસ કરાવી તેમનો જીવ લેવાને ઇચ્છતો નહોતો. ભૂખ્યાને અન્ન આપવું, એ હિંદુઓ મોટામાં મોટો ધર્મ સમજે છે. તેથી માત્ર અપવાસ કરાવીનેજ શત્રુનો પ્રાણ લેવો એવું એ હિંદુ રાજા ચાહતો નહોતો. તેથી પોતાના સેનાપતિઓ અને પ્રધાનોને એકઠા કરી અભિપ્રાય માગ્યો. તેમાં મુખ્ય પ્રધાન દયાળશાહ બોલ્યો;—"ઔરંગજેબનો પ્રાણ તેના કંઠમાં આવી રહ્યો છે. આખી દુનિયાના કાંટા સ્વરૂપ તે મહા પાપીષ્ટ ઔરંગજેબનો વધ કરી આપણે પૃથ્વીનો પુનરૂદ્ધાર કરીશું. એ કામના જેટલું પુણ્ય બીજા કયા કામથી મળવાનું છે? સલાહ કર્યા પછી પણ તે સલાહ પ્રમાણે ચાલશે, એવી મને આશા નથી. એના જેવો કપટી, જૂઠો અને મિથ્યાવાદી માણસ દુનિયામાં ભાગ્યેજ કોઇ બીજો જન્મ્યો હોય. એક વખત પોતે છુટો થયો કે સંધીપત્ર ફાડી, કડકે કડકા કરી ઉરાડી દેશે અને તે જે કરતો હશે તેજ કરવાનો છે. માટે બહુ વિચારીને કરવાનું છે." ઘણાઓના તેના જેવાજ અભિપ્રાય પડયા, પણ રાણાજીએ તેમને અપવાસ કરી નહિ મારતાં, પોતાના ઉદાર અને દયાળુ મને પોતાની ઇચ્છા પ્રમાણે સરતો લખાવી સલાહ કરી છુટો કર્યો. તેમને ખોરાક પ્ર-

હોંચાડયો. ઉદેપૂરી બેગમ અને શાહજાદીને છોડી મૂકવા ઉદેપૂર જણાવ્યું. આ ખબર ઉદેપૂર આવતાંજ નિર્મળ કુમારીએ ચંચળકુમારીને કાનમાં જણાવ્યું કે;—"હવે ઉદેપૂરી તમારૂં દાસીપણું ક્યારે કરવાની છે ?" તે પછી નિર્મળે પોતેજ ઉદેપૂરીને કહ્યું. આ સાંભળી બેગમ બોલી;—"તારી જીભના કાપીને કડકા કરાવી નાંખીશ. રાંડ તારી શી મકદૂર છે કે તું મારી પાસે હુક્કો ભરાવે ? વગેરે વચન કહ્યાં—" આ સાંભળી ચંચળકુમારી બોલી;—"મેં સાંભળ્યું છે કે મહારાણાએ પાદશાહપર દયા કરી તેમને છુટો કર્યો છે. તેટલા માટે તેનો ઉપકાર માનું છું, એટલું પણ મીઠી જીભે તમને બોલતાં આવડતું નથી, માટે તેના દંડ તરીકેજ જાઓ, હવે તમને છુટા કરવાનું બંધ રાખીએ છીએ. આપ જાઓ, જ્યાં દાસીઓ બેસે છે તે ઓરડામાં બેસો અને મારે માટે હુક્કો ભરી લાવો." આ જોઇ ઝેબ-ઉન્-નિસાએ ઉદેપૂરી બેગમ તરફથી બહુ બહુ રીતે ચંચળકુમારીને વિનવી, આખરે ઉદેપૂરી પણ બહુ નરમ પડી ગઇ અને તે પણ હવે આજીજી કરવા લાગી, પણ ચંચળકુમારી એકની બે થઇ નહિ. છેવટ બહુ આજીજી પછી એટલી દયા કરી કે;—"જાઓ, મારે માટે ફકત એકજ વખત તમાકુ ભરી લાવો પછી જવા દઇશ." આખરે ઉદેપૂરી બેગમ ચંચળકુમારીને સારૂ હુક્કો ભરી લાવી. પછી બેગમને વિદાય કરતાં ચંચળકુમારીએ કહ્યું કે,—"અહીં જે જે તમારે માથે વિત્યું છે તે બધું પાદશાહને કહેજો અને એટલું પણ કહેજો કે, તેના ચિત્રપર લાત મારી, તેનું નાક ભાંગી નાંખનાર પણ હુંજ હતી. વળી કહેજો કે, ફરી કોઇ હીંદુબાળાનું અપમાન કરવાની હિંમત તે કરશે, તો પછી માત્ર ચિત્રપરજ લાત મારી સંતોષ પામવાની નથી." એ સાંભળી ઉદેપૂરી બેગમ રડતી રડતી રસ્તે પડી. ઝેબ-ઉન્-નિસા ચંચળકુમારીને હસી મળી વિદાય થઇ. બેગમ, શાહજાદી અને ખાવાનું મળવાથી પાદશાહ તુરત રાજસિંહના પંઝામાંથી છુટો થઇ પલાયન કરી ગયો.

ઔરંગજેબે પાછા ફરી ઉદયસાગરને કિનારે પડાવ નાંખ્યો. જાણે સર્વ ભૂલી ગયો, સલાહ પ્રમાણે ચાલવાની ના પાડી, સંધીપત્ર ફાડી ફેંકી દીધું. જઝીયાકર લેવાનું વગેરે જેમ કરતો હતો તેમ કરવાનું જણાવ્યું;એટલુંજ નહિ પરંતુ ચંચળકુમારીને પોતાને સ્વાધીન કરવાની માગણી કરી. આ સર્વ વાત જાણી રાણો બહુ ગુસ્સે થયો. યુદ્ધનીતિ તથા રાજનીતિમાં કુશળ રાણાના જેવો બીજો કોઈ પણ રાજા એ વખતે નહોતો. તેણે મોગલો પોતાની સરહદ ઓળંગી ઘણે દૂર ન જાય, ત્યાં સુધી તેણે લશ્કર જ્યાં જ્યાં ગોઠવી રાખ્યું હતું,ત્યાં ત્યાંજ પડી રહેવા દીધું હતું.આ વખતે રૂપનગરનો રાજા વિક્રમસિંહ બે હજાર ઘોડેસ્વારનું લશ્કર લઇ રાણાને આવી મળ્યો. પોતાની કુંવરી ચંચળકુમારીને ઉદેપૂર જઈ રાણા રાજસિંહ સાથે પરણાવી દઇ આનંદમાં વૃદ્ધિ કરી. આ પતિપત્ની પ્રેમથી મળી ઘણોજ હર્ષ પામ્યાં. ઔરંગજેબ ફરી રાજસિંહ ઉપર ચઢી આવ્યો. પણ રાજસિંહે, મારવાડી દુર્ગાદાસ રાઠોડ સાથે મળી ઔરંગજેબ

ઉપર હુમલો કર્યો, તેગને સખત હાર ખવડાવી. બીજી વખત પાદશાહ હાર્યો, ને પોતાનું પાણી ખોયું લાકડીના સપાટા ખાનાર કુત્રાની પેઠે પાછો નાઠો, રાજપૂતોએ તેનું સર્વસ્વ લૂટી લીધું, ને તેની મોટી સેનાનો ઘાણ કાઢી નાંખ્યો. આ વિગ્રહ આર વર્ષ સુધી ચાલ્યો હતો. આખરે રાણાએ જે જે માગણી કરી હતી,તે સર્વ કબૂલ કરીને ઔરંગજેબને વિના કપટની સલાહ કરવી પડી ત્યાર પછી તે ફરી ઉદેપૂર તરફ મ્હોડું ફેરવવા કદી પામ્યો નહિ.

અહો ! ખરેખર ચંચળકુમારી જાણે ઔરંગજેબ જેવા મહાબળીયા, કપટી અને ગર્વિષ્ટ પાદશાહનો ગર્વ તોડવાનેજ જન્મી ન હોય, તેમ થયું. તેણે પ્રથમથીજ તેના ચિત્રપર લાત મારી તેનું નાક છેદી નાંખ્યું હતું, તેવુંજ તેનાવડે અંતે સત્ય થયું. તે મહાહિંમતવાન અને બહાદૂર હતી, તેમ તેને રાજપૂત અને કુળનું મોટું અભિમાન હતું. જ્યારે રાણો રૂપનગરના ડુંગરમાં મોગલો સાથે બહાદુરીથી લડતાં ઘેરાયો, ત્યારે રાણાના મનની પરીક્ષા જોવા અને તેમનો બચાવ કરવાને એક ખીજવાયેલી સિંહણના જેવી અને ચંડીકાદેવીરૂપ ધારણ કરી બે લશ્કરોની વચ્ચે તરવાર ફેરવતી આવીને ઉભી રહી. ત્યારે તેનાં વીર વચનો અને રાણા પ્રત્યે પ્રીતિભાવ વગેરે જોઇ સૌ છક થઇ ગયા હતા. અંતે એક વીર—પ્રતિવ્રતા સ્ત્રીને છાજે તેવું પરાક્રમ કરી રાણાજીનો જય કરાવી ઉદેપૂર આવી, લગ્ન થતાં સુધી એક સતી સ્ત્રીને છાજે તેવી રીતે નીતિથી વર્ત્તી. ઉદેપૂરી બેગમે પોતાનો હુક્કો ભરવા બોલાવેલી અને તે માટે પાદશાહે લીધેલી પ્રતિજ્ઞા ફોક કરાવી, ઉલટો ઉદેપૂરી પાસે હુક્કો ભરાવીને તેનો ગર્વ તોડ્યો. મહારાણાજી સાથે પ્રીતિ પૂર્વક પિતાની સંમતીથી લગ્ન કર્યું અને જીંદગી પર્યંત પ્રતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી, સુદ્રષ્ટાંતરૂપ અક્ષય કીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે તેમના નેક ટેક અને પાતિવ્રત્યપણાને !!!

સરદારબા.

આ પતિવ્રતા—વીર સ્ત્રી ગુજરાતની રાજધાની પાટણની ઇશાનકોણમાં રાણીપુર સંસ્થાન હતું, ત્યાં કલ્યાણવંશનો રાજા **ક્ષેમરાજ** રાજ કરતો હતો, તેની આ પુત્રી હતી. તે મહારૂપવાન, નીતિવાન, હિંમતવાન, ચાલાક, બુદ્ધિશાળી, ચતુર, ડાહી, યુક્તિબાજ, શૂરવીર, ધાર્મિક, અને પતિવ્રતા હતી. આ વખતે ગુજરાત પ્રાંત દિલ્હીના પાદશાહના તાબામાં આવ્યો હતો, તોપણ ઉત્તર ગુજરાતમાં લગભગ સ્વતંત્ર જેવાં પણ થોડી ખંડણી ભરતાં કેટલાંક રાજપૂત સંસ્થાનો હતાં. પાટણમાં પાદશાહી સુબો રહેમતખાં ખંડણી ઉઘરાવવા રહેતો હતો. જે વખતે સરદારબા યૌવનમાં આવેલી હતી, તે વખતે પાદશાહી સુબો રહેમતખાન ખંડણી ઉઘરાવતો

રાણીપુર તરફ આવ્યો. રાજાએ તેના ખાનપાનમાં કેટલીક ધામધુમ કરી હતી. રાણીપુરમાં તેનો પડાવ હતો, તે દરમીઆન એકવાર રાજાના મહેલ આગળથી પસાર થતાં તેણે સરદારબાને જોઇ. સરદારબા તેને જોતાંજ બગીચામાંથી ઉતાવળી ઉતાવળી મહેલમાં જતી રહી; પણ પવનને લીધે માથાપરથી સાડી ખસી ગઇ.સૂબો રહેમતખાન તેનો કાળો ભ્રમર જેવો ચોટલો જોઇ તેના ઉપર મોહિત થયો. પછી પોતાના પડાવ ઉપર જઇ, સરદારબાને શી રીતે મેળવવી તેની યુક્તિઓ શોધવા લાગ્યો. છેવટ ક્ષેમરાજના કુંવર **મૂળરાજ**ની મૂર્ખતાનો લાભ લેવાનો ઇરાદો કર્યો. મૂળરાજને મદ્યપાઇ જુગાર રમવા બેસાડયો. હાર–જીત થતાં રમતનો ચડસ વધ્યો અને એકથી એક સરસ બાજીઓ થવા લાગી. રહેમતખાંએ છેવટ એવી બાજી મૂકી કે;—“ જો તમો આ રમતમાં જીતો તો મારે તમને ઉત્તરપ્રાંત હાર બદલ આપવો અને હું જીતું તો તમે તમારી બ્હેન સરદારબા મને જીતમાં આપો !” હારની ધુનમાં મૂર્ખ મૂળરાજે આવી અયોગ્ય શરત કબૂલ કરી અંતે બાજી ખેલતાં તેની હાર થઇ, અને થોડીવારે જ્યારે નિશો કંઇક ઉતાર ઉપર આવ્યો, એટલે તે ઘેર ગયો; તે વેળા મધ્યરાત્રિ થઇ હતી. રાણી **રૂપાંદે** તેની વાટ જોતી બેઠી હતી. પતિને લથડીઆં ખાતો આવતો જોઈ, તે મનમાં તો કાંઇક હસી, પણ વિનય પૂર્વક આવકાર આપ્યો. તે બિછાનામાં સૂતો, પણ પોતે કરેલાં કૃત્યથી અફસોસને લઇ નિદ્રા આવી નહિ. સવારે વાત ખુલ્લી થશે, એમ ધારી પોતાની રાણી **રૂપાંદે**ને બનેલી સઘળી વાત કહી બતાવી. આ વાત સાંભળતાંજ રૂપાંદેને રોમ રોમ ક્રોધાગ્નિ વ્યાપી ગયો અને તેના આ કૃત્ય માટે ઘણોજ તિરસ્કાર સાથે ટપકો આપ્યો

પ્રાતઃકાળ થતાં સૂબાએ સરદારબાને તેડવાને મ્યાનો મોકલ્યો. ક્ષેમરાજ વગેરે આ વિશે કશું જાણતા નહોતા. તેથી તેઓ આ જોઇ આશ્ચર્ય પામ્યા. આખરે રૂપાંદેએ સર્વ વાત કહી અને પતિના કાર્ય માટે પસ્તાવો કર્યો. આ સાંભળી સરદારબાના હૃદયમાં ધ્રાસકો પડયો, પણ તે ખરી રજપૂતાણી હોવાથી ધીરજ ધરી બોલી;—“ ભાભી ! એ તરકડાઓનો શો ભાર છે કે તે મને પોતાની કરી મારી લાજ લે ! મારા દેહમાં જ્યાં સુધી પ્રાણ હશે, ત્યાં સુધી તો હું કદી પણ તેને વશ થઇશ નહિ.” એમ કહી પોતાના ઓરડામાં ગઇ; ત્યાં તેને પોતાના રૂપ, લાવણ્યપર ફિટકાર આવ્યો અને ભાઇની મૂર્ખાતાપર શોચ કરવા લાગી. રૂપાંદે નણંદનું અને રજપૂત નામનું રક્ષણ કરવા તૈયાર થઇ, દરબારગઢ પાસે આવેલાં માણસોને તેણે કાપી નાંખ્યાં. સુબાએ વધારે લશ્કર મોકલ્યું. લડાઇ થઇ તેમાં આખરે સરદારબાની ભાભી રૂપાંદે વીર પુરૂષને શોભે એવી રીતે લડી સામે મુખે મરણ પામી. મૂળરાજકુંવરે ઇસ્લામી ધર્મ સ્વીકારી કુળને લાંચ્છન લગાડયું. રજપુતોએ પોતાના રાજાનું નામ રાખવાને પ્રાણ આપ્યા, પણ આખરે સૌ હાર્યા. રહેમતખાને

ક્રદ રાજા, રાણી અને સરદારબાને કેદ કર્યાં. તેમને લઈ પાટણ તરફ ચાલ્યો. બધાંને અલગ અલગ રાખવામાં આવતાં હતાં; ને સૌનાપર ચોકી પહેરા રાખતો હતો. સરદારબાના ઉપર તેનું મન લાગીજ રહ્યું હતું, પરંતુ છંછેડાયેલી વાઘણનાં મુખ સામું જોવાની તેની હિંમત ચાલી નહિ. મુસાફરીને ચોથે દિવસે તેણે સરદારબાને કહાવી મોકલ્યું કે;—"આજ રાતનાં સુબા સાહેબ તમારે ડેરે રહેશે." એ સાંભળી પ્રથમ તો તે મુંઝાણી, પણ પાછળથી ધીરજ ધરી તેને છળવાના ઉપાયો રચ્યાં. પોતે સર્વ પ્રકારનો શૃંગાર સજ્યો. સાયંકાળે તાલમેલ કરી ખાંસાહેબ સરદારબાના ડેરાપર આવ્યો. તંબુમાં પેસતાંજ તેને જોઈ સ્તબ્ધ થઇ ગયો ને જડ જેવો નિશ્ચેષ્ટ ઉભો રહ્યો. સરદારબાએ કપટ રાખી તેને ઉભાં થઇ આવકાર દીધો ને પલંગપર બેસાડી, પોતે તેના સન્મુખ દૂર ઉભી રહી. આદર સત્કારથી ખાંસાહેબ ખુશ ખુશ થઈ ગયો. વિનોદની વાતોમાંને વાતોમાંજ તેને સરદારબાએ ઉડાવવા માંડયો. સુબો તેની ચાતુર્યતાને રૂપ જોઇ અંજાઇ ગયો. સરદારબાએ દારૂના ઉપરા ઉપર પ્યાલા તેને પાયા અને નિશામાં ચકચૂર બનાવી પોતે તેના વસ્ત્ર પહેરી લઇ તંબુમાંથી નાશી ગઇ. પુરૂષના વેશમાં નાશીને અરવલીના ડુંગરામાં ફરવા લાગી. છેલ્લે એક યોગીના આશ્રમમાં ભસ્મ લગાવી તેણે યોગિનીના વેશમાં રહેવા માડયું. એ ઠેકાણે રહેતાં રહેતાં એકવાર શિકારે આવેલા ચંદ્રાવતીના રાજકુમાર વૈરસિંહ સાથે તેની મુલાકાત થઈ અને જ્યારે ગદ્ગદ્ સ્વરે તેણે એ ક્ષત્રિય રાજકુંવરને પોતાનું વૃત્તાંત કહ્યું; ત્યારે શૌર્યથી તેનાં રૂઆં ઉભાં થયાં. વૈરસિંહે પાટણની ગાદી લેવાનો નિશ્ચય કર્યો. આઠ દિવસમાં સૈન્ય સાથે અંબાભવાનીના ધામમાં પોતાની રાહ જોવાનો વાયદો કરી તે ત્યાંથી ચંદ્રાવતી તરફ ગયો. સરદારબા યોગિનીના વેશમાં અંબાભવાની જવાને નીકળી, પણ સુબાના સિપાઇઓ તેનીજ શોધમાં ફરતા હતા, તે સિપાઇઓને હાથ અધવચમાં પકડાઇ ગઇ. સિપાઈઓ તેને પકડી એક પિંજરામાં પુરી પાટણ તરફ લઇ ચાલ્યા. માર્ગમાં સરદારબાને પકડવા માટે કોને ઈનામ મળવું જોઇએ તે સંબંધી સિપાઇઓમાં લડાઇ થઇ અને તેઓ એન્યોન્યમાં કપાઈ મુઆ. ગાડીવાન પણ તે તકરારનો ભોગ થઇ પડયો. એક મીયાંભાઇ એકલો બેઠો બેઠો ઇનામનો મનોરથ કરતો હતો, તેટલામાં પાછળથી એક ચિત્તો આવ્યો ને તેણે તે મીયાંનો ભોગ લીધો. રાતમાં શિકારી જાનવરોએ સરદારબા ઉપર પણ હુમલો કર્યો; પરંતુ પેટી મજબુત હતી તેને ગાડા ઉપરથી નીચે પાડી નાંખી; તોપણ ભાંગી નહિ ને દૈવ યોગથી તે બચી ગઇ. સૂર્ય ઉગ્યો કે ગીધ, કાગડા અને બીજા માંસાહારી પક્ષીઓનાં ટાળે ટાળાં ત્યાં આવ્યા. તેનો ઉપદ્રવ જોઇ પહાડી ભાકડા નામની જંગલી જાતના લોકોમાંના કેટલાક ત્યાં આવી ચઢયા. તેઓ પેટી જોઇ આશ્ચર્ય પામ્યા. પહેલાં તો તે ભોકો લગાર ચમકયા, પણ સરદારબાએ બોલાવ્યાથી પાસે આવ્યા ને

તેને એમને એમ ઉચકી પેટીને અંબાભવાની પાસે લઇ જઈ પૂજારીને સોંપી; પૂજારીએ પેટી ખોલી બહાર કહાડી; એટલે સરદારબાએ પૂજારીને મોતીનો હાર આપ્યો તેમાંથી ભરવાડાઓને કાંઇક આપી વિદાય કર્યા ને સરદારબાને ગુપ્ત રીતે પોતાના કબજામાં રાખી સારી રીતે સત્કાર કર્યો.

સરદારબા અંબાજીમાં હતી, ત્યાં તેને મુદતસર તેડવા વૈરસિંહે દશ રજપૂત સ્વારોને મોકલ્યા. પૂજારીએ ના કહી સરદારબાને આપી નહિ. તેથી વૈરસિંહ જાતે આવ્યો, પરંતુ તેને પણ પ્રથમતો કોઇએ પત્તો આપ્યો નહિ. છેવટ જ્યારે પૂજારીને પુર્ણ ખાત્રી થઇ, ત્યારે તેને ગભારાનાં ભોંયરામાં લઈ ગયો ને સરદારબાને મળી ખુશી થયો.સરદારબા સ્ત્રીનો પોશાક નહિ પહેરતાં પુરૂષનો પોશાખ પહેરી યુદ્ધમાં સાથે જવા તૈયાર થઇ;એટલુંજ નહિ પણ પોતાનેજ હાથે રહેમતખાનને મારવાનું તેણે 'પણ' લીધું આરાસુરી અંબાભવાનીની સ્તુતિ કરી બન્ને જણે પોતાના ઘોડા આગળ ચલાવ્યા અને લશ્કરને જઇ મળી એકદમ અણચિંતવ્યાં તેઓ પાટણ આવ્યાં. સરદારબાના માતા પિતા પાટણમાં, હતાં, તે જો ઇસ્લામી ધર્મ કબુલ ન કરે તો, તેમને ફાંસીએ ચઢાવવાં એવો સુબાનો હુકમ હતો. વૃદ્ધ રાજા રાણીએ ધર્મ ત્યાગ ન કરતાં મરણને શ્રેય માન્યું હતું. તેથી પાટણની ભાગોળે તેને જે દિવસે ફાંસીએ ચઢાવવાના હતા, તેજ દિવસે સરદારબાએ પોતાના મનથી માની લીધેલા પતિ સાથે પાટણ ઉપર હલ્લો કર્યો. ફાંસી ફાંસીને ઠેકાણે રહી અને વૈરસિંહે પોતાના વીણી કાઢેલા સ્વારો સાથે છાપો મારી મુસલમાનોને ઝાપટી કાઢયા. ઓચિંતા હલ્લાથી હડબડી ગયેલો સુબો તેમની સામે થતાં, સરદારબાના હાથે તે દુષ્ટનું મસ્તક ધુળ ખાતું થયું. ગુજરાતની રાજધાની પાટણ વૈરસિંહના હાથમાં આવ્યું અને સઘળે જયજયકાર થયો. સરદારબાના માતપિતાએ વૈરસિંહના પરાક્રમ તથા ઉપકાર તરફ દૃષ્ટિ કરી, માનસિક લગ્નથી જોડાયેલાં જોડાંનાં પ્રત્યક્ષ લગ્ન કર્યાં. સરદારબા મન ગમતો પતિ મેળવી તથા પોતાના પાતિવ્રત્ય અને એક નિષ્ઠાથી વીર પુરૂષોને દુર્લભ એવું કાર્ય અને પરાક્રમ કરી સાસરે ગઇ અને ત્યાં એક રાજ રાણી તરીકે લોકોમાં પ્રિય થઇ પડી. પતિ એજ સર્વસ્વ એમ માનનારી સરદારબાથી રાજકુળ પ્રસન્ન થયું, એટલામાં ઇશ્વરે તેને સારો દહાડો દેખાડયો, સરદારબા માતા થઇ અને તેના માનમાં વળી વિશેષ વધારો થયો. આ દંપતી સુખમાં દિવસ નિર્ગમન કરતાં હતાં; પરંતુ ગુજરાતની લક્ષ્મીથી મોહિત થયેલા દિલ્લીના પાદશાહને ગુજરાત જવાથી નિરાંત વળી નહિ અને તેણે આ દંપતીને સુખે બેસવા દીધાં નહિ. ગુજરાતને પાછું લેવાને પોતાના વિશ્વાસુ સરદાર ખુશરૂખાને મોટી સેના લઇ મોકલ્યો. તેણે પેલે સપાટેજ ચંદ્રાવતીને ઘેરો ઘાલ્યો. વૈરસિંહ આ સેનાની સામે પોતાના રજપૂત યોદ્ધાઓને લઇ લડયો; પરંતુ ગુજરાતનો દહાડો ઘેર ન હોવાથી તે રણમાં પડયો. તેના નાનાભાઈ માનસિંહમાં બળ પરાક્રમ તો ન હતાંજ, પણ ઉલટું તેનામાં એક

દુષ્ટ બળ ઉશ્કેરાયલું હતું અને તે સરદારબાને પોતાની કરવાનું હતું. લડાઇમાંથી નાશી આવી,વૈરસિંહના મરણના સમાચાર આપતાંજ તેણે તે વાત સરદારબાને કહી. માનસિંહના આવાં લંપટ વચન સાંભળી તેને રોમ રોમ ક્રોધાગ્નિ વ્યાપી ગયો ને લાલ નેત્રો કરી સિંહણની પેઠે ગર્જના કરતી બોલીકેઃ—" ઓ લંપટ ! તારાભાઇના મરણ વખતે અને શિરપર શત્રુઓ ગાજે છે તેવા સમયમાં, આવાં નીચ વચનો કાઢતાં તને શરમ નથી આવતી ? ધિક્કાર છે તારા જેવા કુલાંગારને ! સસલું સિંહણને ભોગવવાની આશા રાખે, તેના જેવી તારી આ આશા છે. સિંહની ગાદી ઉપર તારા જેવા શિયાળ શોભે નહિ. જા દુષ્ટ ! શું કરૂં, તું મારો દિયર છે, નહિતર આવેળા હું મારે હાથેથીજ એવું બોલનારનું માથું ધડથી અળગું કરૂં." એટલામાં વળી કિલ્લાપરથી પણ ખબર આવ્યા કે, વૈરસિંહ રણમાં પડયા પછી રજપૂતો નવો સરદાર માગે છે અને મુસલમાનો પાણીના પૂરની પેઠે ધસ્યા આવે છે." માનસિંહને પાછો જીવતો આવેલો જોઇને માતા તથા ભોજાઇએ તેનો અત્યંત તિરસ્કાર કર્યો. તે તો લડવા નહિ જતાં નાસીને વેશ્યાને ત્યાં સંતાયો. તેથી શૂર અને પરાક્રમને પ્રકટ કરવા તલપી રહેલી ખુદ સરદારબાએજ સરદારી લેવાનો નિશ્ચય કર્યો. આઠ માસના પુત્રને સાસુના ખોળામાં મૂકી પોતે શસ્ત્ર બાંધી બીજાએલી વાઘણના જેવી ગર્જના કરતી મુકત કેશે બહાર આવી, અને જાણે હમણાંજ બ્રહ્માંડને ગળી જશે ! એવું સ્વરૂપ ધરી, અશ્વ ઉપર સ્વાર થઇ. નગ્ન તલવાર હાથમાં લઇને એક હજાર વટવાળા રજપૂતો સહિત પોતે જાતેજ કિલ્લાના રક્ષણ માટે વિજળીની પેઠે સબાકા દેતી આવી પહોંચી. દરેક બુરજ ઉપર લશ્કરને ગોઠવી દીધું. રજપૂતો કિલ્લા પર તૈયાર થઇ રહ્યા અને પોતે ૧૦૦ શૂરા સરદારોને લઇ દરવાજા ઉપર ઉભી. ખુશરૂખાન લશ્કર લઇ આવ્યો અને જોય છે તો રજપૂતો લડવાને તૈયાર ઉભેલા છે. દરવાજા ઉપર મહાકાળીના જેવી સ્વરૂપવાન શૂરી રજપૂતાણી સજ થયેલી છે ! " પાટણની ગાદી આ રજપૂતાણીએજ ઉખેડી નાંખી હશે." એવું અનુમાન તેને જોતાંજ ખુશરૂખાંને થયું. તેના વિકાળ સ્વરૂપનું દર્શન કરતાંજ લોંકડાની પેઠે ધ્રુજવા લાગ્યો. તેના હાંજાજ ગગડી ગયા. તેણે કિલ્લાને એક માસ સુધી ઘેરો ચાલુ રાખ્યો. તેથી શહેરની અંદરના લોકોને અન્ન વગર આપદા પડવા લાગી. પોતાની રૈયતને આવી દુઃખી સ્થિતિમાં જોતાં સરદારબાને અત્યંત લાગી આવ્યું. તેથી તેણે શૂરા સરદારોની સલાહ લઇ કેશરીઆં કરવાનો ઠરાવ કર્યો. શહેરના દરવાજા ઉઘાડી નાખ્યા ને જેમ ભૂખ્યા વાઘ વનમાંથી બકરાંનાં ટોળાપર પડે, તેમ પોતાનો હાથ ઠારવાને પડી ગહા શોર મચાવી મૂકયો. હજારોનાં માંથા ભૂમીપર રડવડતાં કર્યાં અને ખૂબ ઝપાઝપીમાં એક પક્ષના લશ્કરનો સંહાર વળી ગયો. પણ તેમાં આખરે સરદારબા ઘાયલ થઇને શત્રુને હાથ પકડાઇ ગઇ. પાદશાહની સેનાનો નાયક ખુશરૂ કે જે એક હ-

લકી પંક્તિનો મુસલમાન થયેલો મૂળે હિંદુ હતો. તે ઘાયલ સરદારબાને પોતાના તંબુમાં મંગાવી તેને પોતાની સ્ત્રી થવાની અનેક લાલચો આપવા લાગ્યો. સરદારબા જોકે લોહી વહી જવાથી નિર્બળ થઇ ગઇ હતી; તોપણ તેની આવી માગણી સાંભળતાંજ તેનું ગગજ તપી ગયું અને લાલચોળ થઇ ગઇ. અશક્ત અવસ્થામાંથી ઉઠી બેઠી થઇને જોરથી બોલી;—" અરે દુષ્ટ ! દૂર રહે ! મારા શરીરનો સ્પર્શ કરી મને અભડાવીશ નહિ. રજપૂતાણીના હાથની માગણી કરતાં તું શરમાતો નથી ? કરણઘેલાની કૈલાદેવી અને દેવળદેવી જેવી મને ન ધારતો. મારી આશા તારે તદ્દન મૂકી દેવી. જા,ખસ તારૂં કાળું કર,ફરીથી મને તારૂં કાળું મ્હોં બતાવીશ નહિ; " વગેરે હજારો ફીટકાર આપ્યા. જ્યારે તે બોલતાં બોલતાં બિછાનામાં ઢળી પડી, ત્યારે ખુશરૂખાન તેની પાસે ગયો અને અડકી આસના વાશના કરવા લાગ્યો. જેવો તે દુષ્ટના હાથનો સ્પર્શ થયો, તેવોજ જાણે અગ્નિનો સ્પર્શ થયો હોય, તેમ સરદારબાના અંગમાં નવો આવેશ ચઢી આવ્યો. તેણે જોર અને આવેશથી બિછાનામાં બેઠા થતાં થતાં પોતાની શિયળ રક્ષિણી કટારવડે ખુશરૂના આંતરડાં પેટ બહાર ખેંચી નાંખ્યા અને તંબુમાંથી ઉઠી ચંદ્રાવતી તરફ દોડી. ખુશરૂ તંબુમાંજ થોડી વાર પગ ઘસી મરણ પામ્યો.સરદારબા ચંદ્રાવતી તરફ થોડું દોડતાંજ પડી ગઇ ને મૂર્છા આવી. એટલામાં ભાટ ચારણો આવતા હતા, તેણે જોઇ કે તુરત તેઓ ઉપાડી ચાલ્યા. પછી જ્યારે મૂર્છા વળી ત્યારે તે બોલી;—" મારા ઉપર પાણી નાંખો, મને ચંડાળનો સ્પર્શ થયોછે. " ભાટોએ જળ લાવી સ્નાન કરાવ્યું, તેવીજ તે " તમારો સર્વનો જય થાઓ, મારો પુત્ર હું તમને સોંપુંછું, મારા વૃદ્ધ સાસુ સસરાને દુઃખી થવા દેશો નહિ. " એમ બોલતાં બોલતાં આ વીર–પતિવ્રતા પોતાની કીર્તિને દિગંતમાં ગજાવી સ્વર્ગે સિધાવી. એ રીતે આ સત્યવ્રત વાળી શૂરી પુરી પતિપરાયણ વીર સ્ત્રી આધુનિક સ્ત્રીઓને શિક્ષણ લેવા યોગ્ય સુદષ્ટાંત રૂપ અમર કીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે. તેમને ! ! !

અહલ્યાબાઇ.

આ પ્રખ્યાત્ પવિત્ર વીર મહારાણીનો જન્મ ઇ. સ. ૧૭૨૫ માં સિંધિયાના કુળમાં થયો હતો. એ મલ્હારરાવ હોલ્કરના પુત્ર ખંડેરાવની પત્ની હતી. તે મહા બુદ્ધિવાન, ધાર્મિક, નીતિવાન, ન્યાયી, દયાળુ, ક્ષમાવાન, ચાલાક, ચતુર, કાર્ય કુશળ, હિંમતવાન, પરોપકારી, ઉદાર, અને પતિવ્રતા હતી. તે મધ્યમ કદની અને નાજુક હતી, તેનો ચ્હેરો જો કે પાકા બદામીરંગનો હતો. તોપણ તે સ્વચ્છ હતો. તે ઘણી આનંદી હતી અને ભાગ્યેજ તે ગુસ્સામાં દેખાતી.મન કેળવાયેલું, રાજ્યના કામકાજમાં સ્વચ્છ અને પ્રામાણિક હતી. તેને ખુશામત જ-

રૂપનું પ્રિય નહોતી. તેના મુખ ઉપરથી ભોળપણુ અને સાધુત્વ સ્પષ્ટ જણાઈ આવતાં હતાં. ઇશ્વરે તેને અતિ રૂપવતી બનાવવાને બદલે દિવ્ય ગુણવતી બનાવી હતી. તે એવા ઉત્તમ ગુણોથી ભૂષિત હતી કે જે ભૂષણુ આગળ અન્ય સઘળાં ભૂષણો કદાચ ન હોય, તોપણ તે બહારનાં ભૂષણો ધરાવનાર કરતાં વિશેષ શોભે. કહ્યું છે કે;—"માણસનું ઘરેણું રૂપ છે ને રૂપનું ઘરેણું સારા ગુણુ છે." મરાઠા રાજકુળની બીજી સ્ત્રીઓના કરતાં અહલ્યાબાઇએ કાંઈક વધારે વિદ્યાભ્યાસ કર્યો હતો, એવો સ્પષ્ટ લેખ જણાતો નથી; તેમ તેણે બાલ્યાવસ્થામાં કે યુવાવસ્થામાં વિદ્યા ઉપાર્જન કરી હતી તે પણુ જણાતું નથી; પરંતુ એટલું તો સમજાય છે કે, બાલ્યાવસ્થાથી શિક્ષા પામ્યા વિના કોઇ પણુ મનુષ્ય આવું સદ્ગુણી, વિદ્વાન અને નિપુણુ થઇ શકે નહિ. અહલ્યાબાઈ ઘણાજ ધર્મ—નિયમથી પુરાણાદિક ગ્રંથોનું શ્રવણુ અને ઉપયુક્ત ગ્રંથોનો પાઠ કરતી હતી. તે એવા તો દૈવી ગુણોથી વિભૂષિત હતીકે, તેજે સમયે જે દેશમાં ઉત્પન્ન થઇ, તે દેશનું એક દિવ્ય ભૂષણુ મનાતી હતી; અને ઉચ્ચ સન્માન, પ્રૌઢ પ્રતિષ્ઠા અને નિર્મળ યશનું પાત્ર થઇ હતી. તે ઉત્તમ ગુણોથી પોતાના પતિ ખંડેરાવની અત્યંત પ્રીતિ મેળવી શકી હતી. ખંડેરાવ તેમને અત્યંત માનને પ્રેમથી ચાહતો હતો.પતિ પત્ની પ્રેમથી રાજ્ય વૈભવનું અતુલ્ય સુખ ભોગવતાં હતાં. તેમને માલીરાવ નામે એક પુત્ર અને મંચ્છાબાઇ નામે પુત્રી એ બે સંતાન થયાં હતાં. આ મહારાણી પતિને રાજકાર્યમાં ઘણી પ્રકારે ઉપયોગી સલાહકાર થઇ પડી હતી; પરંતુ આ સુખી જોડું લાંબોકાળ સાથે રહી સુખ ભોગવવા પામ્યું નહિ. દૈવ ઇચ્છાથી ખંડેરાવ હોલ્કર મરણુ પામ્યાથી તેને વૈધવ્ય પ્રાપ્ત થયું. તે વેળા આ મહારાણીની ઉમર માત્ર વીસ વર્ષની હતી. પતિના દેહાંત પછી તેણે રંગીન વસ્ત્રો પહેરવાં તજી દીધાં. દક્ષિણ દેશમાં વિધવાઓ બહુધા જે વસ્ત્રો પહેરે છે, તે રૂઢિ પ્રમાણે તે કેવળ વગર કિનારની શ્વેત ધોતી પહેરતી હતી; સિવાય એક માળા કે કોઇ પણુ પ્રકારનું આભૂષણુ ધારણુ કરતી નહતી. ઇંદ્રિયોના સુખ—ભોગને વાસ્તે સર્વ પ્રકારની સામગ્રી તૈયાર હતી, પરંતુ તેણે મનને સાંસારિક વિષયોમાં પ્રવૃત્ત થવા દીધું નહિ. તેનાં શાંત ચિત્તપર સુદૃઢ વૈરાગ્ય જામી ગયો હતો. તેથી તે સદા સુખ પૂર્વક વિષયોથી વિમુખ રહીને ઇશ્વરભક્તિ કરતી હતી. તેવામાં વળી સસરા મલ્હારરાવ હોલ્કરનો દેહાંત થયો. ત્યારે પોતાનો પુત્ર માલીરાવ ગાદી ઉપર બેઠો, પરંતુ તે નાની ઉમરનો હોવાથી રાજ્યનો સઘળો ભાર તેના ઉપર આવી પડયો, પણ દૈવ ઇચ્છાથી તે એકનો એક પુત્ર પણુ નવ માસની અંદરજ મરણુ પામ્યો. તેથી તેના શોકનો પાર રહ્યો નહિ. પુત્રી મંચ્છાબાઇ બીજા કુળમાં પરણી હતી. તેથી આ વંશમાં ગાદીના અધિકાર પદે માત્ર અહલ્યાબાઇ સિવાય કોઇ નહોતું.તેથી તેણે સર્વ સંભાળી વ્યવસ્થા કરવાનું પોતાના હાથમાં લીધું.

અહલ્યાબાઇ રાજકાર્યમાં બહુ કુશળ હતી. તેને પોતાના કામમાં બીજાએ વચ્ચે આવવાનું પસંદ નહોતું. મલ્હારરાવના મુખ્ય મંત્રી ગંગાધરયશવંતનો એવો વિચાર હતો કે અહલ્યાબાઇ પોતાના કુળમાંથી કોઇને ખોળે લે અને તેને ગાદી પર બેસાડવામાં આવે તો ઠીક, એટલે અહલ્યાબાઇનો હાથ રાજ્યમાં ન રહે એવો ઉંડો હેતુ હતો; પણ અહલ્યાબાઈએ તે વિષે કહ્યું કે;—"હું ગાદીના બંને અધિકારીઓની સંબંધી છું. એકની સ્ત્રી અને એકની માતા છું, માટે જાતે રાજ્ય કારોબાર કરીશ.મારી હયાતીમાં હું કોઇને રાજ્યનો માલિક બનાવનાર નથી. "તેથી ગંગાધરે પેશવાના સેનાપતિ રઘોજીને સમજાવી પોતાની સાથે મેળવી લીધો, ને એવી ખટપટ ચલાવી કે જેથી અહલ્યાબાઇ કોઇ પણ પ્રકારે ગાદી પર બેસવા પામે નહિ, પરંતુ અહલ્યાબાઇએ તેને ચેતવણી આપી કે મારી સાથે તકરાર કરનારને અપ્રતિષ્ઠા વિના બીજું કાંઇ પણ પ્રાપ્ત થનાર નથી. જ્યારે રઘોજીને યુદ્ધ કરવા સજ્જ થયેલો જોઓ, ત્યારે અહલ્યાબાઈએ પણ લડવાની સઘળી તૈયારી કરી. પોતાનો હાથી તૈયાર કર્યો અને અસ્ત્ર શસ્ત્ર ધારણ કરી લડવાને ત્યાર થઇ જણાવ્યું કે;—"જો કદાચ યુદ્ધની જરૂર પડશે તો હું સંગ્રામમાં સેનાની સાથે લડીશને શત્રુઓને હઠાવી દઇશ." આ સર્વ ખબર સિંધિયા અને પેશવાને થતાં તેણે રઘોજીને કહાવી મોકલ્યું કે;—"સ્ત્રી સાથે વિરોધ કરવામાં અમે તમને જરા પણ મદદ કરી શું નહિ." વળી પેશવાએ રઘોજીને જણાવ્યું કે;—"અહલ્યાબાઇને ગાદી પર બેસવા દેવામાં તેણે કોઇ પણ વાતની તકરાર કરવી નહિ અને આડે આવવું નહિ." અંતે આ મહાન્‌રાણી હોલ્કરના સિંહાસન પર સને ૧૭૮૫ માં સુશોભિત થઇ.જે દિવસે સર્વ લગામ પોતાના હાથમાં લીધી તેજ દિવસે તેણે રાજ્યના ખજાનામાંના સર્વ દ્રવ્ય ઉપર તુળસી પત્ર મૂકયું અને તે દ્રવ્ય પરમાર્થમાં વાપરવાનો સંકલ્પ કર્યો. તુકોજી હોલ્કરને સેનાધિપતિ ઠરાવ્યો. તે પાકી ઉમરનો ઠરેલ, શરમાળ, અને રાજ્ય લોભ વિનાનો માણસ હતો. સઘળા પક્ષકારો તરફથી તેને માન મળતું હતું. અહલ્યાબાઇએ પોતાની ચાતુર્યતાથી રાજ્ય પ્રબંધમાં કેટલાક ફેરફાર કર્યા. પોતે સ્ત્રી હોવાથી જે ન થઇ શકે તેજ કામ કારભારીઓને સોંપ્યાં; બાકી સઘળી સત્તા પોતાનાજ હાથમાં રાખી. માજી મંત્રી ગંગાધરને ક્ષમા કરી ફરી મંત્રીપદ આપ્યુ;તુકાજી હોલ્કરને પ્રાંતના બીજા સુબાઓનું ઉપરીપણું પણ આપવામાં આવ્યું હતું. અહલ્યાબાઇ તેને પુત્ર સમાન ગણતી હતી અને તે તેને માતા તુલ્ય માનતો હતો. માળવા તથા મેવાડના સુબાનાં રાજ કાજ વહિવટ અહલ્યાબાઈ જાતેજ કરતી હતી, ને તે સઘળાંમાં ન્યાય અને શીઘ્રતા બરાબર જળવાતાં હતાં.

અહલ્યાબાઈના મનમાં સદાકાળ એવીજ અભિલાષા હતીકે દેશની સર્વ પ્રકારે ઉન્નતિ થાય અને પ્રજાનાં જાન માલનું રક્ષણ થઇ સઘળાં સુખ ચેનથી રહે. પોતાની પાસે જે સેના હતી તેને સારી રીતે કેળવી ઉત્તમ બનાવી

હતી. તેને પોતાની સેના તથા પ્રજાની રાજ્ય ભક્તિ ઉપર પુર્ણ વિશ્વાસ હતો અને તેથી કહેતી કેઃ–' પરદેશી શત્રુઓનો તો મને ભયજ નથી ' વળી સ્વાધીન રાજા તથા સરદારોનો આદરપુર્વક સત્કાર કરતી હતી ને તેમને પોતાના અંગ ભૂત માની યોગ્યતા પ્રમાણે માન આપતી હતી. પ્રજા, મહાજન, વ્યાપારીઓ અને જમીનદારોની ચઢતી જોઇને નિરંતર પ્રસન્ન રહેતી અને તેમના વિપુલ ધન તરફ કોઇ પણ કુદૃષ્ટિ કરી નવા કર નાખ્યા નહોતા, પરંતુ તેમના પર અધિક કૃપાકરી રક્ષાને પાત્ર સમજતી હતી. તેથી પ્રજાનો તેના ઉપર અત્યંત ભક્તિ ભાવ હતો. તે એટલો બધો ભક્તિભાવ વધી ગયો હતો કે, તેના અમલમાં ગોડ લોકોએ પણ લૂટફાટ કરવાનો નીચ ધંધો છોડી દીધો હતો. તેમના તરફ અહલ્યાબાઇ પ્રીતિ અને સન્માનની દૃષ્ટિથી જોતી હતી. એટલે તેઓ તેની સભ્યતાથી સંતુષ્ટ રહેતા હતા. કોઇ વખત એ જંગલી લોકો કાંઇ કારણસર સામે થઇ ઉપદ્રવ કરતા, તો તેના ઉપર પોતાનું બળ અને પરાક્રમ પ્રગટકરી યથોચિત ન્યાયસર દંડ કરવાને ચૂકતી નહિ. આર્યધર્મમાં ધર્મ અથવા મતભેદને માટે કોઇને પણ દુઃખ દેવું એ શાસ્ત્ર વિધિ નથી. તે ધર્મ નિયમ પ્રમાણે વર્તી અહલ્યાબાઇ આર્યધર્મથી વિરૂદ્ધ મતવાળાનું પણ દિલ દુખાવતી નહિ; પરંતુ સૌ સાથે સદા દયાથી વર્તતી હતી. તેના ધર્મ રાજ્યમાં કોઇને લેશ પણ દુઃખ નહોતું એમ કહીએ તોપણ ચાલે. તેના રાજ્યપર ઉદેપુરના રાણા સિવાય બીજા કોઇએ ચઢાઇ કરેલી નથી. રાણા સાથે તે એવીતો વીરતાથી લઢી હતી કે, સંપ કરવાને આખરે રાણાએ કહેણુ મોકલ્યું હતું, અહલ્યાબાઇએ તેનો સ્વીકાર કર્યો; તેથી રાણો ઉદેપુર પાછો ફર્યો હતો. તેણે રાજ્યનો પ્રબંધ એવોતો ઉત્તમ રીતે બાંધ્યો હતો કે કદીપણ ઉપદ્રવ કે અસંતોષ ઉત્પન્ન ન થતાં પ્રજા સુખમાં દિવસો નિર્ગમન કરતી હતી. તે પોતાની પ્રજાને ધનસંપન્ન અને સુખ ચેનમાં મગ્ન જોઇ જેટલી પ્રસન્ન થતી હતી, તેટલી રાજ્ય–ખજાના દ્રવ્યથી તર કરવામાં થતી ન હતી. ભારતવર્ષનાં છોટાં મોટાં બધાં રાજ્યોના પ્રતિનિધિઓ, જેઓ તે રાજ્યમાં રહેતા હતા, તેઓની સંમત્તિ અન્ય સઘળાની સંમત્તિથી વિશેષ મનાતી હતી. અહલ્યાબાઇના વકીલો પુના, હૈદ્રાબાદ, શ્રીરંગપટ્ટન, નાગપુર, અને લખનૌમાં રહેતા હતા. તેનું લેણુ દેણુ આખા ભારતવર્ષના બહુ દૂરના રાજા મહારાજાઓથી થયા કરતું હતું. વળી તેણે કેટલાક ગઢ તથા કિલ્લા બનાવ્યા હતા અને ઘણું દ્રવ્ય ખર્ચી વિંધ્યાચળનો પાહાડ કોરાવીને સડક બંધાવી હતી. આખા રાજ્યમાં લાખો રૂપિયાને ખર્ચે ધર્મશાળા, મંદિરો, અને મજબુત કૂવા બનાવ્યા હતા. આ રાજમાતાના ધર્મ દાનનાં વખાણ તેના રાજ્યમાંજ નહિ, પરંતુ ઘણા દૂર દેશોમાં પણ થતાં હતાં. મહાતીર્થનાં સ્થળો જેવાં કે કાશી, મથુરાં, પ્રયાગ, જગન્નાથ, દ્વારિકા, રામેશ્વર અને કેદારનાથ ઇત્યાદિ સ્થળોમાં તેણે મંદિરો બંધાવી સદાવ્રતો ચાલુ કરી દીધાં હતાં;

જ્યાં આજ સુધી હજારો બ્રાહ્મણો અને સાધુ સંતોનો ઉપકાર થયા કરે છે. કાશીજીમાં શ્રીવિશ્વનાથજીનું મંદિર, કે જેનું સઘળું શિખર સુવર્ણથી મઢેલું છે, તે પોતાને ખર્ચે તૈયાર કરાવ્યું તથા ઈંદોરનું પ્રાચીન નગર નદીના બંને કિનારા પર હતું, તે સને ૧૭૯૮ માં અહલ્યાબાઇએ ડાબે પડખે નવું વસાવ્યું. ઘણા આશ્ચર્યની વાત છે કે પોતે સ્ત્રી જાતિ હતી, તોપણ રાજ્યનો એટલો મોટો બોજો ઉપાડી, કઠિણ પરિશ્રમથી બરાબર ત્રણ વર્ષ સુધી એક સરખું ન્યાય પુરઃસર કામકાજ ચલાવી શકી હતી!

અહલ્યાબાઇ નિત્ય પ્રાતઃકાળમાં ઉઠી નિમેલા વખત સુધી હરિકથા શ્રવણ કરતી હતી. પછી પોતાનાજ હાથથી સુપાત્રોને ભોજન અને દાન દક્ષિણા આપી ભોજન કરતી. તેની જ્ઞાતિમાં માંસ ભક્ષણનો નિષેધ નહોતો, તોપણ પોતે પરમ વૈષ્ણવ હતી. તેથી કેવળ અન્નના પદાર્થો સિવાય બીજું કાંઇ આહારના ઉપયોગમાં લેતી નહિ. ભોજન કર્યા પછી થોડો વખત શયન કરતી. બે બજે તૈયાર થઇ રાજ સભામાં બિરાજતી અને સાયંકાળ સુધી તે કાર્ય કરતી હતી. દક્ષિણીઓમાં સ્ત્રીઓને ઘરમાં ગોંધી રાખી એકદમ પડદે રાખવાનો રિવાજ નથી. આ રીતિ બહુધા ભારતવર્ષના તેજ દેશમાં પ્રચલિત છે; કેમકે તે તરફ મુસલમાનોનો વધારે ઉપદ્રવ નહોતો. મરાઠાઓમાં હજુ સુધી પ્રાચીન આર્યોનાં આ ચાલચલણ તથા રીતભાત જોવામાં આવે છે. તેઓ પોતાની સ્ત્રીઓને કેટલુંક શિક્ષણ આપવામાં ભારતવર્ષના બીજા દેશના લોકોની પેઠે હલકું નહિ માનતાં પ્રસન્નતા પુર્વક બાળકીઓને પઠન પાઠન કરાવે છે. એ લોકોમાં ધનવાનોની સ્ત્રીઓ ઘોડાપર સ્વાર થઇ ગમે ત્યાં ફરી હરી શકે છે. તેમાં કોઇ પ્રકારનો પ્રતિબંધ નથી. તે રીતને અનુસરી અહલ્યાબાઇ પડદા વગર દરબારમાં બેસીને રાજનાં સઘળાં કામકાજ કરતી હતી. પ્રજાની ફરીયાદો ધ્યાન દઇ સાંભળીને અદલ ઇનસાફ આપતી હતી. મોટા નાના સઘળાઓ તેના પાસે જઇ શકતા હતા. "**ઈશ્વરની પાસે મારે આ સઘળી જોખમદારીનો જવાબ આપવો પડશે.**" આવા નિશ્ચયથી સઘળાં કામ દીર્ઘ વિચારથી અને ઇશ્વરનો ભય રાખીને તે કરતી હતી. સંસારમાં એવાં ઘણાં થોડાંજ મનુષ્યો હોય છે કે, જેને સત્યાસત્યનો એટલો બધો વિચાર અને ઇશ્વરનો ભય હોય. સભા વિસર્જન થયા પછી પોતે કાંઈક કાળ જપ પૂજનમાં બેસી કથા શ્રવણ કરતી હતી. પછી ભોજન કરીને રાત્રિના નવથી અગ્યાર વાગતા સુધી કામ કાજ કરી શયન કરવા જતી હતી. વ્રત તથા ઉત્સવોના દિવસો સિવાય એજ પ્રમાણે નિયમ પૂર્વક પોતાના કામકાજમાં જોડાઇ રહેતી હતી.

મહારાણી અહલ્યાબાઇ ખરેખરી દેવી સ્ત્રી હતી. સઘળાં કામકાજોમાં તેના ચિત્તની ઉદારતા, શીલતા, દયા અને ધર્મ એ વધારે વખાણવા યોગ્ય છે. તે નિત્ય દુઃખી, દીન, અને દરિદ્રી લોકોને ભોજન કરાવતી અને તેહેવારોના દિવસોમાં તે-

અને નાના પ્રકારના પદાર્થો જમાડતી હતી. ગ્રીષ્મ ઋતુમાં સૂર્યના તાપથી જ્યારે માળવામાં જળની તાણ પડતી હતી; ત્યારે ઠેકાણે ઠેકાણે પાણી પીવાના પરબ એસાડતી. તેથી દીન તથા વટેમાર્ગુને સુખ થતું હતું. શિયાળાની ઋતુમાં ગરીબોને વસ્ત્રો આપતી હતી. એ સિવાય પશુ પક્ષીઓને માટે પણ પાણી પીવાના અવેડા અને ચણીયાં બંધાવ્યા હતાં. તેનાં કરેલાં કામોનો હજારો ને લાખો પ્રાણીઓએ લાભ લીધેલો છે. અગણિત જનો પર તેનાથી ઉપકાર થયો છે, તેના સઘળાં કામો પરઉપકાર અને પ્રજા પાલન નિમિત્તજ થતાં હતાં. સઘળા હિંદુ અને મુસલમાન ઇશ્વરની એજ પ્રાર્થના કરતાકે આ ધર્મિષ્ઠ મહારાણીનું રાજ્ય અવિચળ રહે અને તેનો પ્રતાપ તથા તેજ નિરંતર વૃદ્ધિ પામે. અહલ્યાબાઈ વૃદ્ધાવસ્થામાં મહા આપત્તિમાંપડી, તે એકે તેની એકની એક પુત્રી મંછાબાઇનો પતિ દૈવ ઇચ્છાથી ભરજુવાનીમાં દેવલોક પામ્યો, તેના શબ સાથે બળી મરવા મંછાબાઈ જ્યારે તૈયાર થઈ, ત્યારે માતાએ અનેક પ્રકારે સમજાવી કહ્યું કે;—" બેટા ! મારૂં માન અને સતી થવાનું બંધકર; કારણકે આ સંસારમાં હવે મારે તારા વિના બીજા કોઇનો આધાર નથી, આ વૃદ્ધાવસ્થામાં તનેજ જોઇને હું જીવુંછું. જો તું નહિ રહેતો પછી મારી ખબર કોણ પૂછશે ? મારા દુ:ખ તરફ દૃષ્ટિ કરી માન ? " મંછાબાઈનો માતા પર અત્યંત સ્નેહ હતો; તોપણ પોતાના ભયંકર વિચારનો ત્યાગ ન કરતાં તેણે કહ્યું કે;—" પ્રિયમાતા ! તું હવે વૃદ્ધ થઇ છે. તેથી સંસારમાં તારે કાપવાના ઘણા થોડા દિવસો છે. મારો પુત્ર અને પતિ બંને પરલોક ગયા છે અને વળી તું પણ જ્યારે નહિ રહે, ત્યારે એ પહાડ જેવી જીંદગી મારે શી રીતે કાપવી તેનો વિચાર કરીને મને વાર; વગેરે કહ્યા પછી અહલ્યાબાઇએ અંતે સતી થવાની રજા આપી. તે જે ઠેકાણે પતિની સાથે બળી ભસ્મ થઇ, ત્યાં અહલ્યાબાઇએ સતીના સ્મરણાર્થે એક દિવ્ય મંદિર બંધાવેલું છે, જે અદ્યાપિ પણ જોવામાં આવે છે. અહલ્યાબાઇએ તુકાજીને ગાદીએ બેસાડયો હતો, પણ કેટલીક સત્તા પોતાવા હાથમાં રાખી હતી. તેથી તેનું શરીર રાત્રિ દિવસના પરિશ્રમથી અને રાજ કાજની ચિંતાઓથી નિર્બળ થઇ ગયું હતું. વળી નિત્યના વ્રતોથી પણ તેનું શરીર ગાંઝી જઇ મૃત્યુના ઘર પાસે જલદીથી પહોંચ્યું હતું. તેથી ઇ૦સ૦ ૧૭૯૦ માં ૬૦ વર્ષની અવસ્થાએ તેનો પરલોક વાસ થયો. તેની નીતિ નિપુણતા, ધર્મપાલના, ચિત્તની દૃઢતા, બ્રહ્મચર્ય, ઇંદ્રિય નિગ્રહ, અને પ્રજા પાલન વિષેના તેના સિદ્ધાંતો વખાણવા લાયક હતા. તેનામાં મુખ્ય ગુણ એ હતો કે તેને પોતાની મિથ્યા પ્રશંસા મુદ્દલ પસંદ નહોત્તી. કદાપી કોઈ મોઢે સ્તુતિ કરતાં તો તે તરફ અભાવ દર્શાવતી હતી. તેના સદાચાર અને શુભ ગુણોના સંબંધમાં **મેલકમ** સાહેબ લખે છેકે;—" જે કાંઇ એના વિષયમાં લખાયું છે, તે એવુંતો સપ્રમાણ છે કે તેની સત્યતા અને યથાર્થતામાં કોઇ પણ પ્રકારનો સંદેહ લાવવા જેવું નથી; પરંતુ નિ:સંદેહ

એ પરમ આશ્ચર્યછેકે એક સ્ત્રી શરીર કેવું ગંભીર હોઇને સંસારિક વિષય ભોગથી વિરક્ત હોય છે ! સ્વધર્મને વિષે આટલી બધી સુદઢતા અને પરધર્મ તરફ ઇર્ષાભાવનો અંશ પણ નહિ ! કોઇ પણ ધર્મવાળાને તુચ્છ ન ગણી પોત પોતાના ધર્મમાં વર્તવાના સંબંધમાં કોઇને કશી રોકત કે હરકત કરી નહિ. પ્રત્યેક ધર્મ પાળનાર તરફ કેવળ ઉપકારની દષ્ટિ વિના બીજી દષ્ટિજ નહિ ! બીજાના આત્માને સંતોષ આપવા વિના બીજું કાંઇ શ્રેયસ્કર સમજીજ નહિ ! ઇશ્વરનો ભય રાખી સદા સઘળું કામ કર્યા કર્યું અને બીજાના અવગુણો તથા દોષોની ક્ષમા કરી ! પુરૂષ શરીરોમાં પણ એવા ગુણો દુર્લભ હોય છે, જે એક સ્ત્રી શરીરમાં સ્વાભાવિક આવી વસ્યા હતા. માળવાના લોકો આ બાઇને એ મહાન્ ગુણોથી વિભુષિત અને ઇશ્વરની આંશિક માને છે. હગણું ધ્યાન પૂર્વક જોઇએતો એ પરમ સાધ્વી અહલ્યાબાઇ નીતિ અને ધનાનુંરાગી રાજાઓમાં શિરોમણી, અથવા માનોકે આ સિધ્ધાંતનાં પરમ રૂપ થઈ છે. સિધ્ધાંત એ છે કે જે મહિપતિ ઇશ્વરનો ભય ચિત્તમાં રાખીને પોતાની પ્રજાનું પાલન કરેછે, તે સંપૂર્ણ ધર્મ કરેછે અને સંસારમાં નિર્મળ યશ સંપાદન કરે છે. ” અહા ! ખરેખર અહલ્યાબાઇ ભારત વર્ષના રાજાઓનું એક દિવ્ય ભૂષણ હતી. આધુનિક સમયે ભારતવર્ષમાં જેમ પુરૂષ વર્ગમાં **અકબર** પાદશાહ થઇ ગયો છે, તેજ પ્રમાણે સ્ત્રી વર્ગમાં મહારાણી અહલ્યાબાઇ થઇ ગઇ છે. તે પોતાના જીવનનું સાર્થક કરીને સુદષ્ટાંત્ રૂપ અમર કીર્તિ રાખી ગઇ છે. જેની કીર્તિના કિરણો ભારતવર્ષમાં અદ્યાપિ પર્યંત્ ચોતરફ પ્રસરી રહ્યાં છે. ધન્ય છે તેમને ! ! !

સતીઓ.

વનદેવી.

આ પતિપ્રાણા સતી સ્ત્રી ધારાનગરીના રાજા **ઉદયાદિત્ય**ની પુત્રી હતી. એ મહા સૌન્દર્યવાન દિવ્યકાન્તિની હતી. તેમ બુદ્ધિશાળી, નીતિવાન, દયાળુ,ચતુર, ભણેલી, શાન્ત, ધાર્મિક, પ્રેમાળુ, અને પતિવ્રતા હતી. બાળપણમાં તેની માતા **મનોહરી**ના હાથ નીચે ઉછરી શિક્ષણ પામી ઉત્તમ ગુણસ્વભાવની થઇ હતી. જેવી સતી વનદેવી રૂપ ગુણે અનુપમ હતી, તેવોજ તેને પતિ શોધી પરણાવવાની તેના માતાપિતાની ઇચ્છા હતી. તેથી દેશ દેશાંતર અનેક રાજકુંવરોની શોધ કરાવીને અંતે કલ્યાણીનગરના રાજા **સૂર્યસિંહ** સાથે પરણાવી હતી. સૂર્યસિંહ

મહા તેજસ્વીકાન્તિનો, બહાદુર, ચાલાક, દયાળુ, નીતિવાન, ધાર્મિક, ચતુર, પરોપકારી, ન્યાયી અને વિચિક્ષણ બુદ્ધિનો હતો. તેની પ્રખ્યાતિ ઘણી હતી. વનદેવી પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિ જે રીતે સુખીને આનંદ થાય, તેમ કરવા પ્રયત્ન કરતી. તે હમેશાં પતિની સેવામાં સ્નેહ ભીની રહેતી. સૂર્યસિંહ પણ તેના રૂપગુણથી રાચી ઘણું ચાહતો હતો. ઘડીપણ એક બીજાનો વિયોગ સહન કરી શકતાં નહિ; એવા પ્રેમથી એક રૂપ જેવાં થઈ ગયાં હતાં. આવાં પ્રેમાળુ દંપતિને **ચંદ્રસિંહ** અને **દિપસિંહ** એવા બે મહારૂપ સુંદર પુત્રો થયા. તેથી આ પવિત્ર દંપતિના આનંદમાં વધારો થયો હતો. આ રાજા રાણી સર્વ પ્રકારે સુખી હતાં, પરંતુ દૈવઇચ્છા પ્રબળ છે, કોઇના સુખના દિવસ હમેશાં એક સરખા જતા નથી. "ધર્મીને ઘેર ધાડ ને અધર્મીને ઘેર આનંદ" એવો કળિયુગનો પ્રભાવ છે. અસ્તોદયનું ચક્ર કોઇને પણ છોડતું નથી. આ રાજા રાણી લાંબો કાળ સુખ ભોગવવા પામ્યાં નહિ. તેમનાપર કનોજનો રાજા **છત્રસિંહ** ચઢી આવ્યો, તેમના રાજ્યની પાયમાલી કરી, તેમને મારી નાખવાની તૈયારી હતી. તેવામાં તે પોતાનાં સ્ત્રી છોકરાં સાથે છૂપી રીતે નાશી છૂટયો. જેણે કદી મહેલથી હેઠે પગ મૂકેલો નહિ, જેઓ વાહન વગર કદી પગે ચાલેલાં નહિ અને જેણે ટાઢ તાપ એ શું છે તે કદી જાણેલું નહિ; તેમને આવું દુઃખ આવી પડયું. રાણી વનદેવી પતિ સાથે પુત્રોને લઇ ઉઘાડે પગે કાંટા, કાંકરા વાળી જમીનપર ચાલતી, કોમળ પગમાં કાંટા, કાંકરા ખૂંચતા, રાત્રિ પડતાં ઝાડ નીચે ખડબચડી જમીનપર શયન કરતી, પુત્રોને ટાઢથી ધ્રુજતા અને તાપથી બળતા જોઇ અશ્રુ પાડતી; એટલુંજ નહિ પણ ભૂખ તરસથી ટળ વળતાં જોઇને મહા કલ્પાંત કરતી. તે જોઇ કઠણ કાળજાના મનુષ્યનું હૃદય પણ પીગળી જતું. આવી દુઃખદ સ્થિતિ ભોગવતાં ભોગવતાં સર્વ દિલ્હી આવ્યાં. ત્યાં એક ધર્મશાળામાં ઉતારો કર્યો. રાજા રાણી જંગલમાંથી લાકડાંનો ભારો લાવતાં અને પુત્રો કોઇની ગાયો ચારવા જતા. એમ દુઃખે પાપે પેટ ભરતાં. એક વખતે રાણી જંગલમાંથી લાકડાંનો ભારો લાવી, વહેંચવાને એકલી શહેરના દરવાજા પાસે કોઇ સોદાગર ઉતરેલો હતો ત્યાં આવી. તેનો કોયલના જેવો મધુર અવાજ સાંભળી સરદાર ચમક્યો, તેનું ચિત્ત ભ્રમિત થઇ ગયું અને વેપારનો વિચાર ભૂલી ગયો. જે સ્ત્રીનો આવો મધુર અવાજ છે, તેનું સ્વરૂપ તો વળી કોણ જાણે કેવું એ સુંદર હશે; એવી કલ્પના કરી તેમને પોતાની પાસે તેડી લાવવા નોકરોને મોકલ્યા, નોકરો ભારો લેવો છે એવી લાલચ આપી સોદાગર પાસે તેડી લાવ્યા. જો કે દારિદ્રતાને કંગાલિયત પણાથી વનદેવીનો ચ્હેરો બદલાઇ ગયો હતો; તોપણ મૂખકાન્તિ ઝગમગતી હતી. સોદાગર આવું સ્વરૂપ જોઇ મોહિત થયો. મેં દુનિયામાં આવી કોઇ પણ સુંદર સ્ત્રી જોઇ નથી, એવો સંકલ્પ કરી બોલ્યો;—"અરે સ્ત્રી ! તું કોણ છે ? તારૂં નામ, જાતિ અને ક્યાં રહે છે એ કહે ? તું કોઈ ઉચકુળની લાગે છે ! તારી

આવી દુ:ખી સ્થિતિ કેમ જોવામાં આવે છે?" આ સાંભળી વનદેવી ગદ્ગદ્ કંઠે થતી દયામણે મૂખે બોલી; "અરે ભાઇ! મારે આવું દુ:ખ સહન કરવાને વિધાત્રીએ લખેલું હશે. મેં મારી ઉત્કર્ષ સ્થિતિમાં પરમેશ્વરની પૂરી સેવા ભક્તિ કરી નહિ હોય, દાન પુણ્ય કરી અતિથિ–અભ્યાગતનો ને સાધુ સંતોને સંતોષ્યા નહિ હોય. તેથી આ દુ:ખ રૂપી ફળ મને દૈવ રૂણમાં પ્રાપ્ત થયું છે. આવી વિપત્તિની મારી અહીં હું આ લાકડાનો ભારો વહેંચવા આવીછું. આપને મારૂં નામ, ઠામ વગેરે જાણવાની કશી જરૂર નથી. ભારો જોઇએતો લ્યો?" સોદાગર—"કઠિયારણ! તું અહીં આવી તે સારૂં થયું, તેથી તારા ભાગ્ય ઉઘડયાં, અમે તારી બધી કાઠી રાખીશું, તારે જે જોઇએ તે માગી લે, તારો મધુર અવાજ અને સુંદર સ્વરૂપ આ કાઠી વહેંચવાને યોગ્ય નથી, તું અહીંજ રહે અને સુખીથા." આવાં વચનો સાંભળી તથા સોદાગરની ભ્રષ્ટ દાનત જોઇ વનદેવી તુરત ત્યાંથી ચાલી નીકળી; પરંતુ સોદાગરે તેને જતાં અટકાવી ઉપાડીને રથમાં બેસાડી, અને પોતાનો મુકામ ત્યાંથી ઉપાડી ચાલતો થયો. બિચારી સતી વનદેવી અશ્રુ પાડતી વિલાપ કરવા લાગી. પતિ વિયોગિણી દુ:ખી વનદેવીના અતિ વિલાપથી જંગલના પશુ પક્ષીઓ પણ જ્યાંનાં ત્યાં થંભી રહ્યાં. તેની ઉંઘ ઉડી ગઇ અને ખાવા પીવાનું પણ ભૂલી જઇને બે ભાન જેવી બની ગઇ. વનના વેલા વરસાદ વગર જેમ કરમાઇ જાય, તેમ પતિ વિયોગથી પ્રતિદિન સૂકાવા લાગી. જેમ યોગેશ્વર ધ્યાનમાં નિમગ્ન રહે, તેમ તે ટળવળતી પતિના ધ્યાનમાં ગરક રહેવા લાગી. રાત્રિએ સૂતી વખતે છાતી ઉપર હાથ રાખીને સૂતી કે, રખેને મારા હૃદયમાં રહેલો પતિ રૂપી સૂર્ય નાશી જાય! કોઇ દિવસ હસતી કે બોલતી નહિ. નિરંતર પતિ પુત્રને યાદ કરી ઝુર્યા કરતી. સોદાગર અનેક પ્રકારની લાલચો બતાવી વિનવતો, પણ તે એક ટળી બીજી થઇ નહિ. તેણે સોદાગરને કહ્યું કે;— "ભાઇ! હું પતિવ્રતા સ્ત્રીછું. તું ગમે તેટલી લાલચ કે દુ:ખ આપીશ, પણ હું તારે તાબે થવાની નથી. હું મારા પ્રાણ કરતા મારા પાતિવ્રત્યને શ્રેષ્ઠ ગણુંછું. માટે મારૂં પાતિવ્રત્ય સાચવતાં મારા પ્રાણનો ત્યાગ કરવો પડશે તોપણ કરીશ. જો તું તારૂં કલ્યાણ ઇચ્છતો હોય તો મને મારા પતિ પાસે જવાદે," પ્રભુ તારૂં ભલું કરશે. અરે! પતિ વિના જીવવું ધિક્કાર છે. હું તેના વિના આ શરીર રાખનાર નથી. જે મૂખથી અમૃત પીધું છે, તે મૂખે જો કરોડો ગણી ભૂખ લાગે; તોપણ ઝેર કેમ પીવાય? સોદાગર! તું મને છોડીદે, મારૂં શિયળ આજ સુધી અખંડ છે. તે હું મારા પ્રાણ જતાં સુધી પણ ખંડિત કરવા દેનાર નથી. કહ્યું છેકે:—

અગ્નિમાં જલવો ભલો, ભલોજ વિખકો પાન;
શીલ ખંડિત ના ભલો, નહિ કછુ શિયળ સમાન.

સ્ત્રીઓને આ દુનિયામાં શિયળ વ્રત સમાન એક પણ વ્રત નથી. હું શુદ્ધ

પતિવ્રતા સ્ત્રી છું. મને રૂપ, યાૈવન, ધન, વૈભવ કે સુખ કશું વ્હાલું નથી, પણ એક પતિવ્રતજ વ્હાલું છે. તું ઇશ્વરનો ડર રાખી મને છોડી દે; નહિ તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ." આ સાંભળી સોદાગરને સમજણ આવી નહિ, પણ તે કામાંધ વધારે વધારે સુખની લાલચો ને ભય બતાવવા લાગ્યો, વનદેવી તેમની સામું પણ જોતી નહિ, કે તેના ભયની દરકાર કરતી નહિ. તેને પતિને પુત્રો યાદ આવતાં તેનું હૃદય ભેદાઇ જતું, પતિ વિરહે સૂકાઇને સલ જેવી થઇ ગઇ હતી,તે પતિને ભેટવાના વિચાર આવતાં બોલતી કે;—"અરે ! આ દુનિયામાં તાળી મિત્રો અનેક છે, પણ જેને દેખીને છાતી ઠરે, એવા લાખોમાં એક પતિજ છે." સોદાગર ચાલતો ચાલતો એક જંગલમાં આવ્યો; ત્યાં તેણે તંબુ તાણી મુકામ કર્યો. વનદેવીનો તંબુ જુદો હતો. તેની પાસે સ્ત્રી નોકરો હતી. તંબુની આજુ બાજુ ચોકી પહેરા હતા. નાશી જવાનો લાગ શોધતી હતી, પણ એવો લાગ મળતો નહોતો. એક દિવસે રાત્રે પ્રભુનું સ્મરણ કરતી પોતાનો છુટકારો માગતી હતી. તે-વામાં જાણે પ્રભુએજ પ્રેરણા કરી નહોય, તેમ હિંમત આવી ગઇ અને સર્વે નિદ્રાવશ થતાં, તંબુને પાછળથી ચીરી જંગલમાં ગુપચુપ નાશી ગઇ. ઉતાવળે ચાલતી ચાલતી અઘોર વનમાં આવી, દુઃખથી વિલાપ કરવા લાગી. એમ કરતાં કેટલાક દિવસ વિતી ગયા. ભૂખ તરસને લીધે શરીરનું ભાન પણ જતું રહ્યું. છુટા કેશે બેભાન પણામાં ચાલી જતી જોઇ, ફાડીખાનાર હિંસક પશુ પક્ષીઓ પણ આ કોઇ દેવી હશે તે ઝાલી જશે, એવો ભય પામી નાશી જવા લાગ્યાં. તે પતિ વિયોગથી રૂદન કરતી બોલતી કે;—"હા! પ્રાણનાથ ! કેમ બોલતા નથી ? શું મારાથી રીસાયા છો ? તમો કયાં છો ? શું મને એકલી મૂકી નાશી જશો ? પુત્ર ચંદ્રસિંહ ! અહીં આવ ? દિકરા દિપસિંહ ! કેમ બોલતો નથી ? " એમ ટીટોડીની પેઠે ટળવતી ને વિયોગ દુ;ખથી ઝુરતી બેભાન થઇ પૃથ્વી પર પડી. તેવામાં બે લૂટારાઓ તેમની પાસે થઇ નીકળ્યા. તેઓ તેમને જોઇ મોહિત થયા. તેમણે ઉઠાડી સાવધ કરી વનદેવી તેમને જોઇ ધાસ્તીમાં પડી કે;—અરે ! એક પાપીના પાસમાંથી છુટી તો વળી આ કાળ ચંડાળના ફાંસામાં ફસાઇ પડી ! હવે શું કરૂં અને કયાં જાઉં ? હે ઇશ્વર ! લાજ રાખજે." એવો મનમાં સંકલ્પ કર્યો. લૂટારાઓ બળાત્કારે પ-કડી ચાલ્યા. વનદેવીએ હવે મરવાનો નિશ્ચય કર્યો, પણ લાગ આવતો નહોતો. તેઓ ચાલતા ચાલતા એક ઝાડના ઝુંડમાં આરામ લેવાને બેઠા. એક લૂટારે બીજાને મારી નાંખી આ સ્ત્રીને પોતેજ લઇ જવાનો વિચાર કર્યો. જેવો પેલો ઉંઘી ગયો કે તેને તરવારના એક ઘાએ પૂરો કર્યો. પછી તેણે વનદેવીને પોતાને તાબે થવા વિન-વવા લાગ્યો, પણ તેણે તેમની માગણીને હિંમતથી ધિક્કારી કાઢી. તેથી દુષ્ટ લૂ-ટારે તેને પણ મારી નાંખવાનો ભય બતાવ્યો, પણ તે મરવાથી નહિ ડરતાં બોલી;—" હે પાપી ! તું મને ઇશ્વરની ઇચ્છા વગર મારવાને સમર્થ નથી, તારે

હાથે મારે મરવું સરજેલું હશે તોજ મરીશ. નહિતો તારી મગદુર નથી કે તું મને મારી શકે! હું મરવાને તૈયારછું. પણ શિળભંગ કરવાને તૈયાર નથી. જે સ્ત્રી ધન, યૌવન, રૂપરંગ કે વસ્ત્રાલંકારની લાલચથી કે મરવાના ભયથી પોતાનું શીયળ ભંગ કરે છે, તેને સ્ત્રી નહિ પણ કૂતરી સમજવી. મને બીજી હલકી સ્ત્રીઓના જેવી ન સમજ કે હું તારે વશ થઇ પાપ કર્મ કરૂં. ક્ષણિક સુખને માટે મારી જીંદગી વૃથા કરનાર નથી. તારે મારવી હોય તો હું ઉભી છું, તુરત માર કે દુઃખ ભોગવતી મટું" પણ જેમ કામાંધ માણુસને સારી શિખામણ અસર કરતી નથી, તેમ એ પાપીને કંઇ પણ અસર થઇ નહિ. તેતો ગુસ્સે થઇ તેને ખેંચવા લાગ્યો, પણ વનદેવીએ હિંમતથી તેનો હાથ તરછોડી નાંખ્યો, અને દૂર જઇ વિલાપ કરવા લાગી. તેમના કરૂણાજનક વિલાપની અસર ઝાડીની અંદર ઝુંપડીમાં રહેતા એક ભીલને થઇ તે આ વિલાપ સાંભળતોજ દયા ઉત્પન્ન થતાં દોડી આવ્યો, ને તેણે તુરત એ પાપીને એક તીર મારી પૂરો કર્યો, અને વનદેવીને દિલાસો આપી બોલ્યો;—"બેન! તું કંઇ પણ હવે ગભરાઇશ નહિ. તું કોણ છે? ક્યાં જાય છે? અહીં શામાટે આવી છે? અને આ પુરૂષ કોણ છે? જે હોય તે કહે. તું મારી ધર્મની માનેલી બેન છે. તને જે રીતે સુખ થશે તેમ કરીશ. તું મારી ઝુંપડીમાં મારી સ્ત્રી પાસે ચાલ, તને કોઇ જાતની અડચણ આવશે નહિ." એમ સમજાવી પોતાની ઝુંપડીમાં તેડી લાવ્યો. ભલી ભીલડીએ તેમની ઘણી બરદાસ કરી. તેમને પોતાની સઘળી વાત કહી બતાવી. ભીલે તેમને ઘણો દિલાસો આપ્યો. તેથી તે ત્યાં રહી.

સૂર્યસિંહ પોતાની સ્ત્રી વનદેવી લાકડાનો ભારો વહેંચી ક્યારે આવશે એવી રાહ જોતો બેઠો હતો; પરંતુ રાત્રિ પડતાં સુધી આવી નહિ. તેથી શોધવા નીકળ્યો. દેવળે દેવળ ને ગલીએ ગલી શોધી વળ્યો, પણ ક્યાંએ પતો લાગ્યો નહિ. તેથી ઘણો ઉદાસ થયો. વનદેવી સૂર્યસિંહનું એક સુખનું ઠેકાણું હતી. તે દૈવયોગે વિખૂટાં પડવાથી તેમના દુઃખમાં વધારો થયો. બંને પુત્રો માતા વિનાં ઝુરવા લાગ્યા અને પિતાને વળગી પૂછવા લાગ્યાં કે;—પિતાજી! હજી સુધી અમારી મા કેમ આવી નથી? અરે! તે ક્યાં ગઇ? એ સાંભળી દુઃખી પિતા ઘણો મુંઝાવા લાગ્યો. બાળકોને કહેતો કે હમણાં તમારી માતા આવશે, એમ દિલાસો આપતો. ચાતક જેમ મેઘની રાહ જુએ તેમ ચંદ્રસિંહ અને દિપસિંહ માતાની વાટ જોતા બેઠા; પરંતુ વાર થતાં વિલાપ કરી માને બોલાવવા લાગ્યા કે;—હે મા! તું અહીં આવ? ઓમા! ઓમા! માડી તું કેમ આવતી નથી? એમ ગાય વિખૂટાં વાછડાંની પેઠે બરાડવા લાગ્યા. આ સાંભળી સૂર્યસિંહનું કાળજું કોરાઇ જવા લાગ્યું. ઉદાસ મને બંને પુત્રોને ખંભા ઉપર ઉંચકી પોતાની પ્રિય સ્ત્રીને શોધતો શોધતો ચાલ્યો. પર્વતો, વનો અને ગામોમાં શોધવા લાગ્યો. ચંદ્રસિંહ આઠ વર્ષનો અને દંપસિંહ છ વર્ષનો

હતો. તેઓ માતાને યાદ કરી કરી વલોપાત કરતા હતા. આ જોઇ સૂર્યસિંહ વધારે શોકાતુર થતો હતો. તે શોધતો શોધતો એક જંગલમાં આવ્યો. ત્યાં માર્ગમાં એક નદી આવી, પાણીનો વેગ ઘણો હતો, તે સાધન વગર ઉતરી શકાય એવું ન હોતું. તેથી એક લાકડાનો ત્રાપો બાંધ્યો, ચંદ્રસિંહને સામે પાર મૂકી આવી, તેના પછી દિપસિંહને લઇ જવાને ઇરાદો રાખ્યો હતો.પ્રથમ ચંદ્રસિંહને ત્રાપા ઉપર બેસાડી સામે પાર ઉતારવા ચાલ્યો; અધવચ આવતાં પાણીના જોસથી ત્રાપો તૂટ્યો. બેઉ તણાયા. સૂર્યસિંહ તણાતો તણાતો કેટલાક કોશને અંતરે કિનારે નીકળ્યો. ત્યાંથી તે ચાલી રામનગર આવ્યો. આગળ જતાં તે પોતાના પરાક્રમવડે તેજ શહેરનો રાજા થયો. ચંદ્રસિંહ તણાતો એક મછીમારને હાથ આવ્યો ને તેણેજ ઉછેરી મોટો કર્યો. દિપસિંહ કિનારે હતો; તે કઠિયારાને હાથ લાગ્યો, તેને તેણેજ ઉછેરી મોટો કર્યો. બેઉ જેને ઘેર હતા, તેમને તેમના પગલાંથી અધિક લાભ થવા લાગ્યો. તેથી તેઓના પર તેમની ઘણીજ પ્રીતિ વધી. તેઓ તેમની ઇચ્છા પૂરી પાડતા. સૂર્યસિંહ રાજ સુખ ભોગવતો હતો, પણ તેના હૃદયમાંથી વનદેવીને પુત્રો ખસ્યા નહોતા. તેણે તેના શોધ માટે ઘણાં માણસો મોકલ્યાં, અને પોતે પણ ગુપ્ત વેશે વખતો વખત જતો હતો; પરંતુ કશો પતો ન લાગવાથી ઉદાસ રહેતો હતો.

સતી વનદેવી બાલાભીલને ત્યાં સુખી હતી, પણ તેને પતિ વિના જરાપણ ચેન પડતું નહોતું. તે નિરંતર ઉદાસ રહેતી હતી. ભીલ તેના પતિની શોધમાં રહેતો હતો. એક દિવસે ચાર ઘડી રાત્રિ રહેતાં ભીલ જંગલમાં લાકડાં કાપવા ગયો, ભીલડી પણ પાસેના ખેતરમાં ઘાસ લેવાને ગઇ. વનદેવી નિદ્રામાં સૂતી હતી. એટલામાં છૂપાઇ રહેલો વાઘ દોડતો આવ્યો, તે વનદેવીને ઉંચકી ઉપાડી નાઠો. બિચારી વનદેવીના દુઃખનો પાર રહ્યો નહિ. તે હવે વાઘ તુરત પ્રાણ લઇ લે એમ ઇચ્છતી હતી, પરંતુ દૈવગતિ ન્યારી છે. તે બિચારીને શું ખબર કે હજુ શું વિત્યું ને શું વિતશે. વાઘ ધરાયો હતો. તેથી વનદેવીને પોતાની બોડમાં મૂકી આડો સૂતો. ભીલ ભીલડી ભારો લઈ પોતાની ઝુંપડીમાં આવ્યાં, તો વનદેવીને ન દીઠી, પણ વાઘનાં પગલાં જોયાં. તેથી મનમાં ધાસ્કો પડ્યો કે તેને વાઘ ઉપાડી ગયો છે. તુરત એ બન્નોં ઘણી ઘણીઆણી તેની વહારે દોડયાં. તે ગામના ભીલોએ કહ્યું કે;—"વાઘ વસમો છે માટે જવાદો, પણ તેણે માન્યું નહિ અને કહ્યું કે, હર ! હર ! મારી ધર્મની માનેલી બેનને ઉપાડી ગયો, તો હું હવે તેને કેમ જીવતો મૂકું ? એમ કહી થોડે દૂર એક ડુંગરમાં વાઘની બોડ હતી ત્યાં આવ્યો. જુએ છે તો તે વનદેવીને અંદર મૂકી પોતે આગળ ઉંઘતો હતો. તેથી તેને હિંમત આવી. વનદેવીએ ભીલને સાનમાં સમજાવ્યું કે, તમે બેઉ પાછાં જાઓ. ભીલે સાનમાં કહ્યું;—હર ! હર ! હવે હું તને જીવતી જોઈ ચાલ્યો જાઉં, એ મારો ધર્મ નથી. ભીલ ભીલડી એક ઝાડની બે પાંખિયાવાળી ડાળી કાપી લાવ્યાં. તેને દોરડુ બાંધી મનુષ્ય બેસી શકે એમ કર્યું.

વાઘની બોડના મોં આગળ એક પથ્થરની મોટી શીલા હતી, તે ઉપર ઉભા રહીને પેલું બાંધેલું પાંખીરૂ નીચે ઉતાર્યું. તે ઉપર દોરડું ઝાલી વનદેવી બેઠી. બન્ને જણાંએ તેમને ઉપર ધીમેથી ખેંચી લીધી. ભીલડી ને વનદેવી બંને એક ઝાડની પોલમાં છૂપાઇ રહ્યાં. ભીલે બંદૂકનો અવાજ કર્યો, કે તે ઉછળી તેનાપર ધસ્યો. પણ ભીલે તરવારના એકજ ઝટકાએ તેને પૂરો કર્યો. તેનું માથું કાપી લઇ ભીલ, ભીલડીને વનદેવી ગામમાં આવ્યાં. ગામનાં લોકોએ તેમની બહાદૂરીને ભલાઇનાં ઘણાં વખાણ કર્યાં. ભીલ જેમ તેને બેન જેવી ગણતો, તેમ વનદેવી પણ તેને ભાઇ કહી બોલાવતી. ભીલડી નણંદ પ્રમાણે સેવા કરતીને છોકરાં ફૂઇબા કહી બોલાવતાં. એમ કરતાં કેટલાક દિવસ વિત્યા; ભીલ પોતાની બેનને સાથે લઇ તેના પતિ અને પુત્રોની શોધ માટે ચાલ્યો. શોધતાં શોધતાં એક ગામના ચોરામાં રાત્રિ વાસો કર્યો; ત્યાં કેટલાક ઠગારાઓની ટોળી પણ ઉતરી હતી. તેનો સરદાર વનદેવીનું સ્વરૂપ જોઇ મોહિત થયો.ભીલ અને વનદેવી સવારમાં ઉઠી ચાલ્યાં. ઠગારાનો સરદાર તેની પાછળ પડયો, ભીલ સામો થયો, પણ અંતે પકડાઇ ગયો. તેમને કેદ કરી વનદેવીને લઇ ચાલ્યો. વનદેવી જો કે ક્ષત્રાણિ હતી, પણ દુઃખની મારી દુબળી થઇ ગઇ હતી. તેનું જોર કમ થઇ ગયું હતું, પણ અંગ અને મૂખ કાન્તિનું તેજ પ્રકાસ્યા કરતું હતું. તેથી તે વારંવાર આફતમાં આવી પડતી હતી. સતીની કસોટી દુઃખમાં થાય છે; તેમ આ સતીને અનેકવાર કસોટીએ ચઢી પોતાની શુદ્ધતાની પરીક્ષા આપવી પડી. સરદાર તેમને પોતાને તાબે થવા મારતો, માથું કાપી લેવાની ધમકી આપતો; વગેરે દુઃખ દેવા લાગ્યો, પણ તે એક ટળી બીજી થઇજ નહિ. આ બિચારી વિલાપ કરી રૂદન કરતી, લોકો ભેળાં થતાં, તેઓ સરદારને કહેતાં કે તું શા માટે તેમને મારે છે? સરદાર કહેતો કે હું પૈસા ખરચી તેને લાવ્યો છું; પણ આડી ચાલે છે; વગેરે સમજાવતો; પણ વનદેવીની હકીકત કેટલાકના જાણવામાં આવતાં, તેઓ સરદારને પકડી વનદેવી સાથે રામનગરના રાજા પાસે ન્યાય કરાવવા લાવ્યા. આ વખતે રાજા કચેરીમાં બેઠો હતો; તે આ ભયભીત ઘાતકી દેખાવ જોઇ આશ્ચર્ય પામ્યો. સરદારને રાજાએ પૂછતાં તેણે કહ્યું:—"સાહેબ! મેં પાંચ હજાર રૂપિયા ખરચ કરી આ સ્ત્રી સાથે લગ્ન કર્યું છે, ને હવે તે મને ગાંઠતી નથી. માટે તેમને આપ શિક્ષા કરો." આ રાજા તેજ તેનો પતિ સૂર્યસિંહ હતો. તેની અને વનદેવીની દષ્ટિ એક થઇ. પણ રાણી શરીરે ગળી ગયેલી હતી, હાડ પીંજર દેખાતાં હતાં. તેથી રાજાએ ઓળખી નહિ, પણ રાણીએ તેને ઓળખ્યો; તોપણ ડાહપણ વાપરી ખાત્રી કર્યા વગર એકદમ ચાહન થઇ નહિ. રાજાએ વનદેવીના શરીરની હાલતને કાન્તિ જોઇ વિચાર કર્યો કે, નિશ્ચે આ સ્ત્રી સરદારની તો નથીજ. જો તેમ હોય તો તે આટલો બધો તેનાપર જૂલમ કરે નહિ. વળી આ સ્ત્રીની

સુંદરતા ઉપરથી જણાય છે કે, તે કોઇ ઉચ્ચ જાતિની હોવી જોઇએ. માટે આમાં કાંઇ પણ કપટ છે. એમ વિચારી સરદારને કહ્યું કે; અમે તપાસ કરીશું-તમે કાલે આવજો; એમ કહી સરદારને રજા આપી. વનદેવીને એક કોટડીમાં રાખી, તે ઉપર એક વૃદ્ધ પેહેરેગીરને ચોકી કરવા બેસાડયો.

ચંદ્રસિંહ ને દિપસિંહ રાજપુત્રો હતા. ગમે તેટલું થાય પણ અંતે ઉત્તમતાનાં લક્ષણો પ્રકાશ્યા વિના રહેતાં નથી. આ બંને ભાઇઓ જેમને ત્યાં હતા,તેઓ તેમના રૂડા પગલાંથી સમૃદ્ધિ પામ્યા હતા. તેથી તેઓ તેમને સર્વ પ્રકારે રાજી રાખતા હતા. જેમ જેમ તેઓ ઉમરે વધતા ગયાં, તેમ તેમ તેમનાં પરાક્રમો પ્રકાશવા લાગ્યાં. આ બંને ભાઇઓ પોતાના જાતિ સ્વભાવ પ્રમાણે કોઇવાર શિકારે નીકળતા હતા. તે પ્રમાણે એક વખતે તેઓ શિકારે નીકળેલા હતા. જોકે તેઓ જુદે જુદે ગામ રહેતા હતા; પરંતુ દૈવઇચ્છાથી કર્મ સંયોગે ઘણે દૂર એક જંગલમાં આવી ચઢયા. બંનેની દૃષ્ટિ એકજ શિકાર ઉપર પડવાથી તેઓ તેની પાછળ પડયા. તેમાં એક બીજાને ટંટો થયો. કોઇ કોઇને ઓળખતા નહોતા. તેવામાં એક માણસે આવી સમજાવ્યા કે તમે નહિ લડતાં પાસેના શહેરમાં જઇ રાજા પાસે ન્યાય કરાવો. આ વાત બેઉને ગળે ઉતરી, તેઓ રામનગર આવ્યા. રાજાએ સવારે ન્યાય આપવા જણાવી તેમને વનદેવીની જોડેની કોટડીમાં રાખ્યા. રાજા વિચિક્ષણ બુદ્ધિનો હતો, તેમણે વિચાર કર્યો કે આ ત્રણેનો ન્યાય કાંઇ પણ તેમની ગુપ્તવાત જાણ્યાથી થશે. માટે છૂપે વેશે તેમની કોટડી આગળ સંતાઇ બેઠો. ચંદ્રસિંહ અને દિપસિંહ વાતો કરતા કરતા પોતાને વિતેલી વાતો પણ કરવા લાગ્યા. તેમાં પોતે બંને ભાઇઓ છે એવું જાણવામાં આવતાં ઘણા ખુશી થયા. જોડેની કોટડીમાં વનદેવી નિશ્વાસ નાંખતી પોતાનું દુઃખ રોતી હતી કે;—" હાય! હાય! હે પરમેશ્વર! મારે માથે આટલું બધું દુઃખ પડયું; તોપણ તને જરા પણ દયા આવતી નથી! પાત અને પુત્રો વગરની થઇ ગઇ, એક પછી એક અનેક આપત્તિ આવી પડી. વળી આ સરદારે સપડાવી છે, જો રાજા ચતુર હશે તો બરાબર ન્યાય કરશે, નહિતો હું જીભ ચગદીને હવે મરી જઇશ. અરે! હાલતો મારા કરતાં જંગલનાં પશુ પક્ષીઓ પણ સુખી છે. એમ કહેતાં ન્યાય છે. તે કોઇની જોડી સાંધે છે ને કોઇની તોડી નાંખે છે!" કહેતાં તેમનું હૈયું ભરાઇ આવ્યું ને ગદ્દગદ્દ કંઠે થતી બોલી કે;—" અરેરે! કયાં રાજા સૂર્યસિંહ! અને કયાં હું તેની રાણી વનદેવી! કયાં પુત્ર ચંદ્રસિંહ! અને કયાં દિપસિંહ! અરેરે! તેઓ યાદ આવતાં મારૂં શરીર વગર અગ્નિએ બળ્યા કરેછે! અરેરે! હવે હું પતિ, પુત્રોનો વિયોગ સહન કરી શકતી નથી." આવા શબ્દો સાંભળતાંજ ચંદ્રસિંહ અને દિપસિંહ ચમકયા કે અરે! અહીં આપણને કોણ યાદ કરે છે? સૂર્યસિંહ પણ છૂપી રીતે તે સર્વની વાત સાંભળી ચમકયો કે

આશું આશ્ચર્યની વાત ! આતે સ્વપ્ન કે ખરી વાત હશે ! એમ વિચારતાં હર્ષ ભેર કોટડીનાં કમાડ ઉઘાડી નાંખ્યાં. ચંદ્રસિંહ અને દિપસિંહ પણ દોડી આવ્યા, પરસ્પર ખાત્રી થતાં સર્વ હર્ષભેર અશ્રુ પાડતાં ભેટી પડયાં. વનદેવી પતિના ચરણમાં પડી અશ્રુ પાડવા લાગી. પુત્રો માતા પિતાના ચરણમાં પડયા. સર્વે હર્ષના અશ્રુ પાડતાં સ્તબ્ધ થયાં. થોડી વારે શાન્ત થતાં, વિતેલી વાતો કરતાં બેઠાં. બાર વર્ષે એકઠાં થવાથી આનંદનો પાર રહ્યો નહિ. ગજે પડુ સરદારને શિક્ષા કરી અને બધા બીજાને સરદારોને ત્યાં કેદમાંથી છોડાવી, તેનાં સ્ત્રી છોકરાંઓને તેડાવી સુખી કર્યાં. પછી પોતાની રાજધાની શત્રુના હાથ હતી તે પર ચઢાઇ કરી લીધી. સર્વ સુખમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યાં. વનદેવી અનેક આપત્તિ ઓળંગી. સતીત્વ સાચવીને પતિ અને પુત્રોને પામી સુખી થઇ. વૃદ્ધાવસ્થામાં ઇશ્વર ભક્તિમાં નિરંતર કાળ ગુજારી સ્વર્ગે સિધાવી. અહો ! વનદેવી ! તું અનેક આપત્તિ રૂપ કસોટીએ ચઢી સતી પદ પામીને જગતમાં સુદષ્ટાંત રૂપ અમર નામના રાખી ગઇ છે. ધન્ય છે તને ! ! !

ખન્ના.

આ વિદુષી પતિવ્રતા સ્ત્રી પ્રાચીનકાળે ભારતવર્ષમાં મહાન્ પ્રખ્યાત્ થઇ ગઇ છે. એ કોણ ને કોની પુત્રી હતી તે અદ્યાપિપર્યંત અંધારામાંજછે. તે એક વિચક્ષણ બુદ્ધિવાળી હતી. તે પોતાનો સમય કેવળ રમત ગમતમાં ન ગાળતાં સતત્ ઉદ્યોગમાં લાગી રહેતી. તેની સ્મરણ શક્તિ અપૂર્વ હતી અને તેનું બુદ્ધિ ચાતુર્ય સ્પૃહણિય હતું. તેમના સમયમાં તે જ્યોતિષ શાસ્ત્રમાં સર્વથી શ્રેષ્ઠ પદ ભોગવતી હતી. તેના શ્લોકો અદ્યાપિપર્યંત પ્રચલિત છે. બંગાલાના ગૃહસ્થ, વેપારી, ખેતીકાર અને વિદ્વાનો સર્વે નાનાથી મોટા મનુષ્યો તેના દોહરાથી તેની નામના ગાઇને તેના વચન મુજબ ઘણા લાંબા કાળથી ચાલતા આવે છે. એવી ગુણવંતીને યશસ્વિની સ્ત્રીનું ખરૂં વૃત્તાંત જાણવાનો ઉપાય નથી; પરંતુ જેટલું જાણવામાં આવેલું છે, તેટલું લખવામાં આવે છે. ખન્ના વિક્રમાદિત્યની વેળાએ એટલે આશરે ૨૦૦૦ વર્ષની પહેલાં હતી. એના વિષે એવી દંત કથા ચાલે છે કે;—તે કોઇ રાજાની કન્યા હતી; પરંતુ કોઇ રાક્ષસો—બળવાન માણસોએ તે રાજ કુટુંબના સઘળાં માણસોને મારી નાખીને આ રૂપસુંદર બાળાને સિંહલદ્વીપ—લંકામાં લઇ ગયા. તેમણે પોતાની પુત્રીની પેઠે તેમનું પાલણ પોષણ કર્યું. એ રાક્ષસો—બળવાન માણસો તે સમયે જ્યોતિષમાં કુશળ હતા. જે રાક્ષસ ખન્નાનું પાલણપોષણ કરતો હતો, તે સઘળા કરતાં જ્યોતિષ શાસ્ત્રમાં વિશેષ કુશળતા ધરાવતો હતો. તેના

શિષ્યોની સાથે ખન્નાએ પણ જ્યોતિષ શાસ્ત્રનું શિક્ષણ લેવા માંડયું. તેને બીજું કોઇ જાતનું કામ કે ક્રિડા કૌતુક ન હોવાથી રાત્રિ દિવસ શાસ્ત્ર શિખવામાં લાગી રહેતી હતી. તેથી તે થોડા વખતમાં વિલક્ષણ વિદ્યાવંતી થઇ પડી. તેણે જ્યોતિષ શાસ્ત્રનું અપૂર્વજ્ઞાન સંપાદન કર્યું હતું. તે જે ગામમાં રહેતી હતી, તેજ ગામમાં બીજો એક આર્યપ્રજામાં ઉત્પન્ન થયેલો, પણ અનાર્ય—રાક્ષસ પ્રજાથી પોષાતો એક બાળક રહેતો હતો. આ બાળકનું નામ **મિહિર** હતું. તેણે રાક્ષસોની સંપૂર્ણ પ્રીતિ સંપાદન કરી હતી. તેણે પણ ખન્નાની પેઠે જ્યોતિષનું અધ્યયન કરી તેનું સંપૂર્ણજ્ઞાન મેળવ્યું હતું. મિહિર રાક્ષસોના હાથમાં શીરીતે આવ્યો, તેવિષે નીચે પ્રમાણે લોકકથા ચાલે છે.

મહારાજા વિક્રમાદિત્યની રાજસભાના **નવરત્ન** પંડિતોમાંના એક રત્ન **વરાહ** પંડિત હતો. વરાહ જ્યોતિષ ગણિતમાં અદ્વિય તરીકે વિખ્યાત્ થયો હતો. તેનો **મિહિર** પુત્ર હતો. વરાહ જ્યોતિષ વિદ્યામાં ઘણો કુશળ હતો. તેણે મિહિરના જન્મ સમયે તેના આયુષ્યની ગણત્રી કરી જોયું, તો માલૂમ પડયું કે તેનું જીવન માત્ર દશ વર્ષનુંજ છે; ત્યારે તેને અત્યંત ખેદ થયો. અંતે તેણે તે પુત્રનું દશ વર્ષ પછી મૃત્યુ થયેલું જોવાને બદલે માયા નહિ ચઢાવતાં પ્રથમથીજ દૂર કરવાનો નિશ્ચય કર્યો. તેણે તેને તુરત એક તાંબાના વાસણમાં મૂકીને તે વાસણ નદીમાં તરતું મૂકયું. તાંબાનું વાસણ તરતું તરતું સમુદ્રમાં ગયું. એક દિવસે કેટલીક રાક્ષસની સ્ત્રીઓ સમુદ્રના પાણીમાં સ્નાન કરવા ગઇ હતી. તેમને એક તાંબાનું વાસણ તરતું જોવામાં આવ્યું. તેમણે મહેનત કરીને એ વાસણ પકડયું. તેની અંદર જોતાં માત્ર થોડાક દિવસ ઉપર જન્મેલો એક સુંદર સુકુમાર બાળક જણાયો. આ બાળકને એક સ્ત્રી પોતાને ઘેર લઇ આવી, તેમને પોતાના પુત્રની પેઠે સ્નેહથી પાલન કરવા લાગી. એ બાળક માતાની જનનીવત્ સંભાળ હેઠળ ઉછરી મોટો થયો. એ રીતે મિહિર રાક્ષસના હાથમાં આવ્યો. જ્યારે ખન્ના અને મિહિર ઉમર લાયક થયાં; ત્યારે ખન્નાને યોગ્ય તે વર ધારીને તેની સાથે તેને પરણાવી હતી.

ખન્ના સુજ્ઞ ને વિદ્વાન હતી. તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને અનેક પ્રકારે સુખને સંતોષ આપતી. પતિપત્ની વચ્ચે ઘણો સ્નેહ હતો. એક બીજાને પ્રેમથી ઘણું ચાહતાં હતાં. આ દંપતી કેટલોક વખત લંકામાં રહ્યાં; પરંતુ રાક્ષસો તેમની દેખરેખ રાખતા હતા. તેથી નાશી જવાનો લાગ મળતો નહોતો. છેવટ લાગ જોઇ સ્વજાતિયમાં આવવાની ઇચ્છાથી રાક્ષસો પાસેથી રજા મેળવી, આર્ય પ્રજા જે પ્રદેશમાં વસતી હતી તે તરફ પ્રયાણ કર્યું. જે સમયે તે બન્ને સ્વદેશ જવા નીકળ્યાં, તે સમયે તેની સાથે એક રાક્ષસીને ખગોળ, ભૂગોળ અને પાતાળ તત્વના કેટલાંક પુસ્તકો આપીને મોકલવામાં આવી. આ સ્ત્રીને

આજ્ઞા થયેલી હતી કે; " જ્યારે તે રાક્ષસભૂમિની સરહદ ઉપર આવે, ત્યારે તેણે તેમની ત્રણ વિદ્યાના જ્ઞાનની પરીક્ષા કરવી. જો તેમનું જ્ઞાન અપૂર્ણું માલમ પડે તો તે પુસ્તકો તેમને સ્વાધિન કરવાં, પણ જો તેને તેમના જ્ઞાનની સંપૂર્ણતાની ખાત્રી થાય, તો તે પુસ્તક પાછાં લાવવાં."

સમુદ્ર કિનારે સરહદ ઉપર આવતાં તે સ્ત્રીએ એક ગાયને પ્રસવકાળની અસહ્યવેદના ભોગવતી જોઇ; તેજ વખતે તેણે મિહિરને પ્રશ્ન કર્યો કે આ ગાય કેવા રંગના વાછરડાને જન્મ આપશે ? મિહિરે ઉત્તર આપ્યો કે ધોળારંગના. ત્યાર પછી માત્ર થોડીજવારે તે ગાયે એક શ્યામ રંગના વાછરડાને જન્મ આપ્યો. મિહિરનું જ્યોતિષજ્ઞાન અપૂર્ણ ધારી તે રાક્ષસીએ તેને સાથે આણેલા ગ્રંથો આપ્યા અને કહ્યું કે, હજી તમારો અભ્યાસ ઘણો કાચો છે. એમ કહી તે ત્યાંથી રવાને થઇ. મિહિર પોતે અત્યંત શ્રમ લઈ કરેલા અભ્યાસ છતાં આવી સરળ ગણના કરવામાં નિષ્ફળ નીવડયો. ત્યારે ઘણોજ દિલગીર થયો. તે બોલ્યો કે આટલાં બધાં વર્ષ શ્રમ લઇ સતત્ અભ્યાસ કર્યા છતાં હું જ્યોતિષમાં કુશળ થઇ શકયો નહિ તો આ પુસ્તકોથી શો ફાયદો થવાનો છે ? એમ કહી તે પુસ્તકો ફાડીને નદીમાં ફેંકવા લાગ્યો. એ સમયે ખન્ના દૂર હતી. જ્યારે તેણે પોતાના પતિનું આ અવિચારી પગલું જોયું, ત્યારે તે નદી તરફ તે પુસ્તકોનો નાશ થતો અટકાવવાને દોડી આવી કહ્યું કે;—" જરા સ્થિર થાઓ, ગણતરી ખોટી થઈ નથી." પછી ગાયે જ્યારે વાછરડાને ચાટવા માંડયો કે તેનો રંગ ધોળો થયો; ત્યારે મિહિરે રહેલા પુસ્તકોની યત્નથી રક્ષા કરી; પરંતુ પાતાળ તત્વ—પૃથ્વી નીચેની વિદ્યાનું પુસ્તક ફાડી નાંખ્યું હતું. તેથી તેનાં આણેલાં ખગોળ અને ભૂગોળ વિદ્યાનાં પુસ્તકોનું જ્ઞાન ફેલાયું, પણ પાતાળ તત્વ જાણવામાં આવ્યું નહિ. એ દંપતી સમુદ્ર ઓળંગી ફરતાં ફરતાં એક જંગલમાં જે સ્થળે મહારાજા વિક્રમાદિત્યે મૃગયાર્થે મુકામ કરેલો હતો, તે જગાએ આવી પહોંચ્યાં. ખન્ના અને મિહિરના જાણવામાં આવ્યું કે, તે મહાન્ નૃપતિ વિદ્યાનો મોટો આશ્રય દાતા છે. તે બન્ને જણાં તેમની પાસે ગયાં. આયુગલ (જોડાં) ને જ્યોતિઃષશાસ્ત્રમાં ઘણાં પ્રવિણ જોઇ વિક્રમાદિત્ય તેમને પોતાની રાજધાનીમાં લઈ ગયો. ત્યાં વરાહની સાથે તેનો મેળાપ થયો. વરાહ પહેલાં તો તેને અદેખાઈથી જોવા લાગ્યો હતો, પરંતુ એક વખતે મિહિરે વરાહને પૂછ્યું કે;—તમારે કેટલાં છોકરાં છે, ત્યારે વરાહે કહ્યું કે, મને માત્ર એક પુત્ર જન્મ્યો હતો; પરંતુ અલ્પાયુષ જાણીને તેને પાણીમાં તરતો નાખી દીધો હતો. મિહિરે પૂછ્યું કે;—" એનો જન્મ કયે વખતે થયો હતો ? વરાહે જે પ્રમાણે હતું તે પ્રમાણે કહી બતાવ્યું. તે ઉપરથી ગણતરી કરી મિહિરે કહ્યું કે, તે પુત્રનું સો વર્ષનું આયુષ છે. તેનું હાલ મૃત્યું થયું નથી, તે જરૂર કોઈ ઠેકાણે જીવતો છે." વરાહે ગણત્રીની ખાત્રીકરી જોવાથી ઘણો પસ્તાવો

થયો. તેણે સોને બદલે દશ વર્ષ ગણ્યાં હતાં, એક શુન્યની ભૂલ થઇ હતી. પછી ધીરે ધીરે વાતચીત થતાં, તે નાંખી દીધેલો છોકરો તેજ મિહિરછે એવું જાણવામાં આવ્યું. જ્યારે વરાહ અને તેની પત્નીએ પોતાનો પુત્ર પાછો મેળવ્યો; એટલુંજ નહિ પરંતુ વળી તેને એક વિદ્વાન, સૌન્દર્યવાન અને શ્રેષ્ટ કન્યા સાથે વિવાહિત થયેલો જોઈને અત્યંત હર્ષ પામ્યાં. પુત્રને તેની વહુ ખન્નાને પોતાને ઘેર લાવી રાખ્યાં.

પિતા પુત્રના મેળાપ પછી એક વર્ષ પર્યંત તેમણે પોતાનું આયુષ આનંદમાં ગાળ્યું. થોડાક સમયની અંદર મિહિર એક વિદ્વાન જ્યોતિષી તરીકે ખ્યાતિ પામ્યો, અને રાજ્ય તરફથી પણ તેનો ઘણો સત્કાર થવા લાગ્યો. ખન્ના ગુપ્તવિદ્યામાં અત્યંત પ્રવિણ હતી, અને જે ગણના કરવાને તેનો પતિ અગર સસરો અસમર્થ થતા તે તેમને કરી આપતી હતી. તે સસરાના ઘરમાં આવ્યાથી આનંદ પામી. તે જેવી વિદ્વાન હતી, તેવીજ સુશીળા અને ગૃહકાર્યમાં નિપુણ હતી; તેના સસરા પાસે પુષ્કળ લોકો પ્રશ્નો પૂછવા આવતા હતા. ખન્ના ઘરનું કામકાજ કરતી તેઓના સઘળા પ્રશ્નો સાંભળતી હતી. સસરો પાટી ઉપર ગણવાનો આરંભ કરતો તેની પહેલાં પ્રશ્નનો ઉત્તર તેના મુખમાંથી નીકળતો હતો. તેથી સસરોને આવેલા માણસો ઘણાજ આશ્ચર્ય પામતા હતાં. ખન્નાની વિદ્યાની વાત દેશ વિદેશમાં પ્રસરી ગઇ. સર્વ ઠેકાણે તેનાં વખાણ થવા લાગ્યાં. એ ધીમે ધીમે પ્રખ્યાત થઇ, તે એટલે સુધી કે તેની ખ્યાતિની વાત રાજાના પણ જાણવામાં આવી. એક સમયે વિક્રમાદિત્યે વરાહને તારાની કુલ સંખ્યા વિષે સવાલ કર્યો. મહાત્મા વરાહે તેનો ઉત્તર આપવાને વાસ્તે એક દિવસની મુદ્દત માગી. આ પ્રશ્નના નિર્ણય સારૂ તેમણે અત્યંત શ્રમ કર્યો, પણ તે સઘળો પ્રયત્ન નિષ્ફળ ગયો. સકળ તારા વૃંદની ગણના કરવી એ ઘણુંજ કાઠિન છે. બલકે અશક્ય છે. તેથી ઘણો ખિન્ન અને ઉદાસી રહેવા લાગ્યો. તેને તેની પ્રતિષ્ઠા સદોદિત અસ્ત થતી દેખાવા લાગી. ખન્નાએ ભોજન તૈયાર કર્યું હતું, પણ તે ખાવાને નહિ ઉઠતાં ચિંતામાં નિમગ્ન હતો. ખન્નાએ આ પ્રમાણે જોઇ સસરાને તેના ઉદ્વેગનું કારણ પુછ્યું. તેની ચિંતાનું નિમિત્ત તેના જાણવામાં આવતા તેણે વરાહને તે વિષે બે ફીકર રહેવા વિનંતી કરી. તે વિષે ગણના કરવાનું માથે લીધું અને તેના પ્રયત્નમાં નિષ્ફળ નીવડી નહિ. બીજે દિવસે પ્રાતઃકાળે વરાહે રાજ સભાને ભૂપતિના પ્રશ્નના ઉત્તરથી આશ્ચર્યમાં નિમગ્ન કરી નાંખી. મહારાજા વિક્રમાદિત્યની ખાત્રી હતીકે આ કામ તે કરી શકવાનો નથી અને તેથી તે ગણના કરનારનું નામ ઝાહેર કરવાને તેને અતિ આગ્રહ કર્યો. અંતે તેને તે ગણના કરનારનું નામ નિવેદન કરવાની ફરજ પડી. તેણે કહ્યું મહારાજ એ ગણના મારી પુત્ર વધૂએ કરી હતી. તે મહાન્ નૃપતિને આથી અત્યંત આનંદ થયો અને ખન્નાને રાજ સભાના દશમા રત્ન તરીકે નીમવાની આજ્ઞા કરી; એટલુંજ

નહિ પરંતુ તેમને " નવરત્ન " ના ઉપર પ્રધાન પદે નીમવાની ઇચ્છા બતાવી.

ખન્નાને આ રાજ સન્માન તેના કાળરૂપ થઈ પડયું. વરાહને આ વિપરીત બનાવથી વજ્રાહત્ થયો. પુત્ર વધૂને દરબારમાં શીરીતે લાવી શકાય? જો તે રાજસભામાં આવેતો તેને જ્ઞાતિ બહાર કરવામાં આવે. વળી નવરત્નોમાં પ્રધાન થવાથી અને રાજસભામાં જવા આવવાથી તેની નીતિ, કુળ અને માન મર્યાદા સર્વ જશે. આવા કલંક અને અપમાન કરતાં મૃત્યુ અતિ પ્રિયતર થઇ પડયું. માટે તેની જીભ કાપી લેવામાં આવે, તો તેની બોલવાની શક્તિ જવાથી રાજા પણ તેને ચાહશે નહિ, એવો વિચાર કરીને ઘેર આવી ખન્નાની જીભ–જે તેના કુટુંબની આબરૂને ધૂળમાં મેળવવાનું મૂળ હતું–તે કાપી નાંખવાનો નિશ્ચય કર્યો, અને તેણે પોતાના પુત્ર મિહિરને તે પ્રમાણે કરવા આજ્ઞા કરી. તે દંપતીએ જ્યોતિષના પ્રભાવે આવો અનર્થ થવાનું પહેલેથી જાણ્યું હતું. તેથી ખન્નાએ મૃત્યુ પાસે આવેલું જાણી પોતાના પતિને પાસે બોલાવી કહ્યુંકે;–" મારી જીભ વગર વિલંબે કાપીને પિતાની આજ્ઞા પાળો. મિહિર પિતાની આજ્ઞા પાળવા ખાતર ઘણાજ દુઃખીત હૃદયથી પ્રાણપ્રિય ગુણવંતી સાધ્વી પત્નીની જીભ કાપવા તૈયાર થયો. ખન્નાએ તેના જાતિ સ્વભાવ પ્રમાણે હસ્તે મ્હેરે પોતાનું મૂખ ઉઘાડયું અને મિહિરે તેની જીભ કાપી નાખી; અને થોડા સમયમાં તે આ દુનિયાનું ક્ષણિક સુખ છોડી ચિરંકાલ પર્યંત અવિચ્છિન્ન સુખ ભોગવવા પરલોક વાસી થઈ. અહો! કેવો અફસોસ? કેવો શોક કારક બનાવ!! આ પતિવ્રતા વિદુષી સ્ત્રીનું તેના વિદ્વાન સસરાએ શંકા કરી મોત ઉપજાવ્યું; કેવું કઠોર હૃદય! શું જ્ઞાની અને પતિવ્રતા સ્ત્રી રાજ સભામાં- જવાથી નીતિ ભંગ કરે? કદિ નહિ. નીતિવાન, જ્ઞાની અને પવિત્ર મનની સ્ત્રીને કલંક લગાડવા દુનિયામાં કોઇપણ સમર્થ નથી; પણ વિદ્વાન સસરાએ મોટી ભૂલ ખાધી. તેનાથી જે જ્યોતિષના શોધોનો વધારે લાભ દુનિયાને પ્રાપ્ત થાત, તે સઘળો અદૃશ્ય થયો. ઘણો અફસોસ!! આ પતિવ્રતા વિદુષી સ્ત્રી પોતાની વિદ્વતાને ગુણ પ્રભાવે પ્રખ્યાત્ થઇ ગઇ છે. ધન્ય તેમને!!!

દેવી અઘોરકામિની.

અહો! પ્રાચીન કાળની સત્યશીલ, સદ્ગુણમંડિત અને સ્વકર્તવ્ય દક્ષ સાધ્વી સ્ત્રીઓનાં ચરિત્ર વિષે વિચાર કરતાં કોનાં અંતઃકરણમાં તેમના વિષે પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થતી નથી? પરંતુ હત્ ભાગ્યની વાત એ છે કે, તેવી સાધ્વી સ્ત્રીઓની બરોબરની સ્ત્રીઓ આજ કાલ આપણામાં બહુ પ્રકાશ માન થતી નથી, અને કોઇ ઠેકાણે સાધ્વી સ્ત્રીઓ પોતાનું સૌજન્ય, સદ્ગુણ, મહત્તા, અને મનુષ્ય

માત્ર પર અપ્રતિમ પ્રેમ, એ વિગેરેના યોગે કોઇ કાળે પોતાનું તેજ પ્રકટકરે છે, તો તેના સંબંધે ઘણાઓને બિલકુલ જાણ થતી નથી. આ ખોટ અમુક અંશે પણ ઓછી કરવા ખાતર બંગાલામાં એક સાધ્વી સ્ત્રી અઘોરકામિની થઇ ગઇ છે. તેનું અલ્પજીવન વૃત્તાંત જાણવા યોગ્ય ધારી દાખલ કર્યું છે. આ ચરિત્ર નાયિકાની યોગ્યતા કેટલી છે, તથા એક સાધારણ સ્ત્રીના હાથથી લોકહિતનાં ગહન કાર્યો કેવી રીતે બને છે, તે આ ચરિત્ર ઉપરથી સારી પેઠે સમજાય છે. અઘોરકામિનીનો જન્મ ઈ. સ. ૧૮૫૪ ની સાલમાં બંગાલા ઇલાકામાંના ચોવિસ પરગણાના ટાકી નામના પ્રસિદ્ધ ગામમાં એક કુલિન કાયસ્થકુળમાં થયો હતો; અને ઇ. સ. ૧૮૬૦ માં બાબુ પ્રકાશચંદ્રની જોડે તેનાં લગ્ન થયાં હતાં. લગ્ન કાળે અઘોરકામિની તદ્દન અશિક્ષિત હતી. પ્રકાશચંદ્ર નવીન વિચારનો હતો. પોતાની સ્ત્રીને ઉત્તમ શિક્ષણ મળે, પોતાની પેઠેજ તેને માટે પણ જ્ઞાન ભંડાર ખુલ્લો થાય, તેના હાથથી અન્યનું હિત થઇ શકે, એવી એવી પ્રકાશચંદ્રની મહેચ્છા હોવાથી તેણે પોતાની સ્ત્રીને શિક્ષણ આપવાનો ક્રમ ચાલુ કર્યો, પરંતુ એ શિક્ષણ તદ્દન અપૂર્ણ રહેવાનું; કારણ મોટું કુટુંબ હોય, ઘરમાં વહુ દીકરીઓનો મોટો ભરાવો હોય, એટલે નવી શ્વસુર વાસિનીને આવી બાબતોમાં વધારે લક્ષ આપવું મુશ્કેલ થઈ પડે છે. આખા દિવસમાં પતિપત્નીની મુલાકાતજ થવાની નહિ, પતિ પત્નીની મુલાકાતનો સમય માત્ર રાતના એક પ્રહર રાત ગયા પછીનો; એટલે આખા દિવસના કામકાજથી કંટાળીને નિદ્રાવશ થવાના સમયનો—ત્યાં પછી પત્નીને શિક્ષણ આપવાનો વખત પતિ શી રીતે મેળવી શકે? આવી સ્થિતિ હોવા છતાં પણ રાતના વખતમાં પ્રકાશચંદ્ર પોતાની પત્નીને લખતાં વાંચતાં શીખવતો હતો. પ્રથમતો પ્રકાશચંદ્રની તમામ મહેનત વ્યર્થ જવા લાગી; કારણકે અઘોરકામિનીનું પિયેર તદ્દન જુના વિચારનું હોવાથી જ્યારે જ્યારે અઘોરકામિની પિયેર જાય, ત્યારે ત્યારે શ્વસુર ગૃહે પતિ પાસે જે કાંઇ થોડું શીખી હોય તે બધું ભૂલીને આવે ! ફરી શ્વસુર ગૃહે પતિ પાસે આવતાં પ્રથમ જેવી હતી તેવી કોરી !! પરંતુ સુદૈવે આવી સ્થિતિ બહુ દિવસ રહી નહિ. પ્રકાશચંદ્ર સ્વતંત્ર થયા પછી તેણે પોતાની પત્નીના શિક્ષણ માટે ઘણીજ કાળજી રાખી, અને તેનો ઉપયોગ પણ અઘોરકામિનીએ યોગ્ય-ઉત્તમ પ્રકારે કર્યો.

સ્ત્રીઓને પોતાની સૌન્દર્યતા બતાવવાનો બહુ મોહ હોય છે. આપણી સ્ત્રીઓ જેમ દાંતને લાલ રંગથી રંગાવે છે, તેમ બંગાલામાં તરૂણ અને પ્રૌઢ સ્ત્રીઓ પોતાના દાંત કાલા કરે છે. દાંતને કાળો રંગ દેતી વખતે તેનો પાસ હોઠપર પણ લાગે. તેથી ત્યાંના લોકની એવી સમજ ચાલે છે કે, સ્ત્રીઓના દાંત તથા હોઠપર કાળા રંગનો પાસ દેવાય, એટલે સ્ત્રીઓની સૌન્દર્યતા વિશેષ ખુલી આવે છે, તથા તેઓ વધારે રમણિય દેખાય છે. બાબુ પ્રકાશચંદ્રને આ જંગલીના જેવો

રિવાજ બિલકુલ પસંદ નહોતો. આ ચાલતા રિવાજની અયોગ્યતા અઘોર કામિની ને સમજાવતાં તેણે પોતાનાં દાંતના નૈસર્ગીક સૌંદર્યતામાં બિલકુલ ફેરફાર કર્યો ન હોતો, પણ આમ કરવાથી તેને કેટલો બધો ત્રાસ સહન કરવો પડયો! સમાન વયની તથા તેનાથી મોટી વયની સ્ત્રીઓ તેની હમેશાં મશ્કરી કરતી! પરંતુ "પોતાના પતિને જે યોગ્ય લાગે તે પ્રમાણે કરવું." એ આપણું કર્તવ્ય છે એમ તેની ખાત્રી થયેલી હોવાથી, તેમજ દાંતને કાળા કરવાથી કશો પણ ફાયદો ન છતાં ઉલટી વિરૂપતા આવે છે. આમ પણ તેને લાગતું હોવાથી, તેણે બધાની ઠઠ્ઠા—મશ્કરી—હાસ્ય વિગેરે સહન કર્યાં.

પતિએ પત્નીને, અને પત્નીએ પતિને પત્રો લખવા એમાં વાસ્તવિક દૃષ્ટિએ જોનારને કાંઇ અયોગ્યતા જણાતી નથી. વિયોગ જન્ય દુઃખ કમી કરવા અર્થે, તથા પરસ્પરનો પ્રેમ વર્દ્ધન કરવા અર્થે પરસ્પરના પત્રો જેવું અન્ય એકપણ સાધન નથી, પણ તેને માટે આપણા લોકોમાં કેવો વિચિત્ર ભ્રમ ચાલે છે! યુવાન કન્યા પોતાના પતિને પત્ર લખેતો મહાન્ પાપ થયું કહેવાય! વળી પતિને પત્ર લખવાની અફવા પણ જુની સમજુત ધરાવતાં સાસુ સસરો કે નણંદને કાને જતાં બિચારી તે વહુના શાશા હવાલ થાય છે? તેણે કદી ન સહન કરેલાં વાક્-બાણો તેને સહેવાં પડે છે, અને પ્રતિક્ષણે તેને જે જે સાંભળવું પડે છે તેનો અનુભવ ઘણાને હશેજ, અઘોર કામિનીના કુટુંબમાંની સ્થિતિપણ આવીજ હતી. પોતાના પતિને પત્ર લખવામાં કશું પાપ નથી, એટલુંજ પરસ્પરના મનને તેથી અમુક અંશે પણ સમાધાન કરી શકાય છે, એ અઘોરકામિની સમજતી થઇ હતી, પણ પત્ર લખવો કેમ? શાહી લાવવી કયાંથી? કાગળ કોણ આપે? કલમ કયાંથી મેળવવી? અને આ સર્વ મેળવે તોપણ પત્ર કયાં બેસીને લખવો? આ કાળજી અઘોરકામિનીને વખતો વખત થતી હતી. તે પોતાના પતિને પત્ર કયારે લખતી હતી, પત્ર લખવાની સામગ્રી કયાંથી અને કેવી રીતે મેળવતી હતી અને તે કેવા પ્રકારે લખતી હતી, તે સંબંધે પ્રકાશચંદ્રે પોતાના એક લેખમાં લખેલું છે કે;—"ચંદ્ર એજ તેનો દિવો, સાવરણીની સળી એજ તેની કલમ, કોઇપણ જાતના ઝાડનો લાલરંગ એજ તેની શાહી, અને ઘણે ભાગે કોઇપણ ઝાડનું સુકા-યેલું પાન એજ તેનો કાગળ! આ પ્રમાણે મારી પ્રિય અઘોરકામિનીનો પત્ર લેખ થતો હતો.!!"

તરૂણ વયમાં આભૂષણો તરફ સ્ત્રીઓનું લક્ષ બહુજ હોય છે. તેમાં પણ અશિક્ષિત સ્ત્રીઓને તો પોતાનો સર્વ વૈભવ આભૂષણોમાંજ સમાયેલો લાગે છે. જે સ્ત્રીના શરીરપર વધારે આભૂષણો અને જેનાં કપડાં લત્તાં વધારે ભભકાબંધ તેજ સ્ત્રી ખરી સુખી, એવો ભ્રમ કેટલીક સ્ત્રીઓના મગજમાં ભરાયેલો હોય છે! સ્ત્રી-ઓનું વલણ દાગીના તરફ મુખ્ય અંશે હોવાથી જ્યારે કોઇ ઠેકાણે સ્ત્રી સમાજ

ભરાય, ત્યારે બીજી વાતો કરતાં દાગીના સંબંધે વાત પ્રથમજ નીકળવાની ! અઘોરકામિનીને એક વખતે આવો પ્રસંગ આવ્યો. તે વખતે તેની ઉમ્મર માત્ર પંદર વર્ષનીજ હતી. તે તદ્દન સાદો પોશાખ પહેરીને શરીરપર એક પણ સુવર્ણ ભૂષણ ન પહેરતાં સમારંભમાં ગઇ, એટલે ત્યાં તેનો કોઇએ ભાવપણ પૂછ્યો નહિ. કોઇએ 'આવો' કે 'બેસો' પણ કહ્યું નહિ. આ ઉપરથી સર્વ અશિક્ષિત સ્ત્રીઓ ઉંચા પોશાખ તથા દાગીનાનેજ માન આપે છે એમ અઘોરકામિનીને લાગતાં "હવે પછી કદી પણ દાગીના ન પહેરવા તથા ઉંચો પોશાખ ન પહેરવો" એવો નિશ્ચય કર્યો અને તે નિશ્ચય તેણે પોતાની જીંદગીની હયાતી સુધી ઉત્તમ રીતે પાળ્યો હતો.

અઘોરકામિની જેમ જેમ ઉમરે વધવા લાગી, તેમ તેમ તેનું લક્ષ વિશેષ ગંભીર વિષયો તરફ ચોંટવા લાગ્યું. તેણે પોતાના પતિની પેઠે બ્રાહ્મધર્મની દીક્ષા લીધી; અને માત્ર એકલી દીક્ષા લઇનેજ તે રહી નહિ, પણ પરોપકાર તથા ધર્માર્થે પોતાનો પ્રાણાર્પણ કરવાનો તેણે નિશ્ચય કર્યો. પ્રકાશચંદ્ર બાબુ મોટા હોદ્દેદાર હોવાથી ધર્મ કૃત્યમાં દ્રવ્યનો જોઇએ તેવો વ્યય કરવાનો યોગ તેને ઠીક મળતો હતો. જે દિવસે સમારંભમાં પોતે સાદો પોશાખ પહેરીને ગઇ હતી, અને તેનો કોઇએ પણ ભાવ પૂછ્યો નહોતો, તે દિવસથી અઘોરકામિનીના પોશાખમાં વિલક્ષણ ફેર પડી ગયો, એક સાદી-કિનારી વિનાની તદ્દન સાદી-સાડી, અને તેવીજ સાદી ચોળી એજ અઘોરકામિનીનો નવો પોશાખ થયો ! શરીરપર દાગીનાનું નામ બિલકુલ મળે નહિ, અને જોઇએ તો મોટા હોદ્દેદારની પત્ની ! તેણીએ ૨૦-૨૫ અનાથ બાળકોને પોતાને ત્યાં રાખ્યાં હતાં, તેમની સંભાળ પેટનાં છોકરાંની પેઠે રાખતી હતી. એક વખત તેને ત્યાં કોઇએ નાળિયેરની ભેટ મોકલી હતી. (તે પ્રાંતમાં નાળિયેર-એટલે દુર્મિળ-ન મળી શકે એવી વસ્તુ.) એ ભેટનો ઉપયોગ તેણીએ પોતે એકલીએ ન કરતાં, તેનો ઉત્તમ પંક્તિનો પકવાન કરાવ્યો અને આસપાસના તમામ વિદ્યાર્થિઓને તેની મીજબાની આપી. હવે તો અઘોરકામિની પરોપકાર તરફજ પોતાના તન, મન, ને ધનનો વ્યય કરવા લાગી. પોતાની આસપાસ અથવા પોતાના ગામમાં કોઇ માણસ માંદું છે એવી તેને ખબર મળે તો તુરત ત્યાં જાય અને ઘરના માણસની પેઠે તેની સુશ્રુષા કરે. તે જો ગરીબ હોય તો પોતાની ગાંઠના પૈસાથી તેનું ઓસડવેસડ કરાવે, તથા તેની સંભાળ માટે માણસો પણ રાખે. અઘોરકામિનીનો આવો ક્રમ ચાલતો હતો. એવામાં પોતાના ગામમાંના એક કોલસાવાળાની સ્ત્રી પ્રસુતિમાંથી બહુજ બિમાર થઇ પડયાની ખબર તેને મળી. આ ખબર મળતાંજ દેવીની સ્વારી તે કોલસાવાળાને ઘેર ગઇ. જઇને જુએ છે તો તે એક નાની સરખી કાળીમેશ ઓરડીના એક મલિન ખુણામાં તે બાઇ પડી છે. આસપાસ કોયલાના ઢગલા અને એ

તરફ અતુલ દુર્ગંધ. આ જોઇને દેવીએ ડૉકટરને બોલાવવા માણુસ મોકલ્યું અને પોતે સાવરણી લઇને તે ઓરડીમાંનો કચરો પોતાને હાથે કાઢવા લાગી ! તે બાઇના ધણીએ તેમ ન કરવા ઘણો આગ્રહ કર્યો, ત્યારે તે બોલી;—" તમને મદદ કરવામાં જો આ હાથનો ઉપયોગ નહિ થશે, તો તેનો બીજો શો ઉપયોગ છે ?" આમ કહીને ડૉકટર આવતા સુધીમાં તેણીએ તે ઓરડીવાળી ઝાડીને સાફ કરી નાંખી અને તે બાઇની સારવાર માટે એક બે માણુસો રાખીને પછી પોતાને ઘેર ગઇ.

આ પરોપકારી પતિવ્રતા અઘોરકામિનીએ હવે કન્યાઓને સુધારવાનું કામ પણુ હાથ લીધું. બાંકીપુરમાં કન્યાઓ માટે એક સારી સ્કૂલ બાંધવામાં આવી હતી, પણુ તેમાં કન્યાઓ બિલકુલ જતી નહોતી, આસ્કૂલનો ઉદ્ધાર કરવાનું દેવીએ મનપર લીધું. પ્રથમ તેણીએ પોતાને ત્યાં રાખેલાં બાળકોમાંથી ૨૦–૨૫ બાળીકાઓને તે સ્કૂલમાં મોકલી; અને લોકોને પોતાની છોડીઓને નિશાળમાં મોકલવા આગ્રહ તથા ઉપદેશ કરવા માંડયો. તેમજ તે સ્કૂલની તમામ વ્યવસ્થા પોતે જાતે ચલાવવાનો નિશ્ચય કર્યો. આ જોઇને કેટલાક લોકો તેને કહેવા લાગ્યા કે;—" તમે જોઇએ તેવાં સુશિક્ષિત નથી, તેથી તમારી શાળામાં અમારી છોડીઓ ને મોકલવાથી શો ફાયદો થવાનો હતો ?" અઘોરકામિનીને લોકોનું આ કહેવું સત્ય લાગ્યું. તેનું શિક્ષણુ વધારે વધ્યું નહોતુંજ. ઘરમાંના ત્રીશ ચાળીશ માણુસોની વ્યવસ્થા કરતાં—તેમાંજ તેનો વખત ગત થતો હતો. પણુ આ વખત અવતાં બાંકીપૂરથી ત્રણુસો મૈલ એક ટ્રેનિંગસ્કૂલમાં વિદ્યાર્થી તરીકે તે અભ્યાસ કરવા ગઇ. ત્યાં પાંચ વરસ અભ્યાસ કરીને પૂરતું જ્ઞાન સંપાદન કરી તે બાંકીપૂર પાછી આવી; અને ત્યાંની કન્યાશાળાની વ્યવસ્થા ચલાવવાનું કામ પોતાના હસ્તકમાં લઇને તે ચલાવવા લાગી. અહા ! કેવો દ્રઢ નિશ્ચયી સ્વભાવ ? અઘોરકામિનીને સ્વજાતી વિષે મહદ્ અભિમાન હતું. સ્ત્રી વર્ગની ઉન્નતિ માટે તે સતત્ મથ્યા કરતી હતી. બાંકીપૂરના સ્ટેશનપર સ્ત્રીઓને માટે 'વેટીંગરૂમ' બિલકુલ નહોતી. એક વખત તો એક ગાર્ડે એક સ્ત્રી પ્રત્યે બહુજ ખરાબ વર્તણુક ચલાવી. આ બાતમી દેવીને કાને જતાંજ આ પ્રકરણુ યોગ્ય રીતે વરીષ્ટ અધિકારી સુધી લઇ જવાનો તેણીએ નિશ્ચય કર્યો. એક લાંબી અરજી તૈયાર કરીને તે અરજીપર સેંકડો સ્ત્રીઓની સહીઓ લીધી. તે અરજી **લેડી ઈલીયટ** પર મોકલી આપી, અરજી પહોંચતાંજ તે અસભ્ય ગાર્ડને યોગ્ય શિક્ષા કરવામાં આવી. અને બાંકીપૂરના સ્ટેશનપર સ્ત્રીઓ માટે "વેટીંગરૂમ" પણુ બાંધવામાં આવી. પ્રકાશચંદ્ર બાબુ નો તમામ પગાર દેવી તરફ જતો હતો. તેમાંનો મોટો ભાગ પરોપકારાર્થે જુદો કાઢી રાખવાનો દેવીનો નિશ્ચય ચાલુજ હતો. એક વખતે સિંધ પ્રાંતનો હીરાનંદ નામનો એક વિદ્યાર્થી બાંકીપૂરમાં આવેલો, તે માંદો પડતાં દેવીએ તેને પોતાને ઘેર રાખ્યો, તેને સારો કરવા માટે દેવીએ ઘણી મહેનત લીધી, પણુ તેમાં યશ મળ્યો નહિ; તોપણુ

હીરાનંદના કુટુંબીઓના અંતઃકરણમાં દેવીના ઉપકારનું સારૂં સ્મરણ રહી ગયું.

દેવી અઘોરકામિની બ્રાહ્મ ધર્માનુયાયી હતી. બાંકીપૂરમાં કોઇ પણ ધર્મોપદેશક આવે તે દિવસે મોટો ઉત્સવ કરતી હતી, હમેશાં ગામની સેંકડો સ્ત્રીઓને પોતાના ધર્મમાંના તત્વોનો બોધ કરવાનો તેનો ક્રમ તો ચાલુજ હતો. ગૌતમ બુદ્ધ સંબંધે દેવીની બહુજ પૂજ્ય બુદ્ધિ હતી. દર સાલે રાજગૃહ જતી હતી. રાજગૃહને બૌદ્ધ ધર્મનુયાયી બહુજ પવિત્ર સ્થળ માને છે. અઘોરકામિની જ્યારે રાજગૃહ જાય ત્યારે વખતો વખત કેટલાક લોકોને સાથે તેડી જતી, રસ્તામાં વ્યાખ્યાનો આપતી, અને સદ્ધર્મને રસ્તે ચાલવા બોધ કરતી. આ તેનો ક્રમ કેટલાંક વર્ષો સુધી અખંડપણે ચાલ્યા કર્યો હતો. નમ્રસ્વભાવ, પરોપકાર બુદ્ધિ, સદ્ગુણ, ગરીબોપર પ્રીતિ, અને સામાન્ય પ્રેમાળ સ્વભાવ વડે બાંકીપૂરના તમામ માણસોને તે વ્હાલી થઇ પડી હતી. આ ક્રમ એક સરખો ચાલવાથી તેનું શરીર ક્ષીણ થયું. તેથી સમુદ્ર કાંઠાની તાજી હવા મળે, તેવે સ્થળે હવા ફેરફાર કરવા માટે રહેવાનો ડૉકટરે અભિપ્રાય આપ્યો. આ ઉપરથી બાબુપ્રકાશચંદ્રે દેવીને સન. ૧૮૯૬માં મુંબઇમાં રાખવાનો ઠરાવ કર્યો હતો, અને રહેવા માટે મકાન વગેરેની વ્યવસ્થા પણ થઇ ગઇ હતી; એટલામાં નિર્દયકાળે ઝડપ મારી.!! માંદગીમાં છતાં પણ જ્યારે સ્હેજ આરામ થતો, ત્યારે તે માંદામાણસોની ચાકરી કરવા પ્રયત્ન કરતી હતી. પોતાના દુઃખ માટે તેણીએ કદી પણ શોચ કર્યો નહોતો. માત્ર એક વખત પોતાનું મરણ નજીક આવેલું જોઇને પોતાનાં બાળબચ્ચાંઓની શી દશા થશે એ વિચાર કરતાં તેના નેત્રમાંથી અશ્રુ બિંદુ ખર્યા હતાં. તે બદલ તેને પશ્ચાતાપ થતાં ત્રીજે દિવસે પોતાના મોટા પુત્રને પાસે બોલાવીને કહ્યું કે;—"વ્હાલા સુબોધ! હું મારી માતા પાસે જાઉંછું. હવે મારાથી અત્રે રહી શકાય તેમ નથી. તું હમેશાં કુમાર્ગથી દૂર રહે જે. તમારા કોઇ માટે મેં બિલકુલ દ્રવ્ય સંઘરી રાખ્યું નથી; પણ સત્ય સંઘરી રાખ્યું છે, તે તમે વહેંચી લેજો. મારા માટે વૃથા શોચ કરશો નહિ. પરમદિવસે મારી આંખમાં આંસુઓ આવ્યાં હતાં, તો મારે બે દિવસ વાધારે જીવવું પડયું, પણ હવે હું તૈયારીમાં છું."

પ્રિય વાચક વૃંદ! આ અંતકાળના ઉદ્દગારમાં કેટલી ધર્મ બુદ્ધિ, કર્ત્તવ્ય પરાયણતા અને કેટલી અનુતાપ વૃત્તિ જણાય છે? દેવીના સમાગમનો જેમને લાભ મળયો હતો, તેમને પોતાની માતા યા ભગિનીના મૃત્યુના શોચ જેટલો શોચ થયો હતો. આખા ગામમાં ઔદાસિન્ય પ્રસર્યું અને કેટલીક સ્ત્રીઓએ તો આક્રંદ કરી મેલ્યો. દેવી અઘોરકામિનીની યોગ્યતા સંબંધે આ સ્થળે વિશેષ લખવાની અગત્ય છેજ નહિ, જેણે પોતાનું આખું આયુષ્ય પરોપકારમાંજ પૂરૂં કર્યું હતું. એવું સ્ત્રી રત્ન આપણા દેશમાં આ ઓગણીસમી સદીની અધવચમાં ઉદય થયું, તે બદલ આપણે જગત્ નિયંતા ઇશ્વરનો આભાર માનતાં, તેવાં અનેક સ્ત્રી

રત્નો આ ભરતભૂમિપર ઉદય પામે એવી પ્રાર્થના કરીશું. વાંચનારી વ્હાલી બેનો ! દેવી અઘોરકામિનીના આ જીવન ચરિત્રમાંથી જે અમૂલ્ય બોધ મળે છે, તે ગ્રહણ કરી તેના જેવાં પરોપકારનાં અને સ્ત્રી જાતિની ઉન્નતિનાં કાર્યો કરવામાં મનને પ્રવૃત્ત કરશો તો તમે તમારા દેશની અને તમારી દેશી બેનોની એક ઉત્તમ સેવા બજાવેલી કહેવાશે; તેની સાથે તમારૂં નામ અને કીર્ત્તિ અમર થશે. હે ઇશ ! આ દેશની બેનોની અંદર આવી સત્ય પ્રેરણા કર ? !

ચંદ્રપ્રભા.

આ પતિવ્રતા સ્ત્રી લખનૌ પાસેના એક ગામના ઠાકોરની પુત્રી હતી. તે મહા સૌન્દર્યવાન, તેજસ્વી, હિંમતવાન, નીતિવાન, ચાલાક, પતિવ્રતા અને બુદ્ધિશાળી હતી. તેને લખનૌ પાસેનાજ બીજા કોઇ ગામના ઠાકોર સાથે પરણાવી હતી. એક વખતે તેનો પતિ તેના બાપને ઘેરથી બન્થેરા પોલીસ ચોકીને રસ્તે પોતાને ઘેર તેડી જતો હતો. આ ચોકીના ઇન્સ્પેકટરે પતિવ્રતા ચંદ્રપ્રભાને ઘણી રૂપાળીને તંદુરસ્ત જોઇ ખરાબ વિચાર કર્યો. તેણે ઠાકોરને કહ્યુંકે;—" તું પરસ્ત્રીને કાઢી જાયછે, માટે તને અહીંથી જવા નહિ દઇએ." ઠાકોરે કહ્યું;—"એતો મારી પરણેતર સ્ત્રી છે, માટે તમારે રોકવાનું કશું કારણ નથી." છતાં ઇન્સ્પેકટરે તે માન્યું નહિ અને સાક્ષી લાવવાનું કહ્યું. અંતે પતિવ્રતા ચંદ્રપ્રભાને એક કોટડીમાં પૂરીને તેને બહારથી તાળું મારી કુંચી ઠાકોરને આપી. તેથી તે નહિ ચાલતાં પંદર ગાઉ દૂર તેને સાસરે સાક્ષી લેવા ગયો. રાત પડી એટલે ઇન્સ્પેકટરે કોટડીનુ તાળું ઉઘાડયું, પણ ચંદ્રપ્રભા બીજી કેટલીક સ્ત્રીઓની પેઠે ભોળીને આફલ નહોતી, તેણે એવા પરાયા પુરૂષનો વિશ્વાસ નહિ કરતાં, ચેતીને ચાલાકીથી અંદર બારણાને સાંકળ ચઢાવી દીધી હતી. તેથી ઇન્સ્પેકટરે બારણું ઉઘાડવાને ઘણું કહ્યું, પણ તેણે ઉઘાડયું નહિ. પણ જ્યારે તે ઘણી ધમકી આપવા લાગ્યો અને બારણા ભાંગવાની કોશિશ કરવા માંડી; ત્યારે નહિ ગભરાતાં હિંમતથી ઉઘાડયું. ઇન્સ્પેકટરે અંદર આવી પોતાને વશ થવા જણાવ્યું, પણ આ સાધ્વી સ્ત્રીએ પોતાનો પ્રાણ જતાં સુધી પણ પોતાનું પવિત્ર શિયળ ભંગ નહિ થવા દેવાનો નિશ્ચય કર્યો હતો. તે તેનાં આવાં અયોગ્ય વચન સાંભલી ઘણી ગુસ્સે થઇ ગઇ, પણ જરા ધૈર્યતા પકડી બોલી;—" ભાઇ ! તમો આ શું બોલો છો ? હું નિરાધાર અબળા સ્ત્રી છું, તમો મારા ભાઇ જેવા છો, તમારા જેવાએ પરસ્ત્રી સામું ખરાબ દૃષ્ટિથી જોવું ન જોઇએ. બીજી કેટલી સ્ત્રીઓ જેમ ભયથી, લોભથી કે વૈભવ સુખની ઇચ્છાથી પર પુરૂષને વશ થઈ પોતાનું અમૂલ્ય પવિત્ર શિયળ ભંગ કરી પાપમાં પડે છે, તેવી કુલટા સ્ત્રી મને ન સમજો. હું તમારા ભયથી ડરવાની

નથી, પણ મારા શિયળ ભંગ થવે ઈશ્વરથી ડરૂં છું. હું મારો પ્રાણ જશે, તો પણ તમારે વશ થવાની નથી. માટે ઇશ્વરનો ડર રાખી વૃથા આશા છોડી દો. મને હેરાન કરવાથી તમારૂં સારૂં થશે નહિ." વગેરે આજીજી સાથે ઘણું કહ્યું, પરંતુ દુર્બુદ્ધિથી અંધ થયેલો તે એક ટળી બીજો થયો નહિ. તે અનેક પ્રકારે ભય અને પ્રીતિ બતાવી વિનવવા લાગ્યો. ચંદ્રપ્રભા હિંમતવાન હતી, તેને પવિત્રપણું બહુ વ્હાલું હતું અને તે ક્ષત્રિ પુત્રી હતી. આ પાપીને શિયળ ભંગ કરવા ટંપેલો જોઇને તેના અંગનું ક્ષત્રિત્વ જાગૃત થયું, પણ પાસે હથિયાર નહોતું કે તે પોતાનું બળ અજમાવી શકે. તેથી યુક્તિપ્રયુક્તિથી તેનું હથિયાર હરણ કરવાનો લાગ જોતી હતી, અગર બીજી રીતે બચાવ કરવાનો વિચાર કર્યો. પોતાને ઉત્પન્ન થયેલો જુસ્સો ધૈર્યતાથી દબાવી રાખ્યો; અને તે ન જાણી શકે એવું મૂળ રાખી ઉભી રહીને મનમાં "હે ઇશ્વર ! હવે તું લાજ રાખજે." એવું સ્મરણ કરવા લાગી. તે દુર્મતિ તેને શાન્ત થયેલી જોઈ ખુશી થયો કે, હવે તે મારે, વશ થશે, એમ સમજી પોતાની તરવાર ત્યાંજ મૂકી દીવો લેવા દોડ્યો. પણ તે મંદ મતિ જાણતો નહોતો કે; જે સ્ત્રી અંતઃકરણથી પોતાનું શિયળ અખંડિત રાખવા ઇચ્છે, જે સ્ત્રી પ્રાણ કરતાં પોતાના શિયળને વધારે વ્હાલું ગણે છે, જે સ્ત્રી પ્રાણ જતાં સુધી પણ શિયળને પવિત્ર અને પોતાનું અમૂલ્ય ધન સમજી સાચવવા ઇચ્છે છે, તેવી સ્ત્રીના શિયળનું રક્ષણ હમેશાં ઇશ્વર કરે છે. તેવા સમર્થ રક્ષકની આગળ પતિવ્રતા સ્ત્રીનું શિયળ ભંગ કરવા દેવ પણ સમર્થ થતા નથી, તો બિચારૂં પામર માનવી શું બિશાતમાં છે ? તે આ મંદગતિ શું જાણી શકે ?

સતીચંદ્રપ્રભા ઇશ્વરની સહાયતા માગતી શાન્ત થઇ ઉભી હતી, ને મંદગતિ કામાંધ પોતાની તલવાર ત્યાંજ ભોંયપર મૂકી જેવો દીવો લેવા ગયો કે, તે પતિવ્રતાએ પોતાનો પ્રતાપ બતાવવા તુરત ઉપાડી હાથમાં લીધી. ઇન્સ્પેક્ટર દીવો લઇને આવ્યો અને યોગ્ય માગણી કરવા લાગ્યો. ચંદ્રપ્રભાએ પ્રથમ તો તેને બહુ વિનવ્યો, પણ તેણે માન્યું નહિ. તેથી તેને પગથી માથા સુધી ક્રોધાગ્નિ વ્યાપી ગયો. તુરત તેણે તલવાર ખેંચી તેનું માથું ઉરાડી દીધું, દીવો બુઝાવી દીધો, અને શિયળનું રક્ષણ કરવા હાથમાં તલવાર પકડી ઉભી રહી. ઇન્સ્પેક્ટર એક બાજુ પ્રાણ રહીત થઇ પડ્યો હતો. તેને ગયાને ઘણીવાર થઇ હતી. તેથી તેના બે કોન્સ્ટેબલોએ જાણ્યું કે તે આજુ બાજુ ગયા હશે, એવી ધારણાથી તેઓ પણ એક પછી એક સતીના શીલને કલંક લગાડવા આવતાં, તેઓ પણ તેની તીવ્ર તલવારથી કપાઇ ગયા. પ્રાતઃકાળે જ્યારે તેનો સ્વામી સાક્ષી લઇ આવ્યો, ત્યારેજ તે તલવાર હેઠે મૂકીને રૂદન કરતી પતિને ભેટી પડી. પોલીસે તેના ઉપર ખુનનો આરોપ મૂકી કામ ચલાવ્યું, પરંતુ લખનૌના શાણા સેસન્સ જડજે તેને નિર્દોષ ઠરાવી છોડી મૂકી; એટલુંજ નહિ પરંતુ કહે છે કે, વાવ્ય પ્રાંતની સરકારે તેના પાતિવ્રત્યપણાથી પ્ર-

સજ થઈને તેને ચારસો રૂપિયા ઇનામ તરીકે આપ્યા હતા. આ સર્વ હકીકત સને. ૧૮૭૯ ના વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ થએલી છે. અહો! ચંદ્રપ્રભા! તને ધન્ય છે, તેં પાતિવ્રત્યપણાનાં પવિત્ર અંકુરો ધરાવનારી પવિત્ર હૃદયની આર્યમહિલાઓ અદ્યાપિ પણ છે, એવું બતાવી આપી નામના રાખી છે. ધન્ય છે તને અને તારાં માતપિતાને કે તારા જેવી પવિત્ર પુત્રીને જન્મ આપ્યો! ધન્ય છે લખનૌના અદલ ન્યાયી સેસન્સજડજને! કે તેણે આર્યમહિલાની પવિત્રતાઇને જાણી છોડી મૂકીને ધન્યવાદથી વખાણી લીધી. અહો! સ્ત્રીઓના સતીત્વનું એવું ગૌરવ છે!! ધન્ય છે પવિત્ર સ્ત્રીઓને!!!

મૃગનયની.

આ પ્રખ્યાત સાધ્વી સ્ત્રી ગુજરાતના રાજાની પુત્રી અને ગ્વાલિયરના તોમર વંશના મહારાજા માનસિંહની રાણી હતીઃ તે રૂપે રંભા જેવી સૌન્દર્યવાન અને નયનો મૃગના જેવાં હતાં. તેથી તેનું નામ મૃગનયની પાડયું હતું. એ તીવ્ર બુદ્ધિની, ભણેલી, ઉદાર, રાજકાર્યમાં કુશળ, સંસાર વ્યવહારમાં નિપુણ, હિંમતવાન, ચાલાક, ધાર્મિક, ચતુર, પતિવ્રતા અને સંગીત કળામાં અતિકુશળ હતી. પતિને પ્રાણથી અધિક ચાહતી, માનસિંહ પણ તેના ઉપર ઘણોજ આશક્ત હતો. પતિ પત્નીમાં ગાઢ પ્રેમ હતો, તેઓ સર્વ પ્રકારે એક રૂપ જેવાં હતાં. સાધ્વી મૃગનયની પોતાના રૂપ ગુણથી સૌનાં હૃદયને આકર્ષતી હતી. સંગીત કળામાં તો તે એટલી કુશળ હતી કે, તે જે રાગ ગાતી, તે રાગનું રૂપ તાદૃશ્ય ખડું કરી દેતી. તેના રાગનો ધ્વની સાંભળી પશુ પક્ષીઓ પણ પોતપોતાનું કાર્ય મૂકી દઇ થંભી રહેતાં. તેનું ગાયન સાંભળવાને મહાન્ પુરૂષો પણ લલચાતા હતા. તે પતિથી વહેલી ઉઠતી, દંતધાવન અને સ્નાન કરી દેવ સેવા કરતી. દેવ સેવા વખતે દેવની સ્તુતિ હાથમાં તંબુર લઈને એકાગ્ર ચિત્તેગાઈ બજાવી કરતી. એ વખતે તેનું સ્વરૂપ સાક્ષાત્ દેવી રૂપ જણાતું હતું. તેમજ પતિ રંજનાર્થે પણ પોતાની ગાયનકળાનો ઉપયોગ કરતી. આ બે પ્રસંગે ઘણું કરી બીજા માન્ય લોકો તેની ગાયન કળાના શ્રવણનો લાભ લઇ શકતા. પતિવ્રતાના ધર્મ પ્રમાણે તે ચાલતી. રાજકાર્યમાં પતિને અનેક પ્રકારે સહાય આપતી. કઠણ સમયે કોઈ પ્રકારનો નિકાલ કરવામાં પોતાની બુદ્ધિથી બહાર પડતી અને યુક્તિથી માર્ગ શોધી કાઢી સૌને ચકિત કરતી, એવી હુશિયાર હતી. તે કાર્ય કુશળ પણાને લીધે રાજા, પ્રજા અને વિદેશી જનોમાં વખાણને પાત્ર થઇ હતી. માનસિંહ ઘણું કરીને ઇ. સ. ના સોળમાં સૈકામાં થઇ ગયો છે; કારણ કે લંકારાય જે શાહજહાં પાદશાહના સમયમાં થઇ ગયો

છે, તેણે પોતાના ઇતિહાસમાં લખેલું છે કે;—"રાજા માનસિંહને બસો રાણીઓ હતી, પરંતુ તે સર્વમાં રૂપને ગુણમાં શ્રેષ્ઠ તો રાણી મૃગનયનીજ હતી. તે અતિ સુંદર હતી; એટલુંજ નહિ પરંતુ મનમોહની કળા જે ગાયનવિદ્યા, તેમાં અત્યંત પ્રવિણ હતી." રાજા માનસિંહ ને ગાયન વિદ્યાનો ઘણો શોખ હતો. તેમાં પણ સંકીર્ણ રાગ જે રાણી ઘણીજ અદ્ભુત પ્રકારથી ગાતી બજાવતી હતી, તેના ઉપર તો તે મોહિત થયો હતો. મૃગનયનીએ પોતાના અત્યંત સંગીત ચાતુર્યથી કેટલાક રાગ મિશ્રભાવથી ગાઇ પ્રસિદ્ધ કર્યા હતા. તેમાં ગુજારી, વહીલગુજારી, માલગુજારી, વગેરે રાગ તેના નામપરથીજ પ્રસિદ્ધ છે. કહે છેકે મૃગનયનીની ગાયન કળાનું શ્રવણ કરવાને ગાયન વિદ્યાના પરમ આચાર્ય તાનસેનજી ખાસ ગ્વાલિયર પધાર્યા હતા અને ત્યાંજ રહી, પોતાની આખરની જીંદગી પૂરી કરી હતી. તેણે મૃગનયનીનું ગાયન સાંભળી તેનાં ઘણાંજ વખાણ કર્યાં હતાં. એ રીતે એ સંગીત કળામાં ઘણીજ પ્રખ્યાત્ થઇ ગઈ છે. સ્ત્રીઓને ભૂષણ રૂપ ગણાતી સંગીતકળા તેઓએ શિખવી જોઇએ, તેનું એક ઉત્તમ દૃષ્ટાત્ આ સાધ્વી સ્ત્રી આર્યાવર્તની સ્ત્રીઓને આપી અમર કીર્ત્તિ રાખી ગઇ છે.

ગંગા.

આ પતિવ્રતા સ્ત્રી ગંદાબાના કિલ્લામાં રહેતા **મહારસિંહ** નામે રાજપૂતની પુત્રી હતી. તેની માતાનું નામ **તેજબા** હતું. એ ઘણી શાણી, ચાલાક, હિંમતવાન, અને નીતિવાન હતી. આવી માતાના હાથ નીચે ગંગા લાડ કોડમાં ઉછરી હતી. તે મહા સ્વરૂપવાન, મૃગનયની, બુદ્ધિશાળી, હિંમતવાન, ચાલાક, નમ્ર સ્વભાવની, ડાહી, નીતિવાન અને પતિવ્રતા હતી. તે ગંદાબા પાસે વિજયપૂર નામે ગામના રાજપૂત **દેવીસિંહ** સાથે પરણી હતી. ઇ. સ. ૧૦૨૪ માં જ્યારે ગીજનીનો સુલતાન **મહંમદ** સોરઠી સોમનાથ મહાદેવ ઉપર ચઢી આવ્યો; ત્યારે ગુજરાતનો રાજા **ભીમદેવ** તેમની સામે થયો હતો, તે સુલતાનનાં ઘણાં માણસોનો નાશ કરી ગંદાબાના કિલ્લામાં આવ્યો હતો. તેથી મહંમદ પણ સોમનાથ માહાદેવના દેવળનો નાશ કરી ગંદાબાના કિલ્લા ઉપર ચઢી આવ્યો. પણ ભીમદેવ ત્યાંથી જતો રહ્યો હતો તેથી મહંમદે કિલ્લામાં લૂટ ચલાવી, તેમાંનાં કેટલાંક સ્ત્રી, પુરૂષ અને છોકરાંઓને કેદ કર્યાં. એ સર્વેને ગીજનીમાં ગુલામ તરીકે વહેંચી પૈસા મેળવવાનો તેમનો વિચાર હતો.તે ગંદાબાથી ઉજડી અણહીલવાડ પાટણ આવ્યો. તેની સાથેના સર્વે કેદીઓને અનેક રીતે દુઃખ દેવામાં આવતું હતું. બંધીવાન ઓરતોની અંદર ગંગા પણ હતી. તે આ વખતે પંદર વર્ષની હતી. તેનો પિતા ગંદાબા કિલ્લાનો બચાવ

કરતાં માર્યો ગયો હતો. તેની માયાળુ માતા પોતાની અમૂલ્ય આબરૂનો બચાવ કરતાં પતિની ચિતામાં પડીને સતી પદ મેળવી સદાની સુખી થઈ હતી. તેથી આ આશ્રય વગરની અનાથ પુત્રીને કિલ્લાની લૂટ સાથે કબજે કરી હતી.મહંમદ ગીજનવીનો પાટવી કુંવર તેના પર મોહિ પડયો હતો. તે તેમને પોતાના કબજામાં લેવાને અ-નેક તરેહની કોશિશ, યુક્તિઓ અને કાલાવાલા કરવા લાગ્યો, પરંતુ ગંગાએ કશું પણ ગણકાર્યું નહિ.

ગંગા ખરેખરી ગંગા રૂપજ હતી. તેનું મન ગંગા જળ સમાન નિર્મળને પવિત્ર હતું. તેને પાટવી કુંવરે ઘણા ગળ્યા ગળ્યા સંદેશાઓ મોકલ્યા, પણ તે ગંગાને ગળે કેમ ઉતરે ? ગંગાએ કુંવરને અણુગમતા ઉત્તરો મોકલ્યા. તેથી તે ઘણો ગુસ્સે થયો અને તે જાહેર કરવાને ગુપ્ત રીતે કેદખાનામાં આવ્યો. ગંગાને આંડી ધેલી વાતો કહી સમજાવવા લાગ્યો કે;—" હે ગંગા ! તું મારૂં કહેવું માન, હું તને ચાહું છું, પણ તું મને ચાહતી નથી. તું મારી પદવી પિછાણતી હોતતો આવી રીતે મને વારંવાર અપમાન આપત નહિ. હું પૃથ્વી પતિ મહંમદનો પાટવી કુંવર છું, ગાદીનો વારસદાર હું છું. સમય આવતાં હું તને મારી પટ્ટ-રાણી બનાવીશ. ખાવાને ખટરસ મન ભાવતાં ભોજનો મળશે, રહેવાને રંગ મ-હેલ, પહેરવાને હીરચીરનાં જરીન વસ્ત્રો અને હીરા, મોતી અને માણેકનાં આ ભૂષણો મળશે. હુકમ કરતાં હજારો દાસીઓ તારી પાસે હાજર થશે. પાણી માગીશ ત્યાં દૂધ મળશે. આથી વધારે તારે શી આશા છે ? " આ સાંભળતાંજ ગંગાએ તુચ્છકારી જવાબ આપ્યોકે;—" કુંવરજી ! તમોને હું વધારે શું કહું ? બીજો કોઇ આ વખતે હોત તો બતાવી આપત ! તમારો ધર્મ આવી રીતે અબળાની આબરૂ લૂટવાનો નથી. રંગ મહેલમાં અને અમૂલ્ય વસ્ત્રાલંકારોમાં આગ લગાડો ! તેનું મારે શું કામ છે ? મને મારી ભલી જાવગીની ઝુંપડી અને ભલો મારો જાર બાજરીનો સુકો પાકો રોટલો. અમારે ગરીબને રાજ વૈભવની શી જરૂર છે ! ઓને સદ્ગુણ એજ ખરી શોભા અને સુખ આપનાર છે; તે સિવાય અન્ય શણગારને સુખ હું ઇચ્છતી નથી; મારે તેની કશી તૃષ્ણા નથી, મારી આબરૂ અને નીતિનો ભોગ આપી—વહેંચીને હું મોજ મજા ભોગવું એ બનેજ કેમ ? કુંવરજી ! તમે સત્ય કરીને માનજો કે હું લાલચમાં કદી પણ નહિ લપટાઉં. શરમ છે એવી પાપિણી સ્ત્રીઓને કે જે લાલચને લીધે અનીતિમાં લપટાય છે, નહિ કરવાનાં કામ કરે છે. હું એવી લાલચુકે અનીતિમાન નથી કે લલચાઉં. તમારી લાલચથી હું પા-પમાં પડવાની નથી. મને મારી નાંખો, કેદમાં પૂરીને આવી રીતે રીબાવો, સતાવો, તે ગમેતો શૂળીએ ચઢાવો, પણ હું મારો પત્ની ધર્મ ચૂકવાની નથી. સિંહણી મટીને બીલાડી થવાની હોંસતો હલકી જાતની સ્ત્રીજ રાખે છે. બીલાડી થઇ, મારો પત્ની ધર્મ ચૂકવા કરતાં તો હું મરવું વધારે શ્રેષ્ઠ ગણું છું." કુંવર આવું

સાંભળવાની આશા રાખી આવ્યો નહોતો. તેની આશા મોટી હતી. તે આશામાં નિરાશ થવાથી ક્રોધાવેશમાં આવ્યો, ન બોલાય એવાં કડવાં વચનો ગંગાને કહ્યાં, ઘણો ભય બતાવ્યો, તે છતાં ગંગા જરાપણ ડગી નહિ—એકની બે થઇ નહિ. તેથી કુંવર બોલ્યો;—"ગંગા ! મારી મરજી ને આધીન તું નહિ થાય, તો વિષનો ઘુંટડો પીવો પડશે. જરૂર તારો જીવ જશે. માટે હાથે કરીને તું શા માટે હેરાન થાય છે ? જીવતાં સુધી કાળે પાણીએ જવાની કેમ ઇચ્છા કરે છે ? જીવ ખોવો હોયતો નકામી જીકર કર. જો તું ખુશીથી નહિ માને; તો તને બળથી લઇશ, પણ તને છોડવાનો નથી. તું ગમે એટલી મારી સામે થઇશ, ન બોલવાનું બોલીશ, કડું વચનો બોલીને મારૂં મન દુઃખવીશ, તે સઘળું તારે વાસ્તે ભૂલી જઇશ ને માઠું લગાડીશ નહિ. માટે તું ભલી થઇને માન, નહિતો પાછળથી પસ્તાવો કરીશ."

ગંગા તેમનાં આ વચનો સાંભળી જરાપણ નહિ ગભરાતાં હિંમતથી બોલી;—"કુંવરજી ! તમો આવ્યા એ રસ્તે મુંગા મુંગા ચાલ્યા જાઓ. તમારૂં કશું વળવાનું નથી. મને જીવ વ્હાલો નથી, જીવ વ્હાલો કરીને જીવવાની મારી ઇચ્છા નથી. હું એવી નકામી આશા રાખતી નથી. રડવું સારૂં, મરવું સારૂં, પણ મારો પતિવ્રતા ધર્મ તજીને બીબડી થવું એ હલકું છે. પતિવ્રતા સ્ત્રીને માથે એકજ પતિ હોયછે. બીજા સઘળા ભાઇ, બાપ સમાન છે. તમે મારા ભાઇને હું તમારી બેન છું. બેન ઉપર આવી બુરી નજર કરવી ન ઘટે. વિષ સમાન વિષય સુખને માટે આ ઉત્તમ દેહ વટલાવવો, સ્ત્રી ધર્મ ચૂકવો, અને હાથે કરીને પાપમાં પડવું એ મને પસંદ નથી. માટે આવ્યા ત્યાં પધારો. નહિતો હું માથું ફોડીને મરીશ, જીભ કચરીને જીવ કાઢીશ, મારા લોહી વડે તમારાં વસ્ત્ર રંગીને મરીશ અને તમને સ્ત્રી હત્યા આપીશ, પણ તમારો હલકો હેતુ તો હું પાર પડવા નહિ દેઉં." આ સાંભળી કુંવર ઝાંખો પડયો, તેના મુખનો રંગ ઉતરી ગયો, લાલી ઉડી ગઇ, તેના કઠણ શબ્દો કાળજામાં કોતરાઇ ગયા અને તે શૂળો સમાન સાલવા લાગ્યા. તેથી તે વિલે મૂખે પાછો રાજ મહેલમાં આવ્યો. મધરાત થઇ, સઘળાં લોકો નિદ્રા વશ થયા, પણ તેને નિદ્રા આવી નહિ.. અનેક તરેહના વિચાર કરવા લાગ્યો, હવે કરવું કેમ ? એ પંદર વર્ષની બાળાએ મારી આબરૂ લીધી. જો હું બળાત્કાર કરૂં ને વખતે પિતાના જાણવામાં આવે તો પંચાત થઇ પડે. પણ કંઇ નહિ. હજુ વખત છે. એ ગુલામડીને હાથમાંથી જવા નહિ દઉં. એવો વિચાર કરીને શય્યનગ્રહમાં ગયો. પણ નિદ્રા કેમ આવે ? પલંગપર આમતેમ આળોટવા લાગ્યો. પણ નિદ્રા વેરણ થઇ તે કેમ આરામ લેવા દે ? શાંત મન વગરના માનવીને કદી પણ શાંતિમાં દિવસ ગુજરતો નથી; તેમ મહંમદના કુંવરને પણ બન્યું. તેનું મન ગંગામાં હતું, ગંગા વગર તેને ગોઠતું નહોતું, તેથી તેણે પોતાની

ગેરહાજરીમાં તાવી જોવાનું વીચાર્યું. પોતાનો માનીતો અને વીશ્વાસુ નોકર સુજાતખાં હતો, તેને સર્વ વાત કહી બતાવી. સુજાતખાં હમેશાં રંગ રાગ, ને કસુંબા પાણીમાં મચ્યો રહેતો હતો. તેણે આજે મિત્ર મંડળમાં મિજબાની હોવાથી વિશેષ રંગ પાણી ઉડાવ્યાં હતાં. કેફની અસરથી મિયાં ખુશ મીજાજમાં હતો. બંકુ કદરૂપો હતો, પંચાવન વર્ષનો થયો હતો, પણ હજુ કુંવારો હતો. તેમને બીબી મળતી હતી, પણ તે નાની મોટી કરતાં આટલી મોટી અવસ્થા થઇ હતી. તેમના સ્વભાવને મળતી આવે, ને હુકમમાં હાજર રહે એવી સ્ત્રીની ઘણી શોધ કરવા છતાં પણ મળતી નહોતી. મળતો રૂપ રંગમાં કાંઇને કાંઇ ખામી શોધી કાઢતો મહંમદને તેના કુંવરની મહેરબાની તેના ઉપર હતી. સુજાતખાં મન મોજીને રંગીલા સ્વભાવનો હતો, તે સુલતાન વગેરે સર્વેને રમુજ ઉપજાવતો હતો. તે ઘોરમાં પડવા યોગ્ય થયો હતો, પણ ઇશ્કાઇ મૂકતો નહોતો. હજુ કોઇ સુંદર સ્ત્રી મળેતો શોધ્યા કરતો હતો, તે કેફમાં ચકચુર રહેતો. આવા ઓલીયા મિયાંએ કુંવરના મુખથી વાત સાંભળી કહ્યું;—“ કુંવરજી ! તમો કશી ફિકર કરશો નહિ. ગંગાને મારી વાણીથી ગાળી નાંખીશ ને એક પળમાં આપની હજુરમાં લાવી હાજર કરીશ; જો તેમ ન કરૂંતો મારૂં નામ સુજાતખાં નહિ.” કુંવરને મિયાંના વચનથી આનંદ થયો ને તેને મહેનતનો બદલો આપવાનું વચન આપી ગંગા પાસે કેદખાનામાં રવાને કર્યો.

સાધ્વી ગંગા જાણતી હતી કે, આજે કાંઇ નવા જુની વાત બનવાની છે. કુંવર કદાચ આવીને બળાત્કાર ગુજારશે, એવા વિચારથી બિચારી પોતાની આબરૂ પ્રાણ જતાં સુધી જાળવવાને આતુર થઇ બેઠી હતી. ત્યાં તેની ઓરડીમાં મિયાં સુજાતખાં આવ્યો. તેને દૂરથી આવતો જોઇનેજ હવે શું કરવું ? તેના વિચારમાં પડી. તેણે વિચાર કર્યો કે—“ સામે થવાથી વારંવાર હું ફાવવાની નથી; માટે પ્રપંચ કરીને આ ઓલિયા મિયાંને છેતરીને કુંવરના છટકામાંથી છુટા થવું એવો તેણે નિશ્ચય કર્યો. ” મિયાં ઓરડીમાં આવ્યો કે ગંગાએ ઉભા થઇ તેને ઘટતો આવકાર આપ્યો; એટલુંજ નહિ પરંતુ તુરત તેને નાના પ્રકારની વાતમાં નાંખ્યો. મિયાં તો ગંગાની વાતમાં મળી ગયો, ને પોતે શું કામ માટે આવ્યો છે તે પણ ભૂલી ગયો. ગંગાનું સુંદર સ્વરૂપ જોઈ તેનું મન ભ્રમિત થયું. કુંવરના હાથમાં આવી સ્ત્રી જાય ને હું હાથ ઘસતો રહી જાઉં એ ઠીક નહિ. આવી રૂપાળી સ્ત્રી મેં મારા જન્મારામાં જોઇ નથી. હિંદવાણીમાં ખુદાએ કેવું રૂપ મૂક્યું છે ! કેવી તેની બોલવાની છટા છે ? અહો ! કેવી તેની વાણીની મધુરતા છે ! આ સ્ત્રી બંદાના હાથમાં આવે તો ખરેખર અવતાર સફળ થાય. કુંવરતો ઘેલો છે, તેને યોગ્ય આ બાળા નથી, પણ મારે યોગ્ય છે. એનું વલણ પણ મારી તરફ છે. માટે લાવને તેને કહી તો જોઉં કે તે શું કહે છે. ” મિયાંને આવા વિચારમાં ગરક થયેલો જોઇ ગંગા બોલી;—“કેમ મિયાં સાહેબ ! શા વિચારમાં છો ? આંખો

રાતની વેળાએ મારી ઓરડીમાં પધારવાનો પ્રયાગ શા કારણસર વેઠ્યો છે?" મિયાંએ મલકાતે મૂખે કહ્યું;—"સુંદર સ્ત્રી! તારા સુંદર સ્વરૂપે મને વિચાર સાગરમાં ડૂબાવી દીધો છે. કુંવરનાં કરતાં હું કેવો લાયકછું? મારા ઘરમાં તારા સરખી સુંદર સ્ત્રી હોય તો કેવી શોભા વધે? કેવો ભાગ્યવાન ગણાઉં? પણ એ સઘળું તારા હાથમાં છે. તેં મારૂં મન જીત્તા લીધું છે, મને જીવાડવો કે મારવો એ તારા હાથમાંજ છે, તું મારૂં કહેવું નહિ કબૂલ કરે તો હું ઝુરી ઝુરીને મરીશ." ગંગા પેચમાં બોલી;—"અહાહા! આજ મને કેટલો આનંદ થયો છે? કોણ જાણે શા કારણથી મારૂં મન તમારા ઉપર દોડે છે! કુંવરે ન થાય એટલા કાલાવાલા ને ઉપાયો કર્યાં, પણ તેનું કામ ન સર્યું, તે તમે એક પળમાં પાર પાડયું છે. એવાં ક્યાંથી ભાગ્ય કે તમારા સરખા મોટા મનના વિલાષી પુરૂષ મને ચાહે? તમે કહો તેમ કરવાને અને કહો ત્યાં આવવાને તૈયારછું, પણ એક...એટલું કહીને બોલતી અટકી ગઇ. તેથી મિયાં બોલ્યો;—"ગંગા! તેં મારો અવતાર સફળ કર્યો છે, તેં મને આ ભવમાં તાર્યો છે, તું મને ચાહે છે એ જાણી આનંદ પામું છું, પણ તું બોલતાં કેમ અટકી? તું જે કહે તે કરવાને તૈયાર છું. માટે જે કહેવું હોય તે કહે." ગંગા બોલી;—"કાંઈ ઘણું કહેવાનું તો નથી, પણ માનો તો મારી મરજી એવી છે કે હું પસંદ કરૂં એવા પોશાકમાં તમે સદાય રહોતો સારૂ. તમે હાલ જે વેષમાં છો, તેના કરતાં પણ વધારે દીપી નીકળો એ મને ખાત્રી છે. મને મુસલમાન પોશાખને રીત ભાત ઉપર હદ વગરનો કંટાળો છે. આવી બોકડા સરખી દાઢી મને પસંદ નથી. અમારા રાજપૂતો કતરાવેલો દાઢી રાખે છે, તેથી તેઓ કેવા શોભે છે? મુદ્દલ દાઢી ન હોય તો વધારે સારૂં. કુંવરનું મ્હોડું દાઢી વગરનું કેવું મનહર દીશે છે? તમે દાઢી કતરાવો તો કાંઈ અડચણ છે? અને કદાચ અડચણ હોયતો તે મારે ખાતર નહિ ખમો? તમારા પ્યારની પરીક્ષા મને કરવાદો અને પછી જુઓ કે તમારા પર મારો કેવો પ્યાર દોડે છે!" મિયાં કેફના તોરમાં બોલ્યો;—"હું તારે વચને વહેંચાયેલો છું, ને બોલે બંધાયેલો છું, તું કહે તેમ કરવાને તૈયારછું, અમારા ધર્મમાં દાઢી બોડાવવી એ બહુ ગુન્હા ભરેલું ગણાય છે, તે તું જાણતી નથી, જો જાણતી હોતતો મને આવી ગેરવાજબી ફરજ ન પાડત, પણ ફિકર નહિ. આજને આજ આપણે ગીજની ભણી ઉપડી જવાના છીએ. સુલતાનની મરજી ગુજરાતની અંદર ચોમાસું ગાળવાની છે. તેથી ઘણો ખરો રસાલો ગીજની મોકલવાની ગોઠવણ કરી છે. આપણે પણ એ રસાલા સાથે જઇશું, એટલે કશો ભય ઉચાટ રહેશે નહિ; પરંતુ તારા તરફની એક ફિકર છે. તું સ્ત્રીનાં કપડાં પહેરીને મારી સાથે આવીશ, તો સઘળાના જાણવામાં આ વાત આવશે, ને કુંવર તથા સુલતાન મારા ઉપર ગુસ્સે થશે. માટે તું મરદના પોશાખમાં ગીજની સુધી આવે તો સઘળી બલા દૂર થાય, ને આપણા દહાડા અતિ આનંદમાં

જાય. તારે પહેરવાનાં કપડાં પણ કુંવરે મારી સાથે મોકલ્યાં છે, તે પહેરી લે તો આપણે આપણા કાર્યમાં ફાવીએ." ગંગાને ભાવતું હતું ને વૈદે બતાવ્યું. તેનો પણ તેવોજ વિચાર હતો કે તેને યુક્તિથી ફસાવી પુરૂષ વેશે છટકી જવું. તે એજમાં કપડાં આવી મળ્યાં. ઠીક છે, એવો મનમાં વિચાર કરી બોલી;—"ખરૂં છે, તમારૂં કહેવું મને પસંદ પડે છે. હું તમારાં કપડાં પહેરૂં, પણ તમે એક મારૂં વચન રાખો. તમે મારાં કપડાં પહેરી જુઓ, ને તેમાં તમે કેવા શોભિ નીકળો છો, તેનો અનુભવ મને લેવા દો. તમે આ ઠીક યુક્તિ ખોળી કાઢી છે. હું સ્ત્રીના વેશમાં તમારી સાથે બહાર આવું, ને જો મને મારી જાતનું કોઇ જુએ તો મારે મરવું પડે. કહેશે કે મુસલમાનની સાથે હિંદુ થઇને નાશી ગઇ, એવું મારા ઉપર કલંક આવે અને મારી જાતને તથા કુળને લાંછન લાગે. જો મરદના પોશાખમાં આપણે હોઇએ તો એ અડચણ આવે નહિ." ગંગાની સઘળી વાત મિયાંને ગળે ઉતરી, અતિ આનાકાનીએ કાતરવતી પોતાની દાઢી કાતરી નાંખી! તથા ગંગાનાં વસ્ત્રાલંકાર પહેરી લીધાં! આ જોઇને ગંગા મનમાં ઘણી હસવા લાગી કે;—"પ્યારમાં આંધળા લોકો કેવા બને છે? અને ન કરવાનાં કામો કરીને ફજેતી ને ફાળકે ચઢે છે, તો આ બુઢ્ઢો મિયાં કેમ ન છેતરાય?" મિયાંને બનાવવાના હેતુથી ગંગાએ ચાહન કહ્યું કે;—"અહાહા! તમે સ્ત્રીના વેશમાં પણ કેવા શોભો છો! જાણે આકાશમાંથી અપ્સરા ઉતરી આવી ન હોય. તમે ડોલાં-ઝોકાં કેમ ખાવા માંડયાં! હજુ રાત ઘણી છે, માટે જરા આડે પડખે થાઓ તો ઠીક. મને કપડાં પહેરતાં વિલંબ થશે, તેટલા વખતમાં તમે મજેની ઉંઘ લઇ શકશો." મિયાંની આંખમાં ઘણી ઉંઘ ભરાણી હતી. તેથી ગંગાના કહેવાથી તુરત બિછાનાપર સુઇ ગયો. સૂતી વખતે મિયાંએ ગંગાને જણાવ્યું કે, સવાર પડતાં પહેલાં આપણે ઘણું કોશ નીકળી જઇએ તો સારૂં. માટે જલદી કપડાં પહેરી લઇને મને ઉઠાડજે; વિલંબ થવાથી વિઘ્ન આવશે, વળી મને પણ લૂગડાં પહેરતાં વાર લાગશે. તારૂં મન રાખવા સારૂંજ તારાં લૂગડાં સહિત સુઇ જાઉછું. ગંગાએ કહ્યું;—"ફિકર નકરો; તમારા કરતાં મને વધારે ફિકર ને ભય છે કે રખેને કુંવરના ફાંસામાં ફસી પડું. ગંગા એટલું બોલી રહેતાંજ મિયાં સૂઇ ગયો.

ગંગા ચાલાક અને હિંમતવાન હતી. તેણે હવે નાશી જવાનો વિચાર કર્યો. એકામ ચિત્તે ઇશ્વરની સ્તુતિ કરીકે:—"હે કૃપાસાગર પ્રભુ! તું હમેશાં પવિત્ર સ્ત્રીઓની લજ્જાનું રક્ષણ કરવા તત્પર રહેછે. સતી દ્રોપદી, દમયંતી, વગેરે સંકટમાં સંપડાયલી સતીઓની લજ્જા તેં રાખી છે. હું તારી પુત્રી ગરીબને નિરાધાર છું. આ વખતે મારે ખરો આધાર એક તારોજ છે. તું મને આ પાપીના ફાંસલામાંથી મુક્ત કરી મારી લજ્જા રાખજે," વગેરે મનમાં ચિંતવન કરી ત્વરાથી મિયાંનાં કપડાં પહેરી લીધાં, મરદને લાયક હથિયાર કમરે લટકાવ્યાં. મિયાંની

આરસીમાં મ્હોડું જોયુંતો જાણે કોઈ યુવાન મુસલમીન નહોય ! મરદનો પોશાખ ગંગાને અનુકુળ આવ્યો. ગંગા તૈયાર થઇ, ત્યાંતો મિયાંભાઇ ભરનિદ્રામાં પડયા ને નસકોરાં બોલવા લાગ્યાં. બંધાણી લોકોને ટાઢા પહોરનીને પાછલી રાતની ખુબ નિદ્રા આવે છે, તેઓ આખી રાત જાગે છે, પણ પાછલી રાતે જગાતું નથી, તેમ મિયાં ભાઇને પણ બન્યું. ગંગાનાં મીઠાં વચનોથી છેતરાઇને મિયાં નિરાંતે સુતો, તે સુતોજ રહ્યો. આવો લાગ જોઇ ગંગા તે ઓરડીમાંથી બહાર નીકળી પડી. બારણા વાસી માથે તાળું દઇ દીધું અને છુપે માર્ગે થઇ પવન વેગે જતી રહી. મોડી રાતે પણ કોઇએ પૂછયું નહિ કે તુ કયાં જાય છે ? કારણકે આ વખતે મહંમદનો તાપ ઘણો હતો. તેને લીધે મુસલમાની વેશમાં હોવાથી કોઇપણ તેમને પૂછનાર નહોતું. પાટણના દરવાજા પ્રજાને જવા આવવા ખુલ્લા રહેતા હતા, પ્રાતઃકાળ થવા આવ્યો હતો. ગંગા પ્રભુનો પાડ માનતી, પોતાના વતન ભણી સહી સલામત જતી રહી. રાજપૂતાણીઓમાં વિપત્તિને વખતે સાહસ કામ કરવાની અનેક પ્રકારની યુક્તિઓ અને સબળ શક્તિ હોય છે. એવાં અમૂલ્ય ગુણ ગંગામાં પણ હતા.

ગંગા તો પોતાનુ સતીત્વ જાળવી યુક્તિથી ચાલી ગઇ, પણ પેલા મિયાં તો પોઢયાજ રહ્યા હતા. કુંવરનું તે કાર્ય સિદ્ધ કરવા આવ્યો હતો. કુંવર તો આખી રાત ન ઉંઘતાં વિચારતો હતો કે;—"મિયાં સુજાતખાં હજુ સુધી કેમ ન આવ્યો ! તેતો ગયો ત્યાંને ત્યાંજ રહ્યો. શું બન્યું હશે ? ગંગાએ શો જવાબ દીધો હશે ? વગેરે હકીકત જાણવાને ઘણો આતુર હતો, પણ તેની આતુરતા મટાડનાર મિયાં સુજાતખાં વગર કોણ હતું ! સવાર થયું, લોકો ઉંઘમાંથી જાગ્યા. સર્વ કેદીઓને પાટણની બજારમાં લાવીને વહેંચવાના હતા. તેથી મહંમદ પોતાના હજુરીઆ સાથે કેદખાનામાં આવ્યો. સર્વ કેદીઓને એકઠા કરવા માંડયા. કયા કયા બંધીવાનો કેવા કેવા અપરાધમાં છે ? તેની તપાસ શરૂ કરી. મહંમદનો કુંવર પણ સાથે હતો. એકઠા થયેલા બંધીવાનોમાં ગંગા ન દીઠી. તેથી કુંવર અતિ આશ્ચર્ય પામ્યો. ઓરડીઓ તપાસતા સૌ ગંગાની ઓરડી આગળ આવ્યા. ઓરડીને બારણે તાળું જોઇ, મહંમદ અને તેની સાથેના સર્વ આશ્ચર્ય પામ્યા. તાળું ઉઘાડીને જોતાં જણાયું કે, ગંગા તો નથી, પણ ગંગાના પોશાખમાં બોડી દાઢીવાળા પાવૈયા સરખા મિયાં સુજાતખાં ભરઉંઘમાં પડયા હતા. સઘળા સરદારો અને મહંમદ સાનંદાશ્ચર્ય પામ્યા. અહીં તે આવી અવસ્થામાં કેમ આવ્યો હશે ? ગંગા કયાં ગઇ ? આવી ગડબડમાં સુજાતખાં આળસ મરડીને પડખું વાળવા જતો હતો, ત્યાં સુલતાન વગેરે તેના જોવામાં આવ્યા. તેથી એ બાકળો ઉભો થયો, ને મહંમદના પગમાં પડીને રડી પડયો. સર્વ વિચારમાં પડયા, મહંમદે મિયાં પાસે સઘળી હકીકત માગી, પણ તે બિચારો બોલે શું ? ગેં-ગેં-ફેં-ફેં બોલવા

લાગ્યો. જમીન માર્ગ આપે તો તેમાં પેસી જાઉં એવું વિચારવા લાગ્યો. રાંડ છેતરીને નાશી ગઈ. મારા પળીઆમાં ધૂળ પડી, આતો મરવા જેવું થયું. એવો તર્ક કરતાં ઘણું લાગી આવ્યું. અશ્રુ પાડી રડી પડ્યો. તેણે સઘળી વાત કહી બતાવી. આ સાંભળી તથા તેનો વિચિત્ર વેશ જોઈને સર્વેનું કાળજું હસી હસીને દુઃખવા આવ્યું. કુંવરના કારસ્તાનથી મહંમદને ઘણો ગુસ્સો ચઢ્યો, પણ મિયાંની હાલત જોઈને કાંઈ ન બોલ્યો. કુંવર ઘણું લજવાઈ ગયો અને કશું બોલ્યા ચાલ્યા વગર પૂતળાની પેઠે ઉભો રહ્યો. સુજાતખાંનાં લૂગડાં ઉતરાવ્યાં ને પુરૂષનાં કપડાં પહેરાવ્યાં, પણ બોડી દાઢીથી તેને ઘણું લાગ્યું. તેથી ઘણા દિવસ સુધી બહાર નીકળ્યો નહિ. મહંમદ ગીજનવી રાજપૂતાણીની યુક્તિ અને હિંમત જોઈને રંગ છે એવી રાજપૂતાણીને ! કે તેણે પોતાનો પતિવ્રતા ધર્મ જાળવ્યો ! ! એમ વિચારી હૃદયમાં રાજી થયો.

ગંગા કેટલેક દિવસે ચાલી પતિને મળી આનંદ પામી. તેનો પતિ ગેંદાબાના કિલ્લાની લડાઈમાં ઘાયલ થયો હતો. તે પત્ની વિયોગથી નિરંતર ઉદાસ રહેતો હતો. તેણે નિશ્ચય કર્યો હતો કે, પ્રાણ જતાં સુધી પણ મારી સ્ત્રીને શોધી કાઢીને ગમે તે ઉપાયે પણ તેને પાછી લાવીશ, એવા વિચારમાં હતો; ત્યાં તો અચાનક તે આવી પતિને ભેટી પડી. આ જોઈ તેના હર્ષનો પાર રહ્યો નહિ. ગામ લોકો તેની હિંમત અને પાતિવ્રત્યપણાનાં ઘણાં વખાણ કરી ધન્યવાદ આપવા લાગ્યાં. પતિને ગંગાએ સારવાર કરી સાજો કર્યો અને કેટલાક વર્ષ તેની સાથે સુખચેનમાં ગુજારી સ્વર્ગે સિધાવી. આ જગત્‌માં જીવતાં જશ ને મુઆ પછી સ્વર્ગ મળે તે આવી પતિવ્રતા સ્ત્રીનેજ મળે છે. ધન્ય છે. તેમને ! ! !

શૂરબાળા.

આ પ્રખ્યાત્ પતિવ્રતા સ્ત્રી વિજયસિંહ રાર નામે ઠાકોરની પત્ની હતી. આ ઠાકોર રાજપૂતાણામાં ઈનામદાર હતો. ઘણો વખત અકબર પાદશાહની હજુરમાં રહેતો હતો. શૂરબાળાને માણેકબા પણ કહેતા હતા. એ જેવી સ્વરૂપવાનને તેજસ્વી હતી, તેવીજ સમયસૂચક, બુદ્ધિશાળી, તર્કબાજ, હસમુખી, નીતિવાન, ધાર્મિક, પતિવ્રતા, હિંમતવાન, ભણેલી, રમુજી અને કળાવાન હતી. તે એવીતો બુદ્ધિશાળી, તર્કબાજ અને રમુજી હતી કે અકબરપાદશાહના વખતમાં આખા ભરતખંડમાં લોકોને બનાવવામાં તે એક્કા ગણાતી હતી. એ પતિવ્રતા હતી. પતિનાસુખ ને આનંદમાં વધારો કરવા યત્ન કરતી. પતિ પત્નીમાં અપૂર્વ પ્રેમ હતો. એકબીજાને સુખે સુખી અને દુઃખે દુઃખી રહેતાં. એક બીજાનું મન

દુ:ભાવ એવું કદી પણ કાંઇ કરતાં નહિ. તે પોતાના બુદ્ધિબળ વગેરે મહત્ત ગુણોથી પતિને રાજકાર્ય વગેરેમાં ઘણી ઉપયોગી થઇ પડી હતી. એક વખતે તે પતિની રજા લઇને પોતાના ઇનામી ગામમાં હવા લેવાને ગઇ હતી. એ ગામનાં હવા પાણી ઘણાં સારા ગણાતાં હતાં. તેથી કેટલાક ગૃહસ્થો અને અમીર ઉમરાવો પણ ત્યાં આવી રહેતા હતા. શરબાળાના આવ્યા પછી ત્યાં પ્રવિનરાજ નામે ઠાકોર પણ હવા લેવાને આવ્યો હતો. આ ઠાકોર વૃદ્ધ અને એકલ હતો. તે દિલ્હીમાં અકબરપાદશાહ પાસે રહેતો હતો. એક વખતે શરબાળા તેમની દૃષ્ટિએ પડવાથી મોહિત થયો. તે જરા ઓછી બુદ્ધિનો હતો. તેથી તેને તેની સાથે જોડાવાની ઇચ્છા થઇ, અને ગામની એક વૃદ્ધ સ્ત્રીને લાલચ આપી પોતાની ઇચ્છા પાર પાડી આપવાને સમજાવી. કાર્ય સિદ્ધ કરી આપ્યે એક હજાર સોના મોહોર આપવાનો ઠરાવ કર્યો હતો. વૃદ્ધ ડોસી જરા અક્કલની ખસેલી હતી. તેથી વિચાર કર્યા વગર શરબાળાની મેડીએ ગઈ, અને મનમાં જે આવ્યું તે બોલી પાસમાં લેવાની પેરવી કરવા લાગી. લાખ રૂપિયાનાં ઘરેણાં અને લાખ રૂપિયાનાં લૂગડાં શરબાળાને આપવાનું કહ્યું. તેમનાં સગાં સંબંધીઓને મન માન્યાં ઇનામો આપવાની લાલચો પણ આપી. આવી રીતે કેટલીક વૃદ્ધ લંપટ સ્ત્રીઓ બિચારી ભોળી સ્ત્રીઓને સમજાવી ફસાવવામાં ઘણી ખબડદાર હોય છે. ભોળી સ્ત્રીઓને ભમાવવામાં પોતાની હુશિયારી વાપરી કલંક લગાડાવે છે, અને ખરાબ ફંદમાં ફસાવી અધોગતિને પગાડે છે; પરંતુ શરૂબાળા મહાચતુર અને બુદ્ધિશાળી હતી. તે કોઇના સમજાવ્યાથી ફસી પડે એવી ભોળી નહોતી. સારાસારને સમજનારી હોવાથી તે ડોસીના ડાહપણને સમજી ગઇ. તે એવી તો ખબડદાર અને યુક્તિબાજ હતી કે તેમને ડોસી બિચારી સમજાવી કેમ ફસાવી શકે? શરબાળા પતિવ્રતા હતી, તે લંપટ ડોસીનો વિચાર જાણી ગુસ્સે તો થઇ, પણ ગુસ્સાને સમાવી તેને અને ઠાકોરને બનાવી ફજેત કરવાનો નિશ્ચય કર્યો. ડોસી કળી ન શકે એવો પ્રપંચ રચ્યો, તેમની વાત માનવાના જેવો ડોળ બતાવ્યો. તેથી ડોસી રાજી થતી પ્રવિનરાજ ઠાકોર પાસે જઇને પોતાની ફતેહ જણાવી. ઠાકોર પોતાને આવી રૂપ સુંદર રાણી પ્રાપ્ત થતી જોઇ મનમાં મકલાવા લાગ્યો. શરબાળા ઠાકોરને ઓળખતી હતી, તેનો કાંઇ સગો પણ થતો હતો. તેનું માગું આવ્યાથી જ્યાં લગી પેલી ડોસી હતી, ત્યાં સુધી તો તેણે હસવું જેમ તેમ કરી ઘોબાવી રાખ્યું, પણ તેના ગયા પછી અત્યંત હસવા લાગી. અતિ હસવાથી દાસીઓ આશ્ચર્ય પામી કે, બાઇ સાહેબ કોઇ દિવસ નહિને આજે આટલાં બધાં શામાટે હસે છે? કાંઇ મગજ તો ખસ્યું નથી? થોડીવારે શરબાળા શાંત થઇ બેઠી, દાસીઓ સાથે મળી વાત ચીત કરી સઘળો મંત રચ્યો; ઠાકોર પ્રવિનરાજના વિવાહ ધામધુમથી કરી વળાવવાનો નિશ્ચય કર્યો.

પતિવ્રતા શરબાળા તર્કબાજ ને યુક્તિમાં પ્રવિણ હતી. ઠાકોર પ્રવિનરાજ

અને ડોસીએ પોતાની આબરૂ પર હાથ નાંખવાનો વિચાર કર્યો; માટે તેની શિક્ષા તેમને કરવાની સર્વ ગોઠવણ કરી રાખી. તેવામાં ડોસી ઠાકોરને ખુશી ખબર આપી પાછી આવી. તેની સાથે શૂરબાળાએ કહાવી મોકલાવ્યું કે;—"મારૂં કોઇ વડિલ નથી. મારા વંશમાં એકજ હું માત્ર છું, મને હોહા કે ઠાઠમાઠનો અનાદર છે; સાદાઇ મને પસંદ છે." આ વાત ડોસીએ ઠાકોર પાસે જઇ કહી. તેથી શૂરબાળાની ઇચ્છા પ્રમાણે ઉત્તમ પ્રકારના દાગીના, લૂગડાં વગેરે સઘળો શૃંગાર મધ્યમસરની ધામ ધૂમે તેમને ત્યાં મોકલાવ્યો. પછી દેશ રિવાજ અને શાસ્ત્ર રીતે લગ્નવિધિમાં સ્ત્રી પુરૂષે સાથે બેસવું જોઇએ. તેને માટે શૂરબાળાએ એવી યુક્તિ કરી કે;—"હાલ મારૂં માથું ફરે છે" આ સાંભળી ડોસી ગભરાઇ ગઇ, તેણે પોતાની આબરૂ જશે એમ સમજી શૂરબાળાએ જેમ કહ્યું, તેમ ઠાકોર તરફથી આવેલો સઘળો શૃંગાર સજ્યો, મૂખ રંગી શોભિત કર્યું, લાંબો ઘૂમટો તાણી ઠાકોર સાથે લગ્ને બંધાઈ! ઘૂમટો કાઢી મૂખ ઢાંકયું હતું તે જુવે કોણ ? જોનાર હાસ્ય ને મશ્કરી કરનાર માત્ર શૂરબાળા સાથે તેની દાસીઓજ હતી; તેઓ તો પ્રથમથીજ સઘળો પ્રપંચ રચવામાં સામેલ હતી. તેથી ભર્મ રહ્યો હતો; તોપણ હસાહસને મશ્કરીનાં મ્હેણાનો પાર રહ્યો નહોતો. પરણી ઉઠયા પછી ઠાકોર નિશામાં ચકચૂર થઇ મધ્યરાત્રે પોતાનાં માણસો સાથે ઉતારે ગયો. પેલી ડોસીએ ખડખડતે ડાચે ખોરાક લઇ જરા આરામ લીધો. આરામ મળવાથી સુખ થયું. નહિતો લાંજ લોટ પોટ થઇ મડદું થઇ પડત. ડોસીએ લગ્ન વિધિ તો ઉકેલી, પણ હવે શૂરબાળાને ઠાકોર સાથે વળાવવામાં શી રીતે ફાવવું ? એ વિચારમાં પડી. હવે બીજી વેળા તે હઠ કરી બેસશેને ઠાકોરને નિરાશ કરશે, તો સઘળો ભર્મ ખૂલ્લો થશે. ઇનામને માન અકરામ જેમનાં તેમ રહી જશે, એવો તર્ક કરી, ડોસીએ છૂપી રીતે ઠાકોરને કહાવી મોકલાવ્યું કે;—"ઠકરાણી થોડાં હઠીલાં છે. તેથી કાંઇ આનાકાની કરે તો તમારાં માણસોએ જોર જૂલમથી ઉઠાવી લઇ જવા અચકાવું નહિ, એવો પ્રપંચ રચ્યો; પણ શૂરબાળા કાંઇ કાચી નહોતી, મશ્કરી કરવી એ કાંઇ જેવી તેવી વાત નથી. તેણે પળે પળની ખબર જાણવાને છૂપા જાસુસો રાખેલા હતા. દાસીઓ અને સખીઓને ડોસીની ખાસ માનીતિઓ કરીને સઘળો પ્રપંચ જાણી લેવાને રાખી હતી. તેઓ સર્વે ડોસીનાં એવાં વિશ્વાસુ થયાં હતાં કે, તેના મનની જરાએ જરા ગુપ્ત વાત જાણી લઈ શૂરબાળાને જણાવતી. તેથી તે સમયને અનુકુળ કામ લેતી હતી.

શૂરબાળાએ ચાલાકીથી ડોસીના સઘળા પ્રપંચ જાણી લીધા હતા. તેનો હવે પૂરેપૂરો વરઘોડો ચઢાવવાનો તાલ રચ્યો. તેથી ડોસી ફાવી નહિ, પણ ફસીપડી. ઠરાવેલે વખતે ડોસી શૂરબાળા પાસે જઇ બોલી;—"ઠાકોર થોડા વખતમાં તમને તેડવાને માણસો મોકલશેછે." તે સાંભળી શૂરબાળા હસી પડી. ડોસીએ જે

કહ્યું તેથી જાણે રાજીજ થઇ હોય અને ઠાકોર સાથે જવાની જાણેજાહેર તૈયારી કરી હોય, એવો સઘળો ડોળ બતાવ્યો. પછી લગનના કપડાં કાઢીને તાલ મેલ કરતી બોલી;- "બાઈ! તમોએ તે રાત્રે આ શૃંગાર કેવી રીતે પહેર્યો હતો? તે જરા સજીને દેખાડો તો તેવી રીતે હું સજીને જાઉં, તો ઠાકોરને આપણા ગોટાળાનો કશો શક પડે નહિ" ડોસી આ વાત ખરી માની તેમ કરવામાં પોતાની પણ શોભા સમજી બોલી, લો, બાઇ! પહેરૂં. શૂરબાળાએ તુરત શૃંગાર પહેરાવી દીધો, કપાળમાં તીલક કરી ઠાઠ માઠ સાથે ચલાવી જોઇ, તેટલામાં મહેલને બારણે જાન આવી. શૂરબાળા યુક્તિ વાપરી અંદર પેસી ગઈ. શીખવી રાખેલી દાસીઓએ ઇશારો કરવાથી ઠાકોરનાં માણુસોએ ડોસીને ઠકરાણી જાણી, આસપાસ ફરીવળી ઠાકોરનો હુકમ જણાવ્યો. ડોસી પ્રથમતો સ્તબ્ધ થઇ ગઇ, પણ પાછી દોડી ઓરડીમાં પેસી જવા લાગી કે, ઠાકોરના માણુસોએ પકડીને તેને ચીસ બરાડા પાડવા છતાં ઉપાડી રથમાં નાંખી અને રથ ચાલતો કર્યો. ઠાકોર પોતાની વૃદ્ધાવસ્થામાં આવી ચંદ્રસ્વરૂપા રાણીને પરણી ખુશી થતો દિલ્લીમાં આવ્યો, અને પાદશાહ તરફથી મળેલા પોતાના ખાસ ઉતારામાં ઉતર્યો. પછી જનાનખાનામાં આવ્યો; ત્યારે મૂખઢાંકીપડેલી ઠકરાણીને જોઇ પ્રેમથી બોલાવવા લાગ્યો, ઘણી પ્રકારે મનાવ્યા છતાં પણ બોલી નહિ; ત્યારે માણુસોને તેના મૂખ ઉપરથી લૂગડું ખસેડી નાખવાનો હુકમ કર્યો. માણુસોએ પરાણે લૂગડું ખસેડયુંકે;—"દગો થયોરે દગો થયો!" એમ ઠાકોર બોલતો પૃથ્વી પર પડયો; કેમકે ઠકરાણીતો પેલી ડોસી નીકળી!!

ઠાકોર શુદ્ધિમાં આવ્યો પણ ઘણોજ ઝાંખો પડી ગયો. તેણે પેલી ડોસીને ઘણી ગાળો આપી; એટલુંજ નહિ પરંતુ હજુ પોતાની ફજેતી અધુરી હશે તે પૂરી કરવા, અકબરપાદશાહ પાસે દાદ મેળવવાની ઇચ્છાથી સઘળો વરઘોડો લઇને કચેરીમાં આવ્યો અને પાદશાહને કહ્યું કે;—"ખુદાવંત! આપના નેક રાજ્યમાં મારી ગેર આબરૂ થઇ છે અને મને એક સ્ત્રીએ ઠગી જીતી લીધો છે, મને પોતાનો ધણી કરવાને કબૂલ થઇ ને મારાં મોટી કીંમતનાં નજરાણાં અને ઘરેણાં, લૂગડાં આ કનિષ્ઠ ડોસી ઠગી ગઇ છે. મારા ઉપર મોટી આફત આવી છે." આ વખતે કચેરીમાં બીરબલ, ટોડરમલ; જૈનખાન, અને ભગવાનસિંહ વગેરે સરદારો, અમીર ઉમરાવો ને નવાબો બેઠા હતા. લડાઇની વાતો ચાલતી હતી. તેમાં આ વાત સાંભળી પાદશાહે વૃદ્ધ ઠાકોરનું માન રાખવા ડોશીને શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો. તેવામાં બીરબલ બોલ્યો;—"ઠાકોરને તેમની ભર જુવાનીમાં આ મોટો ફટકો પડયો છે! એતો મહા અપશુકન થયાં કહેવાય!" બીરબલ જેવો જૈનખાન પણ મશ્કરો હતો, તે વચ્ચે બોલ્યો;—"ઠાકોરના મહા પ્રતાપથી જુવાનબાળા બળીને ડોસી સ્વરૂપે બની ગઈ હોય એવું લાગે છે! રાજા ભગવાનસિંહે કહ્યું;—"ખુદાવંદને ખબર નથી કે પળમાં નવ જોબનાં સ્ત્રી પાકી જ-

ઇને બુટ્ટી ખપ થાય છે, તેમ આ થયું લાગે છે ! " પાદશાહના સસરા જયપૂરના વૃદ્ધ રાજા બહારમલ્લ બેઠા હતા તે લગાર હસતે મુખે બોલ્યા;—" ઠાકોરના તાપની બહુ વાતો બોલાય છે કે, વર્ષ અધવર્ષમાં તેઓના તાપે ગમે એવી નવજોબનાને પણ વૃદ્ધતા વ્યાપી જાય છે ! " રાજા ટોડરમલ બહુ ગંભીર રાજદ્વારી પુરૂષ હતો. તેને આ ઠઠ્ઠાબાજી પસંદ પડી નહિ. તેણે ઠાકોરને શાન્ત કરી પાદશાહને ઉશ્કેર્યો કે, પેલી ડોસીની જુબાની લેવી. આ ઉશ્કેરણીથી પાદશાહે ડોસીને ધમકી આપી. તેથી તે સર્વ વાત માની જઇને ક્ષમા માગવા લાગી.

શૂરબાળાનો પતિ વિજયસિંહ ઠાકોર કચેરીમાં બેઠો હતો. તે પોતાની પતિવ્રતા સ્ત્રીની ચાતુર્યતા ને હિંમતની વાત સાંભળી હસતાં હસતાં બોલ્યો;—" ખુદાવંદ ! મારી ઠકરાણીએ તો હદ વાળી છે, તે કોઇને પણ બનાવવામાં આઘું પાછું જોતી નથી. હું સર્વ મર્મ સમજ્યો છું, તેણે આ નાટક વૃદ્ધ ઠાકોરને બનાવવા માટેજ રચ્યો છે. આ સાંભળી બીરબલ બોલ્યો;—" શૂરબાળાએ ગયે વર્ષે બીજુબાવરાને પણ એવોજ બનાવ્યો હતો. તેઓના મહેલના દ્વાર આગળ મધ્ય રાત્રિ સુધી સતાર બજાવી ધ્રુપદ ગાતો દરવાનોના ધક્કા ખાતો ફર્યો હતો. આ વખતે બીજુબાવરો કચેરીમાં બેઠો હતો, તે પોતાના એબની વાત ખુલ્લી થવાથી શરમાઇ જઇ ભૂખ્યા સિંહની પેઠે દાંત કચકચાવવા લાગ્યો; ત્યાં દગાખોર અબદુલાખાંન પણ બેઠો હતો, તે બોલ્યો;—" સાહેબ ! મને એ વાત સંભવિત લાગતી નથી; કેમકે એક સાધારણ રાજપૂતાણી જે ખંડીયા રાજાની પાયરીથી ઉતરતા ઠાકોરની સ્ત્રી શું એવી હિંમતવાન, મોટી ટકોરબાજ અને હસમૂખી હોય ? કદી તેવી હોય તો તે નીતિ ભંગ થયેલી તો ખરી. હું તેને પતિવ્રતા હોય તેમ સમજતો નથી." આ સાંભળતાંજ વિજયસિંહ ઠાકોર ઘણો ગુસ્સે થયો ને તલવારપર હાથ નાંખી ઉભો થઇ બોલ્યો;—" દુષ્ટ ! અબ્દુલા ! પાદશાહની સભામાં અદબ શીખવાની હજુ તારામાં ખામી છે, તે તારી ઇચ્છા હોય તો તે શીખવી દઉં." આ જોઇ રાજા ભગવાનસિંહે વચ્ચે પડી બંનેને શાંત કર્યા. વૃદ્ધ ઠાકોર પ્રવિનરાજ બોલ્યોકે;—" મારો ઝઘડો પતાવવાને બદલે વધારવા જેવું ન કરો, થવાનું હતું તે થયું." પાદશાહે કહ્યું;—ઘણી નવાઇની વાત છે કે શમશેરગાં કુશળ ઠાકોર ને એક સાધારણ સ્ત્રી ઠગે ! " પ્રવિણરાજે કહ્યું,—" સાહેબ ! તેતો થયું, પણ મારો માલ જે વૃથા જાય છે, તે મળે તો મારી આબરૂ રહે. " બીરબલે કહ્યું;—" ચિતોડને સુરંગ પાડી લેવા જેવી આ યુક્તિ છે, તે તેમ કરવાવાળાઓને નડશે. " પાદશાહ બોલ્યો;—" બીરબલ ! તું શું બોલ્યો ? સુરંગતો મેં પોતે ખોદાવી કિલ્લો લેવાનો પ્રયત્ન કર્યો હતો, તે અફળ જતાં સામી ઉડીને મારી ખાસ ફોજનો ઘાણ કાઢવામાં પંકાઇ છે." બીરબલ બોલ્યો;—" સાહેબ ! તેમજ તો. રાજા ભગવાનસિંહ બોલ્યો;—" ખુદાવંદ ! બે આદમી માર્ છે, બીરબલનો

કહેવાનો હેતુ માત્ર ઠકરાણી શૂરબાળાથી આપણે હારીશું, જીતનાર નથી." પાદશાહ બોલ્યો;—બીરબલ ! મને એક માસમાં તેની શ્રેષ્ઠતાનો અનુભવ થશે નહિ, તો તને જીવતો મેલનાર નથી; તેં મારૂં અપમાન કર્યું છે." બીરબલ બોલ્યો;—"ગરીબનવાજ ! હું કાંઇ તેવું બોલ્યો નથી." પાદશાહે કહ્યું;—"રાજા ભગવાનસિંહ બોલ્યા તે મારા મનમાં ઉતર્યું છે." તે પછી સભાજનો પોત પોતાને ત્યાં ગયા. પાદશાહ પ્રવિનરાજનું ગાન રાખવાને પેલી ડોસીને દાસીઓ પાસે નજર કેદ રખાવી જનાનખાનામાં ગયો.

શૂરબાળા પૂરી ખબડદાર હતી, તે જાણુતી હતી કે આ વાત પાદશાહની કચેરીમાં છણાશે; કેમકે ઠાકોર પ્રવિનરાજ કમ અક્કલનો હતો. તેથી વખતે મને કે મારા પતિને કે વખતે બીજાને હાનિ થશે, એ તેના સમજવામાં પ્રથમથીજ હતું. તેથી તે પોતાનું પાતિવ્રત્ય જાળવી શી રીતે ફાવવું એની તજવીજમાં હતી. તે પાદશાહની કચેરીમાં ચાલેલી ચર્ચાથી વાકેફ થઇ હતી. પોતાને માટે નાહક બીરબલ ઉપર આવેલી આફતથી મનમાં ખેદ પામી; પણ હિંમત રાખી કોઇ પણ પ્રકારે પાદશાહને બનાવી તેનો મદ ઉતારવાનો નિશ્ચય કર્યો. એ માટે તુરત પોતાને ગામથી દિલ્લી આવી; પોતાના પતિને મળી કેટલીક વાતચીત કરી આનંદ પામી. પછી પતિની આજ્ઞા મેળવી, પોતે જાણે કંઇ પણ જાણુતી નથી, એવો ડોળ રાખી પાદશાહના જનાનામાં જવા આવવા લાગી. સઘળી બેગમો અને શાહજાદીઓ સાથે એટલી તો હળી ગઇ કે, કોઇ પણ તેને નજરથી એક પળ પણ વેગળી ગયેલી જોવાને ઇચ્છતું નહોતું. ઘણી વખતે ઘૂમટો તાણીને બેગમ ભેગી મળી અકબર સાથે વાતચીત કરવાને અનુભવી થઈ ગઇ, એ તેને આ વખતે ઘણું અનુકુળ થઇ પડયું. હજુ પ્રવિનરાજને બનાવ્યાને દશ દિવસ ભાગ્યેજ થયા હતા. તેવામાં એક વખતે પાદશાહ ચાલ્યો આવતો હતો, તેની સામે મળી, ચોંકીને ઉભી રહી ને કાંઈ નવાઈનીવાત હોય તેવો ડોળ કરી હસીને બોલી;—"અહા ! મોટાનાં નશીબજ મોટાં !" તે સાંભળી પાદશાહ બોલ્યો;—"એટલે ?" શૂરબાળા—"બે અદબી થઇ છે તે માફ કરો તો કહું." પાદશાહ—"તને માફ છે બોલ." શૂરબાળા—"ધર્મરાજ ! તમે જયપૂર જાયીના સોગન લીયો." પાદશાહ—"તેના સોગન." શૂરબાળા—"મને કહેતાં લાજ લાગે છે." પાદશાહ—"તું મારી પુત્રી સમાન છે, તું કશો પણ ભય રાખ્યા વગર ખુશીથી જે હોય તે કહે." એ રીતે અભય વચન આપ્યું. તેથી શૂરબાળા લજવાતી ને ઘૂમટો વધારે ખેંચતી જમીન સામે નીચી દૃષ્ટિ રાખી બોલી;—"હું તમારા નામથી સરત રમી ચિતોડનું સારૂં અરણ્ય જીતી છું, તે આપ કબૂલ કરો. મારાથી તમારે નામે થયેલી જીત રખાતી નથી." પાદશાહ—"ઠીક થયું, મારે ચિતોડના ઉદેસિંહ ઉપર ચઢાઇ કરવી છે. માટે તે અરણ્ય કીંમતી જીત

થઈ છે; ત્યાં મારી ફોજ પોતાના તંબુ તાણશે." આ સાંભળતાંજ શૂરબાળાએ જે કાગળ ઉપર જીતનો પરવાનો થયો હતો; તે તેમની હજુર મેલી પોતાની દાસી સાથે મહેલમાંથી બહાર નીકળી પોતાને ઉતારે આવી.

અકબર પાદશાહ કચેરીમાં આવ્યો. તે રાજા બીરબલ, ને રાજા ભગવાનસિંહ પાસે આ જીતની વાત કરી પોતાના નશીબની ચઢતી માટે ફુલાયો. ભાટ લોકોએ કવિતા ગાઇ વખાણ કર્યાં; ઠાકોરો અને સરદારો આશ્ચર્ય પામ્યા કે વળી ચિતોડના અરણ્યની આ શી ખુશાલી !! આ વાતને સાત દિવસ થયા પછી જયપૂરવાળી રાણીજી-બેગમની વર્ષગાંઠ આવી. તે ખુશાલીમાં મહેલમાં સ્ત્રીમંડળ મળ્યું હતું. તેમાં પાદશાહની બેગમો સાથે શૂરબાળાપણ આવી બેઠી હતી. વાત કરવાની ચતુરાઈથી તેણે સઘળાનાં મન હરણ કર્યાં હતાં. આ વખતે પાદશાહને નજદીક આવેલો જોઇ તે બોલી;-ધર્મરાજા! એક બીજી તરદી છે. પાદશાહ શૂરબાળા ઉપર ઘણો ખુશી હતો. એટલે તુરત બોલ્યો;—શૂરબાળા ! ખુશીથી જે હોય તે કહો. શૂરબાળા— "હું ગઈરીતે આપના નામથી દશહજાર મેંઢાં જીતી છું, તે ઇદમાં કામ લાગશે તે લિયો." આ જીતથી પાદશાહ ઘણો ખુશી થયો; કેમકે આ વખતે રોગ ચાલ્યાથી ઘણાં મેંઢાં દેશમાં મરી ગયાં હતાં તેથી તે ઘણી કીમતે પણ મળતાં નહોતાં. તેથી દશહજાર મેંઢાં તેણે ખુશીથી કબૂલ કર્યાં. શૂરબાળા તે ક્યાંથી લેવાં વગેરેનો પરવાનો આપી ચાલતી થઇ. પાદશાહે તે મેંઢાં મંગાવી સ્વાધીન કર્યાં. થોડા વખતમાં ઇદ આવી, દેશ દેશાંતરથી રાજા, રાણાઓ, ઠાકોરો, સરદારો, અમીરો, ઉમરાવો અને નવાબો નજરાણું લઈ ઇદની દરબારમાં આવી બેઠા હતા. મધુર સ્વરે વાજીંત્રો વાગતાં હતાં અને અનેક પ્રકારની ધામધૂમ થઇરહી હતી; તેવામાં એક સુશોભિત રથ ખનનન, ખનનન, કરતો રાજ મેહેલને દ્વારે આવી ઉભો રહો. તેમાં પાંચ દાસીઓ સાથે એક ખૂબસુરત સ્ત્રી ઠાઠ માઠથી બેઠી હતી; તે ઉતરી ઘૂમટો તાણી મેહેલની સીડી ઉપર ચઢી ! સુશોભિત શૃંગાર વગેરેથી રાણી જેવી જોઇ સર્વેએ તેમને જવાનો માર્ગ આપ્યો. પલવારમાં તે કચેરીમાં આવીને બોલી;—ધર્મરાજ ! મારી લાજ જાયછે ! મારી આ ઘડીએ લાજ જાયછે !! મને બચાવો !!" પાદશાહ—"કોઇ કાળે પણ તારી લાજ જવાની નથી; બોલ શું છે !" શૂરબાળા—"ધર્મરાજ ! સર્વ થઇ ચુક્યું છે, જો આપ ના પાડશો તો મારો દેહ પાડવો પડશે." પાદશાહે તાજને તખ્તના સોગન લઇ કહ્યું કે;—"તારૂં વચન પાળીશ, જે હોય તે કહો." શૂરબાળા—"અરે પાદશાહ ! હું સરતમાં આપને નામે દિલ્લી હારી છું." બીરબલ તુરત બોલ્યો;— "શૂરબાળા ગભરાશો નહિ, શું છે તે બરાબર કહો કે, દિલ્લી શી રીતે હાર્યાંછો !"

શૂરબાળા—"અરે વીરા બીરબલ ! ગયે વખતે હું જેમ અમારી ખાનગી સભામાં પાદશાહને નામે સરતમાં બે વાર જીતી હતી અને તે જીત મેં પાદશાહને,

સ્વાધીન કરી હતી. તેમ આજની રાત્રે ત્યાં પાદશાહને નામે સરતમાં કાશ્મિરને દિલ્લી સામ સામે મેલાઇ, તેમાં કાશ્મિરવાળી જીતી ને હું દિલ્લી હારી છું. માટે પાદશાહે આ હાલતમાંજ તુરત પોતાના કુટુંબ સાથે દિલ્લી છોડીને અહીંથી નીકળી જવું જોઇએ. જો તેમ થશે નહિ તો મારો દેહ પાડવો પડશે." બીરબલ—"શું પાદશાહે એ વાર જીતેલી સરત કબૂલ કરી છે? તેમ હોય તો દિલ્લી ખાલી કરી જવું જાઇએ." આ સાંભળી અકબર પાદશાહ બોલ્યો;—"બીરબલ! બે વાર જીતેલી સરત મ લીધી છે, આજે હજાર મેંઢાં કામ આવ્યાં છે, તે તેજ જીતમાં મળેલાં હતાં, પણ સ્ત્રી જાતિ શુરબાળાને દિલ્લીની સરત મારવાનું કોણે કહ્યું હતું કે, તે મારી રાજધાનીને સરતમાં મેલે? શૂરબાળા બોલી;—" પાદશાહ સલામત, મને ખબર હતે કે પાદશાહનું નશીબ ઉલટાયું છે અને હારમાં આવ્યા છે, તો હું તેની સરત મારત નહિ." અકબર પાદશાહ રાજા ટોડરમલ સામે જોઇ બોલ્યો;—"ટોડરમલ! ગજબ થયો! જેનખાંન તુરત બોલી ઉઠયોકે;—" ખુદાવંદ! આ તમામ ફિતુર વૃદ્ધ ઠાકોર પ્રવિનરાજે કર્યું છે. જો એ પોતાની પંચાત લાવ્યા નહોત તો આફત આવત નહિ. આ સાંભળી બીરબલ બોલ્યો;—" ખુદાવંદ! ઉઠો, સરત બજાવો; શૂરબાળાએ આપના નામે જીતેલી સરત કબૂલ રાખી તો હવે હારેલી સરત પણ કબૂલ રાખો. પાદશાહ—"બીરબલ! તમે કહોતો સરત પાછી આપુ, પણ દિલ્લી મેલી કેમ નીકળી જવાય!" બીરબલ—" ખુદાવંદ! એક વાત નક્કી થઇ છે. તેથી મારી જોખમદારી ટળી છે." આ સાંભળતાંજ શૂરબાળા મર્યાદામાં હસીને તુરત મહેલથી નીચે ઉતરી ચાલતી થઈ. આ ચાલાક અને પતિવ્રતા સ્ત્રીએ પાદશાહને બનાવ્યાથી આખી કચેરીમાં એટલી તો હસા હસ થઇ પડી, ને તેનો એટલો તો ઘોંઘાટ થયો કે તેનું વર્ણન કરવું અશક્ય છે. અકબર પણ પોતે બન્યાથી ઘણું હસ્યો અને શૂરબાળાની બુદ્ધિ, ચાતુર્યતા અને લાયકીનાં ઘણાં વખાણ કરી ધન્યવાદ આપવા લાગ્યો. સઘળી બેગમો અને શાહજાદીઓ પણ આશ્ચર્ય પામી શૂરબાળાનાં ઘણાં વખાણ કરવા લાગી. એ રીતે શૂરબાળાએ પોતાનું શિયળ ભંગ કરવાની ઇચ્છા રાખનાર ઠાકોર પ્રવિનરાજ અને ડોસીને ફજેતને ફાળકે ચઢાવી યોગ્ય શિક્ષા કરી. બીરબલ પોતાને માટે પાદશાહના ક્રોધને પાત્ર થયો હતો, તેને પણ પાદશાહને બનાવી સપાટામાં લઇને બચાવ્યો. તેમાં પોતાના પાતિવ્રત્યને કશી પણ આંચ આવવા દીધી નહિ. તેથી સૌ લોકોમાં પ્રખ્યાત થઇ; એટલુંજ નહિ પરંતુ પાદશાહે તેનું પાતિવ્રત્ય અને બુદ્ધિ ચાતુર્યથી છક થઈ જઇ ઉત્તમ પોશાકને એક જાગીર બક્ષીસ કરી, પુત્રી તુલ્ય માન આપ્યું. તે દિવસથી પાદશાહે સ્ત્રી જાતિ વિષે પોતાનો જે હલકો વિચાર હતો તે દૂર કર્યો અને આવી સ્ત્રીઓ જે દેશમાં હોય, તે દેશને પણ ભાગ્યશાળી સમજવા લાગ્યો. પછી શૂરબાળા પોતાનું કાર્ય સિદ્ધ કરી વાહ! વાહ! અને ધન્ય! ધન્ય! થતો પોતાના પતિ સાથે

દિલ્હીથી નીકળી પોતાની જાગીરમાં આવી રહી અને સુખથી દિવસો નિર્ગમન કરી વૃદ્ધાવસ્થા થયે સ્વર્ગે સિધાવી. એ રીતે તે પોતાના પાતિવ્રત્ય અને બુદ્ધિ ચાતુર્ય માટે પ્રખ્યાત્ થઇ, સુદૃષ્ટાંતરૂપ અમર કીર્તિ રાખી ગઇ છે. ધન્ય છે તેમને !!!

શ્રીદેવી.

આ પતિપરાયણ સાધ્વી સ્ત્રી શ્રીમાળપુરનગર જેને હાલ ભીનમાળનગર કહે છે, તેના નગરશેઠ પ્રેમચંદ્રની પુત્રી હતી. તે અતિ રૂપાળી,બુદ્ધિશાળી, નીતિવાન, ચતુર, દયાળુ, ધાર્મિક, નમ્રસ્વભાવની શાંત, માયાળુ, પ્રેમી, ભણેલી અને પતિવ્રતા હતી. શ્રીદેવી સાક્ષાત દેવી જેવીજ હતી, તેને એજ નગરના એક ધનવાન શેઠના પુત્ર દીપચંદ્ર સાથે પરણાવી હતી. તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિને સુખ અને સંતોષ આપવા તત્પર રહેતી. પતિ પણ તેને પ્રેમથી ઘણો ચાહતો હતો. પતિ પત્ની પ્રેમથી એક રૂપ જેવાંજ હતાં. એક બીજાને સુખે સુખી અને દુઃખે દુઃખી રહેતાં હતાં. એક બીજાનું મન કોઇ પ્રકારે અસંતોષ પામે એવું કાંઇ પણ કરતાં નહિ.શ્રીદેવી પતિના પ્રિય જનને પોતાનાંજ પ્રિયજન ગણી માન આપતી. પર પુરૂષ સામું જોતી નહિ,જરૂર પડે ત્યારે ભાઇ કે પીતા તુલ્ય દૃષ્ટિથી જોતી, નીચ પુરૂષ નીચ વૃત્તિથી સામું જુવે તોપણ વિકાર રહીત રહેતી. પતિની રજા સિવાય વ્રતનિયમ કરતી નહિ. પતિ જમ્યા પછી જમતી અને પોઢયા પછી પોઢતી, ને ઉઠયા પહેલાં ઉઠતી. ચહેરો શાંત ને નિર્મળ રાખતી, કોઈ દિવસ પણ ક્રોધવાળું મૂખ પતિને દેખાડતી નહિ. સાસુ સસરાને માતા પિતા સમાન ગણી સેવા કરીને તેનો શુભ આશિર્વાદ લેતી. સાસુ કે પતિને પૂછ્યા સિવાય કોઇ ઠેકાણે પણ જતી નહિ, તેમજ કાંઇ પણ કામ કરતી નહિ. દેરાણી, જેઠાણી, નણંદ અને ભોજાઇ સાથે સંપીને ચાલતી. જેઠાણી અને નણંદને વડીલ તરીકે માન આપતી અને માયાળુ પણે સૌ સાથે વર્તતી. તે કદી પણ કોઇ સાથે કલેશ થાય એવું કરતી નહિ. અન્યાયી અને દુરાચારી લોકોથી દૂર રહેતી અને નીતિમાન, ધાર્મિક ને પ્રેમીજનને માન આપતી. આવા તેના ઉત્તમ ગુણોથી કુટુંબનો ચાહ તેનાપ્રત્યે ઘણો હતો. એક વખતે તે પતિની રજા લઇ યાત્રાએ નીકળી. સાથે પોતના કેટલાક માણસો, સિપાઇઓ અને થોડા ઘોડેસ્વારો પણ હતા. ચાલતાં ચાલતાં વનોડથી થોડે દૂર જંગલમાં આવ્યા, ત્યાં પાંચ ઘોડે સ્વાર લૂટારૂઓએ તેમને આવતાં જોયાં. લૂટારાનો નાયક તેમને છેટથી જોઈ બોલ્યો;–ભાઇઓ ! ચાલો, આપણાથી તેઓ ઘણાં માણસો છે, પણ વાણીઆ જણાય છે; એટલે ચિંતા નથી. એમ કહી ચાલ્યા. આ પાંચ સાથે છઠો વનરાજ પણ હતો. વનરાજ એ વખતે કિશોર

વયનો હતો તે એક દિવસે પોતાનાં હથિયાર બાંધી ઘોડેસ્વાર થઇ વનોડથી એક ગાઉ પર જંગલમાં ફરવાને ગયો હતો. તેને પણ આ લૂટારાએ પકડી લીધો હતો. વનરાજ ડાહ્યો હતો. તેણે વિચાર્યું કે એ પાંચને હું એકલો પહોંચી વળીશ નહિ. માટે લાગ આવતાં સુધી ધીરજ રાખી રહ્યો હતો. તેમને પણ આ લૂટારા એ સાથે લીધો હતો. લૂટારાઓએ ઝટપટ પથ્થરા વીણી સાથે લીધા. પથ્થરા શામાટે વીણે છે એ વનરાજને સમજાયું નહિ, તોપણ તે નાયકના હુકમ પ્રમાણે તૈયાર થઇ ઉભો. એમને જોઇ વાણીઆઓ ગભરાયા, સિપાઇઓ હિંમતમાં હતા, પણ ફડાફડ પથ્થરા વેલના ઘૂમટને વાગવા લાગ્યા. એક ઢેફું પાલખી ઉંચકનાર ભોઇના કપાળમાં વાગવાથી તે તમર ખાઇ નીચે પડયો. એમ થવાથી બીજા ભોઇઓ પાલખી મૂકી નાસી ગયા. સિપાઇઓ પાલખી આગળ આવી ઉભા અને તીરો ફેંકવા લાગ્યા. એક લૂટારાનું કપાળ ફૂટયું ને તે મુવો. તેને પડતો મૂકી બાકીના ધસી આવ્યા. એક સિપાઇનું માથું કપાઇ જતાં બાકીના નાશી ગયા. ઉંટને ઘોડે બેઠેલા પણ જીવ લઇ નાઠા. વહેલમાં બેઠેલા વાણીઆ તો પ્રથમથીજ નાશી ગયા હતા. પાલખીમાં મૂર્છિત પડેલી યુવાન સ્ત્રી અને લૂટારાઓ સિવાય બીજાં કોઇ માણસો પાસે નહોતાં. નાયક પાલખી પાસે જઇ ઉભો, શ્રીદેવીની સુંદર કાન્તિ જોઇ મોહ પામ્યો. તેને અંગે હીરાના હાર, મોતીની માળા, જડાવ કડાં વગેરે ઘણું ઝવેર હતું. સાથે સોના મોહોરની કોથળી પણ હતી. શ્રીદેવીને શુદ્ધિમાં લાવવાને પ્રયત્ન કરવા લાગ્યા. પાણી લાવી છાંટયું અને પવન નાખ્યો, ત્યારે આંખ ઉઘાડી બેઠી થઇ, પણ લૂટારાઓને જોઇ પાછી અચેતન થઇ પડી. તેને લૂટારાનો નાયક ઘોડે બેસાડી પોતાને મુકામે લાવ્યો. વહેલના બળદ ઘણા ઉત્તમને ભારે કીંમતના હતા, તેને પણ સાથે લઇ લીધા. તેઓ સર્વે ત્રીજે દીવસે એક જંગલમાં પોતાને રહેવાનું ભોંયરૂ હતું ત્યાં આવ્યા.

સતી શ્રીદેવીએ ત્રણ દિવસ થયા અન્ન જળ લીધુ નહોતું, નિરંતર રૂદન કર્યાજ કરતી હતી. તેનું મન શાન્ત કરવાને લૂટારાના નાયકે કહ્યું—“હે સ્ત્રી! તુ મારી સ્ત્રી થઇ રહેવાથી તને કોઇ પ્રકારે અહીં અડચણ આવવા દઇશ નહિ. તારી પાસે કામ કરવાને દાસીઓ રાખીશ. હું તારા ઉપર ઘણો ખુશી છું; વગેરે રીતે બહુ સમજાવી. તેમજ તાબે નહિ થાય તો રીબાવી રીબાવીને મારી નાખવાની પણ ધમકી આપી, પણ શ્રીદેવીએ તેમનું બોલવું જરાએ કાને ધર્યું નહિ. તેતો માત્ર હે પ્રભુ! હે પ્રભુ! હે ભગવાન! તું સહાય થા? એ વિના બીજા શબ્દો બોલતી નહિ. તે હવે પોતાનો પ્રાણ ત્યાગ કરવાનો લાગ શોધતી હતી. કોઇની સામું દષ્ટિ પણ કરતી નહિ. મીઠાં વચનથી કે ધમકીથી જરાપણ ડગી નહિ. ભોંયરામાં ઉતરતા વારજ મોટી ચીસ પાડી નીચે ઢળી પડી, દાંત બંધાઇ ગયા, ડોળા ઉંચે ચઢયા, લૂટારાઓએ તેને તુરત ખાટલા ઉપર સૂવાડી, મોં ઉપર પાણી

છાંટયું. વા નાખ્યો, હવે એ જીવશે નહિ એમ તેમને જોવામાં આવ્યું. નાયકની ડોસી ભોંયરામાં હતી, તેણે કહ્યું;—" હવે તમે સૌ તેનાથી દૂર રહો; તેને છેડશો નહિ. એ પોતાની મેળે ચેતનમાં આવશે, ત્યારે હું એનું મન વાળી સમાધાન કરીશ." વનરાજને શ્રીદેવીની ઉત્તમ વૃત્તિ જોઇ બહુ દયા આવી. ડોસી પાસે બેઠી હતી, તે ચૂલા ઉપર દાળ દાઝયાની ગંધ આવ્યાથી તે રસોડામાં ગઇ. એટલે વનરાજે શ્રીદેવીની પાસે જઇને કહ્યું કે, હું તને તારે ઘેર તારી આબરૂસર પહોંચાડીશ. હું પણ તારી પેઠે પકડાયેલો છું. એટલું સાંભળી શ્રીદેવીએ નિ:શ્વાસ મૂકયો. વનરાજે કહ્યું;—" હું મારી છાની વાત વખત મળ્યે કરીશ, પણ હાલ તું આત્મઘાત નહિ કરતાં, માંદી રહ્યાનું બ્હાનું કાઢજે." એવો દિલાસો આપ્યો. ડોસીએ આવીને શ્રીદેવીની આસના વાસના કરી, પાણી પાયું ને બેઠી કરી. શ્રીદેવીએ ટાઢ વાય છે, ગોદડાં ઓઢાડો, એવું કહેવાથી ડોસીએ તેમ કર્યું. શ્રીદેવી સુઇ ગઇ, શોકથી પૂરૂં ખાતી નહિ. તેથી નબળી થવાથી માંદી પડી. લૂટારાના નાયકનું મન તેનામાં લાગી રહ્યું હતું. તે વખતો વખત પાસે આવી વિનવતો, પણ શ્રીદેવી તેના સામું જોતી નહિ કે ઉત્તર પણ આપતી નહિ. એમ કરતાં કેટલાક દિવસ વિત્યા. લૂટારાઓએ આણેલા બળદ, હીરા અને મોતી વગેરેનાં ઘરેણાં તથા બીજો માલ વેચવા જવાનો મનસૂબો કર્યો. વનરાજને પણ સાથે લઇ જવાનો હતો, પણ તેણે પેટમાં બહુ દુઃખે છે, વગેરે કહી માંદા થયાનો ઢોંગ કરી નીચે પડી ગયો. મ્હોડે ફુંફાડા મારવા લાગ્યો. તેથી તેઓ સર્વે પાસે આવી, ખમા ! ખમા ! કરવા લાગ્યા. ડોસીએ હીંગ, અજમો વગેરે ઓસડીયાં ચવરાવ્યાં. વનરાજે ટાઢ ચઢવાનું કહેતાં ડોસીએ ગોદડાં ઓઢાડયાં. આવા કારણથી લૂટારા તેને ડોસી પાસે મૂકી માલ વેચવાને ગયા. ભોંયરૂં મોટું હતું. તેમાં ઓરડા હતા. તે પાંડવોનું બંધાવેલું કહેવાતું હતું. જે ઓરડામાં પૈસો ઘરેણું વગેરે લૂટનો માલ ભરેલો હતો, તેને તાળાં દઇને કુંચીઓનો ઝૂમખો ડોસી પોતાની કેડે ખોસી વનરાજ પાસે આવી બેઠી. વનરાજે કહ્યું;—માજી ! રાત ઘણી ગઇ છે, ઉજાગરો થશે માટે સુઇ રહો, હું પણ બે ઘડી સૂઇ રહું. ડોસી ઉઠી સુઇ રહી; જરઉંઘમાં પડી કે વનરાજ ઉઠીને શ્રીદેવી પાસે ગયો, તેને ઘણી ધીરજ આપીને પોતાનો હેવાલ ટુંકામાં કહ્યો અને તેની જોડે નાશવાનો વિચાર કર્યો.

શ્રીદેવી બુદ્ધિશાળી, ચતુર અને શાણી હતી, તેણે વનરાજનાં લક્ષણને રીત ભાતથી જાણી લીધું કે, આ ખરેખર ખાનદાન કુળનો ઠાકોર છે, વગેરેથી તેની લાયકી જોઇ તેનો વિશ્વાસ આવ્યો અને તેના કહેવા પ્રમાણે તૈયાર થઈ બોલી;—ભાઇ ! મારા પિતા અને સસરો મોટા ધનવાન છે, તેઓ તમારી સહાય કરશે. હું કદી પણ તમારો ઉપકાર ભૂલીશ નહિ. ભાઇ ! મારી લાજ તમારા હાથમાં છે, મારૂં પાતિવ્રત્ય ભંગ ન થાય, એવી રીતે બચાવશો તો હું જીવીશ;

ઓ જાતિની ખરી શોભા અને કીર્તિ શીલજ છે. કહ્યુંછે કે;—

જલકી શોભા કમળહે, દલકી શોભા પીલ.
ધનકી શોભા ધર્મ હે, કુલકી શોભા શીલ.

"ભાઇ! મને મારા પ્રાણથી અધિક વ્હાલું શીયળ છે. હું જેટલી મારા પ્રાણની દરકાર રાખતી નથી, એટલી મારા શીયળની રાખું છું. શીયળ એજ સ્રીની જીંદગીનું ભૂષણ છે. મને અહીંથી છોડાવી મારૂં ઘર જે શ્રીમાળપુરમાં છે, ત્યાં મને પહોંચાડશો, ઇશ્વર તમારૂં ભલું કરશે." વનરાજે કહ્યું:—"બેન! તારે કોઇ જાતની ફીકર રાખવી નહિ. તને મારો પ્રાણ જતાં સુધી કશી અડચણ આવવા દઇશ નહિ." વગેરે દિલાસો આપ્યો. વનરાજે ડોસીને ભર ઉંઘમાં જોઇ તેના હાથ પગ બાંધવા માંડ્યા, તેવીજ તે જાગીને ઉઠવા લાગી, પણ શ્રીદેવીએ તેના પગ ઝાલી રાખ્યા, ડોસી ગાળો ભાંડવા અને બચકાં ભરવા લાગી. આ જોઇ વનરાજે કહ્યું;—"અરે! રંડી! તારા મ્હોડામાં દાંત નથી, તું શી રીતે કરડી શકીશ?" એમ કહી વનરાજે તેને ઉંધી નાંખી પાછળથી તેના હાથ બાંધ્યા અને ખાટલાની ઇસ સાથે તેના પગ મજબૂત પણે બાંધ્યા. ડોસી બૂમો પાડી ગાળો દેવા લાગી. વનરાજે કુંચીઓનો ઝૂમખો લઇ લીધો, પટારો ઉઘાડી સોના મોહોરો અને દાગીના વગેરે જે શ્રીદેવીનું હતું તે લઇ લીધું. શ્રીદેવીએ ખાવાની પોટલી બાંધી. વનરાજે બહારનું બારણું ઉઘાડી પોતાનો ઘોડો બહાર કાઢ્યો, તે ઉપર શ્રીદેવીને પ્રથમ બેસાડી અને તેની આગળ પોતે બેઠો. જે દિશા ભણી લૂટારા ગયા હતા, તેની સામી દિશાએ ઘોડો ચલાવી ચોથે દિવસે વનોડ આવ્યો.

રૂપસુંદરી જ્યારથી વનરાજ બહાર ઘોડો ફેરવવા ગયો હતો અને પાછો આવ્યો નહોતો, ત્યારથી પુત્ર વિયોગથી ઝૂરી ઝૂરીને મરવા જેવી થઇ ગઇ હતી. ઘણી શોધ કરાવી હતી પણ પતો લાગ્યો નહોતો. તેથી સૌ નિરાશ થઇ શોકમાં બેઠાં હતાં; ત્યાં અકસ્માત્ વનરાજને આવેલો જોઇ સૌના આનંદનો પાર રહ્યો નહિ. રૂપસુંદરી પોતાના કુંવરને આવતો જોઇ ગાંડા જેવી બની સામે દોડી, પુત્રને બે હાથે વળગીને રડી પડી, થોડીવાર તેનાથી બોલાયું નહિ. જેમ વિખૂટા પડેલા વાછ-રડાને મળતાંજ ગાય ચાટવા મંડી જાય છે, તેમ રાણીએ કુંવરને માથે હાથ ફેરવી પંપાળ્યો અને છાતી સાથે પ્રેમથી દાબ્યો. વનરાજ મામા **સુરપાળ** અને **શીલ-ગુણસુરીને** પગે લાગ્યો. આ હૃદય ભેદક મેળાવડો જોઇને શ્રીદેવીને પણ પોતાનાં માબાપ અને ભાંડરૂ સાંભળી આવ્યાં. તેથી સાડીથી મોં સંતાડી રૂદન કરવા લાગી, રૂપસુંદરીએ કુંવરને પૂછ્યુંકે;—"પુત્ર! આ કન્યા કયા રાજાની કુંવરી છે? તમે તેનું હરણ તેની મરજી વિરૂદ્ધ કર્યું છે કે, ખુશીથી તે ગાંધર્વવિવાહ કરી તારી સાથે આવીછે?" **સુરપાળ**—"જેમ હોય તેમ, પણ ભાઇ! એ સાસરવાસો તો ભારે ભારી દેખાય છે?" વનરાજ—"એ રાજકુંવરી નથી, પણ હું તેને મારી ધર્મની

બેન કરીને લાવ્યોછું. એ બિચારીને ચંડાળ લૂટારાઓએ પકડી હતી અને મને પણ પકડયો હતો. અમે ત્યાંથી નાશી આવ્યા છીએ. એ પતિવ્રતા સ્ત્રી શ્રીમાળપુરના નગરશેઠની પુત્રી છે, તેને ત્યાં પહોંચાડવી છે. જે માલ છે તે એનો છે. તેમાંથી આપણે એક કોડીનો પણ રાખવાનો નથી." એમ કહી શ્રીદેવીની વિપત્તિનું સંક્ષેપમાં વર્ણનકરી બતાવ્યું. શીલગુણસુરી શ્રીદેવીના માબાપને ઓળખતા હતા. તેથી તેણે તેને પાસે બોલાવી દિલાસો આપ્યો." તેવામાં શ્રીદેવીના સુભાગ્યે કોઇ સદ્‌ગૃહસ્થનું કુટુંબ શ્રીમાળપુર જતું હતું, તે સાથે ચાર શુરા રાજપૂત આપી મોકલી દીધી.

વનરાજ અને સુરપાળ પોતાના પરાક્રમથી દેશ સ્વાધીન કરવાને નીકળ્યા. માર્ગમાં શ્રીમાળપુર આવ્યું. જે લૂટારાઓએ વનરાજ અને શ્રીદેવીને પકડયાં હતાં, તેજ લૂટારાનાં માથાં ભાલામાં ખોસેલાં ત્યાંની ભાગોળે જોવામાં આવ્યાં. મામાને ધર્મશાળામાં બેસાડી, પોતે લૂટારાઓ શીરીતે પકડાયા, તેનો તપાસ કરવા બજારમાં ગયો. એક દુકાન આગળ પોતે માલ લેવાનો મસ કરી ઉભો રહ્યો. મોદીપાસેથી આ લૂટારા શીરીતે પકડાયા તે સર્વ જાણી લીધું. એ વાત ચાલતી હતી; ત્યાં બીજા લોકો પણ આવીને ઉભા હતા. એટલામાં શ્રીદેવીની પાલખી ઉપાડનાર જે ભોઇ હતો, તે આવીચડતાં બોલ્યો;—"અલ્યા ઝાલો એ સાલાને! પેલો પાંચમો લૂટારો પકડાયો નથી તે આજ છે. એને પકડો શું જુઓછો? આ સાંભળી વનરાજ ત્યાંથી નાંઠો, પણ લોકોએ પકડી લીધો. પોલીસ સિપાઇઓ પણ આવ્યા. તેઓ વનરાજ અને સુરપાળને પકડી દરબારમાં લઇ ગયા. જુબાની લીધી. વનરાજે કહ્યું કે;—"પાંચમો લૂટારો હું નથી, પણ તે તો તીર વાગવાથી મરણ પામ્યો છે. હું તો શ્રીદેવીને છોડાવનાર છું, પૂછો શ્રીદેવીને. તે ઉપરથી ફોજદાર શ્રીદેવીની હવેલીએ લઇ ગયો. શ્રીદેવી તેને જોઇ બોલી;—અરે! એતો મારો ધર્મનો માનેલો ભાઇ છે, તમો તેને શા માટે પીડો છો? એતો મારા પ્રાણ રક્ષણ કરનાર મહાન્ પુરૂષ છે." આ સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા, ફોજદાર ઝાંખો પડયો. વનરાજને કેદખાના પાસે લઇ જઇ છોડી મૂકયો. નગરશેઠ વનરાજ અને સુરપાળને ગાડીમાં બેસાડી પોતાની હવેલીએ તેડી લાવ્યો, તેણે તેમનો ઘણો સત્કાર કર્યો.

શ્રીદેવી શાણી ને વિવેકી હતી, તેણે વનોડથી ઘેર આવી, માતા પિતા અને પતિને વનરાજે પોતાનું પાતિવ્રત્ય જાળવવા માટે કરેલી સહાય વગેરે ઉપકારની વાત કહી હતી. તેથી નગરશેઠે અને તેના પતિએ તેનો ઘણોજ આભાર માની બહુ સત્કાર કર્યો, અને ઇષ્ટ દેવ પાસે પ્રતિજ્ઞા લઇ વચન આપ્યુંકે;—"અમો હરકોઈ રીતે જેટલી બની શકશે, તેટલી મહારાજાની સેવા બજાવીશું." પછી તેમને ઘણા સત્કાર અને માન સાથે બે માસ સુધી રાખ્યા. કેટલેક ઠેકાણે ભલામણ પત્રો લખી આપ્યા. જ્યારે આબુનો રાજા જયમલ ભુવડના સેનાપતિએ

પદભ્રષ્ટ કરવાથી આફતમાં આવી પડયો હતો; ત્યારે વનરાજના કહેવાથી જયમંલની રાણી ચંદ્રમુખી અને તેની પુત્રી સુંદરકેશીને શ્રીદેવીએ ઘણા સત્કાર સાથે પોતાને ત્યાં છૂપાં રાખ્યાં હતાં. જ્યારે આબુપતિ જયમલની પુત્રી સુંદરકેશી સાથે વનરાજ પરણ્યો, ત્યારે તેને શ્રીદેવીએ ભાઇ તરીકે પોંખ્યો હતો, તેમજ ગાદીએ બેસતી વખતે પણ તેણેજ તેને સોનેયાથી મોગરાનું તેલ લગાડી કપાળે તિલક કર્યું હતું અને યોગ્યરાજનો જન્મ થતાં, ફૂઇબા તરીકે ઝબલું, ટોપી લઇને આણુ ગઈ હતી. વનરાજના દરબારમાં શ્રીદેવીનું ઘણું ચલણ હતું, તે સર્વ પ્રકારે કરતા હરતા હતી. વનરાજ તેના ઉત્તમ ગુણો જોઈ તેનું ઘણું માન રાખતો હતો. તેણે તેને એક જાગીર આપી હતી. શ્રીદેવી પોતાના પતિ સાથે ઘણો વખત પાટણમાંજ રહેતી હતી. તેનું પાતિવ્રત્ય વગેરે ઉત્તમ ગુણો જોઇ લોકો તેને પૂજ્ય ભાવથી માન આપી ચાહતાં હતાં. એરીતે તે પોતાના પાતિવ્રત્યાદિ મહત્ત ગુણો વડે દેશમાં પ્રખ્યાત થઇ ગઇ છે.

મીનળદેવી.

આ પ્રખ્યાત્ પતિવ્રતા સ્ત્રી કર્ણાટક દેશના ચંદ્રપુરના રાજા **જયકેશી**ની પુત્રી, ગુજરાતના પ્રતાપી રાજા કરણની પત્ની અને પ્રખ્યાત્ રાજા સિદ્ધરાજની જનેતા હતી. તેણે બાળવયમાં ઉત્તમ માતાના હાથ નીચે ઉછરી સંસ્કૃત, કર્ણાટકી અને ગુજરાતી ભાષાનું સારૂં શિક્ષણ મેળવ્યું હતું. ગાયન, નૃત્ય અને ચિત્રકળામાં ઘણી પ્રવીણ હતી. ઇતિહાસ, કાવ્ય, અને ઉપદેશિક વાર્તા ગ્રંથો વાંચવાપર તેમને ઘણી પ્રીતિ હતી. તે ધાર્મિક, દયાળુ, બુદ્ધિશાળી, નીતિવાન, પરોપકારી, ઉદાર, ક્ષમાવંત, અને સત્યપર પ્રેમી હતી. કરણ સંવત ૧૧૨૮ માં ગુજરાતની રાજધાની પાટણમાં ગાદીએ બેઠો. તે વખતે દેશની સ્થિતિ સારી હતી. વિનાશકારી બાળલગનના બૂંડા રીવાજે પ્રવેશ કર્યો નહોતો. મહારાજા **ભીમદેવ** અને તેની રાણી **ઉદયમતિ**એ પોતાના કુંવરને બાળપણમાં પરણાવી દેવાની ઉતાવળ કરી નહોતી. તેના તન, મનને કેળવી પુરૂષાર્થ કરવાને યોગ્ય કર્યો હતો. રાજા કરણ જ્યારે ભરજુવાનીમાં આવ્યો, ત્યારે કારભારીઓ યોગ્ય કન્યાની શોધ કરવા લાગ્યા હતા. એવામાં કર્ણાટક દેશથી જયકેશી રાજાએ મોકલેલો ચિતારો મીનળદેવીનું નાળીએર લઇને આવ્યો. તેણે મીનળદેવીની સુંદર છબી ચિતરેલી બતાવીને તેના રૂપગુણની રાજા આગળ સ્તુતિ કરી. તે ઉપરથી કરણ રાજાએ તે સાથે લગન કરવાનું નક્કી કરીને નાળીએર લીધું અને પોતાનું ખાડું ચંદ્રપુર મોકલ્યું. આ વખતે મીનળદેવી ૧૮ વર્ષની હતી. તે બહુ ભણેલી, સદ્દગુણી અને શાણી હતી, પણ રૂપે સાધા-

રણ હતી. તે જ્યારે પાટણ આવી ત્યારે તેને જોઇને કરણરાજા નિરાશ થયો; કારણ ચિતારાએ જે અલૌકિક સુંદરરૂપ ચિતર્યું હતું, તેવું તે નહોતું. તેથી રાજાને બહુ ક્રોધ ચઢયો; પણ તે વચનથી વિમુખ થયો નહિ. તે એક પત્નીવ્રત પાળવાના દૃઢ નિશ્ચયવાળો હોવાથી ફરી પરણ્યો નહિ. સદા બ્રહ્મચર્યવ્રત પાળી સુનીતિએ સદા વર્તવા લાગ્યો. એમ ઘણાં વર્ષ વિત્યાં; મીનળદેવી પતિ સહવાસ ન થવાને લીધે શોકથી રહેતી હતી. પતિના રોષથી તેને અન્ન પણ ભાવતું નહિ. વસ્ત્રાલંકાર પહેરવા ગમતાં નહિ. પુરી ઉંઘ પણ આવતી નહિ, સદા રૂદન કર્યા કરતી. રાજાને તેના મિત્રો ઠપકો દેવા લાગ્યા, નિર્દય કહીને નિંદવા લાગ્યા, વૃદ્ધ માતા **ઉદયમતિ**એ પણ તેને ઘણી પ્રકારે સમજાવ્યો, કંકાશ કર્યો, રૂદન કર્યું, પણ કોઇ પ્રકારે કરણનું મન પીગળ્યું નહિ. મીનળદેવીએ અને તેની દાસીઓએ પાટણને પાદર બળી મરવાનો નિશ્ચય કર્યો; તોપણ કરણે પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ. પ્રધાનોએ વચ્ચે પડી સર્વને બળી મરતી અટકાવી શાંત કરી દિલાસો આપ્યો કેઃ—"રાણીજી! તમારે સાહસ કરવું નહિ, રાજમાતા અને આખું રાજ તમને પોતાનાં રાણી તરીકે અત્યંત પ્રસન્નતાથી સ્વીકારે છે; એટલુંજ નહિ પરંતુ રાજા બીજી બધી રીતે તમને રાણીજ ગણે છે અને બીજી સ્ત્રી કરવાને ખુશી નથી. માટે તમારે ધીરજ રાખવી જોઇએ. પૃથ્વીની પેઠે સ્ત્રીઓએ ક્ષમા અને સમુદ્રની પેઠે ગંભીરતા રાખવી જોઇએ. આ રાજપાટ અને અમે સૌ તમારાં છીએ. માટે રાજમહેલમાં પધારી રાજમાતાની સાથે ખુશીથી રાજરાણી તરીકે અમારા ઉપર અમલ કરો." પ્રધાનોના, લોકોના અને વૃદ્ધ સાસુ ઉદયમતિના કહેવાને માન આપી, મીનળદેવી રાજમહેલમાં જઇને રહી અને સૌ રાણી તરીકેજ તેને માન આપી ચાહવા લાગ્યાં.

મીનળદેવીને પતિ વિયોગમાં કેટલોક વખત વહી ગયા પછી એક વખતે એક કર્ણાટકી ગણિકા પાટણમાં આવી અને દરબારમાં તેનો નાચરંગ થતાં રાજાને મોહ ઉત્પન્ન થયો. મિત્ર મારફતે ગણિકાને ખાનગીમાં નાચરંગને માટે રાજાએ કહેવરાવ્યું. આ વાત મંત્રી અને રાજમાતાના જાણવામાં આવતાં, તેમણે કેટલીક બક્ષીસો આપી ગણિકાને ગુપ્ત રીતે પાટણમાંથી કાઢી મૂકી, તેને બદલે મીનળદેવીને રાજાની ખાનગીમાં નાચરંગને માટે મોકલી. મીનળદેવી નાચરંગમાં એવી તો કુશળ હતી કે કંઇ પૂછવુંજ નહિ. પતિની ગણિકા થવામાં તેને ખોટું લાગ્યું નહિ, અને ગણિકાના જેવાજ સ્વાંગમાં ખાનગીમાં જઇ રાજાની આગળ મુજરો કર્યો. તેના હાવ ભાવ અને ગાનથી રાજા પોતાને ભૂલી ગયો; એટલુંજ નહિ પણ મહેલમાં રહેવાની માગણી કરી. મીનળદેવી તે સ્વીકારીને મહેલમાં રહી અને જોગાનુજોગ એવો થયો કે, તે મુલાકાતથીજ તેને ચઢતો દહાડો થયો. બે ત્રણ દિવસ પછી ધર્મશીલરાજાને ગણિકાના સંગ માટે પશ્ચાતાપ થયો. તેથી વિદ્વાન

બ્રાહ્મણોને બોલાવી તેણે પોતાના પાપનું પ્રાયશ્ચિત માગ્યું. તે ઉપરથી ધગધગતી પૂતળીને આલિંગન આપવાનું બ્રાહ્મણોએ પ્રાયશ્ચિત્ત બતાવ્યું, રાજા તે પ્રમાણે કરવાને તૈયાર થયો. નગરમાં હાહાકાર થઇ રહ્યો. બધી તૈયારી થઇ, અને નિઃશંક મને અધર્મનું દેહાંત પ્રાયશ્ચિત્ત લેવાને તત્પર થયો. ત્યારે હજારો માણસના ટોળાની વચ્ચે આવી મીનળદેવી રાજાને પગે પડી અને મુલાકાત દરમિઆન લીધેલી નિશાની—મુદ્રિકા આગળ ધરીને બોલી કે;—"પ્રાણનાથ ! આપ નિષ્પાપ છો, વિધીસર પાણિ ગ્રહણ કરેલી આ તમારી દાસીનેજ આપે સંગથી કૃત કૃત્ય કરેલી છે. રાજમાતા અને મંત્રી આ બાબતનાં સાક્ષી છે, માટે હે ધર્મજ્ઞ ! હે પુણ્ય દર્શન પતિ ! આપ નિષ્કલંક છો, અને મેં અવિનય કર્યો હોય તો મને ક્ષમા આપો." કરણરાજા મીનળદેવીનાં વચન સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. પ્રજાજને મોટો જયઘોષ કરી મુકયો અને રાજમાતા તથા મંત્રીએ સઘળી હકીકત કહી; રાજા શરમીંદો પડી પોતાને પાપમાં પડતો બચાવી લેવા માટે ઉપકૃત્ય હૃદયે તેને પગે પડવા ગયો, પરંતુ મીનળદેવીએ તેને તેમ કરતાં અટકાવી રાજમાતાને પગે પડી શુભાશિષ લેવાને કહ્યું. આ સાંભળી રાજાએ કહ્યું;—"પ્રિયા ! તુંજ મને અને મારા ગૃહને ઉદ્ધારનાર છો; માટે મને અને મારા અનાદરને ક્ષમા આપ." એમ કહી તેનો હાથ પોતાના હાથમાં લઇ રાજમાતા ઉદયમતિને પગે પડયો. માતાએ તેઓને શુભાશિષ દીધી. તેપછીરાજાનો સ્નેહ પ્રતિદિન વધતો ચાલ્યો. કરણરાજાને ખાત્રી થઇ કે મીનળદેવી બહુ રૂપાળી નથી, પણ તેનામાં ઘણાજ ઉત્તમ ગુણો છે. તેના મધુર ગાયનથી તે બહુ આનંદ પામતો. મીનળદેવી પતિની આગળ નિત્ય ગુજરાતી અને સંસ્કૃત ભાષાની કવિતાઓ, ઇતિહાસો, વાર્તાઓ વગેરે ઉપર વાતચીત કરી તેનું મન બહુ રીઝવતી. રાજ કાજમાં સલાહ આપતી. આ રીતે આ દંપતિ વચ્ચે સ્નેહની સજ્જડ ગાંઠ પડી. કેટલોક કાળ વિત્યા પછી જે ભરતખંડમાં ચક્રવર્ત્તિ મહારાજાધિરાજ મનાયો, જેણે અસંખ્ય તળાવ; વાવ, કુવા, દેવાલયો, વગેરે પરોપકારનાં અને પ્રજાના સુખનાં કાર્યો કરીને દેશની શોભા, સમૃદ્ધિ અને સુખનાં સાધનો વધાર્યાં, તે પરાક્રમી રાજપુત્રને મહાસતી મીનળદેવીએ પોતાની ઉત્તમ કૂખમાં જન્મ આપ્યો.એ રાજપુત્રનું નામ વૃદ્ધ માતા ઉદયમતિએ **સિદ્ધરાજ જયસિંહ** પાડયું. ઉત્તમ ગુણવાળી માતાને પેટે ઉત્તમ ગુણવાળા પુત્રરત્નો પાકે છે, તેનો આ એક ઉત્તમ પુરાવો છે.

સતી મીનળદેવી પોતાના ગુણ પ્રભાવે પતિની પ્રીતિ મેળવી પૂર્ણ સુખી થઇ, પરંતુ દૈવ ગતિ વિચિત્ર છે; તે પતિસાથે લાંબો કાળ સુખ ભોગવવા પામી નહિ. કરણરાજા સિદ્ધરાજને દશ વર્ષનો મૂકીને મરણ પામ્યો. તેથી આ સતીને મહા દુઃખ આવી પડયું, પરંતુ પુત્ર સ્નેહને લઇ પોતાના પ્રાણ રાખી રહી. રાજકારભાર ચલાવવાનો ભાર અને કુંવરને કેળવણી આપી લાયક કરવાનું ભારેકામ એકલી તેણીને શીર આવી પડયું, તે તેણે બરાબર બજાવ્યું. તે ઘણી ચતુર, દઢ

અને ઉદાર મનની હતી. તેણે સાન્તુ, મુંજાલ અને ઉદા એ ત્રણ વાણિયા મંત્રીઓને તેમના ગુણ પ્રમાણે કાર્યભાર સોંપ્યો. તેમના કરેલા ઠરાવ બહાલ રાખવાનું અને તેમના ફેસલાથી નારાજ થઇ જે ફરિયાદ કરવા આવે, તેની અપીલ સાંભળવાનું કામ દેવીએ પોતાને હાથ રાખ્યું હતું. લોકોની ફરિયાદ તે બહુ ધ્યાન આપી સાંભળતી અને સર્વને યોગ્ય ન્યાય આપતી. તેના ન્યાયથી પ્રજા બહુ સંતોષ પામતી. રાજ્યની ઉત્તમ પ્રકારે વ્યવસ્થા કરવાથી કોઇ ઠેકાણે બંડ બખેડો થતો નહિ, પ્રજા ઉપયોગી કાર્યોમાં પોતાના રાજ્ય દ્રવ્યનો ઉપયોગ કરવા લક્ષ આપવા લાગી. સિદ્ધરાજને મનની કેળવણી આપવાની સાથે તનની કેળવણી આપવાને પણ સતીમાતા ચૂકી નહોતી. અંગ બળ વિના પુરૂષાર્થ થાય નહિ, એવા વિચારથી તે પોતાના પુત્રને અંગબળ વધે અને તેની સાથે હિંમતવાન અને બહાદૂર થાય, એવી રમતો, કસરતો અને શિકાર વગેરે ખેલોમાં તેને સામીલ કરતી. છીંકખાય, બગાસુંખાય કે ઠોકર વાગે એટલે ખમા! ખમા! કરીને હાલના વખતમાં રાજ્ય માતા પુત્રોને બાયલા બનાવે છે, તેમ તેણે કર્યું નહિ. હલકી બુદ્ધિના ખવાસોનો સંગ થવા ન દેતાં, ડાહ્યા ક્ષત્રિઓની સોબતમાં તેને રાખતી. ભૂગોળ વિદ્યા અને ઇતિહાસ પણ તેને શીખવતી. જયશિખર, વનરાજ, મૂળરાજ વગેરે પૂર્વજોના પરાક્રમોની વાતો વંચાવીને ધીમે ધીમે રાજકાજથી પણ માહિતગાર કરતી હતી. રાજા પ્રજાના ધર્મ સંબંધી અને રાજાનાં કર્તવ્ય કર્મ શાં છે? પ્રજા પાસેથી લીધેલા કર વેરાના દ્રવ્યનો સારો ઉપયોગ કેમ કરવો? એ વગેરે રાજનીતિ વિષે તેને સારી શિક્ષા આપી હતી. તેની આવી ઉત્તમ કેળવણીથીજ સિદ્ધરાજ ખરે ખર એક બળવાન સિંહ નીકળ્યો. જેણે બાહુ બળવડે દૂરનાં દેશોમાં કીર્તિ વધારી અને જેની આંખ આગળ મોટા મોટા રાજાઓપણ થરથર કંપતા હતા. એ સઘળો પ્રતાપ ચતુર રાજમાતા મીનળદેવીનોજ હતો.

મીનળદેવી પુત્ર સિદ્ધરાજને સાથે લઇ દેશમાં ફરવાને નીકળતી, તે વખતે સિદ્ધરાજની ૧૫ વર્ષની ઉમર હતી. રાજમાતા મુસાફરીમાં પોતાની સાથે નોંધબુક રાખતી અને એક સિદ્ધરાજ પાસે પણ રખાવતી. તેમાં નવાઇ જેવું કે અગત્યનું યાદ રાખવા જેવું હોય, તે પોતે નોંધતી અને સિદ્ધરાજ પાસે નોંધાવતી, આ મુસાફરીમાં તેણે પ્રજાના સુખને માટે વીરમગામમાં મુનસર અને ધોળકામાં મલાવનામે બે મોટાં તળાવ બંધાવ્યાં. તે અદ્યાપિ સુધી છે. એવું કહેવાય છે કે ધોળકામાં મલાવ તળાવ બંધાવતી વખતે મારૂતી નામે એક ગણિકાનું ઘર વચમાં નડતું હતું, તે ઘરની ભારે કીંમત આપવાનું કહીને ઘણી રીતે સમજાવ્યા છતાં પણ તે ગણિકા હઠ પકડીને આપતી નહોતી. તેથી તે વિષે વિચાર કરવાને રાજમાતાએ મંત્રીઓની સભા બોલાવી, તેમાં કેટલાકનો અભિપ્રાય એ ઘર બળાત્કારે લેવાનો થયો; પરંતુ એ અભિપ્રાય રાજમાતાએ નામંજુર કર્યો અને તે ઘર હતું

ત્યાંજ રહેવા દઇને તળાવ બંધાવ્યું. એ બનાવ ઉપરથી કહેવત ચાલી કે;—"ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જુઓ." અહા! શું તેની ન્યાય બુદ્ધિ! આ મુસાફરીમાં રાજમાતા અને બાળ રાજા જે જે ઠેકાણે ગયાં, તે તે ઠેકાણે જ્યાં જરૂર જણાઈ ત્યાં તળાવ, વાવો, કુવા અને દેરાં વગેરે કરાવ્યાં. જૂનાં હતાં, તે સમરાવ્યાં. મીનળદેવીને પોતાના લગ્ન સમયે તેનો ગુરૂ આશિર્વાદ દેવાને આવ્યો હતો, તે વખતે નર્મદા નદી ઉપરના શુકલતીર્થથી થોડે દૂર પૂર્વમાં સોમેશ્વર મહાદેવની મોટી જાત્રા ભરાતી, ત્યાં જાત્રાળુ લોકો પાસેથી કર લેવામાં આવતો, તે માફ કરાવવાનું ગુરૂએ વચન માગ્યાથી તેણે તે આપ્યું હતું. તે વચન પાળવાનો વખત મીનળદેવીને હમણા પોતાના હાથમાં રાજકારભાર આવ્યાથી મળ્યો હતો; પરંતુ તે કામ કુંવરનેહાથે રદ થાય તો આગળ ઉપર વાંધો આવે નહિ. એવા વિચારથી રાજમાતા સિદ્ધરાજને લઇને ભરૂચ મુકામથી છૂપે વેષે એ તીર્થ સ્થાને ગયાં, ત્યાં ગરીબલોકોનું કરગરવું બાળ રાજાને નજરે દેખાડયું. ધર્મને ઉત્તેજન આપવું એ રાજાનું કામ છે. તેને ઠેકાણે આ ઉલટો બનાવ જોઇને સિદ્ધરાજને રંક લોક ઉપર દયા આવી, માતાની ઇચ્છા જોઈને રાજ્યની ઉપજને ભારે હાની છતાં તે કર માફ કરીને પોતાની જનેતાને પ્રસન્ન કરી. ધન્ય છે એવા પુત્રને! અહીં મીનળદેવીએ સોમેશ્વરનાં દર્શન કરીને સેનાનો તુલા પુરૂષ ચઢાવ્યો. સિદ્ધરાજની સોનાની પ્રતિમા હાથમાં ન્યાય તોળવાનાં ત્રાજવા વાળી કરાવીને શિવને અર્પણ કરી. તીર્થવાસી બ્રાહ્મણોના પુત્રોને ભણાવનાર ગુરૂઓને વર્ષાસન બાંધી આપ્યાં અને બ્રાહ્મણ, સન્યાસી વગેરેને જમાડી યાચકોને દાન આપ્યાં. રાજમાતા ગુજરાતની મુસાફરી કરી પાટણ આવી. તે પછી સિદ્ધરાજ ઉમર લાયક થયો હતો. ભણી ગણીને સર્વ વિદ્યામાં કુશળ થયો હતો. તેથી તથા વૃદ્ધાવસ્થાને લીધે ધીમે ધીમે રાજ્ય ચલાવવાનો ભાર મીનળદેવીએ પોતાને માથેથી હલકો કર્યો હતો. સિદ્ધરાજ રાજ ગાદી ઉપર બેસીને શાણીમાતાની સલાહ પ્રમાણે રાજકારભાર કરવા લાગ્યો. એ રીતે કેટલેક કાળ વિત્યા પછી ગુર્જર રાજની એ વીરમાતા મહાદેવી મીનળદેવી આ લોકમાં પોતાની પવિત્ર ફરજ પૂરી કરીને પરલોક વાસી થયાં. તેમને આ લોક છોડી ગયાને આશરે ૮૦૦ વર્ષ થયાં છે. તે છતાં તેનું કીર્તિવંત નામ જન મંડળની હૃદય ભૂમીમાંથી વિસર્જન થયું નથી. ધન્ય છે આવી રાજમાતાને! કે તેણે પતિપરાણ નિરઅભિમાનપણે રહી, પતિના જીવનકાળે પતિને અને તેના મરણ પછી પુત્રને રાજકાર્યમાં મદદ આપવામાં પોતાના સદ્ગુણ અને બુદ્ધિનો પૂર્ણ ઉપયોગ કર્યો હતો, લોકોપકારક કાર્યો કર્યાં, વગેરે પોતાના મહત્ત ગુણોને લઇ પ્રખ્યાત થઇ ગઇ છે.

મૈનાવતી.

આ અતિ પ્રખ્યાત્ સાધ્વી સ્રીનો પતિ ત્રૈલોકયચંદ્ર ગૌડબંગાલાનો મહારાજા હતો, તેની રાજધાની કાંચનપુરમાં હતી. મૈનાવતીએ વિક્રમાદિત્ય રાજાની નાની બેન હતી, તે મહા સૌન્દર્યવાન, તેજસ્વી, ધાર્મિક, નીતિવાન, દયાળુ, શાંત, ધૈર્યવાન, સાત્વિક વૃત્તિની, બુદ્ધિવાન, ઠરેલ સ્વભાવની, પવિત્ર હૃદયની, અને પ્રતિવ્રતા હતી, પતિ પત્ની પ્રેમથી એક રૂપ જેવાં હતાં, સતી પોતાના ગુણ પ્રભાવે પતિ તરફના ઘણા માનને પાત્ર થઇ હતી, પતિને પ્રાણથી અધિક ચાહી તેમની સેવામાં રાત દહાડો ગાળ્યા કરતી હતી. તેણે વિશ્વ વિખ્યાત્ મહાજ્ઞાની અને ઉત્કૃષ્ટ વિરાગી મહાત્મા ગોપીચંદને જન્મ આપ્યો હતો. ચંપાવતી નામે એક પુત્રી હતી, તેને કુંદનપુરના રાજા કુંદનસેન સાથે પરણાવી હતી. ગોપીચંદ અતિ રૂપાળો, સુંદર, બહુ નાજુક, દયાળુ, ડાહ્યો, ધાર્મિક, નીતિવાન, પ્રજા પ્રેમી, શૂરવીર, અને રાજકાજમાં ચતુર હતો; તેને ઐામા, કુમુદા, સુલક્ષણા, અને રસિકમાલતી ઇત્યાદિ ઘણી રાણીઓ હતી. આ રાજ કુટુંબ અત્યંત સુખી હતું, પરંતુ દુર્દૈવથી લાંબાં દહાડા સુખ ભોગવવા પામ્યું નહિ. મહારાજા મરણ પામવાથી રાણી મૈનાવતી શોકમાં પડી. તેણીને આ અસાર સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેને કાચા કાચના કુપા સમાન ક્ષણ ભંગુર સમજી તે પારલૌકિક સુખ સાધવાને તત્પર થઇ. સંસારની મોહ માયામાં સપડાઇ પડયાથી વારંવાર શોકાતુર થતી અને કોઇ મહાપુરૂષ મળે તો તેનાથી જ્ઞાન સંપાદન કરવાને ઘણી આતુર હતી. એક દિવસે રાજમહેલના ઝરૂખામાં દાસી સાથે વાતચીત કરતી બેઠી હતી, તેવામાં કોઇ અલૌકિક મહાપુરૂષને રાજ માર્ગમાં ભિક્ષા માગતો જોયો. તપાસ કરાવતાં તે જાલંધર યોગી હતા, અને પાસેના નીલવનમાં ઉતર્યા હતા. સત્પુરૂષનામુખથી ઉપદેશ લેવાની ઘણા દિવસની શુભ વાંચ્છના પરીપૂર્ણ કરવાને મૈનાવતી તત્પર થઇ. મહાત્માની સેવા કરવા માંડી અને તેમની પાસે સદુપદેશ ગ્રહણ કરવા લાગી. યોગીરાજ નિત્ય તે રાણીને અધ્યાત્મસંબંધી જ્ઞાન આપવા લાગ્યા, પરંતુ દુર્જનો રાણીનાં આ સુકૃત્યોપર સંતોષ નહિ માનતાં મનમાં બળવા લાગ્યાં. દુર્જનો સામા મનુષ્યનું સારૂં કર્મ જોઇને પણ મનમાં બળે છે. પરમ સાધ્વી રાણી મૈનાવતીની પણ તેવીજ સ્થિતિ થઇ. તે પરમ પવિત્રને મોટી ઇશ્વર ભક્ત હતી. મહાત્માનું સેવન પોતાના આત્માના કલ્યાણ માટે કરતી હતી. તે નીતિવાન હતી, તે કદીપણ અનીતિને માર્ગે ચાલે એવી નહોતી, તેને તો આ પ્રપંચ ભરેલા માયીક સંસાર ઉપરથી મોહ ઉતરી ગયો હતો. તેણે તો પોતાના તારણનો માર્ગ ગ્રહણ કર્યો હતો, તોપણ તેની બદબોઇ આદરી. ગોપીચંદ રાજાની પટ્ટરાણી ઐામા સાંસુના બ-

ક્તિ ભાવને વિપરીત જાણી ગોપીચંદને સમજાવવા લાગીકે:—પ્રાણનાથ! સાસુજીનાં આચરણની લોકોમાં બહુજ નિંદા થાય છે. કોઇ વેશધારી જાલંધર નામનો જોગરો આપણા નગરમાં આવ્યો છે, તેમના દર્શને જાય છે. મને ભય લાગે છે કે રખેને સાસુજી આપણા રાજકુળને કલંક લગાડે નહિ! ઇત્યાદિ સમજાવવાથી ગોપીચંદ પોતાના કીર્તિરૂપ પવિત્ર પ્રકાશને ઝાંખ લાગશે, એવી શંકા લાવી ઉશ્કેરાયો. વિચાર કર્યા વગર જાલંધર યોગીને દુરાત્મા સમજી નાશ કરવા તત્પર થયો, આ યોગીની પવિત્રતા, શક્તિ, અને ક્રિયાને તે જાણતો નહોતો. તેણે વગર તપાસ કર્યે પટ્ટરાણીના સમજાવ્યાથી વહેમાઇ નિર્દોષ મહાત્માને દોષિત ગણ્યો. જો કે પોતે સમજુ હતો, પોતાની માતાની પવિત્રતા અને સદાચરણને જાણતો હતો અને પોતાપર માતાનો અપાર પ્યાર છે એ સર્વ સમજતો હતો; તોપણ દુર્દૈવથી સહવાસી સ્ત્રીનાં વચનોને સત્ય માન્યાં અને સારાસારનો વિચાર કર્યા વગર સાહસ કર્મ આદર્યું. પોતાની વાલી માતાને પૂછ્યા વગર અને કોઇને પણ કાને આ વાત ન જાય તેવા ગુપ્તપણે જાલંધર યોગીને મારી નાખવાનો વિચાર કર્યો. એક દિવસે યોગીરાજ જાલંધર સમાધિ ચઢાવીને બેઠા હતા, તે વખતે તેને પોતાના સિપાઇઓ પાસે ઉચકાવીને ઘોડારની પાસેના એક અંધારા કૂવામાં નંખાવી દીધા અને તેના ઉપર ઘોડાની લાદ તથા બીજો કચરો નાખીને કૂવો પૂરી દીધો!

સતી મૈનાવતી આ વાત મુદ્દલ જાણતી નહોતી, તે પોતાના નિત્ય નિયમ પ્રમાણે ગુરૂ જાલંધરના દર્શને આવી, પણ ગુરૂ મળ્યા નહિ. તેથી ઘણો શોક કર્યો અને મનમાં વિચારવા લાગી કે મારી સેવામાં કંઇ પણ ચૂક થઇ હશે. તેથી ગુરૂ મારી ઉપેક્ષા કરી જતા રહ્યા હશે, પરંતુ ગોપીચંદ વિષે તેના મનમાં તલમાત્ર પણ સંશય આવ્યો નહિ. મૈનાવતીને નિત્ય ગુરૂનાં દર્શન કર્યા પછી ભોજન કરવું આવો નિયમ હતો, તે નિયમ ભંગ ન થાય એટલા માટે રાણી અન્નનો આહાર તજી દઇને પયપાન ઉપરજ પ્રાણનું રક્ષણ કરવાં લાગી. થોડા દિવસમાં ગોપીચંદની જન્મ ગાંઠનો દિવસ આવ્યો. તે દિવસે રાજમહેલના વચલા ચોકમાં ગોપીચંદ સુવર્ણના બાજોઠ ઉપર સ્નાન કરવા બેઠો. તેની કેટલીક રાણીઓ શરીરે કેસર વગેરે સુગંધી પદાર્થ ચોળીને સ્નાન કરાવતી હતી. કેટલીક ગુલાબજળની ઝારીથી મંદમંદ ધારે પાણી સીંચતી હતી અને કેટલીક મંગળ ગીતો ગાતી હતી. એ વખતે માતા મૈનાવતી મહેલના ઝરૂખામાં બેઠી હતી, તેની નજર ગોપીચંદ તરફ જવાથી વિચારવા લાગી કે;—"અહો હો હો! માયા કેવી પ્રબળ છે! કામદેવને મોહ પમાડે એવી આ મારા પુત્રની મનોહર દેહ જે આજ ચંપાના છોડ જેવી દીપી રહી છે, જેની આસપાસ આ સુંદર સ્ત્રીઓ મોહિત થઇને વેલની પેઠે વિંટળાઇ વળી છે અને કેસર સ્નાન કરાવે છે. અરેરે! તેજ કાયામાંથી જ્યારે આત્મા ઉડીને ચાલતો થશે, ત્યારે નિર્જીવ દેહ જોનારને કેવી ભયંકર લાગશે! અહો પ્રભુ! આવી ઉત્તમ કાયાને અ-

મર કાં નકીખી ? અરે ! એના કરતાં શું એના પિતાની કાયા સુંદરતામાં ઉતરે એમ હતી ? રૂપ, ગુણ, શૌર્ય અને કીર્તિનું સ્થાનજ હતું. તોપણ જ્યારે કાળે આવી પોતાની જાળ બિછાવી; ત્યારે તે સુંદર દેહની ચપટી રાખ પણ હાથ ન આવી. તેમના પિતા અને પિતામહો પણ આ સંસાર છોડીને ચાલતા થયા છે, તો પછી એક દિવસે આની પણ એવીજ ગતિ થવાની. એમ પોતાના પતિનું સ્મરણ આવતાંજ ગદ્ ગદ્ કંઠે થઇ ગઇ. આંસુનો એક ઉનો બિંદુ ગોપીચંદના ગાલપર પડયો. ગોપીચંદ પોતાના ગાલપર આવી રીતે આંસુનો બિંદુ પડયો જોઇને પૂછપરછ કરવા લાગ્યો. સુલક્ષણાએ કહ્યું;—સ્વામીનાથ ! આપનાં માતુશ્રી મહેલના ઝરૂખામાં બેઠાં છે; તેના લોચનમાં જળ ભરાઇ આવ્યાં હતાં; એવું સાંભળી ગોપીચંદ આશ્ચર્ય પામી બોલ્યો;—અરે ! એ જળ બિંદુ તે મારી માતાના અશ્રુ ! આવી રીતે શોકાતુર થવાનું કારણશું ? અરે ! મારી હયાતીમાં મારી માતાને દુભવનાર કોણ છે ? પ્યારી સ્ત્રીઓ ! અંતઃપુરમાં જાઓ ? એમ કહીને તુરત કોરાં સાદાં વસ્ત્ર પહેરી માતાના મહેલમાં જઇને વંદન કરી ઉભો રહ્યો અને માતાને પ્રશ્ન કર્યો;—માજી ! આ મંગળ પ્રસંગે જ્યારે આખા શેહેરમાં આનંદ પથરાઈ રહ્યો છે, ત્યારે તમે કેમ રડોછો ? શું કોઈએ તમારો અપરાધતો નથી કર્યો ના ? જેણે આપનો અપરાધ કર્યો હોય, તેનું નામ સત્વર આપો. પછી તે ગમે તેવું મારૂં પ્રિય હશે; તોપણ તેનો નાશ કરીશ. મૈનાવતી કહે;—પુત્ર ! જે નાશવંત છે તેનો નાશ કરવો તેમાં નવાઇ શી ? પરંતું નાસવંત અમર શી રીતે થાય એજ વિચારમાં સત દિવસ હું ઉદાસીન રહ્યા કરૂં છું.

મૈનાવતી પોતાના પુત્રનો ઉદ્ધાર કેવીરીતે થાય તે વિચારમાં હતી અને તેજ કારણથી ઉદાસી ન થઈ હતી. દશ મહિના જેણે ઉદરમાં ભાર ઉપાડીને જનેતાનો ધર્મ બજાવ્યો હતો, તે જનેતાજ અત્યારે પુત્રની ગુરૂ બની અને તેણે પુત્રનું અનુપમ સુખ હૈડે ધર્યું. તે પુત્રને જોઇ બોલી:—"પુત્ર ! આ સંસારતો અસાર છે, જે જન્મ્યું તે જવાને માટેજ. કાયાતો કાચના કુપા જેવી ક્ષણભંગુર છે, સૌ સ્વાર્થનાં સગાં છે, કપટ બુદ્ધિથી ભરપુર છે, આ કાયા અને માયા મિથ્યા છે, તેને સત્ય ગણી કેમ ભૂલ કરે છે ? માટે આ સંસાર નાશવંત માન ને અનિત્ય એવી કાયાવડે ગુરૂ પ્રતાપે જ્ઞાની થઇને શમ, દમથી પ્રભુના નામનું સ્મરણ કર, અને નિત્ય એવા શ્રીહરીનાં પદને પ્રાપ્ત કરી લઇ વિશ્વ તરીજા. કાળની કોને ખબર છે. તને આ મિથ્યા શરીર પર જે મોહ થયો છે, તે ઉપર મને રડવું આવે છે. પુત્ર ! ફરી ફરીને આ મનુષ્ય દેહ મળવી મુશ્કેલ છે. માટે ઇશ્વર કૃપાથી મળેલા આ મનુષ્ય જન્મને વ્યર્થ નહિ ગુમાવતા સફળ કર. પુત્ર ! તું યોગ ગ્રહણ કરી અમરથા. ફરી આ શરીર મળશે નહિ." અહો ! પરમેશ્વર માતા હોજો તો આવીજ હોજો ! સંસામાં રમી પચી રહેલા પુત્રને જન્માર્ગે દે-

ખાડીને તેનો ઉદ્ધાર કરનારી માતાઓ વિરલીજ હોય છે. જે માતાએ ઉછેરીને મોટો કર્યો હતો, તે માતાએજ જન્મને સાર્થક કરવા માટે જે ઉપદેશ આપ્યો, તે સાંભળીને ગોપીચંદ આશ્ચર્યમાં ડુબી ગયો. પોતાની પવિત્ર માતા ઉપર પોતાની પટ્ટરાણીએ મૂકેલો આરોપ તેને તરતજ મિથ્યા જણાયો. પોતાને માતાના તરફ્ આણેલા અભાવને માટે પશ્ચાતાપ થયો. મહાત્મા પુરૂષનો નાશ કરવા માટે તેના હૃદયમાં મોટો સંતાપ થવા માંડયો. આમ અનેક વિચારોમાં ચઢ ઉતર કરતો રાજા ગોપીચંદ ક્ષણુ ભર પોતે નિદ્રામાં છે કે જાગે છે, એ પણ વિસરી ગયો. ક્ષણુ પછી તુરત માતા મૈનાવતીના ચરણુ આગળ ગયો અને ભૂમી પર પ્રણામ કરી બોલ્યો;—માતુશ્રી ! આ અપરાધીને ક્ષમા આપો ! મેં તમારો મોટો અપરાધ કર્યો છે. મારા નીચ કૃત્યો સામું જોશો નહિ, તમે મને નરકમાં પડતાં બચાવ્યો છે, તો હવે આ મિથ્યા શરીરમાંથી આત્માનો ઉદ્ધાર કેવી રીતે થાય ? મારા જન્મ મરણુનો ફેરો કેમ ટળે ? મૈનાવતી બોલી;—પુત્ર ! મારાગુરૂ જાલંધર જો અહીં હોત, તો તને ઉપદેશ કરીને તારો સંશય ટાળત. પુત્ર મારા ગુરૂથી તું અ-જાણુ છે. ગોપીચંદ મનમાં શોકાગ્રસ્ત થઈને વિચાર કરે છે. અરેરે ! મેં ખોટી શંકાથી કેવો અનર્થ કર્યો ? ઓ પ્રભુ ! મારા પાપની મને ક્ષમા કર. એમ વિચાર કરતો લજ્જા પામી કાંઈ ન બોલતાં પોતાના મહેલમાં આવ્યો. પોતાના અપરાધને છુપાવી, રાજકીય કાર્યોનો ત્યાગ કરીને ઇશ્વર ભજનમાં કાળ ગાળવા લાગ્યો અને પોતાના સાહસ કર્મનું સ્મરણુ થતાં અપાર અફસોસમાં રહ્યા કરતો હતો.

આ વાતને કેટલાક દિવસ વિત્યા પછી યોગીરાજ જાલંધરનો શિષ્ય કાનીફ્ જે ગુરૂની આજ્ઞા લઇને તીર્થયાત્રા કરવા માટે ગયો હતો, તે પોતાની યાત્રા સંપૂર્ણ કરીને ગુરૂની સંભાળ લેવા માટે ગોપીચંદ રાજાના કાંચનપુર નગરમાં આવ્યો. ત્યાં તેણે સાંભળ્યું કે ગોપીચંદ રાજાએ પોતાના ગુરૂને સમાધિસ્થ દશામાં કૂવામાં નાંખી દીધા છે, તેથી તેણે ગોપીચંદનો બહુજ તિરસ્કાર કર્યો. રાજમાતા મૈનાવતી પણુ પુત્રે કરેલાં આકાર્યને જાણીને બહુજ ક્રોધે ભરાણી અને કાનીફ્ની પાસે પો-તાના પુત્રના અપરાધ માટે ક્ષમા માગી. તે પછી કાનીફે મૈનાવતીની સહાયતાંથી પોતાના ગુરૂને કૂવામાંથી બહાર કાઢયા અને સમાધિમાંથી જાગૃત કર્યા. યોગ સ-માધિમાં અત્યાર સુધી રહેલા યોગીરાજ સમાધિમાંથી જાગૃત થયા કે, ગોપીચંદે તથા મૈનાવતીએ ગુરૂ મહારાજને પ્રણામ કર્યા. યોગી મહારાજ ગોપીચંદના અ-પરાધથી જાણીતા હતા, તોપણ તેમણે મૈનાવતીની ભક્તિ સામું જોઇને ગોપીચંદને તેના અપરાધ માટે ક્ષમા આપીને પોતાનો શિષ્ય બનાવ્યો; ત્યારપછી ગોપીચંદને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે ગુરૂ જાલંધરના ચરણુમાં પડી કહ્યું કે;-મહારાજ ! આ વિશ્વના વિચિત્ર મનુષ્યોથી ત્રાસ પામી તારણુઅર્થે આપના મુખથી ઉપદેશ લઇ અરણ્યમાં વાસ કરવા ઇચ્છુંછું. ગુરૂ મહારાજે કહ્યું;-બેટા ગોપીચંદ ! વનવાસ

કરવો એ બહુ કઠિન છે. રાજ વૈભવો, સ્વાદિષ્ટ નવનવાં ભોજનો, સુવાને માટે સુવર્ણના પલંગો, ચઢવાને માટે હાથી ઘોડાઓ, બેસવાને માટે સિંહાસનો વગેરે તજી દઇને વનવાસ કરવો એ બહુ કઠિન કામ છે. તું નગરમાંજ રહીને આત્માનું કલ્યાણ થાય તેવા ઉપાયો યોજ્યા કર! પરંતુ તીવ્ર વૈરાગ્યના પ્રતાપે ગોપીચંદે ગુરૂના કહેવાપર લક્ષ આપ્યું નહિ. એટલે યોગીરાજ જાલંધરે ગોપીચંદને દીક્ષા આપી. ગોપીચંદે ગુરૂપાસેથી દીક્ષા ગ્રહણ કરી, પછી સર્વ આભૂષણો અને વસ્ત્રોનો ત્યાગ કરીને કૌપીન ધારણ કર્યું. હાથમાં ખપ્પર અને કાખમાં ઝોળી ભેરવીને "અહલક, અહલક" કરતો પ્રથમ રાણીઓની પાસે ભિક્ષા માગવા ગયો. રાણીઓ મહરાજા ગોપીચંદનો યોગી વેશ જોઇને શોકથી મહા રૂદન કરવા લાગી અને રાજાને યોગીનો વેશ ઉતારી નાખવા માટે બહુ બહુ સમજાવ્યો, પરંતુ તેણે જ-રાપણ પોતાનો વિચાર ફેરવ્યો નહિ. તે પોતાની રાણીઓ, મંત્રીઓ, અને બીજા નોકર ચાકર વગેરે ને દુનિયાની અનિત્યતા વિષે ઉપદેશથી શાંત કરીને ગુરૂ જાલંધર સાથે તીર્થ યાત્રા કરવાને ચાલી નીકળ્યો અને યોગ સાધનાથી પ્રભુને પામી પોતાના જીવનનું સાર્થક કરી ગયો. અહો! જે પુત્ર રાત દહાડો રાજ વૈભવમાં ગુલતાન બની રહ્યો હતો, તે પુત્ર થોડીવારના ઉપદેશથીજ રાજપાટ ત્યાગ કરીને વનમાં ચાલી નીકળ્યો! આ સઘળો મૈનાવતી જેવી પવિત્ર સાધ્વી માતાનોજ પ્રતાપ હતો. જે માતાએ પુત્રને આ જગતમાં જન્મ આપ્યો હતો, તેજ માતાએ આજે પુત્રને સદુપદેશ આપીને તેનો ઉદ્ધાર કર્યો. અહો! આ શું સાધ્વી મૈનાવતીની ઓછી મહત્તા છે? ધન્ય છે આવી અલૌકિક વાત્સલ્ય ભાવ વાળી માતાને!! આવી માતાઓ આ જગતમાં ભાગ્યેજ કોઇક હોય છે. આ રીતે સતી મૈનાવતી પોતાના મહત્ત કર્તવ્ય વડે જગતમાં સુદષ્ટાંતરૂપ અરૂ કીર્ત્તિ રાખી ગઇ છે. જે કીર્ત્તિ અદ્યાપિ લોકોમાં તેના ઉજ્જવળ યશના કિર્તનરૂપે ગવાય છે;—

જનની જીવોરે ગોપીચંદની, જેણે પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી;
ઉપદેશ આપ્યો એણે પેરે, લાગ્યો સંસારિડો આગજી;
જનની જીવોરે ગોપીચંદની૦

શશિવૃત્તા.

આ પતિવ્રતા સ્ત્રી દેવનગરીના રાજાની પુત્રી હતી. તે મહા સૌંદર્યવાન, બુદ્ધિશાળી, ધાર્મિક, ચાલાક, વિવેકી, નીતિવાન, ભણેલી, ચતુર, શાંત અને પતિવ્રતા હતી. નૃત્ય, ગાયન, વાદ્ય અને ચિત્રકળામાં ઘણી કુશળ હતી. વન, ઉપવન, નગર, ગિરી, અને ઋતુ ઋતુના વિહાર કેમ કરવા તેનું જ્ઞાન ધરાવતી હતી. એ

થમ તે કનોજના જયચંદ્રને વાગ્દાનમાં અપાયેલી હતી, પરંતુ શશિવૃત્તા તેની સાથે વરવા ઇચ્છતી નહોતી. તે તો દિલ્લીના ચૌહાણુરાજા પૃથુરાજ ના ગુણુ અને શૌર્યનાં વખાણુ સાંભળી તેની સાથે પ્રેમથી વરવા ઇચ્છતી હતી. તેણે પૃથુરાજને એક પત્ર લખી પોતાનો અનુરાગ જણાવ્યો હતો, પણુ અનંગપાળ વાનપ્રસ્થ થતાં સુધી તે પત્ર ખોરંભે પડયો હતો. શશિવૃત્તાએ લખેલો પત્ર ઓતપ્રોત પ્રીતિથી ભરેલો હતો અને પૃથુરાજ તેવી પ્રીતિનો ખરેખર જાણુ હતો; એટલે તેને કન્યાની હોંસ પૂરવાની ઊમેદ થઇ. જુવાન સામંતોએ અનુમતિ આપી અને જેતસી પરમારની પુત્રી ઇચ્છિનકુમારીને આણે જે ચંદકવિ, અને રામરાય ગુર્જરને લઇ પોતે અચળ ગઢ ગયો હતો. તેજ સરદારો સાથે તે દક્ષિણુમાં ઉતરી પડયો. દેવગિરી તરફ ગયાના સમાચાર જાણુવામાં આવતાં, દ્વેષથી ધુંધવાઇ રહેલા જયચંદ્રે એક મોટી સેના આપી પોતાના સામંતને શશિવૃત્તા લઇ આવવા મોકલ્યો. પણુ જયચંદ્રનું સૈન્ય જઇ પહોંચતાં પહેલાં તો પૃથુરાજ શશિવૃત્તાને લઇ વિંધ્યાટવિમાં પાછો ફર્યો હતો. જયચંદ્રના સૈન્યે દેવગિરીને ઘેરો ઘાલ્યો. રાજાએ એક દૂત મોકલી પૃથુરાજની મદદ માગી. તેથી તેણે ચામુંડરાયને મોકલી જયચંદ્રના લશ્કરને મારી કાઢયું.

શશિવૃત્તા પૃથુરાજ ઉપર બહુ અનુરક્ત હતી અને તેના સમાગમથી તેની હોંસ દ્વિગુણિત થઈ હતી. તે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિ જે રીતે રંજન અને સુખી થાય તેમ કરતી. પોતાના નૃત્ય, ગાયન, વાદ્ય અને ચિત્રકળાથી; હાવ, ભાવ,કટાક્ષ,વિલાસ, પરિહાસ વચન અને સજીવ નિર્જીવ વિનીત પક્ષીની રમતો વિગેરે ચાતુર્યથી તેણે થોડાજ દિવસમાં પતિને પોતામાં તલ્લીન કરી મૂકયો હતો અને તેનીજ ઇચ્છાથી તે વિન્ધ્યાટવિમાં સુખ ભોગવતો રહ્યો હતો. રાણી શશિવૃત્તાની દાસીઓ અને સેવકો સુખોપભોગનાં સાધનો તૈયાર કરવામાં કુશળ હતાં; એટલે રાજા રાણીને તેઓ મન ગમતાં વિહારમાં અનુકુળ થઇ રહેતાં હતાં. એ સર્વ આ પતિ પ્રેમી સ્ત્રી શશિવૃત્તાની વ્યવસ્થાની ખૂબી હતી અને તેને લઇ તે સર્વ કાર્યમાં ફતેહ પામતી હતી.

શશિવૃત્તા બહુ ડાહી, વિવેકી, નમ્ર, પતિવ્રતા અને સમાનતાવાળી હતી. પતિને પ્રાણુસમાન અને સર્વસ્વ સમજતી હતી. શોકયોને બેન સમાન અને સાસુને માતા સમાન ગણી ચાલતી. પૃથુરાજને અનેક પ્રકારના સુખોપભોગ આપી આનંદી રાખવા માટે પોતાની મેળવેલી વિદ્યા--કળાનો ઉપયોગ કરતી. તેથી તે તેમનો અત્યંત પ્રેમ મેળવી શકી હતી. આ કળામાં તે પૃથુરાજની બીજી રાણીઓથી શ્રેષ્ઠ ગણાતી હતી. તેની આવી ચાતુર્યતાથી પૃથુરાજ તેને ઘણું ચાહતો અને માન આપતો હતો; એટલુંજ નહિ પરંતુ તે પોતાના ઉત્તમગુણોથી સાસુ કમળાદેવી અને પટરાણી ઇચ્છનકુમારી વગેરેને પણુ પ્રિય થઇ પડી

હતી. સૌનો તેના પ્રત્યે ઘણો પ્રેમભાવ હતો. જેમ કેટલીક રાણીઓ રાજાને પોતાના પ્રેમ પાસમાં સપડાવી પૂતળા જેવો બનાવી દેછે, અને બીજી તેમની રાણીઓ (પોતાની શોક્યો.) પ્રત્યે તિરસ્કારની લાગણી ઉત્પન્ન કરાવી અણુમાનેતી બનાવી દેછે, તેવા વિચારની શશિવૃત્તા નહોતી. તે સમજતી હતી કે જેટલો પતિ તરફથી સુખ ભોગવવાનો મારો હક છે, તેટલોજ તેની બીજી રાણીઓનો પણ છે. તો શામાટે દ્વેષભાવથી તેના સુખમાં આડે પડવું જોઇએ ? ભલે પોતપોતાના ગુણ પ્રમાણે પતિ તરફનું સુખ પામે, તેમાં દ્વેષ કરવાનું કશું કારણ નથી. તેમ પતિને પોતાના પ્રેમમાં મુગ્ધ રાખી, તેને તેના કર્તવ્ય કર્મથી વિમૂખ કરવો એ પણ પતિવ્રતા ઓનો ધર્મ નથી, એમ સમજી પૃથુરાજને સારી રીતે રાજ્ય ચલાવી પ્રજાપ્રિય થવાને ઉશ્કેરતી; એટલુંજ નહિ પરંતુ યુદ્ધ પ્રસંગે પણ વીરજુસ્સાથી સત્ય વચનો કરી શૌર્ય ઉત્પન્ન કરતી; વગેરે પ્રકારે પોતાની ફરજ અદા કરી મહત્તાને પામી હતી. આ પરથી તેનો પતિપ્રત્યે ભક્તિભાવ કેવો હતો તે સિદ્ધ થાય છે. સ્ત્રીઓનો ધર્મ છે કે સુખ દુઃખમાં પોતાના પતિને સહાયકારક થવા અને તેમને સુખોપભોગ આપી આનંદી રાખવાને ધર્મપત્ની તરિકે પોતાનું કર્તવ્ય કરવા માટે બાળપણથીજ યોગ્ય વિદ્યા-કળાનો અભ્યાસ કરી પ્રવિણ થવું જોઇએ. એ સર્વ માટે શશિવૃત્તા એક ઉત્તમ દૃષ્ટાંતરૂપ અમર નામના રાખી ગઇ છે.

શશિકળા.

આ સતી સ્ત્રી કાશીના રાજા સુબાહુની પુત્રી હતી. તે મહા સૌન્દર્યવાન, તેજસ્વી, સ્વભાવે શાંત, બુદ્ધિશાળી, નીતિવાન, હિંમતવાન, ચાલાક, ધાર્મિક, વિદ્વાન, અને ચતુર હતી. તેના પિતા સુબાહુએ તેની કેટલીક સખીઓ સાથે તેને ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરવાને રાખી હતી. ત્યાં ઋષિ પત્નીઓ, ઋષિબાળાઓ અને ઋષિમુનિયોના નિરંતર સહવાસ અને શિક્ષણથી અનેક વિદ્યામાં નિપુણ થઇ હતી. તેમાં ધર્મનીતિ, વ્યાકરણ અને રસાયણ શાસ્ત્રમાં શ્રેષ્ઠ ગણાતી હતી. તે ભરજુવાનીમાં આવતાં, તેનો પિતા વિવાહ કરવા માટે ઘણો આગ્રહ રાખતો હતો; પરંતુ તે સ્વતંત્ર વિચારની હતી. તે માત્ર એકલા રૂપવાન પુરૂષ કરતાં, ગુણવાનને વધારે ચાહતી હતી. તેના પિતાએ કેટલાક રાજકુમારો બતાવ્યા, પણ તેમાં તેણે કોઇને પસંદ કર્યો નહોતો. તે પોતાને મનમાન્યો પતિ ન મળે, ત્યાં સુધી પરણવાને ઇચ્છતી નહોતી. તે નિત્ય પ્રાતઃકાળમાં ઉઠી સ્નાન કરી શિવપૂજન કરતી અને પવિત્ર બ્રાહ્મણોને દાન આપતી. એ કાર્યથી પરવારી પિતાએ સોંપેલાં અતિથિ સેવા, રાજમહેલની વ્યવસ્થા, ભોજનશાળાની દેખરેખ અને વિદ્વાનોને

આશ્રય આપવાનું કામ વગેરે કાર્યો કરતી. નવરાશ મળતાં સખીઓ સાથે બેસી ધર્મનીતિ અને તત્વજ્ઞાનના ગ્રંથો વાંચી મનન કરતી. સાયંકાળ થતાંજ પાછી શિવપૂજનમાં દાખલ થતી. ખરેખરી તે એક તપસ્વિની જેવીજ હતી. પોતાના જીવનનું સાર્થક શેમાં છે, તે સમજી તે પ્રમાણે વર્ત્તવા તત્પર રહેતી. પોતાને રૂપ ગુણે યોગ્ય પતિ મળે તોજ પરણવું, નહિ તો તપસ્વિની રીતે ધર્મ કર્મમાં કાળ ગાળવો એવો તેણે નિશ્ચય કર્યો હતો. એક સમયે સુબાહુ રાજા પોતાના કુટુંબ સાથે ઋષિઓનાં દર્શન કરવાને નીકળ્યો હતો. શશિકળા પણ પોતાની સખીઓને સાથે લઈ ગઇ હતી. રાજા ફરતો ફરતો ભરદ્વાજ ઋષિના આશ્રમમાં આવ્યો. ઋષિને પ્રણામ કર્યાં. ઋષિએ ઘણો સત્કાર કર્યો. રાજા ત્યાં થોડા દિવસ રહ્યો.

શશિકળા પોતાની સખીઓ સાથે પાસેના ઉપવનમાં ફરવા ગઈ હતી; ત્યાં ઋષિ કુમારો સાથે રમતો એક મહા તેજસ્વી, સુકોમળ અને ભવ્ય દેખાવનો યૌવનાવસ્થામાં આવેલો બાળક જોવામાં આવ્યો. તેનું મનોહર રૂપ, બોલવા ચાલવાની છેટા અને વીરતાનાં લક્ષણો વગેરે ગુણો જોઇને તેનેજ પતિ કરવાનો મનથી નિશ્ચય કર્યો. આ પોતાનો નિશ્ચય માતાને વિદિત કર્યો. તેની માતાએ પોતાના પતિ સુબાહુ રાજાને વાત કહી. રાજાએ તપાસ કરતાં માલુમ પડયું કે;—" આ કુમાર સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુલોત્પન્ન **ધ્રુવસંધિ** નામે અયોધ્યાના રાજાનો છે. તેની બે રાણીઓમાં **મનોરમા** નામે પટરાણીનો **સુદર્શન** અને બીજી **લીલાવતી** નામે રાણીનો **શત્રુજીત** છે. ધ્રુવસંધિ રાજા અરણ્યમાં મૃગયા રમવાને ગયો હતો; ત્યાં તે સિંહના સપાટામાં આવતાં મરણે પામ્યો હતો. આ ખબર અયોધ્યામાં આવતાં તેની ઉત્તર ક્રિયા કરીને **વશિષ્ટ**ઋષિ અને મંત્રીઓએ સુદર્શન જે જયેષ્ઠ રાણીનો પુત્ર હતો, તેને રાજ્યાભિષેક કરવાનો વિચાર કર્યો. તેવામાં મનોરમાના પિતા કલિંગદેશાધિપતિ **વીરસેન** અને લીલાવતીના પિતા અવંતીદેશાધિપતિ યુધાજિત આવ્યા. બેઉ વચ્ચે ગાદી માટે તકરાર થતાં લડાઇ થઇ, તેમાં કલિંગદેશાધિપતિ હાર્યો, યુધાજીતે શત્રુજીતને ગાદીએ બેસાડયો. રાજ્ય ગાદીનો ખરો હકદાર સુદર્શન હતો, પરંતુ પદભ્રષ્ટ કર્યો; એટલુંજ નહિ પરંતુ તેને મારી નાખવાનો પ્રપંચ આદર્યો હતો. તેથી મનોરમા રાણી વિદલ્લનામે પ્રધાનની સહાયતાથી અયોધ્યાથી ગુપ્તપણે પોતાના પુત્ર સુદર્શનને લઇ ચિત્રકૂટપર ભરદ્વાજ ઋષિના આશ્રમમાં આવી રહી છે. સુદર્શનને ઋષિએ પાળી પોષી, ભણાવી ગણાવી જનોઇ આપ્યું છે. આવી અવસ્થામાં તે રાજકુમાર ઋષિની કૃપાથી ધનુર્વિદ્યા વગેરેમાં મહા કુશળ થયો છે."

સુબાહુ રાજા આ સર્વ વૃત્તાંતથી વાકેફ થયો, તેનાં મનમાં આવ્યું કે આવા નિરાધાર રાજકુમાર સાથે આ મારી સદ્દગુણી અને સુકુમાર લાડકી બાળકીને કેમ અપાય ? આવો મન સાથે વિચાર કરી રાજા રાણીએ શશિકળાને બોલાવી કહ્યું કે;—" પુત્રી ! તું આવા દુઃખી રાજપુત્રને પસંદ નહિ કરતાં, બીજા કોઇને

પણ પસંદ કર, તે સાથે તને પરણાવીએ." વગેરે ઘણું કહ્યું, પણ તેણે માન્યું નહિ. કેટલાક રાજાઓનાં માગાં આવ્યાં, તેમાંથી પણ કોઇને પસંદ કર્યો નહિ. પછી સુબાહુ રાજાએ દેશ પરદેશના રાજાઓને આમંત્રણ પત્રિકાઓ મોકલાવી સ્વયંવરની તૈયારી કરી. શશિકળા પિતાને પોતાની મરજી વિરૂદ્ધ કરતો જોઇને ઘણો ખેદ પામી. તેણે તુરત એક બ્રાહ્મણને ભરદ્વાજ ઋષિને આશ્રમે સુદર્શન પાસે મોકલાવી જણાવ્યું કે;—"હે રાજકુમાર! હું આપને મનથી વરી ચુકીછું. મારો પિતા મારી ઇચ્છા વગર સ્વયંવર કરે છે, પણ મેંતો મારો દેહ આપને અર્પણ કરેલો છે. માટે સત્વર આવી મને વરો, નહિતો હું મારો પ્રાણ ત્યાગ કરી આપને હત્યા આપીશ." આ સંદેશો સાંભળી સુદર્સન વિચારમાં પડયોકે;—"જો હું વખતસર નહિ પહોંચું તો તે સ્ત્રી પોતાનો પ્રાણ ત્યાગ કરશે અને મને સ્ત્રી હત્યા લાગશે. માટે જવું એ ઉત્તમ છે." એવો મનસુબો કરી શૃંગવેરના કિરાતાધિપતિ પાસે વિદલ્લ પ્રધાનને મોકલી એક રથ મંગાવ્યો અને કાશી જઇ પહોંચ્યો. સુબાહુરાજાએ બીજા રાજાઓના જેવોજ તેનો પણ સત્કાર કર્યો. અવંતી દેશનો યુધાજીત્ત પણ પોતાના દોહિત્ર શત્રુજીતને અયોધ્યેથી તેડી આવ્યો હતો.

સ્વયંવર મંડપમાં સૌ રાજા આવી બેઠા. પછી સુબાહુ પોતાની કન્યાને મંડપમાં આવવાનો આગ્રહ કરવા લાગ્યો, પણ તેણે આવવાની સાદ ના પાડી. રાજાએ કહ્યું કે;—"તું મંડપમાં આવી તારી મરજીમાં આવે તેને વરજે." શશિકળાએ કહ્યું;—"મારે ત્યાં આવવાની ના નથી, પણ મંડપમાં હું બીજું કંઇપણ કરવાની નથી. મેં તો તમોને પ્રથમથીજ જણાવેલું છે, છતાં તમોએ મારી મરજી વિરૂદ્ધ સ્વયંવર કર્યો તો ભલે, પણ હું જેને પસંદ કરી મનથી વરી ચુકીછું, તેને ફરી પસંદ કરવાનો ડોળ કેમ કરી શકું! તેમ મારે બીજા કોઇને વરવાની ઇચ્છા નથી. માટે મારા મનમાં જે ધારેલો છે તેજ મારો પતિ છે, તેની સાથે પરણાવશો તોજ મારે પરણવું છે, નહિતો મારે પરણવાની ઇચ્છા નથી." આ સાંભળી સુબાહુ ચિંતામાં પડયો અને આ ભેળા થયેલા રાજાઓને હવે શું કહેવું તેનો વિચાર કરવા લાગ્યો; પરંતુ તે વખતે ધૈર્ય રાખી મંડપમાં ગયો અને સર્વે રાજાઓ પ્રત્યે વિનય પૂર્વક જણાવ્યું કે;—"આજે મારાપર કૃપા કરી સૌ સૌને ઉતારે જાઓ, આજે મારી કન્યા મંડપમાં આવશે નહિ." એ સાંભળી સૌ રાજા પોત પોતાને ઉતારે ગયા. સર્વ રાજાઓના ગયા પછી સુબાહુએ શશિકળાને બહુ સમજાવી, પણ તેણેતો તેજ જવાબ આપ્યો અને વિશેષમાં જણાવ્યું કે;—"આજ રાત્રે મારો ગુપ્ત પણે સુદર્શન સાથે વિવાહ કરીદીઓ. પછી આપે કશી ચિંતા કરવાની નથી. એ અહીં એકલો આવેલ છે, પણ તે મહાસમર્થ છે. સર્વે રાજાઓનો પરાજય કરી આપને યત્કિંચિત્ પણ ઉપદ્રવ થવા દેનાર નથી. એ તમે નિશ્ચય સમજો." પુત્રીનાં આવાં વચનથી તેમજ સુદર્શનનાં સુલક્ષણ જોઇ, તેણે

રાત્રિમાં સુદર્શન સાથે શશિકળાનો વિવાહ કર્યો. પ્રાતઃકાળ થતાં આ સર્વ સમાચાર રાજાઓને થયા. તેથી તેઓ પોતાનું અપમાન થયેલું માની ક્રોધાયમાન થયા. યુધાજીત શત્રુજીતને અગ્રેસર કરીને સર્વ રાજાઓ સાથે મળી લડાઇ કરવાને તૈયાર થયો. તેની સામે સુબાહુ પણ સુદર્શનને લઇ યુદ્ધ કરવા ગયો. સુદર્શને સર્વ રાજાઓને હરાવી યુધાજીત અને સત્રુજીતને ઠાર માર્યા. એ બે મરણ પામતાંજ બીજા સર્વ રાજાઓ સુદર્શનને શરણે આવ્યા. સુબાહુએ સર્વ રાજાઓની સમક્ષ ધામધૂમથી સુદર્શન સાથે શશિકળાને સાસરે વળાવી. આ વર વધૂ ભરદ્વાજ ઋષિનો આશિર્વાદ મેળવી અયોધ્યા આવ્યાં. મંત્રીઓએ સુદર્શનને રાજ્યાભિષેક કરી ગાદીએ બેસાડયો. શશિકળા પોતાની સાસુ **મનોરમાને** માતા પ્રમાણે ગણી સેવા કરવા લાગી. તેમજ લીલાવતીને પણ સાસુ પ્રમાણે માન આપી સેવા કરતી. તેણે પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી પતિનો અત્યંત પ્રેમ સંપાદન કર્યો. પતિ પત્ની પ્રેમથી એક રૂપ જેવાં હતાં. આ પવિત્ર દંપતિ અનેક મહાન્ કૃત્યો કરી પ્રખ્યાત થઇ ગયાં છે. જેના ગુણોનું ગાન મહાન્ કવિજનોએ આર્ય ગ્રંથોમાં ગાયેલું છે. સતી શિરોમણિ શશિકળા એક મહાન્ પતિવ્રતા અને એક વંચની સ્ત્રી હતી. તેણે સુદર્શનના ઉત્તમ લક્ષણોની પરીક્ષા પોતાની વિદ્વતાને બળે તેમના શરીરનાં ચિન્હો, લક્ષણો—ગુણો અને વિદ્વતા; વગેરે જોઇનેજ નિશ્ચય કર્યો હતો, કે તે આગળ જતાં એક મહાન્ રાજા તરીકે પ્રસિદ્ધ થઇ પૂજાવાનો છે. આ સર્વ વિચાર કરીને તે સાથે મનથી વરી ચૂકી હતી, અને છેવટ તેનેજ પરણી સુખી થઇ હતી. આ શું તેની ઓછી પતિપરાયણતા અને બુદ્ધિચાતુર્યતા છે? ધન્ય છે તેમને! અને ધન્ય છે તેમના માતા પિતાને!! કે તેઓએ પોતાની પુત્રીને તેના ઇચ્છેલા પતિ સાથે પરણાવી સુખી કરી.

ઋષિદર્શા.

આ પ્રખ્યાત ધાર્મિક સાધ્વી સ્ત્રી બંગાલામાં માલદહની અંદર ગૌડમાં રહેતા **રામાનંદ** ગોસ્વામીની ધર્મપત્ની હતી. રામાનંદ એક પ્રખ્યાત પરમ ધાર્મિક વૈષ્ણવ હતો. ઋષિદર્શાને **સુનીતિ** પણ કહેતા હતા. આ સાધ્વી સ્ત્રી પરમ દયાળુ, ધાર્મિક, ઉદાર, હિંમતવાન, નીતિવાન, રૂપસુંદર, પતિવ્રતા અને ધર્મશાસ્ત્રમાં નિપુણ હતી. તેના ઘરમાં એક મોટી અતિથિ શાળા હતી. તેના ઉપકારથી અને દાનુશીલતાથી માલદહમાં કોઇને પણ કદી અન્નનું કષ્ટ સહન કરવું પડતું નહોતું. દેશના કોઇ દુઃખી દરિદ્રીને અનાજની ખોટ પડતી તો પરમ વૈષ્ણવી ઋષિદર્શા તરત તેના ભરણ પોષણનો બંદોબસ્ત કરતી. એ મહા સદાચરણી સુસંતાનની કામનાથી

વિવિધ પ્રકારનાં વ્રતાલંબન અને સદનુષ્ઠાન કરતી. ગામથી ચારે દિશાએ એક એક કોશની અંદર કોઇ દીન દુઃખી અનાથ ભૂખ્યો છે કે નહિં, તેની શોધ કરવાને માટે દરરોજ બપોરે દશ બાર દાસ દાસીઓ મોકલતી. તેઓ જ્યારે ઘેર આવી કહેતી કે એક કોશની અંદર કોઇ ભૂખ્યું રહેલું નથી અથવા જે ભૂખ્યાં હતાં તેઓને અનાજ આપ્યું છે, ત્યારે આ સતી પોતાને હાથે રસોઇ કરીને પ્રથમ પોતાના સ્વામિને ભોજન કરાવીને પછી પોતે ખાતી. પાતિવ્રત્ય ધર્માનુરોધે ખાવાના સંબંધમાં પણ પતિનું અનુસરણ કરતી. સૌ તેને દેવી કહીને બોલાવતાં અને પૂજ્ય ગણી માન આપતા હતા. માલદહ, દિનાજપુર, રંગપુર, પૂર્ણિયા એ ચાર જિલ્લાના ઘણા જમીનદારો અને ધનવાન માણસો તેના શિષ્ય હતા. એ ચાર જિલ્લામાં રામાનંદની ઘણીક બ્રહ્મત્ર એટલે ધર્માદા જમીન હતી. તે સઘળી જમીનની વાર્ષિક ઉપજ પચાશ હજારથી ઓછી નહોતી. રંગપુર, દિનાજપુર, અને પૂર્ણિયા વગેરેના જમીનદારો અને ધનાઢ્ય મનુષ્યો તેમને ઘણુંજ સન્માન આપતા હતા. પુષ્કળ જમીનદારો વિવાહ અને શ્રાદ્ધ ઇત્યાદિ અવસર ઉપર આ પવિત્ર દંપતીને પોતાને ઘેર પધરાવવા માટે હાથી, ઘોડા અને સિપાઇઓ વગેરે તેડવાને મોકલતા; પરંતુ તેઓ તેમનું નિમંત્રણ રક્ષા કરવાનો અવકાશ પણ પામતા નહોતાં; કારણ કે તેમના ઘણા શિષ્ય હતા. દર વર્ષે એક એક વાર સઘળા શિષ્યોને ઘેર જવા પણ સમર્થ થતાં નહોતાં, એવાં તેઓ પૂજ્ય અને માન્ય ગણાતાં હતાં.

ઋષિદર્શી દર વર્ષે શિયાળામાં કંગાલ ગરીબોને ગરમ કપડાં આપીને તેઓનું કષ્ટ નિવારણ કરતી. ગરીબોને ગરમ કપડાં આપવાને માટે દર વર્ષ હજારો રૂપિયા ખર્ચ થતા હતા. અન્નવસ્ત્ર આપીને હજારો ગરીબોનું પ્રતિપાલન કર્યું હતું. આવી ધાર્મિકતાથી તે આખા બંગાલામાં પ્રસિદ્ધ હતી. તેમને પેટે **પ્રેમાનંદ** નામે પુત્ર અને **પ્રભાવતી** નામે પુત્રી એ બે સંતાનો અવતર્યાં હતાં. તેઓ બાળવયમાં તેમના હાથ નીચે ઉછરી શિક્ષણ પામી સદાચારી થયાં હતાં. પ્રેમાનંદ વીશ વર્ષની ઉમર પૂરી થતાં પહેલાંજ સાહિત્ય, ન્યાય અને દર્શન વગેરે ઘણાં શાસ્ત્રમાં વિશેષ કુશળ થયો હતો. તેનો માતા પિતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેમની પત્નીનું નામ **સત્યવતી** હતું. તેના ઉપર ઋષિદર્શીની અત્યંત પ્રીતિ હતી. તેને પોતાની પુત્રી પ્રભાવતીની પેઠેજ પુત્રીતુલ્ય ગણી પ્રેમથી ચાહતી અને તેના સુખ માટે કાળજી રાખતી હતી. તેણે કદિ પણ સાસુભાવ બતાવ્યો નહોતો. તેમને સારી સારી શિખામણ આપી સદ્ગુણ સંપન્ન કરી હતી. આખો દિવસ લોકો ઉપર ઉપકાર કરતી. રોગીની સેવા ચાકરી કરતી, શોકથી બળેલા આત્માને શાન્તવના આપતી, સ્ત્રીઓને પતિ ભક્તિ શિખવતી, પતિને સ્ત્રીની કોમળ પ્રકૃતિનો ભાવ સમજાવીને પત્નીના ઉપર અકૃત્રિમ સ્નેહ દેખાડવો જોઈએ

એવો ઉપદેશ આપતી, મુસાફરોને માર્ગમાં પાણી પીવાની સગવડ કરતી, બાલિકાઓને નીતિનું શિક્ષણ આપતી, અને છોકરાઓને શિખામણ દેતી, વગેરે ઉત્તમ કાર્યો કરવામાં દિવસો નિર્ગમન કરતી. તે ગામની માતૃ વગરની માતા, પિતૃ વગરનો પિતા, બેન વગરની બેન, મૂર્ખનો શિક્ષક, રોગીનો વૈદ્ય, મિત્ર રહિતનો બંધુ અને બાળક બાળિકાનો ઉપદેશક હતી. ગામના તમામ લોકો ઋષિદર્શાને હૃદયની સાથે ચાહતા. કોઈ પણ તેની સલાહ લીધા વગર કદી પણ કંઈ કામ કરતાં નહિ. તેમના આ સર્વ ઉત્તમ ગુણની પ્રશંસા ચોતરફ થતી હતી. વગેરે મહત્ત પરમાર્થનાં કાર્યો કરીને ઈ. સ. ૧૭૬૧ માં પરલોકવાસી થઈ. તે દેશમાં સતધાર્મિણી કહેવાઈ સુદૃષ્ટાંત રૂપ અમર કીર્ત્તિ રાખી ગઈ છે. ધન્ય છે આવી પરોપકારી સાધ્વી સ્ત્રીને ! ! !

તિલોત્તમા.

આ પતિવ્રતા સ્ત્રી બંગાલામાં આવેલા ગડમાંદારણના રાજા વીરેંદ્રસિંહની પુત્રી હતી. રાજા વીરેંદ્રસિંહ ઈ૦ સ૦ ૧૫૯૨ માં રાજ કરતો હતો. ગડમાંદારણનો કિલ્લો ઘણો મજબૂત હતો. તે દામોદરા નદીને કિનારે આવેલો હતો. તિલોત્તમા બાળક હતી, ત્યારે તેની મા ગુજરી ગઈ હતી. તેથી તેની ઓરમાન મા વિમળાએ ઉછેરી મોટી કરી હતી. વિમળા તેના ઉપર ઘણીજ પ્રીતિ રાખતી હતી અને તિલોત્તમા પણ તેના ઉપર ઘણોજ ભક્તિભાવ અને પ્રેમ રાખતી હતી. તે ઘણી રૂપાળી, તેજસ્વી, ચતુર, ઉત્સાહી, બુદ્ધિવાન, ધાર્મિક, નીતિવાન, નમ્ર, કોમળ સ્વભાવની, દયાળુ, ભણેલી, ધૈર્યવાન, અને પતિવ્રતા હતી. અભિરામસ્વામી પાસે સંસ્કૃતનો અભ્યાસ કરી ધર્મ શાસ્ત્રમાં કુશળ થઈ હતી. નિત્ય શિવપૂજન કરી દાન ધર્મ કરતી. એક વખતે સાંજે પોતાની પ્રિયમાતા વિમળાને સાથે લઈ ગામથી એક મૈલ દૂર ઝાડના ઝુંડમાં આવેલા શ્રીશૈલેશ્વર મહાદેવની પૂજા કરવાને ગઈ હતી; ત્યાં વીજળીના ચમકારા સાથે ઝરમર ઝરમર વરસાદ પડવા લાગ્યો. તેથી એ બંને મંદિરમાં બેસી રહ્યાં. આ વખતે દિલ્હીની ગાદીપર અકબર પાદશાહ હતો. બંગાલા અને બહારપ્રાંતમાં બળવો ફાટ્યો હતો, તેને સમાવી દેવા માનસિંહને મોકલ્યો હતો. તે વિષ્ણુપુર પાસે છાવણી નાખી પડ્યો હતો. તેવામાં ગડમાંદારણની પેલી તરફ પઠાણો લુટફાટ કરવાના ખબર મળતાં, તેણે પોતાના પુત્ર જગતસિંહને ઘોડેસ્વારનું લશ્કર આપી મોકલ્યો હતો. તે પોતાનું કામ પૂર્ણ કરીને છાવણીમાં જતો હતો. માર્ગમાં તે પોતાના લશ્કરથી એકલો આગળ આવતો હતો. તેમાં તે એક માર્ગે અને બીજે માર્ગે લશ્કર આવ્યું હતું.

જગતસિંહ પવન અને વરસાદના તોફાનથી પોતાના ઘોડાને ઝાડ તળે બાંધી આ મંદિરમાં આવી ચડ્યો. તે જુવાનની ઉમર ૨૫ વર્ષની હતી. તેની છાતી પહોળી, શરીરની કાન્તિ મહા તેજસ્વી અને ભવ્ય હતી. કમરે તલવાર ઝૂલતી હતી, એક હાથમાં મોટો ભાલો હતો, માથા પર ફેંટો, તેના ઉપર એક હીરો હતો; કાનમાં મોતીનાં કુંડળ અને ગળામાં રત્નનો હાર હતો. તેથી વિમળા અને તિલોત્તમાએ જાણ્યું કે, આ કોઇ રાજકુમાર છે. તિલોત્તમા તેમને જોઇ ઘુમટો કાઢી ઉભી થઇ. તેણે હાથમાં હીરાથી મઢેલાં કંકણો અને ઉત્તમ પોશાક પહેર્યો હતો. રત્નના અલંકારો પહેરેલાં જોઇ જગતસિંહે જાણ્યું કે; આ કોઇ મોટા કુળની સ્ત્રીઓ છે; પરંતુ આ વખતે એક બીજાની ઓળખાણ આપી નહોતી. તિલોત્તમા વિમળાની પાછળ રહી તાકીને જોતી હતી, વાતચિત કરતાં અકસ્માત્ રાજકુમારની દૃષ્ટિ પણ તેની દૃષ્ટિ સાથે મળી. રાજકુમાર તેને જોઇ ચકિત થયો, તેણે જાણ્યું કે આવું અલૌકિક રૂપ મેં કદિ જોયું નથી અને જોઇશ પણ નહિ. તિલોત્તમાની આંખ સાથે રાજકુમારની આંખ મળવાથી પરસ્પરમાં પ્રેમ ભાવ ઉત્પન્ન થયો. તિલોત્તમાએ મનથી તેમનેજ વરવાનો નિશ્ચય કર્યો. વિમળા મનમાં સમજી ગઇ. પછી બોલી;—હવે વરસાદને તોફાન બંધ થયાં છે, માટે ઘર તરફ જઇએ. રાજકુમાર! તમે ઓળખાણ આપી છે, પણ અમે ઓળખાણ આપી નથી. તેનું કારણ છે, તે આજથી પખવાડીઆ પછી મને અહીં મળશો ત્યારે કહીશ. દેવ આપની રક્ષા કરો. એમ કહી પ્રેમપૂર્વક નમ્રતાથી પ્રણામ કર્યો. જગતસિંહ તિલોત્તમા તરફ નિહાળતો ચાલતો થયો, તિલોત્તમાની દૃષ્ટિ પણ તેના તરફજ હતી.

તિલોત્તમાની ઉમર આ વખતે ૧૬ વર્ષની હતી, તેની મનોરંજનિ મુખમુદ્રા જોઇ સૌ ચકિત થતાં હતાં. તે ધ્યાન અને સ્મરણ જગતસિંહનું કર્યા કરતી હતી, તેનું ચિત્ત એનામાં લાગી રહ્યું હતું તેણે મનથી તેનેજ પતિ માની લીધો હતો. પોતાના તન, મન અને પ્રાણ તેને અર્પણ કર્યાં હતાં. તેના સિવાય તેના હૃદયમાં બીજા કશાનો વાસ નહોતો. તેમ વાંચતી કે ન લખતી; હરણ, સારસ, બતક વગેરે જે એને પ્રિય હતાં, તેની સંભાળ લેવી મૂકી દીધી હતી. તેના હાથથી ઉછરેલાં વૃક્ષો પણ પાણી વિનાં સુકાવા લાગ્યાં. માત્ર એક ધ્યાન અને પ્રાણ પતિ તરીકે માની લીધેલા જગતસિંહમાંજ લાગી રહ્યાં હતાં. આવી તેની સ્થિતિ જોઇ વિમળા વિચારવા લાગી કે; હવે તિલોત્તમાનું ચિત્ત જગતસિંહમાં લાગી રહ્યું છે, પણ જગતસિંહનો તિલોત્તમા પ્રત્યે કેવો પ્રેમ છે, તેની પરીક્ષા કરવી જોઇએ. તેજ કારણથી ઓળખાણ ન આપતાં પખવાડીએ મળવાનું વચન લીધું હતું. વળી તેટલી મુદતમાં વીરેંદ્રસિંહ અને અભિરામસ્વામીની સલાહ લેવાનું ધાર્યું હતું. જગતસિંહ પોતાની છાવણીમાં ગયો, ત્યાં તેમને ખબર થયા કે પઠાણો ફરી ધરમપુર પાસે છાવણી નાંખી આસપાસ લૂંટફાટ કરે છે, એવા ખ-

ખબર મળતાંજ તે પાંચ હજાર માણસનું લશ્કર લઇ નીકળ્યો. વીરેંદ્રસિંહે પઠાણોનો પક્ષ તજી દીધો હતો. તેથી તેઓ તેમના ઉપર વેર લેવાને તાકી રહ્યા હતા. જગતસિંહે પંદર દિવસે શ્રીશૈલેશ્વરના મંદિરમાં મળવાનું વચન આપ્યું હતું, તે પ્રમાણે આવ્યો. વિમળા પણ તે રોજ જઇને મળી. બેઉ વચ્ચે વાતચિત થતાં તિલોત્તમા પાસે એક વાર આવી જવાને સમજાવ્યો. વિમળા અને જગતસિંહ કિલ્લાના ગુપ્ત માર્ગે થઇ અંદર આવી તિલોત્તમાને મળ્યાં. થોડીવાર આનંદમાં ગાળી. રાત અંધારી હતી, તેવામાં ગંભિર રણશિંગડું વાગ્યું. તેથી વિમળા વીરેંદ્રસિંહને ચેતવવા દોડી, તેવામાંતો પઠાણો કિલ્લામાં ફરી વળ્યા. તેણે લૂટ ફાટ કરવા માંડી. હુસમાન નામે કતલુખાંનો ભત્રીજો જે સેનાપતિ હતો, તેણે વિમળાને દોડીજતી પકડી એક સિપાઇની ચોકીમાં રાખી. વીરેંદ્રસિંહને ઓચિંતો પકડી કેદ કર્યો. વિમળાએ સિપાઇને ભોળવી નાશી છૂટી જગતસિંહને જાણ કરી. જગતસિંહ ઓરડામાંથી ખૂલી તરવારે બહાર આવ્યો, તેવામાં પઠાણોએ તેને ઘેરી લીધો, બે હાથે તરવાર ફેરવતાં તેણે ઘણાને મારી નાંખ્યા, પણ 'એકનું ઓસડ બે' પઠાણો ઘણા હતા, તેનાથી જગતસિંહ ઘવાણો અને બે શુદ્ધ થઇ નીચે પડયો. હુસમાન અને બીજા પઠાણોએ તેને ઉપાડી એક ભવ્ય ઓરડામાં પલંગપર સુવાડયો.

સુશીલ તિલોત્તમા આ બનાવથી બેશુદ્ધ પડી હતી, તેને ખોળામાં લઇ વિમળા બેઠી હતી. હુસમાને તેમને કાંઇ પણ હરકત નહિ કરતાં દિલાસો આપી બેઉને જુદા જુદા ઓરડામાં રાખી. બિચારી તિલોત્તમા શોકસાગરમાં પડી રડયાં કરતી હતી અને પોતાના પ્રાણપતિની શીવલે હશે, તેનો વિચાર કર્યા કરતી હતી. જગતસિંહને જલદી સાજો કરવાના ઉપાયો પઠાણો કરવા લાગ્યા. તેની સારવારમાં કતલુખાંની કન્યા આયેષા નિરંતર રહેવા લાગી. હાથે ઓસડ ચોપડતી અને પંખાવતી પવન નાખતી. હુસમાન પણ હમેશાં હાજર રહેતો, હકીમના ઉપચારથી ધીરે ધીરે સાજો થતો ચાલ્યો. તે વીરેંદ્રસિંહ અને તિલોત્તમાની ખબર ન મળવાથી દીલગીર થતો હતો. આયેષા તેની સેવા બહુજ કરવા લાગી. આખો દિવસ તેની પાસેજ રહેતી. જ્યારે તેનીમા બોલાવવાને દાસી મોકલતી, ત્યારેજ જતી. આયેષા રૂપસુંદર મનોહર મૂર્તિ હતી. રૂપ ગુણે તિલોત્તમા કે વિમળાથી ઉતરે એવી નહોતી. તે યુવરાજની મધુરાકૃતિ અને શૂરવીર પણું જોઇ તેનેજ વરવાને ઇચ્છતી હતી. તેણે ધાર્યું હતું કે પરણવું તો તેની સાથેજ, નહિતો કુંવારાં કાળ ગાળવો. પણ જગતસિંહ નીતિવાળો અને ધાર્મિક હતો. તે સમજતો હતો કે જેને મેં પ્રેમ અર્પણ કર્યો છે અને જેને મેં મારૂં અર્ધું અંગ આપી અર્ધાંગના કરી છે, તે સિવાય બીજાને પ્રેમ અને અંગ ક્યાંથી આપી શકું! તે આયેષાને બેન કહીનેજ બોલાવતો હતો. યુવરાજ પોતાનો પ્રેમ ન આપે, તોપણ આયેષાએ તેનું ભલું કરવાનો નિશ્ચય કર્યો હતો, અને ભક્તિ કરતી હતી. જગતસિંહને હવે આરામ થવા લાગ્યો હતો, તેને

આરામ કરવા સૌ વધારે કાળજી રાખતા હતા; તેનું કારણ કતલુખાં સમજતો હતો કે, જો કુંવરનો પ્રાણ જશે, તો તેનો શૂરવીર પિતા માનસિંહ તેનું વેર લેશે અને જીવતો કેદમાં રહેશે, તો સલાહ કરવામાં આપણે લાભ મેળવી શકીશું. એવા વિચારથી નિરંતર હકીમ હાજર રાખી તેના માન મરતબો જાળવતા હતા.

વીરેંદ્રસિંહ વીર રાજપૂત હતો. તે કલંક લગાડવા કરતાં મરણને વધારે ચાહતો હતો. કતલુખાંએ જે જે માગણી કરી, તે તેણે પસંદ નહિ કરતાં ધિક્કારી કાઢી. તેથી તેને ગરદન મારવાની આજ્ઞા કરી. વિમળાએ હુસમાનને પોતાના ઉપકાર તળે લીધો હતો. કેટલીક વાતચિત થતાં હુસમાને જાણ્યું કે, મને બાળપણમાં ચોરો ચોરી જતા હતા, ત્યાંથી આ વિમળાએજ બચાવ્યો હતો. તેથી તેને મા કહીને બોલાવતો હતો અને તેને માટે બનતું કરવાને કબુલ થયો હતો. વિમળા હુસમાનની સહાયતાથી પોતાના મરવા તૈયાર થયેલા પતિ પાસે ઘુમટો તાણી ઉભી રહી. તેને જોઇ વીરેંદ્રસિંહે કહ્યું;—વિમળે! આ સાંભળી વિમળાએ ઘુમટો કાઢી નાંખી સાંકળે બાંધેલા પતિના પગમાં જઇ પડી બોલી;—"સ્વામિન! પ્રભો! પ્રાણેશ્વર! આટલું બોલતાંજ ઉન્માદની પેઠે મોટે અવાજે કહેવા લાગી. સ્વામિન! કંઠરત્ન! ક્યાં જાઓ છો? અમને ક્યાં મૂકી જાઓ છો?" આ સાંભળી વીરેંદ્રસિંહની આંખોમાંથી દડદડ આંસુની ધારા પડવા લાગી અને વિમળાનો હાથ ઝાલી કહેવા લાગ્યો;—"વિમળે! પ્રિયે! તમે આ વેળાએ મને શા માટે રડાવો છો? શત્રુઓ જોશે તો મને મરવામાં ડરે છે એવું કહેશે. વિમળે! હું જાઉછું, તમે મારી પછવાડે આવો." વિમળા બીજા કોઇ સાંભળે નહિ એવા અવાજથી બોલી;—"આવીશ, પણ પહેલાં આ દુઃખનો બદલો લઇશ." વીરેંદ્રસિંહના મૂખ ઉપર હર્ષનું તેજ આવ્યું, પછી તે બોલ્યો, "શું તમે લઇ શકશો?" વિમળા જમણા હાથમાં તેની આંગળી ઝાલી બોલી;—"આ હાથથી! આ હાથનાં ઘરેણાં ત્યાગ્યાં; હવે તેનું શું કામ છે?" આમ કહી કંકણાદિક કાઢીને દૂર ફેંકી દીધાં. પછી બોલી;—"ધારદાર તલવાર સિવાય આ હાથમાં બીજા અલંકાર હવે પહેરીશ નહિ." વીરેંદ્રસિંહ બોલ્યો;—"તમે કરી શકશો, જગદીશ્વર તમારી મનકામના પુર્ણ કરો." વિમળા વીરેંદ્રસિંહના મૃત્યુપછી અદૃશ્ય થઇ ગઇ.

પવિત્ર મનની તિલોત્તમા અને વિમળા વીરેંદ્રસિંહના મૃત્યુથી શોકસાગરમાં ડૂબેલાં હતાં. તેમને કેદી જેવાંજરાખ્યાં હતાં. કતલુખાં ખરાબ બુદ્ધિનો હતો. તે કોઈ કિલ્લો કે ગામ જીતી લીધા પછી તેની અંદર કોઇ સુંદર સ્ત્રી કેદી તરીકે જોવામાં આવતી; તો તેને પોતાની સેવામાં લેવાને પ્રયત્ન કરતો. આ બે સુંદર સ્ત્રીઓને જોઇ તે મોહિત થયો હતો, તેથી તેમને પકડી પોતાના વિલાસ ઘરને સંભાળવા માટેનો વિચાર કરી જુદા જુદા ઓરડામાં રાખી હતી. વિમળાએ હુસમાનને મળી પોતાના છૂટકારા માટે જણાવતાં, તેણે કહ્યું કે;—કતલુખાંના જન્મ

દિવસે મોટી ધામધૂમ થશે, ત્યારે પહેરેગીરો ખુશીમાં મત્ત બનશે, તે દિવસે તમને છોડાવીશ. તમે તે દિવસે અંતઃપુરના દરવાજા ઉપર આવજો, ત્યાં કોઇ તમને આવી બીજી વીંટી દેખાડે, તેમની જોડે તમે બહાર નીકળજો. લ્યો આ વીંટી, પણ તમારી જોડે કોઇ સોબતણ હશે, તો કાંઇ સિદ્ધ થશે નહી. વિમળા સમજી કે તે તિલોત્તમાને સાથે લાવવાની મના કરે છે. મનમાંને મનમાં વિચાર કર્યો કે, ઠીક છે બે જણાં નહિ જઇએ તો તિલોત્તમા એકલીતો જશે, એમ વિચારી વિમળા વિદાય થઇ. હુસમાન જગતસિંહ પાસે ગયો અને પોતાની ઇચ્છા પ્રમાણે સલાહ કરવાની માગણી કરી, પણ રાજકુમારે કહ્યું કે;—હું તમારી ઇચ્છા પ્રમાણે સલાહ કરી આપવાનું કબૂલતો નથી. દિલ્હીના પાદશાહે અમને પઠાણો ઉપર જય કરવાને મોકલ્યા છે, પણ સલાહ કરવાને મોકલ્યા નથી, માટે અરજ કરશો નહિ. હુસમાને કહ્યું;— યુવરાજ! આપે રાજપૂતના જેવોજ જવાબ આપ્યો છે, પણ વિચાર કરીને જુઓ કે આપને છૂટવાનો બીજો રસ્તો નથી. યુવરાજે કહ્યું;—મારા છૂટવામાં દિલ્હીના પાદશાહનું શું થનારૂં છે? રાજપૂત કુળમાં ઘણા રાજપુત્રો છે, વગેરે જવાબ આપવાથી હુસમાન ચાલ્યો ગયો. જગતસિંહને કેદખાનામાં લઇ ગયા.

તિલોત્તમાં પવિત્ર મનની હતી, તેને કતલુખાંએ પોતાને સ્વાધીન થવાને ઘણી લાલચો આપી, પણ સુશીલ બાળાએ તેની સર્વ પ્રકારની લાલચો અને ધમકીને ધિક્કારી કાઢી. પોતાનો પ્રાણ જતાં સુધી પણ તેને વશ નહિ થવાનો નિશ્ચય કર્યો હતો. તે કતલુખાંની સામે દૃષ્ટિ પણ કરતી નહિ. તેનું મન તો નિરંતર જગતસિંહમાં લાગી રહ્યું હતું, તેના વિના તેને સર્વ શુન્યકાર ભાસતું હતું. પ્રાણાધાર પતિને શી રીતે મળું, તેનોજ વિચાર કરતી બેઠી હતી અને વખતો વખત ઉદાસ થઇ નિઃશ્વાસ નાખતી હતી. જગતસિંહ પણ તિલોત્તમાના વિચારમાં રહ્યા કરતો હતો, પણ તેને તેના તરફના કશા ખબર મળતાં નહોતા, તેથી ચિંતાતુર રહેતો હતો. કતલુખાંની જન્મ તિથી આવી. ગાન, તાન અને ખાવા પીવાની ધામધૂમ મચી રહી. સિપાઇઓ નિશામાં ચકચૂર બન્યા. રાત્રે તેથી પણ વધારે મસ્ત થયા હતા. સ્ત્રીઓને આજે ફરવાહરવાની છૂટ હતી. તેથી વિમળા જે ઓરડામાં તિલોત્તમા શોકાતુર બેઠી હતી, તે ઓરડામાં આવી. આવતાંજ ઓરડાના કમાડ બંધ કરીને બેઉ બેઠાં. માત્ર એક દિવો બળતો હતો. તિલોત્તમા ઘણીજ દુર્બળ થઇ ગઇ હતી. મોં ફીકું પડી ગયું હતું. એક મેલું અને સાદું લુગડું પહેર્યું હતું. માથું નહિ ઓળવાથી વાળમાં ધૂળ ભરાઇ હતી, શરીર ઉપર અલંકાર મુદલ પહેર્યા નહોતા, નિરંતર રડયાજ કરતી હતી. વિમળાએ ઘણી ધીરજ આપી. તિલોત્તમા બોલી;—" મા! હવે આ શરીર રાખીને શું કરૂં? માત્ર મનનો સંતાપજ થયો. વિમળા ગદ્દગદ્દ કંઠે થતી બોલી;— પુત્રી! હવે આજે એક ઉપાય છે; તિલોત્તમા બોલી;—ઉપાયની શી જરૂર છે?

વિમળા બોલી;—બેટા ! તું આજ સુધી કતલુખાંને શું ઓળખતી નથી ? તે દુરાત્માએ આજ સુધી આપણને શાંત પાડવાને અવસર આપ્યો હતો, પણ આજે એ અવસરની સીમા આવી રહી છે. તેણે આજે કહાવી મોકલાવ્યુંછેકે તમે નૃત્યશાળામાં આવજો. જો તે આપણને નૃત્યશાળામાં નહિ જુએ, તો કોણ જાણે શું પરિણામ આવશે, તે હું કહી શકતી નથી. તિલોત્તમાએ પૂછ્યું;—વળી શું થશે ? વિમળા જરા ધીરજથી બોલી;—તિલોત્તમા ! આ વખતે શામાટે નિરાશ થાય છે ? આપણા શરીરમાં પ્રાણ અને ધર્મ છે. જ્યાં સુધી પ્રાણ છે, ત્યાં સુધી ધર્મ સંભાળી શું, પણ શું તું નૃત્ય ગીતાદિમાં જશે નહિ ? તિલોત્તમા બોલી;—કદિ જઇશ નહિ, વિમળા બોલી;—તેમાંથી તું છૂટવાની નથી. તિલોત્તમા—હું એવા નરાધમ પાપીથી ડરવાની નથી, કદિ પણ હું ત્યાં જઇશ નહિ, આગ્રહ કરશે કે જૂલમ કરશે, તો હું મારો પ્રાણ તજી દઇશ, પણ મારો ધર્મ તજીશ નહિ. કોઇ પણ પુરૂષની મગદુર નથી કે તે સ્ત્રીની બળાત્કારે આબરૂ લઈ શકે, પણ સ્ત્રીજાતે જો દરકાર રહે, પ્રાણ જવાથી ડરે, તોજ તે કુભારજા સ્ત્રી પોતાનો પવિત્ર શિયળ ધર્મ તજે છે. હું પ્રાણ જતાં સુધી પણ તેને ત્યાં જઇશ નહિ. આ સાંભળી વિ; મળા ઘણી ખુશી થઈ. તેની હિંમત અને શિયળ સંભાળી રાખવાની ટેક જોઈને તેને શાબાશી આપી. તેણે તેના મનની પરીક્ષા કરી લીધી કે, એ સત્ય ધર્મને માટે એકીન વાળી છે. ઇશ્વિર સત્યનો બેલી છે, તેજ લાજ રાખશે. એમ કહી બોલી;—પુત્રી ! મેં તને છોડાવવાનો એક ઉપાય કર્યો છે. એમ કહી તિલોત્તમાના હાથમાં વીંટી આપી અને અભિરામ સ્વામીને ત્યાં શી રીતે અને ક્યાં થઇ જવું, વગેરે સમજાવ્યું અને હું પણ બીજો ઉપાય કરી કાલે તને આવીને મળીશ. આ સાંભળી તિલોત્તમાનું મુખ પ્રફૂલ્લિત થયું. તે જોઇ વિમળા આનંદિત થઇ. તિલોત્તમા બોલી;—તમે કિલ્લાના બધા સમાચાર જાણ્યા હશે, મારા આત્મીય વર્ગ ક્યાં છે ? વિમળાએ વિચાર્યું કે, તિલોત્તમાના મનમાં જગતસિંહ જાગતો છે, આવા દુઃખની વખતે પણ પ્રિયને ભૂલી નથી. પછી બોલી;—જગતસિંહ આ કિલ્લામાં છે અને શરીરે સારા છે, એમ કહી આંખો લૂછતી ચાલી નીકળી.

તિલોત્તમાનું ચિત્ત જગતસિંહમાં લાગી રહ્યું હતું. વિમળાના ગયા પછી તે એકલી ઓરડામાં બેસી વિચારતી હતી કે, પાપાત્માના પિંજરામાંથી હમણાં છૂટવાનો સંભવ થયો છે, પણ રાજકુમાર ક્યાં હશે ! કેવી રીતે હશે ! તેઓ શું બંધીવાન હશે ! એવા વિચાર કરતાં આંખમાં અશ્રુ આવ્યાં. હા અદૃષ્ટ ! રાજપુત્ર મારે માટે બંધીવાન થયા, તો શું તેના ચરણમાં પ્રાણ આપ્યા છતાં પણ તેનો બદલો વળશે ? તેઓ શું કેદખાનામાં હશે ? ત્યાં શું બીજું કોઇ જઈ શકે નહિ ? હુંજ તેના દુઃખનું મૂળ છું ! કોણ જાણે તેઓ મનમાં ને મનમાં કેટલું ખરાબ બોલતા હશે, અરે ! હું શા માટે વિચાર કરૂં છું ! તેઓ શું કોઈ પણ

ખરાબ બોલે ? કદી નહિ. હું યવન ગૃહવાસિની થઇ છું એવું સમજીને ધિક્કારે અને મનમાં કાંઇ લાવે તો ? નહિ, નહિ—એમ શા માટે કરે ? તેગની પેઠે હું પણ કિલ્લામાં કેદી છું, તો શા માટે ધિક્કારે ? તોપણ કહે તો હું તેમના પગ પકડીને સમજાવીશ. નહિ સમજે તો તેમની સામે પ્રાણ ત્યાગ કરીશ. પહેલાં અગ્નિથી પરીક્ષા થતી હતી, કળિકાળમાં તે થતી નથી; ચાહેતો ન થાય પણ હુંતો તેમની સામે અગ્નિમાં પ્રાણ ત્યાગ કરીશ ! એમ ઘણા વિચાર કર્યા, પછી અરધી રાત્રિએ વિમળાની આપેલી વીંટી લઇ ઓરડામાંથી નીકળી અંતઃપુરના દરવાજાપર આવી, મહેલના બધા પહેરેગીરો ઉન્મત્ત બનેલા હતા. માત્ર એક પહેરેગીર બારણા ઉપર ઉભો હતો, તેણે તિલોત્તમાને જોઇને પૂછયું:—" શું આપના હાથમાં વીંટી છે ? " તિલોત્તમાએ વીંટી બતાવી, તે જોઇ તેણે કહ્યું;-મારી જોડે પધારો, કંઇ પણ ભય રાખશો નહિ. તિલોત્તમા ચંચળ ચિત્તથી પહેરેગીર સાથે ચાલી. પહેરેગીરે પૂછયું, આપને કઇ તરફ જવાનો વિચાર છે ? વિમળાએ શું કહ્યું હતું, તે યાદ ન આવતાં, " હૈયે તે હોઠે " તરત જગતસિંહ યાદ આવ્યો, અને ત્યાં લઇ જવાનું જણાવ્યું. તેથી પહેરેગીર ત્યાં લઇ ગયો. તિલોત્તમા રાજકુમાર સામે રૂદન કરતી ઉભી રહી, પણ મૂખમાંથી એક શબ્દ પણ બોલી શકી નહિ. રાજકુમાર તેને જોઇ આશ્ચર્ય પામ્યો. પળવાર આંખ આંખની સાથે મળી, તરત તિલોત્તમાએ પોતાની આંખ નીચી કરી. રાજપુત્ર બોલ્યો;—અહીં આવવાની શી મતલબ છે ? તમે દુઃખ પામોછો, પાછાં જાઓ, પહેલાંનું બધું વિસરી જાઓ. તિલોત્તમા આ સાંભળતાંજ અકસ્માત્ ઝાડની ડાળી જેમ નીચે પડે, તેમ તે પડી ગઇ. જગત્સિંહે પાસે આવીને જોયુંતો તિલોત્તમા બેશુદ્ધ થઇને પડેલી છે. તરત પોતાના વસ્ત્રથી વા નાંખવા લાગ્યો, તોપણ તેને શુદ્ધિ આવી નહિ, તે જોઇ તેણે પહેરેગીર મારફતે નવાબની કુંવરીને ખબર આપ્યા. જગત્સિંહ બનતી રીતે તિલોત્તમાની સેવા ચાકરી કરવા લાગ્યો. તિલોત્તમાને ધીરે ધીરે ચેતના આવવા લાગી, આયેષા અને દાસી પહોંચ્યાં. આયેષા તિલોત્તમાને ખોળામાં લઇને બેઠી, ગુલાબજળ અને શરબત વગેરેથી ઉપચાર કરતાં શુદ્ધિમાં આવી. શુદ્ધિમાં આવતાં આયેષા તિલોત્તમાને દિલાસો આપી પોતાને ત્યાં તેડી ગઇ અને ત્યાં શાંત થતાં તેને અભિરામસ્વામીના આશ્રમમાં મોકલી દીધી.

વિમળા હવે પોતાનું કર્ત્તવ્ય કરવાને તૈયાર થઇ. કતલુખાંના વિલાસગૃહમાં રાત્રિએ-નૃત્ય, ગાનની ધામધૂમ ચાલી રહી હતી. તેમાં વિલાસગૃહમાં રહેનારી-ઓજ નાચતી, ગાતી અને બજાવતીહતી અને કેટલીક જોતી હતી. તે સિવાય કોઇ બહારનું માણસ નહોતું. ખોજા—નાઝર સિવાય કોઇને અંદર આવવાનો હુકમ નહોતો. વિમળા નૃત્ય અને ગાયન કળામાં કુશળ હતી. તે પોતાની ધારણ સફળ કરવાને શિયળ સાચવી હિંમતથી દાખલ થઇ હતી. તેનું નૃત્ય, ગાન અને મનો-

હર રૂપ લાવણ્ય જોઇને કતલુખાં મોહિત થયો; વિમળાએ નૃત્ય કરતાં તેને દારૂના પ્યાલા ઉપરા ઉપર પાયા. આવા આનંદ ઉત્સવમાં નવાબ દારૂથી મત્ત થઇ બો-લ્યો;—પ્રિય વિમળે! આ સાંભળતાંજ વિમળાએ પાસે જઇ તેના પેટમાં જોરથી કટાર ખોશી દીધી. તરત નવાબ ચીસ પાડી નીચે પડતાં બોલ્યો;—પિશાચ શે-તાની! આમ બોલી ચીસ પાડી. વિમળા બોલી;—હું પિશાચ નથી, શેતાની નથી, પણ વીરેંદ્રસિંહની વિધવા સ્ત્રી છું. મારા પતિને તેં માર્યો, તેનું આ વેર લેવા આવીછું, એમ કહી ઓરડામાંથી જલદી નાશી ગઇ. નાસતાં નાસતાં દેવડી પરના ખોજા—નાઝર વગેરેને બૂમ પાડી કહેતી ગઇકે સત્યાનાશ વાળ્યું છે, જલદી જાઓ, ઓરડામાં લૂટારા આવ્યા છે, જણાય છે કે નવાબનું ખુન થયું છે, તેના પર ઘેરો નંખાયોછે. આ સાંભળી તેઓ અંતઃપુર તરફ દોડયા, કેટલાકતો દરવા-જો છોડી નાશવા લાગ્યા. આ પ્રમાણે ગડબડ મચાવી વિમળા નિર્વિઘ્ને બહાર ની-કળી. થોડે દૂર જઇને જોવા લાગી તો એક પુરૂષ ઝાડ નીચે ઉભેલો છે. વિમળા અભિરામ સ્વામીને ઓળખી પાસે ગઈ. સ્વામીએ કિલ્લાની ગડબડનું કારણ પૂછતાં તેણે કહ્યું કે;—હું વિધવાપણાના દુઃખનો બદલો લઇને આવી છું. અહીં વધારે બોલવાની જરૂર નથી, જલદી આશ્રમમાં ચાલો. તિલોત્તમાના ખબર પૂછતાં, તેણે જણાવ્યું કે તિલોત્તમા હમણાંજ ચાલી જાયછે, ચાલો જલદી જઇને મળીશું. એમ કહી બેઉ આશ્રમમાં આવ્યાં. તિલોત્તમા સ્વામીને પ્રણામ કરી રોવા લાગી. સ્વા-મીએ દિલાશો આપ્યો; પછી ત્યાંથી સર્વેએ નાશી જવાનો વિચાર કર્યો.

પાપાત્મા નવાબ મરણ પથારીએ પડયો હતો; ત્યાં નવાબે જગત્સિંહને બોલાવી ક્ષીણ સ્વરથી કહ્યું;—હું શત્રુ મરૂં છું-રાગ દ્વેષ ત્યાગ કરો. યુદ્ધ કરવાનું કામ નથી, સર્વ બાળક તમારે આધિન છે, સલાહ કરો. જગતસિંહે તેમનું કહેવું માન્ય કર્યું અને છુટો થવાથી જવાને તૈયાર થયો; ત્યારે નવાબે કહ્યુંકે;—વીરેન્દ્ર-સિંહની પુત્રીને મેં પાપીએ પિતા વગરની કરી છે, તેને તમે સાધ્વી જાણજો. એ કન્યાના જેવી પવિત્ર મેં કોઇ જોઈ નથી. તમે તેને તમારી પત્ની કરીને સુખ આપજો; એટલું બોલતાંજ નવાબના પ્રાણ ગયા. જગતસિંહે પોતાની છાવણીમાં આવીને પઠાણો સાથે સલાહ કરાવી. બંને પક્ષે ઠરાવ કર્યોકે, વીરેન્દ્રસિંહની વિધવા અને પુત્રીને ગડમાંદારણમાં રાખવાં. તેવામાં જગત્સિંહને એક માણસે આવી પત્ર આપ્યો. તેમાં લખ્યું હતુંકે;—જો ધર્મનો ભય હોય, જો બ્રહ્મ શાપનો ભય હોય, તો આ પત્ર વાંચી તુરત અહીં આવજો. રાજકુમાર ઘોડેસ્વાર થઇ જંગ-લમાં ચાલ્યો. આગળ જતાં એક ખડિયેર આવ્યું, અભિરામસ્વામી પૂજામાં બેઠે-લા હતા. સ્વામી અંદરના ભાગમાં તેડી ગયા, તો તિલોત્તમા એક પલંગ પર પતિ વિયોગથી મરવા જેવી થઇ પડી હતી. જગત્સિંહ આસનાવાસના કરવા લાગ્યો. તિલોત્તમાએ આંખ ઉઘાડી જગત્સિંહ સામું જોયું. તેથી તેનું મૂખ જરા

તેજસ્વી થયું. અહા! ખરેખર આ સંસારમાં સર્વથી મોટો ઇંદ્રજાલિક સ્નેહ છે! વ્યાધિ દૂર કરવાનું સર્વથી મોટું ઔષધ પ્રેમ છે. તેના સિવાય હૃદય વ્યાધિ દૂર થઇ શકતો નથી. તિલોત્તમાનો હૃદય વ્યાધિ પ્રાણપ્રિયને જોઇ ધીરે ધીરે દૂર થવા લાગ્યો. જગતસિંહને મળી ધીરે ધીરે બળવાન થઇને પલંગ ઉપર બેઠી. પછી કેટલીક વાતચિત કરી. જગતસિંહની ઇચ્છાથી સૌ ગડમાંદારણના કિલ્લામાં આવ્યાં. તિલોત્તમાના જગતસિંહ સાથે વિવાહ કરવાની તૈયારી થવા લાગી. વિમળા અને જગતસિંહ તરફના સગાં સ્નેહીઓ આવ્યાં. હુસમાન અને આયેષા પણ આવ્યાં હતાં. સૌ સમક્ષ શાસ્ત્ર વિધીએ તિલોત્તમાને જગતસિંહ સાથે પરણાવી. આયેષાં તિલોત્તમાને જુદા ઓરડામાં તેડી જઇ બોલી;—બેન! હું રજા લઉં છું અને કાયમનો આશિર્વાદ આપુંછું કે; તમો પતિ પત્ની અક્ષય સુખથી કાળ ગાળજો." એમ કહી પોતાની પેટીમાંથી અમૂલ્ય રત્નાલંકાર તેના શરીર પર નિરંતરના સ્મરણાર્થે પોતાને હાથે પહેરાવ્યા. પછી તેનું મૂખ જોઇને વિચારવા લાગી કે;—"આ સરળ સ્વભાવની પ્રેમિનીનું મૂખ જોતાં જણાય છે કે, તેના પ્રાણેશ્વર કદી પણ મનમાં ખેદ પામશે નહીં. પ્રભુ પાસે એજ પ્રાર્થના છે કે, એનાથી તેને સર્વદા સુખ મળે. તિલોત્તમા! આ રત્નાલંકારો સર્વદા પહેરજો અને તમારૂં સાર રત્ન હૃદયમાં રાખજો" એમ કહી પછી રજા લઈ પોતાનાં માણસો સાથે ચાલી નીકળી. જગતસિંહ પણ પોતાની પ્રિય પત્નીને લઇ છાવણીમાં આવ્યો. સતી તિલોત્તમા પતિવ્રતાના ધર્મ પ્રમાણે ચાલી અનેક પ્રકારે સુખ આપવા લાગી, જગતસિંહ તેનાથી અત્યંત સુખ પામ્યો. અહો! તિલોત્તમા કેવી અપ્રતિમ પ્રેમની મૂર્તિ!! આવાં અપ્રતિમ પ્રેમી દંપતીના સુખ આગળ સ્વર્ગ સુખ પણ ન્યૂન છે. આવાં દંપતીવાળુ ઘર તે ખરેખર સ્વર્ગ ભૂમી જેવું લાગે છે અને આવાં પ્રેમી જોડાં દેવ સમાન શોભે છે. ધન્ય છે આવાં પ્રેમી દંપતીને!!!

સતિમંડળની મહત્તા.

ગરબી.

"અલબેલી અંબે માત જોવાને જઇએ."—એરાગ.

સહુ ભારત વાસી બ્હેન, ઉરમાં પ્યાર ધરી;
"સતિમંડળ" વાંચી ગ્રંથ, લેજો શીખ ખરી—ટેક
આરસી લઇ મૂખ આગળ ધરતાં, મૂખનો મેલ જણાયરે;
ત્યમ "સતિમંડળ" દરપણથી, અંતરનો અવલોકાય. લેજો. ૧
જ્યમ સાબુનો સ્પર્શ થયાથી, પટ મળ થાએ દૂરરે;
ત્યમ "સતિમંડળ" ના સેવનથી, નીશ્ચે નીરમળ ઉર. લેજો. ૨

એસ બનાવે ચીત્ર ચીતારો, ભરીને રૂડા રંગરે;
તેમ ચરીત્ર અનેક સતિનાં, લખી ગુંથ્યો શુભ ગ્રંથ- બેન્જો. ૩
પરમ પૂનિત છે સતિનો કેવો, ધર્મ ધરાપર ધારરે;
તેહ બતાવણુ એ વીણુ ઉત્તમ, ગ્રંથ નથી નીરધાર- બેન્જો. ૪
દ્રૌપદીના દ્રષ્ટાંતથી કોઇ, નથી અજાણ્યું આજરે;
પટ પૂરી નવસેં નવાણું, રાખી પ્રભૂએ લાજ- બેન્જો. ૫
હરિશ્ચંદ્ર તારામતિ સતિને, ધરી અસી હણુવા જાયરે;
પણુ પતિવ્રતના પૂર્ણ પ્રભાવે, કરી શીવજીએ શાય- બેન્જો. ૬
કંથ બચાવા ઝેર અસીનું, ચુશી સીધાવી સ્વધામરે;
ધન્ય સતિ એ કળાવતિને, અમર કર્યું નીજ નામ- બેન્જો. ૭
જશમા જાતની હતી ઓડણુ, પર મોહયો સીધરાયરે;
પતિવ્રત ખાતર ખાઇ કટારી, પ્રાણુ તજ્યા પળમાંય. બેન્જો. ૮
ચંદ્રપ્રભાના શીરમાં મારી, પતિએ પાળી પેખરે;
છતાં માન કોરટમાં દીધું, દેખ સતિનો ટેક- બેન્જો. ૯
ભારતવાસી ભલાં ભગીની, વા'લાં વાંચક વૃંદરે;
એ વીણુ બોધક બેસ ચરિત્રો, ઉપજાવે અનંદ- બેન્જો. ૧૦
સહસ્ત્ર સંકટમાં સપડાતાં, સતિન ચૂકે શીળરે;
છતાં સમય આવે તજતાં જીવ, કરે કીંચીત ઢીલ- બેન્જો. ૧૧
પણુ તાવે છે તાપ વીશે ખૂબ, જેમ હેમ સોનારરે;
તેમ સતિનો ટેક તપાસી, વીભૂ કરેછે વાર- બેન્જો. ૧૨
જાળ કપટની કેવી પથારે, કપટી કૂટીલ નરનારરે;
છતાં ન ચૂકે પતિવ્રત પ્રેમદા, ધન્ય ધર્યો અવતાર- બેન્જો. ૧૩
સહસ્ત્ર સંકટમાં સપડાતાં, સત્ય તણો જય થાયરે;
કોટી કળા કરતાં પણુ પેખો, ચપટ કપટનું થાય- બેન્જો. ૧૪
રૂપગુણુ વય વીધાબળ વરથી, પૂત્રી પરણાવાયરે;
તો પતિવ્રતમાં મળે પૂરતી, સુખી સંસારે થાય- બેન્જો. ૧૫
નીપૂણુ નીતીનું મંદિર એછે, " સતિમંડળ " શ્રીકારરે;
વાંચી વિચારો સુનીતી ધારો, તો સુખ પામો સાર- બેન્જો. ૧૬
ભલું ભોજન ભાણામાં ભરીને, ધરીયું નજીક નીહાળરે;
પણુ ખાધા વીણુ ક્ષુધા ન વણસેં, સત્ય કહું કો કાળ- બેન્જો. ૧૭
કષ્ટ સહન કરી કાય ગુંથવા, નવીન નીતીના ગ્રંથરે;
પરીપૂરણુ પરમારથનો એ, પવિત્ર પેખો પંથ- બેન્જો. ૧૮
ગુંથક ગ્રંથ "સતિમંડળ" ના, "કેશવજી" કૂળદિપરે;

ભારતવાસી સૌ ભગનીને, આભારી અતિ કીધ- લેજો. ૧૯
સર્વ દાનમાં શ્રેષ્ટદાન એ, સારદનું સૃષ્ટી માંયરે;
આપ્યુંતે જાણી અભિવંદન, આપો સરવે કોય- લેજો. ૨૦
નથી સતિની રતિ મહત્તા, પણ છે અતિ મહંતરે;
સહસ્ત્ર સંકટ સેવી સતિએ, અમર કર્યા નીજ કંત- લેજો. ૨૧
માટે મારી સુજ્ઞ બહેનો, સાચવજો શીળવૃતરે;
આ ભવપાર ઉતારણુ એછે, ભણે "દિવાળી" સત્ય- લેજો. ૨૨

"સતી શરણ નહિ થાય."

(દોહરો.)

" મણી શેષ મસ્તક તણી, જીવ હોય નવ જાય;
તેમ પતીવૃતને તજી, સતી શરણુ નહિ થાય, ૧
સૂર્ય ચંદ્રની આકૃતિ, કદી નહિ પલટાય;
ગતિ હઠે નહિ ગરૂડની, સતી શરણુ નહિ થાય. ૨
જાચે જાચક પ્રાણુ જઇ, કરણુ નહિ અકળાય;
મરદ ડરે નહિ મરણુથી, સતી શરણુ નહિ થાય. ૩
લલચાવે ધન લક્ષથી, રીઝને અતી રાય;
પ્રભુ ડરાવે તોય પણુ, સતી શરણુ નહિ થાય. ૪
વટલે કદી ઉત્તમ વરણુ, તરણુ નહિ વરતાય;
ધરણુ શેષ ધારે નહિ, સતી શરણુ નહિ થાય. ૫
પાંચ સાત લાંઘણ પડે, સિંહ ઘાસ નહિ ખાય;
વૃત્તિ ન બદલે વીરની, સતી શરણુ નહિ થાય. ૬
* હિમત રાખો હૃદયમાં, સુર ગુરૂ કે' સુરરાય;
સૂર્યોદય સુખ શું જતાં, સતી શરણુ નહિ થાય. ૭
ગુર્જર સેના સકળ સહ, સોળંગી સિધરાય;
સ્હેજે સોરઠ પતિ કહે, સતી શરણુ નહિ થાય. ૮
રાવણુ—(ત્રીજટાને) સીતાને સમજાવજે, કહેજે છેવટ માંય;
બળાત્કાર કરીશ. જો, સતી શરણુ નહિ થાય. ૯
શરણુ કર્યા સ્વપરાક્રમે, સુરપતિને નર રાય;
શું? આ જાતીમાં સબળ, સતી શરણુ નહિ થાય. ૧૦

* સતી નર્મદાએ પોતાના તપોબળથી સૂર્યોદય થતો અટકાવ્યો, તે વખતે ઇંદ્રને બ્રહસ્પતિ કહે છે.

ત્રીજટા—(સીતાને) નામ નહિ તજ રામનું, ભજીશ ન વીશ ભુલાય;
તો હણુશે અસુરેશ. જો, સતી શરણુ નહિ થાય. ૧૧
સીતા—(ત્રીજટાને) સ્વામી રામ હ્રદય રટણુ, તેને કેમ તજાય!
કહેજે જઇ રાવણુ કને, સતી શરણુ નહિ થાય. ૧૨
ઉડુગણુ ઉતરે અવની પર, પૃથ્વી રસાતળ જાય;
નિજ સ્વામી વિણુ અન્યને, સતી શરણુ નહિ થાય. ૧૩
શસ્રે ભેદીશ શરીર કદી, સીંચીશ સાયર માંય;
દાઢ અગ્નિની દેત પણુ, સતી શરણુ નહિ થાય. ૧૪
થાય પ્રાણુ પર્યંત કદી, ઇશ્વરનો અન્યાય;
શત કોટી યુગ વીતતાં, સતી શરણુ નહિ થાય. ૧૫
ત્રીજટા— (રાવણુને) જો ઉતરે સમજાવવા, શિવ, વિશ્નુ બ્રહ્માય;
તોપણુ રાવણુ અસુરપતિ, સતી શરણુ નહિ થાય. ૧૬
લંપટ લાલચ રાખીને, ફેરે ફેરા ખાય;
સદ્ગુણી, સકળ શિરોમણી, સતી શરણુ નહિ થાય. ૧૭
નીર નેવ મોભે ચઢે, તરણુ કેશરી ખાય;
પશ્ચિમ ઉગે સૂર્ય પણ, સતી શરણુ નહિ થાય. ૧૮
બૂડે અગસ્ત મૃગજળે, સૂર્ય દિશા પલટાય;
સત્ છોડી સંસારમાં, સતી શરણુ નતિ થાય." ૧૯

સ્રીસદ્બોધ.

" સચ્ચિદ્ આનંદ સદ્ગુરૂદેવ હ્રદયમાં ધારીએરે. "—એ રાગ.

પદ.

" જગમાં જન્મી સજની આ કર્ત્તવ્ય વિચારીએરે,
નિર્ભય રહેવા આ સંસાર કરીને વિચાર,
જાણી પ્રપંચ સર્વ અસાર મમત્વ નિવારીએરે.
નિત્ય પ્રભાતે ઉઠી શ્રીપ્રભુને સંભારીએરે,
જેથી હ્રદય વિમળ થઇ જાતા સર્વ પ્રકાર. જગમાં૦
સાખી— જે જેવી કૃતિ આચરે, તેવી મતિ પોષાય,
સુજન સર્વ એ જાણીને, ઇષ્ટ ગુરૂ ગુણુ ગાય.
શાસ્રો શ્રવણુ કરીને મર્મ જગત્નો જાણીએરે,
ઉપજી અંતે શેમાં લય સકળ થાનાર. જગમાં૦

સાખી— સુત ધન તનુને દ્રશ્ય આ, સંગી ન કો થાનાર,
માટે ચેતી ચાલીએ, સદ્દગુરૂની ધરી વાર.
સાધન યુક્તિ સર્વે સેવીને મન હારીએરે,
દૈવી સંપત્તિ ગ્રહી કરીએ રિપુ સંહાર. જગમાં૦
સાખી— ષડ્રિપુનું બળ ત્રોડતાં, થાશે તિમિર વિનાશ,
વૃત્તિ વિષયથી ખાળતાં, થાશે ભાનુ પ્રકાશ.
સમજી એવું નિત્યે ધ્યાન પ્રભુનું ધારીએરે,
જાણી ઘટ ઘટવાસી પ્રાણતણા આધાર. જગમાં૦
સાખી— એ વિધિ પ્રતિદિન આચરી, વહીએ ગુહાની ગાંઠ,
વાચકથી આરંભીને. સૂન્યે શમીએ ત્યાંય.
ધ્યાને ધ્યેયરૂપ બની સંચિત સર્વ પ્રજાળીએરે,
વૃત્તિ હેળવી કરીએ સંયમથી એક તાર. જગમાં૦
સાખી.— જડવત્ જગત્ આ જાણીને, તજીએ ઉર અભિમાન,
દ્રષ્ટાસમ વહીએ સદા, તોડી મનનું તાન.
ગૃહનાં કાર્ય કરતાં શ્રીપતિ ના વિસારીએરે,
સદ્દગુરૂ સાથ થકી ઉતરવું ભવને પાર." જગમાં૦

ઇશ્વરસ્તુતિ.

"સીતાના મહિનાનો"—એ રાગ.

"હે સર્વેશ્વર ધરી મેહેર, સુગતિને સ્થાપજો;
ઘર ઘર વર્તેછે કેર, તે દુખ સૌ કાપજો,
નર નારીની જોડ જગેશ, જગતમાં લાવીને;
આપી સંગી વિરોધી શીદ, મારોછો તાવીને?
વદું વિનતી વારંવાર, સુસંગી આપજો;
સદ્દગુણ સઉના ઉરમાંહિ, ઉમંગે છાપજો,
પતિપત્ની લિયે સુખ સાર, પ્રજા પણ સધરે;
જેથી ભજિ તમને હે ઇશ, જિવો આ ઉદ્ધરે.
વ્યવહાર સુધારીને સુખ, દિયો વ્યવહારનું;
તમ ભક્તિ વધારીને, દુઃખ—ટાળો યમ મારનું.
અવધીએ અરજ છે એજ, દુઃખદ દુર્ગુણ હરો;
મનહર અબળાના તાપ, શમાવી સુખ કરો."

દ્વિતીય-દર્શન.

સ્ત્રીપુરુષનુંકર્ત્તવ્ય.

સ્ત્રીનીઉત્તમતા.

" યુક્તિસાથ સલાહ, આપતી નારી;
મધના તુલ્ય મીઠાશ, હૃદિ-મગજે પહોંચતી.
વાણી ચાંદી ચમકાર, દૃષ્ટિને ભેદે નાહી;
પણ જાયે ઠેઠ ઠેઠ, સુશિલતા સારી સાહી.
ઇર્ષા-વહેમનો નર, તજી મૂકે છે ગર્વને;
જેના વચનામૃતના બળે, તૂટે કોટો ગર્વનો. "

આ સંસારમાં સ્ત્રી એ સાચો સલાહકાર, સોબતી અને નમ્ર ભાર્યા છે. ભાર્યા એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મિત્ર ગણાય છે. ધર્મ, અર્થ અને કામ એ ત્રણે તેની સહાયતાથી સાધી શકાય છે. ભવસાગર તરવાની ઇચ્છા રાખનારને તે મૂળ આધાર રૂપ છે. તેનું સરળ હૃદય અને પ્રેમ એ ગૃહધર્મનો સુખદાયી પદાર્થ છે; એટલુંજ નહિ પરંતુ એ વંશ વૃદ્ધિનું મૂળ છે. પુરૂષ એ પ્રજાનો ઉત્પાદક અને સ્ત્રી એ પ્રજાની પોષક છે. સ્ત્રી ઘરની શોભામાં વૃદ્ધિ કરેછે, તેથી તે ગૃહલક્ષ્મી ગણાય છે. ઘરમાં તેની અને લક્ષ્મીની વચમાં કશો તફાવત રહેતો નથી. મીઠા વિનાનું અન્ન જેમ સ્વાદે ફીકું લાગેછે, તેમ તેના વગરનો ગૃહસ્થાશ્રમ ફીકો લાગે છે, તેના વગર સંસારમાં પુરૂષને ઘણી ઉદાસીનતા રહેછે, આબરૂ ઓછી ગણાયછે, અને ચિત્ત ભમ્યા કરે છે. તે પુરૂષની અર્ધાંગના ગણાય છે; જેમ અર્ધું શરીર બગડવાથી કામ કરવું મુશ્કેલ થઈ પડે છે, તેમ સ્ત્રી વગરના પુરૂષને સંસારનાં કામ કરવામાં ઘણી અડચણો ભોગવવી પડે છે. શાસ્ત્રમાં પિતા કરતાં માતાનો દરજ્જો શ્રેષ્ઠ ગણેલો છે. ઘરમાં કોઇ માંદુ પડે છે, તો પિતા કરતાં માતાને પ્રથમ સંભારે છે. અરે મા! ઓમા! એમ બોલી યાદ કરે છે. ઘરતેઘર નથી, પણ ગૃહણી-ઘરની સ્ત્રી તેજ ઘર છે. સ્ત્રી વિના ઘર અરણ્ય જેવું લાગે છે; માટે ઘરમાં પહેલી પદવી સ્ત્રીની છે. આર્યોમાં સ્ત્રીની પદવી પહેલી ગણેલી છે, તેનો પ્રત્યક્ષ

પુરાવો એછેકે;—સ્ત્રીપુરૂષ—એમાં સ્ત્રીને પ્રથમ બોલવામાં આવેછે. માબાપ લક્ષ્મીનારાયણ, સીતારામ, રાધાકૃષ્ણ, ઉમાશંકર; ઇત્યાદિ દંપતીનાં નામોમાં સ્ત્રીને પહેલી પદવી આપેલી છે, એજ તેની ઉત્તમતા દર્શાવી આપે છે.

સ્ત્રીની ઉત્તમતા એ તેની અંદર રહેલા ઉત્તમ ગુણોને લઇને છે. તે દયાળુ લાગણીની અને નીતિને ચાહનારી છે. તેનામાં મર્યાદા, રસિકતા, મધુરતા, સહન શીલતા, કોમળતા, અને મનોહરતા, વગેરે કેટલાક ઉત્તમ ગુણો છે. તેથી પુરૂષને તેની સલાહ અને સહાયતાની જરૂર છે. તે વિપત્તિને વખતે ધીરજ અને ચતુરાઇથી દિવસો કાઢે છે. પુરૂષને પડતી દશા આવતાં, તેનાપર ઘણાં દુઃખો આવી પડે છે; ત્યારે તેની ધીરજ ઓછી થઇ જાય છે અને શું કરવું અને શું ન કરવું એ કાંઇ સૂઝતું નથી; તે વખતે સ્ત્રીમાં રહેલા ધૈર્ય, સુશીલતા અને હિંમતવગેરે મહત્ત ગુણો એકદમ પ્રકાશિ નીકળેછે; તે વડે એ પોતાના નિરાશ થયેલા અને શોકમાં પડેલા પતિને અનેક પ્રકારે સહાયક થઇને હિંમત આપી ખુશી રાખે છે. સ્ત્રીમાં આવી અમૂલ્ય શક્તિ હોવાને લીધે તે પુરૂષને ભૂષણરૂપ છે. તે પુરૂષના કઠોર હૃદયને કોમળ કરે છે; જ્યારે તેના તિક્ષ્ણ જુસ્સાને કોઇ શાંત કરી શકતું નથી; ત્યારે તેની પ્રેમાળ પત્નીજ શાંત કરે છે. મંદવાડ વખતે સેવા કરે છે. જ્યારે મંદવાડને લીધે પુરૂષનો સ્વભાવ ચીડીઓ થઇ જાય છે; ત્યારે તેનાં કઠોર વચનો કોઇ સહન કરી શકતું નથી, પણ તેની પ્રેમાળ પત્નીજ સહન કરી સર્વ પ્રકારે યોગ્ય સંભાળ લેછે. તેની સેવા કરવાની પ્રીતિ ભરેલી રીતિથી અરધો મંદવાડતો એમજ ઓછો થઇ જાય છે. તેના નમ્ર, ધૈર્ય, સ્નેહાળ અને મધુર વચનામૃતો ઔષધોની ગરજ સારે છે. તેના કોમળ હાથ શરીરપર ફરતાં સઘળાં દુઃખો દૂર થાય છે. તે પોતાના ઉત્તમ ગુણોથી પતિને સ્વર્ગીય સુખ આપે છે. તેજ સંસારમાં વિશ્રાંતિનું ઠામ છે, તેનાજ વડે પતિ શોભે છે અને તેનાજવડે સંસાર સુખદાયી થાય છે. રૂપ, યૌવન, માધુર્ય અને કોમળતા એ સ્ત્રીનું ઉત્તમ બળ છે. તે પોતાના પ્રેમવડે કામથી થાકેલા પતિને વિશ્રાંતિ આપેછે. સ્ત્રીઓ યુક્તિ શોધવામાં કુશળ ગણાય છે. ગૃહકાર્યમાં કારભારી તરીકે કામકાજ કરવામાં, બાળકોને ઉછેરી શિક્ષણ આપવામાં, માલમિલ્કતની વ્યવસ્થા કરવામાં, કુટુંબ અને પરોણાની આગતાસ્વાગતા કરવામાં ઉંચા પ્રકારના વર્ત્તનથી દૃઢ શક્તિ ધરાવે છે; એટલુંજ નહિ પણ પોતાની સારી સમજ, તત્પરતા, માયાળુતા, ઉદ્યોગતા, અને સાવધપણાથી આવતાં વિઘ્નો દૂર કરીને કાર્યો પાર પાડે છે. સ્ત્રીઓમાં આવા ઉત્તમ ગુણો હોવાથી તે સાધ્વી—સતી—માતા—આયા—ગૃહરક્ષક—અને—આચાર્યા—વગેરે પદવીને લાયક થાય છે.

સ્ત્રીએ સંસારનું નૂર—તેજછે. તે પતિ અને કુટુંબની શોભામાં વૃદ્ધિ કરેછે; એટલુંજ નહિ પણ તે સાસરૂ, પિયર અને મોસાળ ત્રણે કુળની શોભાને

વધારે છે. ઘણાજ પ્રખ્યાત્ વિદ્વાન માણસોનો એવો વિચારછેકે;—"આખી પ્રજાની માનસિક અને શારીરિક શક્તિઓ ઉપર પિતા કરતાં માતાની અસર વધારે થાય છે. તેનો પુરાવો એજછેકે ઘણું કરીને હાલના સઘળા વિદ્યા હુનરાદિમાં પ્રખ્યાત થયેલા પુરૂષો વધારે માનસિક અને દૈહિક શક્તિવાળી માતાને પેટેજ અવતરેલા છે." દુનિયાનું સુખ કે દુખ, ઉન્નતિકેપડતી, વિજ્ઞાનકેઅજ્ઞાન સુધારો કે બગાડો, એ સર્વેનો આધાર ગૃહરાજ્યમાં સ્ત્રી જે સત્તા ચલાવે છે તેના ઉપર ઘણે દરજ્જે રહેલો છે. પુરૂષના ગુણદોષની પરીક્ષા કરવામાં સ્ત્રી જેવી હુશિયાર હોયછે, તેવા પુરૂષો હોતા નથી. માટે સ્ત્રીએ પુરૂષ પરીક્ષાની કસોટી રૂપ છે. આ સંસારમાં મનુષ્ય માત્રનો પ્રથમ અને ખરો ભોમિયો સ્ત્રીઓ છે. તેજ બાળકોને સારૂં શિક્ષણ આપી, દુનિયામાં **માનવરત્ન** પેદા કરે છે. સ્ત્રીનું પ્રફુલ્લિત મૂખ, તેનારૂપની સુંદરત્તા અને તેના હૃદયનો સ્નેહ એ સર્વ સંસારના તાપથી તપેલા પતિના ચિત્તને શીતળ કરેછે. સુશિળ સ્ત્રીઓના ઉત્તમ સદ્ગુણોથીજ સર્વ દેશની સ્ત્રીઓનાં ચરિત્ર પુરૂષના ચરિત્ર કરતાં પવિત્ર છે. સંસારમાં પુરૂષને સ્ત્રીના સુખ વગર બીજાં અનેક પ્રકારનાં સુખ પણ રૂચિકર થતાં નથી. પુરૂષને સંસારમાં બીજાં ગમે તેવાં દુઃખ હોય, પણ જો તેને સ્ત્રી તરફનું સુખ હોયતો તે બધાં દુઃખ વિસરી જાયછે. આર્ય શાસ્ત્રોમાં—**स्त्रियोदेव्योगृहश्रियः**—સ્ત્રીઓ દેવી અનેલક્ષ્મી રૂપ ગણેલીછે. ખ્રિસ્તી ધર્મમાં પણ સ્ત્રીઓને માનને પાત્ર ગણી પ્રથમ પદે મૂકેલીછે. તેઓ મેરીના ઉપર પુજ્ય અને ભક્તિ ભાવ ધરાવેછે. ભારતવર્ષમાં પણ આર્યમાતા—લક્ષ્મીજી, પાર્વતી, સીતા, સરસ્વતી, અને સાવિત્રી આદિ દેવીરૂપ પૂજ્ય ગણાયછે. આવી રીતે સર્વ દેશમાં અને સર્વ ધર્મમાં સ્ત્રીઓ પોતાના ઉત્તમ ગુણોને લઇને મહત્તાને પામી, માનને પાત્ર ગણાયેલીછે. તે અબળા —બળ વગરની કહેવાય છે, તે તેની નિર્બળતા બળની ખોટને લીધે નથી, પણ એ તો સુંદર, સુરગ અને કોમળ રચનાનું બીજુ નામછે. તેની અંદરતો ઘણુંજ બારીક બળ રહેલું છે. તે મનને વિષે જુદી છે, અંતર્દૃષ્ટિ, કલ્પના, પ્રેરણા, દયા, અને જે કાંઇ રસિક, રૂડુ, પ્રેમી અને સુંદર હોય છે, તેનું ભાન તેનામાં વધારેછે. વળી કહેલું છે કે;—

> ટાળે દુઃખ પાળે ઘર સઘળું, સંભાળે શુભ નાર;
> પુણ્ય સહાય પ્રજા ઉપજાવે, પોષણ કરે અપાર.

ઇત્યાદિ મહાનગુણોથી તેની ઉત્તમતા સિદ્ધ થાય છે. એવી ઉત્તમતાને લઇને જ આર્ય શાસ્ત્રોમાં જણાવેલું છેકે:—**यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्रदेवताः**—"સ્ત્રીઓ જે ઘરમાં માન પામે છે, તે ઘરમાં દેવતાઓ સંતુષ્ટ થાય છે." "સ્ત્રીના આંસુથી જે ઘરની જમીન ભીની થાય છે, તે ઘરમાં કલ્યાણ નથી. સ્ત્રીના પ્રસન્ન મુખની શોભાજ ઘરનો અંધકાર દૂર કરે છે." અહો! સ્ત્રીની કેટલી બધી મ-

હત્તા છે ! આ મહત્તા અને ઉત્તમતાને લઇનેજ તે પુરૂષના માનને પાત્ર છે, અને કલ્યાણની ઇચ્છાવાળાએ ગણવી પણ જોઇએ. સ્ત્રીઓએ પોતાની ઉત્તમતા જાળવી રાખવાને માટે પોતાની અંદર રહેલા ગુણો ખીલવવાનો પ્રયાસ કરવો જોઇએ. જે-નાવડે તે મહત્તાને મેળવી ધન્યતાને પામશે અને જીવન સાફલ્ય કરી શકશે.

સ્ત્રીપુરૂષનાઅધિકાર.

આ સૃષ્ટિમાં કુદરતના નિયમ પ્રમાણે પ્રાણીમાત્રને સમાન હકછે—એટલે ખાવું, પીવું, ઉંઘવું, આનંદ ભેવો અને સુખ દુઃખ ભોગવાને સમભાગી કરેલાં છે એ વાજબી છે; પરંતુ સ્ત્રીજાતિને ઇશ્વરે એવી રીતની બનાવેલીછેકે, તેમની સ્થિતિ-(ઋતુપ્રાપ્તિ, ગર્ભાવસ્થા, સુવાવડ.) શરીરની રચના-(કોમળતા, સુંદ-રતા, વગેરે.) સ્વાભાવિક મનનું બળ અને શક્તિ વગેરે ઉપર વિચાર કરતાં, તે કદી પણ પુરૂષની બરોબરી કરવાને સૃજાયેલી નથી. ઘર જોકે સ્ત્રીપુરૂષ બંનેથી મંડાય છે ને ચાલે છે, પણ તેમાં પુરૂષના શરીરની રચના, સ્થિતિ, સ્વાભાવિક મ-નનું બળ અને શક્તિ વગેરે જોતાં પુરૂષનો અધિકાર મોટો છે. પુરૂષની બુદ્ધિ અને નીતિ ઉપર ઘરની મોટાઇનો તથા સુખનો આધાર છે. અધિકાર એ કામ પરથી જણાય છે; કાંઇ શરીરના કોઇ પણ પ્રકારના ચિન્હો ઉપરથી જણાતો નથી. પુ-રૂપ ઉપર સ્ત્રીના ભરણ પોષણ અને રક્ષણનો બોજો રહેલો છે. તેથી પુરૂષ સ્વ-તંત્ર છે અને સ્ત્રી તેમને તાબે રહીતે કાર્ય કરવાને યોગ્ય છે. જો બંનેના હક સ-માન હોત અને સમાન પણે કાર્ય કરવાને સર્જેલાં હોત; તો શામાટે ઇશ્વર બંને-ના શરીરની રચના સરખી ન કરત ? શું તેમને તેટલી શક્તિ નહોતી ? શું તેમણે અન્યાય કર્યો છે ? કદી નહિ, તે જે કરેછે તે વિચારીને ભૂલ રહિત કરે છે. તે-મની રચનામાં ખામી કાઢવાને કોઇ પણ સમર્થ નથી. પ્રભુ જેને જેવું ઘટીત છે, તેને તેવું આપે છે. પુરૂષ ઘરનો રાજા છે અને સ્ત્રી ઘરનો કાર્યભારીછે. સ્ત્રી ગૃહરાજ્યનાં કાર્યો કરવાને યોગ્ય છે, તો તેના શરીર અને મનની રચના તેવીજ કરી છે. સ્ત્રીના શરીરની રચના વગેરે જોતાં તે ઘરની શીતળ છાયામાં બેસીને બાળરક્ષણ, બાળશિક્ષણ, ગૃહવ્યવસ્થા વગેરે ગૃહરાજ્યને યોગ્ય કામો કરવાને સૃજેલી છે અને પુરૂષના શરીરની રચના વગેરે જોતાં, તે વધારે શ્રમ ભરેલાં બહારનાં ક-ઠણ કામો કરવાને યોગ્ય સૃજેલ છે. જો સ્ત્રી સમાનતા મેળવી પુરૂષના જેવાં ક-ઠણ કામો કરવાને બહાર પડશે, તો તેનાથી કદી પણ સારાં થઇ શકશે નહિ; તેમ પુરષ સ્ત્રીના જેવાં કામો કરવાને ચાહશે, તો તેપણ જોઇએ તેવાં કરી શકશે નહિ. બંને જુદાં જુદાં કાર્યો કરવાનેજ સૃજાયેલાંછે અને તેઓ દરેક પોત

પોતાનાં કાર્યોમાં સ્વતંત્ર જેવાંજ છે. આર્યશાસ્ત્રમાં કહેલું છે કે;—

प्रदेयाऽदाय भागनेया क्षेत्रं भार्याऽबला तथा
विधेया प्रमदा रामा भीरुः भोग्यात तोमता ॥

સ્ત્રી પ્રદેય–દેવાનો પદાર્થ છે. જેમ કોઇ પદાર્થ દાનમાં આપવામાં આવે છે, તેમ કન્યાદાન અપાય છે. કોઇ પદાર્થને દાનમાં આપ્યા પછી તે દાન લેનારો પોતાની મરજીમાં આવે ત્યાં લઇ જાય છે. તેમ કન્યાદાન કર્યા પછી જમાઈ તેને પોતાને ઘેર અગર પોતે જ્યાં તેડી જવા ધારતો હોય ત્યાં તેડી જાય છે. પુરૂષ કાંઇ દાનમાં અપાતો નથી કે તેને પરણ્યા પછી સ્ત્રી પોતાની મરજી પ્રમાણે લઇ જતી નથી. વળી દાયભાગ—એટલે માબાપની મિલ્કતમાંથી સરખો હિસ્સો પુત્રીને મળતો નથી. સમાન હક હોતતો શા માટે ન મળે! વળી સ્ત્રીને નેયા કહી છે. એટલે તે નયન–લઇ જવાને યોગ્ય છે. પરણતી વખતે વર જાન લઇને કન્યાના માબાપને ત્યાં આવે છે, કાંઇ કન્યા આવતી નથી. જેમ પક્ષી ઝાડપર ફળ લેવા આવે છે, ને તે લઇ પોતાની મરજી પડે ત્યાં જાય છે, તેમ વર પરણીને સ્ત્રીને લઇ જાય છે, કાંઇ વરને કન્યાના બાપને ત્યાં રહેવું પડતું નથી. વળી સ્ત્રીને ક્ષેત્ર કહી છે–એટલે સ્ત્રી ગર્ભધારણનું સ્થાન છે અને પુરૂષ ક્ષેત્રપતિ કહેલો છે. વળી સ્ત્રીને ભાર્યા કહી છે–એટલે ભરણ પોષણ પામવાને યોગ્ય છે અને પુરૂષ ભર્ત્તા–એટલે સ્ત્રીનું ભરણ પોષણ કરનાર છે. પુરૂષ ઉપર ભરણપોષણનો ભાર હોવાથી સ્ત્રીને એ તરફની કશી ચિંતા રહેતી નથી. વળી સ્ત્રીને અબળા કહી છે–એટલે બળ વિનાની છે. નિર્બળનું રક્ષણ કરવું એ બળવાનનું કામ છે, તેમ પુરૂષને સ્ત્રીનું રક્ષણ કરવું પડે છે. સ્ત્રીને વીધેયા કહી છે–એટલે ઢાંકવા લાયક છે. પુરૂષતો એક લંગોટી વાળીને કે એક ધોતીઉં પહેરી ફરેતોએ ચાલે, પરંતુ સ્ત્રીથી લંગોટો વાળી ફરાશે નહિ, તેને તો સર્વ અંગ ઢાંકવાને વસ્ત્ર જોઇએ છીએ. સ્ત્રીને પ્રમદા કહી છે–એટલે પ્રેમ દેનાર છે. જોકે પ્રેમ બંનેમાં હોય છે, પરંતુ સ્ત્રીના કોમળ હૃદયમાંથી પ્રેમનો પ્રવાહ વિશેષ વહે છે, સ્ત્રીને રામા કહી છે–એટલે સ્ત્રીએ પુરૂષને રમણ કરાવનાર છે. સ્ત્રીને ભીરૂ કહી છે–એટલે સ્ત્રી બીકણ છે. બીકણથી નિર્ભયપણે રહી શકાતું નથી. માટે તેને પોતાનું રક્ષણ કરનારની જરૂર પડે છે. તેથી રક્ષણ કરનાર પતિને આધિન રહેવું પડે છે. વળી દુનિયામાં પેઢી વગેરેની ગણત્રી પુરૂષ ઉપરથી થાય છે, સ્ત્રી ઉપરથી થતી નથી. જે છોકરાં થાય છે તેનો ઉપયોગ સ્ત્રી પુરૂષ બંનેને એક સરખો છે, છતાં સ્ત્રી એકલીને ગર્ભ પીડા ભોગવવી પડે છે, પણ પુરૂષને ભોગવવી પડતી નથી. જો સ્ત્રીને ૪–૫ માસ ગર્ભની પીડા ભોગવવી અને પુરૂષને ૪–૫ માસ ભોગવવી એમ કદી હોતતો એ ઠીક; પરંતુ આમાંનું તો કશુંએ ઇશ્વરે બનાવ્યું નથી. જો સરખો હક ઇશ્વરને આપવો હોતતો

આમ તે શા માટે ન કરત ? ઇત્યાદિ રીતે વિચાર કરતાં જણાય છે કે; સ્ત્રીને પુરૂષપર ઘણો આધાર રાખવો પડે છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કેઃ—સ્ત્રી ભોગ્ય છે અને પુરૂષ ભોગતા છે. ભોક્તાનો અધિકાર શ્રેષ્ઠ હોય છે એ સૌ કોઇ જાણતા હશે. ભોગ્ય પરતંત્ર છે અને તેનો અધિકાર ઓછો લેખાય છે, કદી સમાન હક ગણી શકાય નહિ.

સ્ત્રી પુરૂષ બંને પરસ્પર અર્ધાંગ છે અને બંને મળીને એક આખું અંગ ગણાય છે. શરીરના અરધા અંગથી કદી સારૂં કામ થઇ શકતું નથી. જો બંને અંગ યોગ્ય અને સારાં હોયતોજ સારૂં કામ થઈ શકશે. સ્ત્રી પુરૂષ બંનેની સહાયતાથીજ સંસાર સુખરૂપે ચલાવી શકાશે, એકલાથી કદીપણ સુખકર થશે નહિ. માટે બંનેએ પોત પોતાની પ્રકૃતિ અને શક્તિ પ્રમાણે કામો કરવાં જોઇએ. આ પ્રમાણે છતાં સ્ત્રીઓને સમાન ગણી પુરૂષનાં જેવાંજ કઠણ કાર્યો કરાવી શું સંસારમાં ખલેલ પહોંચાડવી છે ? શું પુરૂષનાં જેવાં કઠણ કાર્યો કરાવી કોમળ છે તેને કઠોર બનાવવી છે ? શું તેનામાં મધુરતા, પ્રેમ, અને સુંદરતા છે તેનો નાશ કરવાનો છે ? શું સ્ત્રી, પુરૂષના જેવી કઠણ કાર્યો કરવાને શક્તિવાન છે ? કદી નહિ. ત્યારે સમાન હક માટે વૃથા હોહા કરી સ્ત્રી પુરૂષમાં ચંચળતા આણી શા માટે બંનેનાં મન ભ્રમિત કરવાં જોઇએ ? મન ભ્રમિત કરવાથી ઘણું નુકશાન થાય છે, તેનો ખૂબ વિચાર કરવો જોઇએ. જે ખરેખર સદ્ગુણી નીતિજ્ઞ સ્ત્રી હશે, તેતો કદી પણ પોતાની યોગ્યતા છોડીને પતિથી સ્વતંત્ર થવા ઇચ્છશે નહિ. તેતો પતિને આધિન રહી ગૃહ કાર્યભાર રૂડી રીતે બજાવવામાંજ પોતાનું સુખ અને કલ્યાણ સમજશે. પતિથી સ્વતંત્ર થયેલી સ્ત્રીથી કદી પણ સારૂં પરિણામ આવતું નથી. આપણા દેશમાં લાખો વર્ષથી સ્ત્રીઓ પતિને આધિન રહી વર્તે છે તો સુખી છે, હશે કોઇ અજ્ઞાન સ્ત્રી પોતાની અજ્ઞાનતાથી અગર અજ્ઞાન મૂર્ખ પતિથી દુઃખી; તો એવાં અજ્ઞાન સ્ત્રી પુરૂષને કેળવણી આપી સુધારવાં જોઇએ તે વાજબી છે, કે તેથી તેઓ સુખી થાય. અથવા જે જે સ્ત્રીઓમાં ઉંચા ગુણો નથી, તેમને તેવી ધર્મ નીતિવાળી અને પ્રેમાળ બનાવવા પ્રયત્ન કરવો તે ઘટીતછે. સુપ્રસિદ્ધ ઇંગ્રેજ વિદ્વાન સર વિલ્યમ હંટરે પોતાના ભાષણમાં આ દેશની સ્ત્રીઓ વિષે કહેલું છે કે;—" સ્ત્રીઓને આપવાની છૂટના સંબંધમાં જે કેટલાક અંકુશો હિંદુસ્તાનમાં સ્ત્રીઓ ઉપર મૂકવામાં આવે છે, તેને હું છેકજ ધિક્કારી કાઢતો નથી અને છેક ધિક્કારવા લાયક છે પણ નહિ; કારણ કે જેમ અંકુશોથી સ્ત્રીઓની છૂટમાં ખલેલ થાય છે, તેમ એમ પણ છે કે સ્ત્રીઓનું રક્ષણ કરવાનું કામ હિંદુસ્તાનના લોકો પૂરે પૂરી રીતે અને યુરોપના લોકોના કરતાં પણ વધારે સારી રીતે બજાવે છે. જે પ્રમાણમાં ઇંગ્લાંડમાં સ્ત્રી ગુન્હેગારો અને બંધીવાનો જોવામાં આવે છે, તેના પ્રમાણમાં હિંદુસ્તાનમાં સ્ત્રી ગુન્હેગારો અને

અધીત્વાનોની સંખ્યા હિંદુસ્તાનની વસ્તીના પ્રમાણમાં છેક નહિ જેવીજ છે. વળી હિંદુસ્તાનની સ્ત્રીઓને દારૂપી છાકટી થવાનો દેખાવ તો કદી પણ જોવામાં આવતો નથી, પણ ઇંગ્લાંડમાં તો હજારો સ્ત્રીઓ દરરોજ છાકટી હાલતમાં જોવામાં આવે છે. વળી દેશી સ્ત્રીઓની એટલી તો સંભાળ રાખવામાં આવે છે કે તેઓને કદી પણ ભૂખમરાની હાલતમાં આવવું પડતું નથી અને નઠારાં કર્મો કરી પેટ ભરવું પડતું નથી. આ બાબતમાં તો હું ધારૂં છું કે ઇંગ્લાડની સ્ત્રીઓ હિંદુસ્તાનની સ્ત્રીઓની સુખી હાલત જોઇ તેમની અદેખાઇ કર્યા વગર રહેશે નહિ." હવે જેઓ યુરોપિયન સુધારાને ધોરણે આ દેશમાં સ્ત્રીઓમાં સુધારો કરાવવા માગે છે, તેમણે આ ઇંગ્રેજ વિદ્વાનના વિચાર મનપર લેવા જોઇએ. પારકાનું અંદરથી ગમેતેવું હોય પણ ઉપરથી ચળકતુ ને ટાપ ટીપવાળું હોય તે સારૂં અને પોતાનું અંદરથી ગમે તેવું સારૂં, પણ ઉપરથી ચળકતુ ન હોય તે નઠારૂં ગણવું એ ખોટું છે.

આ દેશની સ્ત્રીઓ શું પોતાના ગૃહકાર્યમાં પોતાની મરજી માફક કામ કરતી નથી? શું તેમની ધર્મકાર્યમાં સહાયતા લેવામાં આવતી નથી? શું તેમને પોતાનાં સગાં વ્હાલામાં જવા આવવાની છૂટ નથી? શું તેઓ વિવાહ અને બીજા ઉત્સવોમાં ભાગ લઇ શકતી નથી? શું તેમને કુટુંબ કે નાત જાતનાં કાર્યમાં જવા આવવાની પરવાનગી નથી? શું પતિ પત્ની વ્યવહારિક કાર્યોમાં સહાયક થતાં નથી? શું સ્ત્રીઓ પોતાની સાહેલીઓ સંગાતે દેવ દર્શન કરવા જતી નથી? આ પ્રમાણે સર્વ પ્રકારની છૂટ છે, ત્યારે હવે સ્ત્રીઓને કઇ પ્રકારની છુટ નથી? જો સ્ત્રીઓ ને છુટ નથી એમ ધારતા હોતો તે તેમની અજ્ઞાનતાથીજ હશે અગર સ્ત્રી પુરૂષ બને અયોગ્ય અને મૂર્ખ હશે, તેથીજ એમ જણાતું હશે. બાકીતો સ્ત્રી પુરૂષો પોત પોતાના અધિકાર પ્રમાણે પોત પોતાના કાર્યમા સ્વતંત્ર જેવાંજ છે. આ ઉપરથી એમ ન સમજવું કે મારો મત સ્ત્રીઓને ગુલામ કે દાસી જેવી ગણવાનો છે. મારો મતતો સ્ત્રીઓ સુધરી સદ્ગુણી થઇ પોતાનો પ્રાચીન સુખદાયક રંગ જમાવે એ જોવાનો છે. મારો વિચાર તેમને દાસી નહિ, પણ ઘરની દેવી રૂપ અથવા લક્ષ્મી રૂપ ગણવાનો છે અને તેમને યોગ્ય માનપાન આપી સંતુષ્ટ રાખવાનો છે, તથા તેમની ગૃહકાર્યમાં જે યોગ્ય સ્વતંત્રા છે, તેવી રાખવાનો છે અને નહોય ત્યાં અપાવવાનો છે. સ્ત્રીઓ પોતાના પતિ સાથે દરિયા કિનારે કે બીજે યોગ્ય સ્થળે જવા આવવામાં કશું ખોટું સમજતો નથી. એવી રીતતો પ્રાચીન કાળે પણ આર્યોમાં હતીજ અને થાય એ ઠીકજ છે. પ્રાચીન પ્રસિદ્ધ દિલીપ રાજા પોતાની સ્ત્રી સાથે રથમાં ફરવા નીકળેલો. તે વખતે રસ્તાની શોભા જોતો જાય છે તેનું વર્ણન રઘુવંશમાં કરેલું છે. રામ, સીતા સાથે વન વગેરે સ્થળે ફરેલા છે, પાંડવો દ્રૌપદી સાથે સભામાં અને વનમાં ગયેલા છે.તારામતિ હરિશ્ચંદ્ર સાથે, નળ દમયંતી સાથે, વીરમતી જગદેવ સાથે, રાજેશ્વરી જશવંત

નસિંહ સાથે, એમ અનેક ઋષિ મુનિઓ અને રાજાઓ પોતાની સ્ત્રી સાથે ફરવા જતા અને હજુ પણ કેટલેક ઠેકાણે એવો રીવાજ પણ હશે. તેમ હજુ લોકો જેમ જેમ સમજતા જશે, તેમ તેમ ખરી રીતે વર્તતા જશે, એમાં કાંઇ બોલવા જેવું નથી. પરંતુ સ્ત્રીઓને પુરૂષથી સાવ સ્વતંત્ર બનાવી પુરૂષનાં જેવાં કામો કરાવવાં અને તેમને પોતાની મરજી પ્રમાણે ચાલવા દેવી એતો કદી સારૂં ગણાશે નહિ. ખરી સુધરેલી સ્ત્રીતો એજ કહેવાશે કે જે પોતાના તનની સાથે મનની વૃત્તિને પૂર્ણપણે કેળવી સદ્‌ગુણી બનશે અને પ્રાચીન કાળની સાધ્વી સ્ત્રીઓનાં જેવાં ઉત્તમ કાર્યો કરી જગતમાં પોતાની કીર્તિનો જયધ્વજ ફરકાવશે તેજ. બાકી ખોટી સ્વતંત્રતાના ગુણો દેશમાં વધારવા ફાંફાં મારવાં એ સ્ત્રીઓને રાક્ષસી રૂપ બનાવવા જેવુંજ છે. આર્ય શાસ્ત્રકારોએ જણાવેલું છેકે;-" બાળપણમાં માબાપ પાસે, જુવાનીમાં પતિ આધિન રહેવું અને વૃદ્ધાવસ્થામાં પતિ ગત થયો હોય તો પુત્રને વશ રહેવું, પણ સ્ત્રીઓએ સ્વતંત્ર પણે કદી ચાલવું નહિ. સ્ત્રીએ માબાપ ધણી અને છોકરાંથી જુદા રહેવાની કદી ઇચ્છા કરવી નહિ, તેઓની સાથે વિયોગ રાખવાથી પિયર અને સાસરા બંને કુળની નિંદા થાય છે." શાસ્ત્રકારોએ જે દર્શાવ્યું છે તે પુરું વિચાર કરીનેજ હશે. કાંઇ તેમને દાસી જેવી ગણવાને કે તેમના પર અન્યાય ગુજારવાને દર્શાવ્યું નહિ હોય; જ્યાં સ્ત્રીઓનો માન મરતબો જાળવી ઉત્તમ ગણવા જેવું જણાયું છે, ત્યાં તેવી આજ્ઞા લખી ગયા છે. સ્ત્રીની ઘરમાં સર્વથી પહેલી પદવી ગણેલી છે; અર્થાત તેનું સુખ પહેલું જોવું જોઇએ. એવી આજ્ઞા કરી છે.-" સ્ત્રીઓ જે ઘરમાં માન પામે છે, તે ઘરમાં દેવતાઓ સંતુષ્ટ થાય છે." આવા પ્રકારની અનેક આજ્ઞાઓ કરેલી છે, છતાં આર્ય ગૃહસંસારમાં નકામા બખેડાઓ ઉભા કરવા એ કદી સારૂં નથી.

આ દેશની સ્ત્રીઓને સમાનતા અપાવવા ઇચ્છનારાઓએ વિચારવાનું છે કે, જે દેશની સ્ત્રીઓનું અનુકરણ કરવા ચાહોછો, તેજ દેશની પ્રખ્યાત્ ઇંગ્રેજ સ્ત્રી મીસ. મેરી કારપેન્ટર, મીસ. ફ્લોરેન્સનાઇટીંગેલ અને જેનઆસ્ટન; વગેરેના જેવી સુજ્ઞ સ્ત્રીઓ એટલે લગણ બતાવી ગઇછેકે;—" સ્ત્રીઓ પુરૂષના પડખામાં રહીને ગૃહકાર્ય કરવે યોગ્ય છે. તે કોમળ, નાજુક અને લાવણ્યમયીછે. તેને પુરૂષના જેવાં સાહસ કરવાને ઇશ્વરે સરજેલી નથી." આ શું તેમનુ કહેવું ખોટું છે? સ્ત્રીઓ પાસે પુરૂષના જેવાં કઠણ કામો કરાવી તેમના હૃદયમાંથી પ્રેમના ફુટતા અંકુરોને દબાવી દેવા ન જોઇએ. જો પ્રેમના અંકુરોને ફુટતા દબાવી દેવામાં આવશે, તો ઘણાંજ માઠાં પરિણામો આવશે. યુરોપના જે દેશોમાં સ્ત્રીઓના હક સમાન ગણી તેઓને જે પુરૂષના જેવાં કામો કરવાની છૂટ આપી છે, તેમણે સારાં ફળ ચાખ્યાં નથી. તે વિશે ડા. સ્માઇલ્સે—ધીયુનિયન પત્રમાં ફકરો લખ્યોછે તેનો ટુંક સાર એછેકે;—" એ રસમે લોકોની ઘર સંબંધી હાલતમાં ઘણું નુકસાન કર્યુંછે,

ઘર રૂપી પવિત્ર ધામના ઉપર એ રસમે હુમલો કરીને કુટુંબની સંસારિક ગાંઠો તોડી નાંખી છે, પુરૂષની પેઠે સ્ત્રીઓએ કામ કરવાથી સ્ત્રીઓને પોતાના સ્વામી અને છોકરાંઓને પોતાના માબાપ પાસેથી છીનવી લીધાં છે. તેમાં વિશેષ કરીને સ્ત્રીનું વર્તન હલકું કરી નાંખવાનું તેનું વલણ વધારે થયુંછે. સ્ત્રીનું ખરૂં કાર્ય ગૃહકાર્યને લગતી પોતાની ફરજો બજાવવાની છે. તે એકે પોતાના ઘરખટલાની વ્યવસ્થા રાખવા વગેરે ને લગતાં કામો કરવાનાં છે, પણ કારખાનું તેણીને આ ફરજોથી દૂર કરે છે. તેથી ઘર તે કહેવા લાયક ઘર રહેતું નથી. છોકરાં રખડતાં રઝળતાં અને અશિક્ષિત નીવડે છે. પ્યારની તિક્ષણ ધાર બુઠ્ઠી થઇ જાયછે. તેથી સ્ત્રી એ પુરૂષની ગૃહમિત્ર, સલાહકાર, સોબતી અને નમ્રભાર્યા રહેતી નથી. પણ તેની સાથે મહેનત કરનાર અને મજુર સોબતી બનેછે. શીળગુણનું ઉત્તમ વર્તન અને વિચારોમાં વપરાતી સભ્યતા તેનો વારંવાર નાશ કરનારી માઠી અસરોને આધિન તેણીને રહેવું પડેછે. કુમારીઓ સંગત, નિયમો અને વિવેક બુદ્ધિના કાબુ વિના ઉગતાંજ સ્વતંત્રતાની લાગણી ગૃહણ કરવા માડેછે અને તુરતજ પોતાના સોબતીઓના દુર્ગુણો તેમાં દાખલ થાયછે. જે સહવાસમાં તેઓ રહેછે ત્યાંનો શારીરિક અને નીતિ સંબંધી વા તેમને લાગેછે અને તેમની પ્રાણુજન્ય વાસનાઓને ઉશ્કેરેછે. ખરાબ દ્રષ્ટાંતોની અસર તેઓમાં પ્રસરેછે અને તેથી વધતાં વધતાં અગણિત ખરાબીઓ વધે છે." આ શું તેનું કહેવું ગેર વાજબીછે? કદી નહિ; અરે! પેલું ખુના ખરાબીવાળું ફ્રેંચરેવોલ્યુશન એ પણ સ્ત્રીઓની પવિત્ર સત્તાની ગેર હાજરીને લીધેજ ઉત્પન્ન થતી સંસારિક ખરાબીઓથી થયું હતું. એ કોનું અજાણ્યું છે! સ્ત્રીઓને અયોગ્ય સ્વતંત્રતા એ કેટલી બધી ખરાબીનું મૂળછે, તે વિષે અનેક વિદ્વાનો પોતાના અભિપ્રાય આપી ગયાછે; છતાં ખોટી ધૂનમાં આવી મચ્યા રહેવું એ મહા હાનિકારકછે. માટે સુજ્ઞ સ્ત્રી પુરૂષોએ પોત પોતાના નિર્મિત કાર્યોમાં જોઇતો સુધારો કરી ગૃહરાજ્યને સુખકર અને શોભાયમાન બનાવવું જોઇએ. સ્ત્રીઓએ યોગ્ય કેળવણી લઇ સદ્‌ગુણોનો વધારો કરવો, પતિને પ્રિય થવું અને નીતિ ધર્મના નિયમો પાળી સ્ત્રીરત્ન—સાધ્વી—સતી—દેવી એવું ઉત્તમ પદ મેળવવું, એજ શ્રેયકર અને આલોક પરલોકમાં સુખ દાયકછે.

સ્ત્રીઓનીઆચારનીતિ.

આ સંસારમાં સાફલ્યતા મેળવવા સદ્‌ગુણી સ્ત્રીએ પરણ્યા પછી જેમ બને તેમ વધારે કાળ પોતાના પતિની સાથેજ ગાળવો અને તેમની આજ્ઞાને અનુસરી ચાલવું. <u>પ્રાતઃકાળમાં પતિનાં પહેલાં ઉઠી દાતણ કરી મુખ સ્વચ્છ કરવું</u>,

જળ વડે શરીર શુદ્ધ કરી ઇશ્વર સ્મરણ કરવું. પછી ઘરમાંથી શય્યા ઉપાડી વાસીદું વાળવું અને ઘર લીંપી શુદ્ધ કરવું. વાસણો માંજી જળથી ધોઇ પાકશાળાનાં પાત્રો પાકશાળામાં અને બીજાં તેમની યોગ્ય જગ્યાએ ગોઠવવાં. પ્રભાતનું કાર્ય પૂરૂં કરી, પછી નિત્ય ઉપયોગમાં આવતાં પાત્રો, પીવાના રસો, ભોજનસામગ્રી અને વાપરવાના પૈસા સંભાળીને જોઇતી સઘળી વસ્તુઓ એકઠી કરવી. ભોજન તૈયાર કરીને પતિ, સાસુ, સસરા આદિને જમાડી જમવું. રસોઇનું, જમવા જમાડવાનું, એઠવાડનું અને ચૂલા અભોટનું કામ પૂરૂં કર્યા પછી ઘરની અંદર કયા પદાર્થ છે અને કયા થઇ રહ્યા છે તેની તજવીજ કરવી. નવા પદાર્થો જરૂર હોય તો તે અથવા જે પદાર્થ થઈ રહ્યાથી તેની જરૂર હોયતો તે મંગાવી સંભાળથી ભરી રાખવા. મોસમમાં ભરી રાખવાના દાણાની યોજનાપણ સમયોચિત કરવી. હરેક કામ વિચારીને કરવું, કોઇ કામ માથા ઉતાર—વેઠ સરખું કરવું નહિ. દેશાચાલ પ્રમાણે રાત્રે વાળુ કરીરહ્યા પછી સર્વ વાસણ માંજીને ઠેકાણાસર મૂકવાં. દાણા દુણી વગેરે કાંઇ ઉઘાડું, અવ્યવસ્થિત કે જ્યાં ત્યાં રખડતું રહે નહિ, એટલા સારૂ " ઢાંકો દુમો " કરવો. સમય સર સર્વ બાળકોને પથારી કરી સુવાડવાં. સર્વના સુતા પછી પોતે સુવું, પરંતુ પોતાના સુવાની પૂર્વે પરમેશ્વર પ્રતિ પોતાનાં સર્વ કર્મો રજુ કરી ભૂલ ચૂક માટે ક્ષમા માગવી અને આ મનુષ્ય દેહથી રૂડાં કાર્ય કરાય તથા તેમાંજ પ્રવર્ત્તમાન થવાય તેવી પ્રાર્થના કરવી. તે પછી શાંત, નિર્વિકાર તથા જીતેંદ્રિય થઇને શયન કરવું—નગ્ન સુવું નહિ, પણ વસ્ત્ર પહેરીને સુવું.

પતિના ગૃહમંદિરમાં સુખે કે દુઃખે સદાકાળ સંતોષથી રહેવું, ઘર બાર અને પોતાના સર્વ સુખનો આધાર સાસરીઆં પર રહેલો છે, એમ સમજી સુજ્ઞ સ્ત્રીએ ભૂલે ચૂકે પણ સાસરીનો તિરસ્કાર કરવો નહિ. માબાપના મહેલ કરતાં સાસરાની પર્ણ કુટીમાં પરમાનંદથી રહેવું. ઘરનું કામકાજ અધુરૂં મૂકી કે પૂરૂં કરીને પણ પરઘેર તડાકા મારવા જવું નહિ. જરૂર પડતાં પિયર જવું, પણ ત્યાં વધારે નિવાસ કરવો નહિ. જ્યાં પતિ જાય ત્યાં તેમની આજ્ઞાથી સાથે જવું. યથાશક્તિ સ્વામી જે રીતે ભરણ પોષણ કરે તેમાં સંતોષ માનવો. પકવાન્ન કરતાં પણ સાદા ભોજનથી સંતોષી રહેવું, ઉંચે સ્વરે બોલવું નહિ, તતડીને બોલવું નહિ, બહુવાર બૂમો પાડવી નહિ, કટુ ભાષણ કરવું નહિ, પાડોશીની કે બીજાની સાથે વિવાદ કરવો નહિ અને વિવાદ થાયતો કટુ વચનો બોલવાં નહિ. સદ્‌ગુણી સ્ત્રીએ ઘરમાં ઘણો નકામો ખર્ચ કરવો નહિ. ધર્મ અને અર્થથી વિરૂદ્ધાચરણ કરવું નહિ; પ્રમાદ, ઉન્માદ, રોષ અને ઇર્ષાનાં વચનો બોલવાં નહિ. કોઇની નિંદા કરવી નહિ; ચાડી, હિંસા, વિષય, મોહ, અહંકાર, ગર્વિષ્ટતા, નાસ્તિકતા, સાહસ, ચોરી અને દંભનો ત્યાગ કરવો. સ્વામીના સુખ દુઃખમાં તેમજ તેની ઘણી ખરી મહેનતમાં

ભાગ લેવો. તેની સેવા કરવી. પતિના નશીબમાં કાંઈ માઠો ફેરફાર થાયતો તેવી અવદશામાં ગભરાઇ ન જતાં, કે હિંમત હારી માથે હાથ દઇ નિઃશ્વાસ નહિ નાંખતાં, પતિને અનેક પ્રકારે દિલાસો આપી શાન્ત પાંડવો અને ઇચ્છવું કે;—" જો પરમેશ્વર અમને એક બીજાને માટે જીવતાં રાખે તો ગમે તેટલું દુઃખ અને ગમે એટલો ભય આવી પડે, તોપણ હું મારા મનથી સર્વોપરી સુખ સમજીશ." એવી રીતે સ્વામિ ભક્ત સ્ત્રીએ સમજવું જોઇએ. પ્રેમવતી, મોટા મનવાળી સ્ત્રીના સંયોગથી પતિ વધારે સુખ ભોગવે છે અને તેનું સંસારિક સુખ સંપૂર્ણ થાય છે. પતિની જીંદગીમાં ફેરફાર થવાથી તે નાઉમેદ થાય તો તેને ટકાવી રાખવા હિંમત અને ઉત્તેજન આપવું. ગૃહસ્થાશ્રમમાં કોમળ પ્રેમ રૂપી—સૂર્યનો પ્રકાશ પાડી તેના દુઃખનું હીમ ઉડાડી દેવું. મહાન્ કાર્યોના ઉદ્ભવ અને સિદ્ધિમાં પણ ગૃહસ્થાશ્રમનો આનંદ એ જીંદગીનો પાયો છે; એવો ગૃહસ્થાશ્રમ બનાવવા સારૂ્ી સ્ત્રીએ હમેશાં કાળજી રાખવી.

ગૃહસ્થાશ્રમ સુશોભિત અને સુખમય કરવા, જો પત્ની કાળજી રાખતી નથી, તો પતિને વિશ્રામ લેવાને માટે સૌથી સ્વચ્છ, સૌથાભિષ્ટ, સૌથી ખુશનુમા સ્થળ—બાહ્ય સંસારનાં સંકટ અને દુઃખમાંથી નાશી છૂટવાના સ્થાન રૂપ ન હરે તો પ્રભુ એ બાપડાને સહાય કરો; કેમકે એ ખરેજ ઘર વિનાનો જાણવો! ઘરતે સ્ત્રીનું રાજ્ય છે, તેનું જગત્ છે;—ત્યાં તેણે પ્રેમથી અને નરમાશની સત્તાથી અમલ ચલાવવો. દૈવયોગે પતિ તોફાની પ્રકૃતિનો હુલ્લડી ગળી આવ્યો હોયતો મોટું મન રાખવાથી તે જેવો શાન્ત પડે છે, તેવો બીજા કશાથી શાન્ત પડતો નથી. સ્ત્રીનું મોટું મન જોઇ તેને વિશ્રાંતિ, સંતોષ અને સુખ મળશે. મગજ અને મનની શાન્તિ વાળી સ્ત્રી પતિને ઉત્તમ સલાહકાર થઈ પડે છે; કારણ કે જ્યાં તેની "અનાશ્રિત બુદ્ધિ ખોટે રસ્તે જવાની તૈયારીમાં હોય; ત્યાં એવી સ્ત્રી પોતાની સ્વાભાવ—સિદ્ધ કળા વડે તે પતિને ખરે રસ્તે દોરી લઇ જાય છે. વિઘ્ન અને વિપત્તિના વખતમાં સ્વામીને ટેકા રૂપ થઇ પડવું અને જ્યારે દુઃખનો દરિયો ઉલટે અથવા વિધાતા ઘુરકીયાં કરે; ત્યારે પતિને દિલાસો દેવામાં પાછી પાની કરવી નહિ. જુવાનીના વખતમાં પતિને સુખ અને શણગાર રૂપ થઇ પડવું. પ્રૌઢાવસ્થામાં જ્યારે સંસારનાં સુખનાં સમણાં હવામાં ઉડી ગયાં હોયછે અને સંસારના સાચા વ્યવહારમાં રહેતા હોઇએ, તે વેળાએ સુજ્ઞ સ્ત્રી—દેવીએ પતિને એક નિષ્ઠાથી સહાયક થઇ પડવું. વૃદ્ધાવસ્થાના અસ્થિર સમયમાં શાન્તિદાયક અને આનંદ આપનારા થઇ પડી, ઇશ્વર ભક્તિ કરવામાં એક ઉત્તમ સહાયકારક થઇ પડવું. આવી આચારનીતિ વાળી સ્ત્રી આ લોકમાં અમર યશ મેળવી ધન્યતાને પામે છે.

પવિત્રગૃહ–સંસાર.

આ સંસારમાં સ્ત્રી પુરૂષના ઉત્તમ વર્તનથી ગૃહ–સંસાર પવિત્ર થાય છે. તેમાં ગૃહ–રાજ્યના ખાસ સ્થાનમાં સ્ત્રીવર્ગ જે સત્તા ચલાવે છે, તે ઉપરજ જગતના સુખ દુઃખનો, જ્ઞાનાજ્ઞાનનો અને સુધારાકુધારાનો ઘણે અંશે આધાર રહેલો છે. સારી સ્ત્રીઓની સત્તા તેજ પૂરતી રીતનો સુધારો છે. પુરૂષ મનુષ્યત્વનું મગજ છે અને સ્ત્રી તેનું હૃદય છે. પુરૂષ તે મનુષ્યત્વની તોલનશક્તિ છે અને સ્ત્રી તેનું લાગણીવાળું મન છે. પુરૂષ તેનું બળ છે અને સ્ત્રી તેની શોભા, તેનો શણગાર ને તેનું વિશ્રામ ઠામ છે. જેમ પૃથ્વી ઉપરનું વાતાવરણ માણસના દેહને પોષણ આપે છે, તેમ સારી જનેતાએ નીતિનું એવું તો નિર્મળ વાતાવરણ ઉત્પન્ન કરે છે કે તેથી માણસના નીતિ દેહને પુષ્ટી મળે છે. ભલો સ્વભાવ, માધુર્ય અને માયાળુપણું એ સર્વ સમજથી વાપરીને એક શાણી સ્ત્રી તેના કુટુંબીઓને ખુશ મિઝાજની ખુશબોથી ઘેરી લે છે અને તેના પ્રતાપથી આખા ઘરમાં શાન્તિ અને સંતોષ પ્રસરી રહે છે. તેથી એવા સ્થાનમાં મહા પવિત્ર અને ઉત્તમ પુરૂષત્વની પ્રકૃતિવાળાં માણસોનો સારો પાક ઉતરે છે. ગમે તેવું ગરીબ ઘર હોય, પણ તેમાં સદ્ગુણી, કરકસરવાળી, હસમુખી અને સુઘડ સ્ત્રીનું રાજ્ય હોય તો તે સુખનું, સદ્ગુણનું, અને નિરાંતનું પવિત્ર સ્થાન થઇ પડે છે. ગૃહસંસારમાં પ્રત્યેક ઉમદા સંબંધનું ત્યાં સ્વરૂપ સિદ્ધ થાય છે, એવું પવિત્ર ઘર અનેક આનંદદાયક ને સ્મરણ રાખવા યોગ્ય પ્રસંગોથી પુરૂષને પ્રિય થઇ પડે છે. તે પ્રેમી હૃદયનું પવિત્ર સ્થળ સંસાર–સાગરના તોફાનમાંથી નીકળી આવવાનું આશ્રયસ્થાન, શ્રમિત થયેલા માણસનું વિશ્રામ ઠામ, દુઃખમાં દિલાસો લેવાની જગા, આબાદીના સમયમાં માન–અભિમાન રાખીએ એવું ઠેકાણું અને સર્વ સમયે આનંદનું ધામ એક રૂડી સ્ત્રી–દેવીના પ્રતાપથી બની રહે છે. સ્ત્રીઓ પોતાનાં છોકરાંનાં લક્ષણ ઘડવામાં જે અસરકારક સત્તા ચલાવે છે, તે ઘણે ભાગે બહાર દેખાવ દેતી નથી, પણ પોતાના એકાંત ગૃહ–સંસાર અને કુટુંબ કબીલાના શાન્ત સ્થળમાં કર્તવ્યતાના પવિત્ર માર્ગમાં સ્થાયી મહેનત અને ધૈર્યતાવાળા આગ્રહથી તે પોતાનું ઉત્તમ કાર્ય પૂર્ણ કરે છે. ગૃહ–સસારની અંદર સ્ત્રીમાં કામ પાર પાડવાની શક્તિ હોય, તેથી તેનું સ્ત્રીત્વ ઘટતું નથી, પણ દરેક વ્યવસ્થાપૂર્વક વર્તનારા કુટુંબના સુખ અને કલ્યાણને માટે એ ગુણ કેટલેક દરજ્જે જરૂરનો છે. કામકાજની ટેવ માત્ર વેપારને અંગેજ જોઇએ એમ નથી; પણ સંસારના સઘળા વ્યવહારમાં તે કામ આવે છે. દુકાન ચલાવવામાં જેટલે દરજ્જે કામકાજ ક[illegible]ના ગુણોનો ખપ પડે છે, તેટલેજ દરજ્જે ગૃહ–સંસાર ચલાવ-

વાનાં તેની જરૂર પડે છે. કામ કરવાની શૈલી, બારીક વ્યવસ્થા,ઉદ્યોગ, કરકસર, મન ઉપર અખત્યાર રાખવાની શક્તિ, કળા, જ્ઞાન અને અમુક કાર્ય પૂરૂં કરવાને અમુક સાધનો કામે લગાડવાની શક્તિ, એ સઘળા લક્ષણોની એ બંનેમાં જરૂર પડે છે. એ સઘળાં ગુણો કાર્ય સિદ્ધિમાં તત્ત્વ રૂપે રહેલાં છે. જે સ્ત્રીઓને પોતાનો ગૃહ-સંસાર સુખમય અને પવિત્ર કરવો હોય, તેમણે એ ગુણો મેળવવા જોઇએ.

પુરૂષે ગૃહ-સંસારમાં સદા સૌજન્ય રૂપી વસ્ત્ર સજવાં. તેમણે એવી નરમાશ અને એવી ચતુરાઇથી ગૃહ-રાજ્ય ચલાવવું કે તેથી ઘરમાં પ્રેમ અને કર્ત્તવ્યનો વાયુ પ્રસરી રહે. પોતાની જીંદગીના જે જાહેર કર્ત્તવ્યો છે. તે બીજાને ગમે એવાં ગંભીર અને અગત્યનાં લાગતાં હોય, તોપણ પોતાના કુટુંબનાં જુદાં જુદાં સગાંઓનો પણ પોતાના ઉપર હક હોવાથી તેમની સાથે માયાળુપણાનાં કામો કરવાંજ જોઇએ. જે પુરૂષનો પ્રેમ ગૃહસંસારથી સજીવન થયો છે, તે કંઇ તેટલા સાંકડા ગોળમાંજ પોતાની સહૃદયતા રોકી રાખતો નથી. તેનો પ્રેમ તેના કુટુંબમાં પ્રસરે છે અને ત્યાંથી જગત્‌માં વિસ્તરે છે. પુરૂષે ખરી વિશ્રાંતિ અને ખરૂં સુખ ભોગવવું હોય તો તેની સ્ત્રીએ તેના ગૃહ-સંસારમાં સહાયક થવું જોઇએ; એટલુંજ નહિ પણ તે તેના દિલની--પ્રાણની--આત્માની પણ સહચરી હોવી જોઇએ. જે સ્ત્રીનું ઘર પ્રેમનું સ્થાન નથી તે વિશ્રાંતિનું સ્થાન કેમ કરીને થાય ? મગજને વિસામો અને દિલને શાન્તિ તો પ્રેમ-વૃત્તિની નરમ અસરથીજ મળી શકે છે. ગૃહિણીમાં ઉછળતો આનંદ અને ઝગારા મારતો ચળકાટ હોય, તેનાં કરતાં ચોખ્ખી સમજ, હસમુખાપણું અને મનોત્સાહનાં લક્ષણો તેનામાં હોવા જોઇએ અને વેગવાળી પ્રકૃતિના કરતાં સુશીલ સ્વભાવ પસંદ કરવા જોગ છે. જે ઘરમાં કજીઓ કંકાસ કે કડવાં વેણ સાંભળવામાં આવે નહિ, કોઇ આળસુ જણાય નહિ, પ્રત્યેક માણસ પોતાનું કર્ત્તવ્ય ઉત્સાહ અને આનંદથી કરતું હોય, પોતાની સુશીલતાથી સૌનાં મન હરી લીધાં હોય, બાળકો બળ, બુદ્ધિ, વિવેક, વિનય અને મર્યાદામાં ઉત્તમ જણાતાં હોય, તે ઘર ખરેખર પવિત્ર સ્વર્ગ ધામ સરખું દિસે છે.

રાજ્યકાર્યભાર જેમ ઘણાંનાં મન મેળવીને ચલાવવો પડે છે, તેમ ગૃહ-સંસાર પણ ઘણાંનાં મન સાચવી તપાસીને સમાધાનીથી ચલાવો પડે છે. કેટલાંક કામથી પરહેજ રહેવું અને કેટલાંક કામમાં બીજાને પરહેજ રાખવાં પણ ખરાં; વેઠવું પણ ખરૂં અને સબુરી પણ રાખવી. પરસ્પર ખામીઓ જોવામાં આવે તેથી એમ કહેવાની મતલબ નથી કે તે એબ ઉપર આપણે આંખ મીંચીને ચાલવું. તે ખામીઓ સારા સ્વભાવથી ખામોશ રાખીને ખમવી જોઇએ અને યોગ્યપણે સુધારવી પણ જોઇએ. સઘળા ગુણો કરતાં સારો સ્વભાવ એ ગૃહસ્થ-ગૃહિણીના ગૃહસ્થાશ્રમમાં બહુજ નભે છે અને બહુજ સારાં ફળ આપે છે. તેની સાથે વળી

મનને વશ રાખવાની જો શક્તિને ટેવ હોય તો તેથી ધીરજ આવે છે. તેથી સહન કરી શકીએ છીએ અને ક્ષમાશીલતા રાખી શકીએ છીએ. પતિપત્નીએ પરસ્પર જે કહેવું હોય તે મ્હેણાં મારવાના ચડસ સિવાય કહેવું અને ક્રોધનો વીજળી ચમકારો ચાલ્યો જાય; ત્યાં સુધી મનને વારી રાખવું. "મીઠો જવાબ ગુસ્સાને ઉતારી નાંખેછે." માટે ગુસ્સાને ઉતારવા મીઠાસ ભરેલો જવાબ આપવો. પુરૂષે ગૃહ-સંસારમાં ખુશમિઝાજનો, માયાભાવનો, ખામોશનો અને પાકી સમજનો ઉપયોગ કરવો.

સ્ત્રીએ પોતાનો ગૃહ-સંસાર સુશોભિત, પવિત્ર અને સુખમય કરવા કાળજી રાખવી. પતિને વિશ્રામ લેવા માટે ગૃહ-સંસાર સૌથી સ્વચ્છ-પવિત્ર, સૌથી મિષ્ટ, સૌથી ખુશનુમા સ્થળ બનાવવાને સ્ત્રી જો કાળજી ન રાખે તો ખરેજ સંસારનાં દુઃખમાંથી છૂટવાને તે પુરૂષ ઘર વિનાનો છે! સુશીળ સ્ત્રી મોટાં મોટાં સંકટને વખતે પતિને ગૃહ-સંસારમાં ઘણી કામની થઇ પડે છે. તે હમેશાં અતિ નરમાશવાળી છતાં પ્રસંગ આવતાં તે દૃઢ અને જાગૃત બની જાયછે. તે ખબર ન પડે તેમ તપાસ રાખ્યા કરે છે. અડચણોને વખતે સ્વસ્થ અને શાન્ત બની પતિને એવા સમયમાં સુશીલ, શાન્ત અને મજબૂત કરે છે. પોતાના સંતાનનું કેવા પ્રકારે સાંત્વન કરવું તે નિરંતર વિચાર્યા કરે છે અને પોતાના પતિ ઉપરનો પ્યાર વધારવાનો પ્રયત્ન કરે છે. રૂડા પતિએ પોતાની ધર્મ-પત્ની સાથે આબરૂ ભરેલી વફાદારીથી, માયાળુપણાથી અને ધર્મ-નિષ્ઠાથી વર્તવું જોઇએ. શાણપણ અને પ્રીતિભાવથી ગૃહ-સંસારની લગામ પકડી સહાય થવું. પત્નીને સમજાવીને ઘરમાં અમલ ચલાવવો; તેમાં પણ જે કામ આબરૂ અને ફાયદા ભરેલું હોય તેજ તેમનીપાસે સમજાવીને કરાવવું. તેના બહારના દેખાવ કરતાં તેના આત્મા અને તેની આબરૂને વધારે ચાહવું, તેને ઘટતું માન આપવું, પોતાના સદ્ગુણનું બીજ તેના હૃદયમાં રોપવું. જુવાનીનું રૂપ ઉમર વધતાં ઉતરે તોપણ તેનાપરની આશક્તિ ઓછી કરવી નહિં. પ્યારથી પોષવી, તેના ઉપર અત્યંત પ્રેમ રાખવો. તેને એક રૂપાળી પૂજવા યોગ્ય પૂતળી માફક ગણીને લાડ લડાવવાં એમ નહિ, પણ પ્રભુને દરમીઆન રાખીને એક પોતાના સંસારના ખરા સહાયક-જન તરીકે તેને ગણીને ચાહવું. બંનેના ધર્મ-સંયોગથી પેદા થયેલાં બાળકોને ચાહવું, તેના પ્રત્યેનાં કર્તવ્યો બજાવવાં અને પ્રભુના મહિમાનું ગાન કુટુંબમાં પ્રસરી રહે તેમ કરવું. આવો નીતિ, પ્રેમ, અને ધર્મથી ભરપૂર ગૃહ-સંસાર પવિત્ર અને સુખમય થઇ ચળકી રહે છે તથા તે ઘર સ્વર્ગ સમાન શોભિ નીકળે છે.

ખરૂં સંસાર સુખ શાથી મળે ?

આ સંસારમાં સ્ત્રી પુરૂષ અનેક પ્રકારનાં સુખ ગણે છે અને અનેક રીતે એક બીજાને સુખી સમજે છે. કેટલાંક સ્ત્રી પુરૂષો એમ સમજે છે કે ફલાણી સ્ત્રી પાસે અગર ફલાણા પુરૂષ પાસે ઘણી દોલત છે, માટે તેઓ ખરાં સુખી છે. કેટલાંક એમ સમજે છે કે ફલાણી સ્ત્રીને આટલાં બધાં છોકરાં છે માટે તે ખરી સુખી છે. કેટલાંક એમ સમજે છે કે ફલાણાં સ્ત્રી પુરૂષ વાડીને ગાડીએ મોજ માણે છે, માટે તેઓ ખરાં સુખી છે. એમ અનેક રીતે લોકો એક બીજાને ખરાં સુખી સમજે છે; પરંતુ એ સમજવામાં મોટી ભૂલ કરે છે, ઉપર મુજબની સુખી સ્થિતિ તે ખરેખરી સુખી ગણાતી નથી. પૈસા ટકા, આબરૂ ઇજ્જત, અને બચ્ચાં કચ્ચા વગેરેથી ભરપૂર છતાં બિચારાં કેટલાંક માણસો બેચેનીમાં પોતાના દિવસો ગુજારે છે. ત્યારે ખરૂં સુખી કોણ ? એ જાણવું જરૂરનું છે. ખરૂં સુખ પતિપત્નીની માયાળુ પ્રકૃતિ, પરસ્પર પ્રેમ, એક બીજાને નિરંતર મદદગાર થવું, અને પરસ્પર મધુર વચને બોલાવવું; એટલુંજ નહિ પણ એક બીજાને સુખે સુખી અને દુઃખે દુઃખી થવું તેનુંજ નામ ખરૂં સુખ. ખરેખરા સંસાર સુખનું દૃષ્ટાન્ત રૂપ ખરૂં ચિત્ર એક ખેડુતને જોવાથી મળી આવશે. ખેડુત આખો દિવસ ખેતરમાં કામકાજ કરી સાંજને વખતે પોતાને ઘેર આવે છે, તેને તેની સ્ત્રી પોતાના ખુશનુમા બાળકને હાથમાં લઇ આનંદી ચહેરે સામી મળવાને જાય છે. પોતાના પતિના ઉપરનો કેટલોક બોજો હલકો કરવાને તેની ખાંધ ઉપરનો એક ભારો ઉંચકી લઇ, પ્યારી સ્ત્રી પોતાને માથે મૂકે છે. તે સ્ત્રી પોતાની મધુર વાણીથી પતિનો થાક ઓછો કરવાની કોશિશ કરે છે. તનદુરસ્ત અને શાહાણું બાળક કૂદકો મારી પોતાની માના હાથમાંથી બાપને ગળે વળગવા દોડે છે. એ આનંદકારી દેખાવથી બાપ ખુશી થાય છે. ઘરમાં આવી શાંત ચિત્તે અમૃત વાણીથી ખેતી સંબંધી વાતચિત કરી સાથે બેસી ખોરાક ખાય છે.

બેનો ! આવો ચિતાર જોયાથી કોનું હૃદય આનંદ નહિ પામે ? કોને પોતાની સંસારી સ્થિતિનું ભાન નહિ થાય ? કોને તેમના સુખી સંસારની સ્થિતિ જોઇ આશ્ચર્ય નહિ થાય ? બેનો ! ગરીબ મહેનતુ ખેડુત જેવાં લોકો જે ખરેખરૂં સુખ ભોગવે છે, એવાં સુખ ભોગવવાથી સમજુ બેનો બેનશીબ રહે એવું થોડું સંતાપ ભરેલું છે ? પ્રિય બેનો ! એ ખેડુતની સ્ત્રીઓ કરતાં તમને તો એક બીજો વધારે ફાયદો મળે છે. એ બિચારી સ્ત્રીઓને આખો દિવસ પેટને ખાતર કામે જવું પડે છે, પરંતુ તેવી હાલત તમારી નથી. તમારે તો ખાવા પીવાનું અને પહેરવા ઓઢવાનું ઘણીજ થોડી મહેનતે મળે છે. તમારા પતિ, પુત્ર અને ભાઇઓ તમારે

જોઇતું સઘળું પુરૂં કરે છે. પોતાની શક્તિ મુજબ કોઇ રીતે તમોને ઓછું લાગવા દેતા નથી, છતાં તમો તમારા પતિ, પુત્ર અને ભાઇને ખુશી રાખવાને તજવીજ કરો નહિ, તો પછી તમારા કુટુંબમાં ખરૂં સુખ ક્યાંથી આવે ? પતિ બિચારો આખો દિવસ પોતાના ધંધા રોજગારમાં કામકાજની મહેનતથી ગભરાયેલો, થાકેલો અને કંટાળેલો ઘેર આવે; ત્યાં તે પોતાની સ્ત્રી, બેન અને માતાને રીસાએલાં કે ઉતરી ગયેલાં મૂખે દેખે, ત્યારે તે બિચારાને ઘરમાં આશાએશને બદલે ઉલટી પીડા થઇ પડે કે નહિ ? તેનો પ્રિય બેનો તમારે વિચાર કરવો ઘટે છે. આખા દિવસની હેરાનગતિ ભોગવી કંટાળેલો ઘેર આવે, ત્યાં વળી સાસુ વહુના અને નણંદ ભોજાઇના કજીઆ ચૂકવવા બેસે, એટલે ગરીબ બિચારા પતિની પૂરેપૂરી કમબખતી જાણવી.

બેનો ! તમો પોતે સમજતીઓ નથી કે તમારી એવી ચાલથી કેટલી અને કહેવી ખરાબી થાયછે? જે પતિના મન ઉપર રાત દિવસ સંસાર સંબંધી અને બીજી કાળજી લાગેલી હોયછે; તેથી તેઓની આવરદા ટુંકી થઇ જાયછે અને બિચારો વગર મોતે તથા વગર કારણે ફક્ત કાળજીનો માર્યો આ દુનિઆ છોડી વહેલો ચાલ્યો જાયછે; એવા બનાવો એક કરતાં વધારે વાર બનેલા સાંભળ્યાછે. માટે તે ઉપર વિચાર કરતાં માતા, બેન, અને પત્નીની ખરી ફરજ છે કે પોતાના પતિ, પુત્ર અને ભાઇને સઘળી પ્રકારે સુખ આપવું. જે સ્ત્રીઓ પોતેજ પતિ, પુત્ર અને ભાઇને દુ:ખી અને હેરાન કરેછે, એ ગુન્હો કંઈ જેવો તેવો નથી. તે ઉપર ડાહી સ્ત્રીઓએ ધ્યાન આપવું જોઇએ.

બેનો ! ઉપરની હકીકતથી તમારા ધ્યાનમાં આવ્યું હશે કે ખરેખરૂં સુખી કોણછે? પૈસા ટકા વગેરે તમામ બાબતોનું સુખ છતાં જો એક સંસાર સુખ ન હોયતો તે સઘળું નકામું અને બોજા રૂપછે. એક મહાન્ ગ્રંથકારે કહ્યુંછેકે;—"એક મુંગટધારી રાજા અને શાનશાહો કરતાં ગરીબડી ઝુંપડીમાં રહેનાર અને દાળ, ભાજીખાનાર તથા જાડું પાતળું વસ્ત્ર પહેરનાર શખ્સ **જેના ઘરમાં સલાહ, સંપ અને પ્રેમ** હોયછે, તે ઘણોજ ખુશી અને સુખી જણાયછે." ખરૂં સુખ પૈસા ટકા વગેરેમાં નથી, પણ સલાહ, સંપ અને પ્રેમમાં છે. તેથીજ ખરૂં સુખ મળેછે. માટે તેવો લાભ તમારા પતિ, પુત્ર અને ભાઈઓને આપવા મહેનત કરો. જેથી કરી દેશીઓની સંસારી સ્થિતિ જે હાલ ઘણે દરજ્જે ખરાબ ગણાયછે, તે સારી થઈ સર્વે પ્રકારે સુખી થાય. હે ઇશ ! ભારતવર્ષની સ્ત્રીઓના અંતઃકરણમાં એવી સદ્બુદ્ધિની પ્રેરણા કર ! ! !

સાચાપતિનાંલક્ષણ.

આ સંસારમાં પતિ ગૃહસ્થાશ્રમનો જે રીતે આરંભ કરશે, તે ઉપર તેના સુખ દુઃખનો આધાર છે. ગૃહિણી તરીકે એક સારી સ્ત્રી મળેલી હોય, પણ નબળા, ક્રૂર, ઉડાઉ અને લફંગા પતિથી સારી સ્ત્રી એક ખરાબ પત્ની અને માતા નિવડશે. જાતિસ્વભાવ ઉપરાંત પત્નીમાં જે કાંઇ ગુણ કે અવગુણ દાખલ થાય છે, તે પતિના સારા કે નઠારા લક્ષણનીજ અસર છે. માટે જે પતિ ગૃહ-સંસાર સુખમય કરવાને હમેશાં સદાચરણે ચાલે છે, ખરચનું ધોરણ સ્થિતિને અનુકુળ અને ઉપડી શકે એટલું રાખવાને પત્નીના મનમાં ઉતારેછે, પત્નીની માંદગી વખતે દુઃખ કે ભયમાં તેમની પાસે બેસીને તેમની સંભાળ લે છે, તેમની સઘળી પ્રચ્છા લક્ષમાંલેછે, તેમના મનની શાન્તિ માટે આતુરતાથી યત્ન કરેછે, તેને આરામ કરવાને અને બચાવવાને શ્રમ લઇ ખર્ચ કરે છે, તેના દુઃખની વખતે પોતાની ચિંતાની તેને ખાત્રી કરી આપે છે, એવે પ્રસંગે ગમે એવું અગત્યનું કામ હોય, તોપણ તે તજીદઇને ઘરબહાર જતો નથી, વર્ણવી ન શકાય એવાં કામો કરીને તેની ખાત્રી કરી આપે છે, કે પોતે તેની આરોગ્યતા અને માનસિક શાંતિને મોટી કીંમતી ગણે છે, તેમજ એવી ખાત્રી કરી આપે છે કે, તે જે કહે છે તે તેના દરજ્જાને નીચો પાડવાને નહિ પણ પરિણામે વધારવાને કહે છે.

જે પતી પરણ્યાં પહેલાં જેવાં વચનો, દૃષ્ટિ અને રીતભાત રાખતો; તેવીજ રીતે પરણ્યા પછી પણ રાખે છે. ખોટો વિનયકે તેની મૂર્ખતા તરફ ખુશી બતાવવી એવી હલકી વર્તણુક રાખીને પ્રેમ બતાવવાને બદલે ખરેખરી રીતે ભલાઇનું કામ કરીને તેના ઉપર ખરો શુદ્ધ પ્રેમ બતાવે છે. અગત્યની બાબતનો અગાઉથી બંદોબસ્ત કરી દેછે, બીજા ઉપર ગમે એટલો મિજાજ જાય છે પણ પોતાની ધર્મપત્ની ઉપર મિજાજ કોઇ પ્રકારે જવાદેતો નથી. સત્યતા અને શુદ્ધ બુદ્ધિથી તેનાં ઘટે તેટલાંજ વખાણ કરે છે. વચનોથી નહિ પણ કૃત્યોથી પત્નીનાં અંતઃકરણને ખાત્રી કરી આપે છે કે, જગતમાં સર્વ વસ્તુઓ કરતાં તેણીની તનદુરસ્તી, આયુષ્ય અને સુખને વધારે કીંમતી ગણે છે. તેમાં મુખ્યત્વે કરીને જ્યારે જીંદગી થોડા કે ઘણા ભયમાં આવી પડી હોય; ત્યારે આ વાતની વિશેષ ખાત્રી કરી બતાવે છે. કામના વખત સિવાય બાકીનો વખત પત્નીના સમાગમે ગાળે છે. વગર કારણે પોતાનું ઘર છોડીને એકક્ષણ પણ નકામાં ટલ્લા દેવા જતો નથી, પણ નવરાશના વખતમાં પત્ની અને છોકરાંઓ પાસે જ્ઞાનના પુસ્તકો અને વર્તમાન પત્રો વાંચી કે વંચાવી તેમના જ્ઞાનમાં વધારો કરે છે. છોકરાંઓ ઉપર પ્રેમ ભાવ બતાવે છે, ઘરમાં ચાકરો હોય, તોપણ વખતે બાળકોને હાથે જમાડે

છે, રમાડે છે, શિક્ષણ આપે છે અને સાથે સુવાડે છે. પત્ની સાથે માયાળુ પણાથી વર્ત્તે છે, તેને અયોગ્ય છુટ આપી મોઢે ચડાવતો નથી કે ગુલામ જેવો થઇ રહેતો નથી. તેની અયોગ્ય સત્તા તળે દબાઇ રહી લોકોમાં અપકીર્ત્તિ થાય તેમ કરતો નથી. તેમ તેને દાસી નહિ પણ ધર્મ—પત્ની ગણે છે; એટલુંજ નહિ પણ સંસારનો ખરો સહાયક, દિલની—પ્રાણની—આત્માની સહચરી ગણી માન અને સંતોષ આપે છે. તેની વાત લક્ષ પૂર્વક સાંભળી તેને સમજાવી બનતા સુધી તેના મનનું સમાધાન કરે છે. મિત્રો, ઓળખીતાઓ અને સોબતીઓને પસંદ કરવાના કામમાં પત્નીની સલાહ લક્ષપૂર્વક સાંભળે છે; કેમકે પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે તીક્ષ્ણ દૃષ્ટિવાળી હોય છે, તે પહેલી ઓળખાણે તેનો ઘણો થોડો ભરોસો કરે છે, તે પુરૂષો કરતાં વધારે શંકાશીલ હોય છે. એકજ ધંધાના માણસોથી અને પ્રતિજ્ઞા ઉપર કહેલી વાતોથી તે ભાગ્યેજ ઠગાય છે, તે વધારે સાવધાન કાનથી સાંભળે છે, વધારે તીક્ષ્ણ દૃષ્ટિથી મોહાનો મ્હેરો નિહાળે છે અને ખાસ પ્રસંગોમાં તેમના વહેમોને વાસ્તે દરગુજર કરતાં, આવા પ્રકારની વાતોમાં તેમના અભિપ્રાયો અને દલીલો ધ્યાનમાં લેવા જેવી હોય છે તે લક્ષમાં લઇને વર્ત્તે છે.

જે પતિ પોતાની ધર્મ-પત્નીને લગનની પવિત્ર પ્રતિજ્ઞાથી સોંપેલો પ્યાર બીજી પરાઇ સ્રીને કદિપણ આપતો નથી. કોઇ કારણથી પત્નીનું મન વહેમાય તો તેનું મન શાંત પાડવાને યોગ્ય ઉપાયો કામે લગાડે છે. વગર કારણે ધર્મ-પત્નીને પરાયા પુરૂષોના રક્ષણ તળે સોંપતો નથી. જાણી જોઇને પોતાની ધર્મ-પત્નીને જુદી પાડતો નથી; પોતાની સ્રીની સોબતમાં ફરવામાં અને તેની સાથે વાત કરવામાં શરમ ગણતો નથી. પોતાની પત્નીની શાંતિ માટે બનતે પ્રયત્ન કરવો એ પોતાની પવિત્ર ફરજ છે. પોતાની પત્નીને બેચેની ઉત્પન્ન થાય એવું સાહસ માથે લઇ પરાઇ સ્રી સાથે વાતો કરી ઇચ્છા અને ખોટા ગર્વને તૃપ્ત કરતો નથી કે સોબતમાં રહેતો નથી. પોતાની સ્રીના મનમાં અદેખાઈની લાગણી ઉત્પન્ન થવા ન પામે, તે માટે પોતાના કૃત્યથી તેને બતાવી આપે છે કે દુનિયાપરની બીજી કોઇ પણ વસ્તુ કરતાં તેને વિશેષ ચાહે છે, પત્નીના મનમાં પોતાના સદ્દ્વર્તનની છાપ પાડવાને યત્ન કરે છે. આ દેહ ધર્યાનું સાર્થક કરવા તેમને સાથે લઈ ઇશ્વર ભક્તિ કરે છે અને પરણતી વખતે કરેલી પ્રતિજ્ઞાઓ પૂર્ણ પણે પાળે છે. આવા ગુણ-લક્ષણ વાળો પતિ તેજ સાચો પતિ ગણાય છે અને તેજ સંસાર સુખનો ઉત્તમ લ્હાવો લઈ ધન્યત્તાને પામે છે.

સાચી પત્નીનાં લક્ષણ.

આ સંસારમાં અર્ધાંગના રૂપ ગણાયેલી સાચી પત્ની તેજ કે, જે પોતાના વ્હાલા પતિને પ્રાણાધિક માની અહોનિશ તેના હિતમાં ભાગ લઇને સુખ દુઃખમાં સામેલ રહે છે અને જે રીતે તે સુખ અને સંતોષ પામે તેમ કરવા કાળજી રાખે છે. સૌથી ગરીબ ઘરમાં પણ તે સદ્‌ગુણી સ્ત્રી ઉદ્યોગી રહી કરકસરથી ચાલી, આનંદી અને સ્વચ્છપણે ઘરનું ઉપરીપણું ચલાવી, તેને તે વિશ્રાંતિ, નેકી અને સુખનું ધામ બનાવી દે છે. તે ઘરમાં કુટુંબને લગતી દરેક યોજના નજરે પડે છે. ઘણા એક સંજોગોથી આ ઘર માણસને વ્હાલું લાગે છે; કારણ કે અહીં અંતઃકરણને આશ્રય મળે છે, સંસાર સમુદ્રના તોફાનો થકી રક્ષણ મળે છે, શ્રમ કર્યા પછી આરામ લેવાનું એ વિશ્રાંતિ સ્થાન છે, વિપત્તિનો દિલાસો અને સંપત્તિનો મોભો છે તથા સર્વકાળમાં સર્વથા આનંદ આપનારૂં એજ છે. સાચી પત્ની પોતાનું કામ ઘર કુટુંબના શાંત એકાંત વાસમાં જારી પ્રયત્ન અને સહનશીલ ખંત પણાથી પોતાનો ધર્મ સમજીને બજાવે છે. યુક્તિઓ શોધવામાં, કામકાજ કરવામાં અને તે વ્યવસ્થાપૂર્વક ચલાવવામાં ઉત્તમ અને ઉંચા પ્રકારનાં વર્તનથી દૃઢ શક્તિ ધરાવે છે. છોકરાં ઉછેરવાં અને તેને શિક્ષણ આપવું, ગૃહરાજ્ય ચલાવવું અને સ્થાવર જંગમ મિલ્કતની વ્યવસ્થા કરવી આ સર્વે કાર્યો તે ફનેહમંદીથી પાર પાડે છે. તે સારી સમજ, તત્પરતા, માયાળુપણું, ઉદ્યોગ અને સાવધપણું એ ગુણોથી દરેક વિઘ્નો દૂર કરવાને તે શક્તિમાન થાય છે અને તેણીએ વેઠેલાં દુઃખ અને કાળજીનો ઉમદા બદલો એ મળે છે કે, પોતાનાં બાળકોને સંસારમાં આગળ પડતાં જોવાને ભાગ્યશાળી થાય છે. આવી સ્ત્રી જે પુરૂષને મળે છે તે પુર્ણ ભાગ્યશાળી છે અને તેજ સ્ત્રી સાચી પત્નીપણાને યોગ્ય છે.

સાચીપત્ની પતિને વિશ્રાંતિ અને ખરૂં સુખ આપવાને ગૃહ—સંસારમાં સહાયક થઇ પડે છે, એટલુંજ નહિ પણ તેના દિલની—પ્રાણની—આત્માની પણ સહચરી થઇ રહે છે. પતિને ગૃહસ્થાશ્રમની ખટપટમાંથી અને વિશેષ કરીને કરજના ફાંદામાંથી બને તેટલો મોકળો રાખે છે. તે પતિની આંખ અને તેની રૂચિને ગમતી થઇ પડે છે; ચિંતા અને ગભરામણથી ઘેરાયેલા ગૃહસ્થાશ્રમમાં ઘરમાં પ્રેમનો પ્રકાશ કરી મૂકી તેને વિશ્રાતિનું સ્થાન બનાવી દેછે, સાચી પત્નીનું મૂલ્ય તો હીરા અને મોતી માણેકથી એ વધારે છે, તેનાં વસ્ત્ર દૃઢતા અને આબરૂ છે. તે ભવિષ્યમાં સુખ અને આનંદ ભોગવે છે. તે પોતાનું મોં બોલવા માટે ઉઘાડે છે, અને તેના મુખમાંથી માયાળુપણાનાં ફૂલ ઝરે છે. તે પોતાના પતિની રીતભાત સારી રીતે નજરમાં રાખે છે. પોતે આળસુ રહીને રોટલો ખાતી નથી.

તેનાં સંતાન રોજ સવારમાં ઉઠીને તેને આશિર્વાદ આપે છે; તેનો સ્વામી પણ તેની તારીફ કરે છે અને ગુણ ગાય છે.

સાચી પત્ની પોતાનાં ઉત્તમ લક્ષણો પ્રીતિદ્વારાએ તે બીજાઓના સંબંધમાં આવતાં બહાર બતાવી આપે છે.તે એક ઉછેરનારી, અને પોષકદેવી, માયાવી સૃષ્ટિવડે માણસ જાતને મળી છે. તે નિરાધારને આધાર આપે છે અને જેને આપણે ચાહીએ છીએ તેને પાળે છે ને પોષે છે. તે પોતાના ગૃહ--મંડળમાં શશિવત્ પ્રકાશે છે, તે પોતાની મૂળ પ્રકૃતિથીજ દયાળુ, સુશીળ, ધૈર્યવાન અને આત્મ-સંયમી હોય છે. તે પ્રેમાળ, આશાવંતી અને વિશ્વાસુ હોવાથી જ્યાં દૃષ્ટિ ફેરવે છે, ત્યાં રોશની પ્રકાશિ રહે છે. તેની આંખ દીલગીરી ઉપર પડતાં આનંદ પ્રાપ્ત થાય છે. તે દુઃખમાં યુક્તિ સાથે સારી સલાહ આપે છે. તેના મીઠાશ ભરેલાં વચનોથી મગજમાં ટાઢક વળે છે. મધુર વચનામૃતરૂપી ચમત્કાર અને સુશીળતાના બળથી પતિના ઇર્ષા, વહેમ અને ગર્વના કાંટાને તોડી નાખે છે. તે નિર્બળતાને સહાયતા, પડેલને ટેકો અને દુઃખીને દિલાસો આપે.છે. તે ગૃહ-રાજ્યને પ્રેમ, માયા અને નરમાશની સત્તાથી ચલાવે છે. તેનામાં ચોખ્ખી સમજ, હસમુખાપણું, મનોત્સાહ સુશીલતા અને સુકુમાર સ્વભાવ વગેરે ઉત્તમ ગુણો હોય છે. તે સિવાય આનંદી મશ્કરો સ્વભાવ, ખૂબસુરતી, બોલું બોલું કરી રહેલી આંખો, સુંદર અંગ, લટકતી ચાલ, કેળવણી અને કુળ વગેરે હોય છે. સાચી પત્ની પોતાના સદ્‌ગુણો વડે કોઇ સમયે ચૈતન્ય આપવામાં, કોઈ સમયે શાન્ત્વનતા આપવામાં અને કોઇ સમયે હુકમ આપવામાં શક્તિવાન હોય છે. ઉન્મત્ત પુરૂષને સચેતન, શોકમાં પડેલાને શાંત અને નિયમમાં રાખે છે. તોફાની પતિને આજ્ઞાધીન કરવો એ ઉત્તમ પત્નીના શ્રેષ્ટત્વનાં લક્ષણો છે. તે પોતાના સૌન્દર્યનો ગૃહકાર્યમાં અને સ્વામીને સારે માર્ગે સ્થિર રાખવામાં ઉપયોગ કરે છે. તે પોતાની હાજરીથી સ્વામીના ચિંતાગ્નિને ટાઢો પાડે છે અને મીઠા સ્વભાવરૂપી મોહનમંત્રથી તેના ચીડીયાપણાને એક ફુંકની સાથે ઉડાવી દેછે. સંસાર યાત્રાના ઘણાએક અગિતપ્રવાસમાં ફરી ફરી ઉત્સાહથી મહેનત કરવાને હિંમત આપી આગળ ચલાવે છે; એટલુંજ નહિ પણ પતિને ચોમેર આશા અને ખુશમિજાજની હવાની લહેરો પેદા કરી દેછે. શાથી મંગળ થાય અને શાથી અમંગળ થાય એ સર્વના ઉપર લક્ષ રાખે છે. પેદાશ પ્રમાણે ખર્ચ કરી ભવિષ્ય માટે એકઠું કરી રાખે છે. ઘરની સર્વ વસ્તુની ખબર રાખે છે. પોતે સર્વ કાર્ય નજરે જોતી રહે છે અને ભવિષ્યમાં જેની જરૂર જણાય તેનો પહેલાંથી બંદોબસ્ત કરે છે. સર્વ બાજુએ નજર રાખ્યાથી ખર્ચ વધારે ન થાય માટે તેની આંખ સર્વ તરફ ફરતી રહે છે. દાસ દાસી અને ઘરનાં માણસો સર્વદા સાવચેત રહે અને કોઇ જાતનાં અન્યાય કાર્ય તથા ઠગવાની હિંમત કરે નહિ તેની તજવીજ રાખે છે. ઘરમાં સર્વદા શાંતિ અને સુખથી પૂર્ણ રહે, સર્વ

કામ જેથી સારી રીતે થાય, સ્વામીનું અને કુટુંબનું જેથી સન્માન અને સુનામ કાયમ રહે તેનાં ઉપર નજર રાખે છે. તાબેના માણસો ઉપર દયા પ્રકાશ કરે છે, તેની ખાવા પીવાની તજવીજ રાખે છે અને દુઃખને વખતે સહાય કરે છે. તાબેનાં માણસો અને ઘરનાં માણસો ભયથી રહી માન્ય રાખે, માટે કોઇ પણ પ્રકારની ચપળતા નહિ રાખતાં ગંભીર રહે છે. કુટુંબની બરદાસ લેવામાં નિમગ્ન રહે છે. તે પોતાના સદ્વર્તનના દાખલાથી બાળકોનું વર્તન સુધારી તેઓ અણસારાથીજ તાબે થઈ માન આપે, એવાં સુશીલ કરે છે; એટલુંજ નહિ પણ તેઓ રત્નરૂપ નીવડી દુનિયામાં ઉપયોગી થઇ પડે એવાં બનાવવા યત્ન કરે છે. આવા ગુણ-લક્ષણ વાળી સાચીપત્નો આ લોકમાં યશ અને પરલોકમાં પરમ ગતિને પામેછે.

સંસારમાંસાચોસ્નેહીકોણ?

પ્રિય બેનો! આ સંસારમાં તમારો સાચો સ્નેહી કોણ? તમે આ ભવરૂપી મહાસાગરમાં સંસાર-વ્યવહાર રૂપી વાહાણમાં બેસી મુસાફરી કરો છો, તે વાહાણનો સુકાની કોણ? અને તેમાં સુખરૂપી હોકાયંત્ર ઉપર નજર રાખી તે ચલાવનાર કોણ? તમારી માએ નહિ, બાપે નહિ, બેને નહિ અને ભાઇએ નહિ, પણ માત્ર એક સાચો સ્નેહી તમારો પતિજ છે. એ પતિ જેનો તમે જોઈ, મોહિને જીંદગીની દોરીની છેલ્લો ગાંઠ સુધી સુખ અને દુઃખની વેળાએ તમારા કંઠમાં પ્રાણ હોય ત્યાં સુધી તમારો કરીને જમણો હાથ ઝાલ્યો છે; તેજ પતિને તમારે જમણે હાથે ઘણાં સ્ત્રી પુરૂષો સમક્ષ દેવ અને ધર્મ ગુરૂની સાક્ષીએ પ્રતિજ્ઞા કરી કોલ આપ્યો છે; તેજ તમારો સાચો સ્નેહી; તેજ તમારો વાલી; તેજ તમારો મદદગાર; તેજ તમારો પાલણહાર; તેજ તમારાં માણેક, મોતી, હીરા અને સોનું; તેજ તમારા હાથ, પગ, આંખ, કાન અને નાક વગેરે આખું શરીર અને તેજ તમારૂં સર્વસ્વ છે. હવે કહો કે તમે તેને સુખ દીધું તે કોને દીધુ? તમે તેનુ ભલું કર્યું તે કોનું કર્યું? તમે તેનું બુરૂં કર્યું તે કોનુ કર્યું? તમે તેને ધિક્કાર્યા તે કોને ધિક્કાર્યા? અરે ભલી બેનો! તે સઘળું તમનેજ. તમે તમારા જમણા હાથે ડાબા હાથમાં સોઇ ભોંકો, તમારે હાથે તમારી આંખમાં કાંકરા નાંખો અને તમારે મોઢે કાચનો કડકો ગળો; તેથી જેવું તમને દુઃખ અથવા સંકટ થાય, તેવુંજ તે છે. જેવું તમે તેને કરશો, તેવું તમને થયા બરાબર સમજો. અરે! એવો જે તમારો પતિ તેની સાથે શું તમે સઘળી રીતે વાતચિત નહિ કરો? શું તમે તેની સાથે બેસી ભોજન નહિ લીઓ? અને શું તમે તેની સાથે નહિ ફરો? ખરેખર સર્વ કરવુંજ જોઇએ. કેટલીક સ્ત્રીઓને એવી

ચાલ હોય છે કે ઘરમાંની કાંઇ પણ વાત પતિને કહેવી નહિ અને પૂછેતો કહે કે, "સ્ત્રીની વાત સ્ત્રીઓ જાણે." પોતા ઉપર કાંઇ આવી પડયું હોય, તો તે જેમ તેમ કરીને પોતેજ ખસેડે છે અને ન ખસેડી શકાય તો ગુસ્સાઇ પડી બૂમો પાડે છે. કાંઇ અવળું પડે તો પતિની સાથે કજીઓ કરવો, તેને કચવાવવો, શક્તિ ઉપરાંત ઘરેણાં લુગડાં લેવરાવી કરજદાર કરવો અને તેને આબરૂ હીન કરવો, એશું સારી પત્નીને યોગ્ય છે ! નહિજ. ત્યારે વિચારો કે એવો અંતર તમે કોની સાથે રાખો છો ! શું તમારા પતિ સાથે કે કોઇ તમારા આ ભવના શત્રુ સાથે ? ખરેખર તે તમારે શું થાય છે ? અને તમે તેને કેવો ગણો છો ? તમે તેને શું કહો છો ? અને તમે તેને શું માનો છો ? એ સર્વ વિચારો અને પછી સમજીને તમારા સંસારના સાચા સ્નેહી પતિ સાથે વર્તો.

સ્ત્રીમાં ગમે તેવા ઉત્તમ ગુણો હોય, પણ જો તેનામાં પોતાના પતિ ઉપર ખરો પ્યાર જોડવાની આવડત નહિ હોય, તો શું તેને સ્ત્રીનું નામ આપવું ઘટીત છે ! નહિજ, દરેક સ્ત્રીની મુખ્ય ફરજ એ છેકે જે પોતાનો પતિ હોય અથવા જેને પોતાનો પતિ કરવાનું વચન આપેલું હોય, તેને અંતઃકરણથી ચાહવો, તેને સંસારનો ખરો સોબતી અને સાચો સ્નેહી જાણવો અને તેનેજ ઇશ્વરથી બીજે દરજ્જે જીંદગીના અંત સુધી માનવો અને સેવવો. જે સ્ત્રી પોતાના પતિ સાથે નીમક હરામી કરે છે અને જે પ્રતિજ્ઞા કરી આપેલું વચન તોડે છે, તેણે પ્રભુનો નિયમ તોડવાથી તેણે પ્રભુની સાથે નીમક હરામી કરી તેનું વચન તોડયું સમજવું. પછી તે ગમે તેવી સ્થિતિમાં હોય અથવા પાછળથી આવે, પણ જે ઇશ્વરી નિયમ પ્રમાણે લગ્ન સંબંધથી જોડાએલી અને પ્રતિજ્ઞા કરી વચન આપેલું છે, તે જીંદગીના અંત સુધી પાળવું એ તમારૂં કર્ત્તવ્ય છે. એમાંજ તમારી શોભા છે, એમાંજ તમારૂં માન, એમાંજ તમારૂં સુખ અને એમાંજ તમારી કીર્તિ છે. હે ઇશ ! અમારી બેનોને સદ્‌બુદ્ધિ આપો અને તેમનું કર્ત્તવ્ય બજાવવા સમર્થ કરો !!!

સ્ત્રીની પવિત્રતા.

દેશમાં જન-મંડળીના સુખને અર્થે સ્ત્રીની અંદર પવિત્રતાની ઘણીજ જરૂર છે, સ્ત્રીની પવિત્રતા અહીં શરીરને નહિ, પણ મનને લાગુ પડે છે. સ્ત્રીનું મન પવિત્ર એટલે મલિન વિચારથી મુક્ત હોવું જોઇએ. પવિત્રપણું-પૂર્ણ શિયળપણાનો ગુણ સ્ત્રીમાં એટલો બધો અગત્યનો છે કે તે વિના કોઇ સ્ત્રી પત્ની થવાને યોગ્ય નથી. પરાયા પુરૂષની સાથે પોતાના વ્યવહારમાં સ્ત્રીએ મર્યાદ-નિર્લજ્જ વર્તનનો

ત્યાગ કરવો જોઇએ અને અસત્ય ઇસારો સાંભળી તેણે પોતાની દૃષ્ટિ નીચી ક-રવી જોઇએ; એટલુંજ નહિપણ એવી સભ્યતા તરફ તેનું લક્ષ નહોતું તથા એક લાકડાના થાંભલાને વિકાર—સ્વભાવિક ફેરફાર થાય, તો તે પોતાના ચ્હેરાપર અ-સર થાય, એવું તેણે તે પ્રસંગે મુખાકૃતિથી બતાવી દેવું જોઇએ. એક દુરાચારી સ્ત્રીની ઓળખાણ પણ અણગમતી છે, તો પત્ની તરીકે તેવી સ્ત્રી કેટલી નિંદાને પાત્ર હોવી જોઇએ ! સ્ત્રી જાતિની પવિત્રતાનાં લક્ષણો તપાસવામાં બારીક ધ્યાન આપવાનું છે. આ માટે પરણનારે તેમજ માબાપોએ બહુજ ધીરજ રાખી સંબંધ બાંધવો જોઇએ.

જન—મંડળની સ્થિતિ પવિત્ર અને સદ્ગુણયુક્ત રાખવાને માટે સ્ત્રીએ પવિત્ર અને સદ્ગુણી રહેવું જોઇએ. હૃદયવર્તન અને વિવેક—બુદ્ધિને ડાગ લાગે, એવાં સઘળાં કામ વિષ—ઝેરની પેઠે તજવાંજ જોઇએ; નહિ તો જો એકવાર તે વિષ ચૂસાયું, તો તે પૂરેપૂરૂં કદીપણ પાછું બહાર નીકળી શકતું નથી, પણ અંદરથી મનને બગાડે છે અને ભવિષ્યની જીંદગીના સુખને પણ થોડે યા ઘણે દરજ્જે કડવું કરી નાંખે છે. માટે પવિત્ર સ્ત્રીએ જેમ બને તેમ પોતાની રીતિ, કૃતિ અને ઇચ્છાઓ એવાં રાખવાં કે નિરંતર પોતાની પવિત્રતા જળવાઇ રહી, તે સર્વથી પતિની પ્રેમ—ભક્તિની સાથે લોક-હિતાર્થે વિના બીજું કાંઇ થાયજ નહિ; જ્યારે એમ થાય ત્યારેજ એક ભાવ સારી રીતે સિદ્ધ થાય છે, અને મરતાં સુધી એક બીજાની જુદાઇ જરા પણ થાય નહિ. જુદાઇ શરીરથી તેમ મનથી પણ થાય છે. શરીર એક બીજાથી જુદાં હોય છે, પરંતુ મન એવું એક થયેલું હોય છે કે તેથી શરીરની જુદાઇ નહિ જેવી થઈ જાય છે. શરીરથી તેમ મનથી જ્યારે સર્વથા ઐક્ય સિદ્ધ થાય છે; ત્યારેજ સ્ત્રી પુરૂષનો સંબંધ દીપે છે, ફળ દાતા થાય છે અને જગત્ ને ઉપયોગી થાય છે. તે પવિત્ર—સતી સ્ત્રીઓનાં ચરિત્રો વાંચવાથી જણાશે કે તેમણે મનસા વાચા, અને કર્મણાથી એવું કાંઇ કર્યું નથી, કહ્યું નથી, કે વિચાર્યું નથી કે જેમાં તેમના પતિ સાથેના એક ભાવનું કાંઇ પણ પ્રયોજન નહોય. જેનાથી પતિની સાથેનો માનસિક કે કાયિક એક ભાવ તૂટે, અને જેટલું જેટલું પતિનું વિસ્મરણ થાય, એટલું બધું કામ વ્યભિચાર એટલે જુદાઇ ગણાય છે, અને તેમાંથી નિત્ય પો-તાને પાપ અને સર્વ દુઃખ પેદા થાય છે. આ પ્રકારે જુદાપણાથી મુક્ત રહી અજુદાપણું સિદ્ધ કરવું એ સ્ત્રીના ઉપરજ મુખ્ય આધાર રાખે છે. સ્ત્રીએ પોતાનાં પતિ વિના બીજા કોઈ પરપુરૂષ સાથે મૈત્રી કરવી કે તેની ગેરહાજરીમાં પ્ર-સંગ પાડવો એ વાત સારી નથી.

સંસારમાં બધી વાત વિશ્વાસને આધારે ચાલે છે; જો સ્ત્રી પુરૂષને પર-સ્પરના એક ભાવનો વિશ્વાસ હોય, તો તે અન્યોઅન્યના ગમે તેવા સમાગમોથી

અવિશ્વાસ લાવતાં નથી. કામ પ્રસંગે પરપુરૂષો સાથે વાતચીત કરવી પડે, તેમાં કે તેવા ઉત્તમ પુરૂષોના સંબંધમાં કાંઇ પાપ નથી, પણ તેમ થવાથી જ્યાં કોઇ પણ રીતે પોતાના પતિના મનમાં અવિશ્વાસ પેદા થાય એવું હોય, ત્યાં તો એવી વાત વિશેષે તજવી. એકાન્તે પોતાના પતિ વિના કોઇની સાથે બહુ પરિચય પાડવો સારો નથી. પવિત્ર સ્ત્રીને તો પોતાનો પતિ નિરંતર પોતાની પાસેજ છે; એટલે એકાન્ત છેજ નહિ, તેને કોઇના સમાગમની અપેક્ષા નથી. આમ છે ખરૂં, તોપણ પતિની સાથે રહી સંસારનાં કાર્યો કરવામાં પુરૂષ કે સ્ત્રીઓના સમાગમમાં ફરવું પડે, ત્યાં કોઇ રીતે કોઇનો અનાદર થાય એવી વર્તણુક કદાપિ રાખવી નહિ. સંબંધથી, વ્યવહારથી, સ્નેહથી, અને કામથી, કશાથી પણ પોતાના અને પતિના એક ભાવમાં જરા પણ વિક્ષેપ પડે એવું કરવું નહિ; એજ ઉત્તમ પવિત્રપણું અને એજ ઉત્તમ સુખ છે. તેજ અતિબુદ્ધિમાન, વીર્યવાન અને પવિત્ર પુત્ર, પુત્રીની માતા થાય છે અને તેવીજ માતાઓ થકી જન–મંડળ શાન્તિ કર અને સુનિયમિત થશે. હે પ્રભુ! જન–મંડળની ઉન્નતિ અર્થે આ દેશની બાળાઓને પવિત્ર મનની કર! મંગળ હો!.!!

સ્ત્રીપુરૂષની અપવિત્રતા.

જગતમાં મહા પાતકરૂપ અપવિત્ર ગણાતા અધર્માચરણ–વ્યભિચારનો દોષ એ સ્ત્રીપુરૂષ બેઉને અતિ નિષિદ્ધ, ભયંકર અને અન્યાય કર્મ છે; એટલુંજ નહિ પરંતુ એ દોષ કર્યાથી પરમ પવિત્ર વિવાહની ગાંઠ એકીવારે તૂટી જાય છે. વિવાહ કરતી વખતે એક બીજાં જે પ્રતિજ્ઞાઓ લઇને બંધાયાં છે, આ વિષયની પ્રતિજ્ઞા સર્વથા બળવંત છે; પરંતુ તે ભંગ કરવાથી બીજી સઘળી પ્રતિજ્ઞાઓનું મૂળ કાપવા જેવું થાય છે, સ્ત્રી પુરૂષ પરમ પવિત્ર પ્રેમની જાળમાં બંધાઇને તથા સુકોમળ કમળની કળીના જેવા સરળ સ્વભાવનાં બાળકોવાળાં થઇને વર્ણવી ન શકાય, એવા આશ્ચર્યકારક સુખામૃત રસના ભોક્તા થઇ શકે છે, તે ઉપરની પ્રતિજ્ઞા તોડે તો તે સુખના ઉપર હમેશાંને માટે પાણી મૂકવા જેવું થાય છે. જે નરાધમ આવા પરિશુદ્ધ કુટુંબનું અમૂલ્ય સુખ એકીવારે હરણ કરે છે, તેનાં કરતાં બીજો મહા પાપી કોણ હોય! ચોર પણ તેના જેવો પાપી નથી, લૂટારો પણ તેના જેવો પાપી દુરાચારી નથી. જે નરાધમ કામ–રિપુને વશ થઇને કોઇ સ્ત્રીનું ધર્મરૂપી ધન ચોરે છે; તેના પાપની તુલનામાં ચોર તથા લૂટારાનું પાપ પણ ઓછું માનવું જોઇએ. તે કેવળ દંપતીનું પ્રેમરૂપી ધન ચોરે છે; એટલુંજ નહિ પણ તેઓમાં પ્રેમાંકુર ફરી ઉત્પન્ન થવાની શક્તિ સુદ્ધાંનો પણ નાશ કરે છે. જે માણસ

તેઓની પ્રીતિ હરણ કરવાનું મનમાં ધારે છે, તે તેમનાં પ્રીતિથી બંધાયલા પવિત્ર સુખ ભોગનો અંત લાવે છે, તેનો કશો વિચાર કર્યા વગર જે પોતાની અસત્ય કામના પૂર્ણ કરવાને તૈયાર થાય છે; તેનાથી શું કોઇ બીજાં દુષ્કર્મ નહિ થઇ શકે ? જે માણસ કામ-રિપુને તૃપ્ત કરવાને માટે આવો અસત્ય માર્ગ ગ્રહણ કરેછે, તેણે મનમાં પોતાની સ્ત્રી, છોકરાંની તેવી ખરાબ પ્રવૃત્તિ થવાનો સંભવ જાણવો. જ્યારે કોઇ માણસ કોઈ ગૃહસ્થનું નિષ્કલંક ગૃહ કલંકિત કરવાને તૈયાર થાય છે; ત્યારે તેણે પોતાના ઘરને પણ તેવા કલંકનો બનાવ બનવાના સંભવ તરીકે જાણવું જોઇએ. જેવા પોતાનાં આચરણ, તેવાં સ્ત્રી છોકરાંઓનાં પણ દેખાદેખી થાય છે. એરીતે અધર્માચરણનો વધારો થવાથી દેશમાં વર્ણસંકરપ્રજાની વૃદ્ધિ થતી જાય છે; વગેરે રીતે એ દેશને બારે હાનિ કરનાર મનુષ્ય ગણાય છે.

પ્રજાની નીતિ ભ્રષ્ટ કરનાર અધર્માચરણીને તેના મહાપાતકનું ફળ મળ્યા વગર રહેતું નથી. તે પાપાચરણી મનુષ્યનું પુણ્ય જનિત ઉત્તમ સુખ નાશ પામે છે. પાપથી મલિન થયેલા સંકલ્પ વિકલ્પના દુઃખથી દુઃખિત થાય છે. લોક નિંદા, બળનો નાશ, વીર્યની હાનિ, રોગોત્પત્તિ, પૈસાનો નાશ; વગેરે ઘણી જાતના અનિષ્ટ બનાવો બને છે. જે કુટુંબમાં આવા ખરાબ બનાવ બને છે; ત્યાં ઇર્ષ્યા, ક્લેશ અને દુઃખ રૂપી આગ સર્વદા સળગતી રહે છે. જેઓ આ દુષ્કર્મમાં લાગેલાંછે, તેઓનું શરીર ધીરે ધીરે અસુખાકારી તથા અંતઃકરણ નિસ્તેજ થઇ જાય છે. તેનાં છોકરાં પિતામાતાના સર્વ દોષો મેળવીને જન્મેછે. ઘણી જાતના અનર્થો કરીને અપરાધી માબાપને ક્લેશ આપેછે. પરિણામે તેઓનું આખું કુટુંબ દુરાચારી થાય છે, તેમની આબરૂ જાય છે, નિંદા થાય છે, ખરાબ હાલતમાં આવી પડે છે અને સર્વ ઠેકાણે ધિક્કાર અને ફિટકાર પડે છે, ઇશ્વર કોપેછે. આ દુનિયામાં સુખ મળતું નથી અને પર દુનિયામાં નર્કમાં પડે છે, વગેરે રીતે આ મહાપાતકની સજાની હદ નથી.

આ પાતક રૂપી અધર્માચરણનો દોષ પુરૂષ કરતાં સ્ત્રીને વધારે છે. સ્ત્રીના અપવિત્રાચરણથી મોટું કલંક લાગવા ઉપરાંત ઘણા મનુષ્યોને દેખીતું મોટું નુકશાન થાય છે. પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે શરમાળ અને કોમળ છે. કુદરતજ તેમને એવી કોમળ થવાને ફરમાવે છે. ઇશ્વર રચિત સૃષ્ટિના નિયમ વિરૂદ્ધ અપરાધ કરવાથી તેમનો તિરસ્કાર થાય છે. જે દેશોમાં એક કરતાં વધારે સ્ત્રીઓ પરણવાની છૂટ છે, ત્યાં પણ ઘણા પતિ કરવાની છૂટ નથી; ત્યાં એક પુરૂષ ઘણી સ્ત્રી પરણે તે રીતને અસભ્ય ગણવામાં આવતું હોય એમ જણાતું નથી; પણ એક સ્ત્રીને બે પતિ હોવાનો વિચાર ત્રાસ ઉત્પન્ન કરે છે. સ્ત્રી દુરાચારથી પુરૂષ કરતાં વધારે ભયંકર અપરાધિ ગણાય છે, એ તમામ સુધરેલા દેશોના લોકો પણ આ સ્થાપિત ભેદનો સ્વીકાર કરે છે. આ દોષથી અપરાધિ

થયેલા પુરૂષોની આબરૂ ઓછી થાય છે, નિંદાય છે, પણ મંડળીમાંથી બાતલ કરવામાં આવતા નથી, પણ સ્ત્રીઓને તો એવા અપરાધ માટે બાતલ કરવામાં આવેછે; કારણ કે જે સ્ત્રીએ આવો અપરાધ કદિ કરેલો હશે, તેના સહવાસમાં રહીને આબરૂદાર કુટુંબની પરણેલી કે કુંવારી કોઈ પણ સ્ત્રી પોતાની આબરૂને જોખમમાં નાંખવાને ઇચ્છશે નહિ; કેમકે લૌકિક નિર્ણયથીજ સિદ્ધ થયું છે કે, એ અપરાધ જીંદગી સુધી જાતિબહારની શિક્ષાનો એની મેળેજ સમાવેશ કરે છે. કેટલાક માણસો એવી દલીલ કરશે કે પુરૂષ દુરાચારમાં આશક્ત હોય, તો તેમાં કંઇ બહુ દોષ નથી: પરંતુ સ્ત્રી ભ્રષ્ટ થયાથીજ સર્વ દોષ શા માટે ? આના જવાબમાં કહી શકીએ છીએ કે સ્ત્રીની પેઠે પુરૂષનો દુરાચાર દોષ કોઈ પણ રીતે માફ કરવા જેવો નથી; તોપણ પુરૂષ બીજી સ્ત્રીમાં ઉપગત થયાથી જો ગર્ભોત્પાદન થાય તો તેનાથી તેની પોતાની તેવી હાનિ થતી નથી, પણ તે સ્ત્રી અને તેના સંબંધીઓને તો મોટી વિપદમાં આવવું પડે છે; વગેરે કારણથી જણાય છે કે સ્ત્રીનો દુરાચાર સમાજમાં ઘણોજ દોષયુક્ત તરીકે ગણાયોછે અને તેથીજ તેમને એવા પાતકથી બહુ સંભાળી ચાલવાનું જણાવેલું છે. પુરૂષ જો આવા અધર્માચરણથી પોતાના નિરપરાધિ સંબંધીઓ ઉપર અપકીર્ત્તિનું કલંક આણે છે, તો સ્ત્રીના અધર્માચરણથી કેટલી અપકીર્ત્તિ, કેટલું અપમાન અને કેટલું દુઃખ ઉત્પન્ન થવાનું ? તે સ્ત્રીનાં પોતાનાં માબાપ, પતિનાં માબાપ, તેનાં પીયરિયાં અને સાસરિયાં, સગીઓ અને સખીઓ એ સર્વે તેના અપમાનનાં ભાગીદાર થાય છે, ત્યારે તે સ્ત્રીનાં છોકરાંની શીદશા થવાની ? તે પોતાના પાપાચરણને માટે તેમની પાસે કેવી રીતે પશ્ચાતાપ કરવાની ? પિતા અને માતાને માન આપવું એવી છોકરાંને આજ્ઞા કરવામાં આવેલી છે; પણ આવી માતાને માન આપવાની તેમને આજ્ઞા કરી નથી, એવી સ્ત્રી ઉલટી પોતાનાં છોકરાં તરફના તિરસ્કાર, અપમાન અને ફિટકારને પાત્ર ઠરે છે. તે કરતાં વિશેષ કશો હક તે તેમના પર ધરાવી શક્તિ નથી, એ કુદરતી સંબંધ તોડનારી સ્ત્રીજ છે. તે પોતાનાં છોકરાંને કલંકિત કરે છે, જેઓ એકવાર તેણીના શરીરનો ભાગ હતાં, તેઓના ઉપર તેણે નિંદાની છાપ મારી છે, કુદરતજ તેને પોતાની સત્તાની બહાર કાઢી મૂકે છે. પ્રથમ પોતાના પ્રાણ તુલ્ય ગણવાને જે સંતાનોને તે ફરમાવતી હતી, તે સંતાનોને તે લોકોના તિરસ્કારમાં તેણી લાવી મૂકે છે. અહા ! કેટલી મોટી હાની ! અને કેટલી મોટી બદનામી ? અરે ! ક્ષણિક સુખ માટે જે આવી મોટી હાનિ અને અપકીર્ત્તિને વહોરી લેછે, તેને ધિક્કાર છે ! ! !

શંકામાં સંભાળ—અપરાધિ સ્ત્રી પુરૂષોમાં સ્ત્રીનો અપરાધ ઘણો ભયંકર છે, અને તેની શિક્ષા પણ ઘણી છે. તેથી તેને અપરાધિ ગણી દેવામાં અથવા તેનાપર શક લાવતા પહેલાં ઘણી સાવચેતી રાખવાનીછે. આવો શકલાવતાં પુ-

રૂષોએ બહુજ ધીરજ રાખવી. પૂર્ણ ખાત્રી કર્યા વગર તેમના ઉપર શક લાવવો એ સારૂં નથી; ખાત્રી થયે સ્ત્રી ઉપર પતિને ઇર્ષ્યા થાય છે, અને તેનો ત્યાગ કરે છે. તે ઉપરાંત સ્ત્રી ઉપર અધમતા,અપ્રમાણિકપણું અને દુરાચરણીનો આરોપ આવે છે. પતિનો મૂકેલો આરોપ તેને પોતાના સમાજમાંથી દૂર કરે છે. વળી સ્ત્રીજાતિની પવિત્રતા સાથે જે કૃત્યોને સંબંધ છે, તેવા દરેક કૃત્યમાંથી તેને જીંદગી સુધી બાતલ રહેવું પડે છે અને મરણ સુધી બદનામીનો બટ્ટો આવે છે. માટે પોતાની સ્ત્રી ઉપર આવા દોષોનો શક લાવતાં બહુજ ધૈર્યતા રાખવી, સંભાળથી ખાત્રી કરવી, અને તે પછીથીજ યોગ્ય શિક્ષા માટે પગલું ભરવું એ વધારે ઉત્તમ છે.

અપવિત્રતાની શિક્ષા—અપવિત્ર ગણાતાં સ્ત્રી પુરૂષો જન—મંડળની પવિત્રતા અને સદ્દગુણનો નાશ કરનારાં છે. માટે તેમને દેશમાં નુકસાન કરનારાં અપરાધી ગણી શિક્ષા કરવી જોઇએ. આવા અપવિત્ર સ્ત્રી પુરૂષોને સમાજ—મંડળમાં માન આપવું કે સત્કાર કરવો નહિ, સહવાસ રાખવો નહિ, વિશ્વાસકે ભરૂસો કરવો નહિ અને નિકટ સંબંધમાં આવવું નહિ. આવા અધર્માચરણીઓ જાણે છે કે અમારા અપરાધની વાત કોઇ જાણતું નથી, પરંતુ એ તેમની મોટી ભૂલ છે. ઇશ્વર સર્વમાં વ્યાપી રહ્યો છે, તેજ બીજાના આત્મામાં પ્રેરક રૂપે જણાવી દેછે; એટલે તેવા અધર્માચરણીઓના અંતઃકરણમાં જે વાત રમી રહી હોય છે, તે બીજા લોકો તેની મુખમુદ્રા અને રીતભાત ઉપરથી જાણી લે છે અને પછી શિક્ષા બદલ તેની નિંદાને તિરસ્કાર થાય છે, અને જન—સમાજમાં જોઈએ તેવું માન મળતું નથી; વગેરે હાનિ થાય છે. માટે દરેક સુજ્ઞ સ્ત્રીપુરૂષે પોતાના કુટુંબના અને જન—મંડળના હિતને અર્થે તેમણે આવું અપવિત્ર ગણાતું અધર્માચરણ કદિ પણ કરવું નહિ. હે પ્રભુ! અમારા ભારતવર્ષનાં સ્ત્રીપુરૂષોને સદ્દબુદ્ધિ પ્રેર? અને પવિત્ર કર!!!

સ્ત્રીનીમાંદગીવખતેપતિનુંકર્ત્તવ્ય.

આ સંસારમાં સ્ત્રી એ પતિની જીંદગી સાથે નિકટ, જાથુ, અને મજબૂત સંબંધથી જોડાયેલી છે. ગૃહ-સંસારમાં સઘળા સુખનો મુખ્ય આધાર સ્ત્રીપરછે. તેના સુખ આગળ બીજું બધું સુખ લુખું છે. સ્ત્રી એ જગતજનની છે. તે એક ફળદ્રુપ વૃક્ષ સમાન છે. તેનાપર પતિનો, સગાં સંબંધીનો અને ભવિષ્યની પ્રજાનો પરમ આધાર છે. એકવાર જે બાળા, તે બીજી અવસ્થામાં વનિતા અને ત્રીજી અવસ્થામાં બચ્ચાંની માતા થાય છે. સંતાનના રૂપ, બળ, બુદ્ધિ અને સ્વભાવનો સઘળો આધાર તેની માતાની તનદુરસ્તી અને તેના વર્તનપર છે. મનુષ્ય જાતિની

ઉન્નતિને અર્થે, અને સંસાર સુખદાયક થવા સારૂ કુળવધૂ તથા માતા તરીકે શું શું કર્ત્તવ્ય છે તે સ્ત્રીઓએ જાણવું જોઇએ. જો કે વધૂ તરીકે પોતાના હક ભોગવવાની અને માતા થવાની સ્ત્રીઓમાં કુદરતી ઇચ્છા છે; પરંતુ એ અધિકાર કેટલો બધો જોખમદાર છે અને તનદુરસ્તી સાથે તેનો કેટલો બધો નિકટ સંબંધ છે, એ તેમણે સારી પેઠે જાણવું જોઇએ; એટલુંજ નહિ પરંતુ પતિએ તેમાં સહાયક થઇ જેટલી ન્યૂનતા હોય તે પૂરી કરવી જોઇએ; કેમકે પોતાની સ્ત્રીને માંદગી થયા પછી તેને મટાડવાની દોડાદોડ કરવા કરતાં, માંદગી ઉત્પન્ન થતી અટકાવવાની કોશેષ કરવી એ ઉત્તમ છે. સ્ત્રીની તનદુરસ્તી જાળવવી, તેની તબીયતની ફિકર રાખવી, તેની ભૂલ થતી હોયતો તે ટાળવી અને તેને હરેક પ્રકારે સુખી રાખવી એ પતિની ફરજ છે. સર્વ પ્રકારે તેમની તનદુરસ્તીની સંભાળ રાખ્યા છતાં કદી–દૈવ ઇચ્છાએ કોઇ અકસ્માત્ કારણથી માંદી થાય, તો તે વખતે સુજ્ઞપતિએ તેમની પથારી પાસે બેસીને તેની સંભાળ લેવી, તેની સઘળી ઇચ્છાઓ પર લક્ષ આપવું, તેમના મનની શાંતિ માટે આતુરતાથી યત્ન કરવો, તેને આરામ કરવાને અને બચાવવાને શ્રમ લઇ ખરચ કરવો, એ સર્વપર પુર્ણ લક્ષ આપવું જોઇએ.

સુજ્ઞપતિએ જાણવું જોઇએ કે પોતાની સ્ત્રી એ બધા શ્રમને લાયક છે, તેના પર પ્રીતિભાવ અને માયાળુપણું બતાવવું જોઇએ; અને તે માયાળુપણું તેના મંદવાડના વખતમાં તો અવશ્ય બતાવવું જોઇએ. પોતાની સ્ત્રી ભયભરેલી માંદગીમાં હોય, ત્યારે જે પતિ બેફિકરો થઇ ફરે છે, તેને ખરેખરો મૂર્ખ જાણવો; એટલુંજ નહિ પરંતુ જંગલી માણસ કહેવો જોઇએ. જ્યારે માણસ માંદું હોય છે, ત્યારે તેના ઉપર થોડું લક્ષ રાખવાથી તે બમણું દુઃખી થાય છે. જ્યારે સારે વખતે સ્ત્રી જાતિની સ્વભાવિક રીતે સામાન્ય લાગણી પુરૂષના કરતાં વિશેષ તિક્ષ્ણ હોય છે, ત્યારે તેમના મંદવાડમાં તેમની લાગણી કેવી તીક્ષ્ણ હોવી જોઇએ ? અને એ મંદવાડમાં જ્યારે તેમનો પતિ તેમને માટે થોડી કાળજી રાખે, ત્યારે તેમના મનમાં કેવડું મોટું દુઃખ ઉપજતું હશે ! જો તમને તમારૂં અંતઃકરણજ એવી સલાહ આપતું હોય, તો દરેક પ્યારના શબ્દથી અને માયાળુ વર્ત્તનથી તમારી સ્ત્રી ઉપરના તમારા પ્રેમનું નિર્મળપણું સાબિત કરી આપો, તેમાં તમારા તરફથી તમને દલીલની અપેક્ષા રહેવી નહિ જોઇએ. તમારી કસોટી થવાનો આ યોગ્ય પ્રસંગ છે. ખાત્રીથી માનજો કે આવા પ્રસંગોથી તમારી સ્ત્રીના મનમાં તમારા વર્ત્તનની જે છાપ પડે છે, તે છાપ તેના મનમાંથી કદીપણ ખસતી નથી, આ અસર જો સારી પડી હશે, તો તે તમારા ધંધાના એક લક્ષ હરિફોની ઇર્ષા કરતાં તેણીની ઇર્ષામાંથી તમારૂં વધારે સારી રીતે રક્ષણ કરી શકશો. આવા પ્રસંગે બને એટલું ખરચ કરવામાં પાછો પગ દેશો નહિ. ઇશ્વરે જેવાં સાધનો આપ્યા હોય,

તે સાધનોવડે બનતા સર્વ ઉપાયો યોજવા જોઇએ; કેમકે જો પૈસાનો ઉપયોગ આવા કામમાં કરવામાં નહિ આવે, તે પછી પૈસા શું કામના છે? બધા ઉપાયો કરીને પણ પોતાની ધર્મપત્નીના મંદવાડ વખતે તેના તરફ સંપુર્ણ લક્ષ આપવું, એ તેમને પ્રસન્ન રાખવાનો સૌથી મોટો ઉપાય છે.

ગાંદા મનુષ્યનું દુઃખ દૂર કરવા પુર્ણ કાળજી રાખવી, એ તેમનું કેટલુંક દુઃખ ઓછું કરવાનો આ એક સર્વોત્તમ ઉપાય છે, જો તેમાં શુદ્ધ બુદ્ધિથી લક્ષ રાખેલું હશે, તો તેની અસર ગાંદા મનુષ્યના મનપર ઘણીજ ઉંડી પડવાની. સારવાર કરનારની ખરી કાળજીથી દરદીને હિંમત આવે છે અને દિલાસો મળે છે. તેથી દુઃખી મનપર શાંતિની અસર થાય છે અને તેમની અસર તનપર થાય છે; આવી રીતે ઘણો ફાયદો થાય છે. માટે જે કામ આપણે પોતે કરી શકીએ, તે કામનો આધાર બીજા ઉપર રાખવો નહિ. શરીરનાં સઘળાં દુઃખોમાં મનને ઘણુ કામ કરવું પડે છે. યાદ રાખવું કે પરિણામ ગમે એવું આવે, પણ તેનો ઘણો સારો બદલો મળવાનો. આવા મંદવાડના પ્રસંગે તે દરેક શબ્દ અને દરેક દૃષ્ટિપાતનું નિરીક્ષણ કરે છે. પતિના સ્નેહ અને મમતાની ખાત્રી થવાનો અથવા તેમના ઉપર હમેશને માટે વહેમ ઉત્પન્ન થવાનો આ ખરેખરો પ્રસંગ છે. તેમાં જેટલી બે કાળજીથી ખામી રાખવામાં આવશે, તેટલી પોતાનેજ પરિણામે સુખમાં હાની સમજવી; એટલુંજ નહિ પણ તે એક ખરેખરા પતિપણાને યોગ્ય નથી એમ ગણાશે. માટે સુજ્ઞપતિએ પોતાની ધર્મપત્નીની માંદગી વખતે તન, મન, અને ધનથી તેમનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરવો એ તેમનું કર્ત્તવ્ય છે અને એજ તેમને સુખદાયક છે.

પતિએ કેવું આચરણ રાખવું. ?

ગૃહ—સંસારમાં સદચારી પતિની વાણી, રીતભાત, ચાળા અને તેમની સારા વિચાર કરવાની રઢણ, એ સર્વ પત્ની અને છોકરાં ઉપર વધારે અગર થોડી પણ અસર કર્યા વિનાં રહેતાં નથી. પત્ની પોતાના પતિની રીતભાત સારી રીતે નજરમાં રાખે છે. શારીક પ્રકૃતિની પેઠે માનસિક ગુણાગુણ પણ છોકરાંઓમાં ઉતરે છે. જેવો સંગ મળે છે, તેવોજ પાસ લાગે છે; કેમકે સ્વભાવેજ મનુષ્ય જાતિમાં એક બીજાની ચેષ્ટા કરવાનો ગુણ રહેલો છે, અને ચેષ્ટા નિરંતર અભ્યાસથી વર્તણુક રૂપે એક રૂઢ માર્ગ થઇ પડે છે. પતિ જો નમ્ર સ્વભાવનો, પ્રમાણિક, કરકસરવાળો, માયાળુ, પ્રેમી, ધાર્મિક, ન્યાયશીળ, પરોપકારી, દયાળુ, ઉદ્યોગી, કળા કૌશલ્યનો ઉત્સુક અને સદાગૃહી હશે, તો પત્ની અને છોકરાંને તેવા થવાનું સુજશે. કદી જો તે અભિમાની, દુષ્ટ વિચારનો, કામી, ક્રોધી, એકલપેટો,

ઉદ્ધત, ઇર્ષ્યાવાન, પારકાનું સુખ જોઇ બળાપો કરનારો અને અપકાર વાળી બુદ્ધિનો હશે તો તેમની પત્નીને છોકરાં પણ તેમના અતિપરિચયથી તેમના જેવાંજ થશે. આ પ્રમાણે હોવાથી પતિએ પોતાનાં આચરણ સારાં કરવા બહુ કાળજી રાખવાની છે. તેમણે સુશીળતાથી ઘરમાં સૌનાં મનહરી લેવાં જોઇએ. ગૃહ—સંસારમાં સદા સૌજન્યરૂપી વસ્ત્ર સજવાં, ગૃહ—રાજ્ય એવીતો નરમાશ અને ચતુરાઇથી ચલાવવું કે તેથી ઘરમાં પ્રેમ અને કર્તવ્યનો વાયુ પ્રસરી રહે. કુટુંબનાં જુદાં જુદાં સગાંઓનાં માયાળુપણાનાં નાનાં નાનાં કામો કરવાં જોઇએ. જેનો પ્રેમ ગૃહ--સંસારમાંથી સજીવન થયો છે, તે કંઇ તેટલામાંજ પોતાની સહૃદયતા રોકી રાખતો નથી, પણ તેનો પ્રેમ તેના કુટુંબમાં પ્રસરે છે અને ત્યાંથી જગતમાં વિસ્તરે છે. પતિએ નાના નાના સદ્‌ગુણોને ખૂબ કાળજી રાખી ઉછેરીને કેળવવા જોઇએ. નમ્રતા, ધૈર્યતા, ગરીબાઇ, અમીદૃષ્ટિ, પરસ્પર સહાયતા, આમ્રવૃક્ષની પેઠે નીચા નમવું, હૃદયની કોમળતા, આનંદીસ્વભાવ, અંતઃકરણનું મીલનસારપણું, જનદયા, કોઇએ આપણો બિગાડ કર્યો હોય તે માટે ક્ષમાશીલતા, સાદાઇ, નિષ્કપટપણું, દુઃખમાં ગભરાઇ ન જતા ધૈર્યતા રાખી દૂર કરવું, સુખમાં ફુલાઇ ન જવું હિંમત રાખવી, ધર્મને ધારણ કરવો, વિવેકને વિસારવો, નહિ; વગેરે સઘળી જાતના સદ્‌ગુણો ગ્રહણ કરવા જોઇએ. દુષ્ટ વિચાર દૂર કરવા અને સુવિચારનું અનુકરણ કરવું એ પોતાના હાથમાં છે. તેમજ ખોટો મમત પકડી રાખવો કે, ખોટે માર્ગે મન લગાડવું અથવા સારો આગ્રહ રાખી સત્કાર્ય પાછળ મંડયા રહેવું, અને સુમાર્ગે હૃદયને ચોંટાડવું, એ સર્વ આપણી મરજી ઉપર રહેલું છે. આપણે માટે જગત્‌ને જેવું બતાવવું હોય, તેવું આપણે ગ્રહણ કરવું જોઇએ. સુખની ઇચ્છા રાખવા વાળો પતિ ચાહેતો પ્રમાણિકપણાથી આબરૂ સાથે પોતાથી બની શકે તેટલી કાબેલિયતથી પોતાનો સંસાર ચલાવી શકે, તેને કુદરત તરફથી જે બક્ષીસો મળી હોય, તેનો ખરાબ ઉપયોગ ન કરતાં; તે પોતે ધારેતો સારો ઉપયોગ કરી શકે; તે જો પોતાના મનપર લેતો નાનામાંનાની અને ઝીણામાં ઝીણી વસ્તુમાં પણ ઇમાનદાર, ઇનસાફી, સાચો, અને નિમકહલાલ નીવડી શકે. જે સદ્‌ગુણો દરરોજ ખપમાં આવતા હોય, તેજ સદ્‌ગુણો બીજા બધા કરતાં વધારે સત્તા ચલાવેછે.

સારા ગણાતા પતિનાં આચારણ એછેકે;—તે પોતાની અર્ધાંગના ઉપર પ્રીતિ રાખે છે, પોતાનાં છોકરાંઓ ઉપર મમતા રાખે છે, પોતાના મિત્રો સાથે દૃઢભાવથી રહે છે, તે ક્ષમાશીલ હોય છે, પોતાનું વચન પાળવામાં ઇમાનદાર હોય છે, નિકટ સંબંધમાં આવનારાઓની સાથે ભલાઇથી ચાલે છે; તેવો પતિ પોતાની પત્નીની આબરૂ ભરેલી તુલના કરે છે, શાણપણ અને પ્રીતિભાવથી ગૃહ-સંસાર ચલાવે છે, પત્નીને સમજાવીને અમલ ચલાવે છે, તેમાં પણ જે કામ તેની આબરૂ અને ફાયદા ભરેલું હોય તેજ સમજાવીને કરાવે છે. તેના બ-

હારના દેખાવ કરતાં તેના આત્માને અને આબરૂને વધારે ચાહે છે, તેના સદ્ગુણો જોઇને તેનાપર આસક્ત રહે છે. પોતાના સદ્ગુણોના બીજનું તેનામાં રોપણ કરે છે. પોતાના જે જે ઉજળા યશ અને મહિમાવંતાં લક્ષણો હોય છે, તેનું તેજ તેના ઉપર પાડી, તેનું પ્રતિબિંબ તેનામાંથી પરાવર્ત્ત પામીને ઉજેશ આપે એમ કરે છે. ઘર ખરચનો વહિવટ તેમને સોંપે છે. તેના ઉપરની પ્રીતિમાં એવી તો દૃઢતા રાખે છે કે તેની જુવાની અને તેનું રૂપ તેમની ઉમર થયે ઉતરે તોપણ તેના ઉપર ન્યૂનતા નહિ બતાવતાં વિશેષ આશક્તપણુ બતાવે છે, તેમને દિલાવર પ્યારથી પોષે છે, તેને ચાહવું તે એક રૂપાળી પુજવા યોગ્ય પૂતળીની પેઠે લાડ લડાવવાં એમ નહિ, પણ પ્રભુને દરમિયાન રાખીને એક સંસારનો ખરો સોબતી ગણીને ચાહે છે. દુનિયામાં જે અનિયમિત ઢંગધડ વગરની વિષય વાસનાનો જે જોસ થઇ આવે છે, તેના ક્ષણિક પ્રેમ કરતાં પોતાનો પ્રેમતો સ્વધર્મના સાચા નિયમો ઉપર બંધાયેલો રાખી તેનાપર અત્યંત અધિક બળથી પ્રવર્ત્તે છે; તેમના અને પોતાના ધર્મ–સંયોગથી પેદા થયેલાં પ્રિય બાળકોના કરતાં પણ જે પેદા કરનાર, પાલણ પોષણ કરનાર અને અંતે પોતામાં મેળવી લઇ શાન્તિનું સુખ આપનાર મંગળમય પ્રભુના પ્રત્યે નિરંતર દૃઢપ્રીતિ રાખી શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરે છે અને ઘરનાં સૌને કરાવે છે. પોતાની પત્ની અને છોકરાંને પોતાનું ઘર આકર્ષક લાગે એમ કરે છે, તેમને ધર્મ પ્રમાણે ચાલવાની પ્રથમથી ટેવ પાડીને તેઓ આ લોક પરલોકમાં સુખી થાય તેમ કરે છે. ઘરનાં માંદા માણસોને ઘણીવાર દવાના કરતાં વધારે ફાયદો કરે, એવા દિલાસા ભરેલા અને માયાળુ શબ્દો બોલે છે. કુટુંબનાં માણસોને સુખી બનાવવાને તેઓ એક બીજા સાથે વિવેક અને સભ્યતાથી વર્ત્તે એમ કરે છે. જે ઘરમાં ચિડિયો બાપ, હમેશાં વાંક કાઢતી મા, વઢકણી વહુ, વંડી ગયેલો છોકરો અને રઝળતો છોકરી હશે, તે ઘરમાં ગમે તેટલો સુખકારક સરસામાન હશે, બાગ બગીચો અને સુખ આપનારી અનેક વસ્તુઓ હશે, તોપણ તે ઘર સમજવું નહિ; એ બરાબર સમજી રાખી ઉપરના દોષો પોતાના ઘરમાં પ્રવેશ કરવા ન પામે તેમ કરે છે. બાળકો તરફ કઠોર વર્ત્તણુક રાખવાથી અને કઠોર શબ્દો બોલવાથી તેમનાં મન ઉંચા થાય છે અને ઘર તેમને અણગમા ભરેલું લાગે છે, એ બરાબર ધ્યાનમાં રાખી કઠોરતાથી વર્તતો નથી. બહારનાં કામોથી નવરાશ મળ્યે ઘરમાં રહી પોતાની સ્ત્રી અને છોકરાં સાથે આનંદમાં વખત ગુજારી કુટુંબનું સુખ વધારવાને ચાહે છે. બાળકોને સજા કરવાને બદલે સમજાવે છે, સુધારવાનું કહેવાને બદલે તેમની ભૂલ વિષે ખાત્રી કરી આપેછે, તેમની લાચારીનો લાભ લઇને અયોગ્ય માર મારતો નથી, પત્નીના દોષો કાઢયા કરતો નથી. સ્વાર્થી અને એકલપેટા વિચારથી નહિ ચાલતાં એક બીજાની મરજીનો વિચાર કરીને બંનેનું હિત જોઇ સુખી થાય એમ કરે છે, ઘર

બહાર જતી વખતે પોતાની પત્ની સાથે ગુસ્સે થઈ જતો નથી, અને રાત્રે ઘેર આવીને ગુસ્સા વાળું મોં તેને દેખાડતો નથી. પતિપત્ની સાથે ગુસ્સે થતાં નથી, સ્વાર્થીપણાથી દૂર રહે છે, કુટુંબનું સુખ વધારવા કાળજી રાખે છે, વાંક થયો છે એવી ખાત્રી થાય નહિ, ત્યાં સુધી વાંક કાઢતો નથી, ઠપકો દેવો હોય તો ધીમેથી અને હેત બતાવીને દેછે. ટીકા કરવાની જરૂર પડે તો તે પ્યારથી કરે છે, આગલી ભૂલોને માટે મેણા મારતો નથી, બીજાને દુઃખ લાગે એવા કડવા શબ્દો બોલતો નથી, ખૂબસુરતી અથવા બહારના દેખાવ ઉપર નહિ મોહતાં પોતાની સ્ત્રીના અંદરના ગુણોને વધારે ચાહીને સુખ માને છે. કોણ જાણે વખતે એ પોતાના આખરના શબ્દો નિવડે, એમ ધારી ઘર બહાર જતી વખતે મીઠા શબ્દો બોલીને નીકળે છે, પોતાની પત્નીને માટે જે સંકટ વેઠયાં હોય તે કહી બતાવતો નથી, પોતાની સ્ત્રી અને છોકરાંને માટે જે અગવડો વેઠે છે તે રાજી ખુશીથી, ખરા મનથી અને જણાવ્યા વગર ખમે છે. એક બીજાના દુઃખને વખતે અંતઃકરણથી લાગણી બતાવે છે. એક વખત ઠગાયાનું માલમ પડશે તો ફરી તે બરોસો કરશે નહિ એમ સમજી રાખી પોતાની સ્ત્રીને કદી ઠગતો નથી. જે વાત પતિપત્નીના ખાસ અનુભવની કે જાણની હોય, તેમાં એક બીજાની સલાહ લેછે. આફતને વખતે એક બીજાને દિલાસો આપી દુઃખ ઓછું થાય એમ કરે છે. એકલાં ન હોય ત્યારે અથવા બીજાનાં દેખતાં એક બીજાના સંબંધની વાતો કરતો નથી. કોઇ પણ વખતે એક બીજાની સાથે ઉતાવળે બોલતો નથી, કામનો સારો વિચાર કર્યા છતાં તેમાં ભૂલ થાય છે તો તે યાદ લાવતો નથી, પરસ્પર એક બીજાની ઇચ્છાને તાબે થવાને યત્ન કરે છે.

સારો પતિ રાત્રે વાળુ કર્યા પછી બહુજ જરૂર વગર ઘર બહાર જતો નથી, પણ જે પતિ રાત્રે વાળુ કર્યા પછી ઘેર ન રહેતાં શેરીઓમાં અગર ઓળખીતાઓને ત્યાં ફર્યા કરે છે અને સુવાના વખત પહેલાં પાછો આવતો નથી, તે પરણેલી જીંદગીનું ઘણું ઉમદા અને આશિર્વાદ રૂપ સુખ જાણી બુજી ગુમાવે છે; એ બરાબર યાદ રાખી રાત્રિએ બહાર નહિ ફરતાં પરણેલી જીંદગીનું ખરૂં સુખ લેછે. શરીર કોમળ કરવા કરતાં હૈયું કોમળ કરવાને કાળજી રાખે છે. ગજા પ્રમાણે મળેલામાં સંતોષથી રહે છે, કારણ વગર કંઇ પણ બોલતો નથી, સદ્ગુણથી જન—મંડળની આપણા પ્રત્યે શુભ વાસના થાય છે, અને તેઓ માન પ્રતિષ્ઠા આપે છે એવું સમજીને વર્તે છે. સત્ય, સાચવટ, અને પ્રમાણિકપણાને વળગી રહી દરેક કાર્ય કરે છે. પોતાના અંતર્યામીને પૂછીને હમેશાં ચાલે છે. પોતાની વાણીમાં અને પોતાની દરેક કૃતિમાં અંતર્યામીની આજ્ઞા પ્રમાણે વર્તે છે. પોતાની હમેશની ફરજો દેખીતી સાધારણ અને ધૂળ ગજા જેવી લાગતી હોય, તોપણ તે કેવી રીતે અદા કરે છે, તે ઉપરથી તેની ખરી તુલના થઈ શકે છે.

પતિની ખરેખરી ચાલચલગત તેના ગૃહ—સંસારમાં જેવી જણાઈ આવે છે, તેવી બીજી ક્યાંએ જણાતી નથી. તે ગૃહ—સંસાર ઉપર કેવી રીતે અમલ ચલાવે છે, તે ઉપરથી તેનું વ્યવહારિક ડહાપણ વાધારે સારી રીતે જણાઈ આવે છે અને એજ સ્થળે એના સાચા ગુણો દેખાઇ આવે છે. જે પતિમાં આવાં આચરણો હોય છે, તે પતિપણાને યોગ્ય છે અને તેનોજ સંસાર ખરેખરો સુખ રૂપ થઇ શોભિ નીકળે છે. માટે સુજ્ઞ પુરૂષોએ સારા પતિ તરીકે ગણાવાને ઉપર જણાવેલાં આચરણો રાખવાં જોઇએ અને તેમ થશે તોજ ગૃહ—સંસાર સ્વર્ગ સમાન સુખ આપનાર થઇ જીંદગીનું સાફલ્ય કરવામા સાધન ભૂત થશે. વિજયહો ! ! !

પતિપત્નીમાં કેવો પ્રેમ જોઇએ ?

આ સંસારમાં પ્રેમ એ ઇશ્વરે આપેલું સત્ય ધન્ય છે; એટલુંજ નહિ પરંતુ તે આ જગતનું જીવન છે. તે આ દુનિયાની વસ્તુ નથી, પણ એ સ્વર્ગની સામગ્રી છે. એના વિના એક પળ પણ ચાલી શકતું નથી. માતાનો સ્નેહ ન પામ્યાથી મનુષ્ય ક્યાં રહી શકત ! કેવું આશ્ચર્ય ! એક પ્રીતિ કેટલા ભાવથી પ્રકાશિત થઇ છે. માતાનો સ્નેહ, સન્તાનની ભક્તિ, સતીનો પ્રેમ, આના જેવા મધુર ભાવ જગત્માં ઘણાજ થોડા છે. જે પ્રેમનું મૂળ તે પ્રીતિ સ્વરૂપમાં બંધાયેલું છે, તેજ સ્વર્ગીય છે, તેજ ચીરસ્થાયી છે. પશુઓ પણ પોતાનાં બચ્ચાંને ચાટે છે; પરંતુ તેઓનું ચાટવું અને માણસના ચાટવામાં ઘણોજ ફેર છે. મનુષ્ય આત્મા વાળો જીવ છે. માણસે જ્યારે ઇશ્વરની પાસેથી આવું શ્રેષ્ટ ધન મેળવ્યું છે, ત્યારે તેનો સદ્ વ્યવહાર કરવામાં પ્રાણ તોડ યત્ન કરવો જોઇએ. પ્રીતિનો ગેર ઉપયોગ કરવો એ નર્ક છે. પવિત્ર પ્રીતિ પરમેશ્વરની છબી સ્વરૂપ છે. તેથી આપણે તેને જોઇ શકીએ છીએ. નિર્મળ પ્રીતિજ આ દુઃખમય સંસારમાં સ્વર્ગ આણે છે. મનુષ્યના મુખને દેવની સુંદરતામાં શોભાવે છે. એ પુષ્પની સુગંધીના જેવી મનોહારી છે અને ચંદ્રમાના સુશીતળ કિરણની પેઠે સ્નિગ્ધ કારી છે. ચંદ્ર કિરણ જેમ કદરૂપાને પણ સુંદર કરે છે, તેમ પ્રીતિ પણ પોતાના સુકોમળ શાન્ત પવિત્ર ભાવથી મહા પાપીના હૃદયને ભેદીને પ્રકાશિત કરે છે. પ્રીતિ સર્વેને પોતાની પેઠે સુંદર કરવામાં મશગુલ છે, એ નિઃસ્વાર્થ છે. જેનું હૃદય આવી પ્રીતિનું મંદિર છે; તેજ ખરા મનુષ્યના નામને યોગ્ય છે, તે આ લોકના ઉચ્ચા આસન ઉપર બેઠેલો છે અને પરલોકમાં દેવતાઓનો સહવાસ મેળવે છે. પ્રેમજ જગતને ચલાવે છે, ઘટના ચક્રમાં ફરતો માણસ—પિતા, માતા, સ્ત્રી અથવા પુત્ર, પુત્રી ગમે તે હોય—સર્વે આ, શક્તિથી ખેંચાય છે. તેનાથી છિન્ન થયાથી મનુષ્યનું

હૃદય શૂન્ય બનત, જગતૂનો મોહ જતો રહેત, સુંદર સંસાર જંગલ જેવું થઈ જાત. પ્રેમ જગતનો આદિ ધર્મ છે, પ્રેમ સુંદર અને પવિત્ર છે, અને પ્રેમ એ માણસનો સર્વથી ચઢીયાતો અને પરમોત્કૃષ્ટ ગુણ છે. દયા, ભક્તિ, સત્યનિષ્ઠા, ન્યાયપરતા અને ઉદારતા એ સર્વે પ્રેમથી ઉત્પન્ન થાય છે. પ્રેમી માણસનું હૃદય સ્વર્ગીય પ્રકાશથી પૂર્ણ છે. તે પાપથી ત્રાસ પામે છે, દુઃખની છાયા તેને સ્પર્શ કરતી નથી; વગેરે રીતે જોતાં પ્રેમ એ ખરેખર સ્વર્ગનો ભાવ છે.

આ સૃષ્ટિમાં ઇશ્વરે સ્ત્રી અને પુરૂષ એવા મનુષ્યના બે ભાગ કર્યા છે. પુરૂષ સ્ત્રીને પ્રેમ કરે છે, તેને લીધે તેણે તેને રમણિય અને સુંદર બનાવીને જગત્‌માં મોકલી છે. સ્ત્રી પુરૂષ ઇશ્વરની ઇચ્છાથી બંધનમાં બંધાયેલાં છે. પતિપત્નીનો પ્રેમ સુંદર અને સુખમય છે. પતિ પોતાની પત્નીને સામાન્ય સ્ત્રી તરીકે ગણતો નથી; પ્રેમી પત્નીનો અવાજ ગાઢો હોય, તોપણ પતિને તેનો અવાજ કોકિલના અવાજ જેવો લાગે છે, તેનું મુખ ખરાબ હોય તોપણ પ્રેમિકને પ્રફૂલ્લ કમળ જેવું ભાસે છે. પ્રેમિકની આગળ પૃથ્વી સ્વર્ગ છે, સંસાર બગીચો છે, સર્વ પદાર્થ શરદની પુનેમ જેવા જણાય છે. પ્રેમી પતિ પોતાની પ્યારીની દીર્ઘદાયથી સઘળે અંધારૂં થયેલું જુએ છે. પ્રિયપત્નીના આંસુથી હૃદય ભેદાય છે. ઇશ્વરે સ્ત્રીને આવી રીતે મનુષ્યની સહચરી કરી છે. આવો પ્રેમ—વિશ્વપ્રીતિનો પાયો છે. કુટુંબપર પ્રીતિ રાખવી એ પ્રેમનો કેન્દ્ર છે. તેનાથી પ્રેમ ચારે બાજુએ પ્રસરે છે, કુટુમ્બ કોમળતાનો આધાર છે, શાંતિનો રક્ષક છે, વિશ્વ પ્રેમનો શિક્ષાગુરૂ છે, તે જગતનો નિયમ છે, તેજ વિશ્વને ચલાવનાર છે. પોતાના ઘરના ઉપર પ્રેમ કર્યા પછી પોતાના કુટુંબ ઉપર, પછી પોતાની જાતિ ઉપર, પછી દેશ ઉપર અને પછી જગતપરની માનવજાતિ ઉપર પ્રેમ કરતાં શીખે છે. સ્ત્રી પુરૂષની પ્રીતિરૂપી બંધન સિવાય સ્થાયી કુટુંબ થઇ શકતું નથી. સ્ત્રીનું હૃદય પ્રીતિનું પ્રિય નિવાસ છે. પ્રીતિમાં સ્ત્રીનું જીવન છે અને સ્ત્રી બાલ્યકાળથી લઇને મરવા સુધી પ્રીતિની પૂતળી છે.

જગતમાં સ્ત્રી પુરૂષ પરસ્પર જ્યાં સુધી પ્રેમ રસથી એક રંગી થયાં નથી, ત્યાં સુધી તેઓ સંસારમાં પોતાના અનુભવ સંબંધે પરિપૂર્ણ ગણાય નહિ. જ્યાં સુધી પુરૂષે પ્રેમ જાણ્યો નથી, ત્યાં સુધી તે પુરૂષ નથી. તેમ સ્ત્રીએ પણ જ્યાં સુધી પ્રેમ જાણ્યો નથી, ત્યાં સુધી તેને સ્ત્રી ન જાણવી. એક બીજાને પરિપૂર્ણ કરવાને બંનેની આવશ્યકતા છે. પ્લેટોનો એવો મત હતો કે;—“પ્રેમિજનો એક બીજામાં પોતાનું પ્રતિબિંબ ખોળે છે અને પ્રેમ તો મૂળ મનુષ્યનું વિખુટું પડેલું અર્ધ અંગ છે, તેવા બીજા અર્ધ અંગ સાથે સંયોગ કરેછે.” પ્રેમરૂપી ઇશ્વરી વિકારને લીધે જગત્ તાજું અને જુવાન રહ્યું જાય છે. પ્રેમવિકાર યુવાવસ્થા ઝગઝગીત કરી મૂકે છે અને વૃદ્ધાવસ્થાના શીતળ ચંદ્રની આસપાસ

સુખશાંતિનું ચેતન કુંડાળું કરે છે. પ્રેમ—વૃત્તિ પોતાની પાછળ જે અજવાળું નાંખે છે, તેથી વર્તમાનને તેજોમય કરે છે અને પોતાના કિરણો આગળ નાંખવાથી ભવિષ્યના ભારને હળવો કરે છે. જે પ્રેમ, પ્રશંસા અને સાનંદાશ્ચર્યમાંથી ઉત્પન્ન થાય છે, તેથી તે માણસનાં આચરણ ઉચ્ચતર અને પવિત્રતા આપનારાં થાય છે. એવો પ્રેમ માણસને આત્મ દાસત્વમાંથી છોડાવે છે. તેના પ્રભાવથી સુશીલતા, સહૃદયતા, પરસ્પર વિશ્વાસ અને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. સ્ત્રી—પુરૂષનો સંયોગ થવામાં પરસ્પર માત્ર માન અને ગણના ઉપરાંત બીજું ઘણું વિશેષ હોય છે. જે પ્રેમ લાગણી ઉપર એ સંયોગનો આધાર રહે છે, તે અત્યંત ઉંડી અને કોમળ હોય છે. એવી પ્રેમ લાગણી માંહોમાંહે સ્ત્રીઓમાં કે માંહોમાંહે એકલા પુરૂષોમાં કદી પણ હોતી નથી.

પુરૂષ પ્રેમના દરવાજામાં થઇને આનંદની અનુકંપાની અને મનુષ્યરસજ્ઞતાની નવી દુનિયામાં પ્રવેશ કરે છે. તે એ નવી દુનિયાને પોતાના ઘરમાંજ અનુભવે છે. જો ગૃહસ્થાશ્રમ ચલાવવામાં પ્રેમ પ્રધાનપણે ન હોય, તો તેવો ગૃહસ્થાશ્રમ અતિ દુઃસહ જુલમનું જંગલ થઇ પડશે. જે પુરૂષનો પ્રેમ ગૃહ—સંસારથી સજીવન થયો છે, તે કંઇ તેટલા સાંકડા ગોળમાંજ પોતાની સહૃદયતા રોકી રાખતો નથી. તેનો પ્રેમ તેના કુટુંબમાં પ્રસરે છે અને ત્યાંથી જગતમાં વિસ્તરે છે. ગૃહસ્થાશ્રમના પ્રેમ—પથ્યથીજ પુરૂષનું હૃદય ઉત્તમ રીતે નિયમમાં વર્તે છે. ઘર તે સ્ત્રીનું રાજ્ય, તેની જાગીર અને તેનું જગત્ છે,—ત્યાંથી તે પ્રેમથી, માયાથી, અને નરમાશની સત્તાથી અમલ ચલાવે છે. કોઇપણ પુરૂષ મૂળ પ્રકૃતિએ તોફાની હોય, અને દૈવયોગે તેનો ગૃહસ્થાશ્રમ જો કોઇ મોટા મનની પ્રેમી સ્ત્રી સાથે સંધાય તો તે જેવો શાન્ત પડશે, તેવો બીજા કશાથી નહિ પડે. તેવી સ્ત્રીથી તેને વિશ્રાંતિ, સંતોષ અને સુખ મળે છે. સ્ત્રીનાં ઉત્તમ લક્ષણ તેની બુદ્ધિમાં વસતાં નથી, પણ તેની પ્રીતિમાં વસે છે. ચિંતા અને ગભરામણથી ઘેરાયેલા ગૃહસ્થાશ્રમમાં જો સ્ત્રીનું ઘર પ્રેમનું સ્થાન નથી, તો વિશ્રાંતિનું સ્થાન કેમ કરીને થાય ? મગજને વિસામો અને દિલને શાન્તિ તો પ્રેમ—વૃત્તિની નરમ અસરથીજ મળી શકે છે. સ્ત્રીની પ્રીતિ કેવી છે, તે વિષે કવિએ કહ્યું છે કે;—

રૂડી સ્ત્રીની પ્રીત, ન વળગે જૂનાં પેડે,
રૂડી સ્ત્રીની પ્રીત, ન દાબે સરકાર વેડે;
રૂડી સ્ત્રીની પ્રીત, કાર્યમાં ભાર કરે નહિ,
રૂડી સ્ત્રીની પ્રીત, કાર્ય-મૂળો શોધે નહિ.
રૂડી સ્ત્રીના પ્રેમ પ્રભાકરે, આનંદ ઘન વર્ષાય છે:
એવી એવી પ્રીતથી, અણુ માગ્યું સુખ કમાય છે. ૧
સન્નારીની પ્રીત, શ્રાન્તનો થાક ઉડાડે,

સન્નારીની પ્રીત, તૃષાર્ત્તની તૃષા મટાડે;
સન્નારીની પ્રીત, ગિહ વિશ્રાંતિ આપે,
સન્નારીની પ્રીત, સુખને શાન્તિ વર્ષે;
સન્નારીની પ્રીતિ–બાગમાં, ભ્રમર–પુરૂષ ભમતો ફરે,
પુષ્પોની છાયામાં છતાં, આનંદે ગુંજ્યા કરે. ૨

આ જગતમાં જનસમૂહના જે નાના મંડળમાં આપણે રહેતા હોઇએ, તેને પ્રેમથી પોષવું એ બધા જગત્–પ્રેમનું બીજ સમજવું. પ્રેમિક પ્રેમ બંધનથી એવાંતો બંધાયલાં રહે છે કે, એક બીજાનો વિયોગ થતાં પ્રાણ તજી દેવાની પણ વાર લગાડતાં નથી. તેમનો પ્રેમજય તે માછલાના જેવો હોય છે. માછલું જેમ પાણીથી વિખુટું પડતાંજ તરફડીને તરત મરણ પામે છે, તેમ પ્રેમિક સ્ત્રી પુરૂષ એક બીજાનો વિયોગ સહન કરી ન શકતાં વખતે પ્રાણ સુદ્ધાં પણ તજી દેછે. **સરફ્રાન્સિસબર્ડેટ** પોતાની અર્ધાંગનાના મરણથી એવોતો મહાભારત શોકમાં ગિરફતાર થઇ ગયો કે, તેણે સર્વ પ્રકારના ખાવાપીવાનો આગ્રહથી ત્યાગ કર્યો અને ઘરમાંથી તે બાઇના શબને ભૂમિ–દાહ માટે લઇ જતાં પહેલાંજ તેનો દેહ પડયો અને પતિ પત્ની બંને એકજ કબરમાં જોડા જોડ સૂતાં. તેવીજ રીતે સાધ્વી પ્રેમી સ્ત્રી પણ પોતાના પતિનો નિરંતરનો વિયોગ સહન કરી શકતી નથી. જ્યારે **સરઆલ્બર્ટમૉર્ટન** મરણ પામ્યો, તે સમયે તેની સ્ત્રીને એટલીતો દીલગીરી થઇ કે તે થોડીજ વારમાં તેની પાછળ ચાલી અને તેની જોડે હમેશને માટે સૂતી. એ વિષે **વૉટને** બે પદ લીટી લખી છે, તેમાં તેનો સઘળો સાર આવી જાય છે.

સ્વામી સ્વર્ગ સાંચર્યો, પત્ની એકલી થાય;
એકલું રહેવું નવ ગમ્યું, પતિ પાછળ સતી જાય.

આહા! કેવો પ્રેમ! તેવીજ રીતે વૉશિગ્ટનના મરણના ખબર તેની પ્રિય સ્ત્રીને થયા, ત્યારે તે બોલી કે;—"લો, ચાલો, ઠીક હવે સૌ પતી રહ્યું; હું જલદીજ તેની પાછળ જઇ પહોંચીશ; મારે હવે વિશેષ દુઃખ ભોગવવાનાં રહ્યાં નથી." એમ કહેતાંજ તેના પ્રાણ ચાલ્યા ગયા. અહા! કેવો પ્રેમ!! ખરેખર પ્રેમી પતિપત્નીનો પ્રાણ એકજ રૂપ હોય છે. ધર્મપત્ની **કારોલાઇન** કહે છે કે;—"એક સુંદર સાયંકાળની ગુલાબી રોશનીમાં અમે પરણ્યાં, અમારા બેના જીવ—બંનેનાં હૃદય એક થયાં." **હુડેરે** પણ હર્ષના ઉભરાથી **જાકોબીને** લખ્યું છે કે;—"મારી ભાર્યા મારી જીવન—દોરી, મારા સુખનું મૂળ અને દિલાસાનું ઠામ છે. અમારા મનમાં જે ઉંડા ક્ષણિક વિચારો સ્ફુરે છે અને અમને તાજુબીમાં નાખે છે, તેમાં પણ અમે બે એક છીએ." આ સિવાય પવિત્ર ભારતભૂમિની અંદર પણ આવા ઘણા દાખલા આર્ય પતિપત્નીના પણ મળી આવે છે.

પ્રેમી પતિપત્ની પરસ્પરને પ્રાણ સમાન ગણે છે; ચાહે છે અને માને છે.

એકને અનુકુળ પ્રતિકુળ તે બીજાને અનુકુળ પ્રતિકુળ થઇ પડે છે. તેઓ દેહથી જુદાં જણાય છે, પણ પ્રાણુથી જાણે એકરૂપ જેવાંજ હોય છે. તેઓ એકને સુખે સુખી અને એકને દુઃખે દુઃખી થાય છે. સતી તારામતીએ પોતાના ધર્મ સ્વરૂપ પતિ હરિશ્ચંદ્ર સાથે શરીરની છાયા પ્રમાણે રહી, તેના હિત ખાતેજ પરઘેર દાસી થઇ રહી, વિયોગ થયો, ઘણા દુઃખો ભોગવ્યાં, આવી સ્થિતિમાં દિલાસારૂપ એકના એક પુત્ર રોહિતનું મરણ થયું, તેને બાળવા મસાણનું ભાડું દેવા આજ્ઞા થઇ, તો- પણ પતિપરથી જરા પણ પ્રેમ ઓછો કર્યો નહિ; એટલુંજ નહિ પણ છેવટ પતિને હાથેજ મરવાનો વખત આવ્યો, તોપણ નહિ ગભરાતાં પૂર્ણ પ્રેમ બતાવી બોલી;— " પ્રાણપતિ ! તમારા હાથથી મારા ગળામાં નાંખેલી તરવાર પણ મને મોતીની માળા જેવી લાગશે, માટે ચિંતાતુર ન થતાં તરત ઘા કરો." અહા ! કેવો નિર્મળ પ્રેમ ! ! પ્રેમને લીધેજ જેવી પોતાના પ્રાણની દરકાર નથી, તેવી પતિ પોતાનો ધર્મ બજાવે તેની દરકાર છે ! આ શું ઓછો પ્રેમ ? પદ્મણી પોતાના પતિ જયદેવના મરણ સમાચાર સાંભળતાંજ શબવત થઇ પડી હતી. ઉભયકુમારી આપેલી મુદતે પતિ આવી નહિ પહોંચવાથીજ પ્રાણરહીત થઇ પડી હતી. સુવ્રતા પરદેશ જતા પતિને જોતી ઉભી રહી, પણ તે વાટે જતો દેખાતો બંધ પડયો કે, તેના પ્રાણ પણ જતા રહ્યા ! સીતાએ અનેક સંકટ ભોગવ્યાં પણ પતિપરથી પ્રેમની જરા પણ ન્યૂનતા કરી નહોતી. પતિપત્નીનાં હૃદય પ્રેમરૂપી હીરની ગાંઠથી એવાંતો સજડ સંધાઇ જાય છે કે, એકને જે પ્રિય અપ્રિય, તેજ બીજાને પ્રિય અપ્રિય થઇ પડે છે. તેઓના પ્રાણ એક રૂપ જેવા થયેલા હોય છે; એટલુંજ નહિ પરંતુ એક બીજાના હિતને માટે પોતાના પ્રાણની પણ દરકાર રાખતાં નથી. મહાસતી પાર્વતી પોતાના પિતા દક્ષપ્રજાપતિએ શિવજીનો દ્વેષ કર્યો એ જોઇ પિતા પ્ર- ત્યે કહ્યું કે;—" તમે મારા પતિ શિવજીનો દ્વેષ કરો છો, માટે તમારાથી ઉત્પન્ન થયેલા આ કલેવર—શરીર પણ મારા કામનું નથી, તેથી હું છોડી દઉછું. ખરાબ અન્ન ભૂલથી ખવાયું હોય, તો પછી તેને ઓકી કાઢવું એમ ધર્મ શાસ્ત્ર કહે છે. " એટલુંજ બોલતાંજ પ્રાણ ત્યાગ કર્યો હતો. અહો ! કેટલો બધો પ્રેમ ! ઇત્યાદિ સતીઓના ઘણા દાખલાઓ છે. જેવી રીતે સતી ઓઓએ પતિપ્રત્યે પ્રેમ બતા- વ્યો છે, તેવીજ રીતે પવિત્ર પુરૂષોએ પણ પોતાની પત્ની પ્રત્યે પ્રેમ બતાવ્યાના ઘણા દાખલાઓ પ્રસિદ્ધ છે. સતી પાર્વતીએ જ્યારે પ્રાણ ત્યાગ કર્યો; ત્યારે શિવજીએ આખી દક્ષયજ્ઞનો નાશ કર્યો, અને પોતાની પ્રિયપત્ની સતીના અસ્તિની પોટલી બાંધી તીર્થે તીર્થ ફર્યા હતા અને છેવટ હિમાલય પ્રત્યે ફરી મળતાં સુધી અઘોર તપ કર્યા કર્યું હતું, એ વાત જગત્ પ્રસિદ્ધ છે. ઉભયકુમારીને પ્રાણ ર- હીત પડેલી જોઇ, તેનો પતિ પ્રતાપસિંહ પણ પ્રાણ રહીત થયો હતો. સુવ્ર- તાને પ્રાણ રહીત થયેલી સાંભળી હેમચંદ્ર પાછો વળી આવ્યો, અને પ્રિયપત્ની

નું શબ ખોળામાં લેતાંજ પ્રાણ રહીત થયો હતો! તેમજ ગૌતમે અહલ્યા માટે, ઋતુધ્વજે મદાલસા માટે, અને પુરૂરવાએ ઉર્વશી માટે કર્યું હતું; એ કોનું અજાણ્યું છે? પ્રાચીન ભારતવર્ષમાં આવાં પવિત્ર પ્રેમી દંપતીનાં દષ્ટાંતો ઘણાં મળી આવે છે. ધન્ય છે આવાં પવિત્ર પ્રેમી દંપતીને! અને ધન્ય છે તેમના જન્મને! કે તેઓ આ જગતમાં પ્રેમી તરીકે જન્મી લોકોને શિક્ષણરૂપ સુદષ્ટાત્ આપી ગયાં છે! આવો પવિત્ર પ્રેમ તેજ ખરેખરો પ્રેમ છે, આવો પ્રેમજ જીવન રૂપ, અમૃતરસ, સત્ય ધન અને પરમાત્મા સાથે સંમિલન કરાવનાર સાધન છે. આવો જે ઉત્તમ પવિત્ર પ્રેમ તે દરેક પતિપત્નીએ ગ્રહણ કરવો જોઇએ. આવા પ્રેમથીજ હૃદયે હૃદય અને પ્રાણે પ્રાણ જોડાંઇ જઇ એક રૂપ થવાં જોઇએ; આવાજ પુર્ણ પ્રેમથી એક બીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું જોઇએ, અને આવાજ પ્રેમથી દેહ—આત્મા—પ્રાણથી સહાયક થવું જોઇએ. જે ઘરમાં આવા પ્રેમી પતિ પત્ની હશે, તે ઘર પણ સ્વર્ગ સમાન શોભિ નીકળશે અને આવાજ પ્રેમ પ્રકાશથી ઝળકી રહી, કુટુંબમાં, જાતિમાં અને દેશમાં સઘળે નિર્મળ સુખનાં ઝરણ વહેતાં કરી સર્વત્ર આનંદ ઘન વર્ષાવી શકશે; એટલુંજ નહિ પરંતુ તેની સાથે આ લોકમાં અમર યશ અને પરલોકમાં પરમાત્માની પ્રાપ્તિ કરી શકશે. હે ઇશ! આ દેશનાં સ્રી પુરૂષોમાં આવો પવિત્ર પ્રેમ પ્રેર? અને પ્રાચીન સુખદાયી સ્થિતિ આપ!!! મંગળ! મંગળહો!!!

પતિપત્નીના ગુણોની થતી અસર.

જગત્ નિયંતા મહા કૃપાળુ પરમ મંગળમય પ્રભુનો એવો નિયમ છે કે, જે જેના નિરંતર ગાઢ સંબંધમાં જોડાઇને રહે છે, તે તેના ગુણદોષ સ્વાભાવિક રીતેજ ગ્રહણ કરે છે. જેમકે અમૃતવેલી આંબા, લીંબડા કે થોરને વિંટાઇ રહે છે, તો તેનામાં તેવા ગુણો આવે છે; તેમ મનુષ્યમાં પતિ પત્નીનો જેવો ગાઢ સંબંધ છે, તેવો બીજાનો નથી. તેથી તેમને પરસ્પરના ગુણદોષની જબરી અસર થાય છે. પતિને વિંટાઇ રહેલી પત્નીના આચરણની અસર પતિના આચરણપર થાય છે. પત્ની જો ઉત્તમ પ્રકૃતિની હશે, તો તે પોતાના પતિને ઉત્તમ ગુણનો કરશે, પણ જો તે અધમ પ્રકૃતિની હશે, તો તે તેને નીચ ગુણનો કરશે. અધમ સ્વભાવવાળી પત્ની મળવાથી પતિની સહૃદયતા નિર્જીવ થઇ જાય છે, તેનું ચૈતન્ય—બળ ઉડી જાય છે અને તેનું જીવન બેડોળ બને છે; પણ જો ઉત્તમ સ્વભાવવાળી પત્ની મળી હોય છે, તો તે પતિની પ્રેમ—વૃત્તિ સંતોષાય છે. તેથી તેની નીતિ—બળવાળી ધર્મ પ્રકૃતિ સુદૃઢ થાય છે, અને તેને એ રીતે વિશ્રાંતિ મળવાથી

તેની બુદ્ધિ સચેત થાય છે; એટલુંજ નહિ, પણ ઉત્તમ ગુણોવાળી પત્ની મળવાથી તેના પતિના ઉદ્દેશ અને કાર્યો જાણવામાં ન આવે, તેમ ઉત્તમ બનતાં જાય છે; પણ નીચ પ્રકારના ધોરણોવાળી પત્ની મળવાથી ખબર ન પડે એવી રીતે તેઓ અધમ થતાં જાય છે. આ સત્ય સિદ્ધાંતની ડટોકવીલ ઉપર ગંભીર અસર થઇ હતી. તેનો એવો મત હતો કે;—" સુસ્વભાવની અને ઉમદા ધોરણના સંસ્કારવાળી સ્ત્રીના સહવાસથી તેના પતિને આખી જીંદગી જેવી સહાયતા મળે છે, તેવી બીજા કોઇનાથી મળતી નથી. મેં મારી જીંદગીમાં જોયું છે કે, નબળા મનના માણસોએ લોક કલ્યાણના ખરેખરા સદ્‌ગુણો દાખવ્યા છે; તેનું કારણ એટલુંજ કે તેમને પડખે ઉમદા લક્ષણવંતી સ્ત્રી બેઠેલી હોય છે, તે તેના સ્વામિના જાહેર જીવન—માર્ગને પુષ્ટિ આપે છે અને સાર્વજનિક સ્વધર્મ સંબંધી તેના ધણીના વિચારો ઉપર પુષ્ટિદાયક સત્તા ચલાવે છે; પણ એનાથી ઉલટા બનાવો મારા જોવામાં વધારે આવ્યા છે. તેમાં મહાન, અને ઉમદા પ્રકૃતિની સ્ફુરણાવાળા પુરૂષો સાંકડા મનની સ્ત્રીઓના સંબંધમાં આવવાથી નીચ સ્વાર્થ—શોધકો થઇ જાય છે, કારણ કે તેવી સ્ત્રીઓ એશઆરામના નબળાઇ લાવનારા ઇસ્કને વળગી રહે છે અને એવા માણસોના મનમાંથી સ્વધર્મ અથવા કર્ત્તવ્યનો મહાન ઉદ્દેશ કેવળ લય પામેલો હોય છે. મારી સ્ત્રીની પુષ્ટિદાયક હિંમતથી તેના સ્વભાવની એક સરખી સમતાથી અને તેની વર્ત્તણુકના ઉમદાપણાથી મને દિલાસા રૂપ શાન્તિ અને આશ્રય મળ્યો છે. પરમેશ્વરે મને જે સઘળાં સુખ આપ્યાં છે, તેમાં મારી નજરમાં મોટામાં મોટું સુખ એ છે કે, મારી સ્ત્રી મેરી મને મળી આવી. મારાં મોટાં મોટા સંકટની વેળાએ તે મને કેવા કામની છે, તેનો ખ્યાલ પણ તમારા મનમાં આવી શકે એમ નથી. તે હમેશાં અતિ નરમાશવાળી છતાં પ્રસંગે તે દૃઢ અને જાગૃત બની જાય છે. મને ખબર પણ ન હોય, એમ તે મારી ચોકી કર્યા કરે છે અને જે મુશીબતોથી હું ગાભરો બની જાઉં છું, તેમાં તે સ્વસ્થ અને શાન્ત રહે છે અને એવે વખતે તે મને સુશીલ, શાન્ત, અને મજબુત કરે છે." બીજા એક પત્રમાં પોતાના મિત્રને તે જણાવે છે કે;—" તમારા પોતામાં જે સૌજન્ય હોય, તેનું સંપુર્ણ પ્રતિબિંબ જે સ્ત્રીના આત્મામાં સાહજિક—સ્વાભાવિક રીતેજ પડે અને વળી તેમાં સુષ્ઠુત્વની વૃદ્ધિ થાય, તેવી પત્નીના સતત્ સહવાસમાં મારા રહેવાથી મને જે સુખ સાંપડયું છે, તેનું મારાથી બયાન થઇ શકે એમ નથી. કોઇ પણ કૃત્ય મને પુરેપુરૂં વાજબી અને ખરૂં લાગે, તે જ્યારે હું કહું કે કરૂં, ત્યારે હું મારી મેરીની મુખમુદ્રા ઉપર એવો તો સાભિમાન સંતોષ જોઉં છું કે તેથી હું ઉચ્ચદશા અનુભવું છું; વળી જ્યારે અંતર્યામી મને કોઇ કૃત્યો માટે ઠપકો દેતો હોય, તે વેળાએ મારી પ્રિયાનું મુખારવિંદ તરતજ કરમાઇને શ્યામ થઈ જાય છે. જો કે તેના મન ઉપર હું મોટી સત્તા ભોગવું છું ખરો,

તોપણ મને કહેતાં આનંદ થાય છે કે તેની મને માનયુક્ત બીક રહે છે અને હું હાલ તેના ઉપર જેવો આશક છું. તેમને તેમ હું જ્યાં સુધી તેનો પ્રેમ—રસ પીતો રહીશ, ત્યાં સુધી કોઇ પણ ખોટા કામમાં હું ખેંચાવાનો નથી, એમ મારી ખાત્રી છે." અહા ! કેવી મહત્તા ! તેમજ પત્નીનાં આચરણ જો નીચ પ્રકારનાં હોય, તો તેની ખરાબ અસર પણ તેનો પતિ અટકાવી શકતો નથી.

પુરૂષ—પ્રકૃતિમાં જે ઉત્તમતા હોય, તેને તેની સ્ત્રી જો પોષીને આગળ ન વધારે, તો તે જલદીથીજ તેને પોતાની અધમ હાલતમાં લાવીને પછાડશે. એ પ્રમાણે જોતાં પુરૂષને સરસમાં સરસ બનાવવો કે બગાડવો તે તેની સ્ત્રીનાજ હાથમાં છે. તેનામાં એ પ્રમાણેની શક્તિ રહેલી છે, તેનો દાખલો **બનિયનના** જીવન ઉપરથી મળી આવે છે, તે રંડીબાઝ કંસારો પીતળનાં ભાગાતૂટાં વાસણને સમારવાનો ધંધો કરતો હતો, તેવામાં તે તેની નાની ઉમરમાં એક સારા માબાપની સુપાત્ર, જુવાન, કુમારીકાને પોતાને સારે નશીબે પરણ્યો. તે પોતેજ જણાવે છે કે;—" એ સ્ત્રીનાં માબાપ ધર્મ—નિષ્ટાવાળાં ગણાતાં હતાં. તેમની એ દીકરી ઉપર પરમેશ્વરની દયાથી મારી નજર ગઇ. એ સ્ત્રી અને હું એ બંને ભેગાં થયાં, ત્યારે જેવાં જોઇએ તેવાં અમે ગરીબ હાલતમાં હતાં. અમારા બંનેમાંથી કોઇની પાસે ઘરના રાચ રચીલામાં એક રીકાબી કે એક ચમચો સરખો મળે નહિ, તો પણ એ સ્ત્રીની મિલ્કતમાં બે ચોપડીઓ હતી. એક તો '**ભલા માણસને સ્વર્ગે જવાનો રસ્તો**' અને બીજી '**ધર્મનાંઆચરણ**' એ બે તેનો બાપ મરતી વખતે આપતો ગયો હતો. આ અને એવી બીજી સારી ચોપડીઓ વાંચવાથી અને પોતાની સ્ત્રીના માયાળુ અમલના પ્રતાપથી બનિયન તેના દુરાચરણમાંથી ધીમે ધીમે તર્યો અને શાન્તિ—સુખના માર્ગ ઉપર પળ્યો."

પતિના આચરણપર જેમ પત્નીના ગુણોની અસર થાય છે; તેમજ પત્નીના આચરણપર પણ તેના પતિના સારા કે નઠારા આચરણની અસર થાય છે. જો પતિમાં ઉજ્જ્વળાયશ અને મહિમાવંત લક્ષણો હશે, તો તેનું તેજ પત્નીના હૃદયમાં પડે છે, અને તેનું પ્રતિબિંબ તેનામાંથી પરાવર્ત્તન પામીને ઉજેશ આપે છે. ગૃહિણી તરીકે એક સારી સ્ત્રી મળેલી હોય, પણ પતિ જો નબળો, ક્રુર, ઉડાઉ અને લફંગો હશે, તો સારી સ્ત્રી પણ એક ખરાબ ગુણની નીવડશે. જાતિસ્વભાવ ઉપરાંત પત્નીમાં જે કાંઇ ગુણ કે અવગુણ દાખલ થાય છે, તે પતિના સારા કે નઠારા આચરણની અસર છે. જેમ નદી સમુદ્રમાં ભળે છે, ત્યારે સમુદ્રના ગુણ નદીમાં આવે છે, તેમ પતિના ગુણ કે અવગુણની અસર પત્નીને થયા વગર રહેતી નથી. **અક્ષમાળા** નીચકુળની સ્ત્રી હતી, પરંતુ **વશિષ્ઠ** ઋષિ જેવા મહાત્મા સાથે પરણવાથી તેના ઉત્તમ સહવાસે તેમાં ઉત્તમ ગુણો આવ્યા હતા. તેથીજ તે શ્રેષ્ઠતાને પામી હતી. તેમજ **સારંગી** નામે સ્ત્રીને **મંદપાળ** પરણ્યો હતો.

સારંગીમાં સારા ગુણો નહોતા, પરંતુ મંદપાળ જેવા ગુણી પતિની સોબતથી તેનામાં ઉત્તમ સદ્‌ગુણો આવ્યા હતા અને તેને લઇ તે મહાન્‌પણાને પામી હતી. માટે જે પુરૂષ આ સંસારમાં સુખસંપત્તિ મેળવી પરમ સદ્‌ગતિને પામવાની ઇચ્છા રાખતો હોય, તેમણે પોતાની અંદર સદ્‌ગુણોનો સંગ્રહ કરવો, કે તેની અસર પોતાની પત્નીને પણ લાગે; તેમજ સ્ત્રીએ પણ પોતાની અંદર સારા ગુણોનો સંગ્રહ કરવો કે, તેની અસર પતિના આચરણપર થાય. એ રીતે પતિપત્ની બંને સદ્‌ગુણ સંપન્ન થવાથી બાળકો પણ તેવાંજ થશે અને તેનો પવિત્ર પ્રકાશ આખા કુટુંબ ઉપર પડી દીપી નીકળશે. જેને લઇ તે ધન્યતાને પામી અમરયશ મેળવશે.

સુજ્ઞપતિનાંપત્નીપ્રત્યેવચન.

દુનિયાપરના સર્વ દેશોમાં પ્રાચીનકાળે આપણો ભારતવર્ષ પવિત્રને દેવભૂમિ ગણાતો હતો. તેમાં વસતા આર્યો બળ, બુદ્ધિ, વિદ્યા અને પવિત્રતાઇ વગેરેમાં શ્રેષ્ઠ હતા. તેમની રીતભાત ઉત્તમ હતી. તેઓની જીવન ભાવના અને લગ્ન ભાવનાનું સ્વરૂપ ભવભૂતિનાં માલતીમાધવ અને ઉત્તરરામચરિત્રમાંથી જણાઇ આવેછેકે;—"પુષ્કળ વિદ્યા પ્રાપ્ત કરવી એ પરિણામે તત્ત્વ નિશ્ચય કરવા માટે, પૈસો પ્રાપ્ત કરવો એ પરમાત્માના યજન અર્થે અને લોકોપયોગી કાર્ય અર્થે; લગ્ન કરવું એ કામ વાસના માટે નહિ, પણ પુત્ર અર્થે; અને આયુષ્ય એ તપ અર્થે. વળી લગ્ન એ કેવળ પુત્ર અર્થે રસહિન ગ્રંથિ નથી, પણ સુખ દુઃખ સર્વ અવસ્થાઓમાં એક, હૃદયનું વિશ્રાન્તિસ્થાન, અને ઘડપણ પણ જેનો રસ ઘટાડી શકતું નથી એવો આ લગ્ન ગ્રંથિ છે." અતિ પ્રિય વસ્તુ, મિત્રો, સર્વ બંધુઓ, સર્વ કામનાઓ, ભંડાર અને જીવન—એ સર્વ સ્ત્રીને પતિ છે અને પતિને સ્ત્રી છે. સુજ્ઞ પતિ પોતાની ધર્મપત્નીને કેવા ભાવથી જુએ છે, તેનો ઉત્તમ ચિતાર એક બંગાળીના ઇંગ્રેજી લેખમાં આપેલો છે. તેમાં એક સુજ્ઞ પતિએ પોતાની ધર્મપત્ની પ્રત્યે જણાવ્યું છે કે;—

(૧). "પ્રિયા! હું તને અજ્ઞેય ચમત્કારરૂપે જોઉં છું. આપણું લગ્ન થયું તે પહેલાં તું મને કેવળ અણજાણી હતી, પણ હવે મારી સખી થઇ છે! મને તારી જાણ ન હતી અને તને મારી જાણ ન હતી. તારૂં ઘર ત્યાં અને મારૂં ઘર અહીં હતું. હવે મારૂં ઘર તારૂં થયું છે, અને મારૂં સર્વસ્વ તારૂં થયું છે, અને આપણાં સંતાન તને માતા અને મને પિતા કહે છે."

(૨). "પ્રિયા! પહેલાં આપણે બે ભિન્ન હતાં, હવે આપણે એક થયાં છીએ, અને એકમાં બંને સમાયાં છીએ. એ કેવો અજ્ઞેય ચમત્કાર છે! તેનો ભેદ

કોણ સમજાવશે ? જેમનાં હૃદય એક બીજાથી કેવળ વેગળાં હતાં, તેમની વચ્ચે આવો ગાઢો સંબંધ કોણે બાંધી આપ્યો ? ખરેખર જગતના અધિપતિ પરમાત્માએ આપણો મિલાપ કરાવ્યો. શા સારૂ, તે હું જાણતો નથી. કેવી રીતે, તે પણ હું જાણતો નથી. ઇશ્વરના છૂપા વ્યવહારની કોને સમજ પડે છે ? તેની શોધ કોઇથી થતી નથી."

(૩). "હે પ્રિયતમે ! હું તને ખાતરીથી કહું છું કે તારી સાથે મારૂં લગ્ન કેમ અને કેવી રીતે થયું તેની મને ખબર નથી. તું ઇશ્વર કૃપાની પાંખ ઉપર બેસીને એકાએક મારી પાસે આવી એમ મને લાગે છે. મેં મારા મન વિષે વિચાર્યું કે આ નારી કોણ હશે ? ત્યારે અંદરથી શબ્દ થયો કે, 'તારા આયુષ્યના ક્રમમાં તને આનંદ આપવા તથા સહાય કરવા એને પ્રભુએ મોકલી છે; એ તારા હર્ષ શોકમાં, ભાગ લેનાર ઇશ્વર દૂત છે; એનો સ્વીકાર કર, એને નમન કર, એને તારૂં અર્ધાંગ જાણ.' એવા શબ્દ મેં સાંભળ્યા અને હું તે પ્રમાણે ચાલ્યો, પણ એ વાતનો ભેદ મારાથી સમજાયો નહિ; અને હજુ સુધી સમજાયા વગર રહ્યો છે."

(૪). "પ્રિયા ! તારા મુખ ઉપર જ્યારે મારી પ્રથમ દૃષ્ટિ પડી, ત્યારે મારા મન વિષે વિચિત્ર ભાવ ઉત્પન્ન થયો; મારૂં હૃદય તારા ભણી ખેંચાયું; ખરેખર જેણે તને મોકલી, તેણે આપેલા વિજળીના તારવડે તેં મને ખેંચ્યો. નહિ તો મને એવો ભાવ કેમ થયો ? આ ભાવ "પ્રેમ" કહેવાય છે. પ્રેમ એટલે શું ? મને તેનું ભાન છે, પણ એ શું છે તે મારાથી કહી શકાતું નથી. તારા ઉપર મારો પ્રેમ છે; એટલે અગાધ ભાવવૃત્તિથી હું તને જોઉં છું. આ સિવાય બીજું કંઇ હું જાણતો નથી. આ વિશાલ લોકમાં તારા ઉપર મારો જેટલો પ્રેમ છે, તેટલો પ્રેમ બીજા કોઇ ઉપર કેમ નથી ? શું તારા જેવું બીજું કોઇ ભલું નથી ? બીજું કોઇ કેળવાએલું નથી ? ત્યારે માત્ર તુંજ મારા હૃદયને કેમ આકર્ષણ કરે છે ? અહા ! પ્રેમ એકાગ્ર કરવા તથા મારૂં હૃદય ખેંચવા તનેજ બળ આપ્યું છે. નહિ તો તારાથી તેમ થાત નહિ. મારા ઉપર તારી આ છુપી સત્તા ચાલે છે, તે તારા પ્રભુએજ તને આપી છે."

(૫). કૈલાસની સુંદર પુત્રિ ! તારા પરમ પિતાએ તને મારા હૃદયના તાર સાથે બાંધી છે, અને તેથી ઇશ્વરમય પ્રેમે જોડાઇને હું તારો અને તું મારી છે. ઇશ્વરમય પ્રેમ ! એમ મેં કહ્યું ? હા, લોક ગમે તેમ કહે, પણ લગ્નનો ખરો પ્રેમ પવિત્ર છે. પતિ પત્નીનો પ્રેમ ઇશ્વરમય છે. એ વિષે કોણ સંશય લેશે ? જેઓ એ પ્રેમને પાશવભાવ (પશુભાવ) ગણે છે, તેઓ મહા પવિત્ર પ્રભુનું અપમાન કરેછે."

(૬). "હે પ્રિયતમ આત્મા ! તારે વિષે મારો પ્રેમ પશુઓના જેવી પ્રેરણાએ થાય છે એમ હોય ? નહિજ. જે પ્રેરણાથી એક અમર આત્મા બી-

જામાં ગર્ક થાય છે તે સાત્ત્વિકજ છે."

(૭). મારી સખિ ! આપણો ભાવ સાત્વિક છે એવી તું સાક્ષી પુર. આ નાસ્તિક જમાનામાં—આ ભ્રષ્ટ સમયમાં એવી ખાત્રી કરવાની જરૂર છે. માટે તે ખાત્રી આપણે બેધડક આપવી જોઇએ. પ્રભુની આજ્ઞા વગર તારે વિષે મારો પ્રેમ થાય નહિ. તને ભાવથી જોવાની શક્તિ મને પ્રભુએ ન આપી હોત, તો તેવો ભાવ થાતજ નહિ. આપણને એકત્ર કરનાર પ્રેમથી થયેલો સંબંધ, ભાવ, બલ, ધર્મ અને આનંદ એ સર્વે પવિત્ર છે. જ્યારે તું પ્રથમ મારી પાસે આવી, અને લગ્નની ચોરીમાં મારી પાસે ઉભી રહી, ત્યારે લગ્નનો જે હાર મેં તને પહેરાવ્યો, તે તારા દેહના ગળામાં નહિ પણ તારા આત્માના ગળામાં પહેરાવ્યો. તને નારીને નહિ પણ તારા આત્માને હું પરણ્યો. હું તને પરણ્યો તે મઝા ભોગવવા નહિ, પણ તું સ્વર્ગમાંથી આદેશ લઇને શાશ્વત સ્થિતિના માર્ગમાં મારી સાથે યાત્રા કરવા આવી, તેથી પરણ્યો."

(૮). "પ્રિયા ! આપણને પરમાત્મા તરફથી એવી અચલ અને પ્રત્યક્ષ આજ્ઞા મળી છે કે, તમે આ સંસારના વ્યવહાર તથા પ્રપંચની વચ્ચે સ્વર્ગમય ગૃહરૂપી, પવિત્ર, અને સંતોષી કુટુંબરૂપી, સાધુના મઠરૂપી રચના રચો. તું મારી સમક્ષ સ્વર્ગના અદૃશ્ય આભૂષણ સજેલા આત્મારૂપે, ઇશ્વર ભક્તિમાં મારા પ્રિય સાક્ષીરૂપે, સાત્વિક સૃષ્ટિમાં મારી વિશ્વાસુ સખીરૂપે ઉભી રહી છે. તારે વિષે સાત્વિક પ્રેમ રાખવો અને ઇશ્વર સેવામાં તારી સાથે ભાગ લેવો, એ તારા પતિનું ધર્મ્ય કર્તવ્ય છે. પ્રતિદિન ગૃહસંસારનું કામ આપણે કરતાં હોઇએ, ત્યારે પણ ઇશ્વરની પવિત્ર વાડીમાં આપણે સજોડે શ્રમ કરીએ છીએ એમ માનવું."

(૯). "પ્રિયા ! આપણો પ્રેમ સાત્વિક અને ઇશ્વર ભજનથી ભરપૂર છતાં શું તે ઓછા દીલવાળો છે ? નહિ. ખરેખર, એવા માણસ હોય છે કે જેઓ વૈરાગ્ય ભાવથી પ્રભુની સેવા કરવા સારૂ પોતાની સ્ત્રી ઉપર તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. વળી બીજા એવા માણસો છે કે જેઓ પોતાની સ્ત્રીને રાજી રાખવા સારૂ ધર્મ અને ઇશ્વરપરથી લક્ષ ઉડાડી દે છે."

(૧૦) "હે પ્રિયતમ સખિ ! હું એવા મત સ્વીકારતો નથી. હું એવી વૃત્તિમાં ભાગ લેતો નથી. જો તું ઇશ્વર દત્ત છે તો હું તારો તિરસ્કાર કેમ કરૂં ? એવો તિરસ્કાર કરવો એ પાપ છે. તારે વિષે આદરપૂર્વક ભાવ રાખવો એ ધર્મ છે. હું તારી સાથે ઇશ્વરની સ્તુતિ કરીશ. હું તારી સાથે પરમ પિતાની સમક્ષ બેસીશ. તું તારા મધુર રાગે તેના ગુણ ગાઇ મારા હૃદયને હર્ષમય કરજે. સઘળી સ્વાર્થી ચિંતા અને સઘળા મલિન વિચાર, ગર્વ, ક્રોધ, વહેમ, અને સઘળી દુષ્ટ પ્રેરણા, હલકાઇ, વ્યર્થ આનંદ, અને લોભ એ સઘળાનો તું ત્યાગ કરજે; અને અલ્પતા તથા નમ્રતા રૂપી વૈરાગ્ય વ્રત લેજે. તું આપણા કૈલાસ પતિની પૂજા

સેવા કરવામાં અને સંસારનાં નાનાં મોટાં કર્ત્તવ્ય કર્મ કરવામાં નિરંતર મારી સાથે સામેલ રહેજે. એથી આપણે એક આત્મા રૂપે પ્રભુમાં સર્વદા નિવાસ કરીશું, અને હર્ષ તથા શાંતિ નિરંતર આપણુને પ્રાપ્ત થશે. આપણો પ્રેમ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને નિર્મળ વૈરાગ્ય ભાવ રૂપે તથા અચલ સાત્વિક મૈત્રી રૂપે થાઓ."

(૧૧). "પ્રિયા! ઇહલૌકિક તથા વિષયી વૃત્તિ વાળા પતિને પોતાની પત્ની ઉપર ખરો ભાવ હોતોજ નથી. માત્ર સાત્વિક વૈરાગ્ય વૃત્તિ વાળાનેજ ખરો પ્રેમ અને આગ્રહી ભાવ થાય છે; કેમકે એ ભાવ પ્રભુદત્ત છે. એવો ભાવ આપણી વચ્ચે થાઓ?"

(૧૨). "હે સાત્વિક આત્મા! હું આ જણાવવું છું, ત્યારે તારા દેહનું રૂપ અને તારી ઇહલૌકિક સામગ્રી અલોપ થઇ જાય છે, અને માત્ર આ આત્મા સાત્વિક સ્ત્રી આત્મા—શિવાય બીજું કંઇ રહેતું નથી. ધન્ય છે એ દર્શનને! સાત્વિક પતિ અને સાત્વિક પત્ની એ બે મહાન્ માતાના ખોળા ઉપર ધ્યાન વૃત્તિમાં ગર્ક થઇને બેઠાં છે!"

(૧૩). "પ્રિયતમા! ઇશ્વર તને આશિષ દે!"

અહો! ધન્ય છે આવાં દૈવી સાત્વિક પતિ પત્નીને! જે દેશમાં આવાં પવિત્ર દૈવી જોડાં ઉત્પન્ન થાય છે તે દેશને પણ ધન્ય છે! હે ઇશ! આ દેશમાં આવાં પવિત્ર મનનાં દૈવી જોડાંની વૃદ્ધિ કર?!!

સ્ત્રીઉપયોગીનીતિમાળા.

(૧). આ સંસારમાં સ્ત્રીને સાચો સ્નેહી અને ભવસાગર તરવામાં સાચો સહાયક પતિ છે. માટે નિરંતર તેના ઉપરજ પ્રેમ અને વિશ્વાસ રાખવો.

(૨). સ્ત્રીએ પોતાની સખી ઉપર વિશ્વાસ રાખી ઘરની સઘળી છૂપી વાત જાહેર કરવી નહિ. જે જાહેર કરે છે, તે પોતાનીજ એબ ઉઘાડે છે અને તેથી તે નબળા મનની સ્ત્રી ગણાય છે, પણ ઉત્તમ સ્ત્રીએ પોતાના પતિની ખામીઓ પવિત્ર નજરથી જોઇને પોતાના હૃદયરૂપી ભંડારમાંજ ભરી રાખવી, અને તેની આબરૂ તેમની જીંદગી કરતાં પણ વધારે અમૂલ્ય ગણવી.

(૩). ઉત્તમ સ્ત્રીએ પતિની ખામીઓ પોતાના હૃદયરૂપી ભંડારમાં ભરેલી હોય, તે યોગ્ય અવસર આવતાં, પતિને જણાવી સુધારવા પ્રયત્ન કરવો, પણ સંભાળ રાખવી કે ખામીઓ જણાવતાં તેના મનને ખોટું લાગે નહિ; જ્યારે તેનું મનરંજન થયેલું હોય, ત્યારે પ્રસંગોપાત હિતની વાતો કાઢી મીઠાસ અને પ્રેમ ભરેલાં વચને જણાવવું કે તેને ખરી અસર થાય.

(૪). સ્ત્રી ગમે તો શ્રીમંત હો કે ગરીબ પણ એક ઉદ્યોગી સ્ત્રીના ઘરમાં પેસતાંજ તે સ્વર્ગ સમાન સુશોભિત લાગશે. દરેક વસ્તુની વ્યવસ્થાસર ગોઠવણી અને સુઘડતાઇથી સઘળું ઝાકઝમાળ થઇ રહ્યું હશે. ઘરમાં સર્વ વસ્તુની સુંદર રચના જોઇ આનંદ ઉપજશે. કામથી કંટાળી ગયેલા પતિને વિશ્રાંતિનું ધામ લાગશે.

(૫). અહંકાર, કામ અને ક્રોધનો સર્વથા ત્યાગ કરીને પતિનું મન રંજન કરવા સુજ્ઞ સ્ત્રીએ ધ્યાનમાં રાખવું.

(૬). પોતે ગાયન તથા નૃત્ય કરવામાં કુશળ, રૂપવંતી અને જોબનવંતી છતાં પણ પોતાના સરખા રૂપવાન પુરૂષને જોઇ જે સ્ત્રી વિકાર પામતી નથી, પર પુરૂષ સાથે ઠઠા મશ્કરી કરતી નથી, હસાવે કે વગર કારણે બોલાવે તોપણ હસતી કે બોલતી નથી કે સામે દૃષ્ટિ પણ કરતી નથી; વગેરે ઉત્તમ લક્ષણવાળી સ્ત્રીને સતી જાણવી.

(૭). સતી સ્ત્રીને પોતાના પતિ સિવાય બીજો પુરૂષ દેવ, ગાંધર્વ કે મનુષ્ય હોય, તોપણ પ્રિય લાગતો નથી.

(૮). પતિ ક્ષેત્રમાંથી, વનમાંથી કે ગામમાંથી ઘેર આવે, ત્યારે સ્ત્રીએ ઉઠી ઉભા થઇ તેના મોં આગળ જળપાત્ર મૂકી તેનો સત્કાર કરવો.

(૯) સ્ત્રીએ પતિને પ્રસન્ન મૂખે વખતસર ભોજન આપવું અને પતિ ભોજન કરવા બેસે, ત્યારે કંઇ અપ્રિય બોલવું નહિ, પણ આનંદકારી વાત કરવી.

(૧૦) પતિએ ઘર ખરચ સારૂં જે ધન આપ્યું હોય, તેમાંથી ઘરનો ખરચ કાઢતાં બચાવ કરતા જવું. કોઇ પ્રકારે અસંતોષ રાખવો નહિ, પારકી વાતો કરવી નહિ, ઘણું હસવું નહિ, તેમ રોષ તથા ક્રોધનો ત્યાગ કરવો.

(૧૧). પતિનું મન રંજન કરવા સારૂ દાંત ઘસીને ઉજળા રાખવા, ચોળીને નહાવું અને સુગંધી તેલ અત્તર લગાવવું. સ્વામી જે વાત કહે તે આદર સહિત સાંભળવી, તેના બોલી રહ્યા પહેલાં પોતે કાંઇ બોલવું નહિ.

(૧૨). સ્વામી બોલાવે કે તુરત શયનગૃહમાં ઉત્સાહથી જવું; પતિ ગાયન કરે ત્યારે આનંદયુક્ત મનથી અને ઉત્સાહથી તે સાંભળવું, અને પોતે પણ પતિને આનંદ આપવા ગાતા રહેવું. મન, વાણી અને દેહે કરી સંયુક્ત સ્ત્રીએ મુખ કમળ પ્રફુલ્લિત રાખી સ્વામી પાસે જવું.

(૧૩). સ્વામી કોઈ કારણ સર તિરસ્કાર કરે, નિંદા કરે, તોપણ પતિવ્રતા સ્ત્રીએ કલેશ કરવો નહિ. દુઃખ દીધું હોય, તોપણ ભયનો ત્યાગ કરી સ્વામીની સાથે કોટ કરવી. બૂમ પાડી રડવું નહિ. તેમ તેના સામું બોલવું નહિ, ઘરમાંથી નાશી જવું નહિ. સગાં સંબંધીને ઘેર ઉત્સવમાં જવું હોય, તો રજા લઇ જવું. ત્યાં ઘણીવાર ન રોકાતાં તરત ઘેર પાછાં આવવું.

(૧). સ્વામી પરદેશ ગયો હોય, ત્યારે સાસુ, નણંદ વગેરે ઘરની વડીલ

સ્ત્રીઓ પાસે સુવું, વખતો વખત સ્વામીના સમાચાર મેળવતા રહેવું. ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ નહિ કરતાં, સ્વચ્છ સાદાં વસ્ત્રો પહેરવાં. તિલક કરવું નહિ, અંજન આંજવું નહિ, સુગંધી પદાર્થોનો ત્યાગ કરવો, નખ તથા કેશની ટાપટીપ કરવી નહિ.

(૧૫). એક વસ્ત્ર પહેરી ફરવું નહિ, ઉંચે સાદે બોલવું નહિ, મરજી આવે ત્યાં રઝળવું નહિ, પરપુરૂષનાં અંગ ચાંપવાં નહિ, ખડખડ હસવું નહિ, અને પર પુરૂષની મશ્કરી કરવી નહિ, વગેરે દોષો સ્ત્રીઓને દુઃખ આપનારા કહ્યાં છે, તેનો ત્યાગ કરવો.

(૧૬). સ્ત્રીએ ઘરનાં સાહિત્ય ઠેકાણે રાખવાં, ઘરનાવ્યાપારમાં કુશળતા મેળવવી, સદા પ્રસન્ન રહેવું, બહુ ખરચ કરવો નહિ, સાસુ સસરાનું ચરણ વંદન કરવું અને સ્વામીને વિશે તત્પર રહેવું.

(૧૭). સ્વામીનું પ્રિય અને ભલું કરવામાં યુક્ત તથા સારા આચરણવાળી જીતેન્દ્રિય એવી સ્ત્રી આ લોકમાં કીર્તિ અને પરલોકમાં ઉત્તમ ગતિને પામેછે.

(૧૮). સારૂં થાય તેથી ઘણું મલકાઇ જવું નહિ, તેમ માઠું થાય, તેથી છેક દિલગીર થવું નહિ, પૈસાટકાની ભીડ પડે ત્યારે મુંઝાવુ નહિ, તેમ ધર્મ પણ, તજવો નહિ.

(૧૯). સત્ય, નમ્ર, પ્રિય અને હિતકર વાકય સાધ્વી સ્ત્રીએ બોલવાં. પોતાની બડાઇ અને પારકાની નિંદા કરવી નહિ. પ્રાણી માત્ર ઉપર દયા રાખવી, પરમાર્થ ઉપર પ્રીતિ રાખવી અને પવિત્ર મનથી રહેવું.

(૨૦). સ્વામીને અનુકુળ હોય, દુષ્ટ ભાષિણી ન હોય, ચતુર હોય, સાધ્વી તથા પતિવ્રતા એવા ગુણથી યુક્તી સ્ત્રી સાક્ષાત્ લક્ષ્મી જાણવી. લક્ષ્મી તે લક્ષ્મી નથી, પણ જે પવિત્ર, ચતુર, પતિને અનુકુળ વર્ત્તનારી અને હમેશ મીઠા બોલી સ્ત્રી છે તેજ લક્ષ્મી છે.

(૨૧). જે સ્ત્રી કામકાજમાં કુશળ, ડાહી, પુત્રવાળી, પતિવ્રતા અને પતિ એજ જેના પ્રાણ છે એમ સમજતી હોય, તેજ સ્ત્રી ધર્મચારિણી સમજવી.

(૨૨). પતિ બહારથી ઘેર આવે ત્યારે ઉઠી ઉભાં થવું, તે બોલે તે નમ્રતાથી સાંભળવું, તેના પગ તરફ દૃષ્ટિ રાખવી, તેને આસન આપવું, તેની સેવા કરવી, તે સુવે ત્યારે સુવું અને ઉઠયા પહેલાં ઉઠવુ એ ઉત્તમ કુલીન સ્ત્રીના ધર્મ છે.

(૨૩). સ્ત્રીએ પિતા, સ્વામી કે પુત્રથી પણ જુદાં થવાની ઇચ્છા કરવી નહિ; કારણ તેમ કરવાથી તે બંને કુળ નિંદાને પાત્ર કરે છે.

(૨૪). પતિ જીવિકા આપીને પરદેશ ગયો હોય, તો સ્ત્રીએ નિયમમાં રહીને જીવવું અને ન આપી ગયો હોય, તો ઉત્તમ શિલ્પાદિ ધંધો ઘરમાં ગર્યાદાપણે શીયળ સાચવીને કરવો ને જીવવું એ ઉત્તમ સ્ત્રીનો ધર્મછે.

(૨૫). સાચી પત્ની તેજ કે જે પતિ અને સગાંવહાલાંઓને સુખમાં રાખવાને પોતાની સર્વેથી ઉત્તમ ફરજ સમજે છે, પતિને રાજી રાખવામાં પોતાને કાંઇ દુઃખ હોય, તે પણ ભૂલી જાય છે; તેજ સ્ત્રીનું ખરૂં બળ સમજવું.

(૨૬). જે સ્ત્રી પતિના ગુસ્સાની વખતે સામે ન થતાં, તે શાન્ત થતાં સુધી સહન કરી લેછે, તેજ શાન્ત મૂર્તિ ઘરને સુખનું ધામ બનાવી દેવા સમર્થ બને છે.

(૨૭). જે સ્ત્રી પતિનાં કરાવેલાં—ઘરેણાં, લુગડાં, પછી તે ગમે તેવાં હલકાં ને ઓછી કીંમતનાં હોય, તોપણ તેને પોતાના મનથી અમૂલ્ય અને ઉત્તમ સમજે છે તથા સંતોષથી પહેરીને પતિને અધિક સંતોષ પમાડે છે; તેજ પત્ની ખરી અર્ધાંગના અને ઉત્તમ સ્ત્રી છે.

(૨૮). જે સ્ત્રી પતિના મંદવાડમાં પોતાને જેટલું દુઃખ લાગે, તેનાથી ઓછું દુઃખ દેખાડે છે અને તેની માવજતમાં પોતાનું સંપૂર્ણ ચિત્ત લગાડે છે, તેજ ઉત્તમ સ્ત્રીનું લક્ષણ છે.

(૨૯). સ્ત્રીએ ગૃહકાર્યનાં કર્ત્તવ્યો કરતાં પતિપ્રત્યેનું કર્ત્તવ્ય ભૂલવું નહિ. પતિ પોતાનાં કામકાજમાં આખો દિવસ મહેનત કરીને સાંજે થાકયો પાકયો ઘેર આવે છે, ત્યારે પોતાની સ્ત્રીનું હસતું મુખ જુએ અને પ્રેમથી પરિપૂર્ણ મધુર વાણીથી તેને આદર મળે; એટલે તેના આખા દિવસનો થાક ઉતરી જાય છે. માટે ઉત્તમ સ્ત્રીએ તે પ્રમાણે વર્તી પોતાનો ધર્મ બજાવવો.

(૩૦). જે સ્ત્રી એમ સમજે છે કે પુરૂષોને પૈસા પેદા કરતાં કંઇ મહેનત પડતી નથી, અને અમે ઘરમાં આખો દિવસ વૈતરૂં કરીએ છીએ, આવી રીતે સમજનારી સ્ત્રી ખરેખરી મૂર્ખ સમજવી; કારણ પુરૂષોને પૈસા પેદા કરતાં કેટલી કેટલી જાતની વિટંબનાઓ વેઠવી પડે છે, કેવા પ્રકારની મહેનત કરવી પડે છે, કેવાં કેવાં માણસોનાં મન રાખવાં પડે છે; સ્ત્રી, છોકરાંનાં સુખ માટે કેવી કેવી જાતની ચિંતાઓ તેના મનમાં ઘોળાયા કરે છે, વગેરેનું તેવી સ્ત્રીને ભાનજ હોતું નથી; પણ સમજુ સ્ત્રી આવું કદિ મનમાં લાવતી નથી, તે પતિની ઇચ્છાને અનુસરીને હમેશાં વર્તે છે, તેના સુખમાંજ પોતાનું સુખ અને તેના આનંદમાંજ પોતાનો આનંદ માને છે. આવી રીતે વર્તનારી સ્ત્રીનું ઘર ગમે તેવું ગરીબ હોય, તોપણ તે સ્વર્ગના જેવું સુખ પોતાના પતિને આપી શકે છે અને પોતે ભોગવે છે.

(૩૧). જે પાપાચારી સ્ત્રી પાપ કર્મ કરીને મનમાં સમજે છે કે મારૂં પાપ કર્મ કોઇ જાણતું નથી; પરંતુ તે દેવતાઓ જાણે છે અને અંતરમાં જે આત્મા-પુરૂષ વસે છે તે પણ જાણે છે. માટે પાપનો સંકલ્પ પણ ન કરવો, પણ પુણ્ય કર્મનો વિચાર કરવો.

(૩૨). સ્ત્રીએ નિયમાનુસારે ધર્માનુષ્ઠાન કરવું, ધર્મ સાધનવિના જીવનની સાફલ્યતા નથી ધર્મ એજ મૃત્યુના પછી પણ અનુગામી થાય છે. બીજાં સર્વનો આ શરીરની સાથે વિનાશ થાય છે. માટેજ પોતાના સહાય વાસ્તે ક્રમે ક્રમે ધર્મ નો નિત્ય સંચય કરવો.

(૩૩). સ્ત્રીએ શીલવ્રત પાળવું, એ તેનો પરમ ધર્મ છે, તેનો જે ભંગ કરે છે, તે સ્ત્રીને દારૂણ યમલોકની પ્રાપ્તિ થાય છે.

(૩૪) જે સ્ત્રી મન, વચન, અને દેહ સંયત થઈને સ્ત્રીધર્મ પાળે છે. તે આ લોકમાં શ્રેષ્ઠ કીર્ત્તિ અને પરલોકમાં પરમ ગતિને પામે છે.

(૩૫). સ્ત્રીએ નીતિધર્મ પાળી પોતાના જીવનનું સાર્થક કરવું, એ તેમનું કર્ત્તવ્ય છે. સ્ત્રીઓને નીતિથી વર્ત્તવા વિષે કહ્યું છે કે;—

ગરબી.

"ઓરા આવો શિવશંકર ભોળા."—એ રાગ.

એનો તમે નીતિ પ્રીતે પાળો, અંગે થકી અવગુણ સહુ ટાળો;
તો નવ જુવો દહાડો દુખવાળો. એનો. ટેક. ૧
નીતી થકી લાજ વધે જગમાં, મળે બહુ માન મહાજનમાં;
નીતી થકી દુખ ન આવે તનમાં. એનો. ૨
નીતી સમું સૂખ નથી કાંઇ, વિચારી જુવો નિજ ચિત માંહી;
શોભે ભલી નીતી વાળી બાઈ. એનો. ૩
નીતી તણી સાડી અધિક શોભે, જોઇ જન મન અતિશે લોભે:
બીજું પટ એ સમું નહિ શોભે. એનો. ૪
આભૂષણ નીતી તણાં ધારો, કદી નહીં ઉરથી તે ઉતારો;
સફળ થશે તેથી આ જનમારો. એનો. ૫
શોભે સહુ નીતિ થકી નિત્યે, એથી જન માન દિયે પ્રિત્યે;
વીચારી જુઓ એની ચિત્તે. એનો. ૬
અનીતીથી લાજ બધે જાશે, જગે અતી ફટફટ તે થાશે;
પ્રભૂ તેના પર ખરો ખીજાશે. એનો. ૭
માટે નીતિ પાળવી હિતધારી, કદી નવ મૂકવી વીસારી;
હૈયે હરનિશ ગણવી પ્યારી. એનો. ૮
પ્રભૂ રાઝે રાખ્યાથી નીતી, અથાગ ધરે જનપર પ્રીતી;
સ્થાપે જો હૃદયે સુનીતી. એનો. ૯
એવા નીતીથી નિત્ય લાભ મળે, સંસારના તાપ તમામ ટળે;
વિનંતી જો લલ્લુની ચિતમાં ધરે. એનો. ૧૦

સ્ત્રીએસ્વભાવકેવોરાખવો ?

આ સંસારમાં સ્ત્રી પુરૂષના સુખ દુઃખનો અને ફતેહ અફતેહ પામવાનો મુખ્ય આધાર તેમના સ્વભાવ ઉપર રહેલોછે. જેનો સ્વભાવ નમ્ર, ધૈર્યતાવાળો, ક્ષમાશીલ, વિચારશીલ, અને સામા મનુષ્ય પ્રત્યે માયાળુ હોયછે તે સુખી થાય છે. ભલુંકરવાથીજભલુંથાયછે. એ વચન સત્યછે. ખુશનુમા ચહેરો, હસમુખો સ્વભાવ, રૂડી વિવેક બુદ્ધિ, ધર્મપર આસ્તા, સ્વર્ગની પ્રાપ્તિની આશા, દુશ્મનો પ્રત્યે દયાભાવ, એ સર્વ ઉત્તમ જીંદગી કરવાના ઉપાયો છે. આવા ઉપાયો છતાં જે મનુષ્ય શોક સંતાપ સાથે સ્નેહ બાંધે છે, તે હાથે કરીને દુઃખને પસંદ કરે છે. પોતાની જીંદગી ઉત્તમ કે કનિષ્ઠ કરવી એ પોતાના હાથમાં છે. તેમાંથી સુખ કે દુઃખ મેળવવું એ ઘણે ભાગે આપણા ઉપર આધાર રાખે છે. સુખી કે દુઃખી થવાની ટેવ પાડવી એ આપણી પસંદગી ઉપર છે. સ્ત્રીની અંદર મુખ્ય કેવા સ્વભાવની અગત્ય છે, તેનું ટુંક વિવેચન આ નીચે આપવું યોગ્ય ધાર્યું છે, તે ઉપર લક્ષ આપી મનન કરવું જોઇએ;—

હસમુખોસ્વભાવ—આ સ્વભાવ ઘણો ઉત્તમને ઉપયોગી છે. જો કે ઘણે ભાગે આ સ્વભાવ મૂળ પ્રકૃતિ ઉપર આધાર રાખે છે, પણ તેને બીજી ટેવની પેઠે કેળવી શકાય છે. હસમુખો આનંદી સ્વભાવ જીંદગીના ઉપભોગનું મોટું સાધન છે અને સદાચરણનો મોટો રક્ષક છે. આ સ્વભાવવાળું માણસ ઘણાને પોતાની તરફ આકર્ષી શકે છે અને ધારેલું કાર્ય પાર મૂકવા સબળ થઇ શકે છે. હસતા મુખવાળી સ્ત્રી જે ઘરમાં હોય તે ઉત્તમ સુખ છે. જેના મન ઉપર નાની નાની નિરાશાઓની અસર થતી નથી, જેનો સ્વભાવ, ચાલ ચલણ અને નીતિ એ સર્વ ધનવાન છતાં જરા પણ બગડતાં નથી; એવી સ્ત્રી મોટા દુઃખને વખતે પણ સુખનો પ્રકાશ કરી દે છે.—સ્ત્રીના હસતા મુખની, તેના કામકાજની, ચાલચલણની અને દેખાવની જાદુઇ અસર આસપાસનાને લાગ્યા વગર રહેતી નથી.એવી સ્ત્રીનાં બાળકો જ્ઞાન મેળવવાની ખરી ઇચ્છાથી આનંદ પામી રોજ નિશાળે જાય છે. તેનો પતિ ધંધામાં ફતેહ મેળવવાની ઇચ્છાથી જાય છે અને આખો દિવસ કામ કરીને બીજા લોકોથી ગમે એટલો કંટાળેલો અને હેરાન થયેલો હોય છે, તોપણ તેના મનમાં પોતાની આરામ આપનારી સ્ત્રીની હાજરી પ્રકાસ્યા કરે છે અને પોતાના મનમાં સમજે છે કે;—"મને મારા ઘરમાં સુખ છે." એવી રીતે ઉત્તમ માયાળુ મનની હસમુખી સ્ત્રી ઉદ્યોગમાં લાગેલા પતિના બળને વધારે તાજું કરે છે. જો તમે હસતા મુખના, માયાળુ મનના અને સારી રીતે ધંધે રોજગારે લાગેલા પુરૂષને જોશો, તો તમને દશમાં નવ શાખસ ઉપરથી જણાશે

કે તેને ઉપર જણાવેલા ગુણુવાળી સ્ત્રી હોવી જોઇએ.

આનંદીસ્વભાવ—આ સ્વભાવ સ્ત્રીઓની અંદર ઘણો અગત્યનો છે. આ સંસારમાં જે લાલચો ફસાવે છે, તેને જીતવાનું ઉત્તમ સાધન આનંદી સ્વભાવજ છે. સદ્‌ગુણરૂપી રોપાને ઉછેરવાને માટે એજ ઉત્તમ પ્રકારની જમીન છે. જેનાથી અંતઃકરણને તેજ મળે છે, તે જુસ્સાને ઢીલો પડવા દેતો નથી; એટલુંજ નહિ પણ તે દાન ધર્મની દોસ્ત, ધૈર્યની ધાવ અને ડહાપણની માતા છે. તથા બુદ્ધિ અને નીતિનું ઉત્તમ પ્રકારનું પુષ્ટીકારક ઔષધ છે. **ડા. માર્શલ હૉલે** તેના એક દર્દીને કહ્યું છે કે;—"સઘળા ઉત્તેજક ઔષડોમાં સૌથી સરસ દવા આનંદી સ્વભાવ છે." **સુલેમાને** પણ કહ્યું છે કે;—"ખુશ મિઝાજની તબીયત દવાની માફક ફાયદો કરે છે." માટે આનંદી સ્વભાવ રાખવો જોઇએ. આનંદી સ્વભાવનો સાચો પાયો પ્રેમ અને ધીરજ ઉપર છે. માટે એ ગુણોવાળા પણ થવું જોઇએ. **પ્રેમીસ્વભાવ**—આની અંદર બીજાને પોતાની તરફ ખેંચવાનો મોટો ગુણ રહેલો છે. "પ્રેમ આપવાથી પ્રેમ લેવાય છે" આપણે કોઇના ઉપર પ્રેમ કરીએ, તો તે આપણા ઉપર પ્રેમભાવ બતાવ્યા વગર રહેશે નહિ. પ્રીતિ પ્રીતિને જાગૃત કરે છે અને પ્રીતિ ભરેલા માયાળુપણાને પેદા કરે છે. પ્રીતિ બીજાઓને માટે આશા ભર્યા અને સખાવત વિચારોને જન્મ આપે છે. પ્રેમ દયાશીલ, સુશીલ અને સત્યમય હોય છે. પ્રીતિ સારી વસ્તુને પીછાણી શકે છે; પ્રીતિ હરેક વખતે સૌથી ઉજ્વળ બાજુ ભણીજ જુએ છે અને તેનું મુખ હમેશાં સુખ તરફ વળેલું હોય છે. પ્રીતિ સુખકારક વિચારોને ઉત્તેજન આપે છે અને આનંદ—લહેરમાં રમણ કરે છે. પ્રીતિ કંઇ ખર્ચ માગતી નથી; તોપણ તે અમૂલ્ય વસ્તુ છે. આ ગુણ ઘણોજ મહત્તા ભરેલો છે. તેની સાથે **ધૈર્યતાવાળો સ્વભાવ**—જે આપણા જીવન સુખનું અને જીવન—જયનું એક મુખ્ય કારણ છે, તેની પણ ઘણી અગત્ય છે. આ સ્વભાવની સાથે આનંદી સ્વભાવ પણ હોય છે. **જૉર્જહરબર્ટ** કહે છે કે;—"જેની ઇચ્છા એવી છે કે, બીજાઓએ મારી સેવા કરવી, તેણે ધીરજ રાખવી જોઇએ. ધૈર્યતા સઘળા કાર્યને હાથ કરશે." વિદ્યા–શાસ્ત્રના મહાત્માઓ ઘણે ભાગે ધીરજવાળા, મહેનતુ અને ખુશ મિજાજી હોય છે. ગાલિલીઓ અને ન્યૂટન વગેરે. તેમજ સીતાજી, દમયંતી અને દ્રૌપદી વગેરે એવા સ્વભાવવાળાં હતાં. તેમને માથે મોટાં સંકટ આવી પડયાં હતાં; તોપણ તેમણે સ્વસ્થ મનથી સઘળું સહન કર્યું હતું. ખરેખર દુઃખને વખતેજ આ ગુણની પરીક્ષા થાય છે, અને તેમાં ફતેહ પામી કીર્ત્તિ સંપાદન કરે છે.

માયાળુસ્વભાવ—એ મનુષ્યને પોતાની તરફ ખેંચે છે. તેવા સ્વભાવવાળું માણસ જ્યાં જાય ત્યાં માન ભરેલો આવકાર મેળવે છે. માયાળુપણું સા-

મા માણસમાં પણ માયાળુપણું ઉત્પન્ન કરે છે. માયાળુપણું કઠોર વચન કરતાં વધારે ખરચ માગતાં નથી. માયાળુ વચનથી માયાળુકૃત્યો થાય છે અને તેનું મિષ્ટ ફળ—સુખ મળ્યા વગર રહેતું નથી. માયાળુપણું જગતમાં એક મોટી સત્તા છે. ફ્રેંચમાં કહેવત છે કે;—" **માણસો મીઠાશથી વશ થાય છે.**" માયાળુ લાગણીનાં માણસો સંસારનાં કામ કરવામાં ચંચળ હોય છે અને સ્નેહ પામે છે. માયાળુ ભરેલાં વચનો બોલવામાં કીંમત બેસતી નથી, તેનો ઉચ્ચાર કરતાં વાર લાગતી નથી, અને મીઠાસ ભરેલાં વચનો બોલવામાં જીભને, હોઠને કે શરીરને કોઇપણ પ્રકારનું દુઃખ થતું નથી. માટે સર્વ સાથે માયાળુપણાથી વર્ત્તવાનો સ્વભાવ રાખવો જોઇએ. તેની સાથે **સાલસસ્વભાવ**—એ ગુણ પણ સ્ત્રીઓએ ધારણ કરવો જોઇએ. એ ગુણ વિના કોઇ ઘર સુખી થતું નથી. એ ગુણ ફૂલોની પેઠે આપણને ખુશ કરે છે. પતિ કામથી થાકેલો ઘેર આવે, ત્યારે સાલસ સ્વભાવની સ્ત્રીના ધીમા સાદના ખુશી ભરેલાં વચનો કેવાં મીઠાં લાગે છે ? તે તેને આરામ અને સુખ આપે છે. તેથી તે સુખી થાય છે અને જીંદગીનાં દુઃખ ભૂલી જાય છે. સાલસ સ્વભાવથી આખા કુટુંબ ઉપર સારી અસર થાય છે. ખુબસુરતી કરતાં તે માણસને વધારે વશ કરે છે અને જીંદગીની આખર સુધી તેનું બળ રહી જાય છે. **સત્ય બોલવાનોસ્વભાવ**—સ્ત્રીઓને તે ઘણોજ કીંમતી ગુણ છે. સત્ય બોલનારનો સૌ ભરૂસો કરે છે, તેનો સર્વ કામમાં જય થાય છે. સૌ લોકો તેનાપર વિશ્વાસ રાખે છે અને આ લોકમાં સુખ અને પરલોકમાં પણ કલ્યાણ થાય છે, માટે સત્ય બોલવાનો સ્વભાવ રાખવો, પણ અસત્ય—જૂઠું બોલવાનો સ્વભાવ રાખવો નહિ. જૂઠું બોલવું એ સૌથી નીચ ગુણ છે. તે માણસને અંતે બગાડે છે અને નાશ પમાડે છે. સ્ત્રીમાં તે ગુણ હોવો મહા ફગફમાટ ભરેલો ને નુકશાન કારક છે. તેથી તે પોતાનું વજન હલકું કરે છે, પછી તેના સાચા બોલવા પર પણ પતિને ભરૂસો રહેતો નથી અને ધીરે ધીરે ધિક્કારને પાત્ર થાય છે. પતિ પત્ની વચ્ચે પ્રીતિની ગાંઠ તેથી તૂટી જાય છે. પાપ અને દુઃખનાં મોજાં ઘરના પવિત્ર સુખ ઉપર ફરી વળે છે. માટે સત્ય બોલવાનોજ સ્વભાવ રાખવો. તેની સાથે સ્ત્રીઓએ નમ્રતાનો ગુણ પણ ગ્રહણ કરવો જોઇએ. **નમ્રસ્વભાવ**—આ ગુણથી મનુષ્યનું મન વશ થાય છે, પણ કઠોરતાથી થતું નથી. જેમ પાણી અગ્નિના કોપને ટાઢો પાડે છે, તેમ નમ્ર વચન ક્રોધને શાન્ત પાડે છે. માટે નમ્રતા રાખી સર્વ માણસો જેમ પોતાનાંજ હોય, તેની પેઠેજ તેમની સાથે વિવેકથી બોલવું ચાલવું. સર્વની સાથે પરમાર્થી લાગણી ધરાવવી. **પરમાર્થી—પરગજુ સ્વભાવ**—વાળાં મનુષ્યો પોતાના સુખમાં વધારો કરે છે. જે પ્રમાણમાં બીજાને સુખ આપે છે, તેના પ્રમાણમાં તે પોતાના સુખનો પણ ખજાનો વધારે છે. ઉદાર દીલનાં માણસો આ પારકો અને આ પોતાનો એ વિચાર લાવતાં

નથી. તેને તો આખી પૃથ્વી પોતાનું કુટુંબ અને આત્મબંધુ છે; વગેરે વિચાર કરી તન, મન અને ધનથી શક્તિ પ્રમાણે પરમાર્થ કરતા રહે છે. ભૂખ્યાને અન્ન, તૃષાતુરને જળ, રોગીને દવા અને આશ્રમ વગરનાને ધર્મશાળા વગેરે રીતે પોતાના દ્રવ્યનો સદુપયોગ કરે છે. તેમજ સર્વ પ્રાણીઓને અભય અને દુઃખમાં સહાયતા આપે છે. પરોપકાર સમાન એક પણ પુણ્ય નથી, માટે સુજ્ઞ સ્ત્રીઓએ આવો સ્વભાવ ધારણ કરવો જોઇએ. કદી પણ એકલપેટાપણું રાખવું ન જોઇએ. **એકલપેટાપણું અને શંકાશીલત્વ**—આ સ્વભાવ મનુષ્યને ઘણો હાનિકારક છે. આ સ્વભાવના મનુષ્યોને પોતાની જાત સિવાય બીજું કોઇ પણ વ્હાલું હોતું નથી. આવા સ્વભાવનાં મનુષ્યોને તો જગતના રખડતાં મનુષ્યો સમજવાં જોઇએ. **અહંભાવ, શંકાશીલત્વ અને એકલપેટાપણું**, આ સ્વભાવ જો માણસની જીંદગીના સોબતી થાય, તો તેઓ મહા દુઃખદાયક થઇ પડે છે. માટે આવો સ્વભાવ ગ્રહણ કરવો નહિ. **ફિકર—ચિંતા**—વાળો સ્વભાવ પણ હાનિકારક છે. તેમાં જીવ રાખ્યાથી મનમાં તે મોટું રૂપ પકડે છે. દુનિયામાં કંટાળીને કાયર થઇ જઇએ છીએ, તેનું ખરૂં કારણ માની લીધેલું દુઃખ છે. ફિકર ચિંતાથી તન, મન પ્રતિદિન નબળાં પડતાં જાય છે. તેથી સઘળું સુખ અને મનની શાંતિ નાશ પામે છે. માટે આવો હાનિકારક સ્વભાવ ગ્રહણ કરવો નહિ, પણ સદા આનંદમાંજ રહેવું. **ક્રોધી સ્વભાવ**—એ પણ મહા હાનિકારક છે. ક્રોધ એ મનુષ્યને વગર અગ્નિએ બાળે છે, અનેક સુકૃત્યને નાશ પમાડે છે, અને દુઃખ સાગરમાં ઝીપલાવી દેછે. આવા સ્વભાનું મનુષ્ય કોઇને વ્હાલું થતુ નથી. તેના આવેશમાં શુભાશુભનું ભાન રહેતું નથી અને તેથી અંતે પસ્તાવાનું કારણ ઉત્પન્ન થાય છે. માટે ક્રોધ ન કરવાની ટેવ પાડવી જોઇએ. નજીવી કે સહજ વાતમાં ખીજવાઇ જવું નહિ, સહન શીલતા રાખવી, ખમવાની અને ખામોશ રાખવાની ટેવ પાડવી જોઇએ. **આશા રાખવી**—આ સ્વભાવ પણ ઘણો ઉપયોગી છે. બધાં સુખ, અને બધા દિલાસામાં મુખ્ય સુખ અને છેવટનો મુખ્ય દિલાસો આશામાં છે. આશાએ ગરીબનો મોટો મદદગાર છે, અને તે ગરીબ માણસનો રોટલો છે. આશાથીજ મનુષ્ય મહાન્ કાર્યોનો આરંભ કરે છે અને અપાર યત્ને પાર મૂકે છે. માટે આશા એ ઉત્તમ ગુણ છે, અને તે ગ્રહણ કરવા લાયક છે.

આ સર્વ ઉપરથી સિદ્ધ થાય છે કે સ્ત્રીઓએ આવા ઉત્તમ સ્વભાવવાળાં થવું જોઇએ. જેનાથી ઉત્તમ પ્રકારના સુખની પ્રાપ્તિ થશે.

સ્ત્રીએરીતભાતકેવીરાખવી?

આ સંસારમાં સ્ત્રીના સારા નરસાનો આધાર તેની રીતભાત ઉપર છે. સારી રીતભાત એજ સ્ત્રીને પોતાનાં કાર્ય સિદ્ધ કરવામાં મોટી સહાયતા છે, તે વગર નિષ્ફળ થાય છે. રીતભાત એ સ્ત્રીની અંદરની પ્રકૃતિનું બહારનું સ્વરૂપ છે. તેના ઉપરથીજ તેની રેણી, શોખશક્તિઓ અને સ્વભાવ જણાઈ આવે છે; એટલુંજ નહિ પણ તે કેવી સોબતમાં રહે છે, તે પણ દર્શાઇ આવે છે. જેના અંતઃકરણની વૃત્તિઓમાંથી ઉત્તમ રીતભાત સ્ફુરે છે, તેવી સ્ત્રીને તે કાંઈ ઓછા સુખનું સાધન ન સમજવું. એ રીતે જોતાં અંતઃકરણની વૃત્તિ, તે તેની સ્વાભાવિક શક્તિઓએ મેળવેલી કેળવણીના જેટલીજ અગત્યની છે; એટલુંજ નહિ પણ તે સ્ત્રીની રૂચિ અને લક્ષણો ઘડવામાં ઉપયોગી થઇ પડી રસ્તે ચલાવે છે. તેથી વિવેક, વિનય, અંતર્દષ્ટી અને શાણપણ આવે છે. સારી રીતભાત એટલે બીજી સ્ત્રી કે પુરૂષ માટે જે અંતરૂથી દરકારવાળી લાગણી થઇ હોય, તેને બહારનાં ચિન્હોથી બતાવવું તે. રૂડી રીતભાત—એટલે સારૂં વર્ત્તન. રૂપાળી પૂતળી અને આનંદ આપે એવી તસવીરો કરતાં સારી રીતભાતથી ઉત્તમ આનંદ પ્રાપ્ત થાય છે.

સ્ત્રીએ શરીર અને મનની અનેક પ્રકારની શ્રેષ્ઠતા સંપાદન કર્યા છતાં કેટલીક બહારની રીતભાતે એવી જાડી અને જંગલી જેવી હોય છે કે, તેમના ઉત્તમ ગુણો લોઢાની પેટીમાં રાખેલા સુવર્ણની પેઠે ક્વચિત્જ જણાઇ શકે છે. બહારની રીતભાતથી પોતાની અંદરની ઉત્તમતા સહેજે જણાઇ આવે, એવી વર્ત્તણુક રાખવાની જરૂર છે. સારી રીતભાત એ ઉત્તમ કેળવણી, ઉત્તમ કુલ, અને ઉત્તમ કુશલતાની નિશાની છે. જો કે કેટલીકવાર દુષ્ટ સ્ત્રી બહારના ડોળ દમાકથી બીજાને છેતરી શકે છે, પણ તેનો ઢોંગ લાંબો ટકતો નથી. જે ખરેખરી ઉત્તમ સ્ત્રી છે તેની રીતિ કૃતિ સ્વાભાવિક રીતેજ સરલ હોય છે. કેટલીક એવી હોય છે કે સામાને ઉપકાર કરે, પણ ઉપકાર પામનારને માઠું લાગે; તેમ બીજી કેટલીક એવી પણ હોય છે કે જે માગેલા ઉપકારની ના પાડે, તોપણ સામાને રાજી કરીને રજા દે છે. આ બંને સ્ત્રી બહુ સારી હોય, પણ તેમનામાં જે અંતર પડયો તે માત્ર તેમની રીતભાતની કેળવણીને લીધેજ છે. જેનામાં ઉત્તમ પ્રકારની સદ્વૃત્તિ રાત દિવસ રમી રહી હોય છે, તેનામાં ઉત્તમ પ્રકારની રીતભાત પણ સહજ આવી રહેલી હોય છે. બહારની રીતભાત સારી રાખવી એનો અર્થ એવો નથી કે અંદર તેવો વિચાર ન હોય તોપણ બહારથી ગમે તેવું ડોળ કરી બતાવવું. રીતભાતમાં પણ એવો નિયમ છે કે, જે રીતથી અંતરની સદ્વૃત્તિ

સિદ્ધ થઇ શકતી હોય તેજ ઉત્તમ ગણાય છે.

શીતભાતનો મુખ્ય નિયમ એ છે કે;—અંતરની સદ્‌વૃત્તિને બહારના આચારમાં જણાવવી. એવી રીતે જણાવવામાં જરા પણ કૃત્રિમતા આવી જવી ન જોઇએ. જે થાય તે બધું સહજ રીતેજ થવુંજ જોઇએ, અને તેમ કરવામાં જરા પણ છૂપો સરખોએ પ્રયાસ પડતો હોય એમ જણાવું જોઇએ નહિ. આટલી વાત લક્ષમાં રાખવાથી ઘણીક ઉત્તમ રીતભાત શીખી શકાશે. સારી રીતભાતમાં શરીર, મન, અને વાણી એ ત્રણેને સંભાળવાનાં છે. સર્વથી પહેલી વાત તો એજ છે કે એ ત્રણે એક સરખી રીતે સાથેજ ચાલવાં જોઇએ. શરીરનો એક પણ લહેકો, કે તેના ઉપરનાં ઘરેણાં કે પોશાખ, તેમાંની એક પણ વસ્તુ એવી નથી કે જે તે શરીર, અને મનની અવસ્થા વિષે પણ કાંઇ સૂચના કરી શકે નહિ. શુદ્ધ વૃત્તિવાળી સ્ત્રીએ શરીરને બહુ સ્વચ્છ રાખવું, અને કોઈ સ્થળે બેઠાં કે ઉભાં હોઇએ ત્યાં શરીરના અવયવોને સહજ રીતે સુખ પડે તેવી સ્થિતિમાં રાખી, હાથથી કે પગથી કશા આળસવાળા ચાળા કર્યા કરવા નહિ. શરીર ઉપર ઘરેણાં, લુગડાં આછાં પાતળાં મળે તેવાં પહેરવાં, પણ તેમને અત્યંત સ્વચ્છ રાખવાં, અને એવાં ઠાઉકી રીતે ગોઠવીને કાળજીથી પહેરવાં કે તેમાં પહેરનારની ચતુરાઇ અને કાળજી રાખવાની ટેવ સહજ જણાઇ આવે. ઘરેણાં લુગડાં પહેર્યા પછી તેમને કોઇ જુએ તો ઠીક, એવી ઇચ્છાથીજ બહાર પડતાં રાખવાં નહિ; તેમ ઘરેણાં લુગડાં પહેરી તેના સામું જો જો કરવું નહિ. લુગડાના રંગમાં ને ઘાટમાં તથા ઘરેણાના ઘાટમાં પણ ઉંચા વર્ગના લોક જેવું પહેરતાં હોય તેને અનુસરવું અને છત પ્રમાણે આછું પાતળું વાપરવું.

શરીર પછી મનની સંભાળ રાખવાની છે કોઇ ઠેકાણે વાત ચિતમાં અથવા વ્યવહારમાં વિના કારણ, આપણું મન સામા સાથે અપ્રસન્ન છે એમ જણાવવાની ટેવ સારી નથી. આપણને પોતાને દુઃખ હોય તો તે બીજાના ઉપર નાંખવાનો આપણને હક નથી, ગમે તો તે સમયે સ્ત્રીમંડળ ભેગું થઇ બેઠું હોય તેમાં ન બેસવું એજ વધારે સારૂં છે, પણ બેસવું પડે તો તે મંડળીના ચાલતા આનંદમાં આપણી અપ્રસન્નતાથી વિઘ્ન કરવું એ નઠારા સ્વભાવનું લક્ષણ છે. સારી સોબતમાં બેસવું અને તેમાં જે પ્રસંગ ચાલતો હોય તેમાં ભળી જવું. કોઈ સારી સ્ત્રી વખતે કાંઇ ભૂલ કરે, તો તેમની ભૂલ સુધારવા બહુ પ્રીતિને નરમાશથી વાત કરવી, પણ તે સ્ત્રીનું મન ભંગ થાય તેવો કશો ઘાટ કરવો નહિ. સામું માણસ વાત કહેવા માંડે કે તે સાંભળવી નહિ અને વચમાં પોતાની મોટાઇની વાતો ચોહટવી કે આડો લવારો કરવો એ ઘણું હલકાઇનું કામ છે. તેમ વાત કહેવામાં પણ પોતેજ બધી વાત કહે કહે કરવી અને બીજાને બોલવાનો વખતજ આપવો નહિ એ પણ નઠારી ટેવ છે. વાત કહેવી અને સાંભળવી તેમાં

સર્વે સ્ત્રીઓ ભાગ લે તેમ કરવું, પણ આપણેજ સર્વમાં હોશિયાર છીએ એમ જાણી ગમે તે ૧ લવારો કરી બીજાને બોલવા ન દેવાં એમ કદી પણ કરવું નહિ. વળી વાત કરવામાં પણ જે વિષયનું પોતાને જ્ઞાન ન હોય, તો તે વિષય ડોળવા બેસવું નહિ. જે વાતની પોતાને ખબર ન હોય તો તે વાત સ્પષ્ટ કહી દેવી કે મને ખબર નથી. તેમ સ્ત્રીમંડળમાં કોઇનું મન દુઃખાય અગર ત્યાં કોઈ ન હોય તેનું પણ મન દુઃખાય એવું કશું કરવું નહિ. ઘરમાં કે બહાર ગમે ત્યાં પણ તમારી શક્તિ પ્રમાણે અને રીતિ પ્રમાણે બીજાને ઉપયોગી થવામાં સર્વદા આગળ રહેજો. સર્વ પ્રકારે નમ્રતા રાખવી બહુ સારી છે, પણ જ્યાં આગળ તમે કશા હિસાબમાં નથી એમ મનાતું હોય; ત્યાંથી સર્વદા દૂર રહેવામાંજ શોભા છે.

આ રીતે શરીરની અને મનની રીતભાત ઉપરાંત વાણીની રીતભાત ઉપર પણ ઘણું લક્ષ આપવાનું છે. શરીરની કઢંગી રીતિથી કે મનના સાંકડાપણાથી એટલી બધી હાનિ થતી નથી, તેટલી વાણીથી થાય છે. તરવારના ઘા રૂઝાય છે, પણ વાણીના ઘા રૂઝાતા નથી; એટલુંજ નહિ પણ તે જીવતાં સુધી સાંભળે છે. માટે એવો નિયમ રાખવો કે;—જરૂર જેટલુંજ બોલવું, પૂછે તેનોજ ઉત્તર આપવો, અતિશય લવ લવ કર્યા કરવી નહિ, બોલવું તેમાં પણ જે સાર હોય તે થોડા શબ્દોમાં સમાવી દેવો. સાંભળેલી અગર અનુમાનથી કલ્પેલી વાતને જાણતા હોઇએ તે કરતાં ઓછી કહેવી. જે નિશ્ચય વાત જાણતા હોઇએ અને પ્રત્યક્ષ જોઇ હોય તે યથાર્થ કહેવી, જે બોલવું તે સ્પષ્ટ રીતે બોલવું, પણ ગાળા ચાવી ચાવીને સામાને શંકા પડે, એવી રીતે બોલવું નહિ. વાણી એવી રાખવી કે જેથી સર્વને પ્રીતિ થાય, એક પણ કડવો શબ્દ તેમાં વાપરવો નહિ, કડવામાં કડવી વાત પણ મીઠી રીતે કહેવી. બોલવામાં હલકા લોકો જેવા શબ્દો વાપરે છે તેવા શબ્દો વાપરવા નહિ; કેમકે તેથી તમારી સોબત હલકી છે એમ સાબિત થાય છે અને તેથી તમે સારા મનુષ્યને વિશ્વાસને પાત્ર થતાં નથી. કોઇને ગાળ દઇને બોલાવવું નહિ. સારા સદ્‌ગુણી માણસ કદાપિ પણ સોગન ખાઇને વાત કરતાં નથી, માટે એવી ટેવ પણ કાઢી નાખવી. કોઇની નિંદા કે કોઇની કાંઇ ખોડનો ઇશારો આવે એવું પણ બોલવું નહિ. સ્વાભાવિક રીતે જેવું બોલી શકતાં હોઇએ તે કરતા વધારે ચીપી ચીપીને કદાપિ પણ બોલવું નહિ. તેમ અસભ્યપણે કે તોછડાઇથી પણ બોલવું નહિ. કોઇને દુઃખ લાગે એવાં કડવાં વેણ બોલવાં નહિ, પણ હમેશાં મીઠાશ ભરેલાં વચનો બોલવાં. હલકામાં હલકાં મનુષ્યને પણ ધિક્કારવું નહિ, કોઇનું અપમાન થાય એવું કરવું કે બોલવું નહિ, તેમ કોઇની પણ ખુશામત કરવી નહિ. સાધારણ ગરીબ અને શ્રીમંત એ સર્વની સાથે મળતાવડાપણાથી વર્તવું. જો તમે માન મેળવવા ચાહતાં હો તો બીજાને તમે માન આપો, અને તેમની વાત ધીરજથી સાંભળો.

બીજાની વાત ધીરજ રાખી કાન દઇ સાંભળવી એ પણ તેને માન આપ્યા બરોબર છે અને તેથી પોતે પણ માન મેળવે છે. મોજને ખાતર પણ મશ્કરીમાં અસભ્ય વચનો બોલવાં નહિ. પદવી, કુળ, પૈસા કે જન્મભૂમિનો અહંકાર દર્શાવવો નહિ, પોતાનાં પરાક્રમ કે ધંધાનો પણ અહંકાર કરવો નહિ. મર્યાદશીલ, નિરાભિમાની અને નિર્દંભી રહેવું, પતરાજ કરવા કરતાં કામ કરી બતાવવામાં, ગપાટા મારવા કરતાં ધાર્યું કામ પાર મૂકવામાં પોતાના સુલક્ષણનું સ્વરૂપ બતાવી દેવું. મન-પર અંકુશ રાખવો. સારી રીતભાત અથવા સૌજન્યતા ઉચ્ચ કુળમાં જન્મવાથી, સારી રીતે ઉછરવાથી, અને ચઢતા દરજ્જાના માણસોમાં ફરવાથી આવે છે. માયા-ભરી મનોવૃત્તિ, સહૃદયતા અને તેજસ્વિ ચેતન શક્તિ જોડાયેલાં હોય, તો છેક ગરીબ સંસારને પણ તે શ્રેષ્ઠ કરીને દીપાવી મૂકે છે. સારી રીતભાતથીજ સ્ત્રી દીપી નીકળે છે. અને કઠોર સ્વભાવ અને તોછડાઇ ભરેલી રીતભાતથી ધિક્કારને પાત્ર થાય છે. માટે સુજ્ઞ સ્ત્રીઓએ સદા શરીર, મન અને વાણીથી વિવેક, વિનય, નમ્રતા, મીઠાશ ભરેલાં વચનો, મર્યાદશીલ, સભ્યતા, અને માયાળુપણું વગેરે સદ્-વર્તનવાળી રીતભાત રાખવી. સારી રીતભાતથી તમોને સૌ કોઇ ચાહશે, માનશે, પ્રીતિ બતાવશે અને પૂજ્યભાવ જણાવશે અને તેથી તમો સુખી થઇ ધન્યતાને પામશો.

સ્ત્રીએ સહવાસ કેવો રાખવો ?

આ દુનિયામાં જન્મી સ્ત્રીએ જો શ્રેષ્ટ ગણાઇ મહાનપણાને પામવું હોય, તો તેમણે સારી સ્ત્રીઓના સહવાસમાં રહેવું જોઇએ. સારા સહવાસમાં રહેવાથી મનુષ્યના મનમાં સારા વિચાર આવે છે. કપટી, ચોરટી, લુચ્ચી, દારૂડી, દુરાચરણી દમલબાજ, નિંદાખોરી, ખટપટી, વઢકણી અને અદેખી, વગેરે દુર્ગુણી સ્ત્રીના સહ-વાસથી ગમેતો નિર્મળ મનની સ્ત્રી હશે, તોપણ તેના જેવી ગણાશે; એટલુંજ નહિ પણ તેમના દુર્ગુણોની થોડી ઘણી પણ અસર થયા વગર રહેશે નહિ. તેમજ સદાચરણી સ્ત્રીના સહવાસમાં તેમની ગણના સારાપણામાં થશે; એટલુંજ નહિ પણ તેમના શ્રેષ્ટ ગુણોની સારી અસર થયા વગર રહેશે નહિ; કેમકે મનુષ્ય જેવા સ-હવાસમાં રહે છે, તેવી તેની અસર તેના આચરણના બંધારણ ઉપર થયા વગર રહેતી નથી; કારણ કે મનુષ્ય મૂળથીજ નકલી પ્રાણી છે. તે જેના સહવાસમાં આવે છે, તેમની રીતભાત, બોલવા ચાલવાની ઢબ; હાથ અને મોંના ચાળા અને વિચાર કરવાની ટેવની થોડી ઘણી પણ અસર થયાં વગર રહેતી નથી. જે માણસો કેટલાંક વર્ષ સુધી એક ઘરમાં સાથે રહ્યાં હોય છે, તેઓ ધીરે ધીરે એક બીજાનાં જેવાં બની જાય છે, તે એટલે સુધી કે લાંબી મુદતે તેમને જુદાં

જુદાં ઓળખી શકીએ નહિ. **જૉર્જહરબર્ટે** કહ્યુંછેકે;—"તમે સતસમાગમ રાખશો, તો તમે પણ તેવાંજ ગણાશો" જૉર્જહરબર્ટની મા પોતાના દીકરાઓને સુરસ્તે દોરવાને માટે વારંવાર કહેતીકે;—"આપણે જેવો ખોરાક ખાઇએ, તેવું પોષણ આપણા શરીરને મળે છે; તેવીજ રીતે સારાં કે નરસાં માણસોની સાથે વાતચિતનો વ્યવહાર રાખવાથી અને તેમના દાખલા નજરે જોવાથી આપણો આત્મા પણ સદ્ગુણનો અગર દુર્ગુણનો પાસ એ માલૂમપણે ગ્રહણ કરે છે." માટે સારા સોબતીઓના ખરેખરા ઉત્તમ ગુણો હોય તેજ લેવા, તેમનો વિવેક, તેમની ચાલ, તેમના મધુર શબ્દ, અને તેમની વાતચિત કરવાની ઉત્તમ ઢબ ગ્રહણ કરવી; પણ તેમનામાં કાંઇ દુર્ગુણ હોય તે ગ્રહણ કરવા નહિ. **સોબતતેવીઅસર** એ કહેવત પ્રમાણે—સુઘડ ફુવડની સાથે, મર્યાદશીલ લંપટની સાથે, ક્રોધી શાન્તની સાથે અને વિદ્વાન મૂર્ખની સાથે સ્વાભાવિક રીતે મેળાપ રાખી શકશે નહિ, પણ કદી જવા આવવાનો સંબંધ થઇ જાય છે, તો તેનાં આચરણ અધમ થયા વગર રહેતાં નથી. એવા માણસોની સાથે વાતચિત પણ ઘણી નુકશાન કરે છે. તેથી કદી તરત ખરાબ અસર થશે નહિ, પણ તેનાં બીજ મનમાં રહી જાય છે અને એવી વાતોના કરનારા પાસેથી તેની વાતો પણ સાથે ચાલી આવે છે—તેનાં ખરાબ અંકુર ભવિષ્યમાં ફુટયા વગર રહેતાં નથી. સદ્ગુણી સ્ત્રી પુરૂષનો સહવાસ થતાંજ આપણે તેને ચાહીએ છીએ, માન આપીએ છીએ, અને તેનાં વખાણ કરીએ છીએ, પણ દુર્જન સ્ત્રી પુરૂષને જોતાંજ તેનાથી દૂર રહેવાની ઇચ્છા થાય છે અને તેમને દેખીને આપણા મનમાં ત્રાસ છૂટે છે; એટલુંજ નહિ પણ એવાં સ્ત્રી પુરૂષ સાથે વાત કરવી એ પણ ભયંકર નુકશાન જેવી લાગે છે. એક વિદ્વાને કહ્યુંછેકે;—"ઉચ્ચસદ્વર્તનીય સ્ત્રી પુરૂષો સાથે તમે રહો, તો તમે જાણે નીચેથી ઉંચે ચઢતા હો અને તમારામાં જાણે જ્યોતિ—પ્રકાશ પડતો હોય એમ તમને લાગશે." કવિએ કહ્યું છે કે;—

કદાપિ કાળીયા કનેજ, ધોરિ ધોળિયો વસે;
વળે ન વાન તોય, સાન સંગ જેવી શીખશે.

સદ્ગુણીની સોબતથી સદ્ગુણની અસર થાય છે અને દુર્ગુણીની સોબતથી દુર્ગુણની અસર થાય છે. માટે દુષ્ટ દુરાચારી સ્ત્રી પુરૂષની કદી પણ સોબત કરવી નહિ. જેવી સંગત તેવું ફળ મળ્યા વગર રહેતું નથી. સ્વાર્થી માણસો સાથે વ્યવહાર રાખ્યાથી પણ ઘણું નુકશાન થાય છે; કારણ કે એવા સહવાસથી મન કઠોર, સુસ્ત, ભેદવાળું અને એકલપેટું થઇ જાય છે. તેથી ખરી માણસાઇ અને ઉત્તમ આચરણને થોડું ઘણું અડચણકારક થઇ પડે છે. ડાહ્યા, સારા અને અનુભવી સ્ત્રી પુરૂષનો સહવાસ રાખવાથી આપણા મનને ઉત્તેજન મળે છે અને આપણું હૃદય વિકાશને પામે છે. એવા સહવાસથી સંસાર સંબંધી આપણું જ્ઞાન

વધે છે, તેમના ડહાપણના ભાગીદાર થઇએ છીએ, તેમના અનુભવનો લાભ લઇએ છીએ અને તેમણે જે જે દુઃખ વેઠ્યું હોય, તે શિક્ષારૂપ હોવાથી આપણને ધડો મળે છે. શાણા અને સહજોરીવાળા સ્ત્રી પુરૂષના સહવાસથી આચરણના બંધારણ ઉપર અતિ અમૂલ્ય અસર થયા વગર રહેતી નથી. તેથી આપણા સાધનોનો સમુદાય વધે છે, કામકાજમાં વિશેષ ચાતુર્યતા આવે છે, આપણા સંકલ્પ દૃઢ થાય છે અને શક્તિ વાપરવાને સમર્થ થઇએ છીએ; એટલુંજ નહિ પરંતુ બીજાને દૃષ્ટાંતરૂપ થઇ પડાય છે. સત્સંગ એ અવિચ્છિન્નપણે સારૂં ફળ આપ્યાજ કરે છે, તેમજ દુઃસંગ વિષે ઉલટું જાણવું. સુશીલ, શૂરા, સાચા, અને મોટપવાળા વગેરે સદ્‌ગુણી મનુષ્યના દર્શનથી સામા માણસને તેના ગુણની વીજળીની માફક અસર થાય છે, તેના ગુણ કીર્ત્તન ગાવા મંડી જાય છે અને તેના ઉપર પ્રીતિ ઉત્પન્ન થાય છે; એટલુંજ નહિ પણ તેના મહાન્ ગુણો વખતો વખત સ્ફુર્યા કરે છે. કોઇ મહાન્ સ્ત્રી પુરૂષ જીવતાં હોય અને તેની સામે આપણા કુવિચારો દર્શાવતાં જેમ આપણે શરમાઇ જઇએ, તેમ તેવા સ્ત્રી કે પુરૂષની પ્રતિમા—મૂર્ત્તિ ઉપર આપણી નજર પડવાની સાથે આપણા નઠારા વિચાર તરત જતા રહે છે. શિવ પાર્વતી, વિષ્ણુ લક્ષ્મી, રામ સીતા, વગેરેની મૂર્ત્તિનાં દર્શન થતાંજ કયો મનુષ્ય કુતર્ક કરતો ઉભો રહેશે? કોના મનમાં એ વખતે તેમના મહાન્ ગુણોનો ભાવ ઉત્પન્ન નહિ થાય? કયાં સ્ત્રી પુરૂષો તેમના નિર્મળ પવિત્ર ગુણનું કીર્ત્તન કરતાં ઉભાં નહિ રહે? રહેશેજ. તેમના પ્રત્યે સદ્‌ભાવ ઉત્પન્ન થશેજ. આપણા ઘરમાં કોઇ ઉમદા મનનાં સારાં સ્ત્રી પુરૂષની છબી—તસવીર લટકાવી રાખી હોય, તો તે પણ એક જાતની સોબત છે. તેથી આપણા મનમાં તેને વિષે વિશેષ લાગણી થાય છે. તેની આકૃતિ નિહાળતાં આપણે જાણે તેના નજીકના સગા થતા હોઇએ, એમ આપણને લાગે છે. આપણા કરતાં ઉચ્ચ અને સરસ પ્રકૃતિની સાથે આપણો સંબંધ જોડનાર આ એક કડીરૂપે છે, અગર જો કે આપણે આપણા નાયક—દેવતાના ધોરણ સુધી પહોંચી શકીએ નહિ, તોપણ કેટલેક દરજ્જે તેનું ચિત્રિત મૂખ—પૃષ્ટ આપણા આગળ નિરંતર રહેવાથી આપણને આધાર મળે છે, અને આપણામાં કૌવત આવે છે. એ રીતે જોતાં જે મહાન્ સ્ત્રી પુરૂષોએ મહાન્ તર્ક અગર મહાન્ કૃત્ય કરીને પ્રસિદ્ધિ મેળવી છે, તેમના સ્મરણથી આપણી આસપાસ જાણે તે વેળાએ પવિત્ર વાતાવરણ ઉત્પન્ન થતો હોય એમ લાગે છે અને આપણા હેતુ તથા ઉદ્દેશ જાણવામાં ન આવે, તેમ જાણે ઉન્નત થતા હોય એમ લાગે છે. પુસ્તકો એ પણ એક જાતની સોબત છે, જે જેવાં પુસ્તકો વાંચશે, તેનામાં તેવા ગુણો આવશે. તેમ પુસ્તકની પસંદગી ઉપરથી પણ તે સ્ત્રી પુરૂષના ગુણ લક્ષણની પરીક્ષા થઇ શકે છે. જેની જેવી ઇચ્છા કે લાગણી હશે, તે તેવાં પુસ્તકો ગ્રહણ કરશે, માટે સ્ત્રીઓએ સારાં

પુસ્તકોનો સંગ્રહ કરી તે વાંચવાં જોઇએ. તેથી તેનામાં ઉત્તમ ગુણો ઉત્પન્ન થશે.

એ રીતે દુર્જનનો ત્યાગ કરીને ધાર્મિક, નીતિવાન, સત્યવાદી, સુશીલ, સરળ, કુલીન, વિનય, વિવેકી, દયાળું, ક્ષમાવાન, અને પરોપકારી વગેરે સદ્ગુણ સંપન્ન સ્ત્રી પુરૂષની સોબત કરવી. સત્સંગ એજ ખરેખર પારસમણિરૂપ છે. સજ્જનની સંગતિજ આ લોક અને પરલોક સુધારવાના સાધનરૂપ થઇ પડે છે. માટે નિરંતર સારી સોબત રાખવી. સારી સોબત રાખવા વિષે કહ્યું છે કે;—

ગરબી.

" જાણ્યું જાણ્યું હેત તમારૂં જાદવા જો. "—એ રાગ.

સોબત સારી કરવી બેની સ્નેહથી જો,
તજવી તનથી હોય નઠારી હાલ જો;
એથી સૂખ અતિશય સૃષ્ટિમાં મળે જો,
સુજન અતીશે આણે તમપર વ્હાલ જો; સોબત. ટેક. ૧
પારસ સમ જાણો શુભ સંગત સૃષ્ટિમાં જો,
ટેક ન મૂકે પડે ગમે તે દુઃખ જો;
અડતાં લોહતણું કાંચન સેંજે કરે જો,
ભાગી નાખે ભવ સઘળાની ભૂખ જો; સોબત. ૨
કીર્તી વધશે સારી સોબતથી અતી જો,
મળશે મહાજનમાં નિત્ય જનને માન જો;
શુભ સંગતથી કો કુડું બોલે નહિ જો,
કરશે નહીં કો શુભ સંગે અપમાન જો; સોબત. ૩
કુસંગત કરવી નહિ આ અવની વિષે જો,
તેથી જાશે જગમાં જનની લાજ જો;
ફટ ફટ કરશે જન સઘળાં કુસંગીને જો,
દિલમાં થાશે દાના જનને દાઝ જો; સોબત. ૪
કહેવત ઘરડાની આ જગમાં ઘણી જો,
" સંગ પ્રમાણે લાગે રંગ " નિજ અંગ જો;
કાળા સાથે ધોળો ધોરી જો ધરે જો,
રંગ ન લાગે પણ લાગે છે સંગ જો. સોબત. ૫
એ કહેવતને અનુસરીને ચાલવું જો,
કુસંગને તજવો આણી ઉર ક્રોધ જો;
સજવો સંગ સરસ જનનો સૃષ્ટિ વિષે જો,
શુભ સંગતથી સારો મળે સુબોધ જો; સોબત. ૬
સારી સોબતથી શુભ ગુણ સહુ આવશે જો,

નાશી જાશે અંગ થકી અવગુણ જો;
મમતા ખોટી ગટી જાશે શુભ સંગતે જો,
એવા અધિક દિસે એમાં ગુણ જો; સોબત. ૭
કલાલ ઘર જેવી કુસંગત જાણજ્યો જો,
દુધ પીતાં પણ મદિરા સમું મનાય જો;
હોય વસા સોનું જન પણ હીણું પડે જો,
શુભ સંગતથી કુડું ન જગે કથાય જો; સોબત. ૮
એવા લાભ અધિક છે સારી સંગતે જો,
ગ્રહણ કરો શુભ સંગત ગણિ ગુણવાન જો;
લલ્લુની વિનતી ધ્યાને ધરશો સદા જો,
તો તમપર રાજી રહેશે ભગવાન જો. સોબત. ૯

સ્ત્રીએ સંસારોપયોગી ડહાપણ શી રીતે મેળવવું ?

" વ્યક્તિ માત્રના પ્રાણમાં, ફરિ ફરિ કરી પ્રવેશ;
મનુષ્ય શાણું થાય છે, એમાં નહિ સંદેહ.
એવા ગૃહ—બળજોરથી, જેવા નિજના હાથ;
તેવો ઘાટ ઘડાય છે, જેવો ઘરનો ગાલ "

આ સંસારમાં સુખની આશા રાખનાર સ્ત્રીએ પોતાનો વ્યવહાર ડહાપણથી ....નો છે. સંસારોપયોગી ડહાપણ અનુભવની શાળામાંથી શીખાય છે. પ્રથમતો આ દુનિયા નવી અને ચળકતી લાગે છે, પણ જેમ જેમ સંસારમાં આગળ ચાલતાં જઈએ છીએ, તેમ તેમ ઘણા અંધકારવાળાં મેદાનો નજરે પડે છે, તેમાં મોહ, માયા, દુઃખ, મુશ્કેલીઓ અને વળી અધુરામાં પુરૂં આફતો અને પરાજયનાં નદી નાળાં ઓળંગવાં પડે છે. એ સર્વનો પ્રસંગ આવ્યે સુખ દુઃખ, સફળતા નિષ્ફળતા અને લાભ હાનિની સમજણાડી સારામારનો અનુભવ થાય છે. અનુભવ જીંદગીને જગતૂમાં કસોટી મળ્યા વગર થતો નથી અને અનુભવ વિના ડહાપણ આવતું નથી. સંસાર વ્યવહારના પ્રત્યેક દિવસના કામકાજમાં ભળવાથી અને તેના કાર્યોમાં ભાગ લેવાથીજ માત્ર અનુભવ મળી વ્યવહારોપયોગી ડહાપણ શીખાય છે, ત્યાંજ કામકાજ કરવાની કસરત મળે છે અને ત્યાંજ ધૈર્ય, ઉદ્યોગ અને સહન શીલતાની કેળવણી મળે છે અને તેથીજ આપણાં લક્ષણો ઘાટ ઘડાઈને મજબૂત થાય છે. સંસાર વ્યવહારમાં જે જે વિઘ્ન, વિપત્તિ અને મોહ માયાના અંતરાય નડે છે, તેની સાથે આપણે જેવી રીતનું યુદ્ધ મચાવીએ છીએ, તે પ્રમાણે આપણી તે

પછીની જીંદગીને રંગ લાગે છે અને ત્યાંજ આપણે વિપત્તિની કસોટીને આધિન થઇએ છીએ. તેથી આપણને જે આત્મ—અનુભવની શીખામણ મળે છે, તે અભ્યાસની ઓરડીમાં, એકાંતમાં, જંગલમાં કે સાધુ સંતોની ઝુપડીમાં ભરાઇ બેસવાથી મળતી નથી, માટે આ જગતમાં સ્ત્રીએ કાંઇપણ માલવાળા થવું હોય, તો પ્રત્યેક દિવસના કામકાજમાં, લોભ—લાલચમાં અને કલેશ—કંકાશમાં પોતાનાં આચરણ અડગ અને દૃઢ રહે તેમ કરવું જોઇએ. તથા દરેક દિવસના વટવ્યવહારમાં પોતાની વર્તણુકને ઘસારો લાગે તે ખમવાને શક્તિમાન થવું જોઇએ. સંસારમાં જેમ જેમ અનુભવ થતો જાય છે, તેમ તેમ ડહાપણમાં વધારો થતો જાય છે.

આ સંસારમાં જેમ જેમ ડહાપણ વધતું જાય છે, તેમ તેમ તેના અનુભવના વિસ્તારને લઇ, તેનો ઉતાવળો અને અધીરો સ્વભાવ સુધરતો જાય છે. જેની અંદર સારી કેળવાએલી સમજ હશે, તે પોતાના અધીરા અને આકળા સ્વભાવને લીધે અનેક જાતના ગુંચવાડામાં પડી જતાં ઘણુ કરીને બચી જશે. અજ્ઞાન સ્ત્રી અત્યંત અક્ષમાવાન અને અસહનશીલ હોય છે, અને સુજ્ઞ કસાયલી અનુભવી સ્ત્રી નિરંતર એક સરખી રીતે મહા ક્ષમાવાન અને સહનશીલ જણાય છે. મોટા મનની ઉદાર દીલની સ્ત્રી પોતાના વ્યવહારિક શાણપણાને લીધે બીજાં મનુષ્યોની ભૂલ ચૂકને રહેમ નજરથી જતી કરે છે. સર્વ બાબતમાં યોગ્યાયોગ્યતાનો નિર્ણય કરવામાં એ ગુણ સંબંધ રાખે છે. સાચું કામ કરવાનું અને તે સારી રીતથી કરવાનું તે ડહાપણથી તોલન કરે છે. વળી તે કરવાના ઉપાય, ક્રમ, સમય અને પદ્ધતિની પણ તે ગણતરી ડહાપણથી કરી શકે છે. જે સ્ત્રી સંસારોપયોગી ડહાપણ મેળવવાની ઇચ્છા રાખતી હોય, તેમણે જે સ્ત્રીઓએ અનુભવ લઇ ડહાપણ મેળવેલું હોય, તેમની પાસેથી તેમના અનુભવનો લાભ લેતા જવો, તેમાં તેમની મદદ માગતાં લજવાવું નહિ. જે સ્ત્રી બીજા પાસેથી શીખતી નથી અને પોતાના મનથી બહુ ડાહી સમજે છે, તે સ્ત્રી કોઇ સારૂં કે મોટું કામ કરવામાં પાર પડી શક્તી નથી. તેમણે પોતાનું મન અને અંતઃકરણ ખુલ્લું રાખવું, અને પોતાના કરતાં જે વધારે ડાહી અને અનુભવી સ્ત્રી હોય, તેમની સહાયતાથી શીખવાને કદી પણ શરમાવું ન જોઇએ. જે સ્ત્રી અનુભવથી ડાહી થઇ હોય છે, તેના પોતાના અવલોકનમાં જે આવેલું હોય છે, તે સર્વેનો લાભ લેતા રહેવું. શાણી સ્ત્રી યોગ્ય ઉપાયો આદરીને પોતાનાં કાર્ય સિદ્ધ કરવાને પ્રયત્ન કરતી રહે છે; પરંતુ તે નિષ્ફળતાને માટે પણ તૈયારજ રહે છે. તે પોતાની વૃત્તિઓમાં સુખાનંદને રમણ કરતા દેછે, પણ દુઃખ આવી પડે છે, ત્યારે તેને પણ ધીરજ રાખીને તાબે થાય છે, અને ખુશમિઝાજથી નિરંતર ખરેરસ્તે કામમાં મંડી રહે છે. પોતે જેના સંબંધમાં આવે છે, તેમના ઉપર અતિશય આશા રાખીને રહેતી નથી, પણ સં-

કટ વેઠીને પણ પોતાનું કાર્ય સિદ્ધ કરવાં મંડી રહે છે. વગેરેથી તેના ડહાપણમાં વધારો થતો જાય છે. ડાનિયલે કહ્યું છે કે;—

દુઃખ દરિયાની સફર, સુલભ માર્ગોદર્શાવે;
દુઃખ દરિયાની સફર, શાણપણ પણ શીખવાડે.

અનુભવથી મેળવેલું ડહાપણ ઘણું નુકશાન વેઠીને મેળવેલું હોય છે. લાંબે રસ્તે આથડાયા પછી ટુંકો રસ્તો શોધી કાઢવો, એ ચમત્કારિક દુઃખ છે, એ આપણે અનુભવથી જાણીએછીએ. ડહાપણ મેળવવામાં માત્ર એક અનુભવ વાળું ડહાપણ બહુ ઉપયોગી થઈ શકતું નથી, પણ બહુ ઉપયોગી થવાને માટેતો દરેક સ્ત્રીએ મનને કેળવણી આપી જ્ઞાન સંપાદન કરવું અને પછી સંસાર વ્યવહારનાં કાર્યોનો અનુભવ લઇ ડહાપણ સંપાદન કરવું જોઇએ. આવી રીતે મેળવેલા ડહાપણ વાળી સ્ત્રી પોતાને, પતિને અને કુટુંબને ઘણી ઉપયોગી અને લાભકારક થઇ પડે છે.

માઅનેછોકરાં.

"અરે બાઇ ! છોકરાં કયાંથી !" આવાકય આપણે ઘણી સ્ત્રીઓને બોલતાં સાંભળીએ છીએ; પરંતુ એ ઉપરથી એક અગત્યનો પ્રશ્ન ઉઠે છે કે, છોકરાં સૌ ને ગમે છે. કુદરતેજ દરેક સ્ત્રીના મનમાં પોતાની ઓલાદ વધારવા અને બાળકો તરફનું સુખ પામવાની ઇચ્છા મેલેલી છે. બાળકો તે ભવિષ્યકાળની આશા અને વર્તમાન કાળની ગમત છે. બાળકો તે બુઢાપાનો ટેકો અને જુવાનીનું સુખ છે. બાળકો ઉમ્મરે પુગ્યા બાદ સુખનાં સાધન અને ઉમ્મરે પુગ્યા અગાઉ સંતોષ પામવાનું મૂળ છે. બાળકો એ સુખીઘરની દીવાલ અને ગરીબ માણસની દોલત છે, ખરેખર બાળકો ગુલાબ જેવાં છે. તેઓ આ સંસારનો રસ્તો સહેલાઈથી કાપવા અને સંકટ રૂપી કાંટાવાળા માર્ગ ઉપર સુખ રૂપી ફૂલો પાથરવા જાણે જન્મેલાં છે. તેતો માત્ર બાળકનાં બચપણનું સુખ છે, પણ જ્યારે તેઓ જીવીને મોટાં થાય છે, ત્યારે તેઓ ભવિષ્યમાં પોતાની ખાનદાનીને શોભાવે એવાં થવાને કેટલાંક માબાપ પ્રભુ પાસે માગતાં હશે ! કેટલાંક માબાપ પોતાનાં બાળકો સાજાં તાજાં અને સુખી મૂકી પોતે તેમની અગાઉ મરણ પામવાને પણ ચાહતા હશે ! બીજી તરફ જોઇએ તો વળી કેટલાંક માબાપ બાળકો ઉત્પન્ન થવાની આશામાંને આશામાં ચિંતાતુર રહેતાં હશે, અને કેટલાંક માબાપે પુત્રપુત્રીને ઉછેરવામાં પોતાના લોહીનું પાણી કર્યું હશે; તોપણ તેઓ તેમાં નિષ્ફળ થયાથી નિરાશ અને નાઉમેદ થયાં હશે. ખરેખર, આ બાળકો વિષેની હકીકત એ ઘડી બેસીને વિચારવા યોગ્ય છે.

આપણે સર્વે આગળ બાળક હતાં અને સર્વે પોતાની જીંદગીને માટે મા-બાપનાં આભારી છીએ. આગલા વખતનાં માબાપની મહેરબાની અને રક્ષણથી આપણે હાલના વખતનાં માબાપ થયાં છીએ અને તે હાલના વખતનાં માબાપો ઉપર આવતા વખતનાં માબાપોનો આધાર છે. જેઓને પેટે પ્રભુએ બાળકોની બક્ષીસ કરી છે, તેઓ પોતાને ભાગ્યશાળી સમજે છે. તેમાં પણ જેમનાં બાળકો સારાં નીવડે છે, તેઓને સૌથી વધારે ભાગ્યવાન જાણવાં. બાળકો સારાં હોય તોજ બાળકો—અને નહિતો માબાપનાં પેલા ભવનાં વેરી સમજવાં. કેટલીક માતાઓ કહેતી માલમ પડેછે કે, "આવાં બાળકો પેટે જન્મ્યાં ન હોતતો સારૂં," એ શું? અમે પૂછીએ છીએ કે માબાપ ઘણા વર્ષ સુધી ચાહીને પ્રભુ પાસે બાળકો માગેછે અને પછી તેઓને આવી રીતે શાપ દેવો પડે છે, એ શું? આપણી ઘણી સ્ત્રીઓ બાળકો જણવાની ઉતાવળથી સાધુ, ફકીરને ઘેર ભટકી તરેહવાર ધુતમ ધાતમ કરતી ફરે છે, દોરા ચીઠી કરાવે છે અથવા જોષિઓને બોલાવી જન્મોત્તરી દેખાડવા મચી રહે છે અથવા ભાહુવોના ઘરમાં અનેક ચીજો નાંખી આવી અનેક પ્રકારના પાપી અને હસવા સરખા વહેમો કરે છે; તોપણ અફસોસ કે જ્યારે તેઓને બાળકો અવતરે છે અને તેમને ઉછેરવામાં પોતાના શરીરને ઘસાવી નાંખે છે અને લોહીનું પાણી કરે છે; ત્યારે તેજ બાળકો નઠારાં નીકળે એ શું કાંઇ નાનું સરખું અને જેવું તેવું દુઃખ સમજવું? નહિ, નહિ,—તે દુઃખ કેમ ખમાએ? પેટનાં બચ્ચાંપેટને ખાય એ જોઇ શકાય નહિ! પ્રભુ એવું દુઃખ દુસ્મનને પણ નહિ દેખાડે?

આપણા દેશની કેટલીક ભોળી સ્ત્રીઓ આવો વિચાર જણાવે છે અને ફરિયાદ કરે છે; પરંતુ તેવી સ્ત્રીઓ એમ નથી સમજતી કે પોતાનાં બાળકો જે નઠારાં અને નકામાં નીકળે એમાં પ્રભુનો કાંઇ પણ વાંક નથી. તેઓનાં બાળકો રોગિષ્ટ અને માંદાં હોય, તે કાંઈ પ્રભુ કરતો નથી. પ્રભુ કોઇ પણ માણસનું બુરૂં ચાહતો નથી; છતાં "પ્રભુ એવું દુઃખ દુસ્મનને નહિ દેખાડે" એવું કહેવું એ એક લેખે ગુનહા ભરેલું છે. પ્રભુ એવું કાંઇ દેખાડતો હોય એમ વિચારવું એજ તે મહાન્ કૃપાળુ પ્રભુને અપમાન આપવા સરખું છે. તેને બદલે એમજ કહેવું ઘટેછે કે જે બુરાઇ થાય છે, તે માણસથીજ થાય છે. ઘણી સ્ત્રીઓ પોતાનાં પુત્ર પુત્રીઓ ને જ્યારે તેમને થોડી કેળવણી પામેલાં અને થોડું કમાનારાં જુએ છે, અને જ્યારે ઇંગ્રેજનાં બાળકો સફેદ દુધ જેવી ચામડીનાં, હાથ પગ ભરેલા, ગુલાબ સરખા ગાલો, બોલવા ચાલવાની ઝડપ, સુઘડ અને હાજરજવાબી જુએ છે; ત્યારે તે સઘળું જોઇને વિચારે છે કે, "પ્રભુએ આપણાં બાળકો એવાં શા માટે ન કર્યાં? અને એ લોકોનાં બાળકો ઉપર એટલી બધી બક્ષીસની રેલમછેલ શા માટે કરી?" પરંતુ એ વિચાર તેમનો ભૂલ ભરેલો છે. પ્રભુની નજરમાં સર્વે

ધર્મ, નાત, જાત, અને લોક એક સરખાંજ છે. તે બધાને સરખું આપે છે, જેવું સીદીને તેવુંજ ઇંગ્રેજને, જેવું હિંદુને તેવુંજ પારસીને, જેવું મુસલમાનને તેવુંજ યાહુદીને આપે છે. જે કાંઇ દીકરાને તેજ દીકરીને પણ આપી મોકલે છે; પરંતુ પછી તેને વાપરવા ઉપર તેની સારી માઠી સ્થિતિનો આધાર છે. બાળકોને વાપરનાર, ઉછેરનાર, અને કેળવનાર માબાપ છે. તે ઉપરથી એવું સિદ્ધ થાય છે કે બાળકો સારાં અગર નઠારાં, સુખી અગર દુઃખી નીવડે છે, એ સઘળાનો આધાર તેમના માબાપ ઉપર રહેલો છે. માબાપ પોતે જેવાં હોય છે, તેવાં છોકરાં જન્મે છે અને પછી જેવી રીતે ઉછરે છે અને કેળવેછે, તેવાં તે થાય છે, માટે છોકરાં સારાં અગર નઠારાં થવાનો સઘળો આધાર માબાપ ઉપર છે.

આ સિવાય આપણાં ઘરોમાં કેવો દેખાવ નજરે પડે છે તે તપાસીએ–કેટલાંક ઘરમાં બાળકો સુખી, આનંદી, તનદુરસ્ત, જોરાવર અને વિવેક વિનયવાળાં જોવામાં આવે છે: કેટલાંક ઘરમાં બાળકો બોલકણાં, હાજર જવાબી, ખુશમિજાજી અને બુદ્ધિવાન જોવામાં આવે છે. કેટલાંક ઘરમાં બાળકો માબાપને દરરોજ ઘરમાં આવતાં જતાં અને ઉઠતાં પગે લાગે છે, આજ્ઞા પ્રમાણે વર્તે છે, મર્યાદા રાખી બોલે છે અને શાંતતાથી ઉઠે છે, બેસે છે અને પાસે ઉભાં રહે છે. કેટલાંક ઘરમાં બાળકો શરમ અને અદબથી બોલે ચાલે છે, સ્વચ્છ અને સુઘડતાઇથી હરેફરે છે. અને કોઇ ઘરમાં આવે કે જાય તેને વિવેકથી નમન કરી માન આપે છે તથા બોલાવે છે. વિગેરે સદ્ગુણવાળાં બાળકો આપણે ઘણાં જોઇએ છીએ; પરંતુ કેટલાંક ઘરમાં તો બાળકો દુઃખી, દરિદ્રી, અટકચાળાં ટળવળતાં. કકલાણ કરતાં, આમતેમ દોડતાં, બુમરાણ પાડતાં, ગાળો દેતાં, કજીઆ કરતાં, રડતાં, બુમ પડાવે, ગાળો દેવાડે, રડાવે, માબાપની ખાંધે ચડી બેસે, અવિવેકી, અમર્યાદી, તોછડાં, વિગેરે દુર્ગુણી ઘણાં બાળકો જોવામાં આવે છે. આ બધાનું કારણ શું? આ સવાલનો કોઇ ખરો જવાબ આપશે? ખરેખર, અમે તો ધારીએ છીએ કે આપણાં ઘરોમાં આ સરસ કરતાં નરસ ચિતાર વધારે જોવામાં આવે છે. એનું કારણ શું? માતાઓ શું પોતાથી બનતી સંભાળ લીએ છે? નહિ. આપણી ભોળી સ્ત્રીઓ એમ સમજે છે કે અમે સંભાળ લઇએ છીએ; પણ તેઓ અજાણપણે ઘણી કસુર કરે છે, એ તેઓ સમજતી નથી. ટુંકામાં કહીએ તો બાળકને ઉછેરવાની અને તેઓને બરોબર કેળવણી આપવાની હજુ માતાઓમાં પૂરેપૂરી શક્તિ આવી નથી. તેથીજ ઉપલો દેખાવ નજરે પડે છે. માટે બાળકોને સારાં, કાબેલ, નેક, અને સમજુ થાય એવાં કરવાને માટે જરૂરનું એ છે કે, તેઓની માતાઓને કેળવણી પ્રથમ મળવી જોઇએ. એ વિષે **માર્ટીન** નામનો એક વિદ્વાન જણાવે છે કે;—" જો એક ટોળાની હાલત તપાસવી હોય, તો આપણે એટલુંજ પૂછવાનું કે, ત્યાં સ્ત્રીની પદવી

કેરી છે! કેમકે માણસની આખી જીંદગી ઉપર તેઓની સત્તા છે." વળી મો-ન્ટેસકુઇન નામના ગ્રંથકારનો એવો વિચાર હતો કે;—"જેમ એક સંચાની અંદરની કમાન તપાસવા વગર માત્ર બહારથી તેને જોઇનેજ મત આપવો ભૂલ ભરેલું છે. તેમજ લોકોની હાલત તપાસતી વખતે તેઓની માતાઓની હાલત તપાસવા વગર મત આપવો એ ભૂલ ભરેલું છે."—બાળકોનેઉછેરવા અને કેળવવા સંબંધી બાબત એટલીતો અગત્યની છે કે તે વિષે ઘણું લખવા જેવું છે. તે અમે "સતીમંડળભા.૧લામાં" કેટલુંક ઉપયોગી વિવેચન કરેલું છે, તે સુજ્ઞ સ્ત્રી પુરૂષોએ ધ્યાન પૂર્વક વાંચી લક્ષમાં લેવું; પરંતુ એટલું યાદ રાખવું જોઇએ કે દેશની અંદર પુત્ર પુત્રીઓની હાલતનો સઘળો આધાર દેશની માતાઓ ઉપર છે. માટે માતાઓને સુધારવા પ્રયત્ન કરવો એ દરેક દેશહિતકારી મનુષ્યનો ધર્મ છે. પ્રખ્યાત્ નેપોલિયન બોનાપાર્ટે કહેલુંછેકેઃ—

કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;
સરસ રીતતો એજ છે, દીઓ માતાને જ્ઞાન.

સંતાનસંરક્ષણ.

આ સંસારમાં સંતતી એ મોટું સુખ છે; તે ઘરની શોભા વધારે છે. બાળકો વિનાનું ઘર દિપક વિનાના, અથવા તો અમાવાસ્યાના અંધકાર જેવું છે. ખરેખર બાળકો ઘરનાં અમૂલ્ય રત્નો છે. તે સ્ત્રીઓનું માન વધારે છે, અને પતિ પત્નીના પ્રેમને દૃઢ કરે છે. સંતતી વિનાના મનુષ્યો ઘણું કરી લગભગ અપ્રેમી, શોકાતુર, તેજહિણ, અને કામ કરવાના ઉમંગ વિનાનાં હોય છે. બેશક! સંતતીથી અમૂલ્ય લાભો મળે છે. સારી સંતતી સુખ આપે છે, પણ ખરાબ દુઃખ આપે છે. માટે શરૂઆતથીજ તે ઉપર માબાપે લક્ષ આપવાની અગત્ય છે. બાળકો ઉછેરી સારાં કરવાં એ માબાપનો ધર્મ છે. એ ધર્મ બજાવવાને તેમને માત્ર ખાવા પીવા અને વસ્ત્રાદિકથી રાજી રાખવાં તેનું નામ બાળ સંરક્ષણ નથી, પરંતુ જેનાથી તેમની વર્તમાન શારીરિક અને આત્મિક ઉન્નતિની સાથે ભવિષ્યની શારીરિક અને આત્મિક ઉન્નતિ થાય, તેને ખરૂં સંતાનસંરક્ષણ કહે છે. સંતાન સંરક્ષણ ત્રણ પ્રકારનું છે. શારીરિકરક્ષણ, શારીરિકશિક્ષણ અને માનસિક રક્ષણ—બાળકને પ્રાણ સમાન ગણી તન, મન અને ધનથી દેશકાળ અને પ્રકૃતિને અનુસરી તેમનું શરીર નિરોગી રહે અને મજબૂત થાય, તેવા પ્રકારનાં ખાવા, પીવા અને વસ્ત્રો વિગેરે નિયમ પ્રમાણે આપવાં તેને શારીરિકરક્ષણ કહે છે,—બ્રહ્મચર્ય, ઉત્તમ ભોજન, શુદ્ધ જળ, શુદ્ધ હવા, અજવાળું, ગરમી,

પ્રકાશ, ટાઢ, તાપ, અને વરસાદ ઇત્યાદિમાં વર્તવાના નિયમો; માદક પદાર્થનો નિષેધ, દેશકાળ અને પ્રકૃતિને અનુસરી આહાર વિહાર કરવો, દુષ્ટ પ્રાણીઓથી બચવું, સીધા ચાલવું, સીધા ફરવું, દોડવું, કુદવું, ખેલવું, ખોદવું, ફાડવું, હલેશાં મારવાં વિગેરે જે રીતે શરીરના અંગો કસાય એવા કસરતના નિયમો, ઇત્યાદિથી જે રીતે શરીરનું રક્ષણ થાય, તેવા પ્રકારના શિક્ષણને **શારીરિક શિક્ષણ** કહે છે.—ભય, શોક, ગ્લાની, ક્ષોભ, અને ત્રાસ વિગેરે મનની લાગણીની અસર શરીરને નુકશાનકારક થાય નહિ, એવા પ્રકારના રક્ષણને **માનસિકરક્ષણ** કહે છે. જેમ જેમ બાળકોની શારીરિક શક્તિ વધતી જાય, તેમ તેમ તેમને શારીરિક રક્ષણ, શારીરિક શિક્ષણ અને માનસિક રક્ષણ આપતા જવું જોઇએ. આ પ્રમાણે નિયમસર સંતાનોનું સંરક્ષણ કરવાથી તેઓ નિરોગી, બળવાન અને મજબુત વગેરે સર્વ પ્રકારે શ્રેષ્ઠ થશે. આ વિષે વધારે વિવેચન વિસ્તારથી સમજ પૂર્વક **"સતીમંડળભાગ ૧ લામાં"** કરેલું છે. તે લક્ષપૂર્વક વાંચી ધ્યાનમાં લેવું અને તે પ્રમાણે વર્ત્તવું. તેથી બાળકો ઉત્તમ થશે. બાળક ઉછેરવા વિષે કહ્યું છે કે;--

ગરબી.

"રમવા આવોનેરે, નરબે થયા નંદલાલ, રમવા આવોનેરે"—એ રાગ.

વિનતી ધારોનેરે, વા'લી એની ધારો ધ્યાન, વિનતી. ટેક.
જો ન ધારો તો નાદાન, વિનતી ધારોને.
બાળ ઉછેરવાં કેવી રીતે, કેમ પાળી પોષી રાખવાં પ્રીતે;
ચોંટાડો કહું તે હું ચિત્તે. વિનતી. ૧
નિત્ય બાળકને પ્રીતે નવરાવો, ધ્યાન રાખી શૈયામાં સુવરાવો;
કોપીને નહિ કતરાવો, વિનતી. ૨
ચોખ્ખું શરીર હમેશાં રાખો, જેવી તેવી શય્યામાં નવ નાંખો;
ભાંડણુ વેણુ ન ભાખો. વિનતી. ૩
પે'રાવવાં પટકુળ નિત્ય સારાં, સાફ કરો ધોઇ લાગે નહારાં;
સુખ પામે બાળ બિચારાં. વિનતી. ૪
હેત હૈયે ધરિને ધવરાવો, ભૂખ્યું થયું એમ મનમાં લાવો;
પણ એમાં નિયમ બજાવો. વિનતી. ૫
ખંત ધરી ખવરાવવું ખાવું, પણ ન એમાંયે નિયમ બા'ર જાવું;
ખવરાવતાં ન ખીજાવું. વિનતી. ૬
હઠ કરે એવી ન ચાલ ચલાવો, માગે જે સારી જણુસ તે મગાવો;
એ રીતે બાળ રીઝાવો. વિનતી. ૭
જો કદી માગે તે જણુસ નઠારી, તો તેને ઠપકાથી રાખવું વારી;

પણ રોવરાવો ન મારી. વિનતી. ૮
કજીઓ કરે એવો બાળને ધારો, અનુભવી ઉપદેશ આપવો સારો;
પીટયો કદી ન પોકારો. વિનતી. ૯
મારવાથી બાળ ડઠ્ઠર થાશે, ઉલટું ધરી ઉર ખેદ ખીજ્નશે;
રીઝાવતાં ન રીઝશે. વિનતી. ૧૦
મારશે એવુંજ મનમાં તે ધારે, બીક બીજી ન ગણે કોઇ વારે;
કંકાસ કરતાં ન હારે. વિનતી. ૧૧
માટે એની નહિ બાળને મારો, શાંતીથી મનવી સુબોધ ઘો સારો;
સુખનો તો આવશે આરો. વિનતી. ૧૨
ઘરમાં ભુંડું કદી વેણુ ન ભાખો, દેખી શીખે બાળ એ ઉર રાખો;
બગડે બાળક ભવ આખો. વિનતી. ૧૩
બાળકને ટેવ બોલેલું બોલે, પેટનો પડદો બધે જઇ ખોલે;
બોલનો તોલ ન તોળે. વિનતી. ૧૪
રમત નીતીની રમે બાળ નિત્યે, ઉપદેશ એવો ઉતારવો પ્રિતે;
ચોંટાડી રાખે ચિત્તે. વિનતી. ૧૫
બાળક રમત રમે જો નઠારી, તો તેને ધમકીથી રાખવું વારી;
નહિ તો હાલત છે અકારી. વિનતી. ૧૬
માતાનો ઉપદેશ હોય જો સારો, તો બાળ ઉઘોગ ન કરે નઠારો;
સુખમાં કાઢે જનમારો. વિનતી. ૧૭
પાઠ નીતીનો અહોનિશ આપો, મન તણો મેલ કળે કરી કાપો;
સુબોધ શાંતીથી સ્થાપો. વિનતી. ૧૮
ગાળ નઠારી કોને નવ દેવી, નિત્ય શિખામણ આપવી એવી;
હાજરી હરનિશ લેવી. વિનતી. ૧૯
ચોરી ચાડીમાં પાતક ભારી, ટેવ એવી નવ રાખે નઠારી;
ઉપદેશ દેવો વિચારી. વિનતી. ૨૦
ઉઠી સવારમાં દાતણ કરવું, માતાપિતાનું વચન શિર ધરવું;
પછિ નિશાળે પરવરવું. વિનતી. ૨૧
નિશાળે જઇને નીતિથી ચાલે, આજ્ઞા ગુરૂની અહોનિશ પાળે;
ઉલટી રીતે ન કો કાળે. વિનતી. ૨૨
શીખે નવું નવું સ્નેહ ધરીને, ઘેર આવે ત્યારે પૂછો ફરીને;
તો જાય નહિ વિસરીને. વિનતી. ૨૩
નિશાળથી છુટીને ઘેર આવે, રમવાનું જો કદી મનમાં તે લાવે;
પણ આજ્ઞા માગીને ભાવે. વિનતી. ૨૪

એવી રીતે બાળને બેની રાખો, તો બાળનો સુધરે ભવ આખો;
લલ્લુ કહે સુખ ચાખો. વિનતી. ૨૫

બાળકોનેધર્મનીતિનુંશિક્ષણકેવીરીતેઆપવું ?

આજગતના ઉત્પન્ન કરનાર પરમ કૃપાળુ પરમેશ્વરે ધર્મનીતિને મનુષ્ય પ્રાણીના હૃદયમંદિરમાં મજબૂત રાખેલી છે, પણ તે મનુષ્યની પ્રકૃતિને આધારે છે. જ્યાંસુધી આદેશને પાશ્ચિમાત્ય કેળવણીનો રંગ લાગ્યો નહોતો, ત્યાં સુધી નીતિ અને ધર્મ પરસ્પર પૂજ્યભાવ અને સ્નેહ ભાવથી વર્ત્તતાં હતાં; પરંતુ તે કેળવણીનો રંગ જેમ જેમ ચઢતો ગયો, તેમ તેમ ધર્મ અને નીતિમાંથી પૂજ્યભાવ અને સ્નેહભાવ અદૃશ્ય થતા ચાલ્યાં. ભેદભાવ ટાળી એકરૂપ થવા મથતાં નીતિ એજ ધર્મ; સિવાય ધર્મને માટે જે છે તે સઘળું ધતીંગ અને ભોળા લોકોને ફસાવી પોતાનું કાર્ય સાધીલેવા માટે છે; એવી રીતે ધર્મ ઉપર કુતર્કરૂપ કાળું વાદળું છાઇ આવ્યું, પણ સત્યનો એવો નિયમ છે કે તેના પર ગમે એટલું આવરણ આવી પડે, તોપણ તેના તેજ વડે તે આવરણને દૂર કરી મૂકે છે, અને પ્રકાશ થઇ રહે છે. આર્યોના પૂજ્ય અને જ્ઞાની ઋષિઓએ ધર્મ અને નીતિનાં સ્વરૂપો જાણી લઇ તેઓને ક્રમાનુસાર ગોઠવ્યાં છે. ધર્મ એ વૃક્ષ રૂપ છે અને નીતિ તેની છાયા રૂપ છે. સૂર્યના તેજથી તપતા માણુસને છાયાનો આશ્રય સુખકારક થશે, પણ જે મિષ્ટ અમૃત ફળો વૃક્ષની ઉપર લટકે છે, તે ચાખવાથી જે આનંદ થાય છે, તે આનંદ આગળ છાયાનો આનંદ તુચ્છ છે, તેવીજ રીતે વ્યવહારમાં મચી રહેલા માણુસને નીતિથી છાયા જેટલું સુખ મળશે, પણ ફળ જેટલું તો નહિજ. જે ધાર્મિક હશે તોજ તે અમૃત ફળના રસનું પાન કરી શકશે. સત્ય રીતે જોતાં નીતિ એ વ્યવહારને માટેજ છે અને વ્યવહારથીજ તેનું પોષણ થઇ શકે છે. કેવળ વ્યવહાર ચલાવવા માટે ધર્મમાંથી નીતિને અંકુર રૂપે બહાર ખેંચી કાઢવામાં આવી છે; તેને જો ધર્મરૂપ આશ્રય નહિ હોય તો તે ટકી શકેજ નહિ. ખરેખર જોતાં ધર્મરૂપી પોતાની માતુશ્રીનો આશ્રય જ્યારે છોડી દે છે, ત્યારે એની સ્થિતિ નાશ પામે છે. નીતિથી વ્યવહારિક ઉન્નતિ થઇ શકે છે અને જ્યાં સુધી આ સ્થૂળ દેહ છે ત્યાં સુધી તેનો આનંદ ભોગવી શકાય છે, પણ ધર્મથી પારમાર્થિક ઉન્નતિ થઇ શકે છે અને તેથી જે સુખ પ્રાપ્ત થાય છે, તે ચિરકાળ સુધી રહે છે, સ્થૂળ અને સૂક્ષ્મ દેહનો નાશ થવા છતાં પણ તે સુખનો નાશ નહિ થતાં અખંડ આનંદ અનુભવાય છે. ખરેખર તેજ સુખ સંપાદન કરવાની સર્વને જરૂર છે, અને તે ધર્મ વડે મેળવી શકાય છે.

(૧) ધર્મનું શિક્ષણ—ઇશ્વરનું અસ્તિત્વ, તેના ઉપર પ્રેમ, તેની પ્રાર્થના પરલોકનો ભય, સ્વજાતિ ઉપર સ્નેહ અને પ્રાણી માત્ર ભાઇ સમાન છે, વગેરે આ સઘળા ધર્મ શિક્ષણના કાર્યો છે. ધર્મપ્રવૃત્તિ ઉત્તમ પ્રકારે નહિ ખીલ્યાથી માણસો સંદેહ વાળાં અને ભ્રાંતિ વાળાં થાય છે. માટે ખરાબ ધર્મમાં વિશ્વાસ હોવો એ સારો છે, પણ નાસ્તિકપણાની બુદ્ધિ ઘણીજ અનર્થ કારક છે. આ-અલ, કુદરતી ન્યાયવાન અને ધીર પ્રકૃતિનાં માણસો નાસ્તિક બુદ્ધિ વાળા હોવા છતાં, પણ નીતિ અને ધર્મ તત્વનું મૂળ છેદન નહિ કરતાં પોતાનાં કામ કરવામાં સમર્થ થાય છે, પણ વગર શીખેલા અથવા થોડું ભણેલાઓ તેવા ભાવવાળા થવાથી હરેક વખતે શરીર, આત્મા, સ્વજન અને જન—મંડળને પાપરૂપ વિષ વાળા બાણથી સદા વિંધે છે. હાલમાં આપણા દેશનાં બાળકો સ્કૂલમાં દાખલ થઇને બાળપણના ધર્મ સંસ્કારો ધીરે ધીરે ભૂલી જાય છે, અને જ્ઞાન વિરૂદ્ધ આગલા વિચારના ઉપર અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. તેને ધર્મ વિષયમાં કોઇ પ્રકારનો ઉપદેશ મળતો નથી. તેથી ભણેલા વર્ગમાં ઘણાક માણસો ધર્મ વિષયમાં બે પ-રવા જોવામાં આવે છે. આવી સ્થિતિ થવી એ બહુજ હાનિ કારક છે. ધર્મ વિ-ષયમાં ઘણીજ ગરબડ થવાથી કોઇ સમાજ કાયમ થઇ શકતો નથી. ધર્મ સંબંધી ઘણા મત ભેદો જોવામાં આવે છે, પણ મૂળ તત્વમાં સર્વનો એક મત જોવામાં આવે છે. ઇશ્વર સર્વ શક્તિમાન છે, તેના ઉપર ભક્તિ રાખવી જોઇએ, તેની સૃષ્ટિ આ જગત્ છે, માણસો ભાઇ સમાન છે, વગેરે આ સાધારણ તત્વો બધાનાં એક સરખાં છે, અને તે સર્વ કબૂલ કરે છે. તેથી તેનું શિક્ષણ આપવું, એ કોઇ સંપ્રદાયને બાધ કરતા નથી. માટે ઇશ્વરની ઉપાસના, માણસ માત્ર ઉપર દયા, અને ન્યાયપૂર્વક વ્યવહાર કરાવવો જોઇએ. તેમ ન કર્યાથી માણસની વર્તણુક સુધારવાના વિષયમાં ખરૂં ફળ મળતું નથી. માટે બાળકનો જન્મ થાય, ત્યારથીજ ઉપર લખેલા નિયમો પળાવવા જોઇએ, અને બાળક સર્વદા પવિત્ર અને સદાચારી માણસોની સોબતમાં રહે, તે માટે વધારે મહેનત કરવી જોઇએ. વળી બાળકોને ધર્મનું શિક્ષણ આપવામાં આપણે પોતે તેવા ધર્મવાળા થઇ પ્રત્યક્ષ દાખલો લે તેમ કરવું જોઇએ. પ્રાણી માત્ર ઉપર દયા કરવી, એમ કહેવા કરતાં તે આપણ-નેજ કોઇ લૂલા, આંધળા વગેરે દુઃખી માણસોને બોલાવી સંતોષતાં જુએ; તેમ-જ આપણે હમેશાં ઇશ્વરની ભક્તિ, પ્રાર્થના કરતા હોઇએ અને તે પ્રત્યક્ષ જુએ. આવી રીતે કરવાથીજ તેમના અંતઃકરણમાં દયાનો સંચાર ઉત્પન્ન થશે અને ત્યારેજ તેને ઇશ્વર પ્રત્યે ભક્તિભાવ ઉત્પન્ન થઇને પ્રાર્થના કરવાની ખરી લાગણી થશે. આપણી જેવી વૃત્તિ તેમની નજરે પડે છે, તેવીજ તેમની વૃત્તિનું ચંચળ પણું ઉપજે છે. માટે જેવું કહેવું તેવુંજ પ્રત્યક્ષ કરી બતાવી, એમના અંતઃકરણમાં સચોટ છાપ પડે તેમ કરો. એમ કરવાથીજ બાળકો ધર્મભાવવાળાં થશે.

(૨) **નીતિનું શિક્ષણ**—નીતિ એ સમાજ સ્થિતિનું કારણ છે. લોકો નીતિ વગરના થવાથી લોક સ્થિતિનો નાશ થાય છે. મિથ્યા ઠગ બાજી, કુસંપ, દ્વેષ, અને હિંસા, વગેરે નીતિ વિરૂદ્ધ લોક નિંદિત કાર્યો જેટલાં વધે છે, તેટલાં જન—મંડળમાં દુઃખ અને પશ્ચાતાપ વગેરે ક્લેશ કારક બાબતોનો વધારો થાય છે. માણસની કામ કરવાની બે પ્રકારની પ્રકૃતિ જોવામા આવે છે. કમાવાની ઇચ્છા અને ભોગવવાની ઇચ્છા. આ સર્વ સુખ મેળવવાની ઇચ્છાને તાબે થઇને માણસો પોત પોતાનું હિત કરવા વળગેલા છે, અને યથાશક્તિ ધન, માન, અને યશ મેળવીને પોતાનો નિર્વાહ કરે છે. કમાવાની ઇચ્છા વગેરેને વશ રાખવી જોઇએ, નહિતો સીમા ઓળંગીને સંસારને હાનિ કરશે. માટે તેમને ઉત્તમ પ્રકારે ખીલવવી જોઇએ અને તેને અનુકૂળ શિક્ષણ આપવું જોઇએ. નીતિની વૃત્તિયો ઉત્તમ પ્રકારે ખીલ્યાથી મનુષ્ય અતિ પવિત્ર રૂપ ધારણ કરે છે. બાળકને નીતિવાન કરવા તેના હૃદયમાં નીતિની સચોટ છાપ પડે એમ કરવું જોઇએ. જૂઠું, છળકપટ, દુરાચાર, દુર્વ્યસન, વગેરે સ ખરાબ છે; માટે તેવી રીતે વર્તવું નહિ, એવા પ્રકારે કેવળ શબ્દદ્વારા ઉપદેશ કરવાથી બાળક નીતિવાળું થશે નહિ, પણ તેને જે કાંઇ શીખવવું તે પ્રત્યક્ષ દૃષ્ટાંત આપીને બતાવવું. કાને સાંભળેલા શબ્દ કરતાં આંખે જોએલાનું જ્ઞાન દૃઢ થાય છે. માટે તેને પ્રત્યક્ષ ઉદાહરણ આપીને ઉપદેશ કરવો. વળી જેમ સંગતનું ફળ મનુષ્ય માત્રને થાય છે, તેમ બાળકને પણ થાયછે. માટે તેમને સારી સોબતમાં રાખવાં જોઇએ. તેમ માબાપે સારાં આચરણ કરી દેખાડવાં જોઇએ; એટલુંજ નહિ પણ સારા આચરણોથી થતા લાભ અને દુરાચરણથી થતા ગેરલાભ બતાવી ઉપદેશ કરતા રહેવું. આવી રીતે કરવાથી છોકરાંઓ નીતિવાળાં થશે. અને માબાપ આસંસારમાં ખરૂં સુખ ભોગવવાને ભાગ્યશાળી થશે. બાળકોને ધર્મનીતિનું શિક્ષણ આપવા પ્રયત્ન કરવો એ દરેક માબાપ અને જન હિતકારી મનુષ્યોનો ધર્મ છે. બાળકને સુધારવા વિષે કહ્યું છે કે;—

ગરબી.

" હાલી હાલો કે'છેરે પ્રભુજી મારી વારે ચડોરે "—એરાગ.

" સંતતી સુધારોરે શાણી બેની સ્નેહથીરે,
એથી તમને લાભ છે અપરંપાર;
સુખી અતી થાશોરે એહને સુધારવેરે,
લેશ બેની તેમાં નથી ફેરફાર. સંતતી. ટેક. ૧
પ્રીતથકી પઢવારે શુભ નિશાળે પાઠવોરે,
ભણે ભાવે ભણતર આણી ઉમંગ;
શીખ એવી દેવીરે હરનીશ હોંશથીરે,
કરવા દેવો નહીં નઠારો સંગ. સંતની. ૨.

વિવેકની વાતોરે તેની પાસે વધુ કરોરે,
જેથી બને વિવેકી પોતા તણાં બાળ;
સુખ અતી પામેરે સૃષ્ટિમાંહી સર્વદારે,
દુઃખ દેખે નહીં બાળક કોઇ કાળ. સંતતી. ૩,
ચોરી ચાડી કરતાં હરનિશ તેને વારવાંરે,
ભણવા દેવું નહિ ભુંડું મુખવેણ;
સાબાશી ચોમેરે વધશે તેથી તમ તણીરે,
સંતતીને શીખ થાશે સુખ દેણ. ” સંતતી. ૪.

માનીશિખામણ.

પ્રિય પ્રમોદ! વ્હાલી મનોરમા! તમો બંને બાળકોને સદ્ગુણી જોઇને મને ઘણો હર્ષ થાય છે. મેં આજ સુધી તમોને ઉછેરવા અને કેળવા જે યત્ન કરેલો, તે સફળ થયેલો જોઇ, હું મને કૃતાર્થ થઇ માનું છું. અને ઇચ્છું છું કે તમારા જેવાં બાળકો દેશમાં સર્વનાં થાઓ. પુત્ર પ્રમોદ! આજે તારી પ્રિય બેન મનોરમા આપણાથી છૂટી પડી સાસરે સિધાવવાની છે. માટે માતા તરીકે મારો જે ધર્મ છે, તે ધર્મ પ્રમાણે મારે તમોને શિખામણ આપવની છે, તે તમો લક્ષ આપી બંને ભાઇ બેન સાંભળો;—પ્રિય બાળકો! આ જગત્‌માં મનુષ્યની જીંદગી ટુંકી અને ક્ષણ ભંગુર છે. તેનો છેડો એકાએક કયારે અને કેવી રીતે આવશે, તેથી આપણે તદ્દન અજ્ઞાન છીએ. માટે જીંદગીનો જેમ સારો ઉપયોગ થાય, તેમ કરવાની અમૂલ્ય તક ખોશો નહિ. પરમેશ્વરે મનુષ્યને જે ઉત્કૃષ્ટ ગુણોથી ભૂષિત કર્યા છે, તેમાં ધર્મ સર્વ કરતાં મોટો છે. પ્રભુએ ભૂમંડળના પ્રાણીઓને ઇંદ્રિય સુખ ભોગવામાં સમર્થ કર્યાં છે, તેમાં મનુષ્યને જ્ઞાન અને ધર્મ લાભના અધિકારી કરીને સર્વ કરતાં શ્રેષ્ટ કર્યા છે. આ બે વિષયમાં સફળ થવાથી મનુષ્યનું યથાર્થ મહત્વ ઉત્પન્ન થાય છે. સુખ જેનું વર્ણન ન થઇ શકે એવો સ્તુતિપાત્ર પદાર્થ છે; પરંતુ ધર્મ સ્વરૂપ—રત્ન જ્યોતિ તેના કરતાં પણ સેંકડો દરજ્જે ઉત્કૃષ્ટ છે. માટે આ ધર્મ રૂપ પરમ પદાર્થનું સ્વરૂપ શું છે અને કયાં કયાં કર્મ યથાર્થ ધર્મવાળાં છે, તેનો બરાબર વિચાર કરી વર્તવું એ મનષ્યનુ સર્વ પ્રકારે શ્રેષ્ટ કર્તવ્ય છે. સાધારણ રીતે કેટલાંક કર્મને સત્કર્મ અને કેટલાંકને અસત્કર્મ કહે છે. ભૂખ્યાને અન્ન આપવું, અજ્ઞાનને જ્ઞાન આપવું, વિપત્તિમાં ફસાયેલા માણસને તેમાંથી ઉદ્ધાર કરવો, ઉપકારીને તેનો બદલો વાળવો; આ સર્વ સત્યકાર્ય છે, અને બીજાની વસ્તુ ચોરવી, બીજાને દુઃખ દેવું, ઠગવું. અને નર હત્યા વગેરે

હિંસા કરવી, આ સર્વને અસત્કર્મો તરીકે મનુષ્યો જાણે છે. માટે અસત્કર્મોનો ત્યાગ કરી સત્કર્મો કરતાં રહેવું જોઇએ.

બાળકો ! કુટુંબના માણસોનું, સગાંવ્હાલાં, મિત્રો અને જન—મંડળનું જેટલું સુખ વધારી શકાય તેનો ઉપાય કરવો, જ્ઞાનોપદેશ અને ધર્મોપદેશ, વગેરે શુભકર ઉપાયોથી સર્વને સુખી કરવાનો યત્ન કરવો. કડવાં વેણ અને કઠોર વ્યવહારથી બીજાં માણસો નિર્થક દુ:ખિત ન થાય તેમ કરવું. ક્રોધને સમાવવો, વિનયને વધારવો, કોઇનો યથાર્થ દોષ કહેવાની વેળાએ મુખથી નીઃરસ શબ્દ નહિ કાઢતાં દયા અને વાત્સલ્ય ભાવનો પ્રકાશ કરવો. રોગી અને ગરીબની ઝુંપડીમાં જઇને તેઓનાં દુ:ખરૂપી અગ્નિમાં દિલાસા રૂપી શાંતિ જળનું સીંચન કરવું, ઇત્યાદિક રીતે સર્વનું કલ્યાણ કરવું અને સુખ આપવાનો યત્ન કરવો. ગુણી, માની, વિદ્વાન, ધાર્મિક, અને રાજા વગેરે જેનો જેટલો ઉત્કૃષ્ટ ગુણ જોવા કે સાંભળવામાં આવે છે, તેટલી તેના ઉપર શ્રદ્ધા, માન અને ભક્તિ ઉત્પન્ન થાય છે; પરંતુ એ સર્વ કરતાં વધારે શક્તિવાન, અપાર ગુણવાન અને અપાર માન ને યોગ્ય પરમ કરૂણાકર મંગળમય પ્રભુ જેવો ભક્તિને પાત્ર છે, તેવો બીજો કોઇ પણ નથી. માટે તેની આશ્ચર્ય કારક અગાધ શક્તિ વગેરેનો વિચાર કરીને નિરંતર તેની ભક્તિ કરતા રહેવું એ મુખ્ય કર્તવ્યછે.

પ્રિય બાળકો ! શરીરની સુખાકારી ના કરતાં બીજો સુખનો વિષય એકે નથી. શરીર અસુખાકારીમાં હોય તો શારીરિક અને માનસિક કોઇ જાતનાં સુખ ભોગવી શકવાને સમર્થ થઈ શકાતું નથી. શરીર અને મનનો એવો નિકટ સંબંધ છે કે, શરીર તનદુરસ્ત અને સબળ હોય તો મનપણ તનદુરસ્ત અને સ્ફુર્તિ વાળું થાય છે, તેમ મન સતેજક અને પ્રફુલ્લ થવાથી શારીરિક તનદુરસ્તી પણ ઘણીજ સહજ થાય છે. બેઉની સુખાકારી એ બેઉને લાભકારકછે અને બેઉની અસુખાકારી એ બેઉને હાનિકારક છે. મન શોકાતુર થવાથી શરીર પણ દુર્બળ થાય છે અને શરીર પીડિત થાય છે, તો મન કંટાળેછે, ક્રોધાયમાન થાય છે અને કાંઇ પણ આનંદકારી લાગતું નથી. માટે જીવનના રક્ષણ માટે, કુટંબના પાલન કરવા માટે, પરોપકાર કરવા માટે અને પરમ પિતા પ્રભુની ભક્તિ કરવા માટે, તન દુરસ્તી મેળવવા પ્રયત્ન કરતા રહેવું. પ્રેમભાવથી મોહોલાના સર્વ માણસોના ભલાનો વિચાર કરવો. પ્રેમી થવાથી તમે જોશો કે પાડોશીઓ તમારે માટે દુ:ખી થશે અને તમારા દુ:ખથી તેઓની આંખમાંથી પાણી પડશે. માટે પ્રેમ અને સ્વાર્થ ત્યાગ એજ વશીકરણ મંત્ર છે. આમંત્રથી આડોશી પાડોશીનાં હૃદય અને મનને હરણ કરવાં જોઇએ. પરોણા—અતિથિનો અસંકોચ મનથી અન્ન પાનાદિક વડે સત્કાર કરવો, સરળ મનથી મળવું અને સૌજન્ય દેખાડવું જોઇએ. જન—મંડળમાં રહીને બીજા સાધારણ મનુષ્યની વિદ્યા, બુદ્ધિ અને ધર્મ વગેરે

સર્વ વિષયની ઉન્નતિ કરવાનો યત્ન કરવો; એ સર્વ પ્રકારે કર્તવ્ય છે. પોતાનું અને પોતાના કબીલાનું ભરણપોષણ કરીને ચૂપ થઈને બેસવું એ મનુષ્યનું કર્તવ્ય નથી. માટે પોતાનાં નિત્યનાં કર્મ સંપૂર્ણ કરીને જેટલો વખત મળે, તેટલો વખત સ્વદેશની દ્રવ્ય વૃદ્ધિનો યત્ન કરવા બુદ્ધિનો ઉપયોગ કરવો, એ મનુષ્યનું અવશ્ય કર્તવ્ય કર્મ છે. આપણા ભારતવર્ષની ઉન્નતિ થતી નથી તેનું કારણ શું? તેનું મુખ્ય કારણ એકતો એછેકે,—આ દેશના સર્વ લોક જે જ્ઞાન મેળવે છે, તે પ્રમાણે ચાલતા નથી. એમનું સર્વ ડહાપણ ભાષણોમાંજ, કૃતિમાં કાંઈ નહિ. એ કારણથી આપણા દેશના લોકો વિષે આવોજ અભિપ્રાય થઈ ગયો છે કે, " એમને ચાલવા કરતાં બોલવાનું વધારે આવડે છે. " સર્વ જ્ઞાન અને ઉપદેશ મેળવ્યા પછી જો તે પ્રમાણે કાર્ય થાય નહીં, તો તે સર્વ જ્ઞાન અને ઉપદેશનું કાંઈ પણ ફળ નહિ. માટે તમો બંને જ્ઞાન અને ઉપદેશ મેળવી તે પ્રમાણે કાર્ય કરવા યત્ન કરજો. સમય એ અમૂલ્ય ધન છે. જીંદગીનાં સર્વ કાર્ય સમય ઉપર આધાર રાખે છે. માટે વખતનો ઉપયોગ બહુજ સાવધતાથી કરવાનો છે. ગયો વખત પાછો આવતો નથી, જેટલી ઉમ્મર વધે છે, તેટલો જીવનનો વખત જાય છે અને તેટલા આપણે મૃત્યુની પાસે જઈએ છીએ. એ કારણથી જેટલા દિવસ આ પૃથ્વી ઉપર રહીએ તેટલા દિવસ સત્કર્મોમાં સમય ગાળવો. વખત અને જીંદગીમાં કાંઈ ફેર નથી એમ કહીએતો ચાલે; કારણ કે વખત મળીને જીંદગી થાય છે. જે થોડો ઘણો વખત સત્કર્મમાં જાય તેજ જીવન, અને જેટલો વખત આળસમાં જાય તે મૃત્યુ. કોઈ માણસે સો વર્ષ જીવીને પાંચ વર્ષજ સત્કર્મ કર્યાં હોય, તો તે પાંચ વર્ષ જીવ્યો કહેવાય. માટે વખત નકામો ગાળવો એ પોતાના પ્રાણનો ઘાત કર્યા જેવું છે. માટે બને તેટલો વખત સત્કર્મમાં ગાળવો.

પુત્રી મનોરમા ! તને મેં બોધમેં સમજાવેલ છે, તોપણ તારે આજે સાસરે જતાં મારે તેમાંનું કેટલુંક ફરી આ વખતે યાદ આપી કહેવું જોઈએ કે, તું નિત્ય નિદ્રામાંથી પરોઢીએ ઉઠી ઇશ્વરને યાદ કરી દંતધાવન વગેરે કરજે, પછી સ્નાન કરી જે પરમ પિતાની કૃપાથી રાત્રિ નિર્વિઘ્ને કાઢી તેનું સ્મરણ કરી ઉપકાર બતાવજે, અને પછી ભોજન કરી બીજી સ્ત્રીઓની પેઠે નિદ્રા અને વૃથા વાતમાં વખત ગુજારીશ નહિ, પણ વાંચવા લખવા, શીવવા ભરવા, કે ગુંથવાનો મહાવરો રાખજે. વચ્ચમાં જરા આરામ લેતી રહેજે, પછી સાંજનાં ગૃહકાર્ય અને ભોજન કરી શય્યા તૈયાર કરજે, તે પછી પતિ સાથે વાત વિનોદમાં કે વાંચવામાં ગુજારજે. રાત્રે નિદ્રાવશ થતાં પહેલાં જગત્પતિનો આખા દિવસના સુખને માટે શ્રદ્ધા ભક્તિ સહિત ઉપકાર માનજે, અને અજાણતાં કંઇ પણ પાપ જેવું થયું હોય, તો તેનો પશ્ચાતાપ કરી તેની પ્રાર્થના કરજે, કે તે તને પાપથી મુક્ત કરે. તે પછી વખતસર શયનગૃહમાં જઈ પ્રભુ ઉપર વિશ્વાસ

રાખી નિર્ભયપણે નિદ્રાવશ થજે. એ રીતે વખતનો ઉપયોગ કર્યાથી તું પાપથી દૂર થઇને દિન પ્રતિદિન ધર્મ પથમાં આવશે.

પુત્રી ! કોઇ વખતે ગીત કે ગાયન ગાવા જેવી રૂડી અને મનને આનંદ પમાડે એવી બાબતપર લક્ષ રાખતી રહેજે. સ્ત્રી જાતિમાં કુદરતી રીતેજ ગાવાની સારી હલક હોય છે. ગાવાને પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે લાયક ગણાય છે. માટે એ લાયકી ભરેલો ગાવાનો હુન્નર મેળવવામાં કસર રાખીશ નહિ. જો સંજોગ બને અને તારા પતિની મરજી હોય તો જુદા જુદા રાગની પેટીઓ (હારમોનિયન, પ્યાનો વગેરે.) અને એવાજ રાગનાં બીજાં વાજીંત્રો બજાવતાં શીખજે; પરંતુ યાદ રાખજે કે આખા દીવસની સંસારની જંજાળમાંથી પરવારીને ઘરમાં આવેલા પતિને મીઠી હલકનાં મધુર ગાયનથી રંજન કરવામાં જેટલી તું ઉપયોગી થઇ પડશે, તેટલી બીજા કશાથી થવાની નથી. માટે તું તારા પતિને ગાયન વગેરેથી રંજન કરવાની ઘણી કાળજી રાખજે.

પુત્રી ! મનુષ્ય જેવું સદ્ગુણથી શોભે છે, તેવું ઘરેણાં લુગડાંથી શોભતું નથી. સદ્ગુણ હોય તો ગમે તો સારાં ઉચ્ચાં વસ્ત્ર અને ઘરેણાં પહેર્યાં ન હોય, તોપણ તે શોભિ નીકળી સર્વ ઠેકાણે વાહ વાહ કહેવરાવે છે. ઉત્તમ વસ્ત્રાલંકાર પહેર્યા હોય અને પોતે દુર્ગુણી હોય, તો તે સર્વ ઠેકાણે અપમાન અને ધિક્કારને પામે છે. માટે તું સારાં લુગડાં ઘરેણાં પહેરવા તરફ ખંત નહિ રાખતાં સદ્ગુણથી દીપાવવાની ખંત રાખજે. કેટલીક સ્ત્રીઓ દેખાદેખી સારાં સારાં લુગડાં ઘરેણાં પહેરવા પાછળ ખંત રાખે છે, એટલુંજ નહિ પણ ફલાણી જાતનુંજ અને આવું ઉંચુંજ લુગડું પહેરવું અથવા ફલાણી જાતનુંજ ઘરેણું ઘડાવીએ તો ઠીક, એવી ટેવ રાખી ધણીને પજવે છે અને નકામાં ખર્ચના બોજાતળે ઉતારે છે. માટે તું એવી ટેવ રાખીશ નહિ અને ધણીને પજવી એવા નકામા ખર્ચના બોજાતળે ઉતારીશ નહિ. માત્ર મર્યાદા દાખલ અને સુઘડતાઇને ખાતર જેમ બને તેમ સાફ સ્વચ્છ અને સ્થિતિને અનુકૂળ મર્યાદા જળવાય એવાં લુગડાં પહેરજે.

પુત્રી ! તારી બેનપણીઓ પસંદ કરવામાં ઘણીજ સંભાળ રાખજે. જે ગુણવાન, ડાહી, વિવેકી, અને નીતિવાન વગેરે સદ્ગુણી અને સારાં સ્વભાવની હોય, એક બીજાની વાત પેટમાં રાખી શકે એવી સમજણી હોય, તોછડી ન હોય, એક બીજાના કામમાં ભાગ લે એવી હોય, જેની કીર્ત્તિ સારી હોય, કોઇ ઠેકાણે નિંદાતી ન હોય, ચાલચલણ જેનાં વખાણવા લાયક ગણાતાં હોય, વગેરે સદ્ગુણ જોઇ પરીક્ષા કરીને બેનપણી કરજે, જો કોઇ પ્રકારે તેના વિષે વહેમ પડે તો તેમની સોબતથી દૂર રહેજે.

પુત્રી ! તારૂં શરીર અને કપડાં સ્વચ્છ રાખજે, સ્વચ્છ રહેવાથી શરીર

આરોગ્ય રહે છે, મન આનંદમાં રહે છે અને આયુષ્યની વૃદ્ધિ થાય છે. ઘર, શરીર, અને કપડાંની સ્વચ્છતા અને અસ્વચ્છતા વગેરેપરથી મનુષ્યની ચતુરાઇ અને પવિત્રતાઇ વગેરેની પરીક્ષા થઇ શકે છે. માટે તું હમેશાં ઘર, શરીર, કપડાં અને રાચરચીલાં વગેરે સામગ્રી સ્વચ્છ અને સુંદર રાખવા કાળજી રાખજે.

પુત્રી! આ મારી સર્વ શિખામણ ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તતી રહેજે, અને સર્વ ઠેકાણે તારા સદ્‌ગુણથી વાહ! વાહ! કહેવરાવી મારા મૂખને ઉજવળ કરજે. તેથી તું સુખી થઇને તારા જીવનનું સાર્થક કરી શકીશ.

પુત્રી! તારે આખો ભવ તારા પતિ અને સાસુ સસરા સાથે ગાળવાનો છે અને એજ તારાં વધારે વાસ્તેસરી છે. જો કે તે વિષે મેં તને શિક્ષણ આપેલું છે, તોપણ આજે તને ચાલતી વખતે મારે છેવટ વધારે ભાર દઇ એ વિષે જે કહેવાનું છે તે તું સાંભળ;—

પુત્રીશિક્ષા.

"આજ હોંતલ રાયનાં કુંવરીને શણગારો સજની"—એ રાગ.

શાણી તું સીધાવતાં સાસરે, શુંણુ ડાહી દીકરી;
શુંણુ ડાહી દીકરી, નીતી ભરી, શીક્ષા ખરી,
દઉં આ ઘડી, મોદ ભરી.
શીળવંતી થાજે સલક્ષણી, શુંણુ ડાહી દીકરી. શાણી. ટેક.
સાસુ સસરાની પ્રીતે, સેવા કરજો શુભ રીતે;
બેટા કંઇ કામ બતાવે, કરીએ તે પૂરા ભાવે;
(એતો હું સૌ સમજું છું)
ભણીએ ના કો દી નકારોરે, શુંણુ ડાહી દીકરી. શાણી. ૧
વારૂ પડે જો કંઇ વાંક, છાનો નવ રાખીએ ટાંક;
પૂત્રી પણુ દાસત્વ દાખી, મૂખેથી માગીએ માફી;
(માજી મને નહિ કેવું પડે)
જેથી લાગીએ સૌને પ્યારારે, શુંણુ ડાહી દીકરી. શાણી. ૨
વડીલના સામે વાં'લી, ઉંચા સ્વર વડે ઉચ્ચારી;
બોલીએ ન મીઠી મારી, સુ વિનય વીવેક ધારી;
(માજી હું આપની કેળવેલી છું)
માનીએ સૌની મરજાદરે; શુંણુ ડાહી દીકરી. શાણી. ૩
શીખામણુ દેતાં સારી, ધરીએ ન દ્વેષ લગારી;
સૌને મદ ટાળી તમામ; બોલાવીએ મોટે નામ;
(માજી એ તો મા તેવીજ દીકરી હાં!)
કરીએ ન વાદ વિવાદરે, શુંણુ ડાહી દીકરી. શાણી. ૪

બેટા દૂરીજનથી બીજે, સાહેલી કુસંગ ન કીજે;
સ્વામી આદે સૌને જમાડી, પછી જમવું નીત દાડીઃ
(મારાં વા'લાં માજી બહુ સારૂ)
સૌને સૂવાડી જો શયનરે, શુંણુ ડાહી દીકરી. શાણી. ૫
પતીને પ્રભૂ તુલ્ય જાણી, સેવા કરજે તું શાણી;
બોલાવે જો પ્રીય પ્રાણુ, હાંજી કહી વદીએ વાણુ;
(માજી હું કદાપી નહિ ભૂલું)
સતીનો એ ધર્મ પાવનરે, શુંણુ ડાહી દીકરી. શાણી. ૬
સ્વામીને શરણે રૈયે; ઇચ્છાવીણ ક્યાંએ ન જૈયે;
નેહે નાથજીને નીહાળી, રાજી રાખીએ મારી વ્હાલી;
(માજી આપની શીખામણ અમૃત તુલ્ય છે)
ગણી તન મન ધન તમામરે, શુંણુ ડાહી દીકરી. શાણી. ૭
છે તું પૂત્રી પઢેલી, નીતી રીતીમાંય ઠરેલી;
માટે કરીને સુભ કાજ, વધારજે વૃદ્ધની લાજ;
(વારૂ માજી પણ મને વેલી તેડાવજો હાં !)
જેથી રાજી રે' રૂડા રામુરે, શુંણુ ડાહી દીકરી. શાણી. ૮

માતુસ્તોત્ર.

"ગોકુળીએ લઇ ચાલો, ઓધવરાજ અમને" એ રાહ.

પ્રણમું પ્રણમું હે માત તમને, ચરણ કમળ શીશ નામી. પ્રણમું. ટેક.
લઘુ વયમાંથી મૂને કિધ મોટી, સંકટ સહન કર્યાં મા કોટી;
જ્યારે હુંય હતી છેક છોટી, પ્રણમું માત તમને.— ચરણ. ૧
લાખો તેં લાડ લડાવ્યાં કોડે, આપ્યું આણીને માગ્યું મેં જે મો'ડે;
મૂને પોષી મા પૂત્રની જોડે. પ્રણમું— ચરણ. ૨
પાંચ વરસની હું થઇ જ્યારે, માડી બેસાડી નીશાળમાં ત્યારે;
મૂને ભણવા ધરી ભાવ ભારે. પ્રણમું— ચરણ. ૩
ભાવ થકી ભલી વીદ્યા ભણવી, ટેવ નઠારી તમામ તજાવી;
આપી સાચું ઘરાણું શોભાવી. પ્રણમું— ચરણ. ૪
લોકની નીંદા ન લેશ ગણીરે, જેથી ભલી વીધ હુંય ભણીરે;
ગુણ તારા શકું શું ગણીરે, પ્રણમું— ચરણ. ૫
પામર સ્થીતી છતાં માત મારી, સંકટ વેઠી શરીર અપારી;
મૂને કેળવી કીધ આભારી, પ્રણમું— ચરણ. ૬
મારો સુધાર્યો તમે જનમારો, આભાર એ અગણીત તમારો;

નહીં પૂત્રી થકી વળનારો. પ્રણમું-- ચરણ. ૭
નામ "દીવાળી" અતીચળ રાખ્યું, માડી મુને તેં અક્ષય ધન આપ્યું;
દુખ આ દિન પૂત્રીનું કાપ્યું; પ્રણમું-- ચરણ. ૮
સુધા સમાન આ શિક્ષા તમારી, માજી કહો કેમ જાય વીસારી;
પૂરી પુત્રીને કીધ આભારી. પ્રણમું-- ચરણ. ૯
આપની શિક્ષા મેં ઉર ઉતારી, વાલાં માજી વીસરૂ ના લગારી;
ઉચરૂ સત્ય આગળ તારી. પ્રણમું-- ચરણ. ૧૦
વીનયવડે ઉચરી મુખ હાજી, રાખીશ સૌનાં સદા મન રાજી;
મુને કે'વું પડે નહી માજી. પ્રણમું-- ચરણ. ૧૧
આ જે ભણી હું તે કરૂણા તમારી, મારે માટે સહ્યાં સંકટ ભારી;
ભૂલે પા'ડ એ પૂત્રી નહારી. પ્રણમું-- ચરણ. ૧૨
પ્રેમથી પત્ર પાડવજો માતા, જાણી કુશળ પામું સુખ શાતા;
રખે માવડી વીસરી જાતાં. પ્રણમું— ચરણ. ૧૩

ઉત્તમવરકન્યાશોધવાનીરીત.

આ જગતમાં જન્મી શારીરિકબળ, બુદ્ધિ, આયુષ્ય અને સુંદરતા વગેરેમાં ઉત્કૃષ્ટ થવું હોય અને વંશમાં તેવાં ઉત્કૃષ્ટ બાળકો પેદા કરી સર્વ પ્રકારનું સુખ ભોગવવું હોય તો—પ્રથમ ઘણીજ સાવચેતીથી લગ્ન સંબંધ જોડવો જોઇએ, લગ્ન સંબંધ જોડતાં પહેલાં પ્રથમ વરકન્યાના વંશની, તેના માબાપની અને પછી વરકન્યાની પરીક્ષા કરી જોઇએ. આ પરીક્ષા પરસ્પર વરકન્યાએ, માબાપે અથવા સગાં વહાલાંઓએ કરવાની છે. જો પરીક્ષા કરવામાં બે દરકાર રહી ભૂલ કરવામાં આવશે અને લાકડે માંકડું વળગાડી દેવામાં આવશે, તો આખી જીંદગી ખરાબ થઇ પસ્તાવા જેવું થશે. પ્રાચીનકાળે આ વિષે બહુ બારીક તપાસ કરવાનો રિવાજ હતો; પરંતુ અર્વાચીન અજ્ઞાનતાથી એ વિષે બહુ તપાસ કે વિચાર કરવામાં આવતો હોય એવું જણાતું નથી; એ ઘણા ખેદની વાત છે. માત્ર એક દિવસના સુખને માટે બજારમાં શાક લેવા જઇએછીએ; તો સારા નરસાનો વિચાર ને તપાસ કરી, જે સારૂં હોય તે ગ્રહણ કરીએ છીએ, પણ આતો આખી જીંદગીના સુખનો વિચાર કરવાનો છે, તેમાં લોકો બેદરકાર જોવામાં આવે છે એ બહુજ હાનિકારક છે. ઉત્તમ ઝાડનાં ફળ ઉત્તમ થાય અને નિસ્તેજનાં નિસ્તેજ થાય એ સ્વાભાવિક છે, તેમ લાંબી ઉમ્મરનાં, બળ, બુદ્ધિમાં શ્રેષ્ટ, ધાર્મિક અને નિરોગી માબાપનાં બાળકો તેના જેવાં થાય અને તેથી ખરાબ ગુણવાળાનાં

ખરાબ થાય છે. માટે પ્રથમ વરવાળાએ કન્યાના વંશની, તેના માબાપની અને પછી કન્યાની પરીક્ષા કરવી જોઇએ. પછી કન્યા વાળાએ વરનાવંશની, તેના બાપની અને પછી વરની પરીક્ષા કરવી જોઇએ. જો કે “સતીમંડળ ભાગ. ૧લામાં” “પતિ તરીકે કેવા પુરૂષને પસંદ કરવો ?” “પત્ની તરીકે કેવી કન્યા પસંદ કરવી” “કન્યાની દૈવ પરીક્ષા” એ વિષયોમાં જાણવા યોગ્ય ગુણ, લક્ષણો અને ચિન્હો વગેરે આપેલાં છે; પરંતુ તેમાં જે બાબત આવેલી નથી; તે આ નીચે ઉપયોગી ધારી આપેલી છે;

(૧) વંશપરીક્ષા—વંશના ગુણ અને રોગ વગેરે વારસામાં ઉતારવાનો ઘણુંકરી સંભવ રહે છે. માટે વંશ પરીક્ષા નીચેના નિયમે કરવી જોઇએ.

(૧) વરકન્યાના પૂર્વજો વિદ્યા, ખ્યાતિ અને ધર્મ વગેરેમાં ઉત્તમ હતા કે નહિ. (૨) વરકન્યાના વંશમાં ઉતરતો—ક્ષય, કોઢ, ગરમી, હરસ, ઉન્માદ, ફેફરૂં હિસ્ટીરિયા અને મધુપ્રમેહ વગેરે કોઇ રોગ હતો અથવા છે કે નહિ. (૩) વરકન્યાના માબાપના વંશમાં લાંબી ઉમરે કે ટુંકી ઉમરે મરણ પામે છે, તે જાણવું જોઇએ; કેમકે તેથી તે વધારે વર્ષ અગર થોડાં વર્ષ જીવશે તેનું અનુમાન થઇશકેછે.

(૨) માબાપની પરીક્ષા—વંશની પરીક્ષા કર્યા પછી તેમના માબાપની પરીક્ષા કરવી જોઇએ; કેમકે માબાપના જેવાં છોકરાં થવાનો સંભવ રહે છે. માટે નીચેના નિયમો ધ્યાનમાં રાખવાના છે.

(૧) કન્યાનીશોધનીબાબતમાં—માત્ર પિતાનું શરીર અને વિદ્યા, બુદ્ધિ આદિ પ્રકૃતિ જોઇ સંતોષ પામવાનું નથી, પરંતુ વધારે માતાના શરીરની અને પ્રકૃતિની ખાત્રી કરવી જોઇએ, કેમકે કન્યા માતાના ગુણ ઘણું કરીને ગ્રહણ કરે છે. (૧) માતા કેટલી મુદતે ગર્ભ ધારણ અથવા ગર્ભ પાત કરે છે તે જાણવુ જોઇએ; કેમકે મા જો ૫ કે ૭ વર્ષે ગર્ભ ધારણ અથવા ગર્ભપાત કરતી હશે, તો કન્યાએ પણ તેજ નિયમે ગર્ભ ધારણ અથવા ગર્ભપાત કરવાનો સંભવ છે. (૨) માતા કેટલી ઉમ્મરે ઋતુમતી થયેલી તે જાણવું જોઇએ; કેમકે કન્યા પણ તેજ નિયમે ઋતુ મતી થવા સંભવ રહે છે. (૩) માતા દયાળુ, નીતિવાન, પતિ પ્રેમી, ધાર્મિક, બુદ્ધિશાળી, હિંમતવાન અને કરકસરવાળી વગેરે સદ્દગુણી છે ? કે કજીઆળી, ચોરટી, વ્યભિચારણી, નિર્દય. નાસ્તિક, ક્રુર, અને બુદ્ધિહીન વગેરે ખરાબ વર્તણુંકની છે ? તે જોવું જોઇએ; કેમકે કન્યાની અંદર માતાના ગુણ દોષ ઉતરવાનો વધારે સંભવ છે. (૪) મા શરીરે રોગી છે કે નિરોગી ? દુબળી છે કે મજબુત બાંધાની ? વગેરે ખાત્રી કરવી જોઇએ; કેમકે માતાના શરીરની તાસીર કન્યાની અંદર ઉતરવાનો સંભવ છે.

(૨) વરનીશોધબાબતમાં—વરના પિતાનું શરીર અને મનની પ્રકૃતિ કેવી છે ? તે જાણવું જોઇએ; કેમકે પિતાના ગુણ પ્રમાણે પુત્ર ઘણું કરી થાય છે. માટે

વરના પિતાની પરીક્ષા કરવી જોઈએ. (૧) વરનો પિતા જો પોતાની સ્ત્રી પ્રત્યે અણગનાવ અને પ્રેમ વિનાનો જોવામાં આવે, તો તેના પુત્રને પણ પોતાની સ્ત્રીના ઉપર પ્રેમ ઉપજવાનો થોડો સંભવ છે. (૨) પિતા લંપટ, દારૂડીઓ, ચોર, વ્યભિચારી, નાસ્તિક, નિર્દય, ક્રુર. અને ક્રોધી વગેરે ખરાબ વર્તણુકનો હશે, તો તેનો પુત્ર પણ ઘણુંકરી તેવોજ થવાનો સંભવ છે. (૩) પિતા જો ધાર્મિક, નીતિવાન, દયાળુ, બુદ્ધિશાળી, વિદ્વાન, સત્યવાદી, પરોપકારી, અને ઉદ્યોગી હશે તો પુત્ર પણ ઘણુંકરીને તેવોજ થાય છે. (૪) પિતા શરીરે મજબૂત, નિરોગી અને બળવાન હશે, તો પુત્ર પણ ઘણુંકરી તેવોજ થવાનો સંભવ છે. (૫) વરકન્યાના માબાપ અને તેના કુળમાં ઉપર જણાવેલા કોઇ પણ જાતના દોષ હોવા જોઇએ નહિ; પરંતુ કોઇ પણ પ્રકારના દોષ વિનાનું કુળ મળવું કઠણ છે, તોપણ જેટલા દોષ ઓછા હોય તેમ વધારે સારૂં છે. (૬) વરકન્યા બેઉના કુળમાં એકજ પ્રકારના દોષ હોવા જોઇએ નહિ; કેમકે વરકન્યા બેઉ એકજ પ્રકારના દોષવાળાં સાથે જોડાવાથી ઘણીજ હાનિ થાય છે.

(૩) **વરકન્યાનીપરીક્ષા**—ઉપરની પરીક્ષા કર્યા પછી વરકન્યાની શારીરિક અને માનસિક પરીક્ષા કરવી જોઇએ. **શારીરિકબાબતમાં**—તનદુરસ્તી, અવયવ, ધાતુ (વાત, પિત, કફ અને મેદ તથા લોહી.), સૌંદર્ય—રૂપસુંદરતા અને ઉમરનો તપાસ કરવો. **માનસિકબાબતમાં**—ચરિત્ર—આચરણ. વિદ્યા, બુદ્ધિ અને ધર્મભાવ, એ વિષે તપાસ કરવો જોઇએ. (૧) **તનદુરસ્તીનાં લક્ષણ**—જેઓ થાકયા વગર શરીર અને મનની ઘણી મહેનત કરી શકતાં હોય અથવા તેવી મહેનતથી થાક ચઢયો હોય, તો તે થાક તરત દૂર કરી શકતાં હોય, ક્રોધ વગેરે મનના વિકારોને ઉત્પન્ન થવા ન દેતાં, મન વશ રાખી શકતાં હોય, ઇંદ્રિયવૃત્તિયો વશ રાખતાં હોય, દુષિત અને ઝેરી પદાર્થોથી દૂર રહેતાં હોય, શીતળા અને મેલેરિયા વગેરે ઉડતા રોગની તરત અસર થતી નહોય, વગેરે એવાં લક્ષણવાળાં વરકન્યા તનદુરસ્ત રહેવાનો સંભવ છે. (૨) **અતનદુરસ્તીનાંલક્ષણ**—જેનું અંગ ઘણું મોટું, ઘણુંજ પાતળું, હાડકાનો માળો અને તેની બનાવટમાં દોષ, ખાવાપીવા, પહેરવા અને હવાના ફેરફાર વગેરે સામાન્ય કારણથી શરીર અને મન બગડી આવે, થોડીક મહેનત કરવાથી પણ થાક ચઢી આવે અને થાક લાંબી મુદતે ઉતરે. સહજ કારણથી ક્રોધ, શોક અને દુઃખ ઉત્પન્ન થઇ આવે; શીતળા, મેલેરિયા, વગેરે ઉડતા ચેપી અને ઝેરી રોગની અસર સ્હેજ કારણથી લાગુ પડી આવે. આ સર્વ લક્ષણો વાળાં વરકન્યા તનદુરસ્ત રહેતાં નથી. વરકન્યામાં બીજા બધા ગુણ હોય, પણ આરોગ્યતા વિનાનાં હોય, તો તેઓ સંબંધ કરવાને યોગ્ય નથી; કેમકે મનુષ્યની અસુખાકારીનો દોષ તેના શારીરિક અને માનસિક ઘણી જાતના ગુણોને નકામા કરી નાંખે છે. (૩) અવ-

યવનોવિચાર—શરીરના કોઇ ભાગ સંબંધી કોઇ દોષ--લૂલો, આંધળો, બેહેરો, ખુંધો, અને મુંગો, વગેરે આ દોષ કુદરતી હોય અથવા જન્મ્યા પછી કોઇ રોગને લીધે થયા હોય, અને તે જો કાયમ હોય, તો શરીરની ખુબસુરતી અને શરીરની સ્વાભાવિક ક્રિયામાં હાનિ થાય છે. (૪) **ધાતુનોવિચાર**—(૧) **વાતપ્રકૃતિનાંચિન્હ**—વાયુપ્રકૃતિના વરકન્યાનું શરીર—કૃશ, ઉંચાઇ મધ્યમસર, માથું શરીરના પ્રમાણમાં મોટું, કપાળ મુખમંડળના પ્રમાણમાં નાનું, રંગ ફીક્કો અને લોહી વગરનો, આંખ ગાઢ કાળા રંગની, વાળ જાડા અને કાળા, મુખમંડળ ચંચળ, ચામડી પ્રબળ સ્પર્શાનુભવવાળી, માંસના લોચા કઠણ, જલદી ચાલનાર, લોહી ઝડપથી ફરવાને લીધે માથું ગરમ અને હાથ પગ ઠંડા, કોઇનું માથું અને શરીર ઠંડું તથા હાથ પગ ગરમ; આ સર્વ વાયુ પ્રકૃતિનાં ચિન્હ છે. આ પ્રકૃતિના માણસમાં ન્યાયાન્યાયનો વિચાર કરવાની સૂક્ષ્મ બુદ્ધિ હોય છે, પરંતુ વિચાર કામમાં આણવાનું મુશ્કેલ ભરેલું સમજે છે. સર્વ કામ જલદીથી કરે છે, ઠંડી અને ગરમી સહન કરી શકે છે, બીજી ધાતુવાળાનાં જેટલા ઉમરે વધતા નથી. આ પ્રકૃતિનાં માણસોને—અજીર્ણ, બંધકોષ, ઝાડા થવા, પેટની વેદના, શરીરની પીડા, ન્યુમોનિયા અને ઉન્માદ ઇત્યાદિ રોગ થવાનો સંભવ છે. (૨) **પિતપ્રકૃતિનાંચિન્હ**—આ પ્રકૃતિવાળાના શરીરના ભાગ અને મુખમંડળ સુગઠિત, માંસના લોચા કઠણ, રંગ કાળો, અને લોહી ફરવાની ક્રિયા સારી, સ્થિરભાવના, અને ઉત્સાહી હોય છે. શારીરિક અને માનસિક ઘણી મહેનત કરવાને શક્તિ ધરાવે છે. આ પ્રકૃતિવાળાને--અજીર્ણ, પિત્તની પિડા, હરસ, ઇત્યાદિ રોગ થવાનો સંભવ છે. (૩) **કફઅનેમેદપ્રકૃતિનાંચિન્હ**—આ પ્રકૃતિવાળાનું શરીર ઘણુંજ જાડું, માથું મોટું, હાથ મોટા, હાથની પોચી મોટી, હાથની હથેળી મોટી, અને શરીરના બીજા સાંધા મોટા તથા જાડાં હોય છે. તેની ચામડી કોમળ, રંગ સ્વચ્છ, આંખો ચળકતી પીળી, અને ભુરા રંગની હોય છે. વાળ અને રૂવાડાં ઘણાં બારીક અને સ્વચ્છ હોય છે. હોઠ જાડા અને લોહી વગરના હોય છે. મુખમંડળ મોટું, શરીર ભારે, દાંત સ્વચ્છ સફેદ હોય છે. આ પ્રકૃતિવાળાનું યૌવન ધીરે ધીરે ખીલે છે, વિચારશક્તિ મંદ હોય છે, બોલવાની ઇચ્છા થોડી હોય છે, સ્મરણ શક્તિ ઉત્તમ હોય છે, વિવેકશક્તિ ઘણી હોય છે, વિચાર ન્યાયને અનુસરતો હોય છે, પાડોશીઓની સાથે વ્યવહાર જ્ઞાન અને ઉત્સાહ યોગ્ય રીતે હોય છે, આ પ્રકૃતિનાં માણસો ઘણુંકરીને થોડા આયુષ્યવાળાં હોયછે, તેઓનો માનસિકભાવ શારીરિક અવસ્થાના કરતાં ચઢીયાતો હોયછે. શરીર જેવું જાડું હોય છે તેવું મજબૂત હોતું નથી. આપ્રકૃતિવાળાને--સહેજસાજ કારણથી રોગ થાય છે. દુર્બળતા અને શોથ વગેરે રોગ તેઓને ઘણું કરી ઉત્પન્ન થાય છે. (૪) **લોહીપ્રકૃતિનાંચિન્હ**—જેના શરીરમાં લોહીનો ભાગ વધારે હોયછે,

તેનું માથું શરીરના કરતાં નાનું, મુખમંડળ ચપટું, કપાળ મોટું, અને કેટલાકનું પાછળથી ઢળતું હોય છે. છાતી પહોળી, ગંભીર અને લાંબી હોય છે. ઉભા રહેવાથી ડુંટી પેટની સમાનતામાં રહે છે, આખા શરીર ઉપર ચરબી થોડી હોય છે, શરીર પુષ્ટ, લોહીથી પૂર્ણ, રંગ સફેદ, વાળ સૂક્ષ્મ, અને વળેલા, ચામડી કઠણ, શરીરના માંસ લોચા જણાઈ આવે છે, દાંત મજબૂત અને પીળાશ મારતા હોય છે, પચાવવાની અને મહેનત કરવાની શક્તિ ઘણી હોય છે. માનસિકવૃત્તિ સારી હોય છે. બોલવાની શક્તિ અને બુદ્ધિ સારી હોય છે. તેઓ સહનશીલ, સંતોષ ચિત્તવાળા, સરળ ભાષણ કરનાર અને હિંમતવાન હોય છે. આ પ્રકૃતિવાળાને—દાહ, દાહજવર, રક્તસ્ત્રાવ, કલેજાનું દરદ, અને ફેફસાની વ્યાધિ થવાનો સંભવ છે. (૫) **રૂપસુંદરતાનોવિચાર**—સુંદરતા કોને કહે છે તેનો નિર્ણય કરવો ઘણો મુસ્કેલ છે; કેમકે કોઇ લાલ હોઠને; કોઈ ગૌર વર્ણને, કોઇ પોપટની ચાંચની પેઠે વળેલા નાકને અને કોઇ મોટી આંખને સુંદરતા કહે છે. માટે શરીરની સુંદરતા નક્કી કરવાનું કામ વરકન્યાની પોતાની મન પસંદગી ઉપર રાખવું યોગ્યછે. સ્ત્રી પુરૂષે પરસ્પરના મનને ગમતાં સૌંદર્યવાન હોવાં જોઇએ; કેમકે તેઓ પરસ્પરનાં સૌંદર્યમાં ખેંચાવાથી સહજ પ્રેમ ઉત્પન્ન થાય છે. જો તેઓમાં સ્ત્રી કદરૂપી હોય છે તો તે પુરૂષને પ્રીતદાયક થતી નથી, તેમ પુરૂષ પણ કદરૂપો હોય તો તે કદી સ્ત્રીનો ચિત્તહારક થઇ શકતો નથી. જ્યાં એવી રીતે હોય ત્યાં સ્ત્રી પુરૂષમાં ખરો પ્રેમ ઉત્પન્ન થવાનો થોડો સંભવ છે. આ વખતે વરકન્યાએ બે વાત ધ્યાનમાં રાખવાની છે તે એ કે;—(૧) તેઓએ પોતપોતાની રૂપ–સુંદરતાના જેવા અને યોગ્ય સુંદરતાની ઇચ્છા રાખવી. (૨) તનદુરસ્તી અને સારો સ્વભાવ વગેરે સદ્ગુણ એ બહારના સૌંદર્યના કરતાં વધારે ઉત્તમ અને કીંમતી છે. કન્યા ગમે તેવી કુળવાન હોય, પણ જો ગરીબ સ્થિતિની હોય તો તે પસંદ કરવી નહિ; કેમકે ઉંચ કુળનું કાંઈ બજારમાં નાણું આવતું નથી. તેમ એકલા સોનાના ઢગલાને જોઇને કોઇ હલકા આચરણવાળાં કુળની કે તદન કદરૂપીને પરણવું નહિ. તેમ ઢીંગણી કે મૂર્ખ સ્ત્રીને પણ પરણવું નહિ. દુરાચરણી માતાની પુત્રી ગમે તો સ્વરૂપવાન હોય, તોપણ તે સાથે લગ્ન કરવું મહા ભયંકર છે; કેમકે માતાના ગુણદોષ પુત્રીમાં આવે છે. જે સ્ત્રીનું મન મલીન વિચારથી મુક્ત હોય તે પરણવા યોગ્ય છે; કેમકે પવિત્રપણું—પૂર્ણ શિયળપણાનો ગુણ સ્ત્રીમાં ઘણો અગત્યનો છે. તે વિના કોઇ સ્ત્રી પત્ની થવાને યોગ્ય નથી. સ્ત્રી જાતિના ગુણ લક્ષણો તપાસવામાં બહુ ધ્યાન આપવાનું છે. માટે બહુ વિચાર કરીને સૌંદર્યતાની પરીક્ષા કરવી જોઇએ. (૬) **ઉમરનોવિચાર**—સારાં બાળકો ઉત્પન્ન કરવાની ઇચ્છા રાખનારે ઓછામાં ઓછી કન્યાની ઉમર ૧૬ વર્ષની અને વરની પચીસ વર્ષની હોવી જોઇએ. તેથી ઓછી ઉમરે વિવાહ થવો

જોઇએ નહિ. વર કન્યામાં ઉમરનું છેટું સાધારણ રીતે ૧૦ વર્ષનું રાખવું જોઇએ. આ પ્રમાણે લગ્ન સંબંધ થયાથી જન-મંડળની શારીરિક અને માનસિક દુર્બળતા ધીરે ધીરે ઓછી થશે અને બાળકો બુદ્ધિવાન, બળવાન અને લાંબી આયુષ્યનાં થશે. માટે આ નિયમે વરકન્યાની ઉમરની પરીક્ષા કરી સંબંધ જોડવો જોઇએ.

(૭) માનસિકબાબતમાં—(૧) ચરિત્ર—આચરણનોવિચાર—વર-કન્યા શુદ્ધ આચરણનાં હોવાં જોઇએ. સ્ત્રી પુરૂષનો પ્રેમ મરણ કાળ સુધી કાયમ રહીને ઘણાં પ્રકારનાં સુખ આપે છે. તેનું મૂળ સ્ત્રી પુરૂષનો નિર્મળ સ્વભાવજ છે. જો સ્ત્રી પુરૂષ ખરાબ ગુણનાં હોય તો ઘણીજ હાનિ થાય છે. માટે સારો સ્વભાવ હોવો જોઇએ અને સર્વ જનમાં પ્રિય હોવાં જોઇએ. વરકન્યા—પડોશીઓમાં પ્રિય હોય, વિનય તથા વિવેકી ગણાતાં હોય, વગેરે આચરણની ખાત્રી આજુ બાજુના પાડોશીઓથી કરવી જોઇએ. **(૨) વિદ્યાઅનેબુદ્ધિનોવિચાર—**વરકન્યાની અંદર વિદ્યા અને બુદ્ધિ એ બેઉ સાથે હોય તે બહુજ ઉત્તમ વાત છે; પરંતુ બેઉ સાથે ન હોય તો તેના કરતાં કેવળ બુદ્ધિ હોય તોપણ ઘણું સારૂં. કેવળ વિદ્યાવતી સ્ત્રી ઘણુંકરીને સુગૃહિણી થઇ શકતી નથી. એવું સુધરેલી અંગ્રેજ જાતિ પણ આજકાલ માને છે. માટે કન્યામાં સંસાર—વ્યવહારને ઉપયોગી વિદ્યા જ્ઞાન ન હોય તો ચાલે; પરંતુ તે બુદ્ધિવાન તો હોવીજ જોઇએ. બુદ્ધિવાન સ્ત્રીથી પતિ અને કુટુંબને આનંદ અને ફાયદો થાય છે. બુદ્ધિશાળી સ્ત્રીથી પતિને સાંસારિક બાબતમાં ઘણી સહાયતા મળે છે. **(૩) ધર્મનો વિચાર—**વરકન્યા સાથે રહી ધર્માચરણ કરે, માટે બેઉનો એકજ ધર્મ ઉપર ભાવ હોવો જોઇએ. બેઉ એક ધર્મ પાળનારાં હોવાને લીધેજ સ્ત્રીનું બીજું નામ—સહધર્મિણી પડયું હશે. જેવી પતિની ધર્મવૃત્તિ હોય, તેવીજ સ્ત્રીની ધર્મવૃત્તિ હોવાથી ઘણોજ લાભ થાય છે. માટે લગ્ન સંબંધ જોડતાં પહેલાં બેઉનો ધર્મ એક છે કે નહિ તે નક્કી કરવું જોઇએ. વરકન્યા એક ધર્મનાં હોવાથી બેઉમાં ધર્મનીતિ પ્રવર્તશે અને ધર્મ વિરૂદ્ધતાથી ઉપજતાં દુઃખ કમી થશે તથા ભવિષ્યનો વંશ ધાર્મિક થશે.

આ ઉપર જણાવેલા સર્વ નિયમો પ્રમાણે વરકન્યાની પરીક્ષા કરવી. આ પરીક્ષાથી જે વરકન્યા ઉત્તમ જણાય, તે સાથે લગ્ન સંબંધ જોડવો. આવી રીતે ઉત્તમ સંબંધ જોડાયાથી સ્ત્રી પુરૂષ સંસારમાં ઉત્તમ સુખ ભોગવી શકશે અને તેમનાં બાળકો બળ, બુદ્ધિ અને આયુષ્યમાં શ્રેષ્ટ ઉત્પન્ન થશે. માટે વરકન્યાનો સંબંધ જોડતી વખતે ઉતાવળ નહિ કરતાં ધીરજથી પરીક્ષા કરી સંબંધ જોડવો એ સુજ્ઞ માબાપનું કર્તવ્ય છે.

ગૃહકાર્યસારીરીતેચલાવવામાંજોઇતાગુણો.

ગૃહ--સંસારમાં સ્ત્રીની મુખ્ય ફરજ એ છે કે તેણે ગૃહકાર્ય, બાળરક્ષણ અને બાળશિક્ષણનું કામ ઉત્તમ પ્રકારે કરવું. તેમાં સદ્ગુણાદિ નીતિના ગુણો ઉપરાંત વિદ્યાહુન્નરની કેળવણી અને કાર્યકારીપણાના ગુણની જરૂર જેટલી એકમાં છે; તેટલીજ બીજામાં પણ છે. બાળશિક્ષણની સાથે ગૃહકાર્યનો એટલો નિકટ સંબંધ છે કે જો એકની આવડત હોય, તો બીજાની હોવીજ જોઇએ, પણ જો ક્ષણભર એમ ધારીએ કે, કોઇ સ્ત્રી બાળશિક્ષણપરજ ફકત ધ્યાન આપતી હોય અને ગૃહકાર્યમાં જોઇતા ગુણો જે--વ્યવસ્થા, ક્રમ, ઉદ્યોગીપણું, હિસાબ અને કરકસર, ઉત્યાદિ ન વાપરતાં, તેથી બેદરકાર રહે તો બાળકને અપાતી કેળવણી અપૂર્ણ ગણાશે. માતાના સદ્ગુણ અને સદ્વર્તનમાંજ બાળકની કેળવણી પ્રત્યક્ષ મૂર્તિમાન બિરાજે છે અને તેનું પ્રતિબિંબ બાળકના મગજમાં ફોટોગ્રાફની માફક એવી રીતે પડે છે કે તે પાછું જીવતાં સુધી નાશ પામતુ નથી. માટે સ્ત્રીની અંદર જેટલી વિદ્વતાની જરૂર છે, તેટલીજ ગૃહકાર્ય સારી રીતે કરવામાં જોઇતા ગુણોની જરૂર છે. વળી વિદ્યા, વિવેક અને આવડત, તેમજ બીજા સદ્ગુણો બાળકેળવણી અને ગૃહકાર્યમાં એક સરખી રીતેજ અગત્યના છે. બાળક પોતાની માતાને ગૃહકાર્યમાં જેવા ગુણો સહિત પ્રવર્ત્ત થયેલી જોશે, તેવા તેમાં પણ આવશે અને તે તેની કેળવણીનો એક મોટો ભાગ ગણાશે. ઘર એક જાણે રત્નો ઉત્પન્ન કરી તેને ઘસી, ઓપી ઝગકતાં મૂલ્યવાન બનાવવાનું કારખાનું છે. પુરૂષ એ ઘરરૂપી કારખાનાનો માલેક છે, ને સ્ત્રી તેને વ્યવસ્થાપૂર્વક ચલાવનાર તંત્રી (મેનેજર) છે. માલેક પોતાની સર્વ કમાઇનો પૈસો એ કારખાના (ઘરમાં) માં થાપણ દાખલ રોકે છે અને તંત્રી પોતાના તન મનનું સર્વ સામર્થ્ય તેમાં વાપરે છે. માટે તે પણ એ કારખાનામાંથી થતા લાભ હાનિમાં ભાગીદાર છે. હરેક કારખાનાની ઉપજમાં જેમ સ્વાર્થ અને પરમાર્થ બંને લાભ રહેલા છે--એટલે ધણી તેથી થતા નફાનો ભોગવનાર થાય છે, અને લોકો તેથી ઉત્પન્ન થતી વસ્તુનો લાભ લે છે; તેમજ આમાં પણ છે. સુખ, શાંતિ, આરામ અને આનંદરૂપી નફાના ભોગી માલેકને તંત્રી બંને ભાગીદાર થાય છે અને સુપુત્ર સુપુત્રીરૂપી રત્નોનો લાભ જગતને મળે છે. આ રત્નોને ઉત્પન્ન થયા પછી કેળવણીરૂપી સંઘાડાપર ચડાવી, ઘસી, ઓપીને દુનિયામાં દીપી નીકળે એવાં બનાવવાં એ ઘણું કરીને તંત્રીના હાથમાં હોય છે. ઘરરૂપી કારખાનાનો સઘળો આધાર અને તેના માલેકનો સઘળો વિશ્વાસ તંત્રી ઉપર હોય છે. માટે એવું ઉત્તમ કારખાનું (ઘર) ચલાવવામાં જોઇતા ગુણો માતારૂપી તંત્રીએ ધારણ કરવાં જોઇએ.

સ્ત્રીએ ઘર કામકાજમાં ઉત્તમ પ્રવિણતા મેળવવી જોઇએ. આ ગુણ એક સ્ત્રીને તેના સ્ત્રીપણાને યોગ્ય છે; એટલુંજનહિપરંતુ દરેક સુવ્યવસ્થિત કુટુંબના સુખ અને કલ્યાણ માટે એક રીતે અત્યંત અગત્યનો છે. કામકાજની ટેવ માત્ર ધંધા રોજગારમાંજ ઉપયોગી છે એમ નથી, પણ જીંદગીના દરેક ચાલુ કાર્યમાં જ્યાં રચના, ક્રમ, અગમચેતીથી તૈયારી અને છેવટે તેને પાર પાડવું એ ગુણો તે સર્વેમાં કામ લાગે છે. એક વ્યાપારીની પેઠે કે દુકાનની વ્યવસ્થા જેટલે દરજ્જે કામકાજનો વિષય છે, તેટલેજ દરજ્જે ઘર કુટુંબની વ્યવસ્થા પણ છે. એમાં (૧) **ધોરણ**, (૨) **બારીકનજર**, (૩) **ક્રમ**, (૪) **ઉદ્યોગ**, (૫) **કરકસર**, (૬) **કવાયદ**, (૭) **આવડત** અને તેને પરિણામે પહોંચાડવાને જોઇતા ઉપાયોની (૮) યોજનાશક્તિ, એ ગુણો જોઇએ. આ સઘળા ગુણો કામકાજના તત્વ માંહેલા છે, અને તેટલા માટે પોતાના અંગમાં તેની ટેવ પાડી તેમને કેળવવાની જરૂર છે. જે સ્ત્રી પોતાનાં કાર્યમાં ફતેહમંદ નીવડવાને ચહાતી હોય, એટલે પોતાનાં ઘરને સુખરૂપ બનાવવાને જે સ્ત્રીઓ ઇચ્છતી હોય, તેણીને તે ગુણ ઘણા જરૂરના છે, અને તે જેટલા પુરૂષોને પોતાના ધંધારોજગારમાં અગત્યના છે, તેટલાજ સ્ત્રીઓને પણ છે. **ધોરણ**—એ કામકાજનું જિગર છે, તે ઘર કામમાં અતિ અગત્યનું છે. ધોરણ રાખવાથી દરેક કામનો અંત ઝટ આવે છે. ગોંધળ અને ગભરાટ એ તેની આગળથી દોડતાં નાશે છે. **સમયપાલકતા**—એ કામકાજને માટે જરૂરનો ગુણ છે, તે ધોરણની સાથેજ રહેતો આવે છે, તે વગર ધોરણ ચાલે નહિ. સમય ચૂકનાર સ્ત્રી પોતાના પતિને અણગમો ઉત્પન્ન કરે છે; કારણ કે તે ઘણો કાળ રોકીને આગલાને ચીઢ ચડાવે છે, તેથી તેને એમ લાગે છે કે આવી સ્ત્રીને તે વધારે તત્પરતાવાળી આપણે શી રીતે કરીએ! ધંધારોજગારવાળા માણસને વખત એ પૈસો છે, પણ કામકાજ વાળી સ્ત્રીને ધોરણ એ તેનાથીએ વધારે કીમતી છે—તે શાંતિ, સુખ અને ઘરની આબાદી છે. **અગમબુદ્ધિ**-એ પુરૂષોની પેઠે સ્ત્રીઓને પણ કામકાજમાં જરૂરનો ગુણ છે. એ ગુણ તે ઉપયોગમાં યોજેલું ડહાપણ છે. તે કેળવાએલી વિવેક બુદ્ધિથી આવે છે. હરેક વસ્તુ ઘટીત અને બંધબેસ્તી યોજનામાં અને ખરૂં કામ ખરે રસ્તે કરવાનો ડહાપણથી વિચાર કરવામાં તે કામ લાગે છે. કંઇપણ કામ કરવામાં—સાધન, ક્રમ, વખત, અને ધોરણની ગણત્રી એનાથીજ રખાય છે. જ્ઞાનથી અનુભવમાં પુષ્ટી મળે છે અને અનુભવથી અગમબુદ્ધિ આવે છે.

સ્ત્રી દરરોજનો સંસાર ચલાવવાને યોગ્ય થાય, તે માટે તેમને કામકાજના ગુણની કેળવણી લેવાની જરૂર છે. વળી ઘરની હકુમત બરાબર ચલાવવામાં, છોકરાંની દાઇઓ, શિક્ષકો અને કેળવનાર તરીકે પૂરતી સહાય અને શક્તિ આપવાને તેમને મનની કેળવણી લેવાની પણ ઘણી અગત્ય છે. **હિસાબ**—એ પણ

સ્ત્રીઓને ગૃહકાર્યમાં પહેલું અને અગત્યનું સાધન છે. જે સ્ત્રીને હિસાબ ઉપયોગી ગણિતનું કંઇપણ જ્ઞાન નથી હોતું અને સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર વિષે કંઇ સમજતી નથી, તો પછી તે આવક ખરચનો હિસાબ રાખી શકતી નથી. જેમ તેમ રાખવા જાય છે તો વારંવાર ભૂલો થાય છે. તેથી ઘરમાં વખતો વખત તકરારો અને ઝઘડાનું મૂળ ઉત્પન્ન થાય છે. જે સ્ત્રી પોતાના ગૃહકાર્યના સંબંધમાં આવતા ગણિતના સાદા નિયમ સમજતી નહિ હશે, તેને હાથે ભોળા અજ્ઞાનપણાને લીધે ઘણો ખરચ થવાનો. તેથી તેના કુટુંબની શાંતિ અને સુખમાં મોટી ખલેલ પડે છે. માટે ઉપયોગ જેટલું ગણિત જાણવું જોઇએ. **નીતિ અને બુદ્ધિ**—ઘર સંસારમાં હમેશાં નીતિ અને બુદ્ધિનો ખપ પડે છે. તેને કેળવવાની જરૂર છે. ઉછરતી પ્રજાની કેળવણી પ્રભુએ સ્ત્રીને સોંપી છે અને નીતિને બુદ્ધિનું બંધારણ શરીરના બંધારણમાં વાસ કરીને રહે છે. શરીરની, મનની અને નીતિની સંપત્તિનું સુખ, ઘરમાં કુદરતના કાયદાઓને અનુસરીને ચાલવાથીજ પ્રાપ્ત થાય છે. એ સ્ત્રીએ સમજીને તે પ્રમાણે વર્તન કરવાની ઘણી અગત્ય છે. એ કાયદાઓના જ્ઞાનથી શરીરની આરોગ્યતાનાં અને બુદ્ધિ તથા નીતિની આરોગ્યતાનાં સુખ પોતાનાં કુટુંબમાં જાળવી શકાય અને તે માટે **સ્ત્રીએ કુદરતના કાયદાને અનુસરી વર્તવું** જોઇએ. આવા કાયદાનું જો જ્ઞાન ન હોય, તો માતાની બાળક પ્રતિ મમતાનું પરિણામ એ થાય છે કે બાળકો વહેલાં મરણને આધિન થાય છે. તેનું કારણ એકતો—કુદરતના કાયદા વિષેમાતાનું અજ્ઞાન, બીજું—મનુષ્ય શરીરના બંધારણ વિષેમાતાનું અજ્ઞાન, ત્રીજું-સ્વચ્છ હવા અને પાણીના ઉપયોગનું અજ્ઞાન, અને ચોથું—તંદુરસ્તીને માફકનો ખોરાક તૈયાર કરી વાપરવાની કળાનું અજ્ઞાન એજ છે.

જગત્ નિયંતા પ્રભુએ સ્ત્રીને એક અવિચારવાન દાસી કે માત્ર પુરૂષની ફુરસદનું ખુબસુરત પૂતળું કે રમકડું કરી રાખવાના હેતુથી સરજેલી નથી. તેને સ્વાર્થ તેમજ પરમાર્થ બંને માટે સરજેલી છે અને જે જવાબદારીની ફરજો જીંદગીમાં તેને માથે મૂકેલી છે, તેમાં કેળવાયેલા મગજની અને માયાળુ અંતઃકરણની જરૂર છે. તે કંઇ ક્ષણિક સુખના (ઠાઠ માઠ, મોજ મઝા વગેરેના.) સાધન મેળવવાની કુશળતાથી પૂરૂં થતું નથી. એવા ગુણ જો કે જુવાની અને ખુબસુરતીમાં આનંદને ઉત્તેજન આપે છે, તોપણ તે પોતે આનંદ આપનાર છતાં, જીંદગીનાં ખરેખરાં કાર્યોમાં થોડાજ ઉપયોગી પડે છે. કેળવાએલી બુદ્ધિવાન સ્ત્રીએ ગૃહકાર્યમાં ઉપયોગી થઇ પડી—કાર્ય સાધકતામાં વધારો કરવો. તેથી વિચાર કરવાની શક્તિ આવશે, અને અગાઉથી વિચાર કરવાનું સૂઝશે. સંસારમાં અનેક અકસ્માત્ બનાવો બને છે, તેને આગળથી જાણી લેવાને અને તેનો આગળથીજ બંદોબસ્ત કરવાને શક્તિવાન થવું જોઇએ. પોતાના છોકરાંનાં લક્ષણ ઘડવામાં અને ગૃહ—

સંસાર તથા કુટુંબ કબીલાનાં શાન્ત સ્થળમાં કર્તવ્યતાના પવિત્ર માર્ગમાં સ્થાયી પ્રયત્ન અને ધૈર્ય વાળા આગ્રહથી પોતાનું ઉત્તમ કામ પૂર્ણ કરવું. ઘરનું કામકાજ કરવું, પોતાનો ઘર સંસાર ચલાવવો, છોકરાંઓ ઉછેરવાં ને કેળવવાં, પેદાસને જોઇ વિચારને કરકસથી વાપરવું, ઘરમાં ખૂટતી ચીજ મંગાવીને સંગ્રહ કરવી, પોતાના પતિનો ખરો સોબતી અને સાચો મિત્ર થઇ રહેવું, આચારવિચારનું સલજ્જા પણું રાખવું અને શીયળને સરસ રીતે સાચવવું. એ પ્રમાણે હમેશાં ઉપયોગી કામ ધંધામાં રોકાએલા રહેવાની ટેવ સુખ સંપત્તિને માટે અવશ્યની છે. ઉદ્યોગી રહેવાની ટેવ જો સ્ત્રીઓમાં ન હોય, તો તે નિરુત્સાહમાં, કામ વિના ઉપજેલા થાકમાં અને નિરુપયોગીપણામાં ડુબે છે, તેમનું માથું દુઃખે છે અને જ્ઞાનતંતુઓ ને કંઇને કંઇ પણ વ્યાધિ થયાજ કરે છે. માટે સુજ્ઞ સ્ત્રીઓએ હરેક કામ ઉત્સાહ અને ખંતથી કરવાની ટેવ રાખવી જોઇએ. પોતાના ઘરની ઝીણી ઝીણી બાબતો નિયમમાં લાવીને તેનું છેવટ આવતાં સુધી તે ઉપર તેણે નજર રાખવી જોઇએ. દરેક વસ્તુને કોઇ યુક્તિને પદ્ધતિસર ગોઠવી રાખવી. પોતાના ગૃહ-રાજ્યના તાબામાં પોતાની જેજે પ્રજા હોય, તે સર્વ ઉપર શાણપણાથી સત્તા ચલાવીને તેમને કાબુમાં રાખવી. જે સ્ત્રી યથાસ્થિત રીતે પોતાનો ગૃહ-સંસાર ચલાવવાની ઇચ્છા રાખતી હોય, તેનામાં—ઉદ્યોગ, આગ્રહ, શૈલી, અંકુશ, દીર્ઘદષ્ટિ, શાણુપણુ, વ્યવહારોપયોગી કાબેલીયત, મનુષ્ય લક્ષણની પરીક્ષા અને રચના રચવાની તથા વ્યવસ્થા કરવાની શક્તિના ગુણ હોવા જોઇએ. એજ ગુણો હરકોઇ પ્રકારનું કામ પૂરતી રીતે બજાવવામાં ઘણાજ અગત્યના છે. તે સુજ્ઞ સ્ત્રીઓએ સંપાદન કરવા અને ગૃહ-સંસાર સારી રીતે ચલાવી સુખરૂપ બનાવવો એ તેમનું કર્તવ્ય છે.

ઘરકામનીવ્યવસ્થા.

જગત્ નિયંતા પ્રભુએ આ સૃષ્ટિની રચના વ્યવસ્થા સરજ રચી છે, સૂર્ય ચંદ્ર, તારા અને પૃથ્વીનું ફરવું; સૂર્ય ચંદ્રનું ઉદય અને અસ્ત થવું; દરેક ઋતુઓનું આગમન; ટાઢ, તાપ અને વરસાદનું પડવું, એ સઘળુ નિયમસરજ થયા કરે છે. જ્યાં જોશો ત્યાં તેની રચના વ્યવસ્થાસરજ જણાશે, કોઇ પણ ઠેકાણે ગેરવ્યવસ્થા માલુમ પડશે નહિ. આ સૃષ્ટિ વ્યવસ્થાને લીધેજ હમેશ કાયમ રહેલીછે અને ઉત્તમ વ્યવસ્થાને લીધેજ તેની રચના સુંદર લાગે છે. તેમ આ સંસારમાં ઘર એ ગૃહસ્થાશ્રમી મનુષ્યની સૃષ્ટિ છે. તેનાં સાંસારિક, ઘરબારિક અને વ્યવહારિક કામોમાં પણ એજ નિયમ લાગુ પડે છે. એ નિયમસર ગૃહ-સંસાર ચલાવવામાં આવે છે, તો ગૃહ-સંસાર સુખમય થઇ શોભિ નીકળે છે. ઘર સાથે પુ-

રૂષો કરતાં સ્ત્રીઓનો સબંધ વધારે છે. તેથી ઘર કામની વ્યવસ્થા કરવાનું મુખ્ય કામ સ્ત્રીઓનું છે. સંસાર—વ્યવહારમાં વ્યવસ્થાને લીધે ફતેહ થવાય છે. કામની વ્યવસ્થાસર ગોઠવણીથી મહેનત સહેલી અને આનંદમય થાય છે. થોડી પેદાશ છતાં હુશિયારી અને ડહાપણવાળી સ્ત્રી વ્યવસ્થાવડે કુટુંબને સુખ આપે છે, અને તેવા ગુણના અભાવવાળી સ્ત્રીથી ગમે તેટલી અધિક આવક છતાં પણ અવ્યવસ્થાથી ઘરનું કુટુંબ દુઃખી થાય છે. ઘર અને કુટુંબના સુખ સાધનોને અવ્યવસ્થિત રાખનારી સ્ત્રી કદી બીજા કામમાં ફતેહ મેળવી શકે, તોપણ કામ પરત્વે વિચાર કરતાં તે અધિક પ્રશંસા પાત્ર નથી; કારણ કે તેના અંગનું મુખ્ય કામ ઘર અને કુટુંબના સુખસાધનોની વ્યવસ્થા રાખી વ્યવસ્થિતપણે ઉપયોગ થાય તેમ કરવાનું છે. કોઇ પણ વસ્તુ કે સાધનો સંપાદન કરવાનું કારણ ઉપભોગ છે. સમાજ વ્યવહારમાં કામ કરી પુરૂષો પોતાને માટે અને કુટુંબને માટે સુખ સાધનો સંપાદન કરી સ્ત્રીઓને ઘણે અંશે સુપ્રત કરે છે. સ્ત્રીનું કામ પતિએ મેળવેલાં સુખ સાધનોનું રક્ષણ કરવાનું અને કુટુંબના સુખ માટે જરૂર પડે ત્યારે ઉપયોગમાં તરત લેવાય તેમ કરવાનું છે. ઉપયોગમાં લેવાની વસ્તુ વ્યવસ્થિતજ જોઇએ; કારણ કે જ્યારે જોઇએ ત્યારે તેનો ઉપયોગ કરી શકાય. વ્યવસ્થા સાધનની જાતપર અને પ્રથક્ પ્રથક્ વસ્તુની યોગ્ય ગોઠવણ કરવી જોઇએ. જાતપર એટલા માટે કે સાધન બગડે નહિ અથવા બગડવાનો આરંભ થાય તેવી સ્થિતિપર જવાને લાયક થાય નહિ. પ્રથક્ પ્રથક્ વસ્તુની ગોઠવણ એટલા માટે થવી જોઇએ કે જ્યારે જોઇએ ત્યારે ઉપયોગમાં લેવાને ખોળવાની જરૂર પડે નહિ. બીજી કોઇ રીતે બગડે નહિ, બહારથી સારો દેખાવ રહે, અને તેનો નાશ થવાનો ભય રહે નહિ. વળી વ્યવસ્થા કરવાના સંબંધમાં એક બીજી બાબત પણ ધ્યાનમાં રાખવાની છે. મન શુદ્ધિથી હૃદય શુદ્ધ થાય છે; અને મન શુદ્ધિનો આધાર શરીર શુદ્ધિ, સ્વચ્છતા અને નિયમિત ગોઠવણ પર રહેલો છે. જ્યાં બિલકુલ સ્વચ્છતા કે વ્યવસ્થા નથી, ત્યાં બિલકુલ ચેન કે ફુરસદ નથી. અવ્યવસ્થિ અને અસ્વચ્છ જગોમાં સુવિચાર આવતા નથી, તેમજ ઘણા વિચાર આવે એવું શાંત અને પ્રફુલ્લિત મગજ રહેતું નથી; બહારની ઉપાધિઓ મગજપર નઠારી અસર કરી વિચાર શૂન્ય બનાવી દેછે. વિચાર શુદ્ધિ અને વિસ્તાર માટે તો આકાશમાં ઝુકી રહેલી પણ અસ્વચ્છ અને અવ્યવસ્થિત હવેલી કરતાં, પ્રાચીન સમયના ઋષિમંડળની જમીન સાથે વાત કરતી પણ સ્વચ્છ અને વ્યવસ્થિત પર્ણકુટીઓ કે ગરીબ લોકની ઝુંપડીઓ વધારે સરસ છે. અવ્યવસ્થાએ સ્વચ્છતાનો લગભગ અભાવછે. વ્યવસ્થાથી કામ કરવાને ઉમંગ કહે છે, વખત બચે છે, માલમિલ્કતનું સંરક્ષણ થાય છે, અને જ્યારે જોઇએ ત્યારે નાહક દોડા દોડી કરવાની જરૂર પડતી નથી. કહ્યું છે કે—"ઉતાવળા સો બાવળા, ધીરા સો ગંભીર." કામની વ્યવસ્થાસર ગો-

ઠવણ કરી હોય તો ઉતાવળ કરવી પડતી નથી. અને દોડા દોડમાં કામ કરવાથી થતો ત્રાસ અને અડચણ વેઠવી પડતી નથી. ઉતાવળના બોજાથી મગજ થાકીને ઘસાઇ જાય છે. જે કામ આનંદ ભરેલું હોય, તે ઉતાળ કરવાથી વેઠ જેવું લાગે છે, સ્વભાવ મળતાવડો થવાને બદલે ચિઢિયા સ્વભાવની અસર ઘરના બીજા સર્વે માણસો પર થાય છે. કઠોર વચનો સાંભળવાથી ઘરના માણસો ખેદિત થાય છે. આ સર્વેનું કારણ માત્ર બરાબર વ્યવસ્થા રાખી હોતી નથી તેજ છે. જે સ્ત્રી કામ પૂરૂં કરવાને દરેક પળે ઉતાવળ કરતી હોય છે; તેનેજ નિરૂત્સાહી થવું પડેછે. નિત્યનાં કામકાજ આનંદ અને ઉત્સાહથી કરવાને પધ્ધતસર ગોઠવણીની બરોબરી કરે એવું બીજું કાંઇ નથી.

કામની વ્યવસ્થામાં દરેક ચીજને માટે **વખત** અને **જગો** મુકરર કરેલાં હોય છે, તો તેથી દોડાદોડી કરવી પડતી નથી; એટલુંજ નહિ પણ એ રીતે કામની વ્યવસ્થા કરવાની ધીમે ધીમે ટેવ પડે છે અને તેથી પરિણામે ઘણો લાભ થાય છે. ઘર કામમાં મુખ્યત્વે કરીને-ઘરકુટુંબને નહાવાના સાધનોની વ્યવસ્થા, પુજાનાં સાધનોની વ્યવસ્થા, રસોઇના કામની વ્યવસ્થા, ભોજનના કામની વ્યવસ્થા, મુખવાસની સામગ્રીની વ્યવસ્થા, કપડાંની વ્યવસ્થા, દાગીનાની વ્યવસ્થા, વાસણોની વ્યવસ્થા, બિછાના વગેરે સાધારણ ઉપયોગનાં સાધનોની વ્યવસ્થા, ખોરાક અને તેનાં સાધનોની વ્યવસ્થા; પાણી,હવા અને અજવાળું સ્વચ્છ અને શુદ્ધ મળે તેની વ્યવસ્થા, શય્યનગૃહની વ્યવસ્થા, ગૃહવાટીકાના કામની વ્યવસ્થા, સંગ્રહ કરેલી વસ્તુઓની સગવડ, ઘર ધંધાની વ્યવસ્થા, લેવડ દેવડની વ્યવસ્થા, હિસાબ લખવાના કામની વ્યવસ્થા, પશુપક્ષીના કામ સંબંધની વ્યવસ્થા, પરોપકાર વગેરે ધર્મનાં કામની વ્યવસ્થા, બાળરક્ષણ અને બાળશિક્ષણના કામની વ્યવસ્થા; દળવું, ખાડવું, ભરવું, ગુંથવું, અને શીવવું વગેરે સ્ત્રીઓને ઘણાં કામ કરવાનાં છે. તેમાંનાં ઘણાંખરાં કામ વિષે **સતીમંડળ-ભાગ-૧લામાં—ઘરવ્યવસ્થાના** વિષયમાં વિસ્તારથી વિવેચન કરેલું છે. તે જીજ્ઞાસુઓએ વાંચી જોવું. આ સર્વ ઘર કામની વ્યવસ્થા સ્ત્રીઓને કરવાની છે. તે સર્વ ઉત્તમ પ્રકારે અને ત્વરાથી શી રીતે થઇ શકે, તે તેમણે જાણવું જોઇએ.

સ્ત્રીએ આ સર્વે કામની વ્યવસ્થામાં કલાકોની ગોઠવણ, **કામનીવિગત** અને વહેંચણ કરી બધાં કામ નિયમસર કરવાં જોઇએ. એક વખતે એક કામ પૂરૂં કરીને બીજી વખતે બીજું કરવું. એમ કરવાથી ઘણાં કામ સારાં થઇ શકે છે, તેમજ કામ સહેલથી અને આનંદથી થઇ શકે છે. પધ્ધતસર કામ કરવાની રીતથી કામ સહાઇ બંધ થાય છે: એટલુંજ નહિ પણ સહેલું, બરોબર, અને સંપૂર્ણ થાય છે. તેથી આનંદ ઉપજે છે. ઘરમાં વ્યવસ્થા વગર કામ કરવાથી અમુક વખતમાં જેટલું કામ થાય, તેના કરતાં વિશેષ કામ તેટલાજ વખતમાં વ્યવ-

સ્થાથી થઇ શકે છે. એકી વખતે એકજ કામ તરફ ધ્યાન રાખવાથી તે વધારે જલદી, વધારે સહેલાઈથી અને વધારે સારૂં થાય છે. એકી વખતે એક કામ કરવાની રીત રાખવાથી, એકી વખતે બેત્રણ કામ કરવાની રીતના કરતાં આખા દિવસમાં વધારે કામ થશે. કામમાં ફતેહ પામવા ઇચ્છનારી સ્ત્રીઓએ નીચે જણાવેલા નિયમો પાળવાથી ઘણોજ લાભ થશે.

(૧) દરેક ચીજને માટે જગો રાખો અને દરેક ચીજ તેની યોગ્ય જગોએ ગોઠવી રાખો. (૨) દરેક કામને માટે વખત નિમો અને તે દરેક કામ તેને માટે નિમેલે વખતે કરો. (૩) દરેક કામ યોગ્ય વખતમાં કરો. (૪) દરેક કામ સૌથી સરસ રીતે કરો. (૫) જેમ કામ કરતા જાઓ તેમ તેનો દરેક ભાગ સંપૂર્ણ રીતે કરો. (૬) બીજું કામ શરૂ કરો તે પહેલાં પહેલું પૂરૂં કરો. (૭) તમે કરેલું કામ તથા તમારાં હથિયાર વ્યવસ્થાસર મૂકો. (૮) કામ કરી રહ્યા પછી તમારાં દરેક હથિયાર સાફ કરો. (૯) રાત્રે દરેક હથિયાર અને રાચ તેને યોગ્ય ઠેકાણે મૂકો. (૧૦) હમેશ યાદ રાખજો કે જે સરતોએ આપણને જીંદગી આપવામાં આવી છે, તેમાં મહેનત પણ એક છે. (૧૧) વખત એ સોનું છે, એક પળ પણ વૃથા ગુમાવશો નહિ; દરેક પળનો હિસાબ રાખજો. (૧૨) જે કામ આજ થાય એવું હોય, તે કાલે કરવા મુલતવી રાખશો નહિ. (૧૩) જે કામ તમે જાતે કરી શકો એવું હોય તે બીજાને કરવાનું કહેશો નહિ. (૧૪) કોઇ બાબતને એવી નજીવી ગણી કાઢશો નહિ કે તેપર ધ્યાન આપવું યોગ્યજ નથી. (૧૫) તમારા કામકાજમાં ઘણામાં ઘણી વ્યવસ્થા રાખજો. (૧૬) તમારી જીંદગીની આખર ઘડી સુધી મહેનત કરજો. (૧૭) કદી પણ કામ વિના આળસુ બેસી રહેશો નહિ. (૧૮) તમારા હાથને માટે કંઇ ઉપયોગી કામ ન હોયતો તમારા મગજને કેળવવા બેસજો. (૧૯) હમેશાં કામની અંદર સત્ય બોલજો. (૨૦) તમારાં કામથી તમારી આબરૂને ખરી રીતે ધોકો લાગે નહિ તે ધ્યાનમાં રાખજો. (૨૧) નિત્ય સાંજે આખા દિવસમાં જે જે સારાં કામ કર્યાં હોય તેની નોંધ કરતાં રહેજો. (૨૨) કોઇપણ પ્રકારનાં કામની હોડ બકશો નહિ. (૨૩) ઘરના કામની વ્યવસ્થામાં ફતેહ પામવાનો આધાર મનના કેટલાક સ્વાભાવિક અને કેટલાક મેળવેલા ગુણોપર આધાર રાખે છે, માટે આમાં જણાવેલા અગત્યના ગુણો ધારણ કરી તે પ્રમાણે વર્તજો. (૨૪) મિતાહાર પાન વગર તનંદુરસ્તી હોઈ શકે નહિ, સદ્ગુણ વગર વ્યવસ્થા હોઇ શકે નહિ, કામની વ્યવસ્થા અને ધર્મ વગર સુખી હોઇ શકે નહિ. (૨૫) આપણી જીંદગીનો ઉદ્દેશ ડહાપણથી, વિચારથી અને સત્યધર્મથી રહેવામાં સમાયેલો છે. માટે સત્યધર્મપર ધ્યાન રાખી ઘર કામ સારી રીતે નિયમસર વ્યવસ્થાથી કરશો તો આ સંસારમાં ફતેહ પામશો.

કુટુંબવ્યવસ્થા.

ભારતવર્ષના આર્યોની કુટુંબવ્યવસ્થા ધર્મનીતિના ધોરણપર રચાયેલી છે. આની ઉત્તમવ્યવસ્થા પ્રમાણે વર્ત્તવાથી તેઓમાં પરસ્પર સ્નેહ, સંપ, મમતા અને શાંતતા હતી. એક બીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેતા હતા. ધારેલું મોટું કાર્ય કુટુંબના એકસંપી એકત્રબળને લઇ સત્વર પાર પાડી શકતા, અને કોઇ પણ શત્રુ સામે થવા હિંમત કરી શકતો નહોતો; વગેરેથી તેઓ સંપૂર્ણ સુખી હતા; પરંતુ અવાચીન વિપરીત કાળને લીધે એ ઉત્તમ ધર્મ નીતિ છિન્ન ભિન્ન થઇ ગયેલી છે. જેને લઇ કેટલાંક કુટુંબમાં પરસ્પર સ્નેહ, મમતા, સંપ, અને શાંતતા જોવામાં આવતાં નથી. જોઇએ તે પ્રમાણે માતાપર મમતા, પિતા પર પ્રેમ, ભાઇપર ભરૂસો, સાસુ સસરાપર સ્નેહ. પતિપર પરમભક્તિ. ભાણેજ ને બેનપર હેત, પુત્ર પુત્રીપર આત્મવત્ સદ્દભાવના, અને દેરાણી જેઠાણીમાં ઐક્યતા જોવામા આવતાં નથી. જ્યાં જોઇશું ત્યાં સ્વાર્થ, દ્વેષ, વેર, અને કલેશનું પ્રબળ અધિક દીઠામાં આવે છે. તેથી કરી એકત્ર કુટુંબનું જે બળ સંસાર વ્યહવારમાં ઘણા ઉપયોગનું, મહત્વનું અને સુખદાયક હતું, તે બળ તૂટી જવાથી સંસાર વ્યવહાર પરસ્પરને દુઃખદાયક થઇ પડયો છે. જ્યા કુટુંબમાં પરસ્પરના ધર્મ પ્રમાણે વર્ત્તવામાં ન આવે, ત્યાં કુટુંબની સ્થિતિ ખરાબ થઇ દુઃખ દારિદ્ર ભોગવે એમાં આશ્ચર્ય પણ શું? અને ત્યાં શત્રુઓ તેઓને હેરાન કરવા તત્પર થાય એમાં શંકા પણ શાની? વૃક્ષ ગમે તેવું મોટું, બળવાન અને દઢ હોય, તોપણ જો તે એકલું હોયતો તેને વાયુ ક્ષણમાત્રમાં ઉખેડી શકે છે, પણ જો ઘણાં વૃક્ષો ભેળાં અને પોતાના જથામાં સાથે રહ્યાં હોય, તો તેઓ એક બીજાના આશ્રયથી પ્રબળ વાયુને પણ સહન કરે છે અને કશી પણ આંચ આવતી નથી. વાયુ જેમ એક વૃક્ષને નષ્ટ કરી શકે છે, તે પ્રમાણે ગુણવાન મનુષ્ય પણ જો કુટુંબથી એકલો રહે, તો શત્રુઓ તેને હાનિ કરવાને શક્તિમાન થાય છે. માટે કુટુંબથી સ્નેહ, મમતા અને સંપ તજીને તેનાથી છૂટા પડી જવાની કદીપણ ઇચ્છા કરવી નહિ. કુટુંબ વ્યવસ્થા વિષે આર્યશાસ્ત્રકારોએ જે ધર્મ નીતિ બતાવી છે, તે ઘણીજ ઉત્તમ અને લાભદાયક છે. તે ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્ત્તવાને ઉપયોગી થઇ પડે, માટે તેનું થોડું વર્ણન આ નીચે આપેલું છે.

(૧) દરેક કુટુંબમાં માતાપિતા જીવતાં હોય ત્યાં સુધી પુત્ર વૃદ્ધ હોય, તોપણ પરતંત્ર ગણાય છે, માતાપિતામાં પણ માતા કરતાં પિતા શ્રેષ્ઠ ગણાય છે.

(૨) પિતા ન હોયતો માતા શ્રેષ્ટ ગણાય છે, માતા ન હોયતો વડીલભાઇ શ્રેષ્ઠ ગણાગ છે—વડીલભાઇને સ્વતંત્ર જાણવો. મોટાઇ એ ગુણ અને અ-

વસ્થાથી ગણાય છે.

(૩) પુત્રે પિતાની સઘળી સ્ત્રીઓની સાથે માતાની પેઠે વર્તવું, અને પોતાની આવકના સરખા ભાગ પાડીને તેમાંથી સર્વ માતાઓનું પોષણ કરવું.

(૪) પિતા પુત્રને અને તેની વહુને શિક્ષા કરવાને સ્વતંત્ર છે; પરંતુ પુત્રને વેચવા અથવા દાન તરીકે આપવાને સ્વતંત્ર નથી.

(૫) સઘળા પુત્રો નિરંતર પરાધિન છે, પરંતુ બહુધા તેઓ સ્વતંત્રની પેઠેજ વર્તે છે. તેઓને શિક્ષણની બાબતમાં, પિતાની સાથે વિચાર કરવામાં, દાન દેવામાં અને ન દેવામાં સ્વતંત્ર જાણવા.

(૬) પિતા મણિ, મોતી, વગેરે જંગમ ધનસંપત્તિનો સ્વામી ગણાય છે—તેને માટે યથેચ્છ વર્તવાને શક્તિવાન છે, પરંતુ સર્વ સ્થાવર ધનનો પિતા કે પિતામહ કોઇપણ સ્વામી ગણાતો નથી.

(૭) સ્ત્રી, પુત્ર, અને દાસ આ ત્રણે પરાધિન છે, તેઓ જે ધન મેળવે છે, તે ધન તેના સ્વામિનું ગણાય છે. જે ધન જેના હાથમાં હોય છે, તેનેજ તેનો સ્વામિ જાણવો નહિ; કારણ કે ચોરી વગેરે કરવાથી એક મનુષ્યનું ધન શું બીજાના હાથમાં જોવામાં આવતું નથી? માટે ધનનું સ્વામિત્વ શાસ્ત્રાધારેજ ગણાય છે; પરંતુ અનુભવથી પણ તે ધન તેનું છે એમ મનાતું નથી, જો તેમ મનાતું હોયતો આ મનુષ્ય આનું ધન ચોરી ગયો એમ કહેવું યોગ્ય ગણાય નહિ.

(૮) જે પુત્રે પિતાના ધનની સહાયતા વિના જે જે સ્થાવર અને જંગમ ધન મેળવ્યું હોય, તેણે તે ધન પોતાની ઇચ્છાનુસાર ભોગવવું અને ભાઇઓએ તેમાંથી ભાગ પડાવવો નહિ.

(૯) માતા, પિતા, ભ્રાતા, પુત્ર, પત્ની, કન્યા, બેન, પુત્રવધૂ, અને ભાઇઓની સ્ત્રીઓ સાથે વિવાદ કરવો નહિ.

(૧૦) મોટો ભાઇ પિતા તુલ્ય છે; ભાર્યા અને પુત્ર પોતાના શરીર પ્રમાણે છે અને કન્યા એ કૃપાને પાત્ર છે, માટે તેમના તરફથી કંઇ દુઃખ થાય તોપણ સહનતા રાખવી.

(૧૧) પિતા પરલોક ગયાથી મોટાભાઇ એ પિતાસ્વરૂપ થઇને નાના ભાઇઓનું વૃત્તિ વિધાન તથા તેઓનું પ્રતિપાલન કરવું.

(૧૨) નાનાભાઇએ પિતાના પ્રમાણે મોટાભાઇની આજ્ઞા પાળવી, અને તેમના પ્રતિ ભક્તિ દેખાડવી તથા તેની પછવાડેજ વર્તવું.

(૧૩) મોટાભાઇની ભાર્યા, નાનાભાઇને ગુરૂપત્ની પ્રમાણે છે અને નાના ભાઇની ભાર્યા મોટાભાઇને પુત્રવધૂ પ્રમાણે છે.

(૧૪) મોટી બેન, મોટાભાઇની ભાર્યા, અને બાલ્યકાળે જેના સ્તનનું પાન કર્યું હોય તે માતા પ્રમાણે છે.

(૧૫) પ્રાણ જવાની તૈયારી હોય, તોપણ માતા, પિતા, સ્ત્રી, પુત્ર, અને સગાં વ્હાલાંઓનો પરિત્યાગ કરી પોતે ખાવું નહિ.

(૧૬) ભાઇ, બેન, ભાઇના પુત્ર, ભાઇની સ્ત્રી, વગેરે કુટુંબીનું પાલન કરવું અને તેઓને સંતુષ્ટ રાખવાં.

(૧૭) પોતાની પત્નીનું પ્રતિપાલન કરવું, વસ્ત્રાલંકાર વગેરેથી સંતુષ્ટ પમાડવી. પુત્રોને વિદ્યાભ્યાસ કરાવવો અને સ્વજન તથા બંધુવર્ગની રક્ષા કરવી એ સનાતન ધર્મ છે.

(૧૮) પિતા અને માતાને સાક્ષાત્ પ્રત્યક્ષ દેવતાસ્વરૂપ જાણીને સર્વ પ્રયત્નથી સર્વદા તેઓની સેવા કરવી.

(૧૯) કુલપાવન સત્પુત્રે પિતા માતાને મૃદુ વાક્ય કહેવું, સર્વદા તેઓનું પ્રિય કાર્ય કરવું અને તેઓની આજ્ઞામાં રહેવું.

(૨૦) માતા અને પિતાથી પુત્રો ઉત્પન્ન થાય છે, તેથી તેઓ પિતા અને માતા એ બેઉને સમાન છે. માટે પુત્ર ઉપર પિતાનું જે પ્રમાણે સ્વામિત્વ છે, તે પ્રમાણે માતાનું પણ સ્વામિત્વ છે તેમાં સંશય નથી.

(૨૧) સંતાનના જન્મમાં માતા પિતા જે ક્લેશને સહન કરે છે, તેનો બદલો સો વર્ષે પણ પુત્રોથી વાળી શકાતો નથી.

(૨૨) પિતામાતા પુત્રને વિષે યશ, કીર્તિ, ઐશ્વર્ય, સંતાન, અને ધર્મની આશા કરે છે; માટે જે મનુષ્ય માતાપિતાની આશા પૂર્ણ કરે છે તે ધર્મજ્ઞ છે.

(૨૩) જે પિતા, માતા અને વડીલ ભ્રાતાની સેવા કરે છે અને કદાપિ તેઓના ઉપર દ્વેષ કરતો નથી. તેને સ્વર્ગલોકમાં ઉત્તમ સ્થાન મળે છે.

(૨૪) પિતાએ ચાર વર્ષ પર્યંત પુત્રનું કેવળ લાલન પાલન કરવું; ત્યાર પછી સોળ વર્ષ સુધી તેને ગુણ અને વિદ્યા શિખાડવાં. વીશ વર્ષ પછી તેને ઘરના કામોમાં જોડવા અને ત્યાર પછી તેઓના પ્રતિ તુલ્યભાવે વ્યવહાર તથા સ્નેહ કરવો.

(૨૫) કન્યાનું પણ એ પ્રમાણે પાલન કરવું, અતિ યત્નથી શિક્ષણ આપવું અને તેને ધન રત્નની સાથે સુપંડિત વરને આપવી.

(૨૬) વિદ્વાન પિતાએ કન્યાનું કાંઇ પણ મૂલ્ય લેવું નહિ. લોભથી જો લેતો તે સંતાન વેચનારો થાય છે.

(૨૭) પોતાના કુલ (કુટુંબ) ને ઉત્કર્ષ પમાડવાની ઇચ્છા હોય તો ઉત્તમ ઉત્તમની સાથે સંબંધ કરવા અને અધમ અધમનો ત્યાગ કરવો.

(૨૮) કુલમાં કોઈ અનર્થકારી પાપાત્મા પુરૂષ જન્મે છે, તો તે કુલની અકીર્તિ કરે છે અને કીર્તિને વિનષ્ટ કરે છે.

(૨૯) જે ભાઇઓ પૈતૃત ધનનો વિભાગ કરવાની ઇચ્છા કરે છે અને તેઓ જુદા થઇને ધનમાં મોહિત થઇ જઇ, પરસ્પર વિરોધ કરે છે; એ મહા

હાનિકારક અને અધર્મ છે.

(૩૦) જે સ્વાર્થી ભાઇઓ પોત પોતાનો ભાગ લઇ જુદા થવામાં વિરોધ કરે છે, તો અમિત્રો મિત્ર રૂપ થઇને તેઓમાં પરસ્પર દ્વેષ વધારે છે, પછી જ્યારે તેઓ વેરી થાય છે, ત્યારે શત્રુઓ અને દ્વેષીઓ તે છિદ્રમાં ફાવે છે અને તેથી ભેદ પામેલા ભાઇઓનો નાશ જલદી થાય છે.

(૩૧) ભાઇઓએ વિભાગ પાડી બનતાં સુધી છૂટા પડવું નહિ, કદી કોઇ કારણથી વિભાગ પાડી છૂટા પડવાની જરૂર પડે, તો ધન છે ને નથી, એમ ગણીને તેપર મોહિત ન થવું; ધન કરતાં ભાઇઓનો સંબંધ શ્રેષ્ઠ છે, એમ ગણીને મોટું મન રાખવું, પણ પરસ્પર વિરોધ કરવો નહિ. ભલે ભાઇ છે, તેની પાસે હશે તોપણ કોઇ વખતે તેજ કામ આવશે, એવી લાગણી રાખી સંતોષથી રહેવું, પણ જો તે માટે કોઇ પણ દ્વેષી મનુષ્ય અવળું સમજાવે અને એક બીજામાં વિરોધ પમાડવા જેવું બતાવે, તો તે તરફ જરા પણ લક્ષ આપવું નહિ, એ સુજ્ઞ ભાઇઓનો ધર્મ છે અને તેનેજ ખરા ભાઇઓ સમજવા.

(૩૨) જે પેટભરો મનુષ્ય ગુરૂ અને બંધુઓનો પરિત્યાગ કરીને પોતે ભોજન કરે છે, તે આ લોકમાં નિંદનીય અને પરલોકમાં નરક ગામી થાય છે.

(૩૩) કુટુંબ પરથી સ્નેહ, મમતાને છોડીને જે એકલો રહેવા ઇચ્છે છે અને પોતાનોજ સ્વાર્થ તાકે છે, તે પરિણામે દુઃખી થાય છે.

(૩૪) ઘણા લાંબા અને સમપરિમાણના તંતુઓ જેમ પોતાના ઘણા પણા—જથાને લીધે ઘણા પરિશ્રમો સહન કરી શકે છે, તેમજો કુટુંબના દરેક માણસ સંપસંપી સ્નેહ અને મમતાથી સાથેજ રહે છે, તો તેઓ મહાભારત કામ કરવાને પણ શક્તિવાન થાય છે.

(૩૫) સાસુસસરા એ માતા પિતા સમાન હિતસ્વી છે. માટે સસરાને પિતા સમાન અને સાસુને માતા સમાન સમજી તેની સેવા કરવી. તેની સાથે ઉંચે સ્વરે બોલવું નહિ, સભ્યતાને નમ્રતાથી ચાલી તેમની આજ્ઞા પાળવી, કોઇ રીતે તેમને માઠું લગાડવું નહિ. તેનાપર પ્રેમ રાખવો, તેની તનદુરસ્તી જાળવવા, ખાવા પીવા અને વસ્ત્રાદિથી યત્ન કરી ભક્તિપૂર્વક સેવા કરવી અને મંદવાડના વખતમાં પણ તન, મન અને વચનથી સેવા કરવી.

(૩૬) જ્યારે વહુના તરફથી સાસુ સસરાની માન મર્યાદા સચવાય છે, ત્યારે કુટુંબના અને બીજાં મનુષ્યો પણ તેના પ્રત્યે તેવી દષ્ટિથી જુએ છે, અને તેમની કીર્તિ વધે છે. માટે તેમને સેવાથી સંતુષ્ટ કરવાં.

(૩૭) સાસુ સસરાએ વહુને પોતાની પુત્રી પ્રમાણે ગણી સર્વ પ્રકારે તેનાપર સ્નેહ ભાવ રાખી વર્ત્તવું. આવી રીતે વર્ત્તવાથી એક બીજામાં ઐક્ય વધશે અને ઘર શાન્તિ સુખથી પૂર્ણ થશે.

(૩૮) જેઠ દિયર—દિયેર એ દિકરા તુલ્ય માનને યોગ્ય છે અને જેઠએ સસરા સમાન છે. માટે તે સાથે સભ્યતાથી વર્ત્તવું. કદી પણ તેમના પ્રત્યે તિરસ્કાર અને દ્વેષ પ્રકાશ કરવો નહિ. જેમ **સિતા** લક્ષ્મણના ઉપર પુત્ર સમાન પરમ સ્નેહ કરતાં હતાં, તેમ દિયેરના ઉપર સ્નેહ ભાવ રાખવો. વળી જેમ **લક્ષ્મણ** સીતાને માતા તુલ્ય ગણી ભક્તિ કરતા હતા, તેમ મોટાભાઇની સ્ત્રી પ્રત્યે ભક્તિ રાખવી. વળી જેમ લક્ષ્મણની પત્ની **ઉર્મિલા** રામચંદ્રજીને સસરાજી સમાન ગણી તેના ઉપર પરમ ભક્તિ કરતી હતી, તેમ જેઠના પ્રત્યે ભક્તિ કરવી.

(૩૯) દેરાણી જેઠાણી—દેરાણીએ જેઠાણીને સાસુ સમાન ગણી માન આપવું અને જેઠાણીએ દેરાણીને પોતાની પુત્રી સમાન ગણવી. નાના મોટાની રીત પ્રમાણે વિવેકથી વર્ત્તવું. પરસ્પર ઐકયતા, સંપ અને સ્નેહ રાખવો. જેવી રીતે **સિતા** અને **ઉર્મિલા** પ્રેમ ભાવથી એકરૂપ રહેતાં હતાં અને એક બીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થતાં હતાં, તેવી રીતે સંપ સંપીને રહેવું. એક બીજાના કાર્યમાં મદદ કરવી, એક બીજાનાં છોકરાંઓને પોતાનાં છોકરાંની પેઠે પ્રેમ ભાવથી ચાહવું અને લાડ લડાવવાં. પોતાનાં પુત્ર કે પુત્રીથી તેઓને જુદાં સમજવાં નહિ. તેઓનું ભલું થાય તથા સુખી થાય તેમ કરવા યત્ન કરવો.

(૪૦) નણંદ–પતિની મોટી બેન એ વડીલ તરીકે ગણાય છે અને સાસુને અભાવે સાસુ સમાન માન અને ભક્તિને પાત્ર છે. તેમની માન મર્યાદા જાળવી તેમની સાથે સ્નેહ અને સભ્યતાથી ચાલવું, નાની નણંદ એ બેન સમાન છે. તેના પર સ્નેહ રાખવો, હરેક પ્રકારે તેમનું કલ્યાણ ચાહવું, તેમનું કોઇ પ્રકારે મન દુઃખાય તેમ ન કરતાં, સંતોષ પામે તેમ કરવું. જેવો તમારો તમારા પિયેર ઉપર હક છે, તેવોજ તેનો તેના પિયેર ઉપર હક છે, એમ સમજી તેના પર સદ્ભાવના રાખવી અને આનંદ રહે તેમ કરવું.

(૪૧) ભાણેજ, ભાણેજી, ભત્રિજી વગેરેને પોતાનાં છોકરાં સમાન ગણી તે સાથે સારી રીતે વર્ત્તો અને પ્રેમ ભાવ રાખો.

(૪૨) કુટુંબમાં માબાપ વગરનાં બાળક, બાળિકાઓને સારી રીતે મદદ કરો, સ્નેહભાવ લાવી હરેક રીતે તેમનું ભલું થાય તેમ કરો; કેમકે કુટુંબમાં નિરાધારને આધાર આપવો, એ ધાર્મિક અને દયાશીલનું કર્ત્તવ્ય છે.

(૪૩) કુળમાં—કુટુંબમાં કાકા, કાકી; વગેરે વડીલો અને તેમનાં છોકરાંઓ વગેરે જે કુટુંબીજનો ગણાય છે, તેમાં જેની સાથે જેવો વ્યવહાર રાખવો જોઇએ, તેની સાથે તેવા વિવેક મર્યાદાવાળા વ્યવહારથી વર્ત્તો.

(૪૪) જે કુટુંબ આવી વ્યવસ્થા નીતિ પ્રમાણે વર્ત્તે છે, તે કુટુંબમાં સુખ, સમૃદ્ધિ અને લક્ષ્મીનો વધારો થાય છે અને તે કુટુંબ પ્રતિષ્ઠિત થાય છે.

(૪૫) જે કુટુંબીજનો પરસ્પર ધર્મનીતિને ધ્યાનમાં રાખી, આ સંસાર

વ્યવહાર ચલાવે છે અને એક બીજાનું સુખ ચાહે છે; તે કુટુંબ સર્વ પ્રકારે શ્રેષ્ઠતાને પામી પરમ આનંદને મેળવેછે અને ધન્યતાને પામે છે.

સાસુવહુનાકજીઆ ક્યારેમટે?

સંસારમાં કુટુંબની અંદર સલાહ અને સંપ, એ ઉત્તમ સુખનું સાધન છે; પરંતુ હતભાગ્ય! આપણાં ગૃહ-સંસારમાં હાલ જોઇએ તેવો સલાહ અને સંપ ક્યાં છે? કેટલાક ઘરમાં નિરંતર સાસુવહુના ઝગડા જોવામાં આવે છે. સાસુ જાણે હું વહુને દબાવી પગ તળે રાખું અને વહુ જાણે હું સાસુને તરણા તુલ્ય રાખું. આ શું થોડા ખેદની વાત છે? જ્યાં સુધી પરસ્પરનો મરતબો અને દરજ્જો જાણવામાં આવશે નહિ, અને જ્યાં સુધી પરસ્પરની ફરજ સમજી વર્તવામાં આવશે નહિ, ત્યાં સુધી ઝઘડા બંધ પડી સુખ થવાનું નથી. વહુઓએ સમજવું જોઇએ કે ગૃહ સંસારની અંદર સર્વ ઓમંડળમાં સાસુએ વડીલ, અનુભવી અને પતિની માતા છે. તેથી તેમનો દરજ્જો અને મરતબો સર્વના કરતાં શ્રેષ્ઠ છે. એ શ્રેષ્ઠતા અને અનુભવને લઇ અમારાં સાસુજી કોઇવાર તાણીને બે બોલ કડવા કહે તો અમારા લાભ ખાતર કહે છે એમ સમજવું જોઇએ. તેઓ કોઇવાર ગુસ્સે થાય છે, તો તે અમારા વાંકથીજ થતાં હશે. સાસુના સઘળા હુકમો અમારે માથે ચડાવવા એ અમારો ધર્મ છે, એમ સમજી તેમના હુકમોને માન આપી માથે ચડાવવા લાગે. વળી વહુઓ એમ સમજે કે નણંદો એ અમારી બેન જેવી છે, તે થોડો વખત અહીં રહી સાસરે જવાની છે, માટે તેમને સર્વ પ્રકારે રાજી રાખવાં એ અમારી ફરજ છે. વળી વહુએ એમ જાણે કે સાસુ ને નણંદો સાથે હળી મળીને એક ઠેકાણે રહેવાથી ફાયદોજ છે. સાસુથી છૂટાં પડી એકલાં અથવા જુદું ઘર માંડવાથી ઘણી ખરાબી છે. વળી એમ સમજે કે અમારી સાસુ તે અમારી માતાજીજ છે. અમારા પ્રાણપતિને ઉછેરવા અને કેળવવામાં તેમણે ઘણાં દુઃખ વેઠી શરીર ઘસાવી નાંખી લોહીનું પાણી કર્યું છે. અમે જે આજે સુખ ભોગવીએ છીએ, તે પતિને લઇનેજ અને પતિ એ તેમની માતુશ્રીને લઇનેજ છે, તો અમારે સઘળો પ્રતાપ તે સાસુજીનોજ છે. સાસુજીના પ્રતાપથીજ અમે સર્વે સઘળાં સુખ ભોગવીએ છીએ અને હજુ પણ તેમની આશિષથીજ ભોગવીશું. અમારી ખરી માતાજી હાલ સાસુજીજ છે. માટે સાસુનાં વચનો માતાના પ્રમાણેજ માનવા જોઇએ અને તેમની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું જોઇએ. વળી વહુઓ એમ સમજે કે સાસુજીને જે કાંઇ દુઃખ થાય, તે એમને થયા બરાબર છે. અમે નબળી હાલતમાં સાસુને આધારેજ પડ્યા હતાં અને હાલ પણ તેમ-

નેજ આભારે છીએ. અમારૂં સર્વે પ્રકારે સારૂં ભલી સાસુજીથીજ થયું છે અને થશે. વળી વહુઓ એમ સમજે કે સાસરે કામ કરવામાં કોઇ પ્રકારે એબ જેવું નથી, પણ કામ કરવામાં શોભા છે. અમારી સાસુજીએ ઘણો વખત કામ કરી શરીર ઘસાવી નાંખ્યું છે, તો હવે અમારા આવ્યા પછી તેને વિશ્રાન્તિ આપવી એ અમારૂં કામ છે. અમારી સાસુ બેસી રહી અમારી પાસે બધું કામ કરાવ્યા કરે, તે માત્ર અમને હુશિયાર કરવા અને અમે સ્ત્રી તરીકે વધારે ઉપયોગી થઇ પડીએ, એટલા માટેજ કરાવે છે. તે કાંઇ શેઠાઇ કરવાને કે સાહેબી ભોગવવાને કરાવતાં નથી. જ્યારે વહુઓ પોતાના રાઇ જેવડા નાના દુઃખને પર્વત જેવડાં મોટાં દુઃખ બતાવવાથી હાથ ઉઠાવે અને પારકા ઘરની ખણખોદ કરનાર સ્ત્રીઓ આગળ પોતાના ખરા ખોટા રોદડા રડવામાં હલકું અને નીચ કામ સમજે. વળી એમ સમજે કે અમેજે હાલ વહુ દાખલ તેમના હાથ નીચે રહેલાં છીએ; તેથી કોઇવાર સાસુના અણઘટતા ઠપકા પણ સાંભળવા જોઇએ અને એવા ઠપકાથી મનમાં કાંઇ પણ ખોટું લગાડવું ન જોઇએ. વળી તેઓ એમ સમજે કે સાસુ હોય તે કદી બે કડવાં વચન પણ કહે એમાં નવાઇ પણ નહિ, એમ સમજી મોટું મન રાખી જ્યારે વહુઓ હરે ફરે અને વર્ત્તે ત્યારેજ સાસુ વહુના કજી-આઓ અરધો અરધ ઘટી જાય.

વહુઓએ જેમ સાસુઓને માતા સમજી જેવી રીતે વર્ત્તવાનું છે; તેવીજ રીતે સાસુઓએ પણ પોતાના પ્રિય પુત્રની અર્ધાંગના વહુઓ જે પોતાના પુત્રના સુખ દુઃખમાં ભાગ લેવાને આવેલી છે, તેમને પોતાની દીકરી જેવી પ્રિય ગણી વર્ત્તવું જોઇએ. સાસુઓ એમ સમજે કે અમારી વહુઓ હજુ અનુભવ વિનાની અને અણસમજુ છે. તે જેમ વધારે ટીચાશે અને બત્રીશ ઠોકર વાગશે, ત્યારેજ બત્રીશ લક્ષણી થઇ હુશિયાર અને ડાહી થશે. માટે તે જો કોઇ વખત આડી ચાલે તો તેની દરગુજર કરવી એ અમારો ધર્મ છે. જ્યારે સાસુઓ એમ સમજે કે આપણે વહુને ઘરમાં લાવ્યા છીએ, તે કાંઇ માત્ર ઘરનું કામકાજ કરવા ગુલામડી ખરીદ કરેલી નથી, પણ આપણા ઘરના માણસ દાખલ મદદ કરવાને અને આપ-ણા સુખ દુઃખમાં ભાગ લેવાને આવેલી છે. જ્યારે સાસુઓ એમ સમજે કે આપણી વહુઓ આપણે ત્યાં સુખ લેવાને આપણા ઘરમાં આવેલી છે, માટે જેમ બને તેમ તેમને સુખ આપવું એ અમારૂં કામ છે. જ્યાં સાસુઓ પોતાના પુત્રની વહુઓને પોતાની દીકરી બરોબર જાણે અને એમ સમજે કે રાત દિવસ નજીવી વાતોમાં વહુઓ સાથે તકરાર કરવામાં મારી શોભા નથી. જ્યારે સાસુઓ એમ સમજે કે વહુ અને દિકરા સાથે હળીમળીને સલાહ સંપથી રહેવામાંજ શોભા અને માન છે. અમારી વહુનું માથું દુઃખ્યું તો તે અમારી દીકરીનું દુઃખ્યા બરો-બર છે તથા અમારા દીકરા ઉપર જેમ અમારૂં જોર અને હક છે, તેમજ તેમની

પત્નીનો પણ હક છે. જેમ અમે અમારા દીકરાથી સુખ અને ખુશાલી ભોગવવાની ઉમેદ રાખીએ છીએ, તેમજ અમારી વહુઓ પણ રાખતી હશે. માટે તેમને તેવાં સુખ પાસે રહીને અપાવવાં એ અમારી ફરજ છે. વળી સાસુઓ એમ સમજે કે અમારી કેટલીક આડી ચાલ ભલી વહુઓ સહન કરી લે છે, તેમ અમારે પણ કોઇ વખત તેમની આડી ચાલ માલમ પડે તો સહન કરી લેવું જોઇએ. જ્યારે કેટલીક વહુઓ કાછડો ભીડીને અમારી સાથે કામ કરવાને લાગે છે અને મદદ કરે છે, તેમ અમારે પણ તેમને કામ કરવામાં મદદ આપવી જોઈએ. જેમ કેટલીક સાસુઓ પગ ઉપર પગ ચડાવીને વહુઓ ઉપર હુકમ ચલાવી સાહેબી ભોગવે છે, તેમ અમારે કરવું એ શરમ અને જુલમાત ભરેલું છે એમ સમજવું જોઇએ. જ્યારે સાસુઓ વહુઓના નજીવા અથવા મોટા વાંકો ક્ષમા કરતાં શીખે, નજીવી વાતોમાં ગુસ્સે થઇ જવાનો અટકાવ કરે અને વહુઓને તોછડા નામથી બોલાવતાં કચવાય તથા વહુઓને પોતાની દીકરી બરોબર જાણી એવા હલકા નામથી બોલાવતાં શરમાય. જ્યારે સાસુઓ નવરાશના વખતમાં પોતાની વહુઓને પોતાના પડખામાં બેસાડી તેમની સાથે મીઠી મીઠી વાતો કરે, વિનયથી મધુર વચને શીખામણ આપે, અને છેવટ સાસુઓ એમ સમજે કે, "હોદ્દો ભોગવે તે ગોદો પણ ભોગવે." અથવા અમે સાસુ દાખલ જે વડપણ અને હુકમત ભોગવીએ છીએ. તેથી કોઈવાર વહુઓના પણ અણઘટતા ગોદા ખમવા પડે, એમ સમજી ઠંડા બરફ જેવી શાંત બની, દરિયા જેવડું મોટું રાખીને જ્યારે સાસુઓ વર્તે; ત્યારે સાસુ વહુના કજીઆ એકદમ મટે. માટે સાસુ વહુઓએ પોત પોતાનો ધર્મ સમજી નિરંતર વર્તવું જોઇએ. એવી રીતે વર્તવાનાંજ શોભા અને સુખ છે.

સ્ત્રીજાતિનીસૌંદર્યતાનીમહત્તા.

"રંગ બેરંગી ફૂલ જયમ, વિવિધ રંગ ઓપાય,
તેમજ અબળા કોમપણ, વિવિધ રંગ સોહાય;
તેના વિધ વિધ રંગથી, પુરૂષ વર્ગ મોહાય,
નાજુક તે અબળા સુખી, નમ્રપણે સોહાય."

આ જગતમાં કેટલીક વસ્તુઓ સુંદર અને કેટલીક બદસુરત નામથી ઓળખાય છે. જેનાથી અંતઃકરણ ખેંચાય અને જેમાં તલ્લિન થઇ જવાય તેને સુંદર અને જેનાથી અંતઃકરણમાં ધિક્કાર છૂટે તે કદરૂપ કહેવાય છે. મનુષ્યનું હૃદય સ્વાભાવિક રીતેજ સૌંદર્યતાને ચાહે છે. સૌંદર્ય એ પ્રેમનો હમેશનો સોબતિ

છે. સુંદર સ્ત્રીના સહવાસથી પ્રેમ ઉત્પન્ન થઇ સુખ મળે છે. સુખ મેળવવું એજ મનુષ્ય જીવનનો ઉદ્દેશ હોય છે. જગતમાં જે કાંઇ કામ કરવામાં આવે છે, તે સુખ મેળવવા માટેજ કરવામાં આવે છે. સુખની શોધ કરવી એ મનની સ્વાભાવિક ગતિ છે. સુખ સિવાય મનને બીજે કોઈ ઠેકાણે રહેવાની ઇચ્છા થતી નથી, પરંતુ તે સુખની જગ્યા સુંદરતા છે. સુંદરતાને દરેક પગલે મનની ગતિ ઉત્પન્ન થાય છે અને તે સુંદરતાના સુખની સાથે મળી જઈ રમે છે અને આનંદ પામે છે. આ સૃષ્ટિમાં એવી કોઇ જગ્યા નથી કે, જે ઠેકાણે સુંદરતાને કોઇ ચાહતું ન હોય, એવું કોઇ મનુષ્ય નથી કે જે સુંદરતાથી સુખી થતું ન હોય. સુંદર પદાર્થને જોવા માટે સર્વ આતુરતા બતાવે છે. બધા દેશમાં સુંદરતાની તૃષ્ણા બળવાન છે. મનુષ્ય માત્ર સુંદર પુષ્પો, સુંદર પશુ પક્ષીઓ, સુંદર કીટ પતંગો અને સુંદર વૃક્ષ વેલાઓ જોવાને ઇચ્છે છે; એટલુંજ નહિ પણ મનુષ્ય, મનુષ્યના સુંદર રૂપને જોવાને બહુ ઇચ્છે છે. એ માટે બધે ઠેકાણે અને બધા સમયમાં સુંદર મુખનો જય છે.—સુરૂપની અધિક મહત્તા છે. વિચાર કરવાથી જણાશે કે, જે મનના ભાવને આપણે પ્રેમ કહીએ છીએ, તે માનસિક ગુણોથી જેટલો એકદમ નથી થતો, તેટલો બહારની સુંદરતાથી ઘણુંકરી થતો જોવામાં આવે છે.

ઇશ્વરે મનુષ્યના બે ભાગ કર્યા છે—સ્ત્રી અને પુરૂષ. પુરૂષ એ સ્ત્રીને પ્રેમ કરે છે, તે માટે તેણે સ્ત્રીને સુંદર બનાવીને જગતમાં મોકલી છે. સુંદર મૂખ જોવાથી જે આનંદ ઉપજે છે, તે સામાન્ય મનુષ્ય પણ જાણે છે. મનુંષ્યનું સુંદર મૂખ—તે પ્રકૃતિના સૌંદર્યની સીમા છે. અને અંતર્જગતનું દર્પણ છે. બહારનું સૌંદર્ય અંદરના સૌંદર્ય સાથે મળે છે; ત્યારે કોને પ્રેમ થતો નથી ! સુંદરતાએ સ્ત્રીના સદ્દગુણની અંદર એક ઉપયોગી સદ્દગુણ છે. ઓછા સ્વરૂપવાળી કેટલીક સ્ત્રીઓ કહેશે કે, સુંદરતા એ માત્ર ચામડીનો રંગ છે. તે વાત ખરી છે, પરંતુ સુંદરતાનો ગુણ પસંદ કરવા જેવો છે. ચિત્રો ફકત રંગ અને કલમનીજ કારીગરી છે, તોપણ તે આપણું મન હરણ કરે છે. જગતમાં સ્વરૂપવાન સ્ત્રીઓ કરતાં કદરૂપી સ્ત્રીઓ ઘણું કરી વધારે દુર્ગુણી હોય છે, તે વૈદક શાસ્ત્રથી પણ સિદ્ધ કરી શકાય છે. કેટલાક કહેશે કે સ્ત્રીની સુંદરતાને વશ થવું એ અજ્ઞાનતાનું કામ છે; પરંતુ એ સર્વને મુગ્ધ કરનારી સુંદરતાની તૃષ્ણા આ સંસારમાં ઘણાં સારાં કાર્યો કરે છે, તે તેઓ જાણીતા નથી. જ્યારે જોવામાં આવે છે કે જગતનું ઉત્કૃષ્ટ કરવું એ પ્રકૃતિનો સર્વથી મોટામાં મોટો ઉદ્દેશ છે; અને જ્યારે સમજાય છે કે, સુંદરમાં સુંદરનોમેળાપ થયાથી ભવિષ્યની ઉત્પન્ન થતી પ્રજા ઉત્કૃષ્ટ થાય છે; ત્યારે સુરૂપમાં સ્વાભાવિક રૂચિ ઉત્પન્ન થાય છે. જે સૌંદર્ય મનુષ્યાકૃતિમાં સંપૂર્ણતાએપહોંચે છે. તેનાજ મનુંષ્યો ઉપાસક છે. સ્વરૂપવાન સ્ત્રી સૌનાં મન આકર્ષે છે. તે જ્યાં જ્યાં જાય છે, ત્યાંત્યાં તે આનંદ અને ઉત્સવ કરી મૂકે

છે; અને સઘળી વસ્તુ તેને સુગમ થઇ પડે છે. છેલ્લા સૈકામાં ઇંગ્લાંડમાં **એલીઝાબેથ** પોતાની સુંદરતાને માટે ઘણીજ પ્રખ્યાત થઇ ગઇ છે. તે **હેમિલ્ટન** નામે ડ્યુકને વરી હતી. તે વિષે **વૉલપોલ** કહે છે કે;—"શુક્રવારને દિવસે જ્યારે ડચેસ હેમિલ્ટન દરબારમાં આવીને બેસતી, ત્યારે તેમને જોવા મેળાવડો એટલો બધો ખીચોખીચ ભરાતો હતો કે દીવાનખાનામાં ભરાયેલા અમીર વર્ગને પણ તેના તરફ દૃષ્ટિ કરવા ખૂરશી અને મેજપર ચઢી ઉભા રહેવાની જરૂર પડતી હતી. તેમને ગાડીમાં ચઢતાં જોવાને લોકોનાં ટોળે ટોળાં તેમના ઘરનાં બારણાં નજીક ઉભાં રહેતાં અને જ્યારે તેઓ નાટકશાળામાં જવાનાં છે એવું જાણવામાં આવતું, ત્યારે લોકો આગળથી જઇ પોતાની બેઠકો લઇ લેતા. યોર્કશાયરમાં તેમને સવારમાં પોતાની ગાડીમાં ચડતાં જોવાને આજુ બાજુ ઘણાં માણસો ભરાતાં હતાં." વળી જણાવેલું છે કે. "પંદરમીસદીનો ફ્રાન્સનો ઇતિહાસ **પોલીન ડી વીગીર** નામની સદ્‌ગુણી અને નિપુણ કુમારીકાનું નામ પ્રસિદ્ધ કરે છે; તેણે પોતાની સૌંદર્યમય અનુપમ કાન્તિથી પોતાના સમકાલીન મનુષ્યોની પોતાના તરફ એટલી બધી આસક્તિ ઉશ્કેરી હતી કે તે પોતાની બારીમાં જે વખતે બેસતી, ત્યારે ટુલુસ શહેરના રહેવાસીઓ તેને જોવાને એટલા તો ભેળા થતા કે એક બીજા સાથે અથડાઇ પડતા." આ સર્વ દૃષ્ટાંતથી આપણા મનનું સમાધાન શા માટે કરવું જોઇએ? આ વશીકરણ આપણે જાણીએ છીએ. નિર્બળ આંખો ગમે તેટલો વખત સૌંદર્યથી ભરપૂર આંખો તરફ જોઇ રહેશે, તથાપિ તેને ઇજા થવાની નથી. તેમનાં દૃષ્ટિપાત અને વચન વડે તેઓ આપણી અણઘડતાને સુધારી નાંખેછે. અતિ ગંભીર અભ્યાસી ઉપર પણ તે માનસિક અસર ઉત્પન્ન કરે છે તે આપણે જાણીએ છીએ. તેની બુદ્ધિ તે સુધારીને ચોખ્ખી કરે છે; અને જે નિરસ અને વિટંબણાથી ભરપૂર છે, તે આનંદથી કેમ પૂરૂં કરવું તેની રીત તે આપણને શીખવે છે. આપણે તેમની સાથે વાત કરીએ અને આપણું સાંભળે એવી આપણને વૃત્તિ થાય છે. એમને પરિશ્રમિત કરવાની આપણને ધાસ્તી રહે છે; અને વાતચીત કરવાની એવી સુગમતા એથી આપણને આવી જાય છે કે, આપણી બોલવાની રીતીજ પછી એવી બની જાય છે. સઘળા ઉચ્ચ સૌંદર્યમાં નીતિનું તત્વ પણ હોય છે; એવા સૌંદર્યવાળી સ્ત્રીઓ સંપૂર્ણ શ્રેષ્ઠતાએ પહોંચે છે. ઇસ્લામીઓ કહે છે કે;—"સૌંદર્યના આખા અંબારનો બે તૃતિયાંશ પરમેશ્વરે હવા ને આપ્યો." સૌંદર્યથી ભરેલી સ્ત્રી પોતાના ઉન્નતસાથીને વશ કરતી અને તે જેના જેના સંબંધમાં આવે છે, તેનામાં મમતા, આશા અને ઉન્નત ભાવ ઉત્પન્ન કરતી દેવી છે. વગેરે રીતે જોતાં સૌંદર્યતાની અધિક મહત્તા છે. માટે સ્ત્રીઓએ પોતાનાં બાળકો સ્વાભાવિક સુંદરતાવાળાં ઉત્પન્ન કરવાને માટે **રજોદર્શન** અને **ગર્ભાવસ્થા** વખતે પોતાના હૃદયમાં સુંદરતાની સચોટ છાપ પાડવી જોઇએ. તે વિષે

અમે "સતીમંડળ ભાગ ૧ લામાં." જણાવેલું છે. તે ધ્યાનમાં લઇ તે પ્રમાણે વર્ત્તવું જોઇએ.

સૌંદર્યતાદર્શાવવાનીચાલતીરીત.

જગત્માં સૌંદર્યતાની અધિક મહત્તા છે અને તેનો આદર છે. તેથી સુધરેલી કે જંગલી જાતિઓની સ્ત્રીઓ સ્વાભાવિક રૂપ લાવણ્યમાં સંતોષ નહિ પામતાં, શરીરનાં અનેક પ્રકારનાં સંકટ અતિ ધૈર્યતાથી સહન કરીને પણ પોતાની ખૂબસુરતી દર્શાવવાને યત્ન કરે છે. જુદા જુદા દેશની સ્ત્રીઓએ જુદી જુદી પ્રકારે પોતાના મનથી સુંદરતા માની લીધી છે અને તે પ્રમાણે કરતી જોવામાં આવે છે. શીદણો મોટા હોઠની ઇચ્છાથી સર્વદા હોઠ તાણીને ઝુલતા કરે છે. પોલિનેશિયા બેટની સ્ત્રીઓ દાંતને ઘસીને નાના કરે છે. અમેરિકાના ઇંડિયનો તીક્ષ્ણ હથિયારથી આખા શરીર ઉપર ટાંચણાં—છુંદણાં ભોંકે છે. અસાગિરાજની સ્ત્રીઓ મોટું કપાળ કરવાને બાલ્યકાળથી માથાનો ઉપલો ભાગ દબાવીને લલાટ મોટું કરે છે. અમેરિકામાં રહેનારી એક જાતની સ્ત્રીઓ ચપટું કપાળ કરવાની ઇચ્છાથી બાળિકાના કપાળ ઉપર લાકડાનાં પાટિયાં બાંધે છે. ચીનના આબરૂદારની સ્ત્રીઓ નાના પગની ઈચ્છાથી બાળપણમાંથી લોઢાના જોડા પહેરે છે; વગેરે જંગલી જાતિઓમાં આવી અનેક રીતિઓ ચાલે છે. સુધરેલી જાતિઓમાં પણ સુંદરતા વધારવાની ઇચ્છા કંઇ ઓછી નથી. જે અંગ્રેજ જાતિ સુધારાના શિખર તરીકે પોતાને ગણે છે, તેઓની સ્ત્રીઓ કમરને પાતળી કરવા માટે તંદુરસ્તીની મહા હાનિ થવા છતાં બાળપણથી ત્યાં કસીને પટા બાંધી રાખે છે. આપણી સ્ત્રીઓ અલંકાર પહેરવા કેવી ધૈર્યતાની સાથે નાક, કાન વિંધાવે છે અને સોયો ભોંકાવી છુંદણાં—ત્રાજવાં પડાવે છે, તે સૌ કોઇ જાણે છે.

ખરેખર આ સર્વ વિષયપર વિચાર કર્યાથી જણાય છે કે, સર્વ દેશમાં સર્વ જાતિની સ્ત્રીઓ અંગ શોભાવવામાં વધારે ધ્યાન આપે છે. ઘણે ઠેકાણે જોવામાં આવ્યું છે કે, જંગલી જાતિની સ્ત્રીઓ ટાઢથી શરીરનું રક્ષણ કરવાને વસ્ત્ર પણ પહેરવાની દરકાર નહિ કરતાં, શરીરપર ઉલ્કાં પહેરવા માટે અનેક પ્રકારનાં સંકટ સહન કરે છે. હામ્બોટ કહે છે કે, અમેરિકાની જંગલી સ્ત્રીઓ શરીરના સુખ સાધનમાં દૂર થઇને પણ અંગ શોભાને માટે એક મહિના સુધી કષ્ટ સહન કરવામાં પાછી હઠતી નથી. તેઓની સ્ત્રીઓ અચિત્રિત થઇને ઘરમાંથી બહાર જવાને શીલતાથી વિરૂદ્ધ સમજે છે. મુસાફરો કહે છે કે, જંગલી જાતની સ્ત્રીઓ કપડાના કરતાં રંગીન કાચ, ભાગેલા ચળકતા પથ્થરા, સુંવાળી અને ધાટદાર છીપો

તથા કોડા કોડીઓ ઇત્યાદિ પદાર્થો વધારે આતુરતાની સાથે લે છે અને શરીરપર ધારણ કરે છે. હિંદુસ્તાનમાં ત્રિપુટાની પાસેના દેશમાં કુકી નામની જંગલી પશુના જેવી એક જંગલી જાતિ વસે છે. તેઓ ઘણું કરીને નગ્ન રહે છે; પરંતુ ચળકતા પથ્થરો, સુચિત્રિત કોડીઓ અને કોડા, પક્ષીનાં સુંદર પીછાં માથા ઉપર તેમજ ગળામાં બાંધે છે. કેવળ જંગલી જાતિજ નહિ પણ સુધરેલી જાતિની સ્ત્રીઓ પણ ખૂબસુરત તરીકે લોકોમાં ઓળખાવા માટે વધારે આતુર હોય છે. તેઓ પોતાના જીવનનો ઘણો ખરો ભાગ શરીરને ઠીક ઠાક કરવામાં ગાળે છે. જંગલી જાતિનું વર્ણન વાંચવાથી અને સુધરેલી જાતિની રીતિ જોયાથી એ સિદ્ધ થાય છે કે, શીતતાની ખાતર પોષાકનો વ્યવહાર ચાલવાની પહેલાં સૌંદર્ય વૃદ્ધિ અને પ્રશંસા મેળવવાની ખાતર અલંકાર પહેરવાની રીતિ ફેલાઇ હતી. વળી આપણે જોઇએ છીએ કે, સુધરેલી જાતિઓમાં પણ વસ્ત્ર મજબૂત અને શરીરને ઉપયોગનાં થયાં છે કે નહિ, તે ન જોતાં વસ્ત્રની ઉજ્વલતા અને સૌંદર્યતા ઉપર વધારે નજર રાખે છે. ફાવે છે કે નહિ, તે ન જોતાં કટ સારા થયા છે કે નહિ તેના ઉપર વધારે ધ્યાન આપે છે. આ ઉપરથી જણાય છે કે શરીરનું સૌંદર્ય વધારવાની ઇચ્છાથીજ વસ્ત્ર પહેરવાની ઉત્પત્તિ થઇ છે. આગળ જણાવ્યા પ્રમાણે સ્ત્રીઓ સૌંદર્યની વૃદ્ધિ કરવાની ઇચ્છાથી નાના પ્રકારના અલંકારો પહેરે છે. અંગ્રેજ સ્ત્રીઓ વધારે અલંકારો પહેરતી નથી; પરંતુ તેઓનું ધ્યાન કપડાંની સુંદરતા અને ઉત્તમપણા ઉપર વધારે હોય છે. તેમજ જુદા જુદા પ્રકારના પાઉડરો અને વિવિધ મિશ્રણોથી પણ કેટલીક સ્ત્રીઓ શરીર સુશોભિત કરવાના ઉપાયો લેતી જોવામાં આવે છે. આપણા દેશની સ્ત્રીઓને વસ્ત્રપર જેટલી જોઇએ તેટલી પ્રીતિ નથી; પરંતુ તેઓને હાથ, પગ, નાક, કાન અને ડોકના વિવિધ પ્રકારનાં અલંકારો—ઘરેણાં પહેરવાની વધારે ઇચ્છા હોય છે. આપરથી સિદ્ધ થાય છે કે સર્વ દેશની સ્ત્રીઓને શરીરની સુંદરતા વધારવાપર વધારે પ્રીતિ હોય છે અને પોતે માની લીધેલી રીતિ પ્રમાણે કરતી જોવામાં આવે છે.

ખૂબસુરતીજાળવવા-વધારવાનાઉપાય.

આ પૃથ્વી પરના સર્વ દેશમાં ખૂબસુરતીનો મોહ અને મહિમા વધારે છે સર્વ દેશની સ્ત્રીઓ તે માટે વધારે આતુર જોવામાં આવે છે; તેમજ આ દેશની સ્ત્રીઓ પણ તેવીજ ચાહના રાખે છે અને પ્રયત્ન કરે છે. જો કે પ્રભુ કૃપાથી જે સ્વાભાવિક રીતે ખૂબસુરતી પ્રાપ્ત થયેલી હોય છે, તેવી તો ઉપાયો લેવાથી પ્રાપ્ત થતી નથી; પરંતુ તેનાથી જે ખૂબસુરતી હોય છે તે જળવાઇ રહે છે અને વધ

સુરતીમાં સુધારો થઇ શરીર અને ચેહેરો સુશોભિત થાય છે. માટે જો સ્ત્રીઓ ઇચ્છે છે તો પોતાના ડોળ ડમાકને, દેખાવને, ચેહેરાને, ચાલવાની રીતને અને શરીરના બાંધાને ખૂબસુરત બનાવી શકે છે. જો તેઓ મન પર લેતો પોતાની ચામડીને નાજુક, નરમ, અને સુંવાળી કરી શકે, અને હાથને સફાઇદાર ઘાટવાળા કરી શકે. જેમ એક હંસનું બચ્ચું નાનું બેડોળ અને ઘાટઘુટ વગરનું હોય છે, તેને ઉછેરતાં દમામદાર ખૂબસુરતીમાં ખીલેલું મન મોહક બની શકે છે; તેમ એક નાની વયની બાળિકાની ચોકસ સંભાળ અને જતન લે, તો પોતાની બાલ્ય કાળની બદસુરતી ને જુવાનીમાં દૂર કરી નવી ખૂબસુરતી ઉમેરવાને શક્તિવાન થઇ શકે છે. કદી એમ કરવાનું નહિ બની બની શકે તેવું જણાતું હશે, પણ જ્યારે મહેનત લેશો અને તેનું પરિણામ સારૂં જોશો; ત્યારે કહેશોકે, ખરેખર તેમ પણ થઇ શકે છે; પરંતુ તેમાં સારી પાચનશક્તિ સર્વથી મોટું કામ બજાવનારી છે. યુરોપ અને અમેરિકામાં ખૂબસુરત બનવાનું શિક્ષણ આપવામાં આવે છે અને હજારો સ્ત્રીઓ તે શિક્ષણ લે છે. તે શિક્ષણના પરિણામથી સર્વથી બદસુરત છોકરી પણ આનંદ પામે છે.

મી. યુજીનીસેંડો કહેછેકે, "દરેક સ્ત્રી ખૂબસુરત બનવાનો હક ધરાવે છે અને દરેક સ્ત્રી ખૂબસુરત બની શકે છે, પણ તેણીએ ફક્ત એકજ નિયમ ધ્યાનમાં રાખવાનો છે, તે એકે શરીરને ચાલું કેળવણી આપવી." હાથને હંમેશાં ઢાંકેલા રાખવાથી જેમ હાથની ચામડી બગડે છે, તેમ વળી આખો વખત તડકામાં રાખવાથી પણ તેની ચામડીને નુકશાન પહોંચે છે. હાથની ચામડી નાજુક નરમ અને સુંવાળી રાખવાનો ફક્ત એકજ ઉપાય છે અને તે એકે તેને ગરમ પાણીએ ધોયા કરવા. હાથીજ કામકાજ બજાવ્યા કરવું અને સાદું ખુશબો વિનાનું તેલ તે ઉપર વખતો વખત લગાડવું. ખુશબોથી નુકશાન થાય છે તે યાદ રાખવું. ચામડીનો રંગતો પ્રભુએ બનાવ્યો હશે તેજ રહેવાનો. સો મણ સાબુ ચોળવાથી સીદીભાઇ ગોરા બનવાના નથી, પણ યોગ્ય ઉપાયોથી ચામડી સુંવાળી સુશોભિત અને નરમ વગેરે ફેરફાર થઇ કાન્તિ દીપે છે. સુંવાળી ચામડી કોઇ પણ રીતે આંખને અણુગમતી થતી નથી, પણ ખરબચડી ગોરી ચામડી કંટાળો ઉપજાવનારી થાય છે. હાથની મજબુત મુઠીવાળી ઉંચા નીચા થોડીવાર હલાવયા કરવાથી હાથ ભરેલા ઘટ્ટ બને છે અને વાંકા ચુંકા સૂપડા જેવા બનવા પામતા નથી. પગની માવજત પણ તેવીજ લેવાની છે. આખો વખત મોજાં, બૂટમાં દબાઇ રહેલા પગ સોહામણા હોતા નથી. તેને ખુલ્લો હવાની જરૂર છે. દિનસમાં એક કલાક પણ ઉઘાડા-ખૂલ્લા પગે લીસી જમીન ઉપર અથવા ગાલીચા ઉપર ચાલવું જોઇએ. પગ પાવડા જેવામોટા હશે તો તે ટાઇટ બુટ પહેરવાથી નાના થવાના નથી, પણ નફામાં આંગળાં અકડાઇ જઇ દુઃખવા લાગશે અને આટણુ-

કશું પડવાથી પગે ચાલતાં દુ:ખશે. નાનાં બાળકના પગ જુઓ, આંગળાં સહેજ છૂટાં હોય છે અને રોનકદાર લાગેછે, પણ આંગળાં એકઠાં થઈ ગયેલાં, કચરાયલાં અને ભચડાએલાં કેવાં લાગે ? ગરદનની મરોડ એક નવાઇ જેવી કસરતથી હંસ જેવી સુંદર બને છે. માથા ઉપર પાણી ભરેલી મટકી લઈ, દરરોજ એકેક કલાક જે છોકરી લઇ ચાલશે, તેની ગરદન ઉત્તમ થશે, હાલ કેટલીક સ્ત્રીઓની ગરદન જેવી જોઇએ તેવી દેખાતી નથી અને માથું ખભામાં પેસી ગયું હોય તેવું લાગે છે, તેનું કારણ શું ? જ્યારે કુટુંબની વૃદ્ધ વડીલ સ્ત્રીઓ પાણી ભરવા જતી હતી અને માથા પર મટકી મુકીને ફેરા ખાતી હતી; ત્યારે તેમની ગરદનનો લહેકો જોવા જોગ લાગતો હતો, પણ આજે કેટલીક સ્ત્રીઓને મટકીને બદલે ખોટા વાળનો બોજો માથાપર છે, પણ ગરદન તો હલકો બોજો છતાં દબાતી જાય છે. માટે ખાત્રીથી માનજો કે એજ મટકીનું બેડું તમારા ગાલ અને કપાળને ખૂબસુરત બનાવશે, ફીકા બેસી ગયેલા અને સુકાઇ ગયેલા ગાલ દવાના પીવાથી કદી પણ ગુલાબના ગોટા જેવા ઉપસવાના નથી. યા તો પાઉડરના લેપ કરવાથી કુદરતી જેવા ખુશનુમાં રતાશ પકડવાના નથી. માત્ર માથાને કેળવવાની જરૂર છે, તે પ્રમાણે જો થશે તો ગાલની કરમાએલી કળી ખીલશે.

અર્વાચીન કાળમાં યુરોપ, અમેરિકા વગેરે સુધરેલા દેશની સ્ત્રીઓ પોતાની ખૂબસુરતી જાળવી રાખવાને અને તેમાં વધારો કરવાને તથા શરીર સુશોભિત બનાવવાને જુદી જુદી પ્રકારના પાઉડરો, મિશ્રણો, લેપો અને સાબુઓ વાપરે છે અને તેને લઇ આ દેશની પણ કેટલીક સ્ત્રીઓ તેનો ઉપયોગ કરવા લાગી છે. જો કે આ ઉપાયો આ દેશની સ્ત્રીઓને અનુકુળ કે પ્રતિકુળ છે તે વિષે કંઇ કહી શકતા નથી; પરંતુ તે દેશના શોધકોએ શોધી કાઢેલા છે અને તેનો ઉપયોગ તેઓ કરતા જણાય છે; એટલુંજ જણાવી, તેમાંના થોડા ઉપાયો આ નીચે આપેલા છે. ઇંગ્લાંડનું એક વૈદ્યક પત્ર જણાવે છેકે;—**ખૂબસુરતી જાળવી રાખવાને અને તેમાં વધારો કરવાને સારૂ તથા તવાયેલું શરીર આસુદું કરવાને—**

(૧) વરસાદના ત્રીશ ગ્યાલન (૧. ગ્યાલન=૭ા શેર) પાણીમાં ત્રણ શેર મધ મેળવીને નહાવું.

(૨) વરસાદનું પાણી ન મળે તો સ્વચ્છ ત્રીશ ગ્યાલન પાણીમાં એક ચમચો એમોનિયા, એક મુઠી નીમક અને બે ચમચા સોડાખાર અને છેલ્લે તેમાં ત્રણ રતલ મધ નાંખવું. આ સર્વ જણસો નાંખીને પછી તેને મજબુત હાથે ડુંહવી જોઇએ; કારણ કે મધની ચીકાશ શરીરને અનુકુળ થઇ પડતી નથી, પાણીને ગરમ કર્યાવગર મધ તેમાં મસળી શકાતુ નથી તે ધ્યાનમાં રાખવું. એવા પાણીએ નહાવાનો વખત રાતના સુવાની પહેલાં જણાવેલો છે અને તેમાં પા કલાક ગાળવો જોઇએ.

(૩) દૂધે નહાવાથી પણ ખૂબસુરતી વધેછે અને શરીર સુંવાળું થાયછે.

(૪) કેટલાંક માણસોના ચેહેરા ઉપર તડકામાં ફરવાથી કાળી છાંટો પડી જાય છે. તેથી ચેહેરાની શોભામાં ઘટાડો થાય છે. પુરૂષોના ચેહેરા કરતાં સ્ત્રીઓનો ચેહેરો વધારે કોમળ હોવાથી તેના પર ઘણી જલદી તેવી છાંટ પડી આવે છે. તે છાંટ કાઢવાનો સર્વથી સહેલો અને ઉત્તમ ઉપાય એ છે કે, ચહેરા ઉપર દુધની મલાઇ ઘસીને ચોપડવી. દુધની મલાઈ ચેહેરા ઉપર લગાડતાં પહેલાં મોં ગરમ પાણીએ ધોવું ને પછી લગાડવી. એમ બે ત્રણ દીવસ કરવાથી છાંટ નીકળી જશે.

(૫) કેટલીક સ્ત્રીઓ પોતાના ચેહેરા ઉપર પાઉડર છાંટે છે. તે છાંટવાથી તડકાથી કાળી છાંટ ચામડી ઉપર પડતી અટકે છે.

શરીરસુશોભિતકરવાનાઉપાય.

(૧) **ચેહેરોસફેદકરવાનીરીત**—(૧) ધોળા તલ, જીરૂ, શંખજીરૂ, અને સરેસનું શુદ્ધ તેલ, એ સર્વ સરખે ભાગે લઈ, મિશ્ર કરીને પંદર દિવસ સુધી શરીર ઉપર ચોળવાથી સફેદ રહેશે. (૨) વાઈટગ્લીસ્મથ ૧ ઔંસ, સ્ટાર્ચપાવડર (એક જાતનો આટો) ૧ ઔંસ, ઓરીસ પાઉડર ૧ ઔંસ, એ બધી જણસોનો બારીક ભૂકો મેળવીને ડબ્બામાં ભરી મૂકવો. આ પાઉડર ચેહેરા ઉપર લગાડવાથી સફેદ દેખાશે. (૩) અંકોલાનું તેલ ૧ ઔંસ, બાવચીનો અર્ક ૧ ઔંસ, બાજરીનો લોટ ૧॥ ઔંસ, આ ત્રણેને એકઠાં કરી એકવીશ દિવસ સુધી શરીરે ચોળવાથી ચામડીના રંગમાં ફેરફાર થાય છે.

(૨) **શરીરખૂબસુરતકરવાનીરીત**—(૧) ગંધકનાં ફુલને થોડા તાજા દુધમાં મેળવી. એક બે કલાક રહેવા દઇ હલાવ્યા વગર તે દુધને ઉપર ઉપરથી લઇને ચેહેરા ઉપર લગાડયું હોય તો ચેહેરાની ચામડી સાફ, સ્વચ્છ, અને સુશોભિત થશે. આ મેળવણી દર વખતે તાજી લેવી જોઇએ. (૨) ગમબેન જોઇન ૧॥ ઔંસ, સારી રાતી સુખડનો વેહેર ૨ ઔંસ, હીરાદખણુ ૨ ડ્રામ, રેકટીફાઈડ સ્પીરીટઓફ વાઇન ૧૨ ઔંસ, વરસાદનું પાણી ૪ ઔંસ, એ સઘળાંને એક બાટલીમાં નાંખી મજબુત બુચ મારી સાત દિવસ સુધી પીગળવા દેવું, પણ એટલો વખત તે બાટલીને હમેશ હલાવતા રહેવું, પછી બ્લાટીંગ પેપર વડે એ મિશ્રણને ગાળી કાઢી શીશીમાં ભરી રાખવું; તેમાં રૂને બોળી જરા જરા ચેહેરા ઉપર લગાડવાથી ચેહેરો સુશોભિત થશે, (૩) કારમાઇન (કીરમજમાંથી બનાવેલો રંગ.) નો બારીક ભૂકો ૧ ઔંસ, સફેદ પોમીટમ ૧ ઔંસ,

એ બન્ને સાથે મેળવી એક કાચની દાબડામાં ભરી રાખવું. તેમાંથી થોડું લઇને મોં ઉપર મસળવાથી મોં ગુલાબી રંગનું થશે. (૪) સબકારબોનેટ ઓફ પોટાશના પાણીમાં કારમાઇન નાંખી પીગાળવું. પછી રૂથી જરા જરા લગાડવાથી મુખ ગુલાબી રંગની ઝગક આપતું સુશોભિત થશે. (૫) સારી તાજી મલાઇ ૦। શેર લઇ, તેમાં એક પાઇન્ડ (૧ પાઇન્ટ=૨૫ રૂ. ભાર.) સારૂં મીઠું પાણી રેડી તૈયાર કરવું, પ્રથમ ચેહેરાને સાબુ અને પાણીથી ધોઇને પછી તૈયાર કરેલી મેળવણી લગાડવાથી ચેહેરો ખૂબસુરત થશે.

(૩) શરીરસ્વચ્છરાખવાનીરીત—(૧) બદામનું તેલ ૫ ઔંસ, સફેદ મીણ ૫ ડ્રામ, ગુલાબનું પાણી ૩॥ ડ્રામ, અને બાલસમ ઓફ્મકાના ૮ ટીપાં, એ સર્વને લઇને ખરલમાં ઘુંટી મેળવી રાખવું. તે નહાતી વખતે પ્રથમ શરીરે મસળીને ચોળી પછી નહાવું. તેથી શરીર સ્વચ્છ, સુંવાળું અને સુંદર થશે. (૨) સફેદ મીણ ૧ ઔંસ, બદામનું તેલ ૪ ઔંસ, ગુલાબનું પાણી ૨ ઔંસ ટંકણખાર ૦॥ ડ્રામ, ગુલાબના તેલના ૫ ટીપાં, એ સઘળાં ને ખરલમાં ખુબ ઘુંટી મેળવી રાખવું અને જ્યારે જોઇએ ત્યારે ઉપયોગ કરવો. (૩) બદામનું તેલ ૧ રતલ, સફેદ મીણ ૪ ઔંસ, એ બંને ચીજોને એકઠી કરી એક માટીના વાસણમાં નાંખી દેવતા ઉપર પીગાળી એક ગરમ ખરલમા નાંખી તેમાં થોડો થોડો ગુલાબ નાંખી ખરલ કરતા જવું. એ પ્રમાણે તેમાં ૧૨ ઔંસ ગુલાબ સમાવવો. પછી એ તૈયાર થયેલી મેળવણીને કાચની શીશીમાં ભરી રાખવી, જોઇએ ત્યારે વાપરવી. (૪) છોલેલી બદામ ૧ ઔંસ, બદામનું તેલ ૧ ડ્રામ, સફેદ નરમ સાબુ ૧ ડ્રામ, એ બધાંને ખરલમાં ઘુંટીને તેમાં રૂ. ૨૫) ભાર ગુલાબનું પાણી નાંખી ગાળી લેવું. (૫) છોલેલી બદામ ૪ ઔંસ, ને ખરલમાં ઘુંટી લાહી જેવું કરવું. તેમાં થોડું ગુલાબનું પાણી, એક ચમચી કૉલાંનવૉટર નાંખીને તેમાં દરઔંસે ૦॥ ડ્રામ કપૂર મેળવી ભરી રાખવું.

(૪) મોંનીચામડીખૂબસુરતકરવાનીરીત—(૧) અનાજનો આટો થોડો લઇ તે સાથે, ૨ ભાગ ગ્લીસેરાઇન અને ૧ ભાગ પાણી મેળવીને લાહી જેવું કરવું. તે રાત્રે સૂતી વખતે મોંપર લગાડવું અને ઉપર બુરખો રાખવો. તેથી ચામડીનો દેખાવ સારો થશે. (૨) ચારશેર પાણીમાં ૨ ઔંસ ગ્લીસેરાઇન મેળવી નહાતી વેળા ચામડી ઉપર ચોળવાથી ચામડી નરમ અને સાફ થાય છે,

(૫) દાંતનેસફેદકરવાનીરીત—(૧) ફુલાવેલી ફટકડી, હીરાબોળ, સોપારીના કોયલાનો ભૂકો, આ ત્રણને એકઠાં કરી બારીક ખાંડી કપડાથી ચાળી એક ડાબલીમાં રાખવું. તે દાંતે ઘસવાથી દાંત સાફ થાય છે. (૨) હીરાબોળ ૧ પૌંડ, ચાક ૨ પૌંડ, તજ ૩ ઔંસ, માયાં ૨ ઔંસ, ફુલાવેલી ફટકડી ૨ ઔંસ, કપૂર ૦। ઔંસ, અને સોપારી અથવા બદામનાં છોતરાંના કોયલાનો ભૂકો

૨ પૌંડ એ બધાને બારીક કરી હમેશાં દાંતે ઘસવાથી દાંત સફેદ, મજબૂત, અને સ્વચ્છ થશે તથા મોંની દુર્ગંધ દૂર થશે. દુર્ગંધ નીકળતી અટકે નહિ, તો થોડા દિવસ ફ્રુમીમસ્તકીના કડકા હમેશાં મોમાં રાખવા.

(૬) વાળનેસુશોભિતકરવાનીરીત—(૧) તાજા ગુલાબનાં ફુલની પાંખડી ૧૦ તેલાને વાટી માવા જેવી કરવી, તેમાં એક પાઇન્ટ એટલે રૂ૦ ૨૫ ભાર આલીવઓઇલ નાંખી એક મજબુત ઢાંકણુા વાળા વાસણુમાં નાંખી, તે વાસણુને એક અઠવાડીઆ સુધી તડકામાં ઢાંકી મૂકવું. પછી એ તેલને ગાળી બાટલીમા ભરી રાખવું. આ તૈયાર થયેલું તેલ વાળને સુશોભિત કરવા અતિ અકસીર છે, અને તે ગગજને સારી ઠંડક આપે છે.

(૭) વાળનેસાફકરવાનીરીત—(૧) બદામનું તેલ ૨ ઔંસ, સ્પ-રમાસીટી ૨ ડ્રામ, સફેદ મીણુ ૧ાા ડ્રામ, ગ્લીસેરાઇન ૧ ડ્રામ, બાલસમઓફ્પીરૂ ૦ાા ડ્રામ, એ બધાને જરા ગરમ કરી કાચના વાસણુમાં ભરી રાખવું. આ મિ-શ્રણુ ઉપયોગમાં લેવાથી વાળ સાફ અને સ્વચ્છ થાય છે.

(૮) વાળનેખરીજતાઅટકાવવાઅનેકાળાકરવાનીરીત—(૧) થોડાંક આમળાં લઇને એક આખીરાત પાણીમાં પલાળી રાખવાં. પછી સવારમાં ઉઠી તરત વાળને સાબુના પાણીથી ધોઇ સ્વચ્છ કરીને તૈયાર થયેલું આંમળાંનું પાણી લગાડવું. તેને સૂકાયા પછી વાળ ખંખેરી નાખવા. પછી પેલા આમળાંના પાણીમાં થોડીક કલપ વાટીને નાંખવી અને એ મિશ્રણુ રાત્રે સૂતી વખતે લગાડી મજબુત પાટો બાંધી લેવો. પછી સવારમાં માથું ધોઇ નાંખવું. આમ કરવાથી વાળ ખરતા અટકીને કાળા થાય છે અને વધે છે.

આ સિવાય આપણુા દેશમાં કેટલીક સ્ત્રીઓ પોતાનું મુખ સુંદર દેખાડવા ને પોતાના દાંત કાળા કે રાતા કરે છે, અને સોનાની રેખો જડાવે છે. આંખમાં અંજન અને કપાળમાં જુદી જુદી પ્રકારનાં ચાંલ્લા પણ કરે છે. યુરોપિયન સ્ત્રી-ઓ પોતાની ટોપી ઉપર પક્ષીઓનાં સુંદર પીંછા વગેરે ખોસે છે; વગેરે રીતે ખૂ-બસુરતી વધારવાના અનેક ઉપાયો કરવામાં આવે છે.

ખૂબસુરતીનેહાનિકારકશુંછે?

જગત્ નિયંતા પ્રભુની કૃપાથી જેણે સ્વાભાવિક ખૂબસુરતી સંપાદન કરેલી હોય તેણે અને જેઓ થોડી ઘણી પણ સુંદરતા ધરાવતા હોય, તે સર્વેએ પોતાની સુંદરતા જાળવી રાખવા માટે સ્વભાવ ઘણો સારો રાખવો જોઇએ; પરંતુ જલદી ઉશ્કેરાઇ જાય, દિલગીરીમાં આવી જાય; વગેરે સ્વભાવ ઘણો હાનિકારક છે. તેનું

થોડું વિવેચન ઉપયોગી ધારી આ નીચે આપેલું છે,

(૧) માણસ જ્યારે પોતાનો મિજાજ ખોઇને તરત ઉશ્કેરાઇ જાય છે; ત્યારે તે પોતાનાં જ્ઞાનતંતુઓના બળનો એક સારો જથો ખપાવી નાંખે છે. તેથી તેના જ્ઞાનતંતુઓની ગોઠવણમાં ખામી પડે છે, અને તે ફેરફારની નોંધ ચેહેરો તરત લઇ લે છે. તેથી તેની આંખો જુવાનીનો પોતાનો ચળકાટ તરત ખોઇ દે છે, અને તેના માંસના લોચાઓ ઢીલા થઇ જાય છે. તેનું પરીણામ એ આવે છે કે ચામડીની હેઠળના માંસના લોચા પોચા પડીને જ્યારે સંકોચાઇ જાય છે; ત્યારે તેના પ્રમાણમાં ચેહેરાની ચામડી સંકોચાતી નહિ હોવાથી તેમાં ખાડા અથવા સાધારણ શબ્દોમાં કહીએ તો કરચલી પડે છે. એટલા માટે જે સ્ત્રીઓ અથવા પુરૂષો પોતાનો દેખાવ લાંબો વખત સુધી જુવાન જેવો રાખવા ઇચ્છતા હોય, અને જેઓ ખૂબસુરત દેખાવાનો શોખ ધરાવતાં હોય, તેઓએ પોતાનો મિજાજ કદી ખોવો નહિ,

(૨) ચિંતાથી માણસના ચોકસ અવયવો કામ કરતા બંધ પડે છે અને તેના શરીરની ચામડી ચીમડાવા માંડે છે.

(૩) દિલગીરી ભરી ખબર અને બનાવથી—તેના ચેહેરા ઉપર દિલગીરીની છાપ પડે છે, એટલે ચેહેરો ઝાંખો પડે છે. તેનું શરીર વાંકું વળી જાય છે, અને તેના હાથ પગ ઢીલા થઇ જઇને તેનો ઉમંગ અને ઉલટ સઘળું નરમ પડી જાય છે, એ રીતે મન અને ભેજાંની સ્થિતિથી શરીર ઉપર એવા ફેરફાર થાય છે; એટલુંજ નહિ પરંતુ માણસની હોજરી અને પાચનક્રિયાના અવયવમાં પણ તેથી ફેરફાર થાય છે.

(૪) દિલગીરી અને ધાસ્તીથી માણસના વાળ સફેદ થાય છે.

(૫) દિલગીરીના પરિણામમાં આંખોમાંથી આંસુ પડે છે અને તેથી પણ આંખને ઇજા પહોંચે છે.

(૬) અત્યંત પસ્તાવાથી શરીરનું માંસ ગળાતું જાય છે.

(૭) ગુસ્સાથી ચેહેરાની ચામડી ઝાંખી પડે છે અને ચામડીની પાછળની લોહીની કોથળીઓમાં લોહીનો જથો એકદમ ધસી આવે છે. તેથી ચેહેરા ઉપર લોહી ધસી આવેલું. ચેહેરાની રતાશથી જણાઇ આવે છે. તેથી કોઇવાર લોહીની નસો એટલીતો ચીકાર થઈ જાય છે કે તે ફાટીપણ જાય છે અને વખતે તે સખસ માથે લોહી ચડવાથી મરણ પણ પામે છે.

(૮) શરમથી ગાલ ઉપર લોહી ધસી આવે છે. તેથી હૃદયની ચાલ ધીમી પડે છે અને શ્વાસોશ્વાસ પણ ધીરે ધીરે ચાલે છે.

(૯) પ્યાર અને સારા નશીબની કાંઇ પણ વાતથી—ચેહેરા ઉપર ઝળકાટ આવે છે, પગમાં ઝડપ આવી જાય છે, નાડી ઝડપથી દોડે છે અને શરીર

વાંકું વળવાને બદલે સીધું અને ટટાર થાય છે.

(૧૦) બીક અને ગભરાટની લાગણીથી શરીર પીળું પડી જઇને કમળાયાયછે.

(૧૧) **મગજનીકેળવણીઅનેરૂપ**—સ્ત્રી અને પુરૂષોનાં પુષ્કળ મગજો તપાસ્યા પછી એક શોધક ડાક્ટર એવા મત ઉપર આવ્યો છે કે, જેમ માણસના મગજ ઉપર વધારે બોજો તેમ તેનું રૂપ ઓછું! બહુ ઉંચા પ્રકારની કેળવણી લેતી સ્ત્રીઓને તથા પુરૂષોના ખટપટીઆ, મહેનતુ અને મગજ મારીના ધંધાઓમાં માથાં મારતી સ્ત્રીઓને ચેતવતાં તે કહે છે કે;—જો સ્ત્રીઓ પોતાના મગજને વધારે કેળવશે અને વધારે તસ્દી આપશે, તો તેઓ 'અગ્લીહેલ' બેડોળ પુતળા જેવી થઇ જશે! દરેક બાબતમાં પુરૂષનાં કામ ઉઠાવી લેનારી "ગ્રારો" જાતિની સ્ત્રીઓ કે જેઓ દુનિયામાં વધારે કદરૂપી ગણાય છે, તેમનો દાખલો તે આપેછે.

આ સર્વ બાબતો વિષે બહુ ધ્યાન રાખી વર્ત્તવાનું છે. જેઓ પોતાની તન દુરસ્તી અને ચેહેરાની સુંદરતા જાળવવા ઇચ્છતાં હોય, તેમણે ઉપર જણાવેલા અવગુણકારી સ્વભાવનો ત્યાગ કરીને હમેશાં મન શાંત અને આનંદમાં રાખવું જોઇએ.

સ્ત્રીનીખૂબસુરતીનોઉપયોગ.

સૃષ્ટિ સરજનહાર પરમકૃપાળુ પ્રભુએ સ્ત્રીને સુંદરબનાવીને આ જગતમાં મોકલી છે. સ્વરૂપવાન સ્ત્રીનાથી મોટો લાભ એ થાય છે કે, તે સ્વાભાવિક રીતેજ પોતાના પ્રાણપ્રિય પતિને રંજન કરે છે. સુંદર સ્ત્રીની સાથે સુંદર પતિનો મેળાપ થવાથી ભવિષ્યમાં છોકરાં સુંદર અને શ્રેષ્ઠ થાય છે. માંદાં અને ખોડીલાં માણસોનાં બાળકો તેનાં જેવાંજ થાય છે અને વિનાશ પામે છે. જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે, પતિ પત્ની પરસ્પરની ચિંતા અને સ્વાર્થની અસંખ્ય સાંકળોથી એક બીજામાં આસક્ત થાય છે અને છોકરાં તેમને સૃષ્ટિના એક મજબુતમાં મજબુત પ્રેમ રૂપી બંધનથી એકત્ર બાંધે છે; ત્યારે આ અવસ્થામાં શરીરની શોભા બહુ અગત્યતા ધરાવતી નથી; પરંતુ પરણ્યા પછીના જુવાનીના દિવસોમાં જ્યારે કુંવારાની ભ્રમણા કરતી ભૃકુટીઓ પરણેલાના કપાળમાં હજુ ભાગ્યેજ વિરામ પામેલી હોય છે; ત્યારે જે સ્ત્રીની સાથે તે જન્મપર્યંત રહેવાને વચનથી બંધાયેલો છે, તે સ્ત્રીના મુખસિવાય બીજી વધારે સુંદર સ્ત્રીની મોહક મુખાકૃતિ જોવી, એ તેને માટે ભય ભરેલી વાત છે. સુંદરતા એ કેટલેક અંશે રૂચિની બાબત છે; કેમકે જેને એક વખાણે છે તેને બીજો વખોડે છે; તોપણ એવી કેટલીક વસ્તુ છે કે જેને બધા માણસો વખાણે છે. એ વસ્તુમાંથી થોડી પણ સ્ત્રીમાં આવેલી જોઇ પતિ ખુશી થાય છે. તે સુરૂપને માટે મલકાય છે, તેના ધારવા પ્રમાણે

લોકો એમ માનશે કે તેનામાં કાંઇક માલ હોવો જોઇએ. સ્વરૂપવાન સ્ત્રીનો પ્યાર સહેલાઇથી શિથિલ થઈ જતો નથી. તેમના પ્રેમનો દીવો વધારે ઝળકાટથી બળે છે અને પ્રકાશે છે. યુવાન પુરૂષે ખાત્રીથી માનવું કે એક યુવાન સુંદર સ્ત્રીનો વ્હાલ અને કદરૂપી સ્ત્રીનો પ્યાર એ બન્નેના વચ્ચે ઘણો અંતર છે. અક્કલ અને તત્વજ્ઞાન ગમે તેમ કહેતાં હોય, તોપણ પુરૂષ આ બીજી સ્ત્રીની સાથે એક રાત વશીને જેટલી ખુશીમાં સવારે ઉઠશે, તેના કરતાં પણ વિશેષ ખુશીમાં પહેલી સ્ત્રીના સમાગમ પછી ઉઠશે. એ રીતે છે તોપણ સુજ્ઞ પુરૂષે પરણ્યા પછી પોતાની સ્ત્રી જેવી હોય તેવી સાથે ન્યાયથી ચાલવું જોઇએ અને તેમ કરવામાંજઇશ્વર રાજી છે.

સુંદર સ્ત્રીની મુખમુદ્રા કરતાં સુંદર સ્વરૂપ વધાને સારૂં છે અને સુંદર સ્વરૂપ કરતાં સુંદર રીતભાત વધારે સારી છે. રૂપાળી પૂતળી અને ખુશનુમા તસ્વીરો કરતાં સુંદર રીતભાત વાળી સ્ત્રીથી ઘણોજ આનંદ ઉપજે છે. કોઇ પણ સુજ્ઞ પુરૂષ માત્ર રૂપની ખાતરજ ખરેખરો કોઇ પણ સ્ત્રીને પરણતો નથી. પ્રથમ તો રૂપનો મોહ બળવાન છે ખરો, પરંતુ પછી તેમાં થોડોજ માલ કે દમ માલમ પડે છે. આ ઉપરથી શરીરના રૂપની ગણના ઓછી છે, એમ અમારૂં કહેવું કે સમજવું નથી. પરંતુ બીજાં બધાં લક્ષણો બરાબર હોય, તો ખૂબસુરત ઘાટ અને રૂપાળી કાન્તિ એ આરોગ્યતાનું ચિન્હ છે અને સંપૂર્ણ સુખ આપનાર ગણાય છે, પણ સારા સ્વભાવ વિનાની રૂપાળી પૂતળીને પરણવું અને સુંદર હૃદયવૃત્તિ અથવા સુસ્વભાવની શોભા વગરની પરીને પરણવું એ બહુજ દુઃખ દાયક અને ભૂલ ભરેલું છે. જેમ ઉત્તમમાં ઉત્તમ સૃષ્ટિલીલાનો સુંદર દેખાવ હમેશાં જોવાથી મનને કંટાળો આવે છે, તેમજ મહા સ્વરૂપવાન કાન્તિમાં જો સુંદર સ્વભાવ પ્રકાશતો ન હોય, તો તેથી પણ આપણે ધરાઇ જઇને કંટાળીએ છીએ. આજે જે શરીરની કાન્તિ ખૂબસુરત દેખાય છે, તે પછી બીજે દિવસે સાધારણ જેવી લાગે છે. જો સુંદરતાની સાથે સુંદર લક્ષણો હોય તો તે વસંતઋતુની પેઠે વધારે ખિલી નીકળી હમેશાં પ્રેમરસ પાય છે. આવા પ્રકારની ખૂબસુરતી જેમ જેમ ઉમર વધતી જાય છે, તેમ તેમ વધતી જાય છે અને કાળ પણ તેવી ખૂબસુરતીનો નાશ કરવાને બદલે પાકેલા ફળની પેઠે મિષ્ટ કરે છે; પરણ્યા પછી સ્ત્રીપુરૂષ એક વર્ષ વિત્યા બાદ એક બીજાના રંગ રૂપ ને માટે ભાગ્યેજ વિચાર કરે છે અને તેઓ રૂપાળાં છે કે નહિ, તે ઉપર ક્વચિતજ નજર કરે છે, પણ તેઓ એક બીજાના સદ્‌ગુણને ધ્યાનમાં રાખ્યા વગર કદી પણ રહેશે નહિ. રૂપની સાથે ગુણ હોય તોજ તે સ્ત્રી વધારે શોભિ નીકળે છે, માન પામે છે અને સુખી થાય છે. માટે સ્ત્રી પુરૂષોએ એકલા રૂપ ઉપરજ નહિ રાચતાં, તેની સાથે સદ્‌ગુણોની વૃદ્ધિ પર વધારે ધ્યાન રાખવું, એજ તેમને ઉત્તમ આનંદ અને સુખ આપનાર છે.

સ્ત્રીઉપયોગીચાતુર્યજ્ઞાન.

પરમ પિતા પ્રભુની એવી આજ્ઞા છે કે, પતિ પત્નીએ પરસ્પર નિકટ જાથુ અને મજબુત સંબંધથી જોડાઇને સંસાર સુખ ભોગવવાં અને પરલોક પ્રાપ્તિ અર્થે પરસ્પર સહાયક થવું. પતિએ જેમ ઉત્તમ સહાયક થવાને નિર્વાહ વિગેરેને માટે ઉપયોગી વિદ્યા અને ચાતુર્યજ્ઞાન મેળવી યોગ્ય થવું જોઇએ; તેમજ પત્નીએ પણ ઘરમાં રહી પતિને સુખ આપે એવાં ઉપયોગી કાર્યો મર્યાદપણે કરવામાં કામ લાગે, એવી વિદ્યા અને ચતુરાઇનું જ્ઞાન મેળવવું જોઇએ. આવું ઉપયોગી જ્ઞાન મેળવવાને સ્ત્રીઓએ પરણ્યા પહેલાં પિતાને ઘેર અને પરણ્યા પછી પતિને ત્યાં રહી પ્રયાસ કરવો જોઇએ. આવા જ્ઞાન વિના સ્ત્રી પત્નીપણાને યોગ્ય ગણાતી નથી. જે સ્ત્રી પત્નિપણાને યોગ્ય થવા પ્રયત્ન કરતી નથી, તે સ્ત્રી પોતાના પતિ અને કુટુંબને સુખ આપી પ્રિય થઇ શકતી નથી. પતિ અને કુટુંબને પ્રિય થવા સ્ત્રીઓએ ચાતુર્યજ્ઞાન મેળવવું ઘણું અગત્યનું છે; માટે તેમણે શું શું જાણવું જોઇએ, તેનું ઉપયોગી ટુંક વર્ણન આ નીચે આપેલું છે.

(૧) **સ્વાભાવિકજ્ઞાન**—વિનય-વિવેક રાખવો, લજ્જા ધરવી, શિયળ સાચવવું, પતિમાં ચિત ચોંટાડવું. માબાપને ઘેર ઝાઝી ભક્તિ ન રાખવી; મેળા, નાટક, ચેટકાદિ પ્રસંગે એકલા ન જવું. વડિલોની સેવા કરવી અને તેમની આજ્ઞા પાળવી, આદિ સ્વાભાવિક જ્ઞાન મેળવવું

(૨) **ગૃહકાર્યસંબંધીજ્ઞાન**—કરકસર કરવી, પરઘેર જઇને ઘરનાં છિદ્ર ન ઉઘાડવાં, નિર્ધનતા ન દર્શાવવી, ઘરની સંપત્તિ શુદ્ધ રાખવી, વાસણ કુશણ અને ઘર સ્વચ્છ રાખવું, વસ્ત્રાલંકાર સંભાળવાં, બાળક ઉછેરવાં અને કેળવવાં, કુટુંબના વડિલોનું કામ ઉપાડવું, ચાકરો ઉપર સત્તા રાખવી, ઘર ધંધામાં પ્રવિણ રહેવું, ઘરમાં આવતાં જતાં માણસો આગળ ઘરનું નાક રાખવું અને તે બધું જાતે મર્યાદા પાળી કરવું. અને દિવસ વિત્યે શૃંગાર શાલામાં પતિના ઉપર રાજ્ય ચલાવવું. લોકોના બોલ સહી જવા, ઘરમાં જુલમ અને અપમાન ખમતાં ગમ ખાઇ જવી, પોતાના દુઃખને ગણવું નહિ, મન અને પેટ એ મોટાં રાખવાં, ઇત્યાદિ.

(૩) **પતિરંજનકરવાનુંજ્ઞાન**—મુખ પ્રસન્ન રાખવું, પતિ ઘેર આવે તે વેળાએ સત્કાર કરવો, સ્વાદીષ્ટ રસોઇ બનાવી પીરસવી, મુખવાસ બનાવી આપવો, શણગાર સજી સુતાવવો, કવિતા અને પુસ્તકો પસંદ કરી વાંચવાં, પતિને રૂચતી રમત ગમત કરવી, ગાયન કરવું અને વાજીંત્ર બજાવવું, મધુરી વાણી બોલવી, ક્રુર કઠિન વાણીનો કંટાળો આણવો, પતિના દોષ ગણકારવા નહિ, દરેક કામમાં પતિને યોગ્ય સલાહ આપવી, પરાયા પુરૂષ સાથે હાસ્ય રહિત વાત કરવી,

પતિના દોષ બતાવતાં વિનય દર્શાવવો, પણ ક્રોધ કરવો નહિ. આનંદ વિલાસમાં સંતોષ આપવો, વિગેરે જ્ઞાન પાતરંજન કરવા માટે ઉપયોગ છે.

(૪) **અંગશોભાવધારવાનુંજ્ઞાન**—હંસગતિએ ચાલવું, પગના ઘુઘરા ધમકાવવા, કાળા ભમર જેવા કેશ રાખવા, કંઇક ગોરાપણું અને કંઇક શ્યામતા દર્શાવવી, દાંત દાડમની કળી કે મોતી જેવા રાખવા, નિતંબભારી બતાવવા અને અને રાખવા, નખ સાફ હીરા જેવા રાખવા, નાક સાફ તેજસ્વી રાખવું, પિનપયોધર રાખવા, અધર—હોઠ અમૃત ભરેલા રાખવા, ગાલ તથા હોઠપર તલ પાડવા, અંગ ગધમધતું રાખવું, વિગેરે જ્ઞાન અંગ શોભા વધારવા માટે ઉપયોગી છે.

(૫) **શણગાર સજવાનું જ્ઞાન**—દાંતે મજ્જન દેવુ, ચોળી સાડી પહેરવી, ચાંદલો કરવો, સેંથો સમારવો, વેણી ગુંથવી, નેત્રાંજન કરવું, અંગરાગ તથા મુખરાગ (શરીર પર સુગંધી લગાડવી અને પાન ચાવવું.) કાન પર તથા વેણીમાં પુષ્પ ખોસવાં, નથકે ફુલ પહેરવું, કંકણ પહેરવાં. ગળામાં માળા પહેરવી, કટીમેખલા પહેરવા, પગે લંગર તોડા અને કાંબી પહેરવાં. નેત્ર ચંચળ છતાં સ્થિર રાખવાં, વિગેરે જ્ઞાન શણગાર સજવા માટે ઉપયોગી છે.

(૬) **ગાન તાનનું જ્ઞાન**—એમાં ગાવું કેવા પ્રકારે, તાન કેવા પ્રકારે મારવું, અને સમસુર વિગેરે જ્ઞાન જાણવા લાયક છે.

(૭) **વાદ્ય વગાડવાનું જ્ઞાન**—એના ચાર ભેદ છે. તપ, આનક, સુશિત અને ઘન. **તપ**—તારવડે વાગે તે. જેવાંકે—સીતાર, તાઉસ, સારંગી, રબાબ, મોરચંગ. **આનક**—ચામડું મઢેલું હોય ને વાગે તે, જેવાંકે,—ઢોલ, મૃદંગ, પખાજ બાયું, ડફ ડમરૂં. **સુશિત**—પવન ભરાયાથી વાગે તે, જેવાકે;—રણશીંગડું, મુરલી, સીસોટી, પાવો. **ઘન**—ધાતુના રણકારાથી અવાજ થાય તેવાં વાજીંત્ર. જેવાંકે—ઝાંઝ, ઘુઘરી, ઘંટ, કરતાલ વિગેરે. આ સર્વમાંથી જેટલું જ્ઞાન મેળવી શકાય તેટલું મેળવવું. વાજીંત્ર વગાડવાના જ્ઞાનથી પતિ અને પોતાના આનંદમાં વૃદ્ધિ થાય છે અને આનંદની વૃદ્ધિથી આયુષ્ય વધે છે.

(૮) **નૃત્યજ્ઞાન**—એમાં લાસ્ય અને તાંડવ એવા નાચવાના બે ભેદછે. તાંડવ નૃત્ય એ શિવજી કરે છે. લાસ્ય નૃત ગુજરાતની સ્ત્રીઓ સારી રીતે જાણતી હતી અને કર્ણાટકની સ્ત્રીઓ અદ્યાપિ સુધી જાણે છે. અર્વાચીન અંગ્રેજ સ્ત્રીઓ તેમાં કુશળ છે. નૃત્ય વિદ્યા સર્વોપરી છે, પ્રાચીનકાળે **પાર્વતીજી, શકુન્તલા, ઉર્વશી,** વગેરે જાણતી હતી. આ જ્ઞાન સ્ત્રીઓએ મેળવવું જોઇએ.

(૯) **નાટ્યજ્ઞાન**—આ જ્ઞાનથી મનુષ્ય ગમે તે પ્રસંગે ગમે તેવા હાવ ભાવ દર્શાવી શકે છે. તે કરૂણા, હાસ્ય, રૈદ્ર, અને વીરરસ વગેરે દર્શાવી મનની ઇચ્છા પાર પાડે છે. તેમજ નાચીને અંગના ૭ ભાવ દર્શાવી શકાય છે.

(૧૦) **ચિત્રવિદ્યાનુંજ્ઞાન**—ચિત્રવિદ્યાએ સર્વોપરી છે. એમાં ૭ બાબત

જાણવા યોગ્ય છે. (૧) જુદા જુદા રંગ કરવા, (૨) અવયવોનું પ્રમાણ જાણવું. (૩) ભાવ અને લાવણ્ય દાખલ કરવાની રીત જાણવી. (૪) શાદૃશ્ય—આબેહુબ છબી બનાવવી. (૫) પીછીની બનાવટ ને ચોખાપણું. (૬) ચિત્રનું કદ. એ રીતે ખુબીદાર ચિત્રો કાઢવાં, તે જ્ઞાન સ્ત્રીઓને બહુ માન્ય ગણાય છે. પ્રાચીનકાળમાં **સીતા, શકુન્તલા, ચિત્રલેખા** વિગેરે ઘણી સ્ત્રીઓ ચિત્ર વિદ્યામાં બહુ કુશળ હતી, આ જ્ઞાન સ્ત્રીઓને ઘણું ઉપયોગી છે.

(૧૧) **કોતરવાનુંજ્ઞાન**—આ જ્ઞાનથી સ્ત્રીઓ કાગળ કે કેળપાત્ર વિગેરેને કોતરી તેમાં રમ્ય ચિત્રો—હાથી, ઘોડા, પક્ષી, વિગેરેનાં ચિત્રો પાડવાં તે. કાચ તથા ભોજપત્ર વિગેરેપર ટપકીઓ ચોટાડી ચાંલ્લા બનાવવા, આ જ્ઞાનનો ઉપયોગ **શકુન્તલાએ** કર્યો હતો.

(૧૨) **રંગપરિજ્ઞાન**—રંગ બનાવવાનું અને રંગમંડપની રચના કરવાનું જ્ઞાન સ્ત્રીઓએ જાણવું જોઇએ.

(૧૩) **ઉપકરણક્રિયાજ્ઞાન**—રાંધવા આદિનાં સાહિત્યો મેળવવાં તે. જેમકે ઘરમાં ૨૦ માણસની રસોઇ કરવી હોય, તો ઘણીક સ્ત્રીઓને ખબર હોતી નથી કે પદાર્થો વજનમાં કેટલા કેટલા જોઇશે. આવા જ્ઞાનથી વારંવાર ઘરના પુરૂષને આ લાવજો અને તે લાવજો કહીને રંજાડે છે, પણ જે ચતુર સ્ત્રી જાણતી હોય છે; તે સર્વ પદાર્થો કેટલા લાવવા તે સારી રીતે સમજાવે છે. વળી ઘણી સ્ત્રીઓને રાંધતાં રાંધતાં ઘણા પદાર્થ લેવાને વારંવાર ઉઠ બેસ કરવી પડે છે. માટે જો આ જ્ઞાન હોયતો તેવી રીતે થાય નહિ.

(૧૪) **રસોઇવિદ્યાનુંજ્ઞાન**—સ્ત્રીઓએ વિવિધ પ્રકારની રસોઇ સ્વાદીષ્ટ—ઉત્તમ પ્રકારના પદાર્થો બનાવવાનું જ્ઞાન મેળવવું જોઇએ.

(૧૫) **માનવીધિજ્ઞાન**—સ્ત્રીઓએ બીજાને માન આપવાનું અને પોતે માની થવાનું જ્ઞાન સંપાદન કરવું જોઇએ.

(૧૬) **આજીવજ્ઞાન**—નિર્વાહ કેમ ચલાવવો તે સંબંધી જ્ઞાન. ઘરનો ધણી મહીને પચાસ રૂપિયા પેદા કરતો હોય, તો કેટલો ખરચ કરીને કેટલું સીલકમાં રાખવું એ સ્ત્રીઓએ જાણવું જોઇએ.

(૧૭) **પશુપક્ષીવિગેરેનુંવૈદુ**—સ્ત્રીઓને આ જ્ઞાન ઘરમાં રહેતાં મનુષ્યો અને ઘરમાં પાળેલાં પશુ પક્ષીઓને માટે ઘણું ઉપયોગી છે.

(૧૮) **માયાકૃતપાખડજ્ઞાન**—પારકાનાં કપટને યથાર્થ રીતે જાણવું અને કપટમાં પોતે પાવરધાં રહેવું, પણ કોઈ સાથે પોતે જાણી જોઇને કપટ કરવું નહિ.

(૧૯) **લોકજ્ઞાન**—કોઇ સાથે સંબંધ પાડવો હોય તો તે કેવો છે—સારો કે નઠારો છે, તે જાણવા સંબંધી જ્ઞાન બહુ જરૂરનું છે; કેમકે સ્ત્રીઓ ઘણી વખતે પરપુરૂષ, નીચકુળની ગણાતી સાધુડીઓ, સુયાણીઓ, વાંણદાણીઓ,

વૈદાણીઓ, વેશ્યાઓ, માલણો અને ઘેર ઘેર ભટકતી સ્ત્રીઓના ફાંસામાં ફસાઇ પડે છે. માટે ઉપર જણાવેલાં હલકાં સ્ત્રી પુરૂષનો સ્ત્રીઓએ ભરૂસો કરવો નહિ. તેમજ તેમની સોબત કે સહવાસમાં રહેવું નહિ, તેમજ ઢોંગી સાધુઓ, હાથ જોનારા ધુતારાઓ, ધૂર્તકામીઓ અને ભોગળભટીઆઓનો ભરૂસો કરવો નહિ.

(૨૦) **સંવાહનજ્ઞાન**—પતિના પાદ સેવવા, અંગ ચાંપવું, માથું ચાંપવું તે જ્ઞાન. ઘણી સ્ત્રીઓને માથું અને પગ ચાંપતાં આવડતું નથી. તેથી કેટલીક વાર પુરૂષ કંટાળી જાય છે, પણ આ જ્ઞાન જાણવાથી પતિ પ્રસન્ન થાય છે.

(૨૧) **શરીરસંસ્કારજ્ઞાન**—સ્ત્રીઓએ પોતાનું શરીર સાબુ વિગેરે મેલ કાપનારી ચીજો ચોળી મસળી નાહી સાફ રાખવાનું જાણવું જોઇએ.

(૨૨) **કેશશલ્યજ્ઞાન**—ટીલી ટપકી, ચોટલા, ચાંલ્લા કરવાનું જ્ઞાન અને માથું ગુંથવાનો સમાવેશ પણ તેમાંજ થાય છે.

(૨૩) **પ્રસ્થિતાનુંગમનજ્ઞાન**—પતિ રીસાઇને ઉઠી ચાલ્યો જતો હોયતો તેની પાછળ પાછળ જઇને પછી મનાવવો તે જ્ઞાન.

(૨૪) **મંડળકાઢવાનુંજ્ઞાન**—ચોખા વિગેરેનાં મંડળ કાઢવાં એ ચતુરાઇનું કામ છે. આ જ્ઞાન હોયતો એક મુઠીભર રંગ લઇને ભીંત કે કોઇ પાટીયાપર એવી રીતે ફેંકે કે તેથી હાથી, ઘોડા, પોપટ, મેના વિગેરે ચિત્રો આબેહુબ પડે અને જોનારને અજાયબ લાગે. તેમજ ચોખા લઇ મંદિરોમાં કે ઘર આંગણામાં સાથીઆ પૂરવા, સાગી બનાવવી, વિગેરે જ્ઞાન ચતુરાઇવાળું છે.

(૨૫) **પુષ્પાતરણજ્ઞાન**—ફૂલો એવી રીતે પાથરે કે તેમાં હાથી, ઘોડા, ગાલીચા વગેરે પડેછે. પુષ્પનાં આસન બનાવવાં તે પણ આ જ્ઞાનનોજ ભાગ છે.

(૨૬) **પુષ્પગુંથનજ્ઞાન**—ફુલના હાર, તોરા, વેણી, વાડી, ચાદર, ચોટલો વિગેરે ગુંથવાનું જ્ઞાન. આ જ્ઞાનથી ગમે તેવાં ફુલ ત્રણચાર દિવસ સુધી તેવાંને તેવાં રહે છે અને કામ પડે ત્યારે એક સ્થળેથી ઉઠાવી બીજે ઠેકાણે બીછાવે છે. તેમજ દેવપૂજન માટે જાતજાતની પુષ્પની માળા બનાવી જાણવી જોઇએ.

(૨૭) **તરવાનુંજ્ઞાન**—સ્ત્રીઓને આજ્ઞાન ઘણું ઉપયોગી છે. નદી, કુવા, તળાવ અને સમુદ્રમાં તરવાથી શરીર સાફ થાય છે, શરીરને પૂરતી કસરત મળે છે અને કોઇ વખતે પોતાનો અને બીજાનો ડુબતાં બચાવ કરવાને ઉપયોગી થઇ પડે છે. ધનલક્ષ્મીએ આ જ્ઞાનથી સમુદ્રમાં પોતાનો અને વસ્ત્રાલંકારનો બચાવ કર્યો હતો.

(૨૮) **ક્રિયાવિકલ્પજ્ઞાન**—રાંધેલા પદાર્થો કેવા છે, તે આ જ્ઞાનથી જાણી શકાય છે અને ખાવામાં ચતુરાઇ જણાય છે. ચાર વસ્તુઓ એકઠી હોય ને કોઇ તેમાં ઝેર મૂકેતો ઝટ પારખી કાઢે છે, તે આ જ્ઞાનનો લાભ છે. ભોજનના કેવા પદાર્થ કેટલા વખત સુધી બગડે નહિ, તે આ જ્ઞાનથી જણાય છે. આ જ્ઞાન ચતુર સ્ત્રી વિગેરેને ઘણું ઉપયોગી છે.

(૨૯) **શય્યનરચનાજ્ઞાન**—શય્યનરચના ત્રણ જાતની થાય છે. નાયકરક્ત, વિરક્ત, અને મધ્યસ્થ (ઉત્કંઠિત, નહિ ઉત્કંઠિત અને મધ્યમ ઉત્કંઠિત) ને પારખી શય્યા રચવી તે. વળી એવી શય્યા રચવી કે જેથી આહાર પાચન થાય.

(૩૦) **ઉદકવાદ્યજ્ઞાન**--કર્ણાટકની સ્ત્રીઓ પાણીમાં મૃદંગ બજાવે છે, તેમજ જળતરંગ વિગેરે વાજીંત્ર વગાડવાં તે. આ જ્ઞાન મનરંજન કરવાને બહુ ઉપયોગીછે.

(૩૧) **ભૂષણયોજનાજ્ઞાન**—દેશકાળને અનુસરીને શરીર ઉપર વસ્ત્ર, પુષ્પ અને ઘરેણાં વિગેરે ધારણ કરવાં તે. ઘરેણાં પહેરવાનું જ્ઞાન બે પ્રકારનું છે. સંયોજ્ય અને અસંયોજ્ય-મણી મોતીનાં ઘરેણાં તે સંયોજ્ય, અને કડાં, કુંડળ, બંગડી તે અસંયોજ્ય. કોઇ કહેશે કે એમાં તે શું જ્ઞાન જોઇએ ? પણ કેટલીક સ્ત્રીઓ ઘણાં ઉમદાં આભૂષણ પહેરે છે, પણ તે ગમે તેમ ગોઠવેલાં હોય છે, તેથી જરાપણ શોભતાં નથી. વસ્ત્રાભૂષણ રીતસર પહેરવાં કે તેથી સૌંદર્યને લાલિત્ય દીપી નીકળે છે.

(૩૨) **કૌચુમારાશ્ચયોગજ્ઞાન**--કૃત્રિમ સૌંદર્ય દર્શાવવું તે. આ જ્ઞાનથી પતિને ઘણો મોહ ઉત્પન્ન થાય છે અને તેથી અન્ય સ્ત્રીમાં રક્ત થતો નથી. સ્ત્રીનું કામ એજ છે કે પતિને રંજન કરવો અને દુરાચરણથી અટકાવવો.

(૩૩) **હસ્તલાઘવજ્ઞાન**—હરેક કાર્ય કરતાં હાથની ચપળતા દર્શાવવી તે; એટલે ટુંક સમયમાં કામ ઉકેલવાની હયોટી જોઇએ.

(૩૪) **પ્રતીમાળાજ્ઞાન**—જે કોઇ કંઇ પૂછે તેનો તત્કાળમાં નિર્વિઘ્ને ઉત્તર દેવો તે જ્ઞાન. કેટલાક લોકો પરસ્પર અંત્યાક્ષરી-છેલ્લા શબ્દથી આરંભીને કંઇ પણ વાકય-કવિતા બોલે છે તે પણ આ જ્ઞાનનો વિભાગ ગણાય છે. આ જ્ઞાન જાણનાર બહુ યાદદાસ્ત શક્તિ વાળું થાય છે.

(૩૫) **તક્ષણજ્ઞાન**—શય્યન, પલંગ, કબાટ, પાટલા, દીવો વિગેરે ઘરનાં સાહિત્ય શોભા માટે કેમ ગોઠવવાં તેનું જ્ઞાન.

(૩૬) **તર્કવાદજ્ઞાન**—આ જ્ઞાનથી અજાણી વસ્તુની પણ પરીક્ષા કરી શકાય છે અને ઘણો લાભ મળે છે. એ જાણવા માટે ગદાધરી, શિરોમણી અને મુક્તાવલી ગ્રંથો શિખવા.

(૩૭) **ધારણમાતૃકાજ્ઞાન**—યાદ રાખવાની વિદ્યા. સ્ત્રીઓને પાંચ બાબતો વધારે યાદ રાખવાની છે. વસ્તુ, ખજાનો, દ્રવ્ય, લક્ષણ અને ચિન્હ.

(૩૮) **છલીતયોગજ્ઞાન**—વેશ બદલીને બીજાને છેતરવાનું જ્ઞાન. કોઇ સમયે પુરૂષનું રૂપ ધારણ કરીને ખોવાયેલા પતિને શોધવા માટે કામ લાગે છે. પૂતના, શૂર્પણખા, અને સોનરાણીએ આવાજ જ્ઞાનથી પોતાના પતિને મેળવ્યા હતા.

(૩૯) **વસ્ત્રગોપનજ્ઞાન**—વસ્ત્ર પહેરવાની વિદ્યા. એમાં વસ્ત્રો એવા પ્રકારે પહેરવાં કે કોઇ સમયે કોઇ દુષ્ટ પુરૂષ શિયળ લૂટવા આવે તો ફાવે નહિ. એ

ત્રણ વસ્ત્રો એવા પ્રકારે પહેરવાં કે તે જણાય નહિ. દ્રૌપદીએ એવાજ પ્રકારે ઘણાં વસ્ત્રો પહેર્યાં હોય અને પછી ઈશ્વરે રક્ષણ કર્યું હોય. તેમજ વસ્ત્ર સંભાળવાની વિધિ પણ એજ વિદ્યામાં છે.

(૪૦) **આકર્ષક્રીડાજ્ઞાન**—પતિને પ્રેમભાવથી પોતા પ્રત્યે ખેંચવાનું અને લલચાવવાનું જ્ઞાન. આ જ્ઞાન સ્ત્રીઓને ઘણું ઉપયોગી છે.

(૪૧) **ધાતુવાદઅનેરત્નપરીક્ષા**—સોના, રૂપા અને રત્ન પરીક્ષાનું જ્ઞાન સ્ત્રીઓને ઘણું ઉપયોગી છે. તેમજ તાંબા, પીતળ વિગેરે જાતની ધાતુઓની પરીક્ષા જાણવી જોઇએ. સાચાં રત્નો, ખોટાં રત્નો, બહુ મૂલ્ય વાળાં અને થોડા મૂલ્યવાળાં વિગેરે રત્નોની પરીક્ષા. નવીખાણુ અને જુનીખાણુના હીરા કેવા હોય તે પણ આ જ્ઞાનથી જાણી શકાય છે. આ વિષે **અગસ્ત્યમુનિએ** " **રત્નપરીક્ષા** " નામે ગ્રંથ બનાવેલો છે. ધાતુઓની પ્રકૃતિ જાણવાથી કિમિયાથી છેતરાય નહિ. વળી ગૃહકાર્ય માટે ત્રાંબા પીતળની પરીક્ષા કરતાં આવડે છે. તેમજ વાસણ કુશણ લેવામાં કામ લાગેછે. માટી અને પથરામાં ભરાએલી ધાતુ શોધવી અને ગાળવા સંબંધી રીત પણ તેમાંજ છે.

(૪૨) **શુકસારીકાપ્રલાપન**—મેના પોપટને શિખવવાનું જ્ઞાન. પોપટને અચરે અચરે રામ, રાધાકૃષ્ણ, રામસીતા, રામકૃષ્ણ ઇત્યાદિ મનુષ્ય પેઠે કેમ ભણાવવાં અને તેઓને કામકાજ કેમ શીખવવું. કેવા પ્રકારના તેમને ઔષધો આપવાં વિગેરે કાર્ય કરવામાં આ જ્ઞાનનો ઉપયોગ થાય છે. આવાં મેના પોપટ ઘરનાં રક્ષક છે; એટલુંજ નહિ પરંતુ તેઓ મનુષ્યની પેઠે કામ કરે છે. લડાઇમાં કબુતરો પત્રો પહોંચાડે છે. શુક અને સારિકા કોઈનું ગુહ્ય જાણીને આપણને જણાવે છે. સંકટને વખતે સંદેશો લઈ જઇને મદદ લાવી આપે છે. આ જ્ઞાન મેળવવા "**શુકસારીકાપ્રલાપન**" નામે ગ્રંથ છે. તે જાણવો જોઇએ.

(૪૩) **વૃક્ષાયુર્વેદ**—ગૃહસ્થના ઘર આગળ આંગણામાં બગીચો બનાવવાનું, કુંજો, લતામંડપો વિગેરે બનાવવાનું જ્ઞાન ઘણું કામનું છે. ઝાડ કેમ વાવવાં, ખાતર કેમ નાંખવું, વૃક્ષરોગનો કેમ નાશ કરવો, ફળફુલ વધારે કેમ આવે તે આ જ્ઞાનનો પ્રકાર છે. વળી તેમાંથી ઘણી અદ્દભૂત વસ્તુ પણ જાણવામાં આવે છે. ગારૂડી ઝાડના પાંદડાં તોડીને પાછાં ચોટાડી દઇ સ્તબ્ધ કરે છે, એ પણ આ જ્ઞાનનો પ્રકાર છે. જુદાં જુદાં વૃક્ષોમાંથી નિરનિરાળી વસ્તુઓ ઉત્પન્ન કરવી તેપણ આ જ્ઞાનથી જાણવામાં આવે છે. વેપાર વણજ કરવામાં પણ આજ્ઞાન ઉપયોગી છે. એ શીખવા માટે " **વરાહમીહીર** " ગ્રંથ અગત્યનો છે.

(૪૪) **માર્જનકૌશલ્ય**—માથું ધોવું, કેશ સ્વચ્છ કરવા, શરીરે માર્જન કેમ કરવું, શરીરપર કીયાં કીયાં તેલ લગાડવાં, વિનોદ પણ આનોજ ભાગ છે. વિનોદ જાણનાર ગમેતેવા દુસ્મનને પણ હસાવી શકે છે. નેતી અને ધોતી જે

યોગની ક્રિયાપણ આમાં સમાવેશ થાય છે. આ જ્ઞાન શરીર આરોગ્યતા માટે ઘણું ઉપયોગી છે.

(૪૫) ભરતભરવાં—લૂગડાં શીવવાં અને સાંધવાનું જ્ઞાન—આ જ્ઞાન સ્ત્રીઓને ચતુરાઇ માટે, તેમજ પોતાનો નિર્વાહ ચલાવવા માટે બહુ ઉપયોગી છે.

(૪૬) અર્થજ્ઞાન—હમેશાં ધન મેળવવું, નિયમ પ્રમાણે બરાબર ચાલવું, વ્યવહારમાં કુશળ થવું, ઉપજ પ્રમાણે ખર્ચ કરવો, ઉલટ રાખવી, એ વિગેરેથી અર્થજ્ઞાન મેળવી શકાય છે.

(૪૭) ધર્મજ્ઞાન—પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી, પરોપકાર કરવો, દાન આપવું, ક્ષમા રાખવી, સમાનભાવ રાખવો, સત્યતા રાખવી, અને કૃપાત્રંતપણું રાખવું, એ આઠ પ્રકારે ધર્મ સંપાદન થઇ શકે છે.

(૪૮) મોક્ષજ્ઞાન—વિવેક સહિત પ્રેમ રાખવો, શાંતિ ધરવી, તૃષ્ણાનો ત્યાગ કરવો, સંતોષ રાખવો, એકાંત વાસ કરવો, આત્મજ્ઞાન અને પરબ્રહ્મનુંજ્ઞાન મેળવવું એ વિગેરેથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

(૪૯) સુખેચ્છાજ્ઞાન—નમ્રતા રાખવી, પ્રિય બોલવું, ધૈર્યતા રાખવી, શાંતિ રાખવી અને પરલોકમાં જવા માટે વૈરાગ્ય રાખવો. આ જ્ઞાનથી સુખ પ્રાપ્ત થાય છે.

(૫૦) શીલજ્ઞાન—સત્સંગ કરવો, બ્રહ્મચર્ય પાળવું, પવિત્રતા રાખવી, સત્‌ગુરૂની સેવા કરવી, સદાચાર પાળવો, નિર્મળ શાસ્ત્રનું જ્ઞાન મેળવવું અને યશ મેળવવામાં પ્રેમ રાખવો. આ જ્ઞાનથી શીલસંપાદન થઇ શકે છે.

આમાં જણાવ્યા પ્રમાણે પોતાથી બને તેટલું જ્ઞાન મેળવી જે સ્ત્રી પોતાની ચતુરાઇમાં વધારો કરે છે, તે સ્ત્રી ખરેખર ઉત્તમ પત્નીપણાને યોગ્ય થાય છે; એટલુંજ નહિ પરંતુ તેવી સ્ત્રી પોતાના પતિને પ્રિય થઇ પડે છે. પતિ જો દુરાચારી હોય છે તો તેને દુરાચારથી મુક્ત કરી પોતામાં એકરસ કરી શકે છે. ખરેખર આવી સ્ત્રી ઘરનો શણગાર, વૈભવની વિભૂતિ અને સંસારમાં સુખનું એક ઉત્તમ સાધન થઇ પડે છે અને ગૃહરાજમાં યશ, કીર્તિ અને સર્વ પ્રકારે આનંદ આપનારી થાય છે. માટે સ્ત્રીઓએ પોતામાં ચાતુર્ય જ્ઞાનની વૃદ્ધિ કરવા પ્રયાસ કરવો જોઇએ.

બુદ્ધિસુધારવા-વધારવાનોઉપાય.

"ધન્ય ધન્ય પ્રભુ છે તને, તેં લીધી સંભાળ;
આપી માત પિતા મને, પ્રથમ દિધા સંસ્કાર.

ત્યાંથી આવ્યો ગુરૂકને, લેવા દિક્ષા સાર;
અનેક રીતે દઈ જ્ઞાનને, ગણી બુદ્ધિને સાર."

પરમકૃપાળુ પ્રભુએ આ સૃષ્ટિમાં સ્ત્રી, પુરૂષનું જોડું ઉત્પન્ન કર્યું છે. તેમણે જન્મ ધરી અનેક કાર્ય કરવાનાં છે. પશુ પક્ષીને પરમેશ્વરે બુદ્ધિ—વિચાર શક્તિ આપી નથી. તેથી તે વગર વિચારે કુદરતી સ્વભાવ પ્રમાણે પોતાનાં કાર્ય કરે છે; પરંતુ સ્ત્રી પુરૂષ પશુ પક્ષી નથી, પણ મનુષ્ય છે. મનુષ્ય માત્રને તર્કશક્તિ—બુદ્ધિ આપેલી છે. માટે જો સ્ત્રી પુરૂષ વગર વિચાર્યે કે બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર કામ કરે, તો તે પશુ પક્ષી તુલ્ય ગણાય અને તેમની સર્વ ઇચ્છા પણ ધુળ મળે. સ્ત્રી અને પુરૂષે એકજ જાતનું અને એકજ કાર્ય સર્વ પ્રસંગે કરવાનું નથી. પુરૂષનું મુખ્યકામ સર્વ પ્રસંગે યોગ—જોઇતા પદાર્થો મેળવવાનું અને સ્ત્રીઓનું મુખ્ય કામ ક્ષેમ—તેની સંભાળ રાખવાનું છે. પુરૂષ ધનાદિ જોઇતા પદાર્થો બુદ્ધિનો વધારો કર્યા વિના બરાબર મેળવી શકશે નહિ; તેમજ સ્ત્રીઓપણ ઘરવ્યવસ્થા વગેરે કૃત્યો બુદ્ધિને કેળવવ્યા વગર સારી રીતે કરી શકશે નહિ. દરેક સ્ત્રી પુરૂષને પોતપોતાનાં કાર્યમાં પ્રવિણ થઇ સુખ પામવાની ઇચ્છા હોય છે; તેમને સંસારનાં સર્વ કામોમાં બુદ્ધિ વૃદ્ધિની જરૂર છે. બુદ્ધિનાં વધારાથી સ્ત્રી પુરૂષના ઉપયોગી પણામાં અને યોગ્યતામાં ઉમેરો થાય છે. તેથી તેઓ અગાઉથી વિચાર કરતાં શીખે છે. સંસારમાં અનેક અકસ્માત્ બનાવો બને છે, તેને આગળથી જાણી લેવાને અને તેનો આગળથી બંદોબસ્ત કરવાને શક્તિમાન થાય છે. સંસાર વ્યવહાર ચલાવવામાં નવીન અને સુધરેલી શૈલીઓ સૂઝે છે, અને દરેક રીતે બળની વૃદ્ધિ થતી જાય છે. દગાફટકા અને દગલબાજીમાંથી કોઇ નિર્દોષ અને અજ્ઞાન સ્ત્રી પુરૂષ જેટલું પોતાનું રક્ષણ કરી શકે છે, તેના કરતાં બુદ્ધિમાન પોતાનું વધારે મજબૂતીથી અને નિર્ભયપણાથી રક્ષણ કરી શકે છે. ગૃહ-સંસારમાં સુખનો સઘળો આધાર સ્ત્રી ઉપર છે. તે જો ઘરનો સર્વ વ્યવહાર વગર અક્કલે ચલાવશે, તો સારી રીતે ચાલી શકશે નહિ, અને સારી રીતે ચાલશે નહિતો સુખની પ્રાપ્તિ શીરીતે થઇ શકશે? સંસારમાં ખરૂં સુખ બુદ્ધિના વધારાથીજ થઇ શકે છે. બુદ્ધિના વધારાથીજ ધનાદિ સુખના પદાર્થો મળી શકે છે, તેનાથીજ મનુષ્ય જન—મંડળમાં અગ્રેસર પણું ભોગવે છે, તેનાથીજ તે જન—મંડળમાં માન અને કીર્ત્તિ મેળવે છે, તેનાથીજ તેને સૌ માણસો જોઇ હરખાય છે, તેનાથીજ મનુષ્યે અગ્નિ, જળ, વાયુ આદિ કુદરતી પદાર્થોને વશ કરી, વીજળી, તાર, રેલવે, આગબોટ અને સૂક્ષ્મદર્શક યં.., વગેરે શોધો કરી છે. તેના પ્રતાપથીજ અંગ્રેજ પ્રજા પૃથ્વીના ઘણા ભાગમાં રાજ જમાવી અતુલ્ય દ્રવ્ય મેળવી શકી છે. તેનાથીજ તેઓની સાંસારિક, વ્યાવહારિક અને રાજકિય ત્રણે સ્થિતિ ઉત્તમ દશામાં આવી શકી છે અને તેના વડેજ મનુષ્ય પ્રભુને પામી જીવન સાફલ્ય કરી શકે છે; વગેરે આ સર્વ બુ-

દ્ધિનો પ્રભાવ છે.

સંસારના ધંધા—વ્યવહારમાં ફત્તેહ બુદ્ધિથી મળે છે. બુદ્ધિનું સ્થાન મગજ છે. સૃષ્ટિનાં સર્વે કાર્યોમાં શરીરનું બળ નહિ, પણ મગજનું બળ સત્તા ભોગવે છે. માટે જો તેને સુધારી વધારે મજબૂત, ઉમદાં અને મોટું કરવામાં આવે, તો માણસ જાતે સુધરે છે, મગજની શક્તિમાં વધારો નહિ કરવાથી તેની બીજી શક્તિમાં પણ ખરેખર વધારો થતો નથી. ધંધામાં સંપૂર્ણતા મેળવવામાં યત્ન કરવાથી મગજની શક્તિઓ એક સરખી રીતે ખીલે છે; એટલુંજ નહિ પણ શરીરનો દેખાવ પણ સારો થાય છે. જેમ મહેનત કરવાથી શરીર મજબૂત થાય છે, તેમ વિચાર કરવાથી મગજ મજબૂત થાય છે. શરીરની શક્તિને હદ છે, પણ મગજની શક્તિને કંઈ હદ નથી. મગજને કામ વગર ભૂખ્યે મારવાથી અથવા ચિંતા અને ફિકરવડે રીબાવવાથી નબળાઇ આવે છે. મગજ સુધારવાનો રસ્તો વિચાર છે અને વિચાર બુદ્ધિ વૃત્તિયોથી થઇ શકે છે. બુદ્ધિ વૃત્તિયો—ત્રણ પંક્તિમાં વહેંચાએલી છે. જે જે વૃત્તિથી બહારની વસ્તુની સત્તા તથા ગુણ એટલે આકાર તથા વર્ણ જાણવામાં આવે, તે પહેલી પંક્તિની છે. જે વૃત્તિયોથી વસ્તુનું સ્થાન, સંખ્યા અને જાતિ વિષયનો એક બીજાનો સંબંધ નિરૂપણ કરવામાં આવે, તે બીજી પંક્તિની છે અને જેથી વિવેકનું જ્ઞાન ઉત્પન્ન થાય તે ત્રીજી પંક્તિની છે. આવૃત્તિયો બહારની ઇંદ્રિયોના જેવી સર્વ માણસોમાં એક સરીખી હોતી નથી, કોઇ વૃત્તિ વધારે, તો કોઇ વૃત્તિ ઓછી હોય છે. બહારની ઇંદ્રિયોની જોડે અંતરની ઇંદ્રિયોની પ્રકૃતિમાં પણ સરખા પણું છે. જેમ શબ્દથી કેવળ શ્રવણ ઇંદ્રિય અને પ્રકાશથી નેત્ર ઇંદ્રિય ચંચળ થાય છે; તેમ વિપત્તિ પડયાથી સાવચેત અને પારકાનું દુઃખ જોયાથી પરોપકાર વૃત્તિ ઉદિત થાય છે. જે નિયમથી બહારની ઇંદ્રિયો કેળવાય છે, તેજ નિયમ પ્રમાણે અંતરની ઇંદ્રિયોને કેળવવી જોઇએ; એટલે દરેક ઇંદ્રિય તથા વૃત્તિને પોત પોતાના વિષયમાં લગાડવી જોઇએ. પરમેશ્વરે આપણને જેવી માનસિક પ્રવૃત્તિ આપી છે, તે પ્રમાણે કામ કરવું જોઇએ. જ્યારે મનની કોઇ વૃત્તિને સબળ કરવી હોય, ત્યારે તે વૃત્તિની સાથે જે વિષયનો સ્વાભાવિક સંબંધ છે તે વિષયમાં તે વૃત્તિને લગાડવાથી ધારેલી સિદ્ધિ મળશે. તેમજ જ્યારે કોઇ વૃત્તિને નિસ્તેજ બળ વગરની કરવી પડે, ત્યારે એ વૃત્તિના ઉપભોગના વિષયોથી તેને છેટે રાખવી જોઇએ; કેમકે એ વિષયો આવ્યાથી તે ભોગવવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે. આ નિયમ મુજબ કામ કરવાથી આપણો ઉદ્યોગ સફળ થશે અને તેના વિરૂદ્ધ કર્યાથી નિષ્ફળ થઇ શું. આ ઉપરથી સિદ્ધ થાય છે, કે દરેક માનસિક વૃત્તિના જુદા જુદા ઉપભોગના વિષયો છે, તેમને પોત પોતાના વિષય મળ્યાથી ઉત્તેજિત થાય છે. માટે વૃત્તિયોને સદા સારે માર્ગે વાળવી જોઇએ. વારંવાર યોગ્ય રસ્તે વાળવાથી તે તે વૃત્તિયોની ઉન્નતિ થઇ શકે છે.

બુદ્ધિની વૃત્તિયો જ્ઞાનથી ખીલે છે. જ્ઞાન લેવાના જગત્માં ઘણા વિષયો છે. એક એક વિષયમાં ઉત્તમ પ્રકારે જ્ઞાન મેળવવું એ કંઈ થોડા વખતનું કામ નથી. સર્વ મનોવૃત્તિયોને થોડા વખતમાંજ ખીલવી જ્ઞાન સંપાદન કરી શકાતું નથી, પણ લાંબી મુદ્દત સુધી ઉપદેશ, અધ્યન, અનુભવ, અવલોકન, અને વાંચન વગેરેથી ખરૂં જ્ઞાન મળે છે. ખરા જ્ઞાનથી બુદ્ધિ સુધરે છે, વધે છે અને નિર્મળ થાય છે. બુદ્ધિ એ હીરા સમાન રત્ન છે. જેમ ખાણમાંથી નીકળેલા હીરાને સંઘાડે ચઢાવી સાફ કરવાથી તે અધિક તેજસ્વી અને મૂલ્યવાન થાય છે; તેમ બુદ્ધિનું વિદ્યા જ્ઞાનમાં ખેડાન થવાથી તેનો અધિક પ્રકાશ થાય છે. કેટલાક માણસો અંગ્રેજી, સંસ્કૃત, ફારસી અને ગુજરાતી, વગેરે ભાષા શીખવાનેજ ખરી કેળવણી ગણે છે; પરંતુ ભાષા શિક્ષણ એ ખરૂં જ્ઞાન નથી, પણ તે જ્ઞાન મેળવવાનો ઉપાય માત્ર છે. ભાષા એ જ્ઞાન રૂપ ભંડારના દરવાજા સ્વરૂપ છે. તે દરવાજો ઉઘાડીને જ્ઞાનની વખારમાં પ્રવેશ કરવામાં આવે છે. હમેશાં કેવળ દરવાજા ઉપર ઉભા રહેવાથી કેવી રીતે જ્ઞાન રૂપ મહા રત્ન મેળવી શકાશે ? જ્ઞાન રૂપ રત્ન મેળવવાને યત્ન ન કરતાં કેટલાક માત્ર ભાષા શીખવામાં કાળ ગમન કરે છે, તેમને કદિ પણ સારો લાભ મળતો નથી. તેમ ગણિત અને લખવાની વિદ્યા પણ ખરૂં જ્ઞાન નથી. ગણિત વિદ્યા એ જ્યોતિષ્યાદિ કેટલીક વિદ્યા શીખવાને માટે જરૂરની છે, અને લેખક વિદ્યા મેળવેલા જ્ઞાનનો ફેલાવો કરવા માટે ઉપયોગી છે. જો જ્યોતિષ્યાદિ વિદ્યા શીખવાની તથા મેળવેલું જ્ઞાન ફેલાવાની જરૂર નહોત તો ગણિત અને લખવાની વિદ્યાની કંઇ પણ જરૂર રહેત નહિ. માટે ભાષા, ગણિત, અને લખવાની વિદ્યા આવડયાથી ખરા જ્ઞાનનું શિક્ષણ થતુ નથી; પરંતુ જેજે વિદ્યાનું શિક્ષણ લીધાથી બુદ્ધિમાં સુધારો વધારો થાય અને ભૌતિક, શારીરિક અને માનસિક નિયમો શીખાય તેને તથા જેનાથી કરૂણામય પ્રભુનો મહિમા જાણવામાં આવે, તેનેજ ખરી વિદ્યા અને તેનેજ ખરૂં જ્ઞાન કહે છે. બુદ્ધિ વૃત્તિયોને ખીલવી સુધારવા વધારવા માટે આ નીચેના વિદ્યા જ્ઞાનના વિષયોનું શિક્ષણ મેળવવાની ઘણી અગત્ય છે.

(૧) **ભાષા**—ભાષા શીખવાને માટે ઉપયોગી પુસ્તકો વાંચવાં, લખવાનો અભ્યાસ કરવો અને રચનાનું શિક્ષણ લેવું; કેમકે આ ત્રણ વિષય જ્ઞાન મેળવવા અને ફેલાવવાના મોટા ઉપાયો છે.

(૨) **ગણિત**—ગણિત, બીજગણિત, રેખાગણિત, વગેરે ગણિત વિદ્યા શીખવી જોઇએ; કેમકે જ્યોતિષ્ય, હિસાબ વગેરે કેટલીક વિદ્યા શીખવાને ગણિત વિદ્યાની જરૂર પડે છે. ગણિતના અભ્યાસથી માણસ ચતુર થાય છે.

(૩) **ભૂગોળવિદ્યા**.—આ વિદ્યાના અભ્યાસથી દેશ, પરદેશ, નગર, ગામ, નદી, પર્વત અને સમુદ્ર વગેરે કુદરતી તથા મનુષ્ય કલ્પિત ચાર દિશાનું જ્ઞાન

દરેક દેશના મનુષ્ય અને પશુ પક્ષીની સમજ, હવા, પાણી અને જમીનના ગુણ, ત્યાં થતી વસ્તુઓની પેદાશ, આચાર, વ્યવહાર અને રાજ્યશાસન કેવી રીતનું સ્થાપેલું છે, એ સર્વેનું વિશેષ વૃત્તાંત જાણવામાં આવે છે.

(૪) **પ્રાકૃતિકવિજ્ઞાનવિદ્યા**--આ વિદ્યા શીખવાથી જંતુ, વનસ્પતિ અને ધાતુઓનું વિસ્તારથી વર્ણન જાણવામાં આવે છે, પરંતુ કેવળ પુસ્તક વાંચીને ચૂપ બેસવાથી તેનું કંઇ સારૂં ફળ થતું નથી. જે સર્વ સાગમીનું વર્ણન વાંચવામાં આવે, તે પોતાની આંખે જોઇને તેના ગુણદોષની પરીક્ષા કરવી જોઇએ. આ અભ્યાસથી ગાઢ પ્રવેશ યોગ્ય થવાય છે.

(૫) **રસાયણવિદ્યા**—આ વિદ્યાભ્યાસથી ચારે બાજુએ જેટલી વસ્તુઓ નજરે પડે છે, તે સર્વ કેવા પદાર્થના યોગથી ઉત્પન્ન થઇ છે. કયા કયા પદાર્થની સાથે કયા કયા પદાર્થને મેળવ્યાથી કેવો ગુણ ઉત્પન્ન થાય છે, એ સર્વ વિષનું વિસ્તાર પૂર્વક વર્ણન રસાયણવિદ્યામાં કરેલું છે. આ વિદ્યા શીખવાથી જડમય જગતમાં જગદીશ્વરનું આશ્ચર્ય કૌશલ્ય, તેની અત્યંત શક્તિ અને ઉત્તમ કાર્યની કુશળતા જાણવામાં આવતાં આનંદ થાય છે.

(૬) **શારિરસ્થાનઅનેશારિરવિધાન**—આ બે મોટી વિદ્યા શીખવાથી શરીરના પ્રત્યેક અંગના અવયવની જગા અને તે સંબંધી સ્વાભાવિક નિયમનું જ્ઞાન મેળવી શકાય છે. આ વિદ્યાના જ્ઞાનથી જાણી શકાય છે કે કરૂણામય પરમેશ્વરે રોગ, આરોગ્ય અને જીવન મૃત્યુ ઘણુંખરૂં આપણા સ્વાધીનમાં રાખ્યું છે. તેણે સ્થાપેલા શરીરના શુભકર નિયમો પાળવાથી આરોગ્ય સુખ ભોગવી શકાયછે.

(૭) **પદાર્થવિદ્યા**--રસાયણ અને શારીરવિધાન વિદ્યાઓ શીખ્યાથી જડપદાર્થના ગુણો જાણવામાં આવે છે. એ સિવાય તેના બીજા ગુણો, એકમેકનો સંબંધ, ગતિના નિયમો અને કાર્યની રીતિના વિષય એ સર્વ પદાર્થવિદ્યા દેખાડે છે. પાણી, વાયુ અને જ્યોતિ-તેજ-અગ્નિનો સ્વભાવ આ વિદ્યામાં વર્ણવેલો છે. શિલ્પ અને જ્યોતિષ આ વિદ્યાની અંદર છે. આ વિદ્યાના શિક્ષણથી અંતઃકરણ પ્રસન્નતાથી ખીલે છે. બુદ્ધિ વૃત્તિયો સુધરે છે અને વધે છે. પરમેશ્વરની મહાન્ શક્તિ તથા જ્ઞાનના સેંકડો દૃષ્ટાંત્ સંસારના સર્વ સ્થાનમાં જોવામાં આવે છે, અને તેના સ્થાપેલા ભૌતિક નિયમનું જ્ઞાન મેળવી તેનું પાલન કરવાથી આપણી ઉન્નતિ કરવાને શક્તિમાન થઇએ છીએ.

(૮) **ઇતિહાસ**--આ વિષયનું પુસ્તક વાંચવાથી શા કારણથી દરેકદેશની પ્રજાનું પડી ભાગ્યું તે જાણવામાં આવે છે. તેથી પરમેશ્વરે જન-મંડળની ઉન્નતિ કરવા માટે જે સ્વાભાવિક નિયમો સ્થાપેલા છે, તે પ્રત્યક્ષ જોવામાં આવે છે અને વિચક્ષણતા ઉત્પન્ન થાય છે.

(૯) **મનોવિદ્યાતથાધર્મનીતિ**—આ બે વિદ્યાનું શિક્ષણ લીધાથી મનુ-

અને માનસિક સ્વભાવ, મનોવૃત્તિયોનું પ્રયોજન અને ધર્મ સંબંધી કરવાનું અને ન કરવાનું નિરૂપણ કરવામાં સમર્થ થવાય છે. પરમ કરૂણાકર પ્રભુ જે પાપની સજા કરનારો અને ધર્મનો બદલો આપનારો છે, તે આ વિદ્યાથી સ્પષ્ટ જાણવામાં આવે છે. આ શિક્ષણથી માણસ ગંભીર થાય છે.

(૧૦) **પરમાર્થવિદ્યા**—સૃષ્ટિકાર્ય ઉપર વિચાર કરીને પૃથ્વીપતિ પ્રભુનું સ્વરૂપ તથા અભિપ્રાયનો નિર્ણય કરીને તેની ખરી આરાધના-ભક્તિનો ઉપદેશ આપવો, એ પરમાર્થવિદ્યાનું પ્રયોજન છે. શારીરસ્થાન, શારીરવિધાન ધર્મનીતિ અને પદાર્થવિદ્યા, વગેરેનો વિજ્ઞાન શાસ્ત્રથી જેટલા નિયમોનો નિર્ણય થાય; તે સર્વ પરમકરૂણાકર પરમેશ્વરના સ્થાપેલા છે. મનુષ્યનું શરીર અને મનની સાથે એ સર્વ શુભકારક નિયમો સંબંધ રાખે છે. તેનું શ્રદ્ધા રાખી શિક્ષણ લઈ, તેને અનુસરતા વ્યવહાર કરવા. જો તેને અનુસરતા વ્યવહાર કરવામાં આવશે નહિ, તો પરમેશ્વરની આરાધના ઉતમ પ્રકારે થતી નથી. આ સર્વ વિષય પરમાર્થ વિદ્યામાં સામેલ કરી શિક્ષણ લેવું અને તેને અનુસરતાં કામો કરવાનો અભ્યાસ કરવો જોઈએ.

(૧૧) **સાહીત્ય**—સાહિત્ય પાઠથી ઘણોજ પવિત્ર આનંદ અનુભવવામાં આવે છે અને જો તેમાં પવિત્ર પારમાર્થિક વિષયનું વર્ણન કરવામાં આવ્યું હોય છે, તો તે અંતઃકરણની સદ્પ્રવૃત્તિયો શુદ્ધ રીતે અપાર આનંદ ઉત્પન્ન કરે છે.

(૧૨) **ચિત્રવિદ્યા**. (૧૩) **ગાયનવિદ્યા**, અને (૧૪) **શીલ્પવિદ્યા**-પરમેશ્વરે મનુષ્યને ચિત્રવિદ્યા, ગાયનવિદ્યા, અને શિલ્પવિદ્યા વગેરે ઉપયોગી લોકરંજન વિદ્યા શીખવાની વિવિધ વૃત્તિયો આપી છે. માટે જેનો જે વિષયમાં સ્વાભાવિક પ્રેમ અને શક્તિ હોય, તેને તે વિષય શીખવાથી આનંદ મળશે; એટલુંજ નહિ પણ તે ધંધાથી ધન પેદાકરી જીવિકા ચલાવી શકાશે.

આ સર્વ વિદ્યાના વિષયમાં મનુષ્ય માત્ર એક સરખી રીતે કુશળથવા અસંભવિત છે અને તેમ થવાની ઘણી જરૂર પણ નથી; પરંતુ જેની જે વિષયમાં વધારે શક્તિ હોય તથા બીજાના કરતાં પોતાને વધારે શિક્ષણ લેવાની ઇચ્છા હોય, તેણે તે વિયમાં વધારે અભ્યાસ કરવો. તે સિવાય ઉપર જણાવેલી બીજી વિદ્યાઓનાં મૂળતત્વો શીખવાં જોઇએ. સાધારણ સ્ત્રી પુરૂષોએ પોતાના ધંધાને લગતી વિદ્યા શીખવી અને તે સિવાય બીજી વિદ્યાઓનાં મૂળતત્વો શીખવા જોઇએ. આ સર્વે વિદ્યાનું જ્ઞાન મેળવવાની પુરૂષોને જેટલી જરૂર છે, તેટલીજ સ્ત્રીઓને પણ અગત્ય છે; કેમકે જન-મંડળનું કલ્યાણ ઘણે ભાગે તેઓની કેળવણી ઉપર આધાર રાખે છે; તેઓ પણ પુરૂષની પેઠે માનસિક પરિશ્રમને સુખનો વિષય સમજી જ્ઞાન મેળવવા ચાહે છે. પ્રાચીનકાળે ભારતવર્ષમાં **ગાર્ગી** તત્વજ્ઞાનમાં કુશળ હતી, **લીલાવતી** ગણિતજેવા ગહન વિષયમાં પ્રવિણ ગણાતી હતી. તેના નામથી લીલાવતી નામે ગણિતનો ગ્રંથ ગુંથેલો પ્રસિદ્ધ છે. **ભડલી** ખગોળમાં, **ખના** જ્યોતિષ અને ખગો-

જ વગેરેમાં, સીતા આત્મજ્ઞાન અને ચિત્ર વિદ્યામાં, ચિત્રલેહા યોગવિદ્યા, ચિત્ર વિદ્યા અને ગાયનમાં. ઉર્વશી અને શકુન્તલા ગાયન અને નૃત્ય કળામાં પ્રવિણ હતી. સુલભા અને મૈત્રેયી બ્રહ્મજ્ઞાન વગેરે પારમાર્થીક વિદ્યામાં પ્રખ્યાત્ હતી. આસર્વ ઉપરથી સિદ્ધ થાય છે કે સ્ત્રી પુરૂષો બંને કઠણ વિષયો શીખી શકે છે. તેઓને આવા ઉત્તમ વિષયોનું શિક્ષણ મળવાથી, સારાં પુસ્તકો અને વર્તમાન પત્રો વાંચવાથી, અવલોકન અને દેશાટનથી તેઓની બુદ્ધિ સુધરી નિર્મળ થાય છે, અને ધર્મ પ્રવૃત્તિયો પ્રફુલ્લિત થઇ મહાન્ મનની નીવડે છે. ભૂમંડળમાં આવી સ્ત્રીઓના સુખ અને શોભાની હદ રહેતી નથી. જન-મંડળમાં તેમનાં માન અને મર્યાદાની વૃદ્ધિ થાય છે. બાળકો સારી રીતે રક્ષિત અને સુશિક્ષિત થઇ રત્નરૂપ નીવડે છે. આવી શુદ્ધ-પવિત્ર ચરિત્ર વાળી સ્ત્રીઓના સહવાસથી મનનો ખેદ નાશ પામી સંસાર સુખ રૂપ થાય છે. માટે સ્ત્રી પુરૂષોએ પોતાની બુદ્ધિ સુધારવા-વધારવા યત્ન કરવો જોઇએ.

આનંદમેળવવાનોઉપાય.

આ દુનિયામાં આપણી આ નાશવંત જીંદગી ઉચ્ચતર સ્થાને જવાને માટે સરજેલી છે. માટે આ સંસાર અને આ જીંદગી ખુશમિઝાજ—આનંદ વૃત્તિથી પૂરી કરવી જોઇએ; નહિતો કાર્યસિદ્ધિમાં આપણું ચાંચલ્ય કેવળ અટકી જશે; પરંતુ આનંદમાં રહેવાની અને જીંદગીનો ઉપભોગ બરાબર કરવાની ઇચ્છા સઘળાને થાય છે, પણ તેમ શી રીતે કરવું, તે ઘણા થોડા જાણે છે. જીવિતનું મહત્વ અને આનંદ તેઓ બરાબર સમજતાં નથી. આપણે શરીર અને મન ચલાવીને આનંદ મેળવીશું, એવા અભિપ્રાયથી પરમેશ્વરે આખા જગતની સાથે માનવ પ્રકૃતિનો ઉપયોગી સંબંધ નિરૂપિત કરી મૂકયો છે. એ નિરૂપિત થયેલા સંબંધ પ્રમાણે બરાબર ચાલવાથી કેવો આનંદ થાય છે, તેનું થોડું ઉપયોગી વર્ણન આ નીચે આપેલું છે.

ખાધા સિવાય શરીરની રક્ષા થઇ શકતી નથી. તેથી શારીરિક અને માનસિક મહેનત કરીને અન્ન મેળવવું જોઇએ. ટાઢ નિવારણને માટે કંઈ સ્વાભાવિક આચ્છાદાન નથી, તેથી શરીર અને મનના પરિશ્રમથી વસ્ત્રો તૈયાર કરવાં જોઇએ. એવી રીતે શરીર અને મનને સારી રીતે પરિશ્રમમાં રાખવું, એવો પરમેશ્વરનો અભિપ્રાય છે, એમાં કંઇ સંદેહ નથી. તેના નિયમને અનુસરીને ચાલવાથી શરીરના અંગ સબળ થશે, મનનીવૃત્તિયો સતેજ થશે, અને અંતઃકરણ આનંદમાં રહેશે. માણસ હમેશાં એકનું એક કામ કર્યા કરવાથી થાકી જાય છે.

માટે જગદીશ્વરે આપણને ઘણી જાતની મનોવૃત્તિયો આપીને નાના પ્રકારનાં સુખ ભોગવવાના અધિકારી કર્યાં છે, પણ મનોવૃત્તિયોનો એવો સ્વભાવ છે કે, તેને સમાન પણે અધિક તેજસ્વિ કરીને ઉત્સાહની સાથે ચલાવ્યાથી ઘણો આનંદ આપે છે, પણ નિસ્તેજ અને નિશ્ચેષ્ટ થયાથી એટલો આનંદ મેળવી શકાતો નથી. માટે શારીરિક અવયવની પેઠે મનોવૃત્તિને પણ ઉત્સાહની સાથે ચલાવવી, એ એક આપણા આનંદનું કારણ છે. જે ભાગ્યવાન માણસની બુદ્ધિ વૃત્તિ સ્વાભાવિક તેજસ્વિ હોય છે અને વિદ્યાનું સીલનથી ઉત્તમ રીતે કેળવાયેલી હોય છે, તે ઉત્સાહિત ચિત્તથી ચલાવી જેવો આનંદ મેળવે છે, તેવો નિસ્તેજ બુદ્ધિવાળો માણસ મેળવી શકતો નથી. પરમેશ્વર પરાયણ વિદ્વાન સ્ત્રી પુરૂષો આ અખિલ સંસાર રૂપ મહારાજ્યના એક એક પરમ શુભકર સુંદર નિયમ જાણીને જેવી રીતે ઘણો આનંદ મેળવે છે, તેવી રીતે કુસંસ્કારવાળા મૂઢલોકો મેળવવાને કદિ સમર્થ થતા નથી. આ સંસારમાં જે સુશીલ સ્ત્રી પુરૂષ પોતાનું કર્ત્તવ્યાકર્ત્તવ્ય સમજીને ચાલે છે અને એમ સમજે છે કે—બીજાં સર્વ માણસો પણ મારા પ્રમાણે પરમેશ્વરનાં પ્રિયપાત્ર અને સર્વ ઉપભોગનાં અધિકારી છે. માટે મારૂં પોતાનું કાર્ય મને લાભ આપે એવું હોય, પરંતુ બીજાને તેમ કરવાથી હાનિ થતી હોય તો તે કામ મારે કરવું યોગ્ય નથી. મારે તો ઉલટો બીજાને યથાશક્તિ ઉપકાર કરવો એ મારો ધર્મ છે; એવું સમજી ચાલવાથી અને ભક્તિ ગુણથી પરમેશ્વરના નિયમમાં દૃઢ શ્રદ્ધા થશે, અને તેનું જ્ઞાન, વિચિત્રશક્તિ અને મંગળ સ્વરૂપ પ્રભુના ઉપર આધાર રાખવાથી તેનાપર અત્યંત વિશ્વાસ થશે. એના વ્યવહારથી છેલ્લે અંતઃકરણ આનંદ—સુખમાં મગ્ન થશે. સર્વ મનુષ્ય વર્ગનું યથા શક્તિ ભલું કરવું, સર્વ સાથે ન્યાયસર ચાલવું અને અન્યાય વહેવાર છોડી દેવો. એ પ્રમાણે કર્ત્તવ્યાકર્ત્તવ્ય સમજીને જે કાર્ય કરશે તેનાથી લોકો સુખી થશે અને પોતે પણ સુખી થઇ પરમાનંદ—સુખ અનુભવશે. જે મૃત્યુશય્યાના ઉપર સુઇને કહી શકે છે કે, મેં આખી જીંદગી સુધી યથાશક્તિ પરોપકાર કર્યો છે, લોકોની સાથે જોઇએ તેવો વ્યવહાર કર્યો છે, મનની સાથે પરમેશ્વરની આરાધના કરી છે અને આ વખતે પણ પ્રભુના આનંદ—સ્વરૂપમાં ચિત્તને સમર્પણ કર્યું છે. તેવા મનુષ્યનો મૃત્યુકાળ પણ આનંદ સુખનો કાળ છે અને તેની મૃત્યુ શય્યા પણ આનંદ સુખની શય્યા છે. જેણે આખા જન્મારામાં દુઃખીને અન્ન, તૃષાતુરને પાણી રોગીને ઔષધ, અજ્ઞાનીને જ્ઞાન અને નિરાધારને સહાય, વગેરે પરહિતાર્થ આવું એક પણ પુણ્યનું કાર્ય કરેલુ હશે, તેનો આનંદસાગર કદિપણ સુકાવાનો નથી. તે જ્યારે જ્યારે તેનું સ્મરણ કરશે, ત્યારે ત્યારે તેનો આનંદામૃત ઉછળશે. સગાં, મિત્રો અને સખીઓ પરસ્પર શીલતા અને ઉપકારનો બદલો આપવાવાળાં કેવળ એટલુંજ નહિ પરંતુ પરસ્પર પ્રત્યે કોઇ પણ જાતનો કઠોર વ્યવહાર ચલાવવાં

નહિ હશે; એવાં પરમ હિતેષી, ન્યાયવાન અને મર્યાદક સગાં, મિત્રો કે સખીઓ સાથે પ્રીતિ થયાથી અતઃકરણ સર્વદા પ્રફુલ્લિત રહીને પરમ આનંદ ઉદ્દભવશે. **સારીવાતચીત**—સારી વાતચીતને જીંદગીના આનંદમાં ઉચ્ચપદ આપેલું છે. તે એક વખાણવા જોગ કૌવતનું ઓષડ છે. તેથી મન અને તન એ બેઉને ખોરાક (આનંદકારક વિશ્રાંતિ) મળે છે. માટે સંધ્યાકાળનો વખત આવી સારી રસિક વાત ચિતમાં ગુજારવાથી અતિ આનંદ ઉપજે છે. **વિશ્રાંતિ માટે રમત ગમ્મત અને ખુલ્લી હવામાં ફરવું**—આખો દિવસ શારીરિક અને માનસિક મહેનત કરવામાં આવે, અને જો શરીરને મન ખીલે એવી આનંદકારક રમત ગમ્મત કરી વિશ્રાંતિ લેવામાં ન આવે, તો તે સ્ત્રી પુરૂષ નાજુક પ્રકૃતિનાં અને દુર્બળ થવાનાં. માટે તેમાં જે ફુરસદનો વખત ગાળવામાં આવે, તે કોઇ રીતે વખત વૃથા ગુમાવ્યો ગણાતો નથી. માટે નદીઓમાં હોડી ચલાવો, વનમાં જઇ ફૂલ તોડી એકઠાં કરો, પથ્થર થઇ ગયેલા પદાર્થોનો સંગ્રહ કરો, દરિયા કિનારા પરના શંખ, કોડાં અને દરિયાઇ છોડવા વગેરે ભેગા કરો, ક્રિકેટ (દડીમાર) અથવા ગોલ્ફ (ગેડીદડા) રમો, અથવા બીજી કોઇ પણ રીતે તાજી હવામાં ફરી ફરીને શરીરને કંઇ કસરત અને તાજી હવા આપો, તેથી તમારૂં આરોગ્ય સુધરશે, તમારી ચિંતા, ફિકર અને જંજાળ નાશી જશે, અથવા કંઇ નહિ તો ઘણે ભાગે કમી થશે. કુદરત માણસને શાન્ત પાડે છે અને તેનામાં કૌવત આણે છે તથા મનને વધારે સ્વસ્થ અને આનંદી કરે છે. સૃષ્ટિનાં કળાકૌશલ્યનાં કામો, કવિતામાં ચલાવેલી કલ્પનાઓ, ધર્મનીતિવાળા ગ્રંથો, ઇતિહાસના બનાવો, મનુષ્ય પ્રાણીની હાલની તથા પાછલા કાળની રીતભાતો તથા ભવિષ્યની તેમની ઉમેદો, વગેરે આવી અનેક બાબતોમાંથી મનોરંજન—આનંદ ઉપજે છે. **સૃષ્ટિસૌંદર્ય**—સૃષ્ટિનાં પક્ષીઓ અને જંતુઓ, વૃક્ષો અને પાંદડાં, ફળ અને ફૂલ, વૃક્ષ અને વાડપર ચઢેલી વેલો, સુંવાળા વાદળાં, તેજ મારતો દરિયો, સરોવરનાં મોજાંની લહેર, નદીપરનો ચળકાટ, ઘાસપર પડતી છાયા, રાત્રે દેખાતા ચંદ્ર અને તારા, સંધ્યાકાળનો પ્રકાશ અને સ્થિતિમાં લીલા રંગના આકાશમાં પ્રકાશતાં રાતાં વાદળામાં આવેલી છાંટ, સ્વચ્છ તાજી હવા, ઘુઘવતો દરિયો, ગર્જના, વિજળીના ચમકારા, પક્ષીઓના મધુર રાગ અને કલ્લોલ, પૃથ્વી અને ઘૂમટાકાર આકાશ, જંગલો અને ખેતરો, તળાવો અને પર્વતો, સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય, તે સર્વ જોનારાને કેટલો આનંદ આપે છે ? અને વન તો વળી એથી પણ વધારે સુંદર અને વધારે મોહક લાગે છે, તડકો એ આનંદકારી છે, વરસાદ આપણને તાજા કરે છે, બરફ ઉલ્લાસ આણે છે અને ટાઢ મજબુતી આણે છે. આ સર્વથી જેટલો આનંદ થાય છે, તેવો નિર્દોષ આનંદ—વગર ખરચનો આનંદ—સુલભ આનંદ—અને તેની સાથે જ્યારે જોઇએ ત્યારે મેળવી શકાય તેવો આનંદ બીજે

કયો છે ? માટે સૃષ્ટિ સૌંદર્યની ખૂબી આપણે સમજવી જોઇએ અને આપણાં છોકરાંઓને સમજાવી આનંદ લે તેમ કરવું જોઇએ. સુંદર ચિત્ર, સુશોભિત પ્રાણમય મૂર્તિ, મનોહર મહેલ, સુદસ્ય ભૂમિખંડ; અદ્ભૂત, અસાધારણ અને ઉત્તમ પ્રકારની સુંદર વસ્તુઓ, સંગીત (ગાવું, બજાવવું અને નાચવું.) સારાં નાટક, સારી નવલકથા અને આશ્ચર્યકારક દેખાવો, એ સર્વે મનને ઘણો આનંદ ઉપજાવે છે. **નિર્દોષહાસ્ય**—પરમેશ્વરે આપણા અંતઃકરણને નિરંતર ખુશ અને મંડળીને હસતું રાખવાના હેતુથી પરિહાસ પ્રવૃત્તિ આપી છે. અખંડ આનંદ ઉત્પન્ન કરવો એ આ વૃત્તિનો હેતુ છે--માટે પવિત્ર મિત્રમંડળ કે સખીઓમાં બેસીને ઠઠા મશ્કરીથી તેમને હસાવી દોષ વગરના આનંદમાં કાળ ગાળવો એ હિતકારક છે. એવા હસવાથી ઉત્પન્ન થતા આનંદ વડે અંતઃકરણને સુખ ઉપજે છે, પાચનશક્તિ પ્રબળ થાય છે, શરીર આરોગ્ય અને સ્વચ્છ રહે છે. હસવાની સાથે મીઠીવાણીથી લોકોના દોષ પણ સુધારી શકાય છે; પરંતુ યાદ રાખવું કે, વિષમય કલેશકારક મશ્કરીથી કોઇનું મન દુઃખાવવું એ મોટું દુષણ છે. માટે દુષણ રહિત મશ્કરીથી આનંદ લેવો. સારી તનદુરસ્તીથી શરીર અને મન આનંદમાં રહે છે અને આનંદી સ્વભાવથી આત્મા આનંદમાં રહે છે. મરજી પ્રમાણે વૈભવ ભોગવવાથી થતા આનંદ કરતાં, આત્મ સંયમથી વધારે આનંદ મેળવી શકાય છે. કોઇ મનપસંદ કામમાં રોકાઇ પ્રમાણિક પણે પૈસો પેદા કરવાથી મન આનંદમાં રહે છે. ઇશ્વરપર ભરૂસો રાખનાર ધાર્મિક અને નીતિવાન માણસને મરણનું દુઃખ લાગતું નથી. શારીરિક દુઃખ નાશ પામે છે, એમ સમજી સદા આનંદમાં રહે છે. જીવ બંધનમાં પડયો છે—જ્યારે અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય કોશ, પડદા--બંધન તોડીને આનંદમયને પામે છે. ત્યારે તેનેજ તેમાં કેટલો આનંદ છે તેની સમજ પડે છે. જે પોતાના આત્માને રક્ષે છે, પ્રસન્ન રાખે છે, સાર્થક કરે છે, પુણ્ય પાપની બેડીથી છૂટે છે અને ખરૂં મેળવવાનું તે મેળવે છે, તે પરમાત્માના પૂર્ણાનંદને અનુભવે છે. આ સિવાય આનંદ ઉપજાવે એવી સૃષ્ટિમાં અને સંસાર વ્યવહારમાં અનેક બાબતો છે. માટે જીંદગીમાં આનંદ ઉપજાવે તેવી બાબતો એકપછીએક મેળવતા રહેવું, એ ઘણુંજ અગત્યનું છે અને તેથી અનેક ફાયદા થાય છે.

આનંદથીથતાલાભ.

જગત્ નિયંતા પ્રભુનો એવો હેતુ છે કે મનુષ્ય માત્રે સૃષ્ટિની અંદર સુંદર રચના વગેરેમાંથી આનંદ લેવો અને તેથી થતા લાભ મેળવી જીંદગી સુ-

એમાં ગાળવી. આવા લાભ તે કયા કયા તેનું થોડું વર્ણન આપેલું છે;—માનસિક આનંદને લીધે શરીર આરોગ્ય રહે છે, આયુષ્ય વધે છે અને સુખમાં ઘણો વધારો થાય છે. જે માણસ પોતાની જાતને આનંદ પમાડી શકે છે અથવા પોતાનું મન સજી થાય એવી રીતે કશામાં રોકી શકે, એવી આવડત વાળો હોય તે માણસ વધારે સુખી અને પૈસાદાર છે એમ સમજવું. આપણા આનંદ કરતાં આપણી દીલગીરી વહેલી ભૂલી જવાય છે. બાળપણનો આનંદ આપણામાં એવો તાજો રહે છે કે, જ્યારે તેને આપણે યાદ કરીએછીએ, ત્યારે આનંદ થાયછે. આનંદ કારક વિચાર લાવવાની ટેવ પાડવાથી મગજ શાન્ત થાય છે અને ઉંઘ વહેલી આવે છે. આનંદથી શારીરિક અને માનસિક શ્રમનો થાક દૂર થઇ તે એક કામ કરવાને તાજાં થાય છે. માણસના મનની સ્થિતિ તેના શરીરના મળ ઉપર ઘણી અસર કરે છે. દીલગીરીથી ગંધાતો અને થોડો મળ નીકળે છે અને આનંદથી મળ સાફ અને ઘણો નીકળે છે. આનંદથી શરીર પ્રફુલ્લિત થઇ સુંદર અને શોભાયમાન થાય છે. જે કુટુંબમાં બાપ આનંદમાં રહી સાંજનો વખત સ્ત્રી છોકરાં સાથે ઘરમાં ગાળે છે તે કુટુંબનું સુખ ઘણું વધે છે. આનંદ વૃદ્ધિથી કેટલાક ભારે રોગો મટે છે અને આયુષ્યમાં વધારો થાય છે, એવો વિદ્વાન ડાકટરોનો અભિપ્રાય છે. આનંદમાં રહેનારૂં અંતઃકરણ એ તેને પોતાને અને બીજાને પણ નિરંતર ઉત્સવ જેવું છે. ફ્લોરન્સનાઇટીંગેલના ઔષધના કરતાં તે દર્દી પાસે જઇને ઉભી રહેતી, તેથી કરીને પણ ઘણા દર્દીઓ સારાં થયાં હતાં. આનંદમાં બેસી બાળગોપાળ સાથે ભોજન લેવું એ પરણેલી જીંદગીમાંનું એક ઉત્તમ સુખ છે. આનંદ ભોગવનારાં સ્ત્રી પુરૂષોને માથે જ્યારે કંઇ ભાર ઉઠાવવાનો આવે છે, ત્યારે તે પણ તેઓ ખુશ મિઝાજથી વહે છે. તેમાં તેઓ કંઇ બડબડ ફડફડ કરતાં નથી, ખીજવાતાં નથી, અથવા નકામા રોદડા રડીને પોતાનું બળ ગુમાવતાં નથી, પણ આનંદથી આગળ વધતાં જાય છે. આનંદથી બુદ્ધિને તેજ આવે છે અને ખુબસુરતીને પણ દીપાવે છે. તે વિશ્રાંતિ તુલ્ય છે, તે કુદરતને પોતાનું કૌવત પાછું મેળવી લેવાને સમર્થ કરે છે. તે ઉત્તમમાં ઉત્તમ ગુણ છે, તેથી માણસ નભે છે અને તેના વડે તે પોતાનાં કાર્યો ફતેહમંદીથી પારપાડી શકે છે. આનંદમાં રહેનાર સ્ત્રી પુરૂષની પ્રકૃતિ બગડતી નથી. તેનું શરીર કથળી જતું નથી અને પાચનશક્તિ સારી રહે છે. આનંદથી આપણામાં સારા થવાના જે ગુણો હોય છે, તે બધા પ્રફુલ્લિત થાય છે અને જીંદગી સુખરૂપ ભોગવી શકાય છે. જેટલા જેટલા આનંદ કહેવાય છે, તે બધા આનંદનો સરવાળો બ્રહ્માનંદના એક લક્ષાંસની પણ બરોબર નથી. આવો આનંદ ક્ષણવાર પણ જેને અનુભવવામાં આવે છે, તેને આ તમામ દ્વૈત પ્રપંચ અનાયાસે વિષ સમાન થઇ જઇ, છેવટ સાક્ષાત્કાર થઇ રહે છે. બ્રહ્માનંદના આનંદને પામનાર બીજા કોઇથી ડરતો નથી. તેને પછી દુઃખના

ત્રાસનો લેશપણ સંભવ નથી; એટલે તેજ સાચો આનંદ છે. એવો આનંદ જેણે મેળવ્યો છે, તેણેજ ખરૂં મેળવ્યું છે, પછી તેને બીજાકશાની ઇચ્છા રહેતી નથી. ખરેખર આનંદજ દુનિયાનું તેજ છે અને આનંદજ જગતનું સાર રત્નધન છે. આનંદની તુલના કોઇની સાથે કરી શકાતી નથી. માટે જે સ્ત્રી પુરૂષ પોતાના જીવનનો હેતુ સિદ્ધ કરવા ચાહતાં હોય, તેમણે સદા આનંદમાં રહી, પોતાના આનંદમાં વૃદ્ધિ કરવા યત્ન કરવો જોઇએ.

સ્ત્રીઉપયોગીકળાકૌશલ્યનુંશિક્ષણ.

" લેખન વાંચન ગાનને, નૃત્ય ભરત વાજિત્ર;
રસોઇ ભણતર કામને, ઓટણ શીવણ ચિત્ર;
કુશળ કામિની શીખશે, હુન્નર કળા અનેક;
મેળવશે ધન માનથી, રાખી ટેક વિવેક. "

આ સૃષ્ટિમાં પરમેશ્વરે સ્ત્રી પુરૂષને એકઠાં રહી ગૃહ—સંસાર ચલાવવામાં પરસ્પરને સહાયક થવા માટે સૃજેલાં છે; પરંતુ પુરૂષ તન બળ, હૃદય બળ અને માનસિક બળથી યોગ્ય અને સ્ત્રી અયોગ્ય હશે, તો તે ખરી રીતે સહાયક થઇ શકશે નહિ જો કે તેનાં તન અને મનની સ્વાભાવિક રચના જોતાં, તે પુરૂષના કરતાં થોડા શ્રમનાં કાર્યો ઘરમાં બેસી કરી શકે તેવાં છે. માટે જો તેને ખરી સહાયક અને ઉપયોગી બનાવવી હોય, તો તેમને ગૃહકાર્ય વગેરેની સાથે વ્યવહારોપયોગી જીવિકા અને સુખ સંપત્તિનાં સાધનો થોડા શ્રમથી ઘરમાં બેસી ઉપાર્જન કરી શકે, એવી કળાકૌશલ્યનું પણ શિક્ષણ આપી કુશળ કરવી જોઇએ. એકલી હૃદય કેળવણીથીજ સર્વ વ્યવહાર સિદ્ધ થઇ શકશે નહિ. જ્યાં સુધી સમજશક્તિ અથવા બુદ્ધિ ઉંડી થઇ નથી; ત્યાં સુધી દેશકાળને અનુસાર વર્ત્તન કરવામાં સ્ત્રીઓ શક્તિમાન થતી નથી. " થોડે પૈસે સુખી રહેવું " વગેરે અર્થશાસ્ત્રના ઘણા સિદ્ધાંતો તેઓ સમજી શકશે નહિ, વિવેક બુદ્ધિ—હિત અહિત સમજવામાં તે બુઠ્ઠી બુદ્ધિની રહેશે અને ધન સંચયની યુક્તિઓ સમજી શકશે નહિ. માટે તેવી સૂક્ષ્મ બુદ્ધિ લાવવા સારૂ તેમને તેવા અર્થશાસ્ત્રનું પણ જ્ઞાન આપવું જોઇએ. આવા જ્ઞાન વિના ધનોપાર્જન કરવામાં પતિને તે ખરી સહાયક થઇ શકશે નહિ. જો તે સહાયક થઇ શકશે નહિ, તો ઘરમાં પતિ એકલો કમાય અને બીજાં ઘણાં બેઠાં ખાય, તો તે ઘર અંતે દરિદ્રી હાલતમાં આવી પડશે. થોડી કમાણીવાળાનું કુટુંબ દુઃખી થાય એ દેખીતું છે. કુટુંબના સુખની ઇચ્છા રાખનારી સ્ત્રીઓએ તો પોતાને ઉપયોગી થઈ પડે, તેવી વિદ્યા અને કળાકૌશલ્યનું શિક્ષણ લેવું જોઇએ.

એવું શિક્ષણ લઇ ઘરમાં બેઠાં ઉપયોગી હુન્નર કળાના કામો કરવાને મચ્યા રહેવું જોઇએ. કદિ ઘરધણી શ્રીમંત હોય તોપણ તે તેને ઘરમાં ઉપયોગી જોઇતી વસ્તુઓ થોડે ખર્ચે તૈયાર કરી આપી શકશે અને એ રસ્તે ઘરમાંથી જતો પૈસો બચાવી શકશે. જો કદિ ઘરધણી મધ્યમ સ્થિતિનો હશે, તો તેને તેવી સ્ત્રી પોતાના ઘરમાં જોઇતી વસ્તુઓ થોડે ખરચે પૂરી પાડવા ઉપરાંત એવી ચીજોથી ધન પેદા કરીને પતિની કમાણીમાં ઉમેરો કરવા સહાયભૂત થઇ શકશે અને તેથી ભવિષ્યની જીંદગી સુખમાં ગુજારી શકશે; એટલુંજ નહિ પણ દૈવઇચ્છાથી કોઇ વખતે આખા કુટુંબના નિર્વાહનો આધાર પોતાના એકલા ઉપર આવી પડે, તોપણ તે સ્ત્રી સુખેથી ઘર આગળ પોતાનું શિયળ સાચવી નીતિથી નિર્વાહ ચલાવી શકવાને શક્તિવાન થશે. વળી પોતે મેળવેલું કળાકૌશલ્યનું જ્ઞાન પોતાની પુત્રીઓને પણ આપી શકશે. એમ ઉત્તરોત્તર હુન્નરના કામનો દેશમાં વધારો થતાં, આજે જે આપણા દેશનો પૈસો એવી વસ્તુથી તણાઇ જાય છે, તે અટકીને દેશનો પૈસો દેશમાંજ રહેશે અને પરિણામે આખો દેશ સુખી થશે.

પ્રાચીનકાળે આપણો ભારતવર્ષ અનેક વિદ્યા અને કળાકૌશલ્યમાં પ્રખ્યાત હતો. એ વખતે સ્ત્રીપુરૂષો ૧૪ વિદ્યા, ૬૪ કળા, અને ૭૨ ચાતુરી વગેરેમાં કુશળ હતાં. એવું પાર્વતી, લક્ષ્મીજી, સીતા, દ્રૌપદી, તારા, દમયંતી, મદાલસા, શકુન્તલા, અને ચિત્રલેખા, વગેરે સતી સ્ત્રીઓનાં ચરિત્રો, ઇતિહાસ અને ધર્મશાસ્ત્રો વગેરેથી સિદ્ધ થાય છે. જેથી કરી તેઓ સર્વ પ્રકારે સુખી હતાં. જેની કીર્તિનાં કિર્ણો અદ્યાપી પૃથ્વીમાં ચોપાસ પ્રસરી રહ્યાં છે. જે દેશ સર્વ પ્રકારની વિદ્યા અને હુન્નર કળાથી ભરપૂર હોય છે, તે દેશ દ્રવ્યાદિ સમૃદ્ધિથી શ્રેષ્ઠ અને સુખી હોય છે, અને જે દેશ તેથી રહિત હોય છે, તે દેશ ધનહિણ થઇ ગરીબ સ્થિતિમાં આવી પડે છે. જે વખતે આપણા દેશમાં સર્વ પ્રકારની વિદ્યા અને હુન્નર કળા હતી, તે વખતે આપણો દેશ સર્વ પ્રકારની સમૃદ્ધિ બળથી ઝળકી રહ્યો હતો; પરંતુ દૈવ ઇચ્છાથી વિપરીતકાળ આવતાં, આપણી સમૃદ્ધિના મોહપાસમાં પડી અનેક વિદેશીજનો તેને હરણ કરવાને મથન કરવા લાગ્યા અને પરિણામે સમૃદ્ધિ હરાઇ ગઇ તાબેદાર બન્યા, વિદ્યા અને હુન્નરો નાશ પામ્યા અને ગરીબ સ્થિતિમાં આવી પડયા છીએ. ઘણાં કુટુંબો દુ:ખી સ્થિતિમાં દિવસ ગુજારે છે. આજે આપણા દેશમાં ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની, જાપાન અને અમેરિકા વગેરે સુધરેલા દેશોમાંથી કરોડો રૂપિયાનો માલ આવે છે. તેમાં એ સુધરેલા દેશોની હુન્નરકળામાં કુશળ થયેલી સ્ત્રીઓના હાથની બનાવેલી ચીજો જેવીકે;—મોજાં, ગલપટા, ગુંથેલા રૂમાલ, ટેબલક્લોથ, ભરતકામ, ચિત્રકામ, શીવણકામ, કોતરકામ, નેતરકામ, વિવિધ પ્રકારનાં રમકડાં, કોર, ફીત, રેશમ, ઉન, સૂતર અને કાગળ વગેરેનાં રંગીન સુંદર અને મોહક ફુલો, વેલો, વૃક્ષો અને સુંદર ગુચ્છાઓ, વગેરે અનેક પ્ર-

કારની જણસો લાખો રૂપિયાની આવે છે અને બીજા દેશોમાં પણ જાય છે. તેથી એ લોકો ઘણું દ્રવ્ય ખેંચી જાય છે. શું આપણા દેશની સ્ત્રીઓ તેવી થઈ ન શકે? શું તેમનામાં ઇશ્વરે બુદ્ધિ આપી નથી? આપી છે. પ્રાચીનકાળથી ચાલી આવેલી રીતિ પ્રમાણે, જો કે તેમાં કાળે કરીને બહુ ફેરફાર થઈ ગયો છે; તોપણ હાલની કેટલીક ઉદ્યોગી સ્ત્રીઓ પોતાના ગૃહકાર્યથી પરવારી આળસમાં વૃથા વખત નહિ ગુમાવતાં, પોતાની ફરજ અને સ્થિતિનો વિચાર કરી, પતિને ધંધારોજગારમાં સહાય આપતી રહે છે. કેટલીક ઉદ્યોગી અને હુશિયાર સ્ત્રીઓ ભરત ભરે છે અને ભરીને વેચે છે, કેટલીક કપડાં શીવેછે, કેટલીક કાંતવા અને હીર કાઢવાનું કામ કરે છે. કેટલીક સોનેરી—કસબ, રેશમ, ઉન, અને સૂતરથી કેનવાસ અને જાડા કપડાં ઉપર બૂંટ, સપાટ, અને ટોપીઓ ઉપર સુંદરવેલ, બુટા, ફુલ, ચકલાં, અને લહેર, વગેરે ઘણી જાતનાં વિવિધ પ્રકારનાં ચિત્રો પાડે છે અને ભરે છે. આ કામ મુંબઇ, સુરત, ભરૂચ, અમદાવાદ, રાજકોટ, જામનગર અને ભ્રોલ, વગેરે શેહેરોમાં—પારસી, નાગર, કાયસ્થ, ક્ષત્રી, શ્રીમાળીબ્રાહ્મણ, વાણિયા, વગેરે સારા વર્ગની ઘણી સ્ત્રીઓ ભરે છે અને ગુંથે છે. જામનગરમાં હાલ એક યુરોપિયન સ્ત્રી રેશમી અને સુતરાઉ કપડા ઉપર સુંદર ભરત ભરાવી જથાબંધ ઇંગ્લાંડ વગેરે પ્રદેશોમાં મોકલાવે છે. તે પ્રમાણે જુદે જુદે ઠેકાણે આપણા વેપારીઓની કંપનીઓ ઉત્પન્ન થઇ, એ પ્રમાણે મોકલાવે તો તેઓ તેમાં સારો નફો મેળવી શકે અને તેથી આપણા દેશની સ્ત્રીઓને ઉત્તેજન મળી ઉદ્યોગ વધે; વગેરે રીતે જોતાં આપણા દેશની સ્ત્રીઓ બુદ્ધિવાન છે અને જો તેમને હાલ સુધરેલા ધોરણે નવીન હુન્નરકળા અને તેના યંત્રો વગેરેનું સચોટ શિક્ષણ આપવામાં આવે, તો તે પણ બીજા દેશોની સ્ત્રીઓની પેઠે સર્વે બનાવી શકે. હાલ ચાલતી કન્યાશાળાઓમાં તેને લગતું જે જુજ ઉપર ચોટીઉં શિક્ષણ આપવામાં આવે છે, તે જોઇએ તેવું ઉપયોગી, વિવિધ પ્રકારનું અને સચોટ નથી. આપણો દેશ દિવસે દિવસે વધારે ગરીબી સ્થિતિમાં આવતો જાય છે. ઉદ્યોગ વગર ઘણાં કુટુંબ પાયમાલ થયાં છે. તેવા સમયમાં હવે બીજા ઉપર આધાર રાખી બેસી નહિ રહેતાં, સત્વર ચેતવાની વધારે જરૂર છે. આપણા ઉપર હાલ ન્યાયવાન પ્રતાપી અંગ્રેજ સરકારનું રાજ્ય છે, તેવા સમયમાં સ્વદેશ પ્રેમી દેશહિતેચ્છુ સત્પુરૂષોએ ઉત્સાહ, આગ્રહ અને હિંમતથી આપણા દેશની સ્ત્રીઓમાં કળાકૌશલ્ય જેવા ઘરમાં બેસી કરી શકે એવાં સ્વતંત્ર ધંધાની ખીલવણી કરવાનો પ્રયાસ કરવો જોઇએ. દરેક શેહેર કે ગામડાઓમાં સ્ત્રી ઉપયોગી હુન્નરોને લગતી સ્કૂલો સ્થાપન થવી જોઇએ. જે સ્ત્રીઓ તેવી શાળામાં જઇ શકે નહિ, તેને માટે જુદી શાળાઓ કાઢવી જોઇએ અને તેવી શાળાઓમાં પણ જે ન જઈ શકે, તેને માટે એવું શિક્ષણ પામેલી પગારદાર સ્ત્રીઓ રાખી, જે સ્ત્રીઓ તેવા હુન્નરકામનું ઘર આગળ શિક્ષણ લેવા ખુશી હોય, તેમને

ત્યાં જઇ થોડો થોડો વખત શીખવી આવે. આ પ્રમાણે યોજના કરી ઉપાયો લેવાથી સત્વર ધારેલો હેતુ પાર પડશે અને સ્ત્રીઓ ત્યારેજ પોતાના પતિને ખરી સહાયક થઇ, દેશને આબાદ કરવામાં સહાયભૂત થઈ શકશે.

સ્ત્રીઓએ હરકોઇ ધંધો પસંદ કરતાં પહેલાં એટલું યાદ રાખવાનું છે કે, કોઇ ધંધામાં ઓછી મહેનતે ઘણી કમાણી, અને કોઇ ધંધામાં ઘણી મહેનતે ઓછી કમાણી હોય છે. જેમકે રેંટીઓ ફેરવી સૂતર કાંતનારી સવારથી સાંજ સુધી અડધો શેર સૂતર કાંતે તો તે બે પૈસા રળે ! તેમજ દળનારી મોટા મળસ-કામાં ઉઠી સાડાત્રણ મણનો ઘંટીનો પથ્થરો ખેંચી રાત સુધી દળતાં, જો એક-મણ દળેતો બે આના કમાય; પણ જો તેજ સ્ત્રી તેના કરતાં ઓછી મહેનતે આ-ખા દિવસમાં ફક્ત બે અંગરખાં કે કોટ શીવે અગર ટોપી કે કાંચળીનું ભરત ભરે તો તે બેશક વધારે પેદા કરી શકે. વળી ચિત્રકળા, ગુંથનકળા કે વૈદકનો ધંધો જે સ્ત્રીઓ સારી રીતે જાણતી હોય છે, તે તો આગળસર કેટલાક પુરૂષથી પણ સારૂં પેદા કરી શકે છે અને જે કેળવાએલી હોય છે, તે તો યુક્તિ પ્રયુક્તિથી તેના કરતાંએ સહેલા, સારા અને ઉપયોગી હુન્નર ધંધા વગેરેથી વધારે પેદા કરી શકે છે. આ સર્વપરથી સમજવામાં આવશે કે, જે ધંધાથી ઓછી મહેનતે વધારે પેદા થઈ શકે, તેવો ધંધો ગ્રહણ કરવો એ વધારે ફળદાયક છે. માટે સુધરેલા દેશની સ્ત્રીઓનું અનુકરણ કરી, તેના જેવા ઉપયોગી હુન્નરો ગ્રહણ કરવાને ખંત, આગ્રહ અને હિંમતથી પ્રયાસ કરવો જોઇએ અને તેમ કરીને પતિ અને દેશને ઉપયોગી થઈ પડવું એ દરેક સુજ્ઞ સ્ત્રીનું કર્તવ્ય છે.

ઘરઉપયોગીહુન્નરકળા.

આ સંસારમાં ગૃહ-વ્યવહાર ચલાવવામાં કેટલીક સાધારણ ચીજોની પણ જરૂર પડે છે. એવી ચીજો વેપારી લોકો પોતાનો નફો વગેરે ખર્ચ ચડાવી વહેંચે છે. તેથી તેમાં કેટલાક વધારે પૈસા ખર્ચ થાય છે; પરંતુ જો સ્ત્રીઓ તે ઘરમાં બેસી એવી ચીજો બનાવી જાણતી હોય, તો એવે રસ્તે વધારે ખર્ચાતા પૈસા બચે છે, શ્રીમંત થોડે ખર્ચે તેવી ચીજો મેળવી શકે અને મધ્યમ વર્ગનાને તેવી ચીજો વડે પેદા કરેલા પૈસા નિર્વાહના કાર્યમાં કામ લાગે; એટલુંજ નહિ પરંતુ કોઇ સ્ત્રીને પોતાના ગુજરાનનો આધાર પોતાના એકલા ઉપરજ આવી પડે, તો તે ઘરમાં બેઠી તેવા હુન્નરની ચીજો બનાવી તેના વડે પોતાનો નિર્વાહ સુખેથી ચલાવી શકે; વગેરે રીતે જોતાં સ્ત્રીઓએ બીજા હુન્નરોની સાથે આવા ઘર ઉપયોગી સાધારણ હુન્નરો પણ શીખવા જોઇએ. એવા શિક્ષણ વાળી

સ્ત્રીઓ પોતાના પતિને ખરી સાહાયક થઇ શકે છે, પરંતુ હાલ સ્ત્રીઓને આવું જ્ઞાન આપવામાં આવતું નથી, કે આપવાની કોઇ પણ પ્રકારની ગોઠવણ નથી. વળી એવા હુન્નર જાણનારાઓ પોતાની એકલપેટાઇથી હુન્નરો ચોરી રાખે છે. તેથી પરિણામે દેશમાંથી ઘણા હુન્નરો નાશ પામ્યા છે અને લોકોની સ્થિતિ ખરાબ થઇ છે. એ વિષે મી. **સ્ટાંડલી** કહેછેકે;—" યુરોપના લોકોમાં હુન્નરો વધવાનું કારણ એછે કે, તે લોકોને હુન્નરની જાણ પુસ્તકો રાહે મળી શકે છે, અને હુન્નરનો પૂર્વે પ્રખ્યાત જે એશિયા, તેમાં તેનો નાશ થવાનું કારણ એછે કે, તેના વતનીઓ તેને પુસ્તકો રાહે પ્રસિદ્ધ કરવાના હોંસી નથી. તેમ એકલ-પેટા અને મનના ચોર છે. " આથું થોડી નામોશી છે ? જ્યાં સુધી આદેશમાં સ્વાર્થની સાથે પરમાર્થનો વિચાર કરવામાં આવશે નહિ, ત્યાં સુધી દેશનો ઉદય થવો મુસ્કેલ છે. જ્યાં સુધી પુરૂષોની સાથે સ્ત્રીઓને પણ બીજી કેળવણી સાથે ઘર ઉપયોગી હુન્નર કળાઓનું શિક્ષણ આપી કુશળ કરવામાં આવશે નહિ, ત્યાં સુધી આપણો સંસાર સુખ રૂપ થઇ શકશે નહિ. માટે વિવિધ પ્રકારની કળાનું સચોટ શિક્ષણ મળે તેવી સગવડ થવાની ઘણી અગત્ય છે. આ નીચે નમુનારૂપ ઘર ઉપયોગી થોડી ચીજો બનાવવાની રીત ઉપયોગી ધારી આપેલી છે;—

(૧) વાસણોપરગીલ્ટચડાવવાનીસહેલીરીત—(૧) સોનાનો ગીલ્ટ—આ ગીલ્ટ ચડાવવા માટે હમેશાં કામમાં આવે, એવું મિશ્ર બનાવવાને માટે પ્રથમ—ક્લોરાઇડ ઓફ ગોલ્ડને પાણીમાં ઓગાળી, જ્યાં સુધી તમામ ભૂકો ગળી જાય, ત્યાં સુધી હાઇપોસલફાઇટ ઓફ સોડાનું પાણી નાખવું. આ પ્રમાણે તૈયાર કરેલા મિશ્રમાં એક વાદળી બોળીને—વાસણો સાફ કરેલાં હોય, તેના ઉપર ઘસવાથી સોનાનો ગીલ્ટ—ઢોળ ચડશે. આ મિશ્ર ઘણા દિવસ સુધી રહી શકે છે. (૨) **રૂપાનોગીલ્ટ**—ત્રાંબા અને પીતળપર રૂપાનો ગીલ્ટ ચ-ડાવવા માટે પ્રથમ—ચોખી ચાંદીનો વર્ક તોલો. ૧, ફટકડી તોલો ૦ાા, સુરો-ખાર તોલો ૦ાા, ટંકણખાર તોલો ૦ાા, એ સર્વેને લીંબુના રસ સાથે ખરલમાં ઘુંટી એકરસ કરી તેની ગોળીઓ વાળી સૂકવી રાખવી. પછી જેના ઉપર ગીલ્ટ ચડાવવો હોય, તેને ખટાઇ લગાડી ઘસી સ્વચ્છ કરવું પછી તે પાણીથી ધોઇ સાફ કરી લુછી નાંખવું અને ઉપરની સૂકવેલી ગોળીને લીંબુના રસ સાથે વાટીને વાસણ ઉપર ઘસવી, એટલે રૂપાનો ઢોળ ચઢી જશે.

બીજીરીત—જેના ઉપર રૂપાનો ગીલ્ટ કરવો હોય, તેને ખટાઇ લગાડી સાફ કરવું. પછી નાઇટ્રેટ ઓફ સીલવર (કાંડીખાર) ૩૦ ગ્રેન, મીઠું ૩૦ ગ્રે-ન, ક્રીમ ઓફ ટારટર ૩ાા ડ્રામ, એ બધાને ખરલમાં ઘુંટી ફાકી કરવી. પછી સાફ કરેલા વાસણ ઉપર, તે ફાકી પાણીમાં મેળવી તે ઉપર ઘસવી, એટલે ઢોળ ચડી જશે.

(૨) વાસણપરકલાઈચડાવવાનીરીત--(૧) ત્રાંબા પીતળના વાસણોપર કલાઇ ચડાવવાને પ્રથમ--વાસણોને ખૂબ ઘસી સાફ કરવાં, પછી તેમને ખૂબ તપાવવાં. તે જોઇએ તેવાં તપે, ત્યારે તેમના ઉપર એક કલાઇનો કડકો ઘસતાં જવું. પછી તેટલી જગાએ નવસાર અને રાખનો ભૂકીમાં બોળેલું રૂનું પોતું ફેરવતા જવું. તેથી પોતું ફરશે તેટલી જગોએ કલાઇ ચઢતી જશે. કલાઇ કરી રહ્યા પછી તે વાસણને ચોખા પાણીમાં બોળી કાઢવું.

(૩) હાથીદાંતનાચુડાવગેરેસામાનનેરંગવાનીરીત--હાથી દાંતના ચુડા વગેરે ચીજોપર લાલ, લીલો, વગેરે ગમે તે જાતનો રંગ ચઢાવવો હોય, તેને તે રંગના પાણીમાં થોડો નવસાર અને સરકો મેળવી ઉકાળવાં, થોડીવાર ગરમી ભરી રાખવી, એટલે રંગ ચડી જશે. એ રીતે લાકડાની બનાવટો ઉપર પણ રંગ ચડી શકે છે.

(૪) ગીલ્ટચઢાવેલાંવાસણોસાફકરવાનીરીત—(૧) ટારટર, મીઠું ને ફટકડી એ ત્રણ સરખે ભાગે લઇને તેમને પાણીમાં પીગાળવાં. આ પાણીમાં વાસણોને ધોઇ છેવટે ચાકના ભૂકાથી સાફ કરી નાંખવાં.

(૫) મેલાંમોતીનેસાફનેસફેદકરવાનીરીત—(૧) એક વાસણમાં ઘઉંનું થુલું શેર ૦।, ને પાણી શેર ૨ માં નાંખી તેને સારી પેઠે ઉકાળવું. પછી તે પાણીથી મેલાં મોતી ચોળીને ધોવાં. પછી સ્વચ્છ પાણીથી ધોઇ નાંખવાં, એટલે મોતી ચોખાં થશે.

(૬) બત્તીમાંઉજાસલાવવાનોઉપાય—(૧) તેલના વાસણમાં એક ચમચી ભરીને મીઠું નાખ્યું હોય, તો તેથી બત્તીમાં ઉજાસ બહુ વધે છે.

(૭) મીણબત્તીઘણાપવનમાંહોલવાયનહિતેનોઉપાય—મલમલના જેવું ઝીણું કપડું લઇ, તેના ઉપર મીઠું પાથરવું અને તે કપડાને મીણબત્તીના કકડા ઉપર લપેટી લેવું. પછી તે સળગાવી ઘણા પવન વાળી જગોએ મૂકીએ તોપણ તે બળ્યા કરશે અને હોલવાશે નહિ.

(૮) અત્તરતથાઅર્કકાઢવાનોઉપાય.

(૧) ગુલાબનું ઉંચું અત્તર—માટીના કે લાકડાના મોટા ટબમાં ખરાગુલાબનાં ફુલોની પાંદડીઓ ભરવી. તે બધી પાંદડીઓ ઢંકાયજાય, તેટલું ચોખું મીઠું પાણી રેડીને સવારથી સાંજ સુધી તડકામાં રાખી મૂકવું. સાંજે તે વાસણ ઘરમાં લેવું. એ પ્રમાણે ત્રણ ચાર દિવસ કરવું. એમ કરવાથી તેનાપર જરા પીળા ચીકાશના છાંટા તરી આવશે. બાકીના દિવસમાં વધારે તેલ તરી આવશે. તે તેલને દરરોજ સળીએ વીંટેલા રૂવડે પાણી ઉપરથી કહાડી લઇને કાચની શીશીમાં રૂને નીચોવી લઇ, મજબૂત બુચ મારવો. એ રીતે જ્યાં સુધી તેમાંથી તેલ નીકળે, ત્યાં

સુધી તડકામાં મૂકી રાખી ઉપર પ્રમાણે તેલ કહાડી લેતા રહેવું. આ અત્તર ઘણું ઉમદા ગણાય છે. તેની કીંમત તોલા ૧ ની રૂા. સોથી સવાસો સુધી ઉપજે છે. તેના પાણીની પણ કીંમત ઉપજે છે.

(૨) **સુખડનુંઅત્તર**—મલબારી સુખડના ઝીણા ઝીણા કકડા કરી તેને થોડા દિવસ પાણીમાં પલાળી રાખી, તેજ પાણી સાથે ઉકાળવા અને સારી રીતે ઉકળે એટલે નીચે ઉતારી લઇ, તેના ઉપર જે તેલ તરી આવેલ હોય, તેને રૂવીંટેલ સળી વડે સંભાળથી ઉતારી લેવું.

(૩) **કેવડાનુંઅત્તર**—સુખડના તેલમાં સારા સુગંધી કેવડાને બોળી રાખી, તેમાંથી કેવડાના જેવો વાસ નીકળે એવું થાય, ત્યારે કેવડાને સારી પેઠે દાબી એક શીશીમાં એ તેલ ભરી મજબૂત બુચમારવો. જો બરાબર વાસ ન આવેતો બીજો કેવડો તેમાં પલાળવો.

(૪) **ગમેતેજાતનાફુલનુંઅત્તર**—(૧) ગમે તે જાતના ફુલનું અત્તર કાઢવું હોય, તો તે ફુલને સુખડના અત્તરમાં મેળવી તેને અર્ક કાઢવાના યંત્રમાં નાંખી અત્તર કાઢવું. તેથી તે ફુલનો વાસ પેલા અત્તરને લાગશે. વધારે સુગંધ વાળું કરવું હોય તો સુખડના અત્તરમાં ફરી ફરીને બીજાં તાજાં ફુલ નાંખી ઉપ પ્રમાણે તેનો અર્ક કાંઢવો. ઉપર પ્રમાણે—સુખડના અત્તર ને બદલે બદામ અગર કોપરાના તેલમાં ફુલ મેળવી અત્તર કાઢવાથી હલકી જાતનું અત્તર થાય છે. તે ઘણા દિવસ રહેતાં બગડી જાય છે. (૨) જે ફુલનું અત્તર કાઢવું હોય, તે ફુલનો થર બે ચોરસ ફુટ અને બે ઇંચ જાડાઇનો ફુલનો થર દેવો, પછી તેને એમને એમ ચોવીશ કલાક સુધી રાખી મૂકવું, પછી જુનાં ફુલ કાઢી નાંખી ફરી નવાં ફુલના ઉપર પ્રમાણે થર દેવા, એ રીતે બે ત્રણ દિવસ થર દઇ, આખરે તલને સ્વચ્છ ઘાણી અથવા યંત્રવડે પીલીને તેલ કાઢવું તેથી અત્તર થશે.

(૫) **તજનોઅર્ક**--તજ ઔંસ ૩॥ છુંદીને એક બાટલી પ્રુફસ્પીરીટમાં નાંખી અઠવાડીયા સુધી રહેવા દેવી. પછી ગાળી કહાડી બાટલીમાં ભરી મૂકવું.

(૬) **એલચીનોઅર્ક**--એળચી દાણા તોલા ૮॥ અને પ્રુફસ્પીરીટ એક બાટલી લઇ, તેમાં એળચી દાણાને મરી દળવાની વિલાયતી ઘંટીવડે દળીને, તેને સ્પીરીટમાં ૧૪ દિવસ સુધી પલાળી રાખીને ગાળી લેવો.

(૭) **આદાનોઅર્ક**--સફેદ થયા વગરનું જુનું આદુ શેર ૫ લઇ, તેને ૭ બાટલી રેકટીફાઇડ સ્પીરીટમાં ચૌદ દિવસ સુધી પલાળી રાખી, પછી તેને કપડાથી નીચોવી કહાડી તેને ચુલા ઉપર ઉકાળી બે બાટલી જેટલું રહે, ત્યારે ઉતારી ઠંડુ પાડીને તરતજ ગાળી બાટલીઓમાં ભરી દેવું. આ અર્ક ઘણોજ જલદ થાય છે. તે અજીરણ, મુરછી વગેરે દરદ ઉપર તથા બીજા ઘણા ક્રામમાં આવે છે.

(૯) સુગંધીદારતેલબનાવવાનીરીત.

(૧) લોબાનનુંતેલ--કોડીઓ લોબાન ૭ દ્રામ, આલીવનું તેલ ૧ પેંટ, લોબાનનો બારીક ભૂકો કરી તેલમાં નાંખી, તે તેલની બાટલીને એક કલાક ગરમ પાણીમાં રાખી હલાવ હલાવ કરવી. પછી તેને એક દહાડો ઠરવા દઇને બીજી બાટલીમાં નાંખી બુચ મારી રાખવું.

(૨) ગુલાબનાફુલનુંતેલ--ગુલાબના ફુલની તાજી પાંખડીઓ, આલીવ ઓઇલ ા। પેટ, પ્રથમ ગુલાબની પાંદડીઓને જરા કચરી ૩ થી ૪ ઔંસ લેવી. એક વાસણમાં નાંખી ઉપર આલીવ તેલ રેડી મજબુત ઢાંકણું ઢાંકવું. પછી તે વાસણને એક અઠવાડીયા સુધી તડકામાં અથવા ચુલાની ગરમ જગ્યાપર મૂકી રાખવું. પછી તે ફુલોને ચોળીને ગાળવું. એ પ્રમાણે જ્યાં સુધી તે તેલમાંથી ફુલનો વાસ આવે ત્યાં સુધી તાજા ગુલાબના ફુલની પાંખડીઓ નાંખી તડકામાં થોડા દિવસ મૂકી ચોળીને ગાળી લેવું.

(૩) મોગરાનુંતેલ--આ તેલ પણ ગુલાબના તેલની પેઠેજ બને છે.

(૪) કપુરનુંતેલ--કપુર તોલા ૨॥, મીઠું તેલ શેર ૧॥ લેવું. પછી કપુરને ઝીણા કકડા કરી એક બાટલીમાં નાંખવા. પછી તેલને ગરમ કરી તેમાં રેડીને બાટલીને બુચ મારવો. તે કપુર પીગળી જાય ત્યાં સુધી બાટલીને હલાવ્યા કરવી.

(૫) ફુલેલતેલ--પ્રથમ તલને થોડાક કલાક સુધી પાણીમાં પલાળી મૂકે છે અને પછી તેનાં છોડાં ઉખેડી કાઢે છે. પછી એક માટીના વાસણમાં પહેલાં મોગરાનાં ફુલનું પડ અને પછી ઉપર તલનું પડ, એમ એક પછી એક તળે ઉપર પડ વાસણ ભરાય ત્યાં સુધી કરે છે. સૌથી ઉપરનું પડ હમેશ ફુલનું રાખે છે. વાસણનું મોઢું પછી બંધ કરે છે, અને પાંચ કે છ દિવસ સુધી રહેવા દઇ ફુલ કાઢી નાંખે છે અને તલને સાફ કરેલી ઘાણીમાં પીલવાથી જે તેલ નીકળે છે, તેમાં મોગરાના ફુલનો ખુશબો આવે છે, તેને ફુલેલ તેલ કહે છે. આ તેલ રૂ. ૪ નું શેર મળે છે.

(૬) સુગંધરાયતેલ--આ તેલ પણ મોગરેલની પેઠે બને છે. એમાં તલની સાથે મુખ્ય સુખડ, કપુર, અગર, ખસનું ઘાસ અને ગુલાબના ફૂલની પાંખડીઓ નાંખે છે. આ તેલ મોગરેલ કરતાં સસ્તુ છે. તે રૂા. ૧ નું શેર ૧॥ વેચાય છે. જો રાતું કરવું હોય તો તેમાં હિંગળોક ઉમેરે છે.

(૧૦) ટ્રંકલ,પેટીઅનેલૂગડાંમાંરાખવાનીખુશબોઇ.

(૧) પડોપાંદડીઅથવાપડો--એમાં અગરબત્તીના જેટલીજ સુગંધીના પદાર્થોની મેળવણી આવે છે, પણ ફેર એટલો કે તેમાં ગુગળ મેળવતા

નથી. અથવા સળીપર લપેટતા નથી. એ સુગંધી ઉંચા કીમતી કપડાંમાં રાખવાથી સુગંધ આવે છે; એટલુંજ નહિ પણ ઉંચા કપડાપર ઉધૈ વગેરે જંતુ ચઢતાં નથી. વળી એ કપડાંમાં તેનું પડીકું રાખવાથી તેની સુગંધ કપડાને લાગી જાય છે.

(૧૧) સોડાવાટરબનાવવાનીરીત.

(૧) બાઇકારબોનેટ ઓફ સોડા ાાા ડ્રામ, અને ૨૮ ગ્રેન ટારટરીક આસીડ અથવા સાઇટ્રીકઆસીડ નાંખો, બાટલીને બુચગારી તારથી બાંધી લેવી. (૨) સોડાવાટર તરતજ પીવામાં લેવાનું હોયતો બે ગ્લાસમાં થોડું થોડું પાણી નાંખી તેમાં ઉપર પ્રમાણે ટારટરીકઆસીડ અને સોડા નાખવા. પછી સોડા ઓગળી જાય કે તેનું પાણી પેલા ટારટરીકઆસીડ વાળા ગ્લાસમાં રેડી દેવું. તેથી એકદમ ઉભરો આવે કે તરત પી જવું.

(૧૨) શાહીબનાવવાનીરીત.

(૧) બદલુરંગનીશાહી—ચાઇનીસબલ્યુ (ગળી) ૩ ઔંસ, ઓકસ એલીક આસીડ ાાા ઔંસ, બાવળના ગુંદરનો બારીક ભૂકો ૧ ઔંસ, ઉકાળેલું વરાળનું ગરમપાણી અથવા વરસાદનું અગર તે ન મળે તો ઉકાળેલું ગરમપાણી ૬ પેંટ નાંખી મેળવીને બાટલી ભરવી.

(૨) કાળીશાહીનીભૂકી—માયાં ૩ રતલ, હીરાકસી ૧ રતલ, બાવળનો ગુંદર ાા રતલ, સફેદખાંડ ા રતલ, એ બધાનો બારીક ભૂકો કરી મેળવીને ૨ ઔંસનાં પડીકાં કરવાં, તે ભૂકી જ્યારે જોઇએ ત્યારે થોડી લઇ તેમાં ઉકળતું પાણી નાંખી થોડા કલાક રાખવાથી સારી શાહી બનશે. શાહીનેફુગનવળે માટે બાવળના ગુંદરમાં લવીંગ બારીક વાટીને શાહીની બાટલીમાં નાંખવાં.

(૧૩) સાબુબનાવવાનીરીત.

(૧) સાદોસાબુ—પ્રથમ કલાઈ કરેલા વાસણમાં સારો સફેદ કળીચુનો તોલા–૨ાા, તેમાં પાણી તોલા ૧૦ નાંખીને તે વાસણ એક ઠેકાણે મૂકવું. પછી તેમાં ધોએલો પાપડખાર તોલા ૫ લઇ નાંખવો. પછી તે વાસણને ચૂલા ઉપર મૂકવું. જ્યારે તે ખદ ખદે ત્યારે તેમાં સારૂં કોપરેલ તેલ તોલા ૧૨ાા નાંખવું. પછી જેવા સુગંધનો સાબુ બનાવવો હોય તેવા સુગંધનું તેલ તોલા ૨ નાંખવું અને જેવો રંગ નાંખવો હોય તેવો વનસ્પતિનો રંગ તોલો ૧ નાંખવો. પછી તે જાડું થાય ત્યાં સુધી અગ્નિઉપર રાખી મૂકવું. માખણના જેવું જાડું થાય એટલે એક કાચની ઊંડી રકાબી અથવા બીબાંમાં તે મેળવણી નાંખી ઠરવા દેવી. પછી મરજી મુજબ કડકા કરવા, એટલે સાબુ તૈયાર થશે.

(૨) કઠણસાબુ—પાણી શેર ૧૦ માં, કળીચુનો શેર ૨ાા નાંખી, તેને

પલાળી લુગડાથી ગાળી કાઢવો. પછી કારબોનેટસોડા શેર ૫, ને પાણી શેર ૩૦ માં ઓગાળી, તેમાં ચુનાનું પાણી મેળવવું. પછી દેવતા ઉપર મૂકી સારી પેઠે પકવી ઉકળવા માંડે કે તેમાં સ્વચ્છ કોપરાનું તેલ નાંખી ઉકાળવું. બધું જામી જઇ જાડું થવા લાગે કે તેને ઉતારી લઇ બીબામાં રેડી ગોટીઓ પાડવી. તેમાં રંગ અને સુગંધી મેળવવી હોય તે તેલની સાથે મેળવી નાંખવી.

(૩) લુગડાંધોવાનોદેશીસાબુ—આ સાબુ બનાવવા માટે દીવેલ (એરંડીઉં), મહુડાનું તેલ, સાજીખાર અને લીંબુ એકઠાં મેળવી, તેને મોટા લોખંડની કડાઇમાં ઉકાળે છે. ઉકળતાં ઉપરની તર કાઢી નાંખે છે, અને રસ બીબાંમાં રેડે છે અગર ઘણું ખરૂં તેને ટાઢો પડવા દેછે. પછી હાથે વતી ઘસી તેના ચકતાં પાડે છે અગર ગોળા કરે છે. કોઇવાર આ સાબુમાં સુગંધી અથવા રંગ મેળવે છે.

(૧૪) ગુલાલ બનાવવાનીરીત.

(૧) ચોખા શેર ૧ ધોઇને સુકવવા અને પછી તેને ઝીણા દળવા. પછી તેને એક તોલા સંચોરાનું પાણી કરી તેમાં તે લોટના ગોળા કરી છાંયડે સુકવવા. પછી પતંગના લાકડાં શેર ૦। ખાંડી તેનો ઉકાળો કરીને તેમાં તે લોટના ગોળાને ભાંગી પલાળવા. પછી તે લોટ સૂકવવો. એ પ્રમાણે ચાર પાંચવાર (ચાર પાંચ દીવસ.) સુધી કર્યાથી ગુલાલ સારો થાય છે.

(૧૫) કંકુઅનેચાંલ્લાકરવાનાગાંગડાબનાવવાનીરીત.

(૧) ઉંચી હળદરના ગાંગડા શેર ૧. પાણીમાં પલાળી તેને છોલી ઉપરની છાલ કાઢી નાંખવી. પછી સવાગી તોલા. ૨, પાપડીઓ ખાર તોલા ૨, એ બંનેને લીંબુના રસમાં નાંખવા અને તે રસમાં હળદરના છોલેલા ગાંગડાને પલાળી પટ ચડાવવો. જેટલો રતાશવાળો રંગ કરવો હોય, તેટલી વખત પલાળતા જવું અને સુકવતા જવું એમ પટ દેવા. એ રીતે પટ દઇ સૂકવીને પછી ખાંડી તેને કપડાવતી ચાળી લેવું, એ રીતે કંકુ તૈયાર થાય છે. ગાંગડા—રાખવા હોયતો તેને વાટયાવિના રાખી મૂકવા. જ્યારે જોઇએ ત્યારે ઉપયોગમાં લેવા.

(૧૬) અગરબત્તીબનાવવાનીરીત.

(૧) કૃષ્ણાગર ૪ ભાગ, સુગંધીવાળો ૨ ભાગ, નાગરમોથ ૪ ભાગ, તજ ૪ ભાગ, તગર ૨ ભાગ, કચોરા ૨ ભાગ, ચંદન ૧૮ ભાગ, દગડફુલ ૨ ભાગ, ધવલા ૨ ભાગ, ગુલાબની કળી ૨ ભાગ, નખલો ૪ ભાગ, લોબાન ૪ ભાગ, ગુગળ ૨ ભાગ, શીલારસ ૧૮ ભાગ, કસ્તુરી ૦। ભાગ, મેદાલકડી ૮ ભાગ, એ સર્વ ચીજો લઇ, કસ્તુરી અને શીલારસ વિના બાકીની બધી ચીજો ખાંડી લુગડાથી ચાળી કાઢવી. પછી કસ્તુરી અને ખાંડેલો ભૂકો બંને શીલારસમાં મેળવી દેવાં.

જો થોડો કાળો રંગ આપવો હોય તો જરા કોયલો ખાંડીને ખૂબ ચોળવું. ચીકાશ જરા થોડી લાગે તો થોડો ગોળ નાંખવો. પછી વાંસની ઝીણી સળીઓ કરીને તે ઉપર એ મેળવણી જેવી જાડી પાતળી કરવી હોય તેના પ્રમાણમાં ચોટાડવી, એટલે અગરબત્તી થશે. જો વાંસની સળીપર નહિ ચડાવતાં તેની વણીને વાટો કરવી હોય, તોપણ થઇ શકે છે. કાળા રંગની કરવી ન હોય તો કોયલો નાખવો નહિ.

(૧૭) લૂગડાંનેજીવજંતુથીસાચવવાનીરીત.

(૧) **સુતરાઉલૂગડાં**—સુતરાઉ લૂગડાં ધૂમાડાને લીધે પીળાશ લાગી ઝાંખાં થઇ જાય છે. માટે ધૂમાડો ન હોય, તેવી જગ્યોએ પેટી કે કબાટમાં ધોઇ સંકેલી ઘડીબંધ રાખવાં. તેને ઉધૈ, ઉધો કે કંસારી વગેરે જીવ જંતુ નુકશાન કરે નહિ, માટે તેની વાળેલી ઘડીમાં અગર માથે--**પડોપાંદડી**--પડીની પડીકી રાખવી. અગર **દેવદારનાં** બારીક છોડાંને મલમલની કોથળીમાં ભરી કપડાના પડમાં રાખવી. અગર **ચણકબાબ** અગર **કાળીજીરીનો** ભૂકો રાખવાથી પણ જંતુઓ નુકશાન કરતાં નથી.

(૨) **રેશમીલૂગડાં**—રેશમી કપડાંને ધૂમાડાની જગ્યોએ રાખવાં નહિ, પણ સંકેલી ઘડી વાળી પેટી કે કબાટમાં રાખવાં. ઉધૈ, ખેરી, કંશારી કે ઉધો વગેરે જંતુ નુકશાન કરે નહિ, માટે લૂગડાના પડમાંહે, ઉપર સુતરાઉ લૂગડામાં રાખવાની વસ્તુઓ જણાવી છે તે રાખવી. **એરંડાનામૂળ** કે **કડવાલીંબડાનાં** પાન મરી સાથે રાખવાં.

(૩) **ઉનનાંલૂગડા**—ઉનનાં લૂગડાંને પણ ધૂમાડા વાળી જગ્યોએ ન-રાખતાં સારી ભેજ વગરની જગ્યોમાં પેટી કે કબાટમાં સંકેલી ઘડીપાડી રાખવાં. તેને ઉધૈ, ઉધો, ખેરી, કે કંશારી વગેરે જંતુ નુકશાન કરે નહિ, માટે તેના પર —સુકા લવંડરના ફુલને પાથરવાં—અગર કાળીજીરીનો ભૂકો ભરભરાવવો—અગર કડવા લીંબડાના પાનને મરી સાથે રાખવાં. પડોપાંદડી પણ ઉપયોગી છે.

(૪) **સોનેરી—કસબનાંલૂગડાં**—સોનેરીકોર છેડાવાળાં, સોનેરી લ-પેટાનાં, કીનખાબનાં વિગેરે જેમાં સોનેરી આવેલી હોય, તેવાં લૂગડાંને સંકેલી ઘડીપાડી ભેજ કે ધૂમાડો નહોય તેવી જગ્યોએ પેટી કે કબાટમાં રાખવાં. તેવાં કપડાંને જતુઓ નુકશાન કરે નહિ. માટે રેશમી અને ઉનનાં કપડામાં રાખવાને જણાવેલી ચીજો તેમાં રાખવી.

(૧૮) વિવિધપ્રકારનાંલૂગડાંધોવાનીરીત.

(૧) **ફલાનેલનાંલૂગડાં**—ફલાનેલના કપડાંને એક પહોળા વાસણમાં મૂકી તે ઉપર ગરમ ખળખળતું પાણી રેડવું. પછી બીજા ગરમ પાણીના વાસ-

જુમાં સાબુનું ફીણ કહાડી, તેમાં મસળીને ધોવાં. તેથી ફ્લાનેલ નરમ તથા નવા જેવી સફાઇદાર થશે. ઉનનાં—બીજાં લુગડા પણ એજ પ્રમાણે ધોવાય છે.

(૨) ધોળાંલુગડાં—ધોળાં સુતરાઉ લુગડાંને સોડા ને સાબુના પાણીમાં પલાળી ધીમીધીમી આંચે ઉકાળવાં—પછી ધોઇનાંખવાથી ઘણાંજ સફેદ થાય છે.

કાળાંરંગેલાંલુગડાં—કાળું રંગેલું કપડું ધોવા પહેલાં તેને પ્રથમ પાણીમાં થોડો માયાંનો ભૂકો ભીંજાવી તેમાં પલાળી રાખવાં. પછી પાંચ ભાગ તેલ, અને પાંચ ભાગ ખારો—ઉસ, એ બેને મસળી એક પાણીથી ભરેલા ટબ કે કુંડામાં નાખવાં. તેમાં કપડાં ભીંજાવી રાખવાથી કાળાં કપડાંનો રંગ ઘણો સુધરે છે. તે પછી સારા સ્વચ્છ પાણીએ ધોઇ નાંખવાં.

(૪) લાલ રંગનાં મધરાશી વગેરે લુગડાં—ગોળને પાણીમાં મેળવી તેમાં કપડાં બોળી રાખવાં. પછી સ્વચ્છ પાણીએ ધોવાથી રંગ સારો રહેછે અને મેલ કપાઇ સ્વચ્છ થાય છે.

(૫) પાકા રંગના સાડી સાડલા--આ લુગડાંને સ્ત્રીઓ ધોળાને કાળી માટીવડે ધુએ છે. તેથી તેનો રંગ ઝાંખો નહિ પડતાં સ્વચ્છ થાય છે.

(૬) રેશમી, કાશ્મીરી અને આલપાકાનાં લુગડાં—પાણી શેર ૨ાા ગરમ કરવું. તેમાં રૂ. ૦ાા ભાર ટંકણખાર નાંખી ઉપરનાં લુગડાં ધોવાથી ઘણાં સાફ થાય છે અને તેમનો ચળકાટ જતો નથી. રેશમી લુગડાં—અરીઠાના પાણીમાં ભીંજાવી, ધોવાથી પણ ચળકાટ નહિ જતાં સ્વચ્છ થાય છે.

(૭) નહિ વાપરેલાં જુનાં લુગડાંને નવા જેવાં કરવાની રીત–તમાકુઔંસ ૨, લઇ તેને પાણી શેર ૧૦માં ઉકાળી રાખવી. પછી કપડાંને ટેબલ પર પાથરી તે પર ઉપરનું પાણી બ્રસ વડે લગાડવું. પછી સ્વચ્છ પાણીમાં ધોવાથી તમાકુની વાસ જતી રહેશે અને કપડું નવા જેવું દેખાશે.

(૮) લુગડાં ધોવા માટે એક સરસ મિશ્ર—ટરપીટન ઔંસ ૨ સ્પીરીટ ઓફ એમોનિયા ઔંસ ૩. એ બંનેને ભેગાં કરી સારી પેઠે હલાવી રાખવાં, પછી સાબુ શેર ૦ાા એક તપેલામાં પાણી ભરી પીગાળવો. પછી એ બેઉ મિશ્ર ભેગાં કરી તેમાં કપડાંને કલાક ૨૪ ભીંજાવી રાખવાં. પછી તેને સ્વચ્છ પાણીમાં ધોવાથી ટરપીટનની વાસ જતી રહીને કપડાં સ્વચ્છ થશે.

(૧૯) લુગડાંપરથીડાઘકાઢવાનીરીત.

(૧) મખમલનાલુગડાપરથીડાઘ—ડાઘ પડેલા લુગડાપર થોડું ટરપીટન નાંખી ચોખા ફલાનેલના કપડાથી તે તેલ તદન સુકાઇ જાય, ત્યાં સુધી લુછી નાંખવું. જો તે ડાઘ નીકળે નહિતો ફરીથી તેલ લગાડીને લુછવું. જ્યારે ડાઘ નીકળી જાય, ત્યારે બ્રસથી તે ભાગ સારી પેઠે સાફ કરી, કપડાંને ખુલ્લી

ડકામાં વા ખાતાં કરવાં. તેથી ટરપીટન તેલની વાસ જતી રહેશે.

(૨) રંગીનરેશમીલૂગડાપરથીચીકણાડાઘ—ફ્રેંચચાકનો ખાંડેલો ભૂકો લઇ તેને ડાઘવાળા કપડાંની ઉપર ઘસવો. પછી તે કપડાંને અગ્નિ આગળ અગર ગરમ ખળખળતા પાણીની રકાબી ઉપર મૂકવું, એટલે ચીકાશને ગરમી લાગ્યાથી ઉકળી જશે અને ચાકનો ભૂકો તે ઉકળેલી ચીકાશને ચૂશી લેશે. પછી તેને ઘસથી લુછી નાંખવું. જો ચીકાશના ડાઘ રહેતો ફરી ઉપર પ્રમાણે ડાઘ જતાં સુધી કરવું.

(૩) ઊનનાંલૂગડાપરથીચીકણાતથામીણનાડાઘ—તમાકુ પીવાની પાઇપની મટોડીને ખાંડી બારીક ભૂકો કરી પાણીમાં પલાળી ચીકાશવાળા ડાઘ ઉપર ચોપડવું. માટીનું પાણી જેમ સુકાતુ જશે, તેમ માટી તેલને ચૂશી લેશે. પછી તે કપડાંને બ્રશથી સાફ કરવું. જો મીણ અથવા ચરબીના ડાઘ પડયા હોય, તો કપડાંને આતસ આગળ દૂરથી ધરવું અથવા ગરમ કરેલું લોઢું થોડેદૂરથી દેખાડવું, એટલે મીણ ફકળી જશે. પછી કપડાંને ઘસીને તે ડાઘને લુછી નાંખવો.

(૪) લૂગડાંપરથીરંગનાડાઘ—રંગના ડાઘ કપડા ઉપર સુકાયા પછી નીકળી શકતા નથી. તેથી ડાઘ લાગે કે તરત તેની ઉપર ફલાનેલના અથવા બીજા નરમ કપડાથી સ્પીરીટ ઓફ વાઇન સારી પેઠે લગાડી ઘસવું અથવા ઇથર લગાડવો, એટલે ડાઘ નીકળી જશે, પણ જો ડાઘ સુકાઇને કઠણ થયા હોય, તો તેની ઉપર સ્પીરીટ ઓફ ટરપીટન વારંવાર લગાડી સાફ કરવું.

(૫) લૂગડાંપરથીશાહીઅનેલોઢાનાડાઘ—કપડા ઉપર શાહી અગર લોઢાના ડાઘ પડયા હોય, તો ટારટરીક આસીડ અને ત્રણ ભાગ પાણી, એ બેઉને ભેગાં મેળવી, તેને ડાઘ વાળા ભાગ પર લગાડવું. એટલે તે ડાઘ નીકળી જશે. જો ટારટરીક આસીડ ન મળે તો તેના બદલામાં મ્યુરીયાટીક આસીડ નાખવાથી પણ ડાઘ નીકળી જશે,

(૬) કસબનીકોરપરનાડાઘ—સોનેરી—કસબની કોર, ટોપીઓ અગર પાઘડીના છેડા વગેરે પર ડાઘ પડયા હોય, તો તેની અસલ જલેહ પાછી લાવવા ગરમ કરેલો સ્પીરીટઓફવાઇન બગડેલા ભાગ પર લગાડવો. કોર અને ટોપીઓ જો રેશમી કપડા પર ભરેલી હોય, અગર તેમાં ઉનનું કામ કર્યું હોય, તો તેની હરકત નહિ. ઉન અને રેશમનો રંગ સ્પીરીટ ઓફ વાઇન લાગ્યા છતાં જેવોને તેવો રહેછે.

(૭) કપડાંપરથીડામરનાડાઘ—જો કપડા ઉપર ડામરના ડાઘ પડયા હોય, તો તે ડાઘ લાગેલા કપડાના ભાગને તેલથી સારી પેઠે પલાળી સાબુથી ધોઇ નાંખવું. પછી તડકામાં વા ખાતું કરવું.

(૮) કપડાપરથીગાડીનાપૈડાનીમળીનાડાઘ—ડાઘ લાગેલા કપડાના ભાગને તેલથી સારી પેઠે પલાળી સાબુના પાણીથી ધોઇ નાંખી, વા ખાતું કરવું.

(૯) **સોનેરીફીટનેસાફકરવાનીરીત**—સોનેરી ફીટ તથા લેશનો રંગ ઝાંખો પડી ગયો હોય, તેને સાફ કરવા માટે ફટકડીનો બારીક મેદા જેવો ભૂકો કરી, તેને બ્રસવડે ફીટ ઉપર ઘસીને લગાડવો.

(૧૦) **કપડાંપરથીતમાકુનાડાઘ**—કપડા ઉપર તમાકુના થુંકનો ડાઘ પડયો હોય, તો તે ડાઘની બંને બાજુ ઉપર કળીચુનાનો જાડો લેપ કરવો અને સુકાયા પછી સાફ કરી નાંખવો.

(૧૧) **વારનીસનાડાઘ**—ધોળા અને રંગેલા સુતર તથા ઉનના કપડાં ઉપર હોયતો ટરપીટન લગાડી સાબુથી ઘસીને ધોવા. રેશમ ઉપર હોયતો બેનઝીનઈથર અને સાબુવતી સંભાળથી ચોખા પાણીમાં ઘસીને ધોઈ નાંખવા

(૧૨) **તેજાબનાડાઘ**—ધોળાં કપડાં માટે પાણી અને બ્લીચીંગ પાઉડર અને સુતર, ઉન અને રંગેલાં કપડાં માટે લાઇકર એમોનિયાને લગાડી ઘણા પાણીમાં ઘસીને ધોઇ નાંખવાં.

(૧૩) **ચાતથાફળનાડાઘ**—ઘણાજ ઉકળતા ચોખા પાણીમાં થોડો ખાક નાંખી તેમાં કપડાં ધોવાથી ચા તથા બીજા ફળના ડાઘ જશે.

(૧૪) **મેશનાડાઘ**—સાબુના પાણીમાં થોડાં ટીપા લીંબુનો રસ નાંખી તે કપડાંને લગાડી થોડીવાર રાખી ચાર કલાક પછી ટરપીનટાઇન અને વિલાયતી સાબુવડે ધોવાથી સાફ થશે.

(૧૫) **ફળનારસનાડાઘ**—હાથ ઉપર ફળના રસના ડાઘ પડયા હોયતો પાણીમાં હાથ ધોઇ, તેમને જરા લુછી થોડા ભીના હોય, તે વખતે તરતની સળગાવેલી ગંધકની દીવાસળીના ધૂમાડાપર ધરવા, એટલે સઘળા ડાઘ જતા રહેશે.

(૧૬) **ડામરનાડાઘ**—હાથપર ડામરના ડાઘ પડયા હોય, તો હાથપર માખણ અથવા ઘી લગાડીને ઘસવા અને પછી ગરમ પાણીથી ધોઇ નાખવાથી ડાઘ જશે.

આ સર્વ બાબતો ઘરવ્યવહારમાં ઉપયોગી થઇ પડે તેવી છે. તેનો ઉપયોગ સ્ત્રીઓ ફુરસદે કરતી રહેશે, તો ઘણો લાભ થશે.

જીવનઆધારરૂપપદાર્થજ્ઞાન.

આ જગતમાં મનુષ્ય માત્રને સુખ પામવાની ઇચ્છા હોય છે. એ ઇચ્છા પૂર્ણ કરવાનું મુખ્ય સાધન શરીર છે. શરીર એ એક યંત્ર જેવું છે. અન્ન જળ વગેરે પદાર્થો તેને ચલાવનારી કળ છે. એ કળ વિના શરીર બરાબર ચાલી શકતું નથી; એટલુંજ નહિ પણ ટકી પણ શકતું નથી. માટે જીવનના આધાર રૂપ

અન્ન જળ વગેરે ખોરાકની બહુ જરૂર છે. અન્ન જળ વગેરેથી શરીર જેમ નિરોગી અને દીર્ઘાયુષી થાય છે; તેમ તેની અયોગ્ય વ્યવસ્થા રાખ્યાથી શરીર નાશપણુ પામે છે મનુષ્યના શરીરમાં **વાત, પીત્ત** અને **કફ** એ ત્રણ દોષ મુખ્યત્વે કરીને રહ્યા છે. એ ત્રણ દોષ સમાન સ્થિતિમાંહોય, તો શરીરને જાળવી રાખે છે અને ઓછા અદકા થાય તો દેહનો નાશ કરે છે. આ દોષો દર બબે માસે ઋતુના બદલવાથી ન્યૂનાધિક થાય છે. તે વખતે જો ઋતુને માફકસર ખાવા પીવાની સંભાળ ન રહે, તો શરીર રોગોનું પાત્ર થઇ પડે છે. વર્ષની ઋતુઓ છ છે. એ ઋતુઓ જેમ જેમ બદલાતી જાય છે, તેમ તેમ આપણે આહારવિહારમાં પણ ફેરફાર કરવો જોઇએ. ઋતુના ફેરફાર રૂપ કુદરતી કાયદોજ આપણને સૂચવે છે કે દરેક ઋતુમાં તે તે ઋતુને માફક આવે, તેવી રીતે અહિત પદાર્થોનો ત્યાગ અને પથ્ય—હિત કારક પદાર્થોનું સેવન કરવું જોઇએ; પરંતુ ઋતુના દોષ કયા અને તે ઋતુને અનુકુળ હિત અહિત પદાર્થો કયા કયા છે, તે માટે ઋતુ અને પદાર્થોના ગુણદોષ જાણવા જોઇએ. આવા જ્ઞાનની સ્ત્રી પુરૂષોને ઘણી જરૂર છે. તેમાં પણ સ્ત્રીઓને આવા જ્ઞાનની વિશેષ જરૂર છે; કેમકે રસોઇની વ્યવસ્થા કરવી એ સ્ત્રીઓનું કામ છે. તે જો આવા જ્ઞાનથી કુશળ થયેલી હશે, તો કુટુંબનાં માણસોની પ્રકૃતિ પ્રમાણે પદાર્થોના ગુણદોષ જાણી ઋતુને અનુકુળ ખાનપાન તૈયાર કરી આપશે અને તેથી તે કુટુંબી જનોને નિરોગી રાખવા ઘણી ઉપયોગી થઇ પડશે. આવા હેતુથી ઋતુઓના ગુણદોષ અને થોડાક ઉપયોગી પદાર્થોનું જ્ઞાન આ નીચે આપેલું છે;—

(૧) ઋતુઅનુસારહિતઅહિતપદાર્થો.

વર્ષની ઋતુ—હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, અને શરદ એ છ ઋતુઓ ગણાય છે. તેમાં-શિશિર, વસંત, અને ગ્રીષ્મ, એ ત્રણ ઋતુઓ—**ઊત્તરાયન** કહેવાય છે અને-વર્ષા, શરદ, અને હેમંત, એ ત્રણ ઋતુઓ-**દક્ષિણાયન** કહેવાય છે. **ઊત્તરાયનમાં**—સૂર્ય દુનિયામાંથી રસકસ ચૂશી લેછે. પવન પણ વધારે અને રૂક્ષ થાય છે, તેથી એ ત્રણે ઋતુઓમાં રસપણ રૂક્ષ, કડવો, તુરો, અને તીખો થવાથી માણસોનું બળ પણ હીન થાય છે. **દક્ષિણાયનમાં**—રસ, અમ્લ, લવણ, અને મધુર થવાથી માણસોનાં બળની વૃદ્ધિ થાય છે. દેશપરત્વે ઋતુના હિસાબમાં ફેર આવે છે; તોપણ આપણા દેશમાં,-માગસર અને પોષની હેમંત,-માહા અને ફાગણની શિશિર,-એમ બબે માસની અનુક્રમે ઋતુની ગણતરી કરે છે: પરંતુ ઋતુ વગેરેના ફેરફાર જોઇને,—કારતક અને માગસરની હેમંત,-પોષ અને માહા માસની શિશિર,-ફાગણ અને ચૈત્ર માસની વસંત,-વૈશાક અને જેઠ માસની ગ્રીષ્મ-અશાડ અને શ્રાવણ માસની વર્ષા,-ભાદરવો અને આસો

માસની-શરદ ઋતુ એમ ગણતરી કરેલી છે.

(૧) **હેમંત**—આ ઋતુ ઠંડી, સ્નિગ્ધ, તથા પદાર્થોમાં મીઠાશ ઉપજાવનારી છે. તેમાં જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે. તેથી જે સારા પૌષ્ટિક ખોરાકનો ઉપયોગ કરવામાં ન આવે, તો શરીરનો રસ બળી જાય છે અને વાયુ કોપ પામેછે. માટે તેમાં મુખ્યત્વે કરીને સ્નિગ્ધ-ચીકણા, અમ્લ, લવણ અને મધુર રસનું સેવન કરવું. સવારમાં જમવું, શરીરે તેલ ચોળવું, ગરમીમાં રહેવું, ઘઉં, ચોખા, અડદ, વડાં, નવું અન્ન, તલ, ઉત્તમ કેસર અને કસ્તુરી, વગેરે ઉત્તમ પૌષ્ટિક પદાર્થોનું સેવન કરવું.

(૨) **શિશિર**—આ ઋતુ ઠંડી અને અત્યંત રૂક્ષ છે. વાયુ અને અગ્નિને વધારે છે. તેથી આ ઋતુમાં પણ મુખ્યત્વે કરીને હેમંત ઋતુમાં જણાવ્યા પ્રમાણેજ વર્તવું.

(૩) **વસંત**—આ ઋતુ પદાર્થોમાં મધુરપણું ઉપજાવનાર, સ્નિગ્ધ, તથા કફનીવૃદ્ધિ કરનાર છે. શિશિર ઋતુમાં જે મધુર અને સ્નિગ્ધ-ઘી, તેલ વગેરે ચીકણા પદાર્થોનું ભોજન કરેલું હોય છે. તેથી શરીરમાં કફનો જમાવ થયેલો હોય છે, તે આ ઋતુમાં સૂર્યના કિરણો તપીને ઓગળે છે અને જઠરાગ્નિમાં પ્રસરીને તેના અગ્નિનો નાશ કરે છે તથા રોગોને ઉત્પન્ન કરે છે. માટે આ ઋતુમાંજ ઉલટી તથા રેચ વગેરે ઉપાયથી કફ ક્ષીણ કરવો. શરીરમાં કફ ઉપદ્રવ કરે, તે પહેલાંજ તેને યોગ્ય ખાનપાનથી દાબી દેવો. તે એવી રીતે કે-ચિકાશવાળા પદાર્થો ખાવા છોડી દેવા. ભારે, ઠંડા, ખાટા, અને મધુર પદાર્થોનો ત્યાગ કરવો; અને ધાણી, ચણા-દાળીયા, શેકેલા અન્નનો સાથવો, વગેરે હલકા, સૂકા, અને લૂખા પદાર્થો ખાવા. દિવસે સુવું નહિ, રાત્રે જાગવું, હોળી ઉપર આપણા લોકોમાં ધાણીચણા ખાવાનો અને રમતગમતનો જે રીવાજ નીકળેલો છે, તે આ ઉપરથી છે. માટે નિર્દોષ રમતગમત કરવી. જુનું અનાજ ખાવું.

(૪) **ગ્રીષ્મ**—આ ઋતુરૂક્ષ, પદાર્થોમાં તીખાશ ઉપજાવનાર, અને પિત્ત કરનાર છે. આ ઋતુમાં પ્રતિ દિવસ કફનો ક્ષય થતો જાય છે અને ધાતુ વધતો જાય છે. માટે આ ઋતુમાં—ખારૂં, તીખું, ખાટું, કસરત અને તડકો એનો ત્યાગ કરવો, અને મીઠા, સ્નિગ્ધ—ચીકણા, ટાઢા, હલકા અને દ્રવરૂપ એનો ઉપયોગ કરવો. સાકર ખાવી, દૂધ જમવું, તરબૂચ, ચીભડાં, ચંદનનો લેપ, ટાઢું પાણી પીવું, દિવસે સુવું, અને પંખાનો પવન લેવો.

(૫) **વર્ષા**—આ ઋતુ ઠંડી, અગ્નિને મંદ કરનારી તથા વાયુને વધારનાર છે. ગ્રીષ્મ ઋતુમાં મનુષ્યનો અગ્નિમંદ પડેલો હોય છે અને વળી વર્ષાઋતુમાં વાતાદિ દોષથી વધારે મંદ થાય છે. તેથી આ ઋતુમાં મંદ થયેલા અગ્નિને પ્રદિપ્ત કરવો, રેચથી શરીર શુદ્ધ કરવું, જુનું ધાન્ય ભોજનમાં વાપરવું. વર્ષાદની એલી હોય ત્યારે ખારૂં, ખાટું સ્નિગ્ધ-ચીકણા, સૂકું, હલકું અને મધ મેળ-

મેલું ભોજન કરવું. નદીનું પાણી વપરાશમાં લેવું નહિ, હદથી જાદે શ્રમ તથા સૂર્યનો તાપ લેવો નહિ અને દિવસે સૂવું નહિ. આ ઋતુમાં શરીરની ભીનાશ થઇ જાય છે. માટે—તીખા, કડવા, અને તુરા પદાર્થોનું સેવન કરવું, શેક લેવો, દહીં ખાવું હોય, તો મરી વગેરે ગરમ પદાર્થો મેળવી ખાવું. ઘઉં, ચોખા, અને અડદ ખાવા. કૂવા તથા વર્ષાદનું અધર ઝીલેલું પાણી પીવું. તેમાં પેલા વર્ષાદનું પાણી બાદ કરવું.

(૬) **શરદ**—આ ઋતુ ગરમ, પિત્ત કરનાર અને મધ્યમ બળ આપનારી છે. આ ઋતુમાં ભૂખ સારી પેઠે લાગે છે. માટે મધુર, તુરા, અને કડવા રસ તથા ઠંડા અને હલકા પદાર્થોનું સેવન કરવું. પિત્ત પ્રકૃતિવાળા માણસે રેચ લેવો. દહીં ખાવું નહિ, બરફનું સેવન કરવું નહિ, અને તડકો લેવો નહિ,

સૂચના—અમુક ઋતુમાં અમુક રસનું સેવન કરવું નહિ, એમ જે કહેલું છે તે ઉપરથી એમ નહિ સમજવું કે બીજા રસોનો તમામ ત્યાગ કરવો; પરંતુ સઘળા રસોનું સેવન કરવું, પણ તે તે ઋતુને અનુકુળ પડતા રસોનું વિશેષ સેવન કરવું અને બીજાનું બહુજ થોડું કરવું.

(૨) પ્રકૃતિઅનુસારહિતઅહિતપદાર્થો.

ઋતુ અને પ્રકૃતિ પ્રમાણે અન્નજળ વગેરે પદાર્થોનું સેવન કરવાથી અને વર્તવાથી શરીર નિરોગી રહે છે. અન્ન જળ વગેરે પદાર્થો ખાવાપીવાથી વાયુ, કફ અને પિત્ત એ ત્રણ દોષો પ્રગટ થાય છે. તેનું વધતા ઓછાપણું થયે ઘણા રોગો ઉત્પન્ન થાય છે. માટે પ્રકૃતિને અનુસરી આહાર વિહાર કરવો જોઇએ.

(૧) **વાત—વાયુ**;—જેના શરીરમાં વાયુ વધારે હોય તેણે—વાલ, ચોળા, ચણા, તુવેર વગેરે વાયુ કોપાવનારા વાયડા પદાર્થો ખાવાપીવા નહિ.

(૨) **કફ**—કફપ્રકૃતિવાળાએ એટલે જેના શરીરમાં કફ દોષ વધારે હોય તેણે—ઘી, ગોળ, ખાંડ, સાકર, વગેરે કફને કોપાવનારા ઠંડા ને ગળ્યા પદાર્થો ખાવા પીવા નહિ.

(૩) **પિત્ત**—જેના શરીરમાં પિત્ત દોષ વધારે હોય, તેણે—મેથી વંત્માક—રીંગડાં, તેલ, મરચાં, હીંગ, અને બાજરી વગેરે પિત્ત કોપાવનારા—તીખા, ખારા, અને ગરમ પદાર્થો ખાવા પીવા નહિ.

એ રીતે—વાત કફ, પિત્તકફ, અને વાતપિત્ત, વગેરે શરીરની પ્રકૃતિ જાણવી જોઇએ અને તેજ પ્રમાણે પદાર્થોના ગુણદોષ જાણી ખાવા પીવામાં લેવા જોઇએ. આવા પ્રકારના જ્ઞાનની ખામીને લીધેજ અનેક વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. માટે તેવા જ્ઞાનની ઘણી જરૂર છે;—

(૩) અનાજના ગુણદોષ.

ઘઉં—મધુર, ટાઢા, વાયુ, પિત્તને હરનાર, પૈષ્ટિક, ભારે, કફ કરનાર, બળ આપનાર, દસ્ત ઉતારનાર, જીવન રૂપ અને રૂચી આપનાર છે. **બાજરી**—રૂક્ષ, રૂચીકરનાર, દસ્ત રોકનાર, બળ આપનાર, હલકા, તીક્ષ્ણ, ગરમ, પિત્તને કરનાર, વાયુ અને કફને હરનાર છે. **જાર**—હલકા વાયુ કરનાર, પિત્ત તથા કફને હરનાર, બળ આપનાર, અને રૂચી કરનાર છે. **ચોખા**—મધુર, સ્નિગ્ધ, સ્વરને સારો કરનાર, વાયુ તથા કફના થોડા ભાગવાળા, ટાઢા, પિત્તને હણનાર, હલકા, દસ્તને રોકનાર, કફ તથા પિત્તને હરનાર, ઓછા પવન વાળા, નેત્રને હિતકારી, અને તાવને મટાડનાર છે. **અડદ**—ભારે, પાકમાં મધુર, સ્નિગ્ધ, રૂચિ ઉપજાવનાર, વાયુને તોડનાર, મળને શિથિલ કરનાર, તૃપ્તિ આપનાર, બળ આપનાર, બહુજ પુષ્ટિ આપનાર, મળ અને મૂત્રને વધારનાર, ધાવણ વધારનાર, મેદ કરનાર, પિત્ત તથા કફને વધારનાર છે. **તુવરનીદાળ**—તુરી, રૂક્ષ, મધુર, ટાઢી, હલકી, દસ્તને રોકનાર, વાયુને ઉત્પન્ન કરનાર, સ્વરને સારો કરનાર, પિત્ત, કફ, અને લોહિ બિગાડને મટાડનાર. **ચોળા**—ભારે, મધુર, તુરા, તૃપ્તી આપનાર, દસ્ત ઉતારનાર, લૂખા, વાયુ કરનાર. રૂચિ કરનાર, ધાવણ વધારનાર, અને બળ આપનાર છે. **વાલ**—મધુર, લૂખા, પાકમાં ખાટાં, ભારે, દસ્ત ઉતારનાર, તુરા, ધાવણ વધારનાર અને પિત્ત, રૂધિર, મૂત્ર, વાયુ, અને આફરો તથા દાહ કરનાર છે. વિષ, કફ અને સોજાને હરનાર છે. **મઠ**—વાયુ કરનાર, દસ્તને રોકનાર, કફ તથા પિત્તને હરનાર, હલકા, કૃમિકરનાર, અને તાવનો નાશ કરનાર છે. **મસુર**—શીતળ, હલકા, પિત્ત તથા રૂધિરને મટાડનાર, રૂક્ષ, વાયુ કરનાર, દસ્તને રોકનાર, અને તાવને મટાડનાર છે. **ચણા**—ટાઢા રૂક્ષ, હલકા, તુરા. દસ્તને રોકનાર, વાયુ કરનાર, અને પિત્ત, રૂધિર, કફ તથા તાવને મટાડનાર છે. **વટાણા**—મધુર, લૂખા, અને ટાઢા છે. **મકાઇ**—મધુર, કડવી તુરી, બહુજ રૂક્ષપણું કરનાર, કફ તથા પિત્તને હરનાર, રૂચિ ઉપજાવનાર, દસ્તને રોકનાર,ટાઢી અને લૂલાપણું, તથા પાંગળાપણું કરનાર અને વાયુનો અત્યંત પ્રકોપ કરનાર છે. **કળથી**—તુરી, પિત્ત તથા રૂધિરને કરનાર, હલકી દાહ કરનાર, પસીનાને રોકનાર, અને શ્વાસ, ઉધરસ, કફ, વાયુ, હેડકી, પથરી, આંખનું ઉપસવું, સળેખમ, મેદ, તાવ તથા કૃમિને મટાડનાર છે. **તલ**—રસમાં તીખા, મધુર, તુરા, ભારે, પાકમાં તીખા, સ્વાદિષ્ટ, સ્નિગ્ધ, કફ તથા પિત્તને મટાડનાર, બળ આપનાર, કેશને સારા કરનાર, મૂત્રને થોડું કરનાર, ચામડીને હિતકારી, ધાવણ વધારનાર, દાંતને સારા કરનાર, વ્રણ મટાડવામાં ઉપયોગી, દસ્તને રોકનાર, વાયુને હણનાર, અગ્નિને પ્રદિપ્ત કરનાર, અને બુદ્ધિને આપનાર છે. તલની બધી જાતોમાં કાળા તલ સર્વોત્તમ છે. **સરસવ**—રસમાંને પાકમાં તીખા, સ્નિગ્ધ, કડવાસવાળા,

ગરમ, કફ તથા વાયુને હરનાર, રૂધિર, પિત્ત અને અગ્નિને વધારનાર, ચળ, કોઢ અને પેટના કૃમિને મટાડનાર છે. રાઇ—કફ તથા પિત્તને હણનારી, તીક્ષ્ણ, ગરમ રક્તપિત્ત કરનારી, કાંઇક રૂક્ષ; અગ્નિને પ્રદિપ્ત કરનાર, અને ચળ, કોઢ તથા પેટના કૃમિને મટાડનાર છે. સામો—શોષણ કરનાર, રૂક્ષ, વાયુ કરનાર, અને કફ તથા પિત્તને હરનાર છે. રાજગરો—મધુર, રૂક્ષ, રૂધિર, પિત્ત અને કફને મટાડનાર છે. ટાઢો, હલકો, તુરો, અને વાયુનો પ્રકોપ કરનાર છે.

(૪) શાકનાગુણદોષ.

પટેટાં—ટાઢા, મળને રોકનાર, મધુર, ભારે, મળ તથા મૂત્રને રોકનાર બળ વર્ધક અને જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર છે. **રતાળુ—શકરીયાં**—બળ આપનાર, સ્નિગ્ધ, ભારે, પૌષ્ટીક કફ કરનાર, મળને રોકનાર, અને તેલમાં પકાવી ખાવાથી બહુ સારૂં તથા રૂચી કરનાર છે. **સૂરણ**—જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર, રૂક્ષ, તુરૂં, ચળ કરનાર, તીખું, મળને રોકનાર, સ્વચ્છ, રૂચિ ઉપજાવનાર, હલકું, અને કફ તથા હરસને મટાડનાર છે. બરોળ અને ગોટાને પણ મટાડનાર છે. દાદર. રક્તપિત્ત, અને કોઢના રોગવાળાને હિતકારક નથી. **મૂળા**—નાના મૂળા ગરમ, રૂચિ ઉપજાવનાર, હલકા, પાચક, ત્રણ દોષને હરનાર, તાવ તથા શ્વાસનો નાશ કરનાર, અને નાકના રોગ, કંઠના રોગ તથા નેત્રના રોગને મટાડનાર છે. **મોટા મૂળા**—રૂક્ષ, ગરમ, અને ત્રણે દોષને ઉત્પન્ન કરનાર છે. એજ મૂળાને તેલમાં પકાવી ખાધા હોય તો ત્રણે દોષનો નાશ કરનાર થાય છે. **ગાજર**—મધુર, તીક્ષ્ણ, જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર, હલકું, દસ્તને રોકનાર, અને રકતપિત્ત, હરસ, સંગ્રહણી, કફ, તથા વાયુને મટાડનાર છે. **ગુવાર**—રૂક્ષ, ભારે, અને કફકારક છે. અગ્નિ દીપક, સારક અને પિત્તહર છે, પણ વાયુકારક છે. **કારેલાં**—કડવાં, અને કફ, વાત, રૂધિર વિકાર, પરમો, તાવ અને પાંડુરોગને મટાડનાર છે. દસ્ત લગાડનાર, હલકું; કફ, પિત્ત અને કૃમિને મટાડનાર છે. **કાકડી**—ટાઢી, રૂક્ષ, દસ્તને રોકનાર, મધુર, ભારે, રૂચિ કરનાર, રક્તપિત્ત અને ઉલટીને હરનાર, મૂત્ર અને બસ્તિને શોધનાર. **પાકેલીકાકડી**—તૃષા અને પિત્તને કરનારી તથા વાયુ અને કફને હરનારી છે. **પરવળ**—પાચક, પ્રિય લાગે એવું, હલકું, અગ્નિને પ્રદિપ્ત કરનાર, સ્નિગ્ધ, ગરમ, અને ઉધરસ, લોહી બગાડ, તાવ, ત્રણે દોષ, અને કૃમિને મટાડનાર છે. **ટીંડોરાં-ગીલોડાં**—મધુર, ટાઢાં, ભારે, સ્તંભન, તુરાં, મળને ઉખેડનાર, રૂચિકર, આફરાને કરનાર, અને પિત્ત, લોહીનો બીગાડ તથા વાયુને મટાડનાર છે. **વાલોર**—રસમાં મધુર, ટાઢી, ભારે, બળ આપનાર, અને વાયુ તથા પિત્તને જીતનાર છે. **રીંગણાં—વંત્યાક**—મધુર, તીક્ષ્ણ, ગરમ, પાકમાં તીખાં, પિત્ત કરનાર, જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર, હલકાં, અને તાવ, વાયુ તથા કફને મટાડનાર

છે. **કંટોલાં**—રૂચિ કરનાર, દસ્તલગાડનાર, બહુજ ટાઢાં, વાયુ કરનાર, રૂક્ષ, મૂત્રને વધારનાર, અને પિત્ત, કફ તથા પથ્થરીને મટાડનાર છે. **ઘીસોડાં-તુરીયાં**—કફ અને હરસને હણનાર, રક્તપિત્ત તથા વાયુનો નાશ કરનાર છે. **ગલકાં**—સ્નિગ્ધ, રક્તપિત્ત અને વાયુને મટાડનાર છે. **પ્રદકોળું**—પુષ્ટિ કરનાર, ભારે, અને પિત્ત, લોહીનો બીગાડ તથા વાયુને મટાડનાર છે. **લુણી**—રૂક્ષ, ભારે, વાયુ તથા કફને હરનાર, ખારી, હરસને મટાડનાર, અગ્નિને પ્રદિપ્ત કરનાર, ખાટી અને મંદાગ્નિ તથા ઝેરને મટાડનાર છે. **કાંદા—ડુંગળી**—બળવર્દ્ધક, તીખા, ભારે, મધુર, રૂચિ કારક, કફ તથા નિદ્રા ઉત્પન્ન કરનાર, ક્ષય, ક્ષીણતા, ઉલટી, કોલેરા, અરૂચિ, સોજા, રક્તદોષમાં હિતકારક છે. **કોબી**—ધાવણ વધારનાર, મધુર, કૌવતને આપનાર છે. **અળવી**—રક્તપિત્તને મટાડનાર, મળને રોકનાર, અને વાયુનો પ્રકોપ કરનાર છે. **ટાંકો**—વાયુ કરનાર, ટાઢો, કફ કરનાર, દસ્ત લગાડનાર, ભારે, મળને રોકનાર, અને શ્વાસ, પિત્ત, લોહી બીગાડ તથા કફને મટાડનાર છે. **તાંદળજાની ભાજી**—હલકી, ટાઢી, રૂક્ષ, મળ તથા મૂત્રની પ્રવૃત્તિ કરનાર, રૂચિ કરનાર, અગ્નિને પ્રદિપ્ત કરનાર, વિષને હરનાર અને પિત્ત, કફ તથા લોહી બીગાડને મટાડનાર છે. **મેથીનીભાજી**—ગરમ, રૂચિ કરનાર, અગ્નિને પ્રદિપ્ત કરનાર, કફને મટાડનાર અને પિત્તને કરનાર છે. **દુધી-નઇ**—મધુર, ધાતુ વર્દ્ધક, ટાઢી, પૌષ્ટિક ભારે, કફ કરનાર, ઝાડાને બંધ કરનાર અને ગર્ભનું શોષણ કરનાર છે.

(૫) મસાલાનાપદાર્થો.

જીરૂં—કફ અને વાતહર, તીખું, રૂક્ષ, હલકું, ચક્ષુને હિત અને ઉલટી તથા ઝાડાનો નાશ કરનાર છે. **ધાણા**—તુરા, મૂત્રને પેદા કરનાર, હલકા, કડવા, તીખા, રેચક, અને તૃષા, દાહ, શ્વાસ, ઉધરસ, કૃમિ, ચુંક, બદહજમી, તાવ, અને કફને મટાડનાર તથા પાચકછે. **સુવા**—તીખા, મધુર, વાતહર, અગ્નિમંદતા, અને કૃમિને મટાડનાર છે. તથા તાવ, કફ, શૂળ, નેત્રરોગ, ચુંક, અને પિત્તને કાઢી નાંખી સોજા મટાડનાર છે. **વરીયાળી**—કફહર, વાતહર, અને શૂળ, આમાતિસાર, અગ્નિનું મંદપણું અને કૃમિદોષનો નાશ કરનારછે. તથા વિષ્ટાને બાંધનાર, પાચક, ગરમ અને ઉધરસ, ઉલટી, કફ અને પવનને મટાડે છે. **મેથી**—વાયુને હરનાર, કફ ને તાવનો નાશ કરનાર, સ્તનનું લોહી સુધારી ધાવણ ઉત્પન્ન કરનાર, પૌષ્ટિક, પિત્તને કાઢી લોહી સુધારનાર છે. **વધારણી—હીંગ**—ગરમ, પાચક, જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર, રૂચિ કરનાર, શૂળ, અજીર્ણ, ગોળો, પેટને આફરો, કૃમિ, વાયુ અને કફને મટાડનાર છે, પિત્તને વધારે છે. તથા શ્વાસહર, ભૂખ લગાડનાર અને તીખા છે. **હળદર**—તીખ, કડવી, લૂખી, ગરમ, વર્ણનેસારો કરનાર, અને કફ, પિત્ત, ચામડીના રોગ, પ્રમેહ, રૂધિરના રોગ, સોજા, પાંડુ રોગ, અને વ્રણને મટાડનાર,

છે. **મરી**—તીક્ષ્ણ, જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર, કફ તથા વાયુને મટાડનાર, ગરમ, પિત્ત કરનાર, રૂક્ષ, અને શ્વાસ, શૂળ તથા કૃમિને મટાડનાર છે. **સુંઠ**—રૂચિકર, આમવાત હણનાર, પાચક, તીખી, હલકી; સ્નિગ્ધ, પાકમાં મધુર, કફ, વાયુ તથા મળબંધને તોડનાર છે. ગરમ, સ્વરને સારો કરનાર, ઉલટી, શ્વાસ, શૂળ, ઉધરસ, હૃદય રોગ, સોજા, હરસ, પેડુનું ચડી આવવું અને પેટની અંદરના પવન એ દરદોને મટાડનાર તથા ગ્રાહી છે. **આદુ**—દસ્તને ભેદનાર, ભારે, ગરમ, જઠરાગ્નિને પ્રદિપ્ત કરનાર, તીખું, રૂક્ષ, અને વાયુ તથા કફને મટાડનાર છે. **કોકમ**—કચું કોકમ ખાટું, ગરમ, વાયુને હણનાર, કફ તથા પિત્તનો નાશ કરનાર છે. **પાકુંકોકમ**—હલકું, તીખું, તુરૂં, ખાટું, ગરમ, રૂચિ ઉપજાવનાર, રૂક્ષ, અગ્નિને પ્રદિપ્ત કરનાર, કફ અને વાયુને કરનાર, તરસ, હરસ, સંગ્રહણી, ગોટો, શૂળ, છાતીનો રોગ, કૃમિને મટાડનાર અને મળને સુકાવનાર છે. **આંમલી**—કાચું ફળ—ખાટું, ગરમ, વાયુને હણનાર; કફ, પિત્ત અને રૂધિરને કરનાર છે. **પાકુંફળ**—અગ્નિને પ્રદિપ્ત કરનાર, રૂક્ષ, મળને ખસેડનાર, કફ અને વાયુને મટાડનાર, નાડીઓને પકડનાર, તરસ, હેડકી, કૃમિ રોગ, અને ઉલટીને મટાડનાર છે. **લીંબુ**—ગોળ લીંબું ખાટું, વાયુને હણનાર, અગ્નિને પ્રદિપ્ત કરનાર, પાચક, હલકું, કૃમિનો નાશ કરનાર, પેટની પીડાને મટાડનાર, રૂચિઉપજાવનાર; વાત, પિત્ત, કફ અને શૂળવાળાને પરમ હિતકારી છે. એ લીંબુ ત્રણે દોષ, અગ્નિ, ક્ષય, અને વાયુસંબંધી રોગ, ઝેરથી પીડાતાને, મંદાગ્નિવાળાને, દસ્તની કબજીયત વાળાને અને કોલેરાવાળાને એ લીંબુ દેવું જોઇએ. **લશણ**—તેમાં ખટાસ સિવાય પાંચે રસ છે. પુષ્ટીકારક, ધાતુવર્દ્ધક, સ્નિગ્ધ, ગરમ, પાચક, દસ્ત ઉતારનાર, પાકમાં ને રસમાં તીખું અને મધુર છે. ભાંગેલાને સાંધનાર, કંઠને સારો કરનાર, ભારે, પિત્ત અને રૂધિરને વધારનાર, બળઆપનાર, બુદ્ધિ સારી રાખે છે. રસાયન રૂપ, છાતીના રોગ, જીર્ણ તાવ, પેટના શૂળ, દસ્તની કબજીયત, ગોટો, અરૂચિ, ઉધરસ, સોજા, હરસ, કોઢ, અગ્નિનું મંદપણું, જીવડા, વાયુ, શ્વાસ અને કફને મટાડનાર તથા નેત્રને હિતકારી છે. લશણ ખાનારે મહેનત, તડકો, ક્રોધ, બહુજળ, દૂધ અને ગોળ એટલા પદાર્થોનો ત્યાગ કરવો.

(૬) મેવા-ફળવર્ગ.

કેરી—**કાચી કેરી** ઉષ્ણ, ખાટી રૂચિકર, ગ્રાહી તથા રૂક્ષ છે. પિત્ત, વાયુ, કફ અને રક્ત દોષને ઉત્પન્ન કરનારી છે, પણ કંઠ રોગ, વ્રણ, અતિસાર અને પ્રમેહમાં સારી છે. **પાકીકેરી**—ધાતુવર્દ્ધક, કાંતિકારક, તૃપ્તિકારક, માંસ અને બળવર્દ્ધક છે. કાંઇ કફ કારક હોવાથી તેના રસમાં જરા સુંઠ નાખી ખાવામાં આવે છે. **જાંબુ**—મળને કબજ કરનાર, મધુર, વાયુનેકફનો નાશ કરનાર, રૂચિ ઉપજાવનાર અને પરમાને મટાડનાર છે. **બોર**—ખાટું હોય કે મીઠું હોય તોપણ

તે કફ કરનાર છે. ઉધરસ, તાવને પેદા કરનાર છે. છુટથી ખાવા લાયક વસ્તુ નથી. **દાડમ**—તે સર્વોત્તમ ફળ છે. એ ત્રણે દોષમાં હિતકારક છે. અતિસારના રોગને મટાડે છે. **કેળાં**—ભારે, શિતળ, રૂચિકારક, અને પિત્ત નાશક છે. બળ અને ધાતુ વર્દ્ધક છે. તૃપ્તિ કારક, માંસ વર્દ્ધક, પણ કફ કર્તા છે. તૃષા, ગ્લાની, પિત્ત, રક્ત વિકાર, પરમો, ક્ષુધા, અને નેત્ર રોગનો નાશ કરનાર છે. **આંબળાં**—તુરાં, ખાટાં, ગુણે રસાયન, પિત્ત શામક, ત્રિદોષહર, સારક, બળવર્દ્ધક, બુદ્ધિ દાયક છે. ધાતુ સુધારક, પૌષ્ટિક, સ્મૃતિ આપનાર અને ટુંકામાં સર્વોત્તમ ગુણ ધરાવનાર ફળ છે. **નારંગી**—મધુર, રૂચિકર, શીતળ, પૌષ્ટિક, જઠરાગ્નિ પ્રદિપ્ત કરનાર, હૃદયને હિતકારક, ત્રિદોષ હારક, શૂળ અને કૃમિનાશક, મંદાગ્નિ, ખાંસી, વાયુ, પિત્ત, કફ, ક્ષય, શોષ, અરૂચિ, ઓકારી, વગેરે વ્યાધિમાં પથ્ય છે. ખાટી નારંગીનો ત્યાગ કરીને મીઠી નારંગી ખાવી. **દ્રાક્ષ**—સૂકી કાળી દ્રાક્ષ સર્વ પ્રકૃતિ અને સર્વ રોગમાં હિતકારક છે. તે મધુર, તૃપ્તી કરનાર, નેત્રને હિતકારક અને ઠંડી છે. ભ્રમનાશક અને દસ્ત સાફ લાવનાર છે. પેસાબને પણ છુટથી લાવે છે, પૌષ્ટીક છે. લોહી વિકાર, દાહ, શોષ, મૂર્છા, તાવ, શ્વાસ, ખાંસી, ઉલટી, સોજો, વાત રક્ત વગેરે વ્યાધિને હરનાર છે. **મીઠાંલીંબુ**—સ્વાદિષ્ટ, મધુર, તૃપ્તિકારક, રૂચિકારક, હલકાં, કફ, વાયુ, ઉલટી, ઉધરસ, કંઠ રોગ, ક્ષય, પિત્ત, શૂળ, ત્રિદોષ, ગળસ્તંભન, કોલેરા, આમવાત, ગુલ્મ, અને કૃમિનો નાશ કરનાર છે. **ખજુર**—પૌષ્ટિક, સ્વાદિષ્ટ, મધુર, ઠંડો, ગ્રાહી, લોહી સાફ કરનાર, હૃદયને હિતકારક, ત્રિદોષ હર, શ્વાસ, શ્રમ, ક્ષય. વિષ, તૃષા, શોષ, અને અમ્લપિત્ત જેવા ભયંકર રોગમાં તે હિતકારક છે. તે પચવામાં ભારે અને કૃમિ કારક છે. માટે નાનાં બાળકોને ખજૂર ખાવા દેવો નહિ. **સીતાફળ**—મધુર, શીતળ, અને પૌષ્ટિક છે, પણ કફ અને વાયુને કરનાર છે **જામફળ**—સ્વાદિષ્ટ, શીતળ, રૂચિકર, અને ત્રિદોષહર છે, પણ તીક્ષ્ણ છે. ભારેછે, કફ કારક છે અને વાયુ કરે છે. **સક્કરજંદ**—મધુર, રૂચિકર, હૃદયને હિતકર, શીતળ. ગ્રાહી, અને પિત્તહર છે. તે અતિસારના રોગમાં પથ્ય છે. **અંજીર**—ઠંડા, અને ભારે છે. રક્તદોષ, દાહ, વાયુ અને પિત્તનો નાશ કરનાર છે. **નાળિયેર**—અતિ મધુર, સ્નિગ્ધ, હૃદયને હિતકારક, પૌષ્ટિક, રક્તપિત્ત હરનાર, અને વીર્ય વર્દ્ધક છે. **તળીયાં—સકરટેટી**—ચીભડાનાં કાચાં ફળ વાયુ અને કફને કરનાર છે તથા પાકાંફળ—વળી વિશેષ વાયુને કફકારક છે. **કોઠીબાં**—સ્વાદે સારાં છે, પણ ત્રણ દોષને ઉપજાવે છે. **તરબૂચ**—દસ્તને રોકનાર, ટાઢું, ભારે, અને દૃષ્ટિની શક્તિ, પિત્ત અને વીર્યને હરનાર છે. **પાકુંતરબૂચ**—ગરમ, પિત્ત કરનાર, અને કફ તથા વાયુને મટાડનાર છે. **રાસુ**—વિર્યને વધારનાર, બળ વર્દ્ધક, ટાઢી, ભારે, અને તરસ, મૂર્છા, ભ્રાંતિ, મદ, ક્ષય, ત્રણે દોષ, તથા લોહી બીગાડને મટાડનાર છે. **બદામ, ચારોળી, પસ્તાં,**—એ ત્રણે વસ્તુઓ હિતકારક

છે. બદામ મગજપર ખાસ કરીને અસર કરે છે, પણ કડવી બદામ ઝેરની અસર કરે છે. માટે ખાતી વખતે સંભાળ રાખવી. બદામ પચવામાં ભારે છે પણ મગજને તર કરી બુદ્ધિ વધારે છે.

(૭) ખાનપાનનાબીજાપદાર્થ.

સાકર—મધુર, પૌષ્ટિક, ટાઢી, કફકરનાર, વાયુ અને પિત્તને હરનાર, લોહીના બીગાડને મટાડનાર, દસ્ત ઉતારનાર, હલકી, અને વીર્યને વધારનાર છે. **ખાંડ**—મધુર, નેત્રને હિતકારી, પૌષ્ટીક, ટાઢી, કફકારક, વાયુ અને પિત્તને હરનાર, સ્નિગ્ધ, બળ આપનાર, ઉલટીને મટાડનાર છે. **સાકરીયાંખાંડ**—જે ખાંડ દાણાદાર રેતી જેવી આવે છે તે–બહુ મધુર, કફકારક, રૂચિ કારક, વાયુ, પિત્ત લોહી બીગાડ, બળતરા, મૂર્છા, ઉલટી અને તાવને મટાડનાર છે. બહુ ટાઢી, અને વીર્યને વધારનાર છે. **ગોળ**—વીર્યને વધારનાર, ભારે, સ્નિગ્ધ, વાયુને હણનાર, મૂત્રને સાફ કરનાર, પિત્તને અત્યંત હરનાર, અને મેદ, કફ, કૃમિ, તથા બળને વધારનાર છે. **જુનોગોળ**—હલકો, પથ્ય, અગ્નિને વધારનાર, પિત્તને હણનાર, મધુર, વાયુને હણનાર, અને લોહીને સ્વચ્છ કરનાર છે. **નવોગોળ**—કફ, શ્વાસ, ઉધરસ, કૃમિ, અને અગ્નિને વધારનાર છે. **ઘી**—રસાયનરૂપ, મધુર, નેત્રને હિતકારી, અગ્નિને પ્રદિપ્ત કરનાર, બુદ્ધિને વીર્ય વર્દ્ધક, જીવન આપનાર, શરીરને કોમળ કરનાર, બળ અને કાંતિને વધારનાર, ગળને ખસેડનાર, મેદ તથા કફનો વધારો કરે છે. ભેંસના કરતાં ગાયનું ઘી વિશેષ ગુણકારક છે. **માખણ–ગાયનું** માખણ હિતકારી છે, બળ વર્દ્ધક, વર્ણ સુધારે છે, અગ્નિપ્રદિપ્ત કરે છે તથા દસ્તને રોકે છે, તથા વાયુ, પિત્ત, લોહી બીગાડ, ક્ષય, હરસ, અડદીઓ વા તથા ઉધરસના રોગમાં ફાયદો કરે છે. **ભેંસનું** માખણ–વાયુ ને કફ કરે છે, ભારે છે, દાહ, પિત્ત અને શ્રમને મટાડે છે, મેદ અને વીર્યને વધારે છે. **વાસી–માખણ**–ઉલટી, હરસ, કોઢ, કફ અને મેદને ઉત્પન્ન કરે છે. **દુધ**—મીઠું, ઠંડુ, પિત્તહર, પોષણકારક, દસ્ત સાફ ઉતારનાર, બળ અને વીર્યને વધારનાર છે, જીવાડનાર, બુદ્ધિને સારી કરનાર, જુવાનીને સ્થિર કરનાર, આયુષ્ય વધારનાર, રસાયનરૂપ, ક્ષુધાતુર, બાળક અને વૃદ્ધને તૃપ્તી આપનાર, ક્ષિણ થયેલાને હિત કારક, જીર્ણજ્વર, ભ્રમ, મૂર્છા, માનસિક રોગ, શોષ, હરસ, ગુલ્મ, ઉદરરોગ, પાંડુ, પેશાબના રોગ, રક્તપિત્ત, થાક, તૃષા, દાહ, છાતીના રોગ, શૂળ, આફરો, અતિસાર, ગર્ભસ્રાવ, વગેરે ઘણા રોગમાં અતિ હિતકારક છે. **કાળીગાયનું દુધ**—વાતહર અને વિશેષ ગુણકારી છે. **રાતીગાયનુંદુધ**—વાતને પિત્તહર છે. **ધોળીગાયનું દુધ**—જરા કફ કારક અને ભારે છે. **ભેંસનું દુધ**—તેમાં ગાયના દુધના જેવાજ ઘણા ખરા ગુણ છે. ફેર એટલો કે તે દુધ ગાયના દુધથી વધારે મીઠું, વધારે

ખાટું, વધારે ભારે. વિશેષ વીર્યવર્દ્ધક, કફ કરનાર, અને નિદ્રા વધારનાર છે. માંદા માણસને ભેંસના કરતાં ગાયનું દુધ પથ્ય છે. **બકરીનું દુધ**—તુરૂં, મધુર, ટાઢું, હલકું, રક્તપિત્ત, અતિસાર, ક્ષય, ઉધરસ, અને તાવના રોગમાં હિત કારક છે. **ગાડરનુંદુધ**—ખારૂં, મીઠું, ગરમ, પથરીને મટાડનાર, વીર્ય, પિત્ત, અને કફને ઉત્પન્ન કરનાર અને વાયુને મટાડનાર છે. **સર્વદુધ**—ઉનું કરીનેજ ખાવું, બગડેલું કે વાસી દુધ ખાવું લાભકારક નથી. **ગાયનુંદહીં**—મધુર, ખાટું, રૂચિકર, પવિત્ર, અગ્નિ પ્રદિપ્ત કરનાર, પુષ્ટિ કરનાર, અને વાયુને મટાડનાર છે. સઘળા દહીંમાં ગાયનું દહીં અધિક ગુણોવાળું છે. **ભેસનુંદહીં**—બહુ સ્નિગ્ધ, ચિકણું, કફ કરનાર, વાયુ અને પિત્તને મટાડનાર, પાકમાં મધુર, શરદી કરનાર, વીર્યને વધારનાર, ભારે, અને લોહીને બિગાડનાર છે. **બકરીનુંદહીં**—ઉત્તમ, દસ્તને રોકનાર, હલકું, ત્રણે દોષને ટાળનાર, અગ્નિને પ્રદિપ્ત કરનાર, અને શ્વાસ, ઉધરસ, હરસ, ક્ષય, તથા દુબળાપણું, એ ઉપર હિતકારી છે. **સૂચના**—હેમંત શિશિર, અને વર્ષા એ ત્રણ ઋતુમાં દહીં ખાવું સારૂં છે, પણ શરદ, ગ્રીષ્મ, અને વસંત એ ત્રણ ઋતુમાં દહીં ખાવું ઘણું કરીને સારૂં નથી રાત્રે પણ દહીં ખાવું નહિ. તેમ નિયમ વિરૂદ્ધ પણ ખાવું નહિ. **છાશ**—પાણી નહિ નાંખતાં ઉપરના ચિકાશવાળા ઘાટા ભાગ સહીત વલોવેલું દહીં-ઘોળ-કહેવાય છે-તે સાકર નાંખી ખાવાથી આંબાના રસના જેવા ગુણ થાય છે. ઉપરનો ચિકાશવાળો ભાગ કાઢી નાંખી પાણી વગરજ વલોવેલું દહીં-**મથીત**—કહેવાય છે-તે વાયુ અને પિત્તને હરનાર, કફ અને પિત્તને તોડનાર છે. ચોથા ભાગનું પાણી નાંખીને વલોવેલું દહીં-**તક્ર** કહેવાય છે-તે દસ્તને રોકનાર, તુરૂં, ખાટું, પાક અને રસમાં મધુર, હલકું, ઉષ્ણ વીર્ય, અગ્નિને પ્રદિપ્ત કરનાર, તૃપ્તિ આપનાર, વાયુનો નાશ કરનાર, સંગ્રહણી, હરસ વગેરે રોગને હિતકારક છે, તક્ર પૃથ્વી ઉપર માણસોને સુખ આપનાર છે. અરધો અરધ પાણી નાંખેલી છાશ-કફ કરનાર, બળને વધારનાર, અને આમભાગને અત્યંત ટાળનાર છે. વલોવીને જેમાંથી માખણ કાઢી લીધું હોય અને ઘણું પાણી નાંખીને કરેલી હોય તે **છછિકા** કહેવાય છે-તે ટાઢી, હલકી, પિત્ત, શ્રમ, અને તૃષાને મટાડનાર, વાયુને ટાળનારી અને કફને કરનારી છે. લૂણ નાખીને ઉપયોગમાં લેવાથી અગ્નિ પ્રદિપ્ત થાય છે.

(૮) મુખવાસનાપદાર્થ.

સોપારી—મુખવાસ તરીકે સારી વસ્તુ છે, પણ તે બહુ થોડા પ્રમાણમાં લેવાયતોજ લાભ કારક છે. જો વધારે પ્રમાણમાં લેવાય તો-દાંતના પારાને બગાડવા ઉપરાંત તેમાં જે એક દોષ રહેલો છે તે થોડા લોકો જાણતા હશે, સોપારીમાં શરીરના સાંધાઓને તથા ધાતુઓને ઢીલા કરવાનો સ્વભાવ છે. માટે બહુજ

થોડી ખાવી. ભોજન કરીને જરા મોંમાં નાખી ચાવીને ફેંકી દેવી. વધારે ખાવી નુકશાન કારક છે. કંઠને પણ બગાડે છે. **નાગરવેલનાંપાન**—તાજાં અને મોંમાં ગરમી નકરે એવાં જોઇએ. વ્યસન તરીકે જેવાં મળ્યાં તેવાં ખાવાથી લાભને બદલે હાનિ કરે છે. પાનમાં કાથા ચુનાનું યોગ્ય પ્રમાણ આવવું જોઇએ. તેમ આખો દિવસ ચાવ્યા કરવાં નહિ. બહુ પાન ખાવાથી શરીર, આંખનુંતેજ, વાળ, દાંત, જઠરાગ્નિ, કાનની ઇંદ્રિ, રૂપ, અને બળ એ સર્વને હાનિ પહોંચે છે. **એળચી-તજ-લવીંગ-જાવંત્રી**—એ સર્વ મુખવાસમાં વપરાય છે. એળચી ખરી ગરમી આપે છે, અને મુખને સુવાસિત કરે છે. તજ અને લવીંગ પણ થોડા પ્રમાણુમાં સારાં છે, પણ મુખવાસ તરીકે આ બે વસ્તુઓ વારંવાર ખાવાથી લાભ નથી. **ધાણા-વરીઆળી**—મુખવાસની અનેક વસ્તુઓમાં આ બે વસ્તુઓ વિશેષ પસંદ કરવા જેવી છે. તે દીપન, પાચન હોઇને કોઇ પણ પ્રકારના દોષથી રહિત છે. મોંમાં સ્વાદ આપે છે અને કંઠને પણ સુધારે છે. કેટલાક પાનની સાથે તમાકુ ખાયછે, પણ વિદ્વાનો તેને લાભ કારક ગણુતા નથી,

(૯) તેલનાગુણદોષ.

તલનુંતેલ—ભારે, સ્થિરતાકરનાર, બળ આપનાર, વર્ણસારોકરનાર, દસ્ત ઉતારનાર, અંગોના સાંધાઓને શિથિલ કરી રસઆદિ ધાતુઓના જોરને નરમ પાડનાર, તુરાશને મળતું, વાયુ અને કફને મટાડનાર, ઉષ્ણુવીર્ય, પુષ્ટિ આપનાર રક્તપિત્તકરનાર, ધાતુઓને ઉખેડનાર, વિષ્ઠાઅને મૂત્રને બાંધનાર, ગર્ભાશયને સાફ કરનાર, અગ્નિને પ્રદિપ્ત કરનાર, બુદ્ધિને દેનાર, પ્રમેહ, કાનનાશૂળ, અને માથાના શૂળને મટાડનાર, શરીરમાં હલકાઇ કરનાર, ચોળવાથી ચામડી, કેશ અને ચક્ષુને હિતકારી અને ખાવાથી ચામડી, કેશ અને ચક્ષુને હાનિકરનાર છે. માટે રીતસર ખાવું. **એરંડીતેલ**—તીક્ષ્ણુ, ગરમ, અગ્નિને પ્રદિપ્ત કરનાર, ચીકણું, ભારે, ચામડીને હિતકારી, જુવાનીને સ્થિર રાખનાર, બુદ્ધિ, કાંતિ અને બળને વધારનાર, તીખું, રસમાં મધુર, દસ્ત લગાડનાર, વિષમ જ્વર, છાતીનાં દરદ, વાંસાનાં શૂળ, વાયુ સંબંધી પેટના રોગ, આફરો, ગોટો, કેડનું ઝલાઇ જવું, વાયુ, લોહીબિગાડ, દસ્તની કબજીયત, સોજા, આમ અને અંદરના ગુમડાંઓને મટાડનાર છે. **સરસવનુંતેલ**—અગ્નિને પ્રદિપ્ત કરનાર, હલકું, તીક્ષ્ણુ, પિત્ત તથા રૂધિરને પાતળું કરનાર, ચળ, કોઢ, કૃમિ, ચીતરી, અને ગુમડાંને મટાડનાર છે.

(૧૦) પાણીનાગુણદોષ.

નદીનુંજળ—આ જળ રૂક્ષ, વાયુને વધારનાર, હલકું, અગ્નિનેપ્રદિપ્ત કરનાર, શરદી કરનાર નથી. સ્વચ્છ, કફ અને પિત્તને મટાડનાર છે. જે નદીઓ

પ્રબળ વેગવાળી અને નિર્મળ જળ વાળી હોય તેનાં જળ હલકાં સમજવાં. જે નદી શેવાળથી ઢંકાએલી, મંદ વેગ વાળી અને મલીન હોય તેઓના જળને ભારે સમજવાં. **ઝરણનુંપાણી**—રૂચિ ઉપજાવનાર, કફને હણનાર, અગ્નિને પ્રદિપ્ત કરનાર, હલકું, મધુર, વાયુ ઉપજાવનાર છે. **તળાવનુંપાણી**—મધુર, તુરૂં, વાયુ કરનાર. વિષ્ઠાને મૂત્રને બાંધનાર, અને રૂધિર, પિત્ત તથા કફને મટાડનાર છે. **વાવનુંપાણી**—એ પાણી ખારૂં હોયતો પિત્ત કરનાર, અને કફ તથા વાયુને હરનાર છે. જો મીઠું હોય તો કફ કરનાર અને વાયુ તથા પિત્તને હરનાર છે. **કુવાનુંપાણી**—જો મીઠું હોયતો ત્રણે દોષને હરનાર છે, હિતકારી અને હલકું છે. જો ખારૂં હોય તો કફને તથા વાયુને હરનાર, અગ્નિ પ્રદિપ્ત કરનાર અને પિત્તને ઉપજાવે છે, **વૃદ્ધસુશ્રુ** કહે છે કે;—" પોષ માસમાં સરોવરનું, માઘમાં તળાવનું, કારતકમાં કુવાનું, ચૈત્રમાં ધ્રો-ધુનાનું, વૈશાખમાં ઝરણાનું, જેષ્ઠમાં જે જળ નીચી ધરતી ચીરી નાંખી મોટી ધારાથી વહેતું હોય તેવું ઔદભિદનું, આષાડમાં કુવાનું, શ્રાવણમાં અંતરિક્ષનું, ભાદરવામાં કુવાનું, આસોમાં ધુનાનું, કારતક અને માગસરમાં સર્વ જળાશયનું જળ હિતકારી છે.

વિશેષહકીકત—જેજે પદાર્થોમાં જેજે ગુણ અવગુણ રહેલા છે, તે પદાર્થોમાંથી બનાવવામાં આવતા પદાર્થોમાં પણ તે પદાર્થોનાજ ઘણા ખરા ગુણ દોષ હોય એ સામાન્ય નિયમ છે. રાંધવાની ક્રિયા અને સંસ્કારથી ઘણી વખતે ગુણમાં ફેરફાર થાય છે. દાખલા તરીકે-જુના ચોખાનો રાંધેલો ભાત હલકો છે. પણ તેના પવા બહુજ ભારે છે. ભાત હલકો છે પણ ખીચડી ભારે છે. થોડા પાણીમાં રાંધેલો ભાત જલદી પચતો નથી, પણ બહોળા પાણીમાં બાફેલો ભાત જલદી પચે છે. એ રીતે તેની ક્રિયાથી ગુણમાં ફેરફાર થાય છે. તેમજ રાંધવાની યુક્તિ અને જુદી જુદી વસ્તુઓની મેળવણીથી શાક-તરકારી વગેરેના ગુણમાં ફેર પડે છે. જે શાક વાયુ કરતા હોય છે, તે પુષ્કળ ઘી કે તેલમાં પકાવવાથી તેનો વાયુ કરવાનો ગુણ ઓછો થાય છે. ઇત્યાદિ રીતે પદાર્થના ગુણ દોષ જાણી ઉપયોગ કરવાથી શરીર નિરોગી રહી દીર્ઘાયુષ્ય થાય છે.

ઘરઉપયોગીપદાર્થપરીક્ષા.

ગૃહ-વ્યવહારમાં ઘણી વસ્તુઓનો ખપ પડેછે. તેમાં કેટલીક વસ્તુઓ વેચનારાઓ પોતાને વધારે નફો મેળવવા માટે તેમાં ભેળસેળ કરેછે. એવી ભેળસેળ વાળી વસ્તુઓ જેવી કે દૂધ, મધ વગેરે ખાવાથી શરીરને નુકસાન કરેછે. કપડાં વગેરે ભેળસેળ વાળાં જે હેતુથી લીધાં હોયછે તે હેતુ બરાબર પાર પડતો નથી,

એટલુંજ નહિ પરંતુ થોડી મુદત ટકેછે. વળી સાચાની કીંમત લઇ ખોટી વસ્તુ આપી જાયછે. તેથી પણ વધારે પૈસા આપણા ઘરમાં તણાઇ જાયછે, વગેરે નુકસાન થાયછે. માટે સ્ત્રીઓએ પદાર્થોની પરીક્ષા કરતાં શીખવાની ઘણી જરૂરછે. તેવા જ્ઞાન વાળી સ્ત્રી એવા ઠગારાથી છેતરાતી નથી અને નુકશાનીમાંથી બચેછે. માટે આ વિષેનું વિશેષ જ્ઞાન મેળવતા રહેવું જોઇએ. અમે આ નીચે થોડાક પદાર્થોની પરીક્ષા કરવાની રીત ઉપયોગી ધારી આપીછે;—

(૧) **દુધનીપરીક્ષા**—દુધમાં નાઇટ્રીક આસીડનાં એક બે ટીપાં નાખતાંજ જો પાણીનો ભેગ હશે, તો દુધને પાણી છુટાં પડી જશે. **બીજી રીત**—દુધમાં આંગળી બોળી એક ટીપું અંગુઠાના નખ ઉપર મૂકવાથી દુધ ચોખું હશે તો ટીપું ગોળાકાર હાલતમાં રહેશે, જો પાણીનો ભેગ હશે તો તે ટીપું પ્રસરી જશે.

(૨) **ખાંડનીપરીક્ષા**—રાતી ખાંડમાં રેતી ભેળવેલી આવે છે, તેમ ધોળી ખાંડમાં હાડકાની ભૂકી આવે છે. માટે એક ગ્લાસ પાણીથી ભરી તેમાં થોડી ખાંડ નાખી ચમચાથી હલાવીને પીગાળવી. પછી થોડો વખત એ ગ્લાસને મૂકી રાખવો. જો ખાંડમાં રેતી કે હાડકાનો ભૂકો અગર બીજી જાતની મેળવણી હશે, તો ગ્લાસમાં નીચે ઠરી જશે.

(૩) **અથાણાનીપરીક્ષા**—અથાણાને સારા લીલા રંગનું કરવાને માટે તેને ત્રાંબા સાથે ઉકાળે છે. અથવા ત્રાંબાના કે પીતળના વાસણમાં આખો દિવસ રાખી મૂકે છે. તેથી તેમાં ત્રાંબાનો કાટ ચડે છે. એવા અથાણામાંથી ત્રાંબું શોધવાને માટે-એક સુંવાળો પાલીસ કરેલો લોઢાના જાડા તારનો કડકો અથાણાના વાસણમાં થોડા કલાક મૂકી રાખવો. જો તેમાં જરા પણ ત્રાંબું હશે તો તે લોઢાના સળીયા ઉપર ત્રાંબાનો રંગ ચડશે.

(૪) **ઘઉંનાઆટાનીપરીક્ષા**—થોડો આટો લઇ તેમાં થોડું સલફ્યુરીક આસીડ નાંખી મેળવી દેવું. તેથી જો આટામાં ચાક ભેળવેલો હશે, તો તે ચાકમાંથી કારબોનિક આસીડ બહાર નીકળી આટામાં ઉભરો આવશે. જો કાંઇ ભેળવેલું નહિ હશે તો ઉભરો આવશે નહિ.

(૫) **માખણનીપરીક્ષા**—કેટલીક વખતે સસ્તાં માંખણમાં ઓટ જાતના અનાજનો આટો અથવા ઘઉંનો કે બીજી જાતનો આટો ભેળવે છે. માટે તેમાંથી થોડા માખણને એક કાચની નળીમાં કે શીશીમાં તાવીને તપાસવાથી ભેળવેલી ચીજ છુટી પડશે અને ઠંડું થયા પછી તેમાં ભેળવેલો પદાર્થ માલમ પડશે.

(૬) **મધનીપરીક્ષા**—મધમાં ખાંડ અથવા સાકરની ચાસણી ભેળવીને વેચે છે. માટે મધનાં ૨૦ ટીપાં તથા પાણીનાં ૬૦ ટીપાં લઇ, તેમાં થોડોક આલકોહોલ નાંખવો. જો તે મધ ચોખું હશે, તો આ રીતથી તે દૂધના જેવું સફેદ થશે, પણ જો તેમાં ચાસણીનો ભેગ હશે, તો તેમાંથી કાંજી જેવો ભાગ

છુટો પડી નીચે ઠરી જશે.

(૭) **સુગંધીતેલનીપરીક્ષા**—કેટલીક જાતનાં સુગંધી તેલમાં આલકોહોલ ભેળવે છે. તેથી તેવા તેલમાંથી ૧ ડ્રામ ગ્લાસમાં લઈ, તેમાં ૨ ડ્રામ વરાળનું કરેલું પાણી અગર ડીસ્ટીલવૉટર નાંખવું. જો તેમાં આલકોહોલનો ભેગ હશે, તો તે મેળવણી દુધ જેવી થઇ જશે.

(૮) **પાણીનીપરીક્ષા**—પાણી વગેરે હરકોઇ વસ્તુમાં સોમલ હોય, તો પાણીમાં ગાળેલું મોરથુથુનું પાણી તેમાં નાંખવું. પછી તેમાં થોડો કારબોનેટ ઓફ્ પોટાસનું પાણી નાંખવું. તેથી સોમલ ત્રાંબાની સાથે મળીને પાણી નીચે ઠરી રહેશે અને લીલા રંગનું દેખાશે.

(૯) **સોનાનીપરીક્ષા**—કોઇપણ જાતના દાગીના સોનાના છે કે બીજી ધાતુના છે, તે જાણવા માટે દાગીનાને કસોટીના પથ્થર ઉપર જોરથી ઘસવો. તેથી તે ધાતુનો ઘસારો અથવા ડાઘ પથ્થર ઉપર પડશે. પછી તે ડાઘ ઉપર જરા નાઇટ્રીક આસીડનું ટીપું મૂકવું. તેથી જો ખરા સોનાનો દાગીનો હશે, તો તે ડાઘ જશે નહિ, પણ એમનોએમ પથ્થરપર રહેશે. જો ડાઘ જતો રહે તો સમજવું કે એ સોનાનો દાગીનો નથી, પણ પીતળ અથવા બીજી ધાતુનો છે.

(૧૦) **કોપરેલતેલનીપરાક્ષા**—કોપરેલ તેલને સફેદ બીલોરી કાચના પ્યાલામાં ભરીને તપાસવું. જો તે તેલ સાફ અને ચોખ્ખું પાણી જેવું સફેદ દેખાય તો તે ચોખ્ખું જાણવું. જો તેમાં જરા પણ પીળાશ દેખાય તો હલકું સમજવું.

(૧૧) **ગ્યાસલેટનીપરીક્ષા**—ગ્યાસલેટ અગર પેટ્રોલ્યમ તેલ જલદીથી સળગી ઉઠે છે કે નહિ તે જાણવા-એક ગ્લાસ તેલથી પોણો ભરવો. પછી તેમાં ખળખળતું પાણી નાંખી કાંઠા સુધી પૂરો ભરવો, પણ પાણી રેડતી વખતે ગ્લાસ પર સળગેલી વસ્તુ ધરવી. જો ગ્લાસમાંથી નીકળતો બાફ તરત સળગે તો જાણવું કે તે તેલ જોખમ ભરેલું હોવાથી ખૂલ્લું મૂકવું નહિ.

(૧૨) **અત્તરનીપરીક્ષા**—એક સફેદ કાગળનો કડકો લઇ, તેનાપર અત્તરનું એકાદ ટીપું નાંખવું અને તે કાગળને બળતા આગળ ધરવો, જો અત્તર ઉડી જાય તો તે સારૂં જાણવું.

(૧૩) **હીંગનીપરીક્ષા**—હીંગના ગાંગડાને દીવાસળીથી સળગાવવો. જો તે કપુરની પેઠે એકદમ સળગી ઉઠે તો જાણવું કે તે હીંગ ચોખી છે અને ન સળગે તો ભેગ સમજવો.

(૧૪) **જાયફળનીપરીક્ષા**—જે જાયફળ સૌથી વજનમાં ભારે હોય, મોટાં હોય, તેલીયાં હોય અને સારાં સુગંધીવાળાં હોય તે સારાં સમજવાં.

(૧૫) **કોલનવૉટરનીપરીક્ષા**—કોલન વૉટરની શીશીને ખૂબ જોરથી હલાવવી. તેથી ઉપર પરપોટા આવશે. જો તે પરપોટા થતાંજ તરત ફુટી જાય,

તો તે ચોખુ જાણવું અને વાર લાગે તો હલકું ભેગવાળું સમજવું.

(૧૬) **હીંગળાનીપરીક્ષા**—એક ગ્લાસમાંજરા હીંગળો નાંખી. તેમાં ચોખો આસીટસ આસીડ નાંખવો. જો તેમાં ચાકનો ભેગ હશે તો ફીણુ કે ઉભરો આવશે—હીંગળાને એક વાસણ ઉપર મૂકી ગરમી લગાડવી. જો ચોખો હશે તો સઘળો બાફ થઈ ઉડી જશે અને એક રજ પણ વાસણ ઉપર રહેશે નહિ. જો સીંદુરનો ભેગ હશે તો સીસાની ઝીણી કરકર રહી જશે. જો ગેરૂનો ભેગ હશે તો તે પણ રહી જવાનો, કેમકે તેને બાફ થઇ ઉડી જવાને વધારે ગરમી જોઇએ. હીંગળાને ગરમ કરતાં જો તેમાંથી લસણના જેવો વાસ નીકળે તો જાણવું કે સોમલનો ભેગ છે.

(૧૭) **કલાઈકરેલાવાસણનીપરીક્ષા**—કલાઇ કરેલા વાસણ ઉપર સફેદ કપડું ઘસવાથી જો પેનસીલના જેવો કાળો ડાઘ માલમ પડે, તો જાણવું કે સીસાની ભેળવણી વાળી કલાઇ વાપરેલી છે.

(૧૮) **સાબુનીપરીક્ષા**—સાબુને બનાવતી વખતે કેટલીક જાતની હલકી વસ્તુઓ ભેળવે છે. તે શોધી કાઢવાને તેવા સાબુની પાતળી કરચો કરી તેનો એક ભાગ લેવો. પછી તે એક ભાગના વજન બરાબર ૬ ભાગ સ્વચ્છ સ્પીરીટ ઓફ વાઇનમાં નાંખીને બાટલીને બુચ મારવો અને તેને ગરમ જગા પર મૂકી રાખવી. જો સાબુ સારો હશે તો તે બધો સ્પીરીટમાં પીગળી જશે. જો તેમાં મટોડી અથવા રેતી ભેળવી હશે, તો બાટલીમાં નીચે ઠરી રહેશે.

(૧૯) **ટરપીટનતેલનીપરીક્ષા**—જો ટરપીટન તેલમાં બીજી હલકી જાતનું તેલ ભેળવેલું હોય તેને શોધવા—એ તેલને સફેદ કાગળ અથવા કપડા ઉપર થોડુ નાંખી . તેને જરા આતસ આગળ રાખી ગરમી દેખાડવી, જો તેલ ચોખુ હશે તો વરાળ રૂપે ઉડી જશે અને કાગળ અથવા કપડા ઉપર કાંઇપણ ડાઘ રહેશે નહિ, જો ભેગ હશે તો તે પર ડાઘ પડી રહેશે.

(૨૦) **રેશમનાકપડાનીપરીક્ષા**—નમુના તરીકે રેશમી કપડામાંથી નાનો કકડો કાપી લઇ તેને હાઇડ્રોક્લોરિક આસીડમાં થોડી સેંકડ બોળી રાખવો, અથવા એ દવાનાં ટીપાં કપડાના નમુનાની વચમાં રેડવાં. હવે જો રેશમ ચોખુ હશે તો પેલા કકડાની વચ્ચે એક કાંણું પડેલું જણાશે. જો રેશમ તે દવાથી પીગળી જઇ ફક્ત દોરા રહેવા દેતો, તે ઉપરથી સમજવું કે રેશમમાં અમુક જાતનો ભેગ છે.

(૨૧) **ફલાનેલનાકપડાનીપરીક્ષા**—ફલાનેલના કપડામાંથી થોડો કડકો કાપીને તેને પાપડખારના પાણીમાં ઉકાળવો. તેથી જો બધું ઉન હશે તો તે પાણી સફેદ સાબુ જેવું થશે. જો સુતર તેમાં હશે તો પાણીનો રંગ બદલાશે નહિ.

(૨૨) **ઉનનાકપડાનીપરીક્ષા**—ઉનના કપડાનો એક કડકો લઇ, એક પૈંટ એટલે રૂા. ૧૦ ભાર પાણીમાં નાંખી, તે પાણીમાં બે ઔંસ ક્લોરાઇડ

ઓફ લાઇમ ઉમેરવો. થોડી વાર પછી જોવાથી કપડાનો રંગ બદલાયેલો જણાશે, જેટલો ઉનનો ભાગ હશે, તેટલો પીળો પડી જશે, અને જેટલો સુતરનો ભાગ હશે, તેટલો સફેદ થઇ જશે.

(૨૩) **લીલારંગનીસૂકીચાનીપરીક્ષા**—ચાને લીલા રંગની દેખાડવા માટે ચીનના વેપારીઓ મોરથુથુનો રંગ આપે છે, તે શોધી કાઢવા સારૂ ગ્રોન ચાને બાટલીમાં નાંખી તે ઉપર લીકવીડ આમોનિયા ૧ ભાગ અને પાણી ૦ાા ભાગ લઇ એકઠને મેળવીને પેલી ચાવાળી બાટલીમાં નાંખવી. પછી બાટલીને ખુબ હલાવવી. તેથી જો ચામાં મોરથુથુનો ભાગ કાંઇપણ હશે, તો બાટલીમાંના પાણીનો રંગ વાદળી થઇ જશે.

(૨૪) **આટાનીપરીક્ષા**—આટો સારો છે કે નહિ અને તેમાં કાંઇ બીજી વસ્તુનો ભેગ છે કે નહિ, તે જાણવા સારૂ થોડોક આટો હાથમાં લઇ અરધી મિનિટ સુધી મસળીને લુંદો વાળવો. તેથી જો તે સારો હશે તો તે છુટો પડશે નહિ અને તેમાં કાંઇ ભેગ હશે તો હાથમાંથી છુટો પડતાંજ વેરાઇ જશે.

(૨૫) **પોસ્ટનીટીકીટનીપરીક્ષા**—પોસ્ટની ટીકીટ સારી છે કે રદ થયેલી છે, તે જાણવા સારૂ ટીકીટ ઉપર ગ્યાસલેટનું ટીપું મુકવાથી તેમાં છાપનો ડાઘ જરા પડેલો હશે, અને જણાતો નહિ હોય તો તે બરાબર જણાશે.

ઘરઉપયોગીરસોઇકળા.

જગતમાં પ્રભુએ અનેક પ્રકારની વનસ્પતિ—અનાજ, ફળ, ફુલ, કંદ, મૂળ, તેજાના, મેવા, અને શાકભાજી વગેરે ખોરાકના પદાર્થો ઉત્પન્ન કર્યા છે. તેમાં કેટલાક પદાર્થો રાંધીને અને કેટલાક કાચાને કાચા ખવાય છે. મનુષ્ય સિવાય બીજાં પ્રાણીઓના શરીરની રચના અને હોજરીનું બંધારણ એવું કરેલું છે કે તેઓ પોતાનો ખોરાક કાચોને કાચો ખાય છે; તોપણ તેમને પાચન થઇ શકે છે; પરંતુ મનુષ્યનું શરીર અને હોજરીનું બંધારણ એવા પ્રકારનું કરેલું છે કે તેમનાથી રાંધ્યા વગરનો કાચો પદાર્થ જોઇએ તેવી રીતે પાચન થઇ શકતો નથી; એટલુંજ નહિ પરંતુ વખતે નુકશાન કરે છે. આવા કારણથી દયાળુ પ્રભુએ મનુષ્યને પોતાનું જીવન બાળવી રાખી વૃદ્ધિ કરવાને બુદ્ધિ આપેલી છે. તેના વડે પોતાનો ખોરાક કેળવી પકાવી તરેહ તરેહના સ્વાદ ભરેલા રસિક પદાર્થો બનાવી ખાય છે, તેથી શરીરને જોઇએ તેવું પોષણ મળી શકે છે. ખાવા પીવાના પદાર્થો જુદા જુદા ગુણો ધરાવે છે. ખોરાક ખાવાપીવાથી શરીરમાં વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષો ઉત્પન્ન થાય છે. જો એ ત્રણે દોષો સમાન રહે છે, તોજ શરીર

આરોગ્ય રહે છે અને ન્યૂનાધિક થાય છે, તો અનેક પ્રકારના રોગો પેદા થઇ શરીર બગડે છે. એ ન્યૂનાધિક થવાનો આધાર ઋતુઓના ફેરફાર અને ખાવા પીવાની વ્યવસ્થા ઉપર રહેલો છે. ઋતુઓના ફેરફારથી પ્રકૃતિમાં પણ ફેરફાર થાય છે અને જુદી જુદી પ્રકારે બનાવેલો ખોરાક ખાવા પીવાની સ્વાભાવિક રીતે ઇચ્છા થાય છે. નિત્ય એકજ જાતનો ખોરાક ખાવામાં આવે છે, તો ખોરાકનાં તત્ત્વો તેનાં તે હોવાથી પ્રકૃતિને માફક આવતો નથી; કારણ કે શરીરને પોષક જોજે જુદાં જુદાં તત્ત્વોની જરૂર છે, તે તે તત્ત્વો એકજ જાતના ખોરાકમાંથી મળી શકતાં નથી. તેથી કુદરતી રીતેજ જુદા જુદા તત્ત્વો વાળા સ્વાદ ભરેલા રસિક વિવિધ પદાર્થો ખાવાની રૂચિ પેદા થાય છે. માટે વિવિધ પ્રકારની ક્રિયાથી બનાવેલા પદાર્થો ખાવા પીવાની ખાસ જરૂર છે.

ખોરાકના પદાર્થોમાં કુદરતી રીતેજ અનેક તરેહના સ્વાદ ભરેલા રસો રહેલા છે, પરંતુ તેમને ઉત્પન્ન કરવાની રસાયણિક ક્રિયા જેઓ જાણતા હોય છે, તેઓજ તે બનાવી શકે છે. તેવી રીતે બનાવેલો સ્વાદ ભરેલો રસિક ખોરાક ઋતુ અને પ્રકૃતિને અનુકુળ ખાવાપીવામાં આવે છે, તો તન, મન વૃદ્ધિ પામી દીર્ઘાયુષ્ય થાય છે. પ્રાચીનકાળમાં નળરાજા, ભીમસેન, રેણુકા અને અરૂંધતિ વગેરે સ્ત્રી પુરૂષો રસવંતી સ્વાદિષ્ટ રસોઇકળા ઉત્તમ પ્રકારે જાણતાં હતાં; પરંતુ અર્વાચીન એવા શિક્ષણની બહુ ખામી જોવામાં આવે છે. ઘરનાં માણસોની ખાવા-પીવાની વ્યવસ્થા કરવાનો મુખ્ય આધાર સ્ત્રીઓપર રહેલો છે. જેમ પુરૂષોને વિદ્યા આવડવી એ આવશ્યક છે, તેમ સ્ત્રીઓને રસોઇ કરતાં આવડવી એ આવશ્યક છે. જેમ પુષ્કળ વિદ્યાવાળા પુરૂષને માન પ્રતિષ્ઠા મળે છે અને તે તેનું ભૂષણ છે, તેમ સ્ત્રીઓને સારી રસોઇ કરતાં આવડે છે, તો તેની પ્રતિષ્ઠા વધે છે. પુરૂષોએ ઘરમાં આણેલા પદાર્થ સારી રીતે તૈયાર કરી તેને જમાડવા, એ સ્ત્રીઓનું કર્તવ્ય છે. સારો અને સ્વચ્છ ખોરાક ખાવાને મળવાથી પ્રકૃતિ નિરોગી રહે છે અને મન સંતુષ્ટ થાય છે. સારી રસોઇ કરનાર સ્ત્રી વળી કુટુંબમાં સર્વને વ્હાલી થઇ પડે છે. માટે પુત્રીઓને રસોઇ સારી કરતાં શિખવવી આવશ્યક છે. કોઇપણ કળા એકદમ આવડવી કઠણ છે. સારી રસોઇ કરતાં આવડવાને ઘણા દિવસનો મહાવરો જોઇએ, તોપણ લક્ષ આપીને કાળજીથી કામ કરતાં વહેલી સારી કરતાં આવડશે. રસોઇ સારી થવાને પ્રથમ સ્વચ્છતાની ઘણી અગત્ય છે. કયા પદાર્થમાં શું શું અને કેટકેટલું નાંખવું તે લક્ષમાં રાખવું. રસોઇ વખતો વખત કરવાને આળસ કરવી તે બિલકુલ કામની નથી. સારૂં પરિપકવ (ચડેલું અન્ન) ખાવા-ઉપર શરીર પ્રકૃતિ અવલંબીને છે. ઉત્તમ અને વિપુલ અન્ન મળવાનાં સાધનો બધાને અનુકુળ હોતાં નથી, પરંતુ સારી સુઘડ સ્ત્રી હોયતો વ્યવસ્થાથી અન્ન સારૂં રૂચિકર કરીને ખવડાવે છે. ઘણો ઉત્તમ ખોરાક જો ખાવાને મળે નહિ તો

કાંઇ હરકત નહિ, પરંતુ તે સ્વચ્છ અને મન પ્રસન્ન થાય તે રીતે તૈયાર કરેલો હોવો જોઈએ. રાંધેલા અન્નમાં મીઠાશ લાગવી જોઇએ, એટલુંજ નહિ પણ તે દેખાવમાં પણ ખરાબ ન જોઇએ અને તે જોતાંજ બરાબર તેનાપર મન જાય. આપણામાં કહેવત છેકે 'આંખને ભાવે તે મોંને ભાવે' જે અન્ન જોતાંવાંત સારૂં ન દેખાય તે ખાવાને મન પણ થાય નહિ. રસોઇ સારી દેખાવા માટે તેને સ્વચ્છ રાખવી જોઇએ, તેમ તેમાં કચરો વગેરે પડી ખરાબ ન થાય, તે તરફ લક્ષ આપવું જોઇએ. રસોઇ સારી કરતાં આવડતી હોય, પણ જો તે તૈયાર કરતાં દુર્લક્ષ રાખી સ્વચ્છતા રાખવામાં ન આવે તો અને સાધનો નિર્મળ ન હોયતો તે રૂચે નહિ અને મહેનતની ચીજ થાય નહિ. માટે રસોઇનાં સાધનોની પ્રથમ વ્યવસ્થા બરાબર રાખવી જોઇએ. રસોઇના પદાર્થો શી રીતે બનાવવા અને તેનાં સાધનો સ્વચ્છ રાખવા વગેરેની વ્યવસ્થા શી રીતે કરવી? તે વિષે થોડી હકિકત આ નીચે ઉપયોગી ધારી આપેલીછે;—

(૧) રસોઇનાસાધનોનીવ્યવસ્થા.

રસોઇનાં વાસણો સારી રીતે અજવાળી લૂછી કરીને કંટેવાળો કરી તૈયાર રાખવાં અને તેને વખતો વખત કલાઇ કરેલી હોવી જોઇએ. ચઢેલા પદાર્થોમાં મેલી કડછી ઘાલવી નહિ. વેલણ, કથરોટ, કડાઇ, તાવેથા અને ઝારાઝારી વગેરે સ્વચ્છ હોવાં જોઇએ. ચોખા, દાળ વગેરે જણસો સારી રીતે વિણી તેમ ધોઇ સ્વચ્છ કરી પછી તેને ચઢાવવી. શાક, ભાજી પણ વિણી, સમારી કરી ધોઇને સ્વચ્છ કરી પછી કરવાં. મેલા હાથ કશાને અડકાડવા નહિ. રસોઇમાં જોઇતા પદાર્થો ઉઘાડા મૂકવા નહિ. દહીં, દૂધ, ઘી અને તેલ વગેરે પદાર્થને ઘણા સાચવવા, કારણ જરા કાળજી ન રાખે તો ખરાબ થાય છે. પદાર્થ ચઢતી વખતે બળતણ તરફ ખાસ ધ્યાન રાખવું જોઇએ. તેમાં દુર્લક્ષ થવાથી પદાર્થ કાચો રહેશે તો તેનો સ્વાદ બગડશે અથવા બળીને ખાખ થઈ જશે. મીઠું, મરચું, મસાલો વગેરે વખતસર નાંખવું; નહિતો સ્વાદ બગડશે. પદાર્થ ચઢતી વખતે ઘણી ઉતાવળ કે બહુ ધીમાશ રાખવી નહિ. ચઢેલો પદાર્થ જમનારને પીરસતાં સુધી ઉનો રહેવો જોઇએ અને તે દુણાઈ ન જાય તેને માટે ઘણી ચીવટ રાખવી જોઇએ. તેમ કચરો કે રાખ ઉડી તેમાં ન પડે માટે સર્વ ઢાંકી રાખવાં. ચૂલા ઉપરના છાપરે ધુંસકે જાળાં ચોટેલાં હોય તે સાફ કરતાં જવાં કે તે ઉડી રાંધેલા ખોરાકમાં પડે નહિ. વગેરે રીતે સારી વ્યવસ્થા રાખવી જોઇએ.

(૨) રૂચિપ્રમાણેખોરાકમાંફેરફાર.

હમેશ એકજ પ્રકારનો ખોરાક ખાવામાં આવવાથી માણસને અન્ન ઉપર

અરૂચિ ઉત્પન્ન થાય છે. માટે તેમાં કાંઇપણ ફેરફાર કરવો જોઇએ. પકવાન કે ખાડુ પૂરી રોજ કરવાં જોઇએ એમ નથી; કારણકે એવા પદાર્થ રોજ કરી ખાવાને આપણી શક્તિ નથી અને તે પચે પણ નહિ; માટે કરવામાં સહેલા, ખાવામાં રૂચિકર અને સ્વાદિષ્ટ હોઈ જે ઘણા ખર્ચના ન હોય એવા પદાર્થ વારા ફરતી કરવા. દક્ષિણમાં આવા પદાર્થ જુદા જુદા પ્રકારના ચોખાના બનાવે છે; કારણકે તે દેશમાં ડાંગરનો પાક ઘણો હોય છે. તેવીજ રીતે આપણા દેશમાં કઠોળના જુદા જુદા પદાર્થ બને છે. જેવાકે:—પાપડ, તીખીસેવ, ગાંઠીયા, ભજીયાં, મેથીની ભાજીનાં ભજીયાં, દૂધીનાં ભજીયાં, મઠીયાં, અડદનાં વડાં, તીખાપૂડા, ઢોકળાં, અળવીનાંભજીયાં, લુણીનાંભજીયાં, ઇત્યાદિ ઘણા પ્રકારનાં બને છે. આવા પદાર્થ જે માણસની તબિયત નરમ હોય, તે ખાય તોપણ હરકત નહિ, મંદવાડમાંથી ઉઠેલા માણસના મ્હોંમાં અમી હોતી નથી. કંઇ ભાવતું નથી; તેને આવા પદાર્થ કરી આપવાથી ભાવે છે અને તે ખાય છે. વળી ભાવતા પદાર્થ ખાવાથી તે પચે પણ છે. આજ પ્રમાણે બીજા પદાર્થો જેવાકે;—મગની દાળની ખીચડી, દાળ, તાંદળજો, કોળું, ભીંડા, મેથી, સુરણ, મુળા, કોબી, પરવર, કારેલાં વગેરેનું કોઇ શાક. કોઠાની અને ભોંયમગના દાણાને શેકી કરેલી ચટણી. આમચૂરની ચટણી, પંચામૃત, રીંગણાનાંરવૈયાં, આંબલી ને ગોળ નાંખેલું આમચૂર, અને મીઠો લીંબડો નાખીને કરેલો સાર, સળગવાની શિંગો, કાકડી કે કોળાં નાખેલી કઢી, ચણાની દાળની અને મસાલાની દાળ—આમટી, મગ, મઠ, ચોળાનો સાર, એ પદાર્થોને વારા ફરતી રોજની રસોઇમાં ફેરફાર કરવાથી થોડીજ મહેનત પડે છે, અને અન્નનો અભાવો થતો નથી. તેથી શરીરમાં પણ ફાયદો થાય છે. મનને રૂચિકર થાય અને સ્વાદ આપે એવાં, પકવાનો, શાક, મુરબ્બા, મસાલા, ભજીયાં અને ચટણીઓ વગેરે સ્વાદિષ્ટ ભોજનો દિવાળીના તહેવાર વગેરે અને વિવાહ વગેરે શુભપ્રસંગે બનાવવાનો રિવાજ છે. માટે તેમાંના કેટલાક પદાર્થો શી રીતે બનાવવા તેની રીત આ નીચે ઉપયોગી ધારી આપેલી છે;—

(૩) વિવિધપ્રકારનાંપકવાનોબનાવવાનીરીત.

ખાંડનીચાસણીબનાવવાનીરીત—ચાર શેર ચોખી ખાંડ, તેમાં શેર ૧ પાણી રેડવું. પછી એક કડાઇમાં નાંખી ચૂલે ચડાવવું. તેમાં દૂધ શેર ૧ થોડે થોડે અંતરે છાંટતા જવું, એટલે ખાંડનો મેલ ઉપર આવશે. જેમ જેમ મેલ ઉપર આવતો જાય, તેમ તેમ ઝારાવતી કાઢી લેતા જવો. જ્યારે મેલ નિકળતો બંધ થાય, ત્યારે તે રસ બીજા વાસણમાં એક ઝીણા લૂગડાથી ગાળીને ભરવો. તે ગાળેલો રસ ફરીથી કડાઇમાં નાંખી ચૂલે ચઢાવી તાવેથા વતી હલાવતા જવો, તાવેથાને વળગેલા રસને આંગળી અડકાડીને તે આંગળીની ચપટી દબાવી જોવી,

તે ચપટી ઉઘાડતાં, આંગળી ને અંગુઠા વચ્ચે જેટલા તાર થાય. તેટલા તારી ચાસણી જાણવી. જે પકવાનમાં જેટલા તારી ચાસણી નાંખવી હોય, તેમાં તેટલા તારી કરી નાંખવી.

અમૃતપાક—ઘઉંનો મેંદો શેર ૧ લઇ તેને ઘી શેર ા નું મોણ દેવું. તેમાં ઉનું પાણી નાંખીને મુઠીયાં વાળવાં. તે મુઠીયાં કડાઇમાં ઘી શેર એક નાંખી તળવાં. તે લાલ થાય ત્યારે કહાડી લઇને ભૂકો કરવો. પછી ખાંડ શેર ૨ની અઢી તારી ચાસણી કરીને તે ભૂકો તેમાં નાંખવો. પછી તેમાં બદામ, પસ્તાં ચારોળી, એળચી વગેરે જે મસાલો નાંખવો હોય તે નાંખી ચોસલાં પાડવાં. **મહેસુરપાક**—ઘઉંનો મેંદો (ઝીણો લોટ) શેર એક લઇને ઘી શેર ા નું મોણ દેવું. પછી કડાઈમાં ઘી શેર ૧ા નાંખી, તેમાં મેંદો શેકવો, હલાવતાં હલાવતાં શેકાઇને લાલ થાય, ત્યારે ઉતારવો. પછી ખાંડ શેર ૨ા ની કુચાપડતી ચાસણી કરીને તે શેકેલા દળમાં નાંખવી. તેમાં જે મસાલો નાંખવો હોય તે મરજી પ્રમાણે નાખવો. ઠરે એટલે એક કથરોટમાં પાથરી ઉપર થાળી ફેરવવી. પછી છરી વતી ચોસલાં પાડવાં, પછી તે ઉખેડી નાખવાં. **મગજનાલાડુ**—ચણાનો લોટ શેર એક, તેમાં દૂધ શેર ા અને ઘી પૈસા ૩ ભાર નાંખી મોણ દેવું. પછી કડાઇમાં ઘી શેર ૧ નાંખી, તેમાં તે મોણવાળો લોટ નાંખવો. તળે ખુબ તાપ કરવો, તે લોટ હલાવતાં હલાવતાં જ્યારે રતાશ પડતો દાણો પડે, અને માંહેથી ઘી છુટવા લાગે અને સુગમ આવે, એટલે તેમાં જરા દૂધ છાંટી હલાવી ઉતારીને તેમાં ખાંડ શેર ૧, ભેળવવી. પછી તેમાં સાકરના કડકા, જાયફળનો ભૂકો, એળચીનો ભૂકો, પસ્તાં, ચારોળી વગેરે મસાલો નાખવો અને લાડુ વાળવા. **ચણાનાવેસણનાલાડુ**—ચણાનો લોટ ચાળીને શેર ૧ લેવો, તેને ઘી શેર ૧ કડાઇમાં નાખી તે લોટ શેકવો. સારો શેકાય ને વાસ આવે ત્યાં સુધીશેકવો. તેમાં ઘી છૂટવા માંડે એટલે દૂધ છાંટી કડાઇ નીચે ઉતારી એક તાસકમાં કાઢીનાંખવો. પછી ખાંડ કે સાકર શેર ૨ ની અઢીતારી ચાસણી કરી, તે શેકેલા લોટમાં નાખવી. તેને હલાવીને ઠરવા દેવો. કેસર નાંખવું હોય તો ત્રણ માસા જરા દુધ કે ચાસણીમાંજ ભેળી ચાસણી ભેળુંજ નાખવું. બદામ અને બે દાણા (દ્રાક્ષ) નવટાંક અને એલચી અડધો તોલો વાટીને નાખવી. પછી લાડુ વાળવા. **દળનાલાડુ**—ઘઉંનો શેર ૧ સફેદ ઝીણો રવો, સાકર શેર ૨, ઘી શેર ૧, ત્રણ માસા કેસર—મસાલો નવટાંક, એટચી તોલો ાા. કરવાની રીત—વેસણના લાડુ પ્રમાણે. **બુંદીઅનેકણસાઈનાલાડુ**—ચણાનો ઝીણો લોટ શેર ૧, સાકર કે ખાંડ શેર ૨, ઘી શેર ૧ા, દૂધની કરવી હોય તો દૂધ શેર ૨. પ્રથમ લોટ ને ઘી શેર ા નું મોણ દેવું. પછી પાણી શેર ૧ા માં તે લોટને ડોહીને બાસુદી જેવું જાડું કરવું. તે સરખું હલાવી મેળવવું. પછી ચૂલા ઉપર કડાઈમાં ઘી નાખી, તે ઘી થાય

એટલે બુંદી પાડવાને ઝારેથી એ મેળવેલા લોટની બુંદી પાડવી. તે બુંદી તળાઇને રતાશ પડતા આવે કે બીજા બુંદી કાઢવાના ઝારાથી તે કાઢીને તાસકમાં નાખવી. તે બુંદી ગોળ અને અંદરથી પોચી થવી જોઇએ. જો મોણ કમી હોય અગર પાણી કે દૂધ નાખી લોટનું પીઠું જાડું કર્યું હોય, તો દાણો પોચો થતો નથી. પાતળું હોય તો દાણો ચપટો અને લાંબો થાય છે. કદી દાળ ખરાબ હોય તો પણ એમ થાય છે. એક બે ઘાણ થયા પછી ઝારાને ધોવો પડે છે. નહિ તો બુંદી બરાબર પડતી નથી. બુંદી પાડયા પછી ખાંડ શેર ૨ ની અઢીતારી ચાસણી કરી તેમાં બુંદી નાખીને હલાવવી. કેશર નાખવું હોય તો થોડી ચાસણીમાં મેળાવી, પછી બધી ચાસણીમાં નાખી દેવું. મસાલો બુંદીમાં ચાસણી નાખીને પછી નાખવો. પછી હલાવી ઠરે એટલે લાડુ વાળવા. **મોતીચૂર**—એનીકૃતિ ઘણીખરી બુંદીના લાડુ પ્રમાણે છે. તેમાં ઘી શેર ૧ાા. સાકર અગર ખાંડ શેર ૩, કેસર ૪ માસા. મસાલો શેર ૦ા, એલચી ૦ાા તોલો. મોતી ચુરનો ઝારો બુંદી પાડવાના ઝારાથી ઝીણા છિદ્રનો હોય છે, તે વડે મોતી સરખા ગોળ દાણા પાડવા અને કેસર મસાલો નાખવો. એટલુંજ માત્ર વધારે છે. **લાકડસાઇ**—એની બનાવટ બુંદીના લાડુ પ્રમાણેજ છે. તેમાં ચણાનો લોટ શેર ૫, ઘી શેર ૧. અને ખાંડ શેર ૩. તેના ઝારાનાં છિદ્ર બુંદી પાડવાના ઝારાથી જરા મોટાં હોય છે. તેવડે મોટી મોટી કળીઓ પાડવામાં આવે છે. પછી તે તળાઇ ને લાલાશપર થાય ત્યારે તેને ખાંડી ઝીણો દળ જેવો ભૂકો કરે છે. તેમાં ખાંડની ચાસણી કરી નાખે છે. તે ઠરે એટલે તેમાં મસાલો નાખી લાડુ વાળવા. **ગુંદરપાક**—ગુંદર શેર ૧, લાવી તેના કકડા કરવા. તેને ઘી શેર ૧ માં તળવા. ફુલીને બરાબર તળાય એટલે તેનો ભૂકો ઝીણો કરવો. તેમાં ખાંડ શેર ૨ ની અઢી તારી ચાસણી કરી નાખવી. તેમાં મસાલો નાખવો. પછી તેને કથરોટમાં ઢારી ચોસલાં પાડવાં. **જલેબી**—ઘઉનો મેંદો—પરસુદીનો લોટ શેર ૧, લેવો. તેને ઘી શેર ૦ા નું મોણ દેવું, તેમાં દહીં ખટાશવાળું શેર ૦ાા નાંખવું. પછી તેમાં પાણી જોઇએ તે પ્રમાણમાં નાખી તેને ખૂબ ઘોળવું, તેને માટીના કોરા વાસણમાં દહીં શેર ૦ા ચોપડીને તેમાં ઘોળેલો મેંદો નાખવો. તેનો બસ બસીને ખાટો આથો આવે, ત્યાં સુધી રાખી મૂકવો. કેટલાક તરત આથો લાવવા વાસણને તડકે પણ મૂકે છે. આથો લાવવાને એક બે દિવસ પણ લાગે છે, આથો આવ્યા પછી તેને ખૂબ હાથથી ઘોળવું. પછી એક છાછરી કડાઇમાં ઘી શેર ૧ાા મૂકવું; તે ઘી પાકીને તૈયાર થાય, એટલે તળીએ કાંણાવાળી કાચલી અગર નીચે કાંણાવાળો માટીનો લોટકો અગર કાંણાવાળા લોટામાં ઘોળેલા ખમીરને ભરીને તેના કાંણા વાટે ઘીમાં ધાર કરી ગોળ ઘુંચળાં—ચકરડાં પાડતાં જવાં, તે ચકરડાં તળાઇને રતાશ પકડે એટલે ઝારાવડે તેને કાઢી લઇ, ખાંડ શેર ૨ ની મોળી ચાસણી એટલે બહુ પાકી ચાસણી કરી

નહિ. તે ચાસણીમાં પછી એ ચકરડાંને બે વાંસની સોટીઓથી પકડી ઝબોળીને એક કથરોટમાં મૂકવાં. સૂચના—જલેબી તળીને કાઢી જોવી કે અંદરથી પોલી છે કે નહિ, જો પોલી ન હોય તો તેના ઘોળેલા ખમીરમાં થોડું ઘી નાખીને સારી પેઠે ફીણવું. તે ઘોળવું જો જાડું હોય છે, તોપણ જલેબી પોલી થતી નથી, તેમ બહુ પાતળું હોય તો તે પોલી થાય છેખરી, પણ ચપટી થાય છે અને ખરાબ દેખાય છે. માટે ઘોળેલું ખમીર એવું તૈયાર કરવું કે જલેબી પોલી થાય અને તળાયા પછી તેનો આકાર ગોળ થાય, તોજ તેમાં અંદર ચાસણી જશે, નહિ તો ચાસણી જશે નહિ. ઘોળેલું ખમીર ચીકણું ન હોય તો અગર બરાબર ફીણેલું ન હોય તો જલેબી બગડી જાય છે. ચીકાશ લાવવાને માટે શેર ૧ એકે અડદની દાળનો લોટ શેર ૦। અને ચણાની દાળનો લોટ શેર ૦। નાખે છે. તથા ચોખાનો લોટ પણ શેર ૦। નાખે છે, પણ અડદનો લોટ નાખવો પડે તો ચોખાનો લોટ કમી નાખવો. જલેબી તળતી વખતે છીછરી કડાઈમાં જલેબી બૂડે એટલું ઘી મૂકવું. કેશર ચાસણીમાંજ નાખવું. તેથી રંગ આવશે. જલેબી કડક હોય તો રંગ સારો દેખાય છે અને સ્વાદિષ્ટ લાગે છે. ચાસણી પાતળી હોય છે, તો જલેબી નરમ પડે છે અને ઘણા દિવસ ટકતી નથી. ઇત્યાદિ રીતે સંભાળીને કરવી.

અનારસા—(દક્ષિણી વાની.)—ચોખા જુના શેર ૧, રવાનો ગોળ અગર ધોળી સ્વચ્છ પોચી ખાંડ શેર ૧, ઘી શેર ૧, ખસ ખસ દોઢ પાશેર, અને પાકેલું કેળું એક. **કૃતિ;**—ચોખાને ત્રણ દિવસ ને ત્રણ રાત પલાળી રાખવા. પછી તેમાંનું પાણી કાઢી નાંખી કોરા કરી ખાંડીને વસ્ત્રગાળ (લુગડે ચળાય એવો) લોટ કરવો. તેની બરાબર ગોળ લઇને ખાંડીને ઘી તોલો ૧, નાંખીને ગોળ તે લોટમાં સારી પેઠે મસળવો, અને તેના ગોળા કરીને દાબી રાખવા. પછી જે દિવસે અનારસા કરવાના હોય, તે દિવસે લોટ કાઢી લઇને કેળાં જોઇએ તેટલાં લાવીને સારી રીતે મસળી રાખવાં. પછી ચાર પાંચ ઘડીએ કેળનું પાન લઇને તેને ઘીનો હાથ દઈ તૈયાર ચોખ્ખી કરેલી ખસ ખસ નાખીને લોટના ગોળા કરી તેનાપર થાબડીને અનારસા તૈયાર કરવાં. પછી પેણીમાં ઘી પૂરીને ટાઢા પહોરે તળવા બેસવું. તેમાં ખસ ખસને બાજુપર રાખીને અનારસા ધીરેથી મૂકવાં. ઉપર તળે તેથી ઘી આવે એમ કરવું. તાપ જોઇતો રાખીને તૈયાર થાય એટલે કાઢી લેવાં. અનારસાને જાળી પડે તો તે સારાં થયાં સમજવાં. અનારસા કરતાં જાડાં થાય તો તે ઘણાં ફૂલે છે. ગોળ ચીકણો હોય અગર લોટ ઝીણો ન હોય કે મોણ વધારે હોય તો અનારસા ઘણી વખત બગડે છે. તાપ પણ કમી જાસ્તી થાય તોપણ તે બગડે છે. અનારસા બગડવા માંડે તો કેળના પાંદડામાં લોટ ઢાંકી રાખીને કેટલાક દિવસ પછી તે કરે તો સુધરે છે. લાલરંગનાં પસંદ હોય તો ગોળ અને સફેદ પસંદ હોય તો સાકર કે સફેદ ખાંડ નાંખે છે. સાકર કે

ખાંડના કરતાં લોટમાં કેળાંને બદલે દહીં ભેળવે છે. **શીખંડ**—દહીં શેર ૫, ખાંડ કે સાકર શેર ૧॥ કેસર (ન નાંખે તોપણ ચાલે.) તોલા ૨, ચારોળી તોલો ०॥. એલચી અને અડધું જાયફળ. કૃતિ—સારૂં ચોખું દૂધ લઇ તેને ઉનું કરીને ગલાઇ રાખીને તેનો શીખંડ કરે તો ઘણો ઉત્તમ થાય છે. ઉના કરેલા દૂધને કોરા માટીના કુંડામાં જમાવી દેવું. જામેલા દહીંને રૂમાલમાં બાંધી ટાંગી મૂકવું અથવા રાખોડી કે કોરી માટી પાથરી તેનાપર રૂમાલ પાથરીને તે ઉપર દહીં નાંખી મૂકવું. એટલે ચકતાં ન ભાગતાં પાણી હશે તેટલું નિતરી જશે. દહીં બહુ ખાટું ન જોઇએ. પછી વાસણના મોંપર રૂમાલ બાંધી થોડા દહીંમાં સાકર નાંખીને છીણવું. તૈયાર થયા પછી કેસર વાટીને દૂધમાં અગર લીંબુના રસમાં મેળવીને તેમાં નાખવું અને સારી રીતે મેળવવું. જાયફળ દૂધમાં ઘસીને અને એળચી વાટીને નાખવી. ચારોળી વિણીને ભભરાવવી. દહીંની ખટાશ, ખાતળશ અને ખાનારની મરજી પ્રમાણે ખાંડ થોડી ઘણી નાંખવી. હાથથી છીણવાને બદલે રવી ફેરવવાથી પણ થઇ શકે છે. હાથથી છીણ્યો કે રવીથી છીણ્યો તે કોઇ જાણી શકતું નથી. ખાંડ સ્વચ્છ અને ઝીણી હોવી જોઇએ. **દૂધપાક**—દૂધ શેર ૧૦, સાકર કે ખાંડ શેર ૧॥, ચોખા શેર ०, એળચી તોલો ०॥, બેદાણા (દ્રાક્ષ) નવટાંક, જાયફળ અડધું, ચારોળી તોલા ૨; કૃતિ—દૂધ અડધું બળી જાય ત્યાં સુધી સાધારણ તાપથી ધીરે ધીરે કઢવું. ચૂલાપર દૂધ મૂક્યા પછી અર્ધા કલાકે ધોઇને કોરા કરેલા ચોખાને ઘીનો હાથ દઇ દૂધમાં નાંખવા. જોઇએ તે પ્રમાણમાં ચોખા બારી જઇ દૂધ સાથે કંઇક મળી જવા આવે અને દૂધ જોઇએ તે પ્રમાણમાં ઉકળી ઘટ થાય કે સાકર કે ખાંડ નાખવી અને એક ઉભરો આવે એટલે કડાઇ ઉતારવી. બદામને છોલી કડકા કરી આગળથી તૈયાર કરી રાખેલી હોય તે નાખવી, ચારોળી નાખવી અને ટાઢો પડયાં પછી જાયફળ દૂધમાં ઘસીને અગર ઝીણું ખાંડીને નાખવું, એળચી વાટીને અને બેદાણા (દ્રાક્ષ) નાખવા. ઉનાળામાં દૂધપાક ઉન્હો હોય ને બેદાણા નાખીએ તો તેથી તે બગડવા સંભવ છે. **કોપરાપાક**—કેસરમાસા ૩॥, બેદાણા (દ્રાક્ષ) નવટાંક, બદામ નવટાંક, ઘઉંનો રવો શેર ०॥, ચણાનો લોટ શેર ०॥, સાકર કે ખાંડ શેર ૨॥ એક નાળિયેરને ભાગી છીણવું. એળચી તોલો ०॥૦. કૃતિ—રવા-લોટને જુદો જુદો ઘીમાં શેકીને પછી એકઠો કરવો, ચાસણી બેતારી કરી કેસર નાંખીને તૈયાર કરી રાખવી. કોપરાને જરા ઘી નાખીને તેને તાપ લાગી ડાઘ ન પડે તેમ કોરૂં થતાં સુધી ધીમે તાપે શેકવું. પછી પહોળું કરી નાખી ટાઢું પડવા દેવું. ચાસણી ત્રણ તારી થાય એટલે તેમાં શેકેલો લોટ અને છીણેલું કોપરૂં મસાલા સુદ્ધાં અંદર નાંખવું, બે ત્રણ પળ થાય એટલે કથરોટને ઘીનો હાથ દઇને તેમાં સરખો રેડવો. ટાઢો પડયા પછી સરખાં ચકતાં કાપવાં. **નાળિયેરપાક**—સાકર

કે ખાંડ શેર ૨, નાળિયેર ૪, કેસરમાસા ૧ાા, બદામ નવટાંક, એળચી તોલો ૦ાા કૃતિ—નાળિયેર છીણીને થોડું ઘી નાખી તે કડક ન થાય, એવી રીતે ધીમાં શેકવું અને કોરૂં કરવું, પછી ટાઢું પડવા દેવું. ખાંડ કે સાકરની ગોળ વળે એવી ચાસણી કરીને તેમાં કોપરૂં નાખીને એક ઉભરો આવવા દેવો. મસાલો નાખીને કથરોટમાં ઘીનો હાથ દઇને સરખો સાધારણ જાડો થર પાથરવો અને ટાઢો પડયા પછી કાપીને ચકતાં કરવાં. છીણેલા કોપરાથી દોઢગણી સાકર કે ખાંડ લેવી જોઇએ. **બદામપાક**—બદામનાં બીજ શેર ૦ાા, દૂધ શેર ૦ાા, ઘી તોલા ૨; કેશર માસો ૧, એળચી તોલા ૦ા, ખાંડ કે સાકર શેર ૧ાા; કૃતિ—બદામને પલાળી છોલવી. પછી ઘીમાં તળવી, ટાઢી પડયા પછી ખાંડવી. એટલે રવો થશે. ચાસણી ગોળ વળે એવી થાય એટલે તેમાં બદામનો રવો નાખીને એક ઉભરો આવવા દેવો. એળચી, કેશર, નાખીને કથરોટમાં નાખવો. ઠર્યા પછી ચકતાં પાડવાં. **મોનથાર-મોહનપાક**—ચણાનો લોટ શેર ૦ાા અને ઘઉંનો લોટ શેર ૦ા, એને મેળવીને એકશેરે પાશેર દૂધનું મોણ દેવું. પછી કડાઇમાં ઘી શેર ૧ાા મૂકી, તેમાં તે મોણવાળો લોટ નાંખી શેકવો. શેકાઇને જરા લાલ થાય એટલે ઉતારી તેમાં ખાંડ શેર ૨ાા ની ત્રણતારી ચાસણી કરીને તેમાં દળ નાંખવું અને તેમાં મસાલો નાખવો. પછી એક કથરોટમાં ઠારી ચકતાં પાડવાં. **બદામનેસાકરનારોટલા**—સાકર શેર ૧ લઇને ખૂબ ઝીણી દળીને ચાળવી. પછી તેની બરાબર બદામનાં બીજને ઉના પાણીમાં નાખી છોતરાં ઉતારી ખૂબ બારીક ખાંડી એક રસ કરવાં. સાકર તેમાં નાખીને તે બંનેને એકઠી કરી કચરવી. તેને મસળી ઘઉંની કણક જેવી કરીને નાના નાના લુવા કરવા. પછી એક વેલણ ને જરા ઘી ચોપડીને જેના ઉપર રોટલા વણવા હોય, તેના ઉપર પણ ઘી ચોપડીને પછી તે લુવો લઇને નાના રોટલા વણવા. પછી મોટી કથરોટમાં કાગળ પાથરીને તેમાં તે રોટલા એકએકને અડકે નહિ એવી રીતે મૂકવા. પછી તે ઉપર એક બીજી કથરોટ ઉંધી ઢાંકવી. પછી તે કથરોટ જેટલી પહોળી હોય તેટલો પહોળો દેવતા પાથરવો અને ચારે બાજુ એક એક ઇંટનો કડકો મૂકીને તે કથરોટ દેવતા ઉપર અધર રહે એવી રીતે મૂકવી અને ઉપર ઢાંકેલી કથરોટ ઉપર પણ દેવતા પાથરવો. તે અરધી ઘડી સુધી તે ઉપર રાખવો. પછી તે ઉપરનો દેવતા કહાડી નાખીને તે કથરોટ ઢાંકેલી ને ઢાંકેલી એમની એમ ઉતારી એકાંતે રાખવી. તે ટાઢી થાય એટલે ઉઘાડી જોશો તો તૈયાર રોટલા થયેલા દેખાશે. પછી તે રોટલા કહાડી લઇને બીજા વાસણમાં રાખવા. **ધારીપૂરી**—ઘઉંનો મેંદો—પરસુદી શેર ૧, તેમાં પાણી ખૂબ મેળવી કણક બાંધવી. પછી માવો શેર ૦ા, ખાંડ શેર ૦ા, કોપરૂં છીણેલું અધોળ અને ખસખસ તોલો ૧ એ સર્વેને માવા સાથે મેળવી મસળી લોચા જેવું પુરણ તૈયાર કરવું. પછી પેલી બાંધેલી કણકનો

લુરો લઇ તેને વણી, તેમાં માવા સાથે મેળવી તૈયાર કરેલું પુરણ મૂકીને પછી તેની પુરણપોળીના રીતે પૂરી જેવડું વણવું. એ પુરી ઘીમાં તળી લેવી તેને રતાશ પડવા ન દેવી. એ રીતે ઘારીપૂરી થાય છે. **ચંદ્રકળા**—ઘઉંનો મેંદો શેર ૧, લઇને ઘી શેર ૦। નું મોણ દેવું. પછી પાણીમાં ખૂબ ઘોળીને ખીરૂં કરવું. પછી તે ખીરામાં કેશર માસા ૨, એક તોલા પાણીમાં વાટીને તેમાં નાંખવું. અને વાલ ૧ બરાસ વાટીને તે પણ તેમાં નાખવું. પછી એક વાટકીમાં શેર ૦।। ને આશરે ખીરૂં લઇને કડાઇમાં ઘી શેર ૧ નાખીને તેમાં તે વાટકીના ખીરાની થોડે થોડે ધાર કરવી. તે તળાઇને લાલ થાય, એટલે એક ઝારાથી કહાડીને ખાંડ શેર ૨ ની ત્રણ તારી ચાસણી કરી રાખી હોય તેમાં બોળી કહાડવું. એ રીતે શેર એકના બે લેખે **માલપુઆ** ની માફક બનાવી કરવા. તે ચંદ્રમાના સરખા ગોળ ચકતાં કરીને ચાસણી પાવી તેને ચંદ્રકળા કહે છે. **સૂર્યકળા**—અડદની દાળ શેર ૧. પાણીમાં એક રાત પલાળી રાખવી. પછી બીજે દિવસે તે પલાળેલી દાળે વાટીને ફરીથી ઝીણી પરતવી, પછી એક લુગડું જાડું મજબુત લેવું, તેમાં જરા કાણું પાડીને તે લુગડામાં એ તૈયાર ખમીર નાંખવું. પછી તેને ઉપરથી એકઠું પકડવું, પછી એક કડાઇમાં ઘી શેર એક નાંખી ચૂલા પર ચડાવેલું હોય, તેમાં તે લુગડામાં રાખેલું ખમીર નીચોવવું. તે લુગડાને કાંણેથી ધાર થાય, તે ધારનાં કુંડાળાં—ઘુંચળાં —ચકરડાં પાડવાં. તે ચકરડાં તળાઇને લાલ થાય, એટલે ઝારાથી કહાડીને ખાંડ શેર બેની ત્રણ તારી ચાસણીમાં બોળી કાઢવાં. **બરફી**—દૂધનો માવો શેર ૮ લેવો. પછી ખાંડ શેર ૧૨ ની ગોળી પડતી ચાસણી કરીને તેમાં માવો નાંખી મેળવવો. પછી એક તાસકમાં નાખી ઠારવો. તે ઠરે એટલે છરીથી કાપી ચકતાં પાડવાં. તે બરફી. **પેંડા**—દૂધનો માવો શેર ૮ લેવો પછી ખાંડ શેર ૧૨ લઇને તેની ગોળી પડતી ચાસણી કરીને તેમાં માવો નાખવો. પછી હલાવીને તેમાં મસાલો નાંખવો. ઠરે એટલે શેર ૦ા ને આસરે પેંડા વાળવા. **પતાસાં**—ખાંડ શેર ૪ ની ગોરી પડતી ચાસણી કરીને ઉતારવી, પછી તે ચાસણીને ખુબ ઘુંટવી. પછી એક લૂગડું પાથરી તે ઉપર એ ઘુંટેલી ચાસણી એક ડબુમાં લઇને ટપકાં પાડવાં. તે ઠરે એટલે પતાસાં ઉખેડી લેવાં. **રમકડાં**—ઉપર પ્રમાણે ચાસણી કરી ખૂબ ઘુંટી જેવા આકારના બિબામાં રેડવામાં આવશે તેવા આકારનાં રમકડાં થશે. પણ પોલાં રમકડાં કરવા માટે પતાસાના જેવી ચાસણી કરવી અને નકોર રમકડાં કરવાને માટે પાંચ તારી ચાસણી કરવી. **કેશરીભાતયાબીરંજ**—જુના ચોખા શેર ૧, સાકર શેર ૨, કેશર માસા ૩, ઘી શેર ૦ાા, બદામનાં બીજ નવટાંક, એળચી તોલો અડધો, લવીંગ નંગ ૧૨, **કૃતિ**—ચોખા ધોઇ કોરા થાય એટલે ટાઢમાં કાઢવા. વાટેલું કેશર ઘીમાં મેળવી ને હાથથી ચોખાને ચોળવું અને પછી હાથ સાકરમાં લૂછી નાંખવા. પછી ચૂલા

પર ભાત તપેલીમાં મૂકીને તેમાં ઘી શેર ૦| નાંખવું. તે ઉનું થયા પછી તેમાં લવિંગ નાખવાં અને તે તતડે એટલે ચોખા નાંખવા. પછી કડછીના દાંડાથી બે ચાર વખત ઉંપર નીચે કરવા. પછી જોઇતું આંધણુ મૂકવું. કેશર નકામું જાય માટે ચોખા ઓસાવી નાંખતા નથી. માટે આગળથી જોઇતું પાણી મૂકવું- ભાતની પેઠે ભાત ચડે એટલે તેને ઉતારી નાંખી ઉધાડો મૂકવો, પછી સ્વચ્છ ખાંડ કે સાકર ભેળવવી અને ફરી પ્રથમની ગાફક ભાત થતા સુધી અગ્નિના અંગારા કેટલોક વખત રાખવા, તરતજ મસાલો અને બાકીનું ઘી નાંખી દેવું. તેમાં ચાસણી નાખીને ચોસલાં પણ પાડે છે. **ખારીપૂરી**—ઘઉંનો મેદો—લઇને તેમાં મોણુ દેવું. પછી તેમાં થોડી હરદળ, મીઠું, જીરૂં, મરચાંનો ભૂકો. શેકીને વાટેલી ખસખસ, છીણીને ઝીણું કરેલું શેકેલું કોપરૂં એટલી ચીજ નાંખવી. પછી પાણી નાંખી કઠણુ કણુક બાંધવી. ખુબ મસળીને પછી તેની પૂરી જેવી પૂરી વણીને ઘીમાં તળી કાઢવી. તેલમાં પણુ તળે છે, પણ તુરતજ ખાવાની હોય તો. **કચોરી**—મેદામાં મોણુ નાંખીને પાણી નાંખી બાંધવો. પલાળીને વાટેલી અડદની અને મગની દાળ—છીણેલું ઝીણું કોપરૂ, મીઠું. હળદર લીલાં મરચાં નાખી બાફીને પૂરણુ તૈયાર કરવું. પછી બાંધેલી કણુકમાંથી લુઓ લઇ તેમા જોઇતું પૂરણુ ભરી વણીને ઘીમાં તળી કાઢવી. ગળી કરવી હોય તો શેકેલો રવો, સાકર કે ખાંડ, એળચી, કોપરૂં, ખસખસ એ સર્વનું પૂરણુ તૈયાર કરવું અને ઘુઘરાની પેઠે બે લુઆ લઇ જુદા જુદા વણી તેમાં પૂરણુ મૂકી દબાવી ફરકીથી ગોળ કાપી ઘીમાં તળવા

(૪) મુરબ્બા.

કેરીનો મુરબ્બો–સારી રેસા વગરની મોટી કેરી લાવીને તેને લુછીનાંખી પછી સારી રીતે છોલીને તે પાણીમાં નાંખવી. પછી લુછીનાખીને ટોચવી ટોચ્યા પછી કાપવી અને જોઇએ તેવડા કડકા કરવા. પછી કડકાથી બમણી ખાંડ લઈ તેની ચોખી ગોળવળે એવી ચાસણી કરવી. પછી તેમાં કેસર નાંખીને કડકા નાંખવા. એલચીને પણુ જરા આખી ભાગી ખાંડી નાખવી. **આંબળાનો મુરબ્બો**—મોટાં મોટાં વગરરેસાનાં આંબળાં શેર ૧ લેવાં. પાટલાપર તેમને મુકી સોયાથી સારી રીતે ટોચવાં. પછી ત્રણુ શેર પાણીમાં એક ચમચો પલાળેલો ચુનો ભેળવીને તેમાં તે નાખવાં. સાત આઠ કલાકે કાઢી લુછી ને કોરાં કરવાં. પછી ચુલાપર દોઢ શેર પાણીનું આંધણુ મુકવું, તે ખળખળ ઉકળવા માંડે એટલે તેમાં આંબળાં નાખવાં, એક મિનિટ સુધી રાખી વાસણ નીચે ઉતારી પાંચ મિનિટ ઢાંકી નાખવું પછી ટોપલીમાં આંબળાં કાઢી લઇને કોરા રૂમાલમાં નાખી દબાવી રાખવાં. પછી ચુલા ઉપર ખાંડ કે સાકર શેર ૨ ની ચાસણી ગોળી વળે એવી થાય એટલે કેશર માસો ૧ નાંખીને આંબળાં તેમાં નાંખવાં. પછી બે ઉભરા આવે એટલે

નીચેથી દેવતા કાઢી નાંખવો અને વાસણ ચાર ઘડી ચુલાપરજ રહેવા દેવું પછી તેમાં એલચી નંગ ૧૨ ના દાણા વાટી નાખવા. ટાઢો પડયા પછી બરણીમાં ભરી મુકવો.

(૫) મસાલા.

શાકનો સાદો મસાલો—ધાણા તોલો. ૧ જીરૂ તોલો ૧, મરી તોલો ૧, લાલ મરચાં તોલો ૦ાા, હીંગ વાલ ૨, હલદર તોલા ૨, એ સર્વે લાવી પ્રથમ ધાણાજીરૂં એક વાસણમાં જરા શેકવાં. બાકીની ચીજોને ચાર ઘડી તડકે તપાવવી પછી સર્વ ચીજોને બારીક ખાંડીને લાકડાના કે કલાઇદીધેલા ડાબડામાં ભરી રાખવું. **ગરમમસાલો**—લવિંગ, મરી, જીરૂ, શાહજીરૂં, જાયફળ, જાવંત્રી, તજ, એળચી એ સર્વ ચીજો સરખે વજને લઇ થોડી વાર તડકે તપાવવી. પછી એકઠી બારીક ખાંડી ડાબલામાં ભરી રાખવી. **દક્ષિણીઆમટમસાલો નં ૧.**—હલદર તોલા ૪, મેથી તોલા ૨, ધાણા તોલો ૧, જીરૂ તોલો ૧, ચણાની દાળ તોલા ૨, લાલ મરચાં નં-૨, મરી તોલો ૧, લવિંગ તોલો ૧, જાયફળ તોલો ૦ાા, એળચી તોલો ૦ાા, એ સર્વ વસ્તુઓને તડકામાં તપાવીને જુદી જુદી શેકવી અને દળવી. પછી જેમાં જોઇએ તેમાં વાપરવો. એ મસાલો પંદર દીવસ સારો રહે છે. **દક્ષિણીમસાલો નં ૨,**—કાળાં મરી તોલા ૧, લાલ મરચાં નં-૨, ધાણા તોલા ૦ાા, તુવરની દાળ તોલા ૪, ખજુર તોલા ૦ાા, એ સર્વ વસ્તુઓ જુદી જુદી જરા શેકવી. પછી એકઠાં ખાંડી લાકડાના વાટકામાં ભરી રાખવાં. પછી એક લીંબુનો રસ નીચોવી જોઇએ ત્યારે સુમારે વાપરવો. આ મસાલો આઠ દીવસ સારો રહે છે. **ભજીયાંનોમસાલો**—ધાણા તોલો ૧, જીરૂ તોલો ૧, મરી તોલો ૧, લાલ મરચાં તોલો ૦ાા, હીંગ વાલ ૨, હલદર તોલો ૧, એ સર્વને થોડી વાર તડકે તપાવી ખાંડવીને લાકડાના કડેડામાં ભરી રાખવાં, તે ભજીયાં તથા ચણાના લોટની શેવમાં જોઇએ તે પ્રમાણે નાખવાં. **ચણાનાલોટનીશેવમાંમીઠુંમસાલો**—ચણાના એક શેર લોટમાં મીઠું પૈસા ૧ા ભાર અને બે આંગળાં ભરી ભજીયાંનો મસાલો અને પૈસા ૧ ભાર તેલનું મોણ દેવું એ પ્રમાણે જોઇએ.

આ વગેરે રીતે સમજી ચતુરાઇથી રસોઇ બનાવવામાં આવે છે, તો ખાવામાં બહુ સ્વાદિષ્ટ અને રસિક લાગે છે; એટલુંજ નહિ પરંતુ તેથી શરીરમાં પણ ઘણી પ્રકારનો ફાયદો થાય છે. માટે સુજ્ઞ સ્ત્રીઓએ પોતાની બુદ્ધિ વાપરી રસવંતી રસોઇ બનાવવાની કળાનું શિક્ષણ લઇ કુશળ થવું એ તેમનુ કર્તવ્ય છે.

શરીરસંરક્ષણનાઉપાય.

" શરીરે સુખી તે, સુખી સર્વ વાતે;
શરીરે દુ:ખી તે, દુ:ખી છે સદા તે."

આ સંસારમાં અનેક પ્રકારનાં સુખ વગેરેનો લ્હાવો લેવાનું મુખ્ય સાધન શરીર છે. શરીરને નિરોગી રાખી તેનું સંરક્ષણ કરવું એ દરેક મનુષ્યનું કર્ત્તવ્ય છે. શરીરની આરોગ્યતા એ પ્રાણી માત્રને ઘણો મોટો આશીર્વાદ છે. આરોગ્યતા વિના રોગી શરીર કેવળ નિરૂપયોગી છે; એટલુંજ નહિ પણ ઉલટું બીજા મનુષ્યને પણ બોજારૂપ થઈ પડે છે. આપણે આરોગ્ય હોઇએ છીએ, ત્યારે આપણું કામ બરાબર કરી શકીએ છીએ અને બીજાને પણ મદદ કરી શકીએ છીએ. મંદવાડ શરીરનું જોર હરી જાય છે. રાજમહેલમાં રહેનારો રાજા પણ જો રોગી હોય, તો તે દુ:ખી સમજવો અને એક ગરીબ કંગાળ પણ નિરોગી હોય તો તે પોતાની ઝુંપડીમાં પણ સુખશાંતિ ભરેલી જીંદગીનો અનુભવ લેતો જોવામાં આવે છે. ઘણાખરા લોકો મંદવાડ આવ્યા પછી ઉપાયો કરવાને દોડાદોડ કરે છે, પણ કેવી રીતે વર્ત્તવાથી મંદવાડ દૂર રહી શકે અને આરોગ્યતા જાળવી શકાય, એ વાત થોડાજ સમજે છે. આ તેમનું અજ્ઞાનપણું ઘણુંજ દુ:ખદાયક છે. શરીરની સંભાળ રાખવાના ઉપયોના અજ્ઞાનતાથી મનુષ્યો પોતાના શરીરની તેમજ બીજાના શરીરની પણ ખરાબી કરે છે. આવી ખરાબીથી બચવાને માટે તનદુરસ્તી જાળવવાના જેટલા નિયમો પોતાના સ્વાધીનમાં છે, તેટલા નિયમો તો તેમણે પાળવાને યત્ન કરવો જોઇએ, અને તેમ કરીને અનેક પ્રકારના રોગોથી પોતાનો બચાવ કરવો જોઈએ. શરીરસંરક્ષણનું જ્ઞાન અને તેના નિયમો પાળવાનું શિક્ષણ કાંઈ કૉલેજો કે શાળાઓમાં અભ્યાસ કરવાથીજ મળે એવું કંઇ નથી. ઘર અથવા કુટુંબ એ પણ સામાન્ય જ્ઞાન, શિક્ષણ, અને અનુભવની મોટી શાળા છે. શાળાઓ અને કૉલેજોમાં સુઘડતાના નિયમો શીખ્યા, છતાં પણ ઘરની શાળાના ચાલતા અભ્યાસને આધીન થવાની અથવા ભૂલી જવાની જરૂર પડે છે. કુટુંબના વડિલ—માબાપો એ ઘરની શાળાના શિક્ષકો છે. પરંપરાથી ચાલતા આવેલા ખાનપાન, આચાર અને વિચાર પ્રમાણે માબાપો વર્ત્તે છે, અને બાળકો સર્વ વિષયમાં તેમનું અનુકરણ કરે છે. જે માબાપ મેલાંઘેલાં ફરે છે, તેમનાં બાળકોને સ્વચ્છ રહેવાની ટેવ પડે નહિ તો તેમાં આશ્ચર્ય નથી. ખાવાપીવાની, કપડાની, સુવા બેસવાની અને એવી એવી ઘણી ટેવોનું બાળકો અનુકરણ કરે છે; એટલુંજ નહિ પણ એક કુટુંબની અસર પાડોશીના કુટુંબ ઉપર પણ થાય છે. માટે દરેક કુટુંબના વડિલ—માબાપોએ પોતે શરીરસંરક્ષણના નિયમો પાળવા, એ બીજાઓને નિયમો પળાવ્યા બરોબર છે.

કહેવા કરતાં કરી બતાવવાની વધારે સારી અસર થાય છે અને આરોગ્યતાના સંબંધમાં પણ એજ નિયમ લાગુ પડી શકે છે. માંદા પડયા પછી સાજા થવાને માટે ઉપાયો કરવા, તેના કરતાં માંદાજ ન પડવું એ વધારે સારૂં છે. તે માટે શરીરસંરક્ષણના ઉપાયો જાણવા જોઇએ. હવા, પાણી અને ખોરાક એ ત્રણે તત્વો જીવન જાળવી રાખવાને ઉપયોગી છે. તેનું અને તે સિવાય જીવનને ઉપયોગી જેજે બાબતો છે, તેને લગતું વિવેચન ઉપયોગી ધારી આ નીચે આપેલું છે.

સ્વચ્છહવા—જીવન જાળવી રાખવાને ખોરાક અને પાણી વિના તો આપણે કેટલાક કલાક ચલાવી શકીએ, પણ હવા વિના તો એક પળ પણ જીવી શકીએ નહિ. માટે જીવન જાળવી રાખવાને હવાની પ્રથમ જરૂર છે. સ્વચ્છહવાના ઉપરજ મુખ્યત્વે કરીને પ્રાણનો આધાર છે. પ્રાણી માત્ર શ્વાસ લેછે, ત્યારે પ્રાણવાયુ—ઓક્સિજનને અંદર લે છે અને કારબોનિક આસીડ ગૅસને બહાર કાઢે છે. ઝાડપાલો એથી ઉલટીજ ક્રિયા કરે છે. વનસ્પતિ દિવસે કારબોનિક અંદર ચૂસે છે અને પ્રાણવાયુને બહાર કાઢે છે. તેથી પણ વાતાવરણની હવા નિર્મળ થાય છે. રાત્રિએ વનસ્પતિ પ્રાણવાયુને અંદર લે છે અને કારબોનિક એસિડ ગ્યાસને બહાર કાઢે છે. આવા કારણથી રાત્રિએ ઝાડનીચે અથવા ઝાડવાળા ઓરડામાં સુવું સલામતી ભરેલું નથી. સ્વચ્છ હવા ઘણી લાભ કારક છે. માટે હમેશાં તે મેળવવાને દરેક મનુષ્યે થોડો વખત પણ બહાર ખુલ્લી હવામાં ફરવા જવું જોઇએ. દિવસે ફરવાહરવાથી તાજી હવા મળી શકેછે, પણ રાત્રિએ તાજી હવા ઘરમાં મળે એમ કરવું જોઇએ. તે માટે ઘરમાં બારીજાળી રાખવાં જોઈએ અને તે સુતી વખતે ખુલ્લાં રાખવાં જોઇએ. તાજી સ્વચ્છ હવા શરીરના બગડેલા કાળા લોહીને સુધારી રાતું અને સ્વચ્છ કરે છે, પણ બગડેલી અસ્વચ્છ હવા ઝેર રૂપ થઇ પડી લોહીની સાથે મળી જઈ અનેક રોગને ઉત્પન્ન કરે છે. **હવાને બગાડનારાંકારણો**—શ્વાસ વાટે નીકળી અશુદ્ધ હવા, ધુમાડો, બળતું, દીવો, કચરો, ખાળકુંડાઓ, મોરીઓ, જાજરૂ, શાકતરકારીનાં છોતરાં અને સડેલો, બાજીપાલો, વગેરેના કોહોવાટથી, ઘર સાફસુફ નહિ કરતાં ગલીચી રાખવાથી, કોયલાની ખાણો, રૂ, ઉન અને રેશમની મીલો કે કારખાનાં, લોઢાનાં કારખાનાં; ગાય, ભેંસ, વગેરે પશુઓ બાંધવાના તબેલા વગેરે હવા બગાડનારાં છે. મલિન કચરો અને સડતી ચીજોમાંથી ઉડતી ખરાબ હવાથી આપણે એકદમ મરી જતા નથી પણ એ રીતે લાંબોકાળ એવી મલીન હવામાં રહેવામાં આવે તો અનેક રોગને ઉત્પન્ન કરી અંતે મરણ પણ નીપજે છે. ઘણાં મૃત્યુ એવા કારણથી થાય છે, પણ તે આપણે પ્રત્યક્ષ જાણી શકતા નથી. જે રોગથી મરણ નીપજે છે, પણ તે રોગ શાથી થયો, એનો જો તપાસ કરવામાં આવે તો ઘણા રોગનું કારણ ખરાબ હવાનું નીકળી આવશે. જેમ થોડું થોડું ઝેર (અફીણ વગેરે) કેટલેક કાળે સખત

ઝેરનું કામ કરે છે. તે પ્રમાણે થોડી થોડી ખરાબ હવાનું જોર શરીરમાં મોટી ખરાબી કરે છે. માટે સ્વચ્છ હવા શ્વાસમાં લેવાય તેમ કરવું જોઇએ. સ્વચ્છ હવાજ શરીરની સુખાકારીનું મુખ્ય સાધન છે. લોહી એજ જીવ અથવા જીવનછે અને તે જીવન રૂપ લોહી સ્વચ્છ હવાથીજ સારૂં રહી શરીરમાં ફરે તોજ કામનું છે. **હવાનાફાયદા**—સારી હવા લોહીને સ્વચ્છ કરીને રોગને મટાડે છે અને ખરાબ હવા રોગને પેદા કરે છે. **ખરાબહવાથીથતીહાનિ**—મેલેરિયા જાતનો ઝેરી તાવ, ઝાડો, મરડો, કોલેરા, કમળો, આધાશીશી, માથું દુઃખવું, મંદાગ્નિ, અજીર્ણ, કબજીયત વગેરે થાય છે. **અતિઠંડીહવાથી**—ક્ષ્ધરસ, કફ, દમ, સસણી, સોજા, સંધિવા, વગેરે રોગ થાય છે. **અતિગરમહવાથી**—બળતરા, લુખસ, ઉનવા, કપાળુ, પ્રમેહ, પ્રદર, ભ્રમ, અંધારાં, ચકરી, ફેર, વાતરક્ત, ઓરી, માતા, અછબડા, કોલેરા, ઝાડો વગેરે થાય છે. માટે આ સર્વનો વિચાર કરી સ્વચ્છ હવા લેવી જોઇએ.

પાણી—આપણા શરીરના લોહીને સ્વચ્છ કરવા જેરીતે સ્વચ્છ હવાની જરૂર છે, તેવી રીતે તેમને ફરતું રાખવાને સ્વચ્છ પાણીની પણ જરૂર છે. આપણા શરીરમાં મોટો ભાગ જળ તત્વનો છે. જે પાણી આપણે પીએ છીએ, તે લોહીમાં મળીને આખા શરીરમાં પ્રસરે છે. માટે જો પાણી ખરાબ હોય તો શરીરની તનદુરસ્તી બગડે છે. સ્વચ્છ પાણી સ્વચ્છ હવા જેટલુંજ જરૂરનું છે. સારા પાણીની કીંમત કેટલાક લોક જાણે છે. પરદેશ જનાર જ્યારે માંદા પડે છે, ત્યારે તે કહેછેકે પાણીના ફેરફારથી એમ થયું, પણ ઘણા લોકો પોતાના વતનમાંજ ખરાબ પાણીથી માંદા પડે છે, તે વાત તેઓ સમજી નહિ શકવાથી માત્ર પોતાના મંદવાડનો ઉપાય કરીનેજ બેસી રહે છે, પણ માંદા પડવાનું કારણ શોધી તે દૂર કરવાનો ઉપાય કરતા નથી. માટે પાણી કેવું છે, તેનો વિચાર કરીને જે પાણી સ્વચ્છ અને પ્રકૃતિને માફક આવે તેવું હોય, તે પીવામાં લેવું જોઇએ. કદિપણ અસ્વચ્છ કે બગડેલું પાણી ઉપયોગમાં લેવું નહિ. **વરસાદનુંપાણી**—સારીપેઠે બે ત્રણ વખત વરસાદ થઇ ગયા પછીનું અધરથી ઝીલેલું પાણી પીવા યોગ્ય છે. **નદીઓનુંપાણી**—જે મોટી નદીઓછે, તેનું પાણી સારૂં છે, પણ જે નદીના પાણી ઉપર લીલ, સેવાળ, કચરો, વગેરે જામેલાં હોય, જેની અંદર વૃક્ષના મૂળમાંથી પાણી આવતાં હોય, જેમાં વૃક્ષોનાં પાંદડાં પડયાં સડતાં હોય, જેને કિનારે લોકો મળમૂત્ર કરતાં હોય, કપડાં ધોતાં હોય અને નહાતાં હોય, પશુઓને ધમારતા હોય અને જેમાં ઢોરો પડયાં રહેતાં હોય, એ સર્વ પાણી ખરાબ છે; તે પીવામાં લેવું નહિ. **ટાંકાનું પાણી**—ટાંકાં બંધ રહેવાથી પાણી ખરાબ થાય છે. તેનું પાણી સ્વાદે મીઠું હોય છે, પણ પચવામાં ભારે છે. લોકો ટાંકાના પાણીને ઘણી કરકસરથી વાપરે છે અને એમ કરતાં જો પાણી સોલિકમાં રહે છે તો તે કાઢી નહિ નાંખતાં, તેમાં નવા ચોમાસાનું પાણી મળવા દે છે. આ રીતે નવું અને જુનું પાણી ભેગું મળેલું

પીવાથી કેટલાક વ્યાધિ થાય છે. **તળાવનુંપાણી**—તળાવનું પાણી ખુલ્લી હવામાં હોય, નિર્મળ હોય, માંહે કચરો, લીલ કે શેવાળ અગર કોઇ બીજી ચીજ પાણી બગાડે તેવી ન હોય અને સૂર્યનાં કિરણો માંહે પડયા કરતાં હોય તે પાણી સારાં છે; પણ જે તળાવ કે તળાવડીમાં લોકો કપડાં ધોતાં હોય, આજુબાજુ લોકો મળમૂત્ર કરતા હોય, ઢોરોને ધમારતાહોય કે માંહે પડયાં રહેતાં હોય, કિનારાનાં વૃક્ષ વેલાનાં પાંદડાં પડી સડતાં હોય તે પાણી ખરાબ છે. તે પીવાથી તનદુરસ્તી બગડે છે. **કૂવાનાંપાણી**—જે કૂવાની અંદર સૂર્યની ગરમી પડતી હોય, ઉપરથી ખુલ્લો હોય, અંદર વૃક્ષોનાં પાંદડાં પડતાં ન હોય. પક્ષીઓ મળમૂતર કરતાં ન હોય, તે પાણી પીવું સારૂં છે. પણ જેને કિનારે લોકો કપડાં ધોતાં હોય અને તે પાણી કિનારાની પોચી જમીનમાં ગળીને અંદર જતું હોય; માંહે પાંદડાં પડતાં હોય, પક્ષીઓ ચરકતાં હોય, સૂર્યનાં કિરણો પડતાં ન હોય તે પાણી પીવામાં સારૂં નથી. **ખાબોચીઆંકેખાડાનુંપાણી**—જે પાણી ભરેલું હોય, નિર્મળ હોય પણ વહેતું ન હોય તો તે પાણી તનદુરસ્તી બગાડે છે. **સ્વચ્છપાણીનાફાયદા**—સ્વચ્છ નિર્મળ પાણી કપડાથી ગાળીને પીવામાં લેવાથી શરીર આરોગ્ય રહે છે. **ખરાબપાણીથીથતીહાની**—કોલેરા, કૃમિ, તાવ, ઝાડો, કમળો, અરૂચિ, મંદાગ્નિ, અજીર્ણ, કબજીયત, મરડો, ક્ષિકાસ, નબળાઇ, દુર્બળતા, વગેરે રોગ થાય છે. **વિશેષખારવાળાપાણી**—પથરી, અજીર્ણ, મંદાગ્નિ, કબજીયત, લોહીબિગાડ, ગડગુમડ વગેરે રોગ થાય છે. **વનસ્પતિકેબીજાસડાનાંભેગવાળાંપાણી**—ઝાડો, ટાઢીઓતાવ, કમળો, બરોડનીગાંઠ, વગેરે ખરાબ પાણીથી ઘણા રોગ થાય છે, માટે સ્વચ્છ નિર્મળ પાણી પીવું.

ખોરાક—જીંદગીને જાળવી રાખવાને ખોરાકની ઘણી જરૂર છે. મળ મૂત્ર અને પસીના રૂપે શરીરમાંથી જે જાય છે તે શરીરનો ક્ષય કહેવાય છે. માણસ જેમ જેમ વધારે મહેનતનું કામ કરે છે, તેમ તેમ તેના શરીરને વધારે ક્ષય એટલે ઘસારો લાગે છે. જેમ વધારે ઘસારો લાગે, તેમ તેને પોષણ પણ વધારે જોઇએ છીએ. બોલવામાં, ચાલવામાં, વાંચવામાં, અને આંખના મટકા સરખી ક્રિયામાં પણ શરીરમાંથી દર પળે ક્ષય થતો જાય છે. દર પળે જે જાય તેના બદલામાં બીજું નવું નાખવામાં ન આવે, તો શરીરને ઘસારો લાગી અમુક મુદતે તેનો છેક નાશ થઇ જાય છે. શરીરના પોષણ માટે ખોરાકની ઘણી અગત્ય છે, પણ જો તેના **વજન**, **જાત**, અને ખાનારની **પ્રકૃતિનો** વિચાર કર્યા વિના લેવામાં આવે, તો તેજ ખોરાક રોગને ઉત્પન્ન કરનારો થઇ પડે છે. ખોરાકના વજન વગેરેનો સર્વને માટે એક નિયમ થઇશ કે નહિ. શરીરનો બાંધો, પ્રકૃતિ અને મહેનત ઉપર ખોરાકના વજન, જાત વગેરેનો આધાર છે. માટે દરેક માણસે પોતાના ખોરાકના વજનનો નિશ્ચય પોતાની મેળેજ કરી લેવાનો છે. શરીર અને સુ-

નના ઘસારાથી ખોરાક ખાવાની જે ઇચ્છા થાય છે, તેને ભૂખ કહે છે. દરેક માણુસે પોતાને ભૂખ લાગ્યા પ્રમાણે ખોરાક લેવો જોઇએ. ખોરાક ઓછો લેવાથી શરીરને પૂરતું પોષણ મળતું નથી અને જોઇએ તેથી વધારે લેવાથી બરાબર પાચન થઇ શકતો નથી. ખોરાક જોઇએ તેથી ઓછો કે વધારે લેવાથી તનદુરસ્તી બગડી નાના પ્રકારના રોગ થાય છે.

ખોરાક કેવો ખાવો જોઇએ?—શરીરની રચના લોહી, અસ્થિ, માંસ, મજ્જા, અને ચરબીથી થયેલી છે. એ સર્વે ખોરાકના રૂપાંતરથી થાય છે. માટે જે ખોરાક ખાઇએ તે લોહી, માંસ અને મજ્જા ઉત્પન્ન થઇ અસ્થિ વધી મજબૂત થાય, એવા પ્રકારનો હોવો જોઇએ. ખોરાકને ત્રણ કામ કરવાનાં હોય છે;—(૧) શરીરની વૃદ્ધિ થવાને જે સાધનો જોઇએ તેની પૂર્તતા કરવી. (૨) શરીરમાં દર રોજ જેનો ક્ષય થાય છે તેની પૂર્તતા કરવી, અને (૩) શરીરમાં ગરમી રહી સ્નાયુની શક્તિ વધીને જ્ઞાનતંતુ મજબૂત રહેવાને જે કંઇ જોઇએ તેની પૂર્તતા કરવી. કયા કયા પદાર્થો કયા કયા વર્ગને ઉપયોગી છે તેની વિગત—(૧) શરીરને પોષણ આપી માંસની વૃદ્ધિ કરનાર પદાર્થ—ઘઉં, બાજરી, જુવાર, મકાઇ વગેરે અનાજ અને દહીં, છાશ વગેરે આ વર્ગમાં આવે છે. (૨) શરીરમાં ઉષ્ણુતા—ગરમી આણનાર પદાર્થમાં—મનુષ્યના શરીરમાં ચરબીનો ભાગ હોવાથી તેમાં ઉષ્ણુતા રહે છે. જે પદાર્થથી ચરબી વધે છે એ પદાર્થમાં—ઘી, દૂધ, માખણ, તેલ, સાકર, ખાંડ, ગોળ, કોપરૂં, બટાકા, રતાળુ વગેરે આ વર્ગમાં આવે છે. એવા પદાર્થ જે લોકો વધારે ખાય છે, તે દેખાવમાં લઠ્ઠ જેવા હોય છે. બાળકો સશક્ત અને ઉંચા વધવા માટે બાળપણમાં તેનું શરીર લઠ્ઠ હોવાં એ જરૂરનું છે. છોકરાં ગળ્યા પદાર્થ ખાય તો તેને નડે છે અને દાંત બગડે છે એમ કહે છે, પણ તે ભૂલ છે. જેમની પ્રકૃતિને માફક આવે છે તેને તે બહુ ફાયદા કરતા છે. બાળકોને ગળ્યા પદાર્થ બહુ ભાવે છે. તેથી શરીર લઠ્ઠ થાય છે અને તે વયમાં તેને તેવા પદાર્થ ઉપર પ્રીતિ પણ હોય છે. માટે છોકરાંઓને ગળ્યા પદાર્થ ખાવાને આપવા, પણ જમતી વખતે આપવા. વચ્ચે એકલા ખાવાને આપવા નહિ. મોટા માણુસને જમતાં ગળ્યું વધારે ભાવતું નથી, પણ તેમને તેલ કે ઘીમાં તળેલા પદાર્થ, શાકભાજી, ભજીયાં, મુંઠીયાં અને ફળ વગેરે ભાવે છે. તેથી તેમના શરીરમાં જોઇએ તેટલી ચરબી આ રીતે ઉત્પન્ન થાય છે, પણ આવા પદાર્થ વધારે ખાવાથી મેદ વધે છે પણ બળ વધતું નથી. ઘઉં, બાજરી, જુવાર વગેરે ખાનારા જેવી સખત મહેનત મજુરી કરી શકે છે, તેવી ચરબીવાળા વધારે પદાર્થો ખાનારાથી મહેનત મજુરીનું કામ થઇ શકતું નથી. નાની ઉંમરમાં તેમના વાળ સફેદ થઇ જાય છે અને મેદ વધવાથી કેટલાક રોગો પણ થાય છે. ઠંડા દેશમાં—વધારે ગરમી ઉત્પન્ન કરનારા પદાર્થો ખાવાની જરૂર છે. વળી ગરમી સિવાય બીજાં કેટલાંક કાર્યો માટે પણ

શરીરમાં ચરબીની જરૂર છે, પણ હદ ઉપરાંત શરીરમાં વધારે ચરબી હોયતોજ તે નુકશાન કરે છે. (૩) આ ત્રીજો વર્ગ વીર્ય વૃદ્ધિ કરનાર અને હાડકાં તથા માંસને મજબૂત કરનાર પદાર્થોમાં—મીઠું, મસાલા, અને શાકભાજી વગેરે આવે છે. આ પદાર્થો રક્તશુદ્ધિ થવાને પણ ઘણા ઉપયોગી છે. આપણા શરીરને કયા પદાર્થની કેટલી જરૂર છે, તે જુઓ—ત્રીજા વર્ગના પદાર્થનો એક ભાગ, બીજા વર્ગના પદાર્થનો ત્રણગણો ભાગ, અને પહેલા વર્ગના પદાર્થના બેગણા ભાગની જરૂર છે. આપણા લોકમાં ગોરસ ભોજન ઉત્તમ માનેલું છે. તેનું કારણ એ કે આપણું અન્ન વનસ્પતિમાંથી નિર્માણ થયેલું છે. ગોરસભોજન—દૂધ, દહીં, છાશ, ઘી, માખણ એ પદાર્થો વિશેષે કરીને આવે છે. તે સુવાવડી, નાનાં બાળકો અને માંદગીમાંથી ઉઠેલા માણસો આ પદાર્થ પુષ્કળ ખાધાવગર સુદૃઢ અને સશક્ત થઇ શકતાં નથી. ચોખા એ ઘઉં, બાજરી વગેરે અનાજ જેવા પોષક નથી, પણ તેમાં ચરબી વધારવાનો એક ગુણ છે. તેને તુરની દાળ સાથે ઘી મેળવી ખાવાથી પોષક ગુણ વધે છે. શાકમાં શીંગો પણ ઉત્તમ છે. બરાબર પાકેલાં ફળ મળી શકે તો તે ખાવાને ઉત્તમ છે, પણ જો તે કાચાં હોય, ઉતરી ગયેલાં કે બગડી ગયેલાં હોય તો તે નુકશાન કારક છે. મસાલા પણ માફકસર ખાવા, વધારે ખાવાથી હાનિ થાય છે. **સ્વચ્છખોરાક**—શુદ્ધ, સારો, પ્રકૃતિને અનુકુળ અને બરાબર રાંધીને ખાધેલો ખોરાક શરીરનું પોષણ કરે છે, પણ અશુદ્ધ—સડેલો, વાસી કે બગડેલો, કાચો, લુખો, અતિઠંડો, અતિગરમ, ભારે, અતિવધારે, અને અતિ થોડો ખોરાક, આ સર્વ રોગને ઉત્પન્ન કરે છે. **ખાવુંશીરીતે ?**—જે ખોરાક ખાવો તે બરાબર ચાવીને ખાવો. નિમેલે વખતેજ ખાવો, અને બીજી વખતે ખાવા બેસીએ ત્યારે પહેલો ખાધેલો ખોરાક પચી ગયેલો હોવો જોઇએ. કામ કરતાં પહેલાં થોડું ખાવાથી શરીરમાં બળ આવે છે અને તાવને દૂર રાખે છે. બની શકે તો બપોરે ઉનો ખોરાક ખાવો. રાતે મોડું ખાવાની ટેવ રાખવી નહિ. ખોરાક ખાધા પછી થોડો આરામ લેવો, જમતાં જમતાં ઘણું પાણી પીવું નહિ, પણ જરૂર પડે તો અરધ ખોરાક ખાધા પછી વચમાં થોડું પીવું. તેમ ખોરાક ખાઇ રહ્યા પછી પણ ઘણું પાણી પીવું નહિ. ખોરાક ખાતા હોઇએ તેટલોજ અને પ્રકૃતિને માફકસર ખાવો. ઇત્યાદિ ધ્યાનમાં રાખી ખોરાક લેવો જોઇએ.

અજવાળું—શરીરની આરોગ્યતા માટે સૂર્યનું તેજ—અજવાળાની ઘણી જરૂર છે. અજવાળું એજ સાક્ષાત્ તનદુરસ્તી છે, તેજ શોભા આપનાર, કુદરતી વૈદ, દિલાસો આપનાર અને દુનિયાનાં દુઃખ ભૂલાવનાર છે. સૂર્યનું તેજ જીંદગી આપે છે, કારણ કે જો સૂર્યનું તેજ—અજવાળું ન હોત તો જમીન ઉપરનાં તમામ ઝાડ, છોડવા કરમાઇ જઇને મરી જાત—એટલે વનસ્પતિ કંઇ પાકત નહિ. એજ પ્રમાણે જીવતા જીવ ઉપર પણ તેની તેટલીજ અસર થાય છે. તેનાથી લો-

કીને પ્રાણવાયુ મળે છે અને આખું શરીર તેથીજ સુધરે છે. તેનાથી કેટલાક રોગ મટે છે. જેના ઉપર દવાની અસર થતી નથી, તેવા રોગ ઉપર સૂર્યના પ્રકાશની અસર જલદી થાય છે. શરીર અને મોં ઉપર લાલી લાવનાર પણ તેજ છે. અંધારાવાળા ઘરમાં રહેનારાં માણસો શરીરે ફિક્કા અને માંદાં રહે છે. અજવાળું આંખને આનંદ આપે છે. પક્ષી પણ ખુલ્લી હવામાં અને અજવાળામાં કલ્લોલ કરે છે, પણ તેને અંધારા પાંજરામાં પૂરી મૂકવામાં આવે તો તે કીજરાઇને મરી જવાનું. અજવાળાથી હવા સ્વચ્છ થાય છે, અને વિનાશકારક જીવ જંતુ દૂર થાય છે. સ્ત્રીઓને ઓઝલપડદે રાખવાથી તેમને બહારની ખુલ્લી હવા અને સૂર્યના તેજનો લાભ મળી શકતો નથી. તેથી તેમનાં અને બાળકોનાં શરીર પીળાં પાંડુવર્ણાં થઈ જાય છે. લાંબી માંદગી ભોગવી ઉઠેલાને તો અજવાળું જાણે નવો જીવ અને બળ આપતું હોય એમ જણાય છે. જેના ઘરમાં અંધારૂં હોય છે તેની તનદુરસ્તી સારી રહેતી નથી. કહેવત છે કે;—"જ્યાં અજવાળું પ્રવેશ કરતું નથી ત્યાં વૈદ પ્રવેશ કરે છે." એટલે જ્યાં અંધારૂં હોય છે ત્યાં રહેવાથી શરીરમાં રોગ દાખલ થાય છે. તેથી વૈદ કે ડાકટરની દવા કરવાની જરૂર પડે છે. સૂર્યના તડકાથી ઘરની હવા સ્વચ્છ થવામાં મદદ મળે છે, મેલી ગંદી વસ્તુઓ નજરે પડે છે અને તેમને સાફસુફ કરવાનું સુઝે છે. માણસના મોં ઉપર જે લાલી દેખાય છે તે સુર્યના તેજમાંથીજ આવેલી છે, ઘરમાં સુર્યનો તડકો અને અજવાળું આવવાને માટે બારી જાળીઓ રાખવી જોઈએ, કે તેથી સુર્યનું તેજ આખા ઘરમાં ફરી વળે. **અંધારાથીથતીહાનિ**—અંધારામાં રહેવાથી આંખનું તેજ-કમી થાય છે, મન ઉદાશ રહે છે, હવા બગડે છે અને શરીરનું કદ પણ જોઈએ તેટલું વધતું નથી. ખાણ ખોદનારા ઘણો વખત અંદરજ રહેવાથી તેમાંના ઘણા ઠીંગણા રહે છે. અંધારી કોટડીમાં પૂરેલાં કેદીઓ વખતે આંધળા થયેલા માલમ પડયા છે. અંધારામાં રહેનારની આંખ અજવાળાંનું તેજ ઝીલી શક્તી નથી, કેટલીક સ્ત્રીઓ સુર્યનો તડકો ઘરમાં આવશે, તો ઢોલીયા કે ઘોડીયાનો રંગ ઉભરાઇ જશે એવી બીકથી બારીઓ બંધ રાખે છે અને સુર્યના તડકાને આવતાં અટકાવે છે; તેથી તેમના ચહેરા ફિક્કા પડી જાય છે અને સ્વભાવ ચીડીઓ થાય છે. માટે તનદુરસ્તીની ખાતર પવન અને સુર્યના પ્રકાશને ઘરમાં આવવા દેવો. જેમ અંધારાથી નુકશાન છે, તેમ અતિ ગરમીમાં ફરવાથી પણ નુકશાન છે, તડકે ફરવાની ટેવ ન હોય તેમણે તાપમાં બહુ હરફર કરવી નહિ.

પોશાક—દેશની હવા અને ઋતુ પ્રમાણે કપડાં બદલવાં જોઇએ. ઉત્તર હિંદુસ્તાનમાં ઉનાળા અને શિયાળાની ઋતુઓમાં જેટલો ફેરફાર થાય છે, તેટલો ફેરફાર દક્ષિણ હિંદુસ્તાનમાં થતો નથી. આપણા સમશીતોષ્ણ દેશમાં અંગરખાની અંદર એક ગરમ બંડી પહેરવામાં આવે તોપણ બસ છે. કેટલાક લોકો

શરીર સંરક્ષણ માટે સારાં જોઇએ તેવાં ઋતુને અનુસરતાં કપડાં પહેરવામાં લોભ કરે છે. પણ તેમણે લૂગડાંમાં કરેલી કરકસરનો એકીવખતે બદલો વળે છે. નબળાં છોકરાં અને નબળાં સ્રીપુરૂષના શરીરમાં ઠંડો પવન ભારે નુકશાન કરે છે. માટે ઋતુને અનુસરતાં કપડાં પહેરવામાં લોભ કરવો નહિ. કપડાં ગમે તો ફાટાં તૂટાં કે સાંધેલાં હોય તેની અડચણ નહિ, પણ તે સ્વચ્છ ધોયેલાં પહેરવાં જોઇએ. ગંદાં—મેલાં કપડાં પહેરવાથી તનદુરસ્તી બગડે છે. પહેરવાના બધાં કપડાં ધોયેલાં સાફ રાખવાં. ઓછાડ, ચાદર, ઓસીકાં, ગલેફ, વગેરે પણ સ્વચ્છ રાખવાં. **જોઇતાંકપડાંનહિપહેરવાથીથતીહાનિ**—તંગ કપડાં પહેરવાથી છાતી અને લીવર ઉપર દબાણ થવાને લીધે, તે અવયવો પોતાનું કામ બરાબર નહિ કરી શકવાને લીધે લોહી બરાબર ફરી શકતું અટકે છે અને તેથી શ્વાસ નળીના તથા યકૃત—લીવરના રોગ પેદા થાય છે. ગરમ દેશમાં અગર ગરમ ઋતુમાં ઢીલા કપડાં પહેરવાં અને ઠંડી ઋતુમાં જરા તંગ કપડાં પહેરવાની જરૂર છે, પણ જો તે નિયમથી ઉલટી રીતે કપડાં પહેરવાથી ઉનાળામાં ગરમીનાં અને શિયાળામાં ઠંડીના રોગ પેદા થાય છે. મેલાં કપડાં પહેરવાથી ચામડીના રોગ થાય છે; એટલુંજ નહિ પરંતુ મેલાં અને ચીકણાં કપડાં પહેરનારને ઉડતા ચેપી રોગો લાગુ પડવાનો સંભવ છે.

નહાવું—દરરોજ ચોળી મસળીને શરીરનો મેલ નાશ થાય તેવી રીતે નહાવું જોઇએ. કદીપણ માથે એમજ પાણી ઢોળીને ચોળ્યા વગર કે ગંદા પાણીએ નહાવું નહિ. શરીર કોરા સ્વચ્છ ટુવાલથી ઘસીને લૂછવું જોઇએ. ગંદા કપડાથી શરીર લૂછવું લાભને બદલે હાનિ કરે છે. ટાઢા પાણીએ નહાવાથી શરીર અને મગજ મજબૂત થાય છે, પણ જેનું શરીર નબળું હોય, માંદગી હોય, અને ટાઢા પાણીએ નહાતાં શરીર ધ્રુજતું હોય, તેણે ઉને પાણીએ નહાવું. દરરોજ નહાવાથી મનની શક્તિને તેજ આવે છે, શરીર હલકું થાય છે અને મન આનંદમાં રહે છે. નહાવાને માટે સવારનો વખત શ્રેષ્ઠ છે. નહાવામાં સ્વચ્છ નિર્મળ પાણી લેવું જોઇએ. ગંદા પાણીથી કોઇવાર શરીરમાં વાળા દાખલ થાય છે. તરવા માટે હોજ અને કુંડ સારા છે. વખતે વખતે સાબુથી ચોળી મસળીને મેલ દૂર થાય તેમ નહાતા જવું. જમ્યાપછી તરત નહાવું નહિ. તેમ પુષ્કળ થાક લાગ્યો હોય, ત્યારે કે તાવ હોય ત્યારે પણ નહાવું નહિ. નહાતી વખતે ઠંડા પવનનો ઝપાટો ન લાગે તેવી જગ્યોએ નહાવું; કેમકે તેથી શરદી થઇ તાવ આવે છે. નાહીને ભીને કપડે તડકામાં ચાલ્યા જવું નહિ. માથે ઠંડું પાણી રેડવું પણ ગરમ પાણી રેડવું નહિ.

કસરત—શરીરના સ્નાયુઓ કસરતથી મજબૂત થાય છે. લોહી ચોખ્ખું થાય છે અને શરીર માંહેનો કચરો પરસેવા વાટે બહાર નીકળી જાય છે. કસરતથી ખાંધેલો ખોરાક પચીને સારી ભૂખ લાગે છે. યોગ્ય કસરત કરવાથી શરીર મજબૂત થાય છે. બૂમબરાડા પાડવાથી, કૂદવા વગેરેથી હાથ, પગ મજબૂત થાય

છે. બૂમ બરાડા પાડવાથી અને ખડખડ હસવાથી પણ તનદુરસ્તીમાં સુધારો થાય છે. ઘરની અંદર લીધેલી કસરત કરતાં ખુલ્લી હવામાં લીધેલી કસરત વધારે સારી છે. ભૂખે પેટે તેમજ ખાધા પછી તરત કસરત કરવી નહી. કસરત કરવાનો વખત સૂર્યાસ્તસમયે ક્રિકેટ અગર એવી બીજી દડાની રમત રમવાથી ઘણો લાભ થાય છે. કસરત તરફ લક્ષ નહિ આપ્યાથી અભ્યાસ કરતાં બાળક બાળીકાઓ માંદા પડી જાય છે અને પરીક્ષામાં પણ બેસી શકતાં નથી. શરીરને કસરતથી ગતિમાં મૂકવાથી શ્વાસોશ્વાસની ક્રિયા ઘણી ઝડપથી ચાલે છે અને તેથી બહારની હવા જથા બંધ ફેફસામાં દાખલ થાય છે, અને અંદરની ઝેરી હવા બહાર નીકળી જાય છે. તેથી લોહી વધારે સારી રીતે સ્વચ્છ થાય છે. ચાલવાની કસરત સર્વોતમ છે. ઝડપથી ચાલવાથી અને મહેનત કરવાથી પસીનો થાય છે, આ પસીનો તે શરીરની અંદરનો ગંદો પદાર્થ સાથે લઇને બહાર નીકળે છે. **સ્ત્રીઓએ કેવીજાતનીકસરતકરવી?**—કસરત એ આળસનો દુસ્મન છે અને આળસ એ તનદુરસ્તીનો દુસ્મન છે. તનદુરસ્તી કસરત વગર કદી મેળવી શકાતી નથી. સ્ત્રીઓને કસરત માટે-ઘરનું કામ એ મુખ્ય છે. જેવુંકે-પાણી ભરવું, દરણું દળવું, ખાંડવું, ઠામવાસણ માંજવાં, ઘર ઝાડી-ઝાપટી વાળીને સાફ રાખવાં. રાચ-રચીલાં સંભાળવાં, રસોઇ કરવી, ઇત્યાદિ એ બધાં કામમાં કસરત મળે છે. ઘર ચલાવવાનો બોજો સ્ત્રીઓ જો યોગ્ય રીતે ઉઠાવતી હોય તો તેને કસરતની ફરજ બહુધા પાર પડે છે. વળી ગરીબ કુટુંબની સ્ત્રીને ઉપરનાં કામ સિવાય-છાણુ મેળવાનું, ઢોર માટે ઘાસ વાઢી લાવવાનું અને બળતણ એકઠું કરવાનું એ વગેરે કામ હોય છે. જે સ્ત્રીને કામમાં કસરત મળે છે, તે સ્ત્રીઓ સારી તનદુરસ્તી ભોગવે છે, અને તે તનદુરસ્ત બાળકને જન્મ આપે છે. જેની સ્થિતિ સારી છે અને ગરીબની પેઠે જેને અંગ મહેનત કરવી પડતી નથી, તેવી સ્ત્રીઓએ પગે ચાલી ફરવા જવું ઘણું ઉત્તમ છે. ચાલવાથી છાતી પહોળી થાય છે. ખભામાં જોર આવે છે, માંસની પીસીઓ મજબૂત બને છે, ભૂખ લાગે છે, અને દસ્ત સાફ આવે છે. સગર્ભા હોય તેણે પગે ચાલી બહુ ફરવું સારૂં નથી; તોપણ તેમણે થોડું ચાલવું એ બહુ જરૂરનું છે. તેથી તનદુરસ્તી જળવાય છે. ફરવાની કસરત સાંજ સવારની હોવી જોઇએ. દિવસના કામથી કંટાળેલા માણસે સાંજે ફરવા જવું વધારે સુખદાયક છે. સ્ત્રીઓ જો પોતાની જુવાની ખીલતી રહેવાને અને દેખાવ સુંદર રાખવાને ઇચ્છતી હોય, તો તેમણે શરીરને કસરત મળે એવાં કામ કરવાં જોઇએ. સ્ત્રીઓને કસરત નહિ મળવાથી તેઓનાં શરીર ફિકકાં, નબળાં, અને માંદાં રહે છે. ગરીબ લોક કરતાં પૈસાદાર અને એશ આરામ વાળાં સુખીઆં લોકોનાં ઘરની સ્ત્રીઓ શરીરે ભાગ્યજ સુખી હોય છે. સ્ત્રીઓને હંમેશાં બેસી રહેવાનુ હોવાથી-હાથ પગ ઠંડા, ચહેરો ફિક્કો

શરીર તાણએલું અને દુબળું અથવા વાયુથી ફુલેલું, નાડી નબળી, પેટનો ચડાવો બદહજમી, છાતીમાં દાહ, ખાટા ઓડકાર, હાથપગમાં ધ્રુજ અને ચસકા, હિસ્ટીરીઆ,ઋતુ–દસ્તાનની ફરીઆદ. એ સર્વે સ્ત્રીઓને પૂરતી અંગ કસરત નહિ મળવાથી થાય છે.

ઘર—શરીરની તનદુરસ્તીનો આધાર ઘર અને તેની આસપાસની જગ્યા ઉપર રહેલો છે. ગંદકીવાળા ખરાબ લત્તાપર ઘર બાંધેલું હોય અગર ભાડે રાખેલું હોય તે સારૂં નથી. કેટલાક સોંઘા ભાડા સારૂ એવાં ખરાબ લત્તામાં ઘર ભાડે લેવા લલચાય છે, પણ એવાં ઘર છેવટે મોંઘાં પડે છે. માંદગીને લીધે જે નુકશાન થાય છે, તે ભાડાના ફેર કરતાં ઘણું વધારે હોય છે. ઘણા ઘરની બાંધણી અને તેનું સ્થળ હવાપાણી સારાં નહિ હોવાથી તેમાં વસનારા લોકો વારંવાર માંદા પડે છે. તેથી અજ્ઞાન લોકો એવાં કારણોનો વિચાર કરવાને બદલે કોઇ દેવ દેવી કે ભૂત પ્રેતનો ભય બતાવે છે, પણ જો તપાસ કરે તો તે ઘરની બાંધણીમાંજ ખામી જણાશે. રહેવાના ઘરમાં ચારે દિશામાં બારી બારણાં હોવાં જોઇએ. જેથી જ્યારે જોઇએ ત્યારે અને જે દિશાનો તાજો પવન જોઇએ તે છુટથી આવી શકે. ધુમાડો એ ઘરમાં રહેનારાં માણસોના મંદવાડનું કારણ થઇ પડે છે માટે રસોડું સુવા બેસવાના ઓરડાથી અલગ રાખવું જોઇએ અને તેમાં ધુમાડાના નિકાશ માટે ધુમાડીઉં અને ખુલ્લી જગ્યા રાખવી જોઇએ. ઘરના આંગણાંમાં શાક ભાજીનો સડેલો પદાર્થ કે એઠવાડ નાખવો નહિ. એવી વસ્તુઓ ફેંકી દેવા માટે ઘર પાસે એક માટીની કુંડી રાખી તેમાં તેવા પદાર્થ નાખવા અને દરરોજ સવારે કાઢી નાખવા જોઇએ, ઘરના આંગણામાં ઝાડા પેસાબની ગંદકી થવા દેવી નહી. તેવી જગ્યા પર કોરી ધુળ પાથરવાથી તે ગંદકી ને ચૂસી લેશે. રહેવાના ઘરમાં ગાય ભેંસ વગેરે પશુઓને બાંધવાં નહિ; કેમકે તેઓ પોતાના શ્વાસથી અને છાણ મૂતરથી ઘરની હવાને બગાડે છે. સુતી વખતે સુવાના ઓરડામાં દીવો રાખવો નહિ; કેમકે તે માણસને ઉપયોગી પ્રાણવાયુને બાળી નાખી ઝેરી હવા ઉત્પન્ન કરે છે. ઘરને વરસમાં બે વાર કળીચુનાથી ધોળાવવાં. કળીચુનાથી ઝેરી હવા નાશ પામે છે અને ઝેરી જંતુઓ મરી જાય છે. માટે સાફસુફ કરવામાં ચુનો વાપરવો સારો છે. માટીની ભીંતો પણ વરસમાં ત્રણ ચાર વખતે માટીથી ધોળવી. ભોંયતળીયાં પણ દર પખવાડીએ કે દર માસે લીંપવાં જોઇએ. ઓરડાઓ નિત્ય સવાર સાંજવાળી સાફ કરતાં રહેવું, છાપરે કે ભીંતે જાળાં કે બાવાં બાઝેલાં હોય તે દૂર કરતા રહેવું. ઘરમાં ભેજ કે શરદી રહે તેમ કરવું નહિ; કેમકે તેથી તનદુરસ્તી બગડી અનેક પ્રકારના રોગો થાય છે. ઘરમાં ખુલ્લો પવન આવે તેમ કરવું, સૂર્યનો તાપ અને અજવાળું પણ આવે તેમ કરવું. તેથી ઘરની હવા સુધરી સ્વચ્છ થાય છે. સુવાના ઓરડામાં તાજા પવનનો હર ફર થાય તેમ કરવું. ઘર સારી

સ્વચ્છ ભેજ વગરની જગ્યા ઉપર બાંધવાં, તેમ ઘરનું ભોંયતળીયું ફરીઆના ભાગથી બે ત્રણ હાથ ઉંચું લઇ બાંધવું, વિગેરે પ્રકારનો વિચાર કરી ઘર બાંધવાં અને સારી સગવડવાળા ઘરમાં રહેવું એ સુખાકારી ભરેલું છે.

ઊંઘ—દિવસના ઘસારાથી શરીરમાં જે ખાધ આવે છે, તે ઘણે ભાગે ઊંઘવાથી પૂરાય છે અને મગજને આરામ મળે છે, રાત્રિએ સારી ઉંઘ લીધા પછી સવારમાં ઉઠીએ છીએ, ત્યારે શરીરમાં નવી જાગૃતિ આવે છે. ઉંઘ માટે રાત્રિનો વખત શ્રેષ્ટ છે. દિવસે ઉંઘવાથી શરીરમાં મેદ વધે છે. સારી ઉંઘ મેળવવાનો સરસ ઉપાય શ્રમ છે, નાના બાળકોને આઠ દશ કલાક અને તેથી મોટાને ૭ કલાક ઉંઘ લેવાની જરૂર છે. ઉંઘ અને શયનના સંબંધમાં લક્ષમાં રાખવા યોગ્ય નિયમો—(૧) ઉત્તર અથવા પૂર્વ દિશા તરફ માથું રાખીને સુવું. (૨) સુવાની જગ્યા સ્વચ્છ, સ્વસ્થ (એકાંત—ઘોંઘાટ કે ગડબડાટ વગરની) અને સારી હવાવાળી હોવી જોઇએ. (૩) સુવાનું બિછાનું સ્વચ્છ હોવું જોઇએ. મલિન સ્થળ અને મલિન બિછાનામાં માકડ ચાંચડ ઉપદ્રવ કરે છે અને ઉંઘને ખલેલ પહોંચાડે છે. (૪) ઉંઘાડી જગ્યામાં કે અગાસે સુવું નહિ. શરીરપર સીધો પવન ચાલ્યો આવે એવી રીતે પવનના ઝપાટા સામે સુવું નહિ. તેમ સુવાના ઓરડામાં બારી બારણાં બંધ કરીને સુવું નહિ, કેમકે શ્વાસ લેવામાં તાજી હવાની જરૂર છે. (૫) ઘણા અભ્યાસથી, ઘણા વિચારથી, નિશો કરવાથી કે બીજા કારણથી મન ઉશ્કેરાયું હોય તો તરત સુવું નહિ. (૬) સુવાના પહેલાં માથાને ઠંડુ રાખવું, ગરમ હોય તો ઠંડા પાણીથી ધોવું; પગનાં તળીયાં તેલથી ઘસાવી ગરમ પાણીમાં બોળવાં. હમેશ મગજ ઠંડું અને પગ ગરમ રાખવાની જરૂર છે. (૭) મોડું સુવું નહિ, તેમ ઘણું ખાઇને તરત સુવું નહિ. રાતે જલદી સુવું અને સવારે વહેલું ઉઠવું, (૮) દુનિયાદારીની દિવસની ચિંતાઓ ચિત્તમાંથી કાઢી નાંખીને રાતે સુઇ જવું. (૯) જમીનપર સુવા કરતાં બિછાનાપર સુવું સારૂં છે. ઓસીકાં, ગલેફ, ચાદર, રજાઇ વગેરે સ્વચ્છ રાખવાં, કેમકે શરીરમાંથી નીકળતો મેલ તેમને ચોંટી રહે છે તે નુકશાન કારક છે. (૧૦) મોઢાપર ઓઢીને સુવું નહિ, કેમકે તેમ સુવાથી તાજી હવા શ્વાસમાં દાખલ થઇ શકતી નથી. શ્વાસ દ્વારે નીકળેલી ઝેરી હવાનો ફરી ફરી શ્વાસ લેવાય છે, તો તેથી તનદુરસ્તી બગડે છે. (૧૧) નાની ઓરડીમાં સ્ત્રી પુરૂષ અને છોકરાંઓ ખીચોખીચ સુવે અને તેમાં પૂરતી હવાની હરફર ન હોય તો તેમની તનદુરસ્તી બગડે છે, ઘરમાં પૂરતી ઉંઘ ન આવતી હોય તો જાણવું કે ઘરમાં હવાની જોઇતી હરફર નથી. રાત્રે વધારે ખાવાથી પૂરતી ઉંઘ નહિ આવતાં ખરાબ સ્વપ્નાં આવે છે, એ સ્વપ્નાં એમ બતાવે છે કે મગજને બરાબર ચેન નથી, માટે સારી પેઠે ખાધાપછી તરત સુવું નહિ. તેથી માથું ભારે થઇ જાય છે અને તનદુરસ્ની બગડે છે, શરીર ઉ-

પર પવનના ઝપાટા આવે તેવી રીતે સુવાથી શરીરની ગરમીજતી રહી શરદી થઇને તાવ આવે છે. તાવ અગર કોલેરા ચાલતો હોય ત્યારે તો ખાસ કરીને રાત્રિએ શરીર ગરમ રાખવાની સંભાળ લેવી. ભોંયતળીએ રહેતો ભેજ, શરદી, ભારે અને નઠારી હવા વિષેશ કરીને હોય છે, તેમ વિંછી વગેરે જંતુની પણ બીક રહે છે; માટે ભોંય તળીએ સુવું નહિ. તેથી ઘણીવાર મંદવાડ આવે છે. સુવાનો ઓરડો સાફ સ્વચ્છ હોવો જોઈએ. તેમાં સામાન કે અનાજનાં માટલાં વગેરે કાંઇ રાખવું નહિ. સ્વચ્છ હવાવાળા ઓરડામાં ઉંઘ પૂરતી આવશે અને તનદુરસ્તી સુધરશે.

વહેલાઉઠવું—સવારે સૂર્ય ઉદય થયા પહેલાં ચાર ઘડી રાત્રિ હોય ત્યારે ઉઠવું એ તનદુરસ્તીને માટે ઘણુંજ સારૂ છે. આંખ ઉઘડયા પછી પથારીમાં પડયા રહેવું એ સુસ્તાઇનું લક્ષણ છે. મોડા ઉઠવાની ટેવથી તન અને મન નબળાં થાય છે, તેટલા માટે સૂર્યોદય પહેલાં ઉઠવું ઉત્તમ છે. આ બાબત ટેવની છે. એક વાર ટેવ પડશે એટલે પથારીમાં પડયા રહેવું ગમશે નહિ. સવારમાં વહેલા ઉઠવાથી મન આનંદમાં રહે છે અને દિવસનાં સર્વ કામને પહોંચી વળાય છે. સવારનો વખત આનંદ અને હુલ્લાસથી શરૂ થાય છે, તો પછી આખો દિવસ આનંદમાંજ જાય છે. સવારનો વખત ખુશનુમા અને આનંદી છે. આખા દિવસની હવા કરતાં સવારની હવા આનંદ આપનારી જોર આપનારી અને થાક ઉતારનારી છે. જો તમે તમારૂં શરીર તનદુરસ્ત રાખવા ઇચ્છતા હો તો સવારમાં વહેલાં ઉઠો, અને લાંબી જીંદગીની ઇચ્છા રાખતા હોતો સવારમાં વહેલાં ઉઠો, મોડા ઉઠનારનો ચેહેરો ઉદાસી લાગે છે, તેનું આખું શરીર ઢીલું જણાય છે, અને તેને કાંઇ ચેન પડતું નથી. તેનું મોંઢું જોઇએતો ફેફરી ગયેલું જણાય છે. એવાં સ્ત્રી પુરૂષને મંદવાડ તુરત લાગુ પડે છે.

વ્યસન—ચા, કાફી, દારૂ, ભાંગ, તમાકુ, તપખીર, અફીણ, વગરે વ્યસનથી ભયંકર દરદો ઉત્પન્ન થાય છે. એ બધી વસ્તુઓ દવા તરીકે યોગ્ય રીતે વાપરવાથી ફાયદો કરી શકે છે, પણ નિત્ય વપરાશથી એટલે વ્યસનથી કાંઈ પણ ફાયદો કરવાને બદલે ઉલટું નુકશાન કરે છે. એ દરેક વસ્તુઓ થોડો વખત ઉપયોગમાં લીધાથી તેનામાં માદક ગુણ હોવાને લીધે તેનું વ્યસન પડી જાય છે. વ્યસન તરીકે નિત્ય વાપરવાથી બુદ્ધિ અને હુશિયારીનો નાશ, સ્મરણશકિત, વિચારશકિત, અને પાચનશક્તિ નબળી પડે છે. બદહજમી, ક્ષય, મધુપ્રમેહ, લીવરનું દરદ, આંડાનો કબજ અને મગજના જ્ઞાનતંતુઓ નબળાં પડે છે, એ વગેરે દરદો થાય છે.

આની અંદર જણાવેલા શરીર સંરક્ષણના ઉપાયો પ્રમાણે વર્ત્તવાથી શરીર આરોગ્ય અને દીર્ઘાયુષ્ય થાય છે. માટે દરેક સ્ત્રી પુરૂષે તનદુરસ્તી જાળવવા પ્રયત્ન કરવો એ તેમનું મુખ્ય કર્ત્તવ્ય છે.

સ્ત્રીઓનાવિશેષરોગોપયોગીવૈદ્યક.

આ સંસારમાં સ્ત્રીઓનું મુખ્ય કર્ત્તવ્ય છે કે તેમણે સુંદર, સુઘડ, બળ બુદ્ધમાં શ્રેષ્ટ અને તનદુરસ્ત પ્રજા ઉત્પન્ન કરવી. આવી પ્રજા ઉત્પન્ન કરવાને માટે તેમણે વૈદ્યકશાસ્ત્ર અને સદાચારના નિયમો જાણવા જોઇએ તથા એ નિયમો પ્રમાણે ચાલી પોતે અનેક રોગોથી મુક્તી રહી તનદુરસ્ત અને સદાચારી થવું જોઇએ. જો એ પ્રમાણે થાયતોજ સારી પ્રજા ઉત્પન્ન કરી, પોતાના ઘર સૂત્રને સારી રીતે ચલાવી શકે અને તેમ થાયતોજ પરિણામે સંસારના શારીરિક અને માનસિક વ્યાધિઓ અને ઉપાધિઓ ઓછાં થાય; પરંતુ ઘણા ખેદની વાત છે કે સ્ત્રીઓ આવા જ્ઞાનથી ઘણીજ અજ્ઞાન જોવામાં આવે છે અને તેને લઇ અનેક રોગોને આધિન થઇ સંકટ ભોગવે છે. માટે સ્ત્રીઓને ઉપયોગી વૈદ્યક શાસ્ત્રના જ્ઞાનની ઘણી જરૂર છે. જો કે કેટલાક રોગો પુરૂષો પ્રમાણે સ્ત્રીઓને પણ થાય છે અને તેને લગતી ચિકિત્સા વગેરે એક સરખીજ છે. તે વિષે કેટલુંક વિવેચન વૈદ્યક શાસ્ત્રને આધારે **"સતીમંડળ ભાગ ૧ લામાં" ઘરઉપયોગી વૈદ્યક**—એ વિષયમાં કરેલું છે. તે વાંચી ઉપયોગમાં લેવું. સ્ત્રીઓના વિશેષ-છુપા -ગુહ્યરોગો, જેની ચિકિત્સા ઉઘાડી રીતે થઇ શકતી નથી, તેમ સ્ત્રીઓ શરમ અને સંકોચથી ખુલ્લી રીતે વૈદ્ય કે ડાકટર પાસે પોતાના રોગની હકીકત જણાવી શકતી નથી; એટલુંજ નહિ; પરંતુ કેટલીકતો પોતાના પતિ કે વ્હાલા સંબંધીઓને પણ કહેતાં શરમાય છે. આવી અડચણોને લીધે તે પોતાના રોગોના ઉપચારો કરી શકતી નથી. તેથી તેવા કેટલાક રોગો વધને તેનું પરિણામ વિપરીત આવે છે. જો સ્ત્રીઓ આવા રોગોના જ્ઞાનથી કુશળ થયેલી હોયતો તેઓ પોતાનો બચાવ કરવાના ઉપાયો લઇ શકે. સ્ત્રીઓના ગુહ્યરોગો પર ઉપચાર કરવાને સ્ત્રીઓજ હોવી એ વધારે યોગ્ય છે, અને તેથીજ તેમને આવા જ્ઞાનની વિશેષ જરૂર છે. સ્ત્રીઓને ઘણા છુપા રોગો થાય છે, તે સર્વેનું અહીં વર્ણન કરેલું નથી; પરંતુ તેમાંના કેટલાક રોગોનું ઉપયોગી ટુંક વર્ણન વૈદ્યકશાસ્ત્રના આધારે આની નીચે આપેલું છે.

આર્ત્તવ—ઋતુદર્શનસંબંધીરોગો—સ્ત્રીઓને રજોદર્શન બારમા વર્ષથી શરૂ થઈ પચાશ વર્ષ સુધી ઘણું કરી ચાલુ રહે છે, અને દર માસે ત્રણથી પાંચ દિવસ સુધી રજઃસ્રાવ થાય છે. રજોદર્શન દેશ, કાળ અને હવા વગરે કારણોથી કોઈ સ્ત્રીઓને વહેલું મોડું પણ આવે છે. તે વિષે વિશેષ વર્ણન **"સતીમંડળ ભાગ ૧ લામાં" રજોદર્શનના** વિષયમાં આપેલું છે. તે સુજ્ઞ જીજ્ઞાસુ સ્ત્રીએ વાંચી જોવું; અહીં માત્ર તેને લગતાં રોગોનાં કારણો, પ્રકાર,

લક્ષણો અને દવાઓ આપેલી છે. **કારણો**—બાળાઓ યુવાવસ્થાની પરીપક્વ સ્થતિમાં આવ્યા પહેલાં અથવા શરીરની તનદુરસ્તી સારી ન હોય, એવા સમયમાં સંસારમાં નાખવાના હાનિકારક રીવાજથી ઘણી સ્ત્રીઓ ઋતુદર્શનના કંટાળા ભરેલા રોગને ભોગ થઇ પડે છે, જ્યારે યુવાન બાળાઓ પ્રથમ રજસ્વળા થાય છે; ત્યારે તેની જોઇએ તેવી સાવજત થતી નથી; જેવીકે—ઠંડી હવા, ભેજવાળી જગા, ઠંડા પાણીથી સ્નાન, ભીનાં કપડાં, ઘણો વખત ઉભા રહેવું, જલદી પચે નહિ એવો બોજા વાળો ભારે ખોરાક, ઘણો શ્રમ, ભય, ગુસ્સો, અતિ ગરમ, અતિ ઠંડા અને લુખા પદાર્થ ખાવા વગેરે એ સર્વથી તેમને મુક્ત રાખવી જોઇએ, પણ અજ્ઞાન સ્ત્રીઓ તે વિષે કશો પણ નિયમ પાળતી કે પળાવતી નથી તેથી, રજોદર્શન બંધ કરવાના ઉપાયોથી, સંસારની વાતો કાચીવયમાં સાંભળવાને લીધે, અપક્વ સ્થિતિમાં દસ્તાન વહેલું આવવાથી, ગર્ભ રહ્યા પછી યોગ્ય સંભાળ ન રાખવાથી, અધુરે સ્રાવ થઇ જવાથી, સ્ત્રીઓ ખાનગી રોગોમાં કેટલીક અજ્ઞાન દાયણો—સુઆણીઓના હાથે ઉપાગો કરવાથી અને ગર્ભસ્થાનની કોઇ પણ વિકૃતિથી પણ ઋતુદર્શનને લગતા રોગો થાય છે. **રોગનાપ્રકાર અને લક્ષણ**—(૧) નષ્ટાર્તવ-દસ્તાન બંધ થવું (૨) પીડિતાર્તવ-ઋતુસ્રાવ દુખાવસાથે થવો. (૩) **અત્યાર્તવ**—ઋતુસ્રાવ જોઇએ તેથી વધારે થવો. આ ત્રણે પ્રકારે દસ્તાનને લગતા રોગો થાય છે.

નષ્ટાર્તવ—આ રોગ થવાનું કારણ-અવયવની સ્વાભાવિક ખામી, સ્ત્રી અંડની અલ્પતા અથવા અભાવ, વગેરે કારણથી ઋતુ પેદા થતું નથી અથવા પેદા થાય છે, તો પ્રતિબંધને લીધે બહાર દેખાતું નથી. ઘણો એશઆરામ, આળસ, ઘણી ઉંઘ, ખરાબ હવા, અને ભેજવાળું ઘર, એ પણ આર્તવ રોગનાં કારણો છે. **લક્ષણ**—દરેક માસે ઋતુ સમયે ઋતુ બહાર આવવાને યત્નકરે છે, પણ બહાર પડી શકે નહિ. તેથી પેડું, કમળ, અને સાથળોમાં દરદ, શરીરમાં ધ્રુજ ગળામાં ગાંઠો, વખતે આંખો ઉઠે, પ્રદર, નાક અને મોંમાંથી વખતે લોહીનો રસ્તો, હિસ્ટીરિયા, છાતીમાં ગભરામણ, દમ, મંદાગ્નિ, ઝાડાનો કબજો, વગેરે થાય છે. **ઉપાય**—અવયવની કાંઇ પણ સ્વાભાવિક ખામી હોય તો તેનો તપાસ કરાવી ઉપાય કરવો. ઝાડો કબજ હોય તો તે સાફ આવે એવી દવા લેવી. ગરમ પાણીની પીચકારી લેવી, ગરમ પાણીમાં બેસવું, અથવા પેડુંપર ગરમ પાણીનો શેક કરવો. **દવા**—(૧) એળીઓ અને હીરાબોળની સોગઠી પેસવી. (૨) એળીઓ, લોહ, કુંવાર, ગુગળ, એ દવાઓ દસ્તાનના રોગોને ગટાડે છે. માટે તે એકલી અગર બીજી દવાઓની સાથે લેવી. (૩) એળીઓ ૪ તોલા, હીરાબોળ ૨ તોલા, ગુલકંદ ૫ તોલા, એ સર્વે મેળવી બબે વાલની ગોળી કરી દરટંકે અકેક ગોળી લેવી. (૪) ટંકણ ૧ વાલ, એળીઓ ૧ રતી, મંડુર ૧ રતી, તેની ગોળી પાણીસાથે પીવી.

પીડિતાર્ત્તવ—કારણ—આ રોગ શારીરિક અને માનસિક નાજુકાઈ, ગર્ભસ્થાનનો વરમ, ઋતુસ્રાવનો પ્રતિબંધ થવાનું કાંઇ ખાસ કારણ અને ગર્ભાશયમાં લોહીનો જમાવ, એ આ રોગનાં કારણો છે. **લક્ષણ**—ઋતુસ્રાવ થતાં પહેલાં એકાદ દિવસ અગાઉથી દરદ શરૂ થાય છે. કમરમાં સખ્ત શૂળ, માથામાં દરદ, પેડુમાં ગાંઠ જેવો જમાવ, તથા બોજો, ઋતુસ્રાવ ઓછો કે વધતો આવે, બંધપડે ને વળી આવે, અને તેની સાથે દરદ પણ તેના પ્રમાણમાં વધે ઘટે છે. હિસ્ટીરિયા, ઓડકાર, અને ઝાડાનો કબજો એ સર્વે આરોગનાં લક્ષણ છે. **ઉપાય**—(૧) જે વખતે પીડાથતી હોય તે વખતે દસ્તાનની પીડા બેસાડવા માટે અફીણ, અને કપુરનો ઉપયોગ કરવો. (૨) અફીણ ૨ ગ્રેન, અને કપુર ૪ ગ્રેન, તેની ૭ ગોળીઓ કરી એકેક બબ્બે ગોળી ત્રણ ત્રણ કલાકે ખાવી. (૩) બેલાડોના ૧૨ ગ્રેન, જસતનાં ફુલ ૪૦ ગ્રેન, તેને મધમાં ઘુંટી તેની ૪ સોગઠી કરી દરરોજ એક રાત્રે પેરવી. (૪) ગરમ પાણીમાં બેસવુ. (૫) યોગરાજગુગળ એ પણ સ્ત્રીઓના ગર્ભાશય અને ઋતુના રોગને માટે ઉત્તમ ઉપાય છે.

અત્યાર્ત્તવ—ઋતુ દર્શન દરમાસે આવવાને બદલે થોડી થોડી મુદતે આવે, જોઇએ તે કરતાં વધારે સ્રાવ થાય, અને ત્રણ ચાર દિવસ દેખાવાને બદલે વધારે દેખાયા કરે તેને અત્યાર્તવ કહે છે. **કારણ—યકૃત**—લીવર, પ્લીહ, ફેફસાંના વ્યાધિ અને પાંડુ વગેરે દરદોમાં આ રોગ થાય છે. ગરમી તથા ગરમ ખોરાક, ગર્ભાશયની અંદરની ગાંઠ, અગર મસા, ગર્ભાશયનું ખસવું, ગર્ભ ધારણ પછી ગર્ભ સુકાવાથી, અગર સુવાવડ પછી ઓરનો ભાગ રહી જવાથી આ રોગ થાય છે. **લક્ષણ**—દસ્તાન થોડે થોડે આવ્યા કરે અગર એક સરખું એકદમ વહીને બંધ પડે, શરીર ખાલી પડે, ફીકું પડે, શ્વાસ, થોથર, ઉલટી, મંદાગ્નિ, મનની વ્યાકુળતા અને ઝાડાનો કબજો. **ઉપાય—સ્થાનિકઉપચારો**—(૧) ઠંડા પાણીનું પોતું રાખવું અથવા બરફ મૂકવો. (૨) ફુલાવેલ ફટકડીના પાણીની પીચકારી મારવી. (૩) પંચવલ્કલ અગર ત્રિફળાના પાણીની પીચકારી કે પ્રક્ષાલન કરવું. **અંદરનાઉપચારો**—(૧) અફીણ ૧ ગ્રેનની બે ગોળી કરી એકેક ગોળી દર ત્રણ કલાકે ખાવી. (૨) સ્યુગર લેડ ૮ ગ્રેન, અફીણ ૧ ગ્રેન, ગુલકંદ ૫ ગ્રેન. એ સર્વને મેળવીને તેની ૪ ગોળી કરી એકેક ગોળી દર ત્રણ કલાકે લેવી. દેશી દવાઓમાં અફીણ, આંબળાં, ઓથમીજીરૂં, ટંકણ, કહોળું, ગુંદરપાક, હીરાબોળ, ચંદ્રપ્રભા, વગેરે દવાઓ લોહીને અટકાવે છે.

હીસ્ટીરીયા—દેશી વૈદક શાસ્ત્રે આ રોગને વાત વ્યાધિમાં અને અંગ્રેજી વૈદાંએ માનસિક–મગજના વ્યાધિમાં સમાવેશ કરેલો છે. ત્યારે અજ્ઞાન લોકો ભૂતનો આવેશ માનીને ભૂત કાઢવાના મૂર્ખાઇ ભરેલા ઉપાયો કરે છે. આ રોગ વિશેષ કરીને સ્ત્રીઓનેજ લાગુ પડે છે. અને કોઇ વખતે નબળા મનના પુરૂ-

ષોને પણ લાગુ પડે છે. **કારણ**—ગર્ભાશયના વ્યાધિ, આર્ત્તવ—ઋતુદોષ, મનની નબળાઇ, ભય, શોક, ખેદ, અતિવિષયાસક્તિ અને મનને ધક્કો લાગે એવાં બીજાં અનેક કારણોથી આ રોગ ઉત્પન્ન થાય છે. **લક્ષણો**—ખેંચતાણ, હસવું, રોવું, ધૂણવું, બૂમો પાડવી, ગોળો ચડવો, અવાચક થઇ જવું, ઉલટી, "ઓહીયાં, ઓહીયાં" જેવા અવાજ થવા, એ તેનાં સામાન્ય ચિન્હો છે. આ રોગ વાળી સ્ત્રી ઘણી વખત જે ફરિયાદ કે દરદનું કશું કારણ હોતું નથી, તેને માટે તે ઘણીજ બૂમો પાડે છે. શરીરમાં બળતરા નહિ છતાં બળુંછું, બળુંછું, કરીને પાણી માગે છે, તેને ખોટી વાસ આવે છે. જીભ બે સ્વાદ બને છે, ગોળો ચડે છે અને તે ગોળો ગળા સુધી ભરાઇને જાણે હમણાં પ્રાણ નીકળી પડશે, એટલું જોર કરે છે. શરીરે ગોટલાં ચડે છે, દાંત જડાઈ જાય છે, અવાજ બેસી જાય છે, પેટ મોટું થાય છે અને મહીના ચડયા હોય એવું લાગે છે. **ઉપાય**—આ રોગ થવાનું ખાસ કારણ હોય તે શોધીને તેનો ઉપાય કરવો; કારણ શોધવા માટે એ દરદીનો સ્વભાવ અને સહવાસથી જાણીતા પાકા માણસથી તેની સાંસારિક સ્થિતિની સર્વ માહેતી મેળવવી. એટલુંજ નહિ પરંતુ તેની કેટલીક ખાનગી વર્ત્તણુક અને વ્યસનોની પણ બાતમી મેળવવી જોઇએ. સ્ત્રીઓને આ રોગ વિશેષ કરીને ઋતુ સંબંધી વિકારોને લીધે થાય છે. માટે ઋતુ સંબંધી જે ફરિયાદ હોય તે દૂર કરવા ઉપાય કરવો. સુખી ઘરની સ્ત્રીઓએ એશઆરામમાં ઘરમાં ગોંધાઇ નહિ રહેતાં ખુલ્લી હવામાં ફરવું અને શરીરને યોગ્યશ્રમ આપવો. આ રોગ વાળી સ્ત્રીનું મન ઉશ્કેરાઇ ન જાય માટે તેને હમેશાં પ્રસન્ન રાખવી, તેનાપર દયા અને પ્રીતિ બતાવવી. એ રોગના આવેશ વખતે કરવાના **ઉપચારો**—મોં ઉપર ઠંડું પાણી છાંટવું, નાક આગળ આમોનિયા કે બીજું ઉગ્ર નસ્ય ધરી જાગૃતિ આવે એવો ઉપાય કરવો. હાથ પગના તળીયાં ઘસવાં, બેશુદ્ધિ આવ્યા વિના વાયુનો ગોળો ઉપડયો હોય તો હીંગ ગળાવવી અને દસ્ત સાફ આવે એવી રેચક દવા આપવી. યોગરાજગુગળ, રાસ્નાદિક્વાથ, અને ત્રિફળાદિક્વાથ, પણ આપવાથી ફાયદો થાય છે.

પ્રદર—આ રોગ પોતે જુદો નથી; પરંતુ આ કેટલાક રોગોનું ચિન્હ છે. સ્ત્રીને પાણી જેવો જરા જરા સ્રાવ આવ્યા કરે છે. જેથી તે ભાગો ભીના અને લીલા રહે છે. જ્યારે કેટલાંક કારણોથી આસ્રાવ વધે છે અને પ્રવાહની પેઠે બહાર પડી કપડાંને બગાડે છે, ત્યારે તેવા ધાતુસ્રાવને પ્રદર, ધુપણી. અથવા શરીરનું ધોવાવું, એવી રીતે ઓળખવામાં આવેછે. **કારણ**—સંસાર ભોગવવામાં નિયમ કે હદ ન રાખવાથી, વારંવાર ગર્ભ રહેવાથી, ઋતુસ્રાવ બંધ કરે એવી વસ્તુઓ વાપરવાથી, ગર્ભ રહેવાથી, બીજા રોગોને લીધે આવેલી નબળાઇથી, ઘણો સારો પૌષ્ટિક ખોરાક ખાઇ શરીરને યોગ્ય કસરત નહિ આપવાથી અને

દારૂ વગેરે ગરમી પેદા કરનારી ચીજો બહુ વાપરવાથી આરોગ પેદા થાય છે, **લક્ષણ**—પાણી જેવી, અગર ઘાટી અને ચીકણી, ધોળી, પીળી કે ગળગુગળી રસી વહેતી એ આરોગનાં પ્રત્યક્ષ ચિન્હ છે. ધાતુ ગુહ્ય માર્ગેથી અને ગર્ભસ્થાન-માંથી એમ બે માર્ગેથી વહે છે. ગુહ્ય માર્ગની ધાત પહેલાં પાણી જેવી હોય છે અને બહાર આવતાં તેનો રંગ દૂધ જેવો અથવા પીળાશપર હોય છે. વાસ ખાટી અને જલદ હોવાથી વખતે તેના સ્પર્શથી સુંવાળા ભાગોમાં લાલાશ, અગન તથા ચળ ઉપડી આવે છે. આ પ્રકારના ધાતુસ્રાવમાં માત્ર કમર તથા પેડુમાં જરા દરદ અને લાંબે દહાડે નબળાઇ માલુમ પડે છે. ગર્ભસ્થાનની ધાત કમરના મોં-માંથી નીકળે છે, ત્યારે તે ઇંડાંની અંદરના રસ જેવી હોય છે, પણ બહાર આ-વતાં સાબુના ફીણ જેવી અને વખતે પીળા રંગની હોય છે. વખતે બહુ ઘાટી હોય છે. ગર્ભસ્થાન અને કમળ મુખના દીર્ઘ વરમથી આ રોગ ઉત્પન્ન થાય છે અને તેની સાથે માથામાં પીડા, મંદાગ્નિ, અરૂચિ, પેટમાં વાયુ, થાક, શ્વાસ. જીભ ઉપર મેલ, ફિકાસ. ઝાડાંનો કબજો, છાતીમાં ફડક, ફેર, મુર્છા, વાંસામાં ત-થા જંગણા પડખામાં દરદ અને વખતે હિસ્ટીરીયાના જેવાં ચિન્હો થઇ આવેછે. **અંદરનાઉપાય**—શ્વેતપ્રદરમાં સ્ત્રીને પૌષ્ટિક અન્ન અને ઔષધ આપવાં. પૌષ્ટિ-ક દવામાં મુખ્યત્વે લોહકલ્પ દેવી. મંડુર ૧ રતી છાસમાં દેવું. કિવા લોહ ભ-સ્મ ઘી સાકરમાં અગર માખણમાંદેવી. સ્ત્રીને હવા બદલવા કહેવું. કાળજાનો અગર બીજો કંઇ રોગ હોય તો તેની દવા કરવી, આહાર વિહારમાં બહુજ નિય-મિત રહેવું અથવા સખ્ત પહેરેજી રાખવી. બાળક ધાવતું હોય તો ધાવણ છોડા-વવું, યોગ્ય કસરત કે શ્રમ કરવો, ખુલ્લી હવામાં ફરવું, ક્ષય વગેરે રોગ હોય તો ઉપાય કરવો. તનદુરસ્તી બગાડનારાં સર્વ કારણોનો અટકાવ કરવો અને તનદુરસ્તી વધારવાના સર્વ ઉપાયો કરવા. મુસળીપાક, ગોખરૂપાક, ગળોસત્વ, રસાયણ ચૂર્ણ, જીરાપાક, ચંદ્રપ્રભા, કોળું, પાકેલાં ફળાં, ખેરીગુંદર, શતાવળી, આસંધ મુસળી, તાલીમખાના, ગોખરૂ, ગળો, વગેરે સર્વ દવાઓ પ્રદર અને ધાતુસ્રાવ બં-ધ કરવા વાળી છે. **બહારનાઉપચાર**—પંચવલ્કલના પાણીથી પ્રક્ષાલન અથવા તેની પીચકારી (સ્ત્રીઓ માટે ખાસ જુદી પીચકારીઓ મળે છે. તે વાપરવી.) ત્રિફળાના પાણીની કે ઉકાળાની પીચકારી લેવી. માયાંફળ એક તોલો લઇને તે અધકચરાં વાટીને એક શેર પાણીમાં નાખીને તેનો કાઢો કરવો, તે ગાળી લઇ તેમાં ફટકડી અને કાથાનું ચૂર્ણ નાખી તેની પીચકારી મારવી. પતંગલકડી, મોચરસ, અને ધાવડીનાં ફુલ એ સમભાગે લઇ શેર પાણીમાં ઉકાળો કરી તેની પીચકારી મારવી. **અંદરપેરવાનીદવા**—મુલતાની માટીની ગોળી કરી પેરવી; માયાંફળ, ફટકડી અને કાથાનું ચૂર્ણ તેને એક બારીક કપડામાં ઘાલી તેની પોટલી કિંવા લાંબી કોથળી કરીને પેરવી.

રક્તપ્રદર—લોહીવા—સ્ત્રીઓને ઘણીવાર શ્વેતપ્રદરને બદલે લોહીસ્રાવ કે પ્રવાહ થાય છે, તેને ફક્ત પ્રદર કહે છે. આ રોગના ઉપાયો "શ્વેતપ્રદર" પ્રમાણે કરવા. ઘણીવાર આર્ત્તવ-ઋતુદોષ (અત્યાર્તવ) ને રક્તપ્રદર ગણવામાં આવે છે અને રક્તપ્રદર તથા અત્યાર્તવ એ બંને ગર્ભાશયનાજ રોગ હોવાથી બંને માટે એક સરખા ઉપાયો કરવામાં આવે છે.

મૂત્રમાર્ગનોવરમ—મૂત્ર માર્ગમાં તીક્ષ્ણ વરમ એટલે દાહ સાથે સોજો થાય છે. પરમાના ચેપથી અથવા ગરમ પદાર્થો ખાવાથી, દારૂ પીવાથી, મલીનતાથી અને સંસારવિલાસમાં હદ નહિ રાખવાથી આવો રોગ થાય છે. **લક્ષણ**—ઉનવા, દાહ, ચળ, કમર તથા જાગમાં દરદ, દસ્તઉતરતાં દરદ, અંદર પ્રથમ સોજો અને પછી પરૂ જેવી રસી આવવા માંડે છે. જીર્ણ થયા પછી આ દરદ પ્રદરનું રૂપ પકડે છે. **ઉપાય**—અફીણના ડોડા તથા સોડા નાખી ઉકાળેલા ગરમ પાણીમાં બેસવું. ગરમ પાણીની પીચકારી લેવી. અફીણ અને શ્યુગરલેડ બબે વાલ કોકમના તેલમાં મેળવી તેની ચાર સોગઠી કરી અકેક અંદર પેરવી. પ્રદર રોગમાં બતાવેલા પ્રક્ષાલનનો તથા પોતાંનો ઉપયોગ કરવો. એક હલકો જુલાબ લેવો આ દરદ સારી રીતે મટતાં સુધી ખોરાક સાદો અને હલકો લેવો. ગરમ ખાનપાનનો છેક ત્યાગ કરવો.

ગર્ભાશયનોવરમ—સુવાવડની વિકૃતિમાંથી ગર્ભાશય સુજી આવી તેમાં બહુ પીડા, તાવ અને ઝાડાનો કબજો થાય છે. દસ્તાન તથા પ્રદર બહુ થાય છે. આ રોગવાળી સ્ત્રીઓને ગર્ભ રહી શકતો નથી. વરમ જીર્ણ થયા પછી તેમાં ગસા, રસોલી વગેરે ગ્રંથીઓ જામે છે અને દસ્તાન ઘણુંજ પડે છે. **ઉપાય**—વરમના સર્વ ઉપાયો કરવા. જુલાબ, શેક, પોલ્ટીસ, લેપ એ સર્વ કરવાં. ગરમ પાણીની પીચકારી અને પેડુ ઉપર અળસીની પોલ્ટીસ મારવી અથવા છેવટ કમળના મોં ઉપર થોડી જળો મુકાવવી. સંસાર સુખથી વિરક્ત રહેવું. ખોરાક સાદો અને હલકો લેવો. ગર્ભનું શોધન કરનારી દવાઓ ખાધાથી સુધારો થાય છે. જસતનાં ફુલ, કોકમના તેલ સાથે મેળવીને અંદર ચોપડવું. આ વરમને લઈને કોઇવાર કમળનું મોં બંધ થાય છે. અને તેથી ગર્ભ રહી શકતો નથી. તેમજ દસ્તાન અંદર ભરાઇ રહી પીડા થાય છે.

કમળનુંક્ષત—કમળ ઉપર કોઇવાર ઘારૂં પડે છે. તેથી રક્તસ્રાવ થાય છે. કોઇવાર ઉપરછલું છાલું પડે છે ને કોઇવાર ઘારૂં ઉંડુ પડે છે. આ દરદને લીધે પણ દસ્તાન અનિયમિત તથા ઘણું આવે છે. કમરમાં ત્રાસ દાયક પીડા થાય છે. ધાત જાય છે અને રક્તસ્રાવ થાય છે. **ઉપાય**—વ્રણના ઉપાય કરવા. પંચવલ્કલની અમર ત્રિફળા અને માયાંના પાણીની પીચકારી મારવી. ફટકડી અગર જસતના પાણીની પીચકારી મારવી.

ગર્ભાશયભ્રંસ—આ આમળુની પેઠે ગર્ભાશય પણ હેઠું ઉતરી બહાર આવે છે. આ દરદ મોટી ઉમરની સ્ત્રીઓને થાય છે. વારંવાર પ્રસવ થવાને લીધે ગર્ભાશય બહાર આવે છે. ગર્ભાશય સુજી જવાથી, તેમાં ગ્રંથી થવાથી, કરાંજવાથી, ગર્ભાશય હેઠે ઉતરે છે. **ઉપાય**—આમળુની પેઠે તેને દાબીને ઉપર ચડાવવું, રાળના લેપનું બંધન કરવું ને તાણીને પાટો બાંધવો. સ્ત્રીએ પથારીની બહાર જવું નહિ. ઠંડા પાણીમાં બેસવું અગર સ્તંભક દવાઓની પીચકારી માંરવી અથવા સોગઠીપેરવી. જેથી બંધન સખત થવાથી ગર્ભાશય નીચે ઉતરી શકશે નહિ. શક્તિ આવે એવી દવાઓ લેવી.

સ્તન—થાનનોસોજો—ધાઇમાં દૂધ પેદા થવા સારૂ તે તરફ લોહીનો જોશ ચડી આવે છે. તેથી ધાઇ ભરાઇ જાય છે અને તાવની સાથે થાનમાં સોજો ઉપડી આવે છે. એક અગર બંને ધાઇમાં આ દરદ થાય છે ત્યારે થાન ભરેલાં લાગે છે. તેમાં ગાંઠો બધાય છે, સખ્ત વરમ થઇ આવે છે ત્યારે ચામડી લાલ થાય છે, ટાઢ તથા તાવ ચડી આવે છે, બેચેની, અનિદ્રા, અને પાક ઉપર આવતા અંદર લબકારા મારે છે. બાળકને વખતસર નહિ ધવરાવવાથી અથવા ભરેલી ધાઇમાં હાથને બહુ હલાવવાથી, ઘણો ગરમ ખોરાક ખાવાથી અગર મનના આવેશની અસરથી પણ વરમ થાય છે. **ઉપાય**—થોડું દરદ હોય તો ફલાલીનનો અથવા પોસના ડોડાના ગરમ પાણીનો શેક કરવો. દાહ થતો હોય તો—ગુલાબ જળનું પોતું મૂકવું અથવા સુખડ અને રતાંજળીનો લેપ વારંવાર કરવો. વેળાસર દૂધ ખેંચી લેવાનો ઉપાય કરવો, કોઇ પાસે ધવાડીને કાઢી નાંખવું, શેક કરવો, અને અળસીની પોલ્ટીસ મારયા કરવી, લીંમડાનાં પાન બાફીને બાંધવાં. ઝાડો સાફ લાવવાની તથા તાવની દવા આપવી.

બાલીજવું—કેટલીક સ્ત્રીઓ ઋતુના દોષથી એટલે દસ્તાનનો અટકાવ થવાથી અંદર જમાવ થતો જાય છે અને તેથી એવી સ્ત્રીઓનાં પેટ અને પેડુ ખાસ કરીને ફુલી ગયેલાં જોઇએ છીએ, તેને બાલી જવું કહે છે. કેટલીક સ્ત્રીઓને એકાદ છોકરૂં થયા પછી આરોગ થાય છે અને પછી ગર્ભ રહેતો અટકે છે. **ઉપાય**—બાલી ગયેલી સ્ત્રીઓએ ઓછો અને સાદો ખોરાક ખાવો અને મહેનતનું કામ કરવું. ખુલ્લી હવામાં ફરવું અને ઘરમાં પણ શ્રમ પડે એટલું કામકાજ કરવું. શરીર ઉપરથી ચરબી અને વાયુ ઓછા થાય એવા ઉપાયો કરવા. એવા ઉપાયોમાં —સાફ દસ્ત આવે એવી દવા કરવી, હરડે, જાલપ, એળીયો, હીંગ વગેરે દવા વાયુના તથા દસ્તના ખુલાસા માટે વાપરવી. ઋતુ-દસ્તાન વેળાસર લાવવાના ઉપાયો કરવા. જેમકે ગરમ પાણીમાં રાઇ નાંખી પગ બોળવા, કમર ઉપર શેક કરવો. આ ઉપાયથી પેડુનો જમાવ નરમ પડશે અને જામેલા લોહીનું ઉપર ખેંચાણ થઇને ગર્ભાશય ખુલ્લુ થશે. યોગરાજગુગળ વાયુ તથા મેદને ઓછો કરે છે માટે તેને

લાંબો વખત સેવન કરવું. ત્રિફળાનો ઉકાળો મધ નાંખી પીવો, પાણી ગરમ કરી ઠારીને તેમાં મધ નાંખી નિત્ય પીવું. તેથી પણ મેદ તથા ચરબી ગળે છે.

ગર્ભાવસ્થાનારોગો.

સ્ત્રીઓને ગર્ભ રહ્યા પછી કેટલીક સ્ત્રીઓને ગરોદરના ખાસ રોગો થાય છે. તેમજ તાવ, મરડો, ઝાડો વગેરે સામાન્ય રોગો પણ થાય છે. તે રોગો જાણવામાં આવતાં તે દૂર કરવાના ઉપાયો કરવા જોઇએ. આપણા લોકોમાં ગર્ભિણીને કંઇપણ દવા આપવી નહિ એવી ગાંડી સમજણ હોય છે. તેથી કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ અને સમજણ વગરના પુરૂષો ગર્ભિણીને મોટો ભયંકર રોગ થયો હોય, તોપણ કંઇ દવા આપતા નથી. તેથી તેનું પરિણામ બહુ ખરાબ આવે છે. વૈદ્યક શાસ્ત્રમાં ગર્ભિણી સ્ત્રીઓને થતા રોગોની પણ દવા આપેલી છે. માટે તેવો કોઈ રોગ જણાતાં કદી પણ બેદરકાર રહેવું નહિ: તરત સારા વૈદ કે ડાકટરની સલાહ લઈ દવા કરવી. આ નીચે વૈદ્યક શાસ્ત્રને આધારે થોડા રોગના ઉપાયો આપેલા છે.

ઝાડાનીકબજીયત—ગર્ભિણી સ્ત્રીઓને ઝાડાની કબજીયત રહે છે. જો કે તે હમેશાં એકાદ વખતે ઝાડે જાય છે તોપણ જોઇએ તેવો ખુલાસે સાફ દસ્ત આવતો નથી, તે એ સ્ત્રી જાણી શકતી નથી. આ વિકાર ધીમે ધીમે વધીને પેટમાં સણકા નાખીને કમર દુઃખવા માંડે છે અને જનેંદ્રિય છુટીને નીચે આવે છે, એવો ભાસ થાય છે. **ઉપાય**—તેમને વારંવાર જુલાબની દવા નહિ આપતાં યુક્તિથી કામ લેવું. એળીઓ, નસોતર, કોલોમેલ, નેપાળો, રેવંચીનોશીરો, જાલપ, આ દવા ચાલતાં સુધી આપવી નહિ. (૧) દૂધના વિશેષ સેવનથી ઝાડાનો ખુલાસો થાય છે. (૨) એરંડીઉ દૂધમાં આપવું. સખત કબજીયતમાં એરંડીયાની પીચકારી આપવી. (૩) સોનામુખી, હીમજીહરડે, ગુલાબનીકળી, આંબળાં, જેઠીમધ, અને કાળી દ્રાક્ષ તથા ગરમાળાનોગોળ, એ પ્રત્યેક અરધો તોલો લઇને એક શેર પાણીમાં કાઢો કરીને ચોથો ભાગ બાકી રહે એટલે ગાળીને વારંવાર થોડો થોડો પાવો તેનાથી ગર્ભને અને ગર્ભિણીની પ્રકૃતિને કંઇ ઇજા થતી નથી અને મળ શુદ્ધિ સાફ થઇને પ્રકૃતિ શાન્ત રહે છે.

છાતીમાંબળવું—લક્ષણ—કડવા ગચરકા અથવા ઓડકાર આવે છે. અને કેટલીક સ્ત્રીને છાતીના નીચેના ભાગમાં બળવા શરૂ થઇને ઉપર ગળામાં આવે છે. **ઉપાય**—સ્ત્રીએ સાધારણ રીતે ખટાશ, તીખાસ, અને તેલ વાળા પદાર્થ ખાવા નહિ. બાઇકારબોનેટઑફસોડા સુમારે ૨ થી ૫ રતી એક તોલા ઠંડા પાણીમાં આપવો, સોનામુખી ૦ાા તોલો, હિમજીહરડે ૦ાા તોલો, કાળી દ્રાક્ષ ૦ાા તોલો, અને આંબળાં ૦ાા તોલો એ સર્વનું એકત્ર ચુરણ પાણી સાથે આપવું.

પેટમાંચુંક—આ ચુંક વખતે એટલી તો તીવ્ર હોય છે કે તેનાથી ગર્ભપાત થવાનો

સંભવ હોય છે. ઉપાય—ફુદીનાના અને આદાના રસમાં બે ત્રણ રતી સંચળ મેળવીને આપવો. ફુદીનાનો રસ ાા તોલો, આદાનો રસ ાા તોલો, અને સિંધવ ૧ માસો, મેળવીને આપવો, તેથી બંધ ન પડે તો, નગોડનો રસ ાા તોલો, એક માસો સિંધવ નાંખી આપવો. ફુદીનો, આદુ, ડુંગરી, લશણ, અને તુળશી એ દરેકનો પા પા તોલો રસ કાઢીને એકત્ર કરી આપવો. અજમો ઉના પાણીમાં આપવો.

શૂળ—દર્ભ, કાંસડો, એરડો, અને ગોખરૂનાં મૂળને પાણીમાં વાટી તેમાં પકાવેલ દૂધમાં સાકર અને મધ નાંખી પાવું. શૂળને માટે સખત દવાઓ વાપરવી નહિ.

અતિસાર—કેરીની ગોટલી શેકીને ખાવા આપવી. કુણું બીલું, જાયફળ અને મરડાશીંગ એ પાણીમાં ઘસી આપવાં. ધાવડીનાં ફુલ, મોચરસ, અને ઇંદ્રજવ એ સર્વે સમભાગે લઇને ચૂર્ણ કરીને બે માસા પ્રમાણથી પાણી સાથે આપવું-ગર્ભિણીને જ્વરાતિસાર થયો હોયતો મજીઠ, જેઠીમધ, લોધર, એ એક એક તોલો લઇને તેનું ચૂર્ણકરી ૭ માસા સાકરના પાણીમાં મેળવી આપવું, પાકેલા ઉબરડાં મધસાથે આપવાં, કિંવા પાકેલાં જાંબુડાં આપવાં.

ઝાડો—આંબા અને જાંબુડાની છાલનો ક્વાથ કરી તેમાં ચોખાની ધાણીનો સાથવો નાંખી પાવાથી સંગ્રહણી મટે છે. મજીઠ, જેઠીમધ, અને લોધર એ ત્રણ વાટી તેનું પાણી કરી સાકર નાખી આપવું.

ઉલટી—ધાણાને વાટી ચોખાના ધોવણમાં છણી કાઢી તે પાણીમાં સાકર નાંખી પાવું. કલંબાનું ચૂર્ણ અથવા ક્વાથ સાકર તથા મધ નાંખીને આપવું, સોડાવાટર તથા બરફ આપવાં. કાળજાપર રાઇની પટી મારવી અગર લાડેનમ ચોપડવું. ખોરાકમાં ફક્ત દૂધ અથવા દૂધની કાંજી કે રાબ આપવી. બોજવાળો ભારે ખોરાક કાંઇ પણ આપવો નહિ.

અરૂચિ—અજમોદ, સુંઠ, પીંપર અને જીરૂ તેની ગોળમાં ગોળીકરી આપવી.

ઉધરસ—બહુફળીનાં મૂળ, બળદાણાનામૂળ, અને અરડુશીનાં પાનનો ક્વાથ કરી પાવો. આ ક્વાથ ગર્ભિણીને કમળો, સોજો. શ્વાસ, કાસ, રક્તપિત્તનાં દરદમાં પણ સારો છે, ખેરસાર તથા કાથાની ગોળી આપવી. સીતોપલાદિ ચૂર્ણ મધને ઘીમાં આપવું.

તાવ—જેઠીમધ, રતાંજલી, વાળો, ઉપલસરી, અને કમળનાં ખાંડાંનો ક્વાથ સાકર અને મધમાં નાંખી આપવો. રતાંજળી, ઉપલસરી, લોદ્ર અને દ્રાક્ષનો ક્વાથ સાકર નાંખી પાવો. બકરીનું દૂધ અરધોશેર અને પાણી શેર ાા તેમાં સુંઠ રૂા૦ ૧ ભાર નાંખી ઉકાળી પાણીનો ભાગ બળીજતાં શેર અરધ દૂધ રહે ત્યારે તેમાં થોડી સાકર નાંખી પાવાથી વિષમ્ જ્વર એટલે અનિયમિત રીતે આવતો ટાઢીઓ તાવ વગેરે શાંત પડે છે.

અશક્તિ—દુર્બળ અને અશક્ત સ્ત્રીઓને ગર્ભ રહે છે, ત્યારે તેમને શક્તિ લાવનારી દવા અને ખોરાક આપવાની જરૂર છે. સ્ત્રીની દુર્બળ અવસ્થામાં રહેલો અને ઉછરેલો ગર્ભ પણ બહુ દુર્બળ અને અલ્પાયુષી હોય છે; એટલુંજ નહિ પણ પ્રસવ વખતે સ્ત્રીની સ્થિતિ પણ ઘણીવાર બહુ જોખમ ભરેલી થઇ પડે છે. **ઉપાય**—સામાન્ય ઉપાયોમાં-દુધ સર્વોત્તમ છે. ગાર્ભિણીના ઉપચાર માટે ગાયનું કે બકરીનું દુધ સારૂં છે. જેઠીમધ અથવા સુંઠના કટકા શ૦ ૧ ભાર તેને અરધશેર દુધ તથા અરધશેર પાણીમાં ઉકાળવાં. પાણી બળી જતાં બાકી રહેલા દુધમાં થોડી સાકર મેળવી પીવું. આવું દુધ ઘણા દિવસ સુધી પીવાથી શરીરમાં શક્તિ ભરાય છે અને શરીરમાં તાવ, ખાંસી વગેરે કાંઇ ઉપદ્રવ હોય છે, તો તે પણ શાંત થાય છે. **વસંતમાલતી** અથવા સુવર્ણ વસંતમાલતીનું સેવન કરવું. અનુપાન દુધ તથા સાકર. ગર્ભપાળ નામની દવા ઉત્તમ ઉપાય છે. આ દવાથી ગર્ભિણી તેમજ ગર્ભ બંનેનું પોષણ અને રક્ષણ થાય છે.

કોલેરા—સુંઠ તથા બીલીનાં મૂળનો ક્વાથ કરી પાવો તથા તે સાથે જવને શેકી તથા દળીને તેનો કરેલો સાથવો જરા જરા પાવો. સખ્ત દવાઓ આપવાથી ગર્ભને હાનિ થાય છે.

માટીખાવાનીટેવ—ગાર્ભિણી સ્ત્રીઓમાં કેટલીકને માટી ખાવાની ટેવ હોય છે. વૈદ્યક શાસ્ત્રમાં ગાર્ભિણી સ્ત્રીને તેની ઇચ્છા પ્રમાણે જુદા જુદા પદાર્થો ખાવાને આપવાની ભલામણ કરી છે, પણ તેથી એમ નહિ સમજવું જોઇએ કે દેખીતી રીતે નુકશાનકારક વસ્તુ ખાવાની ઇચ્છા થાય તો તે વસ્તુ પણ ખાવા દેવી. માટી નુકશાનકારક વસ્તુ છે, એમાં કાંઇ પણ શક જેવું નથી. માટે એવી વસ્તુ ખાવાનો સખ્ત પ્રતિબંધ કરવો. માટી ખાવાવાળી સ્ત્રીઓનાં છોકરાંને પણ માટી તથા પોડાં બહુ ભાવે છે ને ચોરી ચોરીને ખાતાં શીખે છે. માટે તેવી નુકશાનકારક વસ્તુઓ ખાવા દેવી નહિ.

મૂર્છા—ગાર્ભિણી સ્ત્રીને પાંચમા મહીનાના સુમારમાં ગર્ભ ચલન વલન કરવા માંડે છે. તે ચલન વલનને "ગર્ભ સ્પંદન" એવું નામ આપેલું છે. ગર્ભ સ્પંદન વખતે ગાર્ભિણીને મૂર્છા આવે છે, તે પછી ફરીથી ઘણું કરીને આવતી નથી; પરંતુ નાજુક પ્રકૃતિના સ્ત્રીઓને તે વારંવાર આવે છે અને તે સહેજ નજીવા કારણથી ઉત્પન્ન થાય છે. ઉષ્ણને રોકાયેલી હવા, મનને આનંદ આપનાર દેખાવો, દુર્ગંધ, મનને ક્વચિત ધક્કો પહોંચવો, એક પછી એક જલદીથી મનમાં જુદા જુદા વિચાર ઉત્પન્ન થવા. આ માંહેલા કોઈપણ કારણથી મૂર્છા આવે છે. **ઉપાય**—આવિકાર ક્ષીણુતાના બોધક છે. માટે બળવર્ધક ઉપચારો કરવા. એરંડીઉ આપી કોઠો સાફ કરલો. લોહ અને તેના કલ્પ ઘણું કરીને ઉપયોગી થઇ પડે છે. મંડુર એક રતી ઘી તથા સાકરમાં આપવું. નાચ, તમાસા અને જલદી

ચાલવું, એ સર્વેનો ત્યાગ કરવો.

શ્વાસ—નાજુક સ્ત્રીઓને ગરોદરપણામાં પહેલા બે ત્રણ મહીનામાં કદી કદી ઉત્પન્ન થાય છે. જેમ જેમ ગર્ભાશય પેટમાં ઉપર ચઢતું જાય છે અને મધ્ય પડદા પર તેનો દાબ પડવા લાગે છે, તેમ તેમ શ્વાસ બહુ વધે છે. આથી સુવાતું નથી અને જો જરા ઉંઘ આવે તો ભયંકર સ્વપ્નમાં આવીને ઉંઘ ઉડી જાય છે. પ્રસુતીનો સમય નજીક આવતાંજ આ શ્વાસ અકસ્માત્ મટી જાય છે ઉપાય—ભારંગમૂળ, સુંઠ, લીંડીપીપર, એ અકેકં તોલો લઇ તેનું ચૂર્ણ કરીને તેમાંથી ત્રણ માસા ચૂર્ણ ગોળ સાથે આપવું. એક રાઇના દાણા જેટલી કસ્તુરી નાગરવેલના પાનના બીડામાં આપવી.

પગનીસૂજ—ગર્ભાશયનો દાબ અંદરની મોટી રક્તવાહિનીના પર પડવાથી પગેથી રક્ત ઉપર ફરવાને પ્રતિબંધ થાય છે. તેથી રક્તમાંનું પાણી બહાર નીકળીને પગ પર સૂજ આવે છે. એ પ્રસૂતિ થતા સુધી રહીને બે ત્રણ દિવસમાં ઓસરી જાય છે. તે મોં પરની અને હાથ પરની સૂજ પ્રમાણે ભાયંકર નથી. ઉપાય—લાલસાટોડીનાં મૂળ, લાલ કાકડીનાં પાન, કાળા ધંતુરાનાં પાન અને ભાંગરાનાં પાન વાટીને તેનો લેપ પગ પર કરવાથી સૂજ કમી થાય છે. સુખડ, જેઠીમધ, વાળો, નાગકેશર, તલ, મરડાશીંગ, મજીઠ, આકડાનું મૂળ. અને ધોળી સાટોડીનો લેપ કરવો. કાળીજીરી; ધોળુંજીરૂં, અને કડુ એ દરેક અરધો તોલો લઇને તેનો ક્વાથ કરી આપવો.

હરસ—મસા—આ ગર્ભાશયના દાબથી થાય છે. વખતે એ ઘણાજ ત્રાસ દાયક થાય છે. પ્રસૂતિ પછી મટી જાય છે, કોઇ વખતે ગુદાદ્વારની આસપાસ હરસ-અર્શનું ઝુમખું થાય છે અને પછી ફરી થતું નથી, તે વખતે આંતરડાની ક્રિયા બંધ થવાથી પણ થાય છે. ઉપાય—કોઠો સાફ રાખવો. કદી પણ સખ્ત જુલાબ આપવો નહી. જાયફળની ભૂકી બે માસા ગુલકંદમાં આપવી, કણઝીની છાલ છાશમાં ઘસીને આપવી, સુરણની કાતરીઓ સાકર સાથે ખાવા દેવી, નાગકેસર એકથી બે માસા માખણ અને સાકર સાથે આપવું.

મોંપરસૂજ—મોં અને શરીરના ઉપરના ભાગપર સૂજ આવવી એ રક્તવિકારનું ચિન્હ છે. તેનાથી તાણ ઉત્પન્ન થાય છે, તે ઘણું કરી પ્રસૂતિનો કાળ સમીપ આવતાં સુધી થતી નથી. ઉપાય—હલકો રેચ આપવો, સંખાવળી અને કડવા લીંબડાનાં પાન પાણીમાં ઉકાળીનેનાસ (બાફ) આપવો, તેનાથી પરસેવો આવીને સૂજ કમી થાય છે. હરડાં, બેડાં, આંબળાં, નાગરમોથ, વાવડીંગ, સુંઠ, મરી, લીંડીપીપર, એ ઔષધો સમ ભાગે લઇ ચૂર્ણ કરવું, તે ચૂર્ણ બે માસા અને તેટલીજ લોહ ભસ્મ મેળવી તેને મધ અને ઘીમાં આપવી. મંડુર બે રતી ઉપરના ચૂર્ણમાં અગર મધમાં, કે છાશમાં, કે ઘી માં આપવું.

ઉંઘનોનાશ—ગર્ભણી સ્ત્રી ઉંઘ નહિ આવવાની ફરિયાદ કરે છે. તે બંધેચવાલી જગામાં ગોંધાઇ રહેવાથી અને ગરમ ખાનપાનથી ઉંઘનો નાશ થાય છે, માટે તે કારણો દૂર કરવાં. પેટ કબજ રહેતું હોયતો હલકો જુલાબ લેવો. ચા, કાફી અને દારૂ, એ ઉંઘનો નાશ કરવા વાળી વસ્તુઓ છે. માટે તેનો છેક ત્યાગ કરવો. દુધ તથા વનસ્પતિનો સાદો ખોરાક લેવો. છેવટ જરૂર પડેતો ઉંઘ લાવવા વાળી દવાનો ઉપયોગ કરવો.

ઋતુસ્રાવ—ગર્ભ રહ્યા પછી ઋતુ બંધ થાય છે; તોપણ કોઇ વાર તે દેખાય છે. આ વખતે ઋતુસ્રાવ બંધ કરવાના ઉપાયો લેવા કરતાં, ગર્ભણીની યોગ્ય માવજત રાખવી એ વધારે સલામત રસ્તો છે. ઠંડી હવા, ભીનાશ વાળી જગા, ઉઘાડે પગે ચાલવું, ભીની ભોંયપર સુવું, બેસવું, ઠંડા પાણીથી નહાવું, ઘણો વખત ઉભા રહેવું, ઘણો ખોરાક, ઘણો શ્રમ, ધાસ્તી, ગુસ્સો, અને જુલાબ એ સર્વે રક્તસ્રાવને ઉત્તેજન આપે છે. માટે તેનો ત્યાગ કરવો. સ્ત્રીને સુવાડી રાખવી અને હલકો ખોરાક આપવો.

ધાતુસ્રાવ—ગર્ભણી સ્ત્રીઓને કોઇવાર પ્રદર સરખું પાણી પડે છે. **ઉપાય**—સ્વચ્છતા રાખવી અને જરૂર પડેતો પ્રદરના વિષયમાં બતાવેલ પ્રક્ષાલન કે પીચકારી અને પોતાંનો ઉપયોગ કરવો. સારો કૌવતવાળો ખોરાક આપવો, અને પ્રદરના ઠંડા ઉપચારો કરવા.

બહુમૂત્રતા—ગર્ભિણી સ્ત્રીને વારંવાર પેસાબની હાજત થયા કરે છે. **ઉપાય**—જવનું પાણી પીવું, એરંડીઉં લઇ દસ્તનો ખુલાસો કરવો. દરદ હોયતો પેડુપર ફુલાનેલનો શેક કરવો. ચંદ્રપ્રભા વગેરે મૂત્રલ અને સારક દવાઓ લેવી.

માથુંદુઃખવું—આ દરદ કોઇ વખતે મોટું ભયંકર સૂચક ચિન્હ હોય છે, પરંતુ કદીતો તે લક્ષ આપવા જેવું પણ હોતું નથી. જો તેની સાથે આંખો લાલ હોય, સુસ્તી કિંવા ઘેરી આવતી હોય, આંખો આગળ તમરા ઉડે એવો ભાસ થતો હોય, કાનમાં અવાજ આવતા હોય તો મસ્તક શૂળ ભયંકર ચિન્હ સમજવું, અને જો ત્વરાથી તેનો ઉપાય નથાય તો તાણ ઉત્પન્ન થાય છે. એ લક્ષણો જે સ્ત્રી વધારે લોહીવાળી પ્રકૃતિની હોય છે અને ખાવા પીવાનો ધડો રાખતી નથી તેમને થાય છે. ઘણુંકરી પેટ ભરીને જમ્યા પછી થાય છે. કોઇ વખતે તદન જુદી પ્રકૃતિની સ્ત્રીઓને પણ થાય છે. **ઉપાય**–કસરત કરવી, ખોરાક થોડો ખાવો, ઉત્તેજક પદાર્થનો ત્યાગ કરવો, બળવર્ધક ઔષધો આપવાં. બદામનું તેલ નાકમાં નાંખવું, બદામની લાપસી દૂધમાં કરી આપવી. બદામ અને કપુર દુધમાં ઘસીને માથે ચોપડવું.

તાણ–આંકડી—ઉપર કહેલુ મસ્તક શૂળ એનું પૂર્વ ચિન્હ છે. જે સ્ત્રીઓને મુર્છા આવે છે અથવા જે ક્ષીણ થએલી હોય છે તેમને આ વિકાર થાય છે.

ફિકર અને ચિંતાતુર ચહેરો જણાય છે. આ આંકડીથી જીંદગીને કંઇ ભય હોતો નથી. પરંતુ કોઈ વખતે ગર્ભપાત માત્ર થાય છે. **ઉપાય**—માથા ઉપર રેશમના કપડામાં બરફ ઘાલીને લગાડવું. બોચીપર અને છાતીપર રાઇનું પ્લાસ્તર લગાડવું.

કમળો—એરંડાના કુંણા પાનનો રસ એક તોલો લઇ તેમાં ૦ા તોલો સાકર નાખીને દુધમાં આપવો, ભાંગરાનો રસ ઘીમાં મેળવી આપવો. કડુની ભૂકી બે માસા ખાંડ સાથે આપવી.

ગર્ભિણી સ્ત્રીઓના કેટલાક ઉપાયો ઉપર પ્રમાણે આપેલા છે. જોકે કુદરતની કૃપાથી ગર્ભિણી સ્ત્રીને ઘણુંકરીને ભારે મંદવાડ આવતો નથી અને ગર્ભ રહ્યા પહેલાનાં જે દરદો હોય છે, તે પણ ગર્ભ રહ્યા પછી દબાઇ જાય છે; કેમકે ગર્ભના રક્ષણને માટેજ કુદરતે આવી ગોઠવણ કરેલી છે; પરંતુ વખતે બાળકના અવતર્યા પછી પ્રથમના દબાઇ ગએલા રોગો પાછા જોર કરી આવે છે. માટે સ્ત્રીઓએ પોતાની આરોગ્યતા સારી રહે તેવા ઉપાયો કરવા જોઇએ, તે છતાં કદી કોઇ રોગ લાગુ પડેતો તેના તરત ઉપાયો લેવાને બની શકે, માટે તેને લગતું જ્ઞાન સ્ત્રીઓએ સંપાદન કરવું એ તેમનું કર્તવ્ય છે.

સુવાવડશીરીતેકરવી ?

સ્ત્રીને ગર્ભ રહ્યા પછી ચાળીશ અઠવાડીયાં એટલે ૨૮૦ દિવસે પ્રસવ થાય છે. તેમાં કોઇ સ્ત્રીને થોડા દિવસ અગાઉ અને કોઇ સ્ત્રીને થોડા દિવસ પછી પ્રસવ થાય છે. પ્રસવ એ શરીરના બીજા ધર્મની પેઠે એ પણ એક કુદરતી ધર્મ છે. એ કુદરતી ધર્મ પ્રમાણે જેમ નિરોગી માણસને મળમૂત્ર ત્યાગ અલ્પશ્રમે જેટલી સહેલાઇથી થાય છે, તેમ તેટલાજ શ્રમે અને તેટલીજ સહેલાઇથી નિરોગી અને પરિપકવ ઉંમરે આવેલાં માત પિતાથી ઉત્પન્ન થયેલો ગર્ભ, શાંત અને પવિત્ર માતાએ યથાવિધિથી પોષેલ હોય છે, તેને સ્વાભાવિક રીતે સુખ શાન્તિથી પ્રસવ થાય છે; પરંતુ જે પ્રસવ કષ્ટથી થાય છે, તે માત્ર માતા પીતાના વિરૂદ્ધ ચરણના દોષથી તેમજ ગર્ભ ધારણ કરનાર સ્ત્રી ગર્ભાવસ્થામાં પાળવાના નિયમ પ્રમાણે નહિ ચાલતાં; ખાવાપીવા, બેસવા ઉઠવા, સુવા, ચાલવા, દોડવા, અને આડા અવળા વગેરે-વિરૂદ્ધ વિહાર અને વિરૂદ્ધ ચેષ્ટા આચરે છે. તેથી તેને અને ગર્ભને વિકાર ઉત્પન્ન થાય છે. તે વિકાર પ્રસવ કાળમાં અને સુવાવડમાં દરદ અને દુઃખનું કારણ થઇ પડે છે. માટે સ્ત્રીઓએ સુખ રૂપે પ્રસવ થવાને ગર્ભ રહ્યાપછી ગર્ભાવસ્થામાં પાળવાના નિયમો પ્રમાણે વર્તવું જોઇએ. તે વિષે **"સતીમંડલ ભાગ ૧ લામાં" ગર્ભાવસ્થામાં—શી રીતે વર્તવું ?** એ

વિષયમાં વિવેચન કરેલું છે તે વાંચી લક્ષમાં લેવું. નિયમ પ્રમાણે વર્તન કરવાથી સ્ત્રીઓને સુખરૂપે પ્રસવ થાય છે; પરંતુ જ્યારે કુદરતના નિયમ પ્રમાણે વર્તવામાં નથી આવતું, ત્યારેજ કુદરત પોતાનું કામ કરતી બંધ પડે છે અને ત્યારેજ વચ્ચે પડવાની આપણને જરૂર પડે છે; પરંતુ તે વખતે પણ આપણે વિશેષ કાંઈ કરતા નથી, માત્ર મદદ કરીએ છીએ. આ વખતે સ્ત્રીઓએ ઘણી સંભાળ રાખવાની છે. જો નિયમ પ્રમાણે સંભાળ રાખવામાં આવતી નથી, તો સુવારોગ વગેરે ભયંકર રોગો થવાનો સંભવ છે. માટે સુવાવડ શી રીતે કરવી અને તેની વ્યવસ્થા કેવી રીતે રાખવી, તે વિષે થોડું વિવેચન સ્ત્રીઓને ઉપયોગી ધારી આનીચે આપેલું છે.

સૂયાણી—દાઈએણ—પ્રસવની ક્રિયા ચાલુ થયા પછી સહવાસ વગરની સુયાણીને એકાએકી બોલાવવાથી પ્રસવ કરનાર સ્ત્રીને જુદાપણું લાગી શરમથી સંકોચ પામે છે અને તેથી વીણો આવવામાં પ્રતિબંધ થાય છે. માટે ગર્ભિણી સ્ત્રીને નવમો મહિનો શરૂ થાય, એટલે સુશિક્ષિત અનુભવી સૂયાણીને બોલાવી તેની સાથે બોલવા ચાલવાથી હળીજાય એમ કરવું, અગર જે સ્ત્રીએ ઘણી વાર પ્રસવ કરેલો હોય, ગર્ભિણી સ્ત્રીપર પ્રીતિ રાખનારી હોય, મધુર વચનથી મન રંજન કરનારી હોય, અને આનંદવૃત્તિવાળી હોય, એવી કુશળ સ્ત્રીઓ સાથે તેમનું મન હળીજાય એમ કરવું. આવી રીતે કરવાથી સૂયાણીપર અથવા એવી કુશળ સ્ત્રીઓપર ગર્ભિણી સ્ત્રીને વિશ્વાસ અને પ્રીતિ બેસી જશે. તેથી તેમને જુદાપણું અને શરમ લાગશે નહિ. માટે તેવી રીતે કરવું એ હિતકારક છે.

પ્રસવપહેલાંથતાંચિન્હો—પ્રસવ થયા પહેલાં બે દિવસ અગાઉ સ્ત્રીને જરા ઠીક લાગે છે. બાળક નીચે ઉતરવાથી પેટનો ભાર ઓછો જણાય છે. તેને લીધે શ્વાસ લેવાની પ્રથમ જે હરકત પડતી તે પડતી નથી અને પોશાક ઢીલો લાગે છે. ગર્ભસ્થાન જરા નીચે ઉતરવાથી અને તેનું મોં ઝાડા અને પેશાબના માર્ગની નજદીક આવવાથી પેશાબ અને ઝાડાની હાજત વધે છે. કાયામાંથી ચીકણો પ્રવાહી પદાર્થ નીકળવા માંડે છે. આ ચિન્હ સૌથી વધારે ખાતરી લાયક ગણાય છે. આ ચિન્હોપરથી સમજવું કે હવે સ્ત્રીને જલદી સુવાવડ આવશે અથવા ઝટ પ્રસવ થશે, માટે સુવાવડને લગતી સર્વ સામગ્રી તૈયાર કરવી.

સુવાવડીનોઓરડો—સુવાવડ કરવાનો ઓરડો પહોળો હોવો જોઇએ. તેમાં ચોતરફ સરખી હવા આવવી જોઇએ અને પ્રકાશ પણ આવવો જોઇએ. તેમાં સુવાવડ સમયે જોઇતી સર્વ વસ્તુઓ અને સારવાર કરનાર સ્ત્રીઓનો સારી રીતે સમાવેશ થાય તેવો હોવો જોઇએ. ઓરડાની ભીંતો ચુનો કે સારો રંગ લગાડી મનોહર દેખાય એવી કરવી. ઉપરના ભાગમાં છત જડવી અગર કંઇ કપડું ચંદરવાની પેઠે બાંધી લેવું. ઓરડો સ્વચ્છ હોવો જોઇએ, તેની આજુબાજુની જગ્યા સ્વચ્છ અને મળમૂત્રાદીકનો સંચય ન હોવો જોઇએ; કેમકે તેથી

હવા ભમડીને તે અશુદ્ધ હવા ઓરડીમાં આવે છે. ઓરડા માંહેની જમીન ભીના-શ–ભેજવાળી ન હોવી જોઇએ. બહારની હવા જોરથી આવીને સુવાવડીના શરીરને ન લાગે એવી તજવીજ કરવી; કેમકે જો જોરથી હવા લાગેતો તેને વિકાર થાય છે. તેમજ સુવાવડીના ઓરડામાં ભીનાશવાળી શરદ હવા પણ આવવા દેવી નહિ; પણ તેમાં શુદ્ધહવા આવવી જોઇએ. માટે તે ઓરડામાં મોટી બારીઓ સામસામી હોવી જોઇએ. જો બહાર મોટા સુસવાટાથી પવન ફુંકતો હોયતો સર્વે બારીઓ બંધ કરવી અને નાની જાળીઓમાંથી માત્ર શુદ્ધ હવા અંદર આવે એવી તજવીજ રાખવી. ઓરડો હમેશાં સ્વચ્છ રાખવો. અંદર એક ચોકી રાખવી, તેમાં કોઇપણ પ્રકારની ગંદકી થવા દેવી નહિ; કેમકે મળમૂત્ર વગેરે ખરાબ પદાર્થ ઓરડામાં રહેવાથી તેમાંની હવા બગડે છે. ઓરડામાં કોઇપણ પ્રકારની ગડબડ હોવી ન જોઇએ. અનાજની કોઠીઓ અને માટલાની ઉતરડો, ટાપલીઓ વગેરે સામાન ત્યાં તદન રાખવો નહિ. સુવાવડીને જોઇતા પદાર્થ માત્ર ત્યાં રાખવા. ત્યાં ઝાઝી ગડબડાટ અને શોરબકોર આવી શકે નહિ અને બરાબર મુલાઝો રાખી શકાય એવી એકાંત જગ્યામાં ઓરડો હોવો જોઇએ. ઓરડામાં ઘણી સ્રીઓને આવવા દેવી નહિ, પણ જેઓ સુવાવડીની સારવાર કરનારી અગર હરકોઇ રીતે કામ લાગી શકે તેમનેજ અંદર રહેવા દેવી. બીકણ અને ગભરાટ કરનારી સ્રીઓને ઓરડામાં લાવી પ્રસવ કરનાર સ્રીને દુઃખમાં વધારો કરવો નહિ. સુવાવડીની માવજત કરનારી સ્રી ઉપરાંત એક અગર બેથી વધારે સ્રીઓને ઓરડામાં રાખવી નહિ.

પ્રસવવખતેજોઇતાપદાર્થો—સારવાર કરનાર સૂયાણીના ઉપયોગ માટે જોઇતી વસ્તુઓ તરત મળે એવી વ્યવસ્થા રાખવી, તેમ નહિ કરવાથી જરૂર વખતે દોડાદોડ અને શોધાશોધ કરવાથી મોટી અડચણ પડે છે. બિછાનું ખરાબ ન થાય તે માટે તેના ઉપર પાથરવા એકાદ કામળો અગર મીણીયું રાખવું શરીર ચોળવા માટે મીઠુંતેલ, ઉનું અને ઠંડુ સ્વચ્છ પાણી, નાળ બાંધવા માટે સુતળી, રેશમ કે ફીતના બે ત્રણ કડકા. નાળ કાપવા માટે એક કાતર અગર સારી ધાર વાળી છરી, પેટે બાંધવાસારૂ એક પાટો, મોટી ટાંકણીઓ, ગોદડીઓ અને બાળોતીયાં, બાળકને વીંટાળવા માટે સ્વચ્છ અને નરમ ફલાનેલનો કે સાદા કપડાનો ટુકડો, વાઢળી, બાળકને નવરાવવા માટે ટબ કે કથરોટ, બાળકને શરીરે લગાડવા માટે ચણાનો લોટ કે ઉત્તમ પ્રકારનો સાબુ, સ્વચ્છ રૂમાલ કે ટુવાલ અને કાયા લુછવા માટે કેટલાક લૂગડાના કડકા, નાળ કાપ્યા પછી તેને બાંધવા પાટો, રેશમ કે શણના કપડાની પાતળી પટીઓ, બાળકને સાફ કર્યા પછી તેના ઉપર વીંટાળવા ફલાનેલ કે ધાબળી, બાળકનો જન્મ થયા પછી તેની માતાને પહેરવા સ્વચ્છ કપડાં, પાટા અને સ્વચ્છ ચાદર વગેરે જોઇતી વસ્તુઓ યાદ કરીને

અગાઉથી તૈયાર રાખવી.

સુવાવડીનુંબીછાનું—સુવાવડીને ખાટલાપર સુવાડવાનો રિવાજ છે તે ઘણોજ સારો છે. તેના ઉપર ગાદી અગર કામળો અને સ્વચ્છ ચાદર પાથરવી. ફાટેલું તૂટેલું કે મેલું કપડું ન જોઇએ. કેટલાક લોકો જે ખાટલો વાપરે છે તે ભીંડી અથવા મુંજનો અગર કાથાની સીંદરીનો ભરેલો હોય છે. તે બહુ કઠણ હોય છે. માટે પાટીનો ભરેલો હોય તો ઘણો સારો. અભડાવાનો દોષ નડે નહિ તેવો કરવો હોય તો કંતાન જડી લેવું. આવો ખાટલો સારો ભરેલો હોવો જોઇએ. ખાટલાપર સારી પથારીની જરૂર છે. સાજા માણસને જેટલી જરૂર છે, તેના કરતાં સુવાવડી સ્ત્રીને વધારે જરૂર છે; પરંતુ આપણામાં ઘણીખરી સ્ત્રીઓ મુંજ કે કાથાના ભરેલા ખાટલા પર ચીંથરીઆં ગોદડી પાથરી તે પર સુએ છે. તેથી ખાટલો આરામ આપવાને બદલે શરીરને પીડાકારી થઈ પડે છે. વળી જે ગોદડી પાથરે છે તે ગોદડી કેટલીક સુવાવડમાં પાથરેલી હોય છે. તેથી તેમાં સુવાવડની ગંદકી ભેગી થયેલી હોય છે. માટે તેવી ગોદડી પાથરવી નહિ. આ કામ માટે બે મોટા સારા કામળામાં પરાળ કે ઉન ભરીને તેનું ગોદડું બનાવી લેવું જોઇએ. તેથી એકતો સારી પથારી થાય છે અને કામ પૂરૂ થયે પરાળ કે ઉન કાઢી નાંખ્યે પાછા કામળા કામમાં આવે છે. આ પથારીપર એક સ્વચ્છ ચાદર પાથરવી અને તેનાપર અગર પથારી પરજ પ્રસવ વખતે મોણીયું—આઇલકલાથ પાથરવું. પ્રસવ થયા કેડે તે ખસેડી લેવાથી હેઠલી પથારી સૂકીને સૂકી રહે અને ભેજથી થતો ઉપદ્રવ અટકે. વળી ખાટલો સાધારણ વાપરવાના મેજ જેટલો ઉંચો જોઇએ, એવો ખાટલો હોવાથી કોઇ વખતે પ્રસવ થતાં મુસ્કેલી પડેતો સૂયાણી વગેરે સારવાર કરનારી સ્ત્રી તરફથી તે સ્ત્રીને મદદ જોઇએ તે આપવાને સુગમ પડે. પ્રસવ થયા કેડે સ્ત્રીને પથારીમાં બેસવા ઉઠવા દેવી નહિ. માટે ઉઠાડયા વગર આડા ઝપટાનું સુખ રહે તેવી તજવીજ કરવી જોઇએ.

દેશીસુવાવડનીરીત—આપણા લોકના સુવાવડ કરવાના ઓરડામાં ઉપરની બાબત પર ધ્યાન આપવામાં આવતું નથી. હવા—પવન સમૂળગો બંધ કરવામાં આવે છે, એટલુંજ નહિ પરંતુ જાળીયાં ભૂગડાંના ડુચાથી અગર માટીના લોચાથી બંધ કરી દે છે. આપણે જાણીએ છીએ કે માણસના શરીરની સુખાકારી માટે હવાની છૂટ જોઈએ; કેમકે ચોમાસાની શરૂઆતમાં જયારે વરસાદ વરસતો નથી અને આકાશ વાદળાંથી છવાઇ ગયું હોય છે, ત્યારે બહુજ બાફ અને ઉકળાટ થાય છે, તે આપણે જરા વાર પણ ખમી શકતા નથી. આપણો જીવ આકુળ-વ્યાકુળ થઈ જાય છે, તો ગરીબ બિચારી સુવાવડી સ્ત્રી જે પ્રસવનું દુઃખ સહન કરીને થાકી ગયેલી હોય છે, તેને ચોવીસ કલાક આવા બંધીઆર ઓરડામાં કાઢવા એ શું થોડું સંકટ છે? વળી સગડી બળતી હોય છે, તેથી પણ સ્વચ્છ

હવા ઓછી થઇ વ્યાકુળતામાં વધારો કરે છે. જે લોકો પવન—હવા અને અજવાળું વગેરે બંધ કરવાની તજવીજ કરે છે, તેમના મનમાં પ્રસવેલી સ્ત્રીના ઉપર સંકટ નાંખીએ છીએ એમ નથી, પણ તેતો બિચારાં પોતાની અજ્ઞાનતાને લીધે તેમ કરે છે. વળી દુઃખમાં ઉમેરો કરવાને એવા ઓરડામાં સખીઓ, સગીઓ અને આજુબાજુની સ્ત્રીઓનું ટોળું એકઠું થાય છે, એ પણ હોહા ને બફારો કરી સંકટમાં વધારો કરવાને બાકી રાખતાં નથી. આપણે જાણીએ છીએ કે ઝાડ વગેરેનાં કુંડાં ઓરડામાં અથવા એવી જગ્યામાં મેલવામાં આવે તો તે કરમાય છે અને થોડે દહાડે નાશ પામે છે. નાના છોડવા વિષે આ પ્રમાણે હમેશાં આપણે જોઇએ છીએ, તે શું આપણને નથી શીખવતું કે માણસના શરીરની આરોગ્યતા ને માટે જોઇએ તેટલી હવા અને અજવાળાની છૂટ જોઇએ? પરંતુ તેની સગવડ નહિ મળવાથી સુવાવડી સ્ત્રી ફીકી અને નિર્માલ્ય દેખાય છે, પરંતુ આ ઉપરથી એમ ન સમજવું કે સુવાવડીને પવનના સપાટામાં સુવાડવી અથવા ન ખમાય તેવો સૂર્યનો પ્રકાશ તેના શરીરપર આવવા દેવો. સુવાવડીના શરીરમાં રોગ પેસવાનો ઘણો સંભવ છે અને તે આપણાં લોકોના રિવાજ પ્રમાણે બારી બારણાં બંધ કરવાથી વધે છે. માટે દુર્ગંધ ન થઇ જાય, ઓરડાની અંદર બેસનારને એ ન આવે અને પવનનો સપાટો ન લાગે, એવી તરેહની ગોઠવણ ઓરડામાં કરવી.

પ્રસવકરનારસ્ત્રીનીશરીરશક્તી—જે સ્ત્રીને પ્રસવ થવાનો હોય, તે સ્ત્રીના શરીરની શક્તિ ટકાવી રાખવી એ પહેલું અને અગત્યનું કામ છે, ઘણી વખતે આ ઉપર જોઇએ તેવું લક્ષ આપવામાં આવતું નથી. પ્રસવ વખતે સ્ત્રીના શરીરની જેટલી શક્તી ઓછી થાય છે, તેટલી બીજે કોઇ પ્રસંગે થતી નથી. પ્રસવ કરનારી સ્ત્રીને પ્રસવ વખતે છ કે આઠ કલાકથી પણ વખતે વધારે વખત સુધી અશક્તિ જારી રહે છે. તે અશક્તિની ખોટ પૂરવાને માટે કોઇ પણ ઉપાય કરવો જોઇએ, જો કાંઇ પણ ઉપાય થતો નથી તો જેમ જેમ વખત જાય છે, તેમ તેમ તે સ્ત્રીનું કૌવત કમી થતું જાય છે અને નાકૌવત થઇ નિરાધાર બને છે. તેથી વખતે કાંઇ ઉપાય નહિ ચાલતાં શસ્ત્ર અથવા હસ્ત ક્રિયા વાપરવાની જરૂર પડે છે. જો કે આવું હમેશાં બનતું નથી, પણ કોઇ વખતે બને છે ખરૂં. સ્ત્રી કૌવતવાન હોય છે તો બહુ ક્ષીણતા જણાતી નથી, પરંતુ નબળી હોય છે તો તે અતિશય અશક્ત થઇ જાય છે. આવી વખતે કેટલેક ઠેકાણે સુંઠની રાબડી વગેરે પાય છે તે ઠીક છે; પણ ડા. મેઇન ચા અથવા કાફી અને દુધ સરખે ભાગે પાવાની ખાસ ભલામણ કરે છે. તેણે આ પ્રયોગ ઘણીવાર અજમાવેલો છે અને તેમાં ફતેહ પામેલ છે. ચા અને કાફીમાં પણ કાફી વધારે ગુણકારી છે, તો પણ સ્ત્રીની જેના ઉપર રૂચિ હોય તે આપવામાં અડચણ નથી. સાધારણ ગરમ અને મોળી કાફી અથવા ચામાં અરધો અરધ દૂધ નાંખી અરધા પ્યાલા કરતાં

વધારે એકો વખતે આપવી નહિ, તે કલાકે કલાકે આપ્યા કરવી. બાંડી કદી આપવી નહિ. કારણ કે તેથી ફાયદાને બદલે નુકશાન થાય છે. પહેલીજ વારનો પ્રસવકાળ હોય તો સ્ત્રી ગભરાય નહિ માટે તેને હિંમત આપતા રહેવું. સઘળે પ્રસંગે અને સઘળા રોગમાં હિંમત કે આશાથી બહુ ઉત્તેજન મળે છે. તેમાં પણ વિશેષ કરીને આવે પ્રસંગે તો તે ઉત્તમ ઓસડરૂપ થઇ પડે છે એમ વિદ્વાન ડાકટરોનો મત છે.

આવતીવેણ—વીણો—પ્રસવ કરનારી સ્ત્રીને પ્રસવ પહેલાં વેણ આવવા લાગે છે. જણુતી વખતે ગર્ભસ્થાનને સંકોચાવા અને ગર્ભને બહાર ધકેલવા માટે જે વેગ આવે છે તેને વેણ કહે છે; એટલે ગર્ભને બહાર કાઢવા સ્ત્રી જોર કરે છે અગર કણછે છે તે વેણ કહેવાય છે. પ્રસવકાળ પૂર્ણ થયા પછી એટલે નવ મહિના પછી તે ઉત્પન્ન થાય છે. કમરમાં કાપવા જેવી વેદના પ્રથમ થવા માંડીને ધીમે ધીમે આખા પેટનાં અને જાંઘો–સાથળમાં પ્રસરે છે. પ્રથમ અનિયમિતપણાથી થઇને પછી પ્રત્યેક વખતે તેનાથી થોડું થોડું વધારે દુઃખ થાય છે અને તે થોડું વધારે વખત રહે છે. કાયામાંથી સ્રાવ થવા લાગે છે, ગર્ભાશયનું મુખ ધીમે ધીમે ઉઘડે છે, ગર્ભના પડ આગળ આવવા લાગે છે; આ સર્વ ખરી વીણોનું ચિન્હ છે. ગર્ભાશયનું મુખ ઉઘડવા લાગવાથી કાપવા જેવી વેદના થાય છે. તેથી સ્ત્રી બૂમો પાડે છે, પણ સર્વ સ્ત્રીઓ દરેક પ્રસવ વખતે એવી બૂમો પાડે છે એમ નહિ સમજવું; પરંતુ તે પહેલી વારના પ્રસવ વખતેજ ઘણું કરીને એમ થાય છે. આ વીણો આવતી વખતે અને આવ્યા પછી સ્ત્રી ઘણી અસ્વસ્થ થાય છે, કમર નીચે દાબવાને કહે છે. કેટલીક સ્ત્રીઓને એવી વખતે ધ્રુજ આવે છે અને દાંત કકડે છે, પણ એ કાંઇ તાવની ટાઢનો ધ્રુજારો નથી તેથી તેમની ચામડી શીતળ થતી નથી, પણ ઉલટી ગરમ હોય છે. આ વખતે પ્યાલો ભરી ચા પીવા આપવાથી ધ્રુજારો મટી જશે. તેમને કામળી ઓઢવા આપવી કે બહારનો પવન લાગે નહિ. શરીરમાં ગરમાવો આવે, પરસેવો વળે કે કામળી લઇ લેવી; કેમકે બહુ ગરમી થવાથી તેમને નબળાઇ આવે અને પ્રસવ થતાં વાર લાગે. કેટલીક વખતે સ્ત્રીને ઉલટી થાય છે તેથી પાસેનાં માણસો ગભરાય છે, પરંતુ ગભરાવાનું કાંઇ કારણ નથી. આ ઉલટીથી એમ સમજવાનું કે ગર્ભસ્થાનનું મુખ વગેરે ભાગો ઉઘડતા જાય છે અને પ્રસવને વાસ્તે પૂરતી તૈયારી ચાલે છે. એ વેળા દુખાવો થયો જાય છે અને એક દુખાવો બીજા દુખાવાથી સખ્ત અને વધારે વખત ચાલે છે; ત્યારે અણસમજુ સ્ત્રીઓ અને સૂયાણીઓ તેને જોર કરવાનું અને કરાંઝવાનું કહે છે. આ શીખામણ માનવા લાયક નથી; કેમકે તેનાથી સ્વાભાવિક પ્રસવને પ્રતિબંધ થઇને બંને જીવોનો છુટકો થવાને મહેનત પડે છે અને કોઇ વખતે તેમના પ્રાણને પણ હાનિ થાય છે. જો તે

વખતે અનુભવી ચતુર દાઈએણુ—સુયાણી કે ડાકટર દવા આપીને સ્ત્રી અને બાળકનો છુટકારો કરે, તોપણુ કોઇ વખતે પેસાબ માર્ગના પડદાપર ગર્ભનો બહુ દાબ પડીને જખમ થાય છે કે સડે છે અને વખતે મળ અને મૂત્ર માર્ગ વચ્ચે નાસુર ઉત્પન્ન થાય છે. માટે જોરથી કદી કરાંઝવા દેવી નહિ. પ્રસવ વેદના—વીણુ જેવી આવવી જોઇએ તેવી ન આવે તો હરકત નહિ. તેનો વખત આવ્યે તે આપો આપ આવે છે. પ્રસવ કરનારી સ્ત્રીને દુખાવા વખતે કરાંઝવા નહિ દેતાં આવી વખતે જરા ફરવું અથવા બેસવું, પણુ પથારીમાં સુઈ રહેવું નહિ. કોઈ વાર પ્રસવ થવાની શરૂઆતમાં કાયામાંથી પાણી નીકળી જાય છે. આ ઘણો માઠો બનાવ છે; કેમકે એમ થવાથી ગર્ભસ્થાનની અંદર બાળકને માટે પાણીની જે કોથળી બને છે, તેમાં ભરાયેલું પાણી ચોગરદમ બરાબર જોરથી ગર્ભસ્થાનનું મોઢું ધીમે ધીમે ઉઘાડવાનું કામ કરે છે, તેને બદલે પાણી નીકળી જવાથી પ્રસવ થનાર બાળકનું કઠણુ માથું માતાના નરમ અને નાજુક ગર્ભસ્થાનના મોંના સંબંધમાં આવવાથી તે ધીમે ધીમે જેમ ઉઘડતું તેમ ઉઘડવાનો સંભવ ઓછો થાય છે. તેથી પ્રસવ પીડા કારક થવાની ધાસ્તી રહે છે. જો આવો માઠો બનાવ બને તો માતાની અને બાળકની જીંદગી જાળવવા માટે કુશળ ડાકટરને તરત બોલાવવો. ડાકટરને તેડવા જનાર મારફતે સ્ત્રીના પ્રસવને લગતી સર્વ હકીકત તેને કહેવડાવવી કે તે જોઇતાં સાધનો લઇને આવે. કેટલીક વખતે સુયાણીઓ પોતાની અજ્ઞાનતાને લીધે પ્રસવ ઝટ થાય તેવા હેતુથી આંગળી કે હાથ અંદર ઘાલી પાણીની કોથળી ફોડી નાખે છે. આ રીત પણુ ઉપર પ્રમાણેજ હાનિકારક છે. આ પાણીની કોથળીના સંબંધમાં એવો ઇશ્વરી નિયમ છે કે બાળકનો પ્રસવ થવાને ગર્ભસ્થાનનું મુખ જેટલું ઉઘડવું જોઇએ તેટલું ઉઘડે અને જોઇએ તેટલી જગ્યા કાયામાં થાય એટલે કોથળી પોતાની મેળે ફાટીને પાણી વહી જાય છે અને પછી પ્રસવ થાય છે. કોઇ વખતે આ કોથળી પોતાનું કામ કરી રહ્યા પછી નહિ ફુટવાને લીધે પ્રસવ થતાં સહજવાર લાગે છે. આમ થયું તેની પૂરી ખાતરી થાયતો દુખાવાને લીધે કોથળી જરા કઠણુ થાય, ત્યારે તેના ઉપર જરા નખ ઘસવો અગર ધીરેથી રહી ટાંકણી ભોકવી એટલે પાણી નીકળી જશે અને કુદરત પોતાનું કામ કરશે. આ થયા પછી ગર્ભસ્થાનનું મોં જેટલું જોઇએ તેટલું પહોળું થવાથી બાળકનું માથું હેઠે ઉતરે છે અને તેની જોડે સ્ત્રી પ્રત્યેક વેણે કરાંઝવા માંડે છે. તેથી ધીમે ધીમે બાળક નીચે ઉતરતું જઇ થોડીવારમાં જન્મે છે.

પ્રસવકરવાનીરીત—આપણા દેશની સ્ત્રીઓમાં કેટલીક ખાટલાપર બેસીને અને કેટલીક સુઈને પ્રસવ કરે છે; પરંતુ ઇગ્લાંડ વગેરે યુરોપખંડના સુધરેલા દેશોમાં પ્રસવ કરવાની રીત ઘણી ઉત્તમ છે. ત્યાં સ્ત્રીઓ પોતાની જમણી

બાજુએ સુએ છે, તેના નિતંબ બિછાનાની કોરપર રાખે છે અને ઢીંચણ પેટ તરફ વાળે છે. કોઈ બે ઢીંચણ વચ્ચે ઉશીકું રાખે છે. તેનાં વસ્ત્ર ખરાબ ન થાય માટે ઉંચા ચઢાવી રાખે છે અને એક કપડું ખાટલાને બાંધીને તેને પકડવાને આપે છે અથવા પાસે કોઇ સ્ત્રી હોયતો તે પોતાનો હાથ તેને પકડવા આપે છે. કાયામાંથી ગર્ભનું મસ્તક બહાર આવવા લાગે, એટલે કુશળ સુયાણી તેને પોતાના હાથમાં લેછે. જેમ જેમ વીણના યોગથી ગર્ભના ખભા અને શરીર બહારે આવે છે, તેમ તેમ માથું પોતાના અંગ તરફ આણે છે. ખભા બહાર આવતી વખતે ડાબા હાથે કાયાને ટેકો આપે છે. માથું બહાર આવે એટલે બીજી એકાદ કુશળ સ્ત્રી ગર્ભાશયપર ચો તરફ એક સરખા જોરથી દાબ કરે છે. અને પાટો બાંધતાં સુધી તે પોતાનો હાથ ત્યાંથી ઉપાડતી નથી.

પ્રસવથતીવખતેકષ્ટાવાનુંકારણ—પ્રસવ કરનાર સ્ત્રીને ચોકસ વખત વેણ આવ્યા પછી ૨૪ કલાકમાં પ્રસવ થવો જોઇએ, પણ જો પ્રસવ થતો નથી અને બહુ પીડા—કષ્ટ થાય છે તેને કષ્ટાવું કહે છે. તેનું કારણ—બાળક આડું પડવાથી, બાળકનું માથું મોટું હોવાથી, અથવા પ્રસવ કરનારી સ્ત્રીના અવયવની કાંઈ ખામી હોવાથી અથવા સહ્રરાગમાં સખ્ત મળ બંધાઇ રહેલા હોવાથી અથવા ગર્ભસ્થાનમાં ઘણું પાણી હોવાથી તે ઢીલું થતાં સુસ્ત થાય છે અને તેથી એ એટલાં જોરથી સંકોચાતું નથી અને તેમ થવાથી ગર્ભસ્થાનનું મુખ જોઇએ તેટલું ઉઘડતું નથી તેથી ગર્ભ બહાર આવી શકતો નથી. સુયાણી તેને જોરથી વેણ લેવા—કરાંઝવા કહે છે. તેથી પણ તેને ઘણું દુઃખ—કષ્ટ થાય છે. માટે તેવે વખતે ઘણી સંભાળ રાખી ઉપાયો લેવા જોઇએ.

નાળઅનેઓરવગેરેનીવ્યવસ્થા—પ્રસવ થયા પછી બાળકને જુક્તિથી લઇને ડુંટીથી થોડે છેટે નાળને સારી રીતે દબાવી દોરીથી મજબૂત ગાંઠ બાંધવી અને તેનાથી બે ત્રણ આંગળ માના તરફથી બીજી ગાંઠ બાંધવી. હવે માની જોડેનો બાળકનો નિકટ સંબંધ નાળને કાતર કે છરીવડે વધ કરવાથી તૂટયો. હવે તેને ખસેડીલઇ સારી સુંવાળી કામળી કે સાલમાં વીંટાળી લેવું અને ઢોલણી કે ખાટલીપર આડું સુવાડવું. શિયાળામાં અને ચોમાસામાં એ રીતે કરવાની ઘણી જરૂર છે. હવે નાળનો જે ભાગ માની કાયાના સંબંધમાં રહેલો છે. તે અને ઓર જે વીણના યોગથી બાળક જન્મે છે, તેજ વીણથી ઘણું કરીને ગર્ભાશયમાં પહોળી થાય છે અને બાળક જન્મ્યા પછી પાછળથી એકાદ બે વીણ આવીને દશ પંદર મીનિટની અંદર જરા લોહીની સાથે એની મેળે નીકળી પડે છે અને ગર્ભસ્થાન સંકડાઇને પ્રસવેલા બાળકના માથા જેવડું બની પેડુમાં બાઝે છે તે સારૂં છે. જો નાળ, ઓર વગેરે પદાર્થો પા, અડધા કલાક સુધીમાં એની મેળે બહાર ન પડેતો પેટ ઉપર ધીમે ધીમે દાબ—ચંપી કરવાથી પડશે.

ઓર ગર્ભમાંથી છુટી પડી છેકે નહિ તે જાણવા માટે કાયાના મુખ આગળ નાળ પકડીને ધીમેથી ખેંચવાથી જો તે ગર્ભાશયમાંથી છુટી પડી હશે તો તરત-જ બહાર પડશે. એવી રીતે ધીરેથી નાળ ખેંચવામાં ઝાંઝી હરકત નથી; પરંતુ જોરથી નાળને ખેંચીને ઓર બહાર કાઢવાનો પ્રયત્ન કરવો એ બહુ નુકશાનકા-રક છે; કારણ કે તે ખેંચવાથી પ્રસવ કરનારી સ્ત્રીના પ્રાણની હાનિ થવાનો સં-ભવ છે. ધીમેથી જરા જરા ખેંચવા છતાં જો ઓર બહાર ન પડે તો ડાકટરને બોલાવવો. ઓર પડયા પછી કોકરવણા પાણીમાં બ્રાંડી મેળવીને એક સ્વચ્છ ન-રમ કપડાનો કકડો તેમાં ભીંજવીને તેવડે કાયાને ઉપરથી લુછી નાખવી અગર કાયા આગળ તેલ લગાડીને પછી ફક્ત કોકરવરણા ઉના પાણીમાં બોરેલા કપડા-ના કકડાથી કાયા લુછી નાખવી અને પછી પાટો બાંધવો.

પાટોબાંધવાનોહેતુ—નાળ, ઓર વગેરે પદાર્થો બહાર આવીને ગર્ભાશય સંકડાઇને બાળકના માથા જેવડું થઇ પેડુમાં જે ગાંઠ બાઝી છે, તે ગાંઠ નરમ ન થઇ જાય તે માટે અને કટીર અને પેટના ઉપર સરખો દાબ પડવાથી ગર્ભાશયને આશ્રય મળે; માથું બહાર નીકળતી વખત કટીરની સંધી સારી રીતે તણાય છે તેથી તેમાં વેદના થાય છે તે પાટાના દાબથી કમી થાય છે, લોહી વહેવાનો સંભવ ઓછો થાય છે અને ગાંઠ નરમ થઇ જતી અટકે છે. પાટો બાંધવાથી સુવાવડીને સુખ થાય છે. આ રિવાજ આપણા લોકોમાં નથી એ ઘણું ખોટું છે. હાલ ઇંગ્રેજી વૈદક વિચાર દાખલ થયા પછી પાટાને બદલે પાટી વગેરે નીચલા ભાગપર બાંધવાનો રિવાજ દાખલ થયો છે; પરંતુ એ પાટીથી ઉપર કહેલા પાટાનું કામ બરાબર સરતું નથી. માટે પાટોજ બાંધવો એ ઉત્તમ છે.

પાટોબાંધવાનીરીત—પેટના સ્નાયુ જો બળવાન હોય છે, તેમને પ્રસવ-થી સંકોચાયેલા ગર્ભાશયપર એટલો દાબ બેસે છે કે પાટો બાંધવાની વિશેશ જ-રૂર જણાતી નથી; પરંતુ ઘણાં છોકરાં થવાથી તે એટલા બળહીન અને શિથિલ થાય છે કે તેમનો ગર્ભાશયપર બિલકુલ દાબ થતો નથી અને જો દાબ ન હોય તો ગર્ભાશય શિથિલ થઇને તેમાંથી રક્તસ્ત્રાવ થવાનો વિશેષ સંભવ છે. રક્તસ્ત્રાવ થવાથી સુવાવડી સ્ત્રી અશક્ત થઇને તેને ભયંકર રોગ ઉત્પન્ન થાય છે અથવા ભયંકર પરિણામ આવે છે. માટે સર્વને પાટો બાંધવો જરૂરનો છે. પાટો એવી રીતે બાંધવો કે સુવાવડીને બીલકુલ દુઃખ થાય નહિ, માટે તે બહુ ઢીલોએ નહિ, તેમ બહુ તાણીને પણ બાંધવો નહિ. બહુ તાણીને બાંધવાથી ઘણી હાનિ થાય છે. પાટો જાડા અને જુના કપડાનો લેવાથી તે એક સરખો બેસતો આવે છે. જે કપડાનો પાટો બાંધવો તે કપડું થોડું ચીકણું અને કરચલી ન પડે તેવું જાડું હોવું જોઇએ અને તેની કુમાસ નરમ અને મજબૂત જોઇએ. ખેવડી ફલાનેલના પાટામાં એ સર્વે ગુણો હોય છે. જે સ્ત્રીથી એવો પાટો સહન થાય નહિ, તેમણે

સુમારે છ હાથ લંબાઇનું એકાદ ધોતીયું, પાઘડી કે ઉપરણું લઇને તેની બેવડી પહોળાઇની ઘડી કરીને તે ઘડી પેટની આસપાસ સરખી લપેટવી. તેથી પાટા પ્રમાણેજ દાબ બેસે છે.

પાટોબાંધ્યાપછીનીવ્યવસ્થા—પાટો બાંધ્યા પછી પ્રસવ કરનાર સ્ત્રીને જે બિછાનાપર સુવાડી હોય, તેપર પાથરેલી ચાદર વગેરે પલળેલાં વસ્ત્ર તે સ્ત્રીને ખસેડ્યા કે ઉઠાડ્યા વગર કાઢીલઇ તેને ઠેકાણે બીજી ચાદર વગેરે પાથરવી. આમ કરવાથી થાકી ગયેલી સ્ત્રીને મેલાં ગંદાં લૂગડાંમાં સુવાડી રાખ્યાથી જે નુકશાન થાય છે તે થતું નથી. આપણા લોકોમાં પ્રસવ થયા પછી કેટલીક સૂયાણીઓ જણનારી સ્ત્રીને ઉભી કરેછે તે રીત અતિ નુકશાન કારક છે. તેથી કરીને કોઇવાર જન્મારા લગી વ્યાધિ થવાનો સંભવ છે. માટે કદી પણ તેમને ઉભી કરવી નહિ. હવે પેટની નજીક ડુંટીથી થોડેક છેટે નાળમાં ગાંઠ બાંધી જે બાળકને નાની ખાટલીમાં સુવાડેલ છે, તેના અંગપર કેટલોક ચીકણો પદાર્થ વગેરે ચોટેલું હોય તે ખસેડી નાંખવાને માટે તેને નવરાવવાની જરૂર છે. તેને ગરમ પાણીથી ચોળીને નવરાવી નાળની આસપાસ સારા રૂનો લોગો મેલી ઝીણાં લીસા લૂગડાનો પાટો બાંધવો, એમ કરવાથી નાળનું રક્ષણ થાય છે.

સુવાવડીનેઆરામ—બાળકનો પ્રસવ કરવામાં સ્ત્રીને જે દુઃખ પડે છે. તેથી થાકીને લોથ જેવી થઈ જાય છે. તેથી તેને આરામ આપવાની ઘણી જરૂર છે. માટે તેની જોડે વાત ચીત ન કરતાં અથવા તે ઓરડામાં બીજા કોઇને વાત ચીત કરવા ન દેતાં તેને સારી રીતે ઉંઘ આવે એવી તજવીજ કરવી. પ્રસવ પછીની રાતે સ્ત્રીને હમેશની પેઠે સારી રીતે ઉંઘ આવે છે, તો તેના શરીરને સુખ–ચેન રહે છે અને સુવાવડ ગઇ નથી એમ તેને લાગે છે.

ઝાડાપેશાબનીસંભાળ—પ્રસવ કર્યા પછી સુવાવડીને બીજે દિવસે સવારે પેશાબ કરવાને કરાંઝવા દેવી નહિ. જેમ બને તેમ સુતાં સુતાં પેશાબ કરે તેમ કરવું. તે માટે કોઈ ઠામ કે એવી કંઇ સગવડ કરવી, પણ ઉઠવા કે બેસવા દેવી નહિ. પેશાબ આવ્યા ને ચોવીશ કલાક વીતિ જાય તો પેડુપર ગરમ પાણીનો શેક કરવો. શેક કરવાથી ઘણું કરીને પેશાબ થશે, તેમ કરતાં પણ પેશાબ ન છૂટેતો સળી નખાવી પેશાબ કરાવવો. પેશાબ થવામાં અડચણ થવાનું કારણ કોઇપણ રીતે પ્રસવમાં અડચણ થયેલી હોય તે છે. ઝાડા સંબંધી એટલુંજ કહેવાનું છે કે, એક બે દિવસ ઝાડો ઉતરે નહિ તો તેની ફિકર નહિ; કેમકે આ ઝાડાનો બંધકોશ કુદરતી છે અને તેનો હેતુ એવો દીશેછે કે તેની પાસે આવેલા ગર્ભસ્થાનને ઝાડો બે દિવસ ન આવેતો આરામ મળે. માટે એક બે દહાડામાં ઝાડાની ઉતાવળ કરવાનું કારણ નથી. એમ કરતાં બે દિવસ વીતિ જાયતો દોઢેક ચમચો એરંડીઉ તેલ આપવાથી ઝાડો ઉતરશે. ઝાડો પણ સુવાવડીને ઉઠાડ્યા વગર

કરાવવો અને તેને માટે કોઇપણ પ્રકારની સાધનની ગોઠવણ કરવી એ વધારે ઉત્તમ છે. ચાર પાંચ દિવસતો સ્ત્રીએ ઉઠ બેસ કર્યા વગર પીઠ પરજ સુઇ રહેવું જોઇએ. જો તે પ્રમાણે થતું નથી તો ગર્ભસ્થાન ખસી આવે છે અને હાનિ થાય છે.

ગર્ભસ્થાનમાંથીવહેતોઆભડછેટ—પ્રસવ થયા પછી તરતજ થોડું થોડું નરમ લોહી કાયાગાંથી થોડીવાર વહે છે. આ લોહીનો રંગ અડધા કલાકમાં બદલાય છે અને પછી જેમ વખત જાય છે તેમ તેનો રંગ બદલાઈ પાણી જેવું થતું જાય છે. આ પ્રમાણે પંદર વીશ દીવસ લગી વહ્યા કરેછે. ગર્ભસ્થાનમાં ગર્ભ રહ્યો ત્યારથી તે જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ ગર્ભસ્થાન વધતું ગયું હતું. પ્રસવ થયા પછી સંકોચાઇને પોતાના અસલ કદમાં આવવું જોઈએ અને એમ થવાને તે જેનું બનેલું છે તે ધીમે ધીમે નાશ પામી આવા આભડછેટ રૂપે સંકોચાવાને.સાધન થઇ પડે છે. કેટલીક સ્ત્રીને આવી રીતે જતો આભડ છેટ પ્રસવ પછી બંધ થઇ જાય છે. તેથી ગર્ભસ્થાનનું કદ ઓછું થતું નથી અને તેથી લોહીવા થવાનો સંભવ છે, પેટ મોટું રહે છે આપણા દેશની સ્ત્રીઓને એ રોગ થવાનો સંભવ વધારે છે; કારણ કે પ્રસવ થયા પછી પેટે પાટો બાંધવાનો રિવાજ નથી. કદી પ્રસવ થયા પછી બે ચાર દહાડે આભડછેટ બંધ થઇ જાય તો પેડુપર શેક કરવો, એમ કરવાથી પાછો આભડછેટ દેખાશે. જે વખતે કાયામાંથી આભડછેટ અને બીજી ગંદવાડ નીકળ્યા કરે છે, તે વખતમાં એ ભાગ ચોખા રાખવાની ઘણી જરૂર છે. ચોખા ન રાખવાથી ઘણી સ્ત્રીઓને તાવ આવી હેરાન થાય છે. માટે એ ભાગ ધોઈ સાફ રાખવા અને જરૂર પડેતો કોઇ સમજુ સ્ત્રી પાસે સાફ સુફ કરાવવા.

સ્વચ્છતાજીહવા—સુવાવડી સ્ત્રીને જે ઓરડામાં રાખી હોય તેની હવા ચોખી, સ્વચ્છ અને ખુશકારક હોવી જોઇએ; કેમકે આપણે જાણીએ છીએ કે ઘણાં માણસો ભેગાં મળીને બેઠાં હોય અને પવન બંધ હોય ત્યારે આપણને સુસ્તી લાગે છે, તો આ સ્ત્રીને બારી કે જાળી બંધ કરીને વળી સઘડી રાખવામાં આવે, ઝાડો પેસાબ અંદર કરે, આવી જગ્યોમાં તેના શરીરમાં સુસ્તી કેમ ના આવે ? તેનું લોહી ઉડી જઇ ફીકી—પીળી પચક અને કમકૌવત કેમ ન બને ? બનેજ. વળી આવી રીતે રહેવાથી ગામમાં જે સાધારણ રોગ ચાલતો હોય તે અથવા બીજા રોગના ઝપાટામાં તે ફસાઇ પડે છે. માટે સુવાવડી સ્ત્રીની તનદુરસ્તી પાછી ઝટ પ્રાપ્ત કરવાને માટે ઉપરની વાત લક્ષમાં રાખવી જોઇએ.

કાયાનીસ્વચ્છતા—ગર્ભ પ્રસવનો માર્ગ વગેરે ભાગો ચોખા અને સ્વચ્છ રાખવા જોઇએ; કેમકે આ માર્ગે પ્રસવ પછી પંદર વીશ દિવસ સુધી આભડછેટ જેવો મેલ નીકળે છે. આ મેલ બહાર નીકળતાં રસ્તામાં રહી તેમાં બિગાડ પેસી દુર્ગંધ ઉત્પન્ન થાય તો આ બિગાડ અને દુર્ગંધની લોહી પર અસર થઇને

તાવ રૂપી દુઃખ પેદા થાય છે. આ તાવ સાધારણ તાવથી જુદાજ રૂપનો બહુ સખ્ત છે. આ તાવ શરૂઆતમાં હોય તો ગર્ભ પ્રસવનો માર્ગ વગેરે સાફ સુફ અને ચોખા રાખવાથી તે નરમ પડે છે, પણ જો તાવ સખ્ત રૂપ ધારણ કરેતો દરદીની શી રીતે સંભાળ લેવી તે વિશે ડાકટરની સલાહ લેવી.

સુવાવડીનોખોરાક—સુવાવડીએ ખાવાપીવામાં ઘણી સંભાળ રાખવી. વધારે અને ભારે ખાવાથી અપચો થઇ તાવ આવે છે અને ઘણા દિવસ સુધી દુઃખી થાય છે. ત્રણ દિવસ ઘઉંના લોટનો ઘી નાંખીને કરેલો પરિપક્વ શીરો અને ચોથા દિવસથી ઘી અને ભાત આપવો. ભાતનું ઓસામણ, તવખીર (એરોરૂટ)ની લાપસી, બાજરીની ચાનકી, અથવા જેને ઘઉંનો મહાવરો હોય તેમને મોણ નાંખી કરેલી ઘઉંની રોટલી, ભાત, દાળ, ઘી, અને ઘીમાં વઘારેલું શાક, દેવાને હરકત નથી. સુવાવડીને તેલ, આંબલી, દહીં, છાશ, વગેરે ખાટા પદાર્થો અને વાલ, ચોળા, વટાણાં, ચણા, વગેરે વાયડા પદાર્થો અવશ્ય કરીને દેવા નહિ. તેમજ કેળાં, રીંગણાં, કાકડી, તરબુચ, ખડબુચ. કાલીંગડાં, સીતાફળ, રામફળ, જામફળ, ફણસ, લીંબુ, કેરી, વગેરે ફળ ફળાદિ ખાવા દેવાં નહિ; કારણ કે તે સ્થિતિમાં રોગ ઉત્પન્ન થવાનો ઘણો સંભવ છે અને જો બાળક ધાવતું હોય તો તેને પણ વિકાર થવાનો સંભવ છે. માટે સુવાવડીને ભારે કે નુકશાનકારક પદાર્થો ખાવા નહિ દેતાં, પૌષ્ટિક અને હલકા પદાર્થ ખાવા દેવા. દુધ, ચા, રાબ, કાંજી, આપવા. પરિશ્રમ, ક્રોધ, ઠંડા કે વાસી પદાર્થોનો ત્યાગ કરવો. તેથી શરીર ઝટ ઠેકાણે આવી સારૂં થાય છે.

સુવાવડીનેન્હવરાવતીવેળારાખવાનીસંભાળ—સુવાવડીને ન્હવરાવતી વેળા તેના આખા શરીરને એકી વેળા ખુલ્લું મુકીને સાફ કરવું નહિ, પણ થોડો થોડો ભાગ સાફ કરવો. ખુલ્લી ઉઘાડી જગ્યામાં જ્યાં પવન આવતો હોય તેવી જગ્યોએ ન્હવરાવવી નહિ, પણ ઘરની અંદર ચોકડીમાં ન્હવરાવવી. ન્હવરાવ્યા પછી ઝડપથી શરીર લુછી નાખવું અને ઠંડો નહિ લાગે માટે સારી પેઠે ટુવાલથી મસળવું; વળી ન્હવરાવતી વખતે ઓરડાને તદન હુંફાળો રાખવો; સાધારણ રીતે વખતે વખતે આખું શરીર સાફ કરવું, પણ હાથને મોઢુંનો દિવસમાં બે વાર અગર જરૂર પડેતો તેથી વધારે વાર ગરમ પાણીથી ધોવાં જ્યાં સુધી સુવાવડી બિછાનામાં પડી રહે ત્યાં સુધી તેના આખા શરીરને જોરથી મસળવાથી તેને ઘણો આરામ મળે છે. સુવાની અગાઉ શરીર ચોળવાથી તેને સારી ઉંઘ આવે છે.

ઉઠવાબેસવાથીરાંખવાનીસંભાળ—સુવાવડીએ સુઈ રહેવું એ વધારે ફાયદા કારક છે; કેમકે પ્રસવ પછી ગર્ભાશયાદિ ઇંદ્રિયો શિથિલ થયેલી હોય છે. તેથી ઉભા રહેવાથી તે ગર્ભાશય અને બીજી તેની ઇંદ્રિયો કંઇ અંશે સ્થાન ભ્રષ્ટ થયા વિના રહેતી નથી અને તેથી ભયંકર રોગ થવાની અથવા પ્રાણ નાશ-

ની ધારતી રહે છે. સુવાવડીને સુવાડી રાખવાંથી પ્રસવથી પ્રથમ સ્થાન ભ્રષ્ટ થયેલું ગર્ભાશય પોતાને ઠેકાણે આવી શકે છે. માટે આઠ નવ દિવસતો ઉઠવા દેવી નહિ. તેમાં પણ ત્રણ ચાર દિવસતો ઉઠવા બેસવા દેવીજ નહિ. દશમે દિવસે અડધો કલાક સુધી તે ઉઠીને બેસેતો અડચણ નથી અને પછી તેની શક્તિ પ્રમાણે વધારે વખત બેસવાદેવી, પણ સંભાળ રાખવી કે બિછાનું પેલી વાર છોડતાં ઠંડી લાગે નહિ તેની ચીવટ રાખવી. સુવાવડી જો ઘણીજ સારી હાલતમાં હોય, તો બેથી ત્રણ અઠવાડીયાંમાં તે બહાર નીકળી શકે, તે વેળા પણ તેને ઠંડો પવન લાગવા દેવો નહિ.

શરદીનેઠંડીથીરાખવાનીસંભાળ—સુવાવડીને શરદી કે ઠંડી લાગે નહિ તેની ઘણી સંભાળ રાખવી. પ્રસવસ્રાવથી કપડાંની ઘડીઓ વારંવાર ભીંની થાય છે, તે બદલવા લક્ષમાં રાખવું. જો તે ભીંજાઇને ઠંડી થયા પછી બદલવામાં નથી આવતી, તો બહારના ભાગપર ઠંડી-શરદી લાગીને થતો સ્રાવ અકસ્માત બંધ થાય છે. સુવાવડીને ઘણો ઠંડો પવન વાતો હોય એવે ઠેકાણે રાખવી નહી. તેના બિછાનાપર હુંફાવલાં કપડાં રાખવાં અને શરીરપર સ્વચ્છ ગરમ કપડાં રાખવાં. જેવાંકે-ફલાલેનની બંડી-ડગલી, ટોપી, પગમાં મોજાં, ઇત્યાદી. તેને મેલાં કે ગંદા કપડાં પહેરવા ન દેતાં સ્વચ્છ પહેરવા દેવાં. તેનું બિછાનું પણ સ્વચ્છ રખાવવું. તેની પાસે કોઈપણ પ્રકારની ગંદકી થવા દેવી નહિ. ભેજ થાય એવું પણ કાંઇ થવાદેવું નહિ, વગેરે ઘણી સંભાળ રાખવી.

સુવાવડીનેઆપવાનાંઔષધો—પ્રસવ થયા પછી તેની પ્રકૃતિ કેવી છે તેની ચોકશી કરવી. જો તેની સારી પ્રકૃતિ હોય અને પછી યોગ્ય સંભાળ રાખવાથી તેને રોગ થવાનો સંભવ ન હોયતો વિશેષ ઔષધો આપવાની જરૂર નથી, પરંતુ તેને રોગ થાય નહિ તે માટે અને પ્રસવથી ઉત્પન્ન થતા કષ્ટનો નાશ થઇને સુવાવડના સ્રાવાદિકથી આવેલું અશક્તપણું દૂર કરીને શરીરમાં સારી રીતે શક્તિ અને આરોગ્યતા આવે, તે માટે બળવર્ધક ઔષધો આપવાં જરૂરનાં છે; કેમકે આ સ્થિતિમાં થોડું પણ અશક્તપણું રહેતો તે ભયંકર સુવારોગનું બીજ રોપે છે.

બહારનાઉપાયો—બાવળ, બોરસલી, અથવા બોરડીની અંતરછાલના શેરભર ઉકાળામાં ફટકડી ૪ માસા, ધોળોકાથો ૪ માસા, માયાંફળ ૨ માસા મોચરસ ૪ માસા, આ બધાનું ચૂર્ણ નાખીને અથવા કાર્બોલિક આસીડ ૧ ભાગ, ચાળીશ ભાગ પાણીમાં નાખીને તે વડે દરરોજ બે વખત દશ બાર દિવસ સુધી પ્રસવ માર્ગ ધોતાં રહેવું. તેથી સ્રાવમાં દુર્ગંધ આવશે નહિ. પુષ્કળ સ્રાવ અથવા પ્રસવ માર્ગની અંદરનો ભાગ લાલ થયો હોયતો, શંખજીરૂં, માંયાફળની ભૂકી, કાથો અને રક્તરોહીડાની ભૂકી એકત્ર કરીને મલમલના કપડાની પોટલી લેવી.

અંદરનાઉપાયો—પેટમાં આપવાનાં ઔષધોમાં પ્રસવ થયા પછી તરતજ

લવીંગ અને જાયફળ સુવાવડીને આપવાં એ ફાયદા કારક છે. કોઇ હેમગર્ભની માત્રા આદાના રસમાં પ્રસવ થયા પછી તરતજ આપે છે, તે પણ ઘણું સારૂં છે. કોઇ કોઇ ફક્ત એકલી કસ્તુરી પાનના બીડામાં આપે છે, કોઇ કેશર આપે છે. કારણ કે તેનાથી ગ્લાનિ અને વાતાદિ વિકાર થતા નથી. એક રતી હીંગ અને એક શેકેલા કાચકાનું ચૂર્ણ ઘી અને મધમાં આપે છે તે રીત સારી છે. એ ઔષધ ત્રણ દિવસ આપવું, એનાથી પેટમાંનો વાયુનો ગોળો મટે છે અને પેટ દુઃખનું બંધ થાય છે. ત્રણથી ૭ દિવસ સુધી પીપળીમૂળ ૧ તોલો, પાષાણ ભેદ ૧ તોલો, અને શંખજીરૂં ૧ તોલો, એ સર્વેનું ચૂરણ કરીને તેની ત્રણ પડીકી કરવી અને દરરોજ એક પડીકી ઘી અને મધમાં આપવી. કેશર ૨ ગાસા ખરલ કરીને ઘીમાં કાલવીને આપવું. ફુલાવેલ ફટકડી ૦ાા તોલો, અને માયાંફળ ૧ તોલો, ચૂર્ણ કરીને તેની સાત પડીકી કરવી, તેમાંથી એક પડીકી દરરોજ સવારે અને સંધ્યાકાળે ઘી અને મધમાં આપવાથી સ્રાવકમી થાય છે. સાત દિવસથી દશ દિવસ સુધી પ્રત્યેક દિવસે સવારે બે માસા લીંડી પીપરનું ચૂર્ણ ઘી અને મધમાં આપવું. જેમને મદ્યનો પ્રતિબંધ નથી, તેમને દશ દિવસ સુધી દરરોજ સવારે એક વખત તોલો બે તોલા ઉત્તમ મદ્ય જેવાંકે—દ્રાક્ષારસ (પાર્ટવાઇન) બ્રાન્ડી, શેરીવાઇન એમાંથી કોઇપણ બે તોલા પાણીમાં મેળવીને પાવો. ત્રીજા દિવસથી દશ દિવસ સુધી **દશમૂળનોકાઢો**—૧ શાલીપરણી, (સાલવણ) ૨ પીડવણ, ૩ બેઠીભોંયરીંગણી, ૪ ઉભીભોંયરીંગણી, ૫ ગોખરૂમૂળ, ૬ બીલીમૂળ, ૭ અરણીનું મૂળ, ૮ શેવણમૂળ, ૯ અરડુસાનું મૂળ, ૧૦ કાચકીનું મૂળ. એ સઘળાં ઓષધો દરેક દોઢ દોઢ તોલો લઇને તેની સાત પડીકી કરવી અને અડધા શેર પાણીમાં કાઢો કરીને છટાંક બાકી રાખી ગાળી લઇ, તેમાં બે તોલા ગાયનું ઘી નાખીને કાઢો પાવો. આ ક્વાથ પીવાથી ભૂખ સારી લાગે છે અને અન્ન પાચન ઉત્તમ પ્રકારે થાય છે તથા સુવાવડના રોગ થતા નથી. બજારમાં ગાંધીને ત્યાં જે દશ મૂળ મળે છે, તે ખરાં અને તાજાં હોતાં નથી, તે કોઇપણ વનસ્પતિનાં જુનાં બગડી કે સડી ગયેલાં આપે છે. તેથી ફાયદાને બદલે ગેર ફાયદો થાય છે. માટે ખરાં અને તાજાં દશમૂળ લેવાં. દશમૂળનો કાઢો પિત્ત પ્રકૃતિવાળી સ્રીને આપવો નહિ. જો આપવાની જરૂર હોયતો સાતમા દિવસથી દશમા દિવસ સુધી **લઘુપંચમૂળ**—૧ સાલવણ, ૨ પીઠવણ, ૩ બેઠીભોંયરીંગણી, ૪ ઉભીભોંયરીંગણી, ૫ ગોખરૂમૂળ એનો કાઢો કરી આપવો. એટલે સાત દિવસ ન આપતાં ત્રણ દિવસ આપવો અથવા **દેવદાર્વ્યાદિકવાથ**—તેલીઓદેવદાર, વજ, કઠ, લીંડીપીપર, સુંઠ, કાયફળ, નાગરમોથ, કરીઆતું, કડુ, ધાણા, હીમજ, ગજપીંપર, ધમાસો, ગોખરૂમૂળ, અતિવીષ, ગળો, કાકડાશીંગ, શાહજીરૂં, ઠવચાં, ભોંયરીંગણી, એ સર્વ ઔષધીઓ દરેક તોલો તોલો લઇને તેની પાંચ પડીકી કરવી અને ઉપર

પ્રમાણે કાઢો કરી આપવો. તેથી સુવાવડી સ્ત્રીના પેટનું શૂળ, ખાંસી, તાવ, શ્વાસ, મૂર્છા, કંપવાયુ, માથાનું શૂળ, ઝાડો એ સર્વ સુવાવડીના (સુવારોગ) રોગ મટે છે. અથવા સુવાવડમાં આપવાથી સુવાવડીને સુવારોગ થવાનો સંભવ નથી.

આ ઉપર કહેલાં સર્વ ઔષધો કોઇ પિત્તપ્રકૃતિવાળી સ્ત્રીને માફક ન આવે તો તેને આપવાં નહિ; કેમકે તેનાથી વિકાર થશે. પ્રકૃતિ જોઇને માફક આવે તેને આપવાં. સર્વને સરખો નિયમ લાગુ પડતો નથી. ધાવણ આવવા માટે અને શક્તિ આવવા માટે ગુંદર, ખસખસ અને સુવા, વગેરે પૌષ્ટીક પદાર્થો નાખી લાડુ કરી આપવા. દશ બાર દિવસ પછી થોડી શક્તિ આવે એટલે ઘરમાં આગ તેમ ફરવું, વીશ દિવસ પછી ઘર બહાર થોડો વખત ખુલ્લી હવા માટે હરવું ફરવું; વગેરે રીતે સંભાળ રાખી સુવાવડ કરવાથી પ્રસવ કરનારી સ્ત્રીની તન્દુરસ્તી ઘણી સારી રહે છે.

પરમાત્માનેપામવાશુંકરવું ?

શાર્દૂલવિક્રિડિતછંદ.

" શક્તિમાન દયાળુ ઇશ્વર વિભૂ સચિત્ આનંદજે,
નિર્વિકાર અનન્ય ન્યાયકરતા જન્મા નિરાકારતે;
જેના પ્રૌઢ પ્રતાપથીજ અવની ચંદ્રાર્ક તારાદિછે,
તેવા ઇશ્વરની સદૈવ કરવી ઉપાસના યોગ્ય છે.
આપે અંતરમાં પ્રકાશ સહુને જે નિર્વિકારી હરિ,
જેણે અંબર, વાયુ, તેજ, જળને પૃથ્વી વિશેષે કરી;
તે વિશ્વેશ્વર વિશ્વરૂપ જનને સત્ સંગતિ આપજો,
સત્ પ્રજ્ઞા સુવિચાર જીવ સહુમાં ભ્રાતૃપણું સ્થાપજો.

આ સૃષ્ટિમાં મનુષ્યનું જીવન બે પ્રકારની પ્રકૃતિના સપાટા વચ્ચે ઝોલા ખાતું ચાલે છે—એક દૈવી પ્રકૃતિ, અને બીજી આસુરી પ્રકૃતિ છે. દૈવી પ્રકૃતિનો આશ્રય કરવાથી મનુષ્યનું કલ્યાણ થાય છે; પરંતુ જો આસુરી પ્રકૃતિના પાસામાં મનુષ્ય સપડાયછે તો તેનો નાશ થાય છે. દૈવી પ્રકૃતિનો આત્મા પ્રેમ, ઐક્ય, અને સ્વાર્થ ત્યાગછે. આસુરી પ્રકૃતિનો આત્મા દ્વેષ, કલહ અને સ્વાર્થ સાધન છે. મનુષ્યનો પરમ મિત્ર તેની દૈવી પ્રકૃતિ છે અને તેનો કટ્ટો શત્રુ તેની આસુરી પ્રકૃતિ છે. જે માણસે આખી સૃષ્ટી મેળવી છે, પણ પોતાના આત્માનું કલ્યાણ

કર્યુંનથી તો તેમાં તેને શું હાંસલ પ્રાપ્ત થયું છે? આસુરી પ્રકૃતિના આશ્રયથી આત્માનો વિનાશ થાય છે અને દૈવીપ્રકૃતિના આશ્રયથી આત્માનું કલ્યાણ થાય છે. આત્માનું ખરૂં કલ્યાણ દૈવીપ્રકૃતિને અનુસરી **પરમાત્માને** પામવાથીજ થઇ શકે છે. પરમાત્માનો માનવી આત્મા સાથે જેવો નિકટ સંબંધ છે, તેવો જગતમાં બીજા કોઇ પણ પ્રાણી અને પદાર્થો સાથે નથી. બીજા પદાર્થોનો સંબંધ કેવળ અસંપૂર્ણ અને ક્ષણભંગુર છે, તે છતાં મનુષ્યને બાળપણથી માયીક પદાર્થો ઉપર પ્રીતિ કરવાનો અભ્યાસ પડવાથી તે અંધ થઇને લોભાદિક દુર્ગુણને વશ થાય છે અને કેવળ આ લોકમાં સુખ ભોગવવાનાં કાર્યો કરવામાં લુબ્ધ થાય છે. તેથી તે મલીન અને અપવિત્ર થાય છે. તેણે કરી તે ઇશ્વર પાસેથી એટલો આઘો જાયછે કે તેને ઇશ્વરના અસ્તિત્વ વિષે પણ અવિશ્વાસ ઉત્પન્ન થાય છે. માટે અજ્ઞાનરૂપી મળની શુદ્ધિ કરવા સારૂ અને મનની શાંતિ થઇ પરમાત્માની શોધમાં વિક્ષેપ થાય નહિ, તે માટે સદા શુદ્ધ અને સત્ય માર્ગ ગ્રહણ કરવાની ઘણી અગત્ય છે. જે એમ સમજે છે કે આ સંસારમાં મનુષ્યનું કર્ત્તવ્ય એટલુંજ છે કે; એક ઇશ્વર છે, એવું માની કાંઇ અયોગ્ય કર્મો કરવાં નહિ, પણ **કર્મ, ઉપાસના,** કે **જ્ઞાન** જે પરમાત્માને પામવાના સત્ય માર્ગ છે, તેમાંનું કાંઇ પણ કરવાની અગત્ય નથી. આવું જે સમજેછે તે તેની અજ્ઞાનતા છે, કેમકે એ પ્રમાણે માની વર્તનારો માણસ સદાકાળ સંસારનાં ભિન્ન ભિન્ન કાર્યોથી ઉત્પન્ન થતા જે હર્ષ અને શોક એના અનિયમિત ફાંસામાં પડવાથી તેનું અંતઃકરણ નિરંતર દગ્ધ રહે છે, તેને શાંતિ એક ક્ષણ પણ થતી નથી. તેથી આયુષ્યની મર્યાદા પણ ઓછી થાય છે. એવાં અસ્થિર મનનાં સ્ત્રી પુરૂષ પ્રાણ મૂક્યા પછી અંતે કર્માનુસાર પુનર્જન્મને પામે છે.

સત્યમાર્ગ ગ્રહણ કરનારા જે જ્ઞાની માણસો છે, તે એવું સમજેછે કે મનુષ્યના આત્માનો, વૃત્તિનો, શરીરનો, જ્ઞાનનો અને કર્મેન્દ્રિયનો અધિષ્ઠાતા અને આશ્રય સ્થાન એક પરમ શુદ્ધ અને ચૈતન્ય સ્વરૂપ **પરમાત્માજ** છે. પરમાત્મામાં સમીલન થવું એ આત્માની સ્વાભાવિક સ્થિતિ છે. પરમાત્મા પાસેથી દૂર થવું એ જીવાત્માની અધોગતિ છે. માટે આત્માની સ્વાભાવિક અવસ્થાને અનુસરી બાળપણથી તેવીરીતે વર્ત્યાથી દિન પ્રતિદિન ઉન્નતિને પહોંચતાં જવાય છે. વળી પરમ પવિત્ર પરમાત્મા ઉપર વિશ્વાસ રાખ્યાથી તેની પ્રીતિ સંપાદન થઇ શકે છે. તેથી તેવો મનુષ્ય સદા પરોપકારનાં કામો પણ કર્યા કરે છે. એ રીતે જેમ જેમ ઉન્નતિ થતી જાય છે, તેમ તેમ તેનો આત્મા પવિત્ર થઇ પરમાત્માની સાંનિધ્ય રહેવાને યોગ્ય થાય છે. તેવાં સ્ત્રી પુરૂષો સાંસારિક કાર્યો કરતાં છતાં તેઓ નિરંતર અખંડ શાંતિથી વર્ત્યા કરે છે. તેણે કરી તે સાંસારિક કર્મ કરતા છતાં તેમાંથી **જનક** રાજાની પેઠે વિરક્ત રહી વિદેહી થાય છે. એ સર્વ કારણ ઉપર-

થી સ્પષ્ટ જણાશે કે નિરંતર શાંતિમાં વર્તી અખંડ સુખની પ્રાપ્તિનું મૂળ કારણ પરમાત્માની શોધના શુદ્ધ અને સત્ય માર્ગ મહાત્માઓએ જે બતાવેલા છે તે ગ્રહણ કરવા જોઇએ.

મનુષ્ય પ્રાણીની અંદર **જીવાત્મા** એ **પરમાત્માનો** અંશ છે, એટલે પરમાત્માનું પ્રતિબિંબજ છે. જીવાત્મા ત્રણ પ્રકારની ક્રિયા વાળો છે. જેમ પરમાત્મા **સત્, ચિત્** અને **આનંદ** મય છે; તેમ તેનો રૂપક જીવાત્મા **જ્ઞાન. ક્રિયા** અને **ઇચ્છા** મય છે. **ક્રિયા**-કર્મ માર્ગથી થાય છે. **જ્ઞાન**-માર્ગથી બુદ્ધિ ખીલે છે અને **મનોવૃત્તિઅનેઇચ્છાશક્તિ**-ભક્તિ-ઉપાસના માર્ગથી કેળવાય છે અને આનંદમય બને છે. એ ત્રણ માર્ગે જીવાત્મા પરમાત્માની શોધમાં જાય છે. જેનામાં જે શક્તિ બળવાન હોય છે, તેમને તે માર્ગ વધારે અનુકુળ અને પસંદ પડે છે. જેની ક્રિયા શક્તિ બળવાન હોય છે તેને કર્મ માર્ગ વધારે સહેલો લાગે છે. જેની ઇચ્છા શક્તિની મનોવૃત્તિયો બળવાન અને પ્રેમ રસમય હોય છે, તેમને ભક્તિ માર્ગ વધારે સુલભ પડે છે અને જેની બુદ્ધિ પ્રબળ હોય છે, તેને જ્ઞાન માર્ગ સહેલો લાગે છે. આ ત્રણે માર્ગનો ઉદ્દેશ પરમાત્માની શોધ તરફજ છે; પરંતુ મનોવૃત્તિયોને શાંત કરવામાં ભક્તિ માર્ગ જેવો બીજો માર્ગ નથી. પ્રેમ એ ભક્તિનો આત્મા છે અને મનોવૃત્તિયોનું જીવન છે. ભક્તિ બે પ્રકારની છે. સારી અને ખોટી. એકનો પ્રાણ માન અને પ્રેમ છે તથા બીજીનો પ્રાણ તિરસ્કાર અને દ્વેષ છે. ખોટી ભક્તિ શાંતિને બદલે ગડબડાટ ઉપજાવી મૂકે છે અને પ્રેમને બદલે કલહ પેદા કરે છે. એક સર્વ જગ્યાએ પ્રેમ જુએ છે અને બીજી સર્વ જગ્યાએ તિરસ્કારથી જુએ છે. માટે ધર્માંધપણાથી દોરવાઇને ખોટી ભક્તિનો અવળો માર્ગ ગ્રહણ કરવો નહિ. ધર્માંધપણાનાં પરિણામ ખોટાં છે. તેથી કલહ અને દ્વેષ પેદા થાય છે, બીજાની લાગણી ને વાસ્તે આપણને દરકાર રહેતી નથી, બીજાના વિચારો પણ જોઇ શકતા નથી અને જનમંડળમાં **સમભાવને** બદલે નિરાળાપણું પેદા થાય છે. માટે ધર્માંધપણે મનોવૃત્તિયોને તિરસ્કારની બાજુપર દોરી જવાની નથી, પણ પ્રેમની તરફ દોરવીને આખી સૃષ્ટી એક અખંડાકાર પરમાત્મામાંથી વ્યાપ્ત છે અને સર્વ માણસમાં તેનો અંશ છે, એવો વિચાર કરી-ખરી ભક્તિ રસમય બનાવવાની છે. મનોવૃત્તિયોનો દુરૂપયોગ થઇ શકે છે. જેમ રેલવેના એનજીનને બરાબર ચલાવવામાં આવતાં માણુસને સુખથી હજારો મેલ લઇ જાય છે, પણ જરા વરાળ વધારે લગાડી કે ખોટે રસ્તે દોરવ્યું તો ભયંકર અકસ્માત્ થઇને જાન માલની ખરાબી થવાનો સંભવ રહે છે, તેમ મનોવૃત્તિયોને સારી કલ્પનાથી દોરવી જોઇએ. પ્રેમ એ ભક્તિનું સ્વરૂપ છે, ભક્તિ-ઉપાસનાનું ધોરણ જેટલું ઉંચુ, તેટલી ઉંચી છાપ અંતઃકરણ ઉપર પડે છે. માટે ભક્તિ-ઉપાસનાને ખીલવી અંતઃકરણને પ્રેમમય બના-

વવું જોઇએ. પરમાત્મા સર્વના હૃદયમાં રહેલો છે. તેમને પ્રેમ–ભક્તિથી હૃદયના સર્વભાવે શરણે જતાં, એના પ્રસાદથી પરમ શાન્તીરૂપ શાશ્વતપદ પ્રાપ્ત થાય છે. માટે ચિત્તની શુદ્ધિ કરી પરમાત્માનું ચિન્તન કરવું એજ મનુષ્યનું પરમ હિત છે.

પરમાત્મા એ જીવાત્માનો અંતર્યામી છે. જીવાત્માનો પરમાત્મા સાથે નિકટ સંબંધ છે છતાં તેને એ કેમ નજરે પડતો નથી ! તેનું કારણ એકે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર વગેરે ડુંગરાઓ આપણી અને એની વચ્ચે પડયા છે,. તે એમનું દર્શન થતું અટકાવે છે. એ અટકાવ દૂર કરવાનું સાધન વિનમ્રભાવ અને અંતઃકરણ શુદ્ધિ છે. અંતઃકરણ એ ઉપાસનાં–ભક્તિનું મૂળ છે, પણ તેને બુદ્ધિ અને વિચાર શક્તિથી કેળવવાની જરૂર છે. જો અંતઃકરણની મનોવૃત્તિયોને બરાબર કેળવેલી હોય, તો તે આપણને પરમાત્માનું દર્શન કરાવે છે. માટે મનોવૃત્તિને સુવિચારથી દોરવવા પ્રયત્ન કરવો જોઇએ. હાલતો કેટલાક મનુષ્યો મનોવૃત્તિયોને સુવિચારથી દોરવવાનું નહિ સમજતાં માત્ર દેખાદેખી પ્રત્યેક દિવસે પોતાના દેવ આગળ ફુલ પાત્રી, ગંધ અને ધૂપાદિક સર્વે સામગ્રી તૈયાર કરી પોત પોતાના સંપ્રદાય પ્રમાણે તિલક, ચાંલ્લા કરી ષોડસોપચારે પૂજા સેવા કરે છે અને કોઇ આંખ મીચી માળા પણ ફેરવે છે, તથા એવી રીતનાં બીજાં અનેક સાધન બ્રાહ્મણદ્વારા પણ કરાવે છે; પરંતુ તેટલા સમયે પણ અનેક પ્રકારનાં સાંસારિક સંકલ્પ વિકલ્પનો નાશ કરી સ્થિર મન કરી શકતા નથી. તે માત્ર બહારથી ક્રિયા ભક્તિની કરતા દેખાય છે, પણ તેઓનાં અંતઃકરણ કેવળ મલીન અને વિકાર યુક્ત હોય છે. એવી રીતે વિષયી ભક્તિ કરી શુભ ફળની ઇચ્છા રાખે છે અને કહેછે કે મન સ્વાધિન રહે અગર ન રહે, તોપણ પ્રત્યેક દિવસે નિયમિત માળા પૂજા કરવાથી શુભ ફળની પ્રાપ્તિ થશે, એવો કેટલાંક સ્ત્રી પુરૂષ દૃઢ નિશ્ચય કરે છે, પણ એ તેમનું ધર્મ સંબંધી ઘણું અજ્ઞાન છે. આવી અજ્ઞાનતાથી જગતમાં સર્વે મતપંથના કેટલાક સાધુ અને કેટલાક વિદ્વાન ગણતા ગૃહસ્થોનાં અંતઃકરણ ત્રિવિધિ તાપથી નિરંતર બળેલાં રહે છે અને શાન્તી થતી નથી; કેમકે તેઓ સત્ય ભક્તિ–ઉપાસના કરતા નથી; એટલુંજ નહિ પણ સત્ય ઉપાસનાનો યથાર્થ અર્થ પણ સમજતા નથી, જો કે નિરંતર પૂજા સેવા અને માળા કરનારાઓનો ભાવાર્થ સત્ય છે; પરંતુ તેથી ઉપાસના–ભક્તિ શબ્દમાં રહેલો જે ગુહ્ય હેતુ એ તેમાંથી સિદ્ધ થતો નથી. તેથી જેવી શાન્તી થવી જોઇએ તેવી થતી નથી; પરંતુ તેથી ઉલટા ક્ષુદ્ર દેવતાના અને આસપાસના વિષયી વાતાવરણમાંથી તેવા તાત્વિક પરમાણુઓનો સંગ્રહ થવાથી એવા ભક્તો ઉલટા વધારે તૃષ્ણાવાળા થાય છે. માટે મહાસમર્થ ઋષિઓએ ઉપાસના શબ્દનો જે અર્થ કરેલો છે તે જાણવો જોઇએ.

ઉપાસના–એ શબ્દમાં અતિ ગુહ્યાર્થ રહેલો છે. તેથી તેનું યથાર્થ

જ્ઞાન થવા સારૂ એના **ઉપ×આસન**. ઉપ=સમીપ, અને આસન=સ્થાન. એ બે મળી **સમીપસ્થાન**—એટલે ઉપાસના એક એવું વિશેષ કર્મ છે કે તેના યોગે-કરી મનુષ્ય પ્રાણી **પરમાત્માની** સાથે સાંનિધ્યપણું કરી શકે છે. આત્મદર્શન થઇ પરમાત્મા સાથે સાંનિધ્ય થવાથી સઘળા સંકલ્પ વિકલ્પનો નાશ થઇ તે સમયે પરમાનંદ વર્ત્તે છે. આવો પરમાનંદ વર્તાવવાને સત્ય સનાતન ધર્મ અને તેનાં **લક્ષણો**—વગેરેનો દઢ નિશ્ચય કરી તેની મર્યાદામાં રહી, સર્વ બ્રહ્માંડના કર્ત્તા અને સર્વેના મૂળ કારણ રૂપ ચૈતન્ય અને સદા સુખદાયક એવા જે **પર-બ્રહ્મ**—તેનું થોડો કાળ નિરંતર સર્વ પ્રકારે શુદ્ધ થઇ, ઉપાધિ રહિત, એકાંત સ્થાનમાં, એકાગ્રહ ચિત્તે બેસી ચિત્તવૃત્તિયોને સ્થિર અને શાંત કરી નિર્મળ અંતઃકરણે પ્રબળ સંકલ્પ અને ઇચ્છાથી પ્રીતિપૂર્વક ઇશ્વર પ્રેરક મહાવાકયોનું ઉચ્ચારણ કરી ધ્યાન કરવું જોઇએ. પણ ઉપાસના કરતી વખતે માત્ર શબ્દોનો ઉચ્ચાર કરીએ છીએ અને કોઇ વખતે તેના અર્થપર લક્ષ આપીએ છીએ, પણ તે થોડોજ કાળ. શબ્દોનો ઉચ્ચાર થઇ રહ્યો કે તેના અર્થપરથી લક્ષ જતું રહે છે. આને વિચાર નામ ઘટે નહિ. આવા વિચારથી કોઇ પ્રકારની શુદ્ધિ થઇ શકે નહિ. ઉપાસના કરતાં આપણે જે વિચાર કરીએ છીએ, તે જો બહુ તીવ્ર અને બળવાન હોયતોજ તેથી શુદ્ધિ થઇ શકે છે. શુદ્ધિ થવાથીજ ભક્તિ ભાવનાનો જે આંતરપ્રવાહ આપણા જીવનના બાહ્યપ્રવાહના અંતરમાં વહ્યા કરે છે, તેનો ઉપાસના કરતાં સંપૂર્ણ પ્રયોગ થઇ શકે છે. વિચાર શુદ્ધિથી આંતર અને બાહ્ય બે પ્રકારની શુદ્ધિ થાય છે અને જ્યારે વિચાર શુદ્ધિ થાય છે, ત્યારે ઉપાસના સમયે ઇશ્વરના ચરણ કમળમાં ચિત્ત ચોંટે છે. માટે ઉપાસના નિત્ય ફરી ફરીને કરવાની અગત્ય છે. એકજ દિવસમાં થોડે થોડે અંતરે (ત્રિકાળસંધ્યાવગેરે) ઉપાસના કરવાથી તે દ્વારા તેનું સ્મરણ કરવાની ટેવ એ-વીતો દઢ થાય છે કે ઇશ્વર સ્મરણ સતત્ ચાલુજ રહે છે અને જેમ જેમ આપણે પ્રેમયુક્ત ઇશ્વર સ્મરણ કરતા રહીશું, તેમ તેમ આપણે "**तन्मय**" થતા જઇશું અને તદ્દભાવભાવિત-ભાવના જેવા થઇ રહીશું. માટે પરમાત્માને પામવા માટે ભાવનાશક્તિ એજ ખરૂં સાધન છે, અને એ સાધન પ્રમાણે વર્ત-વાથી પરમાત્માની પ્રાપ્તિ થઇ શકે છે.

ઇશ્વરકોનેકહીએ?

દોહરો.

સ્વભાવ સત્યછે જેહનો, વળી કર્મ ગુણ રૂપ;
અભેદ અનંત ધારજો, એ છે ઇશ્વર અનુપ. ૧
અનાદિ શુદ્ધ દયાળુ છે, અજર અમર કંદરૂપ;
અભયનિત્ય સિદ્ધ પૂર્ણજે, એ છે ઇશ્વર અનુપ. ૨

સર્બે કેવળ ચેતને, માયા ત્રિગુણી ગુપ્ત;
સર્વત્ર વ્યાપક જ્ઞાનથી, એ છે ઇશ્વર અનુપ ૩
નિરાકાર અનંત જે, અજન્મા લોક સ્વરૂપ;
જેમાં સર્વ શક્તિયો, એ છે ઇશ્વર અનુપ. ૪
અવિનાશિ સ્વભાવનો, એકજ અદ્વૈત રૂપ;
ઉત્પત્તિ લય પાલન કરે, એ છે ઇશ્વર અનુપ. ૫
પાપ પુન્યનું ફળપુરૂ, જીવને આપે આરૂપ;
ધાર્યું કરે તે ધણી થઈ, એ છે ઇશ્વર અનુપ. ૬
અભય નિત્ય પવિત્રજે, કળામાં કેવળ પૂર;
ત્રીકમ જરા જુદો નહી, એ છે ઇશ્વર નૂર. ૭

ઇશ્વરભક્તિવિષે.

(દોહરા.)

દિપક વ્યર્થ દીવસ વિષે, વૃથા દૂધ વિણુ ગાય;
તેમ પ્રભુ ભક્તિ વિના, કેમ શોભશે કાય. ૧
રૂપ તુચ્છ વિદ્યા વિના, વૃથા સ્વચ્છ વિણુ નીર;
તેમ પ્રભુ ભક્તિ વિના, વૃથા સદૈવ શરીર. ૨
અવસર વિના વચન નહીં, નીતી વિના નરેશ;
વૃથા પ્રભુ ભક્તિ વિના, માનવ જન્મછે નેષ્ટ. ૩
વિદ્યા વિણુ વિવેક વિના, દાન વિના ધન વ્યર્થ;
તેમ પ્રભુ ભક્તિ વિના, કેવો સરશે અર્થ. ૪
રાગ હીણુ ગાયન નહીં, અર્થ ભળ નહી રીશ;
જન્મ વૃથા માનવી તણો, જે ન ભજ્યો જગદીશ. ૫
પુત્ર વિના નારી વૃથા, વૃથા વૈરીથી સ્નેહ;
વૃથા ઇશ ભક્તિ વિના, માનવીનો આ દેહ. ૬
ભાગ્ય વિના ઉદ્યમ વૃથા, વૃથા કલેશ વ્યવહાર;
રામ સ્વામ ભક્તિ વિના, વૃથા જન્મ નિરધાર. ૭
સ્નેહ વિના સજ્જન નહીં, નહીં ધન સંસાર;
વૃથા પ્રભુ ભક્તિ વિના, માનવ જન્મ વિચાર. ૮
દાન તુચ્છ કરૂણા વિના, તુચ્છ ગુણુ વિના માન;
તુચ્છ પ્રભુ ભક્તિ વિના, માનવ જન્મ નિદાન. ૯
અપ્રાપ્તની આશા વૃથા, વૃથા જળ વિના મીન;
ત્રીકમ વૃથા ભક્તિ વિના, માનવી જન્મ મલીન. ૧૦

પવિત્રબોધ.

ઇશ્વરની ભક્તિમાં જેની ઉત્કંઠા અને એકાગ્રતા સર્વથી વધારે છે તેને ઇશ્વર સૌથી વહેલો મળે છે.—ઇશ્વરના ધ્યાન વખતે જે સર્વ બાહ્ય પદાર્થોનું ભાન ભૂલી જાય છે તે ધ્યાનની પરી પૂર્ણતાને પામ્યો છે.—જે માણસ શ્રીહરિના નામ શ્રવણથીજ ફક્ત આનંદિત થઇ રોમાંચિત થાય છે અને ગદ્દગદ્દ થઇ પ્રેમાંશ્રુથી ભરાય છે, તેજ પોતાના છેલ્લા જન્મને પહોંચ્યો છે.—જ્યારે ફળ થાયછે ત્યારે જેમ પાખંડીઓ પોતાની મેળે ખરી જાય છે, તેમ જ્યારે દૈવીઅંશ —બ્રહ્મ—વધશે, ત્યારે મનુષ્યત્વ (જીવત્વ) ની આશક્તિઓનો નાશ થશે.—જ્યારે મનુષ્યને સર્વ શક્તિમાન ઇશ્વરનો અનુગ્રહ થશે, ત્યારે દરેક મનુષ્ય પોતાની ભૂલ સમજશે, એમ સમજી તકરાર કરવી નહિ.—પંથો તથા સંપ્રદાયોનું કાંઇ નહિ, દરેકને પોતાના પંથના ભક્તિ તથા આચાર શ્રદ્ધાથી પાળવા આપો.—શ્રદ્ધાજ ઇશ્વર પ્રાપ્તનું સાધન છે, જેને શ્રદ્ધા છે તેને સર્વ છે, જેને શ્રદ્ધા નથી તેને કાંઇ નથી, માટે ઇશ્વરપર શ્રદ્ધા રાખવી—કોઇ કહેશે કે મારે જ્યાં નિત્ય પોષણ માટે હમેશાં વિચાર કરવો પડતો હોય, ત્યાં હું ભક્તિ કેવી રીતે કરીશકું ? તેનો જવાબ એકે જેની તું સેવા કરે છે, તે તારી જરૂરીયાતો પૂરી પાડશે. ઇશ્વરે તારા અહીં આવતાં પહેલાં તારા પોષણની સામગ્રી કરી રાખી છે—જ્યારે મનુષ્યનું 'અહમ્' નાશ પામશે તથા તેની અહંભાવવાળી ઇચ્છા પરમાત્મભાવમાં વિલીન થશે, ત્યારેજ તે મુક્ત થશે—ઇશ્વરભક્ત—ખરા ધાર્મિક મનુષ્યે અન્ય ધર્મો પણ સત્યને પહોંચવાના માર્ગ છે એમ ધારવું જોઇએ, અન્ય ધર્મો તરફ આપણે હમેશાં માન વૃતિ રાખવી જોઇએ.—વિવેક અને વૈરાગ્યયુક્ત અંતઃકરણ વગર શાસ્ત્રો જો જો કરવાં એ વૃથા છે. વિવેક અને વૈરાગ્ય વગર આધ્યાત્મિક અભિવૃદ્ધિ બની શકતી નથી—સ્તંભને વળગી એના ઉપર મદારી ખુબ ઝડપથી ચકર ચકર ફરેછે છતાં પડવાનો એને ભય રહેતો નથી; તેમ પ્રભુને મજબૂત વળગી રહી સંસારનાં કૃત્યો કરશો, તો કોઇપણ પ્રકારનો ભય નડશે નહિ.—જેમ જળથી દૂર થએલી માછલી, જળમાં જવાને તલપે છે, તેમ હે સંસારી મનુષ્ય ! તમારાં સાંસારિક કામો કર્યા કરો, પણ તમારૂં મન હમેશાં પ્રભુમાં ચોંટાડેલું રાખજો—જેમ એક ધનવાન કુટુંબમાં રાખેલી ધાવ એના શેઠના બાળકને પોતાના પેટના છોકરાં જેટલી પ્રીતિ રાખી ઉછેરે છે, પણ સારી પેઠે જાણે છે કે, આના ઉપર મારો હક નથી. એ રીતે તમે સમજો કે તમારાં છોકરાંના તમે માત્ર રખવાળ છો, એમનો ખરો પિતાતો શ્રીપ્રભૂ છે.—પ્રેમસાગર ભગવાનનું સતત નામ સ્મરણ એ આ કલિયુગને લાયક ખરૂં સાધન છે.—જો તમે પરમાત્માનું દર્શન ઇચ્છતા

હોતો હરિનામ સંકીર્તનના મહીમામાં દૃઢ શ્રદ્ધા રાખો, અને સત્ય અને મિથ્યા પદાર્થ વચ્ચે વિવેક કરો.—પ્રભુનું નામ સાંભળીને જ્યાં સુધી આનંદાશ્રુ નથી વહેતાં ત્યાં સુધીજ ઉપાસનાની જરૂર છે. પણ જ્યારે માત્ર હરિનું નામ સાંભળતાંજ જે અંતઃકરણ ઉભરાઇ આવે છે અને આનંદાશ્રુ વહે છે, તેનેતો ઉપાસનાની કાંઇ પણ અપેક્ષા નથી.—મરણકાળે જેવી મતિ તેવી ગતિ થાય છે. માટે હમેશાં ઉપાસનાની બહુજ જરૂર છે.—વારંવાર ઉપાસના કરવાના અભ્યાસથી સાંસારિક વિચારો મનમાં ઉત્પન્ન થતા અટકે છે અને આત્મામાં માત્ર પ્રભુનોજ વિચાર વ્યાપી રહે છે, તે મરણ વખતે પણ ખસતો નથી. તેથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. માટે નિરંતર દૃઢ શ્રદ્ધા અને પ્રેમપૂર્વક પરમાત્માની ભક્તિ—ઉપાસના કરવી.—શ્રીગીતાજીના અ. ૮ માં કહ્યું છે કે;—

" અંત સમય સ્મરતાં મને, દેહ મૂકીને જાય;
પામે તે મુજ ભાવને, નહિ સંશય તે માંય.
સ્મરતાં જે જે ભાવને, ત્યજે છે અંતે દેહ;
પામે તે તે ભાવને, તદ્‌ભાવિત નિત તેહ. "

જીવનકાળમાં જ્યારે જ્યારે નિવૃત્તિનો સમય આવે, ત્યારે ત્યારે ઇશ્વર સ્મરણમાંજ આપણું મન રોકાયેલું રહેલું હોય; જો કોઇ પણ વિચાર આવતાં આપણે આપણી જાતને પ્રશ્ન પૂછયો હોય કે એ વિચારથી ઇશ્વર પ્રસન્ન રહેશે? ઇશ્વર પ્રસન્ન રહે તેવા વિચારો અને કામો કરવાં જોઇએ—જો ઇશ્વરની મૂર્તિ આપણા હૃદયમાં છપાએલી રહી હોય, તો મૃત્યુકાળે આપણને તેનાજ વિચાર એની મેળેજ આવશે, અને તેનુંજ ચિંતન કરતાં દેહ છૂટશે. મૃત્યુ પછી પણ તેનાજ ચિંતન અને સેવામાં આપણો કાળ જશે, અને ફરી જન્મ થવાનો બાકી રહેશે, તો તેનાપર દૃઢ ભક્તિ સહિત તેના એક સેવક રૂપે જન્મી તેનાંજ કાર્ય કરવામાં આપણે આપણું જીવન કાઢીશું.—મનુષ્ય પવિત્ર કે અપવિત્ર ગમે તે અવસ્થામાં હોય, તોપણ જે કમલનેત્રના ચરણ કમળનું ધ્યાન કરે છે, તેની આંતર અને બાહ્ય શુદ્ધિ થાય છે—ઉપાસના વખતે તેના અર્થપર લક્ષ ન આપતાં, ઉપલક વિચારથી ઉપાસના થાય છે, તો તેવા વિચારથી કોઇ પણ પ્રકારની શુદ્ધિ થઇ શકિત નથી.—ઉપાસના કરતાં જે વિચાર આપણે કરીએ છીએ, તે જો બહુ તીવ્ર અને બળવાન હોય, તોજ તેથી શુદ્ધિ થઇ શકે છે.—વિચાર શુદ્ધિથીજ આંતર અને બાહ્ય બે પ્રકારની શુદ્ધિ થાય છે, અને વિચાર શુદ્ધિ થયેજ ઉપાસના સમયે ઇશ્વરના ચરણ કમળમાં ચિત્ત ચોંટે છે.—એક દિવસમાં થોડે થોડે અંતરે ઉપાસના કરવાથી તે દ્વારા તેનું સ્મરણ કરવાની ટેવ એવી તો દૃઢ થાય છે કે ઇશ્વર સ્મરણ કરતાં અને તેની સેવામાં તત્પર રહેતાં આપણે 'તન્મય' થતા જઇશું, અને 'તદ્‌ભાવભાવિત' થઇ રહીશું.—આપણા હૃદયમાં ઇશ્વરની મૂર્તિ

કોતરાઇ રહેલી હોય છે. તેથી આપણે આપણા કર્ત્તવ્યથી ભ્રષ્ટ થવાની, કોઇનો દ્વેષ કરવાની, અથવા અયોગ્ય કાંઇ પણ કામ કરવાની હિમ્મત ચાલે નહિ. જો કદી એમાંનું કાંઈ પણ કરવાની હિમ્મત કરીએ છીએ, તોપણ આપણે તેનાપરનો પ્રેમ એવો હોયછે, કે તે આપણને તે કાર્યમાં યોજાવા દેજ નહિ.—ભક્તિનો પ્રભાવ ગહન છે, જે ઇશ્વરની ભક્તિમાં 'તન્મય' હોય છે, તે કંઇપણ સ્વાર્થ વગર પોતાનો ધર્મ બજાવે છે.—**બૃહદારણ્યકઉપનિષદ્‌માં** કહ્યુંછે કે;—મનુષ્ય કામમય છે, જેવી કામના તેવી ઇચ્છા; જેવી ઇચ્છા તેવાં કર્મ, અને જેવાં કર્મ તેવાં ફળ—ભોગ-આભોગ—આ ફળ, આપણને માત્ર આ એકજ જન્મમાં પ્રાપ્તછે એમ નથી પણ જન્માન્તરમાં પણ એની પ્રાપ્તિ થાય છે; કારણ કે તમે જાણોછો કે, જન્માન્તર થાય છે, ત્યારે આપણે આપણો સ્વભાવ તથા કર્મના સંસ્કાર આપણી સાથેજ લઇને એક દેહમાંથી બીજા દેહમાં જઇએ છીએ. માટે હમેશાં સારો સ્વભાવ રાખવો અને સારાં કર્મ કરવાં—**મૈત્રાયણમાં** કહ્યુંછે કે;—ચિત્તજ મનુષ્યને સંસારનું કારણ છે. માટે પ્રયત્ને કરી ચિત્ત શુદ્ધિ કરવી પડે છે. મનુષ્યનું જેવું ચિત્ત—વિચાર—તેવો તે થાય છે. આજ સનાતનગુહ્ય છે.—હે પ્રિયજનો ! તમે તમારૂં જીવન સાફલ્ય કરવા ચાહતા હોતો, ચિત્તની શુદ્ધિ કરી, પરમાત્માને પામવાના જે ઉપાયો બતાવ્યાછે, તે પ્રમાણે વર્ત્તવાનો પ્રયાસ કરો. જેથી તમોને પરમ શાન્તિ સુખની પ્રાપ્તિ થશે.

"જીવિતકા વ્યવહાર, જગતમે, જીવતકા વ્યહવાર."—ટેક.
માત પિતા ભાઈ સુત બાંધવ, અરૂનિજ ધરકી નાર. જગત.
તનસેં પ્રાણ હોત જબ ન્યારે, ટેરત પ્રેત પોકાર. જગત.
આધ ઘડી કોઇ નવ રાખે, ઘર તેં દેત નિકાર. જગત.
મૃગ તૃષ્ણા જ્યોં યે જગ રચના, દેખો હદે બિચાર. જગત.
જન નાનક યે મત સંતનકો, પાખ્યો તોહે પોકાર. જગત.

"જુઠી દેખી પ્રીત, જગતમેં, જુઠી દેખી પ્રીત."—ટેક.
આપને સુખકું સબજગ રોવે, કયા દારા ક્યા મીત. જગત.
મેરો મેરો સબહી કહત હે, હેતસેં બાંધે ચીત. જગત.
અંતકાળ કોઇ સંગ ન ચાલે, યેહિ અચરજ હે રીત. જગત.
મન મૂરખજી અજહુન સમજત, સુખ દેહારે નીત. જગત.
નાનક ભવજલ પાર પરો જબ, ગાઓ હરીકે ગીત. જગત.

" જનુની જીવોરે ગોપીચંદની "—એ રાગ
ઝટ તત્પર થાને તું જીવડા;
મુકી જુઠ જગત્ જંજાળ. આખર જવું એકલું. ૧
જાણ સ્મશાનમાં જઇ પોઢવું;
મેલી મેડી વાડીને આવાસ. આખર જવું એકલું. ૨
સગું સંબંધી કોઇ તારૂં નથી;
મોહ માયાનો મિથ્યા ભાસ. આખર જવું એકલું. ૩
એ વેળા ન કોઇ કર ઝાલશે;
સાથ આવે ન પુત્રી પરાગ. આખર જવું એકલું. ૪
સુત સુંદરી સર્વે દૂરે થશે;
જેમાં લપટાગો આઠો જામ. આખર જવું એકલું. ૫
ગત સમયના શોચથી શું વળે;
વળી ભાવીનો શો વિશ્વાસ. આખર જવું એકલું. ૬

सतीगीता.

(શ્રીસદ્બોધ–જુદાજુદારાગમાંગાવાનીગરબીઓ.)

પતિપ્રત્યેસીતાજીનાંવચન.

ધોળ.

" સુણો, સુન્દર શ્યામ સુજાણ ! પ્યારા મ્હારા પ્રાણ !
સાથે રાખો સ્નેહથી!
જુદાં પડવાની વાત વ્હાલા કહો, તે તો બોલ વાગે તીખાંબાણ;
રઘુકુળભાણ ! સાથે રાખો સ્નેહથી !
સ્વામી ! જ્યાં તમે ત્યાં ઘર માહરૂં : તમથી વેગળીતે પરદેશ,
હું જાણું હમેશ : સાથે રાખો સ્નેહથી !
તમે જોગીનો વેશ જો ધારશો, તો હું જોગણનો ધરૂં વેશ;
જટા કરૂં કેશ: સાથે રાખો સ્નેહથી !
સ્વામી ! તમેરે સુખીતો સુખ માહરે:
તમે દુઃખમાંતો દુઃખ મારે દેહ, એમાં શો સન્દેહ:
સાથે રાખો સ્નેહથી !

જે કોઇ પરણ્યા પછી રહે પિયરમાં, અવતાર બળ્યો ત્રિક એહ:
મુવા જેવી તેહ: સાથે રાખો સ્નેહથી !
સ્વામી ! તમ વિણ મન્દિરને આંગણિયાં, ભાસે પર્વત મોટા સમાન:
વસ્તી તો વેરાન: સાથે રાખો સ્નેહથી !
મહાવનમાં ભરી વસ્તી ભાસશે, જ્યારે પામીશ દર્શન દાન;
કૃપાના નિધાન ! સાથે રાખો સ્નેહથી !
સાસુ સસરોને માતપિતા સઊ, ભલે જીવો કરો રૂડાં રાજ;
મને. મહારાજ ! સાથે રાખો સ્નેહથી !
સ્વામી ! શું કરૂં ભાઇ ભોજાઇને, સ્વામી ! શું કરૂં સૈયર સમાજ ?
કેનું નથી કાજ: સાથે રાખો સ્નેહથી !
સાચું સગપણ જગમાં સ્વામી તણું: બીજો સ્વારથી સઘળો સંસાર;
કુટુમ્બ પરિવાર: સાથે રાખો ! સ્નેહથી ”

સાતવાર.

“ રમવા આવોનેરે, નાવોતો નંદજીની આણ; રમવા આવોનેરે ”—એ રાગ.

આપું શીખામણસાર, શાણી સમજોનેરે,
છે તમારી હીતકાર, શાણી સમજોનેરે;
દુખ નહિ દેખો લગાર, શાણી સમજોનેરે. ટેક.
સોમવારે સૃષ્ટી પતિને ભજવો, દુરગુણ દીલ થકી એની તજવો;
સુનીતીનો શણગાર સજવો. શાણી૦ ૧
મંગળવારે ધ્યાન ધરોને, પ્રીતે પ્રભુને પ્રણામ કરોને;
ભક્તિ તેનીમાં ફરોને. શાણી૦ ૨
બુધવારે વિદ્યા ભણી બુધ થાવું, શિખવા સુવિદ્યા નિશાળમાં જવું;
વિદ્યાનું અમ્રત ખાવું. શાણી૦ ૩
ગુરૂવારે શિક્ષા ગુરૂની માનો, ભણવા માંડો સહૂભેદ વિદ્યાનો;
સૂખ તેમાં સહૂ જાણો. શાણી૦ ૪
શુક્રવારે સેવા સ્વામીની કરવી, સાસૂની આજ્ઞા શિરપર ધરવી;
સસરાની શિખ માનો ગરવી. શાણી૦ ૫
શનીવારે સ્નેહ નણંદી શું કરવો, દુખ લાગે એવો ન બોલ ઉચરવો;
સંસાર સાગર તરવો. શાણી૦ ૬
આતવારે ઉર ચોખ્ખું કરીને, નિત્ય અનીતીથી રે'વું ડરીને;
સંસાર નાવે ફરીને. શાણી૦ ૭

સાતવારે એમ સ્નેહથી કરવું, સુખિજનો થાય એ કૃત્ય આદરવું;
લલુ વચન કાને ધરવું.' શાણી૦ ૮

ગરબી.

"રઘુપતિ રામ રૂદેમાં રેજોરે"—એ રાગ.

શુણો સહુ બે'ન ભારત વાસી રે.
કહું પૂરણ પ્રેમ પ્રકાશી— શુણો—ટેક

સખી ઉઠી વા'ણામાં વે'લાં રે, પૂંજો વાળીએ સૌથી પે'લાં રે;
માંજીએ વાસી પાત્ર પડેલાં, શુણો— ૧
સખી દાતણ પુઠે કરવું રે, આંગણું વાળવા ન વીસરવું રે;
થાય ગંદકી તે થકી ડરવું, શુણો— ૨
સખી પાણી પછીથી ગળવું રે, પાણી ભરવાને પોતે સંચરવું રે;
રસ્તે રતીએ ન વાતે વળવું, શુણો— ૩
સખી પાણી ભરી પરવારી રે, સ્નાન કરવું સદા સખી મારી રે;
સુદ્ધ લેવું પછી પટ ધારી, શુણો— ૪
સખી સ્વામી સેવા સુદ્ધ ચીત્તે રે, કરવી ઘટે પૂરણ પ્રીતે રે;
વળતીજ રશોઇ ખચીતે,' શુણો— ૫
સખી કાળજી તેમાં ધરીએ રે, તપેલીને કંટેવાળો કરીએ રે;
ધોઇ અનાજ તેમાં ધરીએ, શુણો— ૬
સખી રૂડી રીતે ચીત્ત રાખી રે, રાંધવીજ રશોઇ આખી રે;
રખે કરતાં અજીઠી ચાખી, શુણો— ૭
સખી પાટલો નૌતમ નાખી રે, જળપાત્ર પાસે ભરી રાખી રે;
તેડો કંથને કોમળ ભાખી, શુણો— ૮
સખી સ્વામીને સ્નેહે જમાડો રે, રૂડી વાતથી આનંદ આલો રે;
જમતાં વાયુ વીંઝણલે ઢાળો, શુણો— ૯
સખી સ્વામી જમી પરવારે રે, આપો તંબોળ તેમને ત્યારે રે;
સૂવા સેજ કરો તૈયારે, શુણો— ૧૦
સખી સ્વામી જમ્યા હોય જેહ રે, જમવું પછી પોતે તેહ રે;
નક્કી આપણું શ્રેય છે એહ, શુણો— ૧૧
સખી પોતે જમી પરવારો રે, પાત્ર સરવને સદ્ય ઉજાળો રે;
દેવો અબોટ ઉચરૂં સારો, શુણો— ૧૨
સખી જ્યાંનું તે ત્યાં મૂકી દેવું રે, પછી પોતે જરા સુધ લેવું રે;
ઊધી ઉઠી શું કરવું તે કે'વું, શુણો— ૧૩

સખી શીવણ કામ સંભાળો રે, થર થીગડ હોય તે મારો રે;
કાંતો ભરવાનું હાથમાં ધારો, શુણો— ૧૪
સખી દાણો દુણી હોય સળતાં રે, તેને શુદ્ધ કરી રહો ભરતાં રે;
રખે આળસ એમાં કરતાં, શુણો— ૧૫
સખી હોય ન કામ શુણાવું રે, વાંચો શુણો નીતી ગ્રંથ કાંવું રે;
પણ ખોટું ખરે નહિ ગાવું, શુણો— ૧૬
સખી નાથજી નીંદ્રા ત્યાગે રે, ઉઠી આપો વારી વિણમાગે રે;
પૂરો પ્રેમ પતીનો જાગે, શુણો— ૧૭
સખી સાંજ પડે સંભાળો રે, રાંધી રસોઇ નાથ જમાડો રે;
પછી પોતે જમી પરવારો, શુણો— ૧૮
સખી સ્નેહથી સેજ સમારો રે, પોઢે નાથ ન વાર લગાડો રે;
પછી વાત વીનોદની કાંડો, શુણો— ૧૯
સખી કંથની ચંપો કાએ રે, જ્યારે જીવણ જંપી જાએ રે;
ત્યારે સુવું ઘટે સેજમાંએ, શુણો— ૨૦
સખી સૂતા પહેલાં પાણી રે, મૂકો પલંગ નીચે આણી રે;
પછીથી પોઢ સૈયર શાણી, શુણો— ૨૧
સખી એ રીત નીત્ય ગ્રહેછે રે, જેથી પ્રીતમ રાજી રહેછે રે;
ધન્ય તેને દિવાળી કહે છે, શુણો— ૨૨

વરવશકારકદ્વાદશમહામંત્ર.

"છૈગે ખોળામાં ઘાલી ખીચડી"—એ રાગ.

આવો આવો શાણી સખી મારીરે, આપું તમને શીખામણ સારીરે;
લેજો અંતરમાં તે ઉતારીરે, વરને વશ કરજો એ રીતેરે.—ટેક.
ગણી સાસુને માત સમાનરે, સસરાને પીતા ધર ધ્યાનરે;
સદા સાચવજો સનમાનરે, વરને વશ કરજો એ રીતેરે.— ૧
સ્વામીને ગણી સારંગ પાણીરે, સેવા કરજે તું સૈયર શાણીરે;
વદજે મુખ વીમળ વાણીરે, વરને વશ કરજો એ રીતેરે— ૨
પર નરને ગણી પીતુ ભ્રાતરે, તેશું વીનયથી કર વાતરે;
સુખ નાથને નીત રળીઆતરે, વરને વશ કરજો એ રીતેરે— ૩
જોઇ સંગત કરજે સારીરે, દેજે હાસ્ય વીશેષ વીસારીરે;
રે'જે સૌથી તું સ્નેહ વધારીરે, વરને વશ કરજો એ રીતેરે— ૪
વરની આવકને ઉર ધારીરે, કરીએ જાવક જોઇ વીચારીરે;
વધુ વાવરતાં ડર પ્યારીરે, વરને વશ કરજો એ રીતેરે— ૫

પરનીંદા ન પ્યારી ઉચારરે, સત્ય સંકટે પણ ન વીસારરે;
ગુપ્ત વાત ન કર ઘરબારરે, વરને વશ કરજો એ રીતેરે— ૬
થજો સ્વામી સુખે સુખઆરીરે, થજો સ્વામી દુખે દુખીઆરીરે;
લેજો શુંદર શીળવૃત્ત ધારીરે, વરને વશ કરજો એ રીતેરે— ૭
જોઇ અન્યનું થઇને આડીરે, રખે નાથ દુભવતી કો દા'ડીરે;
સજ નીતીની સુંદર સાડીરે, વરને વશ કરજો એ રીતેરે— ૮
કેણુ કંથનું શીરપર ધારરે, વણ પુછે ન પીવું વારરે;
ઉંચા સ્વરથી ન કદીએ ઉચારરે, વરને વશ કરજો એ રીતરે— ૯
નીત્ય જમવું જીવણને જમાડીરે, નીત્ય સુવું સ્વામીને સુવાડીરે;
એ છે ધર્મ સતિનો અનાદીરે, વરને વશ કરજો એ રીતેરે— ૧૦
રૂડું રાજ્ય સદન સંભાળરે, શીળ સાચવ કેળવ બાળરે;
સ્ત્રીના ધર્મ એ ત્રણ શુભપાળરે, વરને વશ કરજો એ રીતેરે—૧૧
એની અડસઠ તીરથ સારરે, વૃત્ત આદિ તે પણ પ્રાણાધારરે;
કર સેવી સફળ અવતારરે, વરને વશ કરજો એ રીતેરે— ૧૨
દ્વાદશ મંત્ર આ વર વશકારરે, સાધી સ્નેહે સેવે ભરથારરે;
પામે દિપોત્સવી ભવપારરે, વરને વશ કરજો એ રીતેરે— ૧૩

---:o:---

પતિવૃતપાળવાવિષે.

ગરબી.

" સુણો શામળા હું તુજ માટે ઘેલી થઇજો "—એ રાગ.

પતિવૃત બેન પ્રીત થકી પાળજ્યો જો;દુરમતી બધી દૂર નિત્ય ટાળજ્યો જો.પતી૦ટેક.૧
આજ્ઞા અહર નીશ પતી તણી પાળવી જો;કદી ઉર થકીએ નહિ વીસારવી જો.પતી૦૨
શુભ ચાલથી નિજ નાથને રીઝાવવો જો; દુષ્ટ ચાલ ગ્રહી કંથ ન ખીજાવવો જો.પતી૦૩
સેવા કરવી સ્વામી તણી સ્નેહથી જો; ટંટા કલેશને દુર રાખ એની ગેહથી જો.પતી૦૪
વચન મિષ્ટ વદી વ્હાલ ઉપજાવવું જો;રીઝે તે રિતે નીતીથી મન રીઝાવવું જો.પતી૦૫
સ્નેહ રાખવો સંબંધી સાથમાં અનીજો;એથી ટળશે શિર થકી બધી વિપત્તી જો.પતી૦૬
ભલા દાખલા બનેલ યાદ આણીયે જો; પછી પતિતણા મહત્વને પિછાનીયે જો.પતી૦૭
સતી સીતા આદી સર્વ થઇ જે સતી જો;વેઠી કંથ સાથ વશી વડી વિપત્તી જો.પતી૦૮
હૃદય વજ્ર કરી વાત ઉરે ધારીયે જો; ચિત્તે સ્વામિ ભક્તિ ના વિસારીયે જો. પતી૦૯
એથી મળશે અધીક માન મહિ વિષે જો;દુષ્ટવાસના દિલેથી દુર ખશી જશે જો.પતી૦૧૦
એવા લાભ છે અથાગ પતી ભક્તિમાંજો;કામ સે'લછે તમારી બેન શક્તિમાંજો.પતી૦૧૧
ભલો ભાવ ભરથારપરે રાખીયે જો; દુષ્ટ વચન કદી તેહને ન ભાખીયે જો. પતી૦૧૨

સ્વામી સેવનાથી સુખ મળે છે સ્વર્ગમાંજો;એવી વાતો વદાય પંડિત વર્ગમાં જો.પતી૦૧૩
એથી લાભ છે વિશેષ તે વિચારજ્યો જો;લલ્લુ વચનો પ્રીતેથી ઉરે ધારજ્યો જો.પતી૦૧૪

સદ્‍ગુણીસ્ત્રીવિષે.

(ગરબી)

"અલબેલીરે અંબે માત, જોવાને જઇએ"—એ રાગ.

"ભામિની ભૂષણુ ભંડાર, આ ભવમાં ભાળી;
સોહે જગનો શણુગાર, સુંદરિ સુખ કારી—ટેક.
સુઘડ સલુણી રાખે રૂડી, ઘર શોભા સુખ કારી રે;
ગૃહિણીનું ઘર રાજ્ય ગણાએ, ચલવે તેહ વિચારી.— સુંદરિ. ૧
જાત જાતની રાખે જુગતે, જણસ જડે ઝટ જોતાં રે;
ફુવડ ઘરમાં મળે ન કાંઇ, ખાતાં ઝાઝાં ગોથાં.— સુંદરિ ૨
પુસ્તક પાનાં પાન તણો તો, વિસરે નહિ વિવેક રે;
રચે સુંવાળી સુખ શય્યાતે, તેવાં કામ દરેક— સુંદરિ. ૩
ગંદવાડતો ગમે ન લગરી, દર્પણુ સરખી દેહ રે;
દેહ પ્રમાણે સ્નેહ ભરેલું, અંતર નિઃસંદેહ.— સુંદરિ ૪
વસ્ત્ર સજી વંટેલી વનિતા, ચાલે છે છમ છમતી રે;
વિનય વિનાનાં વચન ઉચારે, તેને તુરતજ તજતી.— સુંદરિ. ૫
દયા ઉદાર વિચાર ન ચૂકે, દાસ ડાપણવંતી રે;
કોમળ કમળ સરીખી નિર્મળ, શિયળ સાચવે ખંતી સુંદરિ. ૬
રાગ તણો સાગર મૃગ નયની, ખરી સુગુણુની ખાણુ રે;
દ્વેશ કલેશ ન કરે કો સાથે, ઇચ્છે જગ કલ્યાણુ.— સુંદરિ. ૭
રાખે સજ્જનતા સહુ સાથે, વચન વડે ન બગાડે રે;
પર ઘરની પંચાતો માંહી, નિજનું મન ન લગાડે.— સુંદરિ. ૮
રોશ કરે તે રામા શાની? ક્રોધ ધરી ધુંધવતી રે;
પિશાચ સરખી મહા ભયંકર, જાત લજાવે જીવંતી.— સુંદરિ. ૯
સાહસને કરનારી નારી, અતિ અપયશ લેનારી રે;
દારૂણુ દુખ પતિને દેનારી, તેની ન કરે યારી.— સુંદરિ ૧૦
યોગ્ય કસરતે આવડતથી, ચલવે સહુ વહેવાર રે;
કહે ન કોઇ બખિલ ઉડાઉ, એવો લે આકાર.— સુંદરિ. ૧૧
કરે રસોઇ રૂડી રીતે, રસ ઉપજે રસનામાં રે;
તન મન થાય પ્રસન્ન અતિશે, કસર નહિ રચનામાં.— સુંદરિ. ૧૨
ઉપજ પ્રમાણે ખર્ચ કરે છે, કરજે ઢીલ ડરેછે રે;

ગરજે કર ન ધનને ઇશ્વર, એવી ટેક ધરેછે રે.— સુંદરિ. ૧૩
પતિને થાય સહાય હમેશાં, સુખ દુખમાં લે ભાગ રે;
કાન સુવાસિત પૂષ્પ પ્રમાણે, પસરે સુયશ પરાગ."— સુંદરિ ૧૪

સખીનેઆમંત્રણ.

"સખી! રમીએ આવો સૌ સ્નેહથીરે લોલ, કરીએ મીઠી મીઠી વાતડી;
સખી! દુખડાં સૌદીનનાં ભૂલતાંરે લોલ, સંચરીએ સૂખની વાટડી;
સખી! આવો આવોને સૌ ખેલીએરે લોલ, લઇને વિનય ભલી ભાતથી;
સખી! તાળી સૌ ઝીલીએ રંગથીરે લોલ, રઢીયાળી રાત શી આજની?

સાખી–રૂપમય ચાદર ચાંદલે, પાથરી શી આ ઠીક,
એ પર આવો ખેલીએ, ગાતાં રૂડાં ગીત.
જુઓ ચાંદલો પણ કેવો હસી આંખમાંરે લોલ!
વિણી તારલાનાં ફુલ ફેંકે લાડમાંરે લોલ!
રુડી ખેલનો શો જાય વિમલ આભલે રે લોલ!
સખી! ખેલીએ ન કેમ ત્યારે આપણેરે લોલ!
સખી! રમીએ—

સાખી—શીતકર વાયું શો વળી, ઓઢી ફુલ સુવાસ;
અજ શિશુ સમ ગેલથી, રસમય ખેલે રાસ.
કદી આપણામાં કોડ કરી ઝૂમતોરે લોલ!
કદી વૃક્ષ તણી ડાળ હિંચી ઝૂલતોરે લોલ!
કદી ગાય મૃદુગાન સંગ પાંદડેરે લોલ!
સખી! ખેલીએ ન કેમ ત્યારે આપણેરે લોલ!
સખી! રમીએ—

સાખી—કોયલ મધુરી દૂરથી, લ્હેકી બંસી નાદ,
સમજાવંતી સાનમાં, 'મૂકો જીવ ઉચાટ'.
સુણી શીખ વધુ લલિત વાયુ હિંચતોરે લોલ!
વળી ચાંદલો શો દિવ્ય અમી સિંચતોરે લોલ!
મુક્યો જીવનો ઉચાટ વાયુ ચાંદલેરે લોલ!
સખી! ખેલીએ ન કેમ ત્યારે આપણેરે લોલ!
સખી! રમીએ—

સાખી—રંજક રજની સૌખ્યદા, ફેંકે હર્ષ—તરંગ.
ઝીલી પીયે રસ બસી, વાયુ-કોયલ-ચંદ.
સખી! ઝીલીએ આવોને ત્યારે આપણેરે લોલ!

વળી, પ્રીત ધરી પીયે લળી આપણેરે લોલ !
સખી ! હુંર ખોલી ખેલે બધાં આંગણેરે લોલ !
સખી ! ખેલીએ ન કેમ ત્યારે આપણેરે લોલ !
સખી! રમીએ--"

—:o:—

અનંતપુદડી.

"વ્હાલાં રમીએ ઉમંગે, ફરતાં પુદડી અનંત;
શીતલ નિર્મળ, શ્વેત નયનહર, શાંત ચળકતી ચાંદની સુખકર.
જામી રહી કેવી રમ્ય—વ્હાલાં.
સાખી.—સ્નાન પાન અમિનું કરી, લલિત ભવ્ય ભ્યો લ્હાવ;
મીઠી આજની રાતડી, કડવી આવતી કાલ.
લુખા દિવસની સતજ લીસી, ઉંડા નયની આંસુની સીટી;
લુછતા લઈ અનુકમ્પ—વ્હાલાં.
સ્કંધે સ્વજનને વિશ્રંભનેસ્થળ, ભૂલી જઈ ગત વાતડી પળપળ
ગળતાં મહિં ભુજ બંધ—વ્હાલાં.
સાખી.—સ્નેહ ભરી સુરખી ભરી, પર ફરતાં દ્રગ દ્વંદ્વ,
દેખે દશ બ્રહ્માંડમાં, પ્રિયજન મય કંઈ રંગ;
એ રંગમાં રસબોળ રહીને, ગુસકળા નીરખી પ્રિયજનને
સૂચવતાં કંઈ મર્મ—વ્હાલાં."

ગરબી.

"સખી જગતમાં જનમીને શું રળ્યાં જો,
દુ:ખ વેઠીએ પણ કરમ કુડાં ના ટળ્યાં જો. સખી૦
ઘડીએ ઘડીએ આપણ વેણ જુઠાં બોલીએ જો,
પાપ પુન્ય શું તે મનમાં નહીં તોળીએ જો. સખી૦
નીંદા લોકની કરતાં નવ લાજીએ જો,
કરતાં વાત માંહો માંહે વઢી બાઝીએ જો. સખી૦
આપણ છોકરાંને સુબોધ શું આપીએ જો,
આપણ પતિને તો અધિક સંતાપીએ જો. સખી૦
ધણી વેણ કે' તે આપણ નથી પાળતાં જો,
દોષ આપણા પણ આપણ નથી ભાળતાં જો. સખી૦
નથી સદ્ગુરૂનો બોધ કાને સાંભળ્યો જો,
મનમાંથી હજી ક્રોધતો નથી ટળ્યો જો. સખી૦
કદી ઇશ્વરનું નામ નથી બોલતાં જો,
ભજી સદ્ગુરૂ ને હૃદય નથી ખોલતાં જો." સખી૦

દશ્યનોનિઃસારતા.

"શાણો પૂરો આ પૂરો શાણો છે"— એ રાગ.

દશ્ય વિષે શો સાર જણાતો,
જેથી વળી વળી ત્યાં તું તણાતો. ॥ ધ્રુવ. ॥
પ્રાપ્તિ અપ્રાપ્તિ વિનાશ વિષે પણ,
દુઃખદ જેનો સ્વભાવ ન જાતો. દશ્ય૦
ક્ષણ સુખ દઇ, દુઃખદે બહુ અંતે;
તે અહી કાં મતિ હીન ગણાતો. દશ્ય૦
વિકારીથી અવિકારી અખંડ સુખ,
ઇચ્છી કાં નિત્ય શોકે દહાતો. દશ્ય૦
ખણતાં દાદર સુખકર ભાસે,
દાહ થતો પછી કેમ ભૂલાતો. દશ્ય૦
જોતાં ખાંડ સમો છે સોમલ,
ખાતાં પણ આ પ્રાણ પળાતો. દશ્ય૦
ચિંતન દર્શન ભોગથી ક્ષણ ક્ષણ,
સત્ત્વ તણો ક્ષય જો! બહુ થાતો. દશ્ય૦
પ્રાતિભાસિક સુખમાં રાચી,
મૂઢ તું સત્ય સુખે નથી ધાતો. દશ્ય૦
તુર્ય વિષેસ્થિર સત્વર થાતું,
મૃગજલ સમ ભ્રમ જ્યાં આ ભણાતો." દશ્ય૦

"સચ્ચિદ્ આનંદ સદ્ગુરૂ દેવ હૃદયમાં ધારીએ રે,"—એ રાગ.

"મન અજ્ઞાની તું કયાં શોધે દહેરે દેવને રે?
છે તુજ દેહનગરમાં સુંદર હૃદય મંદિર,
રાજે શ્યામ શરીર સ્થિર થઇને અંતર સેવને રે.
દહેરે ભમીએ પણ પ્રત્યક્ષ પ્રભુ ના પામીએ રે,
શું નીકળે નવનીત વલોવે ઝાઝું નીર. મન૦
સાખી— જો પ્રભુના દર્શન તણી, અભિલાષા છે ઉર,
તો મનનો નિગ્રહ કરી, કામ ક્રોધ કર દૂર.
મનહર સ્વરૂપ વિભુનું હૃદય સરોજે ધારજે રે,
તજજે મિથ્યા આ જગ કેરાં સુખ અસ્થિર. મન૦
સાખી— સકામ કર્મો ત્યાગીને, કરજે કર્મ નિષ્કામ,

શુદ્ધિ થાતાં હૃદયની, મળે મોક્ષનું ધામ.
સકામ કર્મોથી ભવ ભ્રમણ રહે છે ગાજતું રે,
કરીએ પ્રાપ્ત અખંડિત સુખને ધારી ધીર. મન૦

સાખી- સ્વર્ગ તણા દિવ્ય ભોગમાં, મુમુક્ષુ ના લોભાય,
આપ્તકામ જેને થવું, તેને વિષય વિષમાય;
માટે વિષ વિષ સુખની તૃષ્ણાને નિવારજે રે,
સમેટ વૃત્તિ કૂર્મ સમેટે જેમ શરીર. મન૦

સાખી- પ્રથમ કરી દશ* ઇન્દ્રિનો, લય આ મનમોઝાર,
મનનો લય કરી બુદ્ધિમાં, બુદ્ધિશમે અહંકાર.
અહંવૃત્તિને સમ સર્વત્ર સ્વરૂપે ગાળજે રે,
સંયમી સર્વ કરણને હરજે મોહ તિમિર. મન૦

સાખી- આવિધિ અંતર ભક્તિથી, સધ થશે નિર્ભ્રાંત,
અવિદ્યા ગ્રંથિ છૂટતાં, વ્યક્ત થશે શ્રીકાંત,
ટિટ્ટિભ પક્ષીએ જેમ ચાંચે જળ ઉલેચવા રે,
હામ ન હારી કીધો પ્રયત્ન સાગર તીર. મન૦

સાખી- તેમ પ્રભુ પદ પામવા, કરીએ સદૃઢ યત્ન,
ઇષ્ટ અનુગ્રહ મેળવી, લેવું મુક્તિરૂપ રત્ન.
બહિર ભ્રમે અંતર નિર્મળ ના થાય વિચારજે રે,
કરીએ હૃદયે ઇષ્ટ ઉપાસન અર્પી શિર. મન૦

સાખી- ફાટલ પુષ્પની પાંખડી, છિન્ન ભિન્ન થઇ જાય,
પંચ ભૂતાત્મક દેહની, અંતે એ સ્થિતિ થાય.
એમ વિચારી નિજ કર્ત્તવ્ય ત્વરાથી કીજીએ રે,
મુક્તિ કનક ત્યાગી ના ગ્રહીએ વિષય કથીર." મન૦

ઇશ્વરસ્તુતિ.

यस्माज्जातं जगत्सर्वं यस्मिन्नेव विलीयते ।
येनेदं धार्यतेचैव तस्मै विश्वात्मने नमः ॥

અર્થ—જે થકી આ જગત્ સર્વે ઉત્પન્ન થયું છે, જેમાં લીન થાય છે, અને જેણે કરીને ધારણ કરાય છે, તેવા વિશ્વ નિયંતા અંતર્યામી સાક્ષીભૂત, સચ્ચિદાનંદ પરમાત્માને નમસ્કાર હો.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

લોકપ્રિય ગ્રંથો!!!

ગૃહસ્થો ! શું તમો તમારી સ્ત્રી, પુત્ર, પુત્રીને સદ્ગુણી કરી, ગૃહસંસાર પવિત્રને પ્રેમી કરવા ચાહોછો ? તો હ્યો વાંચો ? ઉત્તમ શિક્ષણનો ખજાનો.

ગૃહસંસારનું રત્ન.

મનની દવા ને આત્માની પુષ્ટી.

(૧) સતીમંડળ.

(સ્ત્રી પુરૂષના ધર્મ સાથે.)

ભાગ. ૧ લો.

(આવૃત્તિ—ચોથી.)

ઘણા સુધારા વધારા સાથે.

આ લોકપ્રિય પ્રસિદ્ધગ્રંથ—દુનિયાના દરેક ધર્મનાં સ્ત્રી, પુત્ર, પુત્રીને શિક્ષણ લેવા ઉપયોગી થઇ પડે એવો ધર્મ નીતિથી ભરપૂર છે. આવો ગ્રંથ આજ સુધી એકે બહાર પડયો નથી.

આ ગ્રંથ લોકોને ઘણોજ પ્રિય થઇ પડયો છે, તેની ઘણીજ માગણી ચાલુ છતાં હાલ એક પણ નકલ સિલીકમાં નથી. તેથી ટુંક વખતમાં આ તેની ચોથી—આવૃતિ છપાવી બહાર પડી છે.

આ ગ્રંથનો હિંદુસ્તાનના ઘણા ભાગમાં ફેલાવો થયો છે; એટલુંજ નહિ પણ આફ્રિકા, અરબસ્તાન, સિલોન (લંકા), બ્રહ્મદેશ અને સિયામ વગેરે દેશોમાં પણ તેની ઘણી નકલો ગઇ છે. દેશપ્રસિદ્ધ—ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ-કચ્છના નામદાર મહારાજાશ્રીએ, જુનાગઢ સરકારે, લીંબડી, ઈડર, ધરમપુર વગેરે સંસ્થાનોના મહારાજાઓએ અને શ્રી ગાયકવાડ સરકારના

કેળવણીખાતાએ ઇનામ તથા લાઇબ્રેરી માટે મન્જુર કરી સારો આશ્રય આપ્યો છે. તેમજ ગુજરાત સાક્ષર મંડળે ઉત્તમ સો પુસ્તકોની ગ્રંથાવળીમાં દાખલ કરી—ઉત્તમ પુસ્તકમાં ગણના કરી છે.

આ ગ્રંથનો સિંધની બાળકીઓને લાભ આપવા સકર ટેકનિકલ ઇ.ના. સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબે સિંધી ભાષામાં અને બંગાલી, હિંદી તથા મરેઠી ભાષામાં બીજા વિદ્વાનોએ છપાવવાની માગણી કરેલીછે. ઘણા વિદ્વાનોના ઉત્તમ અભિપ્રાયો પડયા છે, વગેરેથી ખાત્રી થશે કે આ ગ્રંથ કેવો ઉત્તમ ઉપયોગીને લોકપ્રિય છે. વિશેષ ખાત્રી ગ્રંથ વાંચવાથી થશે.

આ ગ્રંથમાં—પ્રાચીન અર્વાચીન જગતપ્રસિદ્ધ પવિત્ર સતી સ્ત્રીઓનાં શિક્ષણ યોગ્ય, અદ્ભૂત રસિક ચરિત્રો ને ઘર સંસાર ઉપયોગી વિષયો છે. જે વાંચનારી તથા શ્રવણ કરનારી સ્ત્રીઓને તલ્લીન કરી—તેણીઓમાંથી પૂર્વનું ગયેલું સતીત્વ પુનઃપ્રાપ્ત કરીદે, તેવો સદ્બોધ સમાયેલો છે, જીવન ચરિત્રો એ જીવન સુધારવાનું સાધન છે; કેમકે ઉત્તમ દ્રષ્ટાંત એ મનુષ્યને ઉત્તમ થવાને જાગૃત કરે છે.

આવા હેતુથી—સતી સીતા, લક્ષ્મીજી, પાર્વતીજી, સાવિત્રી (સ. સ્ત્રી) દેવહૂતી, દેવયાની, લોપામુદ્રા, સંજ્ઞા, સ્વાહા, સતરૂપા, ગાર્ગી, રેણુકા, રેવતી, તુલશી–વૃંદા, અશુમતી, મૈત્રીયી, ઇલા, સુલીભા, મંદોદરી, અરૂંધતી, ઇંદ્રાણી, પૃથા–કુન્તા, ગાંધારી, નર્મદા, પદ્મણી, અહલ્યાજી, રૂકિમણી, પાર્વતી (દે. સ્ત્રી). શકુન્તલા, દુઃશલા, લીલાવતી, ગૌરી, કવિસીતા, દમયંતી, ભોગવતી, કૌશલ્યા, વિજ્યા, જયા, વિદુલા, કમળાદેવી, મરિચી, સુમતિ, પ્રભાવતી, માલતી, પદ્મા, મરિયમ (ઇ. ખ્રિ. મા.), આમેના (મ. પે. મા.), રૂપમંજરી, મીરાંબાઇ, ચંદ્રપ્રભા, કર્મદેવી, વીરનારીચંદા, વિમળદેવી, દુર્ગાવતી, સંયોગતા, સારામાર્ટીન, વીરબાળા, સત્યવતી, કળાવતી, વીમળા, ચંદ્રકાન્તા, સતીપ્રભા, દેવસ્મિતા, શરત સુંદરી, વસુમતિ, રાણી હેમંતકુમારી, જશમા, ધનલક્ષ્મી, આરિયા, પોરસિયા, પાનથિયા; વગેરે—૬૭ પવિત્ર સતીઓનાં ઉત્તમ શિક્ષણથી ભરપૂર અદ્ભૂત રસીક ચરિત્રો છે. સિવાય.—

સ્ત્રીપુરૂષનાધર્મ—સ્ત્રીનોપતિપ્રત્યે ધર્મ, પતિનોસ્ત્રીપત્યે ધર્મ, પતિવ્રતાપ્રતાપ, પતિવ્રતાનાંલક્ષણ, પતિ પરદેશ જાય ત્યારે કેમ વર્ત્તવું, રજોદર્શન વખતે કેમ વર્ત્તવું, રજોદર્શના સ્ત્રીની માવજત, ગર્ભવંતીએ કેમ વર્ત્તવું, ગર્ભવંતી સ્ત્રીની માવજત, સ્ત્રીને હાલ અપાતી કેળવણીને તેમાં ખામી, કેળવાએલી સ્ત્રીથી ફાયદા, સ્ત્રીએ મુખ્ય શું શું શીખવું જોઇએ, બાળકોને ઉછેરવાની રીત (એમાં ૨૨ જુદા જુદા વિષયો છે), બાળકોને કેળવવાની રીત (એમાં જુદા જુદા ૧૩ વિષયો છે.), બાળનિત્યબોધ, આયુષ્ય વધારવાનો ઉપાય, બાળકો રૂપાળાં—બુદ્ધિમાન—ગુણવાન અને અંગોનાં સુશોભિત શી રીતે થાય, મા ઉપર છોકરાંના ભવિષ્યનોઆધાર માટે મા કેવા ગુણી જોઇએ. માબાપનો છોકરાંપ્રત્યે ધર્મ, છોકરાંઓનો માબાપપ્રત્યેધર્મ, કુટુંબપ્રત્યેધર્મ, પુત્રીને

સાસરે જતાં શીખામણ, સ્ત્રીએ સાસુ, સસરા, દેર, જેઠ વગેરે સગાં સ્નેહી સાથે કેમ વર્તવું. ઘર ઉપયોગી વૈદક—રોગ—ચિકિત્સા—દવા શીખે, માંદાની માવજત, સ્ત્રીપરીક્ષા, પતિ વશ કેમ થાય, પત્ની વશ કેમ થાય, શિયળવ્રત, પરોણાચાકરી, ચાકર કેવા રાખવા, ચાકર સાથે વ્યવહાર, મનુષ્યનું મુખ્ય કર્ત્તવ્ય, **ઘરવ્યવસ્થા** (એમાં જુદા જુદા ૧૫ વિષયો છે.), પ્રાચીન સ્વયંવરપદ્ધતિ, પ્રાચીન વિવાહ પદ્ધતિ, પતિ કેવો પસંદ કરવો, પત્ની કેવી પસંદકરવી, કેવીકન્યા પરણવી નહિ, કન્યાની દૈવપરીક્ષા, પરણતી વખતે વરકન્યાની કબૂલાતો, પ્રાચીન અર્વાચીન સ્ત્રીઓમાં તફાવત ને તેનાં કારણો, સદાચરણે ચાલવા વિષે બોધ (**સતીગીતા**)ને જુદા જુદા રાગમાં ગાવાની ગરબીઓ વગેરે—**૯૪** ઉપરાંત ઘરસંસારોપયોગી **ઉત્તમ વિષયોછે—તે** સ્ત્રી, પુત્ર, પુત્રીઓને સદ્ગુણીને પ્રેમાળ કરવાનું ઉત્તમ સાધન છે.

આ ગ્રંથ—આશરે પૃષ્ટ ૫૦૦ સુશોભિત સોનેરી પાકા પુંઠાનો છે.

જે ગૃહસ્થોને પોતાની સ્ત્રી, પુત્ર,પુત્રીને પવિત્રને પ્રેમી કરવાની ઇચ્છા હોય, તેમણે તરત મંગાવી લેવા ચુકવું નહિ.—પછીથી મળવા સંભવ નથી.

કીંમત રૂ. ૨—૮—૦. દશ નકલ રાખનાર કે ખપાવનારને એક નકલ બક્ષીસ.

ગૃહસ્થો ! શું તમો તમારી સ્ત્રી, પુત્ર, પુત્રીઓના કોમળ હૃદયમાં મહાન્ પુરૂષોના મહાન્ ગુણોની સચોટ છાપ પાડવાને ચાહો છો ? તો હ્યો વાંચો ?

મનની દવા ને આત્માની પુષ્ટી.

(૨) चरित्रचंद्रिका.

ભાગ. ૧ લો.

(દુનિયાના દરેક ધર્મના સિદ્ધાંતો સાથે.)

(આવૃત્તિ—બીજી.)

આ લોકપ્રિય પ્રસિદ્ધ ગ્રંથ—દુનિયાના દરેક **ધર્મના મનુષ્યોને શિક્ષણ લેવા ઉપયોગી થઈ પડે એવો કર્યો** છે. આવો ધર્મનીતિ અને પવિત્ર જ્ઞાનથી ભરપૂર ગ્રંથ આજ સુધી એકે બહાર પડ્યો નથી.

આ ગ્રંથની—(**પેલી—આવૃત્તિ**) છપાઇ બહાર પડતાંજ ટુંક વખતમાં તમામ નકલો ખપી જતાં, લોકોની ઉપરા ઉપરી માગણીથી આ તેની **બીજી—આવૃત્તિ** ઘણુંસુધારા વધારા સાથે છપાવી બહાર પાડી છે. તે પણ ખપી જતાં હાલ તેની જુજ નકલો રહી છે.

આ ગ્રંથની ઉત્તમતા અને ઉપયોગીતા વિષે ઘણા વિદ્વાનો અને વર્તમાનપત્રોના સારા અભિપ્રાયો પડયા છે, તે પુસ્તકમાં છાપેલા છે. તેમજ આ ગ્રંથ જુદી જુદી ભાષામાં છપાવી પ્રકટ કરવાની માગણી થયેલી છે. ગુજરાત-વર્નાક્યુલર સોસાઇટીએ તથા નામદાર ગાયકવાડ સરકાર, કચ્છ, જુનાગઢ, ગોંડળ, જામનગર વગેરે દેશી રાજ્યના કેળવણી ખાતાએ ઇનામ તથા લાઇબ્રેરી માટે મંજુર કરી સારો આશ્રય આપ્યો છે. વગેરેથી ખાત્રી થશે કે આ ગ્રંથ કેવો ઉત્તમ, ઉપયોગી અને લોકપ્રિય થઇ પડયો છે. વિશેષ ખાત્રી ગ્રંથ વાંચવાથી થશે.

આગ્રંથમાં—પ્રાચીન અર્વાચીન જગત્ પ્રસિદ્ધ પવિત્ર મહાન્ પુરૂષોનાં શિક્ષણ લાયક અદ્દભૂત રસિક જીવન ચરિત્રો દાખલ કર્યાં છે. તે વાંચનાર અને શ્રવણ કરનાર સ્રીપુરૂષોને તલ્લીન કરીદે, તેવો સદ્દબોધ સમાયેલોછે. **જીવન ચરિત્રોએ જીવન સુધારવાનું ઉત્તમ સાધન છે; કેમકે ઉત્તમ દૃષ્ટાંત એ મનુષ્યને ઉત્તમ થવાને જાગૃત કરે છે.**

આવા હેતુથી—શ્રીરામ, શ્રીકૃષ્ણ, પરશુરામ, સનક, સનંદ, સનાતન સનતકુમાર, મનુ, નારદ, કપિલમુનિ, કશ્યપ, અત્રી, અગસ્ત્ય, વિશ્વામિત્ર, વશિષ્ઠ, ગૌતમ, વાલ્મિક, યાજ્ઞવલ્કય, પારાશર, બૃહસ્પતિ, વ્યાસ, સુક્રાચાર્ય, જૈમુનિ, પાણિની, પતંજલી, શુકદેવજી, ધનવંતરી, ઇક્ષ્વાકુ, નિમી, નહુષ, રઘુરાજા, માંધાતા, સગર, દીલીપ, ભરત, જનક, પરિક્ષત, મુચકંદ, અંબરીષ, ધ્રુવ, પ્રેલાદ, ચિત્રકેતુ, પુરૂરવા, હરિશ્ચંદ્ર, ભર્તૃહરિ, ગોપીચંદ, જડભરત, શીબી, અજામીલ, રાવણ, હનુમાન, લક્ષ્મણ, ભરથ, યુદ્ધિષ્ઠર—ધર્મરાજા, અર્જુન, દુર્યોધન, ભિષ્મપિતામહ, વિદુર, કૃપાચાર્ય, દ્રૌણાચાર્ય, અશ્વત્થામા, નળરાજા, સુદામા, શ્રવણ, અશોક, ચંદ્રગુપ્ત, ભાષ્કરાચાર્ય, શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય, તાતાચાર્ય, ક્ષપણક, ચાર્વાક, ઋષભદેવ, અર્હન, નેમનાથ, પાર્શ્વનાથ, મહાવીર, બૌદ્ધ, જરથોસ્ત, મુસા, ઇસુક્રાઇસ્ટ, હજરત મહંમદ પેગંબર, નાનક, કબીર, કમાલ, રામદાસસ્વામી, રામાનંદ, તુળશીદાસ, સુરદાસ, સહેજાનંદસ્વામી, દયાનંદસરસ્વતી, કેશવચંદ્રસેન, દેવેન્દ્રનાથઠાકોર, રાજારામ મોહનરાય, કુમારીલભટ્ટ, મંડનમિશ્ર, પદ્મપાદાચાર્ય, અપચ્યાદિક્ષીત, અભિનવગુપ્તાચાર્ય, પ્રણામીપંથના આચાર્ય—પ્રાણનાથજી, તથા દેવચંદજી, ત્રિકાળદર્શી, ગુરૂગોવિંદ, ગુરૂમચ્છેંદ્રનાથ, ગુરૂગોરક્ષનાથ, મહાપંડિત કાળીદાસ. માઘકવિ, બાણભટ્ટ, ભવભૂતિ, મયુર, દંડી, ચાણાકય, દીનદરવેશ, ભટ્ટોજીદિક્ષીત, બીરબલ, ગંગકવિ, તાનસેન ગવૈયો, ચંદ્રબારોટ, જગન્નાથરાય પંડિત, જયદેવ, નિવૃતિનાથ, નિપટનિરંજન, પુંડરીક, બસવ, બોધલેબાવા, કેશવગોસ્વામી, ઉધ્ધવગોસ્વામી, એકનાથસ્વામી, કલ્યાણગોસ્વામી, તુકારામ, નામદેવ, નરસિંહમેતો, હેમાચાર્ય, શ્રીહર્ષ, વીરવિક્રમ, શાલીવાહન, ભોજ, હુંજડજોશી જાવડભાવડ, વગેરે-**૧૫૨ મહાસમર્થ પુરૂષોનાં શિક્ષણ લાયક અદ્દભૂત ર-**

સિક ચરિત્રો છે. સિવાય—દુનિયાના દરેક ધર્મના સિદ્ધાંતો અને ભારત વર્ષનું ત્રિકાલીક દર્શન દાખલ કરી ઉપયોગીપણામાં વધારો કર્યો છે.

આ મહાન્ પુરૂષો—કોણ હતા, કેવા હતા, ક્યારે થયા, કેવા શોધો અને પરાક્રમો કર્યાં, ધર્મ સંબંધી કેવા વિચારો અને ચમત્કારો બતાવી લોકોનાં મન પોતા તરફ વાળ્યાં. તે તથા ધર્મ નીતિ, ભક્તિ, મુક્તિ, વિવેક, મર્યાદા, વગેરે આ ચરિત્રોમાંથી જાણવાનું તથા શિક્ષણ લેવાનું ઘણું મળી આવે છે. **જગત્માં સર્વ મનુષ્યો ધર્માચાર્યોનો બતાવેલો ધર્મ પાળે છે અને તેમના વચનો પ્રમાણે સંસાર ચલાવે છે. તે ધર્માચાર્યોની હકીકતથી વાકેફ થવું એ દરેક ધર્મવાળાનુ મુખ્ય કામ છે.** વાકેફ થવાથી પોતાના અને પરાયા ધર્મતત્વોનો મુકાબલો કરી તેમાંથી સારાસાર ગ્રહણ કરી શકાય છે. એ વગેરે જાણવાને આ પુસ્તક ઉત્તમ સાધન છે.

જે ગૃહસ્થોને પોતાની સ્ત્રી, પુત્ર, પુત્રીઓના કોમળ હૃદયમાં મહાન પુરૂષોના મહાન ગુણોની સચોટ છાપ પાડવાને લેવા ઇચ્છા હોય, તેમણે તરત મંગાવી લેવા ચૂકવું નહિ. પછીથી મળવા સંભવ નથી.

આગ્રંથ—આશરે પૃષ્ટ ૭૦૦ સુશોભિત સોનેરી પાકા પુંઠાનો છે. કીંમત. રૂ૦ ૨-૮-૦ દશ નકલ રાખનાર કે ખપાવનારને એક નકલ બક્ષીસ.

(૩) वीरमहिला.

આ લોકોપયોગી પુસ્તક—દુનિયાના દરેક ધર્મનાં સ્ત્રી, પુત્ર, પુત્રીઓને શિક્ષણ લેવા ઉપયોગી થઇ પડે એવો કર્યો છે. આવો ઉપયોગી ગ્રંથ આજ સુધી એકે બહાર પડયો નથી.

ધીર—વીર માતાઓના સદ્‌ગુણોની છાપ બાળકોના કોમળ હૃદયમાં એવી તો સજડ ઉંડી પડે છે કે, તે જીંદગી પર્યંત જતી નથી. તેમનાથીજ બાળકો સારૂં શિક્ષણ પામી દુનિયામાં **માનવરત્નો** પેદા થાય છે. તેથીજ આવી સ્ત્રીઓ **રત્નગર્ભા** કહેવાય છે. ધીર—વીર, રત્નગર્ભા સ્ત્રીઓજ દેશોદય થવામાં સાધન રૂપ છે, એવીજ પવિત્ર વીર સ્ત્રીઓએ પોતાના નિર્મળ તેજ પ્રતાપથી બહુ વાર બળ, બુદ્ધિ અને મતિ કૃતિમાં પુરૂષો સાથે સ્પર્ધા કરેલી છે.

હત્ ભાગ્ય! ભરત ખંડની આર્ય મહિલાઓનું—આજે એ મહાત્મ્ય અને ગૌરવ ઓછું થઇ ગયું છે. હાલ તેવી ધીર—વીર મહિલાઓ ઉત્પન્ન થતી નથી, એવી સ્ત્રીઓ થવાનો મુખ્ય આધાર સોબત અને ઉપદેશ ઉપર છે, પરંતુ હાલ

તેની સોબત નથી કે તેવો ઉપદેશ મળે એવાં પુસ્તકો નથી. તેથી આ પુસ્તક બહાર પાડવાનો વિચાર કર્યો છે.

આમાં—પ્રાચીન અર્વાચીન જગત્ પ્રસિદ્ધ-૭૧ **વીરમહિલા**ઓનાં શિક્ષણ યોગ્ય અદ્દભૂત રસિક ચરિત્રો દાખલ કર્યાછે. જે વાંચનારો અને શ્રવણ કરનારો સ્ત્રીઓને તલ્લીન કરી, તેણીઓમાંથી પૂર્વનું ગયેલું ધીર-વીરપણું પુનઃ પ્રાપ્ત કરીદે, તેવો સદ્દબોધ સમાએલોછે. **જીવનચરિત્રોએ જીવનસુધારવાનું સાધન છે; કેમકે ઉત્તમ દૃષ્ટાંત્ એ મનુષ્યને ઉત્તમ થવાને જાગૃત કરે છે. કલ્પિત કરતાં બનેલી વાતો અસાધારણ અસર કરે છે.**

આ—વીર મહિલાઓએ કેવાં કેવાં વીરત્વ વગેરેનાં મહાન્ કાર્યો કર્યાછે, તેનો ચિત્તવેધક ચિતાર તેમનાં ચરિત્રોમાં કર્યો છે, તે વાંચનારને આશ્ચર્ય પમાડી સ્વદેશાભિમાન સાથે વીરતા ઉત્પન્ન કરાવે છે; એટલુંજ નહિ પણ સંકટ સમયે ધૈર્યતા, અને હિંમત ઉત્પન્ન કરાવી, શિયળનો, પતિનો, ધન માલનો અને સ્વદેશનો બચાવ કરવાની યુક્તિ પ્રયુક્તિ સુઝાડે છે, તથા સમયસૂચકતા, વિવેક, મર્યાદા વગેરેનો માર્ગ બતાવે છે. તેની સાથે તેમના મહાન્ ગુણોની છાપ બાળકોના કોમળ હૃદય ઉપર પડી, તેઓ મહાન્ ગુણોવાળાં મહાન્ સ્ત્રી પુરૂષો પેદા થાય છે.

જે ગૃહસ્થોને પોતાની સ્ત્રી, પુત્ર,પુત્રીઓના કોમળ હૃદયમાં આ મહાન્ સ્ત્રી રત્નોના મહાન્ ગુણોની સચોટ છાપ પાડવાને લેવાની ઇચ્છા હોય, તેમણે પોતાનાં અને મિત્રોનાં નામો તરત લખી જણાવવાં.—ઘણાં ગ્રાહકો થયાંછે-માગણી ચાલુ છે-પાછળથી મળવા સંભવ નથી.

આ પુસ્તક આશરે પૃષ્ટ ૩૦૦. સુંદર સુશોભિત પાકું પુંઠું.—અગાઉથી ગ્રાહક થનારને—કીંમત રૂ. ૧-૪-૦ પાછળથી રૂ. ૨, દશ નકલ રાખનાર કે ખપાવનારને એક નકલ બક્ષીસ.

(૪) सतीसमाज.

આ ઉપયોગી પુસ્તક—દુનિયાના દરેક ધર્મનાં સ્ત્રી, પુત્ર, પુત્રીઓને શિક્ષણ લેવા યોગ્ય થઇ પડે એવું કર્યું છે—આ પુસ્તક કેવું ઉત્તમ ને ઉપયોગી છે, તે વિષે ઘણા સારા અભિપ્રાયો પડયા છે. વિશેષ ખાત્રી પુસ્તક વાંચવાથી થશે.

આમાં—પ્રાચીન અર્વાચીન જગત્ પ્રસિદ્ધ પવિત્ર—બ્રહ્મવાદીનિઓ, યોગિનીઓ, દેવી શક્તિની સતીઓ, તપસ્વિનીઓ, ભક્તાઓ, ભવિષ્યવાદી-

નિઓ, મહાસતીઓ, પ્રાણ જતાં સુધી પણ શિયળ સાચવનારીઓ, તત્ત્વવેત્તાઓ, તિવ્રબુદ્ધિની વિદુષીઓ, રાજ્યકાર્ય અને ગૃહકાર્યમાં કુશળ, નીતિનિપુણ, ધર્મમાં ચુસ્ત; હિંમત, દયા, પરોપકાર, ક્ષમા, અને ઉદાર વગેરે મહત્ત ગુણોની સાક્ષાત્ પવિત્ર મૂર્ત્તિઓ ગણાતી—**૭૭ સતી સ્ત્રીઓનાં** શિક્ષણ લાયક અદ્‌ભૂત રસિક ચરિત્રો છે.—જે વાંચનારી તથા શ્રવણ કરનારી સ્ત્રીઓને તલ્લીન કરી તેણીઓના કોમળ હૃદયમાં પવિત્ર ગુણોની સચોટ છાપ પાડી દે, તેવો સદ્‌બોધ સમાયેલો છે. **જીવન ચરિત્રો એ જીવન સુધારવાને ઉત્તમ સાધન છે; કેમકે ઉત્તમ દષ્ટાંત એ મનુષ્યોને ઉત્તમ થવાને જાગૃત કરે છે.**

જે ગૃહસ્થોને પોતાની સ્ત્રી, પુત્રી અને બેનોને પવિત્રને પ્રેમી કરી જીંદગીની સાર્થકતા કરવા માટે લેવા ઇચ્છા હોય, તેમણે પોતાનાં અને મિત્રોનાં નામો તરત લખી જણાવવાં—ઘણાં ગ્રાહકો થયાં છે—માગણી ચાલુ છે—પાછળથી મળવા સંભવ નથી.

આ પુસ્તક આશરે પૃષ્ઠ ૩૦૦. સુંદર સુશોભિત પાકું પુંઠું—અગાઉથી ગ્રાહક થનારને—કીંમત, રૂ. ૧–૪–૦ પાછળથી રૂ. ૨. દશ નકલ રાખનારકે ખપાવનારને એક નકલ બક્ષીસ.

(૬) સ્ત્રીનું કર્ત્તવ્ય.

આ ઉપયોગી ઉત્તમ પુસ્તક દરેક **સ્ત્રીઓને** ગૃહ–**સંસાર સુધારવાને પારસમણિ રૂપછે.** આમાં આવેલા ઉપયોગી વિષયોથી તેની ઉત્તમતાની ખાત્રી થશે. વિશેષ ખાત્રી પુસ્તક વાંચવાથી થશે.

આમાં—પતિપત્નીનોસંબંધ, ઉત્તમપત્ની, પતિપ્રત્યે કર્તવ્ય, બાળકો પ્રત્યે કર્ત્તવ્ય,બાળકોને સુબોધ, કુટુંબપ્રત્યે કર્ત્તવ્ય, ગૃહકાર્ય ઉત્તમ કરવાનીરીત,રજોદર્શનવખતે રાખવાની સંભાળ, ગર્ભવતીની માવજત,સુવાવડ કરવાની રીત,સુવાવડીની માવજત, માંદાની માવજત, આરોગ્યતાના નિયમો, ઘર ઉપયોગી વૈદુ, અતિથિ-પરોણાનો સત્કાર, સાસુ સસરા વગેરે સગાં સ્નેહીપ્રત્યે કર્તવ્ય, પાડોશીપ્રત્યે કર્તવ્ય, દેશ પ્રત્યે કર્ત્તવ્ય, વ્યવહારનીતિ, આચારનીતિ, કુટુંબ વ્યવસ્થા, કર્ત્તવ્ય અકર્ત્તવ્ય, બાળરક્ષણ, બાળશિક્ષણ, શરીરની સંભાળ, રસોઈ વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા, ઘરની સુઘડતાઈ, ઘરવ્યવસ્થા, સંગ્રહ કરેલી વસ્તુઓની સગવડ, લેવડદેવડકરવાની રીત, કરકસર, જીવીકા સાધન, ઘરધંધો, સ્ત્રીની પવિત્રતા, પવિત્રતા મેળવવાના ઉપાય, શિયળ સંરક્ષણ, હિસાબ રાખવાની રીત, સ્ત્રીઓ પ્રત્યે ભગિની ભાવ, નવરાશના વખતનું કર્ત્તવ્ય, પશુ પક્ષીની સંભાળ, દેવ વિચાર, સ્વભાવ કેવો રાખવો, સહવાસ કેવો

રાખવો, ઘર ઉપયોગીપાકશાસ્ત્ર, ઘર ઉપયોગી રસાયણ, ઘર ઉપયોગી પદાર્થ પરિક્ષા, સ્ત્રી ઉપયોગી ચાતુર્યજ્ઞાન, સ્ત્રી ઉપયોગી હુન્નરકળા, પતિને રંજન કરવાની કળા, સ્ત્રીએ શું શું શીખવું જોઇએ, મૃત્યુ વિશે વિચાર, ભવિષ્યનો વિચાર, પ્રજાને પાળવા શું કરવું, સ્ત્રીસુબોધ, વગેરે—ઘણા ઉત્તમ **વિષયો છે**—તે સ્ત્રી, પુત્રી, બેનોને શિક્ષણ લેવા ઉપયોગી સાધન થઇ પડે એમ કર્યુંછે.

જે ગૃહસ્થો પોતાની સ્ત્રી, પુત્રી, બેનોને ઉત્તમ શિક્ષણ આપી, ગૃહસંસાર પવિત્રને સુખી બનાવવાને લેવા ઇચ્છા હોય, તેમણે પોતાનાં ને મિત્રોનાં નામો તરત લખી જણાવવાં–ઘણાં ગ્રાહકો થયાં છે—માગણી ચાલુ છે—પાછળથી મળવા સંભવ નથી.

આ પુસ્તક પૃષ્ઠ આશરે ૩૫૦. સુંદર પાકું પુંઠું—અગાઉથી ગ્રાહક થનારને—કીમત, રૂ. ૧–૪–૦. પાછળથી રૂ. ૨. દશ નકલ રાખનાર કે ખપાવનારને એક નકલ બક્ષીસ.

---

(६) ज्ञानदीपक.

આ ઉપયોગી ઉત્તમ પુસ્તક—દુનિઆના દરેક ધર્મનાં મનુષ્યોને પવિત્ર જ્ઞાનનું શિક્ષણ લેવાને ઉપયોગી થઇ પડે એવો કર્યોછે. આવું પુસ્તક આજ સુધી એકે બહાર પડેલું નથી. વિશેષ ખાત્રી પુસ્તક વાંચવાથી થશે.

આમાં—સ્ત્રીપુરૂષને ઉપયોગી થઇ પડે અને આલોક, પરલોક સુધરે એવા વિષયો દાખલ કર્યા છે. તે આપ્રમાણે—અખંડ સુખની પ્રાપ્તી, બ્રહ્મદર્શન, જીવ, શીવ, ખરૂં જ્ઞાન, દુર્ગતિ, મનુષ્યના હૃદયની પરીક્ષા, સદાકાળ જીવતો કોણ, અચળકીર્તિ શીરીતે પ્રાપ્ત થાય, સજ્જનનો મહિમા, માનસિક ઉન્નતિ, કાળા માથાનું માનવી, વિજયનાં સાધનો, ઉન્નતિનો માર્ગ, લોકવર્તન, નીતિ, સંપૂર્ણજ્ઞાન, આત્માનંદ, માયા, વૈરાગ, મૃગજળ, વાસના, નિવૃતિ, મન, લિંગદેહ, સ્થુળદેહ, માયાનું બંધન, જડ, ચૈતન્ય, અદ્વૈત, દ્વૈત, મૂર્તિપૂજન, પુર્નજન્મ, સત્સંગ, પરમસાધન, સ્વયંપ્રકાશ, પોતાનાં અપલક્ષણ, પ્રતિષ્ટા વધારવાનો ઉપાય, કનક અને કામની, સંસારસાગરમાં તરવાનું અને ડુબવાનું સાધન, તૃષ્ણામાં ફાંફાં મારવાનું કારણ, આદર કરવા યોગ્ય, તિરસ્કાર કરવા યોગ્ય, શિખવાયોગ્ય; આનંદ ઉપજવા યોગ્ય, ઇચ્છા રાખવા યોગ્ય. ઘોરનર્ક, પ્રૌઢબંધન, દીર્ઘરોગ, ઉત્તમવિદ્યા, અજ્ઞાનરૂપ શું ? બંધનમુક્ત, નર્કનું દ્વાર. સ્વર્ગનું દ્વાર, પરમધર્મ, જીવતે મુઓ, ખરો મિત્ર, શત્રુ, પંડીત, જ્ઞાની, તપસ્વી, યોગી, શ્રેષ્ટ પુરૂષ, વડીલ, ભલાંમનુષ્યો, પાપીવાન, મહાપુરૂષ, ખરોદ્રવ્યવાન, ત્રિલોકી, ત્રિવિધાતાપ, ત્રયાવસ્થા, આનંદના

પ્રકાર, પુરૂષાર્થ, પ્રાણ, પંચવિષય, પાંચમાતા, પંચજ્ઞાનેન્દ્રિય, ષડશૈશ્વર્ય, કીર્તિનાં લક્ષણો, પરીક્ષાના પ્રકાર, અષ્ટભોગ, જય કોણ મેળવી શકે ? મનુષ્યનાંકર્તવ્યકર્મ પાતક નાશ કરનારાં તીર્થો, તીર્થયાત્રા કરવાનો શુભ હેતુ, ચૌદરત્નો, નિરૂપયોગી જ્ઞાન સંસારવ્યવહારમાં કુશળતા શી રીતે મેળવાય, તત્વ શોધક કોને કહેવો, પૂર્ણ જ્ઞાની કોણ ? નિર્ભય મોટાઈ કયી, મોહનું ઉત્પત્તિ સ્થાન, ગુરૂપદને યોગ્ય, ક્રોધના નાશનો ઉપાય, આત્મોન્નતિ કોણ કરી શકે ? ફળપ્રાપ્તી શાથી થાય, ભૂમિને ભારરૂપ કોણ ? મહાપાતકી, પ્રવાસથી ફાયદા, ઉદ્યોગ કયારે ફળે, પાત્રાપાત્રનો વિચાર, રસિક થવને શું વાંચવું, વ્યવહાર કુશળ થવાને શું કરવું, સમયસૂચક થવાને શું કરવું, શૂરવીર થવાને શું કરવું, આર્યધર્મનીતિ, દુઃખથી નિવૃત થવાનો ઉપાય, મનુષ્ય જન્મનું સાર્થક, આ દેહનો શોક, સૃષ્ટિના અચળ નિયમ, આપણું કોણ છે ? મૃત્યુનો ભય કોને નથી, સદ્‌ગતી શાથી થાય, આત્મસુખ, જ્ઞાનનિશ્ચયમાં વિક્ષેપ કોણ નાખે છે ? મનુષ્યને આખરનું કર્તવ્ય, શોકમુક્ત, દુઃખ મુક્ત અને બંધનમુક્ત શીરીતે થવાય, કલ્યાણને માટે શાનો વિચાર કરવો, પતિત શાથી થવાય, બ્રહ્મચર્યથી ફાયદા, ગૃહસ્થે શું કરવું, ખરૂં પુણ્ય શાથી છે, મૃત્યુ વખતે શું કરવું, વિદ્યાને દ્રવ્ય મેળવવાનો ઉપાય, પરોપકાર, ધર્મજ્ઞાન, તૃષ્ણા ટાળવાનું સાધન, ઉપાધી મુક્ત શી રીતે થઇ શકાય, આયુષ્ય વૃધી શાથી ગણાય છે, બ્રહ્મપદમાં એકતા કયારે થાય, વ્યવહાર નિર્દોષ શી રીતે નીવડે, આત્માને ઓળખવા શાની જરૂર છે, ખરે ખરો નિર્ભય કોને કહેવો, પ્રાણી માત્ર ઉપર સમાનતા કોણ રાખી શકે, સત્ય અને અસત્ય શું ? દુઃખના પ્રસંગો સુખ રૂપ કયારે થાય, શોક કોને થતો નથી, કેવળ ઉપાધી કારક શું છે, કયો પુરૂષ નિર્લેપ રહી શકે, મુક્તિપદ કોણ પામી શકે, ઉપાધિનું કારણ શું છે, વીર પુરૂષ કોને કહેવો, ખરૂં મનુષ્યત્વ શાથી મળે; પ્રયાસ કરવાથી શું ફાયદા છે, વૈભવના ભોક્તા કોણ થઇ શકે, મરવાપણું કોને નથી, કુશળતા શાથી મળે, દુરાચાર ઉત્પન્ન થવાનું કારણ, કયા કયા ગુણોથી ચડતી થાય છે, પરમેશ્વર એકજ છે. હિંદુ (શૈવ, વિષ્નુ, રામાનુજ, મધ્વાચાર્ય કબીર, પ્રણામી, સ્વામીનારાયણ, જૈન, શીખ, વગેરે) મુસલમાન, પારસી, ખ્રિસ્તિ, યાહુદી, બૌદ્ધ વગેરેના ધર્મનું જીવન અને રહસ્ય, યોગ, સમાધી, આસન, જનોઇધારણનું કારણ, તિલકને ત્રિપુંડનું કારણ, બ્રહ્મગાંઠનો ગુપ્ત ભેદ, આશ્રમ બાંધવાનું કારણ, વગેરે ઉત્તમને ઉપયોગી શિક્ષણ લાયક તત્વજ્ઞાનથી ભરપૂર ઘણા ઉત્તમ **વિષયોછે.**

જે ગૃહસ્થોને પોતાની સ્ત્રી, પુત્ર, પુત્રી વગેરેને પવિત્ર જ્ઞાનના શિક્ષણ માટે લેવા ઇચ્છા હોય, તેણે પોતાનાં અને મિત્રોનાં નામો તરત લખી જણાવવાં-ઘણાં ગ્રાહકો થયાં છે—માગણી ચાલુ છે—પાછળથી મળવા સંભવ નથી.

આ ગ્રંથ આશરે ૩૦૦ પૃષ્ટનો સુંદર પાકા પુંઠાનો થશે.—અગાઉથી ગ્રાહક થનારને—કીમત રૂા. ૧-૪-૦, પાછળથી રૂા. ૨. દશ નકલ રખનારકે ખપાવનારને એક નકલ બક્ષીસ.

[૭] પશુવિદ્યા.

આ ઊત્તમ ગ્રંથ—સર્વને ઘણો ઉપયોગી થઇ પડે એવો કર્યો છે. હાલ ઘર આગળ પાળવામાં આવતાં પશુઓ સંબંધી પુસ્તકોની બહુજ ખોટ છે. માટે આ ગ્રંથ ઘણી મહેનતે તૈયાર કર્યો છે. આવો ગ્રંથ આજ સુધી એકે બહાર પડ્યો નથી:

આમાં—ગાય, બળદ, ભેંસ, ઘેટાં–બકરાં, ઘોડા, ઉંટ અને હાથી વગેરે પશુઓની ઉત્તમ, કનિષ્ટની પરીક્ષા–આયુષ્યપરીક્ષા, કીંમત, અશ્વની ગતિ, હાથી, ઘોડા, બળદ, ભેંસ અને ગાય વગેરેને વશ કરવાની રીત, ઉછેરવાની રીત, કેળવવાની રીત. પશુઓના રોગ–ચિકિત્સા અને દવા. વગેરે પશુઓને ઉપયોગી વિષયો દાખલ કર્યા છે. **આ પુસ્તક દરેક ગૃહસ્થે ઘરમાં રાખવા યોગ્ય છે.** પૃષ્ટ આશરે ૨૫૦

જે ગૃહસ્થોને પોતાના ઘરના ઉપયોગ માટે લેવા ઇચ્છા હોય, તેણે તરત લખી જણાવી–આ અમુલ્ય તકનો લાભ લેવો. અગાઉથી ગ્રાહક થનારને–**કીંમત રૂ. ૧)** પાછળથી કીંમત રૂ. ૧–૮–૦

કન્યા વિક્રયના કુચાલને દુર કરવાના સાધનરૂપ.

(૮) कन्याविक्रय निषेध दर्शक.

(બીજી—આવૃત્તિ)

આજ સુધી—૬૦૦૦ નકલો ખપી ગઇ છે ! ! !

કન્યાવિક્રયનો પાપી અને નુકશાન કારક રીવાજ ઘણી નાતોમાં ચાલે છે. તેથી ઘણી નાતો ખરાબ થતી જાય છે. તે રીવાજને દુર કરવાના સાધન માટે આ પુસ્તક ગણું ઉપયોગી ગણાયું છે. **આમાં**–લગ્ન કેટલા પ્રકારનાં છે, કેવા પ્રકારનું લગ્ન કરવું જોઇએ, કન્યાદાનથી ફાયદા અને પુણ્ય, કન્યાવિક્રયથી થતી હાનિ અને પાપ. કન્યાવિક્રયનો રીવાજ ચાલવાનું કારણ, કન્યાવિક્રય બંધ કરવાનો ઉપાય, કેવા વરને પુત્રી પરણાવવી, સ્ત્રી, પુત્રી બેનોને કેવી રીતે રાખવાં, જે

કુળમાં સ્ત્રીઓ દુઃખી થાય છે તે કુળની કેવી દશા થાય છે, કુલીન અકુલીન કોને કહેવાં, દરેક મનુષ્યે કેમ વર્ત્તવું, વગેરે ઉપયોગી વિષયો દાખલા-દ્રષ્ટાંત અને શાસ્ત્રોના આધાર સાથે દાખલ કર્યા છે. તે વિષે—વિદ્વાનોના ઉત્તમ અભિપ્રાયો પડયા છે. જેને જોઇએ તેણે તરત લખવું. **કીંમત રૂ ૦।.**

[૯] શ્રીમાળપુરાણ.

આ પ્રાચીન ધર્મ ગ્રંથમાં-૭૬ અધ્યાય છે-તેને મૂળ શ્લોક સાથે ગુજરાતી ભાષાંતર આપી ઉપયોગી કર્યોછે. **આમાં**—શ્રીમાળીબ્રાહ્મણ, શ્રીમાળી વાણીયા-(દશાશ્રીમાળી, વીસાશ્રીમાળી, પોરવાડ, ઓસવાળ; વગેરે વાણીયા.) શ્રીમાળી, સોની (વાણીયાસોની) ત્રાગડ સોની, ભોજક, પુષ્કરણા બ્રાહ્મણ, વગેરેને-પોતાના પૂર્વજોની ઉત્પતિ, સ્થિતિ, રીતિ, ધર્મ, કર્મ, સમૃદ્ધિ, મૂળ રહેઠાણ, જ્ઞાતિનાગ્રરની સંખ્યા, આચાર વિચાર, ગોત્ર, દેવી, શ્રીમહાલક્ષ્મીનું મહાત્મ્ય, તેનું વરદાન, શ્રી વાગેશ્વરીનું આખ્યાન, શ્રીમાળનગરની શોભા અને જાહોજલાલી, શ્રીમાળ નગરના લોકોનું ભવિષ્ય, મહાવીરના જન્મ વિષે ભવિષ્ય, ગૌતમનીજૈની દીક્ષા, ગૌતમે જૈન સૂત્રો રચ્યાં, જૈનધર્મનોપ્રસાર, સાધુ અને મઠની સંખ્યા, તીર્થોનું મહાત્મ્ય, વગેરે ઘણી ઉપયોગી બાબતો જાણવાને આ ઉત્તમ ધર્મ ગ્રંથ છે. તે દરેક ગૃહસ્થે પોતાનો પ્રાચીન ધર્મ ગ્રંથ જાણી સંગ્રહ કરવા યોગ્યછે. પૃષ્ટ ૭૦૦, પાકું પુંઠું. કીંમત—તરત ગ્રાહક થનારને રૂ. ૧-૮-૦ પાછળથી રૂ. ૨.

મુ. ધ્રોલ—કાઠિયાવાડ. } **કેશવજી વિશ્વનાથ ત્રિવેદી.**
"સતીમંડળ" વગેરે ગ્રંથના કર્તા

અમારાં ઉપર જણાવેલાં તૈયાર પુસ્તકો મળવાનાં ઠેકાણાં—

ધ્રોલ—કર્ત્તા પાસેથી.

મુંબઈ—ઠે. કાલબાદેવીરોડ—બુકસેલર-**પંડિત જેષ્ઠારામ મુકુંદજી.**

" " " **એન. એમ. એન્ડ કંપની.**

અમદાવાદ—બુકસેલર-મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

" " મોતીલાલ મગનલાલ.

વડોદરા—(ગુજરાતી.) સયાજી વિજયની ઑફિસમાં.

સુરત—ઠે. નાણાવટ-બુકસેલર મનચેરજી જમશેદજી પોસ્ટવાળા.